આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૨૬. શ્રી સહજાનંદ આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ તરફથી જૂન ૧૯૭૪થી બી.એ.(પ્રિન્સિ.)માં અર્થશાસ્ત્ર, સંસ્કૃત, માનસશાસ્ત્ર; બી.એ.(સમો.)માં ગુજરાતી, હિન્દી, ઇતિહાસ અને આંકડાશાસ્ત્ર; તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે કાયમી જોડાણ તથા બી.એ. (પ્રિન્સિ.)માં અંગ્રેજીના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ માટેની અરજી.

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે શ્રી સહજાનંદ આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ નીચે જણાવેલ શરતોનું પાલન એકિઝકયુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૧૫--૫--૧૯૭૪ સુધીમાં કરે તો તેને બી.એ.(પ્રિન્સિ.)માં અર્થશાસ્ત્ર, સંસ્કૃત, મનોવિજ્ઞાન; તથા બી.એ.(સમો.)માં ગુજરાતી, હિન્દી, ઇતિહાસ અને આંકડાશાસ્ત્ર; તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૪થી કાયમી; તથા બી.એ.(પ્રિન્સિ.)માં અંગ્રેજીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૪થી તા. ૧૪--૬--૧૯૭૭ સુધીનું ચાલુ જોડાણ આપવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

(૧) ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

(૨) પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

(૩) યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકોને વેતન, વળતર કે અન્ય જે કાંઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે;

(૪) પ્રૉવિડંટ ફંડ અંગે સંચાલક મંડળના ફાળા અને ટ્રસ્ટની રચના સહિતનાં યુનિવર્સિટીનાં તમામ ધારાધોરણોનું પાલન કરવામાં આવે; અને

(૫) શિક્ષકોના વાર્ષિક મૂળ પગારના ૨½ ટકાના દરે ગ્રેચ્યુઈટી ફંડ ઊભું કરવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૨૭. સાબરમતી આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ તરફથી જૂન ૧૯૭૪થી બી.એ.(પ્રિન્સિ.)માં ગુજરાતી અને અર્થશાસ્ત્ર તથા બી.એ.(સમો.)માં ઇતિહાસ, હિન્દી અને મનોવિજ્ઞાન; તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ અને ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ માટેની અરજી.

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે સાબરમતી આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ નીચે જણાવેલ શરતોનું પાલન એકિઝકયુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૧૫--૫--૧૯૭૪ સુધીમાં કરે તો તેને બી.એ.(પ્રિન્સિ.)માં ગુજરાતી, અર્થશાસ્ત્ર, બી.એ.(સમો.)માં ઇતિહાસ, હિન્દી અને મનોવિજ્ઞાન તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ અને ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૪થી તા. ૧૪--૬--૧૯૭૭ સુધીનું ચાલુ જોડાણ આપવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

(૧) કૉલેજના મકાનમાં બે મોટા વર્ગો બાંધવામાં આવે;

(૨) ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

(૩) પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

(૪) યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડાભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકોને વેતન, વળતર કે અન્ય જે કાંઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે;

(૫) પ્રોવિડંટ ફંડ અંગે સંચાલક મંડળના ફાળા અને ટ્રસ્ટની રચના સહિતનાં યુનિવર્સિટીનાં તમામ ધારાધોરણોનું પાલન કરવામાં આવે; અને

(૬) શિક્ષકોના વાર્ષિક મૂળ પગારના ૨½ ટકાના દરે ગ્રૅચ્યુઇટી ફંડ ઊભું કરવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૨૮. વડનગર આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, વડનગર તરફથી જૂન ૧૯૭૪થી બી.એ.(પ્રિન્સિ.)માં ગુજરાતી, અંગ્રેજી, અર્થશાસ્ત્ર; તથા બી.એ.(સમો.)માં મનોવિજ્ઞાન, હિન્દી, ઇતિહાસ અને સંસ્કૃત; તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ અને ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ માટેની અરજી.

[નોંધ.—બી.એ.(પ્રિન્સિ.)માં અંગ્રેજી તથા બી.એ.(સમો.)માં સંસ્કૃતનું શિક્ષણકાર્ય યુનિવર્સિટીની પરવાનગી વગર બંધ કરેલું છે છતાં જોડાણઅરજીમાં ઉપરના બે વિષયોના જોડાણ માટે અરજી કરેલી છે.]

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે વડનગર આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, વડનગર નિમણૂકો અંગેની શરત સહિતની તથા જણાવેલ શરતોનું પાલન એકિઝકયુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૧૫--૫--૧૯૭૪ સુધીમાં કરે તો તેને બી.એ.(પ્રિન્સિ.)માં ગુજરાતી, અર્થશાસ્ત્ર; બી.એ.(સમો.)માં મનોવિજ્ઞાન, હિન્દી, ઇતિહાસ તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ અને ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૪થી તા. ૧૪--૬--૧૯૭૫ સુધીનું ચાલુ જોડાણ આપવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

(૧) સંસ્કૃત મુખ્ય વિષય અને ગુજરાતી ગૌણ વિષય સાથે બી.એ. અને એમ.એ.ની પદવી ધરાવતા હાલના અધ્યાપકની જગ્યાએ ગુજરાતીના વ્યાખ્યાતાની નિમણૂક કરવામાં આવે;

(૨) ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

(૩) પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

(૪) યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકોને વેતન, વળતર કે અન્ય જે કાંઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે;

(૫) પ્રૉવિડંટ ફંડ અંગે સંચાલક મંડળના ફાળા અને ટ્રસ્ટની રચના સહિતનાં યુનિવર્સિટીનાં તમામ ધારાધોરણોનું પાલન કરવામાં આવે; અને

(૬) શિક્ષકોના વાર્ષિક મૂળ પગારના ૨½ ટકાના દરે ગ્રેચ્યુઈટી ફંડ ઊભું કરવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૨૯. મોતીલાલ ડાહ્યાભાઈ શાહ કૉમર્સ કૉલેજ એન્ડ બકુલભાઈ દલાભાઈ પટેલ આર્ટ્સ કૉલેજ, મહુધા તરફથી જૂન ૧૯૭૪થી બી.એ.(પ્રિન્સિ.)માં ગુજરાતી, અર્થશાસ્ત્ર; તથા બી.એ.(સંયો.)માં મનોવિજ્ઞાન અને સમાજશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે કાયમી જોડાણ માટેની અરજી.

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે એમ. ડી. શાહ કૉમર્સ કૉલેજ એન્ડ બી. ડી. આર્ટ્સ કૉલેજ, મહુધા, નીચે જણાવેલ શરતોનું પાલન એકિઝકયુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૧૫--૫--૧૯૭૪ સુધીમાં કરે તો તેને બી.એ (પ્રિન્સિ.)માં અર્થશાસ્ત્ર, ગુજરાતી; તથા બી.એ. (સંયો.)માં મનોવિજ્ઞાન અને સમાજશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૪થી કાયમી જોડાણ આપવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

(૧) ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

(૨) પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

(૩) યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકોને વેતન, વળતર કે અન્ય જે કાંઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે;

(૪) પ્રૉવિડંટ ફંડ અંગે સંચાલક મંડળના ફાળા અને ટ્રસ્ટની રચના સહિતનાં યુનિવર્સિટીનાં તમામ ધારાધોરણોનું પાલન કરવામાં આવે; અને

(૫) શિક્ષકોના વાર્ષિક મૂળ પગારના ૨½ ટકાના દરે ગ્રેચ્યુઈટી ફંડ ઊભું કરવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૩૦. આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, ઈડર તરફથી જૂન ૧૯૭૪થી પ્રથમ વર્ષ બી.એ.માં અંગ્રેજીના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ તથા બી.એ.(સંયો.)માં અંગ્રેજીના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાના જોડાણ માટેની અરજી.

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, ઈડર નિમણૂક અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન એકિઝકયુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૧૫--૫--૧૯૭૪ સુધીમાં કરે તો તેને પ્રથમ વર્ષ બી.એ.માં અંગ્રેજી ના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૪થી તા.૧૪-૬-'૭૫ સુધીનું વર્ષાદનું જોડાણ આપવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

(૧) અંગ્રેજીના વ્યાખ્યાતાની નિમણૂક કરવામાં આવે;

(૨) ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

(૩) અંગ્રેજી વિષયને લગતાં પુસ્તકો માટે રૂ. ૩,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;

(૪) પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

(૫) યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકોને વેતન, વળતર કે અન્ય જે કાંઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે;

(૬) પ્રૉવિડંટ ફંડ અંગે સંચાલક મંડળના ફાળા અને ટ્રસ્ટની રચના સહિતનાં યુનિવર્સિટીનાં તમામ ધારાધોરણોનું પાલન કરવામાં આવે; અને

(૭) શિક્ષકોના વાર્ષિક મૂળ પગારના ૨½ ટકાના દરે ગ્રૅચ્યુઇટી ફંડ ઊભું કરવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૩૧. સેકન્ડરી ટીચર્સ ટ્રેનિંગ કૉલેજ, અમદાવાદ તરફથી જૂન ૧૯૭૪થી બી.એડ. અને ડિપ.એડ.ના અભ્યાસક્રમો શીખવવા માટે કાયમી જોડાણ માટેની અરજી.

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે સેકન્ડરી ટીચર્સ ટ્રેનિંગ કૉલેજ, અમદાવાદ નીચે જણાવેલ શરતોનું પાલન અકિઝકયુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૧૫--૫--૧૯૭૪ સુધીમાં કરે તો તેને બી.એડ., ડિપ.એડ.ના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૪થી કાયમી જોડાણ આપવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

(૧) ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

(૨) પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

(૩) યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકોને વેતન, વળતર કે અન્ય જે કાંઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે;

(૪) પ્રૉવિડંટ ફંડ અંગે સંચાલક મંડળના ફાળા અને ટ્રસ્ટની રચના સહિતનાં યુનિવર્સિટીનાં તમામ ધારાધોરણોનું પાલન કરવામાં આવે; અને

(૫) શિક્ષકોના વાર્ષિક મૂળ પગારના ૨½ ટકાના દરે ગ્રેચ્યુઈટી ફંડ ઊભું કરવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૩૨. શ્રી ભોગીલાલ દામોદરદાસ શાહ કૉલેજ ઑફ્ એજ્યુકેશન, મોડાસા તરફથી જૂન ૧૯૭૪થી બી.એડ.ના અભ્યાસક્રમો શીખવવા માટે કાયમી જોડાણ માટેની અરજી.

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે શ્રી બી. ડી. શાહ એજ્યુકેશન કૉલેજ, મોડાસા નીચે જણાવેલ શરતોનું પાલન એક્ઝિક્યુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૧૫--૫--૧૯૭૪ સુધીમાં કરે તો તેને બી.એડ.ના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૪થી કાયમી જોડાણ આપવા એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

(૧) ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

(૨) પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂ. 3,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

(૩) યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકોને વેતન, વળતર કે અન્ય જે કાંઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે;

(૪) પ્રૉવિડંટ ફંડ અંગે સંચાલક મંડળના ફાળા અને ટ્રસ્ટની રચના સહિતનાં યુનિવર્સિટીનાં તમામ ધારાધોરણોનું પાલન કરવામાં આવે; અને

(૫) શિક્ષકોના વાર્ષિક મૂળ પગારના ૨½ ટકાના દરે ગ્રેચ્યુઈટી ફંડ ઊભું કરવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૩૩. કૉલેજ ઑફ્ એજ્યુકેશન, પાટણ તરફથી જૂન ૧૯૭૪થી બી.એડ.ના અભ્યાસક્રમો શીખવવા માટે કાયમી જોડાણ માટેની અરજી.

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે કૉલેજ ઑફ્ એજ્યુકેશન, પાટણ નીચે જણાવેલ શરતોનું પાલન એક્ઝિક્યુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૧૫--૫--૧૯૭૪ સુધીમાં કરે તો તેને બી.એડ.ના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૪થી તા. ૧૪--૬--૧૯૭૯ સુધીનું ચાલુ જોડાણ આપવા એક્ઝિક્યુટિવ

કાઉન્સિલને ભલામણ કરવી :

(૧) ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

(૨) પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

(૩) યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકોને વેતન, વળતર કે અન્ય જે કાંઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે;

(૪) પ્રૉવિડંટ ફંડ અંગે સંચાલક મંડળના ફાળા અને ટ્રસ્ટની રચના સહિતનાં યુનિવર્સિટીનાં તમામ ધારાધોરણોનું પાલન કરવામાં આવે; અને

(૫) શિક્ષકોના વાર્ષિક મૂળ પગારના ૨½ ટકાના દરે ગ્રેચ્યુઇટી ફંડ ઊભું કરવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૩૪. કૉલેજ ઑફ એજ્યુકેશન દરામલી તરફથી જૂન ૧૯૭૪થી બી.એડ.ના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ માટેની અરજી.

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે કૉલેજ ઑફ એજ્યુકેશન, દરામલી નીચે જણાવેલ શરતોનું પાલન એક્ઝિક્યુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૧૫--૫--૧૯૭૪ સુધીમાં કરે તો તેને બી.એડ.ના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૪થી તા. ૧૪--૬--૧૯૭૬ સુધીનું ચાલુ જોડાણ આપવા એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

(૧) વિદ્યાર્થીઓ માટે શૌચાલયની પૂરતી સગવડવાળા અલગ ખંડની વ્યવસ્થા કરવામાં આવે;

(૨) વિદ્યાર્થીઓ માટેના શૌચાલયમાં યોગ્ય સુવિધા કરવામાં આવે;

(૩) ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

(૪) પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

(૫) યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકોને વેતન વળતર કે અન્ય જે કાંઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે;

(૬) પ્રોવિડંટ ફંડ અંગે સંચાલક મંડળના ફાળા અને ટ્રસ્ટની રચના સહિતનાં યુનિવર્સિટીનાં તમામ ધારાધોરણોનું પાલન કરવામાં આવે; અને

(૭) શિક્ષકોના વાર્ષિક મૂળ પગારના ૨½ ટકાના દરે ગ્રેચ્યુઇટી ફંડ ઊભું કરવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૩૫. શ્રી રતનશી પુરુષોત્તમ અનડા કૉલેજ ઑફ એજ્યુકેશન, બોરસદ તરફથી જૂન ૧૯૭૪થી બી.એડ.ના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ માટેની અરજી.

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે શ્રી રતનશી પુરુષોત્તમ અનડા કૉલેજ ઑફ એજ્યુકેશન, બોરસદ નીચે જણાવેલ શરતોનું પાલન એકિઝક્યુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૧૫-૫-૧૯૭૪ સુધીમાં કરે તો તેને બી.એડ.ના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૪થી તા. ૧૪-૬-૧૯૭૭ સુધીનું ચાલુ જોડાણ આપવા એકિઝક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

(૧) ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

(૨) પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

(૩) યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકોને વેતન, વળતર કે અન્ય જે કાંઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે;

(૪) પ્રોવિડંટ ફંડ અંગે સંચાલક મંડળના ફાળા અને ટ્રસ્ટની રચના સહિતનાં યુનિવર્સિટીનાં તમામ ધારાધોરણોનું પાલન કરવામાં આવે; અને

(૫) શિક્ષકોના વાર્ષિક મૂળ પગારના ૨½ ટકાના દરે ગ્રેચ્યુઇટી ફંડ ઊભું કરવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૩૬. ડી. ડી. ચોકસી કૉલેજ ઑફ એજ્યુકેશન, પાલનપુર તરફથી જૂન ૧૯૭૪થી બી.એડ.ના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ માટેની અરજી.

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે ડી. ડી. ચોકસી કૉલેજ ઑફ એજ્યુકેશન, પાલનપુર નીચે જણાવેલી શરતોનું પાલન એકિઝક્યુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૧૫-૫-૧૯૭૪ સુધીમાં કરે તો તેને બી.એડ.ના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૪થી તા. ૧૪-૬-૧૯૭૭ સુધીનું ચાલુ જોડાણ

આપવા અફિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

(૧) ગ્રંથાલય માટે અત્યાર સુધી વખોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

(૨) પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

(૩) યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકોને વેતન, વળતર કે અન્ય જે કાંઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે;

(૪) પ્રૉવિડંટ ફંડ અંગે સંચાલક મંડળના ફાળા અને ટ્રસ્ટની રચના સહિતનાં યુનિવર્સિટીનાં તમામ ધારાધોરણોનું પાલન કરવામાં આવે; અને

(૫) શિક્ષકોના વાર્ષિક મૂળ પગારના ૨½ ટકાના દરે ગ્રૅચ્યુઇટી ફંડ ઊભું કરવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૩૭. શ્રી આર. કે. પરીખ સાયન્સ કૉલેજ, પેટલાદ તરફથી જૂન ૧૯૭૪થી બી.એસસી.(સ્પે.)માં ભૌતિકવિજ્ઞાન તથા બી.એસસી.(જન.)માં ગણિતશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે કાયમી જોડાણ માટેની અરજી.

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે શ્રી આર. કે. પરીખ સાયન્સ કૉલેજ, પેટલાદ નીચે જણાવેલ શરતોનું પાલન એકિઝકયુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૧૫--૫--૧૯૭૪ સુધીમાં કરે તો તેને બી.એસસી.-(સ્પે.)માં ભૌતિકવિજ્ઞાન; તથા બી.એસસી.(જન.)માં ગણિતશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૪થી કાયમી જોડાણ આપવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

(૧) ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

(૨) પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

(૩) યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકોને વેતન, વળતર કે અન્ય જે કાંઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે;

(૪) પ્રૉવિડંટ ફંડ અંગે સંચાલક મંડળના ફાળા અને ટ્રસ્ટની રચના સહિતનાં યુનિવર્સિટીનાં તમામ ધારાધોરણોનું પાલન કરવામાં આવે; અને

(૫) શિક્ષકોના વાર્ષિક મૂળ પગારના ૨½ ટકાના દરે ગ્રૅચ્યુઇટી ફંડ ઊભું કરવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૩૮. પારેખ બ્રધર્સ સાયન્સ કૉલેજ, કપડવંજ તરફથી જૂન ૧૯૭૪થી બી.એસસી.(રેગ્યુ.)માં રસાયણ-વિજ્ઞાન, ગણિતશાસ્ત્ર તથા બી.એસસી.(જન.)માં ભૌતિકવિજ્ઞાન અને વનસ્પતિવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે કાયમી જોડાણ માટેની અરજી.

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે પારેખ બ્રધર્સ સાયન્સ કૉલેજ, કપડવંજ નિમણૂકો અંગેની શરત સહિત-ની નીચે જણાવેલ શરતોનું પાલન એક્ઝિક્યુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૧૫--૫--૧૯૭૪ સુધીમાં કરે તો તેને બી.એસસી.(રેગ્યુ.)માં રસાયણવિજ્ઞાન અને ગણિતશાસ્ત્ર; તથા બી.એસસી.(જન.)માં ભૌતિકવિજ્ઞાન અને વનસ્પતિવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૪થી તા. ૧૪--૬--૧૯૭૭ સુધીનું ચાલુ જોડાણ આપવા એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

(૧) ગણિત વિષય માટે એક ખંડ સમયના વ્યાખ્યાતાની નિમણૂક કરવામાં આવે;

(૨) ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

(૩) કૉલેજમાં ગણિત સહિત વિજ્ઞાનના વિષયો માટે રૂ. ૪,૦૦૦નાં પુસ્તકોનો વધારો કરવામાં આવે;

(૪) પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

(૫) યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકોને વેતન, વળતર કે અન્ય જે કાંઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે;

(૬) પ્રોવિડંટ ફંડ અંગે સંચાલક મંડળના ફાળા અને ટ્રસ્ટની રચના સહિતનાં યુનિવર્સિટીનાં તમામ ધારાધોરણોનું પાલન કરવામાં આવે; અને

(૭) શિક્ષકોના વાર્ષિક મૂળ પગારના ૨½ ટકાના દરે ગ્રૅચ્યુઇટી ફંડ ઊભું કરવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૩૯. સી. યુ. શાહ કૉમર્સ કૉલેજ, અમદાવાદ તરફથી જૂન ૧૯૭૪થી બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગ અને આંકડાશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ માટે તથા પ્રથમ વર્ષ બી.કૉમ.માં અડવાન્સ્ડ ઇકોનોમિક્સ અને બિઝનેસ મૅનેજમેન્ટના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાના જોડાણ માટેની અરજી.

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે સી. યુ. શાહ કૉમર્સ કૉલેજ, અમદાવાદ નિમણૂકો અંગેની શરતો સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન એક્ઝિક્યુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૧૫--૫--૧૯૭૪ સુધીમાં કરે તો તેને બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગ અને આંકડાશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૪થી તા. ૧૪--૬--૧૯૭૯ સુધીનું ચાલુ જોડાણ; તથા પ્રથમ વર્ષ બી.કૉમ.માં એડવાન્સ્ડ ઇકોનોમિક્સ અને બિઝનેસ મૅનેજમેન્ટના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૪થી

તા. ૧૪--૬--૧૯૭૫ સુધીનું વધારાનું જોડાણ આપવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

(૧) નીચે જણાવેલ નિમણૂકો કરવામાં આવે :

૧. અર્થશાસ્ત્રના વ્યાખ્યાતા

૨. બિઝનેસ મૅનેજમેન્ટના વ્યાખ્યાતા;

(૨) ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

(૩) એડવાન્સ્ડ ઇકોનોમિકસ તથા બિઝનેસ મૅનેજમેન્ટ એ પ્રત્યેક વિષયનાં પુસ્તકો માટે રૂ. ૧,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

(૪) પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

(૫) યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકોને વેતન, વળતર કે અન્ય જે કાંઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે;

(૬) પ્રૉવિડંટ ફંડ અંગે સંચાલક મંડળના ફાળા અને ટ્રસ્ટની રચના સહિતનાં યુનિવર્સિટીનાં તમામ ધારાધોરણોનું પાલન કરવામાં આવે; અને

(૭) શિક્ષકોના વાર્ષિક મૂળ પગારના ૨½ ટકાના દરે "ગ્રેચ્યુઇટી ફંડ" ઊભું કરવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે એકૅડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૪૦. સરદાર વલ્લભભાઈ વાણિજ્ય મહાવિદ્યાલય, અમદાવાદ તરફથી જૂન ૧૯૭૪થી બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે કાયમી જોડાણ માટેની અરજી.

એકૅડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે સરદાર વલ્લભભાઈ વાણિજ્ય મહાવિદ્યાલય, અમદાવાદ નીચે જણાવેલ શરતોનું પાલન એકિઝકયુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૧૫--૫--૧૯૭૪ સુધીમાં કરે તો તેને બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૪થી કાયમી જોડાણ આપવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

(૧) કૉલેજના આચાર્યશ્રી માટે કૉલેજના મકાનમાં અલગ ખંડની વ્યવસ્થા કરવામાં આવે;

(૨) ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

(૩) પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

(૪) યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકોને વેતન, વળતર કે અન્ય જે કાંઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે;

(૫) પ્રોવિડંટ ફંડ અંગે સંચાલક મંડળના ફાળા અને ટ્રસ્ટની રચના સહિતનાં યુનિવર્સિટીનાં તમામ ધારાધોરણોનું પાલન કરવામાં આવે; અને

(૬) શિક્ષકોના વાર્ષિક મૂળ પગારના ૨½ ટકાના દરે ગ્રેચ્યુઇટી ફંડ ઊભું કરવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૪૧ શ્રી એચ. કે. કૉમર્સ કૉલેજ, અમદાવાદ તરફથી જૂન ૧૯૭૪થી બી.કૉમ.માં આંકડાશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ તથા પ્રથમ વર્ષ બી.કૉમ.માં બૅંકિંગ અને બિઝનેસ મૅનેજમેન્ટના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાના જોડાણ માટેની અરજી.

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે શ્રી એચ. કે. કૉમર્સ કૉલેજ, અમદાવાદ નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન એકિઝકયુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૧૫–૫–૧૯૭૪ સુધીમાં કરે તો તેને બી.કૉમ.માં આંકડાશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫–૬–૧૯૭૪થી તા. ૧૪–૬–૧૯૭૮ સુધીનું ચાલુ જોડાણ તથા પ્રથમ વર્ષ બી.કૉમ.માં બૅંકિંગ અને બિઝનેસ મૅનેજમેન્ટના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫–૬–૧૯૭૪થી તા. ૧૪–૬–૧૯૭૫ સુધીનું વધારાનું જોડાણ આપવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

(૧) નીચે જણાવેલ નિમણૂકો કરવામાં આવે :
  ૧. આંકડાશાસ્ત્રના પ્રાધ્યાપક
  ૨. આંકડાશાસ્ત્રના વ્યાખ્યાતા
  ૩. બૅંકિંગના વ્યાખ્યાતા
  ૪. બિઝનેસ મૅનેજમેન્ટના વ્યાખ્યાતા;

(૨) નવા વૈકલ્પિક વિષયો માટે વ્યાખ્યાન-ખંડોની પૂરતી જોગવાઈ કરવામાં આવે;

(૩) ગ્રંથાલય માટે અત્યાર સુધી વખોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

(૪) આંકડાશાસ્ત્રના વિષયને લગતાં પુસ્તકો માટે રૂ. ૨,૦૦૦નો તથા બૅંકિંગ અને બિઝનેસ મૅનેજમેન્ટ એ પ્રત્યેક વિષયનાં પુસ્તકો માટે રૂ. ૧,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;

(૫) પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

(૬) યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકોને વેતન, વળતર કે અન્ય જે કાંઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે;

(૭) પ્રૉવિડંટ ફંડ અંગે સંચાલક મંડળના ફાળા અને ટ્રસ્ટની રચના સહિતનાં યુનિવર્સિટીનાં તમામ ધારાધોરણોનું પાલન કરવામાં આવે; અને

(૮) શિક્ષકોના વાર્ષિક મૂળ પગારના ૨½ ટકાના દરે ગ્રેચ્યુઈટી ફંડ ઊભું કરવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૪૨. શેઠશ્રી ચિમનલાલ નાથુરામ કૉમર્સ કૉલેજ, વીસનગર તરફથી જૂન ૧૯૭૪થી બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા ચાલુ જોડાણ માટેની અરજી.

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે શેઠશ્રી ચિમનલાલ નાથુરામ કૉમર્સ કૉલેજ, વીસનગર નીચે જણાવેલ શરતોનું પાલન એક્ઝિક્યુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૧૫--૫--૧૯૭૪ સુધીમાં કરે તો તેને બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૪થી તા. ૧૪--૬--૧૯૭૯ સુધીનું ચાલુ જોડાણ આપવા એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

(૧) ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

(૨) પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

(૩) યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકોને વેતન, વળતર કે અન્ય જે કાંઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે;

(૪) પ્રૉવિડંટ ફંડ અંગે સંચાલક મંડળના ફાળા અને ટ્રસ્ટની રચના સહિતનાં યુનિવર્સિટીનાં તમામ ધારાધોરણોનું પાલન કરવામાં આવે; અને

(૫) શિક્ષકોના વાર્ષિક મૂળ પગારના ૨½ ટકાના દરે ગ્રેચ્યુઈટી ફંડ ઊભું કરવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૪૩. શાહ ચંદુલાલ કસ્તૂરચંદ મ્યુનિસિપલ કૉમર્સ કૉલેજ, કડોલ તરફથી જૂન ૧૯૭૪થી બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ માટેની અરજી.

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે શાહ સી. કે. મ્યુનિસિપલ કૉમર્સ કૉલેજ, કડોલ નીચે જણાવેલ શરતોનું પાલન એક્ઝિક્યુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૧૫--૫--૧૯૭૪ સુધીમાં કરે તો તેને બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૪થી

તા. ૧૪--૬--૧૯૭૯ સુધીનું ચાલુ જોડાણ આપવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

(૧) ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો કુલ આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

(૨) પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

(૩) યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકોને વેતન, વળતર કે અન્ય જે કાંઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે;

(૪) પ્રૉવિડંટ ફંડ અંગે સંચાલક મંડળના ફાળા અને ટ્રસ્ટની રચના સહિતનાં યુનિવર્સિટીનાં તમામ ધારાધોરણોનું પાલન કરવામાં આવે; અને

(૫) શિક્ષકોના વાર્ષિક મૂળ પગારના ૨½ ટકાના દરે ગ્રેચ્યુઇટી ફંડ ઊભું કરવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૪૪. પીપલ્સ એજ્યુકેશન સોસાયટી સંચાલિત શ્રી. જે. બી. ઠક્કર કૉમર્સ કૉલેજ, ભૂજ તરફથી જૂન, ૧૯૭૪થી બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ માટેની અરજી.

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે પીપલ્સ એજ્યુકેશન સોસાયટી સંચાલિત શ્રી. જે. બી. ઠક્કર કૉમર્સ કૉલેજ, ભૂજ નિમણૂક અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન એકિઝકયુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૧૫--૫--૧૯૭૪ સુધીમાં કરે તો તેને બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૪થી તા. ૧૪--૬--૧૯૭૭ સુધીનું ચાલુ જોડાણ આપવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

(૧) કૉમર્સના પૂરા સમયના પ્રાધ્યાપકની નિમણૂક કરવામાં આવે;

(૨) ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

(૩) પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

(૪) યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકોને વેતન, વળતર કે અન્ય જે કાંઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે;

(૫) પ્રૉવિડંટ ફંડ અંગે સંચાલક મંડળના ફાળા અને ટ્રસ્ટની રચના સહિતનાં યુનિવર્સિટીનાં તમામ ધારાધોરણોનું પાલન કરવામાં આવે; અને

(૬) શિક્ષકોના વાર્ષિક મૂળ પગારના ૨½ ટકાના દરે ગ્રેચ્યુઇટી ફંડ ઊભું કરવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૪૫. શ્રીમતી તારાબહેન સુંદરલાલ રાયચંદ કૉમર્સ કૉલેજ, પાટણ તરફથી જૂન ૧૯૭૪થી બી.કૉમ.માં અડવાન્સ્ડ અકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગ; તથા પ્રથમ વર્ષ બી.કૉમ.માં બિઝનેસ મૅનેજમેન્ટના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ; તથા બી.કૉમ.માં બિઝનેસ મૅનેજમેન્ટના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાના જોડાણ માટેની અરજી.

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે શ્રીમતી તારાબહેન સુંદરલાલ રાયચંદ કૉમર્સ કૉલેજ, પાટણ નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન એકિઝકયુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૧૫--૭--૧૯૭૪ સુધીમાં કરે તો તેને બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના તથા પ્રથમ વર્ષ બી.કૉમ.માં બિઝનેસ મૅનેજમેન્ટના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૧--૬--૧૯૭૪થી તા. ૧૪--૬--૧૯૭૭ સુધીનું ચાલુ જોડાણ આપવા; તથા બી.કૉમ.માં બિઝનેસ મૅનેજમેન્ટના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૪ થી તા. ૧૪--૬--૧૯૭૫ સુધીનું વધારાનું જોડાણ આપવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

(૧) નીચે જણાવેલ નિમણૂકો કરવામાં આવે :

૧. બિઝનેસ મૅનેજમેન્ટના પ્રાધ્યાપક,

૨. લાયકાત ધરાવતા ગ્રંથપાલ;

(૨) ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

(૩) બિઝનેસ મૅનેજમેન્ટ વિષયને લગતાં રૂ. ૨,૦૦૦નાં પુસ્તકો માટે અનાવર્તક ખર્ચ કરવામાં આવે;

(૪) પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

(૫) યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકોને વેતન, વળતર કે અન્ય જે કાંઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે;

(૬) પ્રૉવિડંટ ફંડ અંગે સંચાલક મંડળના ફાળા અને ટ્રસ્ટની રચના સહિતનાં યુનિવર્સિટીનાં તમામ ધારાધોરણોનું પાલન કરવામાં આવે; અને

(૭) શિક્ષકોના વાર્ષિક મૂળ પગારના ૨½ ટકાના દરે ગ્રેચ્યુઇટી ફંડ ઊભું કરવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૪૬. તોલાણી કૉમર્સ કૉલેજ, આદિપુર તરફથી જૂન ૧૯૭૪થી પ્રથમ વર્ષ બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ; તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગના વધારાના જોડાણ માટેની અરજી.

એકૅડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે તોલાણી કૉમર્સ કૉલેજ, આદિપુર નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન એક્ઝિકયુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૧૫--૫--૧૯૭૪ સુધીમાં કરે તો તેને પ્રથમ વર્ષ બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૪થી તા. ૧૪--૬--૧૯૭૬ સુધીનું ચાલુ જોડાણ; તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૪ થી તા. ૧૪--૬--૧૯૭૫ સુધીનું વધારાનું જોડાણ આપવા એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

(૧) નીચે જણાવેલ નિમણૂકો કરવામાં આવે :

૧. વાણિજ્યના પ્રાધ્યાપક

૨. મર્કન્ટાઈલ લૉના ખંડ સમયના વ્યાખ્યાતા

૩. એકાઉન્ટન્સીના પ્રાધ્યાપક

૪. યોગ્ય લાયકાત ધરાવતા ગ્રંથપાલ;

(૨) ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

(૩) એકાઉન્ટન્સીના વિષયને લગતાં પુસ્તકો માટે રૂ. ૨,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;

(૪) પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

(૫) યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકોને વેતન, વળતર કે અન્ય જે કાંઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે;

(૬) પ્રૉવિડંટ ફંડ અંગે સંચાલક મંડળના ફાળા અને ટ્રસ્ટની રચના સહિતનાં યુનિવર્સિટીનાં તમામ ધારાધોરણોનું પાલન કરવામાં આવે; અને

(૭) શિક્ષકોના વાર્ષિક મૂળ પગારના ૨½ ટકાના દરે ગ્રેચ્યુઈટી ફંડ ઊભું કરવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે એકૅડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૪૭. બોરસદ સાયન્સ એન્ડ લૉ કૉલેજ, બોરસદ તરફથી જૂન ૧૯૭૪થી તૃતીય એલએલ.બી. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ માટેની અરજી.

એકૅડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે બોરસદ સાયન્સ એન્ડ લૉ કૉલેજ, બોરસદ નીચે જણાવેલ શરતોનું પાલન એક્ઝિકયુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૧૫--૫--૧૯૭૪ સુધીમાં કરે તો તેને તૃતીય

એલએલ.બી. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૪થી તા. ૧૪--૬--૧૯૭૯ સુધીનું ચાલુ જોડાણ આપવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

(૧) ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

(૨) પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

(૩) યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારગ્રેડણ, મોંઘવારી ભથ્થું, અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકોને વેતન, વળતર કે અન્ય જે કાંઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે;

(૪) પ્રૉવિડંટ ફંડ અંગે સંસ્થાવક મંડળના ફાળા અને ટ્રસ્ટની રચના સહિતનાં યુનિવર્સિટીનાં તમામ ધારાધોરણોનું પાલન કરવામાં આવે; અને

(૫) શિક્ષકોના વાર્ષિક મૂળ પગારના ૨½ ટકાના દરે ગ્રૅચ્યુઇટી ફંડ ઊભું કરવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૪૮. વિવેકાનંદ કૉલેજ ઑફ કૉમર્સ ઍન્ડ લૉ, અમદાવાદ તરફથી જૂન ૧૯૭૪થી બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગ તથા દ્વિતીય એલએલ.બી. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ તથા તૃતીય એલએલ.બી.ના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાના જોડાણ માટેની અરજી.

(નોંધ.—કૉલેજે પછીથી તૃતીય એલએલ.બી.ના અભ્યાસક્રમ માટે વધારાનું જોડાણ માગેલું છે.)

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે વિવેકાનંદ કૉલેજ ઑફ કૉમર્સ ઍન્ડ લૉ, અમદાવાદ નિમણૂક અંગેની શરતો સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન એકિઝકયુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા.૧૫--૫--૧૯૭૪ સુધીમાં કરે તો તેને બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગ; તથા દ્વિતીય એલએલ.બી. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૪થી તા. ૧૪--૬--૧૯૭૭ સુધીનું ચાલુ જોડાણ; તથા તૃતીય એલએલ.બી.ના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૪થી તા. ૧૪--૬--૧૯૭૫ સુધીનું વધારાનું જોડાણ આપવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

(૧) કાયદાના બંડ સમયના બે વ્યાખ્યાતાની નિમણૂક કરવામાં આવે;

(૨) ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

(૩) પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

(૪) યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકોને વેતન, વળતર કે અન્ય જે કાંઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે;

(૫) પ્રૉવિડંટ ફંડ અંગે સંચાલક મંડળના ફાળા અને ટ્રસ્ટની રચના સહિતનાં યુનિવર્સિટીનાં તમામ ધારાધોરણોનું પાલન કરવામાં આવે; અને

(૬) શિક્ષકોના વાર્ષિક મૂળ પગારના ૨½ ટકાના દરે ગ્રૅચ્યુઇટી ફંડ ઊભું કરવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૪૯. નવગુજરાત લૉ કૉલેજ, અમદાવાદ તરફથી જૂન ૧૯૭૪થી એલએલ.બી.ના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ માટેની અરજી.

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે નવગુજરાત લૉ કૉલેજ, અમદાવાદ નીચે જણાવેલ શરતોનું પાલન એક્ઝિકયુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૧૫–૫–૧૯૭૪ સુધીમાં કરે તો તેને એલએલ.બી.ના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫–૬–૧૯૭૪થી તા. ૧૪–૬–૧૯૭૫ સુધીનું ચાલુ જોડાણ આપવા એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

(૧) ગ્રંથાલય માટે અત્યાર સુધી વખોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

(૨) પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

(૩) યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકોને વેતન, વળતર કે અન્ય જે કાંઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે;

(૪) પ્રૉવિડંટ ફંડ અંગે સંચાલક મંડળના ફાળા અને ટ્રસ્ટની રચના સહિતનાં યુનિવર્સિટીનાં તમામ ધારાધોરણોનું પાલન કરવામાં આવે; અને

(૫) શિક્ષકોના વાર્ષિક મૂળ પગારના ૨½ ટકાના દરે ગ્રૅચ્યુઇટી ફંડ ઊભું કરવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૫૦. લૉ કૉલેજ, ગોધરા તરફથી જૂન ૧૯૭૪થી પ્રથમ એલએલ.બી.ના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ તથા દ્વિતીય એલએલ.બી.ના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાના જોડાણ માટેની અરજી.

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે લૉ કૉલેજ, ગોધરા નિમણૂક અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન એકિઝકયુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૧૫--૫--૧૯૭૪ સુધીમાં કરે તો તેને પ્રથમ અલએલ.બી.ના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૪થી તા. ૧૪--૬--૧૯૭૬ સુધીનું ચાલુ જોડાણ તથા દ્વિતીય એલએલ.બા.ના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૪થી તા. ૧૪--૬--૧૯૭૫ સુધી વધારાનું જોડાણ આપવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

(૧) કાયદાના પૂર્ણ સમયના એક વ્યાખ્યાતાની નિમણૂક કરવામાં આવે;

(૨) ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

(૩) દ્વિતીય અલએલ.બી.ના અભ્યાસક્રમોને લગતાં પુસ્તકો માટે રૂ. ૧,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;

(૪) પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

(૫) યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકોને વેતન, વળતર કે અન્ય જે કંઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે;

(૬) પ્રૉવિડંટ ફંડ અંગે સંચાલક મંડળના ફાળા અને ટ્રસ્ટની રચના સહિતનાં યુનિવર્સિટીનાં તમામ ધારાધોરણોનું પાલન કરવામાં આવે; અને

(૭) શિક્ષકોના વાર્ષિક મૂળ પગારના ૨½ ટકાના દરે ગ્રેચ્યુઈટી ફંડ ઊભું કરવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૫૧. કૉલેજ ઑફ નર્સિંગ, અમદાવાદ તરફથી જૂન ૧૯૭૪થી દ્વિતીય વર્ષ (પોસ્ટ-બેઝિક) બી.એસસી. (નર્સિંગ)ના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ માટેની અરજી.

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે કૉલેજ ઑફ નર્સિંગ, અમદાવાદ નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન એકિઝકયુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૧૫--૫--૧૯૭૪ સુધીમાં કરે તો તેને દ્વિતીય વર્ષ (પોસ્ટ-બેઝિક) બી.એસસી. (નર્સિંગ)ના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૪થી તા. ૧૪--૬--૧૯૭૫ સુધીનું ચાલુ જોડાણ આપવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

(૧) હાલની વ્યાખ્યાતાની બે ખાલી જગ્યાઓ કાયમી ધોરણે પૂરવામાં આવે;

(૨) અભ્યાસ અર્થે રજા ઉપર ગયેલા સીનિયર ક્લિનિકલ ઇન્સ્ટ્રક્ટરોની હંગામી ધોરણે ખાલી પડેલી જગ્યાઓએ જરૂરી નિમણૂકો કરવામાં આવે;

(૩) ભવિષ્યમાં વિસ્તરણ માટેની જોગવાઈ સાથેનું કૉલેજનું મકાન બાંધવા માટે તાકીદે કાર્યવાહી કરવામાં આવે;

(૪) ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

(૫) પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે; અને

(૬) યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકોને વેતન, વળતર કે અન્ય જે કાંઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

બાબત નં. ૫૨ અને ૫૩ની વિચારણા સાથે કરવામાં આવી.

૫૨. શ્રી. એમ. એન. કૉલેજ ઑફ ફાર્મસી, ખંભાત તરફથી જૂન ૧૯૭૪થી ડિપ્લોમા ઇન ફાર્મસી તથા ફાઇનલ બી.ફાર્મ.ના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ માટેની અરજી.

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. એમ. એન. કૉલેજ, ઑફ ફાર્મસી, ખંભાત શિક્ષકગણની નિમણૂકો અંગેની શરત સહિતની નીચે (અ)માં દર્શાવેલ શરતોનું પાલન એક્ઝિક્યુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૩૧--૩--૧૯૭૪ સુધીમાં કરે; તથા (બ) માં દર્શાવેલ શરતોનું પાલન એક્ઝિક્યુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૧૫--૫--૧૯૭૪ સુધીમાં કરે તો તેને ડિપ્લોમા ઇન ફાર્મસી તથા ફાઇનલ બી.ફાર્મ.ના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૪ થી તા ૧૪--૬--૧૯૭૫ સુધીનું ચાલુ જોડાણ આપવા એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

(અ) નીચે જણાવેલ નિમણૂકો કરવામાં આવે :

(૧) ૧. ફાર્માસ્યુટિકલ કેમિસ્ટ્રીના વ્યાખ્યાતા
૨. ફાર્મકોગ્નોસીના વ્યાખ્યાતા
૩. ફાર્માસ્યુટિક્સના વ્યાખ્યાતા
૪. ફાર્મકોલોજીના વ્યાખ્યાતા
૫. કીટાણુવિજ્ઞાનના વ્યાખ્યાતા
૬. ફિઝિયોલોજીના વ્યાખ્યાતા;

(૨) શૈક્ષણિક તેમ જ બિનશૈક્ષણિક સ્ટાફના સભ્યોને તેમને ચૂકવવાની થતી સઘળી રકમ ચૂકવવામાં આવે;

(૩) કૉલેજના મકાનનું બાંધકામ પૂરું કરવામાં આવે;

(૪) સ્થાનિક તપાસસમિતિના અહેવાલના પરિશિષ્ટ "બ"માં જણાવેલ રૂ. ૧,૨૫,૦૦૦ની કિંમતનાં સાધનો વસાવવામાં આવે;

ઉપરની શરત ક્રમાંક ૨ થી ૪ના પરિપાલનના વિકલ્પે રૂ. ૨,૨૫,૦૦૦ (બે લાખ પચીસ હજાર) યુનિવર્સિટી પાસે અનામત મૂકવામાં આવે; અને

(બ) (૧) ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

(૨) પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

(૩) યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકોને વેતન, વળતર કે અન્ય જે કાંઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે;

(૪) પ્રોવિડંટ ફંડ અંગે સંયાલક મંડળના ફાળા અને ટ્રસ્ટની રચના સહિતનાં યુનિવર્સિટીનાં તમામ ધારાધોરણનું પાલન કરવામાં આવે; અને

(૫) શિક્ષકોના વાર્ષિક મૂળ પગારના ૨½ ટકાના દરે ગ્રેચ્યુઇટી ફંડ ઊભું કરવામાં આવે."

અને

૧૩. શ્રી. એમ. એન. કૉલેજ ઑફ ફાર્મસી ખંભાતના સંયાલનની બાબતમાં સરકારી પ્રતિનિધિઓ અંગે તપાસ કરીને અહેવાલ આપવા તથા સદરહુ કૉલેજમાં રહેલી ઊણપો દૂર કરવાની બાબતમાં શાં પગલાં લેવાં તે અંગે યુનિવર્સિટીને સલાહ આપવા અંગે એક્ઝિક્યુટિવ કાઉન્સિલની તા. ૧૬-૧૧-૧૯૭૩ની સભામાં નીમેલી સમિતિના અહેવાલ ઉપર વિચારણા કરવા બાબત.

તે પછી ઠરાવવામાં આવ્યું કે એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

(૨) વધુમાં ઠરાવવામાં આવ્યું કે ઉપરના ઠરાવ નં. ૧ મુજબ શરતોના પરિપાલનની ખાતરી કરવા માટે મે ૧૯૭૪ના પ્રથમ સપ્તાહમાં સ્થાનિક તપાસ માટે સમિતિ નીમીને મોકલવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૧૪. અમદાવાદ ટેક્સટાઈલ ઇન્ડસ્ટ્રીઝ રિસર્ચ એસોસિયેશન (અટિરા), અમદાવાદ તરફથી જૂન ૧૯૭૨થી રસાયણવિજ્ઞાન, ભૌતિકવિજ્ઞાન અને મનોવિજ્ઞાનમાં પીએચ.ડી.ની પદવી માટે સંશોધનકાર્ય કરવા માટે ચાલુ માન્યતા માટેની અરજી.

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે અમદાવાદ ટેક્સટાઈલ ઇન્ડસ્ટ્રીઝ રિસર્ચ એસોસિયેશન (અટિરા), અમદાવાદ નીચે જણાવેલ શરતોનું પાલન એક્ઝિક્યુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૧૫-૫-૧૯૭૪ પૂર્વેમાં કરે તો તેને રસાયણવિજ્ઞાન, ભૌતિકવિજ્ઞાનમાં અને પીએચ.ડી.ની પદવી માટે સંશોધનકાર્ય કરવા માટે તા. ૧૫-૬-૧૯૭૨થી તા. ૧૪-૬-૧૯૭૭ સુધી ચાલુ માન્યતા આપવા એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

(૧) યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકોને વેતન, વળતર કે અન્ય જે કાંઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે;

(૨) પ્રોવિડંટ ફંડ અંગે સંચાલક મંડળના ફાળા અને ટ્રસ્ટની રચના સહિતનાં યુનિવર્સિટીનાં તેમ મ ધારાધોરણોનું પાલન કરવામાં આવે; અને

(૩) શિક્ષકોના વાર્ષિક મૂળ પગારના ૨½ ટકાના દરે ગ્રેચ્યુઈટી ફંડ ઊભું કરવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૫૫. ઈન્ડિયન એસોસિયેશન ઑફ પ્રોગ્રામ્ડ લર્નિંગના વાર્ષિક અધિવેશનને આવતા વર્ષે યુનિવર્સિટી તરફથી નિમંત્રણ આપવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ એસોસિયેશનનું ૧૯૭૪--૭૫ના વર્ષનું વાર્ષિક અધિવેશન આ યુનિવર્સિટીના ઉપક્રમે યોજવા માટે નિમન્ત્રણ આપવું.

૫૬. વિજ્ઞાન વિદ્યાભવનમાં કામ કરતા નીચેના કર્મચારીઓનો તેમનાં નામ સામે બતાવેલ તારીખે એક વર્ષનો અજમાયશી સમય પૂરો થતો હોઈ તેઓના નામ સામે બતાવેલ તારીખથી કાયમ કરવા અંગે વિચારણા કરવા બાબત :

ક્રમાંક	કર્મચારીનું નામ	હોદ્દો	અજમાયશી સમય પૂરો થયાની તારીખ	કાયમ કરવાની તારીખ
(૧)	શ્રી. છગનભાઈ એનાભાઈ ડાભી	પટાવાળા	૨૮--૨--૧૯૭૪	૧--૩--૧૯૭૪
(૨)	શ્રી. ચતુરભાઈ ગાંડાભાઈ વાળોદરા	સફાઈ કામદાર	૨૫--૨--૧૯૭૪	૨૬--૨--૧૯૭૪

સદરહુ સભ્યોની કામગીરી અંગેના ખાનગી અહેવાલો સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યા.

તે પછી ઠરાવવામાં આવ્યું કે બેઉ સભ્યોને તેમનાં નામ સામે જણાવેલ જગ્યા પર અને તારીખથી કાયમ કરવા.

૫૭. યુનિવર્સિટી કાર્યાલયમાં કામ કરતા નીચેના કર્મચારીઓનો એક વર્ષનો અજમાયશી સમય તેમનાં નામ સામે બતાવેલ તારીખે પૂરો થતો હોઈ તેઓનાં નામ સામે બતાવેલ તારીખેથી કાયમ કરવા અંગે વિચારણા કરવા બાબત.

ક્રમાંક	કર્મચારીનું નામ	હોદ્દો	વિભાગનું નામ	અજમાયશી સમય પૂરો થયાની તારીખ	કાયમ કરવાની તારીખ
૧.	શ્રી. સી. કે. શાહ	ગાર્ડન સુપરવાઈઝર	એસ્ટેટ	૩૦--૧--૧૯૭૪	૧--૨--૧૯૭૪
૨.	શ્રી. જે. પી. ચૌહાણ	ટાઈપિસ્ટ	ડી.પી.ઈ.	૨૮--૨--૧૯૭૪	૧--૩--૧૯૭૪

સદરહુ સભ્યોની કામગીરી અંગેના ખાનગી અહેવાલો સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યા.

તે પછી ઠરાવવામાં આવ્યું કે—

(૧) શ્રી. સી. કે શાહ, ગાર્ડન સુપરવાઈઝરનો અજમાયશી સમય વધુ એક વર્ષ માટે લંબાવવો, અને લંબાયેલ સમય દરમ્યાન જો તેમની કામગીરી સંતોષકારક જણાશે નહીં તો તેમને છૂટા કરવાની ફરજ પડશે એમ તેમને જણાવવું.

(૨) શ્રી. જે. પી. ચૌહાણને ટાઈપિસ્ટની જગ્યા પર તા. ૧--૩--૧૯૭૪થી કાયમ કરવા.

૫૯. ૧૯૭૨-૭૩ના વર્ષનો ૨૩મો વાર્ષિક અહેવાલનો મુસદ્દો મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સને ૧૯૭૨-૭૩ના વર્ષના ૨૩મા વાર્ષિક અહેવાલનો મુસદ્દો, સમિતિની ભલામણ સાથે, મંજૂર કરવો.

વધુમાં ઠરાવવામાં આવે છે કે સમગ્ર અહેવાલ ભાષાશુદ્ધિ માટે પ્રો. અનંતરાય રાવળને બતાવી તેને આખરી સ્વરૂપ આપવા કુલપતિશ્રીને સત્તા આપવી.

૫૯. સમાજવિદ્યા ભવનમાં અર્થશાસ્ત્રના લેક્ચરર ડૉ. એમ. એસ. ત્રિવેદી તા. ૩૧-૮-૧૯૬૫થી રાજીનામું આપી છૂટા થયા હોવાથી તેઓના ખાતે નીકળતી પ્રોવિડંટ ફંડની રકમ પરત કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સમાજવિદ્યા ભવનમાંથી અર્થશાસ્ત્રના લેક્ચરર તરીકે છૂટા થયેલા ડૉ. એમ. એસ. ત્રિવેદીને તેમના ખાતે નીકળતી પ્રૉવિડન્ટ ફંડની રકમ યુનિવર્સિટીનાં ધારાધોરણ અનુસાર પરત કરવી.

૬૦. Indian Physics Association, Ahmedabad Chapterના ઉપક્રમે યોજવામાં આવનાર "Inter-Chapter Conference of all the Chapters in the State of Gujarat by the Indian Physics Association" અંગે યુ. ગ્રા. ક.ને તેમના પત્રાંક એફ. ૩-૨૪ (૧૩)-૭૩, તા. ૧૧-૧૨-૧૯૭૩થી અનુદાનની રકમ રૂ. ૧,૦૦૦-૦૦ (એક હજાર) મંજૂર કર્યાની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની સાભાર નોંધ લેવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે સદરહુ એસોસિયેશનના અમદાવાદ ચેપ્ટરના ઉપક્રમે યોજવામાં આવનાર ઇન્ટર-ચેપ્ટર કૉન્ફરન્સના સહપુરસ્કર્તા (co-sponser) તરીકે ગુજરાત યુનિવર્સિટીએ જોડાવાનું રાખવું.

૬૧. "સને ૧૯૭૩-૭૪ (એપ્રિલ, ૧૯૭૩થી માર્ચ, ૧૯૭૪)ના વર્ષ માટે ગુજરાત યુનિવર્સિટીના કર્મચારીઓના પ્રોવિડંટ ફંડ ખાતામાં કયા દરે વ્યાજ આપવું તે બા. ૧૧૭ મુજબ નક્કી કરવા બાબત.

[નોંધ.—(૧) સને ૧૯૭૨-૭૩ના વર્ષ માટે પ્રૉવિડંટ ફંડની ઊઘડતી બાકી ઉપર ૫.૭૫ ટકાના દરે વ્યાજ આપ્યું હતું, તથા

(૨) વર્ષ દરમિયાન શરૂઆતના ૭ માસના ઉપર ૨.૮૭ ટકાના દરે વ્યાજ આપ્યું હતું.

(૩) સને ૧૯૭૩-૭૪ના વર્ષ માટે ગુજરાત રાજ્ય સરકારે ૫.૭૫ ટકાના દરે વ્યાજ આપવાનું નક્કી કરેલ છે.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે સમગ્ર રીતે નીતિવિષયક વિચારણા કરીને પોતાનો અહેવાલ આપવા માટે નીચે જણાવેલા સભ્યોની બનેલી સમિતિ રચવી :

(૧) આચાર્ય ય. પ્રા. શુક્લ
(૨) આચાર્ય એમ. સી. શાહ
(૩) આચાર્ય દર્શનસિંઘ શીખ
(૪) પ્રો. ગુલાબભાઈ દેસાઈ
(૫) પ્રો. એમ. ડી. પંચોલી.

૬૨. ચોથી પંચવર્ષીય યોજના હેઠળ સંલગ્ન કૉલેજોમાં કાર્ય કરતા શિક્ષકોના સુધારેલા પગારધોરણમાં જેમણે અનુસ્નાતકની પદવી બીજા વર્ગમાં મેળવી છે તેવા ટયૂટર--ડેમોન્સ્ટ્રેટરોને રાજય સરકારના તા. ૮--૬--૧૯૭૩ ના સરકારી ઠરાવ ક્રમાંક એમ.આઈ.એસ. ૧૦૭૨--૨૯૯૨૫--એલ.થી રૂ. ૨૫૦--૧૫--૪૦૦ના પગારધોરણમાં શરૂનો મૂળ પગાર રૂ. ૩૦૦ આપવાનું નક્કી કર્યું છે તેનો એકિઝકયુટિવ કાઉન્સિલે તેની તા. ૧૧--૮--૧૯૭૩ ની સભાએ સ્વીકાર કર્યો છે. પરન્તુ જેમને ૧૯૬૪ કે તે પહેલાં અનુસ્નાતકની પદવી ૪૮ ટકા કે તેથી વધુ ગુણ મેળવીને ઉત્તીર્ણ થયા છે તેવા ટયૂટર--ડેમોન્સ્ટ્રેટરોને બીજા વર્ગની સમકક્ષ (deemed second class) ગણેલા હોવાથી (માત્ર શૈક્ષણિક નિમણૂકના હેતુ પૂરતા) તેમને સદરહુ પગારધોરણમાં શરૂનો મૂળ માસિક પગાર રૂ. ૩૦૦ આપવા અંગે ગુજરાત યુનિવર્સિટી વિસ્તાર અધ્યાપક મંડળ, અમદાવાદના મંત્રીશ્રીના આવેલા તા. ૨૭--૧૧--૧૯૭૩ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતમાં રાજય સરકાર સમક્ષ ઘટતી રજૂઆત કરવા કુલપતિશ્રીને વિનંતી કરવી.

૬૩. તા. ૨૩--૧૧--૧૯૭૩ના રોજ મળેલ બોર્ડ ફોર સ્ટુડન્ટસ વેલ્ફેરની સભાની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

"વધુમાં ઠરાવવામાં આવે છે કે પ્રત્યેક કૉલેજમાં તબીબી તપાસ અને સલાહ અંગેનાં કામકાજ માટે તથા તપાસ માટે તબીબની પસંદગી અંગે પ્રત્યેક કૉલેજમાં આચાર્યશ્રીના પ્રમુખપદે એક સમિતિની રચના કરવામાં આવે તથા તે સમિતિ ઉપર અધ્યાપકો ઉપરાંત ત્રણ વિદ્યાર્થીઓને પણ નીમવામાં આવે તેવી સૂચના કૉલેજોને આપવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે પ્રત્યેક સંલગ્ન કૉલેજના વિદ્યાર્થીઓના આરોગ્યની સંભાળ માટે આચાર્યશ્રીના પ્રમુખપદે સમિતિની રચના કરવા તથા તે સમિતિ પર કૉલેજના અધ્યાપકો ઉપરાંત વિદ્યાર્થી-પ્રતિનિધિને પણ નીમવા માટે કૉલેજોને જણાવવું.

૬૪. પારેખ બ્રધર્સ સાયન્સ કૉલેજ, કપડવંજમાં એસ.વાય.બી.એસસી. અને ટી.વાય.બી.એસસી.માં ૧૯૭૪--૭૫ના શૈક્ષણિક વર્ષથી વિજ્ઞાન ફીમાં રૂ. ૧૦--૦૦નો વધારો કરવા દેવા અંગે મંજૂરી માગતી આવેલા અરજી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે બિનસરકારી કૉલેજોને ગ્રાન્ટ આપવાની બાબતમાં રાજય સરકારના નીતિ-નિયમોના સંદર્ભમાં કૉલેજ ફાઇનાન્સ સમિતિ(શેલત સમિતિ)ની ભલામણ મુજબ કૉલેજોને આવતી ખાધના પચાસ ટકા જેટલી આર્થિક સહાય આપવાની જવાબદારી રાજય સરકાર સ્વીકારે તે બાબતની જે રજૂઆત કરવામાં આવેલી છે તે અંગે નિર્ણય થયેથી સદરહુ બાબત અંગે વિચારણા કરવાનું રાખવું.

૬૫. અનુસ્નાતક કેન્દ્રમાં એમ.એસસી. પાર્ટ ૨માં રસાયણવિજ્ઞાન વિષયમાં ડિઝર્ટેશન રજૂ કરનાર વિદ્યાર્થીની બાબતમાં અનુસ્નાતક નિયમ ૪૪ પ્રમાણે કેન્દ્ર ધરાવતી કૉલેજને અપાતી આર્થિક સહાય રૂ. ૩૦૦ને બદલે રૂ. ૫૦૦ ચૂકવવા એકિઝકયુટિવ કાઉન્સિલની તા. ૧૩--૧૦--૧૯૭૩ની સભાએ મંજૂર કરેલ હોઈ

અનુસ્નાતક નિયમ ૪૪ (બી) નીચે મુજબ સંધારા તે રીતે સુધારવા બાબત :

અનુસ્નાતક નિયમ ૪૪ (આર્થિક સહાય):

(*b*) Faculty of Science

(1) Chemistry	Rs. 300/—	per student per year
(2) Physics	Rs. 150/—	per student per year
(3) Botany	Rs. 150/—	
(4) Geology	Rs. 150/—	
(5) Microbiology	Rs. 150/—	
(6) Zoology	Rs. 150/—	
(7) Statistics	Rs. 100/—.	

N.B.—In the case of a student offering dissertations in lieu of practicals at Part II examination in the subject of Chemistry, the Subsidy shall be paid at the rate of Rs. 50/— per year per student.

આથી ઠરાવવામાં આવે છે કે અનુસ્નાતક નિયમ નં. ૪૪—બીમાં કશો ફેરફાર કરવો નહીં અને સંલગ્ન કૉલેજોના અનુસ્નાતક કેન્દ્રના પ્રાયોગિક કામકાજના ખર્ચ પેટે હાલ જે ધારાધોરણે આર્થિક સહાય આપવામાં આવે છે તે ધોરણ યથાવત્ ચાલુ રાખવું.

૬૬. ઇજનેરી વિદ્યાશાખાની તા. ૧૨–૧૨–૧૯૭૩ની સભાએ કરેલ નીચેના ઠરાવ અંગે વિચારણા કરવા બાબત :

"આ સભા ઠરાવે છે કે એમ.ઈ. (સી., એમ., ઈ.) જૂના અભ્યાસક્રમની પરીક્ષા માર્ચ ૧૯૭૫ સુધી લેવાની રાખવી."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વિદ્યાશાખાની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૬૭. એક્ઝિક્યુટિવ કાઉન્સિલની તા. ૧૧/૧૨–૧૧–૧૯૭૨ની સભામાં બૅન્ક ઑફ બરોડા ટ્રોફી વકતૃત્વ સ્પર્ધા યોજવા અંગે ઘડવામાં આવેલ નિયમોના સંદર્ભમાં તા. ૨૩–૧૧–૧૯૭૩ના રોજ યોજાયેલ વકતૃત્વ સ્પર્ધાના નિર્ણાયકોએ લીધેલ નીચે જણાવેલ નિર્ણય પર વિચારણા કરવા બાબત :

In our opinion we found that the response of the participants was not up to the expected standards for the award of trophy to any college. However, we recommend the award or three encouragement prizes in the following order.

(1) Mr. N. A. Jha, Sheth C. N. Commerce College, Visnagar
(2) Mr. K. M. Soni, Arts & Commerce College, Idar
(3) Mr. V. C. Desai, Bhavan's Jashodabahen Commerce College, Dakor.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વિદ્યાર્થીઓને ઇનામો આપવા માટેની જોગવાઈ આ હરીફાઈની યોજનામાં કરવામાં આવેલી નથી તે જોતાં તેમને ઇનામો આપી શકાય નહિ, પરંતુ તેમને ઘટતું પ્રમાણપત્ર આપવું.

૬૮. એલ. ડી. એન્જિનિયરિંગ કૉલેજ, અમદાવાદની જૂન ૧૯૭૩થી બી.ઈ. (ઇલેક્ટ્રોનિક્સ ઍન્ડ કૉમ્યુનિકેશન) અને બી.ઈ. (ઇન્સ્ટ્રુમેન્ટેશન ઍન્ડ કન્ટ્રોલ) (સેન્ડવિચ પેટર્ન)ના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ માટેની અરજી પર મૂકેલી શરતોના પરિપાલન અંગે વિચારણા કરવા બાબત.

[નોંધ.—(૧) ઇલેક્ટ્રોનિક્સ ઍન્ડ કૉમ્યુનિકેશનના પ્રાધ્યાપકની નિમણૂક બાકી છે, પરંતુ સદરહુ અભ્યાસક્રમના શિક્ષણકાર્ય માટે અન્ય સંસ્થાઓ જેવી કે પી. આર. એલ., આઈ. એસ. આર. ઓ., સેટેલાઈટ કૉમ્યુનિકેશન સેન્ટર, જી. એસ. એફ. સી. વગેરે સંસ્થાઓમાંથી સભ્યો બોલાવીને શિક્ષણકાર્ય કરવામાં આવે છે તેમ જણાવેલ છે.

(૨) ઇલેક્ટ્રોનિક્સ ઍન્ડ કૉમ્યુનિકેશનનાં પુસ્તકો વસાવવાની કાર્યવાહી ચાલુ છે. ઇલેક્ટ્રોનિક્સ વિષય અંગે ગવર્મેન્ટ પૉલિટેકનિક ફૉર ગર્લ્સમાં લગભગ ૨,૦૦૦ જેટલાં પુસ્તકો છે જેના ઉપયોગ કરવામાં આવે છે તેમ જણાવેલ છે.

(૩) અન્ય શરતોનું પાલન થયું છે.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજને જૂન ૧૯૭૩થી બી.ઈ. (ઇલેક્ટ્રોનિક્સ ઍન્ડ કૉમ્યુનિકેશન) અને બી.ઈ. (ઇન્સ્ટ્રુમેન્ટેશન ઍન્ડ કન્ટ્રોલ) (સેન્ડવિચ પેટર્ન)ના અભ્યાસક્રમો માટે તા. ૧૫—૬—૧૯૭૩થી તા. ૧૪—૬—૧૯૭૪ સુધીનું જોડાણ આપવા અંગેનું જાહેરનામું બહાર પાડવું.

વધુમાં ઠરાવવામાં આવે છે કે ઉપર જણાવેલ જે શરતોનું હજુ સુધી યથાર્થ પરિપાલન થયેલું નથી તે થાય તે માટે કાર્યાલયે આગ્રહ જારી રાખવો.

૬૯. હાયર સેકન્ડરી પ્રવેશ માટે અને યુનિવર્સિટી કક્ષા સુધીની કેળવણી માટે ૧૦ + ૨ + ૩ વર્ષની તરાહ માટેની ભલામણ કરતા રાજ્ય સલાહકાર પરિષદના ઠરાવના સંદર્ભમાં તેમ જ ઉચ્ચતર માધ્યમિક શિક્ષણમાં સેવા આપવા માટે માધ્યમિક શિક્ષકોએ પોત-પોતાના વિષયોમાં અનુસ્નાતક કક્ષાની લાયકાત ધારણ કરવી જોઈએ એવી એક પૂર્વશરતના સંદર્ભમાં રાજ્યની હાઈસ્કૂલોમાં કામ કરતા શિક્ષકોને સેવાકાલીન અને વૅકેશનના વર્ગો દ્વારા અનુસ્નાતક શિક્ષણ આપવાની યોજના અંગે ઍકેડેમિક કાઉન્સિલની તા. ૨૬—૪—૧૯૭૩ની સભાની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"(૧) આથી ઠરાવવામાં આવે છે કે હાયર સેકન્ડરી પરીક્ષા માટે નવી શિક્ષણ તરાહના સંદર્ભમાં સંબંધકર્તા વિદ્યાશાખાઓ અને તેના વિષયોનાં એક "પોસ્ટ-ગ્રેજ્યુએટ ડિપ્લોમા ફૉર ટીચર્સ" સ્થાપવા માટે તથા આ ડિપ્લોમાના શિક્ષણ માટે નીચે મુજબ વ્યવસ્થા કરવા માટે એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી. માધ્યમિક શાળાઓમાં કામ કરતા શિક્ષકે પૈકી જેઓ ઓછામાં ઓછી સ્નાતકની પદવી અને પાંચ વર્ષનો કોઈ વિષયનો એસ.સી.સી. વર્ગનો શિક્ષણકાર્યનો અનુભવ ધરાવતા હોય તેમને આ અભ્યાસક્રમમાં તે વિષય માટે પ્રવેશપાત્ર ગણવા તથા તેમને માટે ઉનાળાનાં ત્રણ વૅકેશનો તથા દિવાળીનાં ત્રણ વૅકેશનો એમ કુલ છ વૅકેશનોમાં વર્ગોનું આયોજન જે તે વિષયના યુનિવર્સિટીના અનુસ્નાતક વિદ્યાભવન કે અનુસ્નાતક કેન્દ્રમાં રાખવા માટે એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

(૨) આથી ઠરાવવામાં આવે છે કે આ અભ્યાસક્રમના આયોજન માટે રાજ્ય સરકાર તરફથી જરૂરી આર્થિક સહાય મેળવવા માટે તજવીજ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગેની યોજના સ્વીકારવી અને ગુજરાત રાજ્યના શિક્ષણ ખાતાને મોકલીને તે અંગેની જરૂરી આર્થિક સહાય મંજૂર કરવા માટે તેને વિનંતી કરવી.

૭૦. સંલગ્ન કૉલેજોના ખંડ સમયના શિક્ષક બે જગ્યાએ નોકરી કરતા હોય તો બન્ને જગ્યાએ પ્રૉવિડંટ ફંડનો લાભ મેળવી શકે કે કેમ તે અંગે વિચારણા કરવા બાબત.

[નોંધ.—(૧) ખંડ સમયના શિક્ષકોની સેવાઓની શરતોમાં પૉવિડંટ ફંડનો લાભ ખંડ સમયના શિક્ષકોને મળે તેવો નિયમ છે.

(૨) ઑર્ડિ. ૧૨૦—એ પ્રમાણે આ શિક્ષકો બે જગ્યાએ કામ કરી શકે છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત સ્થાયી કાનૂનવિષયક સમિતિની વિચારણા માટે મોકલવી.

૭૧. ૧૯૭૩ના ગુજરાત યુનિવર્સિટી ઍક્ટ નં. ૬થી ગુજરાત યુનિવર્સિટી ધારામાં નીચે પ્રમાણેની ઉમેરાયેલી કલમ ૩૬ (૧–એ) (એ) અનુસાર સંલગ્ન કૉલેજ, માન્ય અને સ્વીકૃત સંસ્થા માટે "તપાસ સમિતિ"ની રચનાની બાબતમાં જરૂરી સ્ટેચ્યૂટ ઘડવા અંગે વિચારણા કરવા બાબત.

36 (1A) (a) :

There shall be an Inspection Committee of the Pro-Vice-Chancellor, if any, as the Chairman and such other members as may be appointed by the Executive Council in accordance with the Statutes.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે ઘટતી વિચારણા કરીને જરૂરી સ્ટેચ્યૂટ ઘડવા માટે નીચે જણાવેલ સભ્યોની સમિતિ રચવી :

(૧) આચાર્ય ય. પ્રા. શુકલ
(૨) આચાર્ય એમ. એસ. પંડિત
(૩) આચાર્ય એમ. સી. શાહ
(૪) ડૉ. એમ. એન. દેસાઈ
(૫) આચાર્ય દર્શનસિંહ શીખ.

૭૨. એક્ઝિકયુટિવ કાઉન્સિલે તેની તા. ૪–૭–૧૯૭૩ની સભામાં ઠરાવ્યા પ્રમાણે ચોથી પંચવર્ષીય યોજનાની ફાળવણીમાંથી પ્રોફેસર ઑફ કેમિસ્ટ્રીની વધારાની જગ્યા ખોલવા અંગે મંજૂરી માટે લખતાં તેના પ્રત્યુત્તારમાં યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને તેના તા. ૧૪–૧૨–૧૯૭૩ના પત્ર ક્રમાંક એફ્. ૨૯–૧૩–૬૮ (એસસી. ૧)થી સદરહુ જગ્યાનો ખર્ચ પાંચમી યોજનાના "Committed expenditure" તરીકે ગણવાનું યુનિવર્સિટી માટે શક્ય છે કે કેમ તે જણાવવાનું લખે છે તો તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે પ્રોફેસર ઑફ કેમિસ્ટ્રીની વધારાની જગ્યા માટેનો ખર્ચ પાંચમી યોજનામાં "committed expenditure" તરીકે ગણવાનું શક્ય નથી એમ યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનને જણાવવું.

૭૩. એક્ઝિકયુટિવ કાઉન્સિલે તેની તા. ૧૫–૧૨–૧૯૭૩ની સભામાં સેન્ટર ફૉર મૅનેજમેન્ટ ઍન્ડ પ્રોફેશનલ ટ્રેનિંગ અંગે નીમેલી સમિતિની તા. ૨૨–૧૨–૧૯૭૩ની ભલામણો પર વિચારણા કરવા બાબત.

અને

૯૩. શિક્ષિતોની બેકારી નિવારણ યોજના હેઠળ તેમને વ્યવસાય મળી રહે તે હેતુથી વ્યવસાયલક્ષી અભ્યાસક્રમો શરૂ કરવા માટેની આ યુનિવર્સિટીની દરખાસ્ત મંજૂર રાખીને આ માટે અંદાજી ખર્ચ રૂ. ૨,૩૮,૨૦૦ને મંજૂરી આપી તે અંગેના રાજ્ય સરકારના તા. ૨૯–૧૨–૧૯૭૩ના શિક્ષણ અને કામખાતાના ઠરાવ નં. ઈએમપી–૧૦૭૩–૧૨૦૫૫૩–એમની નોંધ લેવા બાબત તથા તે અંગેની જરૂરી કાર્યવાહી કરવા બાબત.

બાબત નં. ૭૩ની સાથે બાબત નં. ૯૩ની વિચારણા પણ હાથ ધરવામાં આવી.

તે પછી નીચે મુજબ ઠરાવવામાં આવ્યું :

(૧) સદરહુ અભ્યાસક્રમો ચલાવવા માટે રાજ્ય સરકાર તરફથી મળેલી આર્થિક સહાયનો સાભાર સ્વીકાર કરવો.

(૨) બાબત નં. ૭૩માં જણાવેલી સમિતિની ભલામણો મંજૂર કરવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે પ્રો. રમેશભાઈ એમ. ભટ્ટને સદરહુ અભ્યાસક્રમોના સંયોજક (Co-ordinator) તરીકે માનાર્હ ધોરણે નીમવા અને તે માટે તેમને માસિક રૂ. ૨૫૦નું ભથ્થું અંગત ભથ્થા (personal allowance) તરીકે આપવું.

(૩) વધુમાં ઠરાવવામાં આવે છે કે સદરહુ કેન્દ્રની સંચાલન સમિતિમાં પ્રો. બી. જી. શાહને વધારાના સભ્ય તરીકે નીમવા.

૭૪. શ્રી એસ. સી. પટેલ (કંડારી) આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, મિયાગામ--કરજણના ભૂતપૂર્વ પ્રાધ્યાપક શ્રી. બી. કે. કાયસ્થની ફરિયાદની બાબતમાં એકિઝકયુટિવ કાઉન્સિલની તા. ૮--૯--૧૯૭૩ની સભાએ એકેડેમિક કાઉન્સિલને પોતાની સુવિચારિત ભલામણ રજૂ કરવા ઠરાવ્યું હતું તેના સંદર્ભમાં અગાઉ આ બાબતમાં એકિઝકયુટિવ કાઉન્સિલે તેની તા. ૧૨--૧૦--૧૯૭૩ની સભામાં નીમેલી સમિતિની, કૉલેજને રૂપર્શની નીચેની ભલામણ સ્વીકારવાની એકેડેમિક કાઉન્સિલની તા. ૨૩--૧૨--૧૯૭૩ની સભાની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત (એ. કા. બા. ક. ૯) :

"શ્રીમતી એસ. સી. પટેલ (કંડારી) આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, મિયાગામ કરજણને યુનિવર્સિટીના શ્રી. બી. કે. કાયસ્થની પૂરા સમયના પ્રાધ્યાપક તરીકે નિમણૂક કર્યાનું જણાવીને ખંડ સમયના વિકલ્પ તરીકે રજૂ થયેલ યુનિવર્સિટીનાં ધારાધોરણોનો ભંગ કરવા બદલ ઠપકો આપવો."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતમાં એકિઝકયુટિવ કાઉન્સિલે તેની તા. ૪--૭--૧૯૭૩ની સભામાં બાબત નં. ૧૫થી કૉલેજના આચાર્યને તથા પ્રો. બી. કે. કાયસ્થને ઠપકો આપવા જણાવ્યું છે તેને પર્યાપ્ત ગણીને સદરહુ કેસના કાગળો દફ્તરે કરવા.

૭૫. ઑર્ડિ. કૉમ્પ્યુટર ૧ (એ) નીચે પ્રમાણે વંચાય તે રીતે સુધારવાની તથા નીચે પ્રમાણેનો ઑર્ડિ. કૉમ્પ્યુટર ૨ મંજૂર કરવાની એકેડેમિક કાઉન્સિલની તા. ૨૩-૧૨-૧૯૭૩ની સભાની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત (એ. કા. બા. ક. ૯૯) :

Ordinance Computer 1 :

A student who has passed a degree examination in any of the Faculties in Second Class is considered to be eligible for admission to the courses of Certificate in Computer Programming.

Ordinance Computer 2 :

No candidate shall be admitted to the examination unless he has attended at least 80% of the total number of lectures delivered during the entire course.

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ભલામણ મુજબ ઑર્ડિ. કૉમ્પ્યુટર-૧ અને ઑર્ડિ. કૉમ્પ્યુટર-૨ મંજૂર કરવા તથા તે બેઉ ઑર્ડિનન્સોને ૧૫મી જૂન ૧૯૭૩થી અમલમાં આવેલા ગણવા.

૭૬. વિજ્ઞાન વિદ્યાભવનમાં ભૌતિકવિજ્ઞાનના વ્યાખ્યાતાની એક જગા માટે નિમાયેલ વરણીસમિતિની નીચેની ભલામણ મંજૂર કરવાની એકેડેમિક કાઉન્સિલની તા. ૨૩--૧૨--૧૯૭૩ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત (એ. કા. બા. ક્ર. ૬૦) :

"That the following candidates were found suitable for the post of a Lecturer in Physics in the University School of Sciences and are recommended in the order of preference mentioned herebelow :

1. Dr. B. P. Agarwal
2. Dr. Rajaram (Mrs.) Girija
3. Dr. V. R. Rao."

આથી ઠરાવવામાં આવે છે કે વરણીસમિતિની ઉપરની ભલામણ સ્વીકારવી અને તે અનુસાર સદરહુ જગ્યા પર ડૉ. બી. પી. અગરવાલને બે વર્ષના અજમાયશી ધોરણે મૂળ માસિક પગાર રૂ. ૪૦૦થી નીમવા.

૭૭. વિજ્ઞાન વિદ્યાભવનમાં પ્રોફેસર ઈન સ્પેસ સાયન્સની એક જગ્યા માટે તથા રીડર ઈન સ્પેસ સાયન્સની એક જગા માટેની વરણીસમિતિની નીચેની ભલામણ એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૨૩--૧૨--૧૯૭૩-ની સભામાં મંજૂર કરી હોઈ તે પર વિચારણા કરવા બાબત (એ. કા. બા. ક્ર. ૫) :

પ્રોફેસર ઈન સ્પેસ સાયન્સ

"That none of the two candidates who appeared before this committee has been found suitable for the post of Professor in Space Sciences and therefore, it regrets that it has not been able to recommend any one of them for that post."

રીડર ઈન સ્પેસ સાયન્સ

"That Dr. V. K. Tripathi has been found suitable for the post of a Reader in Space Science in the University Department of Physics and recommends his appointment to that post."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વરણી સમિતિની ઉપરની ભલામણ સ્વીકારવી અને તે અનુસાર ડૉ. વી. કે. ત્રિપાઠીને વિજ્ઞાન વિદ્યાભવનમાં રીડર-ઈન-સ્પેસ સાયન્સની જગ્યા પર રૂ. ૭૦૦-૫૦-૧૨૫૦ના પગાર-ધોરણમાં મૂળ માસિક પગાર રૂ. ૭૦૦થી બે વર્ષના અજમાયશી ધોરણે નીમવા.

૭૮. સ્પેસ સેન્ટર માટે લેકચરર ઈન સ્પેસ સાયન્સીઝની બે જગ્યા માટેની વરણી સમિતિની નીચેની ભલામણ મંજૂર રાખવાની એકેડેમિક કાઉન્સિલની તા. ૨૩--૧૨--૧૯૭૩ની સભાની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત (એ. કા. બા. ક્ર. ૬૧) :

"After interviewing the above candidates who were interviewed the committee recommends that Smt. Girija Rajaram be appointed as the Lecturer in Space Sciences and their applications."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વરણીસમિતિની ઉપરની ભલામણ સ્વીકારવી અને તે અનુસાર શ્રીમતી ગિરિજા રાજારામને સદરહુ જગ્યા પર રૂ. ૪૦૦-૪૦-૮૦૦-૫૦-૯૫૦ના પગારધોરણમાં મૂળ માસિક પગાર રૂ. ૫૨૦/- થી બે વર્ષના અજમાયશી ધોરણે નીમવા.

૭૯. વિજ્ઞાન વિદ્યાભવનના રસાયણવિજ્ઞાનના વિદ્યાર્થીઓ માટે ૧૯૭૩--૭૪ના શૈક્ષણિક વર્ષથી વધુ એક યુનિવર્સિટી ગુણવત્તા શિષ્યવૃત્તિ (કુલ સાત) ફાળવવા અંગેની એકેડેમિક કાઉન્સિલની તા. ૨૩--૧૨--'૭૩ની સભાની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત. (એ. કા. બા. ક્ર. ૭)

આથી ઠરાવવામાં આવે છે કે વિજ્ઞાન વિદ્યાભવનમાં રસાયણવિજ્ઞાનના વિદ્યાર્થીઓ માટે માસિક રૂ. ૨૦ (વીસ)ની એક એવી વધુ એક ગુણવત્તા શિષ્યવૃત્તિ સ્થાપવા માટે યુનિવર્સિટી કોર્ટને ભલામણ કરવી.

૮૦. બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગ એન્ડ રિસર્ચની ભલામણ અનુસાર અનુસ્નાતક નિયમ ૨૬ ૨૬ કરવા અંગેની એકેડેમિક કાઉન્સિલની તા. ૨૩--૧૨--૧૯૭૩ની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત. (એ. કા. બા. ક્ર. ૧૩)

આથી ઠરાવવામાં આવે છે કે અનુસ્નાતક નિયમ નં. ૨૬ ૨૬ કરવો.

૮૧. બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગ એન્ડ રિસર્ચની ભલામણને અનુલક્ષીને ઑ. ૩૧૭ અને ઑડિ. ૩૨૧ નીચે મુજબ સુધારવાની એકેડેમિક કાઉન્સિલની તા. ૨૩--૧૨--૧૯૭૩ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત (એ. કા. બા. ક્ર. ૧૨) :

O. 317 : No candidates shall be registered for a Master's Degree and Ph.D. simultaneously.

Candidates possessing one of the following qualifications.viz. M.D. or M.S. may register simultaneously for the Ph.D. and M.Sc. (Medical), provided the work for both the degrees is to be carried out in the same institution and under the same teacher and provided that the teacher recommends such simultaneous registration.

O. 321 : Every thesis shall be examined by three referees to be appoined in the manner indicated herebelow.

On the recommendation of the Board of University Teaching and Research, the Executive Council shall appoint a panel of three Examiners, one of whom shall be an internal referee, i.e, the University Teacher guiding the candidates work and the other two must be external ones. On the Executive Council appointing the said panel, the Registrar shall forward a copy of the thesis to each of them. Of the two external referees, the first referee and failing him or in the event of the first referee being from abroad, the next one in order shall also held the vive-voce examination of the candidate jointly with the internal referee. All the three referees shall report to the Executive Council through the Academic Council and the Board of University Teaching and Research regarding admission to and evaluation report as to whether the thesis should be accepted or rejected or resubmitted in a modified form and if their report is unanimous, it shall be treated as final. In the absence, however, of

unanimity of opinion among the referees, the following procedure shall be adopted :

(1) In the event of any two of the referees rejecting the thesis, it shall be rejected outright.

(2) In the event of any one of the three referees, rejecting the thesis, it shall constitute a tie in which case the Executive Council shall appoint a fourth referee, whose decision shall be final.

All the reports shall be circulated to the members of the relevant Board.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતમાં એકેડેમિક કાઉન્સિલની ભલામણ મંજૂર કરવા તથા તે મુજબ ઓર્ડિ. ૩૧૭ અને ૩૨૧ ઉપર મુજબ વંચાણ તે રીતે સુધારીને તાત્કાલિક અમલમાં મૂકવા.

૮૨. ગુજરાત યુનિવર્સિટી કેમ્પસ મંડળને રમતગમત પ્રવૃત્તિ, સાંસ્કૃતિક કાર્યક્રમો વગેરે પ્રવૃત્તિઓ માટે રૂ. ૧,૦૦૦–૦૦ની આર્થિક સહાય આપવા અંગે વિનંતી કરતા મંડળના મંત્રીશ્રીના તા. ૨૪–૧૨–૧૯૭૩ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ગત વર્ષ મુજબ ગુજરાત યુનિવર્સિટી કેમ્પસ મંડળને રમતગમત અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ માટેનાં રૂ. ૧૮૦(પાંત્રીસો) ચુંવીનાં લાવેનો આપવાં.

૮૩. યુનિવર્સિટી કાર્યાલયમાં જુ. કલાર્ક તરીકે સેવાઓ આપતા શ્રી. બી. કે. સોનીને રૂ. ૧૫૩-૫-૧૮૩-૧૦-૨૪૩ઈ.બી. ૧૫-૪૦૮-૧૯-૪૬૫ના પગારધોરણમાં રૂ. ૨૪૩–૦૦ પછી કાર્યક્ષમતા અંતરાય (એફિશિયન્સી બાર) તા. ૧–૨–૧૯૭૪થી ઓળંગવા અંગેની મંજૂરી આપવા અંગે વિચારણા કરવા બાબત.

સદરહુ સભ્યની કામગીરી અંગેનો ખાનગી અહેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો.

તે પછી ઠરાવવામાં આવ્યું કે શ્રી. બી. કે. સોનીને રૂા. ૧૫૩–૫–૧૮૩–૧૦–૨૪૩ ઈ.બી. ૧૫–૪૦૮–૧૯–૪૬૫ના પગારધોરણમાં રૂ. ૨૪૩ પછી તા. ૧–૨–૧૯૭૪થી કાર્યક્ષમતા અંતરાય ઓળંગવા માટે મંજૂરી આપવી.

૮૪. રાષ્ટ્રીય સેવા યોજના હેઠળ યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને તેમના તા. ૧૯–૧૦–૧૯૭૩ના પત્ર ક્રમાંક એફ. ૧-૭૮-૬૮ સી.ડી. પી.ટી.-૪થી નીચેની જગ્યાઓ માટે આર્થિક સહાય આપવાનું મંજૂર કરેલ હોઈ તે જગ્યાઓ સમાજવિદ્યાભવનના મંજૂર કલ્યાણ વિભાગમાં ઊભી કરવા તથા તે માટેની લાયકાતો તથા પગાર-ધોરણો નક્કી કરવા અંગે વિચારણા કરવા બાબત.

(1) Coordinator One (in the scale of University Reader etc.)
(2) Steno-typist One (in the University Scale)

આથી ઠરાવવામાં આવે છે કે રાષ્ટ્રીય કક્ષાએ એન. એસ. એસ. યોજનાનું ખાતું વિચારણા હેઠળ હોઈ સદરહુ બાબતની વિચારણા અનિશ્ચિત સમયને માટે મોકૂફ રાખવી.

૮૫. યુનિવર્સિટી કાર્યાલયમાં કોચ તરીકે કામ કરતાં કુ. કલ્પના એચ. મજમુદારનો એક વર્ષનો અજમાયશી સમય તા. ૧૯–૧–૧૯૭૪ના રોજ પૂરો થતો હોઈ તેમને તા. ૨૦–૧–૧૯૭૪થી કાયમ કરવા અંગે વિચારણા કરવા બાબત.

રી અંગેનો ખાનગી અહેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો.

વ્યું કે યુનિવર્સિટી કાર્યાલયના શારીરિક શિક્ષણ વિભાગમાં કેવા તરીકે નિમાયેલાં ને સદરહુ જગ્યા પર તા. ૨૮--૧--૧૯૭૪થી કાયમ કરવાં.

રીક્ષા દરમિયાન અજમાવેલ ગેરવાજબી ઈલાજો અંગેના કેસો ઉપર તેમજ ને કાર્યાલયના સભ્યોને હસ્તક થયેલ ભૂલો અંગેના કેસો ઉપર વિચારણા કરી ભલામણો રજૂ કરવા માટે ૧૯૭૪ના વર્ષ માટે પરીક્ષાશુદ્ધિ સમિતિની રચના

ે છે કે ૧૯૭૪ના વર્ષ માટે સદરહુ બાબતો અંગે નીચે જણાવેલા સભ્યોની

. પ્રા. શુકલ,
ી. પંચોલી,
શેનસિંઘ શીખ,
(૪) આચાર્ય ડૉ. એચ. એમ. દેસાઈ,
(૫) શ્રી. પ્રફુલચંદ્ર સી. શાહ

:૭૩, તા. ૨૨--૧૨--૧૯૭૩ તથા તા. ૨--૧--૧૯૭૪ની ફાઈનાન્સ સમિતિની બાબત.

છે કે તા. ૧૪-૧૨-૧૯૭૩, તા. ૨૨-૧૨-૧૯૭૩ તથા તા. ૨-૧-૧૯૭૪ના ી સભાઓએ કરેલી ભલામણો મંજૂર કરવી.

૧૪—૧૨—૧૯૭૩, ૨૨—૧૨—૧૯૭૩ તથા ૨—૧—૧૯૭૪ની સભાની " તરીકે સામેલ છે.)

ા વર્ષના યુનિવર્સિટીના પુનર્નિમિત અંદાજપત્ર અને સને ૧૯૭૪--૭૫ના યુટિવ કાઉન્સિલે નીમેલી અંદાજપત્રની સમિતિની તા. ૨--૧--૧૯૭૪ની સભાની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સને ૧૯૭૩—૭૪ના વર્ષનું યુનિવર્સિટીનું પુનર્નિર્મિત અંદાજપત્ર અને સને ૧૯૭૪—૭૫ના વર્ષનું અંદાજપત્ર મંજૂર કરવું.

૮૯. યુનિવર્સિટી વિદ્યાભવનોના કેટલાક શિક્ષકો જેઓ હાલ અભ્યાસ–રજા ઉપર છે તેઓને અભ્યાસ–રજા દરમિયાન શું વેતન આપવું તે અંગે વિચારણા કરી ભલામણો રજૂ કરવા માટે નીમેલી સમિતિની તા. ૨–૧–૧૯૭૪ની સભાની ભલામણો પર વિચારણા કરવા બાબત.

સદરહુ સમિતિની તા. ૨–૧–૧૯૭૪ની સભાની ભલામણો પર ચર્ચા-વિચારણાને અંતે નીચે મુજબ ઠરાવવામાં આવ્યું :

૧. **પ્રાણીવિજ્ઞાન વિભાગના પ્રાધ્યાપક ડૉ. વી. સી. શાહ જાપાન ગવર્નમેન્ટના આમંત્રણથી Kyota University, Osaka, Japan ખાતે મુલાકાતી પ્રાધ્યાપક તરીકે તા. ૨૧–૧૦–૧૯૭૩થી તા. ૨૦–૨–૧૯૭૪ સુધી ગયા છે. તેઓને ખાસ રજાના સમય દરમિયાન ત્યાં દૈનિક ધોરણે ભથ્થું (જે પૈકીનો ઘણો મોટો ભાગ તેમના રહેવા-જમવા વગેરે માટે તેમની યજમાન સંસ્થાએ કરેલી વ્યવસ્થા પેટે સીધો જ કપાઈ જાય છે) મળે છે તે લક્ષમાં લઈને તેમને ખાસ રજાના આ સમય દરમિયાન મૂળ માસિક પગારના ૫૦% કે રૂ. ૪૦૦ ઉચ્ચક, બેમાંથી જે રકમ વધુ હોય તે, માસિક વેતન તરીકે આપવી અને વધુમાં તેમને તેમના આ ખાસ રજાના ગાળા દરમિયાન આવતી દિવાળી તથા નાતાલની વેકેશનોના**

Departments of Anatomy and Physiology, Rutgers, The State University, New Jersey, U.S.A., ખાતે સમય ટ-ડૉક્ટરલ ફિલ્ડ્સ દીઠ ૧૫ દિવસ માટે તા. ૧–૮–૧૯૭૩થી એક વર્ષ માટે ગયા છે તેમને સમાન કોઈ વેતન આપવું નહીં.

(બીજા ઠરાવો અગાઉ નક્કી કર્યા પ્રમાણે ચાલુ રહેશે.)

(બીજા ઠરાવો અગાઉ નક્કી કર્યા પ્રમાણે ચાલુ રહેશે.)

વેતન આપવું નહીં.

વિજ્ઞાન વિભાગના વ્યાખ્યાતા ડૉ. (મિસ) એન. જે. ત્રિવેદીને Anatomy

૪. પ્રાણીવિજ્ઞાન વિભાગના વ્યાખ્યાતા ડૉ. યુ. એમ. રાવળને કોમનવેલ્થ બૉસરી હેઠળ યુનાઇટેડ કિંગ્ડમ ખાતે અભ્યાસ માટે મૂળ માસિક કે ઉચ્ચક રકમ માસિક વેતન તરીકે એક વર્ષની ખાસ રજાઓ માટે નીચેની શરતોએ પરવાનગી આપવી :

(૧) તેઓ જે તારીખથી રજા ઉપર જાય તે તારીખથી તેમને મૂળ માસિક પગારના (કોઈ પણ પ્રકારનાં ભથ્થાં સિવાય) ૫૦ ટકા કે રૂ. ૪૦૦ ઉચ્ચક, એ બેમાંથી જે રકમ વધુ હોય તે, માસિક વેતન તરીકે આપવી;

(૨) તેમને આપવામાં આવેલી રજાની મુદત પૂરી થાય કે તરત જ તેઓ યુનિવર્સિટીમાં પોતાની નોકરી ઉપર હાજર થશે અને તે પછી ઓછામાં ઓછાં ત્રણ વર્ષ સુધી તેઓ તે જગ્યા પર તેમની હાલની નોકરીની શરતોએ કામ કરશે, તે મુજબની બાંયધરી તેમના તરફથી આપવામાં આવે;

(૩) તેમને આપવામાં આવેલી ખાસ રજાની મુદતમાં કશો વધારો મળી શકશે નહિ;

(૪) ઉપર જણાવેલ શરત નં. (૧), (૨) અને (૩)નું પાલન કરી શકે નહિ તો તેમને રજા દરમિયાન મળેલાં નાણાં તથા ત્રણ માસનો પગાર (ભથ્થાં સહિત) જેટલી રકમ નોટિસ-પે તરીકે તેઓ યુનિવર્સિટીને ભરપાઈ કરશે; અને

(૫) ઉપર જણાવેલી શરતો મુજબ લેખિત બાંયધરી અને તે માટે જરૂરી જામીનગીરીઓ તેઓએ આપવાની રહેશે.

૯૦. યુવક મહોત્સવ સાથે સંકળાયેલ સૌના મનમાં એના વિશે અજંપો છે તે જોતાં આ મહોત્સવ અંગે સર્વગ્રાહી વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે સમગ્ર રીતે વિચારણા કરીને પોતાનો સુચિંતિત અહેવાલ રજૂ કરવા માટે, જરૂર જણાય તે સભ્યોને કો-ઑપ્ટ કરવાની સત્તા સાથે, નીચે જણાવેલા સભ્યોની સમિતિ રચવી :

(૧) કુલપતિશ્રી
(૨) આચાર્ય ય. પ્રા. શુકલ
(૩) આચાર્ય દર્શનસિંહ શીખ
(૪) ડૉ. અવિનાશ મુનશી
(૫) ડૉ. ધીરુભાઈ પી. ઠાકર
(૬) ડૉ. વી. ઓ. વ્યાસ
(૭) પ્રો. સુભાષ પટેલ
(૮) પ્રો. રવીન્દ્ર ઠાકોર
(૯) શ્રી. મનીષી જાની
(૧૦) શ્રી. મુકેશ પટેલ.

૯૧. કૉમ્પ્યુટર સેન્ટર તથા સ્પેસ સાયન્સના અનુસ્નાતક કેન્દ્રની અગાઉ મંજૂર કરેલ નીચે મુજબની જગ્યાઓ પર નિમણૂક કરવા માટે યુનિવર્સિટી ફાન્ટ્સ કમિશનને તેના તા. ૧૩-૧૨-૧૯૭૩ના પત્ર ક્રમાંક એફ. ૨૭-૧૪-૭૨ એસસી. થી ખાસ કેસ તરીકે મંજૂરી આપી તેની નોંધ લેવા બાબત :

યોજનાનું નામ		જગ્યાઓની વિગત	
૧.	કૉમ્પ્યુટર સેન્ટર	૧. કૉમ્પ્યુટર સુપરિન્ટેન્ડન્ટ	એક જગ્યા
		૨. સીનિયર પ્રોગ્રામર	એક જગ્યા
		૩. કન્ટ્રોલ ઑપરેટર	બે જગ્યા
		૪. પન્ચ ઑપરેટર	બે જગ્યા
		૫. જુનિયર પ્રોગ્રામર	બે જગ્યા
૨.	સ્પેઇસ સાયન્સ	૧. પ્રોફેસર	એક જગ્યા
		૨. રીડર	એક જગ્યા
		૩. લેક્ચરર	બે જગ્યા
		૪. એન્જિનિયર	એક જગ્યા
		૫. મિકેનિક	એક જગ્યા
		૬. ઇલેક્ટ્રિશિયન	એક જગ્યા

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની સાભાર નોંધ લેવી.

૯૨. **યુનિવર્સિટી કેપિટલ બજેટમાં રસ્તા રોશની ખાને રૂ. ૧,૦૦,૦૦૦ની બજેટમાં વધુ જોગવાઈ કરવા અંગે વિચારણા કરવા બાબત.**

[નોંધ.—(૧) ચાલુ વર્ષમાં આ મથાળા હેઠળ રૂ. ૫૦,૦૦૦ની બજેટ જોગવાઈ કરવામાં આવેલી.

(૨) ત્યારબાદ એકિઝકયુટિવ કાઉન્સિલની તા. ૯-૯-૧૯૭૩ની સભામાં વધુ રૂ. ૫૦,૦૦૦ની જોગવાઈ કરવામાં આવેલી છે ને વધીને કુલ જોગવાઈ રૂ. ૨,૦૦,૦૦૦ કરવાનો પ્રસ્તાવ છે.]

આથી ઠરાવવામાં આવે છે કે ચાલુ વર્ષના યુનિવર્સિટીના કેપિટલ બજેટમાં રસ્તા અને બત્તી ખાને રૂપિયા એક લાખની વધારાની જોગવાઈ મંજૂર કરવી.

૯૩. સદરહુ બાબતની વિચારણા બાબત ક્રમાંક ૭૩ સાથે કરવામાં આવેલી હોઈ, તેની નોંધ તે ક્રમમાં દર્શાવવામાં આવી છે.

૯૪. **ગણિતના વિષયમાં ઉત્તેજન આપવા માટે "Hari Om Ashram Prerit the Ramanujam Ganit Pratibha Shodh Paritoshik Yojana" એ નામની પારિતોષિકની યોજના ઊભી કરવા માટે હરિ ૐ આશ્રમ, નડિયાદના ટ્રસ્ટી તરફથી રૂ. ૫૦,૦૦૦ (અંકે રૂપિયા પચાસ હજાર પૂરા)નું પ્રદાન સ્વીકારવા માટે તથા તેમના તરફથી આવેલ પ્રદાનની શરતોનો મુસદ્દો મંજૂર કરવા અંગે વિચારણા કરવા બાબત.**

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પ્રદાનનો સાભાર સ્વીકાર કરવો તથા તે અંગેની શરતો મંજૂર કરવી.

(મંજૂર કરવામાં આવેલી શરતોની નકલ **પરિશિષ્ટ "ખ"** તરીકે સામેલ છે.)

૯૫. **પ્રોફેસર ઑફ સ્પેઈસ સાયન્સ ઍન્ડ એર એપ્લિકેશનની જગ્યા માટેની સમિતિના સભ્ય ડૉ. બી. એમ. ઉદગાંવકરને સમિતિની સભામાં હાજર રહેવા માટે મુંબઈથી અમદાવાદ અને અમદાવાદથી મુંબઈ જવા માટે એર કન્ડિશન્ડ ફર્સ્ટ કલાસમાં મુસાફરી કરવાની કુલપતિશ્રીએ પરવાનગી આપી છે તે કાર્યની નોંધ લેવા બાબત.**

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીના સદરહુ કાર્યની નોંધ લેવી.

૯૬. **બાંધકામ સમિતિની તા. ૪-૧-૧૯૭૪ની સભાની ભલામણો પરત્વે વિચારણા કરવા બાબત.**

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૪-૧-૧૯૭૪ની સભાની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિની કાર્યવાહીની નકલ **પરિશિષ્ટ "ગ"** તરીકે સામેલ છે.)

૯૭. **સંલગ્ન કૉલેજોની વરણી સમિતિ તેમ જ ગવર્નિંગ બોડી ઉપર યુનિવર્સિટી તરફથી નિયુકત થનાર સભ્યને સંબંધકર્તા કૉલેજે ભાડાંભથ્થાં ચૂકવવા માટે યુનિવર્સિટીના નિર્ણય પર પુનર્વિચારણા કરવા અંગેના આચાર્ય ય. પ્રા. શુકલના તા. ૨૬-૧૨-૧૯૭૩ના પત્ર પર વિચારણા કરવા બાબત.**

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત સ્થાયી કાનૂનવિષયક સમિતિની વિચારણા માટે મોકલવી.

૯૮. ડૉ. એમ. એન. દેસાઈએ ડી.એસસી. રસાયણવિજ્ઞાન વિષયની પદવી માટે રજૂ કરેલાં સંશોધન પેપર્સ માટે નિમાયેલ પરીક્ષકો તરફથી આવેલા અહેવાલ પર વિચારણા કરી તે અંગેનો તે પદવી એનાયત કરવા માટે એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૨૩--૧૨--૧૯૭૩ની સભામાં કરેલ દરખાસ્ત પર વિચારણા કરવા બાબત. (એ.કા. બા. ક. ૧૦૯)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે એકેડેમિક કાઉન્સિલની ભલામણ સ્વીકારવી અને તે મુજબ ડૉ. એમ. એન. દેસાઈનું સંશોધન કાર્ય ડી.એસસી.ની પદવી માટે સ્વીકાર્ય ગણવું.

૯૯. તા. ૨૬થી ૩૧ મે ૧૯૭૪ દરમિયાન પેરિસ મુકામે મળનાર ૨૨મી આંતરરાષ્ટ્રીય ઓપ્થેલમોલોજી કૉંગ્રેસમાં પોતાને યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે મોકલવાની ડૉ. બી. એસ. પટેલની વિનંતી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ આંતરરાષ્ટ્રીય ઓપ્થેલમોલોજી કૉંગ્રેસના આગામી અધિવેશનમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે ડૉ. બી. એસ. પટેલને નીમવા, અને તેમને સ્પષ્ટ જણાવવું કે આ બાબતમાં યુનિવર્સિટી તરફથી ખર્ચ પેટે તેમને કશું પણ આપવાનું બની શકશે નહીં.

૧૦૦. યુનિવર્સિટીના ચોકીદાર શ્રી. એ. કે. ચાવડાને યુનિવર્સિટીના આરોગ્ય કેન્દ્ર પર તા. ૨૦--૮--૧૯૭૨ના રોજ થયેલ ચોરીના સંદર્ભમાં બરતરફ (dismiss) કર્યા છે તેના સંદર્ભમાં શ્રી. ચાવડાના વકીલ શ્રી. ડી. ટી. શાહ તરફથી આવેલી અપીલ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે ધારાશાસ્ત્રી શ્રી. ડી. સી. ગાંધીની સલાહ લઈને જરૂરી કાર્યવાહી કરવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૧૦૧. સંલગ્ન કૉલેજોના શિક્ષકો અંગે નીચે પ્રમાણેની યાદીઓની નોંધ લેવા બાબત :

(૧) સંલગ્ન કૉલેજોના માન્ય થયેલા શિક્ષકોની યાદી
(૨) સંલગ્ન કૉલેજોમાં જે શિક્ષકોની નિમણૂક અમાન્ય કરવામાં આવી છે તેઓની યાદી
(૩) અગાઉ માન્ય થયેલા શિક્ષકો જેઓ એક સંલગ્ન કૉલેજમાંથી બીજી સંલગ્ન કૉલેજમાં જોડાયા છે તેની યાદી.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ યાદીઓની નોંધ લેવી.
(સદરહુ યાદીઓનો નકલ પરિશિષ્ટ "ઘ" તરીકે સામેલ છે.)

૧૦૨. સંલગ્ન કૉલેજો અને માન્ય સંસ્થાઓના શિક્ષકોની નિવૃત્તિ વયમર્યાદા અંગેના એકિઝકયુટિવ કાઉન્સિલની તા. ૧૦/૧૭/૨૬--૬--૧૯૭૨ની સભાના ઠરાવ પર યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનના તા. ૧૩--૧૦--૬૭ ના પત્રાંક એફ. ૩૩, ૭૮--૬૪ (સીયુપી--સીડીએમ)ના સંદર્ભમાં પુનર્વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સંલગ્ન કૉલેજો અને માન્ય સંસ્થાઓના શિક્ષકોની નિવૃત્તિવયના હાલના નિયમોમાં કશો ફેરફાર કરવો નહીં.

૧૦૩. યુનિવર્સિટી સાથે સંલગ્ન કૉલેજોના ગુજરાતીના અધ્યાપકો માટે તા. ૨૪મી ડિસેમ્બરથી તા. ૩૦મી ડિસેમ્બર સુધી મોડાસા મુકામે યોજાયેલ અધ્યાપન શિબિર અને ગુજરાતીના વિદ્યાર્થીઓ માટે અધ્યયન શિબિર માટે કુલપતિશ્રીએ નીચે પ્રમાણે અંદાજી ખર્ચ મંજૂર કરેલ તેની નોંધ લેવા બાબત અને બંને

શિબિરોના મળીને કુલ રૂ. ૭,૦૦૦ની વધુ જોગવાઈ "યુવક કલ્યાણ પ્રવૃત્તિના અધ્યાપકો અને વિદ્યાર્થીઓના શિબિરો"ના મથાળે કરવા બાબત :

	રૂ. પૈસા
(૧) ૨૧ અધ્યાપકો અને સંચાલકે કુલ ૩૦ જણના રૂ. ૮–૫૦ લેખે ૭ દિવસના	૧,૫૭૦–૦૦
(૨) ૨૫ અધ્યાપકોનું ત્રીજા વર્ગનું (બીજો વર્ગ નથી તેથી) રેલવેભાડું તથા બસભાડું	૫૦૦–૦૦
(૩) સંચાલકો, પ્રવાસ, પુરસ્કાર, નિવાસ વગેરે	૧,૦૭૦–૦૦
(૪) પરચૂરણ ખર્ચ, સામગ્રી, તૈયારી, મજૂરી, પોસ્ટ, દવા, સાધનો, વીજળી, અન્ય ફર્નિચર વગેરે	૫૦૦–૦૦
	૩,૫૦૦–૦૦
એ જ પ્રમાણે વિદ્યાર્થીઓના શિબિરો માટે	૩,૫૦૦–૦૦
	કુલ રૂ. ૭,૦૦૦–૦૦

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીના સદરહુ કાર્યની નોંધ લેવી તથા તે અંગેનો ઉપર જણાવેલો જરૂરી અંદાજી ખર્ચ મંજૂર કરવો.

૧૦૪. પદવી પ્રમાણપત્ર આપવા અંગેના કાગળો, કદ, ફીનું ધોરણ વગેરે બાબતો પર વિચારણા કરીને સુચિંતિત હેવાલ રજૂ કરવા માટે કુલપતિશ્રીએ નીમેલી સમિતિની તા. ૧૭–૧૨–૧૯૭૩ની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે સમિતિનો સમગ્ર રિપોર્ટ આવ્યેથી આગળ વિચારણા કરવાનું રાખવું.

૧૦૫. ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૩૩ (એ) (૧) (એ) અન્વયે બિનસરકારી સંલગ્ન કૉલેજોમાં ગવર્નિંગ બોડીની રચના કરવાની બાબતમાં એસોસિયેશન ઑફ્ સોસાયટીઝ ઑફ્ મૉફ્યુસિલ કૉલેજીસ તરફથી તેમના તા. ૧૭–૧૨–૧૯૭૩ના પત્રથી ઉપસ્થિત કરવામાં આવેલ નીચેના પ્રશ્ન ઉપર વિચારણા કરવા બાબત :

"ગવર્નિંગ બોડીની રચનાનો પ્રશ્ન, અમારી જાણ પ્રમાણે સબજ્યુડાઈઝ છે; કારણ, સુપ્રિમ કોર્ટ સમક્ષ ૧૯૭૩ના યુનિવર્સિટી એક્ટ અંગે જે અરજી થઈ છે તેમાં એ પ્રશ્ન પણ રજૂ કરવામાં આવ્યો છે તો તેનો નિકાલ ન થાય ત્યાં સુધી ગવર્નિંગ બોડીની રચનાઓનો પ્રશ્ન મોકૂફ રાખવો ઉચિત ગણાશે એવું અમારું નમ્ર સૂચન છે."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત સ્થાનિક કાનૂનવિષયક સમિતિની વિચારણા માટે મોકલવી.

૧૦૬. સર સયાજીરાવ ડાયમન્ડ જ્યુબિલી ટ્રસ્ટ તરફથી અમદાવાદમાં છાત્રાલય બાંધવા માટે ૨૦,૦૦૦ ચો. ફૂટ જમીન આપવાની તેમની માંગણી અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ ટ્રસ્ટ તરફથી અમદાવાદમાં છાત્રાલય બાંધવામાં આવે તે માટે આશરે ૨૦,૦૦૦ ચોરસ ફૂટ જમીન ભાડાપટ્ટે (on lease) આપવાના પ્રસ્તાવનો સૈદ્ધાંતિક સ્વીકાર કરવો અને તે અંગેની શરતોનો મુસદ્દો આ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવે તેમાં નીચેના મુદ્દાઓ આવરી લેવામાં આવે તેમ સૂચવવું :

(ક) સદરહુ છાત્રાલય ભવિષ્યમાં સંજોગવશાત્ બંધ કરવાનું ટ્રસ્ટ નક્કી કરે તો તે યુનિવર્સિટીને એની સાધનસામગ્રી સહિત યુનિવર્સિટીના ધોરણે ચલાવવા સોંપવું.

(ખ) સદરહુ છાત્રાલયમાં ટ્રસ્ટની શરત મુજબની જગ્યાઓ પુરાઈ ગયા પછી પણ કેટલીક જગ્યાઓ ખાલી રહે તો તેમાં બીજા વિદ્યાર્થીઓને મેરિટ-કમ-મીન્સના ધોરણે દાખલ કરવા.

૧૦૭. મનોવિજ્ઞાન, શિક્ષણશાસ્ત્ર અને તત્ત્વજ્ઞાન વિદ્યાભવનમાં ચાલતા એમ.એડ.ના વૅકેશન વર્ગો અંગે ડૉ. કે. જી. દેસાઈના સૂચનના સંદર્ભમાં એક્ઝિક્યુટિવ કાઉન્સિલે તેની તા. ૧૫-૧૨-૧૯૭૩ની સભામાં નીમેલી સમિતિની સભાના અહેવાલ પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની ભલામણો મંજૂર કરવી, અને તે અંગે જરૂરી કાર્યવાહી અને ખર્ચ કરવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૧૦૮. કુલપતિશ્રીએ મંજૂર કરેલાં નીચેનાં કાર્યોની નોંધ લેવા બાબત :

(૧) પી-એચ.ડી. પદવી માટે નીચેના વિદ્યાર્થીઓના મહાનિબંધ સ્વીકૃત થયાના :

ક્રમાંક	વિદ્યાર્થીનું નામ	વિદ્યાશાખા	વિષય
૧.	શ્રી. ગજજર અમૃતભાઈ વલ્લભભાઈ	વિજ્ઞાન	આંકડાશાસ્ત્ર
૨.	શ્રી. ગોસ્વામી નવનીતલાલ નવલલાલ	વિનયન	હિંદી
૩.	શ્રી. કાલાણી કાંતિલાલ લવજીભાઈ	વિનયન	ગુજરાતી

(૨) યુનિવર્સિટીનાં વિદ્યાભવનોના શિક્ષકોને રીડર કક્ષાના કર્મચારીઓ તથા નાયબ કુલસચિવ તથા પરીક્ષાનિયામક કક્ષા સુધીના યુનિવર્સિટીના કર્મચારીઓ અને અન્ય વર્ગોને બીજા માટે રૂ. ૬૦૦ કે જે મૂળ માસિક પગાર, તેમાંથી જે ઓછી હોય તેટલી રકમનું એડવાન્સ આપવા તથા તે ૧૨ સરખા હપ્તામાં વસૂલ લેવા અંગે નિર્ણય કર્યો;

(૩) માર્ચ-એપ્રિલ ૧૯૭૪માં લેવાનાર આ યુનિવર્સિટીની જુદી જુદી પરીક્ષાઓ શરૂ થવાની તારીખો મંજૂર કર્યો;

(૪) ઑક્ટોબર ૧૯૭૩માં લેવાયેલ આપણી યુનિવર્સિટીની ફાઈનલ એમ.બી.,બી.એસ. પરીક્ષા ઉત્તીર્ણ કરનાર વિદ્યાર્થિની કલ્પના આર. શાહને અમેરિકામાં કનેક્ટીકટની ચારલોટ હંગરફોર્ડ હૉસ્પિટલ (The Charlotte Hungerford Hospital, Connecticut, U.S.A.)માં ફરજિયાત રોટેટિંગ હાઉસમેનશિપ (ઈન્ટર્નશિપ) કરવાની મંજૂરી આપ્યાના;

(૫) એપ્રિલ ૧૯૭૩માં લેવાયેલ ફાઈનલ એમ.બી., બી.એસ. પરીક્ષામાં ઉત્તીર્ણ થયેલ બે વિદ્યાર્થીઓ સર્વશ્રી વિનોદકુમાર સી. પટેલ અને નરેન્દ્ર એ. પટેલને કેન્યામાં આવેલ નૈરોબીની "એચ. એચ. ધી આગાખાન પ્લેટિનમ જ્યુબિલી હૉસ્પિટલમાં ફરજિયાત રોટેટિંગ હાઉસમેનશિપ (ઈન્ટર્નશિપ) કરવાની મંજૂરી આપ્યાના.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીનાં સદરહુ કાર્યની નોંધ લેવી.

૧૦૯. આગામી માર્ચ—એપ્રિલની પરીક્ષામાં પ્રશ્નપત્રો છાપવાની બાબતમાં કાર્યક્રમ બાબતે સૂચવવામાં આવેલ નીચેની પદ્ધતિ અખત્યાર કરવા અંગે વિચારણા કરવા બાબત :

(૧) હાલમાં પ્રશ્નપત્રોમાં પ્રશ્ન પ્રથમ ગુજરાતીમાં હોય છે અને તે પછી તરત તેનું અંગ્રેજી ભાષાંતર હોય છે. આ પ્રથાને બદલે પ્રથમ આખો પ્રશ્નપત્ર ગુજરાતીમાં અને તે પછી બધા પ્રશ્નો અંગ્રેજીમાં રાખવા.

(૨) બહારગામનાં મોટા ભાગનાં કેન્દ્રોમાં વિદ્યાર્થીઓ મુખ્યત્વે ગુજરાતીમાં જવાબો લખતા હોઈ તેમને ગુજરાતીમાં છાપેલાં પ્રશ્નપત્રો આપવા, દરેક કેન્દ્ર પર અંગ્રેજી પ્રશ્નપત્રની પાંચ દશ નકલ રાખવી અને જરૂર પડતાં વિદ્યાર્થીને અંગ્રેજી ભાષાંતર આપવું અગર પ્રશ્નપત્ર આપવું.

(૩) પ્રાશ્નિકોને સૂચના આપવી કે દરેક પ્રશ્નમાં જો શકય હોય તો પ્રશ્નનો જવાબ આશરે અમુક શબ્દોમાં કે અમુક લીટીમાં અપેક્ષિત છે તે પ્રશ્નની સાથે જણાવવું.

આથી ઠરાવવામાં આવે છે કે અંગ્રેજી પ્રશ્નપત્રોની નકલો સાઈકલોસ્ટાઈલ્ડ રૂપમાં ઉપલબ્ધ થાય તે સ્પષ્ટતા સાથેની ઉપરની ભલામણ નં. ૧ અને ૨ મંજૂર કરવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની ઉપરની ભલામણ નં. ૩ મંજૂર કરવી નહીં.

૧૧૦. યુનિવર્સિટી પ્રેસમાં પ્રેસ-મૅનેજરની જગ્યા માટે ઉમેદવારોની મુલાકાત લેવા માટે વરણી સમિતિની રચના અંગે વિચારણા કરવા બાબત.

[નોંધ.– હાલ યુનિવર્સિટીમાં રૂ. ૩૫૦ કે તેથી વધુ મૂળ માસિક પગારવાળી જગ્યાઓ માટેની વરણી સમિતિ એકિઝકયુટિવ કાઉન્સિલના તમામ સભ્યોની બનેલી હોય છે અને તેમાં નિષ્ણાત / નિષ્ણાતોને નીમવા માટે કુલપતિશ્રીને સત્તા આપવામાં આવે છે.]

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીમાં બિનશૈક્ષણિક વર્ગની જે જગ્યાઓ ભરવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલના તમામ સભ્યોની બનેલી વરણી સમિતિ રચવામાં આવી છે તેને બદલે હવે પછી પ્રત્યેક કેસમા અમુક જગ્યા કે જગ્યાઓ ભરવા માટે ભલામણ કરવા માટે જરૂર મુજબની જુદી જુદી વરણીસમિતિઓ રચવાનું રાખવું.

(૨) શ્રી. પ્રેસ–મૅનેજરની જગ્યા માટેની વરણીસમિતિ નીચે મુજબ રચવી :

(૧) પ્રો. ડી. એન. પાઠક

(૨) ડૉ. એમ. એન. દેસાઈ

(૩) શ્રી. પ્રફુલ્લભાઈ શાહ

(૪) આચાર્ય દર્શનસિંઘ શીખ

(૫) શ્રી. જિતેન્દ્ર દેસાઈ

(૬) શ્રી. બચુભાઈ રાવત.

૧૧૧. ફેબ્રુઆરી ૧૪થી ૧૮, ૧૯૭૪ના સમય દરમિયાન ઈન્સ્ટિટ્યુશન ઑફ એન્જિનિયર્સ (ઈન્ડિયા) નો ૫૪મો વાર્ષિક પરિસંવાદ (કન્વેનશન) પૂના મુકામે યોજાનાર છે તેમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગેનો ઈન્સ્ટિટ્યૂટ ઑફ એન્જિનિયર્સ (ઈન્ડિયા)ના ગુજરાત સેન્ટરના મંત્રીશ્રીના તા. ૧૦-૧૨-૧૯૭૩ના પત્રાંક ૫૬૧ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પરિસંવાદમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે ડૉ. આર. સી. સોનપાલને મોકલવા.

૧૧૨. સરદારશ્રી વલ્લભભાઈ પટેલના જન્મશતાબ્દી પ્રસંગે એક બેનમૂન સ્મૃતિના તરીકે સરદારશ્રીના ઘડતરમાં અમદાવાદની સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાએ આપેલ ફાળા અંગેની સંશોધન કથા અંગ્રેજીમાં પ્રગટ કરવા અને તે અંગે ગુજરાત યુનિવર્સિટીના સમાજવિદ્યા ભવન દ્વારા સંશોધન કરવા જે યોજના સૂચવવામાં આવેલી તે યોજના અને તેની પાછળ થનાર અંદાજી ખર્ચ પેટે મ્યુ. કૉર્પોરેશન, અમદાવાદે રૂ. ૫૦,૦૦૦ (રૂપિયા પચાસ હજાર પૂરા) મંજૂર કર્યાની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની સાભાર નોંધ લેવી.

૧૧૩. એસ. એન. ડી. ટી. વિમેન્સ યુનિવર્સિટીમાં ૧૯૭૨-૭૩ના વર્ષમાં જે વિદ્યાર્થિનીઓને ઉપલા વર્ગમાં સત્રો ભરવાની છૂટ મળેલ છે તેની નોંધ તેમના ગુણપત્રકમાં તે યુનિવર્સિટીએ કરેલ છે પરંતુ એસ. એલ. યુ. કૉલેજ તરફથી તેમના માઈગ્રેશન સર્ટિફિકેટ માંગતાં તેમાં તે યુનિવર્સિટી તરફથી એ.ટી.કે.ટી.ની નોંધ કરવામાં આવતી નથી તે જોતાં આ વિદ્યાર્થિનીઓને આ બાબતની નોંધ લઈ તેમને ફાઈનલ એલિજિબિલિટી સર્ટિફિકેટ આપવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કેસોમાં એસ. એલ. યુ. કૉલેજનાં આચાર્ય બહેન પાસેથી પોતે પ્રત્યેક કેસમાં એ.ટી.કે.ટી.ની ખાતરી કરેલી છે તે મુજબનું પ્રમાણપત્ર આવ્યેથી ફાઈનલ એલિજિબિલિટી સર્ટિફિકેટ આપવું.

તે પછી પ્રમુખશ્રીની પરવાનગીથી નીચેની બાબતો સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવી :

૧૧૪. માર્ચ-એપ્રિલ ૧૯૭૪માં લેવાનાર આ યુનિવર્સિટીની જુદી જુદી પરીક્ષાઓમાં પરીક્ષા સમિતિ કે એક્ઝિકયુટિવ કાઉન્સિલના સભ્યો હોવા છતાં ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૨ (૧૩) (૩) અન્વયે પ્રાસ્ત્રિનક-પરીક્ષક તરીકે સૂચવાયા હોવાથી તેમને નિમણૂકો આપવાનું મંજૂર કરવા બાબત :

(નોંધ.—આવા સભ્યોની નિમણૂક માટે એક્ઝિકયુટિવ કાઉન્સિલના બે-તૃતીયાંશ સભ્યોની મંજૂરી આવશ્યક છે.)

સદરહુ બાબત અંગે સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું કે સદરહુ સભ્યોની પરીક્ષકો તરીકે નિમણૂકો કરવા માટેની જે દરખાસ્તો પરીક્ષા-સમિતિઓ અને એકેડેમિક કાઉન્સિલ તરફથી આવેલી છે તે બધાયને મંજૂર કરવી.

૧૧૫. સેન્ટર ઑફ એડવાન્સ્ડ સ્ટડી ઈન મિથિમેટિકસ, પૂના તરફથી, લંડનની સ્કૂલ ઑફ ઓરિયેન્ટલ એન્ડ આફ્રિકન સ્ટડીઝના ફોનેટિકસના પ્રો. આર. કે. સ્પ્રિગની ફોનેટિકસ વિષયનાં ૧૨મી જાન્યુઆરીથી બે માસ માટે યોજવામાં આવેલ વ્યાખ્યાનોમાં ભાગ લેવા ભાષા-સાહિત્ય ભવનના ફોનેટિકસ વિષયના અધ્યાપક શ્રી. યોગેન્દ્ર વ્યાસનું નામ કુલપતિશ્રીની મંજૂરીથી મોકલી આપવામાં આવેલ છે તેની નોંધ લઈ તેમને તે અંગે થનાર ટી.એ. અને ડી.એ.નો ખર્ચ મંજૂર કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીના સદરહુ કાર્યની નોંધ લેવી તથા ડૉ. યોગેન્દ્ર વ્યાસની પસંદગી થાય તો તે માટે યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ તેમનાં ભાડાંભથ્થાંનો ખર્ચ મંજૂર કરવો.

૧૧૬. સર્ટિફિકેટ કોર્સ ઈન ઈન્ડિયન સ્ટડીઝ દાખલ કરવા અંગે સેન્ટ ઝેવિયર્સ કૉલેજ, અમદાવાદના આચાર્યશ્રીએ કરેલ સૂચન એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૨૩–૧૨–૧૯૭૩ની સભામાં મંજૂર કરેલ હોઈ તે પરત્વે વિચારણા કરવા બાબત (એ. કા. બા. ક્ર. ૭૭).

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે એકેડેમિક કાઉન્સિલની ભલામણ મુજબ સદરહુ સર્ટિફિકેટ કોર્સ ઈન ઈન્ડિયન સ્ટડીઝ અંગેનો અભ્યાસક્રમ મંજૂર કરવો.

૧૧૭. સર્ટિફિકેટ એક્ઝામિનેશન ઈન કૉમ્પ્યુટર પ્રોગ્રામિંગ પરીક્ષા માટે ઑર્ડિ. ૧૨૯માં નીચે મુજબ ઉમેરો કરવા સારુ :

Name of Examination	*How many time in a year ?*	*Date of commencement*	*Last date of application*	*Examination fees*
Certificate Examination in Computer Programming	Twice	4th Monday of January	10th January	Rs. 25
		4th Monday of July	10th July	

આથી ઠરાવવામાં આવે છે કે ઑર્ડિ. ૧૨૯માં ઉપરનો સંબંધકર્તા ભાગ યોગ્ય સ્થળે ઉમેરવો અને તેને જૂન ૧૯૭૪થી અમલમાં મૂકવો.

દરમ્યાન ૧૯૭૩–૭૪ના વર્ષ માટેની સદરહુ પરીક્ષા માર્ચના ચોથા સોમવારે શરૂ કરવાનું રાખવું.

૧૧૮. તોલાની કૉમર્સ કૉલેજ, આદિપુરને લાયકાત ધરાવતા ગ્રંથપાલ નહિ મળવાથી બીનલાયકાત ધરાવતા ગ્રંથપાલને ચાલુ રાખવા પરવાનગી આપવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજમાં ચાલુ વર્ષે ગ્રંથપાલ તરીકે કુમારી દીપા કેવલરામાણીની કરેલી નિમણૂક અપવાદ તરીકે ગ્રાહ્ય ગણવી, અને જૂન ૧૯૭૪થી યોગ્ય લાયકાત ધરાવતા ગ્રંથપાલની નિમણૂક અવશ્ય કરવા માટે તેને જણાવવું.

૧૧૯. ગુજરાત યુનિવર્સિટીના ગ્રંથાલય પર તા. ૩–૧–૧૯૭૪ના રોજ રાત્રે વિદ્યાર્થીઓએ પથ્થરમારો કરી રૂ. ૨,૦૦૦ના કાચ તોડી નાંખ્યા, તે અંગે પોલીસમાં ફરિયાદ નોંધાવી છે તેની જાણ કરવા બાબત :

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની ખેદપૂર્વક નોંધ લેવી.

૧૨૦. સ્થાયી કાનૂનવિષયક સમિતિની તા. ૪–૧–૧૯૭૪ના રોજ મળેલી સભાની ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સ્થાયી કાનૂન વિષયક સમિતિની તા. ૪–૧–૧૯૭૪ની સભાની ભલામણો મંજૂર કરવી.

(મંજૂર કરવામાં આવેલી તા. ૪–૧–૧૯૭૪ની સભાની કાર્યવાહીની નોંધ **પરિશિષ્ટ "ચ"** તરીકે **સામેલ છે.**)

૧૨૧. પાંચમી પંચવર્ષીય યોજનાના પ્રસ્તાવો યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનને મોકલી આપવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે પાંચમી પંચવર્ષીય યોજનાના ગાળાની યુનિવર્સિટીની વિકાસ-યોજનાનો પ્રસ્તાવ જે તા. ૧૦મી જાન્યુઆરી ૧૯૭૪ સુધીમાં યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનને મોકલવાનો છે તેને એકેડેમિક પ્લાનિંગ બોર્ડની ભલામણ અનુસાર, યોગ્ય સ્વરૂપમાં મોકલી આપવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૧૨૨. સેંટ ઝેવિયર્સ સોસાયટી અને અમદાવાદ એજ્યુકેશન સોસાયટી તરફથી ભારતની વરિષ્ઠ અદાલતમાં કરવામાં આવેલી "રિટ" અરજી નં. ૨૩૨ અને ૨૩૩ અંગે એકિઝકયુટિવ કાઉન્સિલે તેની તા. ૭-૪-૧૯૭૩ની સભામાં બાબત ક્રમાંક ૨૬ પરત્વે કરેલા ઠરાવ અન્વયે કરવામાં આવેલ એડવોકેટની નિમણૂકની બાબતમાં પુનર્વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કેસે કેટલાક મૂળભૂત અધિકારોના સંદર્ભમાં આંતર-રાજ્ય કક્ષાનું બંધારણીય મહત્ત્વ ધારણ કરેલું હોઈ કેટલાંક રાજ્યો આ કેસમાં પક્ષકાર તરીકે જોડાવાની વકી છે તે જોતાં, યુનિવર્સિટી કોઈ પક્ષીય વલણ લેવા ઇચ્છતી નથી, અને તેથી કોઈ સીનિયર એડવોકેટને રોકવાની આવશ્યકતા રહેતી નથી, અને તેથી યુનિવર્સિટી તરફથી યુનિવર્સિટીના એડવોકેટ તરીકે ફક્ત શ્રી. એસ. એન. શેલતને યુનિવર્સિટી તરફથી હાજર રહેવા તથા વરિષ્ઠ અદાલતને જોઈતી માહિતી પૂરી પાડવા માટે જણાવવું.

તે પછી સભાગૃહનું કામકાજ પૂરું થયું હતું.

નં. એકિઝ. કાઉ./૩૭૯૪૧/૧૯૭૪.
ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
અમદાવાદ–૩૮૦૦૦૯,
ફેબ્રુઆરી ૧૩, ૧૯૭૪.

કં. ચં. પરીખ
કુલસચિવ.

પરિશિષ્ટ "ક"
કામકાજ ક્રમાંક ૮૭

તા. ૧૪--૧૨--૧૯૭૩ની ફાઇનાન્સ સમિતિની સભાની એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ

૧. આથી એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે યુનિવર્સિટી પ્રેસના મોનોટાઇપ મશીન માટે જરૂરી સ્પેરપાર્ટ્સ ઇંગ્લેંડથી આયાત કરવા, અને આ અંગે રૂ. ૩૨,૬૦૦નો ખર્ચ મંજૂર કરવો.

તા. ૨૨--૧૨--૧૯૭૩ની ફાઇનાન્સ સમિતિની એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ

૧. દેશમાં પ્રવર્તની કાગળની અછત અંગે સમિતિએ લાંબાણપૂર્વક વિચારણા કરી. ત્યાર બાદ એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે હાલ કામચલાઉ જોઈતા જથ્થો બજારમાંથી ખરીદી લેવા કુલપતિશ્રીને સત્તા આપવી તથા બાકીનો કાગળ કે ઉત્તરવહીઓ તૈયાર કરવા જાહેરાત આપી ટેન્ડરો તાત્કાલિક મંગાવવાં.

૨. આથી એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે વિજ્ઞાન વિદ્યાભવનના જુદા જુદા વિભાગો માટે એસ. ડી. એસ. બ્રાન્ડ પ્રોડક્ટનો મે. લેબ-કેમ-ઇન્ડસ્ટ્રીઝ, મુંબઈના તા. ૩૦--૧૧--૧૯૭૩ના પત્રાંક એલ.એમ.આર.સી. ૭૩--૭૪માં જણાવ્યા પ્રમાણેના ભાવે અને શરતે તેમના માન્ય એજન્ટ મે. શાહ ટ્રેડિંગ કંપની, અમદાવાદ સાથે રેઈટ કોન્ટ્રાક્ટ કરવો.

૩. આથી એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે ઉપરોકત બાબતમાં પ્રેસના માલિકોને રૂમરૂ બોલાવી કાગળ સિવાયના છપામણીના ભાવ પ્રેસ પાસેથી લેવા અને નક્કી કરવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

તા. ૨--૧--૧૯૭૪ની ફાઇનાન્સ સમિતિની સભાની એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ

૧. આથી એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે માર્ચ--એપ્રિલની પરીક્ષાઓ માટે હવે થોડો થોડો સમય રહ્યો હોવાને લીધે બધી ઉત્તરવહીઓ પ્રેસમાં તૈયાર કરવી શકય બની શકશે નહિ ને જોતાં ૧,૦૦૦ (એક હજાર) રીમ ૧૭×૨૭ (૪૩×૬૯ સે.મી.) ૮.૯ કિલો વજનના ડમલ ફુલસકેપ ક્રીમવોવ કાગળ સિરપુર અથવા માંડિયા મે. રિલીફ ટ્રેડિંગ કંપની પાસેથી રૂ. ૧૦ના રીમના ભાવે તેમના ટેન્ડરમાં જણાવેલ શરતો મુજબ ખરીદવાં.

વધુમાં એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે ઉત્તરવહીઓ બનાવવા માટે નીચે પ્રમાણેનાં ટેન્ડરો મંજૂર કરવાં :

	પાનાં	નકલ	૧૦૦૦ નકલના ભાવ રૂ. પૈસા	વેપારીનું નામ	નોંધ
૧. (એ) મુખ્ય ઉત્તરવહીઓ	૮	૧૦,૦૦,૦૦૦ (દસ લાખ)	૧૨૧--૦૦	જય ભારત પ્રકાશન એન્ડ કંપની	સૌથી ઓછા ભાવ હોવાથી
૨. (બી) પૂરક ઉત્તરવહી	૪	૨૦,૦૦,૦૦૦ (વીસ લાખ)	૬૨--૦૦	,,	,,

તેઓની નીચેની બે શરતો સિવાયની ટેન્ડરની શરતો મુજબ :

(૧) કાગળની કિંમતનાં નાણાં યુનિવર્સિટી તે અગાઉથી આપવાનાં રહેશે નહિ.

(૨) સમયમર્યાદામાં કામ પૂરું કરી આપવાનું રહેશે.

	પાનાં	નકલ	૧૦૦૦ નકલના ભાવ	વેપારીનું નામ	નોંધ
૧. (ડી) ડમી નંબરવાળી સ્પેશિયલ	૧૬	૮૦,૦૦૦ (એંશી હજાર)	૨૭૦--૦૦	સાહિત્ય મુદ્રણાલય	સૌથી ઓછા ભાવ હોવાથી

વધુમાં તાત્કાલિક જરૂરિયાત માટે નીચેનો સફેદ ડબલ ફૂલ્સકેપ કાગળ ખરીદવા કુલપતિશ્રીને મંજૂરી આપી તેની નોંધ લેવી :

		ભાવ રૂ. પૈસા	નોંધ
૧. રિલીફ ટ્રેડિંગ કંપની	(૧) ૧૦૦ રીમ માંડિયા	૪૮--૦૦	૨ ટકા કેશ ડિસ્કાઉન્ટ
	(૨) ૧૦૦ રીમ સિરપુર	૧૨--૦૦	,,
૨. વિજય પ્રકાશન	(૧) ૬૪ રીમ ૬૯×૮૬ ૧૮.૧ કે.જી.	૯૧--૦૦	
	(૨) ૨૦૬ રીમ ૪૩×૬૯ ૯.૧ કે.જી.	૪૭--૧૦	

૨. આથી એકિઝક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે વિજ્ઞાન વિદ્યાભવનના રસાયણ-શાસ્ત્ર વિભાગ માટે નીચેના વેપારીઓ પાસેથી તેમનાં નામ સામે જણાવેલ કિંમતે રૂ. ૩૦,૦૦૦ (રૂપિયા ત્રીસ હજાર) સુધીનું ફર્નિચર ખરીદવું :

ક્રમાંક	વસ્તુનું નામ	વેપારીનું નામ	ભાવ રૂ. પૈસા	નોંધ
૧.	ટેબલ ૬×૩, ૨—૧૦	અંબિકા ફર્નિચર માર્ટ	૯૩૩--૯૦	સારી જાતનું હોવાથી
૨.	કબાટ ૭૨×૨૦×૩૬	,,	૩૮૩--૯૦	,,
૩.	સ્ટૂલ પાટિયાવાળાં--૧૪"	,,	૨૪--૨૦	,,
૪.	સ્ટૂલ નેતરવાળાં	,,	૨૯--૭૦	,,
૫.	બેન્ચ 'એ' ટાઈપ	,,	૨૪૦--૯૦	,,
૬.	બેન્ચ 'સી' ટાઈપ	,,	૨૪૦--૯૦	,,
૭.	લેક્ચરર ટેબલ ૪—૨×૨—૬"	,,	૧૭૪--૯૦	,,
૮.	બેન્ચ 'બી' ટાઈપ	અમરીશ ફર્નિચર માર્ટ	૩૩૧--૦૦	,,
૯.	વૂડન પ્લેટફોર્મ	,,	૬૭૦--૦૦	,,
૧૦.	કાચનાં બ્લૉક બોર્ડ	,,	૪૧૦--૦૦	,,
૧૧.	વરંડા બેન્ચીસ ૬×૧૧૧×૧૧૧	,,	૨૧૧--૦૦	,,
૧૨.	સાદાં ટેબલ ૩—૨×૨	,,	૮૪--૦૦	,,

પરિશિષ્ટ "ખ"
કામકાજ ક્રમાંક ૯૪

Hari Om Ashram, Nadiad
Dated : 23-12-1973

Resolution No. 189 dated 22-12-1973

Original Scientific Research in India, in various fields, for the welfare of our country are dire need at present and, Ganit being one of the important factors for this, the Board of Trustees of Hari Om Ashram Trust, Nadiad, Dist. Kaira, resolves that a sum of Rs. 50,000/- (Rupees fifty thousand only) be handed over to Gujarat University, Ahmedabad, to enable it to create a "Hari Om Ashram Prerit, The Ramanujam Ganit Pratibha Shodh Paritoshik Yojana" from the interest of this endowment, so that High Schools and College Students in Gujarat might evince a keener interest in this subject.

The Board of Trustees further resolves that the terms and conditions of this endowment shall be as under :

(1) The name of this endowment will be "Hari Om Ashram Prerit, The Ramanujam Ganit Pratibha Shodh Paritoshik Yojana" Endowment.

(2) The amount of this endowment shall be invested in A Class Scheduled Bank in maximum long term fixed deposits so as to bear them highest available rate of interest and the annual amount derived from the interest shall be entirely utilised for giving away the prises, in each, every year.

(3) Under the scheme, there shall be two competitions held every year, one at the primary level and the second at the final level. The primary level competitions will be held at six centres in Gujarat to be laid down by the Executive Council of the University. The first three winners at these centres will be awarded each prises of Rs. 50/-, 30/- and 25/- respectively. The final competitions will be held at Ahmedabad where student's who have secure first five ranks at the primary competitions will be eligible. The first three winners of the final competition will be paid each prises of Rs. 500/-, 300/- and 200/- respectively. The candidates who secure 70% and more marks at the final competitions will be awarded merit certificates.

(4) The competitions mentioned in para (2) will be at two stages, one for the college students and the other for high school students. All the students studying at the colleges affiliated to the Universities in Gujarat State will be eligible for competition for the first and the students studying at the High Schools recognised by the State will be eligible for competition for the later.

(5) The competitions may be in the form of written or written and oral both. The syllabii for the competition will be approved by the University.

(6) The primary competitions will be held in August every year and the final competitions will be held on "Gandhi Jayanti" i.e. on 2nd October every year.

(7) The prises for the final competitions will be awarded at the University Convocation while the prises for the primary competitions will be awarded at a function as may be decided by the Executive Council of the University.

(8) The colleges/schools will send not more than five students for the primary competitions with a fee of Rs. 10/— per college/school. Students who want to compete at the primary examination directly may also be allowed to do so on payment of Rs. 10/—.

(9) The competitions will be organised by an Expert Committee appointed by the University, and one representative of the Hari Om Ashram, Nadiad, shall be associated with this expert committee (his name would be informed later on) which would appoint Supervisors and Examiners and its decision as regards the results shall be final. The cost of conducting such competitions will be met out of the fees that may be received from the competitors.

(10) In case in any particular year no prises are given the amount of interest accrued out of the endowment money would be credited and added to the endowment fund.

(11) The names and addresses of the prise winners as well as the annual audited report on the working of the endowment shall be communicated to Hari Om Ashram, Nadiad by the University every year, in due course, and the account of this endowment shall be kept separate from the general accounts of University and publish a report of the award every year in its annual report.

(12) All administrative expenses that may have to be incurred in connection with the prises and the expenditure for organising an appropriate function for giving away he prises shall be met by University from their own funds.

(13) The detailed rules and regulations governing the prises shall be framed by the University and the endowment shall be administered by University.

(14) If there be no functioning of this scheme for three consecutive years or in case of non-existence of University at any time, the endowment together with accrued interest there upon will have to be returned to Hari Om Ashram, Nadiad, by University.

(15) In case any difficulty arises in giving effect to the provisions of the above regulations, the Vice-Chancellor of University shall have the power to make any alteration, modification or cancellation of any provision contained in this regulation in consultation with, and approval of, the Hari Om Ashram, Nadiad.

(16) It is hoped that the colleges/schools where winners of the competitions are studying will afford every type of facility for furthering their studies for mathematics and give freeships to them.

Date : 23—12—73

Nandlal B. Shah
Managing Trustee,
Hari Om Ashram, Nadiad.

P.S. : We take it for granted that University will give due publicity of this endowment to the press and will include while issuing a receipt of the amount when realised, the words "**for educational purposes**". Full amount would be handed over to University within three months from the date of receipt of the acceptances letter about our resolution.

પરિશિષ્ટ "ગ"
કામકાજ ક્રમાંક ૯૬

બાંધકામ સમિતિની એક સભા તા. ૪--૧--૧૯૭૪ને શુક્રવારના રોજ સવારના ૯--૩૦ વાગે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી, જેમાં હાજરી નીચે મુજબ હતી :

૧. કુલપતિશ્રી	હાજર
૨. શ્રી. ટી. એન. પાઠક	હાજર
૩. શ્રી. એમ. સી. શાહ	હાજર
૪. શ્રી. ગિરીશચંદ્ર એસ. દેસાઈ	ગેરહાજર
૫. શ્રી. નવનીતલાલ સા. શોધન	ગેરહાજર
૬. શ્રી. એલ. જે. ચાહાણ	ગેરહાજર

(૧) બાંધકામ સમિતિની તા. ૮--૧૨--૧૯૭૩ના રોજ મળેલી સભાની કાર્યવાહી મંજૂર કરવા બાબત.

બાંધકામ સમિતિની તા. ૮--૧૨--૧૯૭૩ની સભાની કાર્યવાહી મંજૂર કરવામાં આવી અને તેના પર કુલપતિશ્રીએ સહી કરી.

(૨) યુનિવર્સિટીનાં બધાં બાંધકામો માટે મોઝેક ટાઈલ્સ પૂરા પાડનાર મે. આલ્કોક સિમેન્ટ પાઈપ એન્ડ કોન્ક્રીટ વર્કસના તા. ૧૭--૬--૧૯૭૩ના પત્ર પરત્વે વિચારણા કરવા બાબત.

(નોંધ.—યુનિવર્સિટી એ ટેન્ડરમાં ૧૦૦ ચો. ફૂટના ભાવ માંગેલા. હવે ટાઈલ્સની સાઈઝ ૧૦" × ૧૦" ને બદલે મેટ્રિક સાઈઝમાં ૨૫ સે.મી.×૨૫ સે.મી. આવે તો ૧૦૦ ચો. ફૂટમાં ૧૪૯ નંગ ટાઈલ્સ આવે જ્યારે ૧૦" × ૧૦"ના ટાઈલ્સ હોય તો ૧૪૪ નંગ આવે. આથી નક્કી થયેલ ભાવ રૂ. ૧૦૨ ચો. ફૂટ ૧૦૦ના છે તે ભાવ ૧૪૪ નંગ દીઠ ગણવો કે ૧૪૯ નંગ દીઠ ગણવો તે પ્રશ્ન છે. આ માટે અમદાવાદ ટાઈલ્સ મેન્યુ. એસો. નો તા. ૧૨--૮--૧૯૭૨નો પત્ર સામેલ છે.)

આથી એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે યુનિવર્સિટીનાં બધાં જ બાંધકામો માટે મોઝેક ટાઈલ્સ પૂરા પાડનાર મે. આલ્કોક સિમેન્ટ પાઈપ એન્ડ કોંક્રીટ વર્કસના તા. ૧૬--૬--૧૯૭૨ના પત્રમાં કરેલી વિનંતી પ્રમાણે યુનિવર્સિટીએ અગાઉ નક્કી કરેલો ભાવ રૂ. ૧૦૨ ટાઈલ્સના ૧૪૪ નંગ દીઠ ગણવો.

(૩) બોઈઝ હૉસ્ટેલના તથા લેડીઝ હૉસ્ટેલના બાંધકામ માટે આવેલાં ટેન્ડરો તપાસી ભલામણ કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે બોઈઝ હૉસ્ટેલ તથા લેડીઝ હૉસ્ટેલનાં કુલ ૧૧ ટેન્ડરો આવેલાં હતાં. નીચા ભાવ ભરનાર કોન્ટ્રાક્ટરના ભાવ ઘણા જ નીચા અને પોસાય તેવા ના લાગવાથી તથા કોન્ટ્રાક્ટરોએ કરેલાં કામો તથા તેઓની કાર્યક્ષમતા વગેરે અંગે સમગ્ર રીતે વિચારણા કર્યા બાદ ઠરાવવામાં આવ્યું કે મે. મોના એસોસિયેટ્સ ને બંને કામો નીચેના ભાવે આપવા માટે એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

વિદ્યાર્થીઓનું છાત્રાલય : રૂ. ૫,૨૮,૯૦૩ બાદ દરેક આઈટેમમાં ૫ ટકા મુજબ કાપવા.

વિદ્યાર્થિનીઓનું છાત્રાલય : રૂ. ૫,૪૧,૯૮૪ બાદ દરેક આઈટેમમાંથી ૫ ટકા મુજબ કાપવા.

(૪) ઝૂલોજીના વિકાસ બાંધકામમાં થયેલા વધારાનાં કામકાજના દરો અંગે વિચારણા કરવ બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ઝૂલોજીના મકાનના બાંધકામમાં થયેલા વધારાના કામકાજના દર આ સાથેની યાદી પ્રમાણે મંજૂર કરવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

(૫) યુનિવર્સિટી કેમ્પસમાં બાંધવામાં આવનાર નીચેનાં મકાનો માટે કન્સલ્ટિંગ એન્જિનિયરની નિમણૂક કરવા બાબત.

(૧) ફિઝિકસ વિભાગ વિકાસ બાંધકામ.
(૨) "ડી" ટાઈપ સ્ટાફ કવાર્ટર્સ.
(૩) યુનિવર્સિટી ટ્રસ્ટ ભવન.
(૪) કોમ્પ્યુટર સેન્ટર.
(૫) સર્વિસ સેન્ટર.

(અ) આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી કેમ્પસમાં બાંધવામાં આવનાર ફિઝિકસ વિભાગનું વિકાસ બાંધકામ, ગુજરાત યુનિવર્સિટી ટ્રસ્ટ ભવન તથા કોમ્પ્યુટર સેન્ટરના કન્સલ્ટિંગ એન્જિનિયર તરીકે મે. વકીલ-મહેતા-શેઠની નિમણૂક કરવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

(બ) આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી કેમ્પસમાં બાંધવામાં આવનાર સર્વિસ સેન્ટર તથા "ડી" ટાઈપ સ્ટાફ કવાર્ટર્સનાં કામો માટે કન્સલ્ટિંગ એન્જિનિયર તરીકે મે. આર્યન એન્જિનિયર્સની નિમણૂક કરવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

(૬) યુનિવર્સિટી કેમ્પસમાં બાંધવામાં આવનાર કોમ્પ્યુટર સેન્ટરના સ્કેચ પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી કેમ્પસમાં બાંધવામાં આવનાર કોમ્પ્યુટર સેન્ટર માટેના પ્લાન સભાગૃહમાં થયેલાં નીચેનાં સૂચનો ધ્યાનમાં લઈ પ્લાન મંજૂર કરવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

(૧) આ મકાનના ખર્ચ માટે રૂ. ૩,૦૦,૦૦૦ મર્યાદા હોવાથી પ્લિન્થનું ક્ષેત્રફળ તે મુજબ ઓછું કરવું.
(૨) મકાનના ભોંયતળિયે મશીનરી લઈ શકાય તે માટે રેમ્પની જોગવાઈ કરવી.
(૩) રૂમની ઊંચાઈ બને તેટલી ઓછી કરવી.
(૪) પ્લાનમાં બતાવેલ ચાર રૂમમાંથી એક લેક્ચર રૂમને પ્રોગ્રામરના રૂમ તરીકે રાખવો.
(૫) ભોંયરાના સ્ટોર રૂમના બે ભાગ કરી પ્રથમ ઓપરેટર રૂમ રાખવો અને સ્ટોર રૂમ છેલ્લે પશ્ચિમ તરફ રાખવો.
(૬) કોમ્પ્યુટર રૂમનું બારણું ૪'-૦" તથા બાકીનાં બારણાં ૩'-૦" રાખવાં.
(૭) એરકંડિશન માટેનો રૂમ અડધો કરવો અને વધારાની જગ્યા પંપ રૂમમાં ભેળવી બે પંપ રૂમ કરવાં.
(૮) લેડીઝ માટે જુદા ટોઈલેટની જોગવાઈ કરવી.
(૯) એક બાજુના બે ફેકલ્ટી રૂમો ભેગા કરી ઑફિસ રૂમ કરવો અને બાજુનો રૂમ સુપરિન્ટેન્ડન્ટ રૂમ તરીકે રાખવો.
(૧૦) લાઈબ્રેરી અને સ્ટુડન્ટ રૂમ થોડાક નાના કરવા.

ત્યાર બાદ સભાગૃહનું કામકાજ પૂરું થયું હતું.

પી. ડી. મિસ્ત્રી
કુલસચિવ વતી

APPENDIX A

Statement for the extra item rates in the work of C. G. construction Co. of Zoology building

Sr. No.	*Item*	*Quantity*	*Rate*	*Per*
1.	S/fixing in position m.s. and teak wood windows with 6 mm thick plate Glass including aluminium or leak beading as reqi. oil paint etc. complete as required	ɔ4'—8"	Extra Rs. 5/- per SFT over Tender rate	SFT
2.	Providing & fixing 3" C. I. Pipeline including necessary plug bend the tee etc. and making necessary plinth connection from N. T. to G. T. complete as directed	9	Rs. 25/-	each
3.	P/fixing waste coupling $1\frac{1}{2}$" to sink with necessary outlet pipe line 10 N.t. ss requi. complete as directed		Rs. 20/-	each
4.	2" thick I. P. S. flooring wherever necessary	189 sft.	Rs. 1/-	each
5,	P/fixing 1' leader make wheel valve complete as directed	3	Rs. 22/-	each
6.	P/fixing 2" gun metal wheel valve complete as directed	3 Nos.	Rs. 70/-	each
7.	P/fixing 2" G. I. pipe outlet to the grey post complete as directed	3 Nos.	Rs. 12/-	each
8.	P/fixing steel plate door 24" × 18" including necessary holdfasts, sliding guide, fasteners to the door opening handle above including oil paint complete.	1 Nos.	Rs. 100/-	each

પરિશિષ્ટ "ઘ"

કામકાજ ક્રમાંક ૧૦૧

કુલપતિશ્રીએ માન્ય કરેલા શિક્ષકોની યાદી

એચ. કે. કૉમર્સ કૉલેજ, અમદાવાદ

૧. શ્રી. પી. બી. ચાણંદ	કૉમર્સના વ્યાખ્યાતા	સિ. અધ્યા./૮/૨૦૨૭૩, તા. ૨-૧૧-૧૯૭૩
(નોંધ.—ફરજિયાત એકાઉન્ટન્સીના તાસ લઈ શકશે.)		
૨. શ્રી. એન. કે. શાહ	એકાઉન્ટન્સીના વ્યાખ્યાતા	,,
૩. શ્રી. આર. આર. ગાંધી	એકાઉન્ટન્સીના ટ્યૂટર	,,

સહજાનંદ આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ

૪. શ્રી. પી. વી. દેસાઈ	એકાઉન્ટન્સીના પ્રાધ્યાપક	સિ. અધ્યા./૮/૨૦૨૭૨, તા. ૨-૧૧-૧૯૭૩

એન. સી. જોડીચાલા કૉમર્સ કૉલેજ, અમદાવાદ

૫. શ્રી. પી. એ. શાહ	એકાઉન્ટન્સીના વ્યાખ્યાતા	સિ. અધ્યા./૮/૨૦૨૭૩, તા. ૨-૧૧-૧૯૭૩
(પશ્ચાદ્‌વર્તી તા. ૧૦-૧૧-૧૯૭૨થી માન્ય.)		
૬. શ્રી. પી. એમ. શાહ	એકાઉન્ટન્સીના વ્યાખ્યાતા	,,
(પશ્ચાદ્‌વર્તી તા. ૧૧-૬-૧૯૭૨થી માન્ય.)		

એચ. એ. કૉલેજ ઑફ કૉમર્સ, અમદાવાદ

૨૮. પ્રી-મેડિકલની પરીક્ષામાં નાપાસ થયેલા વિદ્યાર્થીઓ ફરીથી પરીક્ષામાં બેસે તે પહેલાં તેમણે વધુ એક સત્ર ભરવાની સગવડ આપવા તથા તે માટે જરૂરી ફી લઈને આવા સભ્યોને એસોસિયેટ સ્ટુડન્ટ્સ તરીકે દાખલ કરવા માટે ગુજરાત કૉલેજ, અમદાવાદને પરવાનગી આપવાની એકેડેમિક કાઉન્સિલની તા. ૨૩--૧૨--૧૯૭૩ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે પ્રી--મેડિકલની પરીક્ષામાં નાપાસ થયેલ વિદ્યાર્થીઓ ફરીથી પરીક્ષામાં બેસે તે પહેલાં તેમને વધુ એક સત્ર ભરવાની સગવડ આપવા તથા તે માટે જરૂરી ફી લઈને આવા વિદ્યાર્થી-ઓને એસોસિયેટ સ્ટુડન્ટ્સ તરીકે દાખલ કરવા ગુજરાત કૉલેજ, અમદાવાદને પરવાનગી આપવી.

૨૯. એલએલ.એમ. પાર્ટ ૨ની પરીક્ષાઓ વર્ષમાં બે વખત લેવા માટે તથા તે અંગે ઑર્ડિ. ૧૨૯નો સંબંધકર્તા ભાગ નીચે મુજબ વંચાય તે રીતે સુધારવાની એકેડેમિક કાઉન્સિલની તા. ૨૩--૧૨--૧૯૭૩ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત :

Name of the Examination	*How many times held in a year?*	*Date of Commencement*	*Last date of Application*	*Examination Fees*
Sr. LL.M.	Twice	First Monday in June	1st March	*Rs.* 100/-
		First Monday in November	1st August	

આથી ઠરાવવામાં આવે છે કે ઑર્ડિ. ૧૨૯નો સંબંધકર્તા ભાગ ઉપર મુજબ સુધારવો તથા તેને તાત્કાલિક અમલમાં મૂકવો.

૩૦. "પોસ્ટ–ગ્રેજ્યુએટ ડિપ્લોમા કોર્સ ઈન સ્પેઈસ સાયન્સીસ એન્ડ ધેર એપ્લિકેશન્સ"ના અભ્યાસ-ક્રમ માટે નિમાયેલ સમિતિની નીચેની ભલામણ એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૨૩–૧૨–૧૯૭૩ની સભામાં એકિઝકયુટિવ કાઉન્સિલને મંજૂર કરવા ભલામણ કરેલ હોઈ તે અંગે વિચારણા કરવા બાબત :

"1. Since the number of students is limited and the course is of highly specialized nature, assessment of the calibre of the students will be done by the Board of Examiners consisting of the teachers themselves drawn from the Gujarat University (GU), Physical Research Laboratory (PRL), and the Satellite Applications Centre (SAC). There will be no external examiners.

2. There will be two written tests in each course (subject), one during the semester and another at the end of the semester. Assessment of coursewise home–work and oral and practical term–work with Viva–voce will be done at the end of the semester.

The questions should cover the whole syllabus in general and not concentrate on particular topics only.

3. Each course is allotted a maximum marks of 100 split as follows :

First written test	25
Second written test	25
Home Work	25
Oral (Theory)	25
	100

Term work with Viva-voce is allotted maximum of 100 for each semester. The aggregate maximum marks are 1100 for two semester together."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ ભલામણ નીચે મુજબ વંચાય તે રીતે સુધારીને મંજૂર કરવી :

1. Since the number of students is limited and the course is of highly specialized nature, assessment of the calibre of the students will be done by the Board of Examiners consisting of the teachers themselves drawn from the Gujarat University (G.U.), Physical Research Laboratory (PRL), and the Satellite Applications Centre (SAC).
2. There will be two written tests in each course (subject), one during the semester and another at the end of the semester. Assessment of coursewise home-work and oral and practical term–work with Viva-voce will be done at the end of the semester.

   The questions should cover the whole syllabus in general and not concentrate on particular topics only.

3. Each course is allotted a maximum marks of 100 split as follows :

First written test	25
Second written test	25
Home Work	25
Oral (Theory)	25
	100

Term-work with Viva-voce is allotted maximum of 100 for each semester.

The aggregate maximum marks are 1100 for two semesters together.

૩૧. ફેબ્રુઆરી ૨૨થી ૨૪, ૧૯૭૪ના સમય દરમિયાન "ધી ઈન્સ્ટિટ્યૂટ ઑફ ક્રિમિનોલોજી એન્ડ ફોરેન્સિક સાયન્સ અને ધી ઈન્ડિયન સોસાયટી ઑફ ક્રિમિનોલોજીના સંયુકત ઉપક્રમે " Current trends in criminology " પર ન્યૂ દિલ્હી મુકામે યોજવામાં આવેલ પરિસંવાદમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગે સદરહુ સંસ્થાના અધ્યક્ષશ્રીના તા. ૧૭-૧-૧૯૭૪ના પત્ર પર વિચારણા કરવા બાબત :

[**નોંધ.**—ચર્ચા માટે પસંદ થયેલ વિષયો નીચે દર્શાવ્યા છે :

(*a*) The strategy of meeting the challenge of the socio-economic offender;

(*b*) Sentencing policy with special reference to capital punishment and short-term imprisonment)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પરિસંવાદમાં આ યુનિવર્સિટીના કોઈ પ્રતિનિધિને મોકલવા નહીં.

૩૨. માર્ચ ૧૬થી ૧૭, ૧૯૭૪ના સમય દરમિયાન ઈન્ડિયન સોસાયટી ઑફ ઈન્ટરનેશનલ લૉ એન્ડ ધી ઈન્ડિયન એકેડેમી ઑફ ઈન્ટરનેશનલ લૉ એન્ડ ડિપ્લોમસીનું ૧૧મું વાર્ષિક અધિવેશન ન્યૂ દિલ્હી મુકામે યોજાનાર છે તેમાં યુનિવર્સિટીનો પ્રતિનિધિ મોકલવા અંગે સદરહુ સંસ્થાના અધ્યક્ષશ્રીના તા. ૧૬--૧--૧૯૭૪ના પત્ર પર વિચારણા કરવા બાબત :

[**નોંધ.**—નિષ્ણાતો પાસેથી નીચેના વિષયો પર પેપર્સ નિમંત્ર્યા છે :

1. Select aspects of the Law of the Sea.
2. Succession to treaties.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સોસાયટીના આગામી અધિવેશનમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે આચાર્ય ડી. ડી. દેસાઈને મોકલવા.

૩૩. અંધ કલ્યાણ કેન્દ્ર, અમદાવાદ-૧૩ના કૉલેજમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને કેસેટ ખરીદી આપવા માટે રૂ. ૫,૦૦૦નું પ્રદાન ટ્રસ્ટી, હરિૐ આશ્રમ, નડિયાદ તરફથી સ્વીકારવા માટે સદરહુ ટ્રસ્ટના તા. ૫-૧-૧૯૭૪ના પત્ર પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે—

(૧) સદરહુ પ્રદાનનો સાભાર સ્વીકાર કરવો તથા તે અંગેના નિયમો મંજૂર કરવા.

(૨) સદરહુ પ્રદાનની મદદથી ખરીદવામાં આવેલા કેસેટનો ઉપયોગ તમામ સંલગ્ન કૉલેજો, માન્ય સંસ્થાઓ અને વિદ્યાભવનોના અંધ વિદ્યાર્થીઓ કરી શકશે એમ શરત ઉમેરવી તથા આ બાબતની જાણ સંલગ્ન કૉલેજો, માન્ય સંસ્થાઓ અને યુનિવર્સિટીનાં વિદ્યાભવનોને કરવી.

(મંજૂર કરવામાં આવેલા નિયમોની નકલ **પરિશિષ્ટ "ગ"** તરીકે સામેલ છે.)

૩૪. એચ. એ. કૉલેજ ઑફ કૉમર્સ, અમદાવાદ તરફથી જૂન ૧૯૭૪થી બી.કૉમ.માં બિઝનેસ મૅનેજમેન્ટના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ માટેની અરજી.

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે એચ. એ. કૉલેજ ઑફ કૉમર્સ, અમદાવાદ નીચે જણાવેલ શરતોનું પાલન એકિઝકયુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૧૫—૫—૧૯૭૪ સુધીમાં કરે તો તેને બી.કૉમ.માં બિઝનેસ મૅનેજમેન્ટના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫—૬—૧૯૭૪થી તા. ૧૪—૬—૧૯૭૭ સુધીનું જોડાણ આપવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. ગ્રંથપાલ માટે અત્યાર સુધી વખતોવખત શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં રહેલી ઊણપ જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૨. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૩. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકોને વેતન, વળતર કે અન્ય જે કાંઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે;

૪. પ્રૉવિડંટ ફંડ અંગે સંચાલક મંડળના ફાળા અને ટ્રસ્ટની રચના સહિતનાં યુનિવર્સિટીનાં તમામ ધારાધોરણોનું પાલન કરવામાં આવે;

૫. શિક્ષકોના વાર્ષિક મૂળ પગારના ૨½ ટકાના દરે 'ગ્રેચ્યુઇટી ફંડ' ઊભું કરવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૩૫. તા. ૧૨થી ૧૪ માર્ચ ૧૯૭૪ દરમિયાન મુંબઈ મુકામે યોજાનાર Biological approach to Problems in Medicine, Industry and Agricultureના પરિસંવાદમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગે ભારત સરકારના આણ્વશકિત વિભાગના સેક્રેટરીના તા. ૨૮--૧--૧૯૭૪ના પત્ર પર વિચારણા કરવા બાબત.

[**નોંધ.**—પરિસંવાદના વિષયો નીચે મુજબના છે :

(*a*) Gene-synthesis, gene transfer and cell hybridization

(*b*) Photosynthesis

(*c*) Nitrogen Fixation
(*d*) Industrial Biology
(*e*) Biology in health & disease. |

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પરિસંવાદમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે ડૉ. વી. સી. શાહને મોકલવા.

૩૬. એમ. એન. કૉલેજ, વીસનગરમાં એમ.એ. પદવી સંસ્કૃત વિષયનું અનુસ્નાતક કેન્દ્ર જૂન ૧૯૭૪થી સ્થાપવા અંગેની અરજી પર વિચારણા કરવા બાબત.

તા. ૧૫-૧૨-૧૯૭૩ની એકિઝકયુટિવ કાઉન્સિલનો ઠરાવ

"૧૯૭૪-૭૫ના વર્ષ દરમિયાન નવાં અનુસ્નાતક કેન્દ્રો સામાન્ય રીતે સ્થાપવાં નહીં."

[**નોંધ.**—(૧) સ્થાનિક શિક્ષકગણ અંગેની માહિતી :

૧. શ્રી. જી. એસ. શાહ, અનુસ્નાતક શિક્ષક
૨. શ્રી. જે. એસ. પટેલ, અનુસ્નાતક શિક્ષક
૩. શ્રી. એન. જે. રાવળ, અનુસ્નાતક શિક્ષક

(૨) નોર્થ ઝોનમાં ફકત પાટણમાં જ સંસ્કૃતનું એક અનુસ્નાતક કેન્દ્ર છે.]

સદરહુ બાબત ચર્ચાવિચારણા માટે હાથ ધરવામાં આવી ત્યારે કાર્યાલય તરફથી જાણ કરવામાં આવી કે સદરહુ કૉલેજે પોતાની અરજી પાછી ખેંચી લીધી છે; તેથી તે પરત્વે નિર્ણય કરવા પ્રશ્ન રહ્યું નહિ.

૩૭. શ્રી. એસ. કે. શાહ એન્ડ શ્રીકૃષ્ણ ઓ. એમ. આર્ટ્સ કૉલેજ એન્ડ શ્રી. એચ. એસ. શાહ કૉમર્સ કૉલેજ, મોડાસામાં અંગ્રેજીના ટયૂટર તરીકે શૈક્ષણિક કાર્ય કરતા શ્રી. કે. બી. પંડયાની નિમણૂક ચાલુ વર્ષ પૂરતી ગ્રાહ્ય માનવા અંગે વિચારણા કરવા બાબત.

[**નોંધ.**—શ્રી. કે. બી. પંડયા બી એ. અને રોમ.એ.ની પદવી અંગ્રેજી સાથે પાસ વર્ગમાં ધરાવે છે.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજમાં અંગ્રેજીના ટયૂટર તરીકે શ્રી. કે. બી. પંડયાની નિમણૂક ચાલુ વર્ષ પૂરતી ગ્રાહ્ય રાખવી અને સદરહુ કૉલેજને જણાવવું કે જૂન ૧૯૭૪થી યોગ્ય લાયકાત ધરાવતા અંગ્રેજીના ટયૂટરની નિમણૂક કરવી આવશ્યક રહેશે; અને જો તેમ કરવામાં નહીં આવે તો તે વિષય માટે નવા વિદ્યાર્થીઓને દાખલ કરી શકાશે નહીં.

૩૮. યુનિવર્સિટી સાથેની સંલગ્ન કૉલેજોમાં શારીરિક શિક્ષણ આપતા વ્યાયામશિક્ષકોને લેકચરરનો હોદ્દો આપવા અંગે યુનિવર્સિટી કોર્ટ સભ્ય શ્રી. ડી. બી. સોલંકીના તા. ૬-૨-૧૯૭૪ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત, બાબત નં. ૨૪ અંગે નિમાયેલી સમિતિની વિચારણા માટે મોકલવી.

૩૯. ઑર્ડિ. ૬૮ અન્વયે સ્વતંત્ર રીતે પીએચ.ડી. પદવી અંગે સંશોધનકાર્ય કરવા માટે ૧. શ્રી. ચૌધરી રઘુવીર દલસિંહ, ૨. શ્રી. ફ્રાન્કો જુડાસ અને ૩. શ્રી. ડી. એસ. બસન તરફથી (પ્લાન ઑફ વર્ક) મહા-નિબંધ અંગેની રૂપરેખા આવેલ છે તે અંગે વિચારણા કરવા બાબત.

[નોંધ.—તા. ૨૪-૮-૧૯૭૩ની બી.યુ.ટી. ઍન્ડ આર.ની સભામાં આ અંગે નીચે મુજબ ઠરાવ થયેલ છે:

"આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ શિક્ષક પોતે કયા ટોપિકસ પર સ્વતંત્ર રીતે મહાનિબંધ રજૂ કરવા માગે છે તેની માહિતી તથા તે અંગે કઈ રીતે તે સંશોધન કામ કરવા માંગે છે તેની આછી રૂપરેખા રજૂ કરવા જણાવવું અને તે આવ્યેથી તેને તપાસી જરૂરી પરવાનગી આપવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી."]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ અધ્યાપકોને પીએચ.ડી.ની પદવી માટે સ્વતંત્ર રીતે સંશોધન કરીને પોતાનો મહાનિબંધ રજૂ કરવા માટે, યુનિવર્સિટીનાં ધારાધોરણોને આધીન, મંજૂરી આપવી.

૪૦. બરોડા એમેચ્યુઅર્સ ડ્રામેટિક કલબ, વડોદરા માર્ચ ૯થી ૧૨, ૧૯૭૪ના સમય દરમિયાન અખિલ ભારતીય ધોરણે પપમું મરાઠી કન્વેન્શન વડોદરા મુકામે યોજે છે તેમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગે કલબના મંત્રીશ્રીના પત્ર પર વિચારણા કરવા બાબત.

[નોંધ.—મરાઠીમાં ત્રણ અને ગુજરાતીમાં એક નાટક રહેશે.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કન્વેન્શનમાં આ યુનિવર્સિટીના કોઈ પ્રતિનિધિને મોકલવા નહીં.

૪૧. તા. ૨૨-૧-૧૯૭૪ને મંગળવારના રોજ મળેલ પ્રકાશન બોર્ડની ૨૫મી સભાની ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બોર્ડની તા. ૨૨--૧--૧૯૭૪ની સભાની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ બોર્ડની તા. ૨૨--૧--૧૯૭૪ની સભાની કાર્યવાહીની નોંધની નકલ **પરિશિષ્ટ "ધ"** તરીકે સામેલ છે.)

૪૨. છેલ્લા એક માસ કરતાં પણ વધુ સમયથી ચાલતા આંદોલન અંગેની વર્તમાન પરિસ્થિતિને અનુલક્ષીને આગામી માર્ચ–એપ્રિલ ૧૯૭૪માં યુનિવર્સિટી દ્વારા લેવાનાર પરીક્ષાઓ/તેને લગતા અન્ય પ્રશ્નો પરત્વે વિચારણા કરવા બાબત.

(આ અંગે જુદી જુદી કૉલેજોના આચાર્યો તથા વિદ્યાર્થીઓ અને નાગરિકો તરફથી વિવિધ પ્રકારનાં સૂચનો આવેલાં છે.)

કેટલીક ચર્ચાવિચારણાને અંતે નીચે મુજબ ઠરાવવામાં આવ્યું:

(૧) આ યુનિવર્સિટી સાથે જોડાયેલી કૉલેજો અને યુનિવર્સિટીનાં વિદ્યાભવનોનું શિક્ષણકાર્ય અનિશ્ચિત મુદત સુધી બંધ રાખવું;

(૨) માર્ચ--એપ્રિલ ૧૯૭૪માં યોજાયેલ યુનિવર્સિટીની તમામ પરીક્ષાઓ અનિશ્ચિત મુદત સુધી મોકૂફ રાખવી; અને

(૩) ભવિષ્યમાં ચાલુ સત્રમાં વિદ્યાર્થીઓની હાજરી, શિક્ષણકાર્ય અને યુનિવર્સિટીની પરીક્ષાઓ અંગે શું કરવું તેની યથાસમયે વિચારણા કરવા માટે તમામ વિદ્યાશાખાઓના અધ્યક્ષો, શ્રી. કુલસચિવ અને શ્રી. પરીક્ષાનિયામકની બનેલી સમિતિ નીમવી.

૪૩. સેકન્ડ બી.એ./બી.એસસી. અને થર્ડ બી.એ./બી.એસસી. આંકડાશાસ્ત્રની પ્રાયોગિક પરીક્ષા માટે અધ્યેનતાણાના દરની પુસ્તિકામાં જે લેબોરેટરી સ્ટાફ છે તે અપૂરતો હોઈ નાયે મુજબનો સ્ટાફ કાયમી ધોરણે વધારવા અંગે આંકડાશાસ્ત્રની અભ્યાસસમિતિના અધ્યક્ષના તા. ૭-૧-૧૯૭૪ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત :

૧. એક મિકેનિક (પ્રાયોગિક પરીક્ષાના દિવસ પૂરતા)
૨. બે એક્ષપર્ટ એસિસ્ટન્ટ (,,)
૩. એક સીનિયર સુપરવાઈઝર (હાલ એક છે તેને બદલે બે સીનિયર સુપરવાઈઝર).

(વિજ્ઞાન વિદ્યાશાખાના ડીને આ ભલામણ યોગ્ય છે તેમ અભિપ્રાય આપ્યો છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત એકિઝક્યુટિવ કાઉન્સિલે તેની તા. ૧૬-૧૧-૧૯૭૩ની સભામાં બાબત નં. ૩૧ હેઠળ નીમેલી સમિતિની વિચારણા માટે મોકલવી.

૪૪. યુનિવર્સિટીના કુલસચિવ શ્રી કં. ચં. પરીખને સ્ટે. ૧૮૮ (૨) પ્રમાણે ગુજરાત યુનિવર્સિટી અને તેની સાથે જોડાયેલી કૉલેજો અને સંસ્થાઓના કર્મચારીઓ માટે ગુજરાત હાઉસિંગ બોર્ડે જે યોજના રજૂ કરી છે તે યોજનામાં રૂ. ૮૫,૦૦૦ની કિંમતનો એક નિવાસસ્થાન બાંધવા અંગે સ્ટે. ૧૮૮ (૨) પ્રમાણે રૂ. ૨૫,૦૦૦ની પ્રોવિડંટ ફંડની લોન આપવા અંગેની તેઓની તા. ૧૧-૨-૧૯૭૪ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

સદરહુ બાબત ચર્ચાવિચારણા માટે હાથ ધરવામાં આવી ત્યારે કુલસચિવશ્રીએ સભાગૃહને જણાવ્યું કે કુલસચિવ શ્રી કં. ચં. પરીખે તેમના પ્રોવિડન્ટ ફંડમાં તા. ૩૧-૩-૧૯૭૩ સુધીમાં જમા થયેલા રૂ. ૫૬,૯૯૦-૩૬ની રકમમાંથી પોતાનું નિવાસસ્થાન બંધાવવા માટે રૂ. ૧૦,૦૦૦ની લોન આપવાની વિનંતી કરી છે.

તે પછી સભાગૃહે ઠરાવ્યું કે કુલસચિવ શ્રી કં. ચં. પરીખને સ્ટે. ૧૮૮ (૨) હેઠળ તેમના પ્રોવિડન્ટ ફંડ ખાતામાંથી યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ રૂ. ૧૦,૦૦૦ની બિલ્ડિંગ લોન મંજૂર કરવી.

૪૫. ઑર્ડિ. ૧૫૯ અન્વયે સોળ સંલગ્ન કૉલેજો તરફથી જૂન ૧૯૭૪થી ટ્યૂશન ફી વધારવા બાબતમાં આવેલ અરજીઓ પરત્વે વિચારણા કરવા બાબત :

[નોંધ.—ઑ. ૧૫૯ અન્વયે આ અંગેના નિર્ણયની જાણ કૉલેજોને તા. ૩૧-૩-૧૯૭૪ પહેલાં કરવાની રહે છે.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ અરજીઓ જોઈ-તપાસીને તે પર સમગ્ર રીતે વિચારણા કરીને પોતાનો સુચિંતિત અહેવાલ રજૂ કરવા માટે નીચે જણાવેલા સભ્યોની સમિતિ રચવી :

૧. આચાર્ય ય. પ્રા. શુકલ
૨. ડૉ. ધીરુભાઈ ઠાકર
૩. ડૉ. વી. સી. શાહ.

૪૬. યુનિવર્સિટી કાર્યાલયમાં હેડક્લાર્ક તરીકે કામ કરતા શ્રી. એમ. બી. દવેને સ્ટે. ૧૮૮ (૨) પ્રમાણે ગુજરાત યુનિવર્સિટીના કર્મચારીઓ તથા સંલગ્ન કૉલેજો તથા સંસ્થાઓના કર્મચારીઓ માટે હાઉસિંગ બોર્ડના તૈયાર થનાર ફ્લેટની રકમ ભરવા અંગે તેઓના ખાતે નીકળતી રકમ આપવા અંગેની તેઓની તા. ૧૨-૨-૧૯૭૪ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધ.—તેઓના પ્રોવિડંટ ફંડ ખાતે તા. ૩૧–૩–૧૯૭૩ના રોજ રૂ. ૬,૪૫૦–૭૯ પૈસા જમા છે અને તેમના ખાતે પ્રોવિડંટ ફંડની લોનના રૂ. ૨,૯૬૫–૦૦ તથા તે પર જે વ્યાજ થાય તે રકમ કાપવાની રહે છે.)

આથી ઠરાવવામાં આવે છે કે લેડકલાર્ક શ્રી. એમ. બી. દવેને સ્ટે. ૧૮૮(૨) લેકળ તેમના પ્રોવિડન્ટ ફંડ ખાતાંની યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ રૂ. ૬,૪૫૦ની મિસ્લિયસ લોન મંજૂર કરવી.

૪૭. વિજ્ઞાન વિદ્યાભવનમાં ખાલી પડનાર પ્રોફેસર ઑફ મેથેમેટીક્સ જગ્યા માટે વરણીસમિતિ ઉપર ત્રણ સભ્યોની નિમણૂક કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ જગ્યા માટે નીચે જણાવેલા સભ્યો પૈકી ત્રણ સભ્યોની ક્રમાનુવર્તી નિમણૂક કરવી :

૧. ડૉ. આર. ડી. આડતિયા
૨. ડૉ. બી. એમ. જૌહરી (દિલ્હી)
૩. ડૉ. એચ. ડી. કુમાર (ઉદેપુર)
૪. ડૉ. કે. બી. દેશપાંડે (મરાઠવાડા)
૫. ડૉ. એચ. સી. મલેશ્વરી (દિલ્હી).

૪૮. ચીફ મેડિકલ ઑફિસરની જગ્યા માટે વરણીસમિતિની રચના કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ જગ્યા માટે નીચે જણાવેલા સભ્યોની વરણીસમિતિ નીમવી :

૧. ડૉ. જ્યોતીન્દ્ર એચ. ભટ્ટ
૨. ડૉ. જે. એન. પટેલ
૩. ડૉ. જે. બી. હરિભક્તિ
૪. ડૉ. વી. એમ. ઠાકોર.

૪૯. યુનિવર્સિટી વિજ્ઞાન વિદ્યાભવનના રસાયણવિજ્ઞાન વિભાગની રીડર-ઇન-કેમિસ્ટ્રી(ઑર્ગેનિક)ની જગ્યા પરની વરણીસમિતિના સભ્ય ડૉ. ચતુરભાઈ પટેલે નાદુરસ્તીના કારણે સમિતિ પર કામ કરવાની અશક્તિ દર્શાવેલ હોઈ તેમના બદલે નવા સભ્યની નિમણૂક કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વરણીસમિતિ પર ડૉ. ચતુરભાઈ પટેલની જગ્યાએ ડૉ. સુરેશભાઈ શેઠનાની નિમણૂક કરવી.

૫૦. એકિઝકયુટિવ કાઉન્સિલે તેની તા. ૮--૯--૧૯૭૩ની સભામાં સમાજવિદ્યા ભવનના રીડર-ઇન-ઇકોનોમિકસની જગ્યા માટે નીચેના સભ્યોમાંથી ત્રણની વરણીસમિતિની રચના કરવા કુલપતિશ્રીને સત્તા આપી છે તે અંગે ફેરવિચારણા કરવા બાબત :

૧. ડૉ ડી. ટી. લાકડાવાળા
૨. પ્રો. એમ. ડી. દેસાઈ
૩. પ્રા. સેમ્યુઅ પૉલ

૪. ડૉ. બ્રહ્માનંદ

૫. ડૉ. વાય. કે. અલઘ

૬. ડૉ. જે. ટી. શેઠી.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વરણીસમિતિની નામાવલિમાં પ્રો. એચ. એચ. દાંતવાલાનું નામ ઉમેરવું અને તેમાંથી ત્રણ સભ્યોની નિમણૂક કરવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૫૧. એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૨૨--૧૧--૧૯૭૩ની સભામાં પ્રોફેસર ઑફ બિઝનેસ મૅનેજમેન્ટની જગ્યા માટે ઓછામાં ઓછી લાયકાતનું ધોરણ સુધારવા માટે કરેલી નીચેની ભલામણ પર વિચારણા કરવામાં આવી :

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બોર્ડની ઉપરની ભલામણ સાથે આ સભાગૃહ સંમત છે.

વધુમાં ઠરાવવામાં આવે છે કે બિઝનેસ એડમિનિસ્ટ્રેશનનો નવો અભ્યાસક્રમ આનુસ્નાતક કક્ષાએ દાખલ કરવામાં આવી રહ્યો છે તે લક્ષમાં રાખીને આંતરીક ગુણવત્તાની વિદ્યાભારોમાં વિદ્વાનોની નિમણૂક માટેની ઓછામાં ઓછી લાયકાત અંગેનાં ધારાધોરણોમાં નીચેની નોંધ ઉમેરવી :

'The following shall be the minimum qualifications for appointment to the various categories of teachers in the Department of Business Administration :

(1) Professor :

(*a*) A post-graduate degree or research degree at least in Second Class in Business Administration or a post-graduate degree in a discipline related to Management Education with at least seven years' combined experience of post-graduate teaching and research or practical experience in their area of functional speciality preferably Business Administrative experience will be considered an added qualification.

Notwithstanding anything contained above it will be competent for the Selection Committee each to make its recommendations in view of the qualitative work put in by a candidate or to invite a person with outstarding qualification or research or experience in the field deemed fit by it.'"

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૫૨. એપ્રિલ ૫ અને ૬, ૧૯૭૪ના સમય દરમિયાન "National Institute of Community Development" તરફથી હૈદરાબાદ મુકામે "Changing Agrarian Relations" પર પરિસંવાદ યોજનાર છે, તેમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગે ઈન્સ્ટિટ્યૂટના ડીન તરફથી આવેલા પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પરિસંવાદમાં આ યુનિવર્સિટીના કોઈ પ્રતિનિધિને મોકલવા નહીં.

૫૩. ચાલુ વર્ષ ૧૯૭૩-૭૪ના પુનર્નિમિત અંદાજપત્રમાં કાનૂની ખર્ચ ખાને રૂ. ૩૦,૦૦૦ની જોગવાઈ છે તે વધારીને રૂ. ૧,૦૦,૦૦૦ની કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ચાલુ વર્ષ ૧૯૭૩-૭૪ના પુનર્નિમિત અંદાજપત્રમાં કાનૂની ખર્ચ ખાતે રૂ. ૩૦,૦૦૦ ની જોગવાઈ છે તે વધારીને રૂ. ૧,૦૦,૦૦૦ (રૂપિયા એક લાખ)ની કરવી.

૫૪. ગુજરાત યુનિવર્સિટી વિસ્તાર અધ્યાપક મંડળ, અમદાવાદના મંત્રીશ્રી તરફથી તેમના તા. ૭-૧૨-૧૯૭૩ના પત્ર દ્વારા આવેલ નીચેના સૂચન પર વિચારણા કરવા બાબત :

"ગુજરાત સરકારે દ્વિતીય વર્ગમાં ઉત્તીર્ણ થયેલા ટયૂટર/ડેમોન્સ્ટ્રેટર્સ માટે રૂ. ૨૫૦-૪૦૦ના સ્કેલમાં તા. ૧-૪-૧૯૬૬થી રૂ. ૩૦૦ના પગારથી શરૂ કરવાનું નક્કી કર્યું છે. તા. ૧-૪-૧૯૬૬ બાદ નિમાયેલા ટયૂટર/ડેમોન્સ્ટ્રેટર્સને પણ તાર્કિક રીતે રૂ. ૨૫૦-૪૦૦ના સ્કેલમાં રૂ. ૩૦૦ના બેઝિક પગારથી શરૂ કરી અને તા. ૧-૪-૧૯૬૬ પહેલાંના અને તા. ૧-૪-૧૯૬૬ બાદના અધ્યાપકો વચ્ચે ઉપસ્થિત થતા પગાર ગ્રેડના ભેદને નિવારવા માટે યુનિવર્સિટીએ પગલાં ભરવાં જોઈએ, જેથી તા. ૧-૪-૧૯૬૬ પહેલાં નિમાયેલા અને તા. ૧-૪-૧૯૬૬ બાદના શિક્ષકો વચ્ચેનો પગારભેદ દૂર થાય."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત, બાબત નં. ૨૪ હેઠળ નિમાયેલી સમિતિની વિચારણા માટે મોકલવી.

૫૫. સ્વામિનારાયણ આર્ટ્સ કૉલેજ, અમદાવાદમાંથી ફારેગ કરવામાં આવેલા અંગ્રેજીના વ્યાખ્યાતા શ્રી જી. આર. ભાવસાર બાબતમાં ઑર્ડિ. ૧૨૦-ડી (૧૬) અનુસાર લવાદપંચ પર કૉલેજ-સંચાલક તરફથી યુનિવર્સિટી કોર્ટના સભ્ય હોય તેવા એક સભ્યની નિમણૂક કરવામાં આવી નથી તો તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજના સંચાલક મંડળને ભારપૂર્વક જણાવવું કે ઑર્ડિ. ૧૨૦-ડી ની પેટાકલમ (૧૬) મુજબ લવાદપંચ પર પોતાનો પ્રતિનિધિ નીમવો આવશ્યક છે.

૫૬. એકેડેમિક કાઉન્સિલની તા. ૨૩-૧૨-૧૯૭૩ની સભાની ભલામણો અનુસાર નીચેના અભ્યાસક્રમો સ્થાપવા તથા તે ભલામણોને અનુલક્ષીને સ્ટે. ૨૦૨ સુધારવા અંગે વિચારણા કરવા બાબત :

(૧) સેન્ટર ફોર મૅનેજમેન્ટ ઍન્ડ પ્રોફેશનલ ટ્રેઇનિંગ
(એક વિભાગ યુનિવર્સિટીના સમાજવિદ્યા ભવનમાં સ્થાપવા)

(૨) ઈન્ડસ્ટ્રિયલ લેબોરેટરી
(એક વિભાગ વિજ્ઞાન વિદ્યાભવનમાં સ્થાપવા)

(૩) ઈન્સ્ટિટ્યૂટ ઑફ પોલિમર કેમિસ્ટ્રી

(૪) ઈન્સ્ટિટ્યૂટ ફોર ઇંગ્લિશ ઍન્ડ ફોરેન લેંગ્વેજીસ.

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ભલામણ મુજબ સ્ટે. ૨૦૨ સુધારવા માટે યુનિવર્સિટી કોર્ટને ભલામણ કરવી.

(સુધારેલા સ્ટે. ૨૦૨ની નકલ પરિશિષ્ટ "ચ" તરીકે સામેલ છે.)

૫૭. જૂન, ૧૯૭૩થી જોડાણ મેળવવા માટેની આવેલ અરજીઓ પૈકી નીચે જણાવેલ કૉલેજોની અરજીઓની બાબતમાં જોડાણ માટે મૂકવામાં આવેલી શરતોના પરિપાલનમાં તેમનાં નામ સામે જણાવેલ ક્ષતિ-ઊણપ હજી સુધી રહેવા પામી છે તો તે અંગે વિચારણા કરવા બાબત :

ક્રમાંક	કૉલેજનું નામ	નોંધ
૧.	ગુજરાત કૉલેજ, અમદાવાદ	... (૧) સમાજશાસ્ત્રના પ્રાધ્યાપકની નિમણૂક કરવામાં આવી નથી. સમાજશાસ્ત્રના પ્રાધ્યાપકની નિમણૂક બાબતમાં સરકારશ્રી તરફથી રૂ. ૪૦૦-૮૦૦ના પગારધોરણની જગ્યા ફાળવવામાં આવી છે એમ આચાર્યશ્રી જણાવે છે. (૨) કીટાણુવિજ્ઞાન વિષયના પ્રાયોગિક કાર્યના કુલ કાર્યભારને અનુલક્ષીને એક ખંડ સમયના ડેમોન્સ્ટ્રેટર નીમવા આચાર્યને જણાવ્યું છે.
૨.	એમ. એન. કૉલેજ, વીસનગર	... આંકડાશાસ્ત્રના પ્રાધ્યાપકની નિમણૂક કરવામાં આવી નથી તે પ્રાધ્યાપકની નિમણૂક અંગે જગ્યા મંજૂર કરવા સરકારશ્રીને દરખાસ્ત કરેલ છે. સરકારશ્રી તરફથી હુકમો મળ્યેથી નિમણૂક કરવા અંગે કાર્યવાહી કરવામાં આવશે તેમ આચાર્યશ્રી જણાવે છે.
૩.	આર. કે. પરીખ આર્ટ્સ એન્ડ એમ. કે. પટેલ કૉમર્સ કૉલેજ, પેટલાદ	... પ્રૉવિડંટ ફંડ અંગે ટ્રસ્ટની રચના કરવામાં આવી નથી અને ટૂંક સમયમાં ટ્રસ્ટ રજિસ્ટર્ડ કરાવવામાં આવશે અને રજિસ્ટર્ડ થયેથી માલિની મોકલશે એમ આચાર્યશ્રીએ જણાવેલ છે.
૪.	સી. વી. શાહ લૉ કૉલેજ, ખંભાત	... (૧) ગ્રંથાલયમાં પુસ્તકો અને સામયિકો માટે અગાઉ મૂકેલ શરતોના સંદર્ભમાં રૂ. ૨,૫૨૬-૫૦ પૈસાનો ખર્ચ કરવાની ઊણપ રહેલી છે તે ખર્ચ કરી જાણ કરવા જણાવ્યું છે. (૨) કૉલેજ અસ્તિત્વમાં આવી ત્યારથી અત્યાર સુધીની કર્મચારીઓની કપાત તથા સંસ્થાના ફાળાની કુલ કેટલી રકમ અલગ ખાતામાં જમા કરાવી છે તે પુછાવ્યું છે.
૫.	પાટણ ખાતે જૂન, ૧૯૭૩થી શરૂ થયેલ એમ. એન. લૉ કૉલેજ, પાટણ	... (૧) કૉલેજ તરફથી શરતોનું યથાર્થ પરિપાલન કરવામાં આવ્યું છે. (૨) ચકાસણી સમિતિનો અહેવાલ આવ્યો નથી.

(**નોંધ.**—ઉપર ક્રમાંક ૧ થી ૫ની બાબતમાં એક્ઝિકયુટિવ કાઉન્સિલે તેની તા. ૧૩-૧૦-૧૯૭૩ની સભામાં નીચે પ્રમાણે ઠરાવ્યું છે :

" આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજના જોડાણ અંગેની શરતોના પરિપાલનમાં રહેલી ઊણપો ત્વરિત દૂર કરીને એક મહિનામાં યુનિવર્સિટી કાર્યાલયને જાણ કરવા માટે જણાવવું

અને ઉમેરવું કે જો તેમ કરવામાં આવશે નહિ તો યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ સદરહુ કૉલેજો સામે ઘટતાં પગલાં લેવા માટે સદરહુ બાબત એકેડેમિક કાઉન્સિલને મોકલીને જરૂરી કાર્યવાહી કરવામાં આવશે.)

૬. એચ. એલ. કૉલેજ ઑફ કૉમર્સ, અમદાવાદ ... (૧) પ્રૉવિડંટ ફંડ અંગેના ટ્રસ્ટની રચના કરવામાં આવી નથી. અમદાવાદ એજ્યુકેશન સોસાયટીની ગવર્નિંગ બૉડીએ યુનિવર્સિટીએ સૂચવેલ પ્રૉવિડંટ ફંડના નિયમો સ્વીકારવાનું ઠરાવેલ છે એમ કૉલેજે જણાવેલ છે.

(૨) પ્રાધ્યાપક એન. એમ. પટેલને યુનિવર્સિટીના નિયમ મુજબ પ્રૉવિડંટ ફંડની રકમ ચૂકવવા જણાવ્યું છે.

આથી ઠરાવવામાં આવે છે કે—

(૧) ઉપરની કૉલેજો નં. ૧ અને ૨ ના જોડાણ અંગેની શરતોના પરિપાલનમાં રહેતી ઊણપો મુજબની ઊણપો ત્વરિત દૂર કરવા માટે શ્રી. શિક્ષણસંચાલકને ઘટતો પત્ર લખવા શ્રી. કુલપતિને વિનંતી કરવી.

(૨) ઉપરની કૉલેજો નં. ૩, ૪, ૫ અને ૬ની બાબતમાં જોડાણની શરતોના પરિપાલનમાં રહેતી ક્ષતિઓ/ઊણપો માટે સદરહુ કૉલેજોને ઠપકો આપવો અને તે અંગે તેમનાં સંચાલકમંડળોને ઘટતો પત્ર લખવા માટે કુલપતિશ્રીને વિનંતી કરવી.

૫૮. અમદાવાદ ટેક્સ્ટાઈલ્સ ઈન્ડસ્ટ્રીઝ રિસર્ચ એસોસિયેશન (અટિરા), અમદાવાદને તા. ૧૫-૬-૧૯૭૨થી તા. ૧૪-૬-૧૯૭૭ સુધી રસાયણવિજ્ઞાન અને ભૌતિકવિજ્ઞાનના વિષયોમાં પીએચ.ડી.ની પદવી માટે સંશોધન-કાર્ય માટે ચાલુ માન્યતા આપવા અંગે વિચારણા કરવા બાબત.

[નોંધ.—શરતોના પરિપાલનના સંદર્ભમાં તેઓએ તેમના તા. ૯-૨-૧૯૭૪ના પત્રાંક એ.ડી./૬૭-૧-૧૬૧૮૧થી નીચે મુજબ જણાવ્યું છે :

"In this connection we wish to inform you that we are following the Council of Scientific & Industrial Research (CSIR), New Delhi rules with regard to the grade/salary, Provident fund and gratuity which are higher than the University, viz., Provident fund rate is 8⅓%, gratuity is 4% and the salary is higher than the salary paid by the University."]

આથી ઠરાવવામાં આવે છે કે અમદાવાદ ટેક્સ્ટાઈલ્સ ઈન્ડસ્ટ્રીઝ રિસર્ચ એસોસિયેશન, અમદાવાદને રસાયણવિજ્ઞાન અને ભૌતિકવિજ્ઞાનના વિષયોમાં પીએચ.ડી.ની પદવી માટે તા. ૧૫-૬-'૭૨થી તા. ૧૪-૬-'૭૭ સુધી સંશોધનકાર્ય માટે ચાલુ માન્યતા આપવી.

૫૯. ગુજરાત રાજ્યની હાલની પરિસ્થિતિમાં માર્ચ-એપ્રિલ ૧૯૭૪માં લેવાનાર તબીબી, અનુસ્નાતક પરીક્ષા અને પ્રી-યુનિવર્સિટી પરીક્ષા સિવાયની પરીક્ષાઓનાં આવેદનપત્રો મુકરર કરેલ તારીખો બાદ આવ્યાં હોય તો ઑર્ડિ. ૧૨૯૯ના પ્રૉવિઝો મુજબ વિદ્યાર્થીઓને લેઈટ ફી ભરવામાંથી મુક્તિ આપવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે પ્રવર્તમાન પરિસ્થિતિમાં સંલગ્ન કૉલેજો અને અનુસ્નાતક વિદ્યાભવનોનું શિક્ષણકાર્ય ચાલી શકતું નથી તે વિશિષ્ટ સંજોગો જેનાં પરીક્ષાઓ માટેનાં મોડાં આવેલાં આવેદનપત્રોની લેઈટ ફી ભરવામાંથી વિદ્યાર્થીઓને ચાલુ વર્ષે મુકિત આપવી અને જે લેઈટ-ફી ભરવામાં આવેલી હોય તે પાછી આપવી.

૬૦. શ્રી. સી. એન. પટેલ ફરતીકૂઈવાળા આર્ટ્સ અને ડભોઈ નગરપાલિકા સાયન્સ કૉલેજ, ડભોઈમાં અંગ્રેજીના ટયૂટર તરીકે શૈક્ષણિક કાર્ય કરતા શ્રી. એ. એન. શેઠ તથા કલોલ મ્યુનિ. આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, કલોલમાં અંગ્રેજીના ટયૂટર તરીકે શૈક્ષણિક કાર્ય કરતાં શ્રીમતી રેણુકા એચ. શુકલ એ બન્ને શિક્ષકો બી.એ. તથા એમ.એ.ની બન્ને પદવીઓ પાસ વર્ગમાં ધરાવતાં હોવાથી તેમની નિમણૂકો ચાલુ શૈક્ષણિક વર્ષ પૂરતી ગ્રાહ્ય ગણવા અંગે આવેલ જે તે કૉલેજની વિનંતી પર વિચારણા કરવા બાબત.

(નોંધ.—ટયૂટર માટે બી.એ. અથવા એમ.એ. એ બેમાંથી કોઈ પણ જગ્યાએ દ્વિતીય વર્ગની પદવી આવશ્યક છે.)

આથી ઠરાવવામાં આવે છે કે—

(૧) શ્રી સી. એન. પટેલ ફરતીકૂઈવાળા આર્ટ્સ એન્ડ ડભોઈ નગરપાલિકા સાયન્સ કૉલેજ, ડભોઈમાં શ્રી. એ. એન. શેઠની અંગ્રેજીના ટયૂટર તરીકેની નિમણૂક ચાલુ વર્ષ પૂરતી ગ્રાહ્ય ગણવી અને સદરહુ કૉલેજને જણાવવું કે જૂન ૧૯૭૪થી યોગ્ય લાયકાત ધરાવતા અંગ્રેજીના ટયૂટરની નિમણૂક કરવી આવશ્યક રહેશે અને જો તેમ કરવામાં નહીં આવે તો તે વિષયમાં નવા વિદ્યાર્થીઓને દાખલ કરી શકાશે નહીં.

(૨) કલોલ મ્યુનિસિપલ આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, કલોલમાં શ્રીમતી રેણુકા એચ. શુકલની અંગ્રેજીના ટયૂટર તરીકેની નિમણૂક ચાલુ વર્ષ પૂરતી ગ્રાહ્ય ગણવી અને સદરહુ કૉલેજને જણાવવું કે જૂન ૧૯૭૪થી યોગ્ય લાયકાત ધરાવતા અંગ્રેજીના ટયૂટરની નિમણૂક કરવી આવશ્યક રહેશે અને જો તેમ કરવામાં નહીં આવે તો તે વિષયમાં નવા વિદ્યાર્થીઓને દાખલ કરી શકાશે નહીં.

૬૧. શેઠ એચ. પી. આર્ટ્સ એન્ડ તલોદ સહકારી મંડળી કૉમર્સ કૉલેજ, તલોદે વાણિજ્ય વિષયનું શિક્ષણકાર્ય લાયકાત ધરાવતા પ્રાધ્યાપકને બદલે મુદ્રાકાંતી પ્રાધ્યાપક દ્વારા ચલાવ્યું હોઈ તે અંગે વિચારણા કરવા બાબત.

[**નોંધ.**—(૧) શ્રી. એમ. સી. ભટ્ટ, એસ. વી. કૉમર્સ કૉલેજ, અમદાવાદમાં પૂર્ણ સમયના પ્રાધ્યાપક તરીકે કાર્ય કરે છે; તેઓ પ્રાધ્યાપક માટેની જરૂરી લાયકાત ધરાવે છે.

(૨) બન્ને કૉલેજનો કાર્યભાર યુનિવર્સિટીનાં ધારાધોરણ અનુસાર છે.

(૩) શ્રી. એમ. સી. ભટ્ટ, શેઠ એચ. પી. આર્ટ્સ એન્ડ તલોદ એસ. એમ. કૉમર્સ કૉલેજ, તલોદમાં તા. ૨૯-૬-૧૯૭૨થી શૈક્ષણિક કાર્ય કરે છે.]

આથી ઠરાવવામાં આવે છે કે શેઠ એચ. પી. આર્ટ્સ એન્ડ તલોદ સહકારી મંડળી કૉમર્સ કૉલેજ, તલોદમાં શ્રી એમ. સી. ભટ્ટને મુદ્રાકાંતી પ્રાધ્યાપક તરીકે કામ કરવા માટે ચાલુ વર્ષ પૂરતી પરવાનગી આપવી, અને સદરહુ કૉલેજને જણાવવું કે જૂન ૧૯૭૪થી યોગ્ય લાયકાત ધરાવતા વાણિજ્યના પ્રાધ્યાપકની નિમણૂક કરવી આવશ્યક રહેશે; અને જો તેમ કરવામાં નહીં આવે તો તે વિષયમાં વિદ્યાર્થીઓને દાખલ કરી શકાશે નહીં.

૬૨. એક જ સંચાલક મંડળ હેઠળની કૉલેજો પૈકી કોઈ એક કૉલેજના શિક્ષકનો કાર્યભાર ઑર્ડિ. ૧૨૦-એ માં નિર્દેશિત મર્યાદાથી ઓછો હોય તો તેમની સેવાઓ તે જ મંડળની અન્ય કૉલેજ(ભગિની સંસ્થા)માં લેવા બાબતમાં નિયમ કરવા સૂચન કરતા આચાર્યશ્રી ય. પ્રા. શુકલના પત્ર પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે એક જ સંચાલકમંડળ હેઠળ ચાલતી અને એક જ સ્થળે આવેલી બે કૉલેજોનાં અધ્યાપકોને, યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ કુલ કાર્યભારની મર્યાદાને આધીન, તેમનો કાર્યભાર વધે નહીં તે રીતે કામ સોંપવામાં આવે તો તે બાબત ગ્રાહ્ય રાખવી.

૬૩. ગુજરાત યુનિવર્સિટી સુપરવાઈઝરી સ્ટાફ ઍસોસિયેશનની તા. ૨૮-૯-૧૯૭૩ના રોજ મળેલ વાર્ષિક સામાન્ય સભાની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ ભલામણો દ્વારા કરવામાં આવેલી માગણી સ્ટાફ અંગેની સ્થાયી સમિતિની વિચારણા માટે મોકલવી.

૬૪. ગ્રાન્ટ આપ્યા બાદ પણ કૉલેજોને બાકી જતી હોય તો બાકીના ૫૦ ટકા જેટલો હિસ્સો રાજ્ય સરકાર આપશે તે મતલબના રાજ્ય સરકારના તા. ૧૪-૨-૧૯૭૪ના સરકારી ઠરાવ ક્રમાંક એન.જી.સી. ૧૩૭૪-ખની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની સાભાર નોંધ લેવી.

૬૫. ગુજરાત યુનિવર્સિટીના ઉપક્રમે માઉન્ટ આબુ મુકામે એપ્રિલ-મે ૧૯૭૩માં યોજવામાં આવેલ "માઉન્ટેનિયરિંગ ટ્રેનિંગ કૅમ્પ" અંગે ભારત સરકારના શિક્ષણ અને સમાજકલ્યાણ ખાતા તરફથી તેમના પત્રાંક એફ. ૬-૯-૧૯૭૩ (વાય.એસ.) (II)-૨, તા. ૪-૧-૧૯૭૪થી અનુદાનની રકમ રૂ. ૨,૫૦૦ મંજૂર કર્યાની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની સાભાર નોંધ લેવી.

૬૬. કે. એમ. સ્કૂલ ઑફ પોસ્ટ-ગ્રેજ્યુએટ મેડિસિન ઍન્ડ રિસર્ચ, વી. એસ. હૉસ્પિટલ, અમદાવાદ-૬ના ઉપક્રમે તા. ૧૭-૧૨-૧૯૭૩થી તા. ૨૦-૧૨-૧૯૭૩ દરમિયાન યોજવામાં આવેલ XXIII Annual Conference of the Neurological Society of India અંગે યુ. ગ્રાન્ટ્સ કમિશનને તેમના પત્રાંક F-3-24(14)/73(SI), Dt. 201273થી અનુદાનની રકમ રૂ. ૩,૦૦૦ (રૂપિયા ત્રણ હજાર) મંજૂર કર્યાની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની સાભાર નોંધ લેવી.

૬૭. "યૂથ વેલ્ફેર બોર્ડ ઑફ કમિટી-ફાયનાન્શિયલ આસિસ્ટન્ટ્સ ટૂ ગુજરાત યુનિવર્સિટી એઈડ ફૉર ધી ઈયર ૧૯૭૨-૭૩" અંગે અનુદાનની રકમ રૂ. ૧૧,૫૨૦ (અંકે રૂપિયા અગિયાર હજાર પાંચસોવીસ) ભારત સરકારના શિક્ષણ અને સમાજકલ્યાણ ખાતા (ન્યૂ દિલ્હી) તરફથી તેમના પત્રાંક એફ. ૨૦-૧૨-૭૩-વાયએસઆઈ (I), તા. ૧૧-૧-૧૯૭૪થી મંજૂર કર્યાની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની સાભાર નોંધ લેવી.

૬૮. તા. ૧૭--૧--૧૯૭૪ અને તા. ૨૪--૧--૧૯૭૪ના રોજ કેટલાક વિદ્યાર્થીઓએ યુનિવર્સિટી કાર્યાલયમાં કરેલ તોફાનને કારણે થયેલ નુકસાન પરત્વે વિચારણા કરવા બાબત.

(નોંધ.—નુકસાનનો અંદાજ અનુક્રમે રૂ. ૧,૩૪૦ અને રૂ. ૧૦,૦૦૦ જેટલો થાય છે તો આ અંગે પોલીસ ફરિયાદ અનુક્રમે સી.આર. નં. ૭૮—૭૪ અને ૯૮—૭૪થી નોંધાવેલ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૬૯. એકિઝકયુટિવ કાઉન્સિલની તા. ૧૬--૧૧--૧૯૭૩ની સભામાં સંલગ્ન કૉલેજોના બિનશૈક્ષણિક કર્મચારીઓની સેવાના નિયમો, ઈત્યાદિ તૈયાર કરી અહેવાલ રજૂ કરવા નિમવેલ સમિતિની તા. ૧૫--૨--૧૯૭૪-ના રોજ મળેલ સભાની ભલામણો પર વિચારણા કરવા બાબત.

સદરહુ સમિતિની તા. ૧૫--૨--૧૯૭૪ની સભાનો અહેવાલ સ્વીકારવામાં આવ્યો અને ઠરાવવામાં આવ્યું કે સદરહુ અહેવાલ મુજબ સુધારેલાં પગારધોરણોનો અમલ તા. ૧--૪--૧૯૭૩થી કરવા માટે સંલગ્ન કૉલેજો અને માન્ય સંસ્થાઓને જણાવવું.

(સદરહુ સમિતિની તા. ૧૫--૨--૧૯૭૪ની સભાની કાર્યવાહીની નોંધની નકલ **પરિશિષ્ટ 'છ'** તરીકે સામેલ છે.)

૭૦. કુલપતિશ્રીએ મંજૂર કરેલાં નીચેનાં કાર્યોની નોંધ લેવા બાબત :

(૧) એકિઝકયુટિવ કાઉન્સિલે તેની તા. ૨૨—૧—૧૯૭૪ની સભામાં ઠરાવ કર્યા મુજબ સંલગ્ન કૉલેજો, માન્ય સંસ્થાઓ અને યુનિવર્સિટીનાં અનુસ્નાતક વિદ્યાભવનોનું શિક્ષણકાર્ય શનિવાર, તા. ૨—૨—૧૯૭૪ સુધી બંધ રાખ્યાના તેમ જ સાંચારબંધીને કારણે યુનિવર્સિટી કાર્યાલયનું કામકાજ તા. ૩૧—૧—૧૯૭૪ સુધી બંધ રાખ્યાના;

(૨) જાન્યુઆરી ૧૮થી ૨૦, ૧૯૭૪ના સમય દરમિયાન The Indian Association for the Advancement of Medical Educationના મણિપાલ મુકામે યોજાયેલ ૧૩મા વાર્ષિક અધિવેશનમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે ડૉ. એચ. એલ. પટેલને મોકલ્યાના;

(૩) આગ્રા મુકામે તા. ૫થી૭ ફેબ્રુઆરી ૧૯૭૪ દરમિયાન મળનાર "All India Conference of Obstetrics and Gynaecology"ના ૧૭મા અધિવેશનમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે શ્રીમતી ડૉ. એચ. એન. શાહની નિમણૂક કર્યાના;

(૪) ગુજરાત રાજ્યની વર્તમાન પરિસ્થિતિના સંદર્ભમાં તા. ૨૫—૨—૧૯૭૪ના રોજની બી.એડ. પાર્ટ બેની (પ્રાયોગિક) શરૂ થતી પરીક્ષા મુલતવી રાખ્યાના;

(૫) ફર્સ્ટ અને સેકંડ બી.એસસી. નર્સિંગની પરીક્ષાઓ શરૂ થવાની તારીખમાં ફેરફાર કર્યાના;

(૬) માર્ચ-એપ્રિલ ૧૯૭૪માં લેવાનાર ફર્સ્ટ બી.એ. અને ફર્સ્ટ બી.કૉમ.ની પરીક્ષા માટે સાબરમતીને કેન્દ્ર તરીકે માન્યતા આપ્યાના;

(૭) આર. આર. લાલન કૉલેજના પ્રી-સાયન્સ વર્ગનાં વિદ્યાર્થિની કુ. આમેટા કે. એલ.. કે જેઓ પ્રથમ સત્રના અંતે આ યુનિવર્સિટી છોડીને અન્યત્ર જતાં હોઈ તેમની ખૂટતી હાજરી માફ કર્યાના;

(૮) માર્ચ-એપ્રિલ ૧૯૭૪માં લેવાનાર જુદી જુદી પરીક્ષાઓ માટે સિદ્ધપુર કેન્દ્રને ગયે વર્ષે જે પરીક્ષાઓ માટે તે કેન્દ્ર હતું તે પરીક્ષાઓ માટે કેન્દ્ર તરીકે ચાલુ રાખવા અંગેની તે કૉલેજના આચાર્યશ્રીની વિનંતી માન્ય કર્યાના;

(૯) યુનિવર્સિટી કાર્યાલયના સિન્ડિકેટ વિભાગમાં જુ. ક્લાર્ક તરીકે કામ કરતા શ્રી. આર. આર. ગાંધીને તેઓની પત્નીને મુંબઈ મુકામે ઑપરેશન કરાવવા તાકીદે લઈ જવાનાં હોઈ એકિઝકયુટિવ કાઉન્સિલ વ્યાજનો જે દર નક્કી કરે તે સ્વીકારવાની શરતે તથા આ બાબતને શિરસ્તારૂપ ગણવામાં આવશે નહીં તે સ્પષ્ટતા સાથે તેઓને રૂ. ૧,૦૦૦ની લોન આપવાનું મંજૂર કર્યાના;

(૧૦) યુનિવર્સિટી મુદ્રણાલયમાં હેડ-બાઈન્ડર તરીકે કામ કરતા શ્રી. એમ. કે. કદમ તા. ૩–૧૨—૧૯૭૩થી રાજીનામું આપી છૂટા થયા હોઈ અને હાલ તેઓ ગંભીર માંદગીમાં હોઈ તેઓને આ નાણાની તાકીદે જરૂર હોઈ તેઓને ગ્રૅચ્યુઈટીની રકમ હિસાબે રૂ. ૨,૩૨૧-૫૫ પૈસાની એકિઝકયુટિવ કાઉન્સિલની બહાલીની અપેક્ષાએ ચૂકવી આપ્યાના;

(**નોંધ.**-તેઓ યુનિવર્સિટી મુદ્રણાલયમાં તા. ૧૯–૧--૧૯૫૯ના રોજ જોડાયા હતા અને તેઓ તા. ૩—૧૨—૧૯૭૩ના રોજ રાજીનામું આપી છૂટા થયા હતા.)

(૧૧) યુનિવર્સિટીના આઈ. બી. એમ. વિભાગમાં કામ કરતા સર્વશ્રી જે. જી. શિંગાડે, હેડક્લાર્ક તથા કે. એમ. પરમાર, સીનિયર ક્લાર્કને તા. ૨—૬—૧૯૭૩થી તા. ૩૦—૬—૧૯૭૩ સુધીના સમયનું દરેકને, આ કામ માટે નિયત થયેલ રૂ. ૧૫નું માસિક મશીન ભથ્થું આપવાના;

(૧૨) આચાર્ય વાય. પી. શુકલ તથા આચાર્ય જે. સી. ત્રિવેદી, આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, મોડાસાની સ્થાનિક તપાસ અર્થે અને આચાર્ય એન. એસ. પંડ્યા બી કૉલેજ, મોડાસાની સ્થાનિક તપાસ અર્થે એક જ ટેક્ષી દ્વારા ગયેલા જે અંગે આચાર્ય વાય. પી. શુકલને જવા-આવવાનો ટેક્ષી ભાડાનો રૂ. ૧૫૦/— (અંકે રૂપિયા એકસો પચાસ)નો actual ખર્ચ થયો તે મંજૂર કર્યાના. (સદરહુ સભ્યોને રોકાણ ભથ્થું કે અન્ય કોઈ ભથ્થું આપવામાં આવ્યું નથી.)

આથી ફરાવવામાં આવે છે કે કુલપતિશ્રીનાં ઉપરનાં કાર્યોની નોંધ લેવી.

વધુમાં ફરાવવામાં આવે છે કે ઉપરની પેટાબાબત નં. (૯) હેઠળ શ્રી. આર. આર. ગાંધીને રૂ. ૧,૦૦૦ની લોન મંજૂર કરવામાં આવી છે તે માટે વ્યાજનો દર ચાર ટકાનો રાખવો અને તે લોન કુલ માસિક ૬૦ હપતાથી પરત લેવાનું રાખવું.

૭૧. બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગ ઍન્ડ રિસર્ચની તા. ૧૫--૨--૧૯૭૪ની સભાની ભલામણો પર વિચારણા કરવા બાબત.

[**નોંધ.**—નોંધની બાબત નં. ૨૦ જે ઍકેડેમિક કાઉન્સિલ તરફ મોકલવામાં આવી છે તે સિવાયની અન્ય બાબતો અંગે વિચારણા કરવાની રહે છે.]

આથી ઠરાવવામાં આવે છે કે—

(૧) સદરહુ બોર્ડની તા. ૧૫--૨--૧૯૭૪ની સભાની બાબત નં. ૧૭ ઉપરની ભલામણ એકિઝકયુટિવ કાઉન્સિલે તેની તા. ૧૬–૧૧–૧૯૭૩ની સભામાં બાબત નં. ૩૫ હેઠળ નીમેલી સમિતિની વિચારણા માટે મોકલવી.

(૨) સદરહુ બોર્ડની તા. ૧૫--૨--૧૯૭૪ની સભાની બાબત નં. ૨ નો નીચેનો ભાગ તથા બાબત ક્રમાંક ૫, ૨૦, ૨૭ અને ૩૨ની વિચારણા ઍકેડેમિક કાઉન્સિલે કરવાની હોવાથી તે સિવાયની અન્ય બાબતે. અંગેની ભલામણો મંજૂર કરવી.

"સૌપ્રથમ પીએચ.ડી. પદવી માટે સંશોધનકામનું માર્ગદર્શન આપવા માટેના ઓછામાં ઓછા જરૂરી અનુભવની બાબતમાં ઠરાવવામાં આવ્યું કે જે શિક્ષકોની પાસે જરૂરી શૈક્ષણિક લાયકાત ઉપરાંત પાંચ વર્ષનો અનુસ્નાતક શિક્ષણ અને/અથવા સંશોધનકામનો અનુભવ હોય તો તે પર્યાપ્ત ગણવો; અને તે હેતુ માટે ઓ. ૬૫–એચની કલમ (એ) નીચે મુજબ વંચાય તે રીતે સુધારવા એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવી :

O. 65–H (*a*) of Arts including Education, Science, Commerce and Medicine be amended to read as under :

(*a*) A research degree of recognised University in the subjects in which recognition is sought with five years' standing as a Recognised P. G. teacher for Master's degree and/or for research."

(સદરહુ બોર્ડની તા. ૧૫–૨–૧૯૭૪ની સભાની કાર્યવાહીની નોંધની નકલ **પરિશિષ્ટ "જ"** તરીકે સામેલ છે.)

૭૨. યુનિવર્સિટીના હિસાબ વિભાગમાં જુનિયર ક્લાર્ક તરીકે કામ કરતા શ્રી. બી. કે. ઝાલાને તેઓના નહેરુપાર્ક કો-ઓ. હા. સો.ના મકાન-મરામત કરવા અંગે સ્ટે. ૧૮૮ (૨) પ્રમાણે તેઓના ખાતે નીકળતી રૂ. ૪,૮૦૦ (અંકે રૂ. ચાર હજાર આઠસો)ની પ્રોવિડંટ ફંડની લોન આપવા અંગેની તેઓની તા. ૧૮–૨–૧૯૭૪ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—તેઓના પ્રોવિડંટ ફંડ ખાતે તા. ૩૧–૩–૧૯૭૪ના રોજ રૂ. ૪,૮૫૫–૯૮ પૈસા જમા છે, અને તેમની પ્રોવિડંટ ફંડની લોનમાં રૂ. ૧,૮૦૦ તથા તે પર વ્યાજની ગણતરી કરતાં જે રકમ થાય તે કાપીને નીકળતી રકમ તા. ૧–૪–૧૯૭૪ના રોજ આપવાની થશે.)

આથી ઠરાવવામાં આવે છે કે જુનિયર ક્લાર્ક શ્રી. બી. કે. ઝાલાને સ્ટે. ૧૮૮ (૨) હેઠળ મકાન મરામત માટે તેમના પ્રોવિડન્ટ ફંડ ખાતામાંથી યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ રૂ. ૪,૮૦૦ ની લોન મંજૂર કરવી.

૭૩. વિજ્ઞાન વિદ્યાભવનના ફોટોગ્રાફર શ્રી. એમ. એ. શાહની સેવાઓ અજન્ટા કૉલેજ ઑફ ફોટોગ્રાફી, અમદાવાદને આપવા અંગે તે સંસ્થા તરફથી આવેલ તા. ૧૧–૨–૧૯૭૪ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વિનંતી સ્વીકારવાનું શકય નથી.

૭૪. સંલગ્ન કૉલેજોના શિક્ષકોને બઢતી મળતાં તેમનો મૂળ પગાર નક્કી કરતી વખતે વિપરીત અસર ન થાય તે અંગેનો અહેવાલ તૈયાર કરવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલે તેની તા. ૧૫–૧૨–૧૯૭૩ની સભામાં નિયુકત કરેલી સમિતિની તા. ૧૫–૨–૧૯૭૪ની સભાની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

"ચર્ચાવિચારણાને અંતે ભલામણ કરવામાં આવે છે કે સંલગ્ન કૉલેજોમાં કાર્ય કરતા શિક્ષકોને બઢતી મળે ત્યારે તેમને નીચલી કક્ષાએ મળતો મૂળ પગાર બઢતી મળતાં રક્ષાવો જોઈએ.

વધુમાં આ સમિતિ માને છે કે આ એક સર્વસામાન્ય નિયમ છે, તેનું પાલન થવું જરૂરી અને આવશ્યક છે."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૭૫. બ્રિટિશ કાઉન્સિલ તરફથી બ્રાઇટન ખાતે તા. ૧–૯–૧૯૭૪થી તા. ૧૪–૯–૧૯૭૪ દરમિયાન "ન્યૂ યુનિવર્સિટી પ્લાનિંગ ઍન્ડ ડિઝાઇન"ના અભ્યાસક્રમમાં ભાગ લેવા અરજીઓ મંગાવતા યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનના તા. ૧૨–૨–૧૯૭૪ના પત્રાંક ડી.ઓ. ૧૦–૫. ૭૪ (એફઈ) પરત્વે વિચારણા કરવા બાબત.

[**નોંધ.**—ઉપરના અભ્યાસક્રમમાં હાજરી આપવા જવા માટે આંતરદેશીય મુસાફરી ખર્ચ યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન તરફથી આપવામાં આવનાર છે, જ્યારે અભ્યાસક્રમની ફી તથા બીજાં વધારાનાં ભથ્થાં વગેરે બ્રિટિશ કાઉન્સિલ તરફથી આપવામાં આવનાર છે.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે જરૂરી સૂચનો મેળવીને યોગ્ય નિર્ણય લેવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૭૬. સેમેસ્ટર ૧ અને ૨ પોસ્ટ-ડિપ્લોમા ડિગ્રી કોર્સ ઓક્ટોબર ૧૯૭૩ની પરીક્ષાના વિદ્યાર્થી શ્રી. આર. ડી. શાહને સેમેસ્ટર ૧ અને ૨ પરીક્ષાઓ પાસ કરવાની બે વર્ષની મુદત પૂરી થઈ હોવાથી એક વધારાનો પ્રયત્ન આપવા અંગેની એલ. ડી. એન્જિનિયરિંગ કૉલેજના આચાર્યશ્રી (ડીનશ્રી)ના તા. ૮–૨–૧૯૭૪ની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—આ વિદ્યાર્થી ઓક્ટોબર ૧૯૭૧ની સેમેસ્ટર ૧ અને ૨ પરીક્ષામાં અનુક્રમે કેમિસ્ટ્રી ૧ અને કેમિસ્ટ્રી ૨ વિષયોમાં બેઠેલ તેમણે અગાઉ કેમિસ્ટ્રી ૧ અને ૨ વિષયના સેશનલમાં ૪૦ ટકા કરતાં ઓછા ગુણ મેળવી નાપાસ થયેલ હોવાથી તેમને આંતરિક ગુણ(સેશનલ)ની પરીક્ષા આપવાની હતી, પરંતુ તેમને ૪૦ ટકાના ગુણ કેરીફૉરવર્ડ કરવાના નિયમની જાણ ન હોવાથી તેમણે આંતરિક કસોટીની પરીક્ષા આપી નથી જેને કારણે વિદ્યાર્થી ઓક્ટોબર ૧૯૭૩ની સેમેસ્ટર ૧ અને ૨માં નાપાસ થયેલ છે તે સંદર્ભમાં આ બાબત વિચારવાની થાય છે.)

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. આર. ડી. શાહની સદરહુ વિનંતી આચાર્ય તથા ડીનશ્રીની ભલામણ મુજબ અપવાદરૂપે મંજૂર કરવી.

૭૭. સેમેસ્ટર ૧ અને ૨ પોસ્ટ-ડિપ્લોમા ડિગ્રી કોર્સ પરીક્ષાના વિદ્યાર્થી શ્રી. એસ. કે. વહિયાને સેમેસ્ટર ૧ અને ૨ પરીક્ષાઓ પાસ કરવાની બે વર્ષની મુદત પૂરી થઈ ગઈ હોવાથી એક વધારાનો પ્રયત્ન આપવા અંગેની એલ. ડી. એન્જિનિયરિંગ કૉલેજના આચાર્યશ્રીની (ડીનશ્રીની) તા. ૨૭–૧૨–૧૯૭૩ની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—આ વિદ્યાર્થીને નવેમ્બર ૧૯૭૨ની પરીક્ષામાં ગેરરીતિ આચરવાને કારણે ૬ માસ માટે એટલે તા. ૩૦–૬–૧૯૭૩ સુધી પરીક્ષા પ્રવેશ મનાઈ ફરમાવેલ છે તેના સંદર્ભમાં આ બાબત વિચારવાની થાય છે.)

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. એસ. કે. વહિયાની બાબતમાં આચાર્ય તથા ડીનશ્રીની ઉપરની ભલામણ અપવાદરૂપે મંજૂર કરવી.

૭૮. સંલગ્ન કૉલેજોના આચાર્યોને રૂ. ૧,૧૦૦-૫૦-૧,૬૦૦નું પગારધોરણ આપવા અંગે ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન કૉલેજીસ પ્રિન્સિપાલ્સ એસોસિયેશનના પ્રમુખશ્રીના તા. ૨૧–૨–૧૯૭૪ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સંલગ્ન કૉલેજોના આચાર્યોનું પગારધોરણ સુધારીને રૂ. ૧,૧૦૦-૫૦-૧૬૦૦નું કરવું, અને આ સુધારેલા પગારધોરણનો અમલ તા. ૧–૪–૧૯૭૪થી કરવા માટે કૉલેજોને સૂચના આપવી.

૭૯. પારેખ ગ્રધર્સ સાયન્સ કૉલેજ, કપડવંજમાં એસ.વાય.બી.એસસી. અને ટી.વાય.બી.એસસી.માં ૧૯૭૪--૭૫ના શૈક્ષણિક વર્ષથી શિક્ષણ ફીમાં રૂ. ૧૦નો વધારો કરવા અંગે મંજૂરી માગની અરજી પરત્વે વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—એકિઝકયુટિવ કાઉન્સિલની તા. ૫-૧-૧૯૭૪ની સભામાં બાબત ક્રમાંક ૬૪થી ઠરાવવામાં આવ્યું હતું કે બિનસરકારી કૉલેજોને ગ્રાન્ટ આપવાની બાબતમાં રાજ્ય સરકારના નીતિનિયમોના સંદર્ભમાં કૉલેજ ફાઈનાન્સ સમિતિ (શેલત સમિતિ)ની ભલામણ મુજબ કૉલેજોને આવતી ખાધના ૧૦ ટકા જેટલી આર્થિક સહાય આપવાની જવાબદારી અંગે રાજ્ય સરકારનો નિર્ણય થયેથી સદરહુ બાબત અંગે વિચારણા કરવાનું રાખવું.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત, ઉપર બાબત નં. ૪૧ હેઠળ નીમવામાં આવેલી સમિતિની વિચારણા માટે મોકલવી.

૮૦. એકસ્ટર્નલ પરીક્ષામાં બેસનાર બિન-ગુજરાતી-ભાષી વિદ્યાર્થીઓ માટે તેમના નામની નોંધણીની નરત જ અગાઉના ઓછામાં ઓછા ૧૨ માસ જેટલા ગુજરાત યુનિવર્સિટીના વિસ્તારમાં નિવાસ કરતા હોવાની જરૂરિયાતના સંદર્ભમાં તેમનું સોગંદનામું પ્રત્યેક વર્ષે લેવાની જે જોગવાઈ ઑર્ડિ. ૧૭૪ હેઠળ કરવામાં આવેલી છે તેમાંથી સરકારી, અર્ધસરકારી સંસ્થાઓ જેવી કે મ્યુનિસિપાલિટી, લોકલ બોર્ડ, એલ.આઈ.સી. અને યુનિવર્સિટી કે કૉલેજમાં કામ કરતા હોય તેવા ઉમેદવારોને મુક્તિ આપવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગેનાં હાલનાં ધારાધોરણોમાં કશો ફેરફાર કરવો નહીં.

૮૧. યુનિવર્સિટી કાર્યાલયમાં કુલપતિશ્રીના અંગત સચિવ તરીકે કામ કરતા શ્રી. બી. એમ. વૈશ્યને સ્ટે. ૧૮૮ (૨) પ્રમાણેની ગુજરાત યુનિવર્સિટી અને તેની સાથે જોડાયેલી કૉલેજો અને સંસ્થાઓના કર્મચારી માટે ગુજરાત હાઉસિંગ બોર્ડ તરફથી તૈયાર કરવામાં આવનાર ફ્લેટોમાં તેઓ રૂ. ૩૮,૦૦૦નું એક નિવાસસ્થાન ખરીદવા માટે લોન આપવા અંગેની તેઓની તા. ૧૨--૨--૧૯૭૪ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

[**નોંધ.**—(૧) તેઓએ યુનિવર્સિટી કોન્ટ્રિબ્યુશન સામે આ અગાઉ સ્ટે. ૧૮૮ હેઠળ રૂ. ૪,૮૦૦ની લોન લીધેલી છે, જેની વિગત નીચે પ્રમાણે છે :

યુનિવર્સિટી કોન્ટ્રિબ્યુશન	૧૧,૫૪૨
તા. ૩૧--૩--૧૯૭૩ સુધી રૂ. ૪,૦૦૦ તથા તે પરનું અંદાજી વ્યાજ રૂ. ૫૧૦=રૂ. ૪,૫૧૦	૪,૫૧૦
	૭,૦૩૦

(૨) તેઓને રૂ. ૭,૦૦૦ની લોન મળી શકે. સ્ટે. ૧૮૮ હેઠળ આ તેઓની બીજી લોન છે.]

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીના અંગત સચિવ શ્રી. બી. એમ. વૈશ્યને સ્ટે. ૧૮૮(૨) હેઠળ તેમના પ્રોવિડન્ટ ફંડ ખાતામાંથી યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ રૂ. ૭,૦૦૦ની બિલ્ડિંગ લોન મંજૂર કરવી.

૮૯. બીજા સત્રમાં આંદોલનોને કારણે વિદ્યાર્થીઓ કૉલેજમાં હાજર રહી શક્યા નથી, પરંતુ તા. ૧૮-૧-૧૯૭૪ સુધી બધા વિદ્યાર્થીઓ નિયમિત હાજર રહ્યા હોવાથી બધા વિદ્યાર્થીઓનું બીજું સત્ર મંજૂર કરવા અંગેની બી. સી. જે. સાયન્સ કૉલેજ, ખંભાતના આચાર્યશ્રીની વિનંતી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ચાલુ વર્ષે બીજા સત્રમાં વિદ્યાર્થીઓની હાજરી અંગેનો પ્રશ્ન બાબત નં. ૪૨ હેઠળ નીમવામાં આવેલી સમિતિની વિચારણા માટે મોકલવી.

૯૦. યુનિવર્સિટીના જિમ્નેશિયમના બાંધકામ માટેનો અંદાજી ખર્ચ રૂ. ૨,૨૩,૫૬૦નો મંજૂર કરી તે સામે ૭૫ ટકાના ફાળા તરીકે રૂ. ૧,૮૭,૫૦૦ની ગ્રાન્ટ આપવાનું મંજૂર કર્યા અંગેના યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનના તા. ૧૮-૨-૧૯૭૪ના પત્ર ક્રમાંક એફ. ૧૧-૧-૭૦ (એસ.એ. ૩)ની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની સાભાર નોંધ લેવી.

૯૧. વિજ્ઞાન વિદ્યાભવનના રીડર ડૉ. એમ. એન. દેસાઈને વિઝિટિંગ પ્રોફેસર તરીકે જાપાન જવા માટે ૧૨૦ દિવસની અભ્યાસ-રજા આપવા અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.—વિઝિટિંગ પ્રોફેસર તરીકે તેઓને દૈનિક ૧,૦૦૦ યેન મળશે.)

આથી ઠરાવવામાં આવે છે કે ડૉ. એમ. એન. દેસાઈને જાપાન સોસાયટી ફૉર ધી પ્રોમોશન ઑફ સાયન્સ તરફથી મળેલ નિમંત્રણ હેઠળ મુલાકાતી પ્રાધ્યાપક તરીકે જાપાનના પ્રવાસે જવા માટે નીચેની શરતોએ અભ્યાસ-રજા મંજૂર કરવી અને આ માટે ભારત સરકારને અનુમતિ આપવા માટે વિનંતી કરવી :

(૧) તેઓ જે તારીખથી રજા ઉપર જાય તે તારીખથી તેમને મૂળ માસિક પગારના (કોઈ પણ પ્રકારનાં ભથ્થાં સિવાય) ૫૦ ટકા કે રૂ. ૪૦૦ ઉચ્યક, એ બેમાંથી જે રકમ વધુ હોય તે, માસિક વેતન તરીકે આપવી અને વધુમાં તેમને તેમના આ ખાસ રજાના ગાળા દરમિયાન આવતા વેકેશનના સમય માટે પૂરેપૂરું વેતન (પગાર અને ભથ્થાં સહિત) આપવું;

(૨) તેમને આપવામાં આવેલી રજાની મુદત પૂરી થાય કે તરત જ તેઓ યુનિવર્સિટીમાં પોતાની નોકરી ઉપર હાજર થશે અને તે પછી ઓછામાં ઓછાં ત્રણ વર્ષ સુધી તેઓ તે જગ્યા પર તેમની હાલની નોકરીની શરતોએ કામ કરશે, તે મુજબની બાંયધરી તેમના તરફથી આપવામાં આવે;

(૩) તેમને આપવામાં આવેલી ખાસ રજાની મુદતમાં કશો વધારો મળી શકશે નહિ;

(૪) ઉપર જણાવેલ શરત નં. (૧), (૨) અને (૩)નું પાલન કરી શકે નહિ તો તેમને રજા દરમિયાન મળેલાં નાણાં તથા ત્રણ માસનો પગાર (ભથ્થાં કાપેલી રકમ નોટિસ-પે તરીકે તેઓ યુનિવર્સિટીને ભરપાઈ કરશે; અને

(૫) ઉપર જણાવેલી શરતો મુજબ લેખિત બાંયધરી અને તે માટે જરૂરી જામીનગીરીઓ તેઓએ આપવાની રહેશે.

૯૨. એક્ઝિકયુટિવ કાઉન્સિલે તેની તા. ૪--૭--૧૯૭૩ની સભામાં યુનિવર્સિટીના વિજ્ઞાન વિદ્યાભવનમાં રસાયણવિજ્ઞાનના એક વધુ પ્રોફેસરની જગ્યા માટે યુ.જી.સી.ની મંજૂરી મળ્યેથી રસાયણવિજ્ઞાનના પ્રોફેસરોની બેઉ જગ્યાઓની જાહેરાત કરવાનું ઠરાવ્યું છે તેના સંદર્ભમાં યુ.જી.સી.એ "કમિટેડ એકસપેન્ડિચર" ગણવાનું જણાવતાં તે શકય નથી તો હવે આગળ પગલાં શાં લેવાં તે અંગે વિચારણા કરવા બાબત.

સદરહુ બાબત વિચારણા માટે હાથ ધરવામાં આવી ત્યારે પોતાની રિટ અરજી પાછી ખેંચી લેવાની બાબતનો ડૉ. એમ. એન. દેસાઈનો પત્ર સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો.

તે પછી ઠરાવવામાં આવ્યું કે યુનિવર્સિટીના વિજ્ઞાન વિદ્યાભવનમાં રસાયણવિજ્ઞાનના પ્રોફેસરની જગ્યા માટે ફરીથી જાહેરખબર આપીને નવેસરથી અરજીઓ મંગાવવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે સદરહુ પ્રોફેસરની જગ્યા માટેની વરણીસમિતિ પર નીચે જણાવેલા સભ્યો પૈકી ત્રણની ક્રમાનુવર્તી નિમણૂક કરવી :

(૧) પ્રો. રામાચાર, બેંગ્લોર

(૨) પ્રો. એમ. એમ. ચક્રવર્તી, કલકત્તા

(૩) પ્રો. બી. ડી. ટિળક, પૂના

(૪) પ્રો. સુબ્બારાવ, કાનપુર

(૫) પ્રો. જી. એસ. સહોરિયર, દિલ્હી

૯૩. યુનિવર્સિટીની તબીબી સહાય યોજનામાંથી "ધી ગુજરાત ડાયાબીટીસ એસોસિયેશન"ને માન્ય દવાખાનાંઓની યાદીમાં સામેલ કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ગુજરાત ડાયાબીટીસ એસોસિયેશનને, યુનિવર્સિટી કર્મચારીઓને તબીબી સહાય માટેની યોજના હેઠળ માન્ય દવાખાનાંની યાદીમાં સમાવિષ્ટ કરવું.

૯૪. ગુજરાત યુનિવર્સિટીની એમ.ડી. (ગાયનેકોલોજી)ની અનુસ્નાતક પદવી પરીક્ષામાં પ્રથમ પ્રયત્ને સૌથી વધુ ગુણાંક મેળવી ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થીને પ્રતિવર્ષ આશરે રૂ. ૩૪૦ની રકમનું એક પારિતોષિક એનાયત કરવા માટે શ્રી. રસિકલાલ ચિમનલાલ નગરીએ તેમના તા. ૨૨–૨–૧૯૭૪ના પત્રની સાથે પ્રદાનની રકમ રૂ. ૭,૫૦૦ તથા એપ્રિલ ૧૯૭૪ માટે વધારાની રકમ રૂ. ૩૫૦નો ચેક મોકલી પ્રદાન સ્વીકારવા કરેલ વિનંતી પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પ્રદાનનો સાભાર સ્વીકાર કરવો.

૯૫. ખોટાં ગુણપત્રકો રજૂ કરીને ફર્સ્ટ બી.કૉમ.ના વર્ગમાં પ્રવેશ મેળવવા માટે એલિજિબિલિટી સર્ટિફિકેટ મેળવ્યાં હોય તેવા વિદ્યાર્થીઓના કેસ અંગે એક્ઝિકયુટિવ કાઉન્સિલની તા. ૧૬ નવેંબર ૧૯૭૩ની સભામાં ખાતાવાર તપાસ કરવા માટે નીમેલ સમિતિની તા. ૧૮ ફેબ્રુઆરી ૧૯૭૪ની ભલામણ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિનો હેવાલ સ્વીકારવો તથા તે અંગે જરૂરી કાર્યવાહી કરવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૯૬. ગુજરાત યુનિવર્સિટી પુસ્તક નિધિ યોજના હેઠળ આવેલી અરજીઓ જોઈતપાસીને શિક્ષકોને યુનિવર્સિટીનાં ધારાધોરણ અનુસાર આર્થિક સહાય મંજૂર કરવાની બાબતમાં પોતાની ભલામણો રજૂ કરવા માટે એક્ઝિકયુટિવ કાઉન્સિલે તેની તા. ૧૧--૧૨--૧૯૭૩ની સભાના કામકાજ ક્રમાંક ૮૯ અન્વયે નીમેલી સમિતિની તા. ૨૨--૨--૧૯૭૪ની સભાની ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૨૨--૨--૧૯૭૪ની સભાની નીચેની ભલામણ મંજૂર કરવી :

> "શિક્ષકોની અરજીઓનું તારણ તપાસી લેતાં અને યુનિવર્સિટીએ વર્ષ ૧૯૭૩--૭૪ માટે નક્કી કરેલી નાણાકીય જોગવાઈ રૂ. ૨૧,૦૦૦ ની મર્યાદાને લક્ષમાં રાખી કુલ ખર્ચના ૧૦ ટકા પરંતુ કોઈ પણ સંજોગોમાં રૂ. ૭૫ (અંકે રૂપિયા પંચોતેર)થી વધુ નહીં તેટલી આર્થિક સહાય પ્રત્યેક શિક્ષકને મંજૂર રાખવા આ સભા એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરે છે."

૯૭. માર્ચ ૧૯૭૪માં લેવાનાર આ યુનિવર્સિટીની તબીબી વિદ્યાશાખાની એમ.ડી.,એમ.એસ., એમ.એસસી. (મેડિ.) ડી.એ., ડી.એમ.આર.ઈ. ભાગ ૧--૨, ડી.જી.ઓ. ડી.વી. એન્ડ ડી., ડી.ઓ., ડી.પેડ., ટી.ડી.ડી., ડી.પી.એમ. ભાગ--૧--૨ અને ડી.એલ.ઓ.ની પરીક્ષાઓ મુલતવી રાખ્યાના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીના સદરહુ કાર્યની નોંધ લેવી.

૯૮. ડૉ. (મિસિસ) ગિરિજા રાજારામને શરૂઆતના મૂળ માસિક પગાર રૂ. ૫૨૦થી રૂ. ૪૦૦-૪૦--૮૦૦-૫૦-૯૫૦ના પગારધોરણમાં લેક્ચરર ઇન સ્પેસ સાયન્સ એન્ડ એપ્લિકેશનની જગ્યા પર નિમણૂક કરી છે, પરંતુ તેઓને હાલ મૂળ પગાર રૂ. ૬૪૦ મળતો હોવાથી તેઓને શરૂઆતના પગારમાં પગારવધારો કરી આપવા અંગે તેઓના તા. ૧૮--૨--૧૯૭૪ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ડૉ. (શ્રીમતી) ગિરિજા રાજારામની સદરહુ વિનંતી સ્વીકારવી નહીં.

તે પછી પ્રમુખશ્રીની પરવાનગીથી નીચેની બાબતો સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવી :

૯૯. યુનિવર્સિટીના બિનશૈક્ષણિક વર્ગના કર્મચારીઓના મૂળ માસિક પગારમાં અંશતઃ મોંઘવારી ભથ્થું ભેળવવાની તથા વચગાળાની રાહત આપવાની બાબતમાં રાજ્ય સરકાર સાથે થયેલી વાટાઘાટને અનુલક્ષીને તે અંગે કર્મચારીઓની માગણી અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે રાજ્ય સરકાર તરફથી જરૂરી મંજૂરી મળ્યેથી તે અંગે, રાજ્ય સરકારના જી.આર.ને આધીન, જરૂરી નિર્ણય લેવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૧૦૦. Central Board for Workers' Education ના ઉપક્રમે મજૂર તાલીમ કેન્દ્રના વર્ગો અમદાવાદમાં શરૂ થનાર હોઈ તે માટે યુનિવર્સિટી કૅમ્પસ પર જરૂરી સગવડ આપવા અંગેની સદરહુ કેન્દ્રના નિયામકશ્રીની તા. ૨૨--૨--૧૯૭૪ની અરજી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કેન્દ્રને યુનિવર્સિટીના સમાજવિદ્યા ભવનમાં જરૂરી જગ્યા એક વર્ષ માટે આપવા માટે તથા તે અંગેનું ભાડું ઠરાવવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૧૦૧. આ યુનિવર્સિટીની જુદી જુદી પરીક્ષાઓ દરમ્યાન વિદ્યાર્થીઓએ અજમાવેલ ગેરવાજબી ઈલાજો અંગેના કેસો ઉપર વિચારણા કરવા તા. ૧૧--૨-૧૯૭૪ના રોજ મળેલ પરીક્ષાશુદ્ધિ સમિતિની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૧૧--૨--૧૯૭૪ની સભાની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિની તા. ૧૧--૨--૧૯૭૪ની સભાની કાર્યવાહીની નોંધની નકલ સામેલ કરવામાં આવી નથી.)

૧૦૨. એકિઝકયુટિવ કાઉન્સિલે તેની તા. ૧૬--૧૧--૧૯૭૩ની સભામાં સ્ટે./ઑર્ડ. સુધારવા માટે નીમેલી સમિતિની ભલામણ અનુસાર આ સાથે જોડયા પ્રમાણેના સુધારવા માટેના સ્ટે. ૪(૯), સ્ટે. ૧૦, સ્ટે. ૧૦(એ), સ્ટે. ૧૨, સ્ટે. ૧૪--સી તથા સ્ટે. ૧૫૬ના મુસદ્દા પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૧૦૩. ગુજરાત યુનિવર્સિટી કૉલેજીસ પ્રિન્સિપાલ્સ ઍસોસિયેશનના પ્રમુખ આચાર્ય ય. પ્રા. શુકલના તા. ૨૧--૨--૧૯૭૪ના પત્રથી મોકલવામાં આવેલા આચાર્યશ્રીઓની કાર્યવાહક સમિતિના નીચેના ઠરાવ પર વિચારણા કરવા બાબત :

"ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન કૉલેજ આચાર્ય સંઘની કાર્યવાહક સમિતિની આ સભા ગુજરાતની લોકલાગણીને માન આપીને ગુજરાત વિધાનસભાનું સત્વર વિસર્જન કરવા અને યોગ્ય સમયે નવી ચૂંટણીઓ યોજવા ભારતના રાષ્ટ્રપતિને અને ગુજરાતના રાજ્યપાલશ્રીને આગ્રહપૂર્વક વિનંતી કરે છે. આ સભા ગુજરાતના સર્વ ધારાસભ્યોને ધારાસભાના વિસર્જનની પ્રક્રિયાને સરળ બનાવવા માટે સ્વેચ્છાએ ધારાસભ્યપદનું રાજીનામું આપી દેવા આગ્રહપૂર્વક અનુરોધ કરે છે:

આ સભા ગુજરાત યુનિવર્સિટીની એકિઝકયુટિવ કાઉન્સિલને વિનંતી કરે છે કે તેઓ પણ વિધાનસભાના તાત્કાલિક વિસર્જનની માગણીને ટેકો આપે."

ચર્ચાવિચારણાને અંતે નીચે મુજબ ઠરાવવામાં આવ્યું :

"ગુજરાતભરમાં જે વ્યાપક લોકલાગણી અને પ્રચંડ ક્ષોભ પ્રવર્તે છે તેથી શિક્ષણકાર્ય સ્થગિત થઈ ગયું છે એ પરિસ્થિતિના ઉપલક્ષ્યમાં લોકલાગણી ધ્યાનમાં લેવા, પ્રજાની યાતનાઓનો અંત લાવવા અને શિક્ષણ સહિત સર્વ વ્યવહારોને સમંધારણ બનાવવા ગુજરાત વિધાનસભાનું વિસર્જન થાય તે માટેનાં સર્વ પગલાં સત્વર ભરવા ગુજરાત યુનિવર્સિટીની એકિઝકયુટિવ કાઉન્સિલ ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીને વિનંતી કરે છે.

વધુમાં આ કાઉન્સિલ રાજ્યપાલશ્રીને વિનંતી કરે છે કે મેંધવારી ઘટે અને વાજબી ભાવે તેમ જ ગ્રાહકોને કષ્ટ ન પડે એવી રીતે પ્રજાને જીવનજરૂરી ચીજવસ્તુઓ મળી રહે તેવી વિતરણ-વ્યવસ્થાઓ તેઓ તત્કાલ ઉપજાવે."

તે પછી સભાગૃહનું કામકાજ પૂરું થયું હતું.

નં. એકિઝ. કા./૪૨૧૯૧/૧૯૭૪.
ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય
અમદાવાદ—૩૮૦૦૦૯
માર્ચ ૧૪, ૧૯૭૪.

કં. ચં. પરીખ
કુલસચિવ.

પરિશિષ્ટ "ક"
કામકાજ ક્રમાંક ૮

A meeting of the Selection Committee for recommending names for appointment to the post of Professor-in-Space Sciences and their applications in the University School of Sciences, Gujarat University was held at Space applications Centre on Thursday the 10th January, 1974 at 12-30 p.m. Shri Ishwarbhai J. Patel, Vice-Chancellor, Gujarat University presided.

The attendance of the Selection Committee members was as under :

1.	Shri Ishwarbhai J. Patel, Vice-Chancellor	Present
2.	Dr. B. M. Udgaonkar	Present
3.	Dr. Yash Pal	Present
4.	Lt. Colonel Pant	Present.

Prof. P. D. Pathak, Head of the University Department of Physics was present by invitation.

The following candidates were called for interview :

1.	Dr. S. D. Verma	Present
2.	Prof. R. P. Kane	Absent
3.	Prof. P. J. Joglekar	Present
4.	Shri A. D. Pathak	Absent.

After interviewing the two candidates who remained present the committee resolved as under :

"Dr. S. D. Verma and Dr. P. J. Joglekar have been found suitable for the post of Professor of Space Science in the School of Sciences of Gujarat University, and it is, therefore recommended that one of them be appointed to the post in order of preference "

Ishwarbhai J. Patel
Dr. B. M. Udgaonkar
Dr. Yash Pal
Lt. Colonel Pant
P. D. Pathak (Invitee)

પરિશિષ્ટ " ખ "
કામકાજ ક્રમાંક ૧૭

HARI OM ASHRAM,
NADIAD.
Date : 8-1-1974.

True Copy

RESOLUTION NO. 191 DATED 8-1-1974.

Original Scientific Researches, in India, in various fields, for the welfare of our country, are a dire need at present. With this object in view, the Board of Trustees of Hari Om Ashram Trust, Nadiad, resolves that a sum of Rs. 50,000 (Rupees fifty thousand) be handed over to Gujarat University, Ahmedabad, to enable it to create a Hari Om Ashram Prerit.....
.....
Research Award Endowment so that those engaged in researches in science.....
.....might get incentive and fillip by the Award from the interest of this endowment.

The Board of Trustees further resolves that the terms and conditions of this endowment shall be as under :

1. The name of this endowment will be HARI OM ASHRAM PRERIT GOKULDAS, BAMBHDOI Research Award Endowment.
2. The amount of this endowment shall be invested in A Class Scheduled Bank in maximum long term fixed deposits so as to bear the then highest available rate of interest and the annual amount derived from the interest shall be entirely utilised for giving away the Award Prize, in cash, every year.
3. The award will be made every year by Gujarat University to an Indian for his outstanding original research in the field of Science.....
.....
in Gujarat on the recommendation of an expert committee to be appointed by Gujarat University.

4. One representative of the Hari Om Ashram, Nadiad, shall be associated with the above expert committee (his names will be informed later on) which would invite and inspect the applications about the research and the verdict of the committee would be considered final.

5. In case in any particular year no award is made the amount of interest accrued to the endowment money would be credited and added to the endowment fund.

6. The value of the award would be roughly Rs. 3,500/- but in case Gujarat University decided to make (devide) two awards at a time in a particular year, the value will be equally devided.

7. The name and address of the awardee as well as the annual audited report on the working of the endowment shall be communicated to Hari Om Ashram by Gujarat University every year, in due course, and the account of this endowment shall be kept separate from the general accounts of University and publish a report of the award every year in the annual report of Gujarat University.

8. All administrative expenses that may have to be incurred in connection with the award and the expenditure for organising an appropriate function for giving away the award shall be met by Gujarat University from their own funds. This can be effected at the time of convocation if it suits the University.

9. The detailed rules and regulations governing the award shall be framed by Gujarat University and the endowment too shall be administered by Gujarat University.

10. If there be no functioning of this foundation for three consecutive years or in case of non-existence of Gujarat University at any time, the endowment together with accrued interest there upon will have to be returned to Hari Om Ashram, Nadiad by Gujarat University.

11. In case any difficulty arises in giving effect to the provisions of the above regulations, Vice-Chancellor of Gujarat University shall have the power to make any provision contained in this regulation in connection with, and approval of, the Hari Om Ashram, Nadiad.

Nandlal B. Shah
Managing Trustee,
Hari Om Ashram, Nadiad.

* *

P. S. : 1. We take it for granted that Gujarat University will give due publicity of this endowment to the press and will include while issuing a receipt of the amount when realised the words "*for educational purpose*".

2. Full amount would be handed over to Gujarat University within three months from the date of the receipt of the acceptance latter about our resolution.

Nandlal B. Shah

Managing Trustee,
Hari Om Ashram, Nadiad.

પરિશિષ્ટ "ગ"

કામકાજ ક્રમાંક ૩૩

હરિઝ્ઞ આશ્રમ અંધ વિદ્યાર્થી કેસેટ લાઇબ્રેરી

૧. એસ.એસ સી., સંગીત વિશારદ, ફિઝિક્સ થેરેપી અને કૉલેજના અંધ વિદ્યાર્થીઓ આ પુસ્તકાલયના સભ્ય થઈ શકશે.

૨. વાર્ષિક સભ્ય ફી રૂ. ૨ રહેશે.

૩. સભ્યોને ઓળખપત્ર આપવામાં આવશે, એ રજૂ કર્યેથી કેસેટ્સ લોન ઉપર આપવામાં આવશે.

૪. દરેક કેસેટ દીઠ રૂ. ૫(પાંચ)ની અનામત આપવાની રહેશે, જે કેસેટ પરત કરતાં પાછી આપવામાં આવશે.

૫. પ્રાપ્ય હશે ત્યાં સુધી કેસેટ લોન પર આપવામાં આવશે.

૬. કેસેટ ખોવાય કે નુકસાન થાય તો તે નવું લાવી આપવાનું રહેશે.

૭. લોન પર લીધેલું કેસેટ વાર્ષિક પરીક્ષા પૂરી થયા પછી દસ દિવસમાં પરત કરવાનું રહેશે.

૮. રેકોર્ડ થયેલું સાહિત્ય કાઢી નાખવું નહીં, જેનો લાભ બીજા વિદ્યાર્થીઓ લઈ શકે.

૯. અભ્યાસના વિષયો સિવાય જો તેનો અન્ય કામ કરવા માટે ઉપયોગ કરવામાં આવે છે તેમ જણ થતાં જ કેસેટ્સ પરત મંગાવી લેવામાં આવશે, અને એની અનામત પરત કરવામાં આવશે નહીં. ઉપરાંત ભવિષ્યમાં આ યોજનાના લાભથી તે વંચિત રહેશે.

ઉપરના નિયમો મેં વાંચ્યા છે અને મને મંજૂર છે.

.....

(કેસેટ લેનારની સહી)

પરિશિષ્ટ "ઘ"

કામકાજ ક્રમાંક ૪૧

ગુજરાત યુનિવર્સિટીની પ્રકાશન બોર્ડની ૨૫મી સભા મંગળવાર, તા. ૨૨—૧—૧૯૭૪ના રોજ બપોરના 3-30 વાગ્યે ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. પ્રમુખસ્થાન કુલપતિશ્રી ઈશ્વરભાઈ જેઠાભાઈ પટેલે સંભાળ્યું હતું. સભામાં હાજરી નીચે પ્રમાણે હતી :

ક્રમાંક	સભ્યનું નામ	તા. ૨૨-૧-૧૯૭૪
૧.	શ્રી. ઈશ્વરભાઈ જેઠાભાઈ પટેલ, કુલપતિ	હાજર
૨.	આચાર્ય ય. પ્રા. શુકલ	હાજર
૩.	આચાર્ય કે. એન. શાહ	ગેરહાજર
૪.	ડૉ. આર. એમ. ચોકસી	ગેરહાજર
૫.	આચાર્ય સી. એસ. શાહ	ગેરહાજર
૬.	આચાર્ય જી. એમ. પટેલ	ગેરહાજર
૭.	આચાર્ય વી. જે. જાની	હાજર
૮.	આચાર્ય એમ. એસ. પંડિત	ગેરહાજર
૯.	ડૉ. એ. એમ. મલાવવાલા	ગેરહાજર
૧૦.	ડૉ. જે. જે. ચિનોય	હાજર
૧૧.	આચાર્ય એચ. કે. ત્રિવેદી	ગેરહાજર
૧૨.	આચાર્ય જે. જે. ત્રિવેદી	હાજર
૧૩.	ડૉ. ડી. ડી. માલવણિયા	ગેરહાજર
૧૪.	આચાર્ય એસ. આર. મહેતા	હાજર
૧૫.	પ્રો. અંબુભાઈ ટી. દેસાઈ	હાજર.

૧. તા. ૨૧—૧—૧૯૭૨ ને શુક્રવારના રોજ મળેલ પ્રકાશન બોર્ડની ૨૪મી સભાના કામકાજની નોંધને મંજૂર કરવા બાબત.

તા. ૨૧—૧—૧૯૭૨ ને શુક્રવારના રોજ મળેલ પ્રકાશન બોર્ડની સભાના કામકાજની નોંધને મંજૂર કરવામાં આવી અને તે ઉપર કુલપતિશ્રીએ સહી કરી.

૨. આ યુનિવર્સિટીએ પીએચ.ડી.ની પદવી માટે સ્વીકારેલા ડૉ. રાજનાથ પાંડેના મહાનિબંધ "વિશ્વ ગુણદર્શચમ્પૂકા આલોચનાત્મક એવં સાંસ્કૃતિક અધ્યયન"ના પ્રકાશન માટે આર્થિક સહાય આપવા તેમણે કરેલ વિનંતી પર વિચારણા કરવા બાબત.

[**નોંધ.**—સદરહુ મહાનિબંધની ૧૦૦ નકલનો અંદાજી ખર્ચ રૂ. ૯,૮૦૦ થાય તેમ છે.]

આથી એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે ડૉ. રાજનાથ પાંડેને દિલગીરી સાથે એમ જણાવવું કે તેમના મહાનિબંધ "વિશ્વ ગુણદર્શચમ્પૂકા આલોચનાત્મક એવં સાંસ્કૃતિક અધ્યયન"ના પ્રકાશન માટે આર્થિક સહાય આપવાનું શકય નથી.

૩. શ્રી. વાલ્મીકિ રામાયણનો પોતે કરેલ સમશ્લોકી અનુવાદ પ્રકાશિત કરવા માટેની શ્રીમતી સુરેશાબહેન મજમુદારની વિનંતી પર વિચારણા કરવા બાબત,

[નોંધ.—આ હસ્તપ્રતનો કુલ અંદાજી ખર્ચ લગભગ રૂ. ૨૩,૦૦૦ થાય તેમ છે.]

આથી એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે ઉપર દર્શાવેલ અનુવાદને પ્રો. રસિકલાલ પરીખને અને પ્રો. નગીનદાસ પારેખને ક્રમાનુવર્તી ધોરણે અભિપ્રાય માટે મોકલવો અને તેમનો અભિપ્રાય મળ્યેથી સદરહુ બાબત ફરીથી આ બોર્ડ સમક્ષ રજૂ કરવાનું રાખવું.

૪. શ્રી. વિજયરાય કે. વૈદ્યે "સાહિત્યપ્રિયનો સાથી", ભાગ ૨—૩ના પ્રકાશન માટે યુનિવર્સિટી પાસે રૂ. ૫,૦૦૦ની આર્થિક સહાય માટે તેમના તા. ૬—૯—૧૯૭૧ના પત્રથી કરેલ વિનંતી ઉપર વિચારણા કરવા બાબત.

આથી એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે ઉપર દર્શાવેલ પ્રકાશન અંગે આર્થિક સહાય આપી શકાય તેમ નથી તેમ શ્રી. વૈદ્યને દિલગીરી સાથે જણાવવું.

૫. ડૉ. તપસ્વી એસ. નાન્દીએ તૈયાર કરેલ "સાર દિપિકા", ઉલ્લાસ ૧થી ૬ (ગુણરત્નગણી) કૃત નામના સંશોધન કામને યુનિવર્સિટી દ્વારા પ્રકાશિત કરવા અંગે તેમની વિનંતી ઉપર વિચારણા કરવા બાબત.

[નોંધ.—સદરહુ પ્રકાશનની ૫૦૦ નકલનો અંદાજી ખર્ચ રૂ. ૬,૫૦૦ થાય તેમ છે.]

આથી એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે ડૉ. તપસ્વી નાન્દીના ઉપરોક્ત સંશોધન કામને ૧૯૭૪—૭૫ના વર્ષમાં પ્રકાશન માટે હાથ ધરવાનું રાખવું અને તે માટે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન પાસેથી આર્થિક સહાય મેળવવા તજવીજ કરવી.

૬. ગુજરાતના જાણીતા નાટયકાર સ્વ. કવિશ્રી જી. એ. વેરાટીની કેટલીક કૃતિઓની હસ્તપ્રત તૈયાર હોઈ તેના પ્રકાશન માટે ઘટતી આર્થિક સહાય માટે ડૉ. કંચનલાલ જી. કાંટાવાલા(નડિયાદ)એ કરેલ વિનંતી ઉપર વિચારણા કરવા બાબત.

[નોંધ.—અંદાજી ૧,૦૦૦ પાનાંના પુસ્તકની ૫૦૦ નકલ માટે રૂ. ૧૦,૦૦૦ ખર્ચ થશે.]

આથી એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે ડૉ. કાંટાવાળાને જણાવવું કે ઉપર દર્શાવેલ હસ્તપ્રત જોયા વિના તેના પ્રકાશન અંગે નિર્ણય કરવાનું શકય નથી.

૭. સંલગ્ન તમામ કૉલેજોનાં મેગેઝિનોમાંથી વિદ્યાર્થીઓના લેખોનું સંકલન કરી પ્રકાશિત કરવા અંગેનું સૂચન બોર્ડ ઑફ એકસ્ટ્રામ્યુરલ સ્ટડીઝે આ બોર્ડની વિચારણા માટે મોકલ્યું હોઈ તે અંગે ઘટતી વિચારણા કરવા બાબત.

આથી એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે યુવક કલ્યાણ સમિતિની પેટાસમિતિની સભા મળે ત્યારે ઉપર જણાવેલ બાબત અંગે નિર્ણય લેવાનું રાખવું.

૮. "કાન્હડદે પ્રબંધ" ખંડ ૩--૪ : ડૉ. કે. બી. વ્યાસની કૃતિના પ્રથમ વારના પ્રકાશન માટે ઘટતી આર્થિક સહાય આપવા માટે ડૉ. વ્યાસે કરેલ વિનંતી પર વિચારણા કરવી.

[નોંધ.—સદરહુ પ્રકાશન માટે એન. એમ. ત્રિપાઠી પ્રા. લિ. તરફથી ક્રાઉન સાઈઝના ૨૮૦ પાનાંના પુસ્તકની ૧,૦૦૦ નકલ માટે કુલ રૂ. ૩,૫૦૦ અંદાજે ખર્ચ થશે તેમ જણાવે છે.]

આથી એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે ડૉ. કે. બી. વ્યાસને ઉપર જણાવેલ તેમના સંશોધન ગ્રંથના પ્રકાશન માટે નીચેની ચાર શરતોએ સદરહુ પુસ્તક બહાર પડયેથી રૂ. ૫૦૦ની

આર્થિક સહાય આપવી :

૧. સહાયનો પ્રસ્તાવનામાં ઉલ્લેખ કરવો.
૨. મુખપૃષ્ઠ ઉપર "ગુજરાત યુનિવર્સિટીની આર્થિક સહાયથી પ્રકાશિત" એમ છાપવું.
૩. પ્રકાશનની ૧૦ નકલો યુનિવર્સિટીને વિના મૂલ્યે આપવી, અને
૪. પ્રકાશની વેચાણ કિંમત યુનિવર્સિટીની મંજૂરી મેળવીને નક્કી કરવી.

૯. ઈન્ડિયન કાઉન્સિલ ઑફ સોશિયલ સાયન્સ રિસર્ચ, ન્યૂ દિલ્હીના તા. ૪--૯--૧૯૭૩ના પત્રાંક એફ-૩--૧--૬૯ આર.આઈ.બી.ગુજ.પીયુબી.થી આવેલા નીચેના પ્રસ્તાવ ઉપર વિચારણા કરવા બાબત :

"સમાજવિદ્યાના વિષય ઉપર આજદિન સુધીમાં આ યુનિવર્સિટીએ સ્વીકારેલ સારાંશનો (સિનોપ્સિસ) એક પુસ્તકાકારે પ્રકાશિત કરવા સૂચવેલ છે. સદરહુ પ્રકાશનના કુલ ખર્ચના ૭૫ ટકા કે રૂ. ૩,૦૦૦ જે ઓછા હશે તે ખર્ચ આપશે, જ્યારે યુનિવર્સિટીએ ૨૫ નકલો સદરહુ સંસ્થાને ભેટરૂપે આપવી પડશે."

[નોંધ.—આજ સુધીમાં ગુજરાત યુનિવર્સિટી તરફથી સમાજવિદ્યાના વિષય ઉપર કુલ ૬૨ વિદ્યાર્થીઓ-વિદ્યાર્થિનીઓને પીએચ.ડી.ની પદવી એનાયત કરવામાં આવેલ છે, જેની યાદી સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવશે.]

આથી એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે સમાજવિદ્યાના વિષય પર આ યુનિવર્સિટીએ સ્વીકારેલ મહાનિબંધના સારાંશને ઈન્ડિયન કાઉન્સિલ ઑફ સોશિયલ સાયન્સ રિસર્ચ, ન્યૂ દિલ્હીના પ્રસ્તાવને અનુલક્ષીને સદરહુ યોજના નીચે એક પુસ્તકાકારે પ્રગટ કરવાનું રાખવું.

વધુમાં ઠરાવવામાં આવે છે કે જે તે લેખક પાસે ૬થી ૮ પાનામાં ૨૦૦૦ થી ૨૫૦૦ શબ્દોમાં તેમના મહાનિબંધનો અર્ક--સારાંશ તૈયાર કરીને આ કાર્યાલયને મોકલી આપે જેથી જે તે વિષયના વિભાગના વડાને મોકલી મંજૂરી મેળવી મુદ્રણક્ષમ પત્ર તૈયાર કરાવવો.

વધુમાં એમ પણ સૂચન કરવામાં આવ્યું કે વાણિજ્ય અને વિજ્ઞાનના વિષયો અંગેના મહાનિબંધ માટે પણ પ્રસ્તાવ હાથ ધરવા સદરહુ કાઉન્સિલ સાથે જરૂરી પત્રવ્યવહાર કરીને વિનંતી કરવી.

૧૦. પ્રમુખશ્રીની મંજૂરીથી નીચેની બાબત રજૂ કરવામાં આવી :

"શિબિર સંચાલન"ના વિષય પર યુનિવર્સિટીના એન.એસ.એસ. વિભાગમાં અધીક્ષક તરીકે કામ કરતા શ્રી. રામભાઈ પટેલે તૈયાર કરેલ હસ્તપ્રતને યુનિવર્સિટી દ્વારા પ્રકાશિત કરવા શ્રી. પટેલની વિનંતી પર વિચારણા કરવા બાબત.

[નોંધ.—૧૧૦૦ નકલનો અંદાજી ખર્ચ રૂ. ૧,૧૭૫ થશે.]

આથી એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે ઉપર દર્શાવેલ હસ્તપ્રતને આચાર્ય શ્રી. ય. પ્રા. શુકલ જોઈતપાસી આપે તે પછી યુનિવર્સિટી દ્વારા પ્રકાશિત કરવી અને તે અંગેનો ઉપર મુજબનો રૂ. ૧,૧૭૫ સુધીનો ખર્ચ મંજૂર કરવો.

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

કૃ. દ. પંડ્યા
કુલસચિવ વતી.

પરિશિષ્ટ "ચ"

કામકાજ ક્રમાંક ૫૬

Statute 202 :

The University Schools shall comprise the following Departments :

(*i*) University School of Social Sciences :

This School shall provide for post-graduate instruction and guide research work in the following subjects :

(1) Economics
(2) Sociology
(3) Politics
(4) Statistics
(5) Labour welfare and Social work
(6) History
(7) Business Management and Industrial Management
(8) Social Change
(9) Management and Professional Training.

This School may also impart such instruction in Diploma Courses and Certificate courses as may be instituted by the Court from time to time.

(*ii*) University School of Languages :

This School shall provide for post-graduate instruction and guide research work on the following subjects :

(1) Gujarati
(2) Modern and Ancient Indian and Foreign Languages
(3) Linguistics.

(*iii*) University School of Psychology, Education and Philosophy :

This School shall provide for post-graduate instruction and research work in the following subjects :

(1) Psychology
(2) Education
(3) Philosophy
(4) Post-graduate Teachers Training Diploma Course.

(*iv*) University School of Sciences :

This School shall provide instruction and guide research work in the following subjects and branches :

(1) Physics (Pure and Applied) and all its branches including :

1. Experimental and Theoretical Physics,
2 Astro–Physics, and
3. Bio–Physics.

(2) Chemistry (Pure and Applied) and all its branches including :

1. Inorganic Chemistry
2. Organic Chemistry
3. Physical Chemistry
4. Bio-Chemistry
5. Chemical Technology indluding Chemical Engineering
6. Analytical Chemistry.

(3) Mathematics (Pure and Applied) and all its branches including Statistics.

(4) Botany and all its branches including Paleo–Botany and Zoology and all its branches.

(5) Industrial Laboratory.

(*v*) Computer Training Centre.

(*vi*) University School of Polymer Chemistry :

This School shall provide instruction and guide research work in : Polymer Chemistry and allied subjects.

(*vii*) Institute of Indian and Foreign Languages :

The main activities of the Institute shall include the following :

(1) Courses in English and Other Foreign Languages, at various levels and for various purpose.

(2) Courses of Pre-service and In-service Taining for Teachers of English and Other Foreign Languages.

(3) Research and Field Work.

(4) Production of Teaching Materials.

(5) Extension Services.

પરિશિષ્ટ "છ"
કામકાજ ક્રમાંક ૬૯

સંલગ્ન કૉલેજોના બિનશૈક્ષણિક કર્મચારીઓની નોકરીના નિયમો, કર્મચારીઓનું પ્રમાણ તેમ જ અન્ય બાબતો અંગેની ભલામણો કરવા માટે એક્ઝિકયુટિવ કાઉન્સિલે તેની તા. ૧૬--૧૧--૧૯૭૩ની સભામાં નિયુકત કરેલી સમિતિની એક સભા તા. ૧૫--૨--૧૯૭૪ના રોજ ૧૨--૩૦ વાગ્યે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી, જેમાં નીચેના સભ્યો હાજર હતા:

આચાર્ય શ્રી. ડી. એમ. શીખ	હાજર
આચાર્ય શ્રી. એચ. એમ. દેસાઈ	હાજર
પ્રા. એમ. ડી. પંચોલી	હાજર

સભાનું પ્રમુખસ્થાન આચાર્ય શ્રી. ડી. એમ. શીખે સંભાળ્યું હતું.

શરૂઆતમાં સંલગ્ન કૉલેજોના બિનશૈક્ષણિક કર્મચારીઓનાં મંડળોના પ્રતિનિધિઓની સાથે ચર્ચાવિચારણા કરી તેમનાં મંતવ્યો સાંભળ્યાં.

ત્યાર બાદ લંબાણ ચર્ચાવિચારણાને અંતે આ સાથે જોડયા પ્રમાણેનો અહેવાલ આપવાનું નક્કી કરવામાં આવ્યું.

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

એમ. ડી. ત્રિવેદી
કુલસચિવ વતી.

૨૨-૨-૧૯૭૪.

એક્ઝિકયુટિવ કાઉન્સિલે તેની તા. ૧૬–૧૧–૧૯૭૩ની સભામાં નીમેલ સમિતિનો અહેવાલ

૧. સંલગ્ન કૉલેજો તથા માન્ય સંસ્થાઓના બિનશૈક્ષણિક કર્મચારીઓને યુનિવર્સિટીના બિનશૈક્ષણિક કર્મચારીઓને હાલમાં મળતો સ્કેલ તથા મોંઘવારી ભથ્થું તા. ૧–૪–૧૯૭૧થી મળવાં જોઈએ એમ આ સમિતિનું માનવું છે. પરંતુ જો કાયદાનો બાધ નડતો હોય તો સમિતિ તેનો અમલ તા. ૧–૪–૧૯૭૩થી કરવાની ભલામણ કરે છે. તેમ છતાં આ સમિતિ દૃઢપણે માને છે કે જો યુનિવર્સિટી કર્મચારીઓને યુનિવર્સિટી સત્તામંડળો બિનભેળવાયેલ દરે મોંઘવારી ભથ્થું જ્યારથી આપે ત્યારથી તે ધોરણે કૉલેજ–સંસ્થાના બિનશૈક્ષણિક કર્મચારીઓને પણ આપવું.

૨. તમામ બિનશૈક્ષણિક કર્મચારીઓને યુનિવર્સિટીનાં ધારાધોરણ અનુસાર ઘરભાડું અને સ્થાનિક વળતર ભથ્થું (સી.એલ.એ.) આપવાની પણ આ સમિતિ ભલામણ કરે છે.

૩. યુનિવર્સિટીના બિનશૈક્ષણિક કર્મચારીઓ માટેના સેવાઓના નિયમો યથાતથ કૉલેજ–સંસ્થાના બિનશૈક્ષણિક કર્મચારીઓને લાગુ પાડવામાં આવે એમ આ સમિતિ ભલામણ કરે છે.

૪. કૉલેજ-સંસ્થાને બિનશૈક્ષણિક કર્મચારીઓ માટે કાર્યાલયનો સમય કુલ સાત કલાકનો રાખવાની આ સમિતિ ભલામણ કરે છે. સાત કલાક કરતાં વધુ સમય સેવા આપનાર કર્મચારીને યુનિવર્સિટી ધારાધોરણ અનુસાર વધારાના સમયનું ભથ્થું (ઓવરટાઇમ ઍલાવન્સ) આપવું જોઈએ એમ સમિતિ માને છે.

૫. યુનિવર્સિટીનાં ધારાધોરણ અનુસાર બિનશૈક્ષણિક કર્મચારીઓને "સરેન્ડર લીવ"ની સગવડ પણ મળવી જોઈએ.

૬. કૉલેજ-સંસ્થાના ગ્રંથપાલ માટે યુ.જી.સી.એ મુકરર કરેલ સ્કેલ અમલમાં મુકાવવો જોઈએ.

૭. કૉલેજના ટાઇપિસ્ટ અને કૅશિયરને નિયત પગારધોરણ ઉપરાંત જો કોઈ ખાસ ભથ્થું યુનિવર્સિટીનાં ધારાધોરણ અનુસાર અપાતું હોય તો તે ધોરણે આપવું.

૮. કૉલેજના સ્ટોરકીપરને સીનિયર કલાર્કનો ગ્રેડ આપવો.

૯. ખંડ સમયના ક્લાર્ક, ટાઇપિસ્ટ, પટાવાળા ઇત્યાદિ અંગે સમિતિનું એવું સૂચન છે કે તેઓને પૂરા સમયના કર્મચારીને મળતા કુલ પગાર (ટોટલ પે–પૅકેટ) કરતાં અડધો પગાર મળવો જોઈએ અને તેમની નોકરીનો સમય પૂરા સમયના કર્મચારી કરતાં અડધો એટલે કે ૩॥ કલાકનો હોવો જોઈએ. આવા કર્મચારીઓની નિમણૂક કૉલેજ તેની જરૂરિયાતના પ્રમાણમાં હંગામી ધોરણે કરી શકે. આવા કર્મચારીઓ માટે નોકરીની શરતો અંગેના નિયમો અલાયદા ઘડવાના રહેશે.

૧૦. ઉપર દર્શાવેલ પગારધોરણોનો અમલ કરતી વખતે દર ત્રણ વર્ષની નોકરી દીઠ એક ઇન્ક્રીમેન્ટ ગણીને વધુમાં વધુ ત્રણથી વધે નહિ તે પ્રમાણેનાં ઇન્ક્રીમેન્ટ્સ સંલગ્ન કૉલેજો-સંસ્થાઓના જૂના બિનશૈક્ષણિક કર્મચારીઓને આપવા ભલામણ કરવામાં આવે છે. આથી ઇન્ક્રીમેન્ટની તારીખમાં કોઈ ફેરફાર થતો નથી. આ નવા પગારધોરણનો અમલ કરતી વખતે કોઈ કર્મચારીને વિપરીત અસર ન થાય તે રીતે ગણતરી કરીને પગાર ફિક્સ કરવાનો રહેશે.

૧૧. યુનિવર્સિટીના બિનશૈક્ષણિક કર્મચારીઓને ભવિષ્યમાં જે ધોરણે વચગાળાની રાહત જ્યારથી અને જેટલી આપવામાં આવે તે જ ધોરણે ત્યારથી અને તેટલી જ રાહત કૉલેજ-સંસ્થાના બિનશૈક્ષણિક કર્મચારીઓને આપવાની સમિતિ ભલામણ કરે છે.

૧૨. સંલગ્ન કૉલેજ-માન્ય સંસ્થામાં કર્મચારીઓનું પ્રમાણ નક્કી કરવા માટે વિદ્યાશાખાવાર વિસ્તૃત માહિતીની જરૂર રહે છે, તેથી હાલના તબક્કે આ સમિતિ કોઈ ભલામણ કરી શકતી નથી.

પરિશિષ્ટ "જ"
બાબત ક્રમાંક ૭૧

ગુજરાત યુનિવર્સિટીની બોર્ડ ઓફ યુનિવર્સિટી ટીચિંગ એન્ડ રિસર્ચની વર્ષ ૧૯૭૪ની પ્રથમ સભા ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયમાં શુક્રવાર, તા. ૧૧–૨–૧૯૭૪ના બપોરના ૩–૩૦ કલાકે કુલપતિ શ્રી. ઈશ્વરભાઈ જે. પટેલના અધ્યક્ષસ્થાને મળી હતી, જેમાં સભ્યોની હાજરી નીચે મુજબ હતી :

૧.	શ્રી. ઈશ્વરભાઈ જે. પટેલ, કુલપતિ	હાજર
૨.	પ્રો. એ. એમ. રાવળ	હાજર
૩.	પ્રો. એચ. સી. ભાયાણી	હાજર
૪.	પ્રો. એ. એસ. નાગર	હાજર
૫.	પ્રો. કે. આર. ચંદ્રશેખરન	હાજર
૬.	પ્રો. ઈ. એ. સોલોમન	હાજર
૭.	ડૉ. સી. આર. નાયક	હાજર
૮.	ડૉ. આર. કે. ધારૈયા	હાજર
૯.	પ્રો. એમ. પી. ભટ્ટ	હાજર
૧૦.	ડૉ. વી. પી. શાહ	હાજર
૧૧.	પ્રો. ડી. એન. પાઠક	હાજર
૧૨.	ડૉ. પરેશ મજમુદાર	હાજર
૧૩.	ડૉ. જે. એ. યાજ્ઞિક	હાજર
૧૪.	ડૉ. સી. ટી. ભોપટકર	હાજર
૧૫.	ડૉ. કે. જી. દેસાઈ	હાજર
૧૬.	પ્રો. પી. ડી. પાઠક	હાજર
૧૭.	ડૉ. એમ. એન. દેસાઈ	હાજર
૧૮	પ્રો. જે. જે. ચિનોય	હાજર
૧૯.	ડૉ. એમ. એસ. દુબળે	હાજર
૨૦.	ડૉ. સી. જી. ખત્રી	હાજર
૨૧.	ડૉ. એચ. એન. રાવળ	હાજર
૨૨.	આચાર્ય વી. જે. જાની	હાજર
૨૩.	આચાર્ય સી. એસ. શાહ	હાજર
૨૪.	ડૉ. ઓ. પી. ગુપ્તા	ગૈરહાજર
૨૫.	આચાર્ય એમ. એસ. પંડિત	હાજર
૨૬.	આચાર્ય એમ. સી. શાહ	હાજર

૨૭.	ડૉ. એચ. જી. શાસ્ત્રી	હાજર
૨૮.	ડૉ. (મિસ) એસ. સી. પંડ્યા	હાજર
૨૯.	શ્રી. સુમન્ત મજમુદાર	ગેરહાજર
૩૦.	ડૉ. દેવેન્દ્ર લાલ	ગેરહાજર
૩૧.	ડૉ. વી. કે. અલઘ	ગેરહાજર
૩૨.	ડૉ. પી. સી. મહેતા	ગેરહાજર
૩૩.	ડૉ. દલસુખભાઈ માલવણિયા	ગેરહાજર

૧. બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગ એન્ડ રિસર્ચની તા. ૨૪--૮--૧૯૭૩ની સભાની કામકાજની નોંધને મંજૂર કરવા બાબત.

બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગ એન્ડ રિસર્ચની તા. ૨૪--૮--૧૯૭૩ની સભાની કામકાજની નોંધ મંજૂર કરવામાં આવી અને તે પર કુલપતિશ્રીએ સહી કરી.

૨. આ યુનિવર્સિટી સાથે જોડાયેલ કૉલેજો--માન્ય સંસ્થાઓમાં કામ કરતા શિક્ષકો તરફથી પીએચ.ડી.ની પદવીમાં માન્યતા મેળવવા માટે આવેલ અરજીઓ ઉપર વિચારણા કરવા બાબત.

સૌ પ્રથમ પીએચ.ડી. પદવી માટે સંશોધન કામનું માર્ગદર્શન આપવા માટેના ઓછામાં ઓછા જરૂરી અનુભવની બાબતમાં કરાવવામાં આવ્યું કે જે શિક્ષકોની પાસે જરૂરી શૈક્ષણિક લાયકાત ઉપરાંત પાંચ વર્ષનો અનુસ્નાતક શિક્ષણ અને/અથવા સંશોધન કામનો અનુભવ હોય તો તે પર્યાપ્ત ગણાશે, અને તે હેતુ માટે ઑ. ૬૫--એચની કલમ (એ) નીચે મુજબ વંચાય તે રીતે સુધારવા એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવી :

O. 65 H (*a*) :

Of Arts including Education, Science, Commerce and Medicine be amended to read as under :

(*a*) A research degree of recognised University in the subject in which recognition is sought with five years' standing as a Recognised P. G. teacher for Master's degree and/or for research.

આથી આ સભા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરે છે કે—

(૧) નીચે જણાવેલ શિક્ષકોને તેમનાં નામ સામે જણાવેલ વિષયમાં પીએચ.ડી. પદવીના માર્ગદર્શક શિક્ષક તરીકેની માન્યતા આપવી :

ક્રમાંક	શિક્ષકનું નામ	સંસ્થાનું નામ	વિષય
૧.	શ્રી. પી. કે. કા	ફિઝિકલ રિસર્ચ લેબોરેટરી, અમદાવાદ	ફિઝિકસ
૨.	ડૉ. ઓ. પી. એન. કલ્લા	ઈન્ડિયન સ્પેસ રિસર્ચ ઑર્ગેનિઝેશન, અમદાવાદ	ઈલેકટ્રોનિક એન્જિનિયરિંગ

(૨) નીચે જણાવેલ વિષયોનાં પ્રસ્તાવિત થયેલાં સંશોધનપત્રો જાતી ગુણવત્તા ધરાવે છે કે કેમ તે વિષે જે તે શિક્ષકના નામ સામે દર્શાવેલ નિષ્ણાતને તે મોકલી તેમનો અભિપ્રાય મંગાવીને આગળની કાર્યવાહી કરવી :

ક્રમાંક	શિક્ષકનું નામ	સંસ્થાનું નામ	વિષય	નિષ્ણાતનું નામ
૧.	ડૉ. દરજી પ્રવીણચંદ્ર શાંતિલાલ	લુણાવાડા આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, લુણાવાડા	ગુજરાતી	ડૉ. ભોગીલાલ જે. સાંડેસરા, વડોદરા
૨.	ડૉ. પટેલ હરજીવન પ્રભુદાસ	ગવર્નમેન્ટ આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, ગાંધીનગર	ગુજરાતી	પ્રો. મનસુખલાલ ઝવેરી, મુંબઈ
૩.	ડૉ. ભંડારી નરેન્દ્ર	ફિઝિકલ રિસર્ચ લેબોરેટરી, અમદાવાદ	ભૌતિકશાસ્ત્ર	ડૉ. યશપાલ, અમદાવાદ
૪.	ડૉ. મિસ્ત્રી કેકી બમનશા	ભાભા એટોમિક રિસર્ચ સેન્ટર, મુંબઈ	રસાયણશાસ્ત્ર	ડૉ. આર. ડી. પટેલ, વલ્લભવિદ્યાનગર
૫.	ડૉ. વ્યાસ અરવિંદભાઈ ભોગીલાલ	વિજ્ઞાન વિદ્યાભવન, અમદાવાદ	પ્રાણીશાસ્ત્ર	ડૉ. એચ. બી. તિવારી, ઉદેપુર
૬.	ડૉ. શેઠ ઇચ્છાલાલ હરિલાલ	વિજ્ઞાન વિદ્યાભવન, અમદાવાદ	ગણિતશાસ્ત્ર	ડૉ. યુ. એન. સિંઘ, દિલ્હી
૭.	ડૉ. લક્ષ્મીનારાયણ રામનાથન નેપુર	નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઑફ ઑક્યુપેશનલ હેલ્થ, અમદાવાદ	Environmental Science, Occupational Hygiene, Physiology Ergonomic and Environmental Engineering (Industrial Hygiene Chemistry and Engineering and Environmental Physiology)	Mrs. Nimbkar

ક્રમાંક	શિક્ષકનું નામ	સંસ્થાનું નામ	વિષય	નિષ્ણાતનું નામ
૮.	ડૉ. એસ. કે. ચેટર્જી	નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઑફ ઑકયુપેશનલ હેલ્થ, અમદાવાદ	Environmental Science (Including Occupational Psychology, Occupational Hygiene Occupational Medicine)	ડૉ. જે. ડી. પાઠક, મુંબઈ
૯.	ડૉ. શ્રીકાન્ત કારપ૫	નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઑફ ઑકયુપેશનલ હેલ્થ, અમદાવાદ	Occupational Health, Toicology (Medical and Agricultural Science)	ડૉ. જે. ડી. પાઠક મુંબઈ
૧૦.	ડૉ. શેશાદ્રિ અનન	ભાભા એટોમિક રિસર્ચ સેન્ટર, મુંબઈ	પ્લાન્ટ ફિઝિયોલોજી બોટેની	પ્રો. જે. જે. ચિનોય, અમદાવાદ
૧૧.	શ્રીમતી દીવાનજી ધ્રુમનબહેન આર.	આચાર્ય, એસ. એલ. યુ. કૉલેજ ફૉર વિમેન, અમદાવાદ	ગુજરાતી	શ્રી. નગીનદાસ પારેખ, અમદાવાદ
૧૩.	ડૉ. વી. પી. શાહ	રીડર, સમાજવિદ્યાભવન, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ	સમાજશાસ્ત્ર	ડૉ. આઈ. પી. દેસાઈ, સુરત

(૩) આ યુનિવર્સિટી સાથે જોડાયેલ માન્ય સંસ્થા સરદાર પટેલ ઈન્સ્ટિટ્યૂટ ઑફ ઈકોનોમિકસ એન્ડ સોશિયલ રિસર્ચ, અમદાવાદના શિક્ષક ડૉ. શર્મા અનુલ સી. આ યુનિવર્સિટીના ઑ. ૬૫--એચ અનુસાર પાંચ વર્ષનો શિક્ષણ કે સંશોધન કામનો જરૂરી અનુભવ ધરાવતા નહિ હોવાથી પીએચ.ડી.ના માર્ગદર્શક શિક્ષક તરીકેની અર્થશાસ્ત્રના વિષયમાં માન્યતા આપવાની અરજી પર હાલ વિચારણા કરી શકાય નહીં.

૩. ગુજરાત યુનિવર્સિટીના સુધારેલા કાયદામાં નવી ઉમેરવામાં આવેલી કલમ ૨૪--એના સંદર્ભમાં યુનિવર્સિટી કોર્ટની તા. ૧૭/૨૦--૬--૧૯૭૩ની સભામાં હાલના રૂટે. ૧૨૧માં સુધારો કરવામાં આવેલો તેની અનુમતિ માટે કુલાધિપતિશ્રીને મોકલતાં કુલાધિપતિશ્રીના સચિવશ્રીના તા. ૧૯--૯--૧૯૭૩ના પત્રાંક જી.એસ. (૯) ૧૦૫૧૦માં કરેલા નીચેના સૂચન અંગે વિચારણા કરવા બાબત :

I am directed to state that the amended Section 24-A of the Gujarat University Act provides that, subject to such conditions as may be prescribed

by or under the provisions of the Act, a Board of University Teaching and Research shall exercise the power and perform the duties specified therein. It is, therefore, not considered advisable to provide for the powers of a Board of University Teaching and Research by Statute. The powers specified in the Act subject to the conditions as may be prescribed by or under the provisions of the Act would be exerciseable. In view of this, the existing Statute 121 needs to be deleted.

In the circumstances stated above, I am directed to refer back the amended Statute 121 to the University, to consider the deletion of the existing Statute.

આથી એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે ગુજરાત યુનિવર્સિટીના સને ૧૯૭૩ના સુધારેલા કાયદાની કલમ ૨૪--એના સંદર્ભમાં ઘડવામાં આવેલા સ્ટે. ૧૨૧ને રદ કરવાના કુલાધિપનિશ્રીના તા. ૧૯--૯--૧૯૭૩ના પત્રાંક જી.એસ. (૯) ૧૦૫૧૦ના સૂચન સામે આ સમિતિ સંમત છે.

૪. સુધારેલા સ્ટે. ૧૧૮ની નીચેની પેટાકલમ (*vii*) અનુસાર બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગ એન્ડ રિસર્ચ પર ૩ સભ્યો કો-ઑપ્ટ કરવા બાબત :

"(*vii*) Three persons renowned for their specialized knowledge in the subject, to be co-opted by the Board."

સુધારેલા સ્ટે. ૧૧૮ની પેટાકલમ (*vii*) અનુસાર બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગ એન્ડ રિસર્ચ પર નીચેના ત્રણ સભ્યોને કો-ઑપ્ટ કરવા :

(૧) ડૉ. એ. એમ. મલાવરાણા,
સરકારી દંતમહાવિદ્યાલય, અસારવા, અમદાવાદ

(૨) ડૉ. પી. સી. મહેતા,
અટિરા, અમદાવાદ

(૩) શ્રી. પ્રફુલ્લભાઈ અનુભાઈ,
મૅનેજમેન્ટ એસોસિયેશન.

૫. સને ૧૯૭૩ના ગુજરાત યુનિવર્સિટીના સુધારેલા કાયદા મુજબ આયુર્વેદ વિદ્યાશાખાનો સમાવેશ ગુજરાત યુનિવર્સિટીમાં થયો નહિ હોવાથી તથા આયુર્વેદ યુનિવર્સિટી અસ્તિત્વમાં આવતાં સુધી કોઈ આયુર્વેદ કૉલેજ આ યુનિવર્સિટી સાથે જોડાઈ શકે તેમ નહિ હોવાથી અત્યારે આયુર્વેદ વિદ્યાશાખામાં માન્ય અનુસ્નાતક શિક્ષક—મદદનીશ વિકટી માન્યતા માટે ઘડવામાં આવેલા ઓર્ડિ. ૬૫--કે હેઠળનો (એ) મુજબ તથા ઓર્ડિ. ૬૫--એમ (૨) હેઠળ નોંધ (૪) તરીકે આપવામાં આવેલ નીચેના ભાગ ૨૬ કરવા અંગે વિચારણા કરવા બાબત :

O. 65-K(*a*) :

A Professor in an affiliated college in the subject with five years' teaching experience at similar College will be recognised as a post-graduate teacher.

Note.— For Modern subjects in Medicine, the same qualifications as in the Faculty of Medicine will hold good.

O. 65-M(2) :

Note.—(*iv*) In the Ayurvedic Faculty any one who is a Professor in an affiliated college in the subject with three years' teaching experience at similar college.

or

A lecturer in an affiliated college in the subject with five years' teaching experience at a similar college shall be considered eligible for an Assistant's post.

અગાઉ આયુર્વેદ વિદ્યાશાખામાં માન્ય અનુસ્નાતક શિક્ષક અને માન્ય અનુસ્નાતક શિક્ષકના મહદનીશ અનુસ્નાતક શિક્ષક તરીકેની માન્યતા અંગેના અનુક્રમે ઑર્ડિ. ૬૫ 'કે' ઉકળતો (એ)માંનો ભાગ અને સ્પષ્ટી. ૬૫--એમ (૨) ઉકળતો નોંધ (૪) તરીકે આપવામાં આવેલો નીચેનો ભાગ રદ કરવા એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવી :

O. 65-K (*a*) :

A Professor in an affiliated college in the subject with five years' teaching experience at a similar college will be recognised as a post-graduate teacher.

Note.—For Modern subjects in Medicine, the same qualifications as in the Faculty of Medicine will hold good.

O. 65-M (2) :

Note.—(*iv*) In the Ayurvedic Faculty any one who is a Professor in an affiliated college in the subject with three years' teaching experience at similar College.

or

A lecturer in an affiliated college in the subject with five years' teaching experience at a similar college shall be considered eligible for an Assistant's post.

ઙ. એન. એમ. એચ. મ્યુનિસિપલ મેડિકલ કૉલેજ, અમદાવાદમાં એમ.એસસી. (નૉન-મેડિકલ) ફિઝિયોલોજી વિષયમાં અનુસ્નાતક કેન્દ્ર સ્થાપવા અંગે આવેલ અરજીની બાબતમાં સ્થાનિક તપાસસમિતિ તરફથી આવેલ અહેવાલ પર વિચારણા કરવા બાબત.

શ્રીમતી એન. એમ. એચ. મ્યુનિસિપલ મેડિકલ કૉલેજ, અમદાવાદમાં એમ.એસસી. (મેડ.) (નૉન-મેડિકલ)ના ફિઝિયોલોજી વિષયમાં અનુસ્નાતક કેન્દ્ર સ્થાનિક તપાસસમિતિએ મૂકેલી નીચેની શરતોનું પરિપાલન કરવામાં આવે તે શરતોએ સ્થાપવા પરવાનગી આપવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

(૧) કીમતી સાધનો રાખવા માટે જરૂર મુજબના ઓરડા વાતાનુકૂલિત કરવા,

(૨) ઈલેકટ્રોનિકસ માટે જરૂરી તાલીમ પામેલા ટેકનિશિયનની નિમણૂક કરવી, અને

(૩) ઑડિયોવિઝયુઅલની સગવડો વધારવી.

૭. શ્રીમતી એન. એચ. એલ. મુનિ. મેડિકલ કૉલેજ, અમદાવાદમાં એમ.એસસી. (મેડ.) (નૉન-મેડિકલ સ્ટુડન્ટ્સ) માઇક્રોબાયોલોજી ઍન્ડ હેલ્મિન્થોલોજી વિષયમાં અનુસ્નાતક કેન્દ્રની સ્થાપના માટેની અરજી પર તા. ૧૩--૧૦--૧૯૭૩ની એકિઝક્યુટિવ કાઉન્સિલની સભામાં નીમેલ સ્થાનિક તપાસસમિતિ તરફથી આવેલ અહેવાલ પર વિચારણા કરવા બાબત.

શ્રીમતી એન. એચ. એલ. મુનિસિપલ મેડિકલ કૉલેજ, અમદાવાદમાં એમ.એસસી. (મેડ.) (નૉન-મેડિકલ)ના માયક્રોબાયોલોજી ઍન્ડ હેલ્મિન્થોલોજીના વિષયમાં અનુસ્નાતક કેન્દ્ર, સ્થાનિક તપાસસમિતિએ સૂચવ્યા મુજબ નીચેની શરતોનું પરિપાલન કરવામાં આવે તે શરતે સ્થાપવા પરવાનગી આપવા એકિઝક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

શરતો

(1) Not more than four students be admitted; and

(2) Recognised teacher from the Science Faculty be invited to deliver some post-graduate lectures on general topics in Microbiology;

(3) Arrangement for practical training in Virology with other institution be made available at least for a period of 6 to 8 weeks and slowly build up the facilities for virology training;

(4) The department be equipped for virology set up; and be equipped with certain equipment like Deep Freese, refrigerated vacuum centrifuge.

૮. શ્રીમતી એન. એચ. એલ. મ્યુનિસિપલ મેડિકલ કૉલેજ, અમદાવાદમાં એમ.એસસી. (મેડ.) ફૉર નૉન-મેડિકલ સ્ટુડન્ટ્સ માટે એનેટોમી વિષયનું અનુસ્નાતક કેન્દ્ર સ્થાપવા માટેની અરજીના સંદર્ભમાં બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગ ઍન્ડ રિસર્ચની તા. ૨૪--૮--૧૯૭૩ની સભાએ નીમેલ તપાસસમિતિના અહેવાલ પર વિચારણા કરવા બાબત.

શ્રીમતી એન. એચ. એલ. મુનિસિપલ મેડિકલ કૉલેજ, અમદાવાદમાં એમ.એસસી. (મેડ) (નૉન-મેડિકલ)ના એનેટોમી વિષયમાં અનુસ્નાતક કેન્દ્ર, સ્થાનિક તપાસસમિતિએ સૂચવ્યા મુજબ નીચેની શરતોનું પરિપાલન કરવામાં આવે તે શરતે, સ્થાપવા પરવાનગી આપવા એકિઝક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

The department of Anatomy be equipped with the following :

(1) A complete set of Anthropometric Instrument,
(2) A good research binocular dissecting Microscope,
(3) Stereoscopic binocular microscope,
(4) A large section (base sledge) microtome,
(5) A separate Animal House,
(6) A separate Post-graduate Laboratory, and
(7) A florescence Microscope.

૯. એન. એચ. એલ. મ્યુનિસિપલ મેડિકલ કૉલેજ, અમદાવાદમાં એમ.એસસી. (મેડ.) નૉન-મેડિકલ સ્ટુડન્ટ્સ માટે ફાર્મકોલોજી વિષયમાં અનુસ્નાતક કેન્દ્ર સ્થાપવા આવેલ અરજીના સંદર્ભમાં બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગ ઍન્ડ રિસર્ચની સભાએ નીમેલ સ્થાનિક તપાસસમિતિ તરફથી આવેલ અહેવાલ પર વિચારણા કરવા બાબત.

શ્રીમતી એન. એચ. એલ. મ્યુનિસિપલ મેડિકલ કૉલેજ, અમદાવાદમાં એમ.એસસી. (મેડ.) (નૉન-મેડિકલ)ના ફાર્મકોલોજી વિષયમાં અનુસ્નાતક કેન્દ્ર, સ્થાનિક તપાસસમિતિએ સૂચવ્યા મુજબ નીચેની શરતોનું પરિપાલન કરવામાં આવે તે શરતે, સ્થાપવા પરવાનગી આપવા એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

શરતો

(1) Post of one more junior lecturer be created to make a total of four junior lecturers,

(2) Chemical pharmacology laboratory be suitably equipped.

(3) A separate animal house for larger animals like, dogs, with separate Cubicals to house them be set up.

(4) Journals, viz. (1) Bio-chemical Pharmacology and (2) Excerpta medica in Pharmacology be provided in the Library.

(5) Independent spectrophotomer be made available for the department,

(6) More floor space than available at in the present Department be provided, and

(7) Deep-freeze cabinet be made available.

૧૦. તબીબી વિદ્યાશાખાના વિષયોમાં અલગ અલગ પ્રોફેસર-ઇન-ચાર્જ રાખવા અંગેના ડૉ. જે. એન. પટેલના સૂચન પરત્વે બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગ ઍન્ડ રિસર્ચની તા. ૨૪-૮-૧૯૭૩ની સભાએ નીમેલ સમિતિની ભલામણ પર વિચારણા કરવા બાબત.

સદરહુ સમિતિની ભલામણ સ્વીકારવા અને તે મુજબ તબીબી વિદ્યાશાખાના વિષયોમાં નીચે મુજબનાં જૂથ રચી તે પ્રત્યેક જૂથ દીઠ એક એક પ્રોફેસર-ઇન-ચાર્જ નીમવા માટે એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

(૧) મેડિસિન ઍન્ડ થેરાપ્યુટિક્સ, ડર્મેટોલોજી, સાયકોલોજિકલ મેડિસિન, ઓકયુપેશનલ હેલ્થ, ન્યુરોલોજી, કાર્ડિયોલોજી અને રેડિયોલોજી;

(૨) પેથોલોજી અને બેક્ટેરિયોલોજી, ફાર્મકોલોજી, પ્રિવેન્ટિવ અને સોશિયલ મેડિસિન ફિઝિયોલોજી;

(૩) જનરલ સર્જરી, ઓટોરિનોલેરિન્ગોલોજી (ઇ.એન.ટી.), ઑર્થોપેડિક સર્જરી, ઓપ્થેલ્મોલોજી, ન્યુરોસર્જરી, કાર્ડિયોથોરેસિક સર્જરી, જેનીટો યુરિનરી સર્જરી અને પ્લાસ્ટિક સર્જરી; અને

(૪) ગાયનેકોલોજી ઍન્ડ ઓબ્સ્ટેટ્રિક્સ, એનેસ્થેસિયા અને પેડિયાટ્રિક્સ.

૧૧. યુનિવર્સિટીના વિજ્ઞાન વિદ્યાભવનના શિક્ષકો સર્વશ્રી (૧) ડૉ. એમ. એન. દેસાઈ, (૨) ડૉ. જે. સી. વોરા તથા (૩) ડૉ. કે. પી. સોની અને (૪) ડૉ. આર. કે. શાહ જેઓ એમ.એસસી.માં ઈન-ઑર્ગેનિક અને ફિઝિકલ કેમિસ્ટ્રીમાં માન્ય અનુસ્નાતક શિક્ષક તરીકેની માન્યતા ધરાવે છે તેમને એનાલિટિકલ કેમિસ્ટ્રીમાં માન્યતા આપવા અંગે આવેલ અરજીઓ પર વિચારણા કરવા બાબત.

યુનિવર્સિટી વિદ્યાભવનના શિક્ષકો સર્વશ્રી (૧) ડૉ. એમ. એન. દેસાઈ, (૨) ડૉ. જે. સી. વોરા, (૩) ડૉ. કે. પી. સોની અને (૪) ડૉ. આર. કે. શાહને એમ.એસસી. ઑર્ગેનિક અને ફિઝિકલ કેમિસ્ટ્રી વિષય ઉપરાંત પદવીના ઈન એનાલિટિકલ કેમિસ્ટ્રીના વિષયમાં પણ માન્ય અનુસ્નાતક શિક્ષક તરીકેની માન્યતા આપવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૧૨. શ્રી. જનકલાલ નવનીતલાલ શાહને તેમની શૈક્ષણિક લાયકાતના આધારે એમ.ઈ.(ઈલેક્ટ્રિકલ)ના વિષયો (૧) ઈન્ટર-કનેકશન એન્ડ પ્રોટેકશન અને (૨) કોમ્પ્યુટર ટેકનિકમાં માન્ય અનુસ્નાતક શિક્ષક તરીકે માન્યતા આપવાની અરજીના સંદર્ભમાં વિચારણા કરવા બાબત.

શ્રી. જનકલાલ નવનીતલાલ શાહને એમ.ઈ.(ઈલેક્ટ્રિકલ)ના (૧) ઈન્ટર-કનેકશન એન્ડ પ્રોટેકશન તથા (૨) કોમ્પ્યુટર ટેકનિકના વિષયમાં એમ.ટેક.ની પરીક્ષામાં મેળવેલ ૬૧ ટકા ગુણને ધ્યાનમાં લઈ માન્ય અનુ-સ્નાતક શિક્ષકના મદદનીશ શિક્ષક તરીકેની માન્યતા આપવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૧૩. શ્રી. એસ. આર. ભટ્ટને પીએચ.ડી. પદવીના માર્ગદર્શક શિક્ષક તરીકે તેમના પત્રમાં જણાવેલ હકીકતના સંદર્ભમાં માન્યતા આપવા માટેની તેમની વિનંતી પર વિચારણા કરવા બાબત.

બી. ડી. કૉલેજ, અમદાવાદના આચાર્યશ્રી એસ. આર. ભટ્ટના પ્રકાશિત થયેલાં સંશોધનપત્રો જરૂરી ગુણવત્તા ધરાવે છે કે કેમ તે વિષે અભિપ્રાય મેળવવા માટે તેમના સંશોધનલેખો કલકત્તાના ડૉ. અમલેન્દુ બોઝને તેમના અભિપ્રાય માટે મોકલવા અને અભિપ્રાય આવ્યેથી આગળની કાર્યવાહી કરવી.

૧૪. શ્રી. હર્ષકાંત દેવદત્ત ત્રિવેદીની એમ.એસસી. (મેડ.) ફાર્મકોલોજી અને એલ.ડી. ફાર્મકોલોજી ની પદવી માટે તેમની શૈક્ષણિક લાયકાતના આધારે મદદનીશ શિક્ષક તરીકેની માન્યતા માટેની આવેલ અરજી પર વિચારણા કરવા બાબત.

શ્રીમતી એન. એચ. એલ. મ્યુનિસિપલ મેડિકલ કૉલેજ, અમદાવાદના વ્યાખ્યાતા શ્રી. ત્રિવેદી હર્ષકાંત દેવદત્તને એમ.એસસી. (મેડ.) (નૉન-મેડિકલ)ના ફાર્મકોલોજી વિષયમાં તથા એલ.ડી. ફાર્મકોલોજી વિષયમાં માન્ય અનુસ્નાતક શિક્ષકના મદદનીશ શિક્ષક તરીકેની માન્યતા આપવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૧૫. અગાઉ સરદાર વલ્લભભાઈ કૉમર્સ કૉલેજ, અમદાવાદના અને હાલ અમદાવાદ કૉમર્સ કૉલેજ, અમદાવાદના એકાઉન્ટન્સી વિષયના પ્રાધ્યાપક શ્રી. આર. એમ. શાહે, અનુસ્નાતક મદદનીશ શિક્ષક તરીકેની માન્યતા માટેની પોતાની અરજીમાં તેમના શૈક્ષણિક અનુભવમાં આઈ.સી.ડબ્લ્યુ.એ.ના ડિપ્લોમાની પરીક્ષા પાસ કરેલી, પણ નિયમ અનુસાર તે ડિપ્લોમા વાપરી નહીં શકતા હોવા છતાં તે દર્શાવેલ હોઈ, તે આધારે તા. ૨૧-૧-૧૯૬૯ના રોજ માન્યતા અપાઈ તે અંગે વિચારણા કરવા બાબત.

(૧) શ્રી. આર. એમ. શાહે તેમની માન્ય અનુસ્નાતક શિક્ષકના મદદનીશ શિક્ષક તરીકેની માન્યતાની અરજીમાં આઈ.સી.ડબલ્યુ.એ.નો ડિપ્લોમાની શૈક્ષણિક લાયકાત બતાવી માન્યતા મેળવેલી તે બાબતમાં તેમને ઠપકો આપવો;

તથા (૨) અત્યારના નિયમો અનુસાર તેઓ માન્ય અનુસ્નાતક શિક્ષકના મદદનીશ શિક્ષક તરીકેની માન્યતા મેળવવાને પાત્ર થતા હોવાથી તેમની એકાઉન્ટન્સી વિષયમાં માન્ય અનુસ્નાતક શિક્ષકના મદદનીશ શિક્ષક તરીકેની માન્યતા ચાલુ રાખવા ઓફિશ્યલ કાઉન્સિલને ભલામણ કરવી.

૧૬. તા. ૨૭/૨૮--૩--૧૯૭૩ના રોજ મળેલ યુનિવર્સિટીની કોર્ટની વાર્ષિક સભામાં કોર્ટના સભ્યો તરફથી કરવામાં આવેલાં નીચેનાં સૂચનો અંગે વિચારણા કરવા બાબત :

(૧) ભવનોના સંશોધનને મહત્ત્વ આપવું જોઈએ. શિક્ષકોનું શિક્ષણકામ કમશઃ ઓછું કરવું જોઈએ.

(૨) અનુસ્નાતક શિક્ષક તરીકેની માન્યતા માટે ત્રણ સંશોધનલેખો આપવાના નિયમના વ્યવહારુપણા અંગે વિચારવું જોઈએ અને સંશોધનલેખોની પ્રસિદ્ધિ માટે સગવડ અંગે વિચારવું જોઈએ.

(૩) વિદ્યાભવનોમાં જુદી જુદી શાખાઓના નિષ્ણાતો હોવા જોઈએ.

બાબત નં. ૧૬, ૧૯ અને ૨૯નો વિચાર સાથે કરવામાં આવ્યો. તે પછી બાબત નં. ૧૬ (૧) અને (૩) તથા બાબત નં. ૧૯ અને ૨૯ અંગે વિચારણા કરી પોતાનો સુચિંતિત અહેવાલ રજૂ કરવા માટે નીચેના સભ્યોની એક સમિતિ રચવી :

૧. પ્રો. જે. જે. ચિનોય
૨. પ્રો. કે. આર. ચંદ્રશેખરન
૩. પ્રો. ડી. એન. પાઠક
૪. પ્રો. પી. ડી. પાઠક
૫. ડૉ. કે. જી. દેસાઈ
૬. પ્રો. એમ. પી. ભટ્ટ
૭. ડૉ. વી. પી. શાહ

બાબત નં. ૧૬ (૨) અંગે સર્વસંમતિ નોંધવામાં આવ્યું કે સંશોધન પ્રકાશનની મોકળાશ વધારવા યુનિવર્સિટીએ "વિદ્યા"નું ત્રીજું સામયિક એટલે કે યુનિવર્સિટીનાં બેને બદલે ત્રણ સામયિકો કાઢવાનું ઠરાવ્યું છે. વધુમાં ઠરાવવામાં આવ્યું કે માન્ય અનુસ્નાતક શિક્ષકોને એક વધુ વરસ આ નિયમમાંથી મુક્તિ આપવી પણ નવી માન્યતા માટે એના આગલા નવા વરસથી ચાલુ કરવો.

૧૭. વાણિજ્ય વિદ્યાશાખાની તા. ૭--૧૨--૧૯૭૨ની સભાની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

" સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે એમ.કોમ.ના અભ્યાસક્રમમાં પ્રશ્નપત્ર દીઠ એક "લેખ પેપર" વિદ્યાર્થીઓ પાસે ફરજિયાત રજૂ કરાવવું રાખ્યું છે તેમાં રસ ટકા ગુણ મેળવવા ફરજિયાત બનાવવા અને આ પેપર તપાસવા માટે શિક્ષકને રૂ. ૨--૦૦નું મહેનતાણું આપવા ભલામણ છે."

સદરહુ વિદ્યાશાખાની ઉપરની ભલામણ સ્વીકારવી નહીં એમ ઓફિશ્યલ કાઉન્સિલને ભલામણ કરવી.

૧૮. શિક્ષણના વિષયમાં અનુસ્નાતક શિક્ષણની ફાળવણી માટે મળેલ પ્રોફેસર-ઈન-ચાર્જની તા. ૬-૭-૧૯૭૩-ના રોજ મળેલી સભાનાં થયેલા નીચેના સૂચન પરત્વે વિચારણા કરવા બાબત :

"શિક્ષણનાં અનુસ્નાતક કેન્દ્રોમાં ખંડ સમયનો દ્વિવર્ષીય અભ્યાસક્રમ ચાલે છે. આમ દર વર્ષે વધુમાં વધુ ત્રણ પેપરો શીખવવાનાં હોય છે. જેના બદલામાં દર અઠવાડિયે વધુમાં વધુ નવ પીરિયડ ગોઠવવાના હોય છે. તે માટે અઠવાડિયાના ત્રણ દિવસનાં શિક્ષણકાર્ય યોગ્ય રીતે ગોઠવાઈ શકે છે. આથી પૂર્ણ સમયના અભ્યાસક્રમ માટે અઠવાડિયાના પાંચ દિવસના શિક્ષણકાર્યનો જે નિયમ છે તે આ ખંડ સમયના અભ્યાસક્રમને લાગુ પાડવો ઉચિત નથી. ઉપરોક્ત પરિસ્થિતિને ધ્યાનમાં લઈ યુનિવર્સિટીનાં સંબંધિત અધિકાર મંડળો સત્વરે ઠરાવ કરે તેવી વિનંતી છે."

શિક્ષકના વિષયમાં ફાળવવામાં આવેલાં અનુસ્નાતક કેન્દ્રોમાં ખંડ સમયનો દ્વિતીય અભ્યાસક્રમ આવતો હોવાથી તે અનુસ્નાતક કેન્દ્રોમાં પ્રત્યેક અકરાંકિયે ત્રણ દિવસ અનુસ્નાતક શિક્ષકાર્ય થાય અને તેનાં ઓછામાં ઓછા ૬ તાસ લેવાય તે રીતે અનુ. નિયમ નં. ૪૨ (*a*) (*i*) લેખમાં (*i*) (*a*) તરીકે નીચે દર્શાવેલી કલમ ઉમેરવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

(*i*) (*a*) In the case of part-time post-graduate centres in Education, there shall be at least 2 periods of lecturing work per paper over at least three days per week.

૧૯. શ્રી. મનીષી જાનીના તા. ૧૫--૧૧--૧૯૭૩ના પત્રથી આવેલ નીચેનો પ્રસ્તાવ, તા. ૧૬--૧૧--૧૯૭૩ની એકિઝકયુટિવ કાઉન્સિલે બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગ એન્ડ રિસર્ચની વિચારણા માટે મોકલવાનું ઠરાવેલ હોઈ તે અંગે વિચારણા કરવા બાબત :

"ગુજરાત યુનિવર્સિટી જે અનુસ્નાતક ભાગો અને કેન્દ્રો ચલાવે છે ત્યાંના વિદ્યાર્થીઓ માટે પરીક્ષાના સંદર્ભમાં ફરજિયાત હાજરીને જે મહત્ત્વ અપાય છે તે દૂર કરવું જોઈએ.

અનુસ્નાતક કક્ષાએ પહોંચેલો વિદ્યાર્થી પુખ્ત હોય છે. ભારત સરકારે પણ તેને ચોક્કસ રીતે સ્વતંત્ર રીતે અધિકાર ભોગવવાની છૂટ આપી હોય છે ત્યારે તેની વર્ગમાં હાજરી અનિવાર્ય અને ફરજિયાત કઈ રીતે રાખી શકાય?

વળી આપણા દેશમાં વીસ વર્ષે આજીવિકાનું સાધન શોધવાનું મોટા ભાગના યુવાનો માટે અનિવાર્ય બનતું હોય છે અને તેવા વિદ્યાર્થીઓ માટે ભણવું એ બીજા વર્ગની પસંદગી બને છે, પરંતુ હાજરીના કારણને લીધે તે વધુ અભ્યાસ કરી શકતો નથી. તો આ અંગે યુનિવર્સિટીએ તાત્કાલિક નિર્ણય લેવો ઘટે.

અને સાથે સાથે બી.એ.ની પરીક્ષા બહારથી આપી શકાય છે એ પ્રમાણે એમ.એ.ની પરીક્ષાનું પણ કરવું."

બાબત નં. ૧૬ના ક્રમાંક (૧) અને (૩) માટે નિમાયેલી સમિતિની વિચારણા માટે આ બાબત રજૂ કરવી.

૨૦. ડિપ્લોમા ઈન મેડિકલ એન્ડ સોશિયલ સાયકોલોજી ડી.એમ. એન્ડ એસ.પી. અને બી.એસસી. ઈન ઓડિયોલોજી એન્ડ સ્પીચ થેરાપી બી.એસસી. ઓ.એસ.ટી.નો અભ્યાસક્રમ ઊભા કરવા અને તે વિષયમાં અનુસ્નાતક શિક્ષક--મદદનીશ શિક્ષક તરીકેની માન્યતા અંગેના નિયમોને કુલપતિશ્રીએ મંજૂર કરેલ હોઈ સુધારેલા ઑ. ૬૫--એમ (૨) (૧)ની નોંધ (૫) અને ઑ. ૬૫--એફ (૨) (ડી)(*iv*) આ સાથે જણાવ્યા મુજબ વંચાય તે રીતે સુધારવા બાબત.

ડિપ્લોમા ઈન મેડિકલ એન્ડ સોશિયલ સાયકોલોજી (ડી.એમ. એન્ડ એસ.પી.) તથા બી.એસસી. ઈન ઓડિયોલોજી એન્ડ સ્પીચ થેરાપી(બી.એસસી. ઓ.એસ.ટી.)ના વિષયમાં માન્યતા મેળવવા અંગેના અનુક્રમે ઑડિ. ૬૫--એફ (૨) (ડી)(*iv*) તથા ઑડિ. ૬૫--એમ (૨)ની નોંધ (૫) આ સાથે **પરિશિષ્ટ "ક"** માં જણાવ્યા પ્રમાણે સુધારવા માટે એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવી.

૨૧. કુલપતિશ્રીનાં નીચેનાં કાર્યોની નોંધ લેવા બાબત :

(૧) આ યુનિવર્સિટી સાથે જોડાયેલ કૉલેજો-સંસ્થાઓમાં કામ કરતા સાથેની યાદીમાં દર્શાવેલ શિક્ષકોને માન્ય અનુસ્નાતક શિક્ષક તરીકે માન્યતા આપવા;

(૨) આ યુનિવર્સિટી સાથે જોડાયેલ કૉલેજો-સંસ્થાઓમાં કામ કરતા સાથેની યાદીમાં દર્શાવેલ શિક્ષકોની માન્ય અનુસ્નાતક શિક્ષક તરીકેની માન્યતા માટેની અરજી નામંજૂર કર્યાના;

(૩) આ યુનિવર્સિટી સાથે જોડાયેલ કૉલેજો--સંસ્થાઓમાં કામ કરતા સાથેની યાદીમાં દર્શાવેલ શિક્ષકોને માન્ય અનુસ્નાતક શિક્ષકના મદદનીશ શિક્ષક તરીકે માન્યતા આપ્યાના;

(૪) આ યુનિવર્સિટી સાથે જોડાયેલી કૉલેજ--સંસ્થાઓમાં કામ કરતા સાથેની યાદીમાં દર્શાવેલ અનુસ્નાતક શિક્ષક--મદદનીશ શિક્ષકોની માન્યતા એક કૉલેજમાંથી બીજી કૉલેજમાં બદલી આપ્યાના;

(૫) જે. એન્ડ જે. કૉલેજ ઑફ સાયન્સ, નડિયાદમાં સ્થાપવામાં આવેલ માઇક્રોબાયોલોજી વિષયના અનુસ્નાતક કેન્દ્રમાં નીચેના શિક્ષકોને અનુસ્નાતક વ્યાખ્યાનો આપવા મુલાકાતી શિક્ષક તરીકે બોલાવવા પરવાનગી આપ્યાના :

ક્રમાંક	શિક્ષકનું નામ	કૉલેજ--સંસ્થાનું નામ
૧.	શ્રી. વી. જે. અમીન	એમ. એસ. યુનિવર્સિટી, વડોદરા
૨.	શ્રી. એ. સી. પાંડ્યા	—સદર—
૩.	મિસિસ એસ. આર. અડવાણી	પી. જી. ટીચર, નવસારી
૪.	શ્રી. બી. એમ. દેસાઈ	—સદર—

૫. પ્રો. ટી. એસ. ઓઝા, એમ. એન. કૉલેજ, વીસનગરમાંથી નિવૃત્ત થયા હોવાથી તેમના માર્ગદર્શન હેઠળ પીએચ.ડી. ડિગ્રી કેમિસ્ટ્રી માટે નોંધાયેલા વિદ્યાર્થી શ્રી. ડી. એન. વોરાનું રજિસ્ટ્રેશન ડૉ. વી. ટી. ઓઝાના માર્ગદર્શન હેઠળ બદલી આપ્યાના.

ફલપનિશ્રીનાં ઉપરનાં કાર્યોની નોંધ લેવી.

[૧. માન્ય અનુસ્નાતક શિક્ષક તરીકેની માન્યતાની યાદી **પરિશિષ્ટ "ख"** તરીકે સામેલ છે.

૨. માન્ય અનુસ્નાતક શિક્ષક તરીકેની માન્યતા ન આપ્યાની યાદી **પરિશિષ્ટ "ग"** તરીકે સામેલ છે.

૩. માન્ય અનુસ્નાતક શિક્ષકના મદદનીશ શિક્ષક તરીકે માન્યતા આપ્યાની યાદી **પરિશિષ્ટ "घ"** તરીકે સામેલ છે.

૪. માન્ય અનુસ્નાતક શિક્ષકો અને માન્ય અનુસ્નાતક શિક્ષકના મદદનીશ શિક્ષકોની માન્યતા બદલી આપ્યાની યાદી **પરિશિષ્ટ "च"** તરીકે સામેલ છે.]

૨૨. બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદમાં એમ.એસસી. (મેડ.) નૉન-મેડિકલ સ્ટુડન્ટ્સ--ફાર્મકોલોજી વિષયમાં અનુસ્નાતક કેન્દ્રની સ્થાપના માટેની અરજી પર એકિઝકયુટિવ કાઉન્સિલે તેની તા. ૧૬--૧૧--૧૯૭૩-ની સભામાં નીમેલ સ્થાનિક તપાસસમિતિ તરફથી આવેલ અહેવાલ પર વિચારણા કરવા બાબત.

બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદમાં એમ.એસસી. (મેડ.) નૉન-મેડિકલના ફાર્મકોલોજી વિષયમાં અનુસ્નાતક કેન્દ્ર, સ્થાનિક તપાસસમિતિએ સૂચવ્યા મુજબ શરતનું પરિપાલન કરવામાં આવે તે શરતે, સ્થાપવા પરવાનગી આપવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

શરત

પ્રત્યેક સત્રમાં બે વિદ્યાર્થી લેખે શૈક્ષણિક વર્ષ દરમિયાન વધુમાં વધુ ચાર વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવે.

૨૩. એમ.એસસી. (મેડ.) નૉન-મેડિકલ માટે એનેટોમી, ફિઝિયોલોજી, ફાર્મકોલોજી અને માઇક્રોબાયોલોજી ઍન્ડ લેપ્રોમિનોલોજી શાખાઓના અનુસ્નાતક શિક્ષક તથા મદદનીશ અનુસ્નાતક શિક્ષકોની લાયકાત નક્કી કરવા અંગેની બી.યુ.ટી.આર.ની તા. ૨૪--૮--૧૯૭૩ની સભાની ભલામણ ઉપર વિચારણા કરી તબીબી

વિદ્યાશાખાએ તેની તા. ૪--૧૨--૧૯૭૩ની સભામાં કરેલી નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

તબીબી વિદ્યાશાખાની ભલામણ

"અથી ઠરાવવામાં આવે છે કે એમ.એસસી. (મેડિકલ)ના નવા અભ્યાસક્રમના વિષયો માટે અનુસ્નાતક શિક્ષક કે મદદનીશ શિક્ષકોની માન્યતા માટેના વિષયો એમ.ડી. અને એમ.એસ.ની જે તે શાખાના શિક્ષકો માટેની લાયકાત મુજબ રાખવા ભલામણ છે.

એમ.એસસી. (મેડ.) નૉન-મેડિકલના વિષયો (૧) એનેટોમી, (૨) ફિઝિયોલોજી, (૩) ફાર્મકોલોજી અને (૪) માઇક્રોબાયોલોજી અને લેબ્મિન્થોલોજીના વિષયોમાં માન્ય અનુસ્નાતક અને માન્ય અનુસ્નાતક શિક્ષકના મદદનીશ શિક્ષકો તરીકેની માન્યતા મેળવવા માટેની અરજીઓ એમ.ડી. અને એમ.એસ. માટેના વિષયોમાં માન્યતા મેળવવા માટેના અનુક્રમે ઑર્ડિ. ૬૫--કે તથા ઑર્ડિ. ૬૫--એમ (૨) મુજબ વિચારણા કરવાનું રાખવા એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૨૪. તબીબી વિદ્યાશાખાની તા. ૪--૧૨--૧૯૭૩ની સભાની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

"આથી ઠરાવવામાં આવે છે કે એમ.ડી.—સાઇકિયાટ્રી અને પ્રિવેન્ટિવ ઍન્ડ સોશિયલ મેડિસિનની શાખાઓના અનુસ્નાતક શિક્ષક માટે કેન્દ્ર–યુનિટની માન્યતા માટે એક શિક્ષક અને એક મદદનીશ શિક્ષક હોય તો તે કેન્દ્ર--યુનિટને માન્યતા આપવા તથા આ યુનિટમાં જે વિદ્યાર્થીઓ લઈ શકાય અને આ યુનિટ જૂન ૧૯૭૭ સુધી મંજૂર કરવા બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગ ઍન્ડ રિસર્ચને ભલામણ કરવી."

(૧) એમ.ડી. બ્રાન્ચ-૭–પ્રિવેન્ટિવ ઍન્ડ સોશિયલ મેડિસિન તથા (૨) એમ.ડી. બ્રાન્ચ-૧૨–સાયકોલોજિકલ મેડિસિનના વિષયમાં અનુસ્નાતક કેન્દ્ર સ્થાપવા માટેની જરૂરિયાતમાં વર્ષ ૧૯૭૭ના માર્ચ સુધી તે વિષયોમાં માન્યતા ધરાવતા એક માન્ય અનુસ્નાતક શિક્ષક અને એક માન્ય અનુસ્નાતક શિક્ષકના મદદનીશ શિક્ષક સ્થાનિક શિક્ષકગણ પર હોય તે પર્યાપ્ત ગણવા એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૨૫. સેન્ટ્રલ ઇન્સ્ટિટ્યૂટ ઑફ ઇન્ડિયન લેંગ્વેજીસ, મૈસુરને આ યુનિવર્સિટીના ઑ. ૬૫-ડબ્લ્યુ અનુસાર આ યુનિવર્સિટીની માન્ય સંસ્થા તરીકે નીચેના વિષયોમાં માન્યતા આપવા અંગે આવેલી અરજી પરથી એક્ઝિક્યુટિવ કાઉન્સિલે નીમેલી સ્થાયી સમિતિના અહેવાલ પર વિચારણા કરવા બાબત :

Subjects : Advanced research in Linguistics and Languages related fields including Sociology, Psychology, Education and Anthropology.

સેન્ટ્રલ ઇન્સ્ટિટ્યૂટ ઑફ ઇન્ડિયન લેંગ્વેજીસ, મૈસુરને આ યુનિવર્સિટીના ઑર્ડિ. ૬૫--ડબ્લ્યુ અનુસાર માન્ય સંસ્થા (એપ્રુવ્ડ ઇન્સ્ટિટ્યૂશન) તરીકે "લિંગ્વિસ્ટિક્સ" વિષય માટે માન્ય રાખવા તથા સંસ્થાના નીચેના પાંચ શિક્ષકોને તે માટે માન્ય કરવા એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. ડૉ. ડી. પી. પટનાયક
૨. ડૉ. બી. જી. મિશ્રા
૩. ડૉ. ઈ. અન્નામલે
૪. ડૉ. બી. પી. રાજપુરોહિત
૫. ડૉ. યુ. પી. ઉપાધ્યાય.

૨૬. એમ.ડી.—ન્યુરોલોજી તથા કાર્ડિયોલોજી અને એમ.એસ.—ન્યુરોસર્જરી, કાર્ડિયોવેસ્કિલર સર્જરી, જેનીટો-યુરિનરી સર્જરી અને પ્લાસ્ટિક સર્જરીની નવી ઉમેરાયેલી શાખાઓ માટેના શિક્ષકો અને અનુસ્નાતક મદદનીશ શિક્ષકોની માન્યતા આપવા અંગે તબીબી વિદ્યાશાખાએ તેની તા. ૬–૬--૧૯૭૩ની સભામાં આ વિષયોના

શિક્ષકોની લાયકાતનાં ધોરણો સ્વીકારવા ભલામણ કરી હતી તે ધોરણો એ.ટી. અને એસ.એસ.ના અનુસ્નાતક શિક્ષકો—મદદનીશ શિક્ષકોની માન્યતા માટે સ્વીકારવાની તબીબી વિદ્યાશાખાની તા. ૪–૧૨–૧૯૩૩ની સભાની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત.

તબીબી વિદ્યાશાખાના અભ્યાસક્રમો નવી ઉમેરવામાં આવેલી એ.ટી.—(૧) ન્યુરોલોજી તથા (૨) કાર્ડિયોલોજી અને એમ.એસ. (૧) ન્યુરોસર્જરી, (૨) ઓર્થોપેડિક સર્જરી, (૩) જેનિટોયુરિનરી સર્જરી અને (૪) પ્લાસ્ટિક સર્જરીના વિષયોમાં માન્ય અનુસ્નાતક શિક્ષક અગર માન્ય અનુસ્નાતક મદદનીશ શિક્ષક તરીકેની માન્યતા મેળવવા માટેની અરજીઓ એ.ટી. અને એ.એસ. માટેના વિષયોમાં માન્યતા મેળવવા માટેના અનુક્રમે ઓર્ડિ. ૬૫–કે તથા ઓર્ડિ. ૬૫–એમ (૨) મુજબ વિચારવાનું રાખવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૨૭. ડેન્ટલ સર્જરી વિદ્યાશાખાની તા. ૧૭–૧૨–૧૯૩૩ની સભાની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

"એમ.ડી.એસ. માટેના શિક્ષકોની માન્યતા અંગેના નિયમોને લગતા ઓર્ડિ. ૬૫–કે(બી) તથા મદદનીશ શિક્ષકોની માન્યતા અંગેના નિયમોને લગતા ઓર્ડિ. ૬૫–એમ (૨) નોંધ ૨(એ) આ સાથે આપેલા પરિશિષ્ટ મુજબ સુધારવા ભલામણ કરવામાં આવે છે."

એમ.ડી.એસ.ના વિષયોમાં માન્ય અનુસ્નાતક શિક્ષક તથા માન્ય અનુસ્નાતક શિક્ષકના મદદનીશ શિક્ષક તરીકેની માન્યતા અંગેના નિયમો અનુક્રમે ઓર્ડિ. ૬૫–કે(બી) અને ઓર્ડિ. ૬૫–એમ.(૨) નોંધ ૨ (એ) આ સાથે આપ્યા મુજબ વંચાણ લે રીતે સુધારવાની ડેન્ટલ સર્જરી વિદ્યાશાખાની ભલામણ સ્વીકારવી અને તે મુજબ નિયમો સુધારવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

(સુધારેલા નિયમોની નકલ પરિશિષ્ટ "છ" તરીકે સામેલ છે.)

૨૮. ડેન્ટલ સર્જરી વિદ્યાશાખાની તા. ૧૭–૧૨–૧૯૩૩ની સભાની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

"અનુસ્નાતક શિક્ષણ અંગેના નિયમોમાં એ.ટી.એસ. માટે આ સાથે આપેલા પરિશિષ્ટ મુજબ ઉમેરો કરવા અંગે બોર્ડ ઓફ યુનિવર્સિટી ટીચિંગ એન્ડ રિસર્ચને ભલામણ કરવામાં આવે છે."

ડેન્ટલ સર્જરીના વિષયમાં (૧) વિદ્યાર્થીઓના પ્રવેશ માટેના અનુસ્નાતક નિયમ નં. ૧ (સી) હેઠળ નવો અનુસ્નાતક નિયમ નં. ૧ (સી) (૧) ઉમેરવા તથા (૨) પ્રત્યેક વિષયક દીઠ પ્રત્યેક વર્ષે કેટલા વિદ્યાર્થીઓ નોંધી શકાય તે અંગેનો નવો નિયમ ૧ (એફ) ઉમેરવા અંગેની ડેન્ટલ સર્જરીની વિદ્યાશાખાની ભલામણ સ્વીકારવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

(નવા ઉમેરેલા નિયમો પરિશિષ્ટ "જ" તરીકે સામેલ છે.)

૨૯. તા. ૧૧–૧૨–૧૯૩૩ની એકિઝકયુટિવ કાઉન્સિલની સભાએ શ્રી. મનીષી જાનીનો નીચેનો ઠરાવ બોર્ડ ઓફ યુનિવર્સિટી ટીચિંગ એન્ડ રિસર્ચની વિચારણા માટે મોકલ્યો હોઈ તે પર વિચારણા કરવા બાબત :

"અત્યારે જે અનુસ્નાતક કક્ષાનું શિક્ષણ આપણાં ભાનો અને કેન્દ્રો પર અપાઈ રહ્યું છે તેમાં કોઈ જ પ્રકારની સંગીનતા, સમૃદ્ધતા અને સંકોચ દેખાતાં નથી જે ખરેખર ગંભીર બાબત છે અને એટલે જ વહેલામાં વહેલી તકે અનુસ્નાતક કક્ષાની શિક્ષણપદ્ધતિનો ઢાંચો બદલાય તે (રચના થાય તે) (મારા મતે) અત્યંત જરૂરી છે તો આ અંગે મારું નમ્ર સૂચન છે કે અનુસ્નાતક કક્ષાના શિક્ષણની પુનઃરચના અંગેની સમિતિની રચના કરી આ અંગે ઘટતું કરવું."

મજકૂર બાબત ક્રમાંક નં. ૧૬ (૧) અને (૩) માટે નિમાયેલી સમિતિની વિચારણા માટે રજૂ કરવી.

૩૦. સમાજવિદ્યા ભવન, અમદાવાદમાં ચાલતા મૅથેમેટિકલ ઇકોનોમિક્સના વિષયમાં વ્યાખ્યાનો આપવા માટે ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઑફ મૅનેજમેન્ટના (૧) ડૉ. જી. એસ. ગુપ્તા અને (૨) ડૉ. પી. એન. મિશ્રાને ખાસ કેસ તરીકે બોલાવવા માટે પરવાનગી આપ્યાના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

સમાજવિદ્યા ભવનમાં મૅથેમેટિકલ ઇકોનોમિક્સના વિષયમાં અનુસ્નાતક વ્યાખ્યાનો આપવા માટે ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઑફ મૅનેજમેન્ટના (૧) ડૉ. જી. એસ. ગુપ્તા અને (૨) ડૉ. પી. એન. મિશ્રાને બોલાવવા પરવાનગી આપ્યાના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૩૧. યુનિવર્સિટીનાં વિદ્યાભવનોમાં અનુસ્નાતક શિક્ષણ માટે મુલાકાતી શિક્ષકોને બોલાવવા અંગેના અનુસ્નાતક નિયમ નં. ૪૦નો (*ii*)માંનો ભાગ નીચે મુજબ વંચાય તે રીતે સુધારવાના કાર્યોચયના સૂચન અંગે વિચારણા કરવા બાબત :

(*ii*) All post-graduate work in the University Department shall generally be done by the teachers of the University Departments where possible. In case it is found essential in the interest of efficient instruction, the University Departments may, with prior permission by the Vice-Chancellors, invite the required number of teachers from amongst the recognised post-graduate teachers and Assistants to post-graduate teachers to deliver lectures in each of the papers. The honorarium and T.A. & H.A. if any, shall be payable to them at such rates as are admissible in case of teachers being invited to work at the post-graduate centres.

N.B.—This clause (*i*) shall apply mutatis mutandis to the University departments also.

અનુસ્નાતક નિયમ ૪૦નો (*ii*)માંનો ભાગ નીચે મુજબ વંચાય તે રીતે સુધારવા એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

P.G. Rule 40 :

(*ii*) All post-graduate work in the University Departments shall generally be done by the teachers of University Departments where possible. In case it is found essential in the interest of efficient instruction, the University Departments may with prior permission by the Vice-Chancellors, invite the required number of teachers from amongst the recognised post-graduate teachers and Assistants to post-graduate teachers to deliver lectures in each of the papers. The honorarium and T.A. and H.A., if any, shall be payable to them at such rates as are admissible in case of teachers being invited to work at the post-graduate centres.

N.B.—This sub-clause (*i*) shall apply mutatis mutandis to the University departments also.

૩૨. એમ.એસસી.ની પદવી સ્ટેટિસ્ટિકસ વિષય સાથે પસાર કરનાર વિદ્યાર્થી વિનયન વિદ્યાશાખામાં અગર વાણિજ્ય વિદ્યાશાખામાં સ્ટેટિસ્ટિકસના વિષયમાં પીએચ.ડી. પદવી માટે નોંધાઈ શકે છે તેવી જોગવાઈ એમ.એસસી.-સ્ટેટિસ્ટિકસના વિદ્યાર્થીઓ માટે પણ ઑ. ૩૧૬માં કરવા માટે નીચે જણાવ્યા મુજબનો ઘટનો ઉમેરો કરવા અંગે વિચારણા કરવા બાબત :

".....Similarly a candidate in the faculty either Arts including Education or Commerce, પછી or Science શબ્દ ઉમેરવો."

એમ.એસસી.ની પદવી સ્ટેટિસ્ટિકસ વિષય સાથે પસાર કરનાર વિદ્યાર્થી પણ વિનયન વિદ્યાશાખામાં અગર વાણિજ્ય વિદ્યાશાખામાં સ્ટેટિસ્ટિકસ વિષયમાં પીએચ.ડી. પદવી માટે નોંધાઈ શકે અને તે અનુસાર ઑર્ડિ. ૩૧૬માં Similarly a candidate in the faculty either Arts including Education or Commerce પછી or Science શબ્દ ઉમેરીને ઑર્ડિ. ૩૧૬ સુધારવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૩૩. બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદમાં એમ.એસસી. (મેડ) નૉન-મેડિકલ ગ્રેજ્યુએટ્સ ઈન એનેટોમીમાં અનુસ્નાતક કેન્દ્ર સ્થાપવા માટેની તે કૉલેજની અરજી પર તપાસસમિતિ તરફથી આવેલ અહેવાલ પર વિચારણા કરવા બાબત.

બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદમાં એમ.એસસી. (મેડ) નૉન-મેડિકલના એનેટોમી વિષયમાં અનુસ્નાતક કેન્દ્ર, સ્થાનિક તપાસસમિતિના અહેવાલને ધ્યાનમાં લઈ સ્થાપવાની પરવાનગી આપવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૩૪. શેઠ એસ. વી. આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, માંડવી (કચ્છ)માં એમ.કૉમ.ના વિષયોમાં અનુસ્નાતક કેન્દ્ર સ્થાપવા માટેની અરજી પરત્વે વિચારણા કરવા બાબત.

શેઠ એસ. વી. આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, માંડવી(કચ્છ)માં અનુસ્નાતક કેન્દ્રની સ્થાપના માટે ઑર્ડિ. ૬૫--પીમાં જણાવ્યા મુજબ પૂરતો સ્થાનિક શિક્ષકગણ નહીં હોવાથી એમ.કૉમ. પદવીના વિષયમાં અનુસ્નાતક કેન્દ્ર સ્થાપવાની તે કૉલેજના આચાર્યશ્રીની વિનંતી સદિલગીરી નહીં સ્વીકારવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૩૫. શ્રી. વી. વી. સોનશીને એન્જિનિયરિંગ વિષયમાં પીએચ.ડી. પદવી માટે બાહ્ય માર્ગદર્શક શિક્ષક પ્રો. સી. કે. રમેશ, ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઑફ ટેકનોલોજી, મુંબઈના માર્ગદર્શન હેઠળ ઑર્ડિ. ૩૨૪--બી અન્વયે તેમને નોંધવા માટે પરવાનગી આપવા અંગે વિચારણા કરવા બાબત.

આ યુનિવર્સિટીના ઑર્ડિ. ૩૨૪--બી અન્વયે એચ. ટી. એન્જિનિયરિંગ કૉલેજ, અમદાવાદના શિક્ષક વી. વી. સોનશીને, ઇન્સ્ટિટ્યૂટ ઑફ ટેકનોલોજી, મુંબઈના શિક્ષક પ્રોફેસર સી. કે. રમેશના માર્ગદર્શન હેઠળ એન્જિનિયરિંગના વિષયમાં પીએચ.ડી. પદવી માટે નોંધવા મંજૂરી આપવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૩૬. અનુસ્નાતક નિયમ ૨૭--બી નીચે પ્રમાણે વંચાય તે રીતે સુધારવાના કાર્યાલયના સૂચન અંગે વિચારણા કરવા બાબત :

P.G. Rule 27(b) :

The University may permit post-graduate centre to set apart from the fees received from the post-graduate centre concerned not more than one-tenth of the fees for freeship and *half freeship combined* and one-tenth of the fees for *scholarship*.

અનુસ્નાતક નિયમ ૨૭–બી નીચે મુજબ વંચાય તે રીતે સુધારવા એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

સુધારેલો અનુસ્નાતક નિયમ નં. ૨૭–બી નીચે મુજબ વંચાશે :

P.G. Rule 27(b) :

The University may permit post-graduate centre to set apart from the fees received from the post-graduate centre concerned not more than one-tenth of the fees for freeship and half freeship combined and one-tenth of the fees for scholarship.

૩૭. એમ.કૉમ.નાં અનુસ્નાતક કેન્દ્રો પર અઠવાડિયામાં ૫ દિવસ વર્ગોવાળી વ્યવસ્થા શકય નથી તેથી ૪ દિવસ વર્ગો રાખવા અને તે અનુસાર નીચે જણાવેલ અનુસ્નાતક નિયમ ૩૪–એ સુધારવા માટે સરદાર વલ્લભભાઈ કૉમર્સ કૉલેજના આચાર્યશ્રી તરફથી આવેલ વિનંતી ઉપર વિચારણા કરવા બાબત:

P.G. Rule 34(a) :

The teaching work including practicals, if any, seminars etc. at the post-graduate centre/University Departments in the Faculties of Arts, Science and Commerce shall be arranged at least for five days in a week.

A post-graduate centre, which does not comply with this rules shall be deemed to have been closed down, and shall not enrol any fresh students for post-graduate studies in the concerned studies.

Provided that a post-graduate centre may if necessary, arrange for not more than two post-graduate lectures etc. on Sundays in respect of the teaching work assigned to visiting teachers or visiting assistants to post-graduate teachers only.

એમ.કૉમ.ના વિષયોમાં સ્થાપવામાં આવેલાં અનુસ્નાતક કેન્દ્રોમાં હાલના અનુસ્નાતક નિયમ ૩૪–એમાં જણાવ્યા અનુસાર અઠવાડિયે પાંચ દિવસનું અનુસ્નાતક શિક્ષણકાર્ય શકય નહીં હોવાથી એમ.કૉમ.ના વિષયોમાં અઠવાડિયે ચાર દિવસનું અનુસ્નાતક શિક્ષણકાર્ય રાખવા અને તે મુજબ અનુસ્નાતક નિયમ ૩૪–એ નીચે મુજબ વંચાય તે રીતે સુધારવા એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

P.G. Rule 34(a) :

(*i*) The teaching works including practicals, if any, seminars etc. at the post-graduate centre/University Departments in the Faculties of Arts and Science shall be arranged at least for five days in a week, provided that in the case of the Faculty of Commerce, it shall be four days in a week.

(*ii*) In the case of part-time degree course for the M.Ed. Education, the teaching work including practicals, if any, seminars, etc. at the post-graduate centres shall be at least for three days in a week.

(*iii*) A post-graduate centre, which does not comply with this rules shall be deemed to have been closed down, and shall not enrol any fresh students for post-graduate studies in the concerned studies.

Provided that a post-graduate centre may, if necessary, arrange for not more than two post-graduate lectures etc. on Sundays in respect of the teaching work assigned to visiting teachers or visiting assistants to post-graduate teachers only.

૩૮. અનુસ્નાતક કેન્દ્રોની તપાસ માટે ત્રિવાર્ષિક તપાસસમિતિઓ નીમવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે જે તે વિષયોનાં અનુસ્નાતક કેન્દ્રોની તપાસ માટે ત્રિવાર્ષિક તપાસસમિતિઓ નીમવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૩૯. (૧) માન્ય અનુસ્નાતક શિક્ષકો તથા માન્ય અનુસ્નાતક શિક્ષકોના મદદનીશ શિક્ષકોની માન્યતાની મુદત વર્ષ ૧૯૭૪ની ૧૪ મી જૂન સુધીની આપવામાં આવી છે તો તેમની માન્યતા વધુ એક વર્ષ માટે લંબાવી આપવા અંગે.

(૨) જૂના ઑર્ડિ. ૬૫--એફ અને ઑર્ડિ. ૬૧--એમ અનુસાર વર્ષ ૧૯૭૪--૭૫થી નવી માન્યતા આપવાનું રાખવું કે કેમ તે અંગે.

(૩) અનુસ્નાતક કેન્દ્રના પ્રોફેસર-ઇન-ચાર્જની મુદત તા. ૧૪--૬--૧૯૭૪ના રોજ પૂરી થતી હોવાથી તેમની મુદત લંબાવી આપવા અંગે વિચારણા કરવા બાબત.

એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી કે—

(૧) માન્ય અનુસ્નાતક શિક્ષકો તથા માન્ય અનુસ્નાતક શિક્ષકોના મદદનીશ શિક્ષકોની માન્યતાની મુદત જે તા. ૧૪--૬--૧૯૭૪ના રોજ પૂરી થાય છે તે મુદત વધુ એક વર્ષ માટે એટલે કે તા. ૧૪--૬--૧૯૭૫ સુધી લંબાવી આપવી.

(૨) જૂના ઑર્ડિ. ૬૫--એફ અને ઑર્ડિ. ૬૧--એમ અનુસાર વર્ષ ૧૯૭૪--૭૫થી નવી માન્યતા આપવાનું બંધ કરવું. હવેથી નવા નિયમાનુસાર માન્યતા આપવી.

(૩) જે તે વિષયના અનુસ્નાતક કેન્દ્રોના પ્રોફેસર-ઇન-ચાર્જની નિમણૂકની મુદત જે તા. ૧૪--૬--૧૯૭૪ ના રોજ પૂરી થાય છે તે મુદત તા. ૧૪--૬--૧૯૭૫ સુધી લંબાવી આપવી.

બાબત નં. ૪૦, વિચારણા માટે પ્રમુખસ્થાનેથી રજૂ કરવામાં આવી.

૪૦. બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદમાં એમ.એસસી. (મેડ.) નૉન-મેડિકલના માઇક્રોબાયોલોજી અને હેલ્મિન્થોલોજી વિષયમાં અનુસ્નાતક કેન્દ્ર સ્થાપવા માટે આવેલ અરજીના સંદર્ભમાં બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગ ઍન્ડ રિસર્ચની સભાએ નીમેલ સ્થાનિક તપાસસમિતિ તરફથી આવેલ અહેવાલ પરત્વે વિચારણા કરવા બાબત.

બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદમાં એમ.એસસી. (મેડ.) નૉન-મેડિકલના વિષય માઇક્રોબાયોલોજી અને હેલ્મિન્થોલોજીના અનુસ્નાતક કેન્દ્ર, સ્થાનિક તપાસસમિતિના અહેવાલને આધારે, સ્થાપવા પરવાનગી આપવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

એસ. પી. મેઢ
નાયબ કુલસચિવ

परिशिष्ट "क"

સુધારેલો ઑર્ડિ. ૬૫-એફ (૨) ડી (iv):

(*i*) (1) A teacher to be recognised as a Post-graduate for courses for Diploma in Psychiatric Social Work (D.P.S.W.), (2) Diploma in Special Education for the Non-normal Childern (D.S.E.N.C.)

(*a*) (3) Diploma in Psychiatric Occupational Therapy (D.P.O.T.) and (4) Diploma in Psycho-therapy (D.P.) by papers, shall have at least a Second Class Master's degree in the subject or a Post-graduate Diploma in the subject with at least five years' teaching or clinical or research experience in the respective subject and/or related fields like, Psychiatry, Social work, Psychology, Psychoanalysis and Psycho-therapy.

(*b*) A teacher to be recognised as a post-graduate teacher in Diploma in Medical and Social Psychology (D.M.S.P.) shall have a Post-graduate diploma in the subject or M.D. (Psychiatry) or D.P.M. with at least 5 years' teaching, research or clinical experience or a second class Master's degree in Psychology, Social work, Child development or related subjects with 7 years' teaching, research or clinical experience.

(*c*) A teacher to be recognised as a Post-graduate teacher in B.Sc. (A.S.T.) shall have second class Bachelor's degree or a Post-graduate diploma in the subject recognised by Indian Speech and Hearing Association with at least 5 years of teaching, research or clinical experience or at least Second Class Master's degree in Audiology and Speech recognised by Indian Speech and Hearing Association with 3 years of teaching, research or clinical experience or M.S. (E.N.T.) or D.O.L. or D.P.M. or M.D. (Psychiatry) with 5 years' teaching, research and clinical experience invoice, speech and hearing disorders.

(*ii*) Notwithstanding anything contained above, those teachers who have been recognised as Post-graduate teachers in the subject Psychology, be also recognised as a post-graduate teacher to teach the papers on Psychology in the above Diploma Course.

(*iii*) A teacher with a post-graduate qualification of M.D. or Diploma in Psychiatric Medicine (D.P.M.) or its equivalent will also be recognised as a Post-graduate teacher if he has at least 5 years' teaching experience in Psychiatric Medicine at the under-graduate level.

સુધારેલ ઓર્ડિ. ૬૫ એમ (૨) (૧)ની નોંધ (૫)

(*i*) A teacher to be recognised as an Assistant to a Post—

(*a*) graduate teacher for the courses for Diploma in Psychiatric Social Work (D.P.S.W.), Diploma in Special Education for the Non-normal Children (D.S.E.N.C.) and Diploma in Psychiatric Occupational Therapy (D.P.O.T.) and Diploma in Psychotherapy (D.P.) by papers shall have at least Second Class Masters' Degree in the subject or a Post-graduate Diploma in the subject and three years' teaching or clinical or research experience in the respective subject and/or related fields like psychiatry, Social work, Psychology and Psychotherapy.

(*b*) A teacher to be recognised as a Post-graduate teacher in Diploma in Medical and Social Psychology (D.M.S.P.) shall have a Post-graduate Diploma in the subject or M.D. (Psychiatry) or D.P.M. with at least three years' teaching, research or clinical experience or a second class Master's degree in Psychology, Social Work, Child Development or related subjects with five years teaching, research or clinical experience.

(*c*) A teacher to be recognised as a Post-graduate teacher in B.Sc. (A.S.T.) shall have second class Bachelor's Degree or a Post-graduate Diploma in the subject recognised by Indian Speech and Hearing Association with at least three years of teaching, research or clinical experience or at least Second Class Master's Degree in Audiology and Speech recognised by Indian Speech and Hearing Association with one year of teaching, research or clinical experience or M.S. (E.N.T.) or D.O.L. or D.P.M. or M.D. (Psychiatry) with three years' teaching, research and clinical experience in voice, speech and hearing disorders.

(*ii*) A teacher with a Post-graduate qualification of M.D. or Diploma in Psychiatric Medicine (D.P.M.) or its equivalent will also be recognised as an Assistant to a Post-graduate teacher, if he has worked as a Registrar in the same branch for at least two years in a teaching Institution where he is working in his own speciality.

(*iii*) Notwithstanding anything contained above a teacher, who has been recognised as Assistant to a Post-graduate teacher in the subject of Psychology, shall also be recognised as an Assistant to Post-graduate teacher to teach the Psychology paper in the above Diploma Courses.

પરિશિષ્ટ "ખ"

કુલપતિશ્રીએ માન્ય કરેલ અનુસ્નાતક શિક્ષકોની યાદી

શિક્ષકોનું નામ	પદવી	વિષય	કૉલેજ/સંસ્થાનું નામ
શ્રી. જિતેન્દ્ર છગનલાલ મણિયાર, એમ.એ., એમ.એડ.	એમ.એ.	ગુજરાતી	ડી. સી. એમ. આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, વીરમગામ
શ્રી. જેઠાલાલ રેવાભાઈ ચૌધરી, એમ.એ.	એમ.એ.	ગુજરાતી	આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, કલોલ
શ્રી. મધુસૂદન હીરાલાલ પારેખ, એમ.એ., પીએચ.ડી.	પીએચ.ડી.	ગુજરાતી	એચ. કે. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ
શ્રી. પ્રેમશંકર હરિલાલ ભટ્ટ, એમ.એ.	પીએચ.ડી.	ગુજરાતી	આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, દહેગામ
શ્રી. વિષ્ણુપ્રસાદ રૂપરામજી ઓઝા, એમ.એ.	એમ.એ.	હિન્દી	સિટી આર્ટ્સ કૉલેજ, અમદાવાદ
શ્રી. મધુસૂદન રામપ્રસાદ મહેતા, એમ.એ., પીએચ.ડી.	એમ.એ.	હિન્દી	આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, પાટણ
શ્રી. સુમનભાઈ મામદભાઈ અજમેરી, એમ.એ.	એમ.એ.	હિન્દી	સરસપુર આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ
શ્રીમતી ઘુમન રામપ્રસાદ દીવાનજી, એમ.એ., પીએચ.ડી.	એમ.એ.	હિન્દી	એસ. એલ. યુ. કૉલેજ ફૉર વિમેન, અમદાવાદ
શ્રી. અરવિંદકુમાર ટી. જોષી, એમ.એ., પીએચ.ડી.	પીએચ.ડી.	હિન્દી	એચ. કે. કૉમર્સ કૉલેજ, અમદાવાદ
શ્રી. ઈચ્છાશંકર ગિરજાશંકર દવે, એમ.એ.	એમ.એ.	અંગ્રેજી	નવજીવન આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, દાહોદ
શ્રી. રવીન્દ્રપાલ સોબરનસિંઘજી સિંઘ	એમ.એ.	અંગ્રેજી	એમ. એન. કૉલેજ, વીસનગર
શ્રીમતી દોલત કન્નન, એમ.એ.	એમ.એ.	અંગ્રેજી	એસ. એલ. યુ. કૉલેજ ફૉર વિમેન, અમદાવાદ
શ્રી. નવીનચંદ્ર જેઈતારામ રાવળ, એમ.એ.	એમ.એ.	સંસ્કૃત	એમ. એન. કૉલેજ, વીસનગર
શ્રી. મલુકચંદ રતિલાલ શાહ, એમ.એ.	એમ.એ.	સંસ્કૃત	બી. ડી. કૉલેજ, અમદાવાદ
શ્રી. જશભાઈ શંકરભાઈ પટેલ, એમ.એ.	એમ.એ.	ઈતિહાસ	આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, ડભોઈ
શ્રી. કનુભાઈ પ્રહ્લાદદાસ પટેલ, એમ.એ.	એમ.એ.	ઈતિહાસ	વાય. એમ. આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, દેવગઢબારિયા

શિક્ષકોનું નામ	પદવા	વિષય	કૉલેજ/સંસ્થાનું નામ
શ્રી. ડાહ્યાભાઈ અમીચંદ પટેલ, એમ.એ.	અમ.અ.	ઈતિહાસ	એમ. એન. કૉલેજ, વીસનગર
શ્રી. જયકુમાર રણછોડભાઈ શુકલ, એમ.એ., પીએચ.ડી.	એમ.એ.	ઈતિહાસ	એચ. કે. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ
શ્રી. સતીષચંદ્ર મોહનલાલ મહેતા, એમ.એ.	એમ.એ.	ઈતિહાસ	અમદાવાદ આર્ટ્સ કૉલેજ, અમદાવાદ
શ્રી. ભોલીદાસ ત્રિકમદાસ પટેલ, એમ.એ.	એમ.એ.	અર્થશાસ્ત્ર જૂથ "સી" અને "ડી"	કે. એમ. આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, ક્લોલ
શ્રી. વિપિનચંદ્ર દામોદરદાસ શાહ, અમ.એ.	એમ.એ.	અર્થશાસ્ત્ર જૂથ "સી" અને "ડી"	આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, ઈડર
શ્રી. મુકુન્દ શંકરલાલ ત્રિવેદી, એમ.એ.	એમ.એ.	અર્થશાસ્ત્ર	સરદાર પટેલ ઈન્સ્ટિટયૂટ ઑફ ઈકોનોમિક્સ એન્ડ રિસર્ચ, અમદાવાદ
શ્રી. અરવિંદભાઈ ઉમેદભાઈ પટેલ, એમ.એ.	એમ.એ.	અર્થશાસ્ત્ર જૂથ "સી" અને "ડી"	એલ. ડી. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ
શ્રી. અંબાલાલ ગુલાબચંદ શાહ, એમ.એ., એલએલ.બી.	એમ.એ.	સોશિયોલોજી	સિટી આર્ટ્સ કૉલેજ, અમદાવાદ
શ્રીમતી ભગવતી રતિલાલ વ્યાસ, એમ.એ.	એમ.એ.	રાજ્યશાસ્ત્ર	સિટી આર્ટ્સ કૉલેજ, અમદાવાદ
શ્રી. કેશવલાલ બાલકૃષ્ણ વ્યાસ, એમ.એ., પીએચ.ડી.	પીએચ.ડી.	ફિલોસોફી	સિટી આર્ટ્સ કૉલેજ, અમદાવાદ
કુ. કુસુમ કમળાશંકર ભટ્ટ, એમ.એ., પીએચ.ડી.	પીએચ.ડી.	સાયકોલોજી	મનોવિજ્ઞાન વિદ્યા ભવન, અમદાવાદ
શ્રી. વિનોદચંદ્ર બેચરદાસ પટેલ, એમ.એડ.	એમ.એડ.	એજ્યુકેશન	બી, સી. જે. કૉલેજ ઑફ એજ્યુકેશન, ખંભાત
શ્રી. રજનીકાન્ત રામપ્રસાદ જાની, એમ.એ.	એમ.એડ.	એજ્યુકેશન	વિશ્વભારતી કૉલેજ ઑફ એજ્યુકેશન, અમદાવાદ
શ્રી. ગોરધનભાઈ ભૂદરદાસ પટેલ, એમ.એ., એમ.એડ.	એમ.એડ.	એજ્યુકેશન	સેકન્ડરી ટીચર્સ ટ્રેનિંગ કૉલેજ, વીસનગર
શ્રી. પ્રભુલાલ છોટાલાલ સુથાર, એમ.એડ.	એમ.એડ.	એજ્યુકેશન	બોરસદ કૉલેજ ઑફ એજ્યુકેશન, બોરસદ
શ્રી. જગદીશચંદ્ર રેવાશંકર ત્રિવેદી, એમ.એ., એમ.એડ.	એમ.એડ.	એજ્યુકેશન	એસ. એલ. યુ. કૉલેજ ફૉર વિમેન, અમદાવાદ
શ્રીમતી યશોમતી ફુલાભાઈ પટેલ, એમ.એ., એમ.એડ.	એમ.એડ.	એજ્યુકેશન	એસ. એલ. યુ. કૉલેજ ફૉર વિમેન, અમદાવાદ

શિક્ષકોનું નામ	પદવી	વિષય	કૉલેજ/સંસ્થાનું નામ
શ્રી. મહેન્દ્ર મણિલાલ ગોર, એમ.એસસી.	એમ.એસસી.	ફિઝિક્સ	સેન્ટ ઝેવિયર્સ કૉલેજ, અમદાવાદ
શ્રી. રામકુંવર વર્મા, એમ.એસસી., પીએચ.ડી.	પીએચ.ડી.	ફિઝિક્સ	ફિઝિકલ રિસર્ચ લેબોરેટરી, અમદાવાદ
શ્રી. હરજીભાઈ બચુભાઈ ભટ્ટી, એમ.એસસી.	એમ.એસસી.	ઈન-ઑર્ગેનિક કેમિસ્ટ્રી	એમ. એન. કૉલેજ, વીસનગર
શ્રી. એસ. સી. શ્રીવાસ્તવ, એમ.એસસી., ડી.ફિલ	એમ.એસસી.	ઈન-ઑર્ગેનિક કેમિસ્ટ્રી	તોલાણી કૉલેજ ઑફ આર્ટ્સ ઍન્ડ સાયન્સ, આદિપુર
શ્રી. લક્ષ્મીપ્રસાદ ધનશંકર દવે, એમ.એસસી., પીએચ.ડી.	પીએચ.ડી.	ઈનઑર્ગેનિક કેમિસ્ટ્રી	ભવન્સ કૉલેજ, ડાકોર
શ્રી. માણેકલાલ ધનજીભાઈ આણખીવાળા, એમ.એસસી.	એમ.એસસી.	ઑર્ગેનિક કેમિસ્ટ્રી	બનાસકાંઠા આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, પાલનપુર
શ્રી. હસન ઈસા વારુડી, એમ.એસસી.	એમ.એસસી.	ઈનઑર્ગેનિક કેમિસ્ટ્રી	નટવરસિંહજી આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, છોટાઉદેપુર
શ્રી. પ્રહ્લાદભાઈ બેચરદાસ પટેલ, એમ.એસસી., પીએચ.ડી.	પીએચ.ડી.	ઑર્ગેનિક કેમિસ્ટ્રી	શ્રીમતી બી. સી. જે. સાયન્સ કૉલેજ, ખંભાત
શ્રી. રમેશ જયંતીલાલ શાહ, એમ.એસસી.	એમ.એસસી.	ઑર્ગેનિક કેમિસ્ટ્રી	એલ. ડી. કૉલેજ ઑફ એન્જિનિયરિંગ, અમદાવાદ
શ્રી. નટવરલાલ ગરબડદાસ પટેલ, એમ.એસસી.	એમ.એસસી.	ઝૂલોજી	એમ. જી. સાયન્સ ઈન્સ્ટિટ્યૂટ, અમદાવાદ
શ્રી. કે. એચ. કુલકર્ણી, એમ.એસસી.	એમ.એ. એમ.એસસી. (એમ.કૉમ. સ્ટેટિસ્ટિક્સની માન્યતા રદ કરીને.)	સ્ટેટિસ્ટિક્સ	ગવર્નમેન્ટ સાયન્સ કૉલેજ, ગાંધીનગર
શ્રી. વી. આર. રુદાણી, એમ.એસસી.	એમ.એ. એમ.એસસી. (એમ.કૉમ. સ્ટેટિસ્ટિક્સની માન્યતા રદ કરીને.)	સ્ટેટિસ્ટિક્સ	સ્વામીનારાયણ સાયન્સ કૉલેજ, અમદાવાદ
શ્રી. પ્રવીણચંદ્ર જયંતીલાલ શાહ, એમ.ઈ.	એમ.ઈ. (મિકે.)	મિકેનિકલ એન્જિનિયરિંગ	એલ. ડી. કૉલેજ ઑફ એન્જિનિયરિંગ, અમદાવાદ
શ્રી. ભોગીલાલ ચિમનલાલ ભટ્ટ, એમ.એસસી.	એમ.ઈ.	મૅથેમેટિક્સ	એલ. ડી. એન્જિનિયરિંગ કૉલેજ, અમદાવાદ
શ્રી. લીલા લેખુમલ અસ્સુદાની, એમ.એસસી.	એમ.ઈ.	મૅથેમેટિક્સ	એલ. ડી. એન્જિનિયરિંગ કૉલેજ, અમદાવાદ
શ્રી. દર્શનસિંઘ બસન, એમ.એ.	પીએચ.ડી.	મૅથેમેટિક્સ	વિજ્ઞાન વિદ્યાભવન, અમદાવાદ
શ્રી. વિનોદ સાંકળચંદ શાહ, એમ.ટેક.	એમ.ઈ. (સિવિલ)	(૧) કૉન્ક્રીટ સ્ટ્રક્ચર્સ (૨) સ્ટીલ સ્ટ્રક્ચર્સ	એલ. ડી. કૉલેજ ઑફ એન્જિનિયરિંગ, અમદાવાદ,

શિક્ષકોનું નામ	પદવી	વિષય	કૉલેજ / સંસ્થાનું નામ
શ્રી. રમેશચંદ્ર કાંતિલાલ શાહ, એલએલ.એમ.	એલએલ.એમ.	ગ્રુપ ૩ના વિષયો	સર એલ. એ. શાહ લૉ કૉલેજ, અમદાવાદ
ડૉ. અરુણ ચંદ્રશંકર ભટ્ટ, એમ.ડી.	એમ.ડી.	પેથોલોજી ઍન્ડ બેક્ટિરિયોલોજી	બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદ
ડૉ. મનિક શાંતારામ કન્વીન્દે, એમ.ડી.	ડી.સી.પી.	ક્લિનિક પેથોલોજી	કે. એમ. સ્કૂલ ઑફ પોસ્ટ-ગ્રેજ્યુએટ મેડિસિન ઍન્ડ રિસર્ચ, અમદાવાદ
	(એમ.ડી. બ્રા. ૨ની માન્યતા ઉપરાંત.)		
ડૉ. ચંદ્રહાસ અંબાપ્રસાદ દેસાઈ, એમ.એસસી. (મેડ.)	એમ.એસસી. (મેડ.) ફૉર નૉન-મેડિકલ સ્ટુડન્ટ્સ, એમ.ડી.	ફિઝિયોલોજી	બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદ
ડૉ. ધ્રુપદ નૌતમલાલ છત્રપતિ, એમ.એસસી. (મેડ.)	*એમ.એસસી. (મે.) ફૉર નૉન-મેડિકલ સ્ટુડન્ટ્સ	એનેટોમી	બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદ
ડૉ. બચુભાઈ રાજનરાવ કુલકર્ણી, એમ.એસસી.(મેડ.)	*એમ.એસસી. (મેડ.) ફૉર નૉન-મેડિકલ સ્ટુડન્ટ્સ	એનેટોમી	બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદ
	* (એમ.એસસી. (મેડ.) એનેટોમીની માન્યતા રદ કરીને.)		
ડૉ. ચંદ્રચૂડ વી. દીક્ષિત, એમ.ડી.	*એમ.એસસી. (મેડ.) ફૉર નૉન-મેડિકલ સ્ટુડન્ટ્સ	માઈક્રોબાયોલોજી ઍન્ડ હેલ્મિન્થોલોજી	બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદ
	* (એમ.એસસી. (મેડ.) પેથોલોજી ઍન્ડ બેક્ટેરિયોલોજીની માન્યતા રદ કરીને.)		
ડૉ. જિંદાલ મહેન્દ્રનાથ, એમ.ડી.	*એમ.એસસી. (મેડ.) ફૉર નૉન-મેડિકલ સ્ટુડન્ટ્સ	ફાર્માકોલોજી	બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદ
	* (એમ.એસસી. (મેડ.) ફાર્માકોલોજીની માન્યતા રદ કરીને.)		
ડૉ. રજનીકાંત ભાઈલાલ ડૉકટર, એમ.એસસી. (મેડ), એફ.સી.પી.એસ.	*એમ.એસસી. (મેડ.) ફૉર નૉન-મેડિકલ સ્ટુડન્ટ્સ	ફાર્માકોલોજી	બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદ
	* (એમ.એસસી. (મેડ.) ફાર્માકોલોજીની માન્યતા રદ કરીને.)		
ડૉ. કે. એન. સહગલ, એમ.ડી.	*એમ.એસસી. ફૉર નૉન-મેડિકલ સ્ટુડન્ટ્સ ડી.સી.પી.	માઈક્રોબાયોલોજી ઍન્ડ હેલ્મિન્થોલોજી	બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદ
	* (એમ.ડી. બ્રા. ૨ પેથોલોજી ઍન્ડ બેક્ટેરિયોલોજીની માન્યતા ઉપરાંત.)		
ડૉ. માલતી વિપિન નાયક, એમ.ડી., ડી.એ., ડી.જી.ઓ.	એમ.ડી.	એનેસ્થેસિયા	બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદ

શિક્ષકોનું નામ	પદવી	વિષય	કૉલેજ/સંસ્થાનું નામ
શ્રી. ઓમપ્રકાશ શેટી, એમ.એસસી., પીએચ.ડી.	એમ.ફાર્મ.	ફાર્માકોલોજી	એચ. એમ. કૉલેજ ઑફ ફાર્મસી, અમદાવાદ
ડૉ. ચંદ્રકાંત ઈશ્વરલાલ જાદા, એમ.ડી., એમ.આર.સી.પી.	એમ.એસસી. (મેડ.) ફૉર નૉન-મેડિકલ સ્ટુડન્ટ્સ	માઇક્રોબાયોલોજી એન્ડ હેમ્બિન્યોલોજી	બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદ
ડૉ. હસમુખ શાન્તિલાલ શાહ, એમ.ડી.	*ડી.સી.પી.	ક્લિનિકલ પેથોલોજી	શેઠ કે. એમ. સ્કૂલ ઑફ પી. જી. મેડિસિન એન્ડ રિસર્ચ, અમદાવાદ
	* (એમ.ડી. ભા. ૨ની માન્યતા ઉપરાંત)		
ડૉ. કૃષ્ણકાંત છબીલાલ દવે, એમ.ડી.	*એમ.એસસી. (મેડ.) ફૉર નૉન-મેડિકલ સ્ટુડન્ટ્સ	ફાર્માકોલોજી	એન. એચ. એલ. મ્યુનિસિપલ મેડિકલ કૉલેજ, અમદાવાદ
	* (એમ.એસસી. (મેડ.) ફાર્માકોલોજીની માન્યતા રદ કરીને.)		
ડૉ. ફિદાહુસેન	*એમ.એસસી. (મેડ.) ફૉર નૉન-મેડિકલ સ્ટુડન્ટ્સ	એનેટોમી	મ્યુનિસિપલ મેડિકલ કૉલેજ, અમદાવાદ
ડૉ. સી. જે. રાયબાગકર	*એમ.એસસી. (મેડ.) ફૉર નૉન-મેડિકલ સ્ટુડન્ટ્સ	એનેટોમી	મ્યુનિસિપલ મેડિકલ કૉલેજ, અમદાવાદ
ડૉ. પી. જી. મહેરા	*એમ.એસસી. (મેડ.) ફૉર નૉન-મેડિકલ સ્ટુડન્ટ્સ	એનેટોમી	મ્યુનિસિપલ મેડિકલ કૉલેજ, અમદાવાદ
	* (એમ.એસસી. (મેડ.) એનેટોમીની માન્યતા રદ કરીને.)		
ડૉ. માધવ રામરાવ કુલકર્ણી, ડી.ઓ.ટી., ઓ.ટી.આર., એમ.એ.	*ડી.એલઓ., એન.સી. સ્પેશિયલ એજ્યુકેશન ફૉર ધી નૉન નોર્મલ ચિલ્ડ્રન		બી. એ. ઇન્સ્ટિટ્યૂટ, અમદાવાદ
	* (ડી.પી.ઓ.ટી.ની માન્યતા ઉપરાંત.)		
શ્રી. પ્રિયવદન રતિલાલ શાહ, એમ.કૉમ.	એમ.કૉમ.	(૧) કૉર્પો. ફાઇનાન્સ (૨) બિઝનેસ મૅનેજમેન્ટ (૩) ઇન્ડસ્ટ્રી એન્ડ લેબર	એચ. એ. કૉલેજ ઑફ કૉમર્સ, અમદાવાદ
શ્રી. મધુકાન્ત મણિલાલ ઓઝા, એમ.કૉમ.	એમ.કૉમ.	*(૧) કૉર્પો. ફાઇનાન્સ (૨) બિઝનેસ મૅનેજમેન્ટ (૩) ઇકો. ઑફ એગ્રિકલ્ચર (૪) ઇન્ડસ્ટ્રી, પેપર ૧	સાર્વજનિક કૉલેજ ઑફ કૉમર્સ, ગોધરા
	* (ઑર્ગે. માર્કેટ્સના પેપરની માન્યતા રદ કરીને)		

શિક્ષકોનું નામ	પદવી	વિષય	કૉલેજ/સંસ્થાનું નામ
શ્રી. કનૈયાલાલ અંબાલાલ શાહ, એમ.એ.	એમ.કૉમ.	(૧) ઇકો. પોલિસી એન્ડ પ્લાનિંગ (૨) ઇન્ટરનેશનલ ફાઇનાન્સ (૩) બૅંકિંગ	સિટી આર્ટ્સ કૉલેજ, અમદાવાદ
શ્રી. મનહરલાલ ત્રિભોવનદાસ શાહ, સી.એ.	એમ.કૉમ.	(૧) કૉસ્ટ એકા. પેપર ૧ અને ૨ (૨) એડવાન્સ એકા. પેપર ૩ અને ૪	કૉમર્સ કૉલેજ, ડભોઈ
શ્રી. પરેશ મંજુલકુમાર મજમુદાર, એમ.એ., પીએચ.ડી.	પીએચ.ડી.	લેબર વેલ્ફેર	સમાજવિદ્યા ભવન, અમદાવાદ
શ્રી. ડાહ્યાભાઈ પુંજીરામ પટેલ, એમ.એસસી.	એમ.એસસી.	મૅથેમેટિક્સ ગ્રુપ "બી"	એલ. એચ. સાયન્સ કૉલેજ, માણસા
શ્રી. છોટાલાલ છગનલાલ ત્રિવેદી એલએલ.બી.	એલએલ.એમ.	× ગ્રુપ ૩	શેઠ વી. એસ. લૉ કૉલેજ, ઊંઝા
		(× ગ્રુપ ૧ની માન્યતા ઉપરાંત)	
શ્રી. વિન્ધ્યપ્રકાશ પ્યારેલાલ શર્મા, એમ.એ.,ડી.એમ.,	૧. ડી.એમ.એન્ડ એસ.પી. ૨. ડી.પી.એસ. ડબ્લ્યુ. ૩. ડી.એસ.ઈ. એન.સી. ૪. ડી.પી.ઓટી. ૫. ડી.પી.	મેડિસિન એન્ડ સોશિયલ સાયકોલોજી સાયકિયાટ્રિક સોશિયલ વર્ક સ્પે. એજ્યુ. ફૉર ધી નૉન-નૉર્મલ ચિલ્ડ્રન સાયકિયાટ્રિક ઑક્યુપેશનલ થેરાપી સાયકોથેરાપી.	બી. એમ. ઇન્સ્ટિટ્યૂટ, અમદાવાદ
શ્રી. હસમુખલાલ જેઠાલાલ શાહ, એમ.કૉમ.	એમ.કૉમ.	૧. કૉર્પોરેશન ફાઇનાન્સ ૨. ઑર્ગેનાઇઝર માર્કેટ્સ ૩. ઇન્ડસ્ટ્રિયલ મૅનેજમેન્ટ ૪. ઇન્ડસ્ટ્રી એન્ડ લેબર,	આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, મિયાગામ-કરજણ

શિક્ષકોનું નામ	પદવી	વિષય	કૉલેજ/સંસ્થાનું નામ
શ્રી. સુરેશ કાન્તિલાલ મજમુદાર	*ડી.એમ. ઍન્ડ એસ.પી.	મેડિકલ ઍન્ડ સોશિયલ સાયકોલોજી	બી. એમ. ઈન્સ્ટિટ્યૂટ, અમદાવાદ
(*ડી.એસ.ઈ. ઍન્ડ એન.સી.ની માન્યતા ઉપરાંત)			
શ્રી. એસ. જે. ડેવીડ, એમ.એસસી.	*ડી.એમ. ઍન્ડ એસ.પી.	મેડિકલ ઍન્ડ સોશિયલ સાયકોલોજી	બી. એમ. ઈન્સ્ટિટ્યૂટ, અમદાવાદ
*(ડી.એસ.ઈ. ઍન્ડ એન.સી. માન્યતા ઉપરાંત)			
શ્રી. કે. સી. ઓઝા, એમ.એ., ડી.એમ. ઍન્ડ એસ.પી.	ડી.એમ. ઍન્ડ એસ.પી.	મેડિકલ ઍન્ડ સોશિયલ સાયકોલોજી	બી. એમ. ઈન્સ્ટિટ્યૂટ, અમદાવાદ
ડૉ. ઋષીકેશ જાની*	એમ.એસસી. (મેડ.) ફોર નૉન-મેડિકલ	ફિઝિયોલોજી	મ્યુનિ. મેડિકલ કૉલેજ, અમદાવાદ
ડૉ. હૈદરી ઈબ્રાહીમ*	,,	,,	,,
* (એમ.એસસી. (મેડ.) ફિઝિયોલોજીની માન્યતા રદ કરીને)			
ડૉ. રમેશ મદનલાલ ગાઉડ, ડી.એ.એસ.પી. બી.એસસી. (એ.એસ.ટી.)		બી.એસસી. (એ.એસ.ટી.)	બી. એમ. ઈન્સ્ટિટ્યૂટ, અમદાવાદ
ડૉ. સી. એફ. શાહ, એમ.એસ.	,,	,,	

परिशिष्ट "ग"

कुलपतिश्रीओ अमान्य करेल अनुस्नातक शिक्षकोनी यादी

शिक्षकनुं नाम	मान्यतानी पदवी	मान्यतानो विषय	कॉलेज/संस्थानुं नाम
श्री. જી. પી. બ્રહ્મભટ્ટ, એમ.એ.	એમ. એ.	સંસ્કૃત	આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, ઊંઝા
શ્રી. જે. જે. શુકલ, એમ.એ., પીએચ.ડી.	,,	ફિલોસોફી	મનોવિજ્ઞાન ભવન, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ
શ્રી. જે. એચ. પંડયા, એમ.એડ.	એમ.એડ.	એજ્યુકેશન	વિવેકાનંદ કૉલેજ ઑફ એજ્યુકેશન, મહેસાણા
શ્રી. એસ. એન. કાપડિયા, એમ.એડ., બી.ટી.	,,	,,	,,
શ્રી. જી. વી. મહંત, એમ.એડ.	,,	,,	બી. સી. જે. કૉલેજ ઑફ એજ્યુકેશન, ખંભાત

શિક્ષકનું નામ	માન્યતાની પદવી	માન્યતાનો વિષય	કૉલેજ/સંસ્થાનું નામ
ડૉ. ઓ. આર. શાહ, એમ.ડી.	એમ.ડી., ડી.પેડ.	પેડિયાટ્રિક્સ	બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદ
ડૉ. એમ. જે. મહેતા, એમ.ડી.	,,	,,	,,
ડૉ, આર. એમ. વૈદ્ય. પીએચ.ડી.	ડી.પી.એમ.	,,	,,
શ્રી. સી. વી. પટેલ. બી.ફાર્મ., એમ.એસસી. (યુ.એસ.એ.)	એમ.ફાર્મ.	ફાર્માસ્યુટિક્સ એન્ડ ફાર્માસ્યુટિકલ ટેકનોલોજી	એલ. એમ. કૉલેજ ઑફ ફાર્મસી, અમદાવાદ
ડૉ. એમ. વી. ચંદ્રશંકર, પીએચ.ડી.	પીએચ.ડી.	કેમિસ્ટ્રી	સેન્ટ્રલ સોલ્ટ એન્ડ મરીન કેમિકલ્સ ઇન્સ્ટિટ્યૂટ, ભાવનગર
શ્રી. એસ. જે. શાહ, એમ.કૉમ.	એમ.કૉમ.	(૧) કૉર્પો. ફાઇનાન્સ (૨) ઑર્ગે. માર્કેટ્સ (૩) ઇન્ડસ્ટ્રિયલ મૅનેજમેન્ટ (૪) ઇન્ડસ્ટ્રી એન્ડ લેબર	શ્રીમતી એચ. સી. પટેલ આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, મિયાગામ--કરજણ
ડૉ. આર. એચ. પુરોહિત, એમ.ડી.	એમ.ડી. (બ્રા. ૨)	પેથોલોજી એન્ડ બેક્ટેરિયોલોજી	બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદ
ડૉ. યુ. એચ. શાહ, એમ.ડી.	એમ.એસસી. (મેડ)	ફાર્મકોલોજી	,,
શ્રી. આર. કે. ટકુ, એમ.એસસી., પીએચ.ડી.	એમ.એસસી.	ફિઝિક્સ	તોલાણી કૉલેજ ઑફ આર્ટ્સ એન્ડ સાયન્સ, આદિપુર
શ્રી. આઈ. સી. મુલ્તાની, એમ.એ.	એમ.એ.	અર્થશાસ્ત્ર, જૂથ 'સી' અને 'ડી'	આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, ડભોઈ.

પરિશિષ્ટ "ઘ"

કુલપતિશ્રીએ માન્ય કરેલ મદદનીશ શિક્ષકોની યાદી

શિક્ષકનું નામ	માન્યતાની પદવી	વિષય	કૉલેજ/સંસ્થા
શ્રી. એન. એસ. ઠક્કર, એમ.એ.	એમ.એ.	ગુજરાતી	જી. એલ. એસ. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ
શ્રી. એસ. એલ. ચોધરી, એમ.એ.	,,	,,	પ્રભુદાસ ઠક્કર કૉલેજ, અમદાવાદ
શ્રીમતી વી. પી. નાગોરી, એમ.એ.	,,	,,	(શ્રીમતી) મહિલા આર્ટ્સ કૉલેજ, વીસનગર
શ્રી. આર. કે. સોની, એમ.એ.	,,	,,	આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજ, ઈડર
શ્રીમતી ઈલા બી. નાયક, એમ.એ. (પારંગત) (ગુજરાત વિદ્યાપીઠ)	,,	,,	સ્વામીનારાયણ આર્ટ્સ કૉલેજ, અમદાવાદ

શિક્ષકનું નામ	માન્યતાની પદવી	વિષય	કૉલેજ/સંસ્થા
શ્રી. એચ. વી. પંડિત, એમ.એ.	એમ.એ.	ગુજરાતી	આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, માણસા
શ્રીમતી પૂર્ણિમા એમ. શાહ, એમ.એ.	,,	,,	એસ. એચ. યુ. કૉલેજ ફૉર વિમેન, અમદાવાદ
શ્રી. વી. સી. લાખાણી, એમ.એ.	,,	હિંદી	ગુજરાત કૉલેજ, અમદાવાદ
શ્રી, એમ. એમ. પરમાર, એમ.એ.	,,	અંગ્રેજી	આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, બોરસદ
શ્રી. વી. એન. પઠાણ, એમ.એ., એલ.એલ.એમ.	,,	,,	એચ. સી. પટેલ આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, બોરસદ
શ્રી. આર. એ. ભટ્ટ, એમ.એ.	,,	સંસ્કૃત	નવજીવન આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, દાહોદ
શ્રી. કે. એમ. પટેલ, એમ.એ.	,,	ઇતિહાસ	એસ. એલ. યુ. કૉલેજ ફૉર વિમેન, અમદાવાદ
શ્રી. વાય. એમ. પટેલ, એમ.એ.	,,	અર્થશાસ્ત્ર જૂથ સી-ડી	એચ. સી. પટેલ આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, મિયાગામ-કરજણ
શ્રી. જે. એચ. પટેલ, એમ.એ.	,,	,,	અમદાવાદ કૉમર્સ કૉલેજ, અમદાવાદ
શ્રી. એ. એન. શાહ, એમ.એ.	,,	,,	આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, દહેગામ
શ્રી. બી. એન. પટેલ, એમ.એ.	,,	,,	આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, દહેગામ
શ્રી. કે. વી. શાહ, એમ.એ.	,,	ભૂગોળ	નવગુજરાત કૉમર્સ કૉલેજ, અમદાવાદ
શ્રી. પી. ટી. ભીમાણી, એમ.એ.	,,	મનોવિજ્ઞાન	સિટી આર્ટ્સ કૉલેજ, અમદાવાદ
શ્રી. એસ. એમ. મોદી, એમ.એ.	,,	,,	લુણાવાડા આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, લુણાવાડા
શ્રી. આર. કે. મહેતા, એમ.એ.	,,	,,	સાબરમતી આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, સાબરમતી
શ્રી. એસ. ટી. પટેલ, એમ.એ.	,,	,,	પાટણ આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, પાટણ
કુ. નયનાગ્રેન કે. શાહ, એમ.એ.	,,	,,	અમદાવાદ આર્ટ્સ કૉલેજ, અમદાવાદ
શ્રી. એ. ટી. અજમેરા, એમ.એડ.	એમ.એડ	એજ્યુકેશન	એસ. ટી. ટી. કૉલેજ, સરખેજ રોડ, અમદાવાદ
શ્રીમતી એન. એમ. ગામડિયા, એમ.એડ.	,,	,,	,,
શ્રી. કે. આર. નાવડિયા, એમ.એ., એમ.એડ.	,,	,,	આર. બી. સાગર કૉલેજ ઑફ એજ્યુકેશન, અમદાવાદ
શ્રી. જી. વી. મહેતા, એમ.એ.,એમ.એડ.	,,	,,	કૉલેજ ઑફ એજ્યુકેશન, ડભોઈ
શ્રી. સી. વી. વાલેરા, એમ.એડ.	,,	,,	,,
શ્રી. આર. વી. પરીખ, એમ.એડ.	,,	,,	વિવેકાનંદ કૉલેજ ઑફ એજ્યુકેશન, મહેસાણા

શિક્ષકનું નામ	માન્યતાની પદવી	વિષય	કૉલેજ/સંસ્થા
શ્રી. જે. આર. જાની, એમ.એડ.	,,	,,	કૉલેજ ઑફ એજ્યુકેશન, પાટણ
શ્રીમતી રુશીલા એ. પરીખ, એમ.એ.	એમ.એ.	ભારતીય સંસ્કૃતિ	એસ. એલ. યુ. કૉલેજ ફૉર વિમેન, અમદાવાદ
શ્રી. કે. આર. શાહ, એમ.એડ.	એમ.અસસી	ફિઝિકસ	લુણાવાડા આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, લુણાવાડા
શ્રી. બી. ટી. પટેલ, એમ.એસસી.	,,	ઑર્ગે. કેમિસ્ટ્રી	એલ. એચ. સાયન્સ કૉલેજ, માણસા
શ્રી. એન. સી. પટેલ, એમ.એસસી.	,,	,,	બોરસદ સાયન્સ એન્ડ લૉ કૉલેજ, બોરસદ
શ્રી. એસ. જે. શાહ, એમ.એસસી.	,,	ગણિતશાસ્ત્ર જૂથ "એ"	એલ. ડી. કૉલેજ ઑફ એન્જિનિયરિંગ, અમદાવાદ
શ્રી. એ. એમ. પટેલ	,,	ગણિતશાસ્ત્ર જૂથ "બી"	કે. એમ. આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, કલોલ
શ્રી. કોકીલા એમ. પંડ્યા, એમ.એસસી.	,,	બોટેની	ભવન્સ આર. એ. કૉલેજ ઑફ સાયન્સ, અમદાવાદ
શ્રી. સી. એમ. શાહ, એમ.એસસી.	એમ.કૉમ.	સ્ટેટિસ્ટિકસ	આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, તલોદ
શ્રી. જે. સી. શાહ, એમ.એસસી.	,,	,,	એસ. વી. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ
શ્રી. આર. એમ. પટેલ, એમ.ટેક. (આઈ. આઈ. ટી., ખરગપુર)	એમ.ઈ. (સીવીલ)	સોઈલ એન્જિનિયરિંગ	એલ. ડી. કૉલેજ ઑફ એન્જિનિયરિંગ, અમદાવાદ
શ્રી. પી. એચ. કાપડિયા, એમ.એસ.	એમ.એસ.	ઑર્થોપેડિક સર્જરી	બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદ
શ્રીમતી એમ. એન. દેસાઈ, ડી.પી.એમ.	ડી.પી.એમ.	સાયકિયેટ્રિક મેડિસિન	,,
શ્રીમતી ઉષા હર્ષદ શાહ, એમ.ડી.	૧. એમ.ડી. તથા ૨. એમ.એસસી. (મેડ.) ફૉર નૉન-મેડિકલ સ્ટુડન્ટ	ફાર્મકોલોજી	,,
ડૉ. શ્રીમતી બી. જે. દલાલ, એમ.ડી.	એમ.ડી. બ્રા. ૨	પેથોલોજી ઍન્ડ બેકટેરિયોલોજી	,,

ડૉ. એ. કે. પાઠક એમ.એસસી.(મેડ.)	*એમ.એસસી. (મેડ.) ફોર નોન-મેડિકલ સ્ટુડન્ટ્સ માટે (એનેટોમીની માન્યતા રદ કરીને)	એનેટોમી	મ્યુ. મેડિકલ કૉલેજ, અમદાવાદ.
ડૉ. એલ. બી. ચોકસી, એફ.આર.સી.એસ., ડી.એ.બી.એસ.	એમ.એસ. જનરલ સર્જરી બ્રા. ૧		બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદ
ડૉ. સ્નેહલતા આર. ખાસ્ગીવાલા, ડી.ઓ.એમ.એસ.	ડી.ઓ. તથા ઑપ્થેલ્મોલોજી એમ.એસ. બ્રા. ૪		,,
ડૉ. આર. આઈ. કાપડિયા, એમ.આર.સી.પી.	એમ.ડી.	મેડિસિન	એન. એચ. એલ. મ્યુ. મેડિકલ કૉલેજ, અમદાવાદ
ડૉ. કે. એસ. ગોહિલ, એમ.ડી.એસ.	એમ.ડી.એસ. બ્રા. ૪	ઑપરેટિવ ડેન્ટિસ્ટ્રી	ગવર્નમેન્ટ ડેન્ટલ કૉલેજ ઍન્ડ હૉસ્પિટલ, અમદાવાદ
ડૉ. એસ. એમ. મનસુરી એમ.ડી.એમ.એસસી. (મેડ.)	એમ.એસસી. (મેડ.) ફોર નૉન મેડિકલ સ્ટુડન્ટ્સ	ફાર્માકોલોજી	બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદ

* (એમ.એસસી.(મેડ.)ની માન્યતા રદ કરીને)

ડૉ. એ. એસ. ધત્તીવાલા	એમ.એસસી. (મેડ.) ફોર નૉન-મેડિકલ સ્ટુડન્ટ્સ	,,	એન. એચ. એલ. મ્યુ. મેડિકલ કૉલેજ, અમદાવાદ
ડૉ. જી. એન. માંકડ એમ.એસસી. (મેડ.)	એમ.એસસી. (મેડ.) ફોર નોન-મેડિકલ સ્ટુડન્ટ્સ	એનેટોમી	બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદ.

શિક્ષકનું નામ	માન્યતાની પદવી	વિષય	કૉલેજ/સંસ્થા
શ્રી. વી. એ. દેસાઈ, એમ.કૉમ.	એમ.કૉમ.	૧. ઑર્ગે. માર્કેટ્સ ૨. કૉર્પો. ફાઈનાન્સ ૩. બિઝનેસ મૅનેજમેન્ટ ૪. સ્ટેટિસ્ટિકસ ક્વૉલિટી કંટ્રોલ	આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, ઊંઝા
શ્રી. એન. સી. પટેલ, એમ.એ.	,,	૧. ઇકૉ. ગોલિસી ઍન્ડ પ્લાનિંગ ૨. ઑર્ગે. માર્કેટ્સ ૩. બૅંકિંગ ૪. એડ. બિઝનેસ ઇકૉનોમિકસ	સી. એન. આર્ટ્સ ઍન્ડ બી. ટી. કૉમર્સ કૉલેજ, કડી
શ્રી. આર. એસ. શાહ, એમ.કૉમ.	,,	૧. બિઝનેસ મૅનેજમેન્ટ ૨. કૉર્પો. ફાઈનાન્સ ૩. ઑર્ગે. માર્કેટ્સ ૪. એડ. એકાઉન્ટિંગ પેપર ૩	ભવન્સ આર. એ. કૉલેજ ઑફ આર્ટ્સ ઍન્ડ કૉમર્સ, અમદાવાદ
શ્રી. એમ. કે. પટેલ, એમ.કૉમ.	,,	કૉસ્ટ એકા. પે. ૧-૨ એડ. એકા. પે. ૩-૪	સી. એન. કૉમર્સ કૉલેજ, વીસનગર
શ્રી. પી. વી. દેસાઈ, એમ.કૉમ.	,,	કૉસ્ટ એકા. પે. ૧-૨ એડ. એકા. પે. ૩-૪	સહજાનંદ આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ
શ્રી. આર. આર. પટેલ, સી.એ.	,,	કૉસ્ટ એકા., પે. ૧-૨ એડ. એકા. પે. ૩-૪	આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, માણસા
શ્રી. એચ. સી. દવે, એમ.કૉમ.	,,	કૉસ્ટ એ.કા. પે. ૧-૨ એડ. એકા. પે. ૩-૪	સહજાનંદ આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ.

માન્ય અનુસ્નાતક શિક્ષકના મદદનીશ શિક્ષકોની યાદી

ડૉ. વી. કે. પટેલ, એમ.એસસી. (મેડ.) (*એમ.એસસી. (મેડ.)	*એમ.એસસી. (મેડ.) ફોરેન્સિક-મેડિકલ સ્ટુડન્ટ્સ ફાર્મકિલોજીની માન્યતા રદ કરીને)	ફાર્મકિલોજી	ગવર્નમેન્ટ ડેન્ટલ કૉલેજ ઍન્ડ હૉસ્પિટલ, અમદાવાદ-૧૬
ડૉ. જતીન પી. વૈદ્ય, એમ.એસ.	એમ.એસ.	જનરલ સર્જરી	કે. એમ. સ્કૂલ ઑફ પી.જી. મેડિસિન ઍન્ડ રિસર્ચ, અમદાવાદ-૧૬

ડૉ. કે. એફ. જોષી, એમ.એસસી. (મેડ.)	એમ.ડી.એસ.	ફિઝિયોલોજી	ગવર્નમેન્ટ ડેન્ટલ કૉલેજ એન્ડ હૉસ્પિટલ, અમદાવાદ--૧૬
ડૉ. ગિરીશ જેઠાલાલ દવે, એમ.એસસી. (મેડ.)	એમ.ડી.એસ.	જનરલ પેથોલોજી એન્ડ બેક્ટિરિયોલોજી	,,
ડૉ. (કુ.) કુસુમબહેન જી. નાયક, ડી.એ.,એમ.ડી.	એમ.ડી.,ડી.એ.	એનેસ્થેસિયોલોજી	કે. એમ. સ્કૂલ ઑફ પી. જી. મેડિસિન એન્ડ રિસર્ચ, અમદાવાદ--૬
શ્રી. ધીરેન મણિશંકર ઉપાધ્યાય, એમ.કૉમ.	એમ.કૉમ.	(૧) કૉસ્ટ એકા. પેપર ૧ અને ૨ (૨) એડ. એકા. પેપર ૩ અને ૪	ગવર્નમેન્ટ આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, ગાંધીનગર
શ્રી. સી. પી. જોષી,	એમ.એસસી.	ફિઝિકલ કેમિસ્ટ્રી	આર્ટ્સ એન્ડ સાયન્સ, કૉલેજ, ડભોઈ
શ્રી. એમ. આર. પટેલ, એમ.એસસી.	,,	ફિઝિકલ	ડી. ડી. ઈન્સ્ટિટ્યૂટ ઑફ ટેકનોલોજી, નડિયાદ
શ્રી. પી. એસ. પટેલ, એમ.એડ.	એમ.એડ.	એજ્યુકેશન	વિશ્વભારતી કૉલેજ ઑફ એજ્યુકેશન, અમદાવાદ
શ્રીમતી સી. વી. પાઠક, એમ.એ.	એમ.એ.	સંસ્કૃત	બી. ડી. કૉલેજ, અમદાવાદ
શ્રી. આર. કે. જોષી, એમ.એસસી.	એમ.એ., એમ.એસસી.	સ્ટેટિસ્ટિકસ	બી. ડી. કૉલેજ, અમદાવાદ

परिशिष्ट "च"

કુલપતિશ્રીએ નીચેના માન્ય અનુસ્નાતક શિક્ષકો/અનુસ્નાતક શિક્ષકના મદદનીશ શિક્ષકોની માન્યતા એક કૉલેજ/સંસ્થામાંથી બીજી કૉલેજ/સંસ્થામાં બદલી આપી તેની યાદી

ક્રમાંક	નામ	પદવી	વિષય	પ્રથમ કૉલેજનું નામ	માન્યતા બદલી આપી તે કૉલેજનું નામ
૧.	શ્રી. જે. એ. દ્વે (શિક્ષક)	એમ.એ.	ગુજરાતી	સી. એન. કૉમર્સ કૉલેજ, વીસનગર	સી. સી. મહિલા આર્ટ્સ કૉલેજ, વીસનગર
૨.	શ્રી. એમ. એમ. પાઠક (શિક્ષક)	એમ.એ.	સંસ્કૃત	આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, ગોધરા	આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, બોરસદ
૩.	શ્રી. એ. જે. પંડ્યા (શિક્ષક)	એલએલ.એમ.	ગ્રુપ ૩ અને ૪	સાર્વજનિક કૉલેજ ઑફ લૉ, ગોધરા	એમ. એસ. પી. લૉ કૉલેજ, મોડાસા
૪.	ડૉ. એચ. એસ. શાહ (શિક્ષક)	એમ.ડી. બ્રા. ૨	પેથોલોજી એન્ડ બેકટીરિયોલોજી	એન. એચ. એલ. મ્યુનિ. મેડિકલ કૉલેજ, અમદાવાદ	કે. એમ. સ્કૂલ ઑફ પી. જી. મેડિસિન એન્ડ રિસર્ચ, અમદાવાદ
૫.	શ્રી. એમ. એન. ઓઝા (શિક્ષક)	એમ.કૉમ.	૧. કૉર્પો. ફાઈનાન્સ ૨. બિઝનેસ મૅનેજમેન્ટ ૩. ઈકો. ઑફ એગ્રિકલ્ચર ૪. ઈન્ડસ્ટ્રી પેપર-૧	આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, મહુધા	કૉમર્સ કૉલેજ, ગોધરા

परिशिष्ट "छ"

(1) Recognition of Teachers for the M.D.S. Degree

Modify following sub-clause of ordinance :

O. 65-K(*b*) :

Teachers to be recognised for the M.D.S. Degree must have—

(*a*) Post-graduate qualification in the subject and 5 years experience of teaching in the subject, to the undergraduate classes as a Professor, Assistant professor or equivalent post in a recognised Dental or Medical College; and

(*b*) Published at least one research paper independently in a recognised journal.

Notwithstanding anything contained above, those teachers who have already been recognised as post-graduate teachers on or before 14th June 1973 shall continue to be recognised as Post-graduate teachers in their respective subject for a period of 5 years during which period such teachers shall be required as a condition for further renewal of their recognition to have published independently at least one research paper of recognised merit in the subject in which recognition is sought provided that such independent published research work is other than the thesis desertation submitted by the teacher concerned for his post-graduate degree.

Note.—The Board of University Teaching and Reseach shall decide what will constitute recognised merit in each case.

(2) Recognition of Assistants to Post-graduate teacher

Modify following sub-clause of Ordinance :

O. 65-M (2) - Note (ii) :

(*a*) In the Faculty of Dental Surgery any one who holds the Degree of M.D.S. or its equivalent qualification in the subject for which he is applying and has worked as a Junior Lecturer, Asst. Professor in the

same subject for not less than three years, after obtaining the post-graduate degree, in dental college where he is working in his own speciality, and

(*b*) Published at least one paper in a recognised journal, shall be recognised as an assistant to a post-graduate teacher in the subject.

Notwithstanding anything contained above those assistant to a post-graduate teacher who have already been recognised as an assistant to a post-graduate teacher on or before 14th June 1973 shall continue to be recognised as an assistant to a post-graduate teacher in his subject till 1st June 1974.

परिशिष्ट "ज"

(3) Rules Relating to Post-graduate Studies

Add to Rule No. 1(c)

(*c*) (*i*) The candidates who are preparing for dental degree may register according to Post-graduate Rule No. 1 (*iv*) which reads as follows :

The last date for admission to post-graduate student at the centre shall be the 5th July and the last date for submitting applications in the prescribed form for registration as post-graduate students by the centre to the University shall be the 15th July every year.

(4) Rules relating to Post-graduate Students

Add to Post-graduate Rule No. 1

1. (*f*) In case of post-graduate degree courses as prescribed at a Faculty of Dental Surgery, the maximum number of students that can be enrolled per post-graduate teacher at a time shall not exceed two per year.

Note.—1. No student shall be registered under an assistant to post-graduate teacher.

Note.—2. Post-graduate teacher from a Medical College recognised as post-graduate teacher in any subject for M.D.S shall not register post-graduate M.D.S. student under him.

ગુજરાત યુનિવર્સિટી પ્રેસ નવરંગપુરા, અમદાવાદ-૩૮૦૦૦૯.

ગુ.યુ.પ્રેસ-૪-૩૦૦-૪-'૭૪

એક્ઝિકયુટિવ કાઉન્સિલ : તા. ૧૬-૩-૧૯૭૪

બાનગી

ગુજરાત યુનિવર્સિટી

ગુજરાત યુનિવર્સિટીની એક્ઝિકયુટિવ કાઉન્સિલની માર્ચ માસની સભા, શનિવાર, તા. ૧૬-૩-૧૯૭૪ના રોજ સવારના ૯-૦૦ વાગ્યે ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. પ્રમુખસ્થાન કુલપતિ શ્રી. ઈશ્વરભાઈ જેઠાભાઈ પટેલે સંભાળ્યું હતું. સભામાં હાજરી નીચે પ્રમાણે હતી :

ક્રમાંક	સભ્યનું નામ	તા. ૧૬-૩-૧૯૭૪
૧.	શ્રી. ઈશ્વરભાઈ જેઠાભાઈ પટેલ, કુલપતિ	હાજર
૨.	શ્રી. શિક્ષણસંચાલક, ગુજરાત રાજ્ય	ગેરહાજર
૩.	આચાર્ય માધવપ્રસાદ એસ. પંડિત	હાજર
૪.	શ્રી. પ્રફુલ્લચન્દ્ર ચંદુલાલ શાહ	હાજર
૫.	શ્રી. મનીષી હાકોરલાલ જની	ગેરહાજર
૬.	ડૉ. જ્યોતીન્દ્ર લક્ષ્મીશંકર ભટ્ટ	હાજર
૭.	પ્રો. અનંતરાય મણિશંકર રાવળ	હાજર
૮.	ડૉ. વિનોદકાન્ત ચૂનીલાલ શાહ	હાજર
૯.	આચાર્ય દર્શનસિંઘ મુસ્તાઠસિંઘ શીખ	હાજર
૧૦.	ડૉ. ધીરુભાઈ પ્રેમશંકર ઠાકર	હાજર
૧૧.	ડૉ. હર્ષદભાઈ મોતીભાઈ દેસાઈ	ગેરહાજર
૧૨.	ડૉ. મહેન્દ્ર નાનુભાઈ દેસાઈ	હાજર
૧૩.	શ્રી. મનુભાઈ દેવશંકર પંચોલી	હાજર
૧૪.	શ્રી. ગુલાબભાઈ રતનજી દેસાઈ	હાજર
૧૫.	ડૉ. જશવંતલાલ નાનાલાલ પટેલ	હાજર
૧૬.	આચાર્ય યશવંતભાઈ પ્રા. શુકલ	હાજર
૧૭.	પ્રો. દેવવ્રત નાનુભાઈ પાઠક	હાજર
૧૮.	ડૉ. બિહારીલાલ કનૈયાલાલ	હાજર
૧૯.	શ્રી. મણિભાઈ ગોરધનભાઈ બ્રહ્મભટ્ટ	હાજર
૨૦.	આચાર્ય મહેન્દ્રલાલ ચંદુલાલ શાહ	હાજર

૧. તા. ૨૩-૨-૧૯૭૪ના રોજ મળેલ એકિઝકયુટિવ કાઉન્સિલની નોંધને મંજૂર કરવા બાબત.

તા. ૨૩-૨-૧૯૭૪ના રોજ મળેલ એકિઝકયુટિવ કાઉન્સિલની સભાની નોંધ નીચેના સુધારા સાથે મંજૂર કરવામાં આવી તથા તે પર કુલપતિશ્રીએ સહી કરી :

બાબત નં. ૯૨ (પાના નં. ૩૩) પરના ઠરાવમાં નીચેનાં બે નામોમાં રહેલી છાપભૂલ નીચે મુજબ વંચાય તે રીતે સુધારવી :

(૨) પ્રો. એમ. એમ. ચક્રવર્તી, કલકત્તાને બદલે પ્રો. આર. એન. ચક્રવર્તી, કલકત્તા

(૪) પ્રો. સુબ્બારાવ, કાનપુરને બદલે પ્રો. સી. એન. આર. રાવ, કાનપુર.

૨. (૧) શ્રી વીરેન્દ્ર એજ્યુકેશન સોસાયટી, છાયાઉદેપુર તરફથી જૂન ૧૯૭૪થી છાયાઉદેપુર ખાતે શિક્ષણની નવી કોલેજ શરૂ કરવા માટેની તથા (૨) શ્રી નડિયાદ એજ્યુકેશન સોસાયટી, નડિયાદ તરફથી જૂન ૧૯૭૪થી નડિયાદ ખાતે વાણિજ્યની નવી કોલેજ શરૂ કરવા માટેની જોડાણઅરજીઓ એકિઝકયુટિવ કાઉન્સિલની તા. ૪-૩-૧૯૭૩ની સભાએ નામંજૂર કરતાં સદરહુ સંસ્થાઓએ યુનિવર્સિટીના સુધારાયેલ ધારાની કલમ ૩૩ મુજબ રાજ્ય સરકારને અપીલ કરેલી તે અપીલ રદ કર્યાની જાણ કરતા રાજ્ય સરકારના શિક્ષણ અને મજૂર વિભાગના તા. ૨૩-૨-૧૯૭૪ના પત્રાંક વાય. જી. જે. ૧૨૭૩-૧૫૫૫-ખ તથા ૧૨૨૮૩૬-ખ **ની નોંધ લેવા બાબત.**

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની સાભાર નોંધ લેવી.

૩. માઇક્રોબાયોલોજીની એડ-હૉક સમિતિની તા. ૧૨-૧૦-૧૯૭૩ની સભાની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"માઇક્રોબાયોલોજી વિષય નવો છે અને વધુ નવી કૉલેજોમાં આ વિષય દાખલ થવાની શક્યતાઓ છે તો આ વિષય શીખવતા સર્વ શિક્ષકોનો ત્રણ દિવસનો એક પરિસંવાદ યોજાય તેવી ભલામણ છે. અ. અંગે આશરે રૂ. ૧,૦૦૦નું ખર્ચ થાય તેમ છે તો ખર્ચ મંજૂર કરવા ભલામણ છે."

આથી ઠરાવવામાં આવે છે કે કીટાણુવિજ્ઞાન (microbiology) વિષયમાં સંલગ્ન કૉલેજોના અધ્યાપકો માટે ત્રણ દિવસનો એક પરિસંવાદ યોજવાનું રાખવું અને તે માટે રૂ. ૫૦૦ સુધીનું ખર્ચ મંજૂર કરવું.

(**નોંધ.**—આ પરિસંવાદમાં ભાગ લેનાર અધ્યાપકોને યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબનું પ્રવાસ ભથ્થું તથા દૈનિક રૂ. ૮નું ભથ્થું આપવાનું રાખવું.)

૪. પ્રૌઢશિક્ષણ વિભાગ માટે પાંચમી પંચવર્ષીય યોજનાના અંત એટલે કે ૧૯૭૮-૭૯ સુધી આર્થિક સહાય આપવાનું યુનિ. ગ્રાન્ટ્સ કમિશને મંજૂર કર્યું તે પછીની જવાબદારી માટે રાજ્ય સરકારને લખતાં તેમની અશક્તિ દર્શાવતા તેમના તા. ૨૨-૨-૧૯૭૪ના પત્ર ક્રમાંક યુએસજી-૧૨૭૩-૨૦૩૭૧૯-ખ અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી તથા પ્રૌઢશિક્ષણની સદરહુ યોજના આ સંજોગોમાં અમલમાં મૂકી પડતી મૂકવી પડે છે તેમ યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન અને રાજ્ય સરકારને જાણ કરવી.

૫. રાજ્ય સરકારશ્રી તરફથી તેમના શિક્ષણ અને મજૂર ખાતાના તા. ૧૫-૨-૧૯૭૪ના પત્ર ક્રમાંક યુએસજી–૧૨૭૪–૧૨૨૧૫–ખ થી તેમના નીચેના પત્રો પર ધ્યાન દોરીને જણાવે છે કે યુનિવર્સિટીએ કોઈ પણ જગ્યા ઊભી કરવાની હોય, કોઈ વિભાગ ખોલવાનો હોય, યુનિવર્સિટીના કર્મચારીઓનાં પગારધોરણો સુધારવાનાં હોય કે કોઈ વિકાસ યોજના કરવાની હોય તો યુનિવર્સિટીએ રાજ્ય સરકારની પૂર્વમંજૂરી મેળવ્યા વિના જો આ અંગે આર્થિક સહાય લેવાની હોય તો કોઈ વધારાનો ખર્ચ કરવો નહિ તેની નોંધ લેવા બાબત :

૧. ભૂતપૂર્વ મુંબઈ સરકારનો તા. ૨૧–૨–૧૯૧૬ નો પત્ર ક્રમાંક યુ.એસ જી.–૧૧૫૫–યુ

૨. રાજ્ય સરકારના શિક્ષણખાતાનો તા. ૧૩–૪–૧૯૬૧ નો પત્ર ક્રમાંક યુ.એસ.૬.–૧૧૬૧–સી –૬૬૩ખી

૩. રાજ્ય સરકારના શિક્ષણખાતાનો તા. ૨૧-૭–૧૯૬૪ નો પત્ર ક્રમાંક યુ એસ જી.–૧૧૬૪–૬૧૨૮૧–ખ.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૬. શિષ્યવૃત્તિ સમિતિની તા. ૧૪–૨–૧૯૭૪ના રોજ મળેલી સભાની ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૧૪-૨–૧૯૭૪ની સભાની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિની તા. ૧૪–૨–૧૯૭૪ની સભાની કાર્યવાહીની નોંધની નકલ પરિશિષ્ટ "ક" તરીકે સામેલ છે.)

૭. ૧૯૭૩–૭૪ના વર્ષની ઑર્ડ. ૯૬ અન્વયે સંલગ્ન કૉલેજો તરફથી આવેલ માહિતી પૈકી જે કૉલેજોમાં ઊણપવાળી કે અધૂરી માહતીવાળી વિગતો જણાઈ છે તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજોને ઠપકો આપવો અને અધૂરી માહિતી મોકલનારી કૉલેજોને પૂરેપૂરી માહિતી ત્વરિત મોકલવા માટે જણાવવું. વધુમાં, એક મહિનામાં જે તે ક્ષતિ/ઊણપો દૂર કરીને યુનિવર્સિટી કાર્યાલયને તેની જાણ કરવા માટે જણાવવું.

૮. માઇક્રોબાયોલોજીની એડ-હોક સમિતિની તા. ૧૨–૧૦–૧૯૭૩ની સભાની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"સેકન્ડ બી.એસસી., થર્ડ બી.એસસી. અને એમ.એસસી. માઇક્રોબાયોલોજી વિષયની પ્રાયોગિક પરીક્ષાઓ માટે આસિસ્ટન્ટ, લેબોરેટરી આસિસ્ટન્ટ વગેરેની સંખ્યા આ સાથે આપેલા પરિશિષ્ટ મુજબ રાખવા ભલામણ છે."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત એકિઝકયુટિવ કાઉન્સિલે તેની તા. ૧૬-૧૧-૧૯૭૩ની સભામાં બાબત નં. ૩૫ હેઠળ નીમેલી સમિતિની વિચારણા માટે મોકલવી.

૯. ત્રીજા વર્ષ બી.એસસી.ના રસાયણવિજ્ઞાનના પ્રશ્નપત્ર ૬ અને ૭ માટે ઇન-ઑર્ગેનિક પાંચ દિવસનો સેમિનાર ડાકોરમાં રાખવા ભવન્સ કૉલેજ, ડાકોરના પ્રિન્સિ. એલ. ડી. દવેના તા. ૨૯ ૧-૧૯૭૪ના પત્રથી આવેલા પ્રસ્તાવ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે રસાયણવિજ્ઞાનના વિષય માટે સંલગ્ન કૉલેજોના અધ્યાપકો માટે ત્રણ દિવસનો એક પરિસંવાદ ડાકોરમાં યોજવાનું રાખવું અને તે માટે રૂ. ૭૫૦ સુધીનું ખર્ચ મંજૂર કરવું.

(**નોંધ.**—આ પરિસંવાદમાં ભાગ લેનાર અધ્યાપકોને યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબનું પ્રવાસભથ્થું તથા દૈનિક રૂ. ૮નું ભથ્થું આપવાનું રાખવું.)

૧૦. ગુજરાત યુનિવર્સિટી કર્મચારી સંઘની પગલાં સમિતિએ કર્મચારીઓના કેટલાક વણઊકલ્યા પ્રશ્નો અંગે કાર્યક્રમોને બહાલી આપી છે તેની જાણ કરતા સંઘના મહામંત્રીના પરિપત્રાંક ૭૩૮-૧૯૭૪, તા. ૧૮-૨-૧૯૭૪ પરત્વે વિચારણા કરવા બાબત.

યુનિવર્સિટીના કર્મચારીઓના પ્રશ્નો અંગે થયેલી/હાથ ધરવામાં આવેલી કામગીરીનો કુલપતિશ્રીએ સભાગૃહને વિગતે ખ્યાલ આપ્યો.

તે પછી ઠરાવવામાં આવ્યું કે કર્મચારીઓની વાજબી માંગણીઓ પરત્વે હમેશાં સહાનુભૂતિપૂર્વક વિચારણા કરવામાં આવે છે તે હકીકતની નોંધ લઈને સદરહુ પત્ર દફતરે કરવો.

૧૧. શેઠ ડી. એલ. કૉલેજ, ભૂજમાં ટેક્સેશન લૉના ખંડ સમયના વ્યાખ્યાતા તરીકે શૈક્ષણિક કાર્ય કરતા શ્રી. ડી. એલ. વેગડ અને કાયદાના ખંડ સમયના વ્યાખ્યાતા તરીકે શૈક્ષણિક કાર્ય કરતા શ્રી. જે. કે. ધોળકિયાની નિમણૂક ચાલુ શૈક્ષણિક વર્ષ પૂરતી માન્ય કરવા અંગે વિચારણા કરવા બાબત.

[**નોંધ.**—૧. શ્રી. ડી. એલ. વેગડ બી.કૉમ. બીજો વર્ગ અને સી.એ.ની પદવી ધરાવે છે તથા ૧૪મી એપ્રિલ ૧૯૬૯થી ધંધાકીય અનુભવ ધરાવે છે.

૨. શ્રી. જે. કે. ધોળકિયા બી.એ. અને એલએલ.બી.ની એમ બેઉ પદવીઓ પાસ વર્ગમાં ધરાવે છે તથા ૩૭ વર્ષનો ધંધાકીય અનુભવ ધરાવે છે.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ નિમણૂકો ચાલુ શૈક્ષણિક વર્ષ પૂરતી માન્ય રાખવી અને નવા શૈક્ષણિક વર્ષથી યોગ્ય લાયકાત ધરાવતા શિક્ષકોની નિમણૂક કરવી આવશ્યક ગણવી, અને સદરહુ કૉલેજને જણાવવું કે જો તેમ કરવામાં આવશે નહીં તો સંબંધકર્તા વર્ગોમાં નવા વિદ્યાર્થીઓને દાખલ કરી શકાશે નહીં.

૧૨. તા. ૨૭/૨૮-૩-૧૯૭૩ના રોજ મળેલ યુનિવર્સિટી કોર્ટની વાર્ષિક સભામાં થયેલાં સૂચનો અંગે તા. ૨૮-૧૧-૧૯૭૩ના રોજ એક્ઝિક્યુટિવ કાઉન્સિલે નીમેલી સમિતિની તા. ૨૭-૧૨-૧૯૭૩ની સભાએ કરેલ ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની ભલામણોની નોંધ લેવી. એ અંગે જ્યાં જ્યાં જે જે અમલ ઘટતો હોય તે હાથ ધરવો.

૧૩. તા. ૧૧-૩-૧૯૭૪ના રોજ મળેલી ફાઇનાન્સ સમિતિની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૧૧-૩-૧૯૭૪ના રોજ મળેલી સભાની નીચેની ભલામણ મંજૂર કરવી :

"આથી એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે વિજ્ઞાન વિદ્યાભવનના ગણિતશાસ્ત્ર વિભાગ માટે ફેસીટ હેન્ડ-ઑપરેટેડ સીએલ-૧૩ કેલકયુલેટિંગ મશીન નંગ ૧૦ મેસર્સ ફેાર્બ્સ ફેાર્બ્સ કેમ્બેલ એન્ડ કું. પાસેથી રૂ. ૨૧૭૦-૦૦+બીજા ટેકસના નંગના ભાવથી ખરીદવાં."

વધુમાં ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૧૧-૩-૧૯૭૪ના રોજ મળેલી સભાની નીચેની ભલામણ નં. ૭ તેની પુનર્વિચારણા માટે પાછી મેાકલવી :

"૭. આથી એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે યુનિવર્સિટી માટે ફર્નિચર પૂરાં પાડવા માટે નીચેના વેપારીઓને માન્ય કરવા :

૧. સી. એમ. પટેલ એન્ડ કું.
૨. ન્યૂ ફર્નિચર માર્ટ
૩. અમરીષ ફર્નિચર માર્ટ
૪. પ્રકાશ ફર્નિચર સેન્ટર
૫. શ્રી. કે. પી. મિસ્ત્રી
૬. શ્રી. અંબિકા ફર્નિચર માર્ટ
૭. પ્રેમલ ફર્નિચર હાઉસ
૮. શ્રી. નટવરલાલ કે. ગજજર."

૧૪. વિજ્ઞાન વિદ્યાભવનમાં ગણિતશાસ્ત્રના રીડરેા સર્વશ્રી એચ. એન. રાવળ તથા ડી. એસ. બસનને તેમનાં નામ સામે જણાવેલ રકમ ગુજરાત હાઉસિંગ બોર્ડની યેાજના નીચે યુનિવર્સિટી કર્મચારીઓ તથા કૉલેજોના કર્મચારીઓ માટે બંધાનાર ફ્લૅટ ખરીદવા અંગે રૂટે. ૧૮૮ (૨) પ્રમાણે તેમના પ્રૉવિડંટ ફંડ ખાતામાંથી લેાન આપવા અંગેની તેઓની તા. ૨-૩-૧૯૭૪ની અરજીઓ ઉપર વિચારણા કરવા બાબત :

ક્રમાંક	નામ	લોનની રકમ
૧.	શ્રી. એચ. એન. રાવળ, રીડર ઈન મૅથેમેટિક્સ	રૂ. ૨૭,૭૦૦
૨.	શ્રી. દર્શનસિંધ બસન, રીડર ઈન મૅથેમેટિકસ	રૂ. ૨૧,૮૦૦

[**નોંધ.**—તેઓના ખાતે તા. ૩૧—૩—૧૯૭૩ના રોજ અનુક્રમે રૂ. ૨૭,૭૭૭-૩૮ તથા રૂ. ૨૧,૮૪૯-૨૨ની રકમ જમા છે. પી.એફ.ની લેાન ચાલુ નથી.]

આથી ઠરાવવામાં આવે છે કે વિજ્ઞાન વિદ્યાભવનમાં ગણિતશાસ્ત્રના રીડરેા સર્વશ્રી એચ. એન. રાવળ તથા દર્શનસિંધ બસનને રૂલે. ૧૮૮ (૨) હેઠળ તેમના પ્રૉવિડન્ટ ફન્ડ ખાતામાંથી યુનિવર્સિટીનાં ધારાધેારણેા મુજબ ઉપર તેમનાં નામ સામે જણાવેલ રકમની બિલ્ડિંગ લેાન મંજૂર કરવી.

૧૫. કોમ્પ્યુટર સમિતિની તા. ૨૩-૨-૧૯૭૪ની ભલામણ પ્રમાણે શ્રી. રાજેન્દ્ર જે. પાઠકની યુનિ. કોમ્પ્યુટર સેન્ટરની સીનિયર પ્રોગ્રામરની જગ્યા પર શરૂઆતના મૂળ માસિક પગાર રૂ. ૪૮૦થી રૂ. ૪૦૦-૪૦-૮૦૦-૫૦-૯૫૦ના પગારધોરણમાં એક વર્ષના અજમાયશી ધોરણે નીમ્યાના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીના સદરહુ કાર્યની નોંધ લેવી.

૧૬. એક જ સંચાલન મંડળના ઉપક્રમે ચાલતી કૉલેજોના અલગ અલગ ટ્રસ્ટની રચના અંગેના પ્રસ્તાવો જોઈ-તપાસીને પોતાનો અહેવાલ રજૂ કરવા માટે એક્ઝિક્યુટિવ કાઉન્સિલે તેની તા. ૧૬-૧૧-૧૯૭૩ની સભામાં બાબત નં. ૧૦૪થી નીમેલી સમિતિની તા. ૧૫-૨-૧૯૭૪ની સભાના અહેવાલ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિના તા. ૧૫-૨-૧૯૭૪ની સભાની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિની તા. ૧૫-૨-૧૯૭૪ની સભાની કાર્યવાહીની નોંધની નકલ પરિશિષ્ટ "અ" તરીકે સામેલ છે.)

૧૭. કૉલેજ હૉસ્પિટલ, ગાંધીનગરના સિવિલ સર્જન તરફથી ઑર્ડિનન્સ ૨૭૨અને ૨૭૨-એ અનુસાર સદરહુ હૉસ્પિટલને ફરજિયાત રેટેટિંગ હાઉસમૅનશિપ માટે માન્યતા આપવા અંગે આવેલા પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે નીચે જણાવેલા સભ્યોની સ્થાનિક તપાસ-સમિતિ નીમવી :

૧. ડૉ. જ્યોતીન્દ્ર એલ. ભટ્ટ

૨. ડૉ. જે. એન. પટેલ.

૧૮. યુનિવર્સિટી કાર્યાલયમાં કામ કરતા નીચેના સભ્યોનો એક વર્ષનો અજમાયશી સમય તેમનાં નામ સામે બતાવેલ તારીખે પૂરો થતો હોઈ તેઓને કાયમ કરવા અંગે વિચારણા કરવા બાબત :

	અજમાયશી સમય પૂરો થયાની તારીખ	કાયમ કરવાની તારીખ
૧. શ્રી. એલ. સી. પંચાલ, સ્ટેનો-ટાઈપિસ્ટ	૯-૪-૧૯૭૪	૧૦-૪-૧૯૭૪
૨. શ્રી. કે. એન. કડિયા, પટાવાળા	૩-૪-૧૯૭૪	૪-૪-૧૯૭૪

સદરહુ સભ્યોની કામગીરી અંગેના ખાનગી અહેવાલો સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યા.

તે પછી ઠરાવવામાં આવ્યું કે સદરહુ સભ્યોને તેમનાં નામ સામે જણાવેલ જગ્યા પર અને તારીખથી કાયમ કરવા.

૧૯. યુનિવર્સિટી ગ્રંથાલયમાં ટેકનિકલ આસિસ્ટંટ તરીકે કામ કરતા શ્રી. એ. ટી. મિસ્ત્રીને શહેરમાં એક જૂનું મકાન ખરીદવા માટે તેઓના ખાતે નીકળતી સ્ટે. ૧૮૮(૨) પ્રમાણે તેઓના પ્રોવિડંટ ફંડ ખાતેથી લોન આપવા અંગેની તેઓની તા. ૪–૩–૧૯૭૪ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—તેઓના પ્રોવિડંટ ફંડ ખાતે તા. ૩૧—૩—૧૯૭૩ના રોજ રૂ. ૭,૮૭૩–૯૪ જમા છે અને તેમની પ્રોવિડંટ ફંડની લોનના રૂ. ૪,૩૦૦ તથા તે પર જે વ્યાજ થાય તે રકમ કાપવાની રહેશે.)

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી ગ્રન્થાલયના ટેકનિકલ આસિસ્ટન્ટ શ્રી. એ. ટી. મિસ્ત્રીને સ્ટે ૧૮૮(૨) હેઠળ તેમના પ્રોવિડન્ટ ફન્ડ ખાતામાંથી યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ રૂ. ૭,૮૭૨ની બિલ્ડિંગ લોન મંજૂર કરવી.

૨૦. યુનિવર્સિટી કાર્યાલયના પરીક્ષા વિભાગમાં હેડકલાર્ક તરીકે કામ કરતા શ્રી. બી. સી. પટેલ તા. ૬–૩–૧૯૭૪ના રોજ રાજીનામું આપી છૂટા થયા હોઈ તેઓના ખાતે નીકળતી પ્રોવિડંટ ફંડની રકમ તથા સ્ટે. ૧૯૩–એ મુજબ ગ્રેચ્યુઈટીની રકમ આપવા અંગેના તેઓના તા. ૬–૩–૧૯૭૪ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

(**નોંધ.** શ્રી. પટેલ યુનિવર્સિટીમાં તા. ૧–૩–૧૯૫૧ના રોજ જોડાયા હતા અને તા. ૬–૩–૧૯૭૪ના રોજ રાજીનામું આપી છૂટા થયા હતા.)

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. બી. સી. પટેલને તેમના પ્રોવિડન્ટ ફન્ડ ખાતે નીકળતી રકમ તથા ગ્રેચ્યુઈટીની રકમ યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ ચૂકવવી.

૨૧. ઑક્ટોબર ૨૬થી ૨૮, ૧૯૭૪ના સમય દરમિયાન બિહાર યુનિવર્સિટીના ઉપક્રમે ઑલ-ઇન્ડિયા યુનિવર્સિટી ઉર્દૂ ટીચર ઍસોસિયેશનનું છઠ્ઠું સત્ર બિહાર મુકામે યોજાનાર છે તેમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગેના સદરહુ ઍસોસિયેશનના સ્વાગત સમિતિના મંત્રીશ્રીના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ ઍસોસિયેશનના આગામી અધિવેશનમાં આ યુનિવર્સિટીના કોઈ પ્રતિનિધિને મોકલવા નહીં.

૨૨. ઇન્ડિયન સોસિયોલોજિકલ સોસાયટીનું ૧૨મું અખિલ ભારતીય અધિવેશન મે ૪થી ૬–૧૯૭૪ના સમય દરમિયાન વારાણસી મુકામે યોજાનાર છે તેમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગે સદરહુ સોસાયટીના પ્રમુખશ્રી તરફથી આવેલ પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સોસાયટીના આગામી અધિવેશનમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે શ્રી. એ. આર. શાહને મોકલવા.

૨૩. ગૂજરાત વિદ્યાપીઠની હેન્ડબુક તૈયાર કરવા તથા ત્યાંના નિયમો વગેરે વ્યવસ્થિત કરી તેનું એકત્રીકરણ કરવા માટે યુનિવર્સિટીમાંથી એક સભ્યને ૬ માસ માટે ડેપ્યુટેશન

૫૨ મોકૂફી આપવા અંગે વિદ્યાપીઠના કુલનાયકશ્રીના તા. ૧–૨–૧૯૭૪ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ઑફિસ સુપરિન્ટેન્ડેન્ટ શ્રી. વી. એમ. વ્યાસની સેવાઓ તા. ૧–૪–૧૯૭૪ થી ૭ માસ સુધી ગૂજરાત વિદ્યાપીઠને નીચેની શરતોએ લોન પર આપવી :

(૧) શ્રી. વી. એમ. વ્યાસને તેમને મળતા મૂળ માસિક પગાર ઉપરાંત તે રકમના ૨૦ ટકા જેટલું વધારાનું ભથ્થું (deputation allowance) તરીકે આપવામાં આવે;

(૨) તેમને રાજ્ય સરકારના ધોરણે મોંઘવારી ભથ્થું તથા ઘરભાડા ભથ્થું તથા અન્ય જે કાંઈ ભથ્થાં હોય તે આપવામાં આવે;

(૩) તેમને ગુજરાત યુનિવર્સિટી તરફથી અપાતું માસિક વધુ-કામ ભથ્થું (રૂ. ૬૫–૭૫ પૈસાનું)— તેમના મૂળ પગારના દશ ટકા જેટલું ભથ્થું—આરક્ષિત (protected) રાખવામાં આવે;

(૪) શ્રી. વ્યાસની ઉછીની સેવાઓના સમય દરમિયાન ગૂજરાત વિદ્યાપીઠ શ્રી. વ્યાસના મૂળ માસિક પગાર, ડેપ્યુટેશન, એલાવન્સ તથા પરીક્ષા ભથ્થા પરનો પ્રોવિડન્ટ ફન્ડનો ફાળો તથા નહિ ભોગવેલી રજાઓ અંગે શ્રી વ્યાસના કુલ પગાર(બધા ભથ્થાં સહિત)ના ૧૬ ટકા લેખે 'લીવ સેલેરી કોન્ટ્રિબ્યુશન' અને મૂળ પગારના પાંચ ટકા લેખે ગ્રેચ્યુઈટીની રકમ ગુજરાત યુનિવર્સિટીને આપે.

૨૪. ગુજરાત લો સોસાયટીની આર્ટ્સ કૉલેજના પ્રાધ્યાપક શ્રી. એસ. કે. પટેલની ટીચર્સ હૉસ્ટેલમાં આપવામાં આવેલ રહેઠાણની મુદ્દત વધારવા અંગેની વિનંતી પર વિચારણા કરવા બાબત.

(એકિઝકયુટિવ કાઉન્સિલની તા. ૧૩–૧૦–૧૯૭૩ની સભાના ઠરાવ નં. ૯૭ અનુસાર તેઓને તા. ૧૫–૩–૧૯૭૪ સુધી રહેઠાણ આપવામાં આવેલ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. એસ. કે. પટેલને ટીચર્સ હૉસ્ટેલમાં રહેવા માટે આપવામાં આવેલું નિવાસસ્થાન વધુ એક વર્ષ માટે ચાલુ રાખવું.

૨૫. યુનિવર્સિટીના સમાજવિદ્યા ભવનના અધ્યાપકો સર્વશ્રી કે. ડી. દેસાઈ અને એ. આર. શાહે તા. ૪–૩–૧૯૭૪ના પત્રથી અભ્યાસસમિતિની રચના અંગેના સ્ટે. ૪માં નીચે મુજબ સુધારા કરવા માટે કરેલાં સૂચનો ઉપર વિચારણા કરવા બાબત :

આ સૂચનમાં નીચે મુજબ સુધારા સૂચવ્યા છે :

1. It shall provide for 'two' teachers instead of 'one' in the clause (1) (*iv*) (*a*) and (1) (*iv*) (*b*) of the statute.

2. Proviso No. (1) of the clause (1) (*iv*) of the statute should be deleted.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે સમગ્ર રીતે વિચારણા કરીને પોતાનો સુચિંતિત અહેવાલ રજૂ કરવા માટે નીચે જણાવેલા સભ્યોની સમિતિ રચવી :

૧. આચાર્ય ય. પ્રા. શુક્લ
૨. આચાર્ય દર્શનસિંહ શીખ
૩. ડૉ. વી. સી. શાહ
૪. શ્રી. મનુભાઈ પંચોલી.

૨૬. સંલગ્ન કૉલેજોમાં લેવાતી સત્ર ફી વધારવા અંગે આવેલી અરજીઓ પરત્વે વિચારણા કરી અહેવાલ રજૂ કરવા એકિઝક્યુટિવ કાઉન્સિલની તા. ૨૩-૨-૧૯૭૪ની સભામાં નિયુક્ત થયેલી સમિતિની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"શેલત કમિટીની ભલામણને અનુસરીને સરકારશ્રીએ કૉલેજોને ખોટના પચાસ ટકા જેટલી રકમની ગ્રાન્ટ આપવાની જાહેરાત થોડા સમય ઉપર કરી છે તેના ઉપલક્ષ્યમાં કોઈ પણ કૉલેજની ફીના દર વધારવાની માગણી ૧૯૭૪-૭૫ના વર્ષ પૂરતી સ્વીકારવા યોગ્ય નથી એવી આ સમિતિની ભલામણ છે. ભવિષ્યમાં સમગ્ર પરિસ્થિતિનો પૂર્ણ અભ્યાસ કરીને બધાં હિતોના પ્રતિનિધિત્વવાળી વિશાળ સમિતિ આ પ્રશ્ન વિચારે એવી પણ અમારી ભલામણ છે."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૨૭. એલ. એમ. કૉલેજ ઑફ ફાર્મસી, અમદાવાદમાં આપવામાં આવેલા એમ.ફાર્મ.ના અનુસ્નાતક કેન્દ્રમાંથી (૧) ફાર્માકોગ્નોસી, (૨) ફાર્માસ્યુટિકલ કેમિસ્ટ્રી અને (૩) ફાર્મા કૉલેજી વિષયના અનુસ્નાતક શિક્ષણ માટેના તમામ ખર્ચ ભારત સરકાર ઉપાડનાર હોવાથી તે વિષયોમાં અનુસ્નાતક શિક્ષણ માટે તે કૉલેજના શિક્ષકો દ્વારા અપાનાર વ્યાખ્યાનો માટેનો પુરસ્કાર વિદ્યાર્થીઓને આપવામાં આવતી સ્કૉલરશિપ/ફ્રીશિપ, કૉલેજને અપાતું તમામ વહીવટી ખર્ચ અને વિદ્યાર્થી દીઠ અપાતી આર્થિક સહાય કૉલેજને આપવી કે કેમ તથા બાકીના વિષયો માટે ચાલુ ધોરણે ખર્ચ આપવાનું ચાલુ રાખવા અંગે વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—એલ. ડી. એન્જિનિયરિંગ કૉલેજની બાબતમાં ભારત સરકાર તરફથી સંપૂર્ણ ખર્ચ અપાતું હોવાથી વિદ્યાર્થીઓની સત્ર-ફી યુનિવર્સિટીમાં જમા કરાવવામાં આવે છે.)

આથી ઠરાવવામાં આવે છે કે—

(૧) સદરહુ કૉલેજના અનુસ્નાતક કેન્દ્રમાં દાખલ થયેલા વિદ્યાર્થીઓની સત્ર-ફી (ટ્યૂશન ફી) યુનિવર્સિટી કાર્યાલયમાં જમા કરાવવાનું ચાલુ રાખવા માટે સદરહુ કૉલેજને જણાવવું.

(૨) સદરહુ કૉલેજના અનુસ્નાતક વિદ્યાર્થીઓને અપાતી સ્કૉલરશિપ તથા ફ્રીશિપ પૂર્વવત્ ચાલુ રાખવી તથા તે અંગેનો વહીવટી ખર્ચ પણ આપવાનું ચાલુ રાખવું.

(૩) ફાર્માકોગ્નોસી, ફાર્માસ્યુટિકલ કેમિસ્ટ્રી અને ફાર્માકૉલૉજી સિવાયના વિષયો માટે અનુસ્નાતક કેન્દ્રમાં શિક્ષણકાર્ય કરતા અધ્યાપકોને યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ પુરસ્કાર આપવાનું ચાલુ રાખવું.

૨૮. એમ.એડ. વૅકેશન વર્ગો અંગેની એકિઝકયુટિવ કાઉન્સિલે નીમેલી સમિતિની ભલામણ તા. ૫-૧-૧૯૭૪ની એકિઝકયુટિવ કાઉન્સિલે મંજૂર રાખ્યા અનુસાર ડૉ.ચંપાબહેન ભટ્ટ તથા ડૉ. આર. જી. ભટ્ટની માનદ કોઑર્ડિનેટર તરીકે નિમણૂક કરી હતી. હવે ડૉ. ચંપાબહેન ભટ્ટ તથા ડૉ. આર. જી. ભટ્ટ કાર્ય સ્વીકારવા તૈયાર નથી એમ ભવનના અધ્યક્ષશ્રીએ તેમના તા. ૧-૩-૧૯૭૪ના પત્રથી જણાવેલ હોઈ તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે એમ.એડ.ના વૅકેશન વર્ગો ફક્ત ચાલુ વિદ્યાર્થીઓ માટે જ ચલાવવા અને નવા વિદ્યાર્થીઓને માટે તે આગામી વર્ષોમાં ચલાવવા નહીં.

૨૯. એકિઝકયુટિવ કાઉન્સિલની નોંધ સંલગ્ન કૉલેજોના આચાર્યોને પણ મોકલવા અંગે બી. ડી. શાહ કૉલેજ ઑફ એજ્યુકેશન, મોડાસાના આચાર્યશ્રીના સૂચન પરત્વે વિચારણા કરવા બાબત.

(નોંધ.—ગુજરાત યુનિવર્સિટીનો સુધારેલો ધારો અમલમાં આવતાં સંલગ્ન કૉલેજોના આચાર્યો અને માન્ય સંસ્થાઓના વડાઓ તથા યુનિવર્સિટી વિદ્યાભવનોના અધ્યક્ષોએ તમામ હોદ્દાગત સભ્યપદની રૂએ યુનિવર્સિટી કોર્ટના સભ્ય બનતા નથી. તે જોતાં જે કૉલેજના આચાર્યો, માન્ય સંસ્થાઓના વડાઓ તથા યુનિવર્સિટી ભવનોના અધ્યક્ષો યુનિવર્સિટી કોર્ટના સભ્યો ન હોય તેમને પણ એકિઝકયુટિવ કાઉન્સિલ, ઍકેડેમિક કાઉન્સિલ તથા યુનિવર્સિટી કોર્ટની નોંધો મોકલવી કે કેમ તે અંગે એકિઝકયુટિવ કાઉન્સિલે તેની તા. ૧૬-૧૧-૧૯૭૩ની સભામાં નીચે પ્રમાણે ઠરાવ્યું છે :

"યુનિવર્સિટીની તમામ સંલગ્ન કૉલેજોના આચાર્યો, માન્ય સંસ્થાઓના અને વિદ્યાભવનોના અધ્યક્ષોને ઍકેડેમિક કાઉન્સિલની અને યુનિવર્સિટી કોર્ટની કાર્યવાહીની નકલ તેમની જાણ માટે મોકલવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે એકિઝકયુટિવ કાઉન્સિલની કાર્યવાહીની નોંધ ખાનગી હોઈ તેની નકલો કોર્ટના જે સભ્યોને મોકલવામાં આવે છે તે પ્રથા ચાલુ રાખવી અને તે સિવાયના સભ્યોને મોકલવી નહીં.")

આથી ઠરાવવામાં આવે છે કે એકિઝકયુટિવ કાઉન્સિલની સભાઓની કાર્યવાહીની નોંધની નકલ સંલગ્ન કૉલેજોના આચાર્યો, માન્ય સંસ્થાઓના અધ્યક્ષો અને યુનિવર્સિટી વિદ્યાભવનોના અધ્યક્ષોને, તે ગુપ્ત રાખવાની સૂચના સાથે, તેમની જાણ માટે મોકલવાનું રાખવું.

બાબત નં. ૩૦, ૩૧ અને ૩૨ની વિચારણા સાથે કરવામાં આવી.

૩૦. ગુજરાત યુનિવર્સિટી મુદ્રણાલયના કર્મચારીઓએ શનિવાર તા. ૨-૩-૧૯૭૪ના રોજ "વિધાનસભાનું વિસર્જન, પોલીસ દમનનો વિરોધ" વગેરે અંગેના લોક આંદોલનના સંદર્ભમાં કેદના કામનો બહિષ્કાર કરી ફરજ ન બજાવ્યા અંગેની બાબતમાં વિચારણા કરવા બાબત.

૩૧. ગુજરાત યુનિવર્સિટીના કાર્યાલય નિયામકથી નીચેની કક્ષાના કર્મચારીઓએ તેઓની વચગાળાની રાહતની માંગણીના સંદર્ભમાં સોમવાર તા. ૧૧-૩-૧૯૭૪ના રોજ વિરામ બાદ (૨-૩૦ કલાક પછી) કુલપતિશ્રીના કાર્યાલય પાસે વહીવટી કામ બંધ કરી ધરણાં કર્યાં તે અંગે વિચારણા કરવા બાબત.

૩૨. ગુજરાત યુનિવર્સિટીના કાર્યાલય નિયામકથી નીચેની કક્ષાના કર્મચારીઓ તા. ૨-૩-૧૯૭૪ના રોજ પોલીસ દમનના વિરોધમાં અને વિધાનસભા વિસર્જનના સમર્થન વગેરે અંગે લોક-આંદોલનના સંદર્ભમાં માંગણીના ટેકામાં યુનિવર્સિટીના બિનશૈક્ષણિક કર્મચારીઓ યુનિવર્સિટીના વહીવટી કાર્યનો બહિષ્કાર કરી તે દિવસે તેઓ સામુદાયિક રીતે ગેરહાજર રહેલ તો તે પ્રશ્ન અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.—તા. ૨-૩-૧૯૭૪ના રોજ યુનિવર્સિટીના કાર્યાલય નિયામકથી નીચેની કક્ષાના કર્મચારીઓ ગેરહાજર હતા.)

તે પછી બાબત નં. ૩૦ અને ૩૨ અંગે ઠરાવવામાં આવ્યું કે સદરહુ કર્મચારીઓની તા. ૨-૩-૧૯૭૪ના રોજની ગેરહાજરી અપવાદ તરીકે માફ કરવી.

તે પછી બાબત નં. ૩૧ અંગે ઠરાવવામાં આવ્યું કે સદરહુ કર્મચારીઓનું તા. ૧૧-૩-૧૯૭૪ના રોજનું વિરામ બાદનું અર્ધા દિવસનું વેતન ન કાપતાં આકસ્મિક રજા મંજૂર કરવા માટે શ્રી. કુલસચિવને સત્તા આપવી.

૩૩. સ્પેસ સાયન્સના અનુસ્નાતક કેન્દ્ર માટે ૧૯૭૩-૭૪ના વર્ષથી ત્રણ વર્ષ માટે આર્થિક સહાય આપવાનું યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને મંજૂર કર્યું છે અને તેના આધારે કાર્યક્રમ અમલી બનાવ્યો છે. પરંતુ તે ગાળો ૫ વર્ષનો કરવા માટે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનને લખતાં તે સમયે પુનર્વિચારણા કરીને કુલ ૫ વર્ષ માટે આર્થિક સહાય આપવાનું વિચારી શકાશે તેવું જણાવતાં તેમના તા. ૨૨-૨-૧૯૭૪ના પત્ર ક્રમાંક એફ ૨૯-૩-૧૯૭૩ એસસી-૧ની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની સાભાર નોંધ લેવી.

૩૪. તા. ૭થી ૯ જૂન ૧૯૭૪ના સમય દરમ્યાન "વર્લ્ડ પોએટ્રી સોસાયટી ઇન્ટર-કોન્ટિનેન્ટલ"ના ઉપક્રમે અખિલ ભારતીય કવિ સંમેલન મદ્રાસ મુકામે યોજાનાર હોઈ તેમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગે સોસાયટીના સામાન્ય મંત્રીશ્રીના તા. ૧-૩-૧૯૭૪ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કવિ સંમેલનમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે ભૂતપૂર્વ કુલપતિ ડૉ. ઉમાશંકર જોશીને મોકલવા.

૩૫. યુનિવર્સિટીના સમાજવિદ્યા ભવન તથા ભાષા-સાહિત્ય ભવનના અધ્યક્ષોને તેમના મકાન પર ટેલિફોનની સગવડ આપવા અંગે તા. ૪-૩-૧૯૭૪ની સંયુક્ત અરજી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીનાં ચારેય વિદ્યાભવનોના અધ્યક્ષોને તેમ જ ચીફ વૉર્ડનને તેમના નિવાસસ્થાને ટેલિફોનની સગવડ નીચેની શરતોએ ઉપલબ્ધ કરવી :

(૧) આ ટેલિફોનની સગવડ માટે ટેલિફોનનું જે ભાડું (Rental) ટેલિફોન ખાતાને આપવાનું થાય તે યુનિવર્સિટીએ ચૂકવવું; અને

(૨) વિના ફીના કૉલ (free calls) ઉપરાંત વધારાના જે કૉલનું ખર્ચ થાય તે વ્યક્તિને શિરે રહેશે અને યુનિવર્સિટી કાર્યાલય તરફથી આપી શકાશે નહીં તેમ જણાવવું.

વધુમાં ઠરાવવામાં આવે છે કે ઉપરની શરતો કુલપતિ, શ્રી. કુલસચિવ, શ્રી પરીક્ષા નિયામક અને શ્રી. વિકાસ અધિકારી સિવાયના જે કર્મચારીઓના નિવાસસ્થાને ભવિષ્યમાં ટેલિફોનની સગવડ આપવામાં આવે તેમને પણ લાગુ પાડવી.

૩૬. સંલગ્ન કૉલેજોના શિક્ષકોએ અધ્યાપક મંડળના આદેશ અનુસાર કૉલેજોમાં અચોક્કસ મુદ્દત સુધી પાડેલી હડતાલના દિવસોની ગેરહાજરી બાબતમાં શું કરવું તે માટે માર્ગદર્શન માગતા ગ્રામ વિસ્તાર કૉલેજ સંચાલક મંડળના મંત્રીશ્રીના તા. ૨૬-૨-૧૯૭૪ના પત્રાંક ૮૮૨૪ પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે સમગ્ર પરિસ્થિતિ ધ્યાનમાં લઈને ગેરહાજર રહેલા અધ્યાપકો તરફ ઉદાર વલણ રાખવા માટે સંલગ્ન કૉલેજોને ભલામણ કરવી.

(**નોંધ.**—ભવિષ્યમાં આ બાબત પ્રથારૂપ ગણાશે નહીં એમ સ્પષ્ટતા કરવામાં આવે છે.)

૩૭. સંલગ્ન કૉલેજો તથા માન્ય સંસ્થાઓના બિનશૈક્ષણિક કર્મચારીઓને સેવાઓની શરતો અંગે એક્ઝિક્યુટિવ કાઉન્સિલે તેની તા. ૨૩-૨-૧૯૭૪ની સભામાં મંજૂર કરેલ અહેવાલના સંદર્ભમાં નીચેની બાબતો પરત્વે સ્પષ્ટ વિચારણા કરવા બાબત :

૧. સુધારવામાં આવેલાં પગારધોરણોના સંદર્ભમાં નીચેની કેટલીક જગ્યાઓનાં પગારધોરણો નિયત કરવા બાબત :

૨. ઘરભાડા ભથ્થા (એચ.આર.એ.) અને સ્થાનિક વળતર ભથ્થા (સી.એલ.એ.) — એ ભથ્થાંઓ અંગે સ્પષ્ટતા કરવા બાબત.

૩. ગ્રંથપાલના સુધારેલા પગારધોરણના સંદર્ભમાં તેમની શૈક્ષણિક લાયકાત અંગેની આવશ્યકતાના સંદર્ભમાં વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સંલગ્ન કૉલેજો અને માન્ય સંસ્થાઓના બિનશૈક્ષણિક વર્ગના નીચેના કર્મચારીઓનાં પગારધોરણો તથા ભથ્થાંઓ નીચે મુજબ નિયત કરવા તથા તેનો અમલ તા. ૧-૪-૧૯૭૩થી કરવા માટે સંલગ્ન કૉલેજો અને માન્ય સંસ્થાઓને જણાવવું :

(૬)	૧. યુનિવર્સિટીના નિયમ પ્રમાણે પાત્રતા ધરાવનાર કે યુનિવર્સિટીએ આ અગાઉ નિયમ મુજબ માન્ય કરેલ ગ્રંથપાલ	... રૂ. ૩૦૦-૨૫-૬૦૦

૨. કાર્યાલય નિયામક	...	૩. ૪૬૬-૨૦-૫૧૧-૨૨-૬૧૦ ઈ.બી. ૨૫-૬૬૦
૩. હેડ ક્લાર્ક	...	૩. ૩૧૩-૧૫-૩૪૩-૨૦-૪૪૩ ઈ.બી. ૨૨-૫૭૫
૪. સીનિયર ક્લાર્ક, હિસાબનીશ	...	૩. ૨૧૫-૧૦-૨૪૫ ઈ.બી. ૧૫-૩૮૦-૨૦-૫૨૦
૫. જુનિયર ક્લાર્ક, ક્લાર્ક-ટાઇપિસ્ટ, ટાઇપિસ્ટ, કેશિયર, ટેલિફોન ઓપરેટર, લેબોરેટરી આસિસ્ટન્ટ, પ્લાન્ટ કલેક્ટર, હારબેરિયમ ઑસિસ્ટન્ટ, કંપાઉન્ડર	...	૩. ૧૫૩-૫-૧૮૩-૧૦-૨૪૩ ઈ.બી. ૧૫-૪૦૮-૧૯-૪૬૫
૬. પ્લમ્બર, મિકેનિક (ગેસ ઇત્યાદિ), ઇલેક્ટ્રિક વાયરમેન, ડ્રાઇવર, કારપેન્ટર	...	૩. ૧૫૩-૫-૧૯૮-૭-૨૨૬-૮-૨૫૦
૭. હેડ પ્યૂન	...	૩. ૯૯-૪-૧૧૧-૬-૧૮૩-૭-૧૯૦
૮. લાઇબ્રેરી એટેન્ડન્ટ, ડુપ્લિકેટિંગ મશીનમેન	...	૩. ૯૯-૪-૧૧૧-૬-૧૮૩-૭-૧૯૦
૯. પટાવાળા, વર્કમેન, ચોકીદાર, સફાઈ કામદાર (સ્વીપર), માલ્ડ-મેન-કમ-વૉચમેન, હેલ્પર, માળી, પમ્પ એટેન્ડન્ટ અને વૉટરમેન	...	૩. ૯૪-૩-૧૦૯-૪-૧૩૩-૫-૧૫૮-૬-૧૭૦

૧૦. સ્ટોરકીપરના સુધારેલા પગારધોરણ અંગે આખરી નિર્ણય થયેથી જાણ કરવામાં આવશે.

[**નોંધ.**— આ પગારધોરણો મર્જ્ડ ડી.એ. ધોરણે નિયત કરવામાં આવેલાં છે એમ સ્પષ્ટતા કરવી, અને તેથી આ કર્મચારીઓને પણ મર્જ્ડ ધોરણે મોંઘવારી ભથ્થું આપવાનું રહેશે.]

(ખ) (૧) કેશિયરને રૂ. ૧૫-૦૦નું માસિક "કેશ એલાવન્સ" આપવામાં આવે;

(૨) અંગ્રેજી અને ગુજરાતી બન્ને ભાષાઓમાં ટાઈપ કરનાર ટાઈપિસ્ટને માસિક રૂ. ૧૦-૦૦નું એલાવન્સ આપવામાં આવે;

(૩) આ પગારધોરણ ઓછામાં ઓછા પગારધોરણ તરીકે નિયત કરવામાં આવ્યાં છે તેનાથી વધુ પગારધોરણો કૉલેજ/સંસ્થા આપી શકે છે;

(૪) કોઈ પણ કર્મચારીને તેને મળતી કુલ રકમ(ટોટલ પે-પેકેટ)ને આ પગારધોરણને અમલમાં મૂકતાં કોઈ પણ પ્રકારની વિપરીત અસર થવા પામે નહીં તે જોવું;

(૫) ઉપર દર્શાવેલ પગારધોરણોનો અમલ કરતી વખતે દર ત્રણ વર્ષની નોકરી દીઠ એક ઇજાફો (ઇન્ક્રીમેન્ટ), પણ વધુમાં વધુ ત્રણ ઇજાફાની મર્યાદાને આધીન, ઇજાફા આપવા, અને જે તે કર્મચારીના વાર્ષિક ઇજાફાની તારીખમાં કોઈ ફેરફાર કરવો નહીં.

(૬) ઉપર (૬)માં જણાવેલ પગારધોરણો ઉપરાંત મર્જ્ડ ડી.એ.ને ધોરણે મોંઘવારી ભથ્થું આપવાનું રહેશે. આ મર્જ્ડ ડી.એ. મુજબ આપવા પાત્ર થતા મોંઘવારી ભથ્થાનો દર હાલ નીચે મુજબ છે :

Pay Range	*Merged rates of Dearness Allowance (as per Sarela Commission) in force from 1-5-1973 (For non-teaching staff)*
1 to 109	86
110 to 149	87
150 to 209	98
210 to 399	111
400 to 449	106
450 to 499	107
500 to 575	106
576 to 584	The amount by which pay falls short of Rs. 680
585 to 590	86
591 to 601	The amount by which pay falls short of Rs. 677
602 to 1000	75

(૭) ઘરભાડા ભથ્થું ગુજરાત રાજ્ય સરકારના કર્મચારી માટેના પ્રવર્તમાન ધોરણે અને જે તે સ્થળને લાગુ પડે તે દરે આપવાનું રહેશે.

(૮) સ્થાનિક વળતર ભથ્થું ગુજરાત રાજ્ય સરકારના ધોરણે અને જે તે સ્થળને લાગુ પડે તે દરે આપવાનું રહેશે.

(૯) ઉપર જણાવેલ પગારધોરણ અને ભથ્થાંઓનો અમલ તા. ૧-૪-૧૯૭૩થી કરવાનો રહેશે.

વધુમાં પગાર ફિક્સેશન અંગે કૉલેજો/માન્ય સંસ્થાઓને નીચે મુજબ માર્ગદર્શન આપવામાં આવે છે :

"હાલના (જૂના) પગારધોરણ પ્રમાણે મૂળ પગાર + તે ઉપર (અનમર્જ્ડ ધોરણે) જે તે સમયે આપવામાં આવતું મોંઘવારી ભથ્થું = કુલ રકમ(પે-પૅકેટ). આ કુલ રકમ (પે-પૅકેટ) જળવાઈ રહે તે માટે કુલ રકમ (પે-પૅકેટ)માંથી જણાવેલું તેમને મળવાપાત્ર યોગ્ય (એપ્રોપ્રિયેટ) મોંઘવારી ભથ્થું બાદ કરતાં જે રકમ રહે તે રકમ, જો સૂચિત પગારધોરણનું પગથિયું હોય તો તે રકમ મૂળ પગાર તરીકે નક્કી કરવી, પરંતુ જો તે

રકમ—સૂચિત પગારધોરણમાં પગથિયું ન હોય તો તે પછીના તરતના ઉપલા પગથિયાની રકમ મૂળ પગાર તરીકે નક્કી કરવી."

નોંધ.—ઉપરની 'ફોર્મ્યુલા' પ્રમાણે તા. ૧-૪-૧૯૭૩ના રોજ જે તે કર્મચારીના પે-ફિકસેશન માટે નીચે જણાવેલ મોંઘવારી ભથ્થાના દર જે તા. ૧-૪-૧૯૭૩ના રોજ પ્રવર્તમાન હતા તેનો આધાર લેવાનો રહેશે :

Pay Range	*Existing merged rates of Dearness Allowance (as per Sarela Commission) as on 1-4-'73 (For non-teaching staff)*
1 to 109	79
110 to 149	80
150 to 209	91
210 to 399	103
400 to 449	96
450 to 499	97
500 to 575	96
576 to 584	The amount by which pay falls short of Rs. 671/-
585 to 590	86
591 to 601	The amount by which pay falls short of Rs. 677/-.

૩૮. બાંધકામ સમિતિની તા. ૧૧-૩-૧૯૭૪ની સભાની ભલામણો પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૧૧-૩-૧૯૭૪ની સભાની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિની તા. ૧૧-૩-૧૯૭૪ની સભાની કાર્યવાહીની નોંધની નકલ પરિશિષ્ટ "ગ" તરીકે સામેલ છે.)

૩૯. કુલપતિશ્રીએ મંજૂર કરેલાં નીચેનાં કાર્યોની નોંધ લેવા બાબત :

૧. પેટલાદ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજના અધ્યાપકોની હડતાળના કારણે તા. ૩-૧-૧૯૭૪ પહેલાંની વિદ્યાર્થીઓની ખૂટતી હાજરી માફ કર્યાના;

૨. યુનિવર્સિટી કાર્યાલયમાં સ્ટેનોગ્રાફર તરીકે કામ કરતા શ્રી. બી. ટી. પઠાણને ટેકનિકલ એકઝામિનેશન બોર્ડની અંગ્રેજી અને ગુજરાતી શોર્ટ હેન્ડ વિષયની ૧૯૭૪ના વર્ષની પરીક્ષાના પ્રાશ્નિક તથા પરીક્ષક તરીકે કામ કરવાની તથા તે અંગેનું માનદ વેતન રૂ. ૧૫૦ સ્વીકારવાની પરવાનગી આપ્યાના.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીનાં સદરહુ કાર્યોની નોંધ લેવી.

૪૦. યુનિવર્સિટી મુદ્રણાલયમાં પ્રેસ-મૅનેજરની જગ્યા અંગે તા. ૧૫-૩-૧૯૭૪ના રોજ મળેલી વરણીસમિતિની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત.

સદરહુ સમિતિની ભલામણ પર ચર્ચાવિચારણાને અંતે નીચે મુજબ ઠરાવવામાં આવ્યું :

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી પ્રેસના પ્રેસ-મૅનેજરની જગ્યાનું પગારધોરણ હવે સુધારીને નીચે મુજબ નિયત કરવું :

રૂ. ૬૪૦-૪૦-૧૨૦૦

વધુમાં ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી પ્રેસના આસિસ્ટન્ટ પ્રેસ-મૅનેજર શ્રી જે. એમ. પુરોહિતને પ્રેસ-મૅનેજર તરીકે રૂ. ૬૪૦-૪૦-૧૨૦૦ના પગારધોરણમાં મૂળ માસિક પગાર રૂ. ૬૪૦થી એક વર્ષના અજમાયશી ધોરણે નીમવા.

વધુમાં, શ્રી. પ્રેસ-મૅનેજરને વાહનભથ્થા તરીકે માસિક રૂ. ૭૫ લેખે સ્કૂટર ભથ્થું આપવું.

(સદરહુ સમિતિની તા. ૧૫-૩-૧૯૭૪ની સભાની કાર્યવાહીની નોંધની નકલ **પરિશિષ્ટ "ઘ"** તરીકે સામેલ છે.)

૪૧. શ્રી આર. આર. લાલન કૉલેજ, ભૂજને એ. ૧૨૦-એ૨ના સંદર્ભમાં જૂન ૧૯૭૩થી બી.એ. (સંયો.)માં તત્ત્વજ્ઞાન વિષયનું શિક્ષણકાર્ય બંધ કર્યાની post-facto મંજૂરી આપવા અંગે વિચારણા કરવા બાબત.

[**નોંધ.**—(૧) સદરહુ વિષયમાં ૧૯૭૨-૭૩ના વર્ષમાં એક પણ વિદ્યાર્થી ન હતો.

(૨) તત્ત્વજ્ઞાન વિષયના શિક્ષકને બીજી સરકારી કૉલેજમાં સમાવી લીધા છે. હાલ તત્ત્વજ્ઞાન વિષયના કોઈ શિક્ષક નથી.

(૩) સદરહુ કૉલેજને જૂન ૧૯૭૩ સુધી જ તત્ત્વજ્ઞાન(ગૌણ)નું જોડાણ મળેલું હતું.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત પશ્ચાદ્‌વર્તી ધોરણે માન્ય રાખવી.

૪૨. સમાજવિદ્યા ભવનના શિક્ષક શ્રી. દિનેશ શુક્લની સંશોધન યોજના "Studies on Politicisation and Participation of Women in Different Areas." અંગે Indian Council of Social Science Research, New Delhi તરફથી તેમના પત્રાંક EB. 5. 130 dtd. 26-2-74 થી રૂ. ૨,૨૦૦ (રૂપિયા બે હજાર બસો)નું અનુદાન મંજૂર કર્યાની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની સાભાર નોંધ લેવી.

૪૩. સ્થાયી કાનૂનવિષયક સમિતિની તા. ૧૧-૩-૧૯૭૪ના રોજ મળેલ સભાની ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૪૪. વિનયન, વિજ્ઞાન અને વાણિજ્યની કૉલેજોમાં સવારનું શિક્ષણકામ બંધ કરીને જૂન ૧૯૭૫થી બપોરની કૉલેજો કરવા અંગેના એકેડેમિક કાઉન્સિલની તા. ૧૭ ૨-૧૯૭૩ની સભાના ઠરાવના સંદર્ભમાં સી. યુ. શાહ કૉમર્સ કૉલેજ, અમદાવાદે વર્ગ-ઓરડાના બાંધકામ માટે જરૂરી આર્થિક સહાય મેળવવા યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનને કરેલી અરજી પરત્વે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને કરેલા નીચેના સૂચનને અનુલક્ષીને રાજ્ય સરકારની આર્થિક સહાયથી ઉપલબ્ધ સુવિધાઓનો પૂરો ઉપયોગ કરવા માટે સદરહુ આદેશ પાછો ખેંચવાના સરકારના શિક્ષણ અને મજૂર ખાતાના અન્ડર-સેક્રેટરીના તા. ૬-૩-૧૯૭૪ના પત્રાંક એન. જી. સી.-૨૦૭૪-૪૨૦૮-કેએચ પરત્વે વિચારણા કરવા બાબત.

યુ.જી.સી.નું સૂચન

"In this connection, I am to state that in view of the present financial crisis and dearth of resources the Commission is of the opinion that the present physical facilities available in the country may be pooled together and used in such a manner that maximum benefit could be derived. It is therefore requested that the State Government may please consider the question of staggering working hours in the colleges so that facilities provided with the Commission's assistance could be utilised by the colleges to its optimum. It may be stated in this connection that the University Grants Commission cannot earmark large amounts for construction of additional class rooms as the above decision of Gujarat University means that class room accommodation will have to be increased considerably. The academic desirability of having two separate colleges as C. U. Shah Science College, Ahmedabad and a C. U. Shah Commerce College, Ahmedabad may also please be looked into."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત એકેડેમિક કાઉન્સિલની વિચારણા માટે મોકલવી.

૪૫. કુલપતિશ્રીનાં નીચે દર્શાવેલ કાર્યોની નોંધ લેવા બાબત :

(૧) ગુજરાત યુનિવર્સિટી વિદ્યાર્થી સંસદની તા. ૨૬-૧૧-૧૯૭૩ની સભામાં ઠરાવ્યા મુજબ ઉનાળાની રજાઓમાં યોજવા ધારેલ ટ્રેકિંગના કાર્યક્રમ માટે આ સાથે જોડેલ પરિશિષ્ટમાં જણાવ્યા મુજબ અંદાજી ખર્ચ રૂ. ૫,૦૦૦ મંજૂર કર્યાના;

(૨) માઉન્ટ આબુ ખાતે ચાલુ વર્ષે ૫૦ વિદ્યાર્થીઓની એક ટુકડીનો ૧૦ દિવસનો એક એમ ત્રણ પર્વતારોહણ શિબિરોમાંથી ભાઈઓ માટેના બે શિબિરો ઉનાળામાં અને બહેનો માટે એક શિબિર દિવાળીની રજાઓમાં યોજવાનું તથા આ સાથે જોડેલ પરિશિષ્ટમાં જણાવ્યા મુજબ તે અંગેના રૂ. ૧૭,૯૦૦ના અંદાજી ખર્ચને મંજૂર કર્યાના.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીનાં ઉપરનાં કાર્યોની નોંધ લેવી.

૪૬. આ યુનિવર્સિટીની જુદી જુદી પરીક્ષાઓ દરમ્યાન વિદ્યાર્થીઓએ અજમાવેલ ગેરવાજબી ઇલાજો અંગેના કેસો પર તથા પ્રાધ્યાપક-પરીક્ષકો અને નિરીક્ષકોના કેસો પર વિચારણા કરવા તા. ૧૫-૩-૧૯૭૪ના રોજ મળેલ પરીક્ષાશુદ્ધિ સમિતિની ત્રીજી સભાની ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૧૫-૩-૧૯૭૪ની સભાની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિની તા. ૧૫-૩-૧૯૭૪ની સભાની કાર્યવાહીની નોંધની નકલ સામેલ કરવામાં આવી નથી.)

૪૭. માર્ચ એપ્રિલ ૧૯૭૪માં યુનિવર્સિટી દ્વારા લેવાનાર પરીક્ષાઓમાં બેસનાર વિદ્યાર્થીઓની હાજરી, શિક્ષણકાર્ય અને યુનિવર્સિટીની પરીક્ષાઓ અંગે તા. ૨૬-૨-૧૯૭૪-ના રોજ એક્ઝિક્યુટિવ કાઉન્સિલે નીમેલી સમિતિની તા. ૧૧-૩-૧૯૭૪ની સભાની નોંધ અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૧૧-૩-૧૯૭૪ની સભાની નોંધ મંજૂર કરવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિ પર કુલપતિશ્રીને યોગ્ય લાગે તે વધુ સભ્યો નીમવા માટે તેઓશ્રીને સત્તા આપવી.

૪૮. સંલગ્ન કૉલેજોના ગ્રંથપાલ અને વ્યાયામ શિક્ષકોની સમકક્ષતા નક્કી કરવા તથા દ્વિતીય વર્ગમાં ઉત્તીર્ણ થયેલા ટ્યૂટરો-ડેમોન્સ્ટ્રેટરોના પગારભેદ દૂર કરવાની બાબતમાં ચર્ચાવિચારણા કરી રિપોર્ટ કરવા એક્ઝિક્યુટિવ કાઉન્સિલની તા. ૨૬-૨-૧૯૭૪ની સભામાં નિયુક્ત થયેલી સમિતિની ભલામણો પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિએ તેની તા. ૧૫-૩-૧૯૭૪ની સભામાં કરેલી ભલામણો પર વિચારણા કરીને નીચે મુજબ ઠરાવવામાં આવ્યું :

(૧) ગ્રંથપાલના કાર્યનો સર્વદેશીય ખ્યાલ કર્યા પછી પણ વડીવટી કારણોસર તેમને બિનશૈક્ષણિક વર્ગના કર્મચારી ગણવા.

(૨) વ્યાયામ શિક્ષકને "Lecturer in Physical Education"નું નામાભિધાન આપવું.

(૩) તા. ૧-૪-૧૯૬૬ પછી દ્વિતીય વર્ગ મેળવેલા ટ્યૂટર/ડેમોન્સ્ટ્રેટરોને પણ રૂ. ૨૫૦ને બદલે રૂ. ૩૦૮ના મૂળ પગારમાં મૂકવા જોઈએ એમ આ સમિતિ ભલામણ કરે છે. પરંતુ તા. ૧-૪-૧૯૬૬ પછી નિમાયેલ આવા ટ્યૂટર/ડેમોન્સ્ટ્રેટરોને જો રૂ. ૩૦૦ના બેઝિક પગારથી શરૂઆત કરવામાં આવે તો કૉલેજો અને માન્ય સંસ્થાઓ ઉપર નાણાકીય બોજો ઘણો આવે, તેના અનુસંધાનમાં યુનિવર્સિટીએ આ અંગે રાજ્ય સરકાર સાથે આ પ્રશ્ન હાથ ધરવો અને આ અંગે સરકારની મંજૂરી મળ્યેથી તેનો અમલ કરવો.

૪૯. પદવી પ્રમાણપત્ર આપવા અંગેના કાગળો, ફી, ફીનું ધોરણ વગેરે બાબતો પર વિચારણા કરીને સુચિંતિત હેવાલ રજૂ કરવા માટે કુલપતિશ્રીએ નીમેલી સમિતિની તા. ૧૬–૧૨–૧૯૭૩ની અને તા. ૧૪–૩–૧૯૭૪ની ભલામણ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની ભલામણો મંજૂર કરવી અને તેનો અમલ ઑક્ટોબર ૧૯૭૪થી કરવાનું રાખવું.

૫૦. કૉલેજ ઑફ એજ્યુકેશન, ધ્રામલીના શ્રી. એમ. બી. રાવળને સરકારી નોકરી મળવાથી અધૂરા સત્રે કૉલેજ છોડી જતાં વિવેકાનંદ એજ્યુકેશન ફાઉન્ડેશનના ટ્રસ્ટીશ્રી પાસેથી શ્રી. સી. ટી. ત્રિવેદીની લેાન સર્વિસ મેળવવા અંગે ધ્રામલી કૉલેજના આચાર્યશ્રી તરફથી આવેલ અરજી પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજમાં શ્રી. સી. ટી. ત્રિવેદીને મુલાકાતી પ્રાધ્યાપક તરીકે કામ કરવા માટે ફક્ત ચાલુ વર્ષ પૂરતી જ પરવાનગી આપવી અને સદરહુ કૉલેજને જણાવવું કે જૂન ૧૯૭૪ થી યોગ્ય લાયકાત ધરાવતા પ્રાધ્યાપકની નિમણૂક કરવી આવશ્યક રહેશે અને જો તેમ કરવામાં આવશે નહિ તો જૂન ૧૯૭૪ થી વિદ્યાર્થીઓને પ્રવેશ આપી શકાશે નહીં.

૫૧. સંલગ્ન કૉલેજો, માન્ય સંસ્થાઓ અને યુનિવર્સિટીનાં વિદ્યાભવનોને નીચે મુજબની જાણ કર્યાના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત :

(૧) પ્રવર્તમાન સંજોગોમાં સંલગ્ન કૉલેજો અને યુનિવર્સિટીનાં વિદ્યાભવનોનું શિક્ષણકાર્ય જે અનિશ્ચિત મુદત સુધી બંધ રાખવામાં આવ્યું છે તે હજુ સુધી પુનઃ શરૂ થઈ શકયું નથી. દરમ્યાન ઑર્ડિ. ૭૫ મુજબ ચાલુ સત્ર જે સામાન્ય રીતે તા. ૧૫મી માર્ચ ૧૯૭૪ના રોજ સમાપ્ત થાય છે તે શિક્ષણકાર્યના હેતુ માટે હાલ વચગાળાના પગલા તરીકે લંબાવવામાં આવ્યું છે.

(૨) સંલગ્ન કૉલેજો અને યુનિવર્સિટીનાં વિદ્યાભવનોનું શિક્ષણકાર્ય પુનઃ શરૂ કરવાનો નિર્ણય લેવામાં આવશે ત્યારે તે અંગેની જાણ સંલગ્ન કૉલેજો અને યુનિવર્સિટીનાં ભવનોને કરવામાં આવશે. શિક્ષણકાર્ય હાલ બંધ છે. તે દરમ્યાન સંલગ્ન કૉલેજો અને યુનિવર્સિટીનાં વિદ્યાભવનોના શિક્ષકોએ કૉલેજ/ભવનમાં હાજર રહેવું આવશ્યક ગણાશે નહીં.

(૩) ઉપરની પરિસ્થિતિમાં ચાલુ સત્ર દરમ્યાન અનધ્યાયના દિવસોને લક્ષમાં લઈને શૈક્ષણિક દૃષ્ટિએ ઉનાળાના વૅકેશનમાં જ્યારે જે ચોક્કસ ફેરફાર કરવામાં આવશે ત્યારે તેની જાણ કરવામાં આવશે.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીનાં સદરહુ કાર્યોની નોંધ લેવી.

૫૨. જૂન ૧૯૭૪થી બી.એસસી.(રૂપે.)માં ભૌતિકશાસ્ત્રનો વિષય શીખવવાનો બંધ કરવાની પરવાનગી આપવાના બોરસદ સાયન્સ એન્ડ લૉ કૉલેજ, બોરસદના આચાર્યશ્રીના તા. ૮–૩–૧૯૭૪ના પત્ર પર વિચારણા કરવા બાબત.

(નોંધ.—સદરહુ કૉલેજે જૂન ૧૯૭૨થી ભૌતિકશાસ્ત્ર મુખ્ય વિષય શીખવવાનો બંધ કરવાની પરવાનગી અગાઉ માગેલી. કુલપતિશ્રીની વિનંતીથી સદરહુ વિષય શીખવવાનો ચાલુ

રાખેલ પરંતુ વિદ્યાર્થીના અભાવે અને આર્થિક મુશ્કેલીના કારણે સદરહુ વિષય જૂન ૧૯૭૪થી બંધ કરવા પરવાનગી માગે છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત સ્થાયી કાનૂનવિષયક સમિતિની વિચારણા માટે મોકલવી.

૫૩. પ્રો. એમ. ડી. પંચોલીના નીચેના સૂચન અંગે વિચારણા કરવા બાબત :

"ગુજરાત સરકારે યુ.જી.સી. પગારધોરણોમાં ૭૦૦-૪૦-૧,૧૦૦નો સીનિયર સ્કેલ મંજૂર કર્યો છે. જે શિક્ષકોએ તા. ૧-૪-૧૯૬૬ના રોજ એક વર્ષ પી.જી. ટીચર તરીકે અનુભવ મેળવ્યો હોય તેમાંના અમુક અધ્યાપકોને જ આ સ્કેલ આપવામાં આવ્યો છે. તા. ૧-૪-૧૯૬૬ પછી અનેક અધ્યાપકો આ પ્રકારના અનુસ્નાતક શિક્ષણનું કાર્ય કરી રહ્યા છે, તેમાંના ઘણાખરા અધ્યાપકો સીનિયર હોવા છતાં તેમને આ ગ્રેડનો લાભ મળ્યો નથી. આથી આવા બાકી રહી ગયેલા અધ્યાપકોને પણ આ ગ્રેડનો લાભ મળે તે માટે સરકારશ્રી સાથે વાટાઘાટો કરી આ બાબત સત્વરે નિકાલ લાવવા હું એક્ઝિકયુટિવ કાઉન્સિલને વિનંતી કરું છું."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે સમગ્ર રીતે વિચારણા કરીને પોતાનો સુચિંતિત અહેવાલ રજૂ કરવા માટે નીચે જણાવેલા સભ્યોની સમિતિ રચવી :

૧. આચાર્ય ય. પ્રા. શુકલ
૨. આચાર્ય ધીરુભાઈ ઠાકર
૩. આચાર્ય દર્શનસિંઘ શીખ
૪. ડૉ. વી. સી. શાહ
૫. પ્રો. મનુભાઈ ડી. પંચોલી

તે પછી પ્રમુખશ્રીની પરવાનગીથી નીચેની બાબતો સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવી :

૫૪. એક્ઝિકયુટિવ કાઉન્સિલે તેની તા. ૧૫-૧૨-૧૯૭૩ની સભામાં ફાઇનલ એલિજિબિલિટી સર્ટિફિકેટ કઢાવી લેવાની મુદત તા. ૧૫-૩-૧૯૭૪ સુધી લંબાવી હતી, પરંતુ હજુ સુધી લગભગ ૧૪૩૭ જેટલા વિદ્યાર્થીઓએ ચાલુ સાલે ફાઇનલ એલિજિબિલિટી સર્ટિફિકેટ કઢાવ્યાં નહીં હોવાથી તે મુદત તા. ૧૫-૪-૧૯૭૪ સુધી વધુ લંબાવવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વિદ્યાર્થીઓને પ્રવેશપાત્રતાનું પાકું પ્રમાણપત્ર (Final Eligibility Certificate) કઢાવવાની મુદત તા. ૧૫-૪-૧૯૭૪ સુધી લંબાવી આપવી.

૫૫. યુ.જી.સી.ની સહાયતાથી યુનિવર્સિટીમાં અલગ કોમ્પ્યુટર સેન્ટરની રચના થઈ હોવાથી અને તે વિભાગ માટે જરૂરી જગાઓ ઊભી કરવામાં આવી હોવાથી ડેટા પ્રોસેસિંગ વિભાગની હાલની નીચેની જગ્યાઓ રદ કરવા વિચારણા કરવા બાબત :

	જગ્યાઓ
ડેટા પ્રોસેસિંગ સુપરિન્ટેન્ડન્ટ	એક
આસિસ્ટન્ટ સુપરિન્ટેન્ડન્ટ (ડેટા પ્રોસેસિંગ)	એક
સીનિયર ઓપરેટર	પાંચ
જુનિયર ઓપરેટર	પાંચ

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ જગ્યાઓ રદ કરવી.

૫૬. પ્રો. કનુભાઈ શાહના તા. ૧૫-૩-૧૯૭૪ના પત્ર ૫૨ વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે સમગ્ર રીતે વિચારણા કરીને પોતાનો સુચિંતિત અહેવાલ રજૂ કરવા માટે નીચે જણાવેલા સભ્યોની સમિતિ રચવી :

૧. આચાર્ય ય. પ્રા. શુકલ

૨. આચાર્ય ધીરુભાઇ ઠાકર

૩. આચાર્ય એમ. એસ. પંડિત

૪. આચાર્ય એમ. સી. શાહ

૫. પ્રો. મનુભાઇ ડી. પંચોલી.

૫૭. વર્તમાન પરિસ્થિતિના સંદર્ભમાં ચાલુ વર્ષે શિક્ષણકાર્યના હેતુ માટે સત્ર ક્યાં સુધી લંબાવવું તથા પરીક્ષાઓનો કાર્યક્રમ અને તેની વ્યવસ્થા વગેરે પ્રશ્નો અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે વિચારણા કરીને જરૂરી નિર્ણય લેવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

તે પછી સભાગૃહનું કામકાજ પૂરું થયું હતું.

નં. એક્ઝિ. કા./૦૭૭/૧૯૭૪.

ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
અમદાવાદ—૩૮૦૦૦૯.
એપ્રિલ ૩, ૧૯૭૪.

કં. ચ. પરીખ
કુલસચિવ.

પરિશિષ્ટ "ક"
કામકાજ ક્રમાંક ૬

અનુસ્નાતક અભ્યાસ માટે સંશોધન શિષ્યવૃત્તિઓ મેળવવા માટે આવેલી અરજીઓ પર વિચારણા કરી પોતાની ભલામણો કરવા માટે એક્ઝિક્યુટિવ કાઉન્સિલે નીમેલી સમિતિની વર્ષ ૧૯૭૩-૭૪ની બીજી સભા ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયમાં ગુરુવાર, તા. ૧૪-૨-૧૯૭૪ના રોજ બપોરના ૩-૩૦ કલાકે કુલપતિ શ્રી ઈશ્વરભાઈ પટેલના પ્રમુખપદે મળી હતી જેમાં હાજરી નીચે મુજબ હતી :

૧. શ્રી. ઈશ્વરભાઈ જે. પટેલ, કુલપતિ	હાજર
૨. આચાર્ય વાય. પી. શુકલ	ગેરહાજર
૩. ,, કે. એન. શાહ	ગેરહાજર
૪. ,, જી. એમ. પટેલ	હાજર
૫. પ્રો. જે. જે. ચિનોય	હાજર
૬. પ્રો. કે. આર. ચંદ્રશેખરન	હાજર
૭. પ્રો. કે. જી. દેસાઈ	ગેરહાજર
૮. પ્રો. ડી. એન. પાઠક	હાજર
૯. ડૉ. એમ. એન. દેસાઈ	હાજર
૧૦. આચાર્ય એમ. એસ. પંડિત	ગેરહાજર.

૧. સંશોધન શિષ્યવૃત્તિ સમિતિની તા. ૨૨-૮-૧૯૭૩ના રોજ મળેલી સભાની નોંધ મંજૂર કરવા બાબત.

યુનિવર્સિટીની સંશોધન શિષ્યવૃત્તિ સમિતિની તા. ૨૨-૮-૧૯૭૩ના રોજ મળેલી સભાની નોંધ મંજૂર કરવામાં આવી અને તેના પર કુલપતિશ્રીએ સહી કરી.

૨. યુનિવર્સિટી ભાષા-સાહિત્ય ભવનનાં શિક્ષક ડૉ. ઈ. એ. સોલોમનના માર્ગદર્શન હેઠળ પીએચ.ડી. પદવી માટે નોંધાયેલાં કુમારી ગાંધી ગીતા કાન્તિલાલે તા. ૧૮-૬-૧૯૭૩થી સી. સી. મહિલા આર્ટ્સ કૉલેજ, વીસનગરમાં નોકરી સ્વીકારી હોવાથી તેમને તા. ૧-૪-૧૯૭૩થી યુ. જી. સી.ની જુનિયર રિસર્ચ ફેલોશિપમાંથી છૂટાં કર્યાના તેમ જ તા. ૨૪-૭-૧૯૭૨થી ૩૧-૩-૧૯૭૩ સુધીના સમય દરમિયાન મજકૂર ફેલોશિપની તેમને ચૂકવેલ રકમ રૂ. ૨,૪૭૭-૪૨ પૈસા તથા કન્ટિન્જન્સી ગ્રાન્ટના રૂ. ૯૮૦-૯૩ મળી કુલ્લે રૂ. ૩,૪૫૮-૩૫ પરત કરવામાંથી મુક્તિ આપ્યાના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

કુ. ગાંધી ગીતા કાન્તિલાલે તા. ૧૮-૬-૧૯૭૩થી સી. સી. મહિલા આર્ટ્સ કૉલેજ, વીસનગરમાં નોકરી સ્વીકાર્યાના કારણે તેમને તા. ૧-૪-૧૯૭૩થી યુ. જી. સી.ની જુનિયર રિસર્ચ ફેલોશિપમાંથી છૂટાં કર્યાના તથા તા. ૨૪-૭-૧૯૭૨થી તા ૩૧-૩-૧૯૭૩ સુધીની ફેલોશિપની રકમ રૂ. ૨,૪૭૭-૪૨ પૈસા તથા કન્ટિન્જન્સી ગ્રાન્ટની રકમ રૂ. ૯૮૦-૭૩ મળી કુલ્લે રૂ. ૩,૪૫૮-૩૫ પરત કરવામાંથી મુક્તિ આપ્યાના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૩. યુનિવર્સિટી વિજ્ઞાન વિદ્યાભવનના શિક્ષક ડૉ. બી. એસ. વૈદ્યના માર્ગદર્શન હેઠળ પીએચ.ડી. પદવી માટે નોંધાયેલા વિદ્યાર્થી શ્રી. સાવલિયા પરશોત્તમ મોહનલાલે તે તારીખથી પીએચ. ડી. પદવીનું સંશોધનકાર્ય છોડી દીધું હોવાથી તેમને આપવામાં આવેલ યુ.જી.સી.ની જુનિયર રિસર્ચ ફેલોશિપનો અસ્વીકાર કર્યો છે તેની નોંધ લેવા બાબત.

શ્રી. સાવલિયા પરશોત્તમ મોહનલાલે તેમનું પીએચ.ડીનું સંશોધનકાર્ય છોડી દીધું હોવાથી તેમને આપવામાં આવેલી યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનની શિષ્યવૃત્તિનો તેમણે સ્વીકાર કર્યો નથી તેની નોંધ લેવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

બાબત નં. ૪ અને ૫ની વિચારણા ભેગી કરવામાં આવી.

૪. ૧૯૭૩–૭૪ના વર્ષ દરમિયાન ખાલી પડેલી સંશોધન શિષ્યવૃત્તિઓ અંગે વિદ્યાર્થીઓ તરફથી આવેલ અરજીઓ પર વિચારણા કરવા બાબત.

અને

૫. યુનિવર્સિટી મનોવિજ્ઞાન ભવનના ડૉ. કે. જી. દેસાઈના માર્ગદર્શન હેઠળ પીએચ ડી. પદવી માટે નોંધાયેલ Cabral Darryl Denzilની સંશોધન શિષ્યવૃત્તિ માટે આવેલ અરજી ઉપર વિચારણા કરવા અંગે.

વિદ્યાર્થીની માહિતી નીચે મુજબ છે :

શૈક્ષણિક લાયકાત : (૧) એમ.એ. (મુંબઈ યુનિ.) (૧૯૭૦). સેકન્ડ કલાસ (૫૭.૭ ટકા)
(૨) બી.એ. (મુંબઈ યુનિ.) (૧૯૬૭). સેકન્ડ કલાસ (૫૧ ટકા)
ઉંમર : ૨૮ વર્ષ.
સંશોધનનો વિષય : મેથડ્સ એન્ડ ટેકનિકસ ઑફ ટ્રેનિંગ ઇન ઇન્ડસ્ટ્રી
અન્ય : લેબર ગેઝેટ ૧૯૬૯માં એક પેપર છપાવ્યું છે.

આથી ઠરાવવામાં આવે છે કે એકિઝકયુટિવ કાઉન્સિલને નીચે મુજબ ભલામણ કરવી :

૧. યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનની યોજના હેઠળની માસિક રૂ. ૩૦૦ (વાર્ષિક રૂ. ૧,૦૦૦ની કન્ટિન્જન્સી ગ્રાન્ટ સહિત)ની ચાર જુનિયર રિસર્ચ ફેલોશિપ જે ખાલી પડી છે તે નીચેના ચાર વિદ્યાર્થીઓને, તેમના સંશોધનકાર્ય દરમિયાન નોકરી કે અન્ય વ્યવસાય તેઓ કરશે નહીં તે શરતે અને મજકૂર ફેલોશિપ માટેની નિયત શરતો અને નિયમોને આધીન, નીચે મુજબ ત્રણ વર્ષ માટે આપવી :

ક્રમાંક	વિદ્યાર્થીનું નામ	વિષય	માર્ગદર્શક શિક્ષક અને કૉલેજ–સંસ્થાનું નામ	શિષ્યવૃત્તિ કઈ તારીખથી આપવી
૧.	શ્રી ભટ્ટ મુકુન્દરાય હર્ષદરાય	રસાયણશાસ્ત્ર	ડૉ. જે. જે. ત્રિવેદી, એમ. જી. સાયન્સ ઇન્સ્ટિટ્યૂટ, અમદાવાદ–૯	૧૦–૧૨–'૭૩
૨.	શ્રી. ભટ્ટ દત્તકુમાર ઇન્દુકુમાર	રસાયણશાસ્ત્ર	ડૉ. આર. કે. શાહ, વિજ્ઞાન વિદ્યાભવન, અમદાવાદ–૯	૧૫–૧૧–'૭૩

ક્રમાંક	વિદ્યાર્થીનું નામ	વિષય	માર્ગદર્શક શિક્ષક અને કૉલેજ/સંસ્થાનું નામ	શિષ્યવૃત્તિ કઈ તારીખથી આપવી
૩.	શ્રી. ચીન્તલપડી રમેશબાબુ સત્યનારાયણ	રસાયણશાસ્ત્ર	ડૉ. આઈ. જી. વશી, વિજ્ઞાન વિદ્યાભવન, અમદાવાદ-૯	૨૯-૧૨-'૭૩
૪.	શ્રી. ક્ષત્રિય અર્જુનકુમાર મોહનલાલ	પ્રાણીશાસ્ત્ર	ડૉ. એન. જે. ચિનોય, વિજ્ઞાન વિદ્યાભવન, અમદાવાદ-૯	૧-૪-'૭૩

૨. નીચેના વિદ્યાર્થીઓ જેમને રાજ્ય સરકારની અથવા યુનિવર્સિટીની સંશોધન શિષ્યવૃત્તિ આ અગાઉ આપવામાં આવી છે તેને બદલે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનની જુનિયર ફેલોશિપ બદલી આપવાની વિનંતી સ્વીકારવી નહીં :

ક્રમાંક	વિદ્યાર્થીનું નામ	કઈ શિષ્યવૃત્તિ મળે છે તે
૧.	કુ. મેઘા ભાવના મનુભાઈ	ગુજરાત રાજ્ય સરકારની શિષ્યવૃત્તિ
૨.	કુ. માલતી કોલ	યુનિવર્સિટીની શિષ્યવૃત્તિ
૩.	શ્રી. મોદી રમેશ મોહનલાલ	યુનિવર્સિટીની શિષ્યવૃત્તિ

૩. શ્રી. ઈશ્વર મગનલાલ પટેલને આ અગાઉ બે વર્ષ સુધી યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનની જુનિયર ફેલોશિપનો લાભ લઈ તેમાંથી રાજીનામું આપેલ હોવાથી તેમને ફરીથી જુનિયર ફેલોશિપ આપવાની તેમની વિનંતી સ્વીકારવી નહિ.

૪. નીચેના વિદ્યાર્થીઓ તરફથી સંશોધન શિષ્યવૃત્તિ-યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનની જુનિયર ફેલોશિપ મેળવવા માટે આવેલ અરજીઓ નામંજૂર કરવી :

ક્રમાંક	વિદ્યાર્થીનું નામ	વિષય	કૉલેજ/સંસ્થાનું નામ
૧.	કુ. હોતચંદાની પુષ્પા ચેલારામ	ગણિતશાસ્ત્ર	યુનિ. વિજ્ઞાન વિદ્યાભવન, અમદાવાદ-૯
૨.	શ્રી. પરીખ સૂર્યકાન્ત પુરુષોત્તમ	રસાયણશાસ્ત્ર	એમ. જી. સાયન્સ ઇન્સ્ટિટ્યૂટ, અમદાવાદ-૯
૩.	કુ. સી. એન. વિજયકુમારી	વનસ્પતિ-વિજ્ઞાન	યુનિવર્સિટી વિજ્ઞાન વિદ્યાભવન, અમદાવાદ-૯
૪.	શ્રી. ચૌધરી સુરેન્દ્ર સીંધ	,,	,,
૫.	શ્રી. ત્રિવેદી ભરત ગજાનંદ	રસાયણશાસ્ત્ર	એમ. જી. સાયન્સ ઇન્સ્ટિટ્યૂટ, અમદાવાદ-૯
૬.	શ્રી. વોરા દિનકરરાય હરિલાલ	ગુજરાતી	આર. આર. લાલન કૉલેજ, ભૂજ-કચ્છ
૭.	કેપ્ટલ ડેરીલ ડેન્ઝીલ	મનોવિજ્ઞાન	યુનિવર્સિટી મનોવિજ્ઞાન ભવન, અમદાવાદ-૯.

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

એસ. પી. મેઢ
કુલસચિવ વતી.

પરિશિષ્ટ "અ"
કામકાજ ક્રમાંક ૧૬

એક જ સંચાલન મંડળના ઉપક્રમે ચાલતી કૉલેજોના અલગ અલગ ટ્રસ્ટની રચના અંગેના પ્રસ્તાવો જોઈતપાસીને પોતાનો અહેવાલ રજૂ કરવા માટે એક્ઝિક્યુટિવ કાઉન્સિલે તેની તા. ૧૬-૧૧-૧૯૭૩ની સભામાં આણત નં. ૧૦૪ થી નીમેલી સમિતિની પ્રથમ સભા તા. ૧૫-૨-૧૯૭૪ને શુક્રવારના રોજ બપોરના ૧૨-૩૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલયમાં આચાર્ય એમ. સી. શાહના પ્રમુખસ્થાને મળી હતી, જેમાં સભ્યોની હાજરી નીચે મુજબ હતી :

૧. આચાર્ય ડૉ. ધીરુભાઈ પી. ઠાકર	હાજર
૨. આચાર્ય એમ. સી. શાહ	હાજર
૩. આચાર્ય ડૉ. એચ. એમ. દેસાઈ	હાજર
૪. આચાર્ય એમ. ડી. પંચોલી	હાજર.

આ સભાનું પ્રમુખસ્થાન આચાર્ય એમ. સી. શાહે સંભાળ્યું હતું.

૧. કૉલેજોના અલગ ટ્રસ્ટની રચના અંગે કૉલેજોના મૅનેજિંગ ટ્રસ્ટીશ્રી તરફથી આવેલ પત્રોની યાદી નીચે પ્રમાણે છે :

મૅનેજિંગ ટ્રસ્ટીનું નામ	કૉલેજના અલગ ટ્રસ્ટનું નામ
૧. સરદાર વિદ્યાભવન ટ્રસ્ટ સંચાલિત આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, ખેડા	ખેડા આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ ટ્રસ્ટ

(**નોંધ.**—અનિવાર્ય કારણોસર આ અંગેનું કાર્ય હજુ સુધી પૂરું થઈ શકયું ન હોવાથી હાલ પૂરતું આ કામ મુલતવી રાખવા યુનિવર્સિટીને વિનંતી કરતો પત્ર કૉલેજ તરફથી આવ્યો છે.)

૨. અમદાવાદ કેળવણી ટ્રસ્ટ સંચાલિત

(૧) અમદાવાદ આર્ટ્સ કૉલેજ	અમદાવાદ આર્ટ્સ કૉલેજ ટ્રસ્ટ
(૨) અમદાવાદ કૉમર્સ કૉલેજ	અમદાવાદ કૉમર્સ કૉલેજ ટ્રસ્ટ
(૩) અમદાવાદ સાયન્સ કૉલેજ	અમદાવાદ સાયન્સ કૉલેજ ટ્રસ્ટ
(૪) સેકન્ડરી ટીચર્સ ટ્રેનિંગ કૉલેજ, ખેડા	સેકન્ડરી ટીચર્સ ટ્રેનિંગ કૉલેજ ટ્રસ્ટ, ખેડા.

(**નોંધ.**—અનિવાર્ય કારણોસર આ અંગેનું કાર્ય હજુ પૂરું થઈ શકયું ન હોવાથી હાલ પૂરતું આ કાર્ય મુલતવી રાખવા યુનિવર્સિટીને વિનંતી કરતો પત્ર કૉલેજ તરફથી આવ્યો છે.)

૩. વિદ્યાભવન ટ્રસ્ટ સંચાલિત :

(૧) નવગુજરાત આર્ટ્સ કૉલેજ	નવગુજરાત આર્ટ્સ કૉલેજ ટ્રસ્ટ
(૨) નવગુજરાત કૉમર્સ કૉલેજ	નવગુજરાત કૉમર્સ કૉલેજ ટ્રસ્ટ
(૩) નવગુજરાત લૉ કૉલેજ	નવગુજરાત લૉ કૉલેજ ટ્રસ્ટ
(૪) નવગુજરાત વાણિજ્ય મહાવિદ્યાલય	નવગુજરાત વાણિજ્ય મહાવિદ્યાલય ટ્રસ્ટ

(**નોંધ.**—અનિવાર્ય કારણોસર આ અંગેનું કાર્ય હજુ પૂરું થઈ શકયું ન હોવાથી હાલ પૂરતું આ કાર્ય મુલતવી રાખવા યુનિવર્સિટીને વિનંતી કરતો પત્ર કૉલેજ તરફથી આવ્યો છે.)

૪ બ્રહ્મચારી વાડી ટ્રસ્ટ સંચાલિત :

(૧) એચ. કે. આર્ટ્સ કૉલેજ	એચ. કે. આર્ટ્સ કૉલેજ ટ્રસ્ટ
(૨) એચ. કે. કૉમર્સ કૉલેજ	એચ. કે. કૉમર્સ કૉલેજ ટ્રસ્ટ

(**નોંધ.**—ટ્રસ્ટની કેટલીક વિગતો અંગે પુનર્વિચારણા કરવી જરૂરી લાગતી હોવાથી કૉલેજ તરફથી આવેલ પત્રો રદ કરવા યુનિવર્સિટીને જણાવતો પત્ર આવ્યો છે.)

૫. માનવમંદિર ટ્રસ્ટ સંચાલિત :

(૧) સી. યુ. શાહ સાયન્સ કૉલેજ	સી. યુ. શાહ સાયન્સ કૉલેજ ટ્રસ્ટ
(૨) સી. યુ. શાહ કૉમર્સ કૉલેજ	સી. યુ. શાહ કૉમર્સ કૉલેજ ટ્રસ્ટ

(**નોંધ.**—કાયદા પ્રમાણે પબ્લિક ટ્રસ્ટ કરવાની જરૂરી કાર્યવાહી હજી પૂરી થઈ ન હોવાથી હાલ પૂરતું આ કાર્ય મુલતવી રાખવા યુનિવર્સિટીને વિનંતી કરતો કૉલેજ તરફથી પત્ર આવ્યો છે.)

૬. ગુજરાત લૉ સોસાયટી સંચાલિત :

(૧) સર એલ. એ. શાહ લૉ કૉલેજ	જી. એલ. એસ. સર એલ. એ. શાહ લૉ કૉલેજ ટ્રસ્ટ
(૨) સિટી લૉ કૉલેજ	જી. એલ. એસ. સિટી લૉ કૉલેજ ટ્રસ્ટ
(૩) ન્યૂ લૉ કૉલેજ	જી. એલ. એસ. ન્યૂ લૉ કૉલેજ ટ્રસ્ટ
(૪) એચ. એ. કૉલેજ ઑફ કૉમર્સ	જી. એલ. એસ. એચ. એ. કૉલેજ ઑફ કૉમર્સ ટ્રસ્ટ
(૫) સિટી કૉમર્સ કૉલેજ	જી. એલ. એસ. સિટી કૉમર્સ કૉલેજ ટ્રસ્ટ
(૬) જી. એલ. એસ. આર્ટ્સ કૉલેજ	જી. એલ. એસ. આર્ટ્સ કૉલેજ ટ્રસ્ટ
(૭) જી. એલ. એસ. આર્ટ્સ કૉલેજ ફૉર ગર્લ્સ	જી. એલ. એસ. આર્ટ્સ કૉલેજ ફૉર ગર્લ્સ ટ્રસ્ટ
(૮) સિટી આર્ટ્સ કૉલેજ	જી. એલ. એસ. સિટી આર્ટ્સ કૉલેજ ટ્રસ્ટ

(**નોંધ.**—કાયદા પ્રમાણે પબ્લિક ટ્રસ્ટ કરવાની જરૂરી કાર્યવાહી હજી પૂરી થઈ ન હોવાથી હાલ પૂરતું આ કાર્ય મુલતવી રાખવા યુનિવર્સિટીને વિનંતી કરતો કૉલેજ તરફથી પત્ર આવ્યો છે.)

બાબત નં. ૧ થી ૬ અંગેની ચર્ચાવિચારણા એકસાથે કરવામાં આવી.

ઉપરોક્ત કૉલેજોના આચાર્યશ્રીઓ તરફથી પત્રો દ્વારા રજૂઆત કરવામાં આવેલી કે કૉલેજોના અલગ ટ્રસ્ટ કરવા અંગેનું કાર્ય પ્રવર્તમાન અનિવાર્ય સંજોગોને કારણે થઈ શકયું નથી તેથી મુલતવી રાખવું. આ વિનંતીઓને ધ્યાનમાં લઈ ચર્ચાવિચારણાના અંતે સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું કે આ અંગે હાલ કાંઈ વિચારણા કરવી નહીં.

૭. નવગુજરાત એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત :

(૧) સેકન્ડરી ટીચર્સ ટ્રેઇનિંગ કૉલેજ — સેકન્ડરી ટીચર્સ ટ્રેઇનિંગ કૉલેજ, ટ્રસ્ટ

ચર્ચાવિચારણાના અંતે સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું કે ઉપરોક્ત કૉલેજની આવેલ અરજી મંજૂરી માટે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનને મોકલી આપવી.

૮. વિવેકાનંદ એજ્યુકેશન ફાઉન્ડેશન સંચાલિત :

(૧) વિવેકાનંદ કૉલેજ ઑફ આર્ટ્સ	વિવેકાનંદ આર્ટ્સ કૉલેજ ટ્રસ્ટ
(૨) વિવેકાનંદ કૉલેજ ઑફ કૉમર્સ	વિવેકાનંદ કૉમર્સ કૉલેજ ટ્રસ્ટ
(૩) વિવેકાનંદ કૉલેજ ઑફ કૉમર્સ એન્ડ લૉ	વિવેકાનંદ કૉમર્સ એન્ડ લૉ કૉલેજ ટ્રસ્ટ
(૪) વિવેકાનંદ કૉલેજ ઑફ એજ્યુકેશન	વિવેકાનંદ એજ્યુકેશન ટ્રસ્ટ
(૫) વિવેકાનંદ કૉલેજ ઑફ એજ્યુકેશન એન્ડ લૉ, મહેસાણા	વિવેકાનંદ એજ્યુકેશન એન્ડ લૉ કૉલેજ ટ્રસ્ટ

ચર્ચાવિચારણાના અંતે સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું કે ઉપરોક્ત કૉલેજો તરફથી આવેલ અરજીઓ મંજૂરી માટે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનને મોકલી આપવી.

ત્યાદ બાદ હાજર રહેલા તમામ સભ્યોનો પ્રમુખશ્રીએ આભાર માન્યો હતો અને સભાનું કામકાજ પૂરું થયું હતું.

ડા. હ. પટેલ
કુલસચિવ વતી.

પરિશિષ્ટ "ગ"
કામકાજ ક્રમાંક ૩૮

બાંધકામ સમિતિની એક સભા તા. ૧૧–૩–૧૯૭૪ના રોજ બપોરના ૩–૦૦ વાગે મળી હતી, જેમાં નીચેના સભ્યો હાજર હતા :

૧. કુલપતિશ્રી	હાજર
૨. શ્રી. ગિરીશચંદ્ર એસ. દેસાઈ	હાજર
૩. શ્રી. ડી. એન. પાઠક	હાજર
૪. શ્રી. નવનીતલાલ સાકરલાલ	ગેરહાજર
૫. શ્રી. એમ. સી. શાહ	ગેરહાજર
૬. શ્રી એલ. જે. ચૌહાણ	હાજર

૧. બાંધકામ સમિતિની તા. ૪–૧–૧૯૭૪ની સભાની કાર્યવાહી મંજૂર કરવા બાબત.

બાંધકામ સમિતિની તા. ૪–૧–૧૯૭૪ની સભાની કાર્યવાહી મંજૂર કરવામાં આવી અને તે પર કુલપતિશ્રીએ સહી કરી.

૨. યુનિવર્સિટી કેમ્પસમાં બાંધવામાં આવનાર કોમ્પ્યુટર સેન્ટરના રિવાઈઝ્ડ પ્લાન તથા એસ્ટિમેટ પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સ્થપતિ શ્રી. હસમુખ સી. પટેલે તૈયાર કરેલ કોમ્પ્યુટર સેન્ટરનો પ્લાન તથા રૂ. ૪૧,૦૦૦નો અંદાજી ખર્ચ મંજૂર કરવા એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૩. યુનિવર્સિટી કેમ્પસમાં બાંધવામાં આવનાર બૉયઝ હૉસ્ટેલ તથા લેડીઝ હૉસ્ટેલના બાંધકામના કૉન્ટ્રાકટર મે. મેના એસોસિયેટ્સ તરફથી માલસામાન સામે એડવાન્સની માગણી કરતા પત્ર નં. ૧૫૨–એમએ.–૭૪, તા. ૧૬–૧–૧૯૭૪ પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી કેમ્પસમાં બાંધવામાં આવનાર બૉયઝ હૉસ્ટેલ તથા લેડીઝ હૉસ્ટેલના બાંધકામ માટે ઈંટો તથા કપચી ગ્રીટનો માલ સાઇટ પર આવ્યેથી તે પેટે એડવાન્સની રકમ માલની કિંમતના ૭૫ ટકાનું પેમેન્ટ કૉન્ટ્રાકટરને આપવા માટે એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૪. મનોવિજ્ઞાન ભવનના મકાનમાં ગ્રિલ કરી આપવા માટે અધ્યક્ષશ્રી તરફથી આવેલ તા. ૧૦–૧૨–૧૯૭૩ તથા તા. ૪–૧–૧૯૭૪ના પત્ર પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે મનોવિજ્ઞાન ભવનના મકાનમાં બારીની ગ્રિલ તૈયાર કરવા તથા પેસેજમાં લોખંડના ઝાંપા ઉપર જાળી કરી બંધ કરવા માટે અંદાજી ખર્ચ સાથે આ બાબત સભાગૃહ સમક્ષ રજૂ કરવી.

૫. યુનિવર્સિટી કેમ્પસમાં બાંધવામાં આવનાર ટ્રસ્ટ ભવનના બાંધકામ માટે આવેલાં ટેન્ડરો પરત્વે વિચારણા કરવા બાબત.

(અ) આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી ટ્રસ્ટ ભવનમાં બાંધકામ માટે આવેલાં ચાર ટેન્ડરોમાંથી સૌથી ઓછા ભાવ ટાંકનાર પેઢી મે. કનડા એન્જિનિયરિંગ કંપનીનું રૂ. ૪,૯૫,૭૦૯નું ટેન્ડર સદરહુ ટેન્ડરની શરતો મુજબ મંજૂર કરવા એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

(બ) આથી ઠરાવવામાં આવે છે કે હવે પછી ટેન્ડરો આવ્યેથી તેની પ્રત્યેક આઇટમ પ્રમાણે કમ્પેરેટિવ સ્ટેટમેન્ટ બિલ્ડિંગ કમિટી સમક્ષ મૂકવાનું રાખવું.

(ક) આથી ઠરાવવામાં આવે છે કે આ કોન્ટ્રાકટરને ભાવતાલ ઇત્યાદિ અંગે રૂબરૂ બોલાવીને ઘટતું કરવાની કુલપતિશ્રીને સત્તા આપવા એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૬. યુનિવર્સિટી લાઇબ્રેરીના મકાન પાસેનું સાઇકલ સ્ટેન્ડ વધારવાના કામ માટે આવેલાં ટેન્ડરો પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી લાઇબ્રેરીના મકાન પાસેનું સાઇકલ શેડ વધારવાના કામ માટે આવેલ મે. સર્વોદય કન્સ્ટ્રકશન કંપનીનું રૂ. ૧૩,૦૨૬-૬૬નું ટેન્ડર, સૌથી નીચા ભાવ ટાંકનાર ટેન્ડરની મર્યાદામાં રહે તે રીતે મંજૂર કરવા એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

(સૌથી નીચું ટેન્ડર મે. એસ. આર. કન્સ્ટ્રકશનનું હતું, પરંતુ તે મુદત બહાર આવેલ હતું.)

૭. યુનિવર્સિટી કાર્યાલયના મકાનમાં બારીના કાચની પેનલો તૂટી ગઈ છે તે કાચના સ્થાને પાટિયાં ઇત્યાદિ ફિટ કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીના મકાનમાં કાચની બારીઓમાં ૬" જાડાઈની સાગી લાકડાની પેનલો ફીટ કરવાનું રાખવું અને તે માટે ટેન્ડરો મંગાવી ને આગામી સભાગૃહ સમક્ષ રજૂ કરવાં.

૮. યુનિવર્સિટી ના મુખ્ય મકાનને બંધ કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીની બંને વિંગમાં તથા વિંગના વચ્ચેના પેસેજમાં, સેનેટ હોલ ફોયરના અંદરના ભાગમાં તથા ઉપર પહેલે માળ બંને વીંગમાં લોખંડની કોલેપ્સિબલ ગેઇટસ મૂકવા એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી. આઠ ફીટ સુધી ઊંચાઈના ઝાંપાની ઉપર સેનેટ હોલમાં મારબલ ઓલ છે તે પ્રકારની લોખંડની ફિકસ્ડ જાળી રાખવી. વરંડાને ચાર ગાળા છે તે બંને જગા તે જ પ્રકારની લોખંડની જાળીથી ફીટ કરવાનું રાખવું.

૯. યુનિવર્સિટીના વિદ્યાર્થીઓના છાત્રાલયના બાંધકામના કોન્ટ્રાકટરે બાકી રહેલ કામ તથા ખામીઓ હજુ સુધી સુધારી આપેલ નથી તો તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આ કામ અંગે સુપરિન્ટેન્ડિંગ એન્જિનિયર શ્રી. ચૌહાણનાં સલાહ-સૂચનો મેળવી યોગ્ય કરવાની સત્તા કુલપતિશ્રીને આપવા એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૧૦. યુનિવર્સિટીના રીડર્સ ક્વાર્ટર્સના વરંડા બંધ કરવા અંગે સ્થપતિ તરફથી આવેલા પ્લાન તથા પત્ર અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સ્થપતિની સલાહ અનુસાર વરંડા બંધ કરવાની માગણી સ્વીકારી શકાય તેમ નથી.

૧૧. યુનિવર્સિટીના વિજ્ઞાનભવન તથા હૉસ્ટેલ વગેરે માટે ડ્રેનેજના કામમાં નીચેની આઈટમના જથ્થામાં વધારો થાય છે: પરંતુ કુલ ખર્ચમાં વધારો થતો નથી. આથી આ અંગે વિચારણા કરવા કરવા બાબત :

નં.	આઈટમ	ટેન્ડર પ્રમાણે જથ્થો	થયેલ કામ પ્રમાણે જથ્થો
૧.	ખોદાણ	૩૦,૦૦૦ ઘનફૂટ	૪૬,૦૦૦ ઘનફૂટ
૨.	પૂરાણ	૩૦,૦૦૦ ઘનફૂટ	૪૬,૦૦૦ ઘનફૂટ
૩.	૬'' આર. સી.સી. પાઇપ	૨૪૦ ફૂટ	૧૬૦૦ ફૂટ

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી કેમ્પસમાં ડ્રેનેજના કામમાં નીચેની આઈટમના જથ્થામાં વધારો થાય છે તે મંજૂર કરવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

નં.	આઈટમ	થયેલ કામ પ્રમાણે જથ્થો
૧.	ખોદાણ	૪૬,૦૦૦ ઘનફૂટ
૨.	પૂરાણ	૪૬,૦૦૦ ઘનફૂટ
૩.	૬'' આર.સી.સી. પાઇપ	૧,૬૦૦ ફૂટ

ત્યાર પછી સભાનું કામકાજ પૂરું થયું હતું.

પી. ડી. મિસ્ત્રી
કુલસચિવ વતી.

પરિશિષ્ટ "ઘ"

કામકાજ ક્રમાંક ૪૦

યુનિવર્સિટી પ્રેસમાં પ્રેસ-મૅનેજરની એક જગ્યા માટે એકિઝકયુટિવ કાઉન્સિલે નીમેલી વરણી-સમિતિની એક સભા તા. ૧૫-૩-૧૯૭૪ના રોજ ૩-૩૦ કલાકે ઉમેદવારોની મુલાકાત લેવા માટે મળી હતી. પ્રમુખસ્થાન કુલપતિ શ્રી. ઈશ્વરભાઈ જે. પટેલે લીધું હતું. સભામાં હાજરી નીચે મુજબ હતી :

૧. શ્રી. ઈશ્વરભાઈ જે. પટેલ. કુલપતિ	હાજર
૨. પ્રો. ડી. એન. પાઠક	હાજર
૩. ડૉ. એમ. એન. દેસાઈ	હાજર
૪. શ્રી. પ્રફુલ્લભાઈ સી. શાહ	હાજર
૫. આચાર્ય દર્શનસિંઘ શીખ	હાજર
૬. શ્રી. જિતેન્દ્ર દેસાઈ	હાજર
૭. શ્રી. મચ્છુભાઈ રાવત	હાજર.

પ્રેસ-મૅનેજરની જગ્યા માટે નીચેના ઉમેદવારોને મુલાકાતે બોલાવવામાં આવ્યા હતા :

૧. શ્રી. આર. જી. આચાર્ય	હાજર
૨. શ્રી. ડી. જે. ચૌહાણ	ગેરહાજર
૩. શ્રી. આર. એમ. કડિયા	ગેરહાજર
૪. શ્રી. કે. કે. ગોમલ	હાજર
૫. શ્રી. જે. એમ. પુરોહિત	હાજર
૬ શ્રી. ડી. એચ. શુકલ	હાજર
૭. શ્રી. આર. આર. પટેલ	હાજર
૮. શ્રી. એન. કે. શાહ	ગેરહાજર
૯. શ્રી. એમ. બી. પટેલ	હાજર.

હાજર રહેલા ઉમેદવારોની મુલાકાત લીધા પછી સમિતિએ નીચે પ્રમાણે ઠરાવ્યું :

શ્રી. જે. એમ. પુરોહિતને રૂ. ૬૮૦ ૪૦-૧,૨૦૦ના પગારધોરણમાં શરૂઆતના મૂળ માસિક પગાર રૂ. ૬૪૦ થી એક વર્ષના અજમાયશી ધોરણે નીમવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

વધુમાં ભલામણ કરવામાં આવે છે કે પ્રેસના કામ અંગે અવારનવાર શહેરમાં તથા બીજી જગ્યાએ જવાનું થાય છે તે જોતાં નવજીવન પ્રેસના પ્રેસ-મૅનેજરને સ્કૂટર એલાવન્સ આપવામાં આવે છે તેમ શ્રી. પુરોહિતને માસિક રૂ. ૭૫નું સ્કૂટર એલાવન્સ આપવું.

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

બી. એમ. પટેલ
કુલસચિવ વતી.

ગુજરાત યુનિવર્સિટી પ્રેસ, નવરંગપુરા, અમદાવાદ-૩૮૦૦૦૯

આનગી

ગુજરાત યુનિવર્સિટી

ગુજરાત યુનિવર્સિટીની એક્ઝિક્યુટિવ કાઉન્સિલની એપ્રિલ માસની સભા, શનિવાર, તા. ૨૭-૪-૧૯૭૪ના રોજ સવારના ૯-૦૦ વાગ્યે ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. પ્રમુખસ્થાન કુલપતિ શ્રી ઈશ્વરભાઈ જેઠાભાઈ પટેલે સંભાળ્યું હતું. સભામાં હાજરી નીચે પ્રમાણે હતી :

ક્રમાંક	સભ્યનું નામ	તા. ૨૪-૮-૧૯૭૪
૧.	શ્રી. ઈશ્વરભાઈ જેઠાભાઈ પટેલ, કુલપતિ	હાજર
૨.	શ્રી. શિક્ષણ સંચાલક, ગુજરાત રાજ્ય	ગેરહાજર
૩.	આચાર્ય માધવપ્રસાદ એસ. પંડિત	હાજર
૪.	શ્રી. પ્રફુલ્લચન્દ્ર ચંદુલાલ શાહ	હાજર
૫.	શ્રી. મનીષી ડાકોરલાલ જાની	હાજર
૬.	ડૉ. જ્યોતીન્દ્ર લક્ષ્મીશંકર ભટ્ટ	હાજર
૭.	પ્રો. અનંતરાય મણિશંકર રાવળ	હાજર
૮.	ડૉ. વિનોદકાન્ત ચૂનીલાલ શાહ	હાજર
૯.	આચાર્ય દર્શનસિંઘ મુસ્તાકસિંઘ શીખ	હાજર
૧૦.	ડૉ. ધીરુભાઈ પ્રેમશંકર ઠાકર	હાજર
૧૧.	ડૉ. હર્ષદભાઈ મોતીભાઈ દેસાઈ	હાજર
૧૨.	ડૉ. મહેન્દ્ર નાનુભાઈ દેસાઈ	ગેરહાજર
૧૩.	શ્રી. મનુભાઈ દેવશંકર પંચોલી	હાજર
૧૪.	શ્રી. ગુલાબભાઈ રતનજી દેસાઈ	હાજર
૧૫.	ડૉ. જશવંતલાલ નાનાલાલ પટેલ	હાજર
૧૬.	આચાર્ય યશવંતભાઈ પ્રા. શુકલ	હાજર
૧૭.	પ્રો. દેવવ્રત નાનુભાઈ પાઠક	હાજર
૧૮.	ડૉ. બિહારીલાલ કનૈયાલાલ	હાજર
૧૯.	શ્રી. મણિભાઈ ગોરધનભાઈ પ્રભભટ્ટ	હાજર
૨૦.	આચાર્ય મહેન્દ્રલાલ ચંદુલાલ શાહ	હાજર.

૧. તા. ૧૬-૩-૧૯૭૪ના રોજ મળેલ એકિઝકયુટિવ કાઉન્સિલની નોંધને મંજૂર કરવા બાબત.

તા. ૧૬-૩-૧૯૭૪ના રોજ મળેલ એકિઝકયુટિવ કાઉન્સિલની સભાની નોંધ નીચેના સુધારા સાથે મંજૂર કરવામાં આવી તથા તે પર કુલપતિશ્રીએ સહી કરી :

(ક) બાબત નં. ૨૩ (પાના નં. ૮) પરના ઠરાવમાં શરત નં. (૩)માં 'મૂળ પગારના દસ ટકા જેટલું ભથ્થું' એ શબ્દોને બદલે 'મૂળ પગારના ૧૨% જેટલું ભથ્થું' એ શબ્દો મૂકવા.

(ખ) બાબત નં. ૧૫૫ (પાના નં. ૨૦) પરના ઠરાવમાં 'સદરહુ જગ્યાઓ રદ કરવી' એ શબ્દોને બદલે 'સદરહુ જગ્યાઓ ખાલી પડતાં ક્રમશઃ રદ કરવી' એ શબ્દો મૂકવા.

૨. કુલપતિશ્રીએ મંજૂર કરેલાં નીચેનાં કાર્યોની નોંધ લેવા બાબત :

(૧) પ્રી-યુનિ.ના વર્ગો માટે અંગ્રેજી ગદ્યપદ્યસંગ્રહ તૈયાર કરવાની કમિટી પર નીચે જણાવેલ ચાર સભ્યોને કો-ઑપ્ટ કર્યાના :

૧. શ્રી. ડી. એન. મહેતા

૨. શ્રી. પી. કે. ડાકર

૩. શ્રી. એચ. બી. દેસાઈ

૪. શ્રી. એસ. ડી. દેસાઈ;

(૨) ફાઈનાન્સ સમિતિની તા. ૨૫-૩-૧૯૭૪ની સભાની નીચેની ભલામણ એકિઝકયુટિવ કાઉન્સિલની મંજૂરીની અપેક્ષાએ મંજૂર કર્યાના :

ભલામણ :

યુનિવર્સિટી કાર્યાલય માટે ડુપ્લિકેટિંગ પેપર, સ્ટેન્સિલ પેપર તથા ડુપ્લિકેટિંગ શાહી ખરીદવા અંગે મંગાવેલ ટેન્ડરોનો નિકાલ કરવા બાબત.

"આથી એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે યુનિવર્સિટી કાર્યાલય માટે નીચે મુજબ વસ્તુઓ ટેન્ડરમાં જણાવેલ શરતોએ ખરીદવી :

	વસ્તુનું નામ	જથ્થો	ભાવ રૂ. પૈ.	વેપારીનું નામ	નોંધ
૧.	ડુપ્લિકેટિંગ પેપર ફુલસ્કેપ સાઈઝ ૨૧½ × ૩૪½ ૨.૫ કે. જી. ગોપાલ	૩૮૦૦ (ત્રણ હજાર રીમ	૧૨-૬૫	એન. દેસાઈ એન્ડ કું.	સૌથી ઓછા ભાવ હોવાથી
૨.	ડુપ્લિકેટિંગ પેપર ફ્રોક સાઈઝ પેટી અથવા તીનુએકા	૧૦૦ રીમ (એકસો રીમ)	૩૩-૦૦	ચંદ્રજ્યોત ટ્રેડર્સ	કાગળો સારી જાતના હોવાથી

			રૂ. પૈ.		
૩.	સ્ટેન્સિલ પેપર ફૂલસ્કેપ સાઇઝ બે કવાયર બોક્ષ પેકિંગમાં	૩૫૦ કવાયર	૩૦-૨૪	જેસ્ટેટનર ડુપ્લિકેટર્સ પ્રા. લિ.	ડુપ્લિકેટિંગ મશીનની તેઓ સર્વિસ આપતા હોવાથી
૪.	સ્ટેન્સિલ પેપર ફૂલસ્કેપ સાઇઝ બે કવાયર પેકિંગ	૩૫૦ કવાયર	૧૪-૮૦	કોરસ ઇન્ડિયા લિ.	કોરસ બનાવટમાં સૌથી ઓછા ભાવ હોવાથી
૫.	ડુપ્લિકેટિંગ ઇન્ક ટ્યૂબ	300 નં. ૪૪	૧૬-૨૦	જેસ્ટેટનર ડુપ્લિકેટર્સ પ્રા. લિ.	ડુપ્લિકેટિંગ મશીનની સર્વિસ તેઓ આપતા હોવાથી
૬.	,,	૧૦૦ નં. ૪૪૩	૧૯-૨૪	,,	,,
૭.	,,	૪૦૦ કોરસ નં. ૭૫૧	૯-૦૦	કોરસ ઇન્ડિયા લિ.	કોરસ બનાવટમાં ભાવ સૌથી ઓછા હોવાથી;

(૩) સમાજવિદ્યા ભવનના લેક્ચરર શ્રી. વી. કે. ચાવડાને યુનિવર્સિટી ટીચર્સ હૉસ્ટેલમાં બે ગણું ઇકોનોમિક રેન્ટ લઈને બે રહેઠાણ ઍનાયત કરવા અંગે મંજૂરી આપ્યાના;

(૪) ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયના મદદનીશ કુલસચિવ શ્રી. ડી. એચ. પટેલની નિવૃત્તિવયમાં વધારો કરવા અંગે એક્ઝિક્યુટિવ કાઉન્સિલે તેઓની તબીબી તપાસ કરવા માટે ડૉ. નરેન્દ્ર દેસાઈની નિમણૂક કરી છે. પણ હાલના અસામાન્ય સંજોગોમાં તેઓની તબીબી તપાસનો દાક્તરી રિપોર્ટ હજુ આવ્યો નહિ હોવાથી વચગાળાના સમયમાં તેમની સેવાઓ તા. ૫-૩-૧૯૭૪થી તા. ૭-૩-૧૯૭૪ સુધી લંબાવી આપ્યાના;

(૫) વર્તમાન પરિસ્થિતિના સંદર્ભમાં જે પરીક્ષાઓ યુનિવર્સિટી તરફથી લેવાનાર નથી તે પરીક્ષાઓ માટે નિમાયેલ પ્રાશ્નિક-પરીક્ષકને જે નિમણૂકપત્ર અગાઉ મોકલવામાં આવેલા તેવા પ્રાશ્નિક-પરીક્ષકોની નિમણૂક રદ કર્યાના.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીનાં ઉપરનાં કાર્યોની નોંધ લેવી.

૩. યુનિવર્સિટી વિસ્તારમાં રૂ. ૭૫,૦૦૦ના અંદાજી ખર્ચે "સર્વિસ સેન્ટર" બાંધવા માટે અગાઉ મંજૂરી આપેલ હતી, પરંતુ પાછળથી પ્લિન્થ લેવલનાં ઉપરનાં મકાનો બાંધવા ના પાડવાથી તેમ જ યુનિવર્સિટી આ અંગે આર્થિક સહાયનો હપતો તા. ૩૧-૩-૧૯૭૪ પહેલાં નહીં માગે તે શરતે મંજૂરી માટે લખતાં યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનને તેમના

તા. ૧૫-૩-૧૯૭૪ના પત્રાંક એફ. ૪-૨/-૭૨ એસએઆઈથી ખાસ કેસ તરીકે ખર્ચના ૫૦ ટકા ધોરણે રૂ. ૩૭;૫૦૦ સુધીની આર્થિક સહાય આપવા મંજૂરી આપ્યાની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની સાભાર નોંધ લેવી.

૪. યુનિવર્સિટી કાર્યાલયના જુ. ક્લાર્ક શ્રી. એસ. બી. ચિત્રે અને શ્રી. જે. એસ. પંડયાને રૂ. ૧૫૩-૫-૧૮૩-૧૦-૨૪૩ ઈ.બી. ૧૫-૪૦૮-૧૯-૪૬૫ના પગારધોરણમાં રૂ. ૨૪૩ પછીનો કાર્યક્ષમતા અંતરાય (Efficiency Bar) ઓળંગવા અંગેની પરવાનગી આપવા અંગે વિચારણા કરવા બાબત.

સદરહુ સભ્યોની કામગીરી અંગેના ખાનગી અહેવાલો સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યા.

તે પછી ઠરાવવામાં આવ્યું કે જુનિયર ક્લાર્ક શ્રી. એસ. બી. ચિત્રે અને જુનિયર ક્લાર્ક શ્રી. જે. એસ. પંડયાને રૂ. ૧૫૩-૫-૧૮૩-૧૦-૨૪૩-ઈ.બી.-૧૫-૪૦૮-૧૯-૪૬૫ના પગારધોરણમાં રૂ. ૨૪૩ પછીનો કાર્યક્ષમતા અંતરાય ઓળંગવા માટે મંજૂરી આપવી.

૫. યુનિવર્સિટી કાર્યાલયના જુ. ક્લાર્ક શ્રી. ડી. જે. શાહને રૂ. ૧૫૩-૫-૧૮૩-૧૦ ૨૪૩ ઈ.બી. ૧૫-૪૦૮-૧૯-૪૬૫ના પગારધોરણમાં તા. ૧-૪-૧૯૭૪થી રૂ. ૨૪૩ પછીનો કાર્યક્ષમતા અંતરાય (Efficiency Bar) ઓળંગવાની પરવાનગી આપવા અંગે વિચારણા કરવા બાબત.

જુનિયર ક્લાર્ક શ્રી. ડી. જે. શાહની કામગીરી અંગેનો ખાનગી અહેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો.

તે પછી ઠરાવવામાં આવ્યું કે જુનિયર ક્લાર્ક શ્રી. ડી. જે. શાહને રૂ. ૧૫૩-૫-૧૮૩-૧૦-૨૪૩ ઈ.બી. ૧૫-૪૦૮-૧૯-૪૬૫ના પગારધોરણમાં રૂ. ૨૪૩ પછીનો કાર્યક્ષમતા અંતરાય ઓળંગવા માટે મંજૂરી આપવી.

૬. યુનિવર્સિટી કાર્યાલયમાં કામ કરતા નીચેના કર્મચારીઓનો તેમનાં નામ સામે બતાવેલ તારીખે અજમાયશી સમય પૂરો થતો હોઈ તેમનાં નામ સામે બતાવેલ તારીખથી કાયમ કરવા અંગે વિચારણા કરવા બાબત.

ક્રમાંક	નામ	હોદ્દો	અજમાયશી સમય પૂરો થયા તારીખ	કાયમ કરવાની તારીખ
૧	૨	૩	૪	૫
૧.	શ્રી. વી. બી. શાહ	હેડક્લાર્ક	૧-૬-૧૯૭૪	૨-૬-૧૯૭૪
૨.	શ્રી. એમ. બી. દવે	,,	,,	,,
૩.	શ્રી એસ. ડી. ભટ્ટ	,,	,,	,,
૪.	શ્રી. આર. કે. યાજ્ઞિક	,,	,,	,,
૫.	શ્રી. એ. એન. દેસાઈ	,,	,,	,,
૬.	શ્રી. જે. જી. શિંગાડે	,,	,,	,,

૧	૨	૩	૪	૫
૭.	કુ. આઈ. બી. પટેલ	હેડકલાર્ક	૧-૬-'૭૪	૨-૬-'૭૪
૮.	શ્રી. બી. વી. મહેતા	,,	,,	,,
૯.	શ્રી. એન. આર. જોશી	,,	,,	,,
૧૦.	કુ. પુષ્પા પી. શાહ	સી. કલાર્ક	,,	,,
૧૧.	શ્રીમતી વી. ડી. વશી	,,	,,	,,
૧૨.	શ્રી. પી. ટી. પટેલ	,,	,,	,,
૧૩.	શ્રી. બી. એલ. જાડાવાલા	,,	,,	,,
૧૪.	શ્રી. કે. એન. પરમાર	,,	,,	,,
૧૫.	શ્રી. બી. એમ. ગજ્જર	,,	,,	,,
૧૬.	શ્રી. જે. એચ. શાહ	,,	,,	,,
૧૭.	શ્રી. આઈ. વી. ત્રિવેદી	,,	,,	,,
૧૮.	શ્રી. એસ. એમ. પટેલ	,,	,,	,,
૧૯.	શ્રી. એચ. પી. પટેલ	,,	,,	,,
૨૦.	શ્રી. કે. એસ. પટેલ	,,	,,	,,
૨૧.	શ્રી. ટી. આર. કડિયા	જમાદાર	,,	,,
૨૨.	શ્રી. કે. એમ. નાઈ	હવાલદાર	,,	,,
૨૩.	શ્રી. પી. કે. કડિયા	,,	,,	,,
૨૪.	શ્રી. જી. એન. આંબળા	,,	,,	,,
૨૫.	શ્રી. એન. એલ. વાઘેલા	નાયક	,,	,,
૨૬.	શ્રી. પી. ડી. ખત્રી	,,	,,	,,
૨૭.	શ્રી. કે. બી. પટેલ	,,	,,	,,
૨૮.	શ્રી. જે. આર. ચાવડા	,,	,,	,,
૨૯.	શ્રી. જી. એમ. પરમાર	પ્યુન-કમ-એટેન્ડન્ટ	૧-૬-૧૯૭૪	૨-૬-૧૯૭૪
૩૦.	શ્રી. એમ. ડી. ચૌધરી	,,	,,	,,
૩૧.	શ્રી. બી. એન. કડિયા	,,	,,	,,
૩૨.	શ્રી. એન. ડી. ગરાસિયા	,,	૯-૪-૧૯૭૪	૧૦-૪-૧૯૭૪
૩૩.	શ્રી. પી. બી. ચૌહાણ	,, (ગ્રંથાલય)	૧-૬-૧૯૭૪	૨-૬-૧૯૭૪
૩૪.	શ્રી. એમ. આર. જાદવ	,,	૩-૬-૧૯૭૪	૪-૬-૧૯૭૪

ઉપરના કર્મચારીઓ પૈકી સર્વશ્રી એ. એન. દેસાઈ, જે. જી. શીંગાડે, કુ. પુષ્પા પી. શાહ અને કે. એન. પરમાર સિવાયના અન્ય કર્મચારીઓની કામગીરી અંગેના બાનગી અહેવાલો સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યા.

તે પછી ઠરાવવામાં આવ્યું કે સદરહુ ચાર સભ્યોને કાયમ કરવા અંગેની બાબત પરની વિચારણા મોકૂફ રાખવી તથા અન્ય ત્રીસ સભ્યોને તેમનાં નામ સામે જણાવેલ તારીખથી કાયમ કરવા.

૭. મનોવિજ્ઞાન વિદ્યાભવનમાં શિક્ષણશાસ્ત્રના વ્યાખ્યાતા તરીકે કામ કરતા ડૉ. પી. એ. ત્રિવેદી તા. ૧૫-૩-૧૯૭૪થી રાજીનામું આપી છૂટા થયા હોઈ તેઓના ખાતે જમા નીકળતી પ્રોવિડન્ટ ફંડની રકમ પરત આપવા અંગેની તેઓની તારીખ ૨૨-૩-૧૯૭૪ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધ.—ડૉ. પી. એ. ત્રિવેદી તા. ૧૦-૧૧-૧૯૭૨ના રોજ ભવનમાં જોડાયા હતા અને તા. ૧૫-૩-૧૯૭૪ના રોજ રાજીનામું આપી છૂટા થયા છે.)

આથી ઠરાવવામાં આવે છે કે મનોવિજ્ઞાન વિદ્યાભવનમાં શિક્ષણશાસ્ત્રના વ્યાખ્યાતા ડૉ. પી. એ. ત્રિવેદીને તેમના ખાતે નીકળતી પ્રોવિડંટ ફંડની રકમ યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ પરત કરવી.

૮. સમાજવિદ્યા ભવનમાં કામ કરતા નીચેના શિક્ષકોનો તેમનાં નામ સામે બતાવેલ તારીખથી બે વર્ષનો અજમાયશી સમય પૂરો થતો હોઈ તેમનાં નામ સામે બતાવેલ તારીખથી કાયમ કરવા અંગે વિચારણા કરવા બાબત.

ક્રમાંક	શિક્ષકનું નામ	હોદ્દો	બે વર્ષનો અજમાયશી સમય પૂરો થયાની તારીખ	કાયમ કરવાની તારીખ
૧.	ડૉ. પી. એમ. મજમુદાર	પ્રોફેસર	૧૪-૬-૧૯૭૪	૧૫-૬-૧૯૭૪
૨.	શ્રી. જે. આઈ. લાલીવાલા	રીડર	,,	,,
૩.	શ્રી. ડી. એમ. શુકલ	લેક્ચરર	,,	,,
૪.	શ્રી. જે. આઈ. વ્યાસ	,,	,,	,,
૫.	શ્રી. સી. એચ. ઠાકર	,,	,,	,,

સદરહુ સભ્યોની કામગીરી અંગેના ખાનગી અહેવાલો સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યા.

તે પછી ઠરાવવામાં આવ્યું કે ઉપરના પાંચેય સભ્યોને તેમનાં નામ સામે જણાવેલ જગ્યા પર તા. ૧૫-૬-૧૯૭૪ થી કાયમ કરવા.

૯. યુનિવર્સિટીના ભાષા-સાહિત્ય ભવનમાં પટાવાળા તરીકે કામ કરતા શ્રી. જી. સી. વાઘેલાને સ્ટે. ૧૮૮(૨) હેઠળ મકાન બાંધવા માટે તેમના પ્રો. ફંડ ખાતામાંથી તેમના ખાતે નીકળતી રકમની લોન આપવા અંગેની તેઓની તા. ૨૫-૩-૧૯૭૪ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધ.—તેઓના પ્રો. ફંડ ખાતે તા. ૩૧ ૩-૧૯૭૩ના રોજ રૂ. ૧,૭૯૧-૨૪ જમા છે અને તેમની પ્રો. ફંડની લોન રૂ. ૧,૦૦૦ તથા તે પર વ્યાજ થાય તે રકમ કાપવાની રહે છે. તેઓ તા. ૪-૪-૧૯૭૪ના રોજ સેવાનાં ૧૨ વર્ષ પૂરાં કરે છે.)

આથી ઠરાવવામાં આવે છે કે ભાષા-સાહિત્ય ભવનના પટાવાળા શ્રી. જી. સી. વાઘેલાને સ્ટે. ૧૮૮ (૨) હેઠળ મકાન બાંધવા માટે તેમના પ્રોવિડંટ ફંડ ખાતામાંથી યુનિવાસટીનાં ધારાધોરણો મુજબ રૂ. ૧,૭૯૧ની લોન મંજૂર કરવી.

૧૦. યુનિવર્સિટીના સમાજવિદ્યા ભવનમાં પટાવાળા તરીકે કામ કરતા સર્વશ્રી સી. કે. વાઘેલા તથા આઈ. એ. વાઘેલાને તેમના મકાન મરામત અંગે સ્ટે. ૧૮૮(૨) પ્રમાણેની તેઓના પ્રો. ફંડ ખાતેથી તેઓનાં નામો સામે બતાવેલ રકમની લોન આપવા અંગેની તેઓની તા. ૧૬-૩-૧૯૭૪ની અરજી પર વિચારણા કરવા બાબત.

ક્રમાંક	નામ	રકમ
૧.	શ્રી. સી. કે. વાઘેલા	રૂ. ૧,૬૦૦ની રકમ મળી શકે.
૨.	શ્રી. આઈ. એ. વાઘેલા	રૂ. ૧,૯૦૦ની રકમ મળી શકે.

[**નોંધ.**—૧. શ્રી. સી. કે. વાઘેલાના તા. ૩૧-૩-૧૯૭૩ સુધીમાં રૂ. ૧,૬૧૦-૫૬ જમા છે તેમાંથી તેઓની રૂ. ૭૨૫ની લોન તથા તે પર વ્યાજ થાય તે કાપવાનાં રહેશે.

૨. શ્રી. આઈ. એ. વાઘેલાના તા. ૩૧-૩-૧૯૭૩ સુધીમાં રૂ. ૧,૯૬૦-૦૫ જમા છે તેમાંથી તેઓને રૂ. ૮૩૦ની લોન તથા તે પર ને વ્યાજ થાય તે કાપવાનાં રહેશે.]

આથી ઠરાવવામાં આવે છે કે ઉપરના બન્ને સભ્યોને સ્ટે. ૧૮૮ (૨) હેઠળ તેમના મકાન મરામત માટે તેમના પ્રોવિડંટ ફંડ ખાતામાંથી યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ ઉપર જણાવ્યા મુજબ લોન મંજૂર કરવી.

૧૧. યુનિવર્સિટી વિજ્ઞાનવિદ્યા ભવનમાં સ્ટોરકીપર તરીકે કામ કરતા શ્રી. પી. કે. મોદી તા. ૨૬-૩-૧૯૭૪ના રોજ કાર્યાલયના સમય બાદ રાજીનામું આપી છૂટા થયા હોઈ તેઓના ખાતે નીકળતી પ્રો. ફંડ તથા સ્ટે. ૧૯૩-એ પ્રમાણેની ગ્રેચ્યુઈટીની રકમ પરત આપવા અંગેની તેઓની તા. ૨-૪-૧૯૭૪ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

[**નોંધ.**—શ્રી. મોદી તા. ૮-૬-૧૯૬૫ના રોજ ભવનમાં જોડાયા હતા અને તા. ૨૬-૩-૧૯૭૪ના રોજ રાજીનામું આપી છૂટા થયા હતા.]

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. પી. કે. મોદીને તેમના ખાતે નીકળતી (૧) પ્રોવિડંટ ફંડની રકમ તથા (૨) ગ્રેચ્યુઈટીની રકમ યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ ચૂકવી આપવી.

૧૨. વિજ્ઞાન વિદ્યાભવનમાં પ્રાણીવિજ્ઞાનના લેક્ચરર ડા. એસ. સી. લખોટિયાનો બે વર્ષનો અજમાયશી સમય તા. ૧૪-૬-૧૯૭૪ના રોજ પૂરો થતો હોઈ તેમને તા. ૧૫-૬-૧૯૭૪થી કાયમ કરવા અંગે વિચારણા કરવા બાબત.

ડૉ. એસ. સી. લખોટિયાની કામગીરી અંગેનો ખાનગી અહેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો.

તે પછી ઠરાવવામાં આવ્યું કે ડૉ. એસ. સી. લખોટિયાને વિજ્ઞાન વિદ્યાભવનમાં પ્રાણીવિજ્ઞાનના લેક્ચરર તરીકે તા. ૧૫-૬-૧૯૭૪થી કાયમ કરવા.

૧૩. "સેન્ટર ફોર મેનેજમેન્ટ એન્ડ પ્રોફેશનલ ટ્રેઇનિંગ"ની સમિતિએ તેની તા. ૨૧-૩-૧૯૭૪ની સભામાં અપનાવેલ નીચેના છમાસિક સત્રના અંદાજપત્રને મંજૂર કરવા બાબત.

Income		*Expenditure*	
Grant from the Gujarat Govt.	2,38,200	Stipend to the students	1,56,000
Stipend 1,56,000		Visiting Faculty and Co-ordinater	58,800
Faculty 58.800		Salary	4,400
Contingency 23,400		Telephone	1,000
Fees from 125 students at the rate of Rs. 200/-	25,000	Postage : Stationery	6,000
		Cyclostyled Material	4,000
		Library	10,000
		Equipment	20,000
		Travelling Transport	1,000
		Contingency Misc.	2,000
	2,63,200		2.63,200

આથી ઠરાવવામાં આવે છે કે સેન્ટર ફોર મેનેજમેન્ટ એન્ડ પ્રોફેશનલ ટ્રેનિંગના પ્રથમ છ-માસિક સત્રના કાર્યક્રમ માટે ૧૯૭૪-૭૫ના વર્ષનું અંદાજપત્ર ઉપર મુજબ મંજૂર કરવું.

૧૪. સને ૧૯૭૩-૭૪ના વર્ષ માટે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને Unassigned Grant માટે રૂ. ૩૦,૦૦૦ની આર્થિક સહાય તા. ૧-૩-૧૯૭૪ના પત્ર ક્રમાંક F-4-2373(CE)-થી મંજૂર કરી છે તેના સંદર્ભમાં નીચે જણાવેલ યોજનાઓ અંગે તેની સામે જણાવેલ અંદાજી ખર્ચની ફાળવણી કરવા તથા ફાળવણી સાથે ખરેખર ખર્ચ થયો હોય તે પ્રમાણે પુનઃફાળવણી કરવા માટે કુલપતિશ્રીને સત્તા આપવા અંગે વિચારણા કરવા બાબત.

સને ૧૯૭૨-૭૩ના વર્ષ માટે કુલ અંદાજી ખર્ચ રૂ. ૩૦,૦૦૦નો સિન્ડિકેટ (હાલ એક્ઝિક્યુટિવ કાઉન્સિલે) તેની તા. ૨૯-૧૮-૧૯૭૨ની સભામાં મંજૂર કર્યા હતા તે સામે યોજનાઓ માટે ખરેખર ખર્ચ નીચે પ્રમાણે થયો હતો તે મંજૂર કરવા અંગે વિચારણા કરવા બાબત :

Scheme	*Estimate for the year 1972–73 approved by the Syndicate* Rs.	*Actual for the year 1972–73 (U.G.C.'s share)* Rs.	*Estimate for the year 1973–74 (U.G.C.'s share)* Rs.	*Rates of U.G.C.'s share*
1	2	3	4	5
1. Travel grant to teachers in Uni. for attending International conferences abroad.	Nil	Nil	Nil	50 %

	1	2	3	4	5
2.	(*a*) Travel grants to teachers/Scholars; Technicians for visiting centres of Research or to attend academic conferences/seminars within India.	9,000	9,000	9,000	100%
2.	(*b*) Travel grant to research scholars in connection with theory work, at other research centre.	4,000	2,977-30	3,000	100%
3.	Exchange of teachers	1,000	350-80	1,000	100%
4.	U.G.C. Unit	15,000	15,000	15,000	100%
5.	Extension work by University teachers.	1,000	2,671-90	2,000	100%
6.	Computer assistance buying the time of computer.	Nil	Nil	Nil	100%
7.	Preparation and development of teaching materials and acids.	Nil	Nil	Nil	100%
	Total Rs.	30,000-00	30,000-00	30,000-00	

આથી ઠરાવવામાં આવે છે કે સને ૧૯૭૩-૭૪ના વર્ષ માટે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન તરફથી મળેલ રૂ. ૩૦,૦૦૦ની અનએસાઈન્ડ ગ્રાન્ટ પેટે ખર્ચની ફાળવણી ઉપર મુજબ મંજૂર કરવી, તથા તેમાં ખરેખર ખર્ચ થયો હોય તે મુજબ પુનઃ ફાળવણી કરવા કુલપતિશ્રીને સત્તા આપવી.

૧૫. ગુજરાત યુનિવર્સિટી વિસ્તાર અધ્યાપક મંડળના મંત્રીશ્રીના તારીખ ૧૪-૪-૧૯૭૪ના પત્ર પરત્વે વિચારણા કરવા બાબત.

સદરહુ પત્ર પર ચર્ચાવિચારણાને અંતે નીચે મુજબ ઠરાવવામાં આવ્યું :

(૧) આથી ઠરાવવામાં આવે છે કે ગુજરાત યુનિવર્સિટીના સુધારેલા ધારાની કલમ ૫૧-એના અર્થઘટન માટે નીચેના કાનૂની મુદ્દાઓના સંદર્ભમાં ગુજરાત રાજ્યના શ્રી એડવોકેટ-જનરલનો અભિપ્રાય મેળવવા તજવીજ કરવી :

(ક) કાયમી જગ્યા ઉપર હંગામી ધોરણે નિમાયેલા શિક્ષક કે બિનશિક્ષક વર્ગના કર્મચારીઓને સદરહુ કલમમાં જણાવેલ પ્રોવિઝો—Provided that nothing in this sub-section shall apply to any person who is appointed for a temporary period only લાગુ પડે કે કેમ અને તેવા કેસમાં કલમ ૫૧-એ ની મુખ્ય (સબસ્ટેન્ટિવ) જોગવાઈમાં જણાવેલ કાર્યવાહી કરવી કૉલેજ કે સંસ્થાને માટે આવશ્યક ગણાય કે કેમ ?

(ખ) કાયમી જગ્યા પર પ્રોબેશન પર નિમાયેલ શિક્ષક કે બિનશિક્ષક વર્ગના કર્મચારીઓને સદરહુ કલમમાં જણાવેલ પ્રોવિઝો—Provided that nothing in this sub-section shall apply to any person who is appointed for a temporary period only—લાગુ પડે કે કેમ અને તેવા કેસમાં કલમ ૫૧-એ ની મુખ્ય (સબસ્ટેન્ટિવ) જોગવાઈમાં જણાવેલ કાર્યવાહી કરવી કૉલેજ કે સંસ્થાને માટે આવશ્યક ગણાય કે કેમ ?

(૨) સંલગ્ન કૉલેજો અને માન્ય સંસ્થાઓને જણાવવું કે ઉપર નં. (૧)માં જણાવેલ અર્થઘટન ઉપલબ્ધ ન થાય ત્યાં સુધી તે ઉપર નં. (૧)માં જણાવેલ કોઈ પણ પ્રકારના શિક્ષક કે બિનશિક્ષક વર્ગના કર્મચારીઓને છૂટા કરવા નહીં અને કોઈ કેસમાં છૂટા કરવા માટેનો નિર્ણય આ પહેલાં લેવામાં આવ્યો હોય તો તે સ્થગિત કરવો.

આ અંગે કુલપતિશ્રીએ નં. ડી.ઓ વી.સી. ૧૧૮/૭૪, તા. ૧૭-૪-૧૯૭૪થી જે પત્ર પાઠવ્યો છે તેની નોંધ લેવામાં આવી.

(૩) શ્રી. સોમાલાલ કસ્તૂરદાસ શાહ અને શ્રીકૃષ્ણ ઓ. એમ. આર્ટ્સ કૉલેજ એન્ડ શ્રી. હીરાલાલ શિવલાલ શાહ કૉલેજ ઑફ કૉમર્સ, મોડાસા અને એન. એમ. લૉ કૉલેજ, મોડાસા તથા શ્રી. આર. કે. પરીખ આર્ટ્સ એન્ડ શ્રી એમ. કે. પટેલ કૉમર્સ કૉલેજ, પેટલાદને સ્પષ્ટ સૂચના આપવી કે તેમની કૉલેજના શિક્ષક વર્ગના કે બિનશિક્ષક વર્ગના કોઈ પણ બિનહંગામી કર્મચારીને છૂટા કરવા તે ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૫૧-એ સાથે સુસંગત નથી, તેથી જે બિનહંગામી કર્મચારી કે કર્મચારીઓને છૂટા કરવા માટે નોટિસ આપવામાં આવી છે તે નોટિસ પાછી ખેંચી લઈને તેમની સેવાઓનું સાતત્ય ચાલુ રહે તે રીતે પાછા તેમની જગ્યા પર લઈને ચાલુ રાખવા,

વડનગરની કૉલેજના અધ્યાપકોનો સવાલ ઊકલી ગયો છે તેની નોંધ લેવામાં આવી.

(૪) સંલગ્ન કૉલેજો અને માન્ય સંસ્થાઓમાંથી શિક્ષક વર્ગના કે બિનશિક્ષક વર્ગના કર્મચારીઓને છૂટા કરવાના પ્રશ્નો જોઈતપાસીને તે અંગે જરૂરી પગલાં લેવાની સત્તા સાથે નીચેના સભ્યોની બનેલી સ્થાયી સમિતિની રચના કરવી :

૧. આચાર્ય ય. પ્રા. શુકલ
૨. ડૉ. બિહારીલાલ કનૈયાલાલ
૩. પ્રો. મનુભાઈ ડી. પંચોલી
૪. પ્રો. કે. એસ. શાસ્ત્રી
૫. શ્રી. ચન્દ્રકાન્ત દરુ.

(૫) સંલગ્ન કૉલેજો અને માન્ય સંસ્થાઓના શિક્ષકોને રાજ્ય સરકાર તેના કર્મચારીઓને જે ધોરણે અને દરે ઘરભાડા ભથ્થું અને સ્થાનિક વળતર ભથ્થું આપે છે તે ધોરણે અને તે દરે (એટલે કે જે તે સ્થળને લાગુ પડે તે મુજબ) તા. ૧-૪-૧૯૭૪થી રાજ્ય સરકાર સંલગ્ન કૉલેજો અને માન્ય સંસ્થાઓને, આ ઠરાવને કારણે જે ખર્ચ વધવા પામે તે ખર્ચ ભરપાઈ કરવાની સંમતિ આપે તે શરતે, મંજૂર કરવું.

(૬) રાજ્ય સરકાર તરફથી ઉપર નં. (૫)માં જણાવેલ આર્થિક સહાય ઉપલબ્ધ થાય તે માટે રાજ્ય સરકાર સમક્ષ રજૂઆત કરવા માટે નીચેના સભ્યોનું બનેલું પ્રતિનિધિમંડળ નીમવું :

૧. કુલપતિશ્રી
૨. આચાર્ય ય. પ્રા. શુકલ
૩. આચાર્ય દર્શનસિંઘ શીખ
૪. આચાર્ય એમ. સી. શાહ
૫. પ્રો. મનુભાઈ પંચોલી
૬. પ્રો. કે. એસ. શાસ્ત્રી
૭. ડૉ. વી. સી. શાહ
૮. શ્રી. મનીષી જની
૯. આચાર્ય પ્રેમશંકર ભટ્ટ.

ઉપર નં. (૫)માં જણાવેલ ઘરભાડા ભથ્થાના દર જે સ્થળે સંલગ્ન કૉલેજોના અને માન્ય સંસ્થાઓના શિક્ષકોને લાગુ પડે નહિ તે સ્થળની સંલગ્ન કૉલેજો અને માન્ય સંસ્થાઓના સંબંધકર્તા શિક્ષકોને હાલના નિયમ મુજબ અપાતું મૂળ માસિક પગારના પાંચ ટકા જેટલું ઘરભાડા ભથ્થું ચાલુ રાખવું.

૧૬. શ્રી લુણાવાડા આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, લુણાવાડાનું સંચાલન "શ્રી લુણાવાડા કેળવણી મંડળ, લુણાવાડા" એ "શ્રી લુણાવાડા વિભાગ વિદ્યોત્તેજક મંડળ, લુણાવાડા"ને સોંપવા માટે યુનિવર્સિટીની મંજૂરી માગેલ તેને અનુલક્ષીને એક્ઝિક્યુટિવ કાઉન્સિલે તેની તા. ૪-૧૨-૧૯૭૧ની સભામાં સંચાલનમાં ફેરફાર અંગે સમગ્ર પાસાંઓની તપાસ કરી અહેવાલ આપવા એક સમિતિની રચના કરેલી હતી. પરંતુ સદરહુ સમિતિનો અહેવાલ હજુ સુધી આવ્યો નથી. દરમ્યાન સદરહુ કૉલેજનું સંચાલન હાલમાં "શ્રી લુણાવાડા વિભાગ વિદ્યોત્તેજક મંડળ, લુણાવાડા" કરે છે તે જોતાં તથા હવે યુનિવર્સિટી

આન્દ્રસ કમિશનની જરૂરિયાત મુજબ કૉલેજ દીઠ અલગ ટ્રસ્ટ રચવાનું હોઈ સંચાલનમાં ફેરફાર થયા અંગેની નોંધ લઈ આ બાબત ઘટતું કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે નીચે જણાવેલા સભ્યોની નવી સમિતિ નીમવી :

૧. આચાર્ય ય. પ્રા. શુકલ
૨. આચાર્ય દર્શનસિંઘ શીખ.

૧૭. યુનિવર્સિટીના નીચેના કર્મચારીઓએ અંશતઃ મોંઘવારી ભથ્થું મેળવેલ પગાર-ધોરણ અગાઉ તા. ૨-૪-૧૯૭૧થી સ્વીકારેલ, પરંતુ હવે તે પગારધોરણ તેઓનાં નામો સામે જણાવેલ તારીખોથી સ્વીકારવા દેવા અંગેની તેઓની વિનંતી ઉપર વિચારણા કરવા બાબત :

ક્રમાંક	નામ	હોદ્દો	પગારધોરણ સ્વીકારવાની તેઓએ સૂચવેલી તારીખ
૧.	શ્રી. જે. કે. પટેલ	પટાવાળા	૨૦-૪-૧૯૭૩
૨.	શ્રી. કે. આર. પ્રજાપતિ	,,	૨૨-૪-૧૯૭૩
૩.	શ્રી. એન. કે. પરમાર	,,	૨૫-૪-૧૯૭૩
૪.	શ્રી. રામજીભાઈ નાડિયા	,,	૨૩-૪-૧૯૭૩
૫.	શ્રી. રામજીભાઈ પારધી	,,	૨૦-૭-૧૯૭૩

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સભ્યોને તેમનાં નામ સામે જણાવેલ તારીખથી અંશતઃ મોંઘવારી ભથ્થું મેળવેલું પગારધોરણ સ્વીકારવા મંજૂરી આપવી.

૧૮. વિજ્ઞાન વિદ્યાભવનના રસાયણવિજ્ઞાનના રીડર ડૉ. એમ. એન. દેસાઈ હાલ વિઝિટિંગ પ્રોફેસર તરીકે તા. ૧૬-૩-૧૯૭૪થી જાપાન ગયા હોઈ તેઓની જગાએ વિભાગના વડાની કામગીરી બજાવવા માટે ડૉ. દેસાઈ ને મળતું માસિક રૂ. ૮૦નું (પર્સનલ એલાઉન્સ) ભથ્થું ડૉ. આર. કે શાહને આપવા અંગેના ડૉ. શાહના તા. ૨૨-૩-૧૯૭૪ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે વિજ્ઞાન વિદ્યાભવનના રસાયણવિજ્ઞાનના રીડર અને તે વિભાગના વડા ડૉ. એમ. એન. દેસાઈની ગેરહાજરીમાં તે વિભાગના વડા તરીકે કામગીરી બજાવવા માટે ડૉ. આર. કે. શાહને માસિક રૂ. ૮૦ લેખે અંગત ભથ્થું (Personal Allowance) આપવું.

૧૯. પેટ્રોલના ભાવમાં થયેલ વધારાના સંદર્ભમાં યુનિવર્સિટીના કર્મચારીઓને પોતાના અંગત ઉપયોગ માટે યુનિવર્સિટીની માલિકીની મોટરગાડીનો ઉપયોગ કરવા દેવા માટે નિયત કરેલા દર અંગે પુનર્વિચારણા કરવા બાબત.

[નોંધ.—રાજ્ય સરકારે નિયત કરેલ દર નીચે મુજબ છે :

૧. નાની ગાડી ... રૂ. ૦-૭૫ કિલોમીટર
૨. મોટી ગાડી ... રૂ. ૧-૦૦ ,,

વેઇટિંગ ચાર્જીસ પહેલા કલાકનું કાંઇ નહીં; પછીના ૮ કલાક માટે દર કલાકે રૂ. ૦-૫૦ પૈ.નો દર રાખીએ.]

આથી ઠરાવવામાં આવે છે કે (૧) યુનિવર્સિટીના કર્મચારીઓને/સત્તામંડળના સભ્યોને યુનિવર્સિટીની નાની (એમ્બેસેડર) ગાડી અંગત ઉપયોગ માટે આપવામાં આવે ત્યારે તે માટે કિલોમીટર દીઠ ૦-૬૦ પૈસાનો ચાર્જ લેવાનું રાખવું.

(૨) યુનિવર્સિટીના કર્મચારીઓને તથા સત્તામંડળના સભ્યોને યુનિવર્સિટીનાં કામકાજ માટે સ્કૂટર કે પોતાની મોટરકાર ઉપયોગ કરવાની પરવાનગી આપવામાં આવે ત્યારે તેમને અપાતા વાહન ભથ્થાના દર અંગે પુનર્વિચારણા કરવા માટે ફાઇનાન્સ કમિટીને જણાવવું.

૨૦. પ્રકાશન વહીવટી સમિતિના નીચે જણાવેલા ચાર સભ્યોની મુદત તા. ૨૨-૪-૧૯૭૪ના રોજ પૂરી થતી હોઇ આર્ડિ. ૬૨-ઈ (૧) પ્રમાણે સદરહુ સમિતિ ઉપર ચાર સભ્યોની નિમણૂક કરવા અંગે વિચારણા કરવા બાબત :

૧. આચાર્ય જે. જે. ત્રિવેદી
૨. આચાર્ય એસ. આર. મહેતા
૩. આચાર્ય એમ. એસ. પંડિત
૪. આચાર્ય વી. જે. ત્રિવેદી

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિ પર ઉપર જણાવેલ ચારે સભ્યોને વધુ ત્રણ વર્ષ માટે ચાલુ રાખવા.

૨૧. બનારસ હિન્દુ યુનિવર્સિટી, વારાણસી મુકામે મે ૫ થી ૭, ૧૯૭૪ના સમય દરમિયાન "ઇન્ડિયન એસોસિયેશન ફોર મેનેજમેન્ટ ડેવલપમેન્ટ"ના પાંચમા વાર્ષિક અધિવેશનમાં તેમ જ ઇન્ટર-યુનિવર્સિટી કાઉન્સિલ ફોર કોમર્સ એજ્યુકેશન એન્ડ રિસર્ચના ચોથા વાર્ષિક અધિવેશનમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગે અધિવેશનના મંત્રીશ્રી તરફથી આવેલ પત્ર પર વિચારણા કરવા બાબત :

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ અધિવેશનમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે આચાર્ય જે. સી. ત્રિવેદીને મોકલવા.

૨૨. સરકારી જામીનગીરીઓ વેચાણ કરવા માટે અથવા પાકતી તારીખે વટાવવા માટે રિઝર્વ બેન્ક ઓફ ઇન્ડિયા, મુંબઇના તા. ૧૦-૮-૧૯૭૩ના પત્રમાં સૂચવ્યા પ્રમાણે નીચે પ્રમાણે ઠરાવ કરવાની બાબતમાં વિચારણા કરવા બાબત :

"Resolved that Shri K. C. Parikh, Registrar, Gujarat University, is hereby singly authorised to sell, purchase, transfer, negotiate and/or/otherwise deal in Government securities on behalif of Gujarat University."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે ઉપરનો પ્રસ્તાવ મંજૂર કરવો.

૨૩. ગુજરાત રાજ્યના માનનીય રાજ્યપાલશ્રીના નીચે પ્રમાણે જણાવતા તા. ૧૨-૩-૧૯૭૪ના પત્ર પર વિચારણા કરવા બાબત :

While Universities are autonomous bodies and function independently on various academic and administrative matters, they have to depend to a considerable extent on financial resources either from the University Grants Commission or the State Government. Universities are competent to determine the terms and conditions of service of their employees as well as to decide the opening of new faculties and expansion of existing activities. However as long as financial assistance is required either from the UGC or the State Government, these matters can be effectively finalised only when there has been consultation with the authorities which have to finance these schemes. It has been brought to my notice that on some occasions Universities take important administrative and financial decisions, resulting in embarrassment for the Government. I am sure you will agree that such situations need to be avoided and that all matters with financial implications are finalised in consultation with the State Government.

રાજ્યપાલશ્રીના તા. ૧૨-૩-૧૯૭૪ના પત્રની એક્ઝિકયુટિવ કાઉન્સિલની આ સભા સાભાર નોંધ લે છે.

વધુમાં ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી કે તેની સંલગ્ન કોલેજો અને માન્ય સંસ્થાઓને માટે જે પ્રસ્તાવોને કારણે ખર્ચનો બોજો વધવા પામે તેમ હોય તે અંગે રાજ્ય સરકાર પાસેથી આર્થિક સહાય અંગેના નિર્ણયો ત્વરિત લેવાય તેવી કાર્યવાહી પ્રયોજવા રાજ્ય સરકારને વિનંતી કરવી.

૨૪. જાપાનની ઓતેમોન ગાકુઈન યુનિવર્સિટી, ઓસાકા અને આપણી યુનિવર્સિટી વચ્ચે સને ૧૯૭૦-૭૧થી ચાલતો વિદ્યાર્થી વિનિમય અંગેનો કાર્યક્રમ તાત્કાલિક બંધ કરી તેની જાણ ભારત સરકારને કરવા અંગેના ભારત સરકારના આસિ. એજ્યુકેશન ઓફિસર શ્રી. ગુલાટીના પત્રાંક ૧૪૭૭/૭૪ યુ/૩/, તા. ૧૬-૩-૧૯૭૪ના પત્ર અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વિદ્યાર્થી વિનિમય યોજના શૈક્ષણિક અને સાંસ્કૃતિક દૃષ્ટિએ વિદ્યાર્થીઓને ઉપયોગી નીવડી છે તે જોતાં આ યોજના ચાલુ રાખવી જોઈએ એમ આ સભાગૃહનું દૃઢ મંતવ્ય છે અને તેથી તે ચાલુ રાખવા માટે ભારત સરકાર સમક્ષ ઘટતી રજૂઆત કરવા માટે કુલપતિશ્રીને વિનંતી કરવી.

૨૫. શિક્ષકો તેમ જ વિદ્યાર્થીઓના ઉનાળુ રજાઓનો સમય નક્કી કરવા અંગે તેમ જ ૧૯૭૪ના શૈક્ષણિક વર્ષનું પ્રથમ સત્ર કયારથી શરૂ કરવું તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સંલગ્ન કૉલેજો અને વિદ્યાભવનોનું શિક્ષણકાર્ય નવા શૈક્ષણિક વર્ષમાં તા. ૧૫-૬-૧૯૭૪ને બદલે તા. ૧-૭-૧૯૭૪થી શરૂ કરવું અને તે માટે ટ્રાન્ઝિટરી ઑર્ડિનન્સ ઘડીને આગામી સભા સમક્ષ રજૂ કરવો.

૨૬. જે વિદ્યાર્થીઓને ચાલુ વર્ષે પરીક્ષા વગર ઉપરના વર્ગમાં લેવામાં આવે અને/અથવા જે વિદ્યાર્થીઓ યુનિવર્સિટીની કે કૉલેજની પરીક્ષામાં બેસે તેમને કૉલેજના આચાર્યશ્રીએ યુનિવર્સિટી સંલગ્ન અન્ય કૉલેજમાં જોડાવા માટે આપવાના પ્રમાણપત્રનો મુસદ્દો મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે જે પરીક્ષાઓ યુનિવર્સિટીએ કૉલેજો પર લેવાનું છોડેલું છે તે બાબતમાં પોતપોતાની કૉલેજોના વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર આપવાનું કામ જે તે કૉલેજો પર છોડવું.

૨૭. મે-જૂન, ૧૯૭૪માં લેવાનાર આ યુનિવર્સિટીની અનુસ્નાતક ડિગ્રી/ડિપ્લોમા પરીક્ષાઓમાં હાલની પરિસ્થિતિને અનુલક્ષીને તથા આ પરીક્ષાનાં પરિણામ વહેલાં બહાર પડે તે હેતુથી બેવડી મૂલ્યાંકન પદ્ધતિ (Double Assessment)ને બદલે ફક્ત એક જ મૂલ્યાંકન કરાવી પરિણામ જાહેર કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત ઍકેડેમિક કાઉન્સિલની વિચારણા માટે મોકલવી.

બાબત નં. ૨૮માં જણાવેલ કેસનો સમાવેશ બાબત નં. ૩૧ની સાથે આપવામાં આવેલી યાદીમાં થતો હોઈ, આ બાબતની સાથે બાબત નં. ૩૧ પર પણ વિચારણા કરવામાં આવી.

૨૮. માસ્ટર ઑફ લેબર વેલ્ફેરના વિદ્યાર્થી શ્રી. દેવેન્દ્ર ડી. શર્માની પ્રથમ સત્રમાં ૫૦ ટકામાં ૧૦ કરતાં વધુ હાજરી ખૂટવાના કારણે તે સત્ર માન્ય નહીં રાખતાં તેમના તરફથી ખૂટતી હાજરી માફ કરવા ફેરવિચારણા માટે આવેલી વિનંતી પર વિચારણા કરવા બાબત.

[નોંધ.—(૧) ૫૦ ટકામાં તેમની ૨૮½ વ્યાખ્યાનોમાં હાજરી ખૂટે છે.

(૨) હાજરી ખૂટવાના કારણમાં ટાઇફૉડ તાવ અને પૂરનું કારણ દર્શાવ્યું છે.]

અને

૩૧. વર્ષ ૧૯૭૩ ૭૪ના પહેલા સત્રમાં, કુલ વ્યાખ્યાનોના પચાસ ટકા હાજરીમાં દશ કરતાં પણ વધારે હાજરી જે અનુસ્નાતક વિદ્યાર્થીઓની, માંદગી, પૂર કે અન્ય કારણોસર ખૂટતી હોય તેવા કેસોમાં ખૂટતી હાજરી અંગે ચાલુ વર્ષે શું ધોરણ રાખવું તે અંગે વિચારણા કરવા બાબત.

આ બન્ને બાબતો અંગે ઠરાવવામાં આવ્યું કે બાબત નં. ૩૧ સાથે જોડેલી યાદી મુજબ વિદ્યાર્થીઓની ખૂટતી હાજરી ૧૯૭૩-૭૪ના વર્ષ પૂરતી માફ કરવી.

૨૯. મોડાસામાં તોફાનને કારણે તા ૨૮-૩-૧૯૭૪થી અનિશ્ચિત મુદ્દત સુધી કૉલેજ બંધ હોવાથી ત્યાંની વિનયન, વિજ્ઞાન કૉલેજના પ્રી-યુનિ., ફર્સ્ટ ઇયર અને સેકન્ડ ઇયરના વિદ્યાર્થીઓને ઉપલા વર્ગમાં જવા માટે ૭૦ ટકાની હાજરી જરૂરી છે તેમાંથી મુક્તિ આપવા અંગે મોડાસાની ત્રણે કૉલેજોના આચાર્યશ્રીઓના તા. ૨૯-૩-૧૯૭૪ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે તા. ૨૩-૩-૧૯૭૪થી તા. ૨૦-૪-૧૯૭૪ સુધીના સમયગાળામાં વિદ્યાર્થીઓની ૮૦ ટકા જેટલી હાજરી આવશ્યક ગણવામાં આવેલી છે તથા ૧૯૭૩-૭૪ના વર્ષમાં બીજા સત્રમાં કૉલેજો/વિદ્યાભવનોનું શિક્ષણકાર્ય લાંબા સમય સુધી બંધ રહ્યું તેના સંદર્ભમાં જે કોઈ વિદ્યાર્થીઓની હાજરી ખૂટતી હોય તે ચાલુ વર્ષ ૧૯૭૩-૭૪ના વિશિષ્ટ સંજોગો જોતાં અપવાદ તરીકે ક્ષમ્ય ગણવી.

૩૦. ઑ. ૧૩૫-એ પ્રમાણે કૉલેજોનાં પ્રથમ બે વર્ષમાં શારીરિક તાલીમમાં જોડાયેલ વિદ્યાર્થીઓ માટે ફરજિયાત ધોરણે નિયત કરવામાં આવેલ ક્ષમતામાપક કસોટીઓ ચાલુ વર્ષે પ્રવર્તમાન પરિસ્થિતિને કારણે કેટલીક કૉલેજોમાં લેવાનું શક્ય બન્યું નથી તો તેમાંથી તેમને મુક્તિ આપવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ૧૯૭૩-૭૪ના વર્ષના વિશિષ્ટ સંજોગો જોતાં શારીરિક તાલીમમાં જોડાયેલા વિદ્યાર્થીઓને ક્ષમતામાપક કસોટીઓમાંથી અપવાદ તરીકે મુક્તિ આપવી.

૩૧. સદરહુ બાબતની વિચારણા આગળ બાબત નં. ૨૮ સાથે કરવામાં આવેલી હોઈ તેની નોંધ તે ક્રમમાં દર્શાવવામાં આવેલી છે.

૩૨. પ્રો. બી. આર. શિનોયના માર્ગદર્શન હેઠળ પીએચ.ડી. પદવી માટે અર્થશાસ્ત્ર વિષયમાં નોંધાયેલા વિદ્યાર્થી શ્રી. એસ. બી. મહેતાના મહાનિબંધ પરના અહેવાલમાં રેફરીઓ વચ્ચે મતભેદ (Tie) પડેલી હોઈ ઑર્ડિ. ૩૨૧ અનુસાર ચોથા રેફરીની નિમણૂક કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ મહાનિબંધ તપાસવા માટે ચોથા રેફરી તરીકે ડૉ. પી. આર. બ્રહ્માનંદની, અને તેઓ આ કામ સ્વીકારી શકે નહીં તો ડૉ. એ. એન. અગરવાલની, નિમણૂક કરવી.

૩૩. સ્થાયી કાનૂનવિષયક સમિતિની તા. ૧૧-૩-૧૯૭૪ના રોજ મળેલ સભાની ભલામણો પર વિચારણા કરવા બાબત.

સદરહુ સ્થાયી કાનૂનવિષયક સમિતિની તા. ૧૧-૩-'૭૪ની સભાની ભલામણો પર વિચારણા કરીને નીચે મુજબ ઠરાવવામાં આવ્યું :

ભલામણ નં. ૨ : મંજૂર કરવી

ભલામણ નં. ૩ : ઉપર બાબત નં. ૧૫માં ઠરાવ્યા મુજબ ગુજરાત યુનિવર્સિટીના સુધારેલા ધારાની કલમ ૫૧-એ અંગે ગુજરાત રાજ્યના શ્રી. ઍડવોકેટ-જનરલના અભિપ્રાયની રાહ જોવી અને તે આવ્યેથી આ કેસ સદરહુ ઠરાવમાં જણાવેલી સ્થાયી સમિતિ સમક્ષ રજૂ કરવાનું રાખવું.

ભલામણ નં. ૫ : સદરહુ બાબતમાં સંબંધકર્તા કાગળો જોઈતપાસીને પોતાનો રિપોર્ટ કરવા માટે પ્રો. મનુભાઈ ડી. પંચોલીને વિનંતી કરવી અને તેમનો રિપોર્ટ આવ્યેથી તે કેસ બાબત નં. ૧૫માં જણાવેલી સ્થાયી સમિતિની વિચારણા માટે મોકલવો.

ભલામણ નં. ૭ : સંલગ્ન કૉલેજોની વરણીસમિતિઓ અને ગવર્નિંગ બોડીઝ પર યુનિવર્સિટીના જે પ્રતિનિધિઓની નિમણૂક કુલપતિશ્રી તરફથી કરવામાં આવે તેમને યુનિવર્સિટીનાં ધારાધોરણ અનુસાર પ્રવાસભથ્થું યુનિવર્સિટીએ ચૂકવવું તથા તેમના સ્થાનિક આતિથ્ય (local hospitality)ની વ્યવસ્થા કરવાનું જે તે કૉલેજે રાખવું.

(**નોંધ**—આ પ્રતિનિધિઓને દૈનિક ભથ્થું આપવાનું રહેશે નહીં.

આ વ્યવસ્થાનો અમલ નવા સત્રથી એટલે કે તા. ૧-૭-૧૯૭૪થી કરવો.)

ભલામણ નં. ૮ : મંજૂર કરવી.

(સદરહુ સમિતિની તા. ૧૧-૩-૧૯૭૪ની કાર્યવાહીની નોંધની નકલ **પરિશિષ્ટ "ફ"** તરીકે સામેલ છે.)

૩૪. તબીબી વિદ્યાશાખાની ભલામણ અનુસાર પ્રી-મેડિકલ અને પ્રી-ડેન્ટલના બીજા સત્રની વ્યવસ્થા ૧૫મી એપ્રિલને બદલે ૧૫મી માર્ચ સુધી રાખવા અને તે મુજબ ઓ. ૭૫માં સુધારો કરી તેને તાત્કાલિક અમલમાં મૂકવાની એકેડેમિક કાઉન્સિલની તા. ૨૩-૧૨-૧૯૭૩ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત (એ.કા. બાબત ક્રમાંક ૬૫).

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની સદરહુ ભલામણ મંજૂર કરવી તથા તે મુજબ ઑર્ડ. ૭૫નો સંબંધકર્તા ભાગ નીચે મુજબ વંચાય તે રીતે સુધારવો તથા તેને તા. ૧૫-૬-૧૯૭૪થી અમલમાં મૂકવો :

Faculty	*First Term*		*Second Term*	
	Date of commence-ment	*Date of conclusion*	*Date of commence-ment*	*Date of conclusion*
In the Pre-Medical and Pre-Dental classes in the Faculties of Medicine & Dental Surgery respectively	15th June	15th October	10th November (Inclusive of holidays from 25th December to 1st January)	15th March

૩૫. ૧૯૭૪-૭૫ના શૈક્ષણિક વર્ષ માટે વાણિજ્યની વિદ્યાશાખા ખોલવાની પરવાનગી માગતા યુવરાજ સુભગસિંહજી આર્ટ્સ એન્ડ શ્રી. કે. એસ. કૉમર્સ કૉલેજ, દેવગઢબારિયાના આચાર્યશ્રીના તા. ૨૮-૩-૧૯૭૪ના પત્રાંક ૧૧૪૯ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજને ૧૯૭૪-૭૫ના વર્ષ માટે વાણિજ્યની વિદ્યાશાખાનું શિક્ષણકાર્ય ખોલવે કરવા માટે મંજૂરી આપવી.

૩૬. વિજ્ઞાન અને યંત્રવિદ્યાના સર્વગ્રાહી જ્ઞાનકોશના સંપાદકોની તા. ૧૯-૩-૧૯૭૪ના રોજ મળેલ સભામાં કરેલ નીચેના ઠરાવ પર વિચારણા કરવા બાબત :

"(૩) સંપાદકને તેમના જ્ઞાનકોશના કામ માટે સભ્યોને મળવા જવા-આવવાનું થાય તો તે બાબતમાં વાહનભથ્થું આપવાનો પ્રસ્તાવ એક્ઝિકયુટિવ કાઉન્સિલને નિર્ણય માટે મોકલવો."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૩૭. ડીસા આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, ડીસામાંથી ગુજરાતીના અંડ સમયના વ્યાખ્યાતા શ્રી. બી. એ. જનીને પેટલાદ આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, પેટલાદે તા. ૧-૧-૧૯૭૪થી નોકરીમાં પાછા લીધા (Reinstate કર્યા) હોઈ તેમના ભાગનું કામ ડીસાના ગુજરાતીના બે પૂરા સમયના વ્યાખ્યાતાઓને વહેંચી આપતાં ઓ. ૧૨૦-એ નો ભંગ થાય છે તે કામચલાઉ ધોરણે ક્ષમ્ય ગણવા અંગે વિચારણા કરવા બાબત.

[નોંધ.—શ્રી. બી. એ. જનો કુલ ૯ તાસ લેતા હતા તે શ્રી. એસ. ડી. વકીલ (૧૮+૨) અને શ્રી. એમ. એ. પટેલ (૧૯+૨)ને વહેંચી આપ્યા છે. પાટણની કૉમર્સ કૉલેજના ગુજરાતીના બંડ સમયના વ્યાખ્યાતાને ડીસા કૉલેજમાં સેવાઓ આપવા જણાવાયું છે.]

આથી ઠરાવવામાં આવે છે કે ડીસા આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, ડીસામાં ચાલુ સત્ર દરમ્યાન ગુજરાતીના બંડ સમયના લેક્ચરર શ્રી. બી. એ. જનીની ગેરહાજરીમાં કરેલા શિક્ષણકાર્યની વ્યવસ્થા તા. ૧-૧-૧૯૭૪થી તા. ૨૦-૪-૧૯૭૪ સુધી જ અપવાદરૂપે બ્રાહ્ય રાખવી.

૩૮. ગુજરાત યુનિવર્સિટીની એમ.ડી. (ગાયનેકોલોજી)ની અનુસ્નાતક પદવી પરીક્ષા માટે પ્રતિવર્ષ "બાઈ મોતી (ડૉ. જેઠાલાલ ગગલભાઈનાં વિધવા) પારિતોષિક" એનાયત કરી શકાય તે માટે વધુ રૂ. ૩૦૦ (ત્રણ સો)નું પ્રદાન ડૉ. જેઠાલાલ ગગલભાઈનાં વિધવા સ્વ. બાઈ મોતીના વહીવટદાર શેઠશ્રી રસિકલાલ ચિમનલાલ નગરી, અમદાવાદ તરફથી આવેલ છે તેની નોંધ લેવા બાબત.

(સદરહુ ટ્રસ્ટ તરફથી અગાઉ રૂ. ૭,૫૦૦ના આવેલ પ્રદાનનો એક્ઝિકયુટિવ કાઉન્સિલે તેની તા. ૨૭-૨-૧૯૭૪ની સભામાં સ્વીકાર કર્યો હતો.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ ટ્રસ્ટ તરફથી મળેલ રૂ. ૩૦૦/-ના વધારાના પ્રદાનનો સાભાર સ્વીકાર કરવો.

૩૯. ગુજરાત યુનિવર્સિટીની વિજ્ઞાન વિદ્યાશાખામાં રસાયણવિભાગના વિષયમાં અનુસ્નાતક પદવી પરીક્ષાના અભ્યાસ માટે બે શિષ્યવૃત્તિઓ ઊભી કરવા માટે પ્રો. એ.એમ. ત્રિવેદી મેમોરિયલ ફંડના ટ્રસ્ટી તરફથી હપતેથી રૂ. ૨૧,૦૦૦ અને બીજા હપતેથી રૂ. ૫૦૦-(પાંચ સો)નું એમ કુલ મળીને રૂ. ૨૧,૫૦૦નું પ્રદાન યુનિવર્સિટીને આપવામાં આવેલ છે તેની નોંધ લેવા બાબત.

(સદરહુ ટ્રસ્ટ પાસેથી અગાઉ રૂ. ૨૨,૫૦૦ના પ્રદાનનો એકિઝકયુટિવ કાઉન્સિલે તેની તા. ૧૬-૧૧-૧૯૭૩ની સભામાં સાભાર સ્વીકાર કર્યો હતો તે સામે ઉપર જણાવ્યા પ્રમાણે કુલ્લે રૂ. ૨૧,૫૦૦ આવ્યા છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ ટ્રસ્ટ તરફથી મળેલ રૂ. ૫૦૦ના વધારાના પ્રદાનનો સાભાર સ્વીકાર કરવો.

૪૦. એકિઝકયુટિવ કાઉન્સિલની તા. ૧૫-૧૨-૧૯૭૩ની સભામાં સ્વીકારવામાં આવેલ "પંડિતરાજ સ્વામીશ્રી ભગવદાચાર્ય મહારાજ શતાબ્દી ચંદ્રક" વિનયન વિદ્યાશાખાની અનુસ્નાતક પદવી પરીક્ષા માટે એનાયત કરવા માટેના પ્રદાન અંગેના નિયમો મંજૂર કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ ચન્દ્રક અંગેના નિયમો મંજૂર કરવા.

(મંજૂર કરવામાં આવેલા નિયમોની નકલ પરિશિષ્ટ "ખ" તરીકે સામેલ છે.)

૪૧. હરિ: ૐ આશ્રમ, નડિયાદ તરફથી. સ્વ. કમળાશંકર ત્રિવેદીનું બૃહદ્ વ્યાકરણ જે સંસ્કૃત અને અંગ્રેજી વ્યાકરણના સંસ્કારવાળું હોઈ ગુજરાતી ભાષાની પ્રકૃતિને લક્ષમાં લઈને તેને નવસંસ્કરણ કરવા માટે રૂ. ૧૦,૦૦૦ (રૂપિયા દશ હજાર)નું પ્રદાન નીચે જણાવેલ શરતોએ સ્વીકારવા માટે વિચારણા કરવા બાબત :

(૧) આ ટ્રસ્ટનું નામ "હરિ: ૐ આશ્રમ પ્રેરિત શ્રી. રમણલાલ વસંતલાલ દેસાઈ સ્મારક... ગુજરાતી વ્યાકરણ પ્રકાશન ટ્રસ્ટ" રાખવું.

(૨) ગુજરાત યુનિવર્સિટીએ તદ્વિષયક નિષ્ણાતોની સહાયથી એક અદ્યતન ગુજરાતી વ્યાકરણ તૈયાર કરાવી પ્રસિદ્ધ કરવા અને તેની વેચાણ કિંમત વિતરણખર્ચ સહિત પડતર કિંમત જેટલી લગભગ રાખવી.

(૩) પ્રકાશન આવક ટ્રસ્ટ ખાતે જમા કરી તે રકમમાંથી એની સંશોધિત-સંવર્ધિત આવૃત્તિઓ જરૂર પડયે પ્રકાશિત કર્યે જવી અને કોઈ સંજોગોમાં વ્યાકરણની આવૃત્તિની આવશ્યકતા ના રહે તો ગુજરાતી ભાષાને સમૃદ્ધ કરનારાં સાહિત્યિક પ્રકાશનો હરિ: ૐ આશ્રમની અનુમતિથી કરવામાં તેનો ઉપયોગ કરવો.

(૪) પ્રકાશન થતાં પુસ્તકોની ૧૦૦ પ્રતો હરિ: ૐ આશ્રમને ભેટ આપવી અને પુસ્તકના જેકેટની ઉપર તથા અંદરના પ્રથમ પાને "હરિ: ૐ આશ્રમ પ્રેરિત શ્રી રમણલાલ વસંતલાલ દેસાઈ સ્મારક ગુજરાતી વ્યાકરણ ટ્રસ્ટ ગ્રંથ ૧...૨" એમ છાપવું.

(૫) કોઈ સંજોગોમાં બે વર્ષ સુધીમાં આ કાર્યવાહી થાય જ નહીં તો મૂળ મુદ્દલ રકમ ભેગા થયેલ વ્યાજ સાથે હરિઃ ૐ આશ્રમને પરત કરવી.

સદરહુ બાબત સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવી ત્યારે કુલપતિશ્રીએ જણાવ્યું કે સદરહુ ટ્રસ્ટ તરફથી રૂ. ૧૦,૦૦૦ ઉપરાંત વધારાના રૂ. ૨,૦૦૦નું પ્રદાન આપવાનું જણાવવામાં આવેલું છે.

તે પછી ઠરાવવામાં આવ્યું કે સદરહુ પ્રદાનનો, ઉપર જણાવેલી શરતોએ સાભાર સ્વીકાર કરવો.

વધુમાં ઠરાવવામાં આવ્યું કે સદરહુ પ્રકાશનની બાબતમાં જરૂરી નિર્ણયો લેવા માટે નીચે જણાવેલા સભ્યોની સમિતિ રચવી :

(૧) કુલપતિશ્રી
(૨) પ્રો. અનંતરાય રાવળ
(૩) આચાર્ય ય. પ્રા. શુક્લ
(૪) ડૉ. હરિવલ્લભ ભાયાણી
(૫) ડૉ. જયંત કોઠારી
(૬) ડૉ. યોગેન્દ્ર વ્યાસ
(૭) પ્રો. નગીનદાસ પારેખ.

વધુમાં ઠરાવવામાં આવ્યું કે સદરહુ પ્રકાશન માટે નીચે જણાવેલા સભ્યોની બનેલી સંપાદન સમિતિ નીમવી :

(૧) ડૉ. હરિવલ્લભ ભાયાણી
(૨) ડૉ. જયંત કોઠારી
(૩) ડૉ. યોગેન્દ્ર વ્યાસ.

૪૨. "એક્ઝિકયુટિવ કાઉન્સિલે તેની તા. ૧૫-૧૨-૧૯૭૩ની સભામાં બાબત ક્રમાંક ૮૫થી પરીક્ષકો વગેરેના પુરસ્કારના દર વધારવા અંગે જે ઠરાવ કરેલ છે તેમાં નં. ૧ અને ૩ નીચે મુજબ વંચાય તે રીતે સુધારીને મંજૂર કરવા અંગે વિચારણા કરવા બાબત :

મૂળ ઠરાવ

(૧) જુનિયર સુપરવાઈઝરના પુરસ્કારનું ધોરણ પ્રશ્નપત્ર દીઠ રૂ. ૫-૦૦ને બદલે રૂ. ૬-૦૦નું રાખવું.

(૩) ફેક્ટોટમના દર વિદ્યાર્થી દીઠ ૦૦-૧૦ પૈસાના બદલે ૦૦-૧૨ પૈસા રાખવા.

સુધારો

(૧) જુનિયર સુપરવાઈઝરના પુરસ્કારનું ધોરણ પ્રત્યેક બેઠક દીઠ રૂ ૫-૦૦ને બદલે રૂ. ૬-૦૦નું રાખવું.

(૩) સ્ટેશનરી ઇત્યાદિ તથા પટાવાળા વગેરેને (સ્ટેટમેન્ટ "ડી") દર વિદ્યાર્થી દીઠ બેઠક દીઠ ૦૦-૧૦ પૈસાના બદલે ૦૦-૧૨ પૈસા રાખવા.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ ઠરાવ નં. (૧) અને (૩) ઉપર મુજબ વંચાય તે રીતે સુધારવા.

૪૩. સંલગ્ન કૉલેજોના બિનશિક્ષક વર્ગના કર્મચારીઓ માટે રાજ્ય સરકારના ધોરણે ઘરભાડું આપવાનો એક્ઝિક્યુટિવ કાઉન્સિલની તા. ૨૩-૨-૧૯૭૪ની સભામાં ઠરાવ કરવામાં આવ્યો છે તેના સંદર્ભમાં જે વિસ્તાર રાજ્ય સરકારના ઠરાવમાં સમાવવામાં નથી આવ્યો તે વિસ્તારની કૉલેજોના બિનશિક્ષક વર્ગના કર્મચારીઓને મૂળ પગારના ૫ ટકા પ્રમાણે ઘરભાડું આપવા અંગેના ગુજરાત યુનિવર્સિટી સાઉથ ઝોન કૉલેજીસ નોન-ટીચિંગ સ્ટાફ એસોસિયેશનના પ્રમુખશ્રીના પત્ર પરત્વે વિચારણા કરવા બાબત.

(નોંધ.—સરકારી ઠરાવમાં ગુજરાત યુનિવર્સિટી વિસ્તારનાં નીચેનાં શહેરોનો સમાવેશ કરવામાં આવેલો છે :

અમદાવાદ, નડિયાદ, આણંદ, ભુજ, ખંભાત, દાહોદ, ગાંધીનગર, ગોધરા, હિંમતનગર, ખેડા, કલોલ, મહેસાણા, પાલણપુર, પાટણ.)

આથી ઠરાવવામાં આવે છે કે સંલગ્ન કૉલેજો અને માન્ય સંસ્થાઓના બિનશિક્ષક વર્ગના જે કર્મચારીઓને એક્ઝિક્યુટિવ કાઉન્સિલે તેની તા. ૧૬-૩-૧૯૭૪ની સભામાં ઠરાવ્યા મુજબ જે સ્થળે સંલગ્ન કૉલેજો અને માન્ય સંસ્થાઓના સંબંધકર્તા બિનશિક્ષક વર્ગના કર્મચારીઓને ઘરભાડા ભથ્થું મળી શકતું ન હોય તેમને તેમના મૂળ માસિક પગારના પાંચ ટકા જેટલું ઘરભાડા ભથ્થું આપવા માટે તે સ્થળની સંલગ્ન કૉલેજો અને માન્ય સંસ્થાઓને જણાવવું અને આ ઠરાવનો અમલ તા. ૧-૪-૧૯૭૪થી કરવાનું રાખવું.

૪૪. સંલગ્ન વિજ્ઞાન કૉલેજોના લેબોરેટરી આસિસ્ટંટ, પટાવાળા તેમ જ અન્ય લેબોરેટરી સ્ટાફને વેકેશનનો લાભ આપવા અંગે ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન કૉલેજોના બિનશૈક્ષણિક કર્મચારી મંડળ, અમદાવાદના મહામંત્રીશ્રી તરફથી આવેલ પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વિનંતી મંજૂર કરવી નહીં.

૪૫. ચાલુ સાલે ભાષા-સાહિત્ય ભવનમાં શ્રી. ભોળાભાઈ પટેલને ભાષા-વિજ્ઞાનના ડિપ્લોમાના અભ્યાસક્રમમાં બીજા વર્ષમાં સીધો પ્રવેશ આપવામાં આવેલ હોઈ તેને માન્ય રાખવા માટે પ્રો. એચ. સી. ભાયાણી તરફથી આવેલ પત્રના સંદર્ભમાં વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. ભોળાભાઈ પટેલને ભાષાવિજ્ઞાનના ડિપ્લોમાના અભ્યાસક્રમના બીજા વર્ષમાં આપવામાં આવેલો પ્રવેશ, તેમણે એમ.એ.ની પરીક્ષા લિંગ્વિસ્ટિકસના ગૌણ વિષય સાથે પસાર કરેલી હોવાથી, અપવાદ તરીકે ગ્રાહ્ય રાખવો.

૪૬. અનુસ્નાતક શિક્ષક તથા અનુસ્નાતક શિક્ષકના મદદનીશ શિક્ષકને પુરસ્કાર આપવા અંગેનો અનુસ્નાતક નિયમ નં. ૩૭ નીચે મુજબ વંચાય તે રીતે સુધારવા અંગે બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગ એન્ડ રિસર્ચની તા. ૨૪-૮-૧૯૭૩ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત :

P.-G. Rule No. 37 :

The University shall pay an honorarium at the rate of Rs. 20/- per lecture actually delivered, to a recognised post-graduate teacher

and Rs. 15/- per lecture actually delivered to an assistant to the post-graduate teacher.

The honorarium to the post-graduate teachers and the assistant to the post-graduate teachers shall be paid by the University to the teacher directly on receipt of the bills in that behalf from the Professor-in-charge of the P. G. Centre at the end of each term.

No teacher shall be paid a total remuneration of more than Rs. 400/- per term whether he works at more than one centre or for more than one subject at any one or more P. G. centres. The expenditure on account of the remuneration to such a teacher shall be distributed in proportion to the lectures delivered by him at these centres as stated above in case he has been permitted to work as more than one post-graduate centre or in more than one subject at any one or more post-graduate centre.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખની.

૪૭. આચાર્યશ્રી સી. એલ. શાસ્ત્રી તરફથી આવેલા નીચેના પ્રસ્તાવો પર વિચારણા કરવા બાબત :

(૧) આખા ઉત્તર ભારતમાં સામાન્ય રીતે એવું જોવા મળે છે કે સ્નાતક અને અનુસ્નાતક કક્ષાનું શિક્ષણ કૉલેજો પણ આપે છે. ત્યાં ડિગ્રી કૉલેજો અને પોસ્ટ-ગ્રેજ્યુએટ કૉલેજો (ભેગી અથવા ભિન્ન) હોય છે તે પ્રથાને મોટે ભાગે અનુસરી યુ.જી.સી. અને કેન્દ્રીય સરકાર, શિક્ષકો અને શિક્ષણ સંસ્થાઓની સીનિયોરિટી, આર્થિક મદદ વગેરે નક્કી કરે છે એટલે કે અનુસ્નાતક શિક્ષકને અતિ મહત્ત્વ આપીને શિક્ષક અને સંસ્થાઓને તે રીતે જ મૂલવવામાં આવે છે. ગુજરાત યુનિવર્સિટી ઍક્ટના કોઈ મૂળભૂત અનપેક્ષાર્થઘટનને કારણે ગુજરાત યુનિવર્સિટીએ અનુસ્નાતક શિક્ષણ સંલગ્ન કૉલેજોને ન આપવું એવો નિર્ણય લીધેલ લાગે છે તેથી યુનિવર્સિટી ડિપાર્ટમેન્ટ ખોલવામાં આવ્યાં અને અનુસ્નાતક કેન્દ્રો બહારગામ ખોલવાની યુનિવર્સિટીએ વ્યવસ્થા કરી, છતાં સારા અને પોતાના વિષયને ખૂબ ન્યાય આપે એવા ઘણા શિક્ષકો અનુસ્નાતક કાર્ય કરી શકતા નથી જેથી તેમને સીનિયોરિટી, પગારધોરણ વગેરેમાં સહન કરવું પડે છે એ હકીકત છે. તો જે સંલગ્ન કૉલેજ અનુસ્નાતક શિક્ષણ આપવા માગતી હોય તેને જે તે વિષયના અનુસ્નાતક શિક્ષણ આપવા માટે માન્યતા આપવી જોઈએ તથા તે અંગે તાત્કાલિક ઘટતા નિયમો કરવામાં આવે એવી વિનંતી એકિઝકયુટિવ કાઉન્સિલને કરું છું.

(૨) અનુસ્નાતક કક્ષાએ જે શિક્ષકો શિક્ષણકાર્ય કરવાની તક મેળવે છે તેમણે ત્રણ રિસર્ચ પેપરો લખવાનું યુનિવર્સિટીએ નક્કી કરેલ છે. હવે એટલા બધા પેપર્સ ભારતનાં પ્રખ્યાત સંશોધન સામયિકોમાં છપાય એ સંભવિત લાગતું નથી, કારણ કે તે પેપર્સની સંખ્યા

ઘણી મોટી હશે તેથી બધા છપાય એમ માનવું શકય નથી. તો અનુસ્નાતક શિક્ષણકાર્ય કરતા શિક્ષકો માટે આવી ત્રણ સંશોધનપત્ર લખવાની શરત અનિવાર્ય ન રાખવી જોઈએ, અથવા છપાવવાની શરત ન રાખવી જોઈએ એવી વિનંતી હું એકિઝકયુટિવ કાઉન્સિલને કરું છું અને ઑર્ડિ. ૬૫-એફ (૧) તથા એમ (૧) હેઠળની આ જોગવાઈ રદ કરવા વિનંતી કરવામાં આવે છે.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પ્રસ્તાવો બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગ અને રિસર્ચની વિચારણા માટે મોકલવા.

૪૮. કાપડિયા નગીનદાસ મગનલાલ માણેકલાલ સાર્વજનિક આર્ટ્સ કૉલેજ, સંજેડા તરફથી જૂન ૧૯૭૪થી બી.એ.(પ્રિન્સ.)માં અર્થશાસ્ત્ર, ગુજરાતી તથા બી.એ.-(સબો.)માં ઇતિહાસ, સંસ્કૃત અને હિન્દીના અભ્યાસક્રમો શીખવવા માટે કાયમી જોડાણ માટેની અરજીની બાબતમાં જોડાણ અંગે મૂકેલી શરતોના પરિપાલનના સંદર્ભમાં જોડાણ આપવા અંગે વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—યુનિવાસટી ધારાની કલમ ૩૩(૧-એ) અન્વયે કૉલેજની ગવર્નિંગ બોડીની રચના કરવામાં આવી નથી, પરંતુ તેની રચના કરવા માટે ખાતરી આપી છે. બીજી શરતોનું પાલન થયું છે.)

આથી ઠરાવવામાં આવે છે કે કાપડિયા નગીનદાસ મગનલાલ માણેકલાલ સાર્વજનિક આર્ટ્સ કૉલેજ, સંજેડાને બી એ.(પ્રિન્સ)માં અર્થશાસ્ત્ર, ગુજરાતી તથા બી.એ. (સબો.)માં ઇતિહાસ, સંસ્કૃત અને હિન્દીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૪થી કાયમી જોડાણ આપવું.

વધુમાં ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજની ગવર્નિંગ બોડીની તાકીદે રચના કરીને જાણ કરવા માટે જણાવવું.

૪૯. શ્રીમતી બી. સી. જે. કૉલેજ ઑફ એજ્યુકેશન, ખંભાત તરફથી જૂન ૧૯૭૪થી બી.એડ.ના અભ્યાસક્રમો શીખવવા માટે કાયમી જોડાણ માટેની અરજી.

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

" આથી ઠરાવવામાં આવે છે કે શ્રીમતી બી. સી. જે. કૉલેજ ઑફ એજ્યુકેશન, ખંભાત **નીચે** જણાવેલ શરતોનું પાલન એકિઝકયુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૧૫-૫-૧૯૭૪ સુધીમાં કરે તો તેને બી.એડ.ના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૪થી કાયમી જોડાણ આપવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. દૃશ્ય-શ્રાવ્ય સાધનો માટે ઓછામાં ઓછા રૂ. ૨,૫૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;

૨. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૩. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂ ૩,૦૮૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૪. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકોને વેતન, વળતર કે અન્ય જે કાંઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે;

૫. પ્રોવિડંટ ફંડ અંગે સંચાલકમંડળના ફાળા અને ટ્રસ્ટની રચના સહિતનાં યુનિવર્સિટીનાં તમામ ધારાધોરણોનું પાલન કરવામાં આવે;

૬. શિક્ષકોના વાર્ષિક મૂળ પગારના ૨½ ટકાના દરે જુદું ગ્રેચ્યુઇટી ફંડ ઊભું કરવામાં આવે.'

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૫૦. સેકન્ડરી ટીચર્સ ટ્રેનિંગ કૉલેજ, ખેડા તરફથી જૂન ૧૯૭૪થી બી.એડ.ના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ માટેની અરજી.

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે સેકન્ડરી ટીચર્સ ટ્રેનિંગ કૉલેજ, ખેડા નીચે જણાવેલ શરતોનું પાલન એકિઝકયુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૧૫-૫-૧૯૭૪ સુધીમાં કરે તો તેને બી.એડ.ના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૪થી કાયમી જોડાણ આપવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૨. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૩. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગાર ધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકોને વેતન, વળતર કે અન્ય જે કાંઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે;

૪. પ્રોવિડંટ ફંડ અંગે સંચાલક મંડળના ફાળા અને ટ્રસ્ટની રચના સહિતનાં યુનિવર્સિટીનાં તમામ ધારાધોરણોનું પાલન કરવામાં આવે; અને

૫. શિક્ષકોના વાર્ષિક મૂળ પગારના ૨½ ટકાના દરે જુદું ગ્રેચ્યુઇટી ફંડ ઊભું કરવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૫૧. શ્રી બી. ડી. શાહ કૉલેજ ઑફ એજ્યુકેશન, મોડાસા તરફથી જૂન ૧૯૭૪થી બી.એડ.ના અભ્યાસક્રમો શીખવવા ચાલુ જોડાણ માટેની અરજી પર મૂકેલી શરતોના પરિપાલનના સંદર્ભમાં વિચારણા કરવા બાબત.

[નોંધ.—(૧) ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૩૩-એ (૧) (એ) અન્વયે કૉલેજની ગવર્નિંગ બૉડીની રચના કરવા અંગેની શરતના સંદર્ભમાં આચાર્યશ્રીએ જણાવેલું છે કે ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૩૩-એ (૧) (એ) અન્વયે કૉલેજની ગવર્નિંગ બૉડીની રચના કરવા માટે સંચાલકમંડળના બંધારણમાં ફેરફાર કરવો જરૂરી હોઈ તે અંગે મંડળની સભા બોલાવવામાં આવી છે. કૉલેજની ગવર્નિંગ બૉડીની રચના કરવા માટે ખાતરી આપી છે.

(૨) અન્ય શરતોનું પાલન થયું છે.

(૩) ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૩૩—એ (૧) (એ) અન્વયે ગવર્નિંગ બૉડીની રચના કરવા બાબતમાં ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૩૩-એ (૩)માં નીચે પ્રમાણે જણાવ્યું છે :

'The provision of sub-section (1) shall be deemed to be a condition of affiliation of every college referred to in sub-section (1).']

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી બી. ડી. શાહ કૉલેજ ઑફ એજ્યુકેશન, મોડાસાને બી.એડ.ના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૪થી કાયમી જોડાણ આપવું.

વધુમાં ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજને ગવર્નિંગ બૉડીની તાકીદે રચના કરીને જાણ કરવા માટે જણાવવું.

૫૨. કૉલેજ ઑફ એજ્યુકેશન, પાટણ તરફથી જૂન ૧૯૭૪થી બી.એડ.ના અભ્યાસક્રમો શીખવવા માટેની અરજી ૫૨ મૂકેલી શરતોનું યથાર્થ પરિપાલન કૉલેજે કરેલું હોઈ તે અંગે વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—યુનિવર્સિટી ધારાની કલમ ૩૩-એ (૧) (એ) અન્વયે કૉલેજે ગવર્નિંગ બૉડીની રચના કરી છે, પરંતુ વિગતે માહિતી ન હોઈ તે મંગાવી છે.)

આથી ઠરાવવામાં આવે છે કે કૉલેજ ઑફ એજ્યુકેશન, પાટણને બી.એડ.ના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૪થી તા. ૧૪-૬-૧૯૭૯ સુધીનું ચાલુ જોડાણ આપવું.

વધુમાં ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજને ગવર્નિંગ બૉડીની રચના અંગેની વિગતો તાકીદે મોકલી આપવા માટે જણાવવું.

૫૩. શ્રી એસ. એલ. યુ. કૉલેજ ફૉર વિમેન, અમદાવાદ તરફથી જૂન ૧૯૭૪થી બી.એ. (રિન્સિ.)માં ગુજરાતી, હિંદી, સમાજશાસ્ત્ર અને ભૂગોળ તથા બી.એ.(સબો.)માં ઇતિહાસ, અંગ્રેજી, મનોવિજ્ઞાન, અર્થશાસ્ત્ર અને ભારતીય સંસ્કૃતિ; તથા બી.એડ.ના અભ્યાસક્રમો માટે ચાલુ જોડાણ; તથા બી.એ.(રિન્સિ.)માં ઇતિહાસ, અર્થશાસ્ત્ર, અંગ્રેજી અને ગૃહવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાના જોડાણ માટેની અરજી.

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે શ્રી એસ. એલ. યુ. કૉલેજ ફૉર વિમેન, અમદાવાદ નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન એકિઝકયુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૧૫-૫-૧૯૭૪ સુધીમાં કરે તો તેને બી.એ (પ્રિન્સ.)માં ગુજરાતી, હિન્દી, સમાજશાસ્ત્ર, અને ભૂગોળ; તથા બી.એ.(સબો.)માં ઇતિહાસ, અંગ્રેજી, મનોવિજ્ઞાન, અર્થશાસ્ત્ર અને ભારતીય સંસ્કૃતિ; તથા બી.એડ.ના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૪થી તા. ૧૪-૬-૧૯૭૭ સુધીનું ચાલુ જોડાણ; તથા બી.એ.(પ્રિન્સ.)માં ઇતિહાસ, અર્થશાસ્ત્ર, અંગ્રેજી અને ગૃહવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૪થી તા. ૧૪-૬-૧૯૭૭ સુધીનું જોડાણ આપવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

(૧) નીચે જણાવેલ નિમણૂકો કરવામાં આવે:

૧. અંગ્રેજીના પ્રાધ્યાપક

૨. ઇતિહાસના પ્રાધ્યાપક

૩. અર્થશાસ્ત્રના પ્રાધ્યાપક

૪. ગૃહવિજ્ઞાનના પ્રાધ્યાપક.

(૨) પદાર્થવિજ્ઞાન, રસાયણવિજ્ઞાન અને હોમ મૅનેજમેન્ટની પ્રયોગશાળાની વ્યવસ્થા કરવામાં આવે;

(૩) ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

(૪) અંગ્રેજી, ઇતિહાસ, અર્થશાસ્ત્ર અને ગૃહવિજ્ઞાન એ પ્રત્યેક વિષય માટે મુખ્ય વિષયને લગતાં રૂ. ૨,૦૦૦નાં પુસ્તકો માટે અનાવર્તક ખર્ચ કરવામાં આવે;

(૫) પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

(૬) યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમજ છૂટા થયેલા શિક્ષકોને વેતન, વળતર કે અન્ય જે કાંઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે;

(૭) પ્રોવિડંટ ફંડ અંગે સંચાલકમંડળના ફાળા અને ટ્રસ્ટની રચના સહિતનાં યુનિવર્સિટીનાં તમામ ધારાધોરણોનું પાલન કરવામાં આવે; અને

(૮) શિક્ષકોના વાર્ષિક મૂળ પગારના ૨½ ટકાના દરે જુદું ગ્રેચ્યુઈટી ફંડ ઊભું કરવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૫૪. શાહ કે. એસ. આર્ટ્સ એન્ડ વી. એમ. પારેખ કોમર્સ કોલેજ, કપડવંજ તરફથી જૂન ૧૯૭૪થી બી.એ. (પ્રિન્સિ.)માં ગુજરાતી અને અર્થશાસ્ત્ર; તથા બી.એ. (સબો.)માં સંસ્કૃત, પર્શિયન, અંગ્રેજી, મનોવિજ્ઞાન, ઇતિહાસ, ગણિતશાસ્ત્ર અને સમાજશાસ્ત્ર; તથા બી.કોમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે કાયમી જોડાણ માટેની અરજી.

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

" આથી ઠરાવવામાં આવે છે કે શાહ કે. એસ. આર્ટ્સ એન્ડ વી. એમ. પારેખ કોમર્સ કોલેજ, કપડવંજ નીચે જણાવેલ શરતોનું પાલન એક્ઝિકયુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૧૫-૫-૧૯૭૪ સુધીમાં કરે તો તેને બી.એ.(પ્રિન્સિ.)માં ગુજરાતી અને અર્થશાસ્ત્ર; તથા બી.એ.(સબો.)માં સંસ્કૃત, પર્શિયન, અંગ્રેજી, મનોવિજ્ઞાન, ઇતિહાસ, ગણિતશાસ્ત્ર અને સમાજશાસ્ત્ર; તથા બી.કોમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા, ૧૧-૬-૧૯૭૪થી કાયમી જોડાણ આપવા એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

(૧) ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કોલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

(૨) પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

(૩) યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારીભથ્થું અને ઘરભાડાભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકોને વેતન, વળતર કે અન્ય જે કાંઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે;

(૪) પ્રોવિડંટ ફંડ અંગે સંચાલકમંડળના ફાળા અને ટ્રસ્ટની રચના સહિતનાં યુનિવર્સિટીનાં તમામ ધારાધોરણોનું પાલન કરવામાં આવે; અને

(૫) શિક્ષકોના વાર્ષિક મૂળ પગારના ૨ ૧/૨ ટકાના દરે જુદું ગ્રેચ્યુઇટી ફંડ ઊભું કરવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૫૫. શ્રી સાર્વજનિક કોમર્સ કોલેજ, ગોધરા તરફથી જૂન ૧૯૭૪થી બી.કોમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ માટેની અરજી.

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

" આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. સાર્વજનિક કોમર્સ કોલેજ, ગોધરા નિમણૂંક અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન એક્ઝિકયુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૧૫-૫-૧૯૭૪ સુધીમાં કરે તો તેને બી.કોમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા

માટે તા. ૧૫-૬-૧૯૭૪થી તા. ૧૪-૬-૧૯૭૫ સુધીનું ચાલુ જોડાણ આપવા માટે એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

(૧) નીચે જણાવેલ નિમણૂકો કરવામાં આવે :

૧. વાણિજ્યના પૂર્ણ સમયના પ્રાધ્યાપક
૨. યોગ્ય લાયકાત ધરાવતા ગ્રંથપાલ;

(૨) કૉલેજના કુલ તેમ જ વર્ગવાર વિદ્યાર્થીઓની સંખ્યાના સંદર્ભમાં કૉલેજના મકાનમાં યુનિવર્સિટીનાં પ્રચલિત ધારાધોરણો અનુસાર યોગ્ય ફેરફાર કરવામાં આવે;

(૩) ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

(૪) પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ રૂ. ૭,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

(૫) યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકોને વેતન, વળતર કે અન્ય જે કાંઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે;

(૬) પ્રોવિડંટ ફંડ અંગે સંચાલક મંડળના ફાળા અને ટ્રસ્ટની રચના સહિતનાં યુનિવર્સિટીનાં તમામ ધારાધોરણોનું પાલન કરવામાં આવે; અને

(૭) શિક્ષકોના વાર્ષિક મૂળ પગારના ૨ ૧/૨ ટકાના દરે જુદું ગ્રેચ્યુઇટી ફંડ ઊભું કરવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૫૬. શેઠશ્રી ચિમનલાલ નાથુરામ કૉમર્સ કૉલેજ, વીસનગર તરફથી જૂન ૧૯૭૪થી બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટેના ચાલુ જોડાણ માટેની શરતોના પરિપાલનના હેવાલ પર વિચારણા કરીને સદરહુ કૉલેજે માગેલું જોડાણ આપવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શેઠશ્રી ચિમનલાલ નાથુરામ કૉમર્સ કૉલેજ, વીસનગરને બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૪થી તા. ૧૪-૬-૧૯૭૯ સુધીનું ચાલુ જોડાણ આપવું.

૫૭. કૉલેજ ઑફ એજ્યુકેશન, હરામલી અંગે આવેલ કેટલીક ફરિયાદો બાબતમાં તપાસ માટે નિયુક્ત થયેલી તપાસસમિતિના અને યુનિવર્સિટીના ડેપ્યુટી એકાઉન્ટન્ટ-(ઑડિટ)ના અહેવાલો પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજની બાબતમાં ડૉ. કે. જી. દેસાઈની તપાસસમિતિએ કરેલા રિપોર્ટના સંદર્ભમાં સદરહુ કૉલેજને તા. ૧૫-૬-૧૯૭૪થી ચાલુ જોડાણ આપવું નહીં તેવા આ સભાગૃહના અભિપ્રાય સાથે આ બાબત ઍકેડેમિક કાઉન્સિલની પુનર્વિચારણા માટે મોકલવી; દરમ્યાન સદરહુ કૉલેજને જણાવવું કે ૧૯૭૪-૭૫ના વર્ષ માટે કોઈ પણ વિદ્યાર્થીઓને દાખલ કરવા નહીં.

૫૮. નવજીવન સાયન્સ કૉલેજ, દાહોદ તરફથી જૂન ૧૯૭૪થી પ્રી-યુનિ. સાયન્સના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ તથા પ્રથમ વર્ષ બી.એસસી.માં રસાયણ-વિજ્ઞાન, ભૌતિકવિજ્ઞાન, જીવવિજ્ઞાન અને ગણિતશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાના જોડાણ માટેની અરજી.

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

" આથી ઠરાવવામાં આવે છે કે નવજીવન સાયન્સ કૉલેજ, દાહોદ નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન એકિઝકયુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૧૫-૫-૧૯૭૪ સુધીમાં કરે તો તેને પ્રી-યુનિવર્સિટી સાયન્સના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૪ થી તા. ૧૪-૬-૧૯૭૫ સુધીનું ચાલુ જોડાણ તથા પ્રથમ વર્ષ બી.એસસી. રસાયણવિજ્ઞાન, ભૌતિકવિજ્ઞાન, જીવવિજ્ઞાન અને ગણિતશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૪થી તા. ૧૪-૬-૧૯૭૫ સુધીનું વધારાનું જોડાણ આપવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

(૧) નીચે જણાવેલ નિમણૂકો કરવામાં આવે :

ગણિતશાસ્ત્રના ખંડ સમયના વ્યાખ્યાતા અથવા ટ્યૂટર;

(૨) ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

(૩) પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

(૪) યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકોને વેતન, વળતર કે અન્ય જે કાંઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે;

(૫) પ્રોવિડંટ ફંડ અંગે સંચાલકમંડળના ફાળા અને ટ્રસ્ટની રચના સહિતનાં યુનિવર્સિટીનાં તમામ ધારાધોરણોનું પાલન કરવામાં આવે;

(૬) શિક્ષકોના વાર્ષિક મૂળ પગારના ૨½ ટકાના દરે ગ્રેચ્યુઇટી ફંડ ઊભું કરવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૫૯. ભવન્સ જશોદાબહેન કૉમર્સ કૉલેજ, ડાકોર તરફથી જૂન ૧૯૭૪થી બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ માટેની અરજી.

એકૅડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે ભવન્સ જશોદાબહેન કૉમર્સ કૉલેજ, ડાકોર નીચે જણાવેલ શરતોનું પાલન એક્ઝિક્યુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૧૫-૫-૧૯૭૪ સુધીમાં કરે તો તેને બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૪થી તા. ૧૪-૬-૧૯૭૭ સુધીનું ચાલુ જોડાણ આપવા એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

(૧) ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

(૨) પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

(૩) યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકોને વેતન, વળતર કે અન્ય જે કાંઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે;

(૪) પ્રૉવિડંટ ફંડ અંગે સંચાલક મંડળના ફાળા અને ટ્રસ્ટની રચના સહિતનાં યુનિવર્સિટીનાં તમામ ધારાધોરણોનું પાલન કરવામાં આવે;

(૫) શિક્ષકોના વાર્ષિક મૂળ પગારના ૨½ ટકાના દરે ગ્રેચ્યુઇટી ફંડ ઊભું કરવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે ઍકૅડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૬૦. શ્રી સવિતાબહેન ચૂનીભાઈ પટેલ ફરતી કૂઈવાળા કૉમર્સ કૉલેજ, ડભોઈ તરફથી જૂન ૧૯૭૪થી બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ માટેની અરજી.

એકૅડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે શ્રી સવિતાબહેન ચૂનીભાઈ પટેલ ફરતી કૂઈવાળા કૉમર્સ કૉલેજ, ડભોઈ નીચે જણાવેલ શરતોનું પાલન એક્ઝિક્યુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૧૫-૫-૧૯૭૪ સુધીમાં કરે તો તેને બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૪થી તા. ૧૪-૬-૧૯૭૯ સુધીનું ચાલુ જોડાણ આપવા એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

(૧) ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

(૨) પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;
(૩) યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકોને વેતન, વળતર કે અન્ય જે કાંઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે;
(૪) પ્રોવિડંટ ફંડ અંગે સંચાલક મંડળના કાળા અને ટ્રસ્ટની રચના સહિતનાં યુનિવર્સિટીનાં તમામ ધારાધોરણોનું પાલન કરવામાં આવે;
(૫) શિક્ષકોના વાર્ષિક મૂળ પગારના ૨½ ટકાના દરે ગ્રેચ્યુઈટી ફંડ ઊભું કરવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૬૧. એમ. ડી. શાહ કૉમર્સ કૉલેજ, ઍન્ડ બી. ડી. પટેલ આર્ટ્સ કૉલેજ, મહુધા-તરફથી જૂન ૧૯૭૪થી બી.એ. (પ્રિન્સિ.)માં ગુજરાતી, અર્થશાસ્ત્ર; તથા બી.એ. (સબો.)-માં મનોવિજ્ઞાન અને સમાજશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે કાયમી જોડાણ માટેની અરજી પર મૂકેલી શરતોના પરિપાલનના અહેવાલના સંબંધમાં વિચારણા કરવા બાબત.

[નોંધ.—(૧) "ગ્રેચ્યુઈટી ફંડ" ૧૯૭૩-૭૪ના વર્ષથી ઊભું કરવામાં આવશે તેમ કૉલેજે જણાવ્યું છે, પરંતુ તે ફંડ તા. ૧-૪-૧૯૭૨થી ઊભું કરવા માટે કૉલેજને જણાવ્યું છે.
(૨) યુનિવર્સિટી ધારાની કલમ ૩૩-એ અન્વયે કૉલેજ-ગવર્નિંગ બોડીની રચના કરવામાં આવી નથી.]

આથી ઠરાવવામાં આવે છે કે એમ. ડી. શાહ કૉમર્સ કૉલેજ અને બી. ડી. પટેલ આર્ટ્સ કૉલેજ, મહુધાને બી.એ.(પ્રિન્સિ.)માં અર્થશાસ્ત્ર, ગુજરાતી; તથા બી.એ.(સબો.)માં મનોવિજ્ઞાન અને સમાજ-શાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૪થી કાયમી જોડાણ આપવું.

વધુમાં ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજને ગ્રેચ્યુઈટી ફંડ તા. ૧-૪-૧૯૭૨થી ઊભું કરવા તથા ગવર્નિંગ બોડીની રચના તાકીદે કરીને જાણ કરવા માટે જણાવવું.

૬૨. જૂન ૧૯૭૩થી જોડાણ મેળવવા માટેની અરજીઓ પર મૂકેલી શરતોનું પરિપાલન નીચે જણાવેલ કૉલેજો તરફથી હજુ સુધી કરવામાં આવ્યું ન હોઈ તે પ્રત્યેક કૉલેજોની સામે દર્શાવેલ વિષયો/અભ્યાસક્રમો માટેનું જોડાણ એકિઝકયુટિવ કાઉન્સિલે આપ્યું નથી તો જે તે વિષયના વિદ્યાર્થીઓને તે વિષયની આગામી પરીક્ષાઓમાં તેમના પ્રવેશને માન્ય રાખવાની બાબતમાં વિચારણા કરવા બાબત :

ક્રમાંક	કૉલેજનું નામ	વિષયો / અભ્યાસક્રમો
૧.	ગુજરાત કૉલેજ, અમદાવાદ	... ૧. પ્રી-મેડિકલના અભ્યાસક્રમો. ૨. બી.એ.(પ્રિન્સિ.)માં મનોવિજ્ઞાન, અને સમાજ-શાસ્ત્ર તથા બી. એ. (સ્પે)માં આંકડાપદ્ધતિ ૩. બી. એસસી. (સ્પે.)માં કીટાણુવિજ્ઞાન અને આંકડાશાસ્ત્ર; અને ૪. દ્વિતીય વર્ષ નાટ્યવિદ્યાના અભ્યાસક્રમો.

ક્રમાંક	કૉલેજનું નામ		વિષયો--અભ્યાસક્રમો
૨.	શ્રી એમ. એન. કૉલેજ, વીસનગર	...	૧. બી.એ.(પ્રિન્સિ)માં તત્ત્વજ્ઞાન તથા બી.એ. (સબ્સે.)માં આંકડાપદ્ધતિ ૨. બી.એસસી. (સબ્સે.)માં પ્રાણીવિજ્ઞાન અને આંકડાશાસ્ત્ર
૩.	શ્રી આર. કે. પરીખ આર્ટ્સ ઍન્ડ શ્રી એમ. કે. પટેલ કૉમર્સ કૉલેજ, પેટલાદ	...	બી.એ.(પ્રિન્સિ.)માં સમાજશાસ્ત્ર
૪.	એચ. એલ. કૉલેજ ઑફ કૉમર્સ, અમદાવાદ	...	બી.કૉમ.માં બિઝનેસ મૅનેજમેન્ટ
૫.	શ્રી સી. વી. શાહ લૉ કૉલેજ, ખંભાત	...	તૃતીય એલએલ.બી.ના અભ્યાસક્રમો

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજોને જોડાણ અંગેની શરતોનું તાકીદે યથાર્થ પરિપાલન કરીને જાણ કરવા માટે જણાવવું અને દરમ્યાનમાં સદરહુ કૉલેજોના વિદ્યાર્થીઓને નુકસાન ન થાય તે માટે સદરહુ કૉલેજોએ જે વિષયોમાં જોડાણ માગ્યું છે પણ હજુ સુધી મળ્યું નથી તે વિષયોમાં યુનિવર્સિટીની સંબંધકર્તા પરીક્ષાઓમાં બેસવા દેવા.

૬૩. શ્રી એમ. એન. કૉલેજ ઑફ ફાર્મસી, ખંભાત તરફથી જૂન ૧૯૭૪થી જોડાણ મેળવવા માટેની અરજી પર મૂકેલી શરતો પૈકી જે શરતોનું પરિપાલન તા. ૩૧-૩-૧૯૭૪ સુધીમાં કરવાનું હતું તે શરતોનું પાલન ગુજરાતની અશાંત પરિસ્થિતિને લીધે થઈ શકયું નથી તો તેના પાલન અંગેની મુદ્દત તા. ૧૫-૫-૧૯૭૪ સુધી લંબાવી આપવા સદરહુ કૉલેજના આચાર્યશ્રીએ તેમના તા. ૧૨-૪-૧૯૭૪ના પત્રથી વિનંતી કરી હોઈ તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત નીચેનાં સૂચનો સાથે ઍકેડેમિક કાઉન્સિલની વિચારણા માટે પાછી મોકલવી :

શ્રી. એમ. એન. કૉલેજ ઑફ ફાર્મસી, ખંભાતને તેણે માંગેલું જોડાણ જૂન ૧૯૭૪થી ચાલુ ન રાખતાં—

(૧) ફાર્મસીના ડિપ્લોમાના અભ્યાસક્રમો માટેનું જોડાણ તા. ૧૫મી જૂન ૧૯૭૪થી ચાલુ રાખવામાં આવે;

(૨) ડિગ્રી પરીક્ષા માટે નવા વિદ્યાર્થીઓને દાખલ કરવા નહીં એમ સદરહુ કૉલેજને સૂચના આપવી;

(૩) ડિગ્રી અભ્યાસક્રમના બીજા અને ત્રીજા વર્ષમાં આવેલા વિદ્યાર્થીઓને જૂન ૧૯૭૪થી તેમનો અભ્યાસ તે વર્ષ માટે સદરહુ કૉલેજમાં ચાલુ રાખવા માટે મંજૂરી આપવામાં આવે; અને

(૪) જૂન ૧૯૭૪માં ડિગ્રી પરીક્ષાના ચોથા અને ત્રીજા વર્ષમાં આવેલા વિદ્યાર્થીઓને ગયા વર્ષની જેમ એલ. એમ. કૉલેજ ઑફ ફાર્મસીમાં સમાવવામાં આવે.

૬૪. જૂન ૧૯૭૫થી નીચેની સંસ્થાઓ તરફથી તેમનાં નામ સામે જણાવેલી વિદ્યા-શાખાઓની કૉલેજ શરૂ કરવા માટેની જોડાણઅરજી અંગે યુનિવર્સિટી ધારાની કલમ 33(૨)ના સંદર્ભમાં વિચારણા કરી જરૂરિયાત નક્કી કરવા બાબત :

ક્રમાંક	અરજી કરનાર સંસ્થાનું નામ	કૉલેજનું સ્થળ	વિદ્યાશાખા
૧.	ચતુર્ભુજ લાજપતરાય એજ્યુકેશન ટ્રસ્ટ, અમદાવાદ	અમદાવાદ	વિનયન-વાણિજ્ય (હિંદી માધ્યમ)
૨.	નવજ્યોતિ એજ્યુકેશન ટ્રસ્ટ, અમદાવાદ	અમદાવાદ	વિનયન-વાણિજ્ય
૩.	મહર્ષિ અરવિંદ એજ્યુકેશન ટ્રસ્ટ, સોજિત્રા	સોજિત્રા	વિનયન-વાણિજ્ય
૪.	બલોલ કેળવણી મંડળ, બલોલ (જિ. મહેસાણા)	બલોલ	વિનયન-વાણિજ્ય
૫.	શ્રી વીરેન્દ્ર એજ્યુકેશન સોસાયટી, છોટાઉદેપુર (જિ. વડોદરા)	છોટાઉદેપુર	વાણિજ્ય
૬.	નવજ્યોતિ એજ્યુકેશન ટ્રસ્ટ, અમદાવાદ	અમદાવાદ	કાયદો

[Sec. 33 (2) :

On receipt of the letter, the Executive Council shall, in consultation with the Academic Council and after giving to the college an opportunity of stating its case, determine before 31st July, following the month of March in the year first aforesaid whether the college will supply a need in the locality, having regard to the type of education intended to be provided by the college, the existing provision for the same type of education made by other colleges in the neighbourhood and the suitability of the locality where the college is to be established, and communicate the decision to the college before the said 31st July.]

આથી ઠરાવવામાં આવે છે કે ઉપરની પ્રત્યેક પ્રસ્તુત નવી કૉલેજોની જોડાણઅરજીઓ જોઈ-તપાસીને ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૩૩ (૨)ના સંદર્ભમાં તે કૉલેજોની જરૂરિયાત છે કે કેમ તે બાબતમાં પોતાની સુચિંતિત ભલામણો રજૂ કરવા માટે નીચે જણાવેલા સભ્યોની સમિતિ નીમવી :

૧. આચાર્ય ય. પ્રા. શુકલ
૨. આચાર્ય એમ. સી. શાહ
૩. આચાર્ય દર્શનસિંહ શીખ
૪. પ્રો. મનુભાઈ ડી. પંચોલી.

૬૫ પ્રૌઢ શિક્ષણ (Adult Education) વિભાગ માટે પાંચમી પંચવર્ષીય યોજનાના અંત સુધી એટલે કે ૧૯૭૮-૭૯ સુધી આર્થિક સહાય આપવાનું યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને મંજૂર કર્યું તે પછીની જવાબદારી માટે રાજ્ય સરકારને લખતાં

તેમની અશક્તિ દર્શાવતો તેમના તા. ૨૨-૨-૧૯૭૪ના પત્ર ક્રમાંક યુએસજી-૧૧૭૩-૧૦ ૩૭૧૯-ખ પરત્વે એક્ઝિકયુટિવ કાઉન્સિલે તેની તા. ૧૬-૩-૧૯૭૪ની સભામાં સદરહુ યોજના પડતી મૂકવી પડે છે તેમ યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનને તેમ જ રાજ્ય સરકારને જાણ કરવા ઠરાવ્યું હતું તે અંગે રાજ્ય સરકારને અમુક મુદ્દાઓને આધારે પુનર્વિચારણા માટે કુલપતિ-શ્રીએ લખ્યું તેની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૬૬. સરકારી કૉલેજોના શિક્ષકોને કેવળ ચોથી પંચવર્ષીય યોજના હેઠળ સુધારેલાં પગારધોરણો લાગુ પાડવા અંગેના તા. ૧-૪-૧૯૭૪ના સરકારી ઠરાવ ક્રમાંક એમ.આઈ.એસ. ૧૦૭૩-એલ ની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૬૭. હાલની આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજ, ઈડરનું નામ બદલીને હવેથી "ઈડર આંજણા પાટીદાર એચ. કે. એમ. આર્ટ્સ એન્ડ પી. એન. પટેલ કોમર્સ કૉલેજ, ઈડર" એમ રાખવા માટે સદરહુ કૉલેજના આચાર્યશ્રીએ તેમના તા. ૯-૪-૧૯૭૪ના પત્રથી કરેલ વિનંતી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજ, ઈડરનું નામ બદલીને "ઈડર આંજણા પાટીદાર એચ. કે. એમ. આર્ટ્સ એન્ડ પી. એન. પટેલ કોમર્સ કૉલેજ, ઈડર" રાખવા માટે સદરહુ કૉલેજને આ યુનિવર્સિટી સાથેના જોડાણના હેતુ માટે મંજૂરી આપવી.

૬૮. રાષ્ટ્રીય સેવા યોજનાની આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, બોરસદના ચાલુ અધ્યાપક-ઇન-ચાર્જની બદલી અંગેના કૉલેજના આચાર્યશ્રીના તા. ૧૨-૪-૧૯૭૪ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

બદલાયેલા અધ્યાપક-ઇન-ચાર્જની વિગતો નીચે મુજબ છે :

કૉલેજનું નામ	મૂળ અધ્યાપક-ઈન-ચાર્જનું નામ	બદલાયેલા અધ્યાપક-ઈન-ચાર્જનું નામ	કારણ
આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજ, બોરસદ (જિ. ખેડા)	શ્રી. આર. એચ. પટેલ	શ્રી. કે. સી. બારોટ	શ્રી. પટેલ સમયના અભાવે કામ કરી શકે તેમ નથી.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજના એન.એસ.એસ. એકમના અધ્યાપક-ઇન-ચાર્જ તરીકે શ્રી. આર. એચ. પટેલને બદલે શ્રી કે. સી. બારોટની નિમણૂક તા. ૧૫-૬-૧૯૭૪થી કરવી.

૬૯. સદરહુ બાબતની વિચારણા બાબત નં. ૮૧ની સાથે કરવામાં આવેલી હોઈ તેની નોંધ તે ક્રમમાં દર્શાવવામાં આવી છે.

૭૦. પીપલ્સ એજ્યુકેશન સોસાયટી સંચાલિત શેઠ ડી. એલ. લૉ કૉલેજ, ભૂજમાં જૂન ૧૯૭૪થી કૉલેજનો સમય સાંજનો કરવા માટેની પરવાનગી માટે સદરહુ કૉલેજના આચાર્યશ્રીએ તેમના તા. ૧૬-૪-૧૯૭૪ના પત્રથી કરેલી વિનંતી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજને નવા શૈક્ષણિક વર્ષથી પોતાનું શિક્ષણકાર્ય સાંજના સમયે કરવા માટે મંજૂરી આપવી.

૭૨. આગામી ઉનાળાની રજાઓમાં ૨૫ વિદ્યાર્થીઓ માટે સાત દિવસનો વાચન શિબિર યોજવા માટે આ સાથે જોડેલ પરિશિષ્ટ પ્રમાણે રૂ. ૩,૨૮૩નો અંદાજી ખર્ચ મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આગામી ઉનાળાની રજાઓમાં ૨૫ વિદ્યાર્થીઓ માટે સાત દિવસનો વાચન શિબિર યોજવા માટેનો સદરહુ પ્રસ્તાવ મંજૂર કરવો તથા તે માટે રૂ. ૩,૨૮૩ સુધીનો અંદાજી ખર્ચ મંજૂર કરવો.

વધુમાં, સદરહુ વાચન શિબિરના સંચાલક તરીકે આચાર્ય ય. પ્રા. શુક્લને નીમવા.

૭૨. એકઝકયુટિવ કાઉન્સિલે તેની તા. ૧૫-૧૨-૧૯૭૩ની સભામાં સ્પેસ સાયન્સ એન્ડ ધેર એપ્લિકેશન્સ સેન્ટરના વિભાગ માટે પ્રોફેસરની નિમણૂક થાય નહીં ત્યાં સુધી ડૉ. કે. એમ. કોટડિયાને યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનની મંજૂરીને આધીન માસિક રૂ.૨૦૦નું ભથ્થું આપવા ઠરાવ્યું હતું તે અંગે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને તેમના તા. ૨૮-૩-૧૯૭૪ના પત્ર ક્રમાંક એફ. ૨૭-૩-૭૩(એસસી. આઈ.)થી મંજૂરી આપવાની અશક્તિ દર્શાવેલ હોઈ ડૉ. કોટડિયાને રૂ. ૧૦૦નું ભથ્થું યુનિવર્સિટી ફંડમાંથી આપવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ડૉ. કે. એમ. કોટડિયાને સદરહુ વિષયના પ્રોફેસર પોતાની ફરજ પર હાજર થાય ત્યાં સુધીના સમયગાળા માટે માસિક રૂ. ૮૦ના દરે અંગત ભથ્થું આપવું તથા આ ઠરાવનો અમલ તા. ૧૫-૬-૧૯૭૩થી કરવાનું રાખવું.

૭૩. યુનિવર્સિટીમાં કામ કરતા નીચેના કર્મચારીઓને સ્ટે. ૧૮૮(૨) પ્રમાણેની મકાન-બાંધકામ અંગેની તેઓના નામ સામે જણાવેલ રકમની લોન માટેની તેઓની અરજીઓ ઉપર વિચારણા કરવા બાબત:

ક્રમાંક	નામ	તા. ૩૧-૩-૧૯૭૪ સુધીની જમા થયેલ રકમ રૂ. પૈ.	માંગેલી લોનની રકમ રૂ.	અગાઉની પ્રૉ. ફંડની લોનની બાકી રહેતી રકમ જે વસૂલ લેવામાં આવશે રૂ. પૈ.
૧.	શ્રી. વી. કે. ચાવડા, વ્યાખ્યાતા, સમાજવિદ્યા ભવન	૨૦,૦૯૬-૪૨	૨૦,૦૦૦	૧૨૪-૦૦ તથા વ્યાજ
૨.	શ્રીમતી હંસા યુ. વ્યાસ, જુ. કલાર્ક	૪,૮૦૭-૮૩	૪,૮૦૦	૨,૧૦૮-૦૦ તથા વ્યાજ
૩.	શ્રી. ખી. એસ. શાહ, જુ. કલાર્ક	૪,૪૮૫-૪૭	૪,૪૦૦	—
૪.	ભાણુજી રાજારામ ચૌહાણ	૩,૮૬૨-૦૫	૩,૮૦૦	૧,૬૨૦-૦૦ તથા વ્યાજ

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સભ્યોને સ્ટે. ૧૮૮(૨) હેઠળ મકાન બાંધવા માટે તેમના પ્રોવિડન્ટ ફન્ડ ખાતામાંથી યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ ઉપર મુજબ તેમના નામ સામે જણાવેલ લોન મંજૂર કરવી.

૭૪. લેક્ચરર ઇન એજ્યુકેશનની તથા કન્ટિન્યુઇંગ એજ્યુકેશનની ખાલી પડેલ જગ્યા માટે વરણીસમિતિની રચના કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ જગ્યા માટેની વરણીસમિતિ પર ક્રમાનુવર્તી બે સભ્યોની નિમણૂક કરવી.

૧. શ્રી. ગૌરીભાઇ ભટ્ટ
૨. ડૉ. એમ. વી. મૂચ
(૩) ડૉ. આર. એસ. ત્રિવેદી
(૪) ડૉ. ડી. એમ. દેસાઇ.

૭૫. વિજ્ઞાન વિદ્યાભવનના અધ્યક્ષ તથા વનસ્પતિવિજ્ઞાનના પ્રાધ્યાપક ડૉ. જે. જે. ચિનોય તા. ૧૫-૬-૧૯૭૪થી યુનિવર્સિટીની સેવામાંથી નિવૃત્ત થતા હોઇ તેઓને ત્યાર બાદ યુનિવર્સિટીમાં માનાર્હ ધોરણે સેવા આપવા દેવા અંગેના તેઓના તા. ૧૬-૪-૧૯૭૪ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે પ્રો. જે. જે. ચિનોયે માનાર્હ ધોરણે વનસ્પતિવિજ્ઞાનના પ્રાધ્યાપક તરીકે પોતાની સેવાઓ આપવા માટે જણાવ્યું છે તેની સાભાર નોંધ લઇને તેમની સેવાઓ માનાર્હ ધોરણે તા. ૧૫-૬-૧૯૭૪થી સ્વીકારવી.

૭૬. યુનિવર્સિટી તા. ૨૩મી નવેંબર ૧૯૭૪ના રોજ પચીસમું વરસ પૂરું કરશે. રજત જયંતીના એ પ્રસંગની સુયોગ્ય ઉજવણી માટે બનતી વ્યવસ્થાનો વિચાર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ગુજરાત યુનિવર્સિટીના રજત જયંતી મહોત્સવની ઉજવણી માટે કાર્યક્રમની તથા અંદાજપત્રની વિગતો તૈયાર કરવા માટે જરૂરી સમિતિની રચના કરવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૭૭. યૂથ હૉસ્ટેલ્સ એસોસિયેશન(ગુજરાત શાખા)ના સભ્ય તરીકે આપણી યુનિવર્સિટીને સભ્ય સંસ્થા બનાવવા માટે વિનંતી કરતા યૂથ હૉસ્ટેલ્સ એસોસિયેશનના માનદ મંત્રી તરફથી આવેલ પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યૂથ હૉસ્ટેલ્સ એસોસિયેશન (ગુજરાત શાખા)નું સભ્યપદ યુનિવર્સિટીએ સ્વીકારવું અને તે માટે પાંચ વર્ષની સભ્ય ફી અંગે રૂ. ૧૦૦નું ખર્ચ મંજૂર કરવું.

૭૮. વિજ્ઞાન વિદ્યાભવનમાં પ્રાણીવિજ્ઞાનના વ્યાખ્યાતા તરીકે કામ કરતાં ડૉ. (મિસ) એન. જે. ચિનોયની Dept. of Anatomy, Rutgers Medical School, Rutgers, The State University, New Jersey, U.S.A. ખાતે પોસ્ટ-ડૉક્ટરલ રિસર્ચ એન્ડ ટીચિંગ એસાઇનમેન્ટ માટે તા. ૧-૮-૧૯૭૩થી એક વર્ષની બિનપગારી રજા અગાઉ એકિઝકયુટિવ કાઉન્સિલે મંજૂર કરેલી છે તેમાં ઓછામાં ઓછા ૬ માસ એટલે કે

તા. ૧-૮-૧૯૭૪થી ૩૧-૧-૧૯૭૫ સુધીની મુદતમાં વધારો કરી આપવા અંગેના એનેટોમી ડિપાર્ટમેન્ટના પ્રો. આર્થર હેસના તા. ૮-૩-૧૯૭૪ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે વિજ્ઞાન વિદ્યાભવનમાં પ્રાણીવિજ્ઞાનના લેકચરર ડૉ. (કુ.) એન. જે. ચિનોયને સદરહુ કામગીરી ચાલુ રાખવા માટે તથા તે માટે તા. ૩૦-૧૧-૧૯૭૪ સુધી તેમની બિનપગારી રજા લંબાવવા માટે મંજૂરી આપવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે કુ. એન. જે. ચિનોયની ગેરહાજરીમાં તેમના શિક્ષણકાર્યની ઘટતી વ્યવસ્થા કરવા માટે કુલપતિશ્રીને જરૂરી સત્તા આપવી.

૭૯. મોન્ટ્રિયલ (કેનેડા) ખાતે તા. ૨૮-૭-૧૯૭૪થી તા. ૨-૮-૧૯૭૪ દરમ્યાન મળનાર એલાઇડ સાયકોલોજીની ૧૮મી પરિષદમાં હાજરી આપવા જવા માટે ટ્રાવેલ ગ્રાન્ટ અંગેના મનોવિજ્ઞાન ભવનના રીડર ઇન સાયકોલોજી ડૉ. એચ. ડી. બદામીના તા. ૮-૪-૧૯૭૪ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે મનોવિજ્ઞાન, શિક્ષણશાસ્ત્ર અને તત્ત્વજ્ઞાન વિદ્યાભવનના મનોવિજ્ઞાનના રીડર ડૉ. એચ. ડી. બદામીને સદરહુ પરિષદમાં હાજરી આપવા માટે જરૂરી રજા આપવી. પરંતુ તે માટે આર્થિક સહાય માટેની તેમની વિનંતી મંજૂર કરી શકાય તેમ નથી તેમ તેમને જણાવવું.

૮૦. એકિઝકયુટિવ કાઉન્સિલે તેની તા. ૨૩-૨-૧૯૭૪ની સભાના કામકાજ કમાંક ૯૬થી ગુજરાત યુનિવર્સિટી પુસ્તકનિધિ યોજના હેઠળ વર્ષ ૧૯૭૩-૭૪ના માટે મંજૂર કરેલી આર્થિક સહાયનો લાભ કેટલાક શિક્ષકો સંજોગવશાત્ તા. ૩૧-૩-૧૯૭૪ પહેલાં લઈ શકયા નથી એ જોતાં વર્ષ ૧૯૭૪-૭૫ દરમ્યાન તે શિક્ષકોને આ સહાયની રકમ ચૂકવવાની વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ૧૯૭૩-૭૪ના વર્ષ દરમિયાન પુસ્તક સહાય માટે જે અધ્યાપકોની અરજીઓ મંજૂર થયેલી પણ કોઇ ને કોઈ કારણસર તે વર્ષમાં નાણાં મંજૂર થઈ શકયાં નથી તેમને જરૂરી બિલો વગેરે રજૂ થતાં સને ૧૯૭૪-૭૫ના વર્ષમાં આર્થિક સહાય મંજૂર કરવી.

બાબત નં. ૬૯ અને ૮૧ની વિચારણા સાથે કરવામાં આવી.

૬૯. શ્રીમતી એચ. સી. પટેલ (કંડારી) આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, મિયાગામ-કરજણમાં જૂન ૧૯૭૪થી પાળીપદ્ધતિ અનુસાર બંને વિદ્યાશાખા અલગ ચલાવવા અંગેની પરવાનગી માંગતા મજકૂર કૉલેજના આચાર્યશ્રીના તા. ૯-૪-૧૯૭૪ના પત્ર પરત્વે વિચારણા કરવા બાબત.

અને

૮૧. પ્રવર્તમાન પરિસ્થિતિમાં યુનિવર્સિટી પરીક્ષાઓ અંગે કરાયેલ યોજનાને કારણે ઉપસ્થિત થનારા કેટલાક શૈક્ષણિક પ્રશ્નો પરત્વે માર્ગદર્શન માંગતા ગુજરાત યુનિવર્સિટી

કૉલેજીસ પ્રિન્સિપાલ્સ ઍસોસિયેશનના પ્રમુખશ્રી તરફથી આવેલા તા. ૧-૪-૧૯૭૪ના પત્ર પરત્વે વિચારણા કરવા બાબત.

૧૯૭૩-૭૪ના વર્ષ દરમિયાન કેટલીક પરીક્ષાઓ યુનિવર્સિટીએ લેવાને બદલે તે લેવાનું કામ કૉલેજોને સોંપવામાં આવેલું તેના સંદર્ભમાં નીચે મુજબ ઠરાવવામાં આવ્યું :

આથી ઠરાવવામાં આવે છે કે—

(૧) ઇ.બી.સી./બી.સી. શિષ્યવૃત્તિઓ વગેરેના પ્રશ્ન અંગે કુલપતિશ્રીએ રાજ્ય સરકારના શિક્ષણ ખાતાને લખેલા પત્રની નોંધ લેવી.

(૨) ૧૯૭૩-૭૪ના વર્ષમાં પ્રવર્તેલી વિશિષ્ટ પરિસ્થિતિના સંદર્ભમાં કેટલીક પરીક્ષાઓ લેવાનું કામ કૉલેજોને સોંપવામાં આવ્યું હતું અને તેવા વિદ્યાર્થીઓને ઐચ્છિક ધોરણે બેસવા માટે મંજૂરી આપવામાં આવી હતી તે સંજોગોમાં તથા એસ.એસ.સી.ની કે તેની સમકક્ષ પરીક્ષાઓ ઉત્તીર્ણ થઈને નવા દાખલ થતા વિદ્યાર્થીઓની સંખ્યામાં સંભવતઃ વધારો થવા પામશે તે સંજોગોમાં ૧૯૭૪-૭૫ના શૈક્ષણિક વર્ષમાં વિદ્યાર્થીઓના પ્રવેશ અંગે ઊભા થતા પ્રશ્ન અંગે તેનાં વિવિધ પાસાં તપાસીને પ્રશ્નો હલ કરવા માટે નીચે જણાવેલા સભ્યોની બનેલી સ્થાયી સમિતિ રચવી :

૧. વિનયન વિદ્યાશાખાના અધ્યક્ષ
૨. વિજ્ઞાન વિદ્યાશાખાના અધ્યક્ષ
૩. વાણિજ્ય વિદ્યાશાખાના અધ્યક્ષ
૪. કાયદા વિદ્યાશાખાના અધ્યક્ષ
૫. આચાર્ય પ્રેમશંકર ભટ્ટ
૬. આચાર્ય એચ. કે. ત્રિવેદી
૭. આચાર્ય જે. સી. ત્રિવેદી
૮. ડૉ. ધીરુભાઈ ઠાકર
૯. આચાર્ય એમ. જે. પટ્ટણી
૧૦. ડૉ. એચ. એમ. દેસાઈ
૧૧. શ્રી. મનીષી જની
૧૨. પ્રો. કે. એસ. શાસ્ત્રી
૧૩. શ્રી. કુલસચિવ.

નં. ૬૯માં આવરાતી બે કૉલેજોની વિનંતીનો નિર્ણય પણ ઉપરની સમિતિ કરશે.

૮૨. સુધારેલ યુનિવર્સિટી ધારો તા. ૧૨-૩-૧૯૭૩થી અમલમાં આવતાં આ યુનિવર્સિટી સાથેની સંલગ્ન કૉલેજોએ શિક્ષકોની નિમણૂક કરતી વખતે પ્રત્યેક કૉલેજોની સિલેકશન કમિટીમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ હોવા જરૂરી હોવા છતાં યુનિવર્સિટીના પ્રતિનિધિ

સિવાય નીચેની કૉલેજોમાં શિક્ષકોની નિમણૂક કરવામાં આવી હોવાનું જણાયેલ છે તો તે અંગે વિચારણા કરવા બાબત :

ક્રમાંક	કૉલેજનું નામ	શિક્ષકનું નામ	નિમણૂક તારીખ
૧.	શ્રી. શેઠ સી. એન. કૉમર્સ કૉલેજ, વીસનગર	શ્રી. એ. એચ. ભટ્ટ	૧—૮—'૭૩
૨.	મોતીલાલ નહેરુ લૉ કૉલેજ, અમદાવાદ	શ્રી. એસ. એમ. ભટ્ટ	૧૨—૭—'૭૩
		શ્રી. જે. યુ. મહેતા	૧—૭—'૭૩
		શ્રી. કે. એચ. દીક્ષિત	૧—૧—'૭૩
		શ્રી. કે. વી. પરીખ	૧૪—૭—'૭૩
૩	નવજીવન આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, દાહોદ	શ્રી. ડી. આર. વાલા	૨૭—૩—'૭૩
		શ્રી. એમ. એચ. શાહ	૧૮—૭—'૭૩
		શ્રી. બી. જી. શુક્લ	૧૪—૭—'૭૩
		શ્રી. જે. ડી. પટેલ	૪—૭—'૭૩
૪.	શ્રી. શાહ સી. કે. મ્યુ. કૉમર્સ કૉલેજ, કલોલ	શ્રી. એચ. એ. શાહ	૩—૭—'૭૩
૫.	સરદાર વલ્લભભાઈ કૉમર્સ કૉલેજ, અમદાવાદ	શ્રી. ડી. એચ. પટેલ	૧૧—૮—'૭૩
		કુ. ગીતા આર. પટેલ	૩—૭—'૭૩
૬.	એલ. ડી. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ	શ્રી. પી. સી. કોઠાવાળા	૨૦—૧૨—'૭૩
૭.	સરદાર વલ્લભભાઈ વાણિજ્ય મહાવિદ્યાલય, અમદાવાદ	શ્રી. ટી. આર. થામની	૧—૧૦—'૭૩
		શ્રી. બી. એમ. પટેલ	૧૦—૧૧—'૭૩
૮.	શ્રી. સી. બી. પટેલ આર્ટ્સ કૉલેજ, નડિયાદ	શ્રી. એસ. સી. રાવળ	૨૦—૧૧—'૭૩
૯.	આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, વડનગર	શ્રી. એફ. એ. મેમણ	૧—૧૨—'૭૩

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ નિમણૂકો, નવા યુનિવર્સિટી ધારાના અમલના સંક્રાન્તિ-કાળમાં કરવામાં આવેલી છે તે હકીકત લક્ષમાં લઈને, જે તે વરણીસમિતિ પર યુનિવર્સિટીના પ્રતિનિધિની નિમણૂક થયેલી નથી તે બાબત ક્ષમ્ય ગણીને સદરહુ નિમણૂકો ગ્રાહ્ય રાખવી, અને ભવિષ્યમાં આવી ક્ષતિ થાય નહિ તે માટે સદરહુ કૉલેજોને કાળજી રાખવા માટે જણાવવું.

૮૩. એક્સ્ટર્નલ પરીક્ષામાં વિદ્યાર્થીની માતૃભાષા-રહેઠાણ અંગેનું નિવેદન સંલગ્ન કૉલેજના આચાર્યશ્રીએ (જેઓ બધા જૂના કાયદા મુજબ યુનિવર્સિટીની સેનેટના હોદ્દાગત સભ્યો હતા) પ્રમાણિત કરી શકે તે માટે ઑર્ડિ. ૧૭૪-એ (૧) (i) સુધારવા બાબત.

[**નોંધ.** – હાલના ઑર્ડ. ૧૭૪-એના (1) (*i*)માં notwithstanding anything contained above, persons who have already registered થી (*b*) વિભાગમાં Up to June, 1966 સુધીના શબ્દો કમી કરવા માટે કાર્યાલયનું સૂચન છે.]

આથી ઠરાવવામાં આવે છે કે ઑર્ડિ. ૧૭૪-એ આ સાથે જોડેલા પરિશિષ્ટ મુજબ સુધારવો તથા તેને તાત્કાલિક અમલમાં મૂકવો.

(સુધારેલા ઑર્ડિ. ૧૭૪-એની નકલ પરિશિષ્ટ "ગ" તરીકે સામેલ છે.)

૮૪. યુનિવર્સિટી કાર્યાલયના કર્મચારીઓને આપણે રાજ્ય સરકારના ધોરણે મોંઘવારી ભથ્થું એકિઝકયુટિવ કાઉન્સિલની મંજૂરીથી આપીએ છીએ તે લાભ કર્મચારીઓને આપોઆપ મળી જાય તેવી વ્યવસ્થા કરવા અંગેના સંઘના મંત્રીશ્રીના તા. ૧૬-૪-૧૯૭૪ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીના કર્મચારીઓના મોંઘવારી ભથ્થાના દર નિયત કરવાની સત્તા એકિઝકયુટિવ કાઉન્સિલની હોઈ તેમાં ફેરફાર કરવા માટેના પ્રસ્તાવો આ સભાગૃહ સમક્ષ રજૂ કરવાની પ્રથા ચાલુ રાખવી.

૮૫. સદરહુ બાબતની વિચારણા બાબત નં. ૧૦૪ સાથે કરવામાં આવેલી હોઈ તેની નોંધ તે ક્રમમાં દર્શાવવામાં આવી છે.

૮૬. ભાષા-સાહિત્ય ભવનમાં પર્શિયનના રીડર ડૉ. છોટુભાઈ આર. નાયક જેઓની ઉંમર તા. ૧૮-૭-૧૯૭૪ના રોજ ૬૩ વર્ષની થશે તેથી તેઓની સેવાઓ લંબાવવા અંગે વિચારણા કરવા બાબત.

(તેઓની સેવાઓ તા. ૧૮-૭-'૭૪ સુધી લંબાવી આપવામાં આવી છે.)

આથી ઠરાવવામાં આવે છે કે ભાષા-સાહિત્ય ભવનના પર્શિયનના રીડર ડૉ. છોટુભાઈ આર. નાયકને પોતાની તબીબી તપાસ માટે ડૉ. છોટુભાઈ એચ. નાયક સમક્ષ ઉપસ્થિત થવા માટે જણાવવું, તથા તે અંગેનો તબીબી અહેવાલ આવ્યેથી આ બાબતમાં જરૂરી નિર્ણય લેવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૮૭. એકિઝકયુટિવ કાઉન્સિલની તા. ૨૩-૨-૧૯૭૪ની સભાએ તા. ૧-૪-૧૯૭૪થી અમલી બને તે રીતે સંલગ્ન કૉલેજોના આચાર્યનું પગારધોરણ રૂ. ૧,૧૦૦-૫૦-૧,૬૦૦નું નિયત કર્યું છે તેના સંદર્ભમાં નીચેની બાબતો પરત્વે પૂછપરછ થતી હોવાથી તે અંગે વિચારણા કરવા બાબત :

(૧) પગાર નક્કી કરતી વખતે આચાર્ય તરીકેનો અનુભવ ગણતરીમાં લેવા માટેના નીતિનિયમો.
(૨) હાલનો પગાર લક્ષમાં લઈને નવો પગાર નક્કી કરવા માટેના નીતિનિયમો.
(૩) અનુસ્નાતક વર્ગોવાળી અને તે વગરની કૉલેજોના આચાર્યોને એક ગણવા કે અલગ પાડવા તે અંગે.
(૪) ઈજાફાની તારીખ અંગે.
(૫) પગારધોરણ અમલી બનાવવા માટેની માર્ગદર્શક પદ્ધતિ અંગે.

આથી ઠરાવવામાં આવે છેકે પાંચમી પંચવર્ષીય યોજના દરમ્યાન આચાર્યોના પગારધોરણ સૂચિત સુધારાના સંદર્ભમાં એકિઝકયુટિવ કાઉન્સિલના તા. ૨૩-૨-૧૯૭૪ની સભામાં બાબત નં. ૭૮ પરના ઠરાવથી સંલગ્ન કૉલેજોના આચાર્યોના રૂ. ૧,૧૦૦—૫૦—૧,૬૦૦ના સુધારેલ પગારધોરણનો અમલ કરવા જણાવેલું તેનો અમલ સ્થગિત કરવા માટે સંલગ્ન કૉલેજોને જણાવવું.

૮૮. યુનિવર્સિટીમાં કેટલાક અધિકારીઓને અપાતું સ્કૂટર એલાવન્સ, જે અત્યારે માસિક રૂ. ૭૫ લેખે આપવામાં આવે છે તે પેટ્રોલ તથા સ્કૂટર સ્પેરપાર્ટ્સ ઇત્યાદિના ભાવોમાં થયેલા વધારાના સંદર્ભમાં માસિક રૂ. ૧૧૦ લેખે આપવા અંગેની ડી.પી.ઈ. શ્રી. વી. પી. મહેતા તથા અન્ય અધિકારી વર્ગના કર્મચારીઓની તા. ૧૪-૨-૧૯૭૪ની સંયુક્ત અરજી ઉપર વિચારણા કરવા બાબત.

[તા.ક.—તેઓએ જણાવ્યા પ્રમાણે અમદાવાદ મ્યુ. કૉર્પોરેશનમાં ઑક્ટોબર ૧૯૭૩થી માસિક રૂ. ૧૧૦ લેખે સ્કૂટર એલાવન્સ આપવામાં આવે છે. અરજદારોએ પણ ઑક્ટોબર ૧૯૭૩થી વધારો કરી આપવા વિનંતી કરી છે.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત સ્ટાફ અંગેની સ્થાયી સમિતિની વિચારણા માટે મોકલવી.

૮૯. કુલપતિશ્રીએ મંજૂર કરેલાં નીચેનાં કાર્યોની નોંધ લેવા બાબત :

(૧) મદદનીશ કુલસચિવ અને કુલપતિશ્રીના અંગત સચિવ શ્રી. બી. એમ. વૈશ્ય યુનિવર્સિટીના કર્મચારીઓ માટેની હાઉસિંગ બોર્ડની યોજનામાં જોડાયા હોઈ આ અંગેનાં નાણાં ભરવાની છેલ્લી તા. ૭-૪-૧૯૭૪ની હોઈ તેમની અગાઉની મકાન અંગેની લોન લક્ષમાં લઈને નિયમ મુજબ આપી શકાય તેટલી રૂ. ૯,૪૦૦ની વધુ લોન સ્ટે. ૧૮૮ (૨) હેઠળ મંજૂર કર્યાના;

(૨) વિજ્ઞાન વિદ્યાભવનના ગણિત વિભાગના રીડર શ્રી. ડી. એસ. બસનને યુ.જી.સી. ટ્રાવેલ ગ્રાન્ટના કારણે તા. ૧૮-૩-૧૯૭૪ થી તા. ૨-૪-૧૯૭૪ સુધીની ૧૬ દિવસની વેકેશન સાથે ફરજ-રજા મંજૂર કર્યાના;

(૩) ચોથી પંચવર્ષીય યોજના હેઠળ સંલગ્ન કૉલેજોના શિક્ષકો માટે પગાર સુધારવા રાજ્ય સરકાર તરફથી પ્રસિદ્ધ થયેલ તા. ૯-૩-૧૯૭૦ના રાજ્ય સરકારના ઠરાવ સામે ગુજરાતની વડી અદાલતમાં (રૂપે. સિવિલ એપ્લિકેશન નં. ૪૦૨) પ્રો. રવીન્દ્ર ઠાકોર તરફથી કરવામાં આવેલી રિટ પિટિશન દાખલ થતાં આ અંગેનો અંતિમ ચુકાદો આવે નહીં ત્યાં સુધી રાજ્ય સરકારના સદરહુ ઠરાવનું તેને આનુષંગિક વખતોવખત થયેલા સુધારાઓનું, એક્ઝિકયુટિવ કાઉન્સિલના ઠરાવનું તથા તેને આધારે સુધારેલા પગારધોરણને પાત્ર થતા શિક્ષકોની યાદી પર પગલાં લેવા સામે ગુજરાતની વડી અદાલતે આપેલ કામચલાઉ મનાઈહુકમની તથા આ કામ માટે એડવોકેટો શ્રી. ઇન્દ્રવદન નાણાવટી તથા શ્રી. સુરેશભાઈ એન. શેલતને રોક્યાના;

(૪) ફાર્મસી વિદ્યાશાખાનું બીજું સત્ર ચાલુ સાલે ૧૫મી એપ્રિલ ૧૯૭૪ને બદલે ૧૫મી મે ૧૯૭૪ સુધી લંબાવવા માટે મંજૂરી આપ્યાના;

(૫) સ્ટેનોગ્રાફી અને સેક્રેટરિયલ પ્રેક્ટિટસ માટેના ૭ માસના વિશિષ્ટ તાલીમ વર્ગો શરૂ કરવા અંગે શ્રી. વાડીલાલ લલ્લુભાઈ મહેતા તરફથી મળેલ આર્થિક સહાય તરીકે મળેલ રૂ. ૮,૦૦૦ સ્વીકાર્યાના તથા આ વર્ગો શરૂ કર્યાના;

(૬) અનુ. જાતિ, અનુ. જનજાતિ સહિતના ઉમેદવારોને બેંકિન્ગ સર્વિસમાં દાખલ થવા માટે લેવાનાર ટેસ્ટ માટે છ અઠવાડિયાંનો તાલીમ વર્ગ શરૂ કરવા અંગેના ખર્ચ પેટે પાર્શ્વનાથ કૉર્પોરેશન તરફથી મળેલ રૂ. ૫,૦૦૦ની આર્થિક સહાય સ્વીકાર્યાના તથા આ વર્ગો શરૂ કર્યાના;

(૭) આઇ.એ.એસ. તથા તેવી બીજી સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં બેસવા ઇચ્છતા વિદ્યાર્થી ભાઈ-બહેનો માટેનો છ માસનો પૂરા સમયનો ઘનિષ્ઠ અભ્યાસક્રમ ચલાવવા શ્રી. ઠાકોરલાલ ચિમનલાલ મુનશા ટ્રસ્ટ તરફથી મળેલ રૂ. ૧૫,૦૦૦ની આર્થિક સહાય સ્વીકાર્યાના તથા આ વર્ગો તા. ૧-૫-૧૯૭૪થી શરૂ કરવા કરેલ કાર્યવાહી કર્યાના.

આથી ઠરાવવામાં આવે છે કુલપતિશ્રીનાં ઉપરનાં કાર્યોની નોંધ લેવી.

૯૦. સંલગ્ન કૉલેજોના શિક્ષકો અંગે નીચે પ્રમાણેની યાદીઓની નોંધ લેવા બાબત :

(અ) સંલગ્ન કૉલેજોના માન્ય થયેલા શિક્ષકોની યાદી.

(બ) સંલગ્ન કૉલેજોમાં જે શિક્ષકોની નિમણૂક અમાન્ય કરવામાં આવી છે તે અંગેની યાદી.

(ક) અગાઉ માન્ય થયેલ શિક્ષકો જેઓ એક સંલગ્ન કૉલેજમાંથી બીજી કૉલેજમાં જોડાયા છે તેની યાદી

(ડ) જોડાણના સંદર્ભમાં જે શિક્ષકોની નિમણૂકને માન્ય કરવામાં આવી છે તેની યાદી.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ યાદીઓની નોંધ લેવી.

(સદરહુ યાદીઓની નકલ **પરિશિષ્ટ "ઘ"** તરીકે સામેલ છે.)

૯૧. ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૨૦ની પેટાકલમ ૫ અનુસાર એકિઝકયુટિવ કાઉન્સિલે સને ૧૯૭૪-૭૫ના વર્ષનું અંદાજપત્ર તથા સને ૧૯૭૩-૭૪ના વર્ષનું પુનર્નિમિત અંદાજપત્ર યુનિ. કોર્ટની તા. ૨૬/૩૦-૩-૧૯૭૪ની વાર્ષિક સભા સમક્ષ વિચારણા માટે મૂકવામાં આવેલું. પ્રો. પી. સી. પટેલે આ અંદાજપત્ર અંગે નીચેના પ્રસ્તાવો વિચારણા માટે રજૂ કરેલ, પરંતુ કોર્ટની આ સભા સંજોગવશાત્ મળી શકેલ નથી તો તે અંગેની પરિસ્થિતિમાં સદરહુ પ્રસ્તાવો તપાસી અંદાજપત્ર ફાઇનલી એડાપ્ટ કરવાની બાબત અંગે વિચારણા કરવા બાબત :

(૧) "કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારે તેમજ એલ.આઈ.સી. જેવી પ્રતિષ્ઠિત સંસ્થાઓએ તેમના કર્મચારીઓના સ્વાસ્થ્ય અંગે જાગરૂકતા દાખવી વિવિધ તબીબી રાહત યોજનાઓ અમલમાં મૂકી છે. ગુજરાત યુનિવર્સિટીએ પણ તેના કર્મચારીઓ, વિદ્યાર્થીઓ વગેરે માટે આરોગ્ય કેન્દ્ર અને તબીબી રાહત યોજનાની સવલતો ઊભી કરી છે. ગુજરાત યુનિવર્સિટી પ્રેસના કર્મચારીઓને રાજ્ય સરકારનો કામદાર રાજ્ય વીમા યોજના જેવી તબીબી રાહત યોજનાનો લાભ મળે છે પરંતુ યુનિવર્સિટી પ્રેસના કલાર્ક-સીનિયર કલાર્ક કક્ષાના પાંચ-સાત કર્મચારીઓને કામદાર રાજ્ય વીમા યોજના હેઠળ નિયમ મુજબ કોઈ રાહત મળતી નથી તો યુનિવર્સિટી કોર્ટની આ સભા યુનિવર્સિટી પ્રેસના જે કર્મચારીઓને કામદાર રાજ્ય વીમા યોજના હેઠળ આવરી લેવામાં આવ્યા ન હોય તેમને ગુજરાત યુનિવર્સિટીના

ક્લાર્ક-સીનિયર ક્લાર્ક કક્ષાના કર્મચારીઓને મળતી આરોગ્ય કેન્દ્ર અને તબીબી રાહત યોજનાનો લાભ લેવાની પરવાનગી આપવા એક્ઝિક્યુટિવ કાઉન્સિલને વિનંતી કરે છે અને આના સંદર્ભમાં યુનિવર્સિટીના સને ૧૯૭૪-૭૫ના અંદાજપત્રના પૃષ્ઠ ૩ ઉપર યુનિવર્સિટી મુદ્રણાલય ખાતે રૂ. ૭,૧૭,૫૮૦નો કુલ ખર્ચ અંદાજવામાં આવ્યો છે, તેમાં પ્રતીક તરીકે રૂ. ૨૫ ઉમેરી કુલ ખર્ચ રૂ. ૭,૧૭,૧૨૫ ગણવો એમ વિનંતી છે."

(૨) "યુનિવર્સિટી કાર્યાલયના કર્મચારીઓને તબીબી રાહત યોજના લાગુ પાડવામાં આવી તે પહેલાં યુનિવર્સિટી કાર્યાલયના કર્મચારીઓને માંદગીની રજાઓ જે ધોરણે મળતી હતી તે રજાઓના ધોરણમાં તબીબી રાહત યોજના લાગુ પાડયા પછી કોઈ કાપકૂપ કરી નથી કે માંદગીની રજાઓ પાછી ખેંચી લીધી નથી. જ્યારે યુનિ. પ્રેસના કર્મચારીઓને છેલ્લાં દસેક વર્ષથી ગુજરાત રાજ્ય સરકારની "કામદાર વીમા યોજના" લાગુ પાડવાની સાથે-સાથ, દસ વર્ષ જેટલા લાંબા સમય સુધી સાત દિવસની માંદગીની રજાઓ આપ્યા પછી પ્રેસ-કર્મચારીઓને વીમા યોજનાનો લાભ મળે છે તે કારણે તેમને માંદગીની સાત રજાઓની સવલત છેલ્લા એક વર્ષથી પાછી ખેંચી લેવામાં આવી છે. આમ ગુજરાત યુનિ. જેવા ઉચ્ચ શૈક્ષણિક સરસ્વતીધામમાં પણ કર્મચારીઓ-કર્મચારીઓ વચ્ચે બેવડાં ધોરણ અપનાવાતાં હોવાની છાપ ઊપસે છે, તો જે રીતે યુનિ.ના કર્મચારીઓને તબીબી રાહત યોજના લાગુ પાડયા છતાં તેમની માંદગીની રજાઓ ચાલુ રાખવાની ઉદારતા દાખવવામાં આવી છે, તેવી રીતે યુનિવર્સિટી પ્રેસના કર્મચારીઓને રાજ્ય સરકારે તેની કામદાર વીમા યોજનાનો લાભ આપ્યો છે તે કારણે યુનિ.એ પોતે વર્ષો સુધી તેના પ્રેસ-કર્મચારીઓને ઉદારભાવે માંદગીની રજાઓ આપ્યા કરી છે તે પાછી ખેંચી લેવાની આવશ્યકતા નથી તો વર્તમાન ભીષણ આર્થિક કટોકટીના સમયમાં ગુજરાતની આ પ્રમુખ યુનિ. તેના પ્રેસ-કર્મચારીઓની માંદગીની રજાઓની સંખ્યામાં ભલે વધારો ન કરે, પણ હમણાં સુધી જેટલી માંદગીની રજાઓ મળતી હતી તે બંધ ન કરીને ઔદાર્ય દાખવે એમ સ્વાભાવિક જ અપેક્ષા હોઈ પ્રેસના કર્મચારીઓની માંદગીની સાત રજાઓ પુનઃ યથાવત્ ચાલુ રાખવા કોર્ટની આ સભા એક્ઝિક્યુટિવ કાઉન્સિલને વિનંતી કરે છે. આના સંદર્ભમાં યુનિ.ના સને ૧૯૭૪-૭૫ના અંદાજપત્રના પૃષ્ઠ ૩ ઉપર યુનિવર્સિટી મુદ્રણાલયનો જે કુલ ખર્ચ રૂ. ૭,૧૭,૫૦૦ અંદાજવામાં આવ્યો છે તેમાં પ્રતીક તરીકે રૂ. ૧૦૧નો ખર્ચ અંદાજવો."

(૩) "માર્ચ-એપ્રિલ ૧૯૭૩ની પરીક્ષાઓ માટે કોરી ઉત્તરવહીઓ જે તે ભંડારગામનાં પરીક્ષા-કેન્દ્રો ઉપર તાકીદે હાથોહાથ પહોંચાડવાની જરૂરિયાત ઊભી થતાં, કાર્યકારી પ્રેસ-મેનેજરની સૂચના મુજબ ખાસ ટ્રક ભાડે રાખીને યુનિવર્સિટી પ્રેસના જુ. બાઇન્ડર શ્રી પી બી. પ્રજાપતિએ પરીક્ષા કેન્દ્રો ઉપર કોરી ઉત્તરવહીઓ પહોંચાડવાનું કામ તા. ૬-૩-૧૯૭૩થી તા. ૧૭-૩-૧૯૭૩ દરમિયાન કરેલું. પ્રેસ-મેનેજરે યુનિવર્સિટી કાર્યાલય પર તા. ૩૧-૫-૧૯૭૩ના રોજ મોકલેલા પ્રસ્તાવમાં પ્રમાણિત કર્યું છે તે મુજબ તા. ૬-૩-૧૯૭૩થી તા. ૧૩-૩-૧૯૭૩ સુધીના રોજના ૬ થી ૮ કલાક પ્રમાણે ઓવરટાઇમ વેતન યુનિવર્સિટી પ્રેસે શ્રી. પ્રજાપતિને ચૂકવવાનું થાય છે. સદરહુ રકમ મેળવવા માટે શ્રી. પ્રજાપતિએ યુનિ. કાર્યાલયમાં અસંખ્ય

લેખિત રજૂઆત કર્યા છતાં લગભગ એક વર્ષ થવા છતાં હજુ સુધી તે રકમ તેમને મળી નથી તે જોતાં તેમના કાગળો ગેરવલ્લે ગયા હશે એમ ધારી પ્રેસ-મૅનેજરે તેમના તા. ૩૧-૫-૧૯૭૩ના પ્રસ્તાવમાં પ્રમાણિત કરેલ રોજના ૬ થી ૮ કલાક પ્રમાણે શ્રી. પ્રજાપતિને ઓવરટાઇમ વેતન ચૂકવી આપવા કાર્યાલયને આદેશ આપવા યુનિવર્સિટી કોર્ટની આ સભા એક્ઝિકયુટિવ કાઉન્સિલને વિનંતી કરે છે, અને આના સંદર્ભમાં યુનિ.ના સને ૧૯૭૪-૭૫ના અંદાજપત્રના પૃષ્ઠ ૪૫ ઉપર "૪, અધિક સમય તથા બીજાં ભથ્થાં" મથાળા સામે કૉલમ ૫માં રૂ. ૫૦,૦૦૦નો ખર્ચ અંદાજયેલ છે તેમાં પ્રતીક તરીકે રૂ. ૧૧ વધુ અંદાજવા ભલામણ છે."

આથી ઠરાવવામાં આવે છે કે ૧૯૭૪-૭૫ના વર્ષનું અંદાજપત્ર તા. ૧-૪-૧૯૭૪થી મંજૂર (adopt) કરવું.

૯૨. યુનિવર્સિટીના ભાષા-સાહિત્ય ભવનમાં પટાવાળા તરીકે કામ કરતા શ્રી. ગુલાબજી છોટાજી વાઘેલાને જેતપુર ગામની હદમાં મકાન બાંધવા અંગે સ્ટે. ૧૮૮(૨) હેઠળ તેઓના પ્રોવિડંટ ફંડ ખાતામાંથી લોન આપવા અંગેની તેઓની તા. ૨૫-૩-૧૯૭૪ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

[**નોંધ.**—તેઓના ખાતે તા. ૩૧-૩-૧૯૭૩ સુધી રૂ. ૧,૭૯૧-૨૪ પૈ. જમા છે તેમાંથી તેઓના પ્રૉ. ફંડની રૂ. ૧,૦૦૦ની લોન તથા તે પર જે વ્યાજ થાય તે કાપવાનું રહેશે.]

આથી ઠરાવવામાં આવે છે કે ભાષા-સાહિત્ય ભવનના પટાવાળા શ્રી. ગુલાબજી છોટાજી વાઘેલાને સ્ટે. ૧૮૮(૨) હેઠળ પોતાનું મકાન બાંધવા માટે તેમના પ્રૉવિડન્ટ ફંડ ખાતામાંથી યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ રૂ. ૧,૭૯૧-૦૦ની લોન મંજૂર કરવી.

૯૩. બી.એડ.ની પરીક્ષામાં બી.એડ. ભાગ ૧ અને બી.એડ. ભાગ ૨ની પરીક્ષામાં એકસાથે બેસનાર વિદ્યાર્થીએ બન્ને ભાગ માટેની ફીની રકમ રૂ. ૧૫+રૂ. ૧૫=રૂ. ૩૦ ભરવાની હોય છે. ચાલુ વર્ષે વિશિષ્ટ સંજોગોને ઉપલક્ષમાં રાખી અપવાદ રૂપે બી.એડ. ભાગ ૨ની પ્રાયોગિક પાઠોની પરીક્ષા લેવાનું બંધ રાખેલ હોઈ બી.એડ. ભાગ ૨ની પરીક્ષા માટે ભરેલ ફીની રકમ પરત કરવી કે કેમ તે અંગે વિચારણા કરવા બાબત.

[**નોંધ.**—ચાલુ વર્ષે બી.એડ. ભાગ ૧ અને ૨ના અનુક્રમે ૫૫૦ કલાસ વર્ગના ૧૫૦ મળી કુલ ગુણ ૭૦૦ રહેશે.]

આથી ઠરાવવામાં આવે છે કે ૧૯૭૩-૭૪ના વર્ષમાં બી.એડ. ભાગ ૨ની પ્રાયોગિક પાઠોની પરીક્ષા લેવાનું બંધ રાખવામાં આવેલું હોઇ સંબંધકર્તા વિદ્યાર્થીઓને તે ભાગની પરીક્ષા ફીની રકમ રૂ. ૧૫/- જે તે કૉલેજોના આચાર્યશ્રી મારફતે પરત કરવી.

૯૪. ઈ.એસ.આઈ.એસ. જનરલ હૉસ્પિટલ, બાપુનગર, અમદાવાદને બી.જે. મેડિકલ કૉલેજના વિદ્યાર્થીઓની ક્લિનિકલ ડ્યુટીઝ માટે માન્ય કરવા માટે સદ્ધરહુ હૉસ્પિટલના સુપરિન્ટેન્ડન્ટની અરજી, જે બી.જે. મેડિકલ કૉલેજના આચાર્ય મારફત આવેલ છે તે પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે નીચે જણાવેલા સભ્યોની સ્થાનિક તપાસ-સમિતિ નીમવી :

૧. ડૉ. જ્યોતીન્દ્ર ભટ્ટ
૨. ડૉ. જે. એન. પટેલ.

૯૫. ગુજરાત યુનિવર્સિટીના પ્રાણીવિજ્ઞાન વિભાગના ઉપક્રમે આગામી ગ્રીષ્મ ઋતુમાં યોજવામાં આવનાર "Summer Institute in Advanced Cytology for College Teaching" અંગે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન તરફથી તેમના પત્રાંક F. 9-13/76(SI) dt. ૬-4-1974થી રૂ. ૩૦,૦૦૦ની "ઍાન ઍકાઉન્ટ" આર્થિક સહાય મંજૂર કર્યાની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની સાભાર નોંધ લઈને સદરહુ ગ્રીષ્મવર્ગોનું સંચાલન યુનિવર્સિટી તરફથી કરવા માટે પ્રાણીવિજ્ઞાનના પ્રાધ્યાપક ડૉ. વી. સી. શાહને જણાવવું.

૯૬. ગુજરાત રાજ્યના નાણા ખાતાના ઠરાવ નં. વી.ઍલ.બી. ૧૧૭૫-૦૯૦, તા. ૧૫-૪-૧૯૭૪થી રાજ્ય સરકારે અગાઉ તા. ૧-૧૦-૧૯૭૩થી અને તા. ૧-૧-૧૯૭૪થી બીજી અને ત્રીજી વચગાળાની રાહત જાહેર કરી હતી તેને ઉપરોક્ત ઠરાવથી મોંઘવારી ભથ્થામાં ફેરવી હોવાથી તથા રાજ્ય સરકારે તા. ૧-૧-૧૯૭૪થી મોંઘવારી ભથ્થાના દરમાં વધારો આપવાનું ઠરાવ્યું હોવાથી તે પ્રમાણેનો લાભ તે ધોરણે (૧) યુનિવર્સિટીના કર્મચારીઓને (શૈક્ષણિક તેમ જ બિનશૈક્ષણિક) તથા (૨) સંલગ્ન કૉલેજો અને માન્ય સંસ્થાઓના કર્મચારીઓને (શૈક્ષણિક તેમ જ બિનશૈક્ષણિક) આપવા અંગે વિચારણા કરવા બાબત.

[નોંધ.—યુનિવર્સિટી કર્મચારીઓ માટે અંદાજી ખર્ચ વાર્ષિક રૂ. ૪૦,૦૦૦ જેટલો થશે.]

(૧) આથી ઠરાવવામાં આવે છે કે રાજ્ય સરકારે તેમના કર્મચારીઓને અનુક્રમે તા. ૧-૧૦-૧૯૭૩ અને તા. ૧-૧-૧૯૭૪થી આપેલી અનુક્રમે બીજી અને ત્રીજી વચગાળાની રાહતને મોંઘવારી ભથ્થામાં ફેરવવા ઠરાવ્યું છે તેને અનુલક્ષીને યુનિવર્સિટીના શિક્ષકવર્ગના અને બિનશિક્ષકવર્ગના તમામ કર્મચારીઓના મોંઘવારી ભથ્થાના દર અનુક્રમે તા. ૧-૧૦-૧૯૭૩ અને તા. ૧-૧-૧૯૭૪થી આ સાથે જોડેલા પરિશિષ્ટ મુજબ સુધારવા અને રાજ્ય સરકારે તેના કર્મચારીઓના મોંઘવારી ભથ્થાના દરમાં તા. ૧-૧-૧૯૭૪થી કરેલા સુધારાને અનુલક્ષીને યુનિવર્સિટીના શિક્ષક અને બિનશિક્ષક વર્ગના તમામ કર્મચારીઓના મોંઘવારી ભથ્થાના દર તા. ૧-૧-૧૯૭૪થી આ સાથે જોડેલા પરિશિષ્ટ મુજબ સુધારવા.

(૨) વધુમાં ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીના કર્મચારીઓના મોંઘવારી ભથ્થાના દરમાં તા. ૧-૧૦-૧૯૭૩ અને તા. ૧-૧-૧૯૭૪થી ઉપર નં. (૧) મુજબના કરેલા સુધારા સંલગ્ન કૉલેજો અને માન્ય સંસ્થાઓના શિક્ષકવર્ગ અને બિનશિક્ષક વર્ગના તમામ કર્મચારીઓને લાગુ પાડવા.

વધુમાં ઠરાવવામાં આવે છે કે મોંઘવારી ભથ્થાના દરમાં કરવામાં આવેલા આ સુધારાને કારણે સંલગ્ન કૉલેજો અને માન્ય સંસ્થાઓને પણ જરૂરી આર્થિક સહાય આપવા માટે રાજ્ય સરકાર પાસે ઘટતી રજૂઆત કરવી.

(આ સુધારેલા મોંઘવારી ભથ્થાના દરોની યાદી **પરિશિષ્ટ "ચ"** તરીકે સામેલ છે.)

૯૭. બાંધકામ સમિતિની તા. ૧૫-૪-૧૯૭૪ તથા તા. ૨૬-૪-૧૯૭૪ની સભાની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૧૫-૪-૧૯૭૪ તથા તા. ૨૬-૪-૧૯૭૪ની સભાની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિની તા. ૧૫-૪-૧૯૭૪ તથા તા. ૨૬-૪-૧૯૭૪ની સભાની કાર્યવાહીની નોંધની નકલો પરિશિષ્ટ "છ-૧" અને "છ-૨" તરીકે સામેલ છે.)

૯૮. વિજ્ઞાનવિદ્યા ભવનના આંકડાશાસ્ત્રના પ્રાધ્યાપક ડૉ. સી. જી. ખત્રીને "A Nato Advanced Study Institute"ના આશ્રયે યોજનાર An International Conference on Characterizations of Statistical Distributions and Their applications to Theoretical Statistics and Applied Fields "ના સેમિનારમાં ભાગ લેવા તથા યુનિવર્સિટી ઑફ ટોરાન્ટોમાં એક પરીક્ષા માટે રિસર્ચ કરવા માટે બે માસની અભ્યાસરજા આપવા અંગે તેઓની તા. ૧૫-૪-૧૯૭૪ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધ.—તેઓનો હાલ મૂળ માસિક પગાર રૂ. ૧,૫૪૦ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પરિષદમાં ભાગ લેવા માટે તથા સંશોધનની સદરહુ કામગીરી સ્વીકારવા માટે ડૉ. સી. જી. ખત્રીને બે માસની ખાસ રજા વગર પગારે મંજૂર કરવી; પરંતુ યુનિવર્સિટી તરફથી કશી આર્થિક સહાય આપી શકાશે નહીં તેમ તેમને જણાવવું.

૯૯. યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને જિમ્નેશિયમ અંગેની મંજૂર કરેલ યોજના માટે રાજ્ય સરકારશ્રીના ૨૫ ટકા તરીકેના ફાળાની રૂ. ૬૨,૫૦૦ સુધીની આર્થિક સહાય મંજૂર કર્યા અંગેના સરકારશ્રીના તા. ૨-૪-૧૯૭૪ના પત્રાંક યુ.એસ.જી. ૧૨૭૪-૨૦૦૧૨-ખ ની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની સાભાર નોંધ લેવી.

૧૦૦. શ્રી રજની પારેખ આર્ટ્સ એન્ડ શ્રી. કે. બી. કોમર્સ કૉલેજ, ખંભાત તરફથી જૂન ૧૯૭૪થી બી.એ. (પ્રિન્સિ.)માં ગૃહવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ માટેની અરજી.

એકૅડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે શ્રી રજની પારેખ આર્ટ્સ એન્ડ શ્રી કે. બી. કૉમર્સ કૉલેજ, ખંભાત નિમણૂક અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન એકિઝકયુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૧૫-૫-૧૯૭૪ સુધીમાં કરે તો તેને બી.એ. (પ્રિન્સિ.)માં ગૃહવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૪થી તા. ૧૪-૬-૧૯૭૭ સુધીનું ચાલુ જોડાણ આપવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

(૧) ફૅમિલી હેલ્થ અને ચાઈલ્ડ ડેવલપમેન્ટના વ્યાખ્યાતાની નિમણૂક કરવામાં આવે;

(૨) ગૃહવિજ્ઞાનના શિક્ષકો તથા વિદ્યાર્થિનીઓ માટે અલાયદા ખંડની વ્યવસ્થા કરવામાં આવે;

(૩) ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

(૪) પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

(૫) યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકોને વેતન, વળતર કે અન્ય જે કાંઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે;

(૬) પ્રોવિડન્ટ ફંડ અને સંચાલક મંડળના ફાળા અને ટ્રસ્ટની રચના સહિતનાં યુનિવર્સિટીનાં તમામ ધારાધોરણોનું પાલન કરવામાં આવે; અને,

(૭) શિક્ષકોના વાર્ષિક મૂળ પગારના ૨½ ટકાના દરે 'ગ્રેચ્યુઇટી ફંડ' ઊભું કરવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૧૦૧. કુલપતિશ્રીએ મંજૂર કરેલાં નીચેનાં કાર્યોની નોંધ લેવા બાબત :

(૧) આગામી મે-જૂન ૧૯૭૪ની પરીક્ષાઓનાં પરિણામો તૈયાર કરવા અંગે જરૂરી ગુણપત્રકો અને ઑફિસ રજિસ્ટરની કન્ટિન્યુઅસ સ્ટેશનરી ટાટા પ્રેસ પાસેથી ખરીદવાની કુલપતિશ્રીએ મંજૂરી આપ્યાના;

(નોંધ.—કુલ ૪૦,૦૦૦ ગુણપત્રકો અને ૭,૦૦૦ ઑફિસ રજિસ્ટર સિંગલ તેમ જ ડબલ માટે વાહન ખર્ચ, શુલ્ક વગેરે સિવાય રૂ. ૨૦,૨૦૦નો ખર્ચ થશે.)

(૨) કુલ રૂ. ૭૫,૦૦૦ના અંદાજી ખર્ચવાળી સર્વિસ સેન્ટરની યોજના માટે ૫૦ ટકા પ્રમાણે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન રૂ. ૩૭,૫૦૦ આપશે, જ્યારે ૨૧ ટકા પ્રમાણે રાજ્ય સરકારશ્રી રૂ. ૧૮,૭૫૦ આપશે અને બાકીના રૂ. ૨૧ ટકા પ્રમાણેનો ખર્ચ રૂ. ૧૮,૭૫૦ યુનિવર્સિટી પોતાના ફંડમાંથી ભોગવે તે અંગે સંમતિ આપ્યાના.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીનાં ઉપરનાં કાર્યોની નોંધ લેવી.

૧૦૨. ગુજરાત યુનિવર્સિટીના મદદનીશ કુલસચિવ શ્રી શ્રીકાંતભાઈ વોરાને વહીવટી, શૈક્ષણિક તથા નાણાકીય અંગેનું મૅન્યુઅલ તૈયાર કરવાનાં કાર્યો માટે ઍસાઇનમેન્ટના ધોરણે ત્રણ માસ માટે ફાજલ કરવા અંગે ગુજરાત વિદ્યાપીઠના કુલસચિવશ્રીના તા. ૨૩-૪-'૭૪ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ગુજરાત વિદ્યાપીઠની સદરહુ કામગીરી તદર્થ (ઍડહૉક) ધોરણે કરવા માટે મદદનીશ કુલસચિવ શ્રી. શ્રીકાંતભાઈ વોરાને પરવાનગી આપવી તથા તે માટે તેમના મૂળ માસિક પગાર તથા મોંઘવારી ભથ્થાની રકમના ૩૦ ટકા કરતાં વધે નહીં તેટલો પુરસ્કાર આ કામગીરી માટે સ્વીકારવા મંજૂરી આપવી. આ પરવાનગી માટે વધુમાં વધુ સમયમર્યાદા ૭ માસની રહેશે.

૧૦૩. યુનિવર્સિટી તરફથી "ટી.એ., ડી.એ., કન્વિન્જન્સી એન્ડ અધર ટાઈપ ઓફ એકસ્પેન્ડિચર ઓફ એવોઇડેબલ નેચર"માં કાપ મૂકવાના સૂચનના સંદર્ભમાં ગુજરાત સરકારના શિક્ષણ અને મજૂર ખાતા તરફથી આવેલ તા. ૫-૪-૧૯૭૪ના પત્રાંક યુ.એસ.જી. ૧૧૭૩-૨૦૬૧૨૭ કેએચ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

બાબત નં. ૮૫ અને ૧૦૪ની વિચારણા એકસાથે કરવામાં આવી.

૮૫. યુનિવર્સિટીના બિનશિક્ષક વર્ગના કર્મચારીઓએ તા. ૫, ૮, ૯, ૧૦, ૧૧, અને ૧૫ એપ્રિલ ૧૯૭૪ના રોજ કરેલ વહીવટી કામના બહિષ્કારના કારણે જે તે કર્મચારીઓની ઉપરોક્ત દિવસોની ગેરહાજરીને ખાસ રજા ગણવા અંગેના વિનંતી કરતા સંઘના મંત્રીશ્રીના તા. ૧૬-૪-૧૯૭૪ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

અને

૧૦૪. ગુજરાત યુનિવર્સિટી કર્મચારી સંઘ સાથે કુલપતિશ્રીએ કરેલી તારીખ ૧૭-૪-૧૯૭૪ની સમજૂતીની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ગુજરાત યુનિવર્સિટી કર્મચારી સંઘ સાથે કુલપતિશ્રીએ રજૂ કરેલા ખરડા મુજબ કરેલી સમજૂતીની નોંધ લેવી.

(સમજૂતીનો ખરડો **પરિશિષ્ટ "જ"** તરીકે સામેલ છે.)

૧૦૫. (૧) ૧૯૭૪ના પહેલા છ માસ દરમ્યાન લેવાની પરીક્ષાઓ પૈકી નીચેની પરીક્ષાઓ યુનિવર્સિટીએ કોલેજ પર લેવાનું છોડયું છે તે પરીક્ષાઓના જે તે સંસ્થા તરફથી યુનિવર્સિટી કાર્યાલયને મળેલ પરીક્ષા ફી તે તે સંસ્થા મારફત વિદ્યાર્થીઓને પરત કરવા માટે કુલપતિશ્રીએ લીધેલ નિર્ણયની નોંધ લેવા બાબત :

૧. પ્રી-યુનિ. વિનયન
૨. પ્રી-યુનિ. વાણિજ્ય
૩. ફર્સ્ટ બી.એ.
૪. ફર્સ્ટ બી.એસસી.
૫. ફર્સ્ટ બી.કોમ.
૬. સેકન્ડ બી.એ.
૭. સેકન્ડ બી.એસસી.
૮. સેકન્ડ બી.કોમ.
૯. ડી.એડ., ભાગ ૨
૧૦. બી.એડ., ભાગ ૨
૧૧. ફર્સ્ટ બી.ફાર્મ.
૧૨. સેકન્ડ બી.ફાર્મ.
૧૩. થર્ડ બી.ફાર્મ
૧૪. ફર્સ્ટ એલએલ.બી. (વિન. ૨)
૧૫. ફર્સ્ટ એલએલ.બી. (મોનસૂન ૧)
૧૬. ફર્સ્ટ ઈયર ડિપ્લોમા ઈન ડ્રામા
૧૭. સેમિસ્ટર ૧થી ૮ સિવિલ, મિકે. આઈ. ઇલે. ઈ.સી. કેમિ.
૧૮. પી.ડી.ડી.સી. ૧થી ૪

અને

(૨) ઝેવિયર્સ કૉલેજના ૧૪ વિદ્યાર્થીઓએ ફર્સ્ટ બી.એસસી. પરીક્ષા યુનિવર્સિટી દ્વારા લેવા માટે વડી અદાલતમાં કરેલ રિટ અરજીના અનુસંધાનમાં ઉભયપક્ષે થયેલ સમજૂતીને અનુમોદન આપ્યાના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત તથા તેને અનુલક્ષીને ચાલુ સાલે એફ.વાય.બી.એસસી. કૉલેજ-પરીક્ષાઓમાં બેસનાર વિદ્યાર્થીઓની બાબતમાં પ્રમાણપત્ર અંગે યુનિવર્સિટી તરફથી જરૂરી કાર્યવાહી કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે—

(૧) કુલપતિશ્રીના સદરહુ કાર્યની નોંધ લેવી તથા તે મુજબ સંબંધકર્તા વિદ્યાર્થીઓની પરીક્ષા ફી તેમની કૉલેજના આચાર્યશ્રી મારફતે તેમને પરત કરવી.

(૨) કુલપતિશ્રીના સદરહુ કાર્યની નોંધ લેવી તથા એફ.વાય.બી.એસસી.ની ૧૯૭૩–૭૪ના વર્ષમાં જે પરીક્ષાઓ યુનિવર્સિટીએ લેવાને બદલે તે પરીક્ષા લેવાનું કૉલેજોને સોંપલું છે તે પરીક્ષાઓમાં બેઠેલા વિદ્યાર્થીઓ પૈકી અન્ય યુનિવર્સિટી કે સંસ્થામાં દાખલ થવા ઇચ્છતા વિદ્યાર્થીઓને માટે નીચે મુજબનું પ્રમાણપત્ર યુનિવર્સિટી તરફથી આપવાનું રાખવું :

Certified that Shri/Smt.————has passed the———— Examination held in April–May 1974 on behalf of the University by the———— College,————affiliated to this University.

On the basis of the mark-statement issued by the Principal of the said College, it is further certified that he/she obtained ———— marks out of————marks at the———— Examination held by the College.

Had he/she continued his/her studies in this University he/she would have been in———— class. This University has no objection to his/her joining any other University / Board / Institution for further studies.

૧૦૬. બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગ એન્ડ રિસર્ચની તા. ૧૫–૨–૧૯૭૪ની સભાના ઠરાવ અનુસાર તબીબી વિદ્યાશાખાઓના વિષયોનાં નીચે દર્શાવેલા વિષયના જૂથ માટેના અનુસ્નાતક કેન્દ્રના એક એક પ્રોફેસર-ઇન-ચાર્જ તરીકે તેની સામે દર્શાવેલ શિક્ષકોની નિમણૂક કરવા અંગે કે. એમ. સ્કૂલ ઑફ પી. જી. મેડિસિન એન્ડ રિસર્ચ, અમદાવાદના

અધ્યક્ષશ્રી તથા બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદના ડીનશ્રી તરફથી આવેલા પ્રસ્તાવો પર વિચારણા કરવા બાબત :

		પ્રોફેસર-ઇન-ચાર્જ	
		બી. જે. મેડિકલ કૉલેજ	કે.એમ. સ્કૂલ ઑફ પી. જી. મેડિસિન ઍન્ડ રિસર્ચ
૧.	મેડિસિન ઍન્ડ થેરાપ્યુટિક્સ, ડરમેટોલોજી, સાયકોલોજિકલ મેડિસિન, રેડિયોલોજી, ઑક્યુપેશનલ હેલ્થ, ન્યુરોલોજી, કાર્ડિયોલોજી	ડૉ. જે. એન. પટેલ	ડૉ. એસ. જે. દામાણી
૨.	પેથોલોજી, બેક્ટીરિયોલોજી, ફાર્માકોલોજી, પ્રિવેન્ટિવ ઍન્ડ સોશિયલ મેડિસિન અને ફિઝિયોલોજી	ડૉ. એમ. એન. જિંદાલ	ડૉ. એમ. એસ. કાન્વિન્દે
૩.	જનરલ સર્જરી, ઓટોરિનો લેરિંગોલોજી (ઈ. એન. ટી.), ઓર્થોપેડિક સર્જરી, ઓપ્થેલ્મોલોજી, ન્યૂરો સર્જરી, કાર્ડિયોથોરેસિક સર્જરી, જેનીટોયરી નરી સર્જરી, અને પ્લાસ્ટિક્સ સર્જરી	ડૉ. પી. આર. ડાકોર	ડૉ. જે. એમ. જલુંધવાલા
૪.	ગાઈનેકોલોજી ઍન્ડ ઑબ્સ્ટેટ્રિક્સ, ઍનેસ્થેસિયા, પેડિયાટ્રિક્સ	ડૉ. મિસિસ એ. બી. દેસાઈ	ડૉ. મિસ એસ. સી. પંડ્યા.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૧૦૭. એક્ઝિક્યુટિવ કાઉન્સિલે તેની તા. ૨૩–૨–૧૯૭૪ની સભામાં નીમેલ પરીક્ષા અંગેની બાબતો માટે વિચારણા કરવા નિમાયેલ સમિતિની ભલામણો પર કુલપતિશ્રીએ ગુજરાત યુનિવર્સિટી કાયદાની કલમ ૧૧–૪ નીચે લીધેલ પગલાંની નોંધ લેવા બાબત :

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૧૦૮. રાજ્ય સરકારના ઠરાવ પ્રમાણે યુનિવર્સિટીનાં અનુસ્નાતક ભવનોના શિક્ષકોને તા. ૧–૪–૧૯૬૬થી તા. ૩૧–૩–૧૯૭૪ સુધી અનમર્જ્ડ મોંઘવારી ભથ્થાનો તફાવત બૉન્ડ અને નેશનલ સર્ટિફિકેટમાં આપવાનું તથા તા. ૧–૪–૧૯૭૪થી તે રકમ રોકડેથી ચૂકવવાનું ઠરાવ્યું છે તેના સંદર્ભમાં તા. ૧–૪–૧૯૭૪થી અનમર્જ્ડ મોંઘવારી ભથ્થું પગારમાં આપવા અંગે ગુજરાત યુનિવર્સિટી ટીચર્સ એસોસિયેશનના મંત્રી શ્રી. અરવિંદ શાહના

તા. ૧૧-૪-૧૯૭૪ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

[**નોંધ.**—અગાઉ સિન્ડિકેટે તા. ૧૪/૧૫-૧૦-૧૯૬૭ની સભામાં નીચે પ્રમાણે ઠરાવ્યું છે:

"યુનિવર્સિટીનાં અનુસ્નાતક વિદ્યાભવનોના શિક્ષકોના વેતન અંગેનો સુધારેલો સ્ટે. ૨૦૪ યુનિવર્સિટીની સેનેટ મંજૂર કરે તે અપેક્ષાએ અને તે દરમિયાનના સમયગાળામાં સંબંધકર્તા શિક્ષકોને મોંઘવારી ભથ્થાની ચુકવણીમાં થયેલ વિલંબ લક્ષમાં લઈને એમ ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીનાં વિદ્યાભવનોની સેવામાં રહેલા પ્રત્યેક પ્રોફેસર, રીડર અને લેક્ચરરને માસિક રૂ. ૧૦૦ (રૂપિયા એકસો)નું ઉચ્ચક ભથ્થું તારીખ ૧-૧૦-૧૯૬૭થી એ શરતે આપવું કે વેતન અંગેનો સુધારેલો સ્ટે. મંજૂર થયેથી આ ઠરાવ હેઠળ ચૂકવવામાં આવે તે રકમ સદરહુ સ્ટે.માં જણાવેલા મોંઘવારી ભથ્થા પેટે જે તે શિક્ષક પાસેથી વસૂલ લેવામાં (એડજસ્ટ કરવામાં) આવશે."]

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીનાં વિદ્યાભવનોના શિક્ષકોના મોંઘવારી ભથ્થાને લગતો સુધારેલો સ્ટે. ૨૦૪ જે કુલાધિપતિશ્રીની મંજૂરી માટે મોકલવામાં આવેલો છે તેને મંજૂરી મળે તે દરમ્યાન સદરહુ સ્ટેચ્યૂટમાં જણાવેલ મોંઘવારી ભથ્થાના દર પેટે ચૂકવવામાં આવે તે રકમ જે તે શિક્ષક પાસેથી વસૂલ લેવામાં (એડજસ્ટ કરવામાં) આવશે એ શરતે આ સુધારેલા દર મુજબ મોંઘવારી ભથ્થાની ચુકવણી તા. ૧-૪-૧૯૭૪થી કરવાનું રાખવું.

૧૦૯. યુનિવર્સિટીના કામકાજ માટે દૈનિક ધોરણે રાખવામાં આવતા મજૂર, પટાવાળા, ચોકીદાર, સફાઈ કામદાર, માળી તથા પ્રેસમાં કામ કરતાં હેલ્પરોના દૈનિક વેતન અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પ્રકારના રોજિંદા કર્મચારીઓના દૈનિક વેતનનો દર હાલ રૂ. ૪ છે તે સુધારીને રૂ. પનો મંજૂર કરવો તથા આ સુધારેલા દરનો અમલ તા ૧-૪-૧૯૭૪થી કરવાનું રાખવું.

૧૧૦. વિજ્ઞાન વિષયમાં પીએચ.ડી. પદવી માટે નોંધાયેલા વિદ્યાર્થીઓને ઑર્ડિ. ૩૧૫ (i) મુજબ લેવામાં આવતી ટ્રાન્સલેશન ટેસ્ટની પરીક્ષામાંથી મુક્તિ આપવા તેમ જ ચાલુ સાલે જે વિદ્યાર્થીઓએ ટ્રાન્સલેશન ટેસ્ટ માટેની પરીક્ષાનાં ફૉર્મ્સ ભરેલાં છે તેઓને પાસ જાહેર કરવા અથવા તેઓ તેમની પીએચ.ડી.ની સિનોપ્સિસ તથા થિસિસ અવરોધ સિવાય આપી શકે તેમ જ ડિગ્રી મળતાં સુધી ટ્રાન્સલેશન ટેસ્ટ પાસ કરવાની છૂટ આપવામાં આવે, તેવી રિસર્ચ સ્કૉલર એસોસિયેશનની તા. ૧૫-૪-૧૯૭૪નો અરજી પર વિચારણા કરવા બાબત.

ઑર્ડિ. ૩૧૫ (i) નીચે મુજબ છે:

"A candidate for the Ph.D. Degree in Mathematics or Geography or Physics or Chemistry or Botany or Zoology or Agriculture or Geology shall first pass the language test prescribed in that subject or an examination in French or German or Russian of another

University recognised as equivalent thereto at least two terms or one calendar year prior to presenting his thesis for Ph.D."

આથી ઠરાવવામાં આવે છે કે ચાલુ વર્ષના અસાધારણ સંજોગોના સંદર્ભમાં પીએચ.ડી.ના વિદ્યાર્થીઓને તેઓ ભાષાંતરની કસોટી પસાર કરે તે દરમ્યાન તેમને મહાનિબંધનો ટૂંક સાર (synopsis) રજૂ કરવા માટે અપવાદરૂપે પરવાનગી આપવી, પરંતુ તેમણે મહાનિબંધ રજૂ કરતાં પહેલાં ભાષાંતરની કસોટીમાં ઉતીર્ણ થવું આવશ્યક રહેશે એમ તેમને સ્પષ્ટ જણાવવું.

વધુમાં ઠરાવવામાં આવે છે કે આ બાબતને ભવિષ્યમાં પ્રથારૂપ ગણવામાં આવશે નહીં.

૧૧૨. આગામી શૈક્ષણિક વર્ષથી કેમિકલ એન્જિનિયરિંગના અભ્યાસક્રમો એલ.ડી. કૉલેજ ઑફ એન્જિનિયરિંગ, અમદાવાદમાં સદરહુ કૉલેજને સ્વાયત્તતા મળે તે શરતે દાખલ કરવાની બાબતમાં ઑલ ઇન્ડિયા કાઉન્સિલ ફોર ટેકનિકલ એજ્યુકેશનની પશ્ચિમ વિભાગની સમિતિએ નીમેલા નિષ્ણાતોની સમિતિએ ભલામણ કરેલી હોઈ એલ.ડી. કૉલેજ ઑફ એન્જિનિયારિંગ, અમદાવાદને આગામી શૈક્ષણિક વર્ષથી સ્વાયત્તતા આપવા અંગે ડાયરેક્ટર ઑફ ટેકનિકલ એજ્યુકેશન, ગુજરાત સ્ટેટ, અમદાવાદના તા. ૨૩ એપ્રિલ ૧૯૭૪ના પત્રાંક જીઇસી-૨૦૭૩-એફ-૧૬૧૪૯ પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે ઘટતી તપાસ કે ચર્ચાવિચારણા કરી પોતાનો અહેવાલ રજૂ કરવા માટે નીચે જણાવેલા સભ્યોની બનેલી સ્થાનિક તપાસસમિતિ નીમવી :

૧. ડૉ. પી. કે. કેલકર
૨. ડૉ. પી. જે. માદન
૩. ડૉ. આર. એમ. દવે.

૧૧૩. સંલગ્ન કૉલેજો અને માન્ય સંસ્થાઓના બિનશિક્ષક વર્ગના કર્મચારીઓને પ્રૉવિડંટ ફંડનો લાભ આપવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સંલગ્ન કૉલેજો અને માન્ય સંસ્થાઓના બિનશિક્ષક વર્ગના કર્મચારીઓને માટે સંલગ્ન કૉલેજો અને માન્ય સંસ્થાઓના શિક્ષકોને મળતા પ્રૉવિડંટ ફંડ અંગેના નિયમો મંજૂર કરવા તથા તેનો અમલ તા. ૧-૩-૧૯૭૩થી કરવા માટે સંલગ્ન કૉલેજો અને માન્ય સંસ્થાઓને જણાવવું.

૧૧૪. સેંટ ઝેવિયર્સ કૉલેજ ખાતે શરૂ થનાર સર્ટિફિકેટ કોર્સ ઇન ઇન્ડિયન સ્ટડીઝમાં વધુમાં વધુ ૩૦ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવાની બાબતે તેમના તા. ૨૨-૪-૧૯૭૪ના પત્રાંક યુ-૨-૯૬ પરત્વે વિચારણા કરવા બાબત.

(નોંધ.— તા. ૫-૧-૧૯૭૪ની એકિઝકયુટિવ કાઉન્સિલે આ અભ્યાસક્રમ માટે મંજૂરી આપેલી છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ અભ્યાસક્રમ તા. ૧ લી જુલાઈ ૧૯૭૪થી શીખવવા માટે સેંટ ઝેવિયર્સ કૉલેજ, અમદાવાદને પરવાનગી આપવી તથા તે માટે વધુમાં વધુ ૩૦ વિદ્યાર્થીઓ (પરદેશી તેમ જ ભારતીય વિદ્યાર્થીઓ સહિત)ને દાખલ કરવા માટે જણાવવું.

૧૧૪. સને ૧૯૭૪-૭૫ના વર્ષ માટે બ્લોક મેન્ટેનન્સ ગ્રાન્ટના પ્રથમ હપતા તરીકેની રૂ. ૪,૧૩,૫૦૦ની ગ્રાન્ટ શિક્ષણનિયામકશ્રીએ તેઓના તા. ૨૪-૪-૧૯૭૪ના હુકમ ક્રમાંક એસ. ૯૫-૭૪-૭૫-એ ની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની સાભાર નોંધ લેવી.

૧૧૫. યુનિવર્સિટીના આંકડાશાસ્ત્રના પ્રાધ્યાપક ડૉ. સી. જી. ખત્રીને દિલ્હી સ્કૂલ ઑફ ઇકોનોમિકસ, દિલ્હી ખાતે ૧૯૭૪-૭૫ના શૈક્ષણિક વર્ષ માટે મુલાકાતી પ્રાધ્યાપક તરીકે જાય તે માટે સંમતિ આપવા અંગે દિલ્હી યુનિવર્સિટીના અર્થશાસ્ત્ર વિભાગના વડાના તા. ૧૯-૪-૧૯૭૪ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગેની વિચારણા હાલ મોકૂફ રાખવી. દરમ્યાન ડૉ: સી. જી. ખત્રીના ડેપ્યુટેશન અંગેની શરતોની વિગતો દિલ્હી યુનિવર્સિટી પાસેથી મંગાવવી તથા ડૉ. સી. જી. ખત્રીને આ કામગીરી સ્વીકારવા માટે સંમતિ આપવામાં આવે તો વિજ્ઞાનવિદ્યા ભવનમાં તેમની ગેરહાજરીમાં શિક્ષણકાર્ય અને સંશોધનના માર્ગદર્શન અંગે શી વ્યવસ્થા કરવામાં આવશે તે બાબતમાં ભવનના અધ્યક્ષશ્રીનું વકતવ્ય મંગાવવું.

૧૧૬. મદદનીશ કુલસચિવ શ્રી. ડાહ્યાભાઈ એચ. પટેલને તેઓની પત્નીને માંદગી અને તેના કારણે સતત સારવાર અને તબીબી દેખરેખની નીચે રાખવાના કારણે ઘણું બધું આર્થિક ખર્ચ ભોગવવું પડયું હોવાથી તેઓને ખાસ કેસ તરીકે રૂ. ૮,૦૦૦ની વ્યાજમુક્ત લોન આપવા અંગે તેઓની તા. ૧૬-૪-૧૯૭૪ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે મદદનીશ કુલસચિવ શ્રી. ડાહ્યાભાઈ એચ. પટેલને ખાસ કેસ તરીકે રૂ. ૪,૦૦૦ની લોન બે વર્ષ માટે આપવી તથા આ કેસમાં તેમ જ ભવિષ્યમાં આ પ્રકારના અન્ય કેસોમાં વ્યાજનો ઓછામાં ઓછો દર પ્રોવિડંટ ફંડના વ્યાજના દર જેટલો રાખવો.

૧૧૭. યુનિવર્સિટી વિસ્તારમાં સર્વિસ સેન્ટર બાંધવા માટે રૂ. ૭૫,૦૦૦ના અંદાજી ખર્ચ પૈકી યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને ૫૦ ટકા પ્રમાણે આર્થિક સહાય આપે તે સામે રાજ્ય સરકારશ્રીએ ૨૫ ટકા પ્રમાણે રૂ. ૧૮,૭૫૦ સુધીની આર્થિક સહાય નીચેની શરતોએ આપવાનું મંજૂર કર્યું તેની જાણ કરતાં તેમના તા. ૨૪-૪-૧૯૭૪ના પત્ર ક્રમાંક યુએસજી -૧૧૭૪-૨૬૮૯૪-ખ ની નોંધ લેવા બાબત:

(1) 50% of the approved or actual cost is met from the University Grants Commission matching assistance;

(2) The Gujarat University should make serious attempts to raise remaining 50% of the approved actual cost of the project by means of deposits and advance rent of shops and Government

however agrees to meet the shortfall if any but not exceeding 25% of the approved/actual cost as mentioned above;

(3) the State share, if any, should be released in proportion to the grant released by the U.G.C.; and

(4) the University should make efforts to realise the highest amount of rent for the service centre and the receipts so realised should be taken into accounts for the purpose of block maintenance grant.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની સાભાર નોંધ લેવી.

૧૧૮. શેઠ પી. ટી. આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, ગોધરાની જૂન ૧૯૭૪થી બી.એ.-(પ્રિન્સિ.)માં ઇતિહાસના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાના જોડાણ માટેની અરજી.

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે શેઠ પી. ટી. આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, ગોધરા નિમણૂક અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન એકિઝકયુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૧૫-૧૧-૧૯૭૪ સુધીમાં કરે તો તેને બી.એ. (પ્રિન્સિ.)માં ઇતિહાસના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૪થી તા. ૧૪-૬-૧૯૭૫ સુધીનું વધારાનું જોડાણ આપવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

(૧) ઇતિહાસના પૂર્ણ સમયના એક પ્રાધ્યાપકની નિમણૂક કરવામાં આવે;

(૨) ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે; અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

(૩) ઇતિહાસના વિષયને લગતાં પુસ્તકો માટે રૂ. ૨,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;

(૪) પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

(૫) યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા છૂટા થયેલા શિક્ષકોને વેતન, વળતર કે અન્ય કાંઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે;

(૬) પ્રોવિડંટ ફંડ અંગે સંચાલક મંડળના ફાળા અને ટ્રસ્ટની રચના સહિતનાં યુનિવર્સિટીનાં તમામ ધારાધોરણોનું પાલન કરવામાં આવે;

(૭) શિક્ષકોના વાર્ષિક પગારના ૨½ ટકાના દરે 'ગ્રેચ્યુઇટી' ફંડ ઊભું કરવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૧૧૯. એપ્રિલ, મે, જૂન ૧૯૭૪માં લેવાનાર યુનિવર્સિટીની જુદી જુદી પરીક્ષાઓ માટે મુખ્ય નિરીક્ષકોની નિમણૂકો કરવા માટે આચાર્યો મારફત મંગાવેલ નામોની ભલામણ મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે મે-જૂન ૧૯૭૪ દરમિયાન લેવાનાર પરીક્ષાઓ માટે મુખ્ય નિરીક્ષકોની નિમણૂકના હેતુ માટે સદરહુ યાદી મંજૂર કરવી તથા તે યાદીમાંથી જરૂર મુજબ નિરીક્ષકોની નિમણૂક કરવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

તે પછી પ્રમુખશ્રીની પરવાનગીથી નીચેની બાબતો સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવી :

૧૨૦. ફાર્મસીના ડિપ્લોમાની બન્ને વર્ષની પરીક્ષાઓ યુનિવર્સિટીએ તા. ૩-૬-૧૯૭૪થી ગુજરાત ફાર્મસી કાઉન્સિલના પ્રમુખશ્રીના પત્રમાં જણાવ્યા મુજબ લેવાનું કુલપતિશ્રીએ મંજૂર કર્યાની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીના સદરહુ કાર્યની નોંધ લેવી.

૧૨૧. ગુજરાત રાજ્યની યુનિવર્સિટીઓના બિનશિક્ષક વર્ગના કર્મચારીઓનાં પગારધોરણ સુધારવા અંગે નીમવામાં આવેલ પંચની ભલામણ અનુસાર વચગાળાની રાહત તરીકે નીચે જણાવ્યા પ્રમાણે થનાર ખર્ચ અંગેના તફાવત માટેની ગ્રાન્ટ મંજૂર કર્યા અંગેના તેઓશ્રીના તા. ૨૫-૪-૧૯૭૪ના ઠરાવ ક્રમાંક VLB 1174/92. J (ફાઇનાન્સ ડિપાર્ટમેન્ટ) અંગે વિચારણા કરવા બાબત :

Pay Range	*Amount of Interim Relief*
Rs.	*Rs.*
up to 110	15/-
111-575	25/-
576-749	15/-
750-1250	10/-
1251-1259	Margin of Rs. 1260/-

આથી ઠરાવવામાં આવે છે કે—

(૧) યુનિવર્સિટીના બિનશિક્ષક વર્ગના કર્મચારીઓને તા. ૧-૫-૧૯૭૩થી નીચેના માસિક દરે વચગાળાની રાહત એ શરતે મંજૂર કરવી કે વચગાળાની રાહતની આ રકમ જે તે કર્મચારીના ભવિષ્યના સંભવતઃ થનાર વેતન વધારા સામે પગારપંચની ભલામણો આવ્યેથી તેને અનુલક્ષીને જે આખરી નિર્ણય લેવામાં આવે તેની સામે એડજસ્ટ કરવામાં આવે :

Pay Range	*Amount of Interim Relief*
Rs.	*Rs.*
up to 110	15/-
111-575	25/-
576-749	15/-
750-1250	10/-
1250-1259	Margin of Rs. 1260/-

(૨) ઉપર નં. (૧)માં જણાવેલ દરે અને શરતે યુનિવર્સિટીની સંલગ્ન કૉલેજો અને માન્ય સંસ્થાઓના બિનશિક્ષક વર્ગના કર્મચારીઓને વયગાળાની રાહત તા. ૧-૫-૧૯૭૩થી આપવા માટે સંલગ્ન કૉલેજો અને માન્ય સંસ્થાઓને જણાવવું.

૧૨૨. દેસાઈ સી. એમ. આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, વીરમગામની તેઓની વાણિજ્ય વિદ્યાશાખાની સત્ર ફી વધારી આપવાની વિનંતી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૧૨૩. સંલગ્ન કૉલેજોમાં લેવામાં આવતી ટ્યૂશન ફી સિવાયની ઇતર ફીનાં ધોરણો નિયત કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે સમગ્ર રીતે વિચારણા કરીને પોતાનો સુચિંતિત અહેવાલ રજૂ કરવા માટે નીચે જણાવેલા સભ્યોની સમિતિ નીમવી :

૧. આચાર્ય ય. પ્રા. શુકલ
૨. આચાર્ય દર્શનસિંઘ શીખ
૩. પ્રો. મનુભાઈ ડી. પંચોલી
૪. શ્રી. મનીષી જની
૫. શ્રી. મુકેશ પટેલ
૬. શ્રી. કુલસચિવ.

૧૨૪. પરીક્ષા-નિયામક અને વિકાસ-અધિકારીનાં નિવાસસ્થાનોએ ટેલિફોનની સગવડ આપવાની બાબતમાં નીચેની શરત નિયત કરવા બાબત :

(૧) આ ટેલિફોનની સગવડ માટે ટેલિફોનનું જે ભાડું (Rental) ટેલિફોન ખાતાને આપવાનું થાય તે યુનિવર્સિટીએ ચૂકવવું, અને

(૨) વિના ફીના કૉલ (Free Calls) ઉપરાંત વધારાના જે કૉલનું ખર્ચ થાય તે વ્યક્તિને શિરે રહેશે અને યુનિવર્સિટી કાર્યાલય તરફથી આપી શકાશે નહીં તેમ જણાવવું.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પ્રસ્તાવ મંજૂર કરવો.

૧૨૫. કેટલીક સંલગ્ન કૉલેજોમાં તા. ૧૬મી માર્ચ કે તે પછી ઓટી રીતે વિદ્યાર્થીઓને દાખલ કરવામાં આવ્યા હોવાની ફરિયાદ ઊઠી છે તેના સંદર્ભમાં ઘટતી તપાસ કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે નીચેના સભ્યોની બનેલી તપાસસમિતિ નીમવી :

૧. આચાર્ય ય. પ્રા શુકલ
૨ પ્રો. અનંતરાય રાવળ
૩. પ્રો. મનુભાઈ ડી. પંચોલી
૪. શ્રી. મનીષી જની.

તે પછી સભાગૃહનું કામકાજ પૂરું થયું હતું.

નં. એકિઝ. કા./૦૪૦૪૨/૧૯૭૪.
ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
અમદાવાદ-૩૮૦૦૦૯.
મે ૧૩, ૧૯૭૪.

ક. ચં. પરીખ
કુલસચિવ.

પરિશિષ્ટ "ક"

કામકાજ ક્રમાંક ૩૩

સ્થાયી કાનૂનવિષયક સમિતિની એક સભા સોમવાર, તા. ૧૧–૩–૧૯૭૪ના રોજ સાંજના ૫–૧૫ વાગે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી, જેમાં હાજરી નીચે પ્રમાણે હતી :

૧. શ્રી. ઈશ્વરભાઇ પટેલ (કુલપતિ)	હાજર
૨. આચાર્ય એમ. એસ. પંડિત	હાજર
૩. શ્રી. આઈ. એમ. નાણાવટી	ગેરહાજર
૪. પ્રો. મનુભાઈ ડી. પંચોલી	હાજર
૫. આચાર્ય એન. એસ. પંડ્યા	હાજર
૬. શ્રી. ચંદ્રકાંત દરુ	ગેરહાજર
૭. આચાર્ય વી. આર. રણદીવે	ગેરહાજર.

સભાનું પ્રમુખસ્થાન કુલપતિશ્રીએ સંભાળ્યું હતું.

૧. તા. ૪–૧–૧૯૭૪ના રોજ મળેલ કાનૂનવિષયક સમિતિની નોંધને મંજૂર કરવા બાબત.

તા. ૪–૧–૧૯૭૪ના રોજ મળેલ કાનૂનવિષયક સમિતિની નોંધને મંજૂર કરવામાં આવી તથા તે પર પ્રમુખશ્રીએ સહી કરી.

૨. આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, ભાદરણના ઇતિહાસના વ્યાખ્યાતા શ્રી. ડી. એફ. રાવે સદરહુ કૉલેજમાં તા. ૧૫–૯–૧૯૭૦થી ૧૪-૯-૧૯૭૨ સુધી નોકરી કરી હોઇ એ. ૧૨૦–ડી(૧) અનુસાર કાયમી શિક્ષક ગણાય અને તે આધારે એકિઝકયુટિવ કાઉન્સિલે (તે વખતે સિન્ડિકેટે) તેની તા. ૨૩-૯-૧૯૭૨ની સભામાં તેમની નોકરીનું સાતત્ય જળવાય તે રીતે તેમની જગ્યાએ ચાલુ રાખવા અંગે ઠરાવ્યું હતું, પરંતુ સદરહુ કૉલેજે એકિઝકયુટિવ કાઉન્સિલના (સિન્ડિકેટના) ઠરાવ અનુસાર શ્રી. ડી. એફ. રાવને નોકરીમાં પાછા લીધા નથી તો તે બાબત પરત્વે એ. ૧૨૦–ડીની જોગવાઈ આ કેસમાં લાગુ કરી આગળ કાર્યવાહી કરવી કે કેમ તે અંગે વિચારણા કરવા બાબત.

[નોંધ.—(૧) સદરહુ કૉલેજના આચાર્યના જણાવ્યા અનુસાર શ્રી. ડી. એફ. રાવને તા. ૧૪–૯–૧૯૭૨ની મુદત સુધી જ નિમણુક આપવામાં આવેલી છે, તેથી તેમની નોકરી બ્રેક થયેલ હોવાથી સતત બે વર્ષની નોકરી કરી નથી.

(૨) એ. ૧૨૦–ડી ઇત્યાદિની કાયદેસરતાને પડકારતી એક રિટ-અરજી ગુજરાત હાઈકોર્ટમાં કરવામાં આવી છે.]

આથી ઠરાવવામાં આવે છે કે આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, ભાદરણ તરફથી તેઓના તા. ૫ માર્ચ ૧૯૭૪ના પત્રાંક ૩૦૮૧થી શ્રી. ડી. એફ. રાવને તેમની નોકરીના સમયગાળાના પગાર પેટે હિસાબે નીકળતાં નાણાં તા. ૩૧ માર્ચ ૧૯૭૩ના રોજ બૅંક ઑફ બરોડાના ક્રૉસ ચેક નં. ૦૭૭૦૮૦૧

દ્વારા ચૂકવી આપવામાં આવ્યાં છે અને તે રીતે તેમની કોઈ લેણી રકમ બાકી રહેતી નથી એમ જણાવવામાં આવેલું હોઈ, તે સંદર્ભમાં શ્રી. ડી. એફ. રાવને તે કૉલેજ પાસે હવે કાંઈ લેણું બાકી રહે છે કે કેમ તે પુછાવીને ખાતરી કરવી.

૩. આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, ડીસામાંથી સંસ્કૃતનાં વ્યાખ્યાતા કુ. એ. ડી. દેસાઈને શિક્ષણનો કાર્યભાર ઓછો થવાને કારણે ફારેગ કરવામાં આવેલ છે તે કેસ ઍકેડેમિક કાઉન્સિલની તા. ૨૩-૧૨-૧૯૭૩ની સભાએ સ્થાયી કાનૂનવિષયક સમિતિ સમક્ષ મૂકવા કરાવ્યું હોઈ તે બાબત પરત્વે વિચારણા કરવા બાબત.

[**નોંધ.**—કુ. એ. ડી. દેસાઈની સંસ્કૃતનાં ખંડ સમયનાં વ્યાખ્યાતા તરીકે તા. ૧૫-૬-૧૯૭૧થી બે વર્ષ માટે અજમાયશી ધોરણે (probation) નિમણૂક કરવામાં આવી હતી જ્યારે તેમને તા. ૧૫-૬-૧૯૭૩થી છૂટા થવાની નોટિસ આપવામાં આવી છે.]

આથી ઠરાવવામાં આવે છે કે કુ. એ. ડી દેસાઈની નિમણૂક અમુક સમય માટેના પ્રોબેશન પર કરવામાં આવેલી હોઈ તે નિમણૂકનો પ્રકાર હંગામી ગણાય, અને તેથી તેમના કેસમાં ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૫૧-એ લાગુ પાડી શકે નહીં એમ એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૪. તોલાણી આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, આદિપુર (કચ્છ)ના ભૂતપૂર્વ પ્રા. આર. કે. શાસ્ત્રીની લેણી નીકળતી રકમ એકિઝકયુટિવ કાઉન્સિલની તા. ૮-૯-૧૯૭૩ની સભાના ઠરાવ અન્વયે ત્રણ સપ્તાહમાં તેમને ચૂકવવા સદરહુ કૉલેજને જણાવ્યું હતું તેના સંદર્ભમાં કૉલેજના ઍડવોકેટ તરફથી તા. ૨૨-૧૦-૧૯૭૩ના રોજ આવેલો પક્ષ એકિઝકયુટિવ કાઉન્સિલની વિચારણા માટે મૂકવામાં આવતાં એકિઝકયુટિવ કાઉન્સિલે તેની તા. ૧૬-૧૧-૧૯૭૩ની સભામાં સદરહુ બાબત સ્થાયી કાનૂનવિષયક સમિતિની વિચારણા માટે મોકલવા ઠરાવ્યું હોઈ તે પર વિચારણા કરવા બાબત.

શ્રી. આર. કે. શાસ્ત્રીના કેસની બાબતમાં તોલાણી આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, આદિપુર (કચ્છ) તરફથી રજૂઆત કરવા માટે આચાર્યશ્રી સભા સમક્ષ હાજર થઈ શકયા ન હોઈ, આ બાબતની વિચારણા હાલ મોકૂફ રાખવી.

૫. સર પી. ટી. સાયન્સ કૉલેજ, મોડાસામાંથી છૂટા કરવામાં આવેલા ડેમોન્સ્ટ્રેટર શ્રી. ગોવિંદભાઈ પટેલ તરફથી કરવામાં આવેલી ફરિયાદના સંદર્ભમાં એકિઝકયુટિવ કાઉન્સિલની તા. ૧૩-૧૦-૧૯૭૩ની સભાના ઠરાવ અન્વયે, આ બાબત અગાઉ એકિઝકયુટિવ કાઉન્સિલે તેની તા. ૮-૯-૧૯૭૩ની સભામાં નિયુક્ત કરેલી સમિતિની પુનર્વિચારણા માટે મોકલી હોઈ તે સમિતિની તા. ૧૧-૧૧-૧૯૭૩ની સભાની ભલામણ અંગેની બાબત પરત્વે એકિઝકયુટિવ કાઉન્સિલે તેની તા. ૧૫-૧૨-૧૯૭૩ની સભામાં આ બાબત સ્થાયી કાનૂનવિષયક સમિતિની વિચારણા માટે મોકલી હોઈ તે પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આ કેસમાં સંબંધકર્તા મૂળ કાગળો જોઈ-તપાસીને આગળ વિચારણા કરવાનું રાખવું.

૬. ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૩૩ (એ) (૧) (એ) અન્વયે બિનસરકારી સંલગ્ન કૉલેજોમાં ગવર્નિંગ બોડીની રચના કરવાની બાબતમાં ઍસોસિયેશન ઑફ સોસાયટીઝ ઑફ મોફ્યુઝિલ કૉલેજીસ તરફથી તેમના તા. ૧૭-૧૨-૧૯૭૩ના પત્રથી ઉપસ્થિત કરવામાં આવેલ નીચેનો પ્રશ્ન એક્ઝિકયુટિવ કાઉન્સિલે તેની તા. ૫-૧-૧૯૭૪ની સભામાં સ્થાયી કાનૂનવિષયક સમિતિની વિચારણા માટે મોકલ્યો હોઈ તે પર વિચારણા કરવા બાબત :

"ગવર્નિંગ બોડીની રચનાઓનો પ્રશ્ન અમારી જાણ પ્રમાણે સબજયુડાઇઝ છે, કારણ સુપ્રીમ કોર્ટ સમક્ષ ૧૯૭૩ના યુનિવર્સિટી ઍક્ટ અંગે જે અરજી થઈ છે તેમાં એ પ્રશ્ન પણ રજૂ કરવામાં આવ્યો છે તો તેનો નિકાલ ન થાય ત્યાં સુધી ગવર્નિંગ બોડીની રચનાનો પ્રશ્ન મોકૂફ રાખવો ઉચિત ગણાશે એવું અમારું નમ્ર સૂચન છે." ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૩૩ (એ) (૧) (એ) અનુસાર બિનસરકારી કૉલેજોના સંચાલક મંડળની રચના માટે તેના શિક્ષકો, બિન-શિક્ષક વર્ગના કર્મચારીઓ તથા વિદ્યાર્થીવર્ગના પ્રતિનિધિઓને સામેલ કરવાની જે જોગવાઈ છે તેની ચૂંટણી માટે સ્ટેચ્યૂટ ઘડવો જરૂરી છે કે કેમ તે અંગે વિચારણા કરવા બાબત.
આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા હાલ મોકૂફ રાખવી.

૭. સંલગ્ન કૉલેજોની વરણીસમિતિ તેમ જ ગવર્નિંગ બોડી ઉપર યુનિવર્સિટી તરફથી નિયુક્ત થનાર સભ્યને સંબંધકર્તા કૉલેજ ભાડાં-ભથ્થાં ચૂકવવા માટે યુનિવર્સિટીના નિર્ણય પર પુનર્વિચારણા કરવા અંગેનો આચાર્ય ય. પ્રા. શુકલનો તા. ૨૬-૧૨-૧૯૭૩નો પત્ર એક્ઝિકયુટિવ કાઉન્સિલે તેની તા. ૫-૧-૧૯૭૪ની સભામાં સ્થાયી કાનૂનવિષયક સમિતિની વિચારણા માટે મોકલેલ હોઈ તે પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સંલગ્ન કૉલેજોની વરણીસમિતિ તેમ જ ગવર્નિંગ બોડી પર યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે કુલપતિશ્રી નિયુક્ત સભ્યને જે તે કૉલેજના સંચાલક મંડળે યુનિવર્સિટીનાં ધારાધોરણ અનુસાર મુસાફરી ભથ્થું ચૂકવવું જોઈએ અને તેમના સ્થાનિક આતિથ્ય (Local-hospitality)ની વ્યવસ્થા કરવી જોઈએ એમ એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૮. સંલગ્ન કૉલેજોના ખંડ સમયના શિક્ષક બે જગ્યાએ નોકરી કરતા હોય તો બન્ને જગ્યાએ પ્રૉવિડંટ ફંડનો લાભ તેઓ મેળવી શકે કે કેમ તે બાબત એક્ઝિકયુટિવ કાઉન્સિલને તેની તા. ૫-૧-૧૯૭૪ની સભામાં સ્થાયી કાનૂનવિષયક સમિતિની વિચારણા માટે મોકલી હોઈ તે પર વિચારણા કરવા બાબત.

[(૧) ખંડ સમયના શિક્ષકોની સેવાઓની શરતોમાં પ્રૉવિડંટ ફંડનો લાભ સદરહુ શિક્ષકોને મળે તેવો નિયમ છે.

(૨) ઑપ.ડ. ૧૨૦-એ પ્રમાણે આ શિક્ષકો બે જગ્યાએ કામ કરી શકે છે.]

આથી ઠરાવવામાં આવે છે કે સંલગ્ન કૉલેજોના ખંડ સમયના શિક્ષકો જો બે જગ્યાએ નોકરી કરતા હોય તો તેઓને બન્ને જગ્યાએ પ્રૉવિડંટ ફંડનો લાભ આપવો જોઈએ એમ એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

પરિશિષ્ટ "ખ"
કામકાજ ક્રમાંક ૪૦

"પંડિતરાજ સ્વામીશ્રી ભગવદાચાર્યજી મહારાજ શતાબ્દી ચંદ્રક"

૧. દાતાનું નામ : ધી જલારામ સ્ટીલ સ્ટોર્સ, સારંગપુર, લોખંડ બજાર, અમદાવાદ-૨ પ્રદાન પ્રયોજક શ્રી. સી. બી. ઠક્કર

૨. પ્રદાનની રકમ : રૂ. ૭,૫૦૦-૦૦ તથા વધારાની રકમ રૂ. ૩૫૦-૦૦ (૧૯૭૪ માર્ચ / એપ્રિલ માટે)

૩. પ્રદાનનો પ્રકાર : એક ચંદ્રક

૪. પ્રદાનનો સ્વીકાર એકિઝકયુટિવ કાઉન્સિલે તેની તા. ૧૫-૧૨-૧૯૭૩ની સભામાં ક્રમાંક ૩૪થી કર્યો છે.

નિયમો

૧. "પંડિતરાજ સ્વામીશ્રી ભગવદાચાર્યજી મહારાજ શતાબ્દી ચંદ્રક" એ નામનો આશરે રૂ. ૩૪૦-૦૦ની રકમનો એક ચંદ્રક પ્રતિવર્ષે માર્ચ-એપ્રિલમાં લેવાતી ગુજરાત યુનિવર્સિટીની એમ.એ.ની અનુસ્નાતક પદવી પરીક્ષામાં પ્રથમ પ્રયત્ને પ્રથમ વર્ગમાં ઉત્તીર્ણ થઈ મુખ્ય વિષય સંસ્કૃતમાં સૌથી વધુ ગુણાંકો મેળવી ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થીને એનાયત કરવામાં આવશે.

૨. ચંદ્રક વિજેતાનું નામ જે તે પરીક્ષાના પરિણામ વખતે શક્ય હશે ત્યાં સુધી જાહેર કરવામાં આવશે અને ચંદ્રક શક્ય હશે ત્યાં સુધી પદવીદાન સમારંભ વખતે એનાયત કરવામાં આવશે તેમ જ પ્રતિવર્ષે દાતાને પણ તેની જાણ કરવામાં આવશે.

૩. સદરહુ ચંદ્રક એનાયત કરવા અંગેની શરતોમાં ગુજરાત યુનિવર્સિટીની એકિઝકયુટિવ કાઉન્સિલને વખતોવખત કોઈ શરત ઉમેરવાનું કે તેમાં ફેરફાર કરવાનું આવશ્યક જણાશે તો તેમ કરવાનો તેને અધિકાર રહેશે, તેની ઘટતી જાણ દાતાને કરવામાં આવશે.

૪. ચંદ્રક આપવામાં વિજેતાની નાત, જાત કે વર્ગનો ભેદ ગણવામાં આવશે નહીં.

૫. આ પ્રદાનની વાર્ષિક આવકમાંથી પાંચ ટકા કપાત યુનિવર્સિટીના જનરલ ફંડમાં લેવામાં આવશે. આ પ્રદાનની વાર્ષિક આવકની બચત મૂળ રકમમાં ઉમેરવામાં આવશે.

પરિશિષ્ટ "ગ"
કામકાજ ક્રમાંક ૮૩

O. 174–A :

(1) (*i*) An application for Registration as an external student by a candidate whose mother-tongue is Gujarati, shall be endorsed in a prescribed form by a member of the Court of this University for the time-being or a Head-Master of a High School in the Gujarat State or a Judicial Magistrate of the First Class or a Principal of an affiliated College of this University. (*ii*) An application for Registration as an external student by a candidate whose mother-tongue is not Gujarati must be supported, in addition to the endorsement by any of the persons mentioned in (*i*) above, by an affidevit that the candidate has been continuously staying for a period of not less than one year in the State of Gujarat immediately preceding his application for Registration.

(2) No student whose name is registered in a college or at the University during an academic year for any course either in the Arts Faculty or in any other Faculty shall be registered as an External student during that academic year, exceptional cases to be sanctioned by the Executive Council.

(3) Every student intending to register as an external student must obtain from the Registrar, the appropriate registration form. This duly completed must be received at the University together with the Registration fee on or before the last date prescribed for receiving applications in this behalf. It will, however, be competent for the Registrar to accept, in his descretion, applications received after the prescribed date.

(4) The Registrar shall send before 30th June, an official intimation of registration to every student who has applied for registration and paid necessary fees, provided the application is in order.

(5) Registration for an external examination is valid only for the particular examination and for the some year and it cannot be reserved or transferred for any subsequent examination.

A candidate who has once registered himself for an external examination and appeared and failed at that examination can appear at a subsequent examination only after a fresh Registration.

પરિશિષ્ટ "ધ"
કામકાજ ક્રમાંક ૯૦

કુલપતિશ્રીએ માન્ય કરેલા શિક્ષકોની યાદી

એલ. ડી. એન્જિનિયરિંગ કૉલેજ, અમદાવાદ

૧. શ્રી. બી. સી. વસાવડા	ઇલેક્ટ્રિકલ એન્જિનિયરિંગના વ્યાખ્યાતા	સિં.અધ્યા./૮/૪૦૬૮૯,	તા. ૨૫–૨–'૭૪
૨. શ્રી. આર. એ. યાદવ	,,	,,	,, ,,

સરકારી દંત મહાવિદ્યાલય અને રુગ્ણાલય, અમદાવાદ

૩. ડૉ. કે. એસ. ગોહેલ	પ્રિવેન્ટિવ ડેન્ટિસ્ટ્રી એન્ડ પિડોડોન્શિયાના સિનિયર વ્યાખ્યાતા	,, ૨૫૯૮૧,	તા. ૧૬–૧–'૭૪
૪. ડૉ. એમ. કે. ગુપ્તા	પેરિયોડોન્શિયાના સિનિયર વ્યાખ્યાતા	,,	,, ,,
૫. ડૉ. કુ. આઈ. કે. પોપલી	ઓર્થોડોન્શિયાનાં સિનિયર વ્યાખ્યાતા	,,	,, ,,

ગુજરાત કૉલેજ, અમદાવાદ

૬. શ્રીમતી આર. આર. પટેલ	મનોવિજ્ઞાનનાં ડેમોન્સ્ટ્રેટર	,, ૩૬૫૮૧,	તા. ૩–૨–'૭૪

અમદાવાદ કૉમર્સ કૉલેજ, અમદાવાદ

૭. શ્રી. પી. જી. દેસાઈ	એકાઉન્ટન્સીના અને ઑડિટિંગના ખંડ સમયના વ્યાખ્યાતા	,, ૩૫૪૯૮,	તા. ૧૯–૧–'૭૪
૮. શ્રી. એચ. એચ. ભટ્ટ	એકાઉન્ટન્સીના ખંડ સમયના ટ્યૂટર	,,	,, ,,

સી. બી. પટેલ આર્ટ્સ કૉલેજ, નડિયાદ

૯. શ્રી. એચ. જી. દેસાઈ	કાર્યકારી આચાર્ય	,, ૪૦૪૭૯,	તા. ૨૧–૨–'૭૪

શ્રીમતી ટી. એસ. આર. કૉમર્સ કૉલેજ, પાટણ

૧૦. શ્રી. બી. એમ. ચૌધરી	વ્યાયામ શિક્ષક	,, ૩૬૫૮૨,	તા. ૩–૨–'૭૪

ગુજરાત કૉલેજ, અમદાવાદ

૧૧. શ્રી. આર. વાય. ગુપ્તે	જીવશાસ્ત્રના પ્રાધ્યાપક	સિં. અધ્યા./૮/૪૧૧૭૧, તા. ૪-૩-'૭૪		
૧૨. શ્રી. વી. જી. ઓસમિયાં	ભૌતિકવિજ્ઞાનના ડેમોન્સ્ટ્રેટર	,,	,,	,,
૧૩. શ્રી. એ. સી. પટીબંધી	,,	,,	,,	,,
૧૪. શ્રી. સી. એચ. પટેલ	,,	,,	,,	,,

સરકારી વિજ્ઞાન કૉલેજ, ગાંધીનગર

૧૫. શ્રી. બી. કે. ભટ્ટ	ભૌતિકવિજ્ઞાનના ટ્યૂટર	,,	૪૧૧૭૨, તા. ૪-૩-'૭૪	

શ્રીમતી ટી. એસ. આર. કૉમર્સ કૉલેજ, પાટણ

૧૬. શ્રી. એ. આર. પટેલ	વાણિજ્ય ગણિતના ટ્યૂટર	,,	૪૧૧૭૦	,,

શ્રીમતી બી. સી. જે. સાયન્સ કૉલેજ, ખંભાત

૧૭. શ્રી. કે. એફ. પટેલ	ભૌતિકવિજ્ઞાનના ડેમોન્સ્ટ્રેટર	,,	૪૧૧૬૮	,,

શ્રીમતી એસ. એમ. પંચાલ સાયન્સ કૉલેજ, તલોદ

૧૮. શ્રી. કે. વી. પટેલ	રસાયણવિજ્ઞાનના વ્યાખ્યાતા	,,	૪૧૧૬૯	,,
૧૯. શ્રી. જે. એચ. શાહ	રસાયણવિજ્ઞાનના ટ્યૂટર	,,	,,	,,

સેંટ ઝેવિયર્સ કૉલેજ, અમદાવાદ

૨૦. કુ. અમિતા વી. શાહ	અર્થશાસ્ત્રનાં ખંડ સમયનાં વ્યાખ્યાતા	,,	૨૫૭૨, તા. ૭-૧-'૭૪	

સહજાનંદ આર્ટ્સ અને કૉમર્સ કૉલેજ, અમદાવાદ

૨૧. શ્રીમતી નીનાબહેન ડી. શાહ	સંસ્કૃતનાં ખંડ સમયનાં ટ્યૂટર	,,	૨૫૭૧૩	,,

વિવેકાનંદ એજ્યુકેશન કૉલેજ, અમદાવાદ

૨૨. શ્રી. એસ. ઝેડ. પટેલ	શિક્ષણના ખંડ સમયના ટ્યૂટર	,,	૨૫૭૧૪	,,

નવગુજરાત આર્ટ્સ કૉલેજ, અમદાવાદ

(9) The annual list of members and a copy of the audited accounts of the Association shall be sent to the office of the University by the first day of the month of November of the current year.

(10) The University may not hear any Association which has not been recognised in accordance with the provisions of this Ordinance.

(11) No representation or deputation shall be received by the University from any Association except one relating to a matter, which is, or raises questions which are, of common interest to all or any class of treachers of the affiliated colleges.

(12) The fact of recognition of an Association shall not imply any admission by the University of any claim of the Association or by a member thereof to a right of strike or stoppage of work.

Application for Recognition

To,

The Registrar
Gujarat University
Ahmedabad-9.

Sir,

In pursuance of Ordinance 162 of the Gujarat University, we hereby request you to recognise the Association of Teachers of the Affiliated Colleges of the Gujarat University. Particulars whereof are specified hereinbelow namely :

1. Name of the Association.
2. Place and address of the head office of the Association.
3. Number of members of the Association.
4. Total number of the teachers of the affiliated Colleges.
5. Name and address of the Secretary or each of the Secretaries of the Association.
6. Name and address of the President of the Association
7. Name and address of the Vice-President or each of the Vice-Presidents of the Association.
8. List of members of the Association containing their full names.
9. Date of formation of the Association.
10. Copy of the resolution of the Association authorising the signaturies to sign the application for recognition.

Ahmedabad

Dated :

Signature and particulars of three members authorised to sign the application.

Signature	*Name in full*	*Designation*	*Address.*
(1)			
(2)			
(3)			

પરિશિષ્ટ "છ"
કામકાજ ક્રમાંક ૪૧

સંલગ્ન કૉલેજો, માન્ય સંસ્થાઓ અને યુનિવર્સિટીનાં વિદ્યાભવનોને સ્વાયત્તતા આપવા અંગે ધારાધોરણો ઘડવા એક્ઝિકયુટિવ કાઉન્સિલે તેની તા. ૧૬—૧૧—૧૯૭૩ની સભામાં નીમેલી સમિતિની સભા બુધવાર, તા. ૧૫—૫—૧૯૭૩ના રોજ બપોરના ૧૨—૩૦ વાગ્યે કુલપતિ શ્રી. ઈશ્વરભાઈ જે. પટેલના પ્રમુખપદે ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી, જેમાં હાજરી નીચે મુજબ હતી :

૧. શ્રી. ઈશ્વરભાઈ જે. પટેલ (કુલપતિ)	હાજર
૨. આચાર્ય એમ. સી. શાહ	હાજર
૩. આચાર્ય ય. પ્રા. શુકલ	હાજર
૪. આચાર્ય ડી. પી. ઠાકર	ગેરહાજર
૫. ડૉ. એમ. એન. દેસાઈ	ગેરહાજર
૬. ડૉ. પી. સી. મહેતા	ગેરહાજર

ચર્ચાવિચારણાને અંતે આ સાથે જોડયા મુજબનો અરજીપત્રકનો મુસદ્દો તથા સ્વાયત્તતા માટે જરૂરી ધારાધોરણો (norms) એક્ઝિકયુટિવ કાઉન્સિલને વિચારણા માટે મોકલવા ભલામણ કરવાનું ઠરાવવામાં આવ્યું.

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

એસ. એસ. વોરા
કુલસચિવ વતી

* * *

Norms for grant of Autonomy to Affiliated Colleges / Recognised Institutions and University Departments

(*i*) Academic requirements :

1. The college applying for an autonomous status ought to provide at least in six subjects under the Arts faculty and in four subjects in Commerce and Science faculties.
2. As these are centres for the pursuit of excellence and for creating a climate of scholarship, the college applying for an autonomous status ought to be enjoying a background of reputation for its standards and results.
3. The management should be liberal in the outlook and only academically interested in this proposal.
4. It should be open to all castes and creeds.
5. It should have created a sense of respect in their students and teachers for their devotion to the cause of education.
6. It should have given ample signs that their first consideration is advancement of education and not financial viability.
7. It should agree to establish its own Boards of Studies and Academic Council and secure total enrolment of the Faculty in building up and implementing academic programmes.
8. Teachers in such institution should have a high level of academic achievement and involvement.

(*ii*) Environmental requirements :

9. It should have a good building with playground and other student welfare activities.
10. It should have a decent library, laboratory and other pre-requisites.
11. It should be financially sound.

(*iii*) Procedural requirements :

12. The concurrence of the University Grants Commission should be secured before granting autonomous status.
13. The institution seeking this status be requested to send its scheme for autonomy with specific reference to new programmes in view of local needs. They may also state that how they envisage to implement the envisaged programme in terms of methods of teaching, use of new techniques, etc. be spelt out in details.
14. Its scheme should also indicate its detailed designs for evaluation and research.
15. A proforma for this be evolved and the same be filled in by the isntitution, and a committee should go into this and report to the University.
16. Admission requirements in the institution should be properly laid down.

17. The autonomous college will be required to comply with the usual rules of the University regarding conditions of service of the teaching as well as the non-teaching staff. However, in view of its special ameliorative obligations it shall be free to prescribe its own fees.

18. Autonomy be granted in the first instance for three years, a Reviwe Committee be appointed to assess the development of the college annually and report the same. The second extension be for a period of five years and thereafter a permanent autonomous status be geranted if the achievements of the college are quite satisfactory.

19. In the case of an autonomous college, an autonomous recognised institution or an autonomous University Department, the University shall continue to exercise general supervision over such college, institution or Department and to confer degrees on the students of the college, institution or Department, passing an examination qualifying for the degree of the University.

20. (1) For the purpose of enabling it to excercise the powers conferred on it under Section 38–B, an autonomous college or an autonomous recognised institution or an autonomous University Department shall appoint a Standing Committee consisting of—

(*i*) the Principal of the college, or the head of the institution or the Department, as the case may be, as its Ex-officio Chairman.

(*ii*) Heads of the Departments in the special subjects taught at degree level in the case of a college and Heads of Department, and in case of a recognised institution or a University Department, as its Ex-officio members, and

(*iii*) Such other members not exceeding five as the college, institution or Department may think fit to appoint.

(2) The Standing Committee shall exercise such of the powers of the college, institution or Department under Section 38–B as the college, institution or Department may delegate to it.

(3) The Standing Committee may appoint a Special Committee or Committees for the purpose of exercising such powers and performing such functions of an authority of the University other than the Court, the Executive Council and the Academic Council, in relation to the college, institution or Department as the Standing Committee may, subject to such conditions as it thinks fit to impose, assign to it or them.

FORM OF APPLICATION FOR AUTONOMOUS COLLEGE

I. Management

1. Name of the College :
2. Year of Establishment :
3. Name of the Trust or Society managing the College :
4. Year of Establishment of the Trust or Society :
5. No. and date of Registration :
6. Total Value of assets and liabilities of the Trust or Society at present : (List to be attached)
7. Assets and liabilities earmarked for the college : (List to be attached)

   Note :—The audited balance sheet for the preceding year to be attached.

8. Give an account of expenditure incurred by the management of the following items during the last five years :
9. (1) Capital expenditure on : Class-room buildings
   Library
   Museum
   Theatre
   Auditorium
   Pavalion
   Day Scholar Centre
   Health Centre
   Boys' Hostel
   Girls' Hostel
   Canteen facilities
   Play-ground
   Principal's Quarters
   Teaching staff quarters
   Non-Teaching staff quarters
   Laboratory equipment.

(2) Recurring expenditure on :
Pay packet
P.F. Contribution
Gratuity
Staff benefit schemes, if any
Research programme
Experiments
Publications
Seminars
Orientation programmes
Staff improvement programmes etc.

II. Academic Programme

1. Subjects offered by the College at the first degree level (Special and Subsidiary to be obtained during the last five years.
2. Whether recognised for any of the P.-G. Studies. If yes, since when and for which subjects.
3. Whether guidance is given at the Ph.D. level at the college.
4. If yes, give details of the subject or subjects, No. of Ph.D.s produced and No. of students working at present. Give the names of teachers recognised and actually engaged in guiding research.
5. Whether there is any provision for intensive teaching of a subject or subjects by developing additional or supplementary courses. If yes, give details.
6. Whether there is any provision for job-oriented courses. If yes, give details.

III. Teachers

1. Give the list of the members of the teaching staff as on roll during the year of application in the following proforma :

Name	*Designation*	*Date of appointment*	*Educational Qualifications with class, year of passing University and subjects*
1	2	3	4
Teaching experience in under–graduate and post–graduates classes	*Workload per week*	*Recognition for P.G. since when*	*Recognition as guide for research since when*
5	6	7	8
Details of seminars, conferences, etc. attended	*Research projects undertaken (Give details)*	*Publications, if any*	*Association with Gujarat University bodies*
9	10	11	12
Association with other University or professional bodies	*Other information, if any*		
13	14		

2. Whether the Institution has its own programme to improve the academic equipment and teaching competence of the teacher. If yes, give details.

3. Whether there is any provision for evaluation of the teachers performance. If yes, give details.

IV. Students

1. Give the statement of No. of students classwise, yearwise and subjectwise at the degree level for the last five years.

2. What is the role of the students in preparing the plan of academic work of the college in respect of deciding quantum of work, methods of study, modes of examination etc. ?
3. What is the role of students in planning and conducting the programme of co-curricular activities of the College in respect of Students' Union elections budgetting, organising programmes like sports, publications, drama etc. ?
4. Give the classwise and yearwise results oft he students of the College at University Examinations for the last five years.
5. Give an account of the research work & publication of articles (Other than those in the college magazine) by the students.
6. Whether there is provision for students services like Day Schoolar Centre, Health Centre, Students Guidance Centre etc. ? If yes, give details.

V. Physical facilities

1. Whether the college has its own campus. If yes, give a detailed sketch.
2. Whether the college is housed in its own building. If yes, give a complete plan of the building with details.
3. Give an account of the books in the library with subjectwise and yearwise details of expenditure for the last five years. A list of journals subscribed may also be attached.

3/A. Give a list of the members of the Library staff with special mention of the service rendered by each one.

4. Give a complete plan of the Library building with specific mention of the area of the Reading Room, Professors' Study Room and other special facilities.

5. Whether the library has audio-visual teaching materials. If yes, give details.

6. Give an account of the Laboratories provided for various subjects with the data of expenditure and equipment for the last five years.

7. Has the College provided for a workshop ? If yes, give details.

8. Has the College provided for a museum, theatre, a botanical garden ? If yes, give details.

9. Give a detailed plan of facilities, regarding physical education with special reference to the area of play ground, gymnasium, pavilion etc.

10. Whether there is provision of Hostels for boys and for girls on the campus. Whether the building belongs to the College and the boarding facilities are provided. Give the data of the hostels as to number of students, rooms with dimensions, provision of rector, etc.

11. Whether there is provision for quarters for (*a*) the Principal, (*b*) the teachers, (*c*) the non-teaching staff on the campus. Please menton which of these quarters are owned by the College.

12. Give an account of the developmental plans of the College plant carried out during the last five years, with financial aid from agencies like the UGC, UNICEF, Ford Foundation, Government of India, State Government etc.

પરિશિષ્ટ " જ "
કામકાજ ક્રમાંક ૫૫

સ્થાયી કાનૂન વિષયક સમિતિની એક સભા શુક્રવાર, તારીખ ૧૦-૫-૧૯૭૪ના રોજ સાંજના ૫-૦૦ વાગે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી, જેમાં હાજરી નીચે પ્રમાણે હતી :

૧. શ્રી. ઈશ્વરભાઈ પટેલ, કુલપતિશ્રી	હાજર
૨. આચાર્ય એમ. એસ. પંડિત	હાજર
૩. શ્રી. આઈ. એમ. નાણાવટી	ગેરહાજર
૪. શ્રી. મનુભાઈ ડી. પંચોલી	હાજર
૫. આચાર્ય એન. એસ. પંડયા	હાજર
૬. શ્રી ચંદ્રકાન્ત ટી. દરુ	ગેરહાજર
૭. આચાર્ય વી. આર. રણદીવે	ગેરહાજર

સભાનું પ્રમુખસ્થાન કુલપતિશ્રીએ સંભાળ્યું હતું.

૧. તા. ૧૧-૩-૧૯૭૪ના રોજ મળેલી કાનૂનવિષયક સમિતિની નોંધને મંજૂર કરવા બાબત.

તા. ૧૧-૩-૧૯૭૪ના રોજ મળેલી કાનૂનવિષયક સમિતિની નોંધને મંજૂર કરવામાં આવી તથા તે પર પ્રમુખશ્રીએ સહી કરી.

૨. તોલાણી આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, આદિપુર (કચ્છ)નાં ભૂતપૂર્વ પ્રા. આર. કે. શાસ્ત્રીની લેણી નીકળતી રકમ એક્ઝિકયુટિવ કાઉન્સિલની તા. ૮-૯-૧૯૭૩ની સભાના ઠરાવ અન્વયે ત્રણ સપ્તાહમાં તેમને ચૂકવવા સદરહુ કૉલેજને જણાવ્યું હતું તેના સંદર્ભમાં કૉલેજના એડવોકેટ તરફથી તા. ૨૨-૧૦-૧૯૭૩ના રોજ આવેલો પત્ર એક્ઝિકયુટિવ કાઉન્સિલની વિચારણા માટે મૂકવામાં આવતાં એક્ઝિકયુટિવ કાઉન્સિલે તેની તા. ૧૬-૧૧-૧૯૭૩ની સભામાં સદરહુ બાબત સ્થાયી કાનૂનવિષયક સમિતિની વિચારણા માટે મોકલવા ઠરાવ્યું હોઈ તે પર વિચારણા કરવા બાબત.

આ બાબતની સમગ્રપણે વિચારણા કરીને ઠરાવવામાં આવ્યું કે યુનિવર્સિટીના નિયમોના સંદર્ભમાં પ્રા. આર. કે. શાસ્ત્રીની લેણી નીકળતી રકમની ચુકવણી કૉલેજે કરવી જોઈએ.

૩. સર પી.ટી. સાયન્સ કૉલેજ, મોડાસામાંથી છૂટા કરવામાં આવેલા ડેમોન્સ્ટ્રેટર શ્રી. ગોવિંદભાઈ પટેલ તરફથી કરવામાં આવેલી ફરિયાદના સંદર્ભમાં એક્ઝિકયુટિવ કાઉન્સિલની તા. ૧૩-૧૦-૧૯૭૩ની સભાના ઠરાવ અન્વયે, આ બાબત અગાઉ એક્ઝિકયુટિવ કાઉન્સિલે તેની તા. ૮-૯-૧૯૭૩ની સભામાં નિયુક્ત કરેલી સમિતિની પુનઃવિચારણા માટે મોકલી હોઈ તે સમિતિની તા. ૧૧-૧૧-૧૯૭૩ની સભાની ભલામણ અંગેની બાબત પરત્વે એક્ઝિકયુટિવ કાઉન્સિલે તેની તા. ૧૫-૧૨-૧૯૭૩ની સભામાં આ બાબત સ્થાયી કાનૂનવિષયક સમિતિની વિચારણા માટે મોકલી હોઈ તે પરત્વે વિચારણા કરવા બાબત.

આ કેસના તમામ કાગળો જોતાં, ડેમોન્સ્ટ્રેટર શ્રી. ગોવિંદભાઈ પટેલને એમ.એસસી. પરીક્ષામાં બેસી શકે તે માટે ત્રણ વર્ષની મુદ્દત માટે બિનપગારી રજા આપવામાં આવેલી. બીજા બે કે ત્રણ ડેમોન્સ્ટ્રેટરોને પણ તેવી રજા આપવામાં આવેલી. આ પરીક્ષા ત્રણ વર્ષ સુધીમાં પસાર ન કરે તો નોકરીમાંથી છૂટા ગણવા તેવી શરત મેનેજમેન્ટના ઠરાવમાં છે તેની જાણ તેમને કરવામાં આવી નથી, એવું શ્રી. ગોવિંદભાઈનું કહેવું છે; પરંતુ તે સમય દરમ્યાન કૉલેજે ગવર્નિંગ બોડીના ઠરાવ મુજબ તેમની પાર્ટ-ટાઈમ ડેમોન્સ્ટ્રેટરની મહેનતાણા સહિતની કામગીરી સોંપવામાં આવેલી જેનો શ્રી. પટેલે સ્વીકાર કર્યો અને તે મુજબ વર્તવામાં આવેલું છે. આ બધું જોતાં શ્રી. ગોવિંદભાઈ પટેલને તેમના એમ.એસસી. પસાર ન થવાના કારણે તેમને બંડ સમયના ડેમોન્સ્ટ્રેટરની નિમણૂકમાંથી મુક્ત કરી શકે નહિ તેવી ભલામણ છે.

૪. ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૩૩ (એ) (૧) (એ) અન્વયે બિનસરકારી સંલગ્ન કૉલેજોમાં ગવર્નિંગ બોડીની રચના કરવાની બાબતમાં એસોસિયેશન ઑફ સોસાયટીઝ ઑફ મોફ્યુસીલ કૉલેજીસ તરફથી તેમના તા. ૧૭-૧૨-૧૯૭૩ના પત્રથી ઉપસ્થિત કરવામાં આવેલ નીચેનો પ્રશ્ન એક્ઝિક્યુટિવ કાઉન્સિલે તેની તા. ૫-૧-૧૯૭૪ની સભામાં સ્થાયી કાનૂનવિષયક સમિતિની વિચારણા માટે મોકલ્યો હોઈ તે પર વિચારણા કરવા બાબત :

"ગવર્નિંગ બોડીની રચનાઓનો પ્રશ્ન અમારી જાણ પ્રમાણે સબજ્યુડાઈઝ છે, કારણ સુપ્રિમ કોર્ટ સમક્ષ ૧૯૭૩ના યુનિવર્સિટી ઍક્ટ અંગે જે અરજી થઈ છે તેમાં એ પ્રશ્ન પણ રજૂ કરવામાં આવ્યો છે. તો તેનો નિકાલ ન થાય ત્યાં સુધી ગવર્નિંગ બોડીની રચનાનો પ્રશ્ન મોકૂફ રાખવો ઉચિત ગણાશે એવું અમારું નમ્ર સૂચન છે."

ભારતની વડી અદાલતમાં સેંટ ઝેવિયર્સ કૉલેજ તથા અમદાવાદ એજ્યુકેશન સોસાયટીએ કરેલ રિટોમાં ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૩૩ (એ) (૧) (એ) માટે પણ તકરારનો મુદ્દો છે તેમાં વરિષ્ઠ અદાલતે (સુપ્રીમ કોર્ટે) નીચે મુજબ હુકમ આપ્યો છે :

"Upon hearing counsel, the Court directed issue of Rule Nisi Interim stay order made absolute. Further implementation of Section 33-A after the constitution of the Governing Body is also stayed."

એટલે આ હુકમ અન્વયે ગવર્નિંગ બોડીની રચના ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૩૩ (એ) (૧) (એ) અન્વયે કરવી આવશ્યક બને છે, પણ આવી રચાયેલ ગવર્નિંગ બોડી કાર્ય કરી શકે નહિ તેમ એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૫. ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૩૩ (એ) (૧) (એ) અનુસાર બિનસરકારી કૉલેજોના સંચાલક મંડળની રચના માટે તેના શિક્ષકો, બિનશિક્ષકવર્ગના કર્મચારીઓ તથા વિદ્યાર્થી વર્ગના પ્રતિનિધિઓને સામેલ કરવાની જે જોગવાઈ છે તેની ચૂંટણી માટે સ્ટેચ્યૂટ ઘડવો જરૂરી છે કે કેમ તે અંગે વિચારણા કરવા બાબત.

હાલને તબક્કે આ બાબતમાં કાંઈ કરવાપણું રહેતું નથી તેમ એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૬. જૂન ૧૯૭૪થી બી.એસસી. (સ્પે.)માં ભૌતિકવિજ્ઞાનનો વિષય શીખવવાનો બંધ કરવાની પરવાનગી આપવા અંગે બોરસદ સાયન્સ ઍન્ડ લો કૉલેજ, બોરસદના આચાર્યશ્રીના તા. ૮-૩-૧૯૭૪ના પત્ર પર એકિઝકયુટિવ કાઉન્સિલે તેની તા. ૧૬-૩-૧૯૭૪ની સભામાં સદરહુ બાબત સ્થાયી કાનૂન-વિષયક સમિતિની વિચારણા માટે મોકલવા ઠરાવેલું હોઈ તે પર વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—આ કૉલેજે જૂન ૧૯૭૩થી ભૌતિકવિજ્ઞાન મુખ્ય વિષય શીખવવાનો બંધ કરવાની પરવાનગી અગાઉ માંગેલી કુલપતિશ્રીની વિનંતીથી સદરહુ વિષય શીખવવાનો ચાલુ રાખેલ પરંતુ વિદ્યાર્થીઓના અભાવે અને આર્થિક મુશ્કેલીના કારણે સદરહુ વિષય જૂન '૭૪થી બંધ કરવાની પરવાનગી માંગી છે.)

ઑર્ડિનન્સ મુજબ જો નિયમોના સંદર્ભમાં વિધિ કરવામાં આવી હોય તો માંગેલી પરવાનગી આપવી જોઈએ એમ એકિઝકયુટિવ કાઉન્સિલને અભિપ્રાય આપવો.

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

ન. જે. પાઠક
કુલસચિવ વતી

પરિશિષ્ટ "ઝ"
કામકાજ ક્રમાંક ૫૬

"સ્વ. બાઈ મોતી, ડૉ. જેઠાલાલ ગગલભાઈનાં વિધવા, સ્મૃતિ પારિતોષિક"

૧. દાતાનું નામ : "સ્વ. બાઈ મોતી ડૉ. જેઠાલાલ ગગલભાઈનાં વિધવાના વહીવટદાર
શ્રી. રસિકલાલ ચીમનલાલ નગરી.
શેઠ ચીમનલાલ ગિરધરદાસ રોડ, એલિસબ્રિજ, અમદાવાદ-૬.

૨. પ્રદાનની રકમ : રૂ. ૭,૮૦૦ તથા માર્ચ-એપ્રિલ ૧૯૭૪ની પરીક્ષા માટે વધુ રકમ રૂ. ૩૫૦.

૩. પ્રદાનનો પ્રકાર : રૂ. ૩૫૦ની રકમનું એક પારિતોષિક.

૪. પ્રદાનનો સ્વીકાર : એકિઝકયુટિવ કાઉન્સિલે તેની તા. ૨૩-૨-૧૯૭૪ની સભામાં ક્રમાંક ૯૪થી પ્રદાનનો સ્વીકાર કર્યો છે.

નિયમો

૧. "સ્વ. બાઈ મોતી, ડૉ. જેઠાલાલ ગગલભાઈનાં વિધવા, સ્મૃતિ પારિતોષિક" એ નામનું આશરે રૂ ૩૫૦ની રકમનું એક પારિતોષિક આ યુનિવર્સિટીની ઑકટોબર તથા માર્ચ-એપ્રિલમાં લેવામાં આવતી એમ.ડી. (ગાયનેકલોજી)ની પરીક્ષામાં પ્રથમ પ્રયત્ને ઉત્તીર્ણ થયેલ વિદ્યાર્થીઓ પૈકી જે વિદ્યાર્થી ત્રીજી એમ.બી.,બી.એસ.ની પરીક્ષામાં સૌથી વધુ ગુણાંક પ્રાપ્ત કરે તેને સદરહુ પારિતોષિક એનાયત કરવામાં આવશે.

૨. પારિતોષિક વિજેતાનું નામ બને ત્યાં સુધી પરીક્ષાના પરિણામ વખતે, શકય હશે ત્યાં સુધી, જાહેર કરવામાં આવશે અને દાતાને તેની જાણ કરવામાં આવશે.

૩. પારિતોષિક વિજેતાના નામની જાહેરાત જે તે વર્ષના પદવીદાન સમારંભ વખતે પણ કરવામાં આવશે.

૪. પારિતોષિક આપવામાં વિજેતાની નાત, જાત કે વર્ગનો બાધ ગણવામાં આવશે નહિ.

૫. સદરહુ પારિતોષિક એનાયત કરવાની બાબતમાં યુનિવર્સિટીની એકિઝકયુટિવ કાઉન્સિલને વખતોવખત જે શરતો ઉમેરવી આવશ્યક જણાશે તે ઉમેરવા માટે અધિકાર રહેશે.

૬. આ સખાવતની વાર્ષિક આવકમાંથી પાંચ ટકા કપાત યુનિવર્સિટીના જનરલ ફંડમાં લઈ જવામાં આવશે.

૭. આ સખાવતની વાર્ષિક આવકમાંથી બચત રહે તે મૂળ રકમમાં ઉમેરવામાં આવશે.

પરિશિષ્ટ "૮"

કામકાજ ક્રમાંક ૬૬

બાંધકામ સમિતિની એક સભા તા. ૧૭-૫-૧૯૭૪ ને શુક્રવારના રોજ બપોરના ૩-૩૦ કલાકે મળી હતી જેમાં નીચેના સભ્યો હાજર હતા :

૧.	કુલપતિશ્રી	હાજર
૨.	પ્રો. ડી. એન. પાઠક	હાજર
૩.	શ્રી. ગિરીશચંદ્ર એસ. દેસાઈ	હાજર
૪.	આચાર્ય એમ. સી. શાહ	હાજર
૫.	શ્રી. નવનીતલાલ સા. શેાધન	ગેરહાજર
૬.	શ્રી. આર. જી. ભાટિયા	ગેરહાજર.

૧. બાંધકામ સમિતિની તા. ૨૬-૪-૧૯૭૪ની સભાની કાર્યવાહી મંજૂર કરવા બાબત.

બાંધકામ સમિતિની તા. ૨૬-૪-૧૯૭૪ની સભાની કાર્યવાહી મંજૂર કરવામાં આવી અને તે ઉપર કુલપતિશ્રીએ સહી કરી.

૨. લેડીઝ હૉસ્ટેલના મકાનમાં ધાબા પરનાં બધાં બીમ (Inverted Beam) ઉપર તેમ જ સાઈડો (flashing)માં વૉટર પ્રૂફિંગ કરવાનું હોવાથી ૩૬૦૦ ચો. ફૂટનો જથ્થો વધવા પામે છે તે મંજૂર કરવા અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.—હાલ ટેન્ડરમાં ૧૨૦૦૦ ચો. ફૂટ છે. તેને બદલે કુલ ૧૫૬૦૦ ચો. ફૂટ જથ્થો થશે.)

આથી ઠરાવવામાં આવે છે કે લેડીઝ હૉસ્ટેલના મકાનમાં ધાબા પરનાં બધાં બીમ (Inverted Beam) તથા સાઈડો (flashing) પર વૉટર પ્રૂફિંગ કરવાનું હોવાથી ૩૬૦૦ ચો. ફૂટનો વધારાનો જથ્થો થાય છે તે મંજૂર કરવા એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે વિદ્યાર્થીઓના છાત્રાલયના નવા મકાન ઉપર પણ આ જ કૉન્ટ્રાકટર પાસે મંજૂર કરેલા ભાવે કામ કરાવી લેવા એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે.

૩. કૉમ્પ્યુટર સેન્ટરના બાંધકામના કૉન્ટ્રાકટર મે. કનડા એન્જિનિયરિંગ કંપનીના માલસામાન પર ૭૫ ટકા એડવાન્સ આપવા અંગેના તા. ૧૫-૪-૧૯૭૪ના પત્ર પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે કૉમ્પ્યુટર સેન્ટરના બાંધકામ માટે ઈંટો, ટાઈલ્સ તથા કપચીના અંદાજી ખર્ચ પર ૭૫ ટકા એડવાન્સ આપવાનું મંજૂર કરવા એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૪. વિજ્ઞાન વિદ્યાભવનના ફિઝિકસ ડિપાર્ટમેન્ટના વિકાસ બાંધકામના કૉન્ટ્રાકટર મે. કનડા એન્જિનિયરિંગ કંપનીના માલસામાન પર ૭૫ ટકા એડવાન્સ લેવા અંગેના તા. ૨૯-૪-૧૯૭૪ના રોજ કાર્યાલયમાં આવેલ પત્ર પરત્વે વિચારણા કરવા બાબત.

વિજ્ઞાન વિદ્યાભવનના ફિઝિકસ ડિપાર્ટમેન્ટના વિકાસ બાંધકામમાં ઈંટો, ટાઈલ્સ તથા કપચીના અંદાજી ખર્ચ પર ૭૫ ટકા એડવાન્સ આપવાનું મંજૂર કરવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે ટ્રસ્ટ ભવનના મકાન માટે પણ ઉપર પ્રમાણે એડવાન્સ કૉન્ટ્રાકટરને આપવું.

૫. જિમ્નેશિયમ તથા સર્વિસ સેન્ટર માટે આવેલાં ટેન્ડરો તપાસી ભલામણ કરવા બાબત.

(અ) યુનિવર્સિટીના સર્વિસ સેન્ટરના બાંધકામ માટે સૌથી ઓછા ભાવ આપનાર મે. સી. આર. કૉન્ટ્રાકટરના ટેન્ડર અંગે તેઓને આવા કામનો અનુભવ ન હોવાથી સમગ્ર રીતે વિચારણા કર્યા બાદ ઠરાવવામાં આવ્યું કે મે. સર્વોદય કન્સ્ટ્રકશન કંપનીનું રૂ. ૮૦,૧૨૮ નું ટેન્ડર પ્રત્યેક આઈટેમમાંથી ૨½ (અઢી) ટકા બાદ સાથેનું સદરહુ ટેન્ડરની શરત મુજબ મંજૂર કરવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

(બ) આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી વિસ્તારમાં બાંધવામાં આવનાર જિમ્નેશિયમના કામ માટે કુલ પાંચ ટેન્ડરો આવ્યાં હતાં. આવેલાં ટેન્ડરો અંગે સમગ્ર રીતે વિચારણા કર્યા બાદ તથા અનુભવ અને સ્થપતિનાં કરેલાં કામોની યાદી ટેન્ડરમાં જોઈતપાસીને ઠરાવવામાં આવ્યું કે અનુક્રમે બીજા આવનાર (second lowest) કૉન્ટ્રાકટર મે. જે. કે. કન્સ્ટ્રકશન કંપનીનું રૂ. ૩,૩૧,૩૩૬નું ટેન્ડર પ્રત્યેક આઈટમમાંથી ચાર ટકા બાદ સાથેનું સદરહુ ટેન્ડરની શરતો અનુસાર મંજૂર કરવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

નીચેની બાબતો કુલપતિશ્રીની પરવાનગીથી રજૂ કરવામાં આવી :

૬. યુનિવર્સિટીના બાંધકામના અંદાજ તથા ટેન્ડરો મંગાવવા અંગે આવેલા ઑડિટ વાંધા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે પી. ડબલ્યુ. ડી.ના schedule of rates પ્રમાણે જ આપણું schedule તૈયાર કરવા તથા હાલ માલસામાનના ભાવોમાં થતી અસાધારણ વધઘટ જોતાં તથા આઈટેમ રેઈટ ટેન્ડરો મંગાવવાની તથા અન્ય પ્રથાઓ ચાલુ રાખવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

ભૂ. મ. પટેલ
કુલસચિવ વતી.

પરિશિષ્ટ "ઠ"
કામકાજ ક્રમાંક ૭૧

ગુજરાત યુનિવર્સિટી વિસ્તાર અધ્યાપક મંડળના મંત્રીશ્રીનો તા. ૧૮–૫–૧૯૭૪નો પત્રાંક ૨૨૦૫/૧૯૭૪

માનનીય કુલપતિશ્રી,

આ અગાઉ અધ્યાપકોની નોકરીની સલામતી, છૂટા કરવામાં આવેલા અધ્યાપકોને તેમની નોકરીનું સાતત્ય જળવાય તે રીતે તેમના સ્થાને પાછા લેવા અને ઘરભાડા-ભથ્થાં તેમ જ સિટી એલાવન્સ અંગે અધ્યાપક આલમની લાગણી તેમ જ મંડળની સામાન્ય સભાના ઠરાવોથી આપ પરિચિત છો જ.

છૂટા કરવામાં આવેલા અધ્યાપકોના પ્રશ્ન અંગે યુનિવર્સિટીએ નિર્ણાયક પગલાં લઈ તમામ અધ્યાપકોને તેમના સ્થાન પર લેવામાં આવે તે જોવું અનિવાર્ય છે. આ માસના અંત સુધીમાં આ પ્રશ્નો પતી જાય અને નવા પ્રશ્નો ઊભા ન થાય તે શૈક્ષણિક વાતાવરણ સમધારણ રહે તે માટે અત્યંત જરૂરી છે તે આપ સ્વીકારશો જ.

અધ્યાપકોની સલામતી અંગે યુનિવર્સિટી ઍક્ટની કલમ ૫૧–એ ના યોગ્ય અર્થઘટન માટે આ અગાઉ અમે આપને જણાવ્યું છે. યુનિવર્સિટીની લીગલ કમિટીના સંચાલક-તરફી અર્થઘટનથી તેમ જ આ બાબત ઍડવોકેટ-જનરલને મોકલવાના પગલાથી, યુનિવર્સિટીને આ બાબતમાં અધ્યાપક વિરોધી વલણ લઈ-નિર્ણય કરવાની આપની સત્તા હોવા છતાં વિલંબની નીતિનો આશ્રય લીધો છે. અધ્યાપકોના આ પ્રશ્નને કાનૂની આંટીઘૂટીમાં ગૂંચવ્યા સિવાય અને જરાપણ સમય ગુમાવ્યા સિવાય યુનિવર્સિટી તમામ અધ્યાપકોને નોકરીની સલામતીની બાંયધરી પૂરી પાડવામાં નિષ્ફળ જશે તો સમગ્ર અધ્યાપક આલમનો વિશ્વાસ ગુમાવશે.

ઘરભાડા ભથ્થા અને સિટી એલાવન્સ અંગે કૉલેજ શિક્ષકોને વર્ષોથી થતા અન્યાયને યુનિવર્સિટીએ ચાલુ રાખ્યો છે.

આ સમગ્ર સંદર્ભમાં આજે અધ્યાપકોને યુનિવર્સિટી સમક્ષ પોતાની તીવ્ર લાગણી પ્રત્યક્ષ રીતે વ્યક્ત કરવાની ફરજ પડી છે. આશા છે કે, આપે અને એક્ઝિકયુટિવ કાઉન્સિલના સર્વે સભ્યો આ લાગણી અને તેની પાછળના વાજબીપણાને પિછાનશે અને અધ્યાપકોને ઉગ્ર આંદોલનના માર્ગે જવાની ફરજ નહિ પાડે.

કનુભાઈ શાહ
મંત્રી,
ગુ. યુનિ. અધ્યાપક મંડળ

તા.ક. – આ પત્ર એક્ઝિકયુટિવ કાઉન્સિલમાં વાંચવા તથા વિચારણા માટે મૂકવા વિનંતી.

પરિશિષ્ટ "ડ"
કામકાજ ક્રમાંક ૭૨

એક જ સંચાલન મંડળના ઉપક્રમે ચાલતી કોલેજોના અલગ અલગ ટ્રસ્ટની રચના અંગેના પ્રસ્તાવો ચોકસીને પોતાનો અહેવાલ રજૂ કરવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલે તેની તા. ૧૬-૧૧-૧૯૭૩ની સભામાં ઠરાવ ક્રમાંક ૧૦૪થી નીમેલી સમિતિની બીજી સભા તા. ૧૮-૫-૧૯૭૪ ને શનિવારના રોજ સવારના ૧૧-૩૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. તેમાં સભ્યોની હાજરી નીચે મુજબ હતી :

૧.	આચાર્યશ્રી ડૉ. ધીરુભાઈ પી. ઠાકર	હાજર
૨.	આચાર્યશ્રી એમ. સી. શાહ	હાજર
૩.	આચાર્યશ્રી ડૉ. એચ. એમ. દેસાઈ	હાજર
૪.	આચાર્યશ્રી એમ. ડી. પંચોલી	હાજર.

આ સભાનું પ્રમુખસ્થાન આચાર્યશ્રી એમ. સી. શાહે સંભાળ્યું હતું.

૧. ઉપપ્રમુખ, ધી નડિયાદ એજ્યુકેશન સોસાયટી, નડિયાદ તરફથી આવેલ તા. ૩-૧-૧૯૭૪ના પત્રાંક ૨૮૮૯ પરત્વે વિચારણા કરવા બાબત.

આથી સર્વાનુમતે ઠરાવવામાં આવે છે કે સદરહુ પત્રની નોંધ લેવી.

૨. આચાર્યશ્રી આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, ઈડર તરફથી આવેલ તા, ૧-૧-૧૯૭૪ના પત્ર પરત્વે વિચારણા કરવા બાબત.

આથી સર્વાનુમતે ઠરાવવામાં આવે છે કે ઉપરોક્ત કૉલેજ તરફથી આવેલ ટ્રસ્ટ ડીડની નકલ મંજૂરી માટે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનને મોકલવી

૩. શ્રી. ડી. ડી. ચોકસી કૉલેજ ઑફ એજ્યુકેશનનું સંચાલન પાલનપુર સોસાયટી ફૉર ટીચર્સ એજ્યુકેશનને તા. ૧-૪-૧૯૭૩થી સંભાળી લીધું છે તેમ જણાવતા શ્રી. પાલનપુર જૈન શિશુશાળા બાલમંદિર એન્ડ એજ્યુકેશન ટ્રસ્ટના તા. ૧૧-૧૨-૧૯૭૩ના પત્રાંક જા. નં. સી. એ. ટ્રસ્ટ. રેજો. ૩૪૬-૪૭ પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા હાલ મોકૂફ રાખવી.

૪. પ્રમુખશ્રીની પરવાનગીથી ગુજરાત કેળવણી ટ્રસ્ટનો તા. ૧૬-૫-૧૯૭૪નો પત્ર વિચારણા માટે સભા સમક્ષ રજૂ કરવામાં આવ્યો.

ચર્ચાવિચારણાને અંતે સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું કે ગુજરાત કેળવણી ટ્રસ્ટ સંચાલિત નીચેની કૉલેજોનાં ટ્રસ્ટ ડીડ (Trust deed) મંજૂરી માટે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનને મોકલી આપવાં.

કૉલેજોનાં નામ

૧. સરદાર વલ્લભભાઈ આર્ટ્સ કૉલેજ, અમદાવાદ

૨. સરદાર વલ્લભભાઈ કૉમર્સ કૉલેજ, અમદાવાદ

૩. સરદાર વલ્લભભાઈ વાણિજ્ય મહાવિદ્યાલય, અમદાવાદ

૪. મોતીલાલ નહેરુ લૉ કૉલેજ, અમદાવાદ

૫. પ્રકાશ કૉલેજ ઑફ એજ્યુકેશન, અમદાવાદ.

ત્યાર બાદ હાજર રહેલા તમામ સભ્યોનો આભાર માની પ્રમુખશ્રીએ સભાનું કામકાજ પૂરું થયેલ જાહેર કર્યું હતું.

ડા. હ. પટેલ
કુલસચિવ વતી.

ગુજરાત યુનિવર્સિટી પ્રેસ, નવરંગપુરા, અમદાવાદ–૩૮૦૦૦૯

ખાનગી

ગુજરાત યુનિવર્સિટી

ગુજરાત યુનિવર્સિટીની એક્ઝિક્યુટિવ કાઉન્સિલની જૂન માસની સભા, શનિવાર, તા. ૨૯--૬-૧૯૭૪ના રોજ સવારના ૯--૦૦ વાગ્યે ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. પ્રમુખસ્થાન કુલપતિશ્રી ઈશ્વરભાઈ જેઠાભાઈ પટેલે સંભાળ્યું હતું. સભામાં હાજરી નીચે પ્રમાણે હતી :

ક્રમાંક	સભ્યનું નામ	તા. ૨૯-૬-૧૯૭૪
૧.	શ્રી. ઈશ્વરભાઈ જેઠાભાઈ પટેલ, કુલપતિ	હાજર
૨.	શ્રી. શિક્ષણસંચાલક, ગુજરાત રાજ્ય	ગેરહાજર
૩.	આચાર્ય માધવપ્રસાદ એસ. પંડિત	હાજર
૪.	શ્રી. પ્રફુલ્લચંદ્ર ચંદુલાલ શાહ	હાજર
૫.	શ્રી. મનીષી ઠાકોરલાલ જાની	હાજર
૬.	ડૉ. જ્યોતીન્દ્ર લક્ષ્મીશંકર ભટ્ટ	હાજર
૭.	પ્રો. અનંતરાય મણિશંકર રાવળ	હાજર
૮.	ડૉ. વિનોદકાન્ત ચૂનીલાલ શાહ	હાજર
૯.	આચાર્ય દર્શનસિંઘ મુસ્તાકસિંઘ શીખ	હાજર
૧૦.	ડૉ. ધીરુભાઈ પ્રેમશંકર ઠાકર	ગેરહાજર
૧૧.	ડૉ. હર્ષદભાઈ મોતીભાઈ પટેલ	હાજર
૧૨.	ડૉ. મહેન્દ્ર નાનુભાઈ દેસાઈ	ગેરહાજર
૧૩.	શ્રી. મનુભાઈ દેવશંકર પંચોલી	હાજર
૧૪.	શ્રી. ગુલાબભાઈ રતનજી દેસાઈ	હાજર
૧૫.	ડૉ. જશવંતલાલ નાનાલાલ પટેલ	હાજર
૧૬.	આચાર્ય યશવંતભાઈ પ્રા. શુક્લ	હાજર
૧૭.	પ્રો. દેવવ્રત નાનુભાઈ પાઠક	હાજર
૧૮.	ડૉ. બિહારીલાલ કન્હૈયાલાલ	હાજર
૧૯.	શ્રી. મણિભાઈ ગોરધનભાઈ બ્રહ્મભટ્ટ	ગેરહાજર
૨૦.	આચાર્ય મહેન્દ્રલાલ ચંદુલાલ શાહ	હાજર.

૧. તા. ૧૮-૫-૧૯૭૪ના રોજ મળેલ એકિઝકયુટિવ કાઉન્સિલની સભાની નોંધ મંજૂર કરવા બાબત.

તા. ૧૮-૫-૧૯૭૪ના રોજ મળેલ એકિઝકયુટિવ કાઉન્સિલની સભાની નોંધ નીચેના સુધારા સાથે મંજૂર કરવામાં આવી તથા તે પર કુલપતિશ્રીએ સહી કરી :

બાબત નં. ૨૩ ઉપરના ઠરાવમાં બી.એ.(સમો.)માં જોડાણ માટેના વિષયોમાં હિન્દી પહેલા 'ઇતિહાસ' શબ્દ ઉમેરવો.

૨. યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને પાંચમી પંચવર્ષીય યોજનાના ગાળા દરમ્યાન વૈજ્ઞાનિક સાધનસામગ્રીની ખરીદી માટે રૂ. ૫,૦૦,૦૦૦ (અંકે રૂપિયા પાંચ લાખ પૂરા)ની બેઝિક આર્થિક સહાય આપવાનું તેમના તા. ૨૮-૫-૧૯૭૪ના પત્ર ક્રમાંક એફ. ૧૮-૨-૭૪-(ડી-જી)થી મંજૂર કર્યાની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની સાભાર નોંધ લેવી.

૩. બિનસરકારી સંલગ્ન કોલેજોમાં અપાતી ગ્રાન્ટમાં પે-પેકેટમાં (સી.એલ.એ.) સ્થાનિક વળતર ભથ્થું સમાવી લેવા અંગેના રાજ્ય સરકારના તા. ૩૦-૫-૧૯૭૪ના ઠરાવ ક્રમાંક એનજીસી. ૩૯૬૨૩-ખ નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની સાભાર નોંધ લેવી.

૪. સુધારેલો યુનિવર્સિટી ધારો તા. ૧૨-૩-૧૯૭૩થી અમલમાં આવતાં આ યુનિવર્સિટી સાથેની સંલગ્ન કોલેજોએ શિક્ષકોની નિમણૂક કરતી વખતે પ્રત્યેક કૉલેજની સિલેકશન કમિટીમાં ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૩૩-એ (૧) (બી) (૧) અને (૨) અનુસાર યુનિવર્સિટીના પ્રતિનિધિ હોવા જરૂરી છતાં સાવલી તાલુકા કેળવણી મંડળ સંચાલિત આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ સિવાય આચાર્યશ્રી સહિત તમામ શિક્ષકોની નિમણૂક કરવામાં આવી છે તો તે અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.—મંડળના પ્રમુખશ્રીએ સદરહુ કલમનો તેઓને ખ્યાલ ન હોવાથી અને આ પ્રથમ પ્રાયોગિક ક્ષતિ હોઈ તે ક્ષમ્ય ગણવા વિનંતી કરી છે)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજ એક નવી કૉલેજ હોઈ તેમાં ચાલુ વર્ષે કરવામાં આવેલા શિક્ષકોની નિમણૂકો તે કૉલેજે કરેલો ખુલાસો લક્ષમાં લઈને ગ્રાહ્ય ગણવી અને તે કૉલેજને જણાવવું કે ભવિષ્યમાં શિક્ષકોની નિમણૂકો માટેની વરણી સમિતિ ઉપર યુનિવર્સિટીના પ્રતિનિધિઓ નીમવા આવશ્યક હોઈ તે નિયમનું પરિપાલન તેણે કરવું જોઈએ.

૫. યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને પાંચમી પંચવર્ષીય યોજનાના ગાળા દરમિયાન પુસ્તકો વગેરેની ખરીદી માટે રૂ. ૩,૦૦,૦૦૦ (રૂપિયા ત્રણ લાખ પૂરા)ની બેઝિક ગ્રાન્ટ આપવાનું તેમના તા. ૨૮-૫-૧૯૭૪ના પત્ર ક્રમાંક એફ. ૧૮-૩-૧૯૭૪ (ડી-૪-એ)થી મંજૂર કર્યાની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની સાભાર નોંધ લેવી.

૬. યુનિવર્સિટીના ઉપક્રમે તા. ૨૭-૭-૧૯૭૨થી તા. ૨૯-૭-૧૯૭૨ સુધી એફ.વાય.-બી.એસસી. કોર્સ અંગેનો રિ-ઓરિએન્ટેશન સેમિનાર યોજવામાં આવેલ તે માટે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને ખર્ચના ૫૦ ટકા પ્રમાણેની ઍાન એકાઉન્ટ ગ્રાન્ટ રૂ. ૧,૦૦૦ તેમના તા. ૨૭-૫-૧૯૭૪ના પત્ર ક્રમાંક એફ. ૨૯-૧-૧૯૭૩થી (એસ.સી. ૩ એસ.આર.) મંજૂર કર્યાની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની સાભાર નોંધ લેવી.

૭. ચોથી પંચવર્ષીય યોજના દરમ્યાન યુનિવર્સિટી અને વિઝિટિંગ સ્ટુડન્ટશિપ કાર્યક્રમ, હૉસ્ટેલની સવલતો સુધારવા અને વૉટર-કૂલર જેવી યોજનાઓ માટે આપવામાં આવતી આર્થિક સહાય પાંચમી પંચવર્ષીય યોજના દરમ્યાન આપી શકાશે નહિ, તેમ જણાવતાં યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનના તા. ૨-૬-૧૯૭૪ના પત્રાંક એફ. ૭-૨૫-૧૯૭૪-(પી-સી.પી)ની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૮. યુનિવર્સિટીમાં પ્રૌઢ શિક્ષણ (Continuing / Adult Education)નો વિભાગ અગાઉ મંજૂર કર્યા પ્રમાણે કુલ ખર્ચના ૭૫ ટકા પ્રમાણે રૂ. ૧,૩૮,૦૦૦થી વધે નહિ તે શરતે તેમ જ બાકીના ૨૫ ટકા પ્રમાણેનો ખર્ચ યુનિવર્સિટી રાજ્ય સરકાર ભોગવશે તેની નોંધ લઈને શરૂ કરવા માટે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને તેમના તા. ૨૫-૫-૧૯૭૪ના પત્ર ક્રમાંક એફ. ૭-૧૩-૭૧ (એચ.આઈ./ટી.ઈ.)થી મંજૂર કર્યાની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી અને તે અંગે આગળની જરૂરી કાર્યવાહી હાથ ધરવી.

૯. ૧૯૭૪-૭૫ના વર્ષમાં મુંબઈ મુકામે ઇન્ટરનેશનલ કૉન્ફરન્સ ઑફ ધી વર્લ્ડ ઍજ્યુકેશન ફેલોશિપ ("ઇન્ડિયન સેકશન")ના ઉપક્રમે યોજવામાં આવનાર "ઇન્ટરનેશનલ ઍજ્યુકેશન કૉન્ફરન્સ" અંગે રૂ. ૧,૫૦૦થી ઓછી એટલી આર્થિક સહાય આપવા માટે સદરહુ સંસ્થાના પ્રમુખ ડૉ. શ્રીમતી મધુરીબહેન શાહે તેમના તા. ૨૪-૫-૧૯૭૪ના પત્રથી કરેલ વિનંતી પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતમાં આ યુનિવર્સિટી તરફથી આર્થિક સહાય આપવાનું શકય નથી તેમ સખેદ જણાવવું.

૧૦. ગુજરાત યુનિવર્સિટીના ઉપક્રમે ચાલુ વર્ષે માઉન્ટ આબુ મુકામે યોજવામાં આવેલ માઉન્ટેનિયરિંગ ટ્રેનિંગ કેમ્પ અંગે ગવર્નમેન્ટ ઑફ ઇન્ડિયા, મિનિસ્ટ્રી ઑફ ઍજ્યુકેશન ઍન્ડ સોશિયલ વેલ્ફેર, ન્યૂ દિલ્હી તરફથી તેમના પત્રાંક એફ-૬-૧૧-૭૪ એન.એસ.વાય-II તા. ૧૭-૫-૧૯૭૪થી રૂ. ૨,૫૦૦ (અંકે રૂપિયા બે હજાર પાંચસો પૂરા)ના અનુદાનની રકમ મંજૂર કર્યાની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની સાભાર નોંધ લેવી.

૧૧. મૂળભૂત કામો જેવાં કે સિમેન્ટ-કૉંક્રીટના રસ્તા, ગૅરેજ, વૉટર-કૂલર માટેની ઓરડી, સાઇકલ સ્ટેન્ડ, કમ્પાઉન્ડિંગ દીવાલ વગેરેનું બાંધકામ, આસ્ફાલ્ટના રસ્તા, સીલિંગના પંખા, જાજરૂ આપવા અંગેનાં કામો માટે જો પૂર્વમંજૂરી લેવામાં આવી ન હોય તો આર્થિક સહાય આપી શકાશે નહિ, તેમ જ હૉસ્ટેલો માટે વાસણો, કબાટો, ફર્નિચર, કાર્યાલય-વિભાગો માટે કબાટો, ખુરશીઓ, ટેબલો વગેરેની ખરીદી માટે અનુક્રમે વિદ્યાર્થીઓ-સભ્યો વગેરેની સંખ્યા વધી છે તેવું જસ્ટિફિકેશન આપવામાં આવશે તો બ્લૉક મેઇન્ટેનન્સ ગ્રાન્ટ ઉપરાંત વધારાની આર્થિક સહાય આપવા અંગે વિચારણા કરવામાં આવશે તેવું જણાવતા રાજ્ય સરકારના તા. ૮-૫-૧૯૭૪ના પત્રાંક યુએસજી. ૧૧૭૩-૧૩૨૫૦૯-ખ ની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત રાજ્યની યુનિવર્સિટીઓના કુલપતિશ્રીઓના બોર્ડને આ અંગે ઘટતી રજૂઆત રાજ્ય સરકાર સમક્ષ કરવા માટેના સૂચન સાથે તેની વિચારણા માટે મોકલવી.

૧૨. વિજ્ઞાન વિદ્યાભવનમાં વનસ્પતિવિજ્ઞાનના લેક્ચરર ડૉ. વાય. ડી. સિંઘનો બે વર્ષનો અજમાયશી સમય તા. ૧૪-૬-૧૯૭૪ના રોજ પૂરો થતો હોઈ તેમને તા. ૧૫-૬-૧૯૭૪થી કાયમ કરવા અંગે વિચારણા કરવા બાબત.

ડૉ. વાય. ડી. સિંઘની કામગીરી અંગેનો ખાનગી અહેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો.

તે પછી ઠરાવવામાં આવ્યું કે ડૉ. વાય. ડી. સિંઘને તા. ૧૫--૬--૧૯૭૪થી વિજ્ઞાન વિદ્યાભવનમાં વનસ્પતિવિજ્ઞાનના લેક્ચરરની જગ્યા પર કાયમ કરવા.

૧૩. વિજ્ઞાન વિદ્યાભવનના વર્કશૉપમાં વાયરમૅન તરીકે કામ કરતા શ્રી. જીવાજી બારોટનો એક વર્ષનો અજમાયશી સમય તા. ૩૦-૬-૧૯૭૪ના રોજ પૂરો થતો હોઈ તેમને તા. ૧-૭-૧૯૭૪થી કાયમ કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૧૪. યુનિવર્સિટીના નીચેના કર્મચારીઓનો અજમાયશી સમય તેઓનાં નામ સામે બતાવેલ તારીખે પૂરો થતો હોઈ તેમનાં નામ સામે બતાવેલ તારીખથી તેઓને કાયમ કરવા અંગે વિચારણા કરવા બાબત :

ક્રમાંક	કર્મચારીનું નામ	હોદ્દો	અજમાયશી સમય પૂરો થયાની તારીખ	કાયમ કરવાની તારીખ
૧.	શ્રી. ડી. જે. ચૌધરી	કંપાઉન્ડર	૧-૭-૧૯૭૪	૨-૭-૧૯૭૪
૨.	શ્રી. ડી. એસ. પંડિત	પંપ એટેન્ડન્ટ	૧૨-૭-૧૯૭૪	૧૩-૭-૧૯૭૪.

સદરહુ સભ્યોની કામગીરી અંગેના ખાનગી અહેવાલો સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યા.

તે પછી ઠરાવવામાં આવ્યું કે સદરહુ સભ્યોને તેમનાં નામ સામે જણાવેલ જગ્યા પર અને તારીખથી કાયમ કરવા.

૧૫. એસ્ટેટ વિભાગના બિલ્ડિંગ સુપરવાઈઝર શ્રી. ડી. બી. સુતરિયાને રૂ. ૩૧૩-૧૫-૩૪૩-૨૦-૪૪૩ ઈ.બી. ૨૨-૫૭૫ના પગારધોરણમાં રૂ. ૪૪૩ પછીનો કાર્યક્ષમતા અંતરાય (એફિશિયન્સી બાર) તા. ૧-૪-૧૯૭૪થી ઓળંગવા દેવાની પરવાનગી આપવા અંગે વિચારણા કરવા બાબત.

શ્રી. ડી. બી. સુતરિયાની કામગીરી અંગેનો ખાનગી અહેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો.

તે પછી ઠરાવવામાં આવ્યું કે બિલ્ડિંગ સુપરવાઈઝર શ્રી. ડી. બી. સુતરિયાને રૂ. ૩૧૩-૧૫-૩૪૩-૨૦-૪૪૩ ઈ.બી. ૨૨-૫૭૫ના પગારધોરણમાં રૂ. ૪૪૩ પછીનો કાર્યક્ષમતા અંતરાય તા. ૧--૪--૧૯૭૪થી ઓળંગવા માટે મંજૂરી આપવી.

૧૬. પરીક્ષાવિભાગના નીચેના કર્મચારીઓને તેઓનાં નામ સામે બતાવેલ પગારધોરણમાં તથા તારીખથી રૂ. ૨૪૩ પછીનો કાર્યક્ષમતા અંતરાય (એફિસિયન્સી બાર) ઓળંગવા દેવા અંગેની પરવાનગી આપવા અંગે વિચારણા કરવા બાબત :

ક્રમાંક	કર્મચારીનું નામ	હોદ્દો	ઈ.બી. ઓળંગવાની તારીખ	મૂળ પગાર રૂ.
૧.	શ્રી. પી. સી. શાહ	જુ. ક્લાર્ક	૧-૭-૧૯૭૪	૨૪૩થી
૨.	શ્રી. રામભાઈ જે. પટેલ	જુ. ક્લાર્ક	૧-૭-૧૯૭૪	૨૪૩થી
૩.	કુ. મેનાબહેન જે. કૌશિક		૧-૭-૧૯૭૪	૨૪૩થી
૪.	શ્રી. એમ. કે. શાહ		૧-૭-૧૯૭૪	૨૪૩થી

(પગારધોરણ રૂ. ૧૫૩-૫-૧૮૩-૧૦-૨૪૩ ઈ.બી. ૧૫-૪૦૮-૧૯-૪૬૫)

સદરહુ સભ્યોની કામગીરી અંગેના ખાનગી અહેવાલો સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યા.

તે પછી ઠરાવવામાં આવ્યું કે સદરહુ સભ્યોને રૂ. ૧૫૩-૫-૧૮૩-૧૦-૨૪૩ ઈ.બી. ૧૧-૪૦૮-૧૯-૪૬૫ના પગારધોરણમાં રૂ. ૨૪૩ પછીનો કાર્યક્ષમતા અંતરાય તા. ૧--૭--૧૯૭૪થી ઓળંગવા માટે મંજૂરી આપવી.

૧૭. યુનિવર્સિટી કાર્યાલયના નીચેના કર્મચારીઓને તેઓનાં નામ સામે બતાવેલ તારીખ તથા પગારધોરણમાં તા. ૧-૭-૧૯૭૪થી રૂ. ૨૪૩ પછીનો કાર્યક્ષમતા અંતરાય (એફિશિયન્સી બાર) ઓળંગવા દેવા અંગેની પરવાનગી આપવા અંગે વિચારણા કરવા બાબત :

ક્રમાંક	કર્મચારીનું નામ	હોદ્દો	ઈ.બી. ઓળંગવાની તારીખ	મૂળ પગાર રૂ.
૧.	શ્રી. આઈ. બી. સાડીવાલા	ટાઈપિસ્ટ	૧-૭-૧૯૭૪	૨૪૩
૨.	કુ. એ. એમ. લાલાજી	જુ. ક્લાર્ક	૧-૭-૧૯૭૪	૨૪૩
૩.	શ્રી. પી. એમ. ત્રિવેદી	,,	૧-૭-૧૯૭૪	૨૪૩
૪.	શ્રી. નટવરભાઈ એમ. પટેલ	,,	૧-૭-૧૯૭૪	૨૪૩

(પગારધોરણ રૂ. ૧૫૩-૫-૧૮૩-૧૦-૨૪૩ ઈ.બી. ૧૫-૪૦૮-૧૯-૪૬૫)

સદરહુ સભ્યોની કામગીરી અંગેના ખાનગી અહેવાલો સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યા.

તે પછી ઠરાવવામાં આવ્યું કે સદરહુ સભ્યોને રૂ. ૧૫૩-૫-૧૮૩-૧૦-૨૪૩ ઈ.બી. ૧૧-૪૦૮-૧૯-૪૬૫ના પગારધોરણમાં રૂ. ૨૪૩ પછીનો કાર્યક્ષમતા અંતરાય તા. ૧--૭--૧૯૭૪થી ઓળંગવા માટે મંજૂરી આપવી.

૧૮. યુનિવર્સિટી વિજ્ઞાન વિદ્યાભવનના નીચેના કર્મચારીઓને તેમનાં નામ સામે જણાવેલ પગારધોરણમાં અને તારીખથી રૂ. ૨૪૩ પછીનો કાર્યક્ષમતા અંતરાય (એફિશિયન્સી બાર) ઓળંગવા દેવા અંગે વિચારણા કરવા બાબત :

ક્રમાંક	કર્મચારીનું નામ હોદ્દા સાથે	પગારધોરણ	ઈ.બી. ઓળંગવાની તારીખ	મૂળ પગાર રૂ.
૧.	શ્રી. જી. જી. મહેતા (સ્ટોર-કીપર)	રૂ. ૧૫૩-૫-૧૮૩-૧૦-૨૪૩ ઈ.બી. ૧૫-૪૦૮-૧૯-૪૬૫	૧-૭-૧૯૭૪	૨૪૩
૨.	શ્રી. એન. વી. શાહ (હર્બે. આસિ.)	-સદર-	૧-૭-૧૯૭૪	૨૪૩
૩.	શ્રી. આર. બી. શાહ (ટાઇપિસ્ટ)	-સદર-	૧-૭ ૧૯૭૪	૨૪૩

સદરહુ સભ્યોની કામગીરી અંગેના ખાનગી અહેવાલો સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યા.

તે પછી ઠરાવવામાં આવ્યું કે સદરહુ સભ્યોને રૂ. ૧૫૩-૫-૧૮૩-૧૦-૨૪૩ ઈ.બી. ૧૫-૪૦૮-૧૯-૪૬૫ના પગારધોરણમાં રૂ. ૨૪૩ પછીનો કાર્યક્ષમતા અંતરાય તા. ૧--૭--૧૯૭૪થી ઓળંગવા માટે મંજૂરી આપવી.

૧૯. યુનિવર્સિટી કાર્યાલયના નીચેના કર્મચારીઓને તેમનાં નામ સામે બતાવેલ તારીખ અને પગારધોરણમાં રૂ. ૨૪૩ પછીનો કાર્યક્ષમતા અંતરાય (એફિશિયન્સી બાર) ઓળંગવા દેવા અંગે વિચારણા કરવા બાબત :

ક્રમાંક	કર્મચારીનું નામ અને હોદ્દો	પગારધોરણ	ઈ.બી. ઓળંગવાની તારીખ	મૂળ પગાર રૂ.
૧.	શ્રી. એસ. વી. જોષી (જુ. ક્લાર્ક)	રૂ. ૧૫૩-૫-૧૮૩-૧૦-૨૪૩ ઈ.બી. ૧૫-૪૦૮-૧૯-૪૬૫	૧-૭-૧૯૭૪	૨૪૩થી
૨.	શ્રી. જે. ડી. મહેતા (જુ. ક્લાર્ક)	,,	૧-૭-૧૯૭૪	૨૪૩થી
૩.	શ્રી. એસ. કે. શાહ (જુ. ક્લાર્ક)	,,	૧-૭-૧૯૭૪	૨૪૩થી

સદરહુ સભ્યોની કામગીરી અંગેના ખાનગી અહેવાલો સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યા.

તે પછી ઠરાવવામાં આવ્યું કે સદરહુ સભ્યોને રૂ. ૧૫૩-૫-૧૮૩-૧૦-૨૪૩ ઈ.બી. ૧૫-૪૦૮-૧૯-૪૬૫ના પગારધોરણમાં રૂ. ૨૪૩ પછીનો કાર્યક્ષમતા અંતરાય તા. ૧--૭--૧૯૭૪થી ઓળંગવા માટે મંજૂરી આપવી.

૨૦. યુનિવર્સિટી ગ્રંથાલયના જુ. ક્લાર્ક શ્રી. એન. એલ. વાઝાને રૂ. ૧૫૩-૫-૧૮૩-૧૦-૨૪૩ ઈ.બી.-૧૫-૪૦૮-૧૯-૪૬૫ના પગારધોરણમાં રૂ. ૨૪૩ પછીનો કાર્યક્ષમતા અંતરાય (એફિશિયન્સી બાર) તા. ૧-૭-૧૯૭૪થી ઓળંગવા દેવા અંગે વિચારણા કરવા બાબત.

શ્રી. એન. એલ. વાઝાની કામગીરી અંગેનો ખાનગી અહેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો.

તે પછી ઠરાવવામાં આવ્યું કે શ્રી. એન. એલ. વાળાને રૂ. ૧૧૩-૫-૧૮૩-૧૦-૨૪૩ ઈ.બી. ૧૫-૪૦૮ ૧૯-૪૬૫ના પગારધોરણમાં રૂ. ૨૪૩ પછીનો કાર્યક્ષમતા અંતરાય તા. ૧–૭–૧૯૭૪થી ઓળંગવા માટે મંજૂરી આપવી.

૨૧. યુનિવર્સિટી ગ્રંથાલયમાં જુ. ક્લાર્ક શ્રી. કે. બી. શાહને તા. ૧–૭–૧૯૭૩થી કાર્યક્ષમતા અંતરાય ઓળંગવાની પરવાનગી એક્ઝિકયુટિવ કાઉન્સિલે તેની તા. ૯–૬–૧૯૭૩ની સભામાં આપી ન હતી તેના સંદર્ભમાં તેઓની તા. ૧૩–૯–૧૯૭૩ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી ગ્રંથાલયના જુનિયર ક્લાર્ક શ્રી. કે. બી. શાહને રૂ. ૧૧૩-૫–૧૮૩-૧૦-૨૪૩ ઈ.બી. ૧૫-૪૦૮-૧૯-૪૬૫ના પગારધોરણમાં રૂ. ૨૪૩ પછીનો કાર્યક્ષમતા અંતરાય તા. ૧–૭–૧૯૭૩થી ઓળંગવા માટે મંજૂરી આપવી.

૨૨. યુનિવર્સિટી કાર્યાલયમાં પટાવાળા તરીકે કામ કરતા શ્રી. રામચંદ્ર બી. સેલારને સ્ટે. ૧૮૮ (૨) હેઠળ તેઓના હાલના મકાનમાં વધુ એક રૂમ બાંધવા માટે તેમના પ્રોવિડંટ ફંડ ખાતામાંથી રૂ. ૨,૮૦૦ (રૂપિયા બે હજાર આઠસો) સુધીની લોન આપવા અંગેની તેઓની તા. ૨૨–૫–૧૯૭૪ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધ.— તેઓના પ્રોવિડંટ ફંડ ખાતે તા. ૩૧–૩–૧૯૭૪ના રોજ રૂ. ૨,૮૦૪-૪૬ પૈસા જમા છે અને તેમની પ્રોવિડંટ ફંડની લોન રૂ. ૫૫૦ તથા તે પર જે વ્યાજ થાય તે રકમ ફાળવવાની રહે છે.)

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી કાર્યાલયમાં પટાવાળા તરીકે કામ કરતા શ્રી. રામચંદ્ર બી. સેલારને સ્ટે. ૧૮૮ (૨) હેઠળ તેમના પ્રોવિડન્ટ ફંડ ખાતામાંથી યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ રૂ. ૨,૮૦૦ની બિલ્ડિંગ લોન મંજૂર કરવી.

૨૩. યુનિવર્સિટી કાર્યાલયમાં મશીનમૅન તરીકે કામ કરતા શ્રી. પી. એમ. મકવાણાને સ્ટે. ૧૮૮ (૨) પ્રમાણે જીવનકલા કો.–ઓ.હા. સોસાયટીમાં મકાન બાંધવા અંગે તેઓના પ્રોવિડંટ ફંડમાંથી રૂ. ૨,૮૦૦ની લોન આપવા અંગેની તેઓની તા. ૩–૬–૧૯૭૪ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધ.— તેઓના પ્રોવિડંટ ફંડ ખાતે ૩૧–૩–૧૯૭૪ના રોજ રૂ. ૨,૮૨૮–૪૬ પૈ. જમા છે અને તેમની પ્રોવિડંટ ફંડની લોનના રૂ. ૨૪૦ તથા તે પર જે વ્યાજ થાય તે રકમ કાપવાની રહેશે.)

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી કાર્યાલયમાં મશીનમૅન તરીકે કામ કરતા શ્રી. પી. એમ. મકવાણાને સ્ટે. ૧૮૮ (૨) હેઠળ તેમના પ્રોવિડન્ટ ફંડ ખાતામાંથી યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ રૂ. ૨,૮૦૦ની બિલ્ડિંગ લોન મંજૂર કરવી.

૨૪. યુનિવર્સિટી કાર્યાલયના સીનિયર ક્લાર્ક શ્રી. ડી. એન. પંચાસરા તા. ૧૪–૬–૧૯૭૪થી રાજીનામું આપી છૂટા થયા હોવાથી (૧) તેઓના ખાતે નીકળતી

પ્રૉવિડંટ ફંડની રકમ, તથા (૨) ગ્રેચ્યુઈટીની રકમ ચૂકવવા અંગે તેઓની તા. ૨૨-૫-૧૯૭૪ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

[**નોંધ.**— તેઓ તા. ૧૭-૫-૧૯૫૧થી યુનિવર્સિટી કાર્યાલયમાં જોડાયા હતા અને તા. ૧૪-૬-૧૯૭૪થી રાજીનામું આપી છૂટા થયા છે. તેઓ તા. ૧૫-૬-૧૯૭૨થી તા. ૧૪-૬-૧૯૭૪ સુધી પદાધિકાર (લિયન) પર હતા.]

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. ડી. એન. પંચાસરાને તેમના પ્રૉવિડન્ટ ફંડ ખાતે નીકળતી રકમ તથા ગ્રેચ્યુઈટીની રકમ યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ ચૂકવવી.

૨૫. યુનિવર્સિટી સમાજવિદ્યા ભવનમાં પટાવાળા તરીકે કામ કરતા શ્રી. કે. પી. ડોડિયાને મકાન બનાવવા માટે સ્ટે. ૧૮૮ (૨)ની તેઓના ખાતે નીકળતી રકમની લોન આપવા અંગેની તેઓની તા. ૨૫–૫–૧૯૭૪ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

(**નોંધ.**— તેઓના ખાતે તા. ૩૧-૪-૧૯૭૪ સુધી રૂ. ૨,૧૧૭-૫૩ પૈ. જમા છે. તેમાંથી તેઓના પ્રૉવિડંટ ફંડની લોનનું રૂ. ૬૭૫ તથા તે પર જે વ્યાજ થાય તે કાપવાનું રહે છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સમાજવિદ્યા ભવનમાં પટાવાળા તરીકે કામ કરતા શ્રી. કે. પી. ડોડિયાને સ્ટે. ૧૮૮ (૨) હેઠળ તેમના પ્રૉવિડન્ટ ફંડ ખાતામાંથી યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ રૂ. ૨,૧૧૭ની બિલ્ડિંગ લોન મંજૂર કરવી.

૨૬. યુનિવર્સિટી પ્રેસમાં પ્રૂફરીડર તરીકે કામ કરતા શ્રી. કે. ડી. દેસાઈને તા. ૨૮–૯–૧૯૭૪ના રોજ ૬૦ વર્ષ પૂરાં થતાં હોઈ તેમને નિવૃત્તિવયની મુદ્દતમાં વધારો કરી આપવા અંગે તેઓની તા. ૧૬–૫–૧૯૭૪ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી પ્રેસમાં પ્રૂફરીડર તરીકે કામ કરતા શ્રી. કે. ડી. દેસાઈને ડૉ. જ્યોતીન્દ્ર ભટ્ટ પાસે તબીબી તપાસ કરાવવા માટે જણાવવું, અને તે અંગેનો રિપોર્ટ આવ્યેથી ઘટતો નિર્ણય લેવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૨૭. વિજ્ઞાન વિદ્યાભવનના અધ્યક્ષ ડૉ. જે. જે. ચિનોય તા. ૧૪–૬–૧૯૭૪ના રોજ નિવૃત્ત થનાર છે, પણ સમર વૅકેશન ૩૦ જૂન સુધી લંબાવેલું હોઈ તેઓની નિવૃત્તિવયની તારીખ ૩૦ જૂન સુધી લંબાવી આપવા અંગેના તેઓશ્રીના તા. ૩–૬–૧૯૭૪ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે વિજ્ઞાન વિદ્યાભવનના અધ્યક્ષ અને વનસ્પતિવિજ્ઞાનના પ્રાધ્યાપક ડૉ. જે. જે. ચિનોયની સવેતન સેવાઓ જે તા. ૧૪--૬--૧૯૭૪ના રોજ પૂરી થતી હતી તે ૧૯૭૩--૭૪ના વર્ષમાં લંબાવવામાં આવેલા વૅકેશનને અનુલક્ષીને તા. ૩૦--૬--૧૯૭૪ સુધી લંબાવવી.

૨૮. બિઝનેસ મૅનેજમેન્ટના વ્યાખ્યાતાની વરણી સમિતિના એક સભ્ય શ્રી. બી. વી. ભટ્ટે તે સમિતિ પર કામ કરવાની અશક્તિ દર્શાવી હોઈ તે જગ્યાએ નિમણૂક કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વરણી સમિતિ પર શ્રી. બી. વી. ભટ્ટની જગ્યાએ પ્રો. બી. જી. શાહની નિમણૂક કરવી.

૨૯. રાષ્ટ્રીય સેવા યોજનાના આર્ટ્સ અને કૉમર્સ કૉલેજ, બાલાસિનોરના ચાલુ અધ્યાપક-ઇન-ચાર્જની બદલી અંગેના કૉલેજના આચાર્યશ્રીના તા. ૧-૬-૧૯૭૪ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

(બદલાયેલા અધ્યાપક-ઇન-ચાર્જની વિગતો નીચે મુજબ છે :

કૉલેજનું નામ	મૂળ અધ્યાપક-ઇન-ચાર્જનું નામ	બદલાયેલ અધ્યાપક-ઇન-ચાર્જનું નામ
આર્ટ્સ-કૉમર્સ કૉલેજ, બાલાસિનોર	શ્રી. કે. આઈ. પટેલ	શ્રી. વિષ્ણુભાઈ શં. પંડ્યા)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજના રાષ્ટ્રીય સેવા યોજનાના એકમના પ્રોફેસર-ઇન-ચાર્જ તરીકે શ્રી. કે. આઈ. પટેલની જગ્યાએ શ્રી. વિષ્ણુભાઈ શં. પંડ્યાની નિમણૂક કરવી.

૩૦. શ્રી. એન. જી. પટેલે ઝૂલોજી વિષયમાં પીએચ.ડી. પદવી માટે રજૂ કરેલ મહાનિબંધ તપાસવા માટે નિમાયેલા પરીક્ષકો તરફથી આવેલા અહેવાલો જોતાં ચોથા પરીક્ષકની નિમણૂક અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. એન. જી. પટેલનો સદરહુ મહાનિબંધ રજૂ કરવામાં આવ્યો છે તે ન સ્વીકારતાં રેફરીઓનાં મંતવ્યોના સંદર્ભમાં સુધારી ફરીથી રજૂ કરવા માટે જણાવવું.

૩૧. એકિઝકયુટિવ કાઉન્સિલની તા. ૨૧-૯-૧૯૭૩ની સભામાં સ્વીકારવામાં આવેલ "સ્વ. ડૉ. મધુસૂદન કે. ઝાઝા સ્મૃતિ શિષ્યવૃત્તિ" તબીબી વિભાગમાં એમ. ડી. (મેડિસિન)નો અભ્યાસ કરનાર વિદ્યાર્થીને એનાયત કરવા અંગેના નિયમો મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ શિષ્યવૃત્તિ અંગેના નિયમો મંજૂર કરવા.

(મંજૂર કરવામાં આવેલા નિયમોની નકલ **પરિશિષ્ટ "ક"** તરીકે સામેલ છે.)

૩૨. નોકરી કરતા અધ્યાપકોને અનુસ્નાતક અભ્યાસક્રમ કરવાની સગવડ આપવાની બાબતમાં વિચારણા કરી પોતાનો સુચિંતિત અહેવાલ રજૂ કરવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલે તેની તા. ૨૩-૨-૧૯૭૪ની સભામાં નીમેલી સમિતિના અહેવાલ અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિની ભલામણોની નકલ **પરિશિષ્ટ "ખ"** તરીકે સામેલ છે.)

૩૩. એકિઝકયુટિવ કાઉન્સિલની તા. ૧૬-૧૧-૧૯૭૩ની સભામાં સંલગ્ન કૉલેજોના બિનશૈક્ષણિક કર્મચારીઓની સેવાઓના નિયમો ઇત્યાદિ તૈયાર કરી અહેવાલ રજૂ કરવા માટે નિમાયેલ સમિતિની તા. ૧૪-૫-૧૯૭૪ના રોજ મળેલ સભામાં નક્કી કરેલ સેવાઓના નિયમો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સંલગ્ન કૉલેજો અને માન્ય સંસ્થાઓના કર્મચારીઓની સેવાઓની શરતો અંગેના નિયમો સદરહુ સમિતિએ કરેલી ભલામણો મુજબ મંજૂર કરવા.

(મંજૂર કરવામાં આવેલા સદરહુ નિયમોની નકલ **પરિશિષ્ટ "ગ"** તરીકે સામેલ છે.)

૩૪. યુનિવર્સિટી સંલગ્ન કૉલેજો અને માન્ય સંસ્થાઓના અધ્યાપકો અને બિન-શિક્ષક વર્ગના કર્મચારીઓના માટે તેમના મૂળ (basic) પગારના ૨½ ટકાના બદલે ૫ ટકાના દરે "ગ્રેચ્યુઈટી ફંડ" ઊભું કરવા માટે આચાર્યશ્રી યશવંતભાઈ શુકલે તેમના તા. ૨૨--૫-૧૯૭૪ના પત્રથી કરેલ સૂચન પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સંલગ્ન કૉલેજો અને માન્ય સંસ્થાઓના શિક્ષક અને બિનશિક્ષક વર્ગના કર્મચારીઓ માટે પ્રત્યેક કૉલેજ અને સંસ્થામાં ગ્રેચ્યુઈટી ફંડ ઊભું કરવામાં આવ્યું છે તેમાં મૂળ (બેઝિક) પગારના ૨½ ટકાને બદલે ૧૦ ટકાના દરે રકમ જમા કરવાની આવશ્યકતા રાજ્ય સરકારને જણાવવી અને તે અંગેના ખર્ચને ગ્રાન્ટ માટે ગ્રાહ્ય રાખવા જણાવવું.

વધુમાં ઠરાવવામાં આવે છે કે ઉપર મુજબનું ખર્ચ ગ્રાન્ટ માટે રાજ્ય સરકાર તરફથી ગ્રાહ્ય રાખવામાં આવે તે પછી આ બાબતમાં ઘટતો પરિપત્ર સંલગ્ન કૉલેજો અને માન્ય સંસ્થાઓને મોકલવો.

૩૫. રાષ્ટ્રીય સેવા યોજનાની સલાહકાર સમિતિની મુદત સિન્ડિકેટના તા. ૯-૬-૧૯૭૩ના ઠરાવ નં. ૯૮ અનુસાર ૧૯૭૩-૭૪ના શૈક્ષણિક વર્ષે પૂરી થતી હોઈ તેની પુનર્રચના કરવા બાબત.

[સલાહકાર સમિતિની રચના અંગે ભારત સરકારના હેવાલમાં નીચેની ભલામણ છે :

The committee at the University level should not be too unwidely (not more than 20) and should provide representation to Principal/ Head of Departments, involved in N.S.S. (by rotation if necessary). The respective school at social work / other training institutions should also be associated with the committee at University level, wherever possible. The committee may also co-opt or invite experts.]

આથી ઠરાવવામાં આવે છે કે ૧૯૭૪--૭૫ના શૈક્ષણિક વર્ષ માટે રાષ્ટ્રીય સેવા યોજનાની સલાહકાર સમિતિ નીચે મુજબ રચવી :

૧. કુલપતિશ્રી
૨. શ્રી. બબલભાઈ મહેતા
૩. ડૉ. પરેશ મજમુદાર
૪. શ્રી. ઈશ્વરભાઈ પટેલ
૫. ડૉ. વાણી
૬. પ્રો. કે. એમ. આચાર્ય
૭. આચાર્ય કેશુભાઈ પટેલ
૮. આચાર્ય વી. પી. ત્રિવેદી
૯. આચાર્ય દર્શનસિંઘ શીખ
૧૦. ડૉ. જે. એન. પટેલ
૧૧. શ્રી. ઝિઝુવાડિયા
૧૨. શ્રી. આહૂજા
૧૩. શ્રી. પુરાણી.

૩૬. યુનિવર્સિટીમાં બિઝનેસ મૅનેજમેન્ટમાં સંશોધન વગેરે માટે ડૉ. બિહારીલાલ કનૈયાલાલ તરફથી મળેલા રૂપિયા ચાર લાખના પ્રદાન અંગે તેમના તા. ૪-૬-૧૯૭૪ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીમાં બિઝનેસ મૅનેજમેન્ટમાં શિક્ષણ અને સંશોધન વગેરેની પ્રવૃત્તિઓ હાથ ધરવા માટે ડૉ. બિહારીલાલ કનૈયાલાલ તરફથી મળેલ રૂપિયા ચાર લાખના પ્રદાનનો સાભાર સ્વીકાર કરવો અને તે માટે "ડૉ. બિહારીલાલ કનૈયાલાલ સ્કૂલ ઑફ બિઝનેસ મૅનેજમેન્ટ"ની સ્થાપના કરવી.

તે પછી સભાગૃહની સંમતિથી પ્રમુખશ્રી તરફથી નીચેની બાબત સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવી :

૩૬-એ. પ્રો. એચ. એલ. કાજી ઈસ્ટિટચૂટ ઑફ ઈંગ્લિશ ઍન્ડ ફોરેઈન લેંગ્વેજીસની સ્થાપના માટે સદ્‌ગત શ્રી. એચ. એલ. કાજીના સુપુત્ર શ્રી. હોરાલાલ કાજી પાસેથી શ્રી. કનિષ્કભાઈ એચ. કાજી દ્વારા મળેલ રૂપિયા ત્રણ લાખના પ્રદાનનો સ્વીકાર કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીમાં ઈંગ્લિશ અને ફોરેઈન લેંગ્વેજીસમાં શિક્ષણ અને સંશોધન વગેરેની પ્રવૃત્તિઓ હાથ ધરવા માટે શ્રી. કનિષ્કભાઈ એચ. કાજી તરફથી મળેલ રૂપિયા ત્રણ લાખના પ્રદાનનો સાભાર સ્વીકાર કરવો અને તે માટે "પ્રો. એચ. એલ. કાજી ઈન્સ્ટિટચૂટ ઑફ ઈંગ્લિશ ઍન્ડ ફોરેઈન લેંગ્વેજીસ"ની સ્થાપના કરવી.

૩૭. ઑ. ૭ પ્રમાણે બોર્ડ ઑફ સ્પોર્ટ્સ ઉપર નિષ્ણાતોને અને ત્રણ વિભાગમાંથી વિભાગવાર એક એક આચાર્યશ્રીને સભ્યો તરીકે ત્રણ વર્ષ માટે નિયુક્ત કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બોર્ડ પર નીચેના સભ્યોને ત્રણ વર્ષ માટે નીમવા :

નિષ્ણાતો :

૧. શ્રી. ઉદયન ચીનુભાઈ
૨. શ્રી. ચીનુભાઈ શાહ
૩. શ્રી. જશુભાઈ પટેલ
૪. શ્રી. જુગલકિશોર મિસ્ત્રી.

આચાર્યો :

૧. આચાર્ય એફ. એલ. બ્રેગેન્ઝા
૨. આચાર્ય કે. એમ. તલાટી
૩. આચાર્ય વી. એ. વ્યાસ.

૩૮. (૧) હરિૐ આશ્રમ તરફથી મળેલ પ્રદાન અન્વયે વિજ્ઞાન અને તંત્રવિદ્યા (સાયન્સ ઍન્ડ ટેકનોલોજી) માટેનો જ્ઞાનકોશ તૈયાર કરવા માટે કુલપતિશ્રીના સંયોજકપદ હેઠળ જે સંપાદક મંડળની રચના કરવામાં આવી છે તે પર શ્રી. કાંતિલાલ માણેકલાલ કાંટાવાળાને હરિૐ આશ્રમના પ્રતિનિધિ તરીકે સમાવેશ કરવા અંગે; (૨) સદરહુ જ્ઞાનકોશ ટ્રસ્ટનું નામાભિધાન "હરિૐ આશ્રમ પ્રેરિત શ્રી. ભાઈલાલભાઈ ડી. અમીન સ્મારક વિજ્ઞાન કોશ ટ્રસ્ટ" રાખવા; અને (૩) સદરહુ યોજના હેઠળ પ્રકાશિત થનાર ગ્રંથોના મુખપૃષ્ઠ (ટાઇટલ પેજ) તથા અંદરથી ઊઘડતા પાને "હરિૐ આશ્રમ પ્રેરિત

ગુજરાત યુનિવર્સિટી યોજિત શ્રી. ભાઈલાલભાઈ ડી. અમીન સ્મારક વિજ્ઞાન કોશ-ગ્રંથ ૧, ૨, ૩" વગેરે મૂકવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે—

(૧) સદરહુ સંપાદકમંડળ પર હરિ ૐ આશ્રમના પ્રતિનિધિ તરીકે શ્રી. કાંતિલાલ માણેકલાલ કાંટાવાળાને નીમવા.

(૨) સદરહુ જ્ઞાનકોશ ટ્રસ્ટનું નામાભિધાન "હરિ ૐ આશ્રમ પ્રેરિત શ્રી. ભાઈલાલભાઈ ડી. અમીન સ્મારક વિજ્ઞાન કોશ ટ્રસ્ટ" રાખવું.

(૩) સદરહુ યોજના હેઠળ પ્રકાશિત થનાર ગ્રંથોનાં મુખપૃષ્ઠ પર તથા અંદરથી ઊઘડતે પાને "હરિ ૐ આશ્રમ પ્રેરિત ગુજરાત યુનિવર્સિટી યોજિત શ્રી. ભાઈલાલભાઈ ડી. અમીન સ્મારક વિજ્ઞાન કોશ-ગ્રંથ ૧, ૨, ૩" વગેરેનો નિર્દેશ કરવો.

૩૯. ૧૯૭૪-૭૫ના વર્ષની ગુજરાત યુનિવર્સિટીની બ્લૉક મેઇન્ટનેન્સ ગ્રાન્ટનો બીજો હપતો રૂ. ૪,૦૦,૦૦૦ (રૂપિયા ચાર લાખ) નો અગાઉથી ગુજરાત રાજ્યના શિક્ષણ અને મજૂર ખાતાએ તેમના ઠરાવ ઈ. એન્ડ એલ.ડી. નં. યુ.એસ.જી-૧૧૭૪-૪૫૩૭૧-ખ, તા. ૪-૬-૧૯૭૪થી મંજૂર કર્યાની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની સાભાર નોંધ લેવી.

૪૦. યુનિવર્સિટી કાર્યાલયમાં મદદનીશ કુલસચિવ તરીકે કામ કરતા શ્રી. એસ. વી. શાસ્ત્રીને સ્ટે. ૧૮૮ (૨) હેઠળ પોતાના હાલના નિવાસસ્થાન ઉપર (૫, શ્રી સોસાયટી, આંબાવાડી, અમદાવાદ-૧૫) એક માળનું વધુ બાંધકામ કરવા અંગે તેઓના પ્રોવિડન્ટ ફંડ ખાતામાંથી તેઓના ખાતે નીકળતી રકમની લોન આપવા અંગેની તેઓની તા. ૧૧-૬-૧૯૭૪ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધ.— તેઓના પ્રોવિડંટ ફંડ ખાતે તા. ૩૧-૩-૧૯૭૪ના રોજ રૂ. ૨૪,૨૭૪-૯૨ પૈ. જમા છે અને તેમની પ્રોવિડંટ ફંડની લોન રૂ. ૧,૧૦૦ તથા તે પર જે વ્યાજ થાય તે રકમ કાપવાની રહેશે.)

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી કાર્યાલયના મદદનીશ કુલસચિવશ્રી એસ. વી. શાસ્ત્રીને સ્ટે. ૧૮૮ (૨) હેઠળ તેમના પ્રોવિડન્ટ ફંડ ખાતામાંથી યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ રૂ. ૨૪,૨૭૦ની બિલ્ડિંગ લોન મંજૂર કરવી.

૪૧. ગુજરાત રાજ્યના નાણા ખાતાના ઠરાવ નં. વી.એલબી-૧૧૭૩-૧૮૧-જે, તા. ૭-૬-૧૯૭૪થી રાજ્ય સરકારના કર્મચારીઓને તા. ૧-૩-૧૯૭૪થી મોંઘવારી ભથ્થાના દરમાં વધારો આપવાનું ઠરાવ્યું હોવાથી તે પ્રમાણેનો લાભ તે ધોરણે (૧) યુનિવર્સિટીના કર્મચારીઓને (શૈક્ષણિક તેમ જ બિનશૈક્ષણિક) તથા (૨) સંલગ્ન કૉલેજો અને માન્ય સંસ્થાઓના કર્મચારીઓને (શૈક્ષણિક તેમ જ બિનશૈક્ષણિક) માટે તે મંજૂર કરવા અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.—યુનિવર્સિટી કર્મચારીઓ માટે અંદાજી ખર્ચ વાર્ષિક રૂ. ૫૯,૯૨૬ જેટલો થશે.)

આથી ઠરાવવામાં આવે છે કે (૧) યુનિવર્સિટીના શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓના, અને (૨) સંલગ્ન કૉલેજો અને માન્ય સંસ્થાઓના શિક્ષકવર્ગ અને બિનશિક્ષકવર્ગના કર્મચારીઓના મોંઘવારી ભથ્થાના દર રાજ્ય સરકારના ધોરણે તા. ૧-૩-૧૯૭૪થી સુધારવા અને તેનો અમલ તા. ૧-૩-૧૯૭૪થી કરવાનું રાખવું.

(સુધારેલા મોંઘવારી ભથ્થાના દરની નકલ **પરિશિષ્ટ "ધ"** તરીકે સામેલ છે.)

૪૨. ભાષા-સાહિત્ય ભવનમાં, વર્ષ ૧૯૭૩-૭૪માં ભાષા-વિજ્ઞાનના ડિપ્લોમાના અભ્યાસક્રમના બીજા વર્ષમાં શ્રી. મહેન્દ્ર એસ. દેશીને તેમણે ભાષા-વિજ્ઞાનનો ગૌણ વિષય લઈ ને એમ.એ.ની પરીક્ષામાં ઉત્તીર્ણ થયેલ હોઈ સીધો પ્રવેશ આપવામાં આવેલ હોઈ તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ભાષા-સાહિત્ય ભવનના વિદ્યાર્થી શ્રી. મહેન્દ્ર એસ. દેશીને, તેમણે ભાષાવિજ્ઞાન ગૌણ વિષય તરીકે લઈને એમ.એ.ની પરીક્ષા પાસ કરેલી હોઈ તેમનો ભાષાવિજ્ઞાનના ડિપ્લોમાના અભ્યાસક્રમના બીજા વર્ષમાં આપેલો પ્રવેશ ગ્રાહ્ય રાખવો.

૪૩. ગુજરાત યુનિવર્સિટી યુનિટ ઑફ કન્ટિન્યુઇંગ એડલ્ટ એજ્યુકેશન સ્થાપવા માટે ખર્ચના ૨૫ ટકા પ્રમાણે રૂ. ૪,૬૦૦ની ગ્રાન્ટ માટે રાજ્ય સરકારને લખતાં, ગ્રાન્ટ આપવાની અશક્તિ દર્શાવતા રાજ્ય સરકારના શિક્ષણ અને મજૂર ખાતાના તા. ૧-૬-૧૯૭૪ના પત્રાંક યુ.એસ.જી. ૧૨૭૪/૩૬૪૩૩-કે.એચ. ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધ.— યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને ૭૫ ટકા પ્રમાણે રૂ. ૧,૩૮,૦૦૦ ગ્રાન્ટ આપવાનું તેમના પત્રાંક એફ-૭-૯-૭૩-એચ-૧, તા. ૧૫-૧૧-૧૯૭૧થી સ્વીકારેલ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે પુનર્વિચારણા કરવા માટે રાજ્ય સરકારને વિનંતી કરવી. એ શકય ન બને તો ૨૫% નો હિસ્સો કાર્યક્રમો અંગેના દાન અને ફીમાંથી ઊભો કરવો.

૪૪. એક્ઝિકયુટિવ કાઉન્સિલની તા. ૧૬-૧૧-૧૯૭૩ની સભામાં સ્વીકારવામાં આવેલ "પ્રો. એ. એમ. ત્રિવેદી સ્મૃતિ શિષ્યવૃત્તિ" વિજ્ઞાન વિદ્યાશાખાની અનુસ્નાતક પદવી પરીક્ષાના અભ્યાસ માટે, એનાયત કરવા માટેના પ્રદાન અંગેના નિયમો મંજૂર કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ શિષ્યવૃત્તિ અંગેના નિયમો મંજૂર કરવા.

(મંજૂર કરવામાં આવેલા નિયમોની નકલ **પરિશિષ્ટ "ચ"** તરીકે સામેલ છે.)

૪૫. ૧૯૭૩-૭૪ના વર્ષમાં પ્રવર્તેલી અશાંત પરિસ્થિતિને કારણે જે કૉલેજોના વિદ્યાર્થીઓની તબીબી તપાસ બાકી હોય તે કૉલેજોના વિદ્યાર્થીઓની તબીબી તપાસ આ વર્ષ પૂરતી મોકૂફ રાખવી અને આવતા વર્ષે તે પૂરી કરાવી લેવાનું રાખવા અંગે ચીફ મેડિકલ ઑફિસરના સૂચન અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ૧૯૭૩-૭૪ના વર્ષમાં જે વિદ્યાર્થીઓની તબીબી તપાસ બાકી રહેલી છે તેમની તબીબી તપાસ ૧૯૭૪-૭૫ના વર્ષમાં લેવાનું રાખવું.

૪૬. જોડાણઅરજી પર સ્થાનિક તપાસસમિતિએ આપવાના અહેવાલ માટે પત્રક નિયત કરવા માટે મુસદ્દો ઘડવા અંગે એકિઝકયુટિવ કાઉન્સિલે તેની તા. ૪/૧૦-૩-૧૯૭૨ની સભામાં નીમેલ સમિતિની પુનર્રચના કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે નીચે મુજબ સમિતિની રચના કરવી :

૧. આચાર્ય ય. પ્રા. શુક્લ
૨. આચાર્ય દર્શનસિંઘ શીખ
૩. ડૉ. એચ. એમ. દેસાઈ.

૪૭. યુનિવર્સિટીની તમામ વિદ્યાશાખાઓની પ્રાયોગિક પરીક્ષાઓના પરીક્ષકો વગેરેને પુરસ્કારના હાલના દરો તથા યુનિવર્સિટીની પ્રાયોગિક પરીક્ષાઓમાં વપરાતા કેમિકલ્સ અને મટિરિયલ્સના હાલના દરો અંગે વિચારણા કરવા અંગે એકિઝકયુટિવ કાઉન્સિલે તેની તા. ૧૬-૧૧-૧૯૭૩ની સભામાં નીમેલી સમિતિની તા. ૨૮-૫-૧૯૭૪ની સભાની ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૨૮--૫--૧૯૭૪ની સભાની ભલામણો મંજૂર કરવી અને તે મુજબ સુધારેલા દરોનો અમલ તા. ૧--૪--૧૯૭૪થી કરવાનું રાખવું.

૪૮. યુનિવર્સિટીના સેન્ટર ફૉર મૅનેજમેન્ટ ઍન્ડ પ્રોફેશનલ ટ્રેનિંગના ઉપક્રમે સને ૧૯૭૪ના વર્ષથી સ્ટેનોગ્રાફી તથા સેક્રેટરિયલ પ્રૅક્ટિસના વર્ગો શરૂ કરવા બાબતમાં ઍકૅડેમિક કાઉન્સિલની તા. ૩૦-૫-૧૯૭૪ ની સભાની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ સેન્ટરના ઉપક્રમે સ્ટેનોગ્રાફો તથા સેક્રેટરિયલ પ્રૅક્ટિસના વર્ગો શરૂ કરવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી તથા તે અંગે જરૂરી કાર્યવાહો કરવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી."

આથી ઠરાવવામાં આવે છે કે ઍકૅડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૪૯. કાયદાની વિદ્યાશાખાની તા. ૨૯-૫-૧૯૭૪ની સભાની ભલામણ અનુસાર ત્રીજી એલએલ.બી. ની પરીક્ષા માટે ઑકટોબર ૧૯૭૨ કે તે પહેલાં બન્ને સત્રો ભર્યાં હોય તેવા વિદ્યાર્થીઓને મે-જૂન ૧૯૭૪ની પરીક્ષામાં બેસે તેમને હાલના વિશિષ્ટ સંજોગોમાં જૂના અભ્યાસક્રમ મુજબ બેસવાની વધુ એક તક આપવા બાબતમાં ઍકૅડેમિક કાઉન્સિલની તા. ૩૦-૫-૧૯૭૪ ની સભાની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત.

સદરહુ બાબત ચર્ચાવિચારણા માટે હાથ ધરવામાં આવી ત્યારે કુલપતિશ્રીએ સભાગૃહને જાણ કરી કે ઍકૅડેમિક કાઉન્સિલની સદરહુ ભલામણ મુજબ સંબંધકર્તા વિદ્યાર્થીઓને મે--જૂન ૧૯૭૪ની પરીક્ષામાં જૂના અભ્યાસક્રમ મુજબ બેસવાની વધુ એક તક આપવાનું કુલપતિશ્રીના આદેશથી મંજૂર કરવામાં આવ્યું છે.

તે પછી સભાગૃહે ઠરાવ્યું કે સદરહુ ભલામણ મંજૂર કરવી અને કુલપતિશ્રીના સદરહુ કાર્યની નોંધ લેવી.

૫૦. કાયદાની વિદ્યાશાખાની તા. ૨૯-૫-૧૯૭૪ની સભાની ભલામણ અનુસાર કાનૂની વિદ્યાશાખાની કૉલેજોમાં લેક્ચરરની જગ્યા માટે ઓછામાં ઓછી લાયકાત અંગેનાં

ધારાધોરણોમાં નીચેની શૈક્ષણિક લાયકાત ઉમેરવા અંગેની એકેડેમિક કાઉન્સિલની તા. ૩૦-૫-૧૯૭૪નો સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત :

" or

LL.B. with ten years' Practice. "

આથી ઠરાવવામાં આવે છે કે કાયદાની વિદ્યાશાખાની કૉલેજોમાં લેક્ચરરની નિમણૂક માટે ઓછામાં ઓછી લાયકાતનાં ધોરણોમાં ઉપર મુજબની વૈકલ્પિક શૈક્ષણિક લાયકાત ઉમેરવી.

૫૧. ૧૯૭૩-૭૪ના વર્ષના વિશિષ્ટ સંજોગોના ઉપલક્ષ્યમાં રાજ્યની અન્ય યુનિવર્સિટીઓમાં તેમના વિદ્યાર્થીઓને પરીક્ષામાં બેસે અને નાપાસ થાય કે પરીક્ષામાં ન બેસી શકે તેમને ઉપરના વર્ગમાં ચઢાવવામાં આવે તે વિદ્યાર્થીઓ આપણી યુનિવર્સિટીમાં પ્રવેશ મેળવવા માટે આવે તેમને પારસ્પરિક ધોરણે પ્રવેશપાત્ર ગણવા અંગે કાર્યાલયે સૂચવેલ ટ્રાન્ઝિટરી ઑર્ડિનન્સ ૭૦ને મંજૂર કરવાની એકેડેમિક કાઉન્સિલની તા. ૩૦-૫-૧૯૭૪ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ભલામણ સ્વીકારવી તથા તે મુજબ સદરહુ ટ્રાન્ઝિટરી ઑર્ડિ. ૭૦ મંજૂર કરવો.

૫૨. ચાલુ વર્ષના વિશિષ્ટ સંજોગોના ઉપલક્ષ્યમાં અપવાદરૂપે યુનિવર્સિટી તરફથી કૉલેજો પર કેટલીક પરીક્ષાઓ લેવાનું છોડ્યું છે તેમાં વિદ્યાર્થીઓ સ્વેચ્છાએ પરીક્ષામાં બેસે અને નાપાસ થાય કે પરીક્ષામાં ન બેસે તેમને ઉપરના વર્ગમાં ચઢાવવામાં આવશે તે બાબત કાર્યાલયે સૂચવેલ ટ્રાન્ઝિટરી ઑર્ડિનન્સ મંજૂર કરવા તથા તેને તાત્કાલિક અમલમાં મૂકવાની એકેડેમિક કાઉન્સિલની તા. ૩૦-૫-૧૯૭૪ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ભલામણ મંજૂર કરવી તથા તે મુજબ સુધારેલો ટ્રાન્ઝિટરી ઑર્ડિનન્સ મંજૂર કરવો અને તેને ક્રમાંક એક્સ-૧ આપવો તથા તેને ૧૯૭૩--૭૪ના શૈક્ષણિક વર્ષના એપ્રિલ--મે માસમાં લેવાયેલી પરીક્ષાઓ પૂરતો જ લાગુ પાડવો.

વધુમાં ઠરાવવામાં આવે છે કે સદરહુ ટ્રાન્ઝિટરી ઑર્ડિનન્સ તા. ૧--૭--૧૯૭૪ પછી લેવાનાર કોઈ પણ પરીક્ષાને લાગુ પડશે નહીં તેની સ્પષ્ટતા કરવી.

૫૩. ૧૯૭૪-૭૫ના શૈક્ષણિક વર્ષમાં સંલગ્ન કૉલેજોમાં વિદ્યાર્થી-પ્રવેશ અંગે નીચે મુજબનો ટ્રાન્ઝિટરી ઑર્ડિનન્સ મંજૂર કરીને તેને તાત્કાલિક અમલમાં મૂકવાની એકેડેમિક કાઉન્સિલની તા. ૩૦-૫-૧૯૭૪ની સભાની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

Transitory Ordinance :

" Notwithstanding anything contained in Ordinance 120-B, during the Academic year 1974-75 —

(*i*) an affiliated college in the Faculty of Arts including Education and/or the Faculty of Commerce, such college not being exclusively a teachers'

training college, may, on its submitting an application so as to reach the Registrar on or before 25th July 1974, be permitted by the Vice-Chancellor to admit such number of students as may not exceed 1800, provided it satisfies the Standing Committee appointed by the Executive Council in this behalf and the Vice-Chancellor in the matter of physical facilities, teaching staff, time-table, etc. in the College.

(*ii*) An affiliated college in the Faculty of Law may, with prior approval of the Vice-Chancellor open such number of additional divisions as it may need to accommodate its own students on promotion from the 1st LL.B. class to the 2nd LL.B. class."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૫૪. ઇજનેરી વિદ્યાશાખાની ભલામણ અનુસાર ઇજનેરીના સેન્ડવિચ કોર્સના નિયમ ઓ. એન્જિ-એસ-૬માં નીચે મુજબના પ્રોવિઝો ઉમેરવા તથા સુધારેલા ઓર્ડિનન્સને જૂન ૧૯૭૪થી અમલમાં મૂકવાનો એકેડેમિક કાઉન્સિલની તા. ૩૦-૫-૧૯૭૪ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત :

(1) No additional training will be required for present batch of students who have completed two phases of training with a total period of five months.

(2) For all other remaining batches total training of six months should be completed after VIth Semester and before declaration of result for obtaining the degree such that the training period is not less than two months at a time in any phase of training.

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ભલામણ સ્વીકારવી તથા તે મુજબ ઓર્ડિ. એન્જિ. એસ--૬ મંજૂર કરવો તથા તેને ૧૧મી જૂન ૧૯૭૪થી અમલમાં મૂકવો.

૫૫. એકિઝકયુટિવ કાઉન્સિલની તા. ૨૭-૪-૧૯૭૪ની સભામાં સંલગ્ન કોલેજો અને માન્ય સંસ્થાઓમાંથી શિક્ષક વર્ગના કે બિનશિક્ષક વર્ગના કર્મચારીઓને છૂટા કરવાના પ્રશ્નો જોઈતપાસીને તે અંગે જરૂરી પગલાં લેવા માટે નીમેલ સમિતિના એક સભ્ય શ્રી. ચન્દ્રકાંત દરુએ સદરહુ સમિતિ પર કામ કરવાની અનિચ્છા દર્શાવી હોઈ વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિમાં શ્રી. ચન્દ્રકાન્ત દરુની જગ્યાએ આચાર્ય એમ. એસ. પંડિતને નીમવા.

૫૬. ગુજરાત યુનિવર્સિટીના શૈક્ષણિક તથા બિનશૈક્ષણિક કર્મચારી તથા યુનિવર્સિટીની સંલગ્ન કૉલેજો તથા માન્ય સંસ્થાઓને આપવામાં આવેલી વચગાળાની રાહતનો અર્થ

ગ્રાન્ટ-ઇન-એઇડમાં ગણવાનું જણાવતા રાજ્ય સરકારના નાણાખાતાના ઠરાવ નં. વી. એલ.બી. ૧૧૭૪--૭૨-જે, તા. ૨૫-૪-૧૯૭૪ની નોંધ લેવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની સાભાર નોંધ લેવી.

૫૭. યુનિવર્સિટી કોર્ટે તેની તા. ૧૭/૨૦-૬-૧૯૭૩ની સભામાં પસાર કરેલા સ્ટે. ૧૯૩-એ ને કુલાધિપતિશ્રીને મંજૂરી અર્થે મોકલેલ તે અંગે કુલાધિપતિશ્રીના મદદનીશ સચિવશ્રીના તા. ૭-૬-૧૯૭૪ના પત્રાંક જી.એસ. ૧૧-૨૮૮૧-૭૪થી નીચે પ્રમાણે જણાવવામાં આવ્યું છે તેા તે પર વિચારણા કરવા બાબત :

" Looking to the financial burden involved in the proposed amendment to Statute 193-A, the Chancellor regrets his inability to give his assent to it."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત સ્ટાફ અંગેની સ્થાયી સમિતિની વિચારણા માટે મોકલવી.

૫૮. યુનિવર્સિટી કોર્ટે તેની તા. ૯/૧૦-૧૦-૧૯૭૨ની સભામાં પસાર કરેલા સ્ટે. ૨૦૪ને કુલાધિપતિશ્રીને મંજૂરી અર્થે મોકલેલ તે અંગે કુલાધિપતિશ્રીના સચિવશ્રીના તા. ૧૨-૬-૧૯૭૪ ના પત્રાંક જી.એસ. ૧૧-૨૯૪૫-૭૪થી નીચે મુજબ જણાવવામાં આવ્યું છે તેા તે પર વિચારણા કરવા બાબત :

".....the Chancellor has been pleased to give his assent under Sec. 29(6) of the Gujarat University Act to the amendment to Statute 204 specified in column 4 of the statement accompanying your letter No. Syn/26540/72 dated the 21st October, 1972 except the amendment relating to the revision of the payscale of the post of Demonstrators."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી અને સુધારેલા સ્ટે. ૨૦૪ મુજબ રૂ. ૧,૬૦૦થી ૧,૮૦૦ના સુધારેલા પગારધોરણના ક્રમ માટે તેમાં જણાવ્યા મુજબ રાજ્ય સરકાર તરફથી જરૂરી ગ્રાન્ટની મંજૂરી મળ્યેથી આગળની કાર્યવાહી કરવાનું રાખવું.

૫૯. તા. ૨૬-૬-૧૯૭૪ના રોજ મળેલી ફાઇનાન્સ સમિતિની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૨૬--૬--૧૯૭૪ની સભાની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિની તા. ૨૬--૬--૧૯૭૪ની સભાની કાર્યવાહીની નોંધની નકલ **પરિશિષ્ટ "છ"** તરીકે સામેલ છે.)

૬૦. સંલગ્ન કોલેજો અને માન્ય સંસ્થાઓના શિક્ષકોને ઘરભાડા ભથ્થું અને સ્થાનિક વળતર ભથ્થું આપવાની બાબતમાં એક્ઝિકયુટિવ કાઉન્સિલની તા. ૧૮-૫-૧૯૭૪ની

સભાનો ઠરાવ તથા તે સંદર્ભમાં રાજ્ય સરકાર તરફથી આવેલા ઠરાવને અનુલક્ષીને કુલપતિશ્રીએ સંલગ્ન કૉલેજો અને માન્ય સંસ્થાઓને મોકલેલ પરિપત્રની નોંધ લેવા બાબત :

એક્ઝિક્યુટિવ કાઉન્સિલનો ઠરાવ

"સંલગ્ન કૉલેજો અને માન્ય સંસ્થાઓના શિક્ષકોને રાજ્ય સરકાર તરફથી તેમના કર્મચારીઓને માટે જે ધોરણે અને જે દરે ઘરભાડા ભથ્થું તથા સ્થાનિક વળતર ભથ્થું આપવામાં આવે છે તે ધોરણે અને તે દરે (એટલે કે જે તે સ્થળને લાગુ પડે તો અને તે દરે) આ માટે રાજ્ય સરકાર તરફથી આ પેટે કૉલેજોને ગ્રાન્ટ મળી શકશે તે અંગેનો સરકારી હુકમ આવ્યેથી તા. ૧-૪-૧૯૭૪થી તે આપવામાં આવે તે રીતે મંજૂર કરવાની બાબતમાં કુલપતિશ્રીને જરૂરી સત્તા આપવી."

રાજ્ય સરકારનો ઠરાવ

"Government is pleased to direct that the total pay-packet defined in para I, maintenance grant (A) under Government Resolutions, Education and Labour Department No. NGC-1368-KH, dated 19th April 1969 and No. NGC-1372-KH, dated the 23rd June 1972 should also include "(5) Compensatory Local Allowance at the places and rates admissible to Government Emplyees.

2. These orders should take effect from the date of issue of this Resolution. The Director of Education should be requested to bring these orders to the notice of all the non-Government colleges and other concerned.

3. The expenditure on this account should be debited to the budget head '277-E-University and other Higher Education C--Assistance to Non-Government Colleges' and be met from the sanctioned grant thereunder.

4. This issues with the concurrence of the Finance Department, dated 22-5-1974 on this department file No. NGC-1374-40205-KH."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૬૧. પારેખ બ્રધર્સ સાયન્સ કૉલેજ, કપડવંજને જૂન ૧૯૭૪થી બી.એસસી.(રૂપે.)માં રસાયણવિજ્ઞાન, ગણિતશાસ્ત્ર; તથા બી.એસસી.(જન.)માં ભૌતિકવિજ્ઞાન અને વનસ્પતિવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવાનું જોડાણ આપવા માટે મૂકેલી શરતોના પરિપાલનના સંદર્ભમાં સદરહુ કૉલેજને આ વિષય માટે તા. ૧૫-૬-૧૯૭૪થી તા. ૧૪-૬-૧૯૭૭ સુધીનું ચાલુ જોડાણ આપવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે પારેખ બ્રધર્સ સાયન્સ કૉલેજ, કપડવંજને બી.એસસી.(રૂપે.)માં રસાયણવિજ્ઞાન, ગણિતશાસ્ત્ર; તથા બી.એસસી.(જન).માં ભૌતિકવિજ્ઞાન અને વનસ્પતિવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૪થી તા. ૧૪-૬-૧૯૭૭ સુધીનું ચાલુ જોડાણ આપવું.

૬૨. ૧૯૭૪-૭૫ના શૈક્ષણિક વર્ષથી વિશ્વભારતી કૉલેજ ઑફ એજ્યુકેશન, અમદાવાદના ટ્રસ્ટી મંડળના ઠરાવ મુજબ તે કૉલેજનું નામ બદલીને "શ્રી એમ. એન. શુકલ એજ્યુકેશન કૉલેજ, અમદાવાદ" એમ રાખવાની મંજૂરી માગતા સદરહુ કૉલેજના આચાર્યશ્રીના તા. ૧૦-૬-૧૯૭૪ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે વિશ્વભારતી કૉલેજ ઑફ એજ્યુકેશન, અમદાવાદનું નામ બદલીને "શ્રી એમ. એન. શુકલ એજ્યુકેશન કૉલેજ, અમદાવાદ" રાખવાની સદરહુ કૉલેજના ટ્રસ્ટી મંડળની વિનંતી મંજૂર રાખવી.

૬૩. નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઑફ ઑક્યુપેશનલ હેલ્થ, અમદાવાદ તરફથી જૂન ૧૯૭૩થી ડિપ્લોમા ઇન ઑક્યુપેશનલ હેલ્થ ઍન્ડ એમ.ડી. ઇન ઑક્યુપેશનલ હેલ્થના અભ્યાસક્રમો શીખવવા માટે માન્યતા માટેની અરજી પર મૂકેલી શરતોના પરિપાલનના અહેવાલના સંદર્ભમાં સદરહુ સંસ્થાને તા. ૧૫-૬-૧૯૭૪થી તા. ૧૪-૬-૧૯૭૫ સુધીની માન્યતા આપવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઑફ ઑક્યુપેશનલ હેલ્થ, અમદાવાદને ડિપ્લોમા ઇન ઑક્યુપેશનલ હેલ્થ ઍન્ડ એમ.ડી. ઇન ઑક્યુપેશનલ હેલ્થના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૪થી તા. ૧૪-૬-૧૯૭૫ સુધીની માન્યતા આપવી.

૬૪. ઇન્ડિયન સ્ટેટિસ્ટિકલ ઇન્સ્ટિટ્યૂટ, ન્યૂ દિલ્હીને યુનિવર્સિટીના આંકડાશાસ્ત્રના પ્રાધ્યાપક ડૉ. સી. જી. ખત્રીની મુલાકાતી પ્રાધ્યાપક તરીકેની સેવાઓ ૧૯૭૪-૭૫ના શૈક્ષણિક વર્ષ માટે આપવા અંગેના ડેપ્યુટેશન અંગેની શરતો વગેરે જણાવતા તે સંસ્થાના સેક્રેટરી તથા ડાયરેક્ટર શ્રી. સી. આર. રાવના તા. ૧-૬-૧૯૭૪ના વિજ્ઞાન વિધાભવનના અધ્યક્ષ દ્વારા આવેલા ડૉ. ખત્રીના તા. ૭-૬-૧૯૭૪ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે યુનિવર્સિટીના આંકડાશાસ્ત્રના પ્રાધ્યાપક ડૉ. સી. જી. ખત્રીને ૧૯૭૪-૭૫ના શૈક્ષણિક વર્ષમાં મુલાકાતી પ્રાધ્યાપક તરીકે પોતાની સેવાઓ ઇન્ડિયન સ્ટેટિસ્ટિકલ ઇન્સ્ટિટ્યૂટ, ન્યૂ દિલ્હીને નીચેની શરતોએ આપવા માટે પરવાનગી આપવી :

Gratuity Contributions :

This is to be paid at 5% of the basic salary of Dr. C. G. Khatri which was Rs. 1,600/- p. m. prior to his Joining your Institute.

Provident Fund contribution :

This is to be paid at the rate of $1\frac{1}{2}$ of the basic salary of Dr. Khatri.

Leave salary contributions :

In case Dr. Khatri does not avail himself of any sick leave during the period of deputation, this is to be paid at the rate of 15 days salary (including all allowances) for the entire period of deputation of one year including the contribution for Provident fund and gratuity.

૬૫. ઍકેડમિક કાઉન્સિલની તા. ૩૦-૫-૧૯૭૪ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત.

"આથી ઠરાવવામાં આવે છે કે સંલગ્ન કૉલેજોમાં શિક્ષકો માટે પગારસુધારાની બાબતમાં ભારત સરકાર અને/અથવા યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન કક્ષાએ હાલ વિચારણા ચાલી રહી છે તેના સંદર્ભમાં ડેમોન્સ્ટ્રેટરો, ટ્યૂટરો અને ફિઝિકલ ઇન્સ્ટ્રક્ટરોનાં નામાભિધાન સુધારવા માટેના એકિઝકયુટિવ કાઉન્સિલના નિર્ણયોનો અમલ સ્થગિત કરવા તથા ત્રણેય કક્ષાના આ શિક્ષકોનાં જૂનાં નામાભિધાનો ચાલુ રાખવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન અને/અથવા ભારત સરકાર તરફથી યુનિવર્સિટીના અને કૉલેજોના શિક્ષકોનાં પગારધોરણોના સુધારા અંગેની જે જાહેરાત કરવામાં આવેલી છે, તેના સંદર્ભમાં ડેમોન્સ્ટ્રેટરો, ટ્યૂટરો અને ફિઝિકલ ઇન્સ્ટ્રક્ટરોનાં નામાભિધાન સુધારવા માટેના એકિઝકયુટિવ કાઉન્સિલના અનુક્રમે તા. ૨૩-૨-૧૯૭૪ અને તા. ૨૯-૬-૧૯૭૪ના નિર્ણયોનો અમલ સ્થગિત કરવો.

૬૬. યુનિવર્સિટી ધારાની કલમ ૩૩-એ (૧) (બી) (૧) અને (૨) અનુસાર સંલગ્ન કૉલેજોમાં આચાર્યો અને શિક્ષકોની નિમણૂકો માટેની વરણીસમિતિ પર કુલપતિશ્રીના પ્રતિનિધિઓની નિયુક્તિ કરવા બત્યાદિ બાબતમાં નિયમો ઘડવા અંગે હ. કા. આર્ટ્સ કૉલેજના આચાર્યશ્રી ય. પ્રા. શુકલના તા. ૨૯-૫-૧૯૭૪ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે જરૂરી નિયમો ઘડવા માટે નીચે મુજબ સભ્યોની સમિતિ રચવી :

૧. આચાર્ય ય. પ્રા. શુકલ
૨. પ્રો. ડી. એન. પાઠક
૩. આચાર્ય દર્શનસિંઘ શીખ
૪. પ્રો. મનુભાઈ ડી. પંચોલી.

૬૭. જૂન ૧૯૭૫થી ચતુર્ભુજ લાજપતરાય એજ્યુકેશન ટ્રસ્ટ, અમદાવાદ તરફથી અમદાવાદ ખાતે વિનયન અને વાણિજ્ય(હિન્દી માધ્યમ)ની કૉલેજ શરૂ કરવા માટે આવેલ અરજી અંગે યુનિવર્સિટી ધારાની કલમ ૩૩ (૨)ના સંદર્ભમાં વિચારણા કરી જરૂરિયાત નક્કી કરવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલે તેની તા. ૨૭-૪-૧૯૭૪ની સભામાં નીમેલી સમિતિનો અહેવાલ એકિઝકયુટિવ કાઉન્સિલે તેની તા. ૧૮-૫-૧૯૭૪ની સભામાં એકેડેમિક કાઉન્સિલના અભિપ્રાય માટે મોકલવાનું ઠરાવેલું તે બાબતમાં એકેડેમિક કાઉન્સિલની તા. ૩૦-૫-૧૯૭૪ની સભાએ કરેલ નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"આથી ઠરાવવામાં આવે છે કે ચતુર્ભુજ લાજપતરાય એજ્યુકેશન ટ્રસ્ટ, અમદાવાદ પુરસ્કૃત પ્રસ્તુત કૉલેજની બાબતમાં સદરહુ સમિતિના તેના તા. ૧૪-૫-૧૯૭૪ના અહેવાલમાં વ્યક્ત કરેલાં મંતવ્યો સાથે આ સભાગૃહ સંમત છે અને તેથી સદરહુ પ્રસ્તુત કૉલેજને ન્હોડાણ આપવું નહિ, એમ એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૬૮. જૂન ૧૯૭૫થી નવજાગૃતિ એજ્યુકેશન ટ્રસ્ટ, અમદાવાદ ખાતે શરૂ કરાનાર વિનયન અને વાણિજ્યની કૉલેજ શરૂ કરવા માટે આવેલ અરજી અંગે યુનિવર્સિટી ધારાની કલમ ૩૦ (૨)ના સંદર્ભમાં વિચારણા કરી જરૂરિયાત નક્કી કરવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલે તેની તા. ૨૭-૪-૧૯૭૪ની સભામાં નીમેલ સમિતિનો અહેવાલ એકિઝકયુટિવ કાઉન્સિલે તેની તા. ૧૮-૫-૧૯૭૪ની સભામાં એકેડેમિક કાઉન્સિલના અભિપ્રાય માટે મોકલવાનું ઠરાવેલું તે બાબતમાં એકેડેમિક કાઉન્સિલની તા. ૩૦-૫-૧૯૭૪ની સભાએ કરેલ નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"આથી ઠરાવવામાં આવે છે કે પ્રસ્તુત કૉલેજની જોડાણઅરજીની બાબત વિચારણા માટે હાથ ધરવામાં આવી ત્યારે તેના સંદર્ભમાં સદરહુ ટ્રસ્ટના તા. ૧૮-૫-૧૯૭૪ના પત્ર તરફ સભાગૃહનું ધ્યાન ખેંચવામાં આવ્યું. તે પછી નીચે મુજબ ઠરાવવામાં આવ્યું :

નવજાગૃતિ એજ્યુકેશન ટ્રસ્ટ, અમદાવાદ પુરસ્કૃત પ્રસ્તુત કૉલેજની બાબતમાં સદરહુ સમિતિના તેના તા. ૧૪-૫-૧૯૭૪ના અહેવાલમાં વ્યક્ત કરેલાં મંતવ્યો સાથે આ સભાગૃહ સંમત છે અને તેથી સદરહુ પ્રસ્તુત કૉલેજને જોડાણ આપવું નહીં એમ એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરે છે."

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૬૯. જૂન ૧૯૭૫થી મહર્ષિ અરવિંદ એજ્યુકેશન ટ્રસ્ટ તરફથી સોજીત્રા ખાતે શરૂ કરાનાર વિનયન અને વાણિજ્યની કૉલેજ શરૂ કરવા માટે આવેલ અરજી અંગે યુનિવર્સિટી ધારાની કલમ ૩૩ (૨)ના સંદર્ભમાં વિચારણા કરી જરૂરિયાત નક્કી કરવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલે તેની તા. ૨૭-૪-૧૯૭૪ની સભામાં નીમેલ સમિતિનો અહેવાલ એકિઝકયુટિવ કાઉન્સિલે તેની તા. ૧૮-૫-૧૯૭૪ની સભામાં એકેડેમિક કાઉન્સિલના અભિપ્રાય માટે મોકલવાનું ઠરાવેલું તે બાબતમાં એકેડેમિક કાઉન્સિલની તા. ૩૦-૫-૧૯૭૪ની સભાએ કરેલ નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

" આથી ઠરાવવામાં આવે છે કે મહર્ષિ અરવિંદ એજ્યુકેશન ટ્રસ્ટ, સોજીત્રા પુરસ્કૃત પ્રસ્તુત કૉલેજની બાબતમાં સદરહુ સમિતિના તેના તા. ૧૪-૫-૧૯૭૪ના અહેવાલમાં વ્યક્ત કરેલાં મંતવ્યો સાથે આ સભા સંમત છે અને તેથી સદરહુ પ્રસ્તુત કૉલેજને જોડાણ આપવું નહીં એમ એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરે છે."

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૭૦. જૂન ૧૯૭૫થી બલોલ કેળવણી મંડળ, બલોલ તરફથી બલોલ ખાતે શરૂ કરાનાર વિનયન અને વાણિજ્યની કૉલેજ શરૂ કરવા માટે આવેલ અરજી પર યુનિવર્સિટી ધારાની કલમ ૩૩ (૨)ના સંદર્ભમાં વિચારણા કરી જરૂરિયાત નક્કી કરવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલે તેની તા. ૨૭-૪-૧૯૭૪ની સભામાં નીમેલ સમિતિનો અહેવાલ એકિઝકયુટિવ કાઉન્સિલે તેની તા. ૧૮-૫-૧૯૭૪ની સભામાં એકેડેમિક કાઉન્સિલના

અભિપ્રાય માટે મોકલવાનું ઠરાવેલું તે બાબતમાં એકેડેમિક કાઉન્સિલની તા. ૩૦–૫–૧૯૭૪ની સભાએ કરેલ નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"આથી ઠરાવવામાં આવે છે કે બલોલ કેળવણી મંડળ, બલોલ, જિ. મહેસાણા પુરસ્કૃત પ્રસ્તુત કૉલેજની બાબતમાં સદરહુ સમિતિના તેના તા. ૧૪–૫–૧૯૭૪ના અહેવાલમાં વ્યક્ત કરેલાં મંતવ્યો સાથે આ સભાગૃહ સંમત છે અને તેથી સદરહુ પ્રસ્તુત કૉલેજને જોડાણ આપવું નહિ એમ એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરે છે."

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૭૧. શ્રી લુણાવાડા આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, લુણાવાડા તરફથી જૂન ૧૯૭૪થી બી.એ. (સભા.)માં રાજ્યનીતિશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫–૬–૧૯૭૪થી તા. ૧૪–૬–૧૯૭૬ સુધીનું ચાલુ જોડાણ આપવા મૂકેલી શરતોના પરિપાલનના સંદર્ભમાં જોડાણ આપવા વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે લુણાવાડા આર્ટ્સ અને સાયન્સ કૉલેજ, લુણાવાડાને બી.એ.(સભા.)માં રાજ્યનીતિશાસ્ત્રનો અભ્યાસક્રમ શીખવવા માટે તા. ૧૫–૬–૧૯૭૪થી તા. ૧૪–૬–૧૯૭૬ સુધીનું ચાલુ જોડાણ આપવું.

વધુમાં ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજને તા. ૧–૪–૧૯૭૨થી ગ્રેચ્યુઈટી ફંડ ઊભું કરીને તેની જાણ કરવા જણાવવું.

૭૨. જૂન ૧૯૭૫થી શ્રી વીરેન્દ્ર એજ્યુકેશન સોસાયટી, છોટાઉદેપુર તરફથી છોટાઉદેપુર ખાતે શરૂ કરાનાર વાણિજ્યની કૉલેજ શરૂ કરવા માટે આવેલ અરજી અંગે યુનિવર્સિટી ધારાની કલમ ૩૩ (૨)ના સંદર્ભમાં વિચારણા કરી જરૂરિયાત નક્કી કરવા માટે એક્ઝિકયુટિવ કાઉન્સિલે તેની તા. ૨૭-૪-૧૯૭૪ની સભામાં નીમેલ સમિતિનો અહેવાલ એક્ઝિકયુટિવ કાઉન્સિલે તેની તા. ૧૮–૫–૧૯૭૪ની સભામાં એકેડેમિક કાઉન્સિલના અભિપ્રાય માટે મોકલવાનું ઠરાવેલું તે બાબતમાં એકેડેમિક કાઉન્સિલની તા. ૩૦–૫–૧૯૭૪ની સભાએ કરેલ નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"આથી ઠરાવવામાં આવે છે કે શ્રી વીરેન્દ્ર એજ્યુકેશન સોસાયટી, છોટાઉદેપુર, જિ. વડોદરા પુરસ્કૃત પ્રસ્તુત કૉલેજની બાબતમાં સદરહુ સમિતિના તેના તા. ૧૪–૫–૧૯૭૪ના અહેવાલમાં વ્યક્ત કરેલાં મંતવ્યો સાથે સભાગૃહ સંમત છે અને તેથી સદરહુ પ્રસ્તુત કૉલેજને જોડાણ આપવું નહિ એમ એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરે છે."

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૭૩. જૂન ૧૯૭૫થી નવજાગૃતિ એજ્યુકેશન ટ્રસ્ટ, અમદાવાદ તરફથી અમદાવાદ ખાતે કાયદાની કૉલેજ શરૂ કરવા માટે આવેલ અરજી અંગે યુનિવર્સિટી ધારાની કલમ ૩૩(૨)ના સંદર્ભમાં વિચારણા કરી જરૂરિયાત નક્કી કરવા માટે એક્ઝિકયુટિવ કાઉન્સિલે તેની તા. ૨૭-૫-૧૯૭૪ની સભામાં નીમેલ સમિતિનો અહેવાલ એક્ઝિકયુટિવ કાઉન્સિલે તેની તા. ૧૮–૫–૧૯૭૪ની સભામાં એકેડેમિક કાઉન્સિલના અભિપ્રાય માટે મોકલવાનું ઠરાવેલું તે

બાબત એકેડેમિક કાઉન્સિલની તા. ૩૦–૫–૧૯૭૪ની સભાએ કરેલી નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"આથી ઠરાવવામાં આવે છે કે પ્રસ્તુત કૉલેજની જોડાણઅરજીની બાબતમાં વિચારણા હાથ ધરવામાં આવી ત્યારે તેના સંદર્ભમાં સદરહુ ટ્રસ્ટના તા. ૧૪–૫–૧૯૭૪ના પત્ર તરફ સભાગૃહનું ધ્યાન ખેંચવામાં આવ્યું. તે પછી નીચે મુજબ ઠરાવવામાં આવ્યું :

નવજાગૃતિ એજ્યુકેશન ટ્રસ્ટ, અમદાવાદ પુરસ્કૃત પ્રસ્તુત કૉલેજની બાબતમાં સદરહુ સમિતિના તેના તા. ૧૪–૫–૧૯૭૪ના અહેવાલમાં વ્યક્ત કરેલાં મંતવ્યો સાથે સભાગૃહ સંમત છે અને તેથી સદરહુ પ્રસ્તુત કૉલેજને જોડાણ આપવું નહિ એમ એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરે છે."

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૭૪. સેકન્ડરી ટીચર્સ ટ્રેનિંગ કૉલેજ, અમદાવાદ તરફથી જૂન ૧૯૭૪થી બી.એડ.ના અને ડી.પી.એડ.ના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫–૬–૧૯૭૪થી કાયમી જોડાણ આપવા મૂકેલી શરતોના પરિપાલનના સંદર્ભમાં જોડાણ આપવા વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સેકન્ડરી ટીચર્સ ટ્રેનિંગ કૉલેજ, અમદાવાદને બી.એડ. તથા ડી.પી.એડ.ના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૧–૬–૧૯૭૪થી કાયમી જોડાણ આપવું.

વધુમાં ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજને તા. ૧–૪–૧૯૭૨થી ગ્રેચ્યુઈટી ફંડ ઊભું કરીને તેની જાણ કરવા જણાવવું.

૭૫. શ્રીમતી બી. સી. જે. કૉલેજ ઑફ એજ્યુકેશન, ખંભાત તરફથી જૂન ૧૯૭૪થી બી.એડ.ના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫–૬–૧૯૭૪થી કાયમી જોડાણ આપવા અંગેની અરજી પર મૂકેલી શરતોના પરિપાલનના સંદર્ભમાં વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રીમતી બી. સી. જે. કૉલેજ ઑફ એજ્યુકેશન, ખંભાતને બી.એડ.નો અભ્યાસક્રમ શીખવવા માટે તા. ૧૧–૬–૧૯૭૪થી કાયમી જોડાણ આપવું.

વધુમાં ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજને પ્રૉવિડન્ટ ફન્ડની (સંસ્થાના ફાળા સહિતની) રકમ તાકીદે ટ્રસ્ટને સોંપી દેવા અને તા. ૧–૪–૧૯૭૨થી ગ્રેચ્યુઈટી ફંડ ઊભું કરીને જાણ કરવા જણાવવું.

૭૬. સૈફી જ્યુબિલી વિનયન અને વાણિજ્યની કૉલેજ, સિદ્ધપુરને જૂન ૧૯૭૪થી બી.એ. (પ્રિન્સિ.)માં અર્થશાસ્ત્ર; તથા બી.એ. (સબૅા.)માં સમાજશાસ્ત્ર તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવાનું જોડાણ આપવા માટે મૂકેલી શરતોના પરિપાલનના સંદર્ભમાં સદરહુ કૉલેજને આ વિષયોમાં તા. ૧૫–૬–૧૯૭૪થી કાયમી જોડાણ આપવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સૈફી જ્યુબિલી આર્ટ્સ અને કૉમર્સ કૉલેજ, સિદ્ધપુરને બી.એ.(પ્રિન્સિ.)માં અર્થશાસ્ત્ર; તથા બી.એ.(સબૅા.)માં સમાજશાસ્ત્ર; તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ અને ઑડિટિંગનો અભ્યાસક્રમ શીખવવા માટે તા. ૧૫–૬–૧૯૭૪થી કાયમી જોડાણ આપવું.

૭૭. પ્રાંતીજ તાલુકા કેળવણી ટ્રસ્ટ (મુ.પો. તાજપુર), પ્રાંતીજ દ્વારા જૂન ૧૯૭૪થી પ્રાંતીજ ખાતે શરૂ કરાનાર વિનયન અને વાણિજ્યની નવી કૉલેજને પ્રથમ વર્ષ બી.એ.માં અર્થશાસ્ત્ર, ગુજરાતી, ઇતિહાસ અને સમાજશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા તથા પ્રથમ વર્ષ બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૪થી તા. ૧૪-૬-૧૯૭૫ સુધીનું જોડાણ આપવા માટે મૂકેલી શરતોના યથાર્થ પરિપાલનના સંદર્ભમાં જોડાણ આપવા વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે પ્રાંતીજ તાલુકા કેળવણી ટ્રસ્ટ, પ્રાંતીજ સંચાલિત આર્ટ્સ અને કૉમર્સ કૉલેજ, પ્રાંતીજને પ્રથમ વર્ષ બી.એ.માં અર્થશાસ્ત્ર, ગુજરાતી, ઇતિહાસ અને સમાજશાસ્ત્ર; તથા પ્રથમ વર્ષ બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ અને ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૧--૬--૧૯૭૪થી તા. ૧૪--૬--૧૯૭૧ સુધીનું જોડાણ આપવું.

૭૮. શ્રી હાલોલ મહાજન ઉચ્ચ શિક્ષણ મંડળ, હાલોલ દ્વારા જૂન ૧૯૭૪થી હાલોલ ખાતે શરૂ કરાનાર વિનયન અને વાણિજ્યની નવી કૉલેજને પ્રથમ વર્ષ બી.એ.માં ગુજરાતી, અર્થશાસ્ત્ર, મનોવિજ્ઞાન અને ઇતિહાસના અભ્યાસક્રમો તથા પ્રથમ વર્ષ બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૪થી તા. ૧૪-૬-૧૯૭૫ સુધીનું જોડાણ આપવા મૂકેલી શરતોના પરિપાલનના સંદર્ભમાં જોડાણ આપવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. હાલોલ મહાજન ઉચ્ચ શિક્ષણ મંડળ, હાલોલ દ્વારા સંચાલિત આર્ટ્સ અને કૉમર્સ કૉલેજ, હાલોલને પ્રથમ વર્ષ બી.એ.માં ગુજરાતી, અર્થશાસ્ત્ર, મનોવિજ્ઞાન અને ઇતિહાસ; તથા પ્રથમ વર્ષ બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ અને ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૪થી તા. ૧૪--૬--૧૯૭૫ સુધીનું જોડાણ આપવું.

વધુમાં ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજને વાણિજ્યના પૂર્ણ સમયના વ્યાખ્યાતાની તાકીદે નિમણૂક કરીને જાણ કરવા જણાવવું.

૭૯. ભવન્સ જશોદાબહેન કૉમર્સ કૉલેજ, ડાકોરને જૂન ૧૯૭૪થી બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવાનું જોડાણ આપવા માટે મૂકેલી શરતોના પરિપાલનના સંદર્ભમાં સદરહુ કૉલેજને આ વિષય માટે તા. ૧૫-૬-૧૯૭૪થી તા. ૧૪-૬-૧૯૭૭ સુધીનું ચાલુ જોડાણ આપવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ભવન્સ જશોદાબહેન કૉમર્સ કૉલેજ, ડાકોરને બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ અને ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૧--૬--૧૯૭૪થી તા. ૧૪--૬--૧૯૭૭ સુધીનું ચાલુ જોડાણ આપવું.

વધુમાં ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજને તા. ૧--૪--૧૯૭૨થી ગ્રેચ્યુઈટી ફંડ ઊભું કરીને તેની જાણ કરવા જણાવવું.

૮૦. સરદાર વલ્લભભાઈ વાણિજ્ય મહાવિદ્યાલય, અમદાવાદને જૂન ૧૯૭૪થી બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવાનું જોડાણ

આપવા માટે મૂકેલી શરતોના પરિપાલનના સંદર્ભમાં સદરહુ કૉલેજને આ વિષય માટે તા. ૧૫-૬-૧૯૭૪થી કાયમી જોડાણ આપવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સરદાર વલ્લભભાઈ વાણિજ્ય મહાવિદ્યાલય, અમદાવાદને બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ અને ઑડિટિંગનો અભ્યાસક્રમ શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૪થી કાયમી જોડાણ આપવું.

૮૧. ધી પીપલ્સ એજ્યુકેશન સોસાયટી સંચાલિત શ્રી જે. બી. ઠક્કર કૉમર્સ કૉલેજ, ભૂજ (કચ્છ) તરફથી જૂન ૧૯૭૪થી બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૪થી તા. ૧૪-૬-૧૯૭૭ સુધીનું ચાલુ જોડાણ આપવા માટે મૂકેલી શરતોના પરિપાલનના સંદર્ભમાં વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ધી પીપલ્સ એજ્યુકેશન સોસાયટી સંચાલિત શ્રી જે. બી. ઠક્કર કૉમર્સ કૉલેજ, ભુજ (કચ્છ)ને બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ અને ઑડિટિંગનો અભ્યાસક્રમ શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૪થી તા. ૧૪-૬-૧૯૭૭ સુધીનું ચાલુ જોડાણ આપવું.

વધુમાં ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજને સામયિકો માટે પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવાની બાંયધરી મોકલી આપવા તથા તા. ૧-૪-૧૯૭૨થી ગ્રેચ્યુઈટી ફંડ ઊભું કરીને તેની જાણ કરવા જણાવવું.

૮૨. ધી નૉર્થ ગુજરાત એજ્યુકેશન સોસાયટી, મુંબઈ તરફથી જૂન ૧૯૭૩થી પાટણ ખાતે નવી શરૂ થયેલ શેઠ એમ. એન. લૉ કૉલેજ, પાટણને એલએલ.બી.ના અભ્યાસક્રમો શીખવવાનું જોડાણ આપવા માટે મૂકેલી શરતોના પરિપાલનના સંદર્ભમાં તા. ૧૫-૬-૧૯૭૩થી તા. ૧૪-૬-૧૯૭૪ સુધીનું જોડાણ આપવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી એમ. એન. લૉ કૉલેજ, પાટણને એલએલ.બી.નો અભ્યાસક્રમ શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૩થી તા. ૧૪-૬-૧૯૭૪ સુધીનું જોડાણ આપવું.

વધુમાં ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજને ગ્રંથાલય માટે બાકી રહેલ રૂ. ૨,૦૦૦નો અનાવર્તક ખર્ચ તાકીદે કરીને જાણ કરવા માટે જણાવવું.

૮૩. બોરસદ સાયન્સ એન્ડ લૉ કૉલેજ, બોરસદની જૂન ૧૯૭૪થી તૃતીય એલએલ.બી.ના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૪થી તા. ૧૪-૬-૧૯૭૯ સુધીનું ચાલુ જોડાણ આપવા માટે મૂકેલી શરતોના પરિપાલનના સંદર્ભમાં જોડાણ આપવા વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે બોરસદ સાયન્સ અને લૉ કૉલેજ, બોરસદને તૃતીય એલએલ.બી. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૪થી તા. ૧૪-૬-૧૯૭૯ સુધીનું ચાલુ જોડાણ આપવું.

વધુમાં ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજને ગ્રંથાલય માટે પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવાની બાંયધરી મોકલવા અને તા. ૧-૪-૧૯૭૨થી ગ્રેચ્યુઈટી ફંડ ઊભું કરીને તેની જાણ કરવા જણાવવું.

૮૪. શ્રી એમ. એન. કૉલેજ ઑફ ફાર્મસી, ખંભાતને જોડાણ આપવાના સંદર્ભમાં એક્ઝિકયુટિવ કાઉન્સિલે તેની તા. ૨૭-૪-૧૯૭૪ની સભામાં આ બાબત નીચેનાં સૂચનો

સાથે એકેડમિક કાઉન્સિલની વિચારણા માટે મોકલેલ તે બાબતમાં એકેડેમિક કાઉન્સિલની તા. ૩૦-૫-૧૯૭૪ની સભાની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત:

સૂચનો

શ્રી એમ. એન. કૉલેજ ઑફ ફાર્મસી, ખંભાતને તેણે માગેલ જોડાણ જૂન ૧૯૭૪થી ચાલુ ન રાખતાં—

૧. ફાર્મસી ડિપ્લોમાના અભ્યાસક્રમો માટેનું જોડાણ તા. ૧૫મી જૂન ૧૯૭૪થી ચાલુ રાખવામાં આવે;

૨. ડિગ્રી પરીક્ષા માટે નવા વિદ્યાર્થીઓને દાખલ કરવા નહીં એમ સદરહુ કૉલેજને સૂચના આપવી;

૩. ડિગ્રી અભ્યાસક્રમના બીજા અને ત્રીજા વર્ષમાં આવેલા વિદ્યાર્થીઓને જૂન ૧૯૭૪થી તેમનો અભ્યાસ તે વર્ષ માટે સદરહુ કૉલેજમાં ચાલુ રાખવા માટે મંજૂરી આપવામાં આવે; અને

૪. જૂન ૧૯૭૪માં ડિગ્રી પરીક્ષાના ચોથા અને ત્રીજા વર્ષમાં આવેલા વિદ્યાર્થીઓને ગયા વર્ષની જેમ એલ. એમ. કૉલેજ ઑફ ફાર્મસીમાં સમાવવામાં આવે.

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે એકિઝકયુટિવ કાઉન્સિલના ઉપરોક્ત ઠરાવમાં કરવામાં આવેલ સૂચનાના સંદર્ભમાં શ્રી. એમ. એન. કૉલેજ ઑફ ફાર્મસી, ખંભાત જૂન ૧૯૭૪થી જોડાણ મેળવવા માટેની અરજી પર મૂકેલી શરતોનું સંપૂર્ણ પરિપાલન કરીને તેની જાણ યુનિવર્સિટીને મોડામાં મોડી તા. ૨૯-૬-૧૯૭૪ સુધીમાં કરે તો સદરહુ કૉલેજના જોડાણ અંગે ઘટતી વિચારણા કરવી એમ એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે શરતોનું યથાર્થ પરિપાલન થયું છે કે કેમ તેની ખાતરી કરી અહેવાલ આપવા માટે સમિતિની રચના કરવી અને સદરહુ સમિતિને તા. ૩૦મી જૂન ૧૯૭૪ના રોજ કૉલેજની મુલાકાત લઈ અહેવાલ આપવા માટે જણાવવું.

(નોંધ. — બી.ફાર્મ.ના અભ્યાસક્રમના ચોથા વર્ષના વિદ્યાર્થીઓને જૂન ૧૯૭૪માં અમદાવાદની ફાર્મસી કૉલેજમાં લાવવા આ સંદર્ભમાં ચોથા વર્ષ માટેના શિક્ષણ માટે શિક્ષકગણ અને સાધનસામગ્રીની જરૂરિયાત અંગે આગ્રહ રાખવો નહીં.)"

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણના સંદર્ભમાં સદરહુ કૉલેજે શરતોનું યથાર્થ પરિપાલન કર્યું છે કે કેમ તેની ખાતરી કરી અહેવાલ આપવા માટે કુલપતિશ્રીએ સમિતિની નિયુક્તિ કરેલી છે તેની નોંધ લેવી તથા સમિતિની ભલામણોના આધારે આ સભાગૃહ વતી જરૂરી ઠરાવ કરવા અને તે મુજબ ઘટતાં પગલાં લેવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજના પદવી પરીક્ષાના ચોથા વર્ષના વિદ્યાર્થીઓને ગયા વર્ષની જેમ એલ. એમ. કૉલેજ ઑફ ફાર્મસી, અમદાવાદમાં સમાવવા.

૮૫. એકેડેમિક કાઉન્સિલની તા. ૩૦–૫–૧૯૭૪ની સભાની ભલામણ અનુસાર બી. એમ. ઇન્સ્ટિટ્યૂટ, અમદાવાદને (૧) પોસ્ટ-ગ્રેજ્યુએટ ડિપ્લોમા ઇન સોશિયલ સાયકોલોજી (ડી.એમ. એન્ડ એસ.પી.), અને (૨) પોસ્ટ-ગ્રેજ્યુએટ બી.એસસી. ઓડિયોલોજી એન્ડ સ્પીચ થેરાપી (બી.એસસી. એન્ડ એસ.ટી.)ના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૪ થી તા. ૧૪-૬-૧૯૭૯ સુધી ચાલુ માન્યતા આપવા અંગે વિચારણા કરવા બાબત. (એ.કા. બાબત નં. ૪)

આથી ઠરાવવામાં આવે છે કે બી. એમ. ઇન્સ્ટિટ્યૂટ, અમદાવાદને પોસ્ટ-ગ્રેજ્યુએટ ડિપ્લોમા ઇન સોશિયલ સાયકોલોજી (ડી.એમ.એન્ડ.એસ.પી.) અને પોસ્ટ-ગ્રેજ્યુએટ બી.એસસી. અને સ્પીચ થેરાપી (બી.એસસી. અને એસ.ટી.)ના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૪થી તા. ૧૪--૬--૧૯૭૯ સુધીની ચાલુ માન્યતા આપવી.

૮૬. વિનયન, વિજ્ઞાન અને વાણિજ્યની કૉલેજોમાં સવારનું શિક્ષણકાર્ય બંધ કરીને જૂન ૧૯૭૫થી બપોરની કૉલેજો કરવા અંગેના એકિઝકયુટિવ કાઉન્સિલની તા. ૧૭–૨–૧૯૭૩ની સભાના ઠરાવના સંદર્ભમાં સી. યુ. શાહ કૉમર્સ કૉલેજ, અમદાવાદે વર્ગ-ખંડોના બાંધકામ માટે જરૂરી આર્થિક સહાય મેળવવા યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનને કરેલી અરજી પરત્વે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને કરેલા સૂચનને અનુલક્ષીને રાજ્ય સરકારની આર્થિક સહાયથી ઉપલબ્ધ સુવિધાઓનો પૂરો ઉપયોગ કરવા માટે સદ્ગરહુ આદેશ પાછો ખેંચવાનું ઇષ્ટ છે કે કેમ તે અંગે વિચારણા કરવા માટે જણાવતા રાજ્ય સરકારના શિક્ષણખાતાનો તા. ૬–૩–૧૯૭૪નો પત્રાંક એનજીસી–૧૦૭૪–૪૨૦૮ કે.એચ., જે એકિઝકયુટિવ કાઉન્સિલે એકેડેમિક કાઉન્સિલની વિચારણા માટે મોકલેલ છે તે પરત્વે એકેડેમિક કાઉન્સિલની તા. ૩૦–૫–૧૯૭૪ની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"આથી ઠરાવવામાં આવે છે કે સવારની કૉલેજને જૂન ૧૯૭૫થી બંધ કરવા માટેનો આ સભાગૃહની ભલામણ પરથી લેવામાં આવેલો નિર્ણય રદ કરવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી." (એ. કા. બાબત ક્રમાંક ૬)

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી અને તે મુજબ જૂન ૧૯૭૫થી સવારની કૉલેજો બંધ કરવા માટેનો આ સભાગૃહે તેનો તા. ૧૭—૨—૧૯૭૩ની સભામાં કરેલો નિર્ણય રદ કરવો.

૮૭. શ્રી. એમ. ડી. વાઘેલા, ટાઇપિસ્ટને તા. ૧–૬–૧૯૭૪થી રૂ. ૧૫૩–૫–૧૮૩–૧૦–૨૪૩ ઈ.બી. ૧૫–૪૦૮–૧૯–૪૬૫ના પગારધોરણમાં કાર્યક્ષમતા અંતરાય (એફિશિયન્સી બાર) ઓળંગવા પરવાનગી આપવા અંગે વિચારણા કરવા બાબત.

ટાઇપિસ્ટ શ્રી. એમ. ડી. વાઘેલાની કામગીરી અંગેનો બાનગી અહેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો.

તે પછી ઠરાવવામાં આવ્યું કે શ્રી. એમ. ડી. વાઘેલાને રૂ. ૧૫૩—૫—૧૮૩—૧૦—૨૪૩—ઈ.બી. ૧૫—૪૦૮—૧૯—૪૬૫ના પગારધોરણમાં રૂ. ૨૪૩ પછીનો કાર્યક્ષમતા અંતરાય તા. ૧—૬—૧૯૭૪થી ઓળંગવા માટે પરવાનગી આપવી.

૮૮. કૉટેજ હૉસ્પિટલ, ગાંધીનગરને ઍા. ૨૭૨ તથા ૨૭૨-એ મુજબ ફરજિયાત રેટેટિંગ હાઉસમૅનશિપ માટે માન્યતા આપવા અંગે એકિઝકયુટિવ કાઉન્સિલે તેની તા. ૧૬-૩-૧૯૭૪ની સભામાં નીમેલી તપાસસમિતિની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"We recommend this hospital to be suitable for four interns."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની ઉપરની ભલામણ મંજૂર કરવી અને તે મુજબ કૉટેજ હૉસ્પિટલ, ગાંધીનગરને ચાર તાલીમી સ્નાતકોની રેટેટિંગ હાઉસમૅનશિપ માટે માન્યતા આપવી.

૮૯. યુનિવર્સિટીને મળેલ પ્રદાનો અંગેના ચંદ્રકો આપણે અત્યાર સુધી ઇન્ડિયા ગવર્મેન્ટ મિન્ટ, મુંબઈ પાસે બનાવતા હતા તેને હવે આ ચંદ્રકો ચાંદીના બનાવવાના હોવાથી તેને બદલે સ્થાનિક વેપારીઓ પાસે બનાવવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે હવે પછી યુનિવર્સિટીના ચાંદીના સુવર્ણમંડિત ચન્દ્રકો (Gold plated silver medals) સ્થાનિક વેપારી કે વેપારીઓ પાસેથી બનાવડાવવાની નીતિ સ્વીકારવી.

૯૦. ઍકૅડેમિક કાઉન્સિલની તા. ૩૦-૫-૧૯૭૪ની સભાની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"સંશોધન પદ્ધતિ(Research Methodology)ની બાબતમાં સંલગ્ન કૉલેજો, માન્ય સંસ્થાઓ અને યુનિવર્સિટીનાં વિદ્યાભવનોના શિક્ષકો માટે પ્રસંગોપાત્ત પરિસંવાદ યોજવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી." (ઍ. કા. બાબત ક્રમાંક ૯-૧૦ ભાગ)

આથી ઠરાવવામાં આવે છે કે ઍકૅડેમિક કાઉન્સિલની સદરહુ ભલામણ સૈદ્ધાંતિક ધોરણે સ્વીકારવી અને તે મુજબ ચોક્કસ પ્રસ્તાવો આ સભાગૃહ સમક્ષ જ્યારે જ્યારે જરૂર પડે ત્યારે ત્યારે રજૂ કરવાનું રાખવું.

૯૧. એકિઝકયુટિવ કાઉન્સિલે સ્ટાફના વહીવટી પ્રશ્નો અંગે નીમેલી સ્થાયી સમિતિની તા. ૨૮-૬-૧૯૭૪ની સભાની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૯૨. સમાજવિદ્યા ભવનમાં અર્થશાસ્ત્રના રીડરની જગ્યા પૂરવા માટે નિમાયેલ વરણી-સમિતિની ભલામણ પરની ઍકૅડેમિક કાઉન્સિલની તા. ૩૦-૫-૧૯૭૪ની સભાની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત : (ઍ.કા. બાબત ક્રમાંક ૩)

"આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વરણી સમિતિની તા. ૨૬-૪-૧૯૭૪ની સભાની ભલામણ સ્વીકારવા અને તે મુજબ સદરહુ જગ્યા માટે ફરીથી જાહેરખબર આપીને નવેસરથી અરજીઓ મંગાવવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વરણી સમિતિની ભલામણ સ્વીકારવા માટેની ઍકૅડેમિક કાઉન્સિલની ભલામણ મંજૂર કરવી અને તે મુજબ અર્થશાસ્ત્રના રીડરની જગ્યા માટે ફરીથી જાહેરખબર આપીને નવેસરથી અરજીઓ મંગાવવી.

૯૩. વિનયન અને વાણિજ્ય વિદ્યાશાખાઓમાં પત્રવ્યવહારથી અભ્યાસક્રમો (કૉરસપૉન્ડન્સ કોર્સ) દાખલ કરવા બાબતમાં ઍકેડેમિક કાઉન્સિલની તા. ૩૦-૫-૧૯૭૪ની સભાની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત: (એ. કા. બાબત ક્રમાંક ૧૧)

"આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે રાજ્ય સરકાર તરફથી જરૂરી આર્થિક સહાય મળી શકે તે માટે જરૂરી મંજૂરી આપવા માટે રાજ્ય સરકારને વિનંતી કરવા અને રાજ્ય સરકારનો જવાબ મળ્યેથી આ બાબત અંગે ઘટતી વિચારણા કરવાનું રાખવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી"

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૯૪. વિજ્ઞાન વિદ્યાશાખામાં ટેકસ્ટાઈલ કેમિસ્ટ્રી અને ફાર્માસ્યુટિકલ કેમિસ્ટ્રીના ડિગ્રી અભ્યાસક્રમો સ્થાપવા તથા તે અંગેની યોજના મંજૂર કરવાની ઍકેડેમિક કાઉન્સિલની તા. ૩૦-૫-૧૯૭૪ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે વિજ્ઞાન વિદ્યાશાખામાં ટેક્સ્ટાઈલ કેમિસ્ટ્રી અને ફાર્માસ્યુટિકલ ઍન્ડ ડ્રગ કેમિસ્ટ્રીના ડિગ્રી અભ્યાસક્રમો સ્થાપવા અને તે અંગેની યોજના મંજૂર કરવા યુનિવર્સિટી કોર્ટને ભલામણ કરવી.

(સદરહુ યોજનાની નકલ પરિશિષ્ટ "જ" તરીકે સામેલ છે.)

૯૫. તા. ૨૭/૨૮-૩-૧૯૭૩ના રોજ મળેલ યુનિવર્સિટી કોર્ટની સભામાં થયેલાં સૂચનો પૈકી નીચેના સૂચન ઍકેડેમિક કાઉન્સિલની તા. ૩૦-૫-૧૯૭૪ની સભાના નીચેના ઠરાવ પર વિચારણા કરવા બાબત: (એ. કા. બાબત ક્રમાંક ૧૨)

સૂચન

"કૉલેજમાં બે જ વિદ્યાશાખાઓ હોવા અંગેના નિયમની પુનર્વિચારણા કરવી જોઈએ."

ઍકેડેમિક કાઉન્સિલનો ઠરાવ

"આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે પુનર્વિચારણા કરવાની જરૂર આ સભાગૃહને જણાતી નથી એમ એકિઝકયુટિવ કાઉન્સિલને જણાવવું."

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ સ્વીકારવી.

૯૬. એમ.એસસી. ભાગ ૨ રસાયણવિજ્ઞાનના અકાર્બનિક રસાયણવિજ્ઞાનના "ગ્રુપ થિયરી" માટે પખવાડિયાનો પરિસંવાદ યોજવા અંગેના ત્રીજા વર્ષ બી.એસસી.ના પ્રશ્નપત્ર ૬ અને ૭ માટેના પરિસંવાદમાં થયેલા સૂચન અંગે રસાયણવિજ્ઞાનની અભ્યાસ-સમિતિના અધ્યક્ષશ્રીના નીચેના મંતવ્ય પર વિચારણા કરવા બાબત:

"It will be better if a workshop is managed for group theory.

This subject is a must for all inorganic chemist."

આથી ઠરાવવામાં આવે છે કે એમ.એસસી., ભાગ ૨ રસાયણવિજ્ઞાનના અભ્યાસક્રમના અકાર્બનિક રસાયણવિજ્ઞાનના ગ્રુપ થિયરી વિષય પર સંલગ્ન કૉલેજોના સંબંધકર્તા અધ્યાપકોનો એક અઠવાડિયાનો પરિસંવાદ યોજવો અને તે માટે રૂ. ૫૦૦ સુધીનું ખર્ચ મંજૂર કરવું.

૯૭. બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગ એન્ડ રિસર્ચની તા. ૧૫-૨-૧૯૭૪ની સભાની ભલામણ અનુસાર પીએચ.ડી. માટે સંશોધન કામનું માર્ગદર્શન આપવા માટેના ઓછામાં ઓછા જરૂરી અનુભવની બાબતમાં જે શિક્ષકોની પાસે જરૂરી શૈક્ષણિક લાયકાત ઉપરાંત પાંચ વર્ષનો અનુસ્નાતક શિક્ષણ અને/અથવા સંશોધન કામનો અનુભવ હોય તો પર્યાપ્ત ગણીને તે હેતુ માટે ઑ. ૬૫-એચની કલમ (એ) નીચે મુજબ વંચાય તે રીતે સુધારી તેને તાત્કાલિક અમલમાં મૂકવાની એકેડેમિક કાઉન્સિલની તા. ૩૦-૫-૧૯૭૪ની ભલામણ પર વિચારણા કરવા બાબત :

O.65-H (*a*) of Arts including Education, Science, Commerce and Medicine be amended to read as under :

(*a*) A research degree of a recognised University in the subject in which recognition is sought with five years' standing as a recognised post-graduate teacher for Master's Degree and/or as a research worker.

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ભલામણ સ્વીકારવી અને તે મુજબ ઑર્ડિ. ૬૫-એચ(એ) ઉપર મુજબ વંચાય તે રીતે સુધારીને તેને તાત્કાલિક અમલમાં મૂકવો.

૯૮. બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગ એન્ડ રિસર્ચની તા. ૧૫-૨-૧૯૭૪ની સભાની ભલામણ અનુસાર આયુર્વેદ વિદ્યાશાખામાં માન્ય અનુસ્નાતક શિક્ષક અને માન્ય અનુસ્નાતક શિક્ષકના મદદનીશ અનુસ્નાતક શિક્ષક તરીકેની માન્યતા અંગેના અનુક્રમે ઑર્ડિ. ૬૫-કે હેઠળનો (એ) વાળો ભાગ અને ઑર્ડિ. ૬૫-એમ (૨) હેઠળનો નોંધ (૪) તરીકે આપવામાં આવેલો ભાગ રદ કરી સુધારેલા ઑર્ડિ. ૬૫-કે અને ઑર્ડિ. ૬૫-એમ ને મંજૂર કરી તેને તાત્કાલિક અમલમાં મૂકવાની એકેડેમિક કાઉન્સિલની તા. ૩૦-૫-૧૯૭૪ની સભાનો ભલામણ પર વિચારણા કરવા બાબત.

સદરહુ ઑર્ડિનન્સોમાંના નીચેના ભાગો રદ કરવાની ભલામણ છે :

O. 65-K(*a*) : A Professor in an affiliated college the subject with five years' teaching experience at a similar college will be recognised as a post-graduate teacher.

Note.—For Modern subjects in Medicine, the same qualifications as in the Faculty of Medicine will hold good.

O. 65-M(2) Note (*iv*) In the Ayurvedic Faculty any one who is a Professor in an affiliated college in the subject with three years' teaching experience at similar college.

OR

a Lecturer in an affiliated college in the subject with five years' teaching experience at a similar college shall be considered eligible for an Assistant's post.

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ભલામણ સ્વીકારવી અને તે મુજબ ઑર્ડિ. ૬૫-કે (એ) તથા ઑર્ડિ. ૬૫-એમ(૨) નોટ (૪) વાળો ભાગ રદ કરવો.

૯૯. બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગ ઍન્ડ રિસર્ચની તા. ૨૫-૨-૧૯૭૪ની સભાની ભલામણ અનુસાર એમ.ડી.એસ.ના વિષયોમાં માન્ય અનુસ્નાતક તથા માન્ય અનુસ્નાતક શિક્ષકના મદદનીશ અનુસ્નાતક શિક્ષક તરીકેની માન્યતા અંગેના નિયમો અનુક્રમે ઑર્ડિ. ૬૫-કે (બી) અને ઑર્ડિ. ૬૫-એમ (૨) (એ) આ સાથે આપ્યા મુજબ વંચાય તે રીતે સુધારી તેને તાત્કાલિક અમલમાં મૂકવાની એકેડેમિક કાઉન્સિલની તા. ૩૦-૫-૧૯૭૪ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે એકેડેમિક કાઉન્સિલની ભલામણ મંજૂર કરવી અને તે મુજબ ઑર્ડિ. ૬૫-કે (બી) અને ઑર્ડિ. ૬૫-એમ (૨) નોંધ (૨)(એ) સુધારીને તે સુધારેલા ઑર્ડિનન્સેને તાત્કાલિક અમલમાં મૂકવા.

(સુધારેલા ઑર્ડિ. ૬૫-કે (બી) અને ઑર્ડિ. ૬૫-એમ (૨) નોંધ (૨) (એ)ની નકલ **પરિશિષ્ટ "ઝ"** તરીકે સામેલ છે.)

૧૦૦. બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગ ઍન્ડ રિસર્ચની તા. ૧૫-૨-૧૯૭૪ની સભાની ભલામણ અનુસાર ડિપ્લોમા ઈન મેડિકલ ઍન્ડ સોશિયલ સાયકોલોજી (ડી.એમ. ઍન્ડ એસ.પી.) તથા બી.એસસી. ઈન ઓડિયોલોજી ઍન્ડ સ્પીચ થેરાપી (બી.એસસી. ઍન્ડ એસ. ટી.)ના વિષયમાં માન્યતા મેળવવા અંગેના અનુક્રમે ઑર્ડિ. ૬૫(એફ) (૨) (ડી) (iv) તથા ઑર્ડિ. ૬૫-એમ(૨)ની નોંધ (૫) આ સાથે પરિશિષ્ટમાં જણાવ્યા પ્રમાણે સુધારી તેને તાત્કાલિક અમલમાં મૂકવાની એકેડેમિક કાઉન્સિલની તા. ૩૦-૫-૧૯૭૪ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે એકેડેમિક કાઉન્સિલની ભલામણ મંજૂર કરવી અને તે મુજબ ઑર્ડિ. ૬૫-એફ (૨) (ડી) (૪) તથા ઑર્ડિ. ૬૫-એમ (૨)ની નોંધ (૫) સુધારીને તેને તાત્કાલિક અમલમાં મૂકવા.

[સદરહુ ઑર્ડિ. ૬૫-એફ (૨) (ડી) (૪) તથા ઑર્ડિ. ૬૫-એમ (૨)ની નોંધ (૫)ની નકલ **પરિશિષ્ટ "ટ"** તરીકે સામેલ છે.)

૧૦૧. બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગ ઍન્ડ રિસર્ચની તા. ૧૫-૨-૧૯૭૪ની સભાની ભલામણ અનુસાર ઑર્ડિ. ૩૧૬ નીચે મુજબ વંચાય તે રીતે સુધારવા તથા તેને તાત્કાલિક અમલમાં મૂકવા અંગેની એકેડેમિક કાઉન્સિલની તા. ૩૦-૫-૧૯૭૪ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત :

O. 316 :

No candidate shall be permitted to appear for the Ph.D. Degree in a

Faculty different from the one in which he has obtained his Master's Degree or M.D. Degree in the Faculty of Medicine. But a candidate in the Faculty of Arts who has taken a Master's Degree in Mathematics shall be permitted to appear for the Ph.D. Degree in Science in the subject of Mathematical Physics. Similarly a candidate in the Faculty of either Arts including Education or Commerce or Science, who has taken his Master's Degree in Economics or Statistics or Geography shall be permitted to appear in Ph.D. Degree in any one of these Faculties.

Notwithstanding anything contained above, a candidate who has obtained a Master's Degree in Pharmacy of this University or of any other University recognised as equivalent thereto may be permitted to register his name as a research student for the Ph.D. Degree in Faculty of Science, provided that his subject of researeh for the Ph.D. Degree falls within the area of Pharmaceutical Chemistry.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી અને તે મુજબ ઑર્ડિ. ૩૧૬ ઉપર મુજબ વંચાય તે રીતે સુધારવો અને તેને તાત્કાલિક અમલમાં મૂકવો.

૧૦૨. સી. બી. પટેલ આર્ટ્સ કૉલેજ, નડિયાદના ભૂતપૂર્વ પ્રાધ્યાપક શ્રી. એમ. જે. પાઠકજીને રૂ. ૪૦૦--૩૦--૬૪૦-૪૦--૮૦૦ના પગારધોરણ મુજબ તેમને આપવાની થતી તમામ રકમ તા. ૩૧-૩-૧૯૭૪ સુધી ચૂકવી આપવાનું એકિઝકયુટિવ કાઉન્સિલે તેની તા. ૧૬--૧૧--૧૯૭૩ની સભામાં ઠરાવ્યું હતું તે છતાં પણ સદરહુ કૉલેજે તે રકમ હજુ સુધી ચૂકવી નથી તો તે અંગે વિચારણા કરવા બાબત.

(૧) આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. એમ. જે. પાઠકજીને સુધારેલા પગારધોરણ મુજબ તેમને આપવાની થતી રકમ ત્વરિત ચૂકવી આપવા માટે સદરહુ સંસ્થાને ફરીથી લખી જણાવવું.

(૨) વધુમાં ઠરાવવામાં આવે છે કે સભાગૃહના ઉપર નં. (૧)માં જણાવેલા આદેશનું પાલન થાય નહીં તો તે બાબતમાં સદરહુ કૉલેજ સામે ઘટતાં પગલાં લેવા માટે યોગ્ય કાર્યવાહી માટે આ બાબત એકેડેમિક કાઉન્સિલને મોકલવી.

૧૦૩. અમદાવાદ સાયન્સ કૉલેજ, અમદાવાદમાં આંકડાશાસ્ત્રનો વિષય મુખ્ય વિષય તરીકે શીખવાતો હોવા છતાં ૧૯૭૩-૭૪ના વર્ષ દરમ્યાન ઑર્ડિ. ૧૨૦-એ અનુસાર આવશ્યક પૂરા સમયના પ્રાધ્યાપક નીમ્યા વગર કામ ચલાવ્યું હોઇ તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજે આંકડાશાસ્ત્રના વિષયમાં જરૂરી લાયકાત ધરાવતા પ્રાધ્યાપકની નિમણૂક કર્યા વિના ૧૯૭૩--૭૪ના આખા વર્ષ દરમ્યાન કામકાજ ચલાવ્યું છે તે માટે તેને ઠપકો આપવો.

વધુમાં ઠરાવવામાં આવે છે કે નવા શૈક્ષણિક વર્ષથી યોગ્ય લાયકાત ધરાવતા આંકડાશાસ્ત્રના પ્રાધ્યાપકની નિમણૂક કરવામાં આવશે નહીં તો તે વિષયમાં કોઈ પણ વિદ્યાર્થીને દાખલ કરી શકશે નહીં તેમ જણાવવું.

વધુમાં ઠરાવવામાં આવે છે કે અધ્યાપકોની નિમણૂકની બાબતમાં યુનિવર્સિટીનાં ધારાધોરણોની આ પ્રકારની અવગણના કઈ કઈ કૉલેજોએ કરી છે તે તપાસીને તેની બાબતમાં પણ યોગ્ય પગલાં સૂચવવા માટે નીચે જણાવેલા સભ્યોની સમિતિ રચવી :

૧. આચાર્ય ય. પ્રા. શુકલ
૨. પ્રો. ડી. એન. પાઠક
૩. ડૉ. વી. સી. શાહ
૪. પ્રો. ગુલાબભાઈ દેસાઈ
૫. પ્રો. મનુભાઈ પંચોલી
૬. આચાર્ય એમ. એસ. પંડિત
૭. આચાર્ય દર્શનસિંઘ શીખ.

૧૦૪. બનાસકાંઠા આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, પાલનપુરમાં શિક્ષકોને સુધારેલા પગારધોરણના સંબંધમાં આપવાના થતા પગાર, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તેમ જ પી.એફ.ની રકમ હજુ સુધી ચૂકવાઈ નથી તો તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજને તેમના શિક્ષકોને બાકી નીકળતી પગાર તથા ભથ્થાની તેમ જ પી.એફ.ની રકમ તાત્કાલિક ચૂકવીને યુનિવર્સિટી કાર્યાલયને તેની જાણ કરવા માટે જણાવવું.

૧૦૫. ઈજનેરીના સેમેસ્ટર પદ્ધતિના નિયમ આર. એન્જ. એસ.(૧૧)(એ)(બી) સુધારવાની અને તેને તાત્કાલિક અમલમાં લાવવાની ઈજનેરી વિદ્યાશાખાની તા. ૮--૫--૧૯૭૪ની સભાની ભલામણના સંદર્ભમાં શ્રી. એ. પી. રામચંદ્રનના કેસ અંગેની ઍકેડેમિક કાઉન્સિલની તા. ૩૦--૫--૧૯૭૪ની સભાની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"ઇજનેરીના સેમેસ્ટર પદ્ધતિના સુધારવામાં આવેલ રેગ્યુ. એન્જિ. એસ–૧૧ (એ) (બી)ને અનુલક્ષીને શ્રી. એ. પી. રામચંદ્રનની તા. ૬–૫–૧૯૭૪ની આવેલ અરજી પરત્વે સહાનુભૂતિ-પૂર્વક વિચારણા કરી ખાસ કેસ તરીકે તેને ઇજનેરીના બી. ઈ. ૪ (મિકેનિકલ)ના આઠમા સેમેસ્ટરમાં કૉલેજે આપેલ પ્રવેશને માન્ય રાખવા અંગે કુલપતિશ્રીને વિનંતી કરવી."

આથી ઠરાવવામાં આવે કે ઍકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૧૦૬. યુનિવર્સિટી વિસ્તારનાં મકાનોની મ્યુનિસિપલ કૉર્પોરેશન તરફથી થયેલી આકારણી સામે વાંધાઅરજીઓ તથા કોર્ટમાં અપીલો કર્યા બાદ મ્યુનિસિપલ કૉર્પોરેશન સાથે વાજબી આકારણી નક્કી કરવામાં આવી તે અંગેનો અમદાવાદ મ્યુનિસિપલ કૉર્પોરેશન સાથે કરવાના કરારનામાનો મુસદ્દો મંજૂર કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતમાં અમદાવાદ મ્યુનિસિપલ કૉર્પોરેશન સાથે કરવાના કરારનામાનો મુસદ્દો મંજૂર કરવો તથા તે મુજબ યુનિવર્સિટી તરફથી તે કરારનામા પર સહી કરવા માટે શ્રી. કુલસચિવને સત્તા આપવી.

(સદરહુ કરારનામાના મુસદ્દાની નકલ **પરિશિષ્ટ "ઠ"** તરીકે સામેલ છે.)

૧૦૭. પ્રો. મનુભાઈ ડી. પંચોલી તરફથી આવેલ નીચેના પ્રસ્તાવ પર વિચારણા કરવા બાબત :

O. 156 :

" Local members residing in the city of the University Head Quarters will be paid a conveyance allowance of Rs. 7/- per meeting or Rs. 10/- for meetings attended by them per day. "

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત ફાઈનાન્સ સમિતિની વિચારણા માટે મોકલવી.

૧૦૮. સંલગ્ન કૉલેજોના જે કર્મચારીઓને પરીક્ષા, ચૂંટણી, ઇત્યાદિ બાબતોને લગતાં યુનિવર્સિટીનાં કામકાજ માટે યુનિવર્સિટી કાર્યાલય પર બોલાવવામાં આવે ત્યારે તેમને કયા દરે ભાડું-ભથ્થું આપવું તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત ફાઈનાન્સ સમિતિની વિચારણા માટે મોકલવી.

૧૦૯. ભાષા-સાહિત્ય ભવનમાં ભાષાવિજ્ઞાનના પ્રોફેસર એચ. સી. ભયાણીને "રિસર્ચ પ્રોજેક્ટ ઑફ રાઇટિંગ ગ્રામર ઑફ અપભ્રંશ ભાષા" માટે તા. ૧-૭-૧૯૭૪થી તા. ૨૮-૨-૧૯૭૫ સુધી અભ્યાસ-રજા યુનિવર્સિટીના નિયમ પ્રમાણે આપવા અંગે તેઓની તા. ૧૧-૫-૧૯૭૪ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે પ્રો. એચ. સી. ભાયાણીને સદરહુ કાર્ય કરવા માટે તા. ૧-૭-૧૯૭૪થી તા. ૨૮-૨-૧૯૭૫ સુધી વગર પગારે અભ્યાસ-રજા મંજૂર કરવી.

૧૧૦. ૧૯૭૪-૭૫ના વર્ષમાં સંલગ્ન કૉલેજો અને વિદ્યાભવનોનું શિક્ષણકાર્ય તા. ૧૫-૬-૧૯૭૪ને બદલે તા. ૧-૭-૧૯૭૪થી શરૂ કરવાના યુનિવર્સિટીના નિર્ણયના સંદર્ભમાં વિદ્યાર્થીઓની ટ્યૂશન-ફીના રિફંડ અંગેના નિયમ નં. ૨ માં ચાલુ વર્ષ પૂરતો ફેરફાર કરવા અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.—સદરહુ નિયમ નં. ૨ નીચે મુજબ છે :

2. Full amount after deducting Rs. 10/- if a student applies within ten days of the commencement of the terms and one-half of it, if a student applies after 10 days but within 20 days of the commencement of the term for the following reasons :

(*a*) Transfer of the student concerned, being an employment to another city.

(*b*) Transfer of a parent of the student concerned to another city.

(*c*) Marriage of a female student.

(*d*) Admission of a student admitted to a Science College to an Engineering, Medical, Dental or Pharmacy college or to any such professional course in another college.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ નિયમ નં. ૨ નીચે મુજબ વંચાય તે રીતે સુધારવો :

2. Full amount after deducting Rs. 10/- if a student's application is received within ten days of the commencement of the terms and one-half of it, if a student's application is received after 10 days but within 20 days of the commencement of the term for any of the following reasons :

(*a*) Transfer of the student concerned to another city, in the case of a student who is working as an employee;

(*b*) Transfer of a parent or the student concerned to another city;

(*c*) Student's own marriage in the case of a female student;

(*d*) Admission of a student admitted to a Science college to an Engineering, Medical, Dental or Pharmacy college or to any such professional course in another college or institution.

વધુમાં ઠરાવવામાં આવે છે કે નીચેનો ટ્રાન્ઝિટરી નિયમ ૨-એ મંજૂર કરવો તથા તેને ૧૯૭૩-૭૪ના શૈક્ષણિક વર્ષ પૂરતો અમલમાં મૂકવો :

2-A. Full amount after deducting Rs. 10/- if a student's application is received on or before the 31st of July 1974 for any of the following reasons :

(*a*) Transfer of the student concerned to another city, in the case of a student who is working as an employee;

(*b*) Transfer of a parent or the student concerned to another city;

(*c*) Student's own marriage in the case of a female student;

(*d*) Admission of a student admitted to a Science college to an Engineering, Medical, Dental or Pharmacy College or to any such professional courses in anothe college or institution.

૧૧૧. શ્રી. એમ. એલ. ગાંધી હાયર એજ્યુકેશન સોસાયટી, મોડાસાના માનદ મંત્રી તરફથી તેમની કાયદાની કૉલેજના આચાર્યશ્રીની ઉંમર કૉન્ડોન કરવા આવેલ અરજી પરત્વે વિચારણા કરવા બાબત.

(નોંધ. -- વરણીસમિતિએ એક્ઝિક્યુટિવ કાઉન્સિલ, ઉંમર કૉન્ડોન કરે એ શરતે આચાર્યપદ માટે શ્રી. વી. આર. રણદીવેની વરણી કરી છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજના આચાર્યપદ પરની નિમણૂક માટે શ્રી. વી. આર. રણદીવેને નિવૃત્તિવયના નિયમમાંથી ૧૯૭૪-૭૫ના શૈક્ષણિક વર્ષ માટે મુક્તિ આપવાની સદરહુ કૉલેજની વિનંતી મંજૂર કરવી.

૧૧૨. શેઠ પી. ટી. આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, ગોધરાને જૂન ૧૯૭૪થી બી.એ.(ફિન્સિ.)માં ઇતિહાસના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૪થી તા. ૧૪--૬--૧૯૭૫ સુધીના વધારાના જોડાણ માટેની શરતોના પરિપાલનના સંદર્ભમાં જોડાણ આપવા વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શેઠ પી. ટી. આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, ગોધરાને બી.એ. (પ્રિન્સિ.)માં ઈતિહાસના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫–૬–૧૯૭૪ થી તા. ૧૪–૬–૧૯૭૫ સુધીનું વધારાનું જોડાણ આપવું.

વધુમાં ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજને તા. ૧–૪–૧૯૭૨થી ગ્રેચ્યુઈટી ફંડ ઊભું કરીને તેની જાણ કરવા માટે જણાવવું.

૧૧૩. કલોલ મ્યુનિસિપલ આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, કલોલ તરફથી જૂન ૧૯૭૪થી બી.એ.(પ્રિન્સિ.)માં અર્થશાસ્ત્ર, ગુજરાતી અને ઈતિહાસ; તથા બી.એ. (સબો.)માં હિંદી, સંસ્કૃત, અંગ્રેજી, મનોવિજ્ઞાન અને આંકડાશાસ્ત્ર; તથા બી.એસસી. (રૂપે.)માં રસાયણવિજ્ઞાન; તથા બી.એસસી. (જન.)માં ગણિત અને ભૌતિકવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા તા. ૧૪–૬–૧૯૭૪થી કાયમી જોડાણ આપવા મૂકેલી શરતોના પરિપાલનના સંદર્ભમાં વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે કલોલ મ્યુનિસિપલ આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, કલોલને બી.એ.-(પ્રિન્સિ.)માં અર્થશાસ્ત્ર, ગુજરાતી અને ઈતિહાસ; તથા બી.એ.(સબો.)માં હિન્દી, સંસ્કૃત, અંગ્રેજી, મનોવિજ્ઞાન અને આંકડાશાસ્ત્ર, તથા બી.એસસી.(રૂપે.)માં રસાયણવિજ્ઞાન તથા (જનરલ)માં ગણિત અને ભૌતિકવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫–૬–૧૯૭૪થી કાયમી જોડાણ આપવું.

વધુમાં ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજને ગ્રંથાલય, પુસ્તકો અને સામયિકો માટે કરવાના ખર્ચમાં રહેલ ઊણપો તાકીદે પૂરી કરીને તેની જાણ કરવા માટે જણાવવું.

૧૧૪. સાબરમતી આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ તરફથી જૂન ૧૯૭૪થી બી.એ. (પ્રિન્સિ.)માં ગુજરાતી, અર્થશાસ્ત્ર; બી.એ. (સબો.)માં ઈતિહાસ, હિન્દી અને મનોવિજ્ઞાન; તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫–૬–૧૯૭૪થી તા. ૧૪–૬–૧૯૭૭ સુધીનું ચાલુ જોડાણ આપવા માટે મૂકેલી શરતોના પરિપાલનના સંદર્ભમાં વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સાબરમતી આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદને બી.એ.-(પ્રિન્સિ.)માં ગુજરાતી અને અર્થશાસ્ત્ર; તથા બી.એ. (સબો.)માં ઈતિહાસ, હિન્દી અને મનોવિજ્ઞાન; તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫–૬–૧૯૭૪થી તા. ૧૪–૬–૧૯૭૭ સુધીનું જોડાણ આપવું.

વધુમાં ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજને તાકીદે પ્રૉવિડન્ટ ફંડ ટ્રસ્ટની રચના કરવા તથા તા. ૧–૪–૧૯૭૨થી ગ્રેચ્યુઈટી ફંડ ઊભું કરીને તેની જાણ કરવા માટે જણાવવું.

૧૧૫. શ્રી એચ. કે. કૉમર્સ કૉલેજ, અમદાવાદ તરફથી જૂન ૧૯૭૪થી બી.કૉમ.માં આંકડાશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫–૬–૧૯૭૪થી તા. ૧૪–૬–૧૯૭૮ સુધી ચાલુ જોડાણ તથા પ્રથમ વર્ષ બી.કૉમ.માં બૅંન્કિંગ અને બિઝનેસ મૅનેજમેન્ટના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫–૬–૧૯૭૪થી તા. ૧૪–૬–૧૯૭૫ સુધીનું વધારાનું જોડાણ આપવા મૂકેલી શરતોના પરિપાલનના સંદર્ભમાં વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. એચ. કે. કૉમર્સ કૉલેજ, અમદાવાદને બી. કૉમ.માં આંકડાશાસ્ત્રનો અભ્યાસક્રમ શીખવવા માટે તા. ૧૫—૬—૧૯૭૪થી તા. ૧૪—૬—૧૯૭૯ સુધીનું ચાલુ જોડાણ આપવું.

વધુમાં ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજને આંકડાશાસ્ત્રના વિષયનો કાર્યભાર અને તેની શિક્ષકો વચ્ચેની વહેંચણીની વિગતો મોકલવા તથા તા. ૧--૪—૧૯૭૨થી ગ્રેચ્યુઈટી ફંડ ઊભું કરીને તેની જાણ કરવા જણાવવું.

૧૧૬. શાહ સી. કે. મ્યુનિસિપલ કૉમર્સ કૉલેજ, કલોલ તરફથી જૂન ૧૯૭૪થી બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૪થી તા. ૧૪—૬—૧૯૭૯ સુધીનું ચાલુ જોડાણ આપવા મૂકેલી શરતોના પરિપાલનના સંદર્ભમાં વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શાહ સી. કે. મ્યુનિસિપલ કૉમર્સ કૉલેજને બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા તાટે તા. ૧૫-૬-૧૯૭૪થી તા. ૧૪-૬-૧૯૭૯ સુધીનું ચાલુ જોડાણ આપવું.

વધુમાં ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજને પ્રૉવિડન્ટ ફંડની રકમ ટ્રસ્ટને સોંપવામાં આવી છે કે કેમ તે અંગેની સ્પષ્ટતા તાકીદે મોકલી આપવા જણાવવું.

૧૧૭. શ્રીમતી સવિતાબહેન ચૂનીભાઈ પટેલ ફરતીકૂઈવાળા કૉમર્સ કૉલેજ, ડભોઈ તરફથી જૂન ૧૯૭૪થી બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬—૧૯૭૪થી તા. ૧૪-૬—૧૯૭૯ સુધીનું ચાલુ જોડાણ આપવા મૂકેલી શરતોના પરિપાલનના સંદર્ભમાં વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રીમતી સવિતાબહેન ચૂનીભાઈ પટેલ ફરતીકૂઈવાળા કૉમર્સ કૉલેજ, ડભોઈને બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ અને ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫—૬—૧૯૭૪થી તા. ૧૪—૬—૧૯૭૯ સુધીનું ચાલુ જોડાણ આપવું.

૧૧૮. કુલપતિશ્રીએ મંજૂર કરેલાં નીચેનાં કાર્યોની નોંધ લેવા બાબત :

(૧) શ્રી. એસ. કે. શાહ ઍન્ડ શ્રીકૃષ્ણ એ. એમ. આર્ટ્સ ઍન્ડ શ્રી એચ. એસ. શાહ કૉમર્સ કૉલેજ, મોડાસાના ગ્રંથપાલ શ્રી એચ. બી. નાગરને ગ્રંથપાલ તરીકે માન્યતા આપ્યાના;

(૨) જૂન ૧૯૭૪થી ચાલુ/વધારાનું જોડાણ મેળવવા માટે આવેલ અરજીઓ પૈકી ૧૦ (દસ) કૉલેજોની બાબતમાં એક્ઝિક્યુટિવ કાઉન્સિલે તેની તા. ૨૭-૪-૧૯૭૪ની સભામાં શરતોના પરિપાલનની મુદત તા. ૧૫-૫-૧૯૭૪ રાખેલી તે તા. ૧-૬-૧૯૭૪ સુધી લંબાવ્યાના;

(૩) પીએચ.ડી. પદવી માટે નીચેના વિદ્યાર્થીઓના મહાનિબંધો સ્વીકૃત ગણ્યાના :

ક્રમાંક	વિદ્યાર્થીનું નામ	વિદ્યાશાખા	વિષય
૧.	શ્રી. ભાટ સુધાયા ઈરોદી	વિજ્ઞાન	રસાયણશાસ્ત્ર
૨.	શ્રી. પટેલ નાગજીભાઈ દેસાઈભાઈ	વિજ્ઞાન	રસાયણશાસ્ત્ર
૩.	શ્રી. વર્મા દેવેન્દ્રકુમાર	ઇજનેરી	ઇલેક્ટ્રોનિક્સ
૪.	શ્રી. ચક્રવર્તી સુભાષચંદ્ર	વિજ્ઞાન	ભૌતિકશાસ્ત્ર

ક્રમાંક	વિદ્યાર્થીનું નામ	વિદ્યાશાખા	વિષય
૫.	શ્રી. શાહ દિનેશકુમાર કેશવલાલ	વિજ્ઞાન	રસાયણશાસ્ત્ર
૬.	શ્રી. ઠાકર પીયૂષ મનવંતરાય	વિજ્ઞાન	,,
૭.	શ્રી. ઠાકર ભરતરાય ચૂનીલાલ	વિજ્ઞાન	,,
૮.	શ્રીમતી ભટ્ટ ઉષા ઘનશ્યામભાઈ	વિનયન	ઈતિહાસ
૯.	શ્રી. જોશી વિજયશંકર શિવશંકર	વિજ્ઞાન	ગણિતશાસ્ત્ર
૧૦.	શ્રી. ઓઝા રજનીકાંત મણિશંકર	વિજ્ઞાન	રસાયણશાસ્ત્ર
૧૧.	શ્રી. શાહ આનંદ ગોકળદાસ	વિનયન	મનોવિજ્ઞાન
૧૨.	શ્રીમતી પટેલ હંસાબહેન મોહનભાઈ	વિનયન	ગુજરાતી;

(૪) બી.એડ.ની તા. ૨૩-૫-૧૯૭૪થી શરૂ થતી પરીક્ષામાં બેસવા દેવા એ. જી. ટીચર્સ કૉલેજના વિદ્યાર્થી શ્રી. પઠાણ નિઝામખાન શબ્દલખાન તરફથી ગુજરાત હાઈકોર્ટમાં સ્પેશિયલ સિવિલ એપ્લિકેશન નં. ૭૯૭ (૧૯૭૪)થી કરવામાં આવેલ રિટ અરજીમાં તથા તે અરજી દાખલ ન કરી તે સામે કરેલ Review અને યુનિવર્સિટીના વકીલ તરીકે શ્રી. નિરંજન જ. મહેતાને રોકવાના અને તે અંગે જરૂરી ખર્ચ માટે મંજૂરી આપ્યાના;

(૫) આ યુનિવર્સિટીની થર્ડ બી.ડી.એસ. પરીક્ષાના વિદ્યાર્થી નં. ૯ શ્રી. દિનેશ સી. દેસાઈએ કરેલ હાઈકોર્ટમાં રિટ અરજી બાબતમાં વકીલ તરીકે શ્રી. સુરેશભાઈ શેલતને તાત્કાલિક રોકવાના;

(૬) યુનિવર્સિટીની કેન્ટીન ચલાવવા માટે ફાઈનાન્સ સમિતિની તા. ૩૧-૫-૧૯૭૪ની સભાની ભલામણ પ્રમાણે તા. ૧૧-૬-૧૯૭૪થી તા. ૧૦-૬-૧૯૭૬ સુધી સોંપ્યાના;

(૭) ગુજરાત યુનિવર્સિટી તરફથી તા. ૧-૭-૧૯૭૪થી કૉટન ટેક્સ્ટાઈલ્સના સેલ્સમેનશિપ અને માર્કેટિંગના અભ્યાસ, તાલીમ અને સંશોધનનો અભ્યાસ શરૂ કરવા માટેના તરુણ કમર્શિયલ મિલ્સના રૂ. ૮,૦૦૦ (અંકે રૂપિયા આઠ હજાર)ના પ્રદાનનો સ્વીકાર કર્યાના;

(૮) ગુજરાત યુનિવર્સિટીના ઉપક્રમે અર્થશાસ્ત્રના શિક્ષકો માટે શિબિર યોજવા માટે જ્યોતિ લિમિટેડ, વડોદરા (હ. શ્રી. નાનુભાઈ બી. અમીન) તરફથી અનુદાનના રૂ. ૫,૦૦૦- (રૂપિયા પાંચ હજાર)ના પ્રદાનનો સાભાર સ્વીકાર કર્યાના;

(૯) યુનિવર્સિટીના એસ્ટેટ વિભાગ માટે ઊભી કરેલી સ્ટોરકીપરની જગ્યાને જુનિયર ક્લાર્કની જગ્યામાં ફેરવ્યાના;

(૧૦) યુનિવર્સિટીની તમામ વિદ્યાશાખાઓની પરીક્ષાઓ માટેના પુરસ્કારના દરો અંગે વિચારણા કરીને પોતાનો અહેવાલ રજૂ કરવા એકિઝકયુટિવ કાઉન્સિલે તેની તા. ૧૬-૧૧-૧૯૭૩ની સભામાં ક્રમાંક ૩૧થી એક સમિતિની રચના કરી છે જેના સભ્યો પૈકી ડૉ. એમ. એન.

દેસાઈ અને ડૉ. સી. એસ. શાહ હાલમાં પરદેશ ગયા હોવાથી, તેમની જગ્યાએ અનુક્રમે ડૉ. હર્ષદભાઈ મોતીભાઈ પટેલ અને પ્રો. એમ. બી. દેવાણીની નિમણૂક કર્યાના;

(૧૧) આચાર્ય જી. એમ. પટેલ ડાકોર મુકામે ભવન્સ કૉમર્સ કૉલેજની તપાસ અર્થે ટેકસીમાં ગયેલ હોઈ તેમને થયેલ રૂ. ૧૮૦નું ખરેખર ખર્ચ મંજૂર કર્યાના;

(૧૨) માર્ચ-એપ્રિલ ૧૯૭૫ની (ઑકટોબર ૧૯૭૫ સહિત) પરીક્ષા માટે પ્રી-યુનિવર્સિટી વિનયનના વર્ગો માટે યુનિવર્સિટી પ્રકાશિત "કાવ્યસંચય"નું મુદ્રણ, પ્રકાશન અને વિતરણનું કામ અગાઉ પ્રમાણેના ટેન્ડરની શરતો મુજબ વધુ એક વર્ષની મુદત વધારી મેસર્સ બી. એસ. શાહને સોંપ્યાના;

(૧૩) ચિત્રકલા વિષયની પરિભાષાના કામ માટે વધારાના એક સભ્ય તરીકે ડૉ. ચિનુભાઈ નાયકની નિમણૂક કર્યાના;

(૧૪) બહેનો માટેની સરકારી પોલિટેકનિકને યુનિવર્સિટી કેમ્પસમાંથી વપરાશના મીટર ઉપરથી ચાર્જ લઈને પાણીનો પુરવઠો પૂરો પાડવા માટે મંજૂરી આપ્યાના;

(૧૫) અમદાવાદના ઈન્ડો-જર્મન કલ્ચરલ સેન્ટરના મંત્રીશ્રી તરફથી આપવામાં આવેલ કુલ ૨૭૩ પુસ્તકો ગુજરાત યુનિવર્સિટી ગ્રંથાલયમાં ભેટ તરીકે સ્વીકાર્યાના;

(૧૬) ગુજરાત યુનિવર્સિટી તરફથી શરૂ કરવામાં આવનાર બિઝનેસ મેનેજમેન્ટના અભ્યાસ માટે પ્રતિવર્ષે "શ્રી. ચંદ્રપ્રસાદ એચ. દેસાઈ લોન ફેલોશિપ" એનાયત કરી શકાય તે માટે શ્રી. ચંદ્રપ્રસાદ દેસાઈ મેમોરિયલ ટ્રસ્ટના ટ્રસ્ટી તરફથી આવેલ પ્રથમ હપ્તાના રૂ. ૩,૦૦૦ના પ્રદાનનો સ્વીકાર કર્યાના;

(૧૭) ગુજરાત યુનિવર્સિટી તરફથી શરૂ કરવામાં આવેલા સ્ટેનોગ્રાફી એન્ડ સેક્રેટરિયલ પ્રેકિટસના અભ્યાસ માટે ઈન્ડસ્ટ્રિયલ મશીનરી મેન્યુફેકચર્સ (પ્રાઈવેટ) લિ., અમદાવાદ તરફથી યુનિ.ને આપવામાં આવેલ રૂ. ૮,૦૦૦ (આઠ હજાર)ના પ્રદાનનો સ્વીકાર કર્યાના.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીનાં સદરહુ કાર્યોની નોંધ લેવી.

૧૧૯. સને ૧૯૭૪--૭૫ના વર્ષ માટે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને અનએસાઈન્ડ ગ્રાન્ટ માટે રૂ. ૩૦,૦૦૦ની આર્થિક સહાય તા. ૪--૬--૧૯૭૪ના પત્ર ક્રમાંક એફ-૧૮--૪--૭૪(ડી-૪૦)થી મંજૂર કરી છે તેના સંદર્ભમાં નીચે જણાવેલ યોજનાઓ અંગે તેની સામે જણાવેલ અંદાજી ખર્ચની ફાળવણી કરવા અંગે વ્યવસ્થા કરવા બાબત.

Scheme	*Estimate for the year 1973–74*	*Actual for the year 1973–74*	*UGC's share for the year 1973–74*	*Estimate for the year 1974–75*	*Rates of UGC share*
	Rs.	*Rs.*	*Rs.*	*Rs.*	*Rs.*
૧	૨	૩	૪	૫	૬
(1) Travel grant to teachers in Uni. for attending international conference abroad	Nil	Nil	Nil	Nil	50%

૧	૨	૩	૪	૫	૬
(2) (*a*) Travel grant to teachers/ scholars/technicians for visiting centres of research or to attend academic conferences, seminars within India	9,000/-	12,290-22	8,645-40	9,000/-	100%
(*b*) Travel grant to research scholars in connection with their work at other centres	4,000/-	1,637-60	1,637-60	*	100%
(3) Exchange of teachers	1,000/-	717-00	717-00	2,000/-	100%
(4) Extension work by Uni. teachers	1,000/-	6025-00	4,000-00	—	100%
(5) Computer assistance buying the time of the computer	Nil	Nil	Nil	4,000/-	100%
(6) Preparation and development of teaching materials and aids	Nil	Nil	Nil	Nil	100%
(7) UGC Unit.	15,000/-	45,498-57	15,000-00	15,000/-	100%
	30,000/-	66,168-39	30,000 00	30,000	up to 15,000/-

*૧૯૭૪-૭૫ના વર્ષનું આ હેડ યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને રદ કર્યું છે.

આથી ઠરાવવામાં આવે છે કે ૧૯૭૪-૭૫ના વર્ષ માટે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન તરફથી મળેલ અન-એસાઈન્ડ ગ્રાન્ટના અંદાજી ખર્ચની ફાળવણી ઉપર મુજબ મંજૂર કરવી તથા તેમાં જરૂર મુજબ ફેરફાર કરવાની કુલપતિશ્રીને સત્તા આપવી.

૧૨૦. Framingham Union Hospital, Framingham, U.S.A.ના ડૉ. કિશોર એ. મહેતાએ તેમના તા. ૧૪-૬-૧૯૭૪ના પત્રથી તેમનાં પત્ની સ્વ. ડૉ. શ્રીમતી શોભના કે. મહેતાની સ્મૃતિમાં ગુજરાત યુનિવર્સિટી તરફથી વર્ષમાં બે વાર લેવામાં આવતી માર્ચ તથા ઑકટોબર એમ.ડી. (એનેસ્થેશિયા)ની પરીક્ષામાં પ્રથમ પ્રયત્ને ઉત્તીર્ણ થનાર બે વિદ્યાર્થીઓને માર્ચ તથા ઑકટોબર માટે જુદા જુદા સુવર્ણચંદ્રકો એનાયત કરવા માટે પ્રદાન આપવાની કરેલ વિનંતી અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતમાં સુવર્ણમંડિત ચન્દ્રકને બદલે ઈનામ કે શિષ્યવૃત્તિ સ્થાપવા માટે ડૉ. કિશોર એ. મહેતા સાથે ઘટતો પત્રવ્યવહાર કરવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૧૨૧. ઑ. ૧૧૭ મુજબ યુનિવર્સિટી કર્મચારીઓને તેમના પ્રૉવિડંટ ફંડ ખાતામાં કયા દરે વ્યાજ આપવું તે અંગે સમગ્ર રીતે નીતિવિષયક વિચારણા કરી પોતાનો અહેવાલ આપવા માટે એક્ઝિકયુટિવ કાઉન્સિલે તેની તા. ૫-૧-૧૯૭૪ની સભામાં નીમેલી સમિતિના અહેવાલ ઉપર વિચારણા કરવા બાબત.

સદરહુ બાબત વિચારણા માટે રજૂ કરવામાં આવી ત્યારે સભાગૃહને જાણ કરવામાં આવી કે સદરહુ સમિતિની ભલામણ મુજબ યુનિવર્સિટી કર્મચારીઓના પ્રૉવિડન્ટ ફન્ડના ખાતામાં વ્યાજ જમા કરવામાં આવ્યું છે.

તે પછી ઠરાવવામાં આવ્યું કે તે મુજબ ગણવામાં આવેલું વ્યાજ ૧૯૭૩—૭૪ના વર્ષ માટે માન્ય રાખવું.

૧૨૨. સોશિયલ સાયન્સ ડૉકયુમેન્ટેશન સેન્ટર, નવી દિલ્હીના અધ્યક્ષશ્રીના તા. ૧૪-૫-૧૯૭૪ના પત્રની વિનંતી મુજબ યુનિવર્સિટી ગ્રંથાલયના ગુજરાત રાજયમાં સોશિયલ સાયન્સ અંગેના પિરિયોડિકલ અંગેની માહિતી એકઠી કરવા અંગેની યોજના હાથ ધરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ યોજના સ્વીકારવી અને તે અંગે જરૂરી કાર્યવાહી કરવા માટે શ્રી. ગ્રંથપાલને જણાવવું.

૧૨૩. નવજીવન આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, દાહોદ તરફથી જૂન ૧૯૭૪થી બી.એ.(પ્રિન્સિ.)માં અર્થશાસ્ત્ર, ગુજરાતી, અંગ્રેજી; તથા બી.એ.(સબો.)માં સંસ્કૃત, ઈતિહાસ, મનોવિજ્ઞાન, હિન્દી અને આંકડાશાસ્ત્ર; તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ માટેની અરજી.

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે નવજીવન આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, દાહોદને નીચે જણાવેલ શરતોનું પાલન એક્ઝિકયુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૧૫-૭-૧૯૭૪ સુધીમાં કરે તો તેને બી.એ.(પ્રિન્સિ.)માં અર્થશાસ્ત્ર, ગુજરાતી, અંગ્રેજી; તથા બી.એ.(સબો.)માં સંસ્કૃત, ઇતિહાસ, મનોવિજ્ઞાન, હિન્દી અને આંકડાશાસ્ત્ર; તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૪થી તા. ૧૪-૬-૧૯૭૯ સુધીનું ચાલુ જોડાણ આપવા એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

(૧) ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

(૨) પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

(૩) યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે, તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકોને વેતન, વળતર કે અન્ય જે કાંઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે;

(૪) પ્રોવિડંટ ફંડ અંગે સંચાલક મંડળના ફાળા અને ટ્રસ્ટની રચના કરવામાં આવે;

(૫) શિક્ષકોના વાર્ષિક કુલ પગારના ૨½ ટકાના દરે ગ્રેચ્યુઇટી ફંડ ઊભું કરવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

બાબત ક્રમાંક ૧૨૪ અને ૧૫૦ની વિચારણા સાથે કરવામાં આવી.

૧૨૪. શ્રી આર. કે. પરીખ આર્ટ્સ એન્ડ શ્રી એમ. કે. પટેલ કૉમર્સ કૉલેજ, પેટલાદની જૂન ૧૯૭૪થી બી.એ.(પ્રિન્સિ.)માં સમાજશાસ્ત્ર; બી.એ.(સભો)માં મનોવિજ્ઞાન અને બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ માટેની અરજી.

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે શ્રી આર. કે. પરીખ આર્ટ્સ એન્ડ શ્રી એમ. કે. પટેલ કૉમર્સ કૉલેજ, પેટલાદની નિમણૂંક અંગેની શરત સહિતની નીચે જણાવેલી શરતોનું પાલન એકિઝકયુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૧૫-૭-૧૯૭૪ સુધીમાં કરે તો તેને બી.એ. (ગૌણ)માં માનસશાસ્ત્ર તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૪થી તા. ૧૪-૬-૧૯૭૭ સુધીનું ચાલુ જોડાણ; તથા બી.એ. (પ્રિન્સિ.)માં સમાજશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૪થી તા. ૧૪-૬-૧૯૭૬ સુધીનું ચાલુ જોડાણ આપવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

(૧) નીચે પ્રમાણે નિમણૂંકો કરવામાં આવે:
   ૧. સમાજશાસ્ત્રના પૂર્ણ સમયના પ્રાધ્યાપક
   ૨. મનોવિજ્ઞાનના વ્યાખ્યાતા
   ૩. લાયકાત ધરાવતા ગ્રંથપાલ;

(૨) એ.ડ. ૧૨૦-એ ને અનુલક્ષીને જે તે વિષયમાં જરૂરી નિમણૂંકો કરવામાં આવે;

(૩) યુનિવર્સિટીનાં ધારાધોરણ અનુસાર એક વધારાના વર્ગ-ખંડની વ્યવસ્થા કરવામાં આવે;

(૪) ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

(૫) પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

(૬) યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોનાં પગારધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકોને વેતન, વળતર કે જે કાંઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે;

(૭) પ્રોવિડંટ ફંડ અંગે સંચાલક મંડળના ફાળા અને ટ્રસ્ટની રચના સહિતનાં યુનિવર્સિટીનાં તમામ ધારાધોરણોનું પાલન કરવામાં આવે;

(૮) શિક્ષકોના વાર્ષિક મૂળ પગારના ૨½ ટકાના દરે ગ્રેચ્યુઇટી ફંડ ઊભું કરવામાં આવે."

અને

૧૫૦. પેટલાદ આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ તથા મોડાસા કૉલેજોમાંથી છૂટા કરવામાં આવેલા શિક્ષકો પરત્વે એકિઝકયુટિવ કાઉન્સિલે નીમેલી સમિતિના અહેવાલ પર એકિઝકયુટિવ કાઉન્સિલે તેની તા. ૧૮--૫--૧૯૭૪ની સભાના નીચેના ઠરાવના સંદર્ભમાં પેટલાદ એજ્યુકેશન ટ્રસ્ટ પેટલાદના પ્રમુખશ્રીના તા. ૧--૬--૧૯૭૪ના પત્ર તથા તા. ૨૬--૬--૧૯૭૪ના રોજ મળેલા તારને અનુલક્ષીને જરૂરી વિચારણા કરવા બાબત.

એકિઝકયુટિવ કાઉન્સિલની તા. ૧૮--૫--૧૯૭૪ની સભાનો ઠરાવ

સદરહુ બાબતના સંદર્ભમાં કુલપતિશ્રીએ સદરહુ બેઉ કૉલેજોના આચાર્યોને લખેલા તા. ૧૪-૫-૧૯૭૪ના પત્રો સભાગૃહના ધ્યાન ઉપર લાવવામાં આવ્યા. તે પછી ઠરાવવામાં આવ્યું કે—

(૧) કુલપતિશ્રીના સદરહુ પત્રોની નોંધ લેવી.

(૨) એકિઝકયુટિવ કાઉન્સિલે તેની તા. ૨૭-૪-૧૯૭૪ની સભાના ઠરાવથી શ્રી. ઍડવોકેટ જનરલનો જે અભિપ્રાય માગ્યો છે તે બનતી ત્વરાએ મેળવવા માટે પ્રયત્ન કરવો.

(૩) મોડાસા અને પેટલાદ કૉલેજોના છૂટા કરવામાં આવેલા અધ્યાપકોને તથા બિનશિક્ષક વર્ગના કર્મચારીઓને તેમની નોકરીનું સાતત્ય જળવાઈ રહે તે રીતે ચાલુ રાખવામાં ન આવે તો સંબંધકર્તા કૉલેજો સામે શિક્ષાત્મક પગલાં લેવાં.

(**નોંધ.**—આ શિક્ષાત્મક પગલામાં ગ્રાન્ટ અટકાવવા માટે રાજ્ય સરકારને ભલામણ કરવી, નવા વર્ષે વિદ્યાર્થીઓને પ્રવેશ આપવાની મનાઈ કરવી અને આ રીતે છૂટા કરવામાં આવેલા અધ્યાપકોની નવી નિમણૂકો માન્ય ન કરવી ઇત્યાદિનો સમાવેશ થઈ શકશે.)

તે પછી ઠરાવવામાં આવ્યું કે શ્રી આર. કે. પરીખ આર્ટ્સ અને શ્રી એમ. કે. પટેલ કૉમર્સ કૉલેજ, પેટલાદના છૂટા કરવામાં આવેલા અધ્યાપકોને તથા બિનશિક્ષક વર્ગના કર્મચારીઓને તેમની નોકરીનું સાતત્ય જળવાઈ રહે તે રીતે ચાલુ રાખવાના યુનિવર્સિટીના આદેશનું તેણે પાલન કર્યું નથી તથા તેમના બાકી નીકળતા પગારની ચુકવણી કરવામાં આવી નથી તે જોતાં સદરહુ કૉલેજના જોડાણ અંગેની બાબત ઍકેડેમિક કાઉન્સિલની પુનર્વિચારણા માટે મોકલવી.

૧૨૫. ૧૯૭૩--૭૪ના શૈક્ષણિક વર્ષથી ઓ. ૨૬ અન્વયેની માહિતી જે કૉલેજે તા. ૩૧મી જુલાઈ સુધીમાં મોકલવાની હોય છે તે પ્રભુદાસ ઠક્કર કૉલેજ, અમદાવાદે હજુ સુધી મોકલી નથી તો તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ માહિતી તા. ૨--૭--૧૯૭૪ સુધીમાં મોકલી આપવામાં નહીં આવે તો ૧૯૭૪--૭૫ના વર્ષ માટે વિદ્યાર્થીઓને પ્રવેશ આપી શકશે નહીં તેમ આચાર્યશ્રીને જણાવવું.

૧૨૬. બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગ ઍન્ડ રિસર્ચની તા. ૧૯--૬-૧૯૭૪ના રોજ મળેલી સભાની નોંધ અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બોર્ડે તેની તા. ૧૯--૬--૧૯૭૪ની સભામાં બાબત નં. ૯ તથા બાબત નં. ૧૧(૨) અંગે કરેલી ભલામણો સિવાયની બાકીની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ બોર્ડની તા. ૧૯--૬--૧૯૭૪ની સભાની કાર્યવાહીની નોંધની નકલ **પરિશિષ્ટ "ડ"** તરીકે સામેલ છે.)

૧૨૭. નવગુજરાત લૉ કૉલેજ, અમદાવાદને ૧૯૭૪-૭૫ના શૈક્ષણિક વર્ષથી કૉલેજનો સમય સવારને બદલે સાંજનો રાખવા દેવાની પરવાનગી આપવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજને પોતાના શિક્ષણકાર્યનો સમય સવારને બદલે સાંજે રાખવા માટે પરવાનગી આપવી.

૧૨૮. કૉલેજ ઑફ એજ્યુકેશન, દરામલીની તપાસ માટે નિયુક્ત થયેલી સમિતિના અહેવાલના સંદર્ભમાં સદરહુ કૉલેજને તા. ૧૫-૬-૧૯૭૪થી ચાલુ જોડાણ આપવું નહીં તેવા એક્ઝિકયુટિવ કાઉન્સિલની તા. ૨૭-૪-૧૯૭૪ની સભાના ઠરાવ અનુસાર વિચારણા કરી એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૩૦-૫-૧૯૭૪ની સભામાં નીચે મુજબ ભલામણ કરી છે તે અંગે વિચારણા કરવા બાબત :

"કૉલેજ ઑફ એજ્યુકેશન, દરામલી અંગે નીમવામાં આવેલ સ્થાનિક તપાસસમિતિના સભ્ય ડૉ. કે. જી. દેસાઈનો તા. ૧૫મી માર્ચ ૧૯૭૪નો તથા યુનિવર્સિટી કાર્યાલયના ડેપ્યુટી એકાઉન્ટન્ટ શ્રી. વી. વી. શાહનો તા. ૨૫મી માર્ચ ૧૯૭૪નો અહેવાલ તથા આ કૉલેજની બાબતમાં સંબંધકર્તા કાગળો સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યા. ત્યાર બાદ સદરહુ કૉલેજના ચાલુ જોડાણની અરજીની બાબતમાં નીચે મુજબ ઠરાવવામાં આવ્યું

કૉલેજ ઑફ એજ્યુકેશન, દરામલી તરફથી (૧) યુનિવર્સિટીનાં ધારાધોરણ અનુસાર વિદ્યાર્થી-સંખ્યાના પ્રમાણમાં જરૂરી એવા પૂર્ણ સમયના શિક્ષકગણ વિના તથા જરૂરી લાયકાત ધરાવતા ગ્રંથપાલ વિના આ કૉલેજે કામ ચલાવ્યું છે; તથા (૨) આચાર્યશ્રીની નિમણૂકની બાબતમાં નિવૃત્તિવયમર્યાદા અંગેના યુનિવર્સિટીના નિયમોનો ભંગ કરેલ છે; તથા (૩) ગુજરાત યુનિવર્સિટીનાં ધારાધોરણ પ્રમાણે છાત્રાલયની વ્યવસ્થા નથી; તથા (૪) કૉલેજના મકાન અંગેની સુવિધાઓ પૂરતી સંતોષકારક નથી; તથા (૫) યુનિવર્સિટીની મંજૂરી વિના ૧૯૭૩-૭૪ના વરસમાં સાત વધુ વિદ્યાર્થીઓને બી.એડ.ના વર્ગમાં પ્રવેશ આપ્યો છે—એ બધું જોતાં સદરહુ કૉલેજનું જોડાણ ચાલુ રાખવાનું યોગ્ય થશે નહીં એમ આ સભાગૃહનો અભિપ્રાય છે, અને તેથી આ બાબતમાં એકેડેમિક કાઉન્સિલની તા. ૨૩-૧૦-૧૯૭૩ની સભાએ કરેલી ભલામણ રદ કરીને, એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી કે તા. ૧૫મી જૂન ૧૯૭૪થી બી.એડ.ના અભ્યાસક્રમો શીખવવા માટે સદરહુ કૉલેજને ચાલુ જોડાણ આપવું નહીં."

આ બાબત પરત્વે ગુજરાતની વડી અદાલતનો નીચે પ્રમાણે આદેશ છે :

"Ad-interim relief vacated on statement being made by Mr. I. M. Nanavati on behalf of respondent No. 1 that before taking any final decision on Annexure J & M the petitioner trust will be given adequate opportunity to be heard by the Executive Council petitioners shall be at liberty to move this court for necessary interim relief if need be."

સદરહુ બાબત ચર્ચાવિચારણા માટે હાથ ધરવામાં આવી.

તે પછી વિવેકાનંદ એજ્યુકેશન ટ્રસ્ટ, દરામલી(સાબરકાંઠા)ના મંત્રી શ્રી. કાન્તિલાલ કે. પટેલનો તા. ૨૮--૬--૧૯૭૪નો પત્ર સભાગૃહ સમક્ષ વાંચી સંભળાવવામાં આવ્યો.

તે પછી સદરહુ કૉલેજના આચાર્યશ્રી એમ. એસ. પરમારને અને વિવેકાનંદ એજ્યુકેશન ટ્રસ્ટ, દરામલીના મંત્રી શ્રી. કાન્તિલાલ કે. પટેલને સભાગૃહમાં પોતાને જે કાંઈ રજૂઆત કરવી હોય તે કરવા માટે નિમન્ત્રાવામાં આવ્યા અને સભાગૃહે તેમને સાંભળ્યા પછી તેમને ઉપરના મુદ્દાઓ અંગે ખુલાસા કરવા માટે જણાવવામાં આવ્યું.

સદરહુ કૉલેજની તપાસ અંગે ડૉ. કે. જી. દેસાઈનો તા. ૧૫મી માચ ૧૯૭૪નો તપાસ-અહેવાલ તથા શ્રી. વી. વી. શાહનો તા. ૨૫મી માર્ચ ૧૯૭૪નો તપાસ-અહેવાલ, એમ બેઉ અહેવાલો તથા સંબંધ-કર્તા કાગળો સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યા.

તે પછી કેટલીક ચર્ચાવિચારણાને અંતે ઠરાવવામાં આવ્યું કે, સદરહુ કૉલેજની ચાલુ જોડાણઅરજીની બાબતમાં આચાર્ય પરમારે તથા મંડળના મંત્રીશ્રી પટેલે કરેલા ખુલાસા સંતોષકારક જણાયા નથી અને તેથી આ સભા એકૅડેમિક કાઉન્સિલે તેની તા. ૩૦--૫--૧૯૭૪ની સભામાં કરેલી ઉપરની ભલામણ સ્વીકારે છે અને સદરહુ કૉલેજને તા ૧૫મી જૂન ૧૯૭૪થી બી.એડ.ના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ આપવું નહીં એમ ઠરાવે છે.

૧૨૯. ગુજરાત યુનિવર્સિટીના સુધારેલા ધારાની કલમ ૫૧--એના છેલ્લા પ્રોવિઝોના સંદર્ભમાં એક્ઝિકયુટિવ કાઉન્સિલની તા. ૨૭--૪--૧૯૭૪ની સભામાં ગુજરાત રાજ્યના એડવોકેટ જનરલનો અભિપ્રાય મેળવવા તજવીજ કરવાનું ઠરાવ્યું છે તેને અનુલક્ષીને એડવોકેટ જનરલે તેમના તા. ૨૭--૫--૧૯૭૪ના પત્રથી આપેલ અભિપ્રાયને તેમ જ રાજ્ય સરકારે તેના તા. ૧૭--૬--૧૯૭૪ના પત્રથી આપેલ માર્ગદર્શનની રૂપરેખા (Guide lines)ને અનુલક્ષીને ઘટતી વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે એડવોકેટ જનરલના અભિપ્રાયની નોંધ લેવી તથા સદરહુ બાબત અંગે રાજ્ય સરકારે આપેલ માર્ગદર્શનની રૂપરેખા સ્વીકારવી અને સંલગ્ન કૉલેજો અને માન્ય સંસ્થાઓને તે પરિપત્રિત કરવી.

(સદરહુ અભિપ્રાયની નકલ પરિશિષ્ટ "ણ" તરીકે સામેલ છે.)

૧૩૦. યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનના સુધારેલા કાયદાની કલમ ૨(એફ) મુજબ જે કૉલેજોએ અલગ ટ્રસ્ટની રચના ન કરી હોય તેમની સામે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનના સુધારેલા કાયદાની કલમ ૧૪ મુજબ કમિશન કાર્યવાહી શરૂ ન કરે તે માટે ગુજરાત લૉ સોસાયટીએ તથા નડિયાદ એજ્યુકેશન સોસાયટીએ ગુજરાતની વડી અદાલતમાં કરેલ રિટ અરજીની બાબતમાં સુનાવણી દરમ્યાન કમિશન સદરહુ કાયદાનું પુનરવલોકન કરવા માંગે છે તે મતલબના કમિશનના એડવોકેટે કરેલ મૌખિક વિધાનના સંદર્ભમાં અમદાવાદની ધી સોસાયટી ઑફ હાયર એજ્યુકેશનલ ઈન્સ્ટિટ્યૂશનના માનદ મંત્રીના તા. ૨૦--૬--૧૯૭૪ના પત્રાંક SHEI/4/13/74–75ને અનુલક્ષીને ઘટતી વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ધી સોસાયટી ઑફ હાયર એજ્યુકેશનલ ઈન્સ્ટિટચૂટ, અમદાવાદના માનદ મંત્રીશ્રીનો તા. ૨૦—૬—૧૯૭૪નો પત્ર સંલગ્ન કૉલેજોને પરિપત્રિત કરવો.

૧૩૧. સર સયાજીરાવ હીરક મહોત્સવ તથા સ્મારક ટ્રસ્ટ, વડોદરા તરફથી જૂના વડોદરા રાજ્યના વિસ્તારમાંથી આવતા વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થિનીઓ માટે છાત્રાલયો બાંધવા માટે જમીન આપવા અંગે કરારનામાનો મુસદ્દો મંજૂર કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે કરારનામાનો મુસદ્દો મંજૂર કરવા માટે તથા યુનિવર્સિટી વતી તે પર સહી કરવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૧૩૨. અંધ કલ્યાણ કેન્દ્ર, અમદાવાદના કૉલેજમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે હરિ: ૐ આશ્રમ, નડિયાદની આર્થિક સહાયમાંથી ખરીદવામાં આવેલ કેસેટની લાઈબ્રેરી તૈયાર કરવાનું કામ કઈ કૉલેજને સોંપવું તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે અંધ વિદ્યાર્થીઓના ઉપયોગ માટે કેસેટ ખરીદવાનું તથા તેની લાઈબ્રેરી ચલાવવાનું કામ સેંટ ઝેવિયર્સ કૉલેજ, અમદાવાદને સોંપવું, અને સદરહુ પ્રદાનની શરતોનું પરિપાલન કરવા માટે જણાવવું.

૧૩૩. યુનિવર્સિટીમાં દાખલ થનાર બધા જ વિદ્યાર્થીઓ અંગે માહિતી-કાર્ડ તૈયાર કરવા અંગેના શ્રી. પરીક્ષા નિયામકના પ્રસ્તાવ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૧૩૪. ગવર્નમેન્ટ ડેન્ટલ કૉલેજ, અમદાવાદના કેટલાક વિદ્યાર્થીઓએ ગેરશિસ્તનું આચરણ કર્યું હોવાથી ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૪(૩૪) અને ઑર્ડિ. ૧૩૪ના સંદર્ભમાં તેમની સામે પગલાં લેવા અંગેના સદરહુ કૉલેજના આચાર્યશ્રી તરફથી આવેલા તા. ૧૭-૬-૧૯૭૪ના પત્ર પરત્વે વિચારણા કરવા બાબત.

[**નોંધ.**—વિદ્યાર્થીઓની યાદી નીચે પ્રમાણે છે :

(૧) શ્રી. ડી. સી. દેસાઈ	થર્ડ બી.ડી.એસ
(૨) શ્રી. આર. આર. અનાજવાળા	,,
(૩) શ્રી. વાય. ટી. ચંદારાણા	,,
(૪) શ્રી. એ. કે. પટેલ	,,
(૫) શ્રી. એમ. એ. કાપડિયા	સેકન્ડ બી.ડી.એસ.]

(૧) આથી ઠરાવવામાં આવે છે કે સંલગ્ન કૉલેજો અને માન્ય સંસ્થાઓના વિદ્યાર્થીઓના શિસ્તભંગ માટે સંબંધકર્તા વિદ્યાર્થીઓ સામે કૉલેજ કક્ષાએ પગલાં લેવા માટે કૉલેજો મુખત્યાર છે એમ આથી સ્પષ્ટતા કરવામાં આવે છે.

(૨) વધુમાં ઠરાવવામાં આવે છે કે સદરહુ વિદ્યાર્થીઓ સામે કૉલેજ કક્ષાએ પગલાં લેવા માટે ગવર્નમેન્ટ ડેન્ટલ કૉલેજના આચાર્યશ્રીને જણાવવું.

૧૩૫. રાજ્ય સરકારના શિક્ષણ અને મજૂર ખાતાએ "ધી રિપોર્ટ ઑફ ધી કમિટી ઑન કૉલેજ ફાઇનાન્સ ૧૯૭૧" માટેની કેટલીક ભલામણો પૈકીની ભલામણ ક્રમાંક ૩૨ પર વિચારણા કરવા નીમેલી સમિતિની નીચેની ભલામણ પર વિચારણા કરી ઍકેડેમિક કાઉન્સિલે તેની તા. ૩૦-૫-૧૯૭૪ની સભામાં કરેલી નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની ભલામણો સ્વીકારીને ઑર્ડિ. ૧૨૦-એમાં જરૂરી સુધારા કરીને તેને તા. ૧ જુલાઈ ૧૯૭૪થી અમલમાં મૂકવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી."

સમિતિની ભલામણ

"ચર્ચાવિચારણાને અંતે સમિતિએ નીચે પ્રમાણે ભલામણ કરવાનું ઠરાવ્યું :

જ્યારે કાર્યભાર કોઈ પણ વિષય-વિભાગમાં એક અથવા બે તાસ જેટલા વધતા હોય ત્યારે કુલપતિશ્રીની મંજૂરી લઈને તે વિભાગના કોઈ પણ એક કે બે અધ્યાપકોને એકથી વધુ નહીં તેટલાં વ્યાખ્યાનોનો તાસ વધારી શકાય એવી આ સમિતિની ભલામણ છે. જે અધ્યાપકનો વ્યાખ્યાનનો એક તાસ આ રીતે વધારવામાં આવ્યો હોય તેમનો વ્યાખ્યાનનો અને ટ્યુટોરિયલનો કુલ કાર્યભાર ૨૦ તાસથી વધવો ન જોઈએ એટલે કે આવા પ્રકારના અધ્યાપકોને ૪ તાસથી વધુ ટ્યુટોરિયલનું કાર્ય સોંપી શકાય નહિ.

વધુમાં આ સમિતિ ભારપૂર્વક સ્પષ્ટતા કરવા માગે છે કે કોઈ પણ વિષય-વિભાગમાં વ્યાખ્યાનનો કાર્યભર ૨ તાસ કરતાં વધુ હોય તે દાખલામાં આવશ્યક રીતે વધારાની નિમણૂક થવી જોઈએ."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે ઍકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી અને કૉલેજોને પરિપત્રિત કરવી.

૧૩૬. મે/જૂન ૧૯૭૪માં યુનિવર્સિટી દ્વારા લેવાનાર પ્રી-યુનિ. વિજ્ઞાન અને થર્ડ બી.એસસી.ની પ્રાયોગિક પરીક્ષાઓ માટે સંલગ્ન કૉલેજોને પ્રી-યુનિ. વિજ્ઞાનમાં વિદ્યાર્થી દીઠ રૂ. ૨-૫૦ના દરે અને થર્ડ બી.એસસી. પરીક્ષામાં વિદ્યાર્થી દીઠ રૂ. ૨૫-૦૦ના દરે આ વર્ષ પૂરતું ખર્ચ પેટે ચૂકવવાનું મંજૂર રાખવા વિદ્યાશાખાના ડીન પ્રિન્સિ. કે. એન. શાહ અને પ્રો. એસ. જે. કોન્ટ્રાક્ટર તરફથી આવેલ તા. ૧૫-૫-૧૯૭૪ના પત્ર પર વિચારણા કરવા અંગે.

આથી ઠરાવવામાં આવે છે કે મે-જૂન ૧૯૭૪માં લેવામાં આવેલી યુનિવર્સિટીની વિજ્ઞાન વિદ્યાશાખાની પ્રાયોગિક પરીક્ષાઓ માટે સંલગ્ન કૉલેજોને ખર્ચ પેટે ચૂકવવામાં આવતી વિદ્યાર્થી દીઠ રકમના દર નીચે મુજબ સુધારવા :

પરીક્ષાનું નામ	હાલ ચૂકવવામાં આવતો દર	સુધારેલો દર
પ્રી-યુનિ. વિજ્ઞાન	રૂ. ૨-૦૦	રૂ. ૨-૫૦
થર્ડ બી.એસસી.	રૂ. ૧૮-૦૦	રૂ. ૨૫-૦૦

૧૩૭. સંલગ્ન ટેકનિકલ કૉલેજોના ટેકનિકલ વર્ગના કર્મચારીઓનાં પગારધોરણો, ઈત્યાદિ તપાસીને અહેવાલ રજૂ કરવા અંગેની સમિતિમાં આચાર્યશ્રી વી. જે. જાની સભ્ય હતા. પરંતુ હાલમાં તેઓ આ યુનિવર્સિટી સાથેની સંલગ્ન કૉલેજમાં આચાર્ય તરીકે નહીં હોવાથી, તેમને સ્થાને અન્ય સભ્યની નિમણૂક કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિ પર આચાર્ય વી. જે. જાનીને બદલે આચાર્ય કુમ્તાને નીમવા.

૧૩૮. એન. એસ. એસ. વિભાગના નીચેના કર્મચારીઓની મુદત લંબાવવા અંગે વિચારણા કરવા બાબત :

૧. શ્રી. આર. એસ. પટેલ	આસિ. એડમિનિસ્ટ્રેટર
૨. કુ. આઈ. બી. પટેલ	હેડકલાર્ક
૩. શ્રી. લીના બી. પીટર્સ	જુ. કલાર્ક
૪. શ્રી. માલતીબહેન અમીન	,,
૫. શ્રી. એમ. એમ. દેસાઈ	પટાવાળા
૬. શ્રી. બી. આર. ગોસાઈ	ડ્રાઈવર

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૧૩૯. જૂન ૧૯૭૪થી જોડાણ મેળવવા માટે નીચે જણાવેલ કૉલેજો તરફથી આવેલ અરજીઓ પર મૂકેલી શરતોના પરિપાલનના અહેવાલ હજુ સુધી તે કૉલેજો તરફથી આવ્યા ન હોઈ તે અંગે વિચારણા કરવા બાબત :

૧. શ્રી. આર. આર. લાલન કૉલેજ, ભૂજ.

૨. શ્રી. એસ. કે. શાહ એન્ડ શ્રીકૃષ્ણ એ. એમ. આર્ટ્સ એન્ડ શ્રી. એચ. એસ. શાહ કૉલેજ ઑફ કૉમર્સ, મોડાસા.

૩. શ્રી બી. પી. ભટ્ટભટ્ટ આર્ટ્સ એન્ડ એમ. એચ. ગુરુ કૉમર્સ કૉલેજ, ઊંઝા.

૪. શેઠ એસ. ડી. આર્ટ્સ એન્ડ બી. આર. કૉમર્સ, કૉલેજ, માણસા.

૫. અમદાવાદ સાયન્સ કૉલેજ, અમદાવાદ.

૬. સી. યુ. શાહ કૉમર્સ કૉલેજ, અમદાવાદ.

૭. અમદાવાદ કૉમર્સ કૉલેજ, અમદાવાદ.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજોને જોડાણ માટેની શરતોનું યથાર્થ પરિપાલન કરવા માટે ઘટતો પત્ર લખીને તાકીદ કરવા માટે કુલપતિશ્રીને વિનંતી કરવી.

૧૪૦. જૂન ૧૯૭૪થી જોડાણ મેળવવા માટેની નીચે જણાવેલ અરજીઓ પરની સ્થાનિક તપાસ-સમિતિના અહેવાલો હજુ સુધી આવ્યા નથી તેથી તે અંગે વિચારણા કરવા બાબત :

૧. તોલાણી કૉલેજ ઑફ આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, આદિપુર

૨. શ્રી કિશનદાસ પીકાણી આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, ધંધુકા

૩. સરકારી આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, ગાંધીનગર
૪. સી વી. શાહ લૉ કૉલેજ, ખંભાત.
૫. ધર્મસિંહ દેસાઈ ઇન્સ્ટિટ્યૂટ ઑફ ટેકનોલોજી, નડિયાદ.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ તપાસસમિતિઓના સીનિયર સભ્યોને પોતાના અહેવાલ રજૂ કરવા માટે ઘટતો પત્ર લખવા કુલપતિશ્રીને વિનંતી કરવી.

૧૪૧. શાહ કે. એસ. આર્ટ્સ ઍન્ડ વી. એમ. પારેખ કૉમર્સ કૉલેજ, કપડવંજ તરફથી જૂન ૧૯૭૪થી બી.એ.(પ્રિન્સિ.)માં ગુજરાતી અને અર્થશાસ્ત્ર તથા બી.એ.(સબો.)માં પર્શિયન અંગ્રેજી, મનોવિજ્ઞાન ઇતિહાસ, સંસ્કૃત, ગણિતશાસ્ત્ર અને સમાજશાસ્ત્ર, તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવાનું જોડાણ આપવા માટે મૂકેલી શરતોના પરિપાલનના અહેવાલના સંદર્ભમાં સદરહુ કૉલેજને તા. ૧૫--૬--૧૯૭૪થી કાયમી જોડાણ આપવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શાહ કે. એસ. આર્ટ્સ અને વી. એમ. પારેખ કૉમર્સ કૉલેજ, કપડવંજને બી.એ.(પ્રિન્સિ.)માં ગુજરાતી અને અર્થશાસ્ત્ર અને બી.એ.(સબો.)માં પર્શિયન, અંગ્રેજી, મનોવિજ્ઞાન, ઇતિહાસ, સંસ્કૃત, ગણિતશાસ્ત્ર અને સમાજશાસ્ત્ર તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ અને ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫—૬--૧૯૭૪થી તા. ૧૪—૬-૧૯૭૭ સુધીનું ચાલુ જોડાણ આપવું.

વધુમાં ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજને ગ્રેચ્યુઈટી ફંડ કયારથી ઊભું કરવામાં આવ્યું છે તેની માહિતી મોકલવા માટે જણાવવું.

૧૪૨. રાષ્ટ્રીય સેવા યોજનાની સલાહકાર સમિતિની તા. ૨૭--૬--૧૯૭૪ની સભામાં એન.એસ.એસ. પ્રવૃત્તિ અંગે સરકાર તરફથી મળનાર આર્થિક સહાયનાં ધોરણોને અનુલક્ષીને એન.એસ.એસ.ની પ્રવૃત્તિઓ માટે ૧૯૭૪--૭૫ના વર્ષમાં મળનાર ગ્રાન્ટ રૂ. ૨,૩૯,૧૦૦ની આર્થિક સહાય ધ્યાનમાં લઈને જુદી જુદી પ્રવૃત્તિઓ માટે અંદાજી ખર્ચ મંજૂર કરેલી ભલામણ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે એન.એસ.એસ.ની પ્રવૃત્તિઓ માટે ૧૯૭૪—૭૫ના વર્ષમાં સરકાર તરફથી મળનાર આર્થિક સહાયના સુધારેલા દરની નોંધ લેવી તથા તેની પ્રવૃત્તિઓ માટે ૧૯૭૪—૭૫ના વર્ષ માટે સુધારેલું અંદાજપત્ર મંજૂર કરવું.

(૧૯૭૪—૭૫ના વર્ષ માટેના સુધારેલા અંદાજપત્રની નકલ **પરિશિષ્ટ "ત"** તરીકે સામેલ છે.)

૧૪૩. વાર્ષિક કે સામાન્ય પદવીદાન સમારંભ માટેનાં આવેદનપત્રો માટે ફી નિયત કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૧૪૪. યુનિવર્સિટીના સમાજવિદ્યા ભવનના અર્થશાસ્ત્રના પ્રાધ્યાપક શ્રી. એમ. પી. ભટ્ટને સ્ટે. ૧૮૮(૨) હેઠળ યુનિવર્સિટી તથા સંલગ્ન કૉલેજોના શૈક્ષણિક તથા બિનશૈક્ષણિક કર્મચારીઓ માટે ગુજરાત હાઉસિંગ બોર્ડ તરફથી તૈયાર થયેલ યોજનામાં એક નિવાસસ્થાન માટે તેમના પ્રૉવિડન્ટ ફંડ ખાતામાંથી તેમના ખાતે નીકળતી રકમની લોન આપવા અંગેની તેઓની તા. ૨૭--૬—૧૯૭૪ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—તેઓના પ્રોવિડન્ટ ફંડ ખાતે તા. ૩૧–૩–૧૯૭૪ના રોજ રૂ. ૨૬,૯૬૫–૫૦ જમા છે અને તેમની પ્રોવિડન્ટ ફંડની લોન રૂ. ૪,૭૯૦ તથા તે પર જે વ્યાજ થાય તે રકમ કાપવાની રહેશે.)

આથી ઠરાવવામાં આવે છે કે પ્રો. એમ. પી. ભટ્ટને સ્ટે. ૧૮૮(૨) હેઠળ તેમના પ્રૉવિડન્ટ ફંડ ખાતામાંથી યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ રૂ. ૨૬,૯૬૧ની બિલ્ડિંગ લોન મંજૂર કરવી.

૧૪૫. રાષ્ટ્રીય સંસ્કૃત સંસ્થા, ન્યૂ દિલ્હી તરફથી તેમના જૂન ૧૯૭૪ના પત્ર નં. એફ.૭સી.ડી.(૪--૨--આર.એસ.કે.એસ.) ૭૩–૭૪ થી કુ. કે. આર. વ્યાસ માટે પોસ્ટ-મૉટ્રિક સ્ટડીઝ ઇન સંસ્કૃત માટે ૧૯૭૩–૭૪ના વર્ષ માટે રૂ. ૫૦૦ની શિષ્યવૃત્તિ મંજૂર કર્યાની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની સાભાર નોંધ લેવી.

૧૪૬. આ યુનિવર્સિટીની જુદી જુદી પરીક્ષાઓ દરમ્યાન વિદ્યાર્થીઓએ અજમાવેલ ગેરવાજબી ઇલાજો અંગેના કેસો પર તેમ જ પ્રાધ્યિનક--પરીક્ષકો, નિરીક્ષકો અને કાર્યાલયના સભ્યોના હસ્તક થયેલ ભૂલો અંગેના કેસો પર વિચારણા કરવા તા. ૨૪--૬--૧૯૭૪ અને તા. ૨૮--૬--૧૯૭૪ના રોજ મળેલ પરીક્ષા શુદ્ધિ સમિતિની ત્રીજી અને ચોથી સભાની ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૨૪--૬--૧૯૭૪ અને તા. ૨૮--૬--૧૯૭૪ની સભાઓની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિની તા. ૨૪--૬--૧૯૭૪ અને તા. ૨૮--૬--૧૯૭૪ની સભાની કાર્યવાહીની નોંધની નકલ સામેલ કરવામાં આવી નથી.)

૧૪૭. એમ. એન. કૉલેજ, વીસનગરમાં સ્થાપવામાં આવેલ ગણિતશાસ્ત્ર જૂથ "એ"—"બી" વિષયના અનુસ્નાતક કેન્દ્રના પ્રોફેસર ઇન ચાર્જ આચાર્યશ્રી પી. વી. પારેખે પોતાને આચાર્ય તરીકે ઘણું કામ રહેતું હોવાથી પોતાની જગ્યાએ શ્રી. એમ. એચ. પટેલ(અનુસ્નાતક શિક્ષક)ની પ્રોફેસર ઇન ચાર્જ તરીકે નિમણૂક કરવા માટે તે કૉલેજના આચાર્યશ્રીના વિનંતી-પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આચાર્યશ્રીની વિનંતી માન્ય રાખવી.

૧૪૮. જૂન ૧૯૭૪થી જોડાણ મેળવવા માટે નીચે જણાવેલ કૉલેજો તરફથી આવેલ જોડાણઅરજીઓ પર મૂકેલી શરતોના પરિપાલનના સદર્ભમાં ક્ષતિ—ઊણપો રહેવા પામી છે કે અધૂરી માહિતી આવી છે તેને અનુલક્ષીને જરૂરી વિચારણા કરવા બાબત:

૧. સી. બી. આર્ટ્સ કૉલેજ, નડિયાદ
૨. જી. એલ. એસ. આર્ટ્સ કૉલેજ ફૉર ગર્લ્સ, અમદાવાદ
૩. વિવેકાનંદ કૉલેજ ઑફ આર્ટ્સ, અમદાવાદ
૪. એસ. એલ. યુ. કૉલેજ ફૉર વિમેન, અમદાવાદ
૫. ગુજરાત કૉલેજ, અમદાવાદ
૬. આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, ભાદરણ

૭. શ્રી રજની પારેખ આર્ટ્સ એન્ડ કે. બી. કૉમર્સ કૉલેજ, ખંભાત

૮. સી. એન. આર્ટ્સ એન્ડ બી. ડી. કૉમર્સ કૉલેજ, કડી

૯. યુવરાજ સુભગસિંહજી આર્ટ્સ એન્ડ કે. એસ. પારેખ કૉમર્સ કૉલેજ, દેવગઢબારિયા

૧૦. શ્રી કે. એસ. આર્ટ્સ એન્ડ વી. એમ. પારેખ કૉમર્સ કૉલેજ, કપડવંજ

૧૧. પટેલ જે. બી. રૂદેલવાલા આર્ટ્સ એન્ડ પટેલ એમ. રૂદેલવાલા કૉમર્સ કૉલેજ, બોરસદ

૧૨. વડનગર આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, વડનગર

૧૩. સેકન્ડરી ટીચર્સ ટ્રેઇનિંગ કૉલેજ, ખેડા

૧૪. ડી. ડી. ચોકસી કૉલેજ ઑફ એજ્યુકેશન, પાલનપુર

૧૫. આર. કે. પરીખ સાયન્સ કૉલેજ, પેટલાદ

૧૬. નવજીવન સાયન્સ કૉલેજ, દાહોદ

૧૭. સાર્વજનિક કૉમર્સ કૉલેજ, ગોધરા

૧૮. શ્રીમતી ટી. એસ. આર. કૉમર્સ કૉલેજ, પાટણ

૧૯. વિવેકાનંદ કૉલેજ ઑફ કૉમર્સ એન્ડ લૉ, અમદાવાદ

૨૦. નવગુજરાત લૉ કૉલેજ, અમદાવાદ

૨૧. એન. એસ. પટેલ લૉ કૉલેજ, મોડાસા

૨૨. લૉ કૉલેજ, ગોધરા

૨૩. ઇડર આંજણા પાટીદાર એચ. કે. એમ. આર્ટ્સ કૉલેજ એન્ડ પી. એન. પટેલ કૉમર્સ કૉલેજ, ઇડર.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજોને ઘટતો પત્ર લખીને જરૂરી તાકીદ આપવી.

૧૪૯. ગરીબ વિદ્યાર્થીઓને સત્ર ફી ભરવામાં હપતાની સવલત આપવા અંગેની અખબારી કાપલી યુનિવર્સિટીને મોકલી તે અંગે યુનિવર્સિટીનું વ્યકતવ્ય માંગતા રાજય સરકારના શિક્ષણ અને મજૂર ખાતાના તા. ૬ ઠ્ઠી જૂન ૧૯૭૪ના પત્રાંક એમ.આઈ.એસ. ૧૦૭૪—ખ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૧૫૦. સદરહુ બાબતની વિચારણા આગળ બાબત નં. ૧૨૪ સાથે કરવામાં આવેલી હોઈ તેની નોંધ તે ક્રમમાં દર્શાવવામાં આવી છે.

૧૫૧. સ્નાતક પદવી પરીક્ષાનાં પરિણામ પ્રવર્તમાન પરિસ્થિતિને કારણે મોડાં બહાર પડવાની શકયતા હોઈ અનુસ્નાતક વર્ગોનું શિક્ષણકાર્ય શરૂ કરવું પડે તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે વિનયન, વિજ્ઞાન અને વાણિજ્યની વિદ્યાશાખાઓમાં યુનિવર્સિટીનાં વિદ્યાભવનોનું શિક્ષણકાર્ય તા. ૮ જુલાઈ, ૧૯૭૪થી શરૂ કરવાનું રાખવું તથા અનુસ્નાતક કેન્દ્રોનું શિક્ષણકાર્ય તા. ૧--૮--૧૯૭૪થી શરૂ કરવાનું રાખવું તથા તે માટે જરૂરી પગલાં લેવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૧૫૨. યુનિવર્સિટીના આસિ. ડી.પી.ઈ. શ્રી. એલ. એ. ઠક્કરને રૂ. ૪૬૬--૨૦--૫૪૬ ઈ.બી. ૨૦--૬૪૬ના પગારધોરણમાં તા. ૧--૪--૧૯૭૪થી રૂ. ૫૪૬ પછીનો કાર્યક્ષમતા અંતરાય (એફિસિયન્સી બાર) ઓળંગવાની પરવાનગી આપવા અંગે વિચારણા કરવા બાબત.

આસિસ્ટન્ટ ડી.પી.ઈ. શ્રી. એલ. એ. ઠક્કરની કામગીરી અંગેનો આનગી અહેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો.

તે પછી ઠરાવવામાં આવ્યું કે શ્રી. એલ. એ. ઠક્કરને રૂ. ૪૬૬--૨૦--૫૪૬--ઈબી--૨૦--૬૪૬ના પગારધોરણમાં રૂ. ૫૪૬ પછીના કાર્યક્ષમતા અંતરાય તા. ૧--૪--૧૯૭૪થી ઓળંગવા માટે પરવાનગી આપવી.

૧૫૩. જૂન ૧૯૭૪થી સાવલી તાલુકા કેળવણી મંડળ, સાવલી ખાતે શ્રી બી. કે. પટેલ આર્ટ્સ અને શ્રીમતી એલ. એમ. પટેલ કૉમર્સ કૉલેજ, સાવલીને પ્રથમ વર્ષ બી.એ.માં અંગ્રેજી, ગુજરાતી, હિન્દી, અર્થશાસ્ત્ર, મનોવિજ્ઞાન અને સમાજશાસ્ત્રના અભ્યાસક્રમો માટે તથા પ્રથમ વર્ષ બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૪થી તા. ૧૪--૬--૧૯૭૫ સુધીનું જોડાણ આપવા માટે મૂકેલી શરતોના પરિપાલનના અહેવાલના સંદર્ભમાં વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સાવલી તાલુકા કેળવણી મંડળ, સાવલી સંચાલિત શ્રી બી. કે. પટેલ આર્ટ્સ અને શ્રીમતી એલ. એમ. પટેલ કૉમર્સ કૉલેજ, સાવલીને પ્રથમ વર્ષ બી.એ.માં અંગ્રેજી, ગુજરાતી, અર્થશાસ્ત્ર, મનોવિજ્ઞાન અને ઈતિહાસ તથા પ્રથમ વર્ષ બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ અને ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫—૬—૧૯૭૪થી તા. ૧૪—૬—૧૯૭૫ સુધીનું જોડાણ આપવું.

વધુમાં ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજને ઈતિહાસના પૂર્ણ સમયના વ્યાખ્યાતાની નિમણૂક કરીને યુનિવર્સિટી કાર્યાલયને તેની જાણ કરવા જણાવવું.

૧૫૪. ધર્મસિંહ દેસાઈ ઈન્સ્ટિટ્યૂટ ઑફ ટેકનોલોજી, નડિયાદમાં આચાર્ય પદ માટે ડૉ. એચ. એમ. દેસાઈની કરેલી નિમણૂક માટેની પસંદગી સમિતિ પર યુનિવર્સિટીના પ્રતિનિધિને બોલાવી શકાયા ન હતા તે બાબત તથા તેમની નિમણૂક ક્ષમ્ય (કૉન્ડોન) કરવા માટે સદરહુ સંસ્થાના મૅનેજિંગ ટ્રસ્ટીના આવેલા તાર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ નિમણૂક માટેની વરણીસમિતિ પરયુ નિવર્સિટીના પ્રતિનિધિની નિમણૂક કરવાનું રહી ગયું હતું તે અપવાદ તરીકે ક્ષમ્ય ગણવું અને સદરહુ સંસ્થાને જણાવવું કે તેના શિક્ષકોની નિમણૂક માટેની વરણીસમિતિ પર યુનિવર્સિટીના પ્રતિનિધિ નીમવા જરૂરી કાર્યવાહી વેળાસર થાય તે માટે ભવિષ્યમાં કાળજી રાખવી.

૧૫૫. ધી ઈન્ટરનેશનલ ઍસોસિયેશન ઑફ યુનિવર્સિટી પ્રેસિડેન્ટ્સનું સભ્યપદ સ્વીકારવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ધી ઈન્ટરનેશનલ ઍસોસિયેશન ઑફ યુનિવર્સિટી પ્રેસિડેન્ટ્સનું સભ્યપદ સ્વીકારવું તથા તે માટે વાર્ષિક યુ.એસ. ડૉલર ૧૦નું ખર્ચ મંજૂર કરવું.

૧૫૬. બાર કાઉન્સિલ ઑફ ઈન્ડિયા, ન્યૂ દિલ્હીએ વિમેન્સ લૉ કૉલેજ, ઊંઝાની તપાસ કરી નીચે પ્રમાણે સૂચન કર્યું છે:

" The Bar Council of India has directed me to state that the Law College in Unjha is wholly unsatisfactory and the University must disaffiliate this college. "

તેના સંદર્ભમાં એકેડેમિક કાઉન્સિલે નિયુકત કરેલી સમિતિના અહેવાલ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિનો અહેવાલ સ્વીકારવો અને તે અંગે બાર કાઉન્સિલ ઑફ ઈન્ડિયા સાથે જરૂરી પત્રવ્યવહાર કરવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૧૫૭. અનુસ્નાતક નિયમ નં. ૧ (iii)(B) મુજબ અનુસ્નાતક વિદ્યાર્થીઓની સત્ર ફીની રકમ પ્રથમ સત્રમાં ૨૦મી જુલાઈ તથા દ્વિતીય સત્રમાં ૧૦મી ડિસેંબર સુધીમાં મોકલવી જોઈએ પરંતુ નિયમાનુસાર આ સાથેના લિસ્ટમાં જણાવેલી કૉલેજોએ હજુ સુધી વિદ્યાર્થીઓની તેમને ત્યાં જમા થયેલી સત્ર ફી યુનિવર્સિટી કાર્યાલયમાં જમા કરાવી નથી તે અંગે યોગ્ય વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે એ કૉલેજોને તાકીદ કરવી અને તા. ૩૧–૭–૧૯૭૪ પહેલાં એ રકમ જમા કરાવવા જણાવવું.

૧૫૮. લુણાવાડા આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, લુણાવાડાના સંચાલનમાં થયેલ ફેરફાર અંગે નિમાયેલ સમિતિની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત:

" ..... જૂના સંચાલક મંડળે નવા સંચાલક મંડળને અસ્કામતો અને જવાબદારીઓ તબદીલ કરેલી છે તે હકીકત ધ્યામાં લેતાં લુણાવાડા આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજના વહીવટમાં થયેલ ફેરફારની નોંધ લઈ નવી ગોઠવણ મંજૂર રાખવા ભલામણ કરીએ છીએ. "

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૧૫૯. પદવી પ્રમાણપત્ર આપવા અંગેના કાગળો, કદ, ફીનું ધોરણ વગેરે બાબતો પર વિચારણા કરીને સુચિંતિત હેવાલ રજૂ કરવા માટે કુલપતિશ્રીએ નીમેલી સમિતિની તા. ૧૭--૧૨--૧૯૭૩ની અને તા. ૧૪--૩--૧૯૭૪ની ભલામણો એકિઝકયુટિવ કાઉન્સિલે તેની તા. ૧૬--૩--૧૯૭૪ની સભામાં (બાબત નં. ૪૯) મંજૂર કરેલી છે તેનો અમલ ઑકટોબર ૧૯૭૪થી કરવા ઠરાવેલ છે. આગામી વર્ષમાં પદવીદાન સમારંભ અત્યારની પદ્ધતિએ ન ભરવાનું કોર્ટની તા. ૧૩/૧૪--૬--૧૯૭૪ની સભામાં સૂચન થયેલ છે તો આ અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૧૬૦. બાર કાઉન્સિલ ઑફ ઈન્ડિયા, ન્યૂ દિલ્હીએ બોરસદ સાયન્સ એન્ડ લૉ કૉલેજ, બોરસદની તપાસ કરી નીચે પ્રમાણે સૂચન કર્યું છે :

" The Bar Council of India has directed me to state that Borsad Science and Law College, Borsad is wholly unsatisfactory and the University must disaffiliate this college. "

તેના સંદર્ભમાં એકિઝકયુટિવ કાઉન્સિલે નિયુકત કરેલી સમિતિના અહેવાલ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિનો અહેવાલ સ્વીકારવો અને તે અંગે બાર કાઉન્સિલ ઑફ ઈન્ડિયા સાથે જરૂરી પત્રવ્યવહાર કરવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

તે પછી સભાગૃહનું કામકાજ પૂરું થયું હતું.

નં. એકિઝ. કાઉ. /૦૧૦૩૧૯/ ૧૯૭૪.
ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
અમદાવાદ—૩૮૦૦૦૯.
તા. ૧૬-૭-૧૯૭૪.

કે. ચં. પરીખ
કુલસચિવ.

નોંધ.— કામકાજ ક્રમાંક ૪૭, ૫૧ અને ૫૨ માટે અનુક્રમે પરિશિષ્ટ ચ/૧, ચ/૨ અને ચ/૩ અનુક્રમે પૃષ્ઠ ક્રમાંક ૧૮, ૨૪ અને ૨૫ ઉપર છાપવામાં આવ્યાં છે.

પરિશિષ્ટ "ક"
કામકાજ ક્રમાંક ૩૧

"સ્વ. ડૉ. મધુસૂદન કે. ઓઝા સ્મૃતિ શિષ્યવૃત્તિ"

૧. દાતાનું નામ : શ્રી. કે. કે. ઓઝા, બી.એ.(ઓનર્સ), એલએલ.બી., તથા શ્રીમતી સવિતાબહેન કેશવલાલ ઓઝા, વલભીપુર, સૌરાષ્ટ્ર.

૨. પ્રદાનની રકમ : રૂ. ૭,૫૦૦નું રોકડ પ્રદાન

૩. પ્રદાનનો પ્રકાર : રૂ. ૩૪૦ની એક શિષ્યવૃત્તિ

૪. પ્રદાનનો સ્વીકાર : એકિઝકયુટિવ કાઉન્સિલે તેની તા. ૧૧–૮–૧૯૭૩ની સભામાં પ્રદાનનો સાભાર સ્વીકાર કરેલ છે.

નિયમો

૧. "સ્વ. ડૉ. મધુસૂદન કે. ઓઝા સ્મૃતિ શિષ્યવૃત્તિ" એ નામથી આશરે રૂ. ૩૪૦ (વાર્ષિક બે હપતામાં ચુકવણી થાય તે રીતે) ની એક શિષ્યવૃત્તિ આ યુનિવર્સિટીની ઓક્ટોબર–માર્ચ–એપ્રિલમાં લેવાતી ત્રીજી એમ.બી.,બી.એસ.ની પદવી પરીક્ષામાં પ્રથમ પ્રયત્ને સૌથી વધુ ગુણાંક મેળવી ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થીને ગુજરાત યુનિવર્સિટીની એમ.ડી.(મેડિસિન)ના અભ્યાસ માટે એક વર્ષ માટે આપવી અને જો કોઈ વિદ્યાર્થી "મેડિસિન" લેનાર ન હોય તો એમ.ડી. (સાયકોલોજિકલ મેડિસિન) લેનારને આપવી અને તેમાં પણ કોઈ ઉમેદવાર ન હોય તો એમ.ડી. ઓબ્સ્ટેટ્રિકસ, ગાયનેકોલોજી અને ડિસીઝીસ ઓફ ધી ન્યૂ બોર્ન લેનારને આપવી અને તેમાં પણ કોઈ ઉમેદવાર ન હોય તો એમ.ડી. (પેડિયાટ્રિકસ) લેનાર ઉમેદવારને આ શિષ્યવૃત્તિ આપવી.

૨. નં. ૧માં જણાવ્યા પ્રમાણે કોઈ પણ ઉમેદવાર ન હોય તો સદરહુ શિષ્યવૃત્તિ એમ.ડી.-(કાર્ડિયોલોજી)નો અભ્યાસક્રમ ચાલુ રાખનાર વિદ્યાર્થીને એનાયત કરવી.

૩. શિષ્યવૃત્તિ વિજેતાનું નામ બને ત્યાં સુધી પરીક્ષાના પરિણામ સાથે જાહેર કરવામાં આવશે અને વિજેતા વિદ્યાર્થીના નામ અને સરનામાની ઘટતી જાણ દાતાને કરવામાં આવશે.

૪. વિજેતાને શિષ્યવૃત્તિ આપવામાં તેની નાત, જાત કે વર્ગનો બાધ ગણવામાં આવશે નહિ.

૫. સદરહુ શિષ્યવૃત્તિ એનાયત કરવા અંગે યુનિવર્સિટીની એકિઝકયુટિવ કાઉન્સિલને વખતો-વખત જે શરતો ઉમેરવી આવશ્યક જણાશે તે ઉમેરવા માટે તેને અધિકાર રહેશે.

૬. આ સખાવતની વાર્ષિક આવકમાંથી ૫ ટકા કપાત યુનિવર્સિટીના જનરલ ફંડમાં લઈ જવામાં આવશે.

૭. આ સખાવતની વાર્ષિક આવકની બચત કુલ રકમમાં ઉમેરવામાં આવશે.

પરિશિષ્ટ "ખ"
કામકાજ ક્રમાંક ૩૨

નોકરી કરતા અધ્યાપકોને અનુસ્નાતક અભ્યાસક્રમ કરવાની સગવડ આપવાની બાબતમાં વિચારણા કરી પોતાનો સુચિંતિત અહેવાલ રજૂ કરવા માટે એકેડેમિકકાઉન્સિલે તેની તા. ૨૩-૨-૧૯૭૪ના રોજ નીમેલી સમિતિની એક સભા ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયમાં શુક્રવાર તા. ૨૪-૫-૧૯૭૪ના રોજ બપોરના ૨-૦૦ વાગ્યે મળી હતી, તેમાં સભ્યોની હાજરી નીચે મુજબ હતી :

૧. આચાર્ય ય. પ્રા. શુકલ	ગેરહાજર
૨. પ્રો. ડી. એન. પાઠક	હાજર
૩. પ્રો. વી. સી. શાહ	હાજર
૪. ડૉ. એમ. એન. દેસાઈ	ગેરહાજર.

સભાનું પ્રમુખસ્થાન પ્રો. ડી. એન. પાઠકે લીધું હતું.

અનુસ્નાતક ઉપાધિથી વંચિત રહી ગયેલા શિક્ષકો અંગે જે તે કૉલેજ/સંસ્થામાંથી આવેલી માહિતી અંગે વિચારણા કરવામાં આવી અને તેમાં અમદાવાદ શહેરની તથા બહારગામની કૉલેજોમાં મળીને વિદ્યાશાખાવાર નીચે મુજબની સંખ્યા થાય છે, તે અંગે વિચારણા કરવામાં આવી :

વિદ્યાશાખા	અમદાવાદ શહેરની કૉલેજો	બહારગામની કૉલેજો	કુલ સંખ્યા
૧. શિક્ષણ સહિતની વિનયન	૧૩	૧૯	૩૨
૨. વિજ્ઞાન	૫	૫૬	૬૧
૩. વાણિજ્ય	૪	૧	૫
૪. ઇજનેરી	૬૫	૧૫	૮૦
૫. કાયદો	૦	૫	૫
કુલ...	૮૭	૯૬	૧૮૩

ઉપર મુજબની હકીકતના સંદર્ભમાં આ સમિતિ એકેડેમિકકાઉન્સિલને ભલામણ કરે છે કે—

(૧) વિનયન, વાણિજ્ય અને કાયદાની વિદ્યાશાખામાં અનુસ્નાતક ઉપાધિથી વંચિત રહી ગયેલા શિક્ષકોની સંખ્યા મર્યાદિત હોવાથી તેમના માટે કોઈ ખાસ સુવિધાની જરૂર જણાતી નથી, છતાં હાલમાં જે તે વિષયના સાંજના વર્ગોની વ્યવસ્થાનો લાભ આવા શિક્ષકો લઈ શકે છે તે લેવો.

(૨) એન્જિનિયરિંગ કૉલેજો એ રાજ્ય સરકાર દ્વારા સંચાલિત હોવાથી અનુસ્નાતક ઉપાધિથી વંચિત રહી ગયેલા શિક્ષકો માટે યોગ્ય કરવા માટે જે તે એન્જિનિયરિંગ કૉલેજોના આચાર્યશ્રીઓએ યોગ્ય કરવું જોઈએ અને તે માટે જે તે કૉલેજના આચાર્યશ્રીને જણાવવું.

(૩) વિનયન વિદ્યાશાખાના શિક્ષણશાસ્ત્ર વિષયમાં અનુસ્નાતક ઉપાધિથી વંચિત રહી ગયેલા શિક્ષકો અનુસ્નાતક ઉપાધિ મેળવી શકે તે માટે જે તે સંસ્થાઓ જરૂરી સુવિધાઓ પૂરી પાડે અને તેમને અભ્યાસ માટે જરૂરી રજા આપે.

(૪) વિજ્ઞાનની વિદ્યાશાખામાં અનુસ્નાતક ઉપાધિથી વંચિત રહી ગયેલા શિક્ષકો માટે પણ જે તે કૉલેજ/સંસ્થા તેમને જરૂરી સુવિધા અને અભ્યાસ માટે જરૂરી રજા આપે તો તે અંગે વિચારી શકાય. પરંતુ ઉપર જણાવેલ સંખ્યામાં વિજ્ઞાન વિષયમાં મોટા ભાગના શિક્ષકો બહારગામની કૉલેજના હોવાથી બહારગામના તથા પોતપોતાની કૉલેજની નજીકના જે તે વિષયના અનુસ્નાતક કેન્દ્રમાં તેમને માટે સગવડ ઊભી થયેલી જ છે, તો તેનો લાભ આવા શિક્ષકોએ લેવો જોઈએ અને તે લઈ શકાય એમ છે.

ઉપર જણાવ્યા પ્રમાણે જે તે કૉલેજ તેમના ત્યાંના અનુસ્નાતક ઉપાધિથી વંચિત રહી ગયેલા શિક્ષકોને અભ્યાસ રજા (સ્ટડી લીવ) આપે તો યુનિવર્સિટીના વિજ્ઞાન વિદ્યાભવનમાં શીખવાતા જે તે વિષયમાં જરૂરી સગવડ વગેરે વિચારીને સુવિધા આપવી.

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

ડા. હ. પટેલ
કુલસચિવ વતી.

પરિશિષ્ટ "ગ"
કામકાજ ક્રમાંક 33

RULES REGULATING LEAVE AND CONDITIONS OF SERVICE OF THE NON-TEACHING STAFF OF THE AFFILIATED COLLEGES AND RECOGNISED INSTITUTIONS

(*a*) Rules regulating leave and allowances

No leave can be claimed as a matter of right, but it may be granted according to the exigencies of service.

I. Casual Leave

(1) An employee of an affiliated college or a recognised institution will get 12 days' Casual Leave in a calendar year, subject to a maximum of 8 days at a time.

(2) Sundays or weekly offs, in lieu thereof, if any, and Public holidays may be allowed to be enjoyed in conjuction with any spell of casual leave whether by prefixing or suffixing or both any Sunday or weekly off in lieu thereof, any, or a Public holiday falling within a period of casual leave should not be counted as a part of casual leave.

(3) An employee proceeding on such leave is entitled to full pay including work and conveyance allowances, if any, during the period of this leave.

(4) A new employee will be entitled to such leave commensurate with the period of his appointment during the year, eventhough he may not have actually earned it at the time of his going on leave. If he fails to complete the full period of appointment, proportionate deduction will be made from his salary at the time of last payment.

II. Privilege Leave

(1) Every permanent employee in an affiliated college or a Recognised Institution shall be entitled to one month's privilege leave for every eleven months' active service or one day for eleven days of active service.

(2) The employees shall be entitled to full pay during such leave.

(3) An employee shall not be entitled to earn privilege leave, for the period which he enjoys as privilege leave.

(4) Privilege leave can be joined with sick leave. if any.

(5) No employee shall be entitled to privilege leave unless he has put in five and a half months' service.

(6) The privilege leave will accumulate upto a period not exceeding one hundred and eighty days.

(7) Privilege leave admissible to employees on probation or to temporary employees will be one twenty-second of the period spent on duty during such period, but employees on probation shall, on confirmation, be entitled to a credit of additional one-twenty second of the period spent on duty during probation in their leave account.

(8) The period spent on Privilege leave shall count for increment.

Note.— Pay includes all allowances excluding work and conveyance allowances, if any.

III. Sick Leave

(1) Sick leave shall be given to an employee of an affiliated college or a recognised institution at the rate of one month for one year's active service, provided a medical certificate is produced from a Registered Medical Practitioner.

(2) The employees shall be entitled to half pay only during the period of such leave.

(3) This leave can accumulate up to any period, but no employee shall be entitled to more than 12 months' sick leave at a time.

(4) This leave may, at the option of the employee concerned, be commuted into full-pay leave subject to a maximum of three months' full-pay-leave at a time. The rate of commutation will be : 2 months' half-pay-leave = 1 month's full-pay-leave.

(5) An employee proceeding on leave whether on half pay or on full pay shall have to produce a medical certificate without which no sick leave will be granted.

(6) This leave can be joined with privilege leave.

(7) A person returning from sick leave on medical grounds shall have to produce a certificate of physical fitness from a Registered Medical Practitioner before resuming his duties.

(8) The period spent on sick leave shall count for increment.

(9) Employee appointed on a temporary basis shall not be entitled to such leave.

Note.—Pay includes all allowances excluding work and conveyance allowances, if any.

IV. Extraordinary Leave

(1) Extraordinary leave may be granted to any employee in an affiliated college or a recognised institution on his submission in writing of an application for such leave—

(*a*) when no other leave is by rule admissible;

OR

(*b*) when other leave is admissible, but the employee in an affiliated college or a recognised institution concerned applies in writing for the grant of extraordinary leave.

(2) Except in the case of a permanent employee, the duration of extraordinary leave shall not exceed three months on any one occasion.

(3) The authority empowered to grant leave may commute retrospectively periods of absence without leave into extraordinary leave.

(4) An employee proceeding on extraordinary leave shall not be entitled to any leave, salary or allowances.

V. Maternity Leave

A female employee in permanent employment shall be entitled to maternity leave for a period not exceeding three months from the date of commencement or to the end of six weeks from the date of confirments, whichever is earlier.

Note.—Leave under this clause is admissible in case of miscarriage or abortion but not in case of a female employee who has two living children.

VI. Surrender Leave

(1) An employee who has a balance of earned leave to the extent of not less than 30 days shall, at his option, be permitted to surrender such leave,

if he desires to do so provided he proceeds for earned leave of not less than 30 days, in which case he shall be entitled to his full basic salary, dearness allowance and local compensatory allowance as per rules, but he shall not be entitled to House rent allowance, Tiping allowance or any other allowance.

(2) This benefit of surrendering of earned leave shall be available only once in every two calendar year for which the first block will commence in the year 1974.

VII. Rules regarding Suspension

(1) If the Management or the Principal of an affiliated college or the Director of recognised Institution is of the opinion that the presence or behaviour of a particular employee of his college or institution, as the case may be, is against the interest of the institutions, he shall immediately suspend such employee from the service. Such suspended employee shall not enter the premises of the affiliated colleges or recognised institutions concerned during the period of inquiry without the written permission of the Principal or the Director.

It shall be the duty of such employee to co-operate fully in the enquiry against him and shall have to provide all the necessary information required for that purpose.

(*a*) During the first twelve months of the period of suspension, the suspended employee shall be entitled to receive 50% of the basic salary plus allowances taken together other than personal allowance, if any.

(*b*) Where the period of suspension exceeds 12 months, the Management shall be competent to vary the suspension allowance as follows :

(*i*) The amount of suspension allowance may be increased by the Management for the remaining period subsequent to the period of 12 months, by a suitable amount, not exceeding 50% of the suspension allowance paid during the period of the first 12 months, if the period of suspension has been prolonged for reasons not directly attributed to the suspended employee.

(*ii*) The amount of the suspension allowance may be reduced by the management for the remaining period subsequent to the period of 12 months, by a suitable amount, not exceeding

50% of the suspension allowance paid during the period of the first 12 months, if the period of suspension has been prolonged due to reasons directly attributable to the suspended employee.

(*iii*) The decision of the Management to vary the amount under sub-clauses (*i*) and (*ii*) shall be final and binding; and no appeal shall be entertained against it.

(2) No suspended employee shall undertake any work either remunerative or otherwise during the enquiry period.

(3) At the end of enquiry, if such employee is declared innocent, he will be paid the remaining pay (including allowances) for the period of suspension; and will be entitled to all the rights and benefits as per rules, to which he would have been entitled had he not been suspended. If, however, he is declared guilty, he shall have to undergo the punishment (including the loss of remaining salary) that may be imposed by the Management, subject to the approval by the Vice-Chancellor of the University under Sec. 51 (A).

VIII. Officiating Allowance

(1) An employee in an affiliated college or a recognised institution appointed to officiate in a higher post shall be entitled to get the minimum of the scale of pay of the higher post or the next higher stage in his own substantive grade, whichever is higher, during the period of such officiating appointment, if the officiating appointment is for a period of one month or more.

(2) An employee in an affiliated college or a recognised institution when appointed to hold an additional higher post as a temporary measure, shall be entitled, in addition to his own pay, to an allowance at the rate of ten per cent of the minimum of the scale of pay of the higher post, if the period is up to three months, but at the rate of twenty-five per cent for the whole period if the period is more than three months.

(*b*) Rules regarding Conditions of Service

(1) (*a*) No person shall be substantively appointed to any permanent post carrying a minimum salary of Rs. 150/- in an affiliated college or a recognised Institution unless he produces a medical certificate of health

from the Civil Surgeon, Ahmedabad, or in the case of mofussil colleges from a Registered Medical Practitioner which may be affixed to his first pay bill. The production of fresh medical certificate under this rule is not necessary if he has produced a medical certificate and has been in the service of the affiliated college or recognised Institution concerned since that time without a break.

(*b*) A Medical certificate of fitness for service in an affiliated college or a Recognised Institution shall be in the following form :

"I hereby certify that I have examined.....
.....a candidate for employment in
.....college/institution and cannot
discover that.....has any disease
(communicable or otherwise) constitutional weekness or bodily infirmity,
except.....
.....

(*c*) The parties hereto agree that each of the party shall withdraw all legal proceedings instituted by it and pending before any court of Law or Tribunal or Authority, and on the default of either of the parties to this agreement to so withdraw any legal proceedings instituted by it, the other party to the agreement shall be entitled to get the same dismissed.

(*d*) The parties hereto agree that notwithstanding any judgment or order of any court, the parties hereto shall bear respective costs of all legal proceedings between the parties hereto and relating in any manner to the valuations or assessment of property taxes which are the subject matter of this agreement.

(*e*) The parties hereto agree that at the expiry of this agreement after the year 1974–75 whatsoever agreed to hereinabove as compromise formula will not be binding to any party and will not be quoted as precedent.

IN WITNESS WHEREOF the party of the first part has set and subscribed its hand to these presents through its Managing Director/Manager/

Secretary / Partner / Proprietor and the party of the second part has set and subscribed its hand on the day and the year first hereinabove written.

SIGNED AND DELIVERED BY
THE party of the first part
the_____

_____

Co. _____through its
Managing Director / Manager / Secretary / Partner / Proprietor

Statement of gross Rateable Value in respect of properties of Gujarat University determined by Standing Committee under its Resolution No. 1897, dated 29-11-'73 for the year 1967-68 to 1974-75.

Ref. No.	*Name of the property*	*G.R.V.*	*Year*
1.	School of Social Sciences	25,000	1967-68 to 1972-73
	Vadh 29-8-73	+ 5,061	
	Vadh 11-9-73	+ 34,330	
		64,391	1973-74
		64,392	1974-75
2.	Science Laboratory	30,000	1967-68 to 1971-72
	Vadh 31-5-72	4,500	
	Vadh 25-10-72	1,080	
		35,580	1972-73 to 1974-75
3.	Sports Pavalian	10,000	1967-68 to 1974-75
4.	Health Centre (G.F.)	4,500	—do—
5.	Zoology Dept.	7,000	—do—
6.	Press Building	11,000	1967-68 to 1971-72
	Vadh 27-11-72	1,468	
		12,468	1972-73 to 1974-75
7.	Library Building	17,000	1967-68 to 1971-72
8.	Main Building	73,000	—do—
9.	N. R. S. Centre	6,000	—do—

10.	Work-shop Building	4,500	–do–
11.	School of Languages including acid room	22,000	1967-68 to 1971-72
	Vadh 10-8-'72	12,600	
		34,600	1972-73
	Vadh 29-8-'73	14,510	
		43,110	1973-74 to 1974-75

Registrar,
Gujarat University.

Municipal Commissioner,
Ahmedabad Municipal Corporation.

પરિશિષ્ટ "ડ"
કામકાજ ક્રમાંક ૧૨૬

ગુજરાત યુનિવર્સિટીની બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગ એન્ડ રિસર્ચની વર્ષ ૧૯૭૪ની બીજી સભા ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયમાં બુધવાર, તા. ૧૯-૬-૧૯૭૪ના રોજ બપોરના ૩-૩૦ કલાકે કુલપતિ શ્રી. ઈશ્વરભાઈ જે. પટેલના અધ્યક્ષસ્થાને મળી હતી, જેમાં સભ્યોની હાજરી નીચે મુજબ હતી :

ક્રમાંક	સભ્યનું નામ	તા. ૧૯-૬-૧૯૭૪
૧.	શ્રી. ઈશ્વરભાઈ જે. પટેલ, કુલપતિ	હાજર
૨.	પ્રો. એ. એમ. રાવળ	હાજર
૩.	પ્રો. એચ. સી. ભાયાણી	હાજર
૪.	પ્રો. એ. એસ. નાગર	ગેરહાજર
૫.	પ્રો. કે. આર. ચંદ્રશેખરન	હાજર
૬.	પ્રો. ઈ. એ. સોલોમન	હાજર
૭.	ડૉ. સી. આર. નાયક	હાજર
૮.	ડૉ. આર. કે. ધારૈયા	હાજર
૯.	પ્રો. એમ. પી. ભટ્ટ	હાજર
૧૦.	ડૉ. તારાબહેન પટેલ	હાજર
૧૧.	પ્રો. ટી. એન. પાઠક	ગેરહાજર
૧૨.	ડૉ. પરેશ મજમુદાર	ગેરહાજર
૧૩.	ડૉ. જે. એ. યાજ્ઞિક	હાજર
૧૪.	ડૉ. સી. ટી. ભોપટકર	હાજર
૧૫.	ડૉ. કે. જી. દેસાઈ	હાજર
૧૬.	પ્રો. પી. ડી. પાઠક	ગેરહાજર
૧૭.	ડૉ. એમ. એન. દેસાઈ (પરદેશ ગયા હોવાથી તેમને બદલે ડૉ. આર. કે. શાહ)	હાજર
૧૮.	ડૉ. જે. જે. ચિનોય	હાજર
૧૯.	ડૉ. વી. સી. શાહ	હાજર
૨૦.	ડૉ. સી. જી. ખત્રી	હાજર
૨૧.	ડૉ. એચ. એન. રાવલ	હાજર
૨૨.	ડૉ. સી. એસ. શાહ	ગેરહાજર
૨૩.	ડૉ. ઓ. પી. ગુપ્તા	ગેરહાજર
૨૪.	આચાર્યશ્રી એમ. એસ. પંડિત	ગેરહાજર
૨૫.	આચાર્યશ્રી એમ. સી. શાહ	ગેરહાજર
૨૬.	ડૉ. એચ. જી. શાસ્ત્રી	હાજર
૨૭.	ડૉ. (મિસ) એસ. સી. પંડ્યા	ગેરહાજર

ક્રમાંક	સભ્યનું નામ	તા. ૧૯-૬-૧૯૭૪
૨૮.	શ્રી. સુમંત મજમુદાર	હાજર
૨૯.	ડૉ. દેવેન્દ્ર લાલ	હાજર
૩૦.	ડૉ. વાય. કે. અલઘ	હાજર
૩૧.	ડૉ. પી. સી. મહેતા	ગેરહાજર
૩૨.	ડૉ. દલસુખભાઈ માલવણિયા	હાજર
૩૩.	ડૉ. એ. એમ મલાવવાલા	હાજર
૩૪.	શ્રી. પ્રફુલ્લભાઈ અનુભાઈ	ગેરહાજર.

૧. બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગ ઍન્ડ રિસર્ચની તા. ૧૫-૨-૧૯૭૪ની સભાની નોંધ મંજૂર કરવા બાબત.

સભાની શરૂઆતમાં ડૉ. યોગેન્દ્ર અલઘે સભાગૃહનું ધ્યાન દોર્યું કે આ બોર્ડની તા. ૧૫-૨-૧૯૭૪ની સભાના કામકાજની યાદીમાં બાબત નં. ૨ હેઠળ ડૉ. શર્મા અતુલ સી.ને જરૂરી અનુભવ નથી એમ દર્શાવ્યું છે તે હકીકત બરોબર નથી અને આ વાસ્તવમાં ડૉ. શર્મા અતુલ સી. જરૂરી અનુભવ ધરાવે છે. તે પછી પ્રમુખશ્રીએ જણાવ્યું કે ડૉ. અલઘ તે વિષે લખાણ મોકલી આપશે તે પછી ઘટતી કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

તે પછી બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગ ઍન્ડ રિસર્ચની તા. ૧૫-૨-૧૯૭૪ની સભાની કામકાજની નોંધ મંજૂર કરવામાં આવી અને તે પર કુલપતિશ્રીએ સહી કરી.

૨. આ યુનિવર્સિટી સાથે જોડાયેલ કૉલેજો-માન્ય સંસ્થાઓમાં કામ કરતા શિક્ષકો તરફથી પીએચ.ડી.ની પદવીમાં માન્યતા મેળવવા માટે આવેલ અરજીઓ ઉપર વિચારણા કરવા બાબત.

આથી આ સભા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરે છે કે—

(૧) નીચે જણાવેલ શિક્ષકોના પ્રકાશિત થયેલા સંશોધનપત્રો જરૂરી ગુણવત્તા ધરાવે છે કે કેમ તે વિષે જે તે શિક્ષકના નામ સામે દર્શાવેલ નિષ્ણાતને તે મોકલી તેમનો અભિપ્રાય મંગાવીને તેમને પીએચ.ડી. પદવીના માર્ગદર્શક શિક્ષક તરીકે માન્યતા આપવા અંગે યોગ્ય નિર્ણય લેવા કુલપતિશ્રીને સત્તા આપવી:

ક્રમાંક	શિક્ષકનું નામ અને સંસ્થાનું નામ	વિષય	નિષ્ણાતનું નામ
૧.	શ્રી. સીંગ રામકુંવર બી., પ્રોફેસર ઑફ હિંદી, એચ. પી. આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, તલોદ	હિંદી	ડૉ. સુમન, વિક્રમ યુનિવર્સિટી, ઉજ્જૈન
૨.	ડૉ. પ્રમોદકુમાર શ્રીવાસ્તવ, અટિરા, અમદાવાદ	મનોવિજ્ઞાન	ડૉ. એસ. કે. મિત્રા, એન. સી. ઈ. આર. ટી., ન્યૂ દિલ્હી

૩.	ડૉ. સુરેન્દ્ર ભાંડોપન ખડક્રીકર, ફિઝિકલ રિસર્ચ લેબોરેટરી, અમદાવાદ	ભૌતિકશાસ્ત્ર	કુલપતિશ્રી નક્કી કરે તે
૪.	ડૉ. બી. એલ. કે. સોમાયાજુલુ	ભૌતિકશાસ્ત્ર, જિયો-ફિઝિક્સ, જિયો-કેમિસ્ટ્રી, ઓશનોગ્રાફી	ઉપર મુજબ

(૨) નીચે જણાવેલ શિક્ષકોને તેમનાં નામ સામે જણાવેલ વિષયમાં પીએચ.ડી. પદવીના માર્ગદર્શક શિક્ષક તરીકેની માન્યતા આપવી નહીં

ક્રમાંક	શિક્ષક તથા સંસ્થાનું નામ	વિષય
૧.	ડૉ. ભરતકુમાર ધીરુભાઈ ઠાકર, આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, ધોળકા	ગુજરાતી
૨.	ડૉ. (મિસ) મધુબહેન મોતીલાલ શાહ, બી. સી. જે. કૉલેજ ઑફ એજ્યુકેશન, બંભાત	શિક્ષણશાસ્ત્ર
૩.	ડૉ. અભિજિત સત ફિઝિકલ રિસર્ચ લેબોરેટરી, અમદાવાદ	ભૌતિકશાસ્ત્ર.

૩. ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઑફ મૅનેજમેન્ટ, અમદાવાદના પ્રોફેસર ડૉ. ઉદય પરીખને મનોવિજ્ઞાન વિષયમાં એમિનેન્ટ મૅન તરીકે માર્ગદર્શક શિક્ષક તરીકે માન્યતા આપવા મનોવિજ્ઞાન ભવનના મનોવિજ્ઞાન વિભાગના વડા શ્રી. સી. ટી. ભોપટકર તરફથી આવેલ પ્રસ્તાવ પર વિચારણા કરવા બાબત.

ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઑફ મૅનેજમેન્ટ, અમદાવાદના પ્રો. ઉદય પરીખને આ યુનિવર્સિટીના ઑ.ડ. ૬૫-આઈ અનુસાર મનોવિજ્ઞાનના વિષય માટે પીએચ.ડી. પદવીના માર્ગદર્શક શિક્ષક તરીકેની માન્યતા આપવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૪. જે. એન્ડ જે. કૉલેજ ઑફ સાયન્સ, નડિયાદના આંકડાશાસ્ત્રના પ્રાધ્યાપક શ્રી. બી. એન. શાહને એમ.એસસી પાર્ટ ૨ના ગણિતશાસ્ત્રના વિષયના અભ્યાસક્રમમાં ૧૯૭૪ના જૂનથી ઉમેરાયેલ પ્રશ્નપત્ર એક્સ્ટ્રેકટ મેજર થિયરી ઍન્ડ પ્રોબેબિલિટી અંગેનું શિક્ષણકાર્ય કરવા માન્યતા આપવા અંગે કૉલેજના આચાર્યશ્રી તરફથી આવેલ પત્ર પર વિચારણા કરવા બાબત.

જે. એન્ડ જે. કૉલેજ ઑફ સાયન્સ, નડિયાદના આંકડાશાસ્ત્રના પ્રાધ્યાપક શ્રી. બી. એન. શાહને ગણિતશાસ્ત્ર વિષયના અભ્યાસક્રમમાં આવતા એક્સ્ટ્રેકટ મેજર થિયરી ઍન્ડ પ્રોબેબિલિટી ભાગ પૂરતું શિક્ષણકાર્ય કરવા માટે માન્યતા આપવાની તે કૉલેજના આચાર્યશ્રીની વિનંતી સ્વીકારવી નહીં.

વધુમાં ઠરાવવામાં આવે છે કે જે. એન્ડ જે. કૉલેજ ઑફ સાયન્સ, નડિયાદમાં સ્થાપવામાં આવેલ ગણિતશાસ્ત્રના અનુસ્નાતક કેન્દ્ર માટે નિયમાનુસાર જરૂરી સ્થાનિક શિક્ષકગણ પર માન્યતા ધરાવતા એવા શિક્ષકની નિમણૂક કરવા તે કૉલેજના આચાર્યશ્રીને જણાવવું.

૫. વિવેકાનંદ કૉલેજ ઑફ એજ્યુકેશન, અમદાવાદના શિક્ષણશાસ્ત્રના પ્રો. ચંદ્રકાંત દયાશંકર ત્રિવેદીની એમ.એડ. એજ્યુકેશનના વિષયમાં માન્ય અનુસ્નાતક શિક્ષક તરીકે માન્યતા માટેની અરજી પર વિચારણા કરવા બાબત.

વિવેકાનંદ કૉલેજ ઑફ એજ્યુકેશન, અમદાવાદના શિક્ષણશાસ્ત્રના પ્રોફેસર શ્રી. ચંદ્રકાન્ત દયાશંકર ત્રિવેદીને એમ.એડ. શિક્ષણશાસ્ત્રના વિષયમાં તા. ૧૪-૬-૧૯૭૫ સુધી માન્ય અનુસ્નાતક શિક્ષક તરીકેની માન્યતા આપવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૬. વિજ્ઞાન વિદ્યાભવન, અમદાવાદ-૯ના વ્યાખ્યાતા શ્રી. ઇન્દ્રવદન એમ. ભટ્ટને ફિઝિકલ અને ઇનઑર્ગેનિક કેમિસ્ટ્રી ઉપરાંત એનાલિટિકલ કેમિસ્ટ્રી વિષયમાં માન્ય અનુસ્નાતક શિક્ષક તરીકેની માન્યતા માટેની તેમની અરજી પર વિચારણા કરવા બાબત.

વિજ્ઞાન વિદ્યાભવન, અમદાવાદના વ્યાખ્યાતા ડૉ. ઇન્દ્રવદન એમ. ભટ્ટને ફિઝિકલ અને ઇનઑર્ગેનિક કેમિસ્ટ્રી ઉપરાંત એનાલિટિકલ કેમિસ્ટ્રીના વિષયમાં માન્ય અનુસ્નાતક શિક્ષક તરીકેની માન્યતા આપવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૭. વિજ્ઞાન વિદ્યાભવન, અમદાવાદના વ્યાખ્યાતા શ્રી. આઈ. જી. વશીને ઑર્ગેનિક કેમિસ્ટ્રી ઉપરાંત એનાલિટિકલ કેમિસ્ટ્રીના વિષયમાં માન્ય અનુસ્નાતક શિક્ષક તરીકેની માન્યતા માટેની તેમની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

વિજ્ઞાન વિદ્યાભવન અમદાવાદના વ્યાખ્યાતા ડૉ. આઈ. જી. વશીને ઑર્ગેનિક કેમિસ્ટ્રી ઉપરાંત એનાલિટિકલ કેમિસ્ટ્રીના વિષયમાં માન્ય અનુસ્નાતક શિક્ષક તરીકેની માન્યતા આપવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૮. એમ.ડી., એમ.એસસી.(મેડ.) ફિઝિયોલોજી વિષયમાં અનુસ્નાતક શિક્ષક તરીકેની માન્યતા ધરાવતા શિક્ષક ડૉ. આર. સી. શાહની એમ. ડી. એસ. ફિઝિયોલોજી વિષયમાં અનુસ્નાતક શિક્ષક તરીકેની માન્યતા માટે આવેલી અરજી ઉપર વિચારણા કરવા બાબત.

બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદના શિક્ષક ડૉ. આર. સી. શાહને એમ.ડી. ફિઝિયોલોજી અને એમ. એસસી.(મેડ.) નૉનમેડિકલના ફિઝિયોલોજી વિષય ઉપરાંત એમ.ડી.એસ.ના વિષયમાં આવતા ફિઝિયોલોજી વિષયના માન્ય અનુસ્નાતક શિક્ષક તરીકેની માન્યતા આપવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

વધુમાં એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવા કે જ્યાં એક જ વિષય અન્ય પદવીના અભ્યાસક્રમમાં એલાઈડ વિષય તરીકે શીખવવામાં આવતો હોય ત્યાં વધુમાં વધુ બે પદવી પરીક્ષા માટે શિક્ષકને માન્ય અનુસ્નાતક શિક્ષક અથવા માન્ય અનુસ્નાતક શિક્ષકના મદદનીશ શિક્ષક તરીકેની માન્યતા આપવાનું રાખવું.

૯. એકિઝકયુટિવ કાઉન્સિલે તેની તા. ૨૩-૨-૧૯૭૪ની સભામાં અનુસ્નાતક શિક્ષકની માન્યતા-(પ્રોસ્ટ-ગ્રેજ્યુએટ રેકગ્નિશન)ના હેતુ માટે જોઈતા અનુભવમાં ટ્યૂટર-ડેમોન્સ્ટ્રેટર અથવા જુનિયર વ્યાખ્યાતા તરીકેના બે વર્ષથી વધુ નહીં તેટલો તેનો અનુભવ તેના શૈક્ષણિક અનુભવ તરીકે ગણવામાં આવે તેમ ઠરાવ્યું હોવાથી તેના સંદર્ભમાં ઑર્ડિ. ૬૫-એફ(૧)માં નોંધ ૫ હેઠળ નોંધ ૬ તરીકે તથા ઑર્ડિ. ૬૫-એમ(૧)માં નોંધ ૩ હેઠળ નોંધ ૪ તરીકે નીચેનો ભાગ ઉમેરવા અંગે વિચારણા કરવા બાબત :

"In case of a Tutor-Demonstrator, who possesses the necessary qualification for being appointed as a lecturer, the teaching experience gained by him in the said post shall be considered for his recognition to a maximum period of two years only. The rest of the required teaching experience shall be as per rules in force from time to time."

માન્ય અનુસ્નાતક શિક્ષક તરીકે તથા માન્ય અનુસ્નાતક શિક્ષકના મદદનીશ શિક્ષક તરીકેની માન્યતા આપવાના અનુક્રમે સુધારેલા ઑર્ડિ. ૬૫-એફ(૧) નોંધ ૫ હેઠળ નોંધ ૬ તરીકે તથા ઑર્ડિ. ૬૫-એમ(૧)ની નોંધ ૩ હેઠળ નોંધ ૪ તરીકે નીચેના ભાગ ઉમેરવા એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવી :

"In case of a Tutor-Demonsirator, who possesses the necessary qualification for being appointed as a lecturer, the teaching experience gained by him in the said post, shall be considered for the recognition to a maximum period of two years only. The rest of the required teaching experience shall be as per rules in force from time to time."

૧૦. બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદમાં એમ.એસસી.(મેડ.) ફૉર નૉન-મેડિકલ સ્ટુડન્ટ્સ ફિઝિયોલોજી વિષયમાં અનુસ્નાતક કેન્દ્ર માટેની અરજી બાબતમાં એકિઝકયુટિવ કાઉન્સિલે નીમેલ સ્થાનિક તપાસસમિતિ તરફથી આવેલ અહેવાલ ઉપર વિચારણા કરવા બાબત.

બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદમાં એમ. એસસી.(મેડ.) નૉન-મેડિકલના ફિઝિયોલોજી વિષયમાં જૂન ૧૯૭૪ થી અનુસ્નાતક કેન્દ્ર પ્રત્યેક વર્ષે ૧ શિક્ષક દીઠ એક વિદ્યાર્થી લેખે દાખલ કરવાની શરતે, સ્થાપવા માટેની પરવાનગી આપવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

બાબત નં. ૧૧ અને ૧૮ની વિચારણા એકસાથે કરવામાં આવી.

૧૧. આચાર્યશ્રી સી. એલ. શાસ્ત્રીના નીચેના પ્રસ્તાવો એકિઝકયુટિવ કાઉન્સિલે તેની તા. ૨૭-૪-૧૯૭૪ની સભામાં આ બોર્ડની વિચારણા માટે મોકલેલા હોઈ તે અંગે વિચારણા કરવા બાબત :

(૧) આખા ઉત્તર ભારતમાં સામાન્ય રીતે એવું જોવા મળે છે કે સ્નાતક અને અનુસ્નાતક કક્ષાનું શિક્ષણ કૉલેજો પણ આપે છે. ત્યાં ડિગ્રી અને પોસ્ટ-ગ્રેજ્યુએટ કૉલેજો (ભેગી અથવા ભિન્ન) હોય છે. તે પ્રથાને મોટે ભાગે અનુસરી યુ.જી.સી અને કેન્દ્રીય સરકાર, શિક્ષકો અને શિક્ષણસંસ્થાઓની સીનિયોરિટી, આર્થિક મદદ વગેરે નક્કી કરે છે એટલે કે

અનુસ્નાતક શિક્ષકને અતિ મહત્ત્વ આપીને શિક્ષક અને સંસ્થાઓને તે રીતે જ મૂલવવામાં આવે છે. ગુજરાત યુનિવર્સિટી ઍક્ટના કોઈ મૂળભૂત અનપેક્ષાર્થ ઘટનને કારણે ગુજરાત યુનિવર્સિટીએ અનુસ્નાતક શિક્ષણ સંલગ્ન કૉલેજોને ન આપવું એવો નિર્ણય લીધેલ લાગે છે તેથી યુનિવર્સિટી ડિપાર્ટમેન્ટ ખોલવામાં આવ્યાં હોય અને અનુસ્નાતક કેન્દ્રો બહારગામ ખોલવાની યુનિવર્સિટીએ વ્યવસ્થા કરી. છતાં સારા અને પોતાના વિષયને ખૂબ ન્યાય આપે એવા ઘણા છતાં શિક્ષકો અનુસ્નાતક કાર્ય કરી શકતા નથી જેથી તેમને સીનિયોરિટી, પગારધોરણ વગેરેમાં સહન કરવું પડે છે એ હકીકત છે. તો જે સંલગ્ન કૉલેજ અનુસ્નાતક શિક્ષણ આપવા માંગતી હોય તેને જે તે વિષયનું અનુસ્નાતક શિક્ષણ આપવા માટે માન્યતા આપવી જોઈએ તથા તે અંગે તાત્કાલિક ઘટતા નિયમો કરવામાં આવે એવી વિનંતી એક્ઝિકયુટિવ કાઉન્સિલને કરું છું.

(૨) અનુસ્નાતક કક્ષાએ જે શિક્ષકો શિક્ષણકાર્ય કરવાની તક મેળવે છે તેમણે ત્રણ રિસર્ચ પેપરો લખવાનું યુનિવર્સિટીએ નક્કી કરેલ છે. હવે એટલા બધા પેપર્સ ભારતમાં પ્રખ્યાત સંશોધન સામયિકોમાં છપાય એ સંભવિત લાગતું નથી, કારણ કે તે પેપર્સની સંખ્યા ઘણી મોટી હશે તેથી બધા છપાય એમ માનવું શકય નથી. તો અનુસ્નાતક શિક્ષણકાર્ય કરતા શિક્ષકો માટે આવી ત્રણ સંશોધનપત્ર લખવાની શરત અનિવાર્ય ન રાખવી જોઈએ અથવા છપાવવાની શરત ન રાખવી જોઈએ એવી વિનંતી હું એક્ઝિકયુટિવ કાઉન્સિલને કરું છું અને ઑર્ડિ. ૬૫-એફ(૧) તથા એમ(૧) હેઠળની આ જોગવાઈ રદ કરવા વિનંતી કરવામાં આવે છે.

અને

૧૮. ભવન્સ આર. એ. કૉલેજ ઑફ સાયન્સ, અમદાવાદના પ્રાધ્યાપક શ્રી. પી. એફ. પટેલના પ્રસ્તાવ પરથી અનુસ્નાતક શિક્ષકોની માન્યતા ચાલુ રાખવાની બાબતમાં ઓછામાં ઓછા ત્રણ સંશોધન-લેખો પ્રકાશિત કરવા માટે જે જરૂરિયાત નિયત કરવામાં આવી છે તે અંગે પુનર્વિચારણા માટે ઍકેડિમિક કાઉન્સિલને તેની તા. ૩૦-૫-૧૯૭૪ની સભામાં કરેલ ભલામણ પર વિચારણા કરવા બાબત.

આચાર્ય સી. એલ. શાસ્ત્રીના ઉપરના બે પ્રસ્તાવોમાંથી પ્રસ્તાવ નં. ૧ કે જે સંલગ્ન કૉલેજોમાં અનુસ્નાતક કેન્દ્ર સ્થાપવા અંગે છે તે સ્વીકારી શકાય તેમ નથી તેવી એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

વધુમાં આ સભા ઍકેડેમિક કાઉન્સિલને ભલામણ કરે છે કે હાલમાં માન્યતા ધરાવતા એવા તમામ માન્ય અનુસ્નાતક શિક્ષક તથા માન્ય અનુસ્નાતક શિક્ષકના મદદનીશ શિક્ષકો તેમની માન્યતા લંબાવી આપવા માટે ઑર્ડિ. ૬૫-એફ(૧) અને ઑર્ડિ. ૬૧-એમ(૧) હેઠળ કરેલી જોગવાઈથી પ્રકશિત થયેલા સંશોધન પેપરો/લેખો/મોનોગ્રાફ આવશ્યક ગણ્યાં છે તેને બદલે "been accepted or published" શબ્દો ઉમેરી જે તે પ્રોવિઝો નીચે મુજબ વંચાય તે રીતે સુધારવા :

ઑર્ડિ. ૬૫-એફ (૧) હેઠળ કરેલી જોગવાઈ (માન્ય અનુ. શિક્ષક માટે)

"Notwithstanding anything contained above, those teachers who have already been recognised as post-graduate teachers on or before 14th June, 1972 shall continue to be recognised as post-graduate teachers in their respective subjects or papers, as the case may be, for a period of two years during

which period such teachers shall be required as a condition for further renewal of their recognition to have to their credit published or accepted for publication at least three research papers or three articles of high quality or a monograph in a subject provided that their research papers, or articles or the monograph, as the case may be as adjudged by a competent person to be of a sufficiently high quality.

ઓર્ડિ. ૫-એમ(૧) હેઠળની જોગવાઈ (મદદનીશ અનુસ્નાતક શિક્ષક માટે)

(2) (*a*) Those teachers who have been recognised as Assistants to recognised Post-graduate teachers on or before 14th June, 1972 shall continue to be recognised as Assistants to Post-graduate teachers in their respective subjects or papers, as the case may be, for a period of two years during which period such teachers shall be required as a condition of renewal of their recognition, to have to their credit published or accepted for publication at least three research papers other than his Ph.D. work, or the monograph, if any, which shall be adjudged by an expert. "

૧૨. સનદી હિસાબનીશ (ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ)ને પીએચ.ડી. પદવી માટે સંશોધન હાથ ધરવા માટે પ્રવેશપાત્રતા અંગે ધી ઇન્સ્ટિટ્યૂટ ઑફ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ ઑફ ઇન્ડિયા, ન્યૂ દિલ્હી તરફથી આવેલ તા. ૧૬-૫-૧૯૭૩ના પત્રાંક આર. સી. પી. ૮૦-૭૧ પરત્વે વિચારણા કરવા બાબત.

ધી ઇન્સ્ટિટ્યૂટ ઑફ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ ઑફ ઇન્ડિયા, ન્યૂ દિલ્હીની તા. ૧૬-૯-૧૯૭૩ના આર.પી. ૮૦-૭૧ની વિનંતી અનુસાર આ યુનિવર્સિટીની પીએચ.ડી. ડિગ્રીના પ્રવેશ માટે ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સને એમ.કૉમ. સમકક્ષ ગણી પીએચ.ડી પ્રવેશ માટે પાત્ર ગણવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૧૩. આ યુનિવર્સિટીના પીએચ.ડી. પદવી માટેના ઓર્ડિ. ૩૧૫(*i*)માં કરેલી જોગવાઈ મુજબ વિદ્યાર્થીએ પોતાનો મહાનિબંધ રજૂ કરતાં પહેલાં પીએચ.ડી. ટ્રાન્સલેશન ટેસ્ટ પસાર કરેલો હોવો આવશ્યક ગણેલો છે તે જોગવાઈ રદ કરવા અને તેને સ્થાને આધુનિક સાધનોના પ્રૅક્ટિકલ ટ્રેનિંગનો ટૂંકા ગાળાનો અભ્યાસક્રમ અથવા કૉમ્પ્યુટરની પ્રૅક્ટિકલ ટ્રેનિંગ દાખલ કરવા અંગે ગુજરાત યુનિવર્સિટી રિસર્ચ સ્કૉલર ઍસોસિયેશન, અમદાવાદ તરફથી આવેલા સૂચન પરત્વે વિચારણા કરવા બાબત.

ગુજરાત યુનિવર્સિટી રિસર્ચ સ્કૉલર ઍસોસિયેશનનો પત્ર વિજ્ઞાન વિદ્યાશાખાની વિચારણા માટે મોકલવો.

૧૪. શ્રી. જે. એસ. જોષીને માયક્રોબાયોલોજી વિષયમાં પીએચ.ડી. પદવી માટે બાહ્ય માર્ગદર્શક શિક્ષક ડૉ. પ્રફુલ્લ જે. દવે, એમ.એસ. યુનિવર્સિટી, વડોદરાના માર્ગદર્શન હેઠળ ઓર્ડિ. ૩૨૪-બી અન્વયે નોંધવા માટે પરવાનગી માટેની તેમની અરજી પર વિચારણા કરવા બાબત.

આ યુનિવર્સિટીના ઓર્ડિ. ૩૨૪-બી અનુસાર શ્રી. જે. એસ. જોશીને માયક્રોબાયોલોજી વિષયમાં પીએચ.ડી. પદવી માટે એમ.એસ. યુનિવર્સિટી ઑફ બરોડા, બરોડાના શિક્ષક ડૉ. પ્રફુલ્લ જે. દવેના માર્ગદર્શન હેઠળ નોંધવા પરવાનગી આપવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૧૫. કુલપતિશ્રીનાં નીચેનાં કાર્યોની નોંધ લેવા બાબત :

(૧) આ યુનિવર્સિટી સાથે જોડાયેલ કૉલેજો-સંસ્થાઓમાં કામ કરતા સાથેની યાદીમાં દર્શાવેલ શિક્ષકોને માન્ય અનુસ્નાતક શિક્ષક તરીકે માન્યતા આપવાના.

(૨) આ યુનિવર્સિટી સાથે જોડાયેલ કૉલેજો–સંસ્થાઓમાં કામ કરતા સાથેની યાદીમાં દર્શાવેલ શિક્ષકોની માન્ય અનુસ્નાતક શિક્ષક તરીકેની માન્યતા માટેની અરજી નામંજૂર કર્યાના.

(૩) આ યુનિવર્સિટી સાથે જોડાયેલ કૉલેજો–સંસ્થાઓમાં કામ કરતા સાથેની યાદીમાં દર્શાવેલ શિક્ષકોને માન્ય અનુસ્નાતક શિક્ષકના મદદનીશ શિક્ષક તરીકેની માન્યતા આપ્યાના.

(૪) આ યુનિવર્સિટી સાથે જોડાયેલ કૉલેજો–સંસ્થાઓમાં કામ કરતા સાથેની યાદીમાં દર્શાવેલ અનુસ્નાતક શિક્ષકો–મદદનીશ શિક્ષકોની માન્યતા એક કૉલેજમાંથી બીજી કૉલેજમાં બદલી આપ્યાના.

(૫) ડૉ. એમ. એન. દેસાઈના માર્ગદર્શન હેઠળ પીએચ.ડી. પદવી રસાયણવિજ્ઞાનના વિષયમાં નોંધાયેલા વિદ્યાર્થીઓ સર્વશ્રી (૧) જે. એસ. જોશી, અને (૨) આર. આર. શાહને તેમનો પીએચ.ડી. પદવીનો મહાનિબંધ ડૉ. દેસાઈ પરદેશ જવાને કારણે ખાસ કેસ તરીકે તા. ૩૦–૯–૧૯૭૪ સુધીમાં રજૂ કરવાની પરવાનગી આપ્યાના.

કુલપતિશ્રીનાં ઉપરનાં કાર્યોની નોંધ લેવી.

નોંધ. –

(૧) માન્ય અનુ. શિક્ષક તરીકેની માન્યતા આપેલ શિક્ષકોની યાદી **પરિશિષ્ટ "ક"** તરીકે સામેલ છે.

(૨) માન્ય અનુ. શિક્ષક તરીકેની માન્યતા ન આપેલા શિક્ષકોની યાદી **પરિશિષ્ટ "ખ"** તરીકે સામેલ છે.

(૩) માન્ય અનુસ્નાતક શિક્ષકના મદદનીશ શિક્ષક તરીકેની માન્યતા આપેલ શિક્ષકોની યાદી **પરિશિષ્ટ "ગ"** તરીકે સામેલ છે.

(૪) માન્ય અનુસ્નાતક શિક્ષકો અને માન્ય અનુસ્નાતક શિક્ષકોના મદદનીશ શિક્ષકોની માન્યતા બદલી આપી તે શિક્ષકોની યાદી **પરિશિષ્ટ "ઘ"** તરીકે સામેલ છે.

૧૬. નીચેની કૉલેજોમાં તેમનાં નામ સામે જણાવેલ વિષયનાં અનુસ્નાતક કેન્દ્રોની ત્રિવાર્ષિક તપાસ અંગે તે માટેની સમિતિ તરફથી આવેલ અહેવાલ ઉપર વિચારણા કરવા બાબત :

ક્રમાંક	કૉલેજ–સંસ્થાનું નામ	પદવી	વિષય
૧.	ગુજરાત કૉલેજ, અમદાવાદ	એમ.એ.	ઉર્દૂ
૨.	એમ. જી. સાયન્સ ઇન્સ્ટિટ્યૂટ, અમદાવાદ	એમ.એસસી.	જિયોલોજી
૩.	શેઠ ભો. જે. અધ્યયન અને સંશોધન વિદ્યાભવન, અમદાવાદ	એમ.એ.	ભારતીય સંસ્કૃતિ
૪.	આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, પાટણ	એમ.એ.	સંસ્કૃત
૫.	જે. ઍન્ડ જે. કૉલેજ ઑફ સાયન્સ, નડિયાદ	એમ.એસસી.	માઇક્રોબાયોલોજી
૬.	જે. ઍન્ડ જે. કૉલેજ ઑફ સાયન્સ, નડિયાદ	એમ.એ. એમ.એસસી.	મૅથેમેટિકસ ગ્રુપ
૭.	એમ. એન. કૉલેજ, વીસનગર	એમ એ. એમ એસસી.	મૅથેમેટિકસ ગ્રુપ
૮.	સર પી. ટી. સાયન્સ કૉલેજ, મોડાસા	એમ.એ. એમ.એસ.સી.	મૅથેમેટિકસ ગ્રુપ
૯.	બી. ડી. કૉલેજ, અમદાવાદ	એમ.એ.	હોમ સાયન્સ

ઉપરની કૉલેજોમાં સ્થાપવામાં આવેલા વિષયોના અનુસ્નાતક કેન્દ્રોની તપાસાર્થે જે ત્રિવાર્ષિક તપાસ-સમિતિ નીમવામાં આવેલી તે તપાસસમિતિઓના અહેવાલોની નોંધ લેવી અને તે અહેવાલોનીનકલ જે તે કૉલેજ—સંસ્થાઓમાં મોકલી તેમાં રહેલી ક્ષતિઓ દૂર કરી રિપોર્ટ મોકલી આપવા તથા રિપોર્ટમાં જણાવ્યા પ્રમાણે શરતોનું પાલન કરવા જે તે કૉલેજને જણાવવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

(અહેવાલોની નકલ **परिशिष्ट "च"** તરીકે સામેલ છે.)

૧૭. આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, ભાદરણના રસાયણ પ્રોફેસર આર. પી. પટેલને તેમની શૈક્ષણિક લાયકાત અને અનુભવના આધારે ઑર્ગેનિક કેમિસ્ટ્રી ઉપરાંત ઍનાલિટિકલ કેમિસ્ટ્રીના વિષયમાં માન્યતા આપવા અંગે વિચારણા કરવા બાબત

આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, ભાદરણના પ્રા. આર. પી પટેલને ઑર્ગેનિક કેમિસ્ટ્રી ઉપરાંત ઍનાલિટિકલ કેમિસ્ટ્રી વિષયમાં તા. ૧૪-૬-૧૯૭૧ સુધી માન્ય અનુસ્નાતક શિક્ષક તરીકેની માન્યતા આપવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

બાબત નં. ૧૮ની વિચારણા બાબત નં. ૧૧ સાથે કરવામાં આવી.

૧૯. આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, ભાદરણના આચાર્યશ્રી તરફથી તેમની કૉલેજમાં ઑર્ગેનિક કેમિસ્ટ્રી વિષયમાં અનુસ્નાતક કેન્દ્ર સ્થાપવા માટે આવેલી વિનંતી પર વિચારણા કરવા બાબત.

આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, ભાદરણમાં એમ.એસસી. પદવી ઑર્ગેનિક કેમિસ્ટ્રી વિષયમાં જૂન ૧૯૭૪થી અનુસ્નાતક કેન્દ્ર સ્થાપવા માટેની તે કૉલેજના આચાર્યશ્રીની વિનંતી સ્વીકારી શકાય તેમ નથી તેવી એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી

વધુમાં ઠરાવવામાં આવે છે કે શૈક્ષણિક વર્ષ ૧૯૭૪—૭૫ દરમ્યાન ફક્ત પાર્ટ ૧ માટેનું રસાયણ-શાસ્ત્ર વિષયનું અનુસ્નાતક કેન્દ્ર ખાસ કેસ તરીકે ચાલુ રાખવાની પરવાનગી આપવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૨૦. એમ.એસસી પાર્ટ ૨ના વર્ગમાં આ વર્ષ પૂરતા વધુમાં વધુ ૪૦ વિદ્યાર્થીઓને દાખલ કરવા માટેના પી. બી. સાયન્સ કૉલેજ, કપડવંજના આચાર્યશ્રીની વિનંતી પર વિચારણા કરવા બાબત.

એમ.એસસી. પાર્ટ ૨ના વર્ગમાં શૈક્ષણિક વર્ષ ૧૯૭૪-૭૫ દરમ્યાન વધુમાં વધુ ૪૦ વિદ્યાર્થી-ઓને પ્રવેશ આપવાની પી. બી. સાયન્સ કૉલેજ, કપડવંજના આચાર્યશ્રીની વિનંતી સ્વીકારવી તથા રસાયણશાસ્ત્રના વિષયમાં અન્ય કૉલેજોમાં સ્થાપવામાં આવેલાં અનુસ્નાતક કેન્દ્રોમાં પણ પાર્ટ ૨ માટે અમુક જ સંખ્યામાં પ્રવેશ આપવો તેવો આગ્રહ નહીં રાખવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૨૧. "જુનિયર રિસર્ચ ફેલોશિપ ઇન સાયન્સ ઍન્ડ હ્યુમેનિટીઝ ઇન્કલ્યુડિંગ સોશિયલ સાયન્સીઝ—ઓપ્રેકેશન ઑફ ફંડ્ઝ ફૉર ઈમ્પ્લીમેન્ટેશન ઑફ સ્કીમ ડયુરિંગ ૧૯૭૪-૭૫ અંગે યુનિ. ગ્રાન્ટ્સ કમિશન, ન્યૂ દિલ્હીના સેક્રેટરી તરફથી આવેલા તા. ૧૩-૬-૧૯૭૪ના પત્રાંક એફ. ૪-૧-૭૪ આર.એફ. જાણ સારુ

યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન, ન્યૂ દિલ્હીના સેક્રેટરી તરફથી આવેલા ઉપરના પત્રની નોંધ લેવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

ડા. હ. પટેલ
કુલસચિવ વતી.

પરિશિષ્ટ "ક"

કુલપતિશ્રીએ માન્યતા આપેલ માન્ય અનુસ્નાતક શિક્ષકોની યાદી

ક્રમાંક	શિક્ષકનું નામ	પદવી	વિષય	કૉલેજ/સંસ્થાનું નામ
(૧)	શ્રી પી. એસ. દરજી, એમ.એ.,પીએચ.ડી.,	પીએચ.ડી.	ગુજરાતી	લુણાવાડા આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, લુણાવાડા
(૨)	શ્રી. બી. આર. પટેલ, એમ.એ , પીએચ.ડી.	પીએચ.ડી.	ગુજરાતી	આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, બોરસદ
(૩)	શ્રી સી. આર. દવે, એમ એ.	એમ.એ.	,,	ગવર્નમેન્ટ આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ ગાંધીનગર
(૪)	,, એચ. સી વ્યાસ, એમ.એ.. પીએચ ડી.	એમ.એ.	,,	આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, મોડાસા
(૫)	,,			
(૬)	,, સી. ટી. જોશી. એમ એ ,પીએચ ડી.	એમ.એ.	હિંદી	આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, ડભોઈ
(૭)	શ્રીમતી એચ. એ. શ્રીવાસ્તવ એમ.એ.	એમ એ.	,,	વિવેકાનંદ કૉલેજ ઑફ આર્ટ્સ, અમદાવાદ-૨૨
(૮)	શ્રી. બી. એચ ગુર્જર, એમ.એ.	એમ.એ.	,,	એલ. એચ. સાયન્સ કૉલજ, માણસા
(૯)	,, એન. એન. ગોસ્વામી, એમ.એ. પીએચ.ડી.	એમ.એ.	,,	આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, ઈડર
(૧૦)	,, અરુણકુમાર ભટ્ટ, એમ.એ.	એમ.એ.	અંગ્રેજી	કૉલેજ ઑફ આર્ટ્સ એન્ડ સાયન્સ, પાટણ
(૧૧)	શ્રી. જે. એન. દવે, એમ.એ.	એમ એ.	ઇતિહાસ જૂથ 'એ' અને 'બી'	એલ. ડી. આર્ટ્સ કૉલેજ, નવરંગપુરા, અમદાવાદ
(૧૨)	,, જે. એન. વશી, એમ એ.	એમ એ.	સાયકોલોજી	સી બી. પટેલ આર્ટ્સ કૉલેજ, નડિયાદ
(૧૩)	,, વી. પી. શાહ એમ.એ.,પીએચ.ડી.	પીએચ.ડી.	સોશિયોલોજી	સમાજવિદ્યા ભવન, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ

ક્રમાંક	શિક્ષકનું નામ	પદવી	વિષય	કૉલેજ/સંસ્થાનું નામ
(૧૪)	શ્રીમતી સોહિણી ડી. ધ્રુવ, એમ.એ., એમ.એડ.	એમ.એડ.	એજ્યુકેશન	એસ. એલ. યુ. કૉલેજ ફૉર વિમેન, અમદાવાદ
(૧૫)	શ્રીમતી સુમન આર. દીવાનજી, એમ.એડ.	,,	,,	,,
(૧૬)	શ્રીમતી સદ્‌ગુણાબહેન એન. ત્રિવેદી, એમ.એ., એમ.એડ.	,,	,,	પ્રકાશ કૉલેજ ઑફ એજ્યુકેશન, અમદાવાદ
(૧૭)	શ્રી. એન. કે. પટેલ એમ.એ.,એમ.એડ.	,,	,,	,,
(૧૮)	,, એમ. એન. સથવાવવાળા, એમ.એસસી.	એમ.એસસી.	ફિઝિકસ	બી. સી. જે. સાયન્સ કૉલેજ, ખંભાત
(૧૯)	ડૉ. નરેન્દ્ર ભંડારી, એમ.એસસી.,પીએચ.ડી.	પીએચ.ડી.	ફિઝિકલ	ફિઝિકલ રિસર્ચ લેબોરેટરી, અમદાવાદ-૯
(૨૦)	ડૉ. કાનન શેષાદ્રિ, એમ.એસસી., પીએચ.ડી.	પીએચ.ડી.	પ્લાન્ટ ફિઝિયોલોજી (બોટાની)	ભાભા એટોમિક રિસર્ચ સેન્ટર, મુંબઈ
(૨૧)	ડૉ. જી. જે. પટેલ, એમ.એસસી.	એમ.એસસી.	ફિઝિકલ કેમિસ્ટ્રી	આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, પાટણ
(૨૨)	શ્રી. એ. એ. શેખ, એમ.એસસી., પીએચ.ડી.	એમ.એસસી.	ઑર્ગેનિક કેમિસ્ટ્રી	વિજ્ઞાન વિદ્યાભવન, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ
(૨૩)	,, જે. એમ. પરમાર, એમ.એસસી.	એમ.એસસી.	બોટાની	બોરસદ સાયન્સ એન્ડ લૉ કૉલેજ, બોરસદ
(૨૪)	,, એ. બી. વ્યાસ, એમ.એસસી., પીએચ.ડી.	પીએચ.ડી.	ઝૂલોજી	વિજ્ઞાન વિદ્યાભવન, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ
(૨૫)	,, આઈ. એચ. શેઠ, એમ.એસસી.પીએચ.ડી.	,,	મૅથેમેટિકસ	,,
(૨૬)	,, આર. ટી. રતાણી, એમ.એસસી.	એમ.એ. એમ.એસસી.	સ્ટેટિસ્ટિકસ	,,
(૨૭)	,, કે. બી. પંચાલ, એમ.એસસી.	એમ.કૉમ.	સ્ટેટિસ્ટિકસ	ગુજરાત કૉલેજ, અમદાવાદ-૬
(૨૮)	ડૉ. સનત ગિરિજાશંકર જોશી, એમ.ડી.	એમ.ડી. ઑબ. ૩	ઑબ્સ્ટેટ્રિકસ એન્ડ ગાયનેકૉલોજી	બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદ-૧

ક્રમાંક	શિક્ષકનું નામ	પદવી	વિષય	કૉલેજ/સંસ્થાનું નામ
(૨૯)	શ્રી. એસ. એ. મકવાણા, એમ.એ.,	એમ.કૉમ.	(૧) ઇકૉ. પૉલિસી એન્ડ પ્લાનિંગ (૨) કૉ-ઑપરેટિવ એન્ડ રુરલ ડેવલપમેન્ટ (૩) ઇન્ડસ્ટ્રી એન્ડ લેબર (૪) ઇકૉ. ઑફ એગ્રિકલ્ચર	સરકારી આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, ગાંધીનગર
(૩૦)	શ્રી. જી. એસ. શાહ, એમ.એ.	એમ.કૉમ.	(૧) ઇકૉનોમિક પૉલિસી એન્ડ પ્લાનિંગ (૨) મૉડર્ન ફિનાન્સ-પેપર ૧	આઈ. વી. પટેલ કૉલેજ ઑફ કૉમર્સ, નડિયાદ
(૩૧)	,, એમ. એચ. પંડ્યા, બી.કૉમ.,સી.એ.	એમ.કૉમ.	(૧) કૉસ્ટ એકા. -પેપર ૧ અને ૨ (૨) ઑડ.એકા -પેપર ૩ અને ૪	ટી. એસ. આર. કૉમર્સ કૉલેજ, પાટણ
(૩૨)	,, ડી. એન. પટેલ, એમ.એ.	*એમ.કૉમ.	(૧) ઇકૉ. પૉલિસી એન્ડ પ્લાનિંગ (૨) ઑર્ગેનાઇઝ્ડ માર્કેટ્સ	શ્રીમતી ટી. એસ. આર. કૉમર્સ કૉલેજ, પાટણ

(*એમ.એ. અર્થશાસ્ત્રની માન્યતા રદ કરીને)

ક્રમાંક	શિક્ષકનું નામ	પદવી	વિષય	કૉલેજ/સંસ્થાનું નામ
(૩૩)	શ્રી. જે. એમ. પટેલ, એમ.કૉમ.	એમ.કૉમ.	(૧) બિઝનેસ મૅનેજમેન્ટ (૨) કૉર્પો. ફાઇનાન્સ (૩) કૉસ્ટ એકા., પેપર ૧ (૪) ઍડ એકા., પેપર ૪	એસ. ડી. આર્ટ્સ ઍન્ડ બી. આર. કૉમર્સ કૉલેજ, માણસા
(૩૪)	ડૉ. આર. સી. શાહ,* એમ.એસસી. (મેડ.)	એમ.એસસી. (મેડ.) ફૉર નૉન-મેડિકલ સ્ટુડન્ટસ	ફિઝિયોલોજી	બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદ
(૩૫)	ડૉ. એમ. જી. અમીન* એમ.એસસી. (મેડ)	,,	,,	,,
	(*એમ.એસસી. (મેડ.) ફિઝિયોલોજીની માન્યતા રદ કરીને.)			
(૩૬)	ડૉ. એ. જી. અમીન, એમ.ડી., ડી.વી. ઍન્ડ ડી.	એમ.ડી., ડી.વી. ઍન્ડ ડી.	ડર્મેટોલોજી ઍન્ડ વેનેરિયોલોજી	શેઠ કે એમ. સ્કૂલ ઑફ પી. જી. મેડિસિન ઍન્ડ રિસર્ચ, અમદાવાદ.

પરિશિષ્ટ "ખ"

કુલપતિશ્રીએ અમાન્ય કરેલ અનુસ્નાતક શિક્ષકોની યાદી

ક્રમાંક	શિક્ષકનું નામ	પદવી	વિષય	કૉલેજ/સંસ્થાનું નામ
૧.	શ્રી. વી. બી. દવે	એમ.એ.	ગુજરાતી	વિવેકાનંદ કૉલેજ ઑફ કૉમર્સ ઍન્ડ લૉ, અમદાવાદ
૨.	શ્રી. એચ. પી. પટેલ	પીએચ.ડી.	,,	ગવર્નમેન્ટ આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, ગાંધીનગર
૩.	શ્રી. એમ. બી. દવે	એમ.એ.	,,	અમદાવાદ આર્ટ્સ કૉલેજ, અમદાવાદ
૪.	શ્રી. સી. એફ. રાઠોડ	એમ.એ.	અંગ્રેજી	પી. ટી. સાયન્સ કૉલેજ, મોડાસા.

ક્રમાંક	શિક્ષકનું નામ	પદવી	વિષય	કૉલેજ/સંસ્થાનું નામ
૫.	શ્રી. આઇ. એન. ગાંધી	એમ.એ.	અંગ્રેજી	આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, ધોળકા.
૬.	શ્રી. એ. એસ. વાસવાણી	એમ.એ.	,,	તોલાણી કૉલેજ ઑફ આર્ટ્સ ઍન્ડ સાયન્સ આદિપુર (કચ્છ)
૭.	શ્રી. એસ. એમ. જોશી	એમ.એ.	સંસ્કૃત	આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, મહુધા.
૮.	શ્રી. એન. જી. શુકલ	એમ.એ.	અર્થશાસ્ત્ર જૂથ "ડો"	આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, મોડાસા.
૯.	શ્રી. એમ. ડી. મોટા	એમ.એ.	અર્થશાસ્ત્ર	એસ. વી. આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, માંડવી (કચ્છ).
૧૦.	શ્રી દીપિકા આર. કૉન્ટ્રાક્ટર	એમ.એ.	ફિલોસોફી	બી. ડી. કૉલેજ, અમદાવાદ.
૧૧.	શ્રી. સુમના એસ. શાહ	એમ.એ.	ભારતીય સંસ્કૃતિ	ભવન્સ આર. એ. કૉલેજ ઑફ આર્ટ્સ, અમદાવાદ.
૧૨.	શ્રી. જે. એમ. વ્યાસ	એમ.એડ.	એજ્યુકેશન	એસ. ટી. ટી. કૉલેજ, ખેડા.
૧૩.	શ્રી. એ. ડી. ત્રિવેદી	એમ.એડ.	,,	એસ. ટી. ટી. કૉલેજ, ખેડા.
૧૪.	શ્રી. એમ. ડી. ત્રિવેદી	એમ.એસસી.	ફિઝિકસ	એમ. એમ. સાયન્સ કૉલેજ, પાટણ.
૧૫.	શ્રી. એન. એન. વૈદ્ય	એમ.એસસી.	ઇનઑર્ગેનિક કેમિસ્ટ્રી	(શ્રીમતી) બી. સી. જલુંધવાલા સાયન્સ કૉલેજ, ખંભાત.
૧૬.	શ્રી. બી. બી. પટેલ	એમ.એસસી.	ફિઝિકલ કેમિસ્ટ્રી	બોરસદ સાયન્સ ઍન્ડ લૉ કૉલેજ, બોરસદ.
૧૭.	શ્રી. જી. સી. પટેલ	એમ.એસસી.	ગણિતશાસ્ત્ર	સી. યુ. શાહ સાયન્સ કૉલેજ, અમદાવાદ
૧૮.	શ્રી. એસ. એ. પટેલ	એમ.કૉમ.	ઇકોનોમિક	નવગુજરાત વાણિજ્ય મહાવિદ્યાલય, અમદાવાદ.
૧૯.	શ્રી. કે. એલ. શાહ	એમ.કૉમ.	કૉસ્ટ એકા. પેપર ૧-૨ એડ. એકા. પેપર ૩-૪	આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, ઊંઝા.
૨૦.	શ્રી. વી. એમ. જોશી	એમ.કૉમ.	ઑર્ગે. માર્કેટ્સ	સાબરમતી આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, સાબરમતી.

૨૧.	શ્રી. પી. પી. શાહ	એમ.કૉમ.	કૉસ્ટ. એકા. પેપર ૧-૨ એડ. એકા. પેપર ૩-૪	વડનગર આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, વડનગર.
૨૨.	શ્રી. આર. ડી. પટેલ	એમ.એ.	હિન્દી	આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, બોરસદ.
૨૩.	શ્રી. કે. જી. શાહ	એમ.એસસી.	ફિઝિકસ	એલ. એચ. સાયન્સ કૉલેજ, માણસા.
૨૪.	શ્રી. એમ. ડી. ત્રિવેદી	,,	,,	આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, પાટણ.
૨૫.	શ્રી. આઈ. સી. મુલ્લાન	એમ.એ.	અર્થશાસ્ત્ર	આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, ડભોઈ.

परिशिष्ठ "ग"

કુલપતિશ્રીએ માન્યતા આપેલ માન્ય અનુસ્નાતક શિક્ષકના મદદનીશ શિક્ષકોની યાદી

ક્રમાંક	શિક્ષકનું નામ	પદવી	વિષય	કૉલેજ/સંસ્થાનું નામ
(૧)	શ્રી. જે. એસ. બર્વે, એમ.એ.	એમ.એ.	હિંદી	આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, બાલાસિનોર
(૨)	શ્રીમતી જી. ટી. હીરા, એમ.એ.	,,	,,	સાબરમતી આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ
(૩)	શ્રી. આર. એમ. શાહ, એમ.એ.	,,	અંગ્રેજી	સિટી કૉમર્સ કૉલેજ, અમદાવાદ
(૪)	શ્રી. પી. એમ. મહેતા, એમ.એ.	,,	,,	સિટી કૉમર્સ કૉલેજ, અમદાવાદ
(૫)	શ્રી. જી. સી. પટેલ, એમ.એ.	,,	,,	ડી. સી. એમ. આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, વીરમગામ
(૬)	શ્રી. કે. વી. વોરા, એમ.એ.	,,	સંસ્કૃત	,,
(૭)	શ્રી. એચ. બી. પરીખ, એમ.એ.	,, જૂથ 'એ',અને 'બી'	ઈતિહાસ	અમદાવાદ આર્ટ્સ કૉલેજ, અમદાવાદ

ક્રમાંક	શિક્ષકનું નામ	પદવી	વિષય	કૉલેજ/સંસ્થાનું નામ
(૮)	શ્રી. એચ. એમ. શેઠ, એમ.એ.	એમ.એ.	અર્થશાસ્ત્ર	ભવન્સ આર. એ. કૉલેજ ઑફ આર્ટ્સ ઍન્ડ કૉમર્સ, અમદાવાદ
(૯)	શ્રી. ટી. સી. પટેલ, એમ.એ.	,,	,,	સિટી કૉમર્સ કૉલેજ, અમદાવાદ
(૧૦)	શ્રી. ડી. વી. ઉપાધ્યાય, એમ.એ.	,,	,,	,,
(૧૧)	શ્રીમતી નિર્મળા આર. બંગડીવાળા, એમ.એ.	,,	સાયકોલોજી	એસ. એલ. યુ. કૉલેજ ફોર વિમેન, અમદાવાદ
(૧૨)	શ્રી. એસ. એન. કાપડિયા, એમ.એડ.	એમ.એડ.	એજ્યુકેશન	વિવેકાનંદ કૉલેજ ઑફ એજ્યુકેશન, મહેસાણા
(૧૩)	શ્રી. કે. એમ. સોની, એમ.એસસી.	એમ.કૉમ.	સ્ટેટિસ્ટિકસ	સરકારી આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, ગાંધીનગર
(૧૪)	શ્રી. બી. જે. પંડ્યા, એમ.એ., એમ.એસસી.	*એમ.કૉમ.	,,	સેન્ટ ઝેવિયર્સ કૉલેજ, અમદાવાદ
	(*એમ.એસસી. સ્ટેટિસ્ટિકસની માન્યતા રદ કરીને.)			
(૧૫)	ડૉ. એમ. જે. મહેતા, એમ.ડી., ડિ.પેડ.	એમ.ડી. ડિ.પેડ.	પેડિયાટ્રિકસ	બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદ
(૧૬)	ડૉ. એચ. એ. બાળુ, અમ.ડી. ડી.એમ.આર.આઈ.	એમ.ડી. બ્રા. ૯	રેડિયોલોજી	બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદ
(૧૭)	ડૉ. સુધા નાગપાલ, એમ.એસ. (રાજસ્થાન)	એમ.ડી., ડી.જી.ઓ.	ઑબ્સ્ટેટ્રિકસ ઍન્ડ ગાયનેકોલોજી	,,
(૧૮)	ડૉ. એસ. એમ. કન્વિન્દે, એમ.ડી.	એમ.ડી.	પેથોલોજી ઍન્ડ બેકટીરિયોલોજી	એન. એચ. એલ. મ્યુનિસિપલ મેડિકલ કૉલેજ, અમદાવાદ
(૧૯)	ડૉ. સરલા આર. મોદી, એમ.એસસી.(U.K.)	*એમ.એસી. (મેડ.) ફોર નોન-મેડિકલ	બાયોકેમિસ્ટ્રી	મ્યુનિસિપલ મેડિકલ કૉલેજ, અમદાવાદ
	(*એમ.એસસી. (મેડ.)	બાયોકેમિસ્ટ્રીની માન્યતા	રદ કરીને.)	
(૨૦)	શ્રી. પોલાવરાપુરામ મોહનબાબુ, એમ.એસસી.	બી.એસસી. (એમ.એસસી.)		બી. એમ. ઈન્સ્ટિટ્યૂટ, અમદાવાદ

ક્રમાંક	શિક્ષકનું નામ	પદવી	વિષય	કૉલેજ/સંસ્થાનું નામ
(૨૧)	શ્રી. જે. જે. પુરોહિત, એમ.એ.	એમ.કૉમ.	ઇકૉનોમિક્સ પૉલિસી ઍન્ડ પ્લાનિંગ	અમદાવાદ કૉમર્સ કૉલેજ, અમદાવાદ
(૨૨)	શ્રી. બી. એમ. પટેલ, એમ.કૉમ.	,,	કૉસ્ટિંગ પેપર ૧થી ૪	સિટી કૉમર્સ કૉલેજ, અમદાવાદ
(૨૩)	શ્રી. આર. એમ. દવે, બી.એ., એલએલ.બી., એમ.બી.એ. (યુ.એસ.એ.)	,,	બિઝનેસ મૅનેજમેન્ટ	એન. સી. બોટીવાળા કૉમર્સ કૉલેજ, અમદાવાદ
(૨૪)	શ્રી. એ. પી. પટેલ	એમ.એ.	અંગ્રેજી	આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, ઊંઝા
(૨૫)	શ્રી. વી. એસ. પટેલ, એમ.એસસી.	એમ.એસસી.	સ્ટેટિસ્ટિકસ	મ્યુનિસિપલ આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, મહેસાણા
(૨૬)	શ્રી. એમ. સી. ભટ્ટ, એમ.કૉમ.	એમ.કૉમ.	૧. કૉર્પોરેશન ફાઇનાન્સ ૨. ઇન્ડસ્ટ્રિયલ મૅનેજમેન્ટ ૩. બિઝનેસ મૅનેજમેન્ટ ૪. ઑર્ગેનાઇઝ્ડ માર્કેટ્સ	સરદાર વલ્લભભાઈ કૉમર્સ કૉલેજ, અમદાવાદ
(૨૭)	શ્રી. એમ પી. ચૌહાણ, એમ.એ.	એમ.એ.	અર્થશાસ્ત્ર	ગુજરાત કૉલેજ, અમદાવાદ
(૨૮)	શ્રી. એન. બી. પંડ્યા, એમ.એ.	,,		ગવર્નમેન્ટ આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, ગાંધીનગર
(૨૯)	શ્રી. એસ. કે. દેસાઈ, અમ.એ.	,,	સાયકૉલોજી	અમદાવાદ આર્ટ્સ કૉલેજ, અમદાવાદ
(૩૦)	શ્રીમતી આર. બી. બિલિમોરિયા, એમ.એ.	ડી એસ.ઈ. એન.સી.	સ્પે. એજ્યુ. ફૉર નૉર્મલ ચિલ્ડ્રન	બી. એમ. ઇન્સ્ટિટ્યૂટ, અમદાવાદ
(૩૧)	શ્રી. વી. એ. પાઠક, એમ.કૉમ.	એમ.કૉમ.	કૉસ્ટિંગ	નવગુજરાત વાણિજ્ય મહાવિદ્યાલય, અમદાવાદ

પરિશિષ્ટ "ઘ"

કુલપતિશ્રીએ માન્ય અનુસ્નાતક શિક્ષક/માર્ગદર્શક શિક્ષકની માન્યતા એક કૉલેજ/સંસ્થામાંથી બીજી કૉલેજ/સંસ્થામાં બદલી આપી તેની યાદી

ક્રમાંક	શિક્ષકનું નામ	માન્યતાની પદવી	માન્યતાનો વિષય	અગાઉની કૉલેજ/સંસ્થાનું નામ	માન્યતાઓ આપી તે કૉલેજ/સંસ્થાનું નામ
(૧)	શ્રી. જે. પી. વ્યાસ (માર્ગદર્શક)	એમ.એ.	હિંદી	એમ. એન. કૉલેજ, વીસનગર	સી. યુ. શાહ સાયન્સ કૉલેજ, અમદાવાદ
(૨)	શ્રી. આર. એન. દવે (માર્ગદર્શક)	,,	અર્થશાસ્ત્ર	વડનગર આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, વડનગર	તોલાની કૉલેજ ઑફ આર્ટ્સ એન્ડ સાયન્સ, આદિપુર
(૩)	શ્રી. ડી. ડી. દવે (માર્ગદર્શક)	,,	સંસ્કૃત	સિટી આર્ટ્સ કૉલેજ, અમદાવાદ	જી. એલ. એસ. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ

ત્રિવાર્ષિક તપાસસમિતિના અહેવાલની વિગત

૧. કૉલેજ/સંસ્થાનું નામ : ગુજરાત કૉલેજ, અમદાવાદ

૨ પદવી અને વિષયનું અનુસ્નાતક કેન્દ્ર : એમ.એ., ઉર્દૂ

૩. અનુસ્નાતક કેન્દ્ર સ્થપાયાનું વર્ષ : મૂળ એ કેન્દ્ર મુંબઈ યુનિવર્સિટી સાથે સંકળાયેલું હતું. ગુજરાત યુનિવર્સિટીની સ્થાપના બાદ તેની સાથે સંલગ્ન છે.

૪ વિદ્યાર્થીઓની સંખ્યા :

(અ) યુનિવર્સિટીના નિયમ મુજબની સંખ્યાની પરવાનગી પ્રાપ્ત

સાલ	ભાગ ૧		ભાગ ૨	
	મુખ્ય વિષય	ગૌણ	મુખ્ય વિષય	ગૌણ
૧૯૭૧–૭૨	૧	૫	૦	૬
૧૯૭૨–૭૩	૦	૫	૦	૫
૧૯૭૩–૭૪	૨	૫	૦	૫

૫. અનુ. કેન્દ્ર માટેના સ્થાનિક શિક્ષણગણ અંગેની માહિતી :

ક્રમાંક	નામ	પ્રશ્નપત્ર	પ્રથમ સત્ર દિવસ	બીજું સત્ર દિવસ	તાસ–અઠવાડિયામાં
(૧)	ડૉ. એમ. એ. એચ. ફારૂકી (શિક્ષક)	૪(ગૌણ) અર્ધામાંથી અર્ધો	રવિવાર	—	બન્ને ટર્મમાં ૧ તાસ
	,,	૪(ગૌણ)	—	રવિવાર	
(૨)	ડૉ. એ. એન. કુરેશી (શિક્ષક)	એકે નહિ	એકે નહિ	એકે નહિ	એકે નહિ
(૩)	શ્રીમતી એસ. એમ. ઉરૈગી (શિક્ષક)	૨(મુખ્ય)	શુક્રવાર	શુક્રવાર	બંને ટર્મમાં ૨ તાસ
		૪(ગૌણ)	રવિવાર	રવિવાર	
(૪)	પ્રો. એમ. વી મારૂફ (શિક્ષક)	૧(ગૌણ)	રવિવાર	રવિવાર	૧ તાસ, બંને સત્રમાં
(૫)	પ્રો. જે. એમ. કાદરી (મદદનીશ)	૩(મુખ્ય)	શુક્રવાર	મંગળવાર	૨ તાસ, પ્રથમ સત્રમાં
	,,	૪(ગૌણ) અર્ધામાંથી અર્ધો	રવિવાર	—	૧ તાસમા બીજા સત્રમાં

૬. મુલાકાતી શિક્ષકો અંગેની માહિતી :

ક્રમાંક	નામ	પ્રશ્નપત્ર	પ્રથમ સત્ર દિવસ	બીજું સત્ર દિવસ	તાસ, અઠવાડિયામાં
(૧)	પ્રો. વી. એચ. અલવી (શિક્ષક)	૩–એ(મુખ્ય)	રવિવાર	રવિવાર	૧ તાસ, બન્ને સત્રમાં
(૨)	પ્રો. એન. એન. શેખ (શિક્ષક)	૧(ગૌણ)	,,	,,	,,
(૩)	પ્રો. શ્રીમતી એસ. એસ. કાદરી (મદદનીશ)	૨(મુખ્ય)	,,	શુક્રવાર	,,

૭. શીખવવામાં આવતો દરેક પ્રશ્ન કેટલા શિક્ષકો વચ્ચે ફાળવવામાં આવ્યો છે :

ભાગ	પ્રશ્નપત્ર	શિક્ષકગણ સ્થાનિક		શિક્ષકગણ મુલાકાતી
I	૧	પ્રો. એમ. વી. મારૂફ	+	પ્રો. એન. એન. શેખ
	૨	પ્રો. શ્રીમતી એસ. એમ. ઉરૈઝી	+	પ્રો. શ્રીમતી એસ એસ. કાદરી
	૩	પ્રો. જે. એમ. કાદરી	+	પ્રો. વી. એચ. અલવી

ભાગ	પ્રશ્નપત્ર	શિક્ષકગણ સ્થાનિક	શિક્ષકગણ મુલાકાતનો
II	૪	પ્રો. શ્રીમતી એસ. એમ. ઉરૈઝી ડૉ. એમ. એ. એચ. ફારૂકી પ્રો. જે. એમ. કાદરી	—
	૫	—	—
	૬	—	—

૮. વિનયન વિભાગને આ બાબત લાગુ પડતી નથી. વિજ્ઞાન વિભાગ અંગેની બાબતો છે.

૯. પુસ્તકાલય અંગેની માહિતી :

(૧) બધાં મળી ૧૪૨૧ જેટલાં છે. તે પૈકીનાં ૩૧૧ યુનિવર્સિટીએ અનુસ્નાતક વર્ગ માટે ખરીદવા જે ગ્રાન્ટ આપેલી તેમાંથી ખરીદવામાં આવેલાં છે.

(૨) સામયિકોની સંખ્યા : ૫

(૩) સુધારા અંગેનાં સૂચનો (બિડાણ નં. ૧માં)

૧૦. અન્ય કોઈ યોગ્ય મુદ્દા પરત્વેની નોંધ :

બિડાણ નં. ૧ તેમજ ૨ માં

ઉપરની વિગતોના આધારે સમિતિનો અહેવાલ :

બિડાણ નં. ૧માં

બિડાણ ૧

ત્રિવાર્ષિક તપાસસમિતિનો અહેવાલ

ગુજરાત કૉલેજ, અમદાવાદ

ઉર્દૂ અનુસ્નાતક કેન્દ્ર

ગુજરાત યુનિવર્સિટી તરફથી તા. ૨-૪-૧૯૭૫ના પત્રાંક અનુ. બી. ૦-૧૦૫-૧૯૭૪ મુજબ એક સભ્ય સમિતિના સભ્ય તરીકે હું ગુજરાત કૉલેજ (અમદાવાદ)માં ચાલતા ઉર્દૂ વિષયના અનુસ્નાતક કેન્દ્રની તપાસ માટે તા. ૧૭-૪-૧૯૭૪ ને બુધવારના રોજ ૧૧-૪૫ના અરસામાં ગયો હતો. આચાર્યશ્રી વી. જે. ત્રિવેદીની મારફત કેન્દ્રના વડા ડૉ. એ. એમ. એચ. ફારૂકીને મળીને તેમની સાથે ઉર્દૂ વિષયનું પુસ્તકાલય મેં જોયું હતું અને તે પછી કૉલેજના સ્ટાફ ઉપરના એ વિષયના માન્ય શિક્ષકગણ સાથે મારી મુલાકાત ગોઠવાઈ હતી. આ રીતે ત્યાં ચાલતા આ વિષયના અનુસ્નાતક શિક્ષણકાર્ય તથા તે અંગેની આવશ્યક માહિતી જે મેં મેળવી લીધી હતી તે સર્વનો અહેવાલ આ સાથે સામેલ છે.

તપાસ બાબતમાં જે કાંઈ મારે કહેવા જેવું છે તે નીચે મુજબ છે :

આ કૉલેજ ગુજરાત રાજ્યની સૌથી જૂની ઉચ્ચ કેળવણીની સંસ્થા છે અને તેમાં ઘણા લાંબા સમયથી આ વિષય શીખવાતો આવ્યો છે. રાષ્ટ્રની મુખ્ય ભાષાઓ પૈકીની ઉર્દૂ એક છે. તેનું સાહિત્ય

ચાલુ રખાતું રહે છે. તેથી સમય સાથે તેમાં પુસ્તકોનો વધારો થતો રહે છે. છતાં તે માટે માત્ર રૂ. ૩૦૦ ગ્રાન્ટ તરીકે ફાળવવામાં આવે અને તેમાંથી માત્ર રૂ. ૨૫૦ જેટલી રકમ ખર્ચાય તે યોગ્ય નથી. અનુસ્નાતક કેન્દ્ર માટે આટલી રકમની ગ્રાન્ટ ઘણી જ નજીવી લેખાય નવાં બહાર પડતાં પ્રકાશનો અને સામયિકો યોગ્ય સંખ્યામાં વધતાં રહે એ જરૂરી છે.

મુખ્ય વિષય તરીકે ઉર્દૂ લઈને બેસનારા વિદ્યાર્થીઓ કોઈક સાલ એકાદ બેની સંખ્યામાં આવે છે; પરંતુ ઉર્દૂ ગૌણ વિષય લઈને બેસનારાઓની સંખ્યા પાંચેક જેટલી પ્રતિ વર્ષે હોય છે એમ જણાયું.

યુનિવર્સિટીના આખા વિસ્તારમાં આ વિષય માટે આ એક જ કેન્દ્ર છે તેથી આ વિષયને પ્રોત્સાહન મળે તેમ કરવા પુસ્તકો અને સામયિકોનું પ્રમાણ બને તેટલું વધારવા માટે યોગ્ય પ્રબંધ થાય એ જરૂરી છે.

રવિવારના રોજ નિયમ (ઑ. ૬૫-પી (આઈ)) મુજબ બે વ્યાખ્યાનથી વિશેષ કામ કોઈ પણ કેન્દ્રમાં થઈ શકે નહિ. આ કેન્દ્રના પહેલી ટર્મના સમયપત્રકમાં લગભગ બધાં જ વ્યાખ્યાનો રવિવારે લેવાતાં હતાં અને માત્ર બે જ શુક્રવારે લેવાતાં હતાં અને બીજી ટર્મમાં પાંચ વ્યાખ્યાન રવિવારે રાખવામાં આવેલાં છે.

તદુપરાંત નિયમ (પી.જી. રૂલ નં. ૩૪ (એ)) મુજબ રવિવારે શિક્ષણકાર્ય માત્ર મુલાકાતી શિક્ષકોને આપવું જોઈએ. ડૉ. એમ. એચ. ફારૂકી, શ્રીમતી એસ. એમ. ઉરૈઝી, એમ. વી. મારૂફ અને પ્રો. જે. એમ. કાદરી સ્થાનિક શિક્ષકો છે અને તેઓને પણ રવિવારે શિક્ષણકાર્ય આપવામાં આવેલું છે.

વિશેષમાં નિયમ (પી. જી. રૂલ્સ નં. ૩૧ (એ)) મુજબ કોઈ પણ પરિસ્થિતિમાં એક પ્રશ્નપત્ર બે શિક્ષકોથી વધારે વચ્ચે ફાળવવો ન જોઈએ. અહીં પ્રથમ ટર્મમાં પ્રશ્નપત્ર ચોથો ત્રણ સ્થાનિક શિક્ષકો વચ્ચે ફાળવવામાં આવ્યો હતો.

આ બધી અનિયમિતતા પ્રોફેસર-ઇન-ચાર્જના ધ્યાન ઉપર લાવવામાં આવી ત્યારે તેમણે જણાવ્યું કે મને એ સર્વ બાબતની ખબર નથી.

આ કૉલેજના સ્ટાફ ઉપર કામ કરનારા માન્ય અનુસ્નાતક શિક્ષક પ્રો. ડૉ. એ. એન. કુરેશીએ મુલાકાત દરમિયાન તેમને શિક્ષણકાર્યની વહેંચણી બાબતમાં થયેલા અન્યાય વિશેની માહિતી મને આપતાં જણાવ્યું કે હું પોતે વર્ષોથી ઉર્દૂમાં અનુસ્નાતક શિક્ષક છું છતાં ઉર્દૂમાં અનુસ્નાતક શિક્ષણનું કાર્ય મને આપવામાં આવ્યું નથી. આમ કહી એ ફરિયાદની લેખિત વિગત એક અરજ તરીકે તેમણે મને આપી તે મૂળ નકલ આ સાથે બીડું છું. બીજી નકલ સાથે તેની નકલ છે એ બાબત અંગે સાંના પ્રોફેસર-ઇન-ચાર્જ ડૉ. એમ. એ. એચ. ફારૂકીને પૂછતાં તેમણે જણાવ્યું કે એ બાબત મારા ધ્યાન ઉપર લાવવામાં આવી ન હતી તેથી અનુસ્નાતક શિક્ષણનું કાર્ય ડૉ. એ. એન. કુરેશીને મેં સમયપત્રકમાં આપ્યું ન હતું.

છોટુભાઈ ર. નાયક

ત્રિવાર્ષિક તપાસસમિતિના હેવાલ માટેનું પત્રક

૧. કૉલેજનું નામ : એમ. જી. સાયન્સ ઇન્સ્ટિટ્યૂટ, અમદાવાદ

૨. પદવી : એમ.એસસી
વિષય : ભૂસ્તરવિદ્યા

૩. અનુસ્નાતક કેન્દ્ર સ્થપાયાનું વર્ષ : ૧૯૫૨

૪. વિદ્યાર્થીની સંખ્યા :

(અ) યુનિવર્સિટીએ કેટલા વિદ્યાર્થીઓને પ્રવેશ આપવાની પરવાનગી આપી છે ?

M.Sc. (Part I)	4
M.Sc. (Part II)	4

(બ) પ્રવેશ આપેલા વિદ્યાર્થીઓની સંખ્યા :

	Part I admitted	*left*	*Remaining at the end of year*	*Part II admitted*	*left*	*Remaining at the end of year*
1971–72	4	1	3	4	—	4
1972–73	4	1	3	4	—	3
1973–74	4	—	4	4	—	3

૫. અનુસ્નાતક કેન્દ્ર માટેના સ્થાનિક શિક્ષકગણ :

શિક્ષક	કયો પ્રશ્નપત્ર શીખવે છે ?	અઠવાડિયાના કયા કયા દિવસોએ શીખવે છે ?	અઠવાડીએ કેટલા તાસ લે છે ?
પ્રો. મુખર્જી (Part-time)	Part I—Paper I	સો. મં. બુ.	૬
	Part II—Paper I	સો. મં. બુ.	
પ્રો. વી. ડી. દવે	Part I—Paper II	ગુ. શુ.	૪
	Part II—Paper II	મં. શુ.	
પ્રો. જી. બી. પંડ્યા	Part I—Paper I (II) (III)	મં. શુ.	૪
	Part II—Paper III	સો. બુ.	
			૧૪

૬. મુલાકાતી શિક્ષકો અંગેની માહિતી : મુલાકાત શિક્ષકો નથી

૭. શીખવવામાં આવતો દરેક પ્રશ્નપત્ર કેટલા શિક્ષકો વચ્ચે ફાળવવામાં આવ્યો છે ?

પ્રશ્નપત્ર		કેટલા શિક્ષકો વચ્ચે ફાળવવામાં આવ્યો છે ?	
		સ્થાનિક	મુલાકાતી
Part I —	Paper I	૨	—
	Paper II	૨	—
	Paper III	૧	—
Part II —	Paper I	૧	—
	Paper II	૧	—
	Paper III	૧	—

૮. વિષયનાં જરૂરી સાધનો છે ? : હા.
તે અનુસ્નાતક કેન્દ્રને માટે પૂરતાં છે ? : હા
કાંઈ ખામી હોય તો દૂર કરવા માટેનાં સૂચનો : ખામી નથી.

૯. પુસ્તકાલય અંગેની માહિતી :

(૧) પુસ્તકોની સંખ્યા : પુસ્તકોની સંખ્યા આશરે ૧૦૦
(૨) સામયિકોની સંખ્યા : ૪
(૩) પુસ્તકાલયની સગવડમાં સુધારા માટે અવકાશ હોય તો તે અંગેનાં સૂચનો :
(અલગ આપેલ છે.)

૧૦. સમિતિને યોગ્ય લાગે તે અન્ય મુદ્દાઓ પરત્વે નોંધ :
(અલગ આપેલ છે.)

Three Yearly Report of Inspection of Post-graduate Department at the M. G. Science Institute

Geology Department at the M. G. Science Institute is the only Department where degrees, undergraduate and post-graduate courses are offered. The subject as such is of very great importance because of its role in the development of mineral resources. Therefore, it is of utmost importance that the students of the institute get all encouragement through various uptodate facilities to strengthen their studies and background of Geology to the fulfil the gaol of the best education and training at the University level. In this context, the post-graduate students need special attention.

Inspection of the post-graduate Department was carried out on 22-4-1974, when Prof. S. Mukharji (Incharge Professor) and Mr. V D. Dave and Mr. G. B. Pandya, the post-graduate teachers of the Institute were present. Certain information in this

regard have been given in the form A attached herewith. Further to this, more of it is noted below :

1. The staff of the Institutes, Geology Department, is headed by the experienced and of long standing Professor Mukharji and assisted by the experienced teachers like Mr. Dave and Mr. Pandya. Their love for the students and the subject has been always remarkable has helped the students very much.
2. Seven lecture periods / week are allotted to Part I papers and further seven lecture periods / week are allotted to Part II papers. However, it is observed that this uneven distribution periods for different papers. For examples, Part I, Paper III is allotted $\frac{2}{3}$ period / week, where as Part I Paper I, gets $3\frac{2}{3}$ periods / week.
3. There seems to be no fixed time table for practicals though Practicals I, II & III of Part I and Practicals I, II & III of Part II have been defined in the syllabus.
4. Practicals are run by Demonstrator and supervised by the post-graduate staff.
5. Two field trips / year are arranged jointly for Part I & Part II students and attended by Prof. Dave and Prof. Pandya. Field trips are usually of 8–15 days and mostly in Gujarat. Expenses for the field-trips are borne by the Institute.
6. Number of Geology Journals is very small.
7. None of the staff possesses D.Sc or Ph.D. degree in Geology.

In order to strengthen post-graduate studies the following recommendations are made :

1. At least one of the post-graduate teachers should have D.Sc. or Ph.D. degree in Geology.
2. Each paper in each part should be given more or less equal weightage as far as periods are concerned.
3. There should be fixed time table to co-ordinate teaching work in Practicals.
4. Practicals periods should be sole work of the post-graduate teachers, only to be assisted by Demonstrators of undergraduate level, if need be.
5. Field trips should be taken out side Gujarat and should be longer duration, preferably of 30 days and 15 days.
6. Number of periodicals (Journals) should be inereased. at one dozen journals should be subscribed published in India as well as abroad.
7. This being the only post-graduate department in Geology for the University, the University should give all possible financial assistance to strengthen, field studies, staff, equipment and library of treating equally as its own departments in the School of Science.

ભારતીય સંસ્કૃતિ અનુસ્નાતક કેન્દ્ર માટેની ત્રિવાર્ષિક તપાસ માટેની માહિતી

કેન્દ્રનું નામ : ભારતીય સંસ્કૃતિ અનુસ્નાતક કેન્દ્ર તા. ૨૩-૪-૧૯૭૪.

સંસ્થાનું નામ : શેઠ ભોળાભાઈ જેશિંગભાઈ અધ્યયન સંશોધન વિદ્યાભવન

શિક્ષકગણ : (અ) સંસ્થાના—૧ ડૉ. હરિપ્રસાદ ગં. શાસ્ત્રી શિક્ષક
૨. પ્રો. રસિકલાલ છો. પરીખ ,,
૩. પ્રો. નાગરદાસ કા. બાંભણિયા ,,
૪. ડૉ. કાંતિલાલ ફ. સોમપુરા ,,
(બ) મુલાકાતી—૧. ડૉ. ચીનુભાઈ જ. નાયક શિક્ષક
૨. ડૉ. નવીનચંદ્ર આ. આચાર્ય ,,
૩. ડૉ. જીવણલાલ પ્ર. અમીન (ખંભાતથી) ,,
૪. ડૉ સુમનાબહેન શ. શાહ મ. શિક્ષક

વિદ્યાર્થીઓની સંખ્યા :

	૧૯૭૧-૭૨	૧૯૭૨-૭૩	૧૯૭૩-૭૪
પાર્ટ ૧	૩	૪	૧
પાર્ટ ૨	૬	૩	૪

પરીક્ષાનાં પરિણામ :

	૧૯૭૧-૭૨	૧૯૭૨-૭૩	૧૯૭૩-૭૪
પાર્ટ ૧	સફળ ૩	૪	બાકી
પાર્ટ ૨	સફળ ૬	૩	,,

અધ્યાપકો વચ્ચેના કાર્યની વહેંચણી : ૧૯૭૩-૭૪નો આ સાથે જોડયો છે.

સમયપત્રક : ,, ,, ,, ,,

ઇતર પ્રવૃત્તિઓ : ૧. સેમિનાર, ૨. ટર્મ પેપર, ૩. સત્રાંત કસોટી.

ગ્રંથાલય : ૧. ગ્રંથાલયમાં બેસીને વાંચવાની સુવિધા છે.
૨. વિદ્યાર્થી રાહતફંડમાંથી પુસ્તકો વાંચવા અપાય છે.
૩. પુસ્તક-ખરીદી

	ખરીદી સંખ્યા	ભેટ રૂ. પૈ.	ખરીદી સંખ્યા	રૂ. પૈ.
૧૯૭૧-૭૨	૧૯૬	૫,૦૦૦-૭૫	૫૦૦	૪,૪૧૭-૬૧
૧૯૭૨-૭૩	૧૩૬	૪,૯૯૧-૩૬	૧૫૨	૨,૬૯૦-૩૫
૧૯૭૩-૭૪	૧૯૯	૬,૦૧૨-૩૨	૨૯૧	૪,૫૦૮-૪૦

વર્ષ આખરે ભો. જે. વિદ્યાભવન અને ગુજરાત વિદ્યાસભાનાં સંયુક્ત પુસ્તકો ૫૮,૨૫૨ લગભગ બે લાખ એંશી હજારની કિંમતનાં થાય છે, જેનો લાભ વિદ્યાર્થીઓ લે છે.

૪. માસિકો વગેરે નીચે મુજબ આવે છે : ભારતીય સંસ્કૃતિ વિષયને લગતાં
ગુજરાતી : ૧. પથિક
૨. સ્વાધ્યાય
૩. ગુજરાત સંશોધન મંડળનું ત્રૈમાસિક
૪. ચૂનીલાલ ગાંધી વિદ્યાભવન બુલેટિન
૫. ફાર્બસ ગુજરાતી સભા, ત્રૈમાસિક.

Sheth Bholabhai Jeshingbhai Institute of Learning & Research,
Indian Culture Post-Graduate Centre

M.A. Part I Year : 1973–74 I & II term

Time	*Monday*	*Tuesday*	*Wednesday*	*Thursday*	*Friday*	*Saturday*
5–30 to	Paper I	Paper III	Paper I	Paper III	Paper II	Paper I
6–30 p.m.	Prof. R. C. Parikh	Dr H. G. Shastri	Dr. K. F. Sompura	Dr. S. S. Shah	Dr. N. A. Acharya	Prof. C. J. Naik
6–30 to	Paper IV	Paper II	Paper IV	Paper IV		Paper II
7–30 p.m.	Prof. C. J. Naik	Dr. N. A. Acharya	Prof. N. B Bambhania	Prof. C. J. Naik	—	Dr. J. P. Amin

M.A. Part II Year : 1973-74 I & II term

Time	*Monday*	*Tuesday*	*Wednesday*	*Thursday*	*Friday*	*Saturday*
5–30 to	Gr. 'E'	Gr. 'E'	Gr. 'E'	Gr. 'E'	Gr. 'J'	Gr. 'J'
6–30 p.m.	Paper I	Paper II	Paper I	Paper II	Paper I	Paper I
	Dr. H. G. Shastri	Dr. K. F. Sompura	Dr. H. G. Shastri	Dr. K. F. Sompura	Dr. K. F. Sompura	Dr. K. F. Sompura
6–30 to	Gr. 'J'	Gr. 'J'	Gr. 'E'		Gr. 'J'	
7-30 p m.	Paper I	Paper II	Paper II		Paper II	
	Dr. N. A. Acharya	Prof. C. J. Naik	Dr. N. A. Acharya	—	Prof. C. J. Naik	—

H. G. Shastri
Professor-in-charge
& Director

Ahmedabad,
Date : 30–6–1973.

Scheme of Distribution of Work

INDIAN CULTURE POST-GRADUATE CENTRE

1973-74

M.A. Part I

Paper I : Meaning and Nature of Culture

(*a*) Meaning of Culture, Prof. R. C. Parikh	8+8	1+1	1+1
(*b*) Nature of Culture, Prof. C. J. Naik	8+8	1+1	1+1
(*c*) Culture of Primitive Societies, Dr. K. F. Sompura	8+8	1+1	1+1

Paper II : Civilization of the World

(*a*) Ancient & Medieval, Dr. N. A. Acharya	16+16	1+1	1+1
(*b*) Modern, Dr. J. P. Amin	8+8	1+1	1+1

Paper III : Extension of Indian Culture

(*a*) Ceylon, Burma, Indonesia, Siyam & Cambodia, Dr. H. G. Shastri	12+12	1+1	1+1
(*b*) China, Tibet, Central Asia & Afghanistan, Dr. S. S. Shah	12+12	1+1	1+1

Paper IV : Systems of Indian Philosophy

(*a*) Sankhya, Yoga, Nyaya Vaisashika, Buddhist, Jain, Lokayata & Modern, Prof. C. J. Naik	16+16	1+1	1+1
(*b*) Upanishad, Mimansa & Vedants, Prof. N. K. Bambhania	8+8	1+1	1+1

English :

1. Vedant Kesari
2. Indian Philosophy and Culture
3. Triveni
4. Visava Bharti
5. Indian Horizon
6. Indian Antiquary
7. Maha Bodhi
8. Sharadapeeth Pradip
9. Sambodhi
10. Journal of Oriental Institute, Baroda.

• • •

Scheme of the Distribution of work

INDIAN CULTURE POST-GRADUATE CENTRE

1973–74

M.A, Part II

Group 'E' :	Lectures	Seminar	I Part
Paper I : Studies in Indian Epigraphy, Dr. H. G. Shastri	24 + 24	1 + 1	1 + 1
Paper II : Studies in Indian Numismatics			
(*a*) Ancient & Medieval Dr. K. F. Sompura	16 + 16	1 + 1	1 + 1
(*b*) Modern (from Maratha Period) Dr. N. A. Acharya	8 + 8	1 + 1	1 + 1
Group 'J' :			
Paper I : Studies in Indian Iconography			
(*a*) Brahmanical Iconography Dr. K. F. Sompura	16 + 16	1 + 1	1 + 1
(*b*) Buddhist & Jain, Dr. N. A. Acharya	8 + 8	1 + 1	1 + 1
Paper II : Studies in Indian Painting Prof. C. J. Naik	24 + 24	1 + 1	1 + 1

(Sd.) H. G. Shastri

Professor in Charge & Director.

પ્રતિ

કુલસચિવશ્રી,
ગુજરાત યુનિવર્સિટી,
અમદાવાદ.

વિષય.—આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, પાટણના સંસ્કૃતના અનુસ્નાતક કેન્દ્ર માટેની ત્રિવાર્ષિક તપાસસમિતિનો અહેવાલ.

શ્રીમાન,

આપના પત્ર નં. અનુ. ખી. ૨૮ના અન્વયે અમે એટલે કે ડૉ. એસ્તેરબહેન સોલોમન અને આચાર્યશ્રી સી. એલ. શાસ્ત્રી એ બે સભ્યો તા. ૨૪મી એપ્રિલ ૧૯૭૪ના રોજ સ્થાનિક તપાસસમિતિ રૂપે પાટણ ગયા હતા. અમે અમારી તપાસનો અહેવાલ નીચે પ્રમાણે આપીએ છીએ.

(અ) સામાન્ય માહિતી

૧. કૉલેજ—સંસ્થાનું નામ : આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, પાટણ
૨. પદવી અને વિષય : એમ.એ. સંસ્કૃત.
૩. અનુસ્નાતક કેન્દ્ર સ્થપાયાનું વર્ષ : ૧૯૬૭
૪. વિદ્યાર્થીઓની સંખ્યા : સાથેના પ્રોફોર્મામાં છે.
૫. શિક્ષકગણ અંગે માહિતી : સાથેના પ્રોફોર્મામાં છે.
૬. મુલાકાતી શિક્ષકો અંગે માહિતી : પ્રોફોર્મામાં છે.
૭. શીખવવામાં આવતો દરેક પ્રશ્નપત્ર જે પ્રમાણે ફાળવેલ છે, તે પ્રોફોર્મામાં છે.
૮. **પુસ્તકાલય અંગે : કુલ પુસ્તકોની સંખ્યા :** ૯૭૭ : સંસ્કૃત.
આ સંખ્યા સંસ્કૃતની આખી લાઈબ્રેરીની છે.
પી.જી. સેન્ટરની જુદી નથી.
સામયિકોની સંખ્યા : સંસ્કૃત અંગે સામયિકો આવતાં નથી.

(બ) સૂચનો વગેરે

અમારી સામાન્ય તપાસને અંતે અહેવાલ આ પ્રમાણે છે :

૧. આ કેન્દ્ર ૧૯૬૭માં સ્થપાયેલ છતાં કોઈ સ્થાનિક તપાસસમિતિ અહીં આવી નથી એટલે ત્રિવાર્ષિક તપાસનો કોઈ આ પહેલાંનો અહેવાલ અમને મળેલ નથી, કે એવી કોઈ તપાસ થઈ નથી. આ કેન્દ્ર ૧૯૭૧–૭૨માં બંધ પણ હતું.

૨. આ કેન્દ્રમાં જે વિદ્યાર્થીઓ આવે છે તેમાંના મોટા ભાગના [illegible]ના છે.
ટાઇમટેબલ પ્રમાણે વર્ગો શનિ, રવિ, સોમ, મંગળ અને બુધવારે લેવાય છે. રવિ, શનિ સિવાય અન્ય દિવસોએ વર્ગ સવારે ૭થી ૮ કે ૯ સુધી લેવાય છે. પ્રો.-ઈન-ચાર્જના કથન મુજબ શનિ રવિ, સોમ ના રોજ હાજરી સારી હોય છે. બાકીના દિવસોએ સવારે ૭થી ૮ બહારથી આવતા વિદ્યાર્થી કેવી રીતે હાજર રહે એ વિચારણીય છે.

૩. આ કેન્દ્રમાં શાસ્ત્રોમાં અલંકાર જ શિખવાડાય છે, જોકે આ વર્ષે એક વેદાંતનો પણ વિદ્યાર્થી હતો એમ જણાવાયું હતું. હોસ્ટેલની વ્યવસ્થા છે પણ અનુસ્નાતક વિદ્યાર્થીઓમાંથી કોઇ હોસ્ટેલમાં રહેતું નથી. મુલાકાતી પ્રાધ્યાપક ઇચ્છે તો તેમના માટે હોસ્ટેલમાં રૂમની સગવડ છે. પ્રો-ઇન-ચાર્જ શ્રી. બી. એમ. ઉપાધ્યાય હાલ કાર્યકારી આચાર્ય તરીકે પણ સેવા આપે છે.
અને પાટણમાં રહે છે.

૪. અમે અન્ય બે સ્થાનિક પ્રાધ્યાપકો શ્રી. રાજપુરા અને શ્રી. જોશીને મળ્યા હતા. કેન્દ્રના શિક્ષણ અંગે તેમની સાથે વાતો થઇ હતી. અધ્યાપકોનો કાર્યભાર વ. પ્રમાણે છે તથા તેમને મોંઘવારી, પ્રો. ફંડ વગેરે બરોબર મળે છે. જોકે પહેલાનું પી.એફ. સંસ્થાએ વાપરેલ છે, એમ જાણવા મળ્યું હતું.

૫. કેન્દ્રમાં કુલ ૬ તાસ લેવાય છે જેમાંથી ૪૦ મુલાકાતી પ્રાધ્યાપકો લે છે. મુલાકાતી પ્રાધ્યાપકો મોટે ભાગે રવિવારે જ આવે છે, અમે મસ્ટર રોલ જોવાનું કહ્યું તો જાણવા મળ્યું કે તે રાખવામાં આવતો નથી, પણ પ્રો-ઇન-ચાર્જ રવિવારે કેન્દ્ર પર હાજર રહે છે.

૬. **પુસ્તકાલય:** કુલ પુસ્તકો ૯૭ છે, પણ આ આખી કોલેજની સંસ્કૃતની ચોપડીઓની સંખ્યા છે. અનુસ્નાતક કેન્દ્રના પુસ્તકાલયના વિકાસની ખૂબ જરૂર છે એમ અમને લાગે છે. આ કેન્દ્ર માટે ૧૯૬૮માં યુ.જી.સી. તરફથી ૨૫,૦૦૦ રૂપિયા પુસ્તકાલય માટે મળ્યા હતા જેમાંથી ૩,૦૦૦ રૂપિયા સંસ્કૃત કેન્દ્ર માટે ફાળવવામાં આવ્યાં હતાં પણ તે વપરાયા નથી, રિસર્ચ મેગેઝીન કે અન્ય સંસ્કૃતનાં સામયિકો બિલકુલ આવતાં નથી. તે મંગાવવાં જોઇએ એમ સૂચવીએ છીએ.

૭. કેન્દ્ર વિદ્યાર્થીઓ પાસેથી જિમખાના અને પુસ્તકાલય ફી લે છે, પણ એ બન્નેની વ્યવસ્થા સ્નાતક વિભાગ સાથે છે. અમારું સૂચન છે કે અનુસ્નાતક કેન્દ્રના પુસ્તકાલયની વ્યવસ્થા અલાયદી વિકસાવવામાં આવે.

૮. ₹૦ ફી માફી નિયમ મુજબ કમિટી વડે ચૂંટાયેલ વિદ્યાર્થીઓને આપવામાં આવે છે.

૯. અમે કેન્દ્રના વિદ્યાર્થીઓને મળી શકયા નથી, કારણ કે કદાચ રજાઓ હોવાથી કોઇ ત્યાં હતા નહીં. તે જ પ્રમાણે મેનેજમેન્ટમાંથી કે ગવર્નિંગ બોડીમાંથી કોઇ સભ્ય હાજર ન હોવાથી અમે કોઇને મળી શકયા નથી. અમારું સામાન્ય સૂચન છે કે સ્થાનિક તપાસ-સમિતિ આવતી હોય ત્યારે મેનેજમેન્ટના કોઇ અધિકારી પણ હાજર રહે તો ઘણાં સૂચનોની પરસ્પર વિચારણા કરી શકાય.

૧૦. આ કેન્દ્રનાં પરિણામોની તપાસ કરતાં એમ જણાયું કે ૧૯૭૮માં એમ.એ. પાર્ટ ૧માં ૫ બેઠા જેમાંથી ૨ તૃતીય શ્રેણીમાં પાસ થયા. એમ.એ. પાર્ટ ૨માં ૪ બેઠા ને બધા અનુત્તીર્ણ થયા. ૧૯૭૩માં એમ એ. પાર્ટ ૧માં ૧૧ બેઠા હતા જેમાંથી ૩ બીજા વર્ગમાં અને ૩ ત્રીજા વર્ગમાં ઉત્તીર્ણ થયા હતા, ૫ અનુત્તીર્ણ થયા હતા. એમ.એ. પાર્ટ ૨માં ૬ બેઠા હતા જેમાંથી ૧ બીજામાં ત્રણ ત્રીજા વર્ગમાં અને ૨ ફેલ થયા હતા. આ જોતાં જણાય છે કે અધ્યાપન, સેમિનાર, ગ્રંથાલય ઉપયોગ વગેરેમાં સુધારણાને અવકાશ છે, અને વિદ્યાર્થી પાસેથી વધુ કામ લેવું જોઇએ.

ઉપર પ્રમાણે અમારી તપાસનો અમે અત્રે અહેવાલ આપ્યો છે. એકંદરે કેન્દ્ર ઠીક ચાલે છે, પણ ઉપસ્થિતિ, પુસ્તકાલય અને શિક્ષણપ્રથા અંગે જાગ્રત રહી ગુણવત્તા વધારવાની આવશ્યકતા છે.

સહી

ડૉ. એસ્તેર સોલોમન

સી. એલ. શાસ્ત્રી,

સ્થાનિક તપાસસમિતિના સભ્યો.

અમદાવાદ.

તા. ૨૯–૪–'૭૪

ત્રિવાર્ષિક તપાસસમિતિના હેવાલ માટેનું પત્રક

૧. કૉલેજ/સંસ્થાનું નામ : જે. એન્ડ જે. કૉલેજ ઑફ સાયન્સ, નડિયાદ.

૨. પદવી અને વિષયનું અનુ. કેન્દ્ર : એમ.એસસી. પાર્ટ ૧ અને ૨, માઇક્રોબાયોલોજી.

૩. અનુ. કેન્દ્ર સ્થપાવાનું કેન્દ્ર : ૧૯૭૧

૪. વિદ્યાર્થીની સંખ્યા :

(અ) યુનિવર્સિટીએ કેટલા વિદ્યાર્થીઓને પ્રવેશ આપવા પરવાનગી આપી છે ?
દરેક વર્ગમાં ૧૦ વિદ્યાર્થીઓ.

(બ) પ્રવેશ અપાયેલા વિદ્યાર્થીઓની સંખ્યા.

એમ.એસસી. પાર્ટ ૧	૧૯૭૧–૭૨	૧૧
	૧૯૭૨–૭૩	૧૦
	૧૯૭૩–૭૪	૧૦
એમ.એસસી. પાર્ટ ૨	૧૯૭૨–૭૩	૧૦
	૧૯૭૩–૭૪	૧૦

૫. અનુ. કેન્દ્ર માટેના સ્થાનિક શિક્ષકગણ અંગેની માહિતી ;

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વિદ્યાર્થીની ફર્સ્ટ બી.એ.ની પરીક્ષાનું માર્ચ ૧૯૭૩નું પરિણામ ઓર્ડિ. ૧૨૭ હેઠળ અનામત રાખવામાં આવેલું છે તે, ૧૯૭૩-૭૪ના વર્ષમાં એ.ટી.કે.ટી.વાળા વિદ્યાર્થીઓને પણ ઉપર ચઢાવવામાં આવ્યા છે તે હકીકતના સંદર્ભમાં જાહેર કરવું.

વધુમાં ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજને ઉપર જણાવેલી ભૂલ બદલ ઠપકો આપવો.

૨૬. ઈ.એસ.આઈ.એસ. જનરલ હૉસ્પિટલ, બાપુનગરને બી. જે. મેડિકલ કૉલેજના વિદ્યાર્થીઓની ક્લિનિકલ ડયૂટીઝ માટે માન્ય કરવા માટેની અરજી પર એક્ઝિક્યુટિવ કાઉન્સિલે તેની તા. ૨૭-૪-૧૯૭૪ની સભામાં નીમેલી સમિતિની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

"In our opinion the hospital does not have adequate senior teachers. It is necessary to have a senior teacher in each department for proper teaching programme for undergraduates and post-graduates. This institute should be recognised for teaching only after appointments of such teachers are made."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિનો અહેવાલ સ્વીકારવો, અને તે મુજબ ઇ.એસ.આઇ.એસ. જનરલ હોસ્પિટલ, થાપુનગર, અમદાવાદને બી. જે. મેડિકલ કૉલેજના વિદ્યાર્થીઓની ક્લિનિકલ ડ્યુટીઝ માટે માન્ય કરવી નહીં.

૨૭. જૂન ૧૯૭૫થી ચાલુ/વધારાના જોડાણ માટે સંલગ્ન કૉલેજોની અરજીઓ ઉપર સ્થાનિક તપાસસમિતિઓ નીમવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે જૂન ૧૯૭૫થી ચાલુ/વધારાના જોડાણ માટે સંલગ્ન કૉલેજોની અરજીઓ ઉપર જરૂરી સ્થાનિક તપાસસમિતિઓ નીમવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૨૮. એલ. ડી. કૉલેજ ઑફ એન્જિનિયરિંગ, અમદાવાદને સ્વાયત્તતા આપવા અંગે તપાસ કરી અહેવાલ આપવા એકિઝકયુટિવ કાઉન્સિલે તેની તા. ૨૭-૧-૧૯૭૪ની સભામાં સદરહુ કૉલેજને સ્વાયત્તતા આપવા અંગે સમગ્ર પાસાંઓની તપાસ માટે નીમેલી સમિતિના અહેવાલ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત એકેડેમિક કાઉન્સિલની વિચારણા માટે મોકલવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે સ્વાયત્તતા માટેની કૉલેજોની અરજીઓ ઉપર જે સ્થાનિક તપાસ-સમિતિઓ નિમાય તેના અહેવાલો પ્રથમ એકેડેમિક કાઉન્સિલની વિચારણા માટે મૂકીને તે પછી આ સભાગૃહ સમક્ષ મૂકવાનો શિરસ્તો અપનાવવો.

૨૯. સી. બી. પટેલ આર્ટ્સ કૉલેજ, નડિયાદને જૂન ૧૯૭૪થી બી.એ. (પ્રિન્સિ.)માં અંગ્રેજી, હિન્દી, સમાજશાસ્ત્ર અને મનોવિજ્ઞાન તથા બી.એ.(સંમે.)માં રાજ્યનીતિશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૪ થી તા. ૧૪-૬-૧૯૭૯ સુધીના ચાલુ જોડાણ અંગે મૂકેલી શરતોના પરિપાલનના અહેવાલના સંદર્ભમાં જોડાણ આપવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સી. બી. પટેલ આર્ટ્સ કૉલેજ, નડિયાદને બી.એ. (પ્રિન્સિ.)માં અંગ્રેજી, હિન્દી, સમાજશાસ્ત્ર અને મનોવિજ્ઞાન તથા બી.એ. (સંમે.)માં રાજ્યનીતિશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૪થી તા. ૧૪-૬-૧૯૭૯ સુધીનું ચાલુ જોડાણ આપવું.

વધુમાં ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજને પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ કરવાના આવર્તક ખર્ચની બાંયધરી મોકલવા, શરતોના પરિપાલનના સંદર્ભમાં નિયત પત્રકમાં માહિતી મોકલવા અને તા. ૧-૪-૧૯૭૨થી અમલી બને તે રીતે ગ્રેચ્યુઇટી ફંડ ઊભું કરીને તેની જાણ કરવા જણાવવું.

૩૦. ગુજરાત લૉ સોસાયટી આર્ટ્સ કૉલેજ ફૉર ગર્લ્સ, અમદાવાદને જૂન ૧૯૭૪થી બી.એ. (પ્રિન્સિ.)માં ગુજરાતી, અર્થશાસ્ત્ર, મનોવિજ્ઞાન, સંસ્કૃત અને સમાજશાસ્ત્ર તથા બી.એ. (સંમે.)માં હિન્દી, અંગ્રેજી, રાજ્યશાસ્ત્ર, ઇતિહાસ, આંકડાશાસ્ત્ર અને ફારસીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૪ થી તા. ૧૪-૬-૧૯૭૯ સુધીનું ચાલુ જોડાણ આપવા મૂકેલી શરતોના પરિપાલનના અહેવાલના સંદર્ભમાં જોડાણ આપવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ગુજરાત લૉ સોસાયટી આર્ટ્સ કૉલેજ ફૉર ગર્લ્સ, અમદાવાદને બી.એ. (પ્રિન્સિ.)માં ગુજરાતી, અર્થશાસ્ત્ર, મનોવિજ્ઞાન, સંસ્કૃત, અને સમાજશાસ્ત્ર તથા બી.એ. (સબૅ.)માં હિન્દી, અંગ્રેજી, રાજ્યશાસ્ત્ર, ઇતિહાસ, આંકડાશાસ્ત્ર અને ફારસીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૪થી તા. ૧૪-૬-૧૯૭૯ સુધીનું ચાલુ જોડાણ આપવું.

૩૧. વિવેકાનંદ કૉલેજ ઑફ આર્ટ્સ, અમદાવાદને જૂન ૧૯૭૪થી બી.એ.(પ્રિન્સિ.)માં સંસ્કૃત, હિંદી અને ઇતિહાસ તથા બી.એ. (સબૅ.)માં સમાજશાસ્ત્ર, આંકડાશાસ્ત્ર અને ફારસીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૪ થી તા. ૧૪-૬-૧૯૭૬ સુધીના ચાલુ જોડાણ અંગે મૂકેલી શરતોના પરિપાલનના અહેવાલના સંદર્ભમાં જોડાણ આપવા વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે વિવેકાનંદ કૉલેજ ઑફ આર્ટ્સ, અમદાવાદને બી.એ. (પ્રિન્સિ.)માં સંસ્કૃત, હિન્દી અને ઇતિહાસ તથા બી.એ. (સબૅ.)માં સમાજશાસ્ત્ર, આંકડાશાસ્ત્ર અને ફારસીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૪થી તા. ૧૪-૬-૧૯૭૬ સુધીનું ચાલુ જોડાણ આપવું.

વધુમાં ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજને પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ કરવાના આવર્તક ખર્ચની બાંયધરી મોકલવા, પ્રૉવિડન્ટ ફંડની રકમ (સંસ્થાના ફાળા સહિતની) પ્રૉવિડન્ટ ફંડના ટ્રસ્ટને સોંપી દેવા તથા તા. ૧-૪-૧૯૭૨થી અમલી બને તે રીતે ગ્રેચ્યુઇટી ફંડ ઊભું કરીને તેની જાણ કરવા જણાવવું.

૩૨. શ્રી. એસ. કે. શાહ એન્ડ શ્રીકૃષ્ણ એ. એમ. આર્ટ્સ કૉલેજ એન્ડ એચ. એસ. શાહ કૉલેજ ઑફ કૉમર્સ, મોડાસા તરફથી જૂન ૧૯૭૪ થી વિભાગીકરણ કરી (૧) શ્રી. એસ. કે. શાહ એન્ડ શ્રીકૃષ્ણ એ. એલ. આર્ટ્સ કૉલેજ, મોડાસા તથા (૨) શ્રી. એચ. એસ. શાહ કૉલેજ ઑફ કૉમર્સ, મોડાસાને સ્વતંત્ર કૉલેજો તરીકે ગણવા તથા (૧) શ્રી. એસ. કે. શાહ એન્ડ શ્રીકૃષ્ણ એ. એમ. આર્ટ્સ કૉલેજ, મોડાસાને બી.એ. (પ્રિન્સિ.)માં અર્થશાસ્ત્ર, ગુજરાતી, સંસ્કૃત, અંગ્રેજી અને હિન્દી તથા બી.એ.(સબૅ.)માં ઇતિહાસ, મનોવિજ્ઞાન અને ભારતીય સંસ્કૃતિના અભ્યાસક્રમો શીખવવા માટે મળેલ કાયમી જોડાણ કાયમી રાખવા તથા બી.એ. (પ્રિન્સિ.)માં ગૃહવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૪-૬-૧૯૭૫ સુધી મળેલ ચાલુ જોડાણ ચાલુ રાખવા તથા (૨) શ્રી. એચ. એસ. શાહ કૉલેજ ઑફ કૉમર્સ, મોડાસાને બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા ૧૪-૬-૧૯૭૫ સુધીનું આપેલું ચાલુ જોડાણ ચાલુ રાખવા માટે મૂકેલી શરતોના પરિપાલનના અહેવાલના સંદર્ભમાં વિભાગીકરણ કરી જોડાણ ચાલુ રાખવા માટે વિચારણા કરવા બાબત :

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. એસ. કે. શાહ એન્ડ શ્રીકૃષ્ણ એ. એમ. આર્ટ્સ કૉલેજ એન્ડ એચ એસ. શાહ કૉલેજ ઑફ કૉમર્સ, મોડાસાનું વિભાગીકરણ કરી (૧) શ્રી. એસ. કે શાહ એન્ડ શ્રીકૃષ્ણ એ. એમ. આર્ટ્સ કૉલેજ તથા (૨) શ્રી. એચ. એસ. શાહ કૉલેજ ઑફ કૉમર્સ, મોડાસાને સ્વતંત્ર કૉલેજો તરીકે ગણવી તથા (૧) શ્રી. એસ. કે. શાહ એન્ડ શ્રીકૃષ્ણ એ. એમ. આર્ટ્સ કૉલેજ, મોડાસાને બી.એ. (પ્રિન્સિ.)માં અર્થશાસ્ત્ર, ગુજરાતી, સંસ્કૃત, અંગ્રેજી અને હિન્દી તથા

બી.એ. (સબ્બો.)માં ઇતિહાસ, મનોવિજ્ઞાન અને ભારતીય સંસ્કૃતિનો અભ્યાસક્રમ શીખવવા માટે મળેલું કાયમી જોડાણ કાયમી રાખવું તથા બી.એ. (પ્રિન્સિ.)માં ગૃહવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૪-૬-૧૯૭૫ સુધીનું મળેલું ચાલુ જોડાણ ચાલુ રાખવું; તથા (૨) શ્રી. એચ. એસ. શાહ કૉલેજ ઑફ કૉમર્સ, મોડાસાને બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૪-૬-૧૯૭૫ સુધીનું આપેલું ચાલુ જોડાણ ચાલુ રાખવું.

(**નોંધ.**—સદરહુ કૉલેજે આચાર્યશ્રી તથા વ્યાયામ શિક્ષકને અપાનાર પગારધોરણ અંગેની માહિતી મોકલી હોઈ તે અંગે કંઈ કરવાપણું રહેતું નથી.)

૩૩. શ્રી કિશનદાસ કીકાણી આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, ધંધુકા તરફથી જૂન ૧૯૭૪થી બી.એ.(પ્રિન્સિ.)માં ગુજરાતી અને અર્થશાસ્ત્ર તથા બી.એ.(સબ્બો.)માં ઇતિહાસ, આંકડાશાસ્ત્ર અને બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગ અને આંકડાશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ તથા બી.એ. (સબ્બો.)માં અંગ્રેજી, માનસશાસ્ત્ર અને ગણિતશાસ્ત્ર તથા પ્રથમ વર્ષ બી.કૉમ.માં એડવાન્સ્ડ ઇકૉનોમિક્સ ઍન્ડ બિઝનેસ મૅનેજમેન્ટના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાના જોડાણ માટેની અરજી પરની એકૅડેમિક કાઉન્સિલની ભલામણ મંજૂર કર્યાના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત :

એકૅડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. કિશનદાસ કીકાણી આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, ધંધુકા નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન એક્ઝિક્યુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૩૧-૭-૧૯૭૪ સુધીમાં કરે તો તેને બી.એ.(પ્રિન્સિ.)માં, ગુજરાતી અને અર્થશાસ્ત્ર, તથા બી.એ. (સબ્બો.)માં ઇતિહાસ, આંકડાશાસ્ત્ર અને સંસ્કૃત, તથા બી કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગ અને આંકડાશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૪થી તા. ૧૪-૬-૧૯૭૯ સુધીનું ચાલુ જોડાણ તથા બી.એ. (સબ્બો.)માં અંગ્રેજી, માનસશાસ્ત્ર અને ગણિતશાસ્ત્રના તથા પ્રથમ વર્ષ બી.કૉમ.માં એડવાન્સ્ડ ઇકૉનોમિક્સ અને બિઝનેસ મૅનેજમેન્ટના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૪થી તા. ૧૪-૬-૧૯૭૫ સુધીનું વધારાનું જોડાણ આપવા એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. નીચે જણાવેલ નિમણૂકો કરવામાં આવે :
   (૧) આંકડાશાસ્ત્રના વ્યાખ્યાતા
   (૨) અંગ્રેજીના વ્યાખ્યાતા
   (૩) માનસશાસ્ત્રના વ્યાખ્યાતા
   (૪) ગણિતના વ્યાખ્યાતા
   (૫) બિઝનેસ મૅનેજમેન્ટના વ્યાખ્યાતા
   (૬) એડવાન્સ્ડ ઇકૉનોમિક્સના વ્યાખ્યાતા;

૨. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ જરૂરી વધારાના વર્ગ ખંડો બાંધવામાં આવે;

૩. યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબના વાંચનખંડની વ્યવસ્થા કરવામાં આવે;

૪. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મંજૂર થયેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૫. અંગ્રેજી, માનસશાસ્ત્ર, ગણિતશાસ્ત્ર, બિઝનેસ મૅનેજમેન્ટ અને ઍડવાન્સ્ડ ઇકોનોમિકસના પ્રત્યેક વિષય માટેનાં પુસ્તકો માટે રૂ. ૧,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;

૬. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ પ્રતિ વર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૭. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકોને વેતન, વળતર કે અન્ય જે કાંઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે;

૮. પ્રોવિડંટ ફંડ અંગે સંચાલક મંડળના કાળા અને ટ્રસ્ટની રચના સહિતનાં યુનિવર્સિટીનાં તમામ ધારાધોરણોનું પાલન કરવામાં આવે; અને

૯. શિક્ષકોના વ્યાપક મૂળ પગારના અઢી ટકાના દરે 'ગ્રેચ્યુઈટી ફંડ' ઊભું કરવામાં આવે."

આથી કરાવવામાં આવે છે કે કુલપતિશ્રીના ઉપરના કાર્યની નોંધ લેવી.

૩૪. પટેલ જે. બી. રૂદેલવાલા આર્ટ્સ કૉલેજ ઍન્ડ પટેલ એ. એમ. રૂદેલવાલા કૉમર્સ કૉલેજ, બોરસદને જૂન ૧૯૭૪થી બી.એ. (પ્રિન્સિ.) માં ગુજરાતી, હિન્દી, અર્થશાસ્ત્ર અને ઇતિહાસ તથા બી.એ. (સંબો.) માં સંસ્કૃત, અંગ્રેજી અને મનોવિજ્ઞાન તથા કૉમ.માં ઍડવાન્સ્ડ ઍકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૪થી તા ૧૪-૬-૧૯૭૬ સુધીના ચાલુ જોડાણ આપવા માટે મૂકેલી શરતોના પરિપાલનના અહેવાલના સંદર્ભમાં જોડાણ આપવા અંગે વિચારણા કરવા બાબત.

આથી કરાવવામાં આવે છે કે પટેલ જે. બી. રૂદેલવાલા આર્ટ્સ કૉલેજ ઍન્ડ પટેલ એ. એમ. રૂદેલવાલા કૉમર્સ કૉલેજ, બોરસદને બી.એ. (પ્રિન્સિ.)માં ગુજરાતી, હિન્દી, અર્થશાસ્ત્ર અને ઇતિહાસ તથા બી.એ. (સંબો.)માં સંસ્કૃત, અંગ્રેજી અને મનોવિજ્ઞાન તથા બી.કૉમ.માં ઍડવાન્સ્ડ ઍકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૪થી તા. ૧૪-૬-૧૯૭૬ સુધીનું ચાલુ જોડાણ આપવું.

વધુમાં કરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજને પ્રોવિડંટ ફંડના પાછલા હપતા પૈકી બે હપતાની રકમ પ્રોવિડંટ ફંડ ખાતે તાકીદે જમા કરાવી તેની જાણ કરવા જણાવવું

૩૫. નવજીવન સાયન્સ કૉલેજ, દાહોદને જૂન ૧૯૭૪થી પ્રી-યુનિ. વિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૪થી તા. ૧૪-૬-૧૯૭૫ સુધીના ચાલુ જોડાણ તથા પ્રથમ વર્ષ બી.એસસી.માં રસાયણવિજ્ઞાન, ભૌતિકવિજ્ઞાન, જીવવિજ્ઞાન અને ગણિત-શાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૪થી તા. ૧૪-૬-૧૯૭૫ સુધીના વધારાના જોડાણ આપવા માટેની શરતોના પરિપાલનના અહેવાલના સંદર્ભમાં જોડાણ આપવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે નવજીવન સાયન્સ કોલેજ, દાહોદને પ્રી-યુનિ. વિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૪થી તા. ૧૪-૬-૧૯૭૫ સુધીનું ચાલુ જોડાણ તથા પ્રથમ વર્ષ બી.એસસી.માં રસાયણવિજ્ઞાન, ભૌતિકવિજ્ઞાન, ગણિતશાસ્ત્ર અને જીવવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૪થી તા. ૧૪-૬-૧૯૭૫ સુધીનું વધારાનું જોડાણ આપવું.

વધુમાં ઠરાવવામાં આવે છે કે સદરહુ કોલેજને તેઓને ત્યાં ગણિતશાસ્ત્રના વ્યાખ્યાતા તરીકે નિમાયેલ શ્રી. એલ. ડી. પટેલની શૈક્ષણિક લાયકાત, અનુભવ, ઇત્યાદિની માહિતી તાકીદે મોકલવા જણાવવું.

૩૬. વિવેકાનંદ કોલેજ ઑફ કોમર્સ એન્ડ લૉ, અમદાવાદને જૂન ૧૯૭૪થી બી.કોમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગ તથા દ્વિતીય એલએલ.બી. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૪થી તા. ૧૪-૬-૧૯૭૭ સુધીનાં ચાલુ જોડાણ તથા તૃતીય એલએલ.બી.ના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૪થી તા. ૧૪-૬-૧૯૭૫ સુધીના વધારાના જોડાણ માટેની શરતોના પરિપાલનના અહેવાલના સંદર્ભમાં જોડાણ આપવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે વિવેકાનંદ કોલેજ ઑફ કોમર્સ એન્ડ લૉ, અમદાવાદને બી.કોમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગ તથા દ્વિતીય એલએલ.બી. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૪થી તા. ૧૪-૬-૧૯૭૭ સુધીનું ચાલુ જોડાણ તથા તૃતીય વર્ષ એલએલ.બી.ના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૪થી તા. ૧૪-૬-૧૯૭૫ સુધીનું વધારાનું જોડાણ આપવું.

વધુમાં ઠરાવવામાં આવે છે કે સદરહુ કોલેજને તેઓને ત્યાં નિમાયેલ કાયદાના ખંડ સમયના બે વ્યાખ્યાતાઓ અંગેની સ્પષ્ટ માહિતી તાકીદે મોકલી આપવા જણાવવું.

૩૭. શ્રી. એન. એસ. પટેલ લૉ કોલેજ, મોડાસાને જૂન ૧૯૭૪થી પ્રથમ એલએલ.બી. ના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૪થી તા. ૧૪-૬-૧૯૭૬ સુધીનું ચાલુ જોડાણ તથા સેકન્ડ એલએલ.બી.ના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૪ થી તા. ૧૪-૬-૧૯૭૫ સુધીનું વધારાનું જોડાણ આપવા માટે મૂકેલી શરતોના પરિપાલનના આવેલ અહેવાલના સંદર્ભમાં જોડાણ આપવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. એન. એસ. પટેલ લૉ કોલેજ, મોડાસાને પ્રથમ એલએલ.બી.ના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૪થી તા. ૧૪-૬-૧૯૭૬ સુધીનું ચાલુ જોડાણ તથા દ્વિતીય એલએલ.બી.ના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૪થી તા. ૧૪-૬-૧૯૭૫ સુધીનું વધારાનું જોડાણ આપવું.

વધુમાં ઠરાવવામાં આવે છે કે સદરહુ કોલેજને યુનિવર્સિટીના હાલના નિયમ પ્રમાણે તા. ૧-૪-૧૯૭૨થી અમલી બને તે રીતે ૨½ %ના દરે ગ્રેચ્યુઇટી ફંડ તાકીદે ઊભું કરી તેની જાણ કરવા જણાવવું.

૩૮. ઈડર-આંજણા પાટીદાર એચ. કે. એમ. આર્ટ્સ કૉલેજ એન્ડ પી. એન. પટેલ કૉમર્સ કૉલેજ, ઈડરને જૂન ૧૯૭૪થી પ્રથમ વર્ષ બી.એ.માં અંગ્રેજીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૪ થી તા. ૧૪-૬-૧૯૭૫ સુધીનું વધારાના જોડાણ અંગે મૂકેલી શરતોના પરિપાલનના અહેવાલના સંદર્ભમાં જોડાણ આપવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ઈડર-આંજણા પાટીદાર એચ. કે. એમ. આર્ટ્સ કૉલેજ, એન્ડ પી. એન. પટેલ કૉમર્સ કૉલેજ, ઇડરને પ્રથમ વર્ષ બી.એ માં અંગ્રેજીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૪થી તા. ૧૪-૬-૧૯૭૫ સુધીનું વધારાનું જોડાણ આપવું.

વધુમાં ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજને યોગ્ય લાયકાત ધરાવતા અંગ્રેજીના વ્યાખ્યાતાની તાકીદે નિમણૂક કરી તેની જાણ કરવા જણાવવું.

૩૯. નવગુજરાત લૉ કૉલેજ, અમદાવાદને જૂન ૧૯૭૪થી એલએલ બી.ના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૪થી તા. ૧૪-૬-૧૯૭૬ સુધીના ચાલુ જોડાણ અંગે મૂકેલી શરતોના પરિપાલનના અહેવાલના સંદર્ભમાં જોડાણ આપવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે નવગુજરાત લૉ કૉલેજ, અમદાવાદને એલએલ.બી ના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૪થી તા. ૧૪-૬-૧૯૭૯ સુધીનું ચાલુ જોડાણ આપવું.

(નોંધ.—ઉપરના નોંધમાં ૧થી ૩માં જણાવેલ માહિતી સદરહુ કૉલેજે મોકલી હોઈ તે અંગે કશું કરવાપણું રહેતું નથી.)

૪૦. શ્રીમતી તારાબહેન સુંદરલાલ રાયચંદ કૉમર્સ કૉલેજ, પાટણને જૂન ૧૯૭૪થી બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો તથા પ્રથમ વર્ષ બી.કૉમ.માં બિઝનેસ મૅનેજમેન્ટના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૪ થી તા. ૧૪-૬-૧૯૭૭ સુધીના ચાલુ જોડાણ તથા બી.કૉમ.માં બિઝનેસ મૅનેજમેન્ટના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૪ થી તા. ૧૪-૬-૧૯૭૫ સુધીના વધારાના જોડાણ અંગે મૂકેલી શરતોના પરિપાલનના અહેવાલના સંદર્ભમાં જોડાણ આપવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રીમતી તારાબહેન સુંદરલાલ રાયચંદ કૉમર્સ કૉલેજ, પાટણને બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો તથા પ્રથમ વર્ષ બી.કૉમ.માં બિઝનેસ મૅનેજમેન્ટના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૪થી તા. ૧૪-૬-૧૯૭૭ સુધીનું ચાલુ જોડાણ તથા બી.કૉમ માં બિઝનેસ મૅનેજમેન્ટના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૭-૧૯૭૪થી તા. ૧૪-૬-૧૯૭૫ સુધીનું વધારાનું જોડાણ આપવું.

વધુમાં ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજને બિઝનેસ મૅનેજમેન્ટના પ્રાધ્યાપક અને ગ્રંથપાલની નિમણૂકો અંગેની માહિતી મોકલવા, પ્રૉવિડન્ટ ફંડની રકમ તે અંગેના ટ્રસ્ટને સોંપી છે કે કેમ તેની માહિતી મોકલવા તથા તા. ૧-૪-૧૯૭૨થી અમલી બને તે રીતે ગ્રેચ્યુઈટી ફંડ જાળું કરીને તેની જાણ કરવા માટે જણાવવું.

૪૧. અમદાવાદ સાયન્સ કૉલેજ, અમદાવાદને જૂન ૧૯૭૪થી બી.એસસી. (સ્પે.)માં ગણિતશાસ્ત્ર અને રસાયણવિજ્ઞાન તથા બી.એસસી. (જન.)માં ભૌતિકવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૪થી કાયમી જોડાણ અંગે તથા બી.એસસી. (સ્પે.)માં ભૌતિકવિજ્ઞાન અને આંકડાશાસ્ત્ર તથા બી.એસસી. (જન.)માં વનસ્પતિ-વિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૪ થી તા. ૧૪-૬-૧૯૭૭ સુધીના ચાલુ જોડાણ અંગે મૂકેલી શરતોના પરિપાલનના અહેવાલના સંદર્ભમાં જોડાણ આપવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે અમદાવાદ સાયન્સ કૉલેજ, અમદાવાદને બી.એસસી. (સ્પે.)માં ગણિતશાસ્ત્ર અને રસાયણવિજ્ઞાન તથા બી.એસસી. (જન.)માં ભૌતિકવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૪થી કાયમી જોડાણ તથા બી.એસસી (સ્પે.)માં ભૌતિકવિજ્ઞાન અને આંકડાશાસ્ત્ર તથા બી.એસસી. (જન.)માં વનસ્પતિવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૪થી તા ૧૪-૬-૧૯૭૭ સુધીનું ચાલુ જોડાણ આપવું.

(નોંધ.--સદરહુ કૉલેજે આંકડાશાસ્ત્રના પ્રાધ્યાપકની નિમણૂક કરી હોઈ તે અંગે કશું કરવાપણું રહેતું નથી.)

૪૨. શ્રી. સાર્વજનિક કૉમર્સ કૉલેજ, ગોધરાને જૂન ૧૯૭૪થી બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૪થી તા. ૧૪-૬-૧૯૭૫ સુધીના જોડાણ અંગે મૂકેલી શરતોના પરિપાલનના આવેલ અહેવાલના સંદર્ભમાં જોડાણ આપવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. સાર્વજનિક કૉમર્સ કૉલેજ, ગોધરાને બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૪થી તા. ૧૪-૬-૧૯૭૫ સુધીનું ચાલુ જોડાણ આપવું.

વધુમાં ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજને ગ્રંથાલય અને વાચનાલયના ક્ષેત્રફળની વિગતો મોકલવા માટે તથા ગ્રંથાલય માટેનો જરૂરી ખર્ચ કૉલેજે પોતાના ભંડોળમાંથી કર્યો છે કે કેમ તેની સ્પષ્ટતા કરવા જણાવવું.

૪૩. સી. ઍન્ડ એસ. એચ. દેસાઈ આર્ટ્સ કૉલેજ અને શ્રીમતી એલ. કે. એલ. દોશી કૉમર્સ કૉલેજ, બાલાસિનોરમાં કૉલેજનો સમય સવારનો રાખવા દેવાની પરવાનગી માગતી આચાર્યશ્રીની અરજી પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજને તેના શિક્ષણકાર્યનો સમય સવારનો રાખવા માટે પરવાનગી આપવી.

૪૪. આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, ડીસામાં એકાઉન્ટન્સીના વ્યાખ્યાતા તરીકે શૈક્ષણિક કાર્ય કરતા શ્રી. આઈ. એમ. પ્રજાપતિને પ્રાધ્યાપક થવા માટે જોઈતા શૈક્ષણિક અનુભવમાં ૨૩ દિવસનો વ્યાખ્યાતા તરીકેનો શૈક્ષણિક અનુભવ ખૂટે છે તે ક્ષમ્ય કરવાની સદરહુ કૉલેજના આચાર્યશ્રીની વિનંતી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. આઈ. એમ. પ્રજાપતિના કેસમાં ૨૩ દિવસનો ખૂટતો શૈક્ષણિક અનુભવ ક્ષમ્ય ગણીને એકાઉન્ટન્સીના પ્રાધ્યાપક તરીકેની તેમની નિમણૂક માન્ય કરવી.

૪૫. યુનિવર્સિટી કાર્યાલયના સીનિયર કલાર્ક શ્રી. શરદ એમ. પટેલે તેઓના તા. ૩-૬-૧૯૭૪ના પત્રથી "શાસક-કોંગ્રેસ" પક્ષના સભ્ય થવા માટે પરવાનગી માંગી છે તે અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.— બિનશિક્ષક વર્ગના કર્મચારીઓ માટે સેવાની શરતોમાં એક નિયમ નીચે પ્રમાણે છે;

No University employee shall become a member of any political party or organisation that has been declared unconstitutional by the Government.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત રાજ્યની યુનિવર્સિટીઓના કુલપતિશ્રીઓના જોઈન્ટ બોર્ડની વિચારણા માટે મોકલવી.

૪૬. એમ. એન. કૉલેજ ઑફ ફાર્મસી, ખંભાતમાં સેકન્ડ યર ડિપ્લોમા અભ્યાસક્રમમાં વિદ્યાર્થી સંખ્યા ૬૦ મુકરર થયેલી છે તેને બદલે ૯૦ કરવા અંગેની સદરહુ કૉલેજના આચાર્યશ્રીની અરજી પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજની ઉપરની વિનંતી મંજૂર કરવી નહીં.

૪૭. એન.એસ.એસ. વિભાગના નીચેના કર્મચારીઓની સેવાની મુદત લંબાવવા વિચારણા કરવા બાબત :

૧. શ્રી. આર. એસ. પટેલ, આસિ. એડમિનિસ્ટ્રેટર
૨. કુ. આઈ. બી. પટેલ, હેડ ક્લાર્ક
૩. શ્રી. લીના બી. પીટર્સ, જુ. ક્લાર્ક
૪. શ્રી. માલતીબહેન અમીન, જુ. ક્લાર્ક
૫. શ્રી. એમ. એમ. દેસાઈ, પટાવાળા
૬. શ્રી. બી. આર. ગોસાઈ, ડ્રાઈવર
૭. શ્રી. જલમસિંહ પહાડસિંહજી ચૌહાણ.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પ્રવૃત્તિ પાંચમી પંચવર્ષીય યોજના દરમ્યાન ચાલુ રહેશે તે અંગે ભારત સરકારના શિક્ષણખાતાનું અનુમોદન મંગાવવું. દરમ્યાન એન એસ એસ. વિભાગની સદરહુ જગ્યાઓની મુદત તા. ૩૧-૩-૧૯૭૫ સુધી લંબાવવી.

૪૮. પદવી પ્રમાણપત્ર આપવા અંગેના કાગળો, કદ, ફીનું ધોરણ વગેરે બાબતો પર વિચારણા કરી સુચિંતિત હેવાલ રજૂ કરવા માટે કુલપતિશ્રીએ નીમેલી સમિતિની તા. ૧૭-૧૨-૧૯૭૩ અને તા. ૧૪-૩-૧૯૭૪ની ભલામણો એકિઝકયુટિવ કાઉન્સિલે તેની તા. ૧૬-૩-૧૯૭૪ની સભામાં (બાબત નં. ૪૯) મંજૂર કરેલી છે તેનો અમલ ઑક્ટોબર

૧૯૭૪થી કરવા ઠરાવેલ છે. આગામી વર્ષોમાં પદવીદાન સમારંભ અત્યારની પદ્ધતિએ ન ભરવાનું કોર્ટની તા. ૧૩/૧૪-૬-૧૯૭૪ની સભામાં સૂચન થયેલ છે તો આ અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે પદવીદાન સમારંભની પદ્ધતિ અંગે સર્વગ્રાહી વિચારણા કરીને પોતાનો સુચિંતિત અહેવાલ રજૂ કરવા માટે નીચે જણાવેલા સભ્યોની સમિતિ રચવી :

૧. શ્રી. લાલભાઈ ૨. દેસાઈ
૨. આચાર્ય દર્શનસિંઘ શીખ
૩. આચાર્ય પ્રેમશંકર ભટ્ટ
૪. ડૉ. વી. સી. શાહ
૫. પ્રો. મનુભાઈ પંચોલી.

૪૯. ક્ષારવાળી જમીનને ક્ષારમુક્ત કરવા માટે પાયલોટ પ્રોજેક્ટ હાથ ધરવા અંગેની યોજના પર વિચારણા કરવા અંગ તા. ૭-૭-૧૯૭૪ના રોજ મળેલ સભાની નોંધ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ નોંધમાં જણાવેલી યોજના મંજૂર કરવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે સદરહુ યોજના અંગેની સમિતિમાં ડૉ. એમ. એન. દેસાઈને એક વધારાના સભ્ય તરીકે નીમવા તથા સદરહુ યોજના અંગેના કન્ટિન્જન્સી ખર્ચ માટે જરૂરી જોગવાઈ જુદી કરવાનું રાખવું.

૫૦. સેકન્ડરી ટીચર્સ ટ્રેનિંગ કૉલેજ, ખેડાને જૂન ૧૯૭૪થી બી.એડ.ના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૪થી કાયમી જોડાણ આપવા અંગે મૂકેલી શરતોના પરિપાલનના અહેવાલના સંદર્ભમાં જોડાણ આપવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સેકન્ડરી ટીચર્સ ટ્રેનિંગ કૉલેજ, ખેડાને બી.એડ.ના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૪થી કાયમી જોડાણ આપવું.

વધુમાં ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજને પ્રોવિડંટ ફંડ ટ્રસ્ટની રચના કરી તથા પ્રોવિડંટ ફંડની સઘળી રકમ સદરહુ ટ્રસ્ટને સોંપીને તથા તા. ૧-૪-૧૯૭૨થી અમલી બને તે રીતે ગ્રેચ્યુઈટી ફંડ ઊભું કરીને તેની જાણ કરવા જણાવવું.

૫૧. લૉ કૉલેજ, ગોધરાને જૂન ૧૯૭૪થી પ્રથમ એલએલ.બી.ના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૪ થી તા. ૧૪-૬-૧૯૭૬ સુધીનું ચાલુ જોડાણ તથા દ્વિતીય એલએલ.બી.ના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૪ થી તા. ૧૪-૬-૧૯૭૫ સુધીના વધારાના જોડાણ અંગે મૂકેલી શરતોના પરિપાલનના અહેવાલના સંદર્ભમાં જોડાણ આપવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે લૉ કૉલેજ, ગોધરાને પ્રથમ વર્ષ એલએલ.બી.ના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૪થી તા. ૧૪-૬-૧૯૭૬ સુધીનું ચાલુ જોડાણ તથા દ્વિતીય

એલએલ.બી.ના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૪થી તા. ૧૪-૬-૧૯૭૫ સુધીનું વધારાનું જોડાણ આપવું.

૫૨. કૉલેજ ઑફ એજ્યુકેશન, ડભોઈનું હાલનું નામ બદલીને "શ્રી મોતીલાલ નાથાભાઈ કૉન્ટ્રાક્ટર કૉલેજ ઑફ એજ્યુકેશન, ડભોઈ" એમ રાખવાની પરવાનગી આપવાની સદરહુ કૉલેજના આચાર્યશ્રીએ તેમના તા. ૫–૭–૧૯૭૪ના પત્રથી કરેલ વિનંતી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે કૉલેજ ઑફ એજ્યુકેશન, ડભોઈનું હાલનું નામ બદલીને "શ્રી. મોતીલાલ નાથાભાઈ કૉન્ટ્રાક્ટર કૉલેજ ઑફ એજ્યુકેશન, ડભોઈ" રાખવા માટે અનુમતિ આપવી.

૫૩. ઑક્ટોબર ૧૯૭૪માં લેવાનાર યુનિવર્સિટીની જુદી જુદી પરીક્ષાઓ માટેનાં કેન્દ્રો નિયત કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ઑક્ટોબર ૧૯૭૪માં લેવાનાર આ યુનિવર્સિટીની પરીક્ષાઓ માટે નીચે મુજબ કેન્દ્રો નિયત કરવાં :

૧. અમદાવાદ : આ યુનિવર્સિટીની બધી જ પરીક્ષાઓ (કેમિકલ એન્જિનિયરિંગ સિવાય)

૨. ભૂજ : પ્રી-યુનિ. વિનયન, ફર્સ્ટ બી.એ., સેકન્ડ બી.એ. અને થર્ડ બી.એ. (એક્સ્ટર્નલ), થર્ડ બી.એ. (રેગ્યુલર), ફર્સ્ટ એલએલ.બી. (મોન્સૂન અને વિન્ટર સેમેસ્ટર), સેકન્ડ એલએલ.બી. (મોન્સૂન અને વિન્ટર સેમેસ્ટર), સેકન્ડ એલએલ.બી. (ઓલ્ડ કોર્સ)

૩. ગોધરા : પ્રી-યુનિ. વિનયન, ફર્સ્ટ બી.એ., સેકન્ડ બી.એ., થર્ડ બી.એ. (એક્ટર્નલ), થર્ડ બી.એ. (રેગ્યુલર)

૪. નડિયાદ : પ્રી-યુનિ. વિનયન, ફર્સ્ટ બી.એ., સેકન્ડ બી.એ., થર્ડ બી.એ. (એક્ટર્નલ), થર્ડ બી.એ. (રેગ્યુલર), ફર્સ્ટ એલએલ.બી. (મોન્સૂન અને વિન્ટર સેમેસ્ટર), સેકન્ડ એલએલ.બી. (મોન્સૂન અને વિન્ટર સેમેસ્ટર), સેકન્ડ એલએલ.બી. (ઓલ્ડ કોર્સ), થર્ડ એલએલ.બી. (સ્પેશિયલ) અને કેમિકલ એન્જિનિયરિંગ

૫. વીસનગર : પ્રી-યુનિ. વિનયન, ફર્સ્ટ બી.એ., સેકન્ડ બી.એ., થર્ડ બી.એ. (એક્ટર્નલ), થર્ડ બી.એ. (રેગ્યુલર).

૫૪. એકિઝકયુટિવ કાઉન્સિલે મૅનેજમેન્ટ ઍન્ડ પ્રોફેશનલ ટ્રેનિંગ સેન્ટરના સંચાલન અંગે નીમેલ સ્થાયી સમિતિની તા. ૮–૭–૧૯૭૪ની ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સ્થાયી સમિતિની તા. ૮–૭–૧૯૭૪ની સભાની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિની તા. ૮-૭-૧૯૭૪ની સભાની કાર્યવાહીની નોંધની નકલ પરિશિષ્ટ "ખ" તરીકે સામેલ છે.)

૫૫. કુલપતિશ્રીએ મંજૂર કરેલાં નીચેનાં કાર્યોની નોંધ લેવા બાબત :

(૧) ફર્સ્ટ બી.એ.ના વર્ગમાં રાખેલ વિષયો પૈકીના વિષયો સેકન્ડ બી.એ.ના વર્ગમાં રાખવાના નિયમમાંથી, નીચેના વિદ્યાર્થીઓને તેમના વાલીની બદલી કે તેવા અન્ય સંજોગોને કારણે સેકન્ડ બી.એ.ના વર્ગમાં વિષય બદલવાની પરવાનગી આપ્યાના :

૧. કુ. બકુલા એમ. શાહ—વીરમગામ
૨. શ્રી. ડાહ્યાભાઈ ઓ. શાહની પુત્રીને—અમદાવાદ
૩. કુ. રંજનબહેન નટવરલાલ પટેલ—વીરમગામ
૪. કુ. દિનબાળાબહેન સુંદરજી ખોલિયા—ગોંડલથી ભૂજ
૫. શ્રી. જોષી મનમોહન પુરુષોત્તમદાસ—તલોદથી હિંમતનગર;

(૨) યુનિવર્સિટી પ્રેસ માટે નેપા ન્યૂસપ્રિન્ટ કાગળ ભારત સરકારના કેળવણી ખાતા મારફત એક મેટ્રિક ટનના રૂ. ૨,૦૦૦ (રૂપિયા બે હજાર એકસમિલ)ના દરે નીચે પ્રમાણે કાગળ ખરીદવા કુલપતિશ્રીએ રૂ. ૮૫,૦૦૦ (રૂપિયા પંચ્યાસી હજાર)ના ખર્ચની મંજૂરી આપ્યાના :

		રીમ	અંદાજી વજન (કિલોગ્રામમાં)
૧. ડબલ ક્રાઉનસ્કેપ	૧૬½″×૨૬½″ ૮ કિલો	૩૦૦૦	૨૪,૦૦૦
૨. ક્રાઉન	૨૦″×૩૦″ ૧૨ કિલો	૫૦૦	૬,૦૦૦
૩. ડબલ ડેમી	૨૨½″×૩૫″ ૧૫ કિલો	૫૦૦	૭,૫૦૦
			———
			કુલ વજન...૩૭,૫૦૦;

(૩) એક્ઝિકયુટિવ કાઉન્સિલે તેની તા. ૧૫–૧૨–૧૯૭૩ની સભામાં સેન્ટર ફોર મેનેજમેન્ટ એન્ડ પ્રોફેશનલ ટ્રેનિંગ અંગે નીમેલી સમિતિ પર ૨ સભ્યો નીમ્યાના :

૧. પ્રો. ડી. એન. પાઠક
૨. ડૉ. કે. જી. દેસાઈ;

(૪) યુનિવર્સિટીના એન.એસ એસ. વિભાગમાં કામ કરતા નીચેના હંગામી કર્મચારીઓની મુદ્દત વધુ બે માસ માટે તા. ૩૧–૮–૧૯૭૪ સુધી લંબાવ્યાના :

ક્રમાંક	કર્મચારીનું નામ	જગ્યાનું નામ
૧.	શ્રી. આર. એસ પટેલ	મદદનીશ એડમિનિસ્ટ્રેટર
૨.	શ્રીમતી લીના બી. પીટર્સ	જુ. ક્લાર્ક
૩.	કુ. કલ્પના આર. શાહ	,,
૪.	શ્રી. એમ. એમ. દેસાઈ	પટાવાળા
૫.	શ્રી. બી. આર. ગોસાઈ	ડ્રાઈવર

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીનાં સદરહુ કાર્યોની નોંધ લેવી.

૫૬. હરિ:ૐ આશ્રમના પૂજ્ય મોટા તરફથી મળેલા સંશોધન એવોર્ડોની બાબતમાં ધોરણો અંગેના નિયમો ઘડવા માટે એક્ઝિક્યુટિવ કાઉન્સિલે તેની તા. ૧૫-૧૨-૧૯૭૩ની સભામાં નીમેલી સમિતિની તા. ૧૦–૭–૧૯૭૪ની સભાના અહેવાલ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિનો અહેવાલ સ્વીકારવો.

વધુમાં ઠરાવવામાં આવે છે કે સદરહુ એવોર્ડના સંદર્ભમાં મેડિસિનના પ્રતિનિધિ તરીકે ડૉ. જે. એન. પટેલની નિમણૂક કરવી.

(સદરહુ અહેવાલની નકલ પરિશિષ્ટ "ગ" તરીકે સામેલ છે.)

૫૭. યુનિવર્સિટી કાર્યાલયના મદદનીશ કુલસચિવ શ્રી. ડી. એચ. પટેલને રૂ. ૫૧૨–૨૦–૬૧૨–૩૦–૭૬૨ ઈ.બી.–૪૦–૮૮૨ના પગારધોરણમાં તા. ૧–૮–૧૯૭૪થી રૂ. ૭૬૨ પછીનો કાર્યક્ષમતા અંતરાય ઓળંગવાની પરવાનગી આપવા અંગે વિચારણા કરવા બાબત.

મદદનીશ કુલસચિવ શ્રી. ડી. એચ. પટેલની કામગીરી અંગેનો બાનગી અહેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો.

તે પછી ઠરાવવામાં આવ્યું કે મદદનીશ કુલસચિવ શ્રી. ડી. એચ. પટેલને રૂ. ૫૧૨-૨૦-૬૧૨-૩૦-૭૬૨-ઈ. બી.-૪૦-૮૮૨ના પગારધોરણમાં રૂ. ૭૬૨ પછીનો કાર્યક્ષમતા અંતરાય તા. ૧-૮-૧૯૭૪થી ઓળંગવા માટે પરવાનગી આપવી.

૫૮. બાંધકામ સમિતિની તા. ૧૫–૭–૧૯૭૪ની સભાની ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૧૫–૭–૧૯૭૪ની સભાની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિની તા. ૧૫-૭-૧૯૭૪ની સભાની કાર્યવાહીની નોંધની નકલ પરિશિષ્ટ "ઘ" તરીકે સામેલ છે.)

૫૯. યુનિવર્સિટી વિસ્તારમાં પસાર થતા ટી. પી. રોડ ૧૩૨ ફૂટને બદલે હવે ૨૦૦ ફૂટનો બનાવવા અંગે ટાઉન પ્લાનિંગ ઑફિસરના તા. ૪–૭–૧૯૭૪ના પત્ર ક્રમાંક ટી. પી.એસ.–એડી–૨–૯૮૨ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતમાં યુનિવર્સિટી તરફથી ઘટતી રજૂઆત કરવા માટે અમીન દેસાઇ એન્ડ કું.ને નીમવા તથા તે અંગે જરૂરી કાર્યવાહી તથા ખર્ચ કરવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૬૦. સર્વિસ સેન્ટરની દુકાનો નીચેના ઉપયોગો માટે લીઝથી આપવા અંગે વિચારણા કરવા બાબત :

૧. ઘોબી
૨. દૂધ-દહીં, શિખંડ, આઇસ્ક્રીમ વગેરે
૩. પ્રોવિઝન સ્ટોર્સ
૪. હજામ
૫. શાકભાજી
૬. દળવા–ખાંડવાની ઘંટી

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સેન્ટરમાં દુકાનોની જોગવાઈ નીચે મુજબ રાખવી :

૧. ઘોબી
૨. દૂધ-દહીં (શિખંડ, આઇસ્ક્રીમ ઇત્યાદિ સ્વૈચ્છિક ધોરણે)
૩. શાકભાજી (ફળફળાદિ સ્વૈચ્છિક ધોરણે)
૪. દળવા–ખાંડવાની ઘંટી
૫. પ્રોવિઝન સ્ટોર (તે માટે બે દુકાનો સંયુક્ત રીતે આપવાની જોગવાઈ કરવી.)
(અનાજ, કરિયાણું, ઘી, તેલ ઇત્યાદિ માટે.)

વધુમાં ઠરાવવામાં આવે છે કે સદરહુ દુકાનોની બાબતમાં જાહેરબબર આપીને અરજીઓ મંગાવવી અને તે અંગેના નિયમો ઘડવા માટે નીચે જણાવેલ સભ્યોની સમિતિ રચવી :

૧. ડૉ. બિહારીલાલ કનૈયાલાલ
૨. શ્રી. ગુલાબભાઈ દેસાઈ
૩. ડૉ. સી. ટી. ભોપટકર
૪. શ્રી. ભૂપેન્દ્રભાઈ પટેલ.

૬૧. ૧૯૭૪–૭૫ના વર્ષમાં એમ.એ., એમ.એસસી., એમ.કૉમ., એલએલ.એમ ઇત્યાદિ પદવીઓ તથા પીએચ.ડી. પદવી માટે અનુસ્નાતક વિદ્યાર્થી તરીકે નામ નોંધાવવાની તારીખ ૧૬–૮–૧૯૭૪ સુધી લંબાવી આપવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ૧૯૭૪–૭૫ના શૈક્ષણિક વર્ષ માટે અનુસ્નાતક વિદ્યાર્થીઓના પ્રવેશના સંદર્ભમાં, ૧૯૭૩–૭૪ના વર્ષમાં લેવાયેલી બી.એ., બી.એસસી., બી.કૉમ., ઇત્યાદિ પરીક્ષાઓ અને તેનાં પરિણામો મોડાં પડેલાં હોવાથી, રજિસ્ટ્રેશનની તારીખ ૧૬–૮–૧૯૭૪ સુધી, અપવાદ તરીકે, લંબાવવી અને તે મુજબ ઘટતું સમયપત્રક કાઢીને અનુસ્નાતક વિદ્યાભવનો અને અનુસ્નાતક કેન્દ્રોને જરૂરી પરિપત્ર મોકલવા માટે કાર્યાલયને સૂચના આપવી.

૬૨. આ યુનિવર્સિટીની ફાઇનલ એમ.એસસી. પરીક્ષામાં વનસ્પતિવિજ્ઞાનનો વિષય લઈ બેઠેલ વિદ્યાર્થીઓમાં સૌથી વધારે ગુણાંક મેળવી ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થીને સુવર્ણચંદ્રક એનાયત કરવા અંગે રૂ. ૭,૦૦૧નું પ્રદાન સ્વીકારવા માટે "પ્રોફેસર જે. જે.

ચિનોય કોમેમોરેશન ફંડ"ના કન્વીનર ડા. સી. કે. શાહના તા. ૧૩–૭–૧૯૭૪ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ ચંદ્રક સુવર્ણમંડિત ચંદ્રક રહેશે તેની સ્પષ્ટતા સાથે સદરહુ પ્રદાનનો સાભાર સ્વીકાર કરવો.

૬૩. સ્થાયી કાનૂનવિષયક સમિતિની તા. ૧૬–૭–૧૯૭૪ના રોજ મળેલ સભાની ભલામણો પર વિચારણા કરવા બાબત.

સદરહુ સમિતિની તા. ૧૬–૭–૧૯૭૪ની ભલામણો સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવી ત્યારે તેની ભલામણ નં. ૩માં વિદ્યાર્થી પ્રતિનિધિઓની ચૂંટણી માટે મતદાન ટપાલથી કરવાને બદલે ગુપ્ત મતદાન કરવાની બાબતમાં સૂચવવામાં આવેલ સુધારા અંગેની બાબતમાં રહેલ છાપભૂલ તરફ સભાગૃહનું ધ્યાન ખેંચવામાં આવ્યું.

તે પછી ઠરાવવામાં આવ્યું કે, સદરહુ છાપભૂલના સુધારા સાથે સ્થાયી કાનૂનવિષયક સમિતિનો અભિપ્રાય સ્વીકારવો તથા તે અંગે તે બાબતમાં જરૂરી કાર્યવાહી કરવા માટે કુલપતિશ્રીને વિનંતી કરવી.

(સદરહુ સમિતિની તા. ૧૬–૬–૧૯૭૪ની સભાની ભલામણો પરિશિષ્ટ "ચ" તરીકે સામેલ છે.)

૬૪. આ યુનિવર્સિટીની જુદી જુદી પરીક્ષાઓ દરમ્યાન વિદ્યાર્થીઓએ અજમાવેલ ગેરવાજબી ઇલાજો અંગેના કેસો પર તેમ જ પ્રાધ્યાપકો, પરીક્ષકો, નિરીક્ષકો અને કાર્યાલયના સભ્યોના હસ્તક થયેલ ભૂલો અંગેના કેસો પર વિચારણા કરવા મળેલ ૧૯૭૪ની સાલની પરીક્ષા શુદ્ધિસમિતિની છઠ્ઠી સભાની ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૧૬–૭–૧૯૭૪ની છઠ્ઠી સભાની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિની તા. ૧૬–૭–૧૯૭૪ની સભાની કાર્યવાહીની નોંધ સામેલ કરવામાં આવી નથી.)

૬૫. ગુજરાત યુનિવર્સિટીના કાયદાની કલમ ૧૬ (૧)–વર્ગ ૨ (બી) ની કલમ (એ), (બી) અને (સી) અન્વયે કોર્ટ પરની વિદ્યાર્થી પ્રતિનિધિઓની ચૂંટણી માટેનું ઉમેદવારીપત્ર મંજૂર કરવા વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ ઉમેદવારીપત્ર મંજૂર કરવું.

૬૬. યુનિવર્સિટી બોર્ડ ફોર સ્ટુડન્ટ્સ વેલ્ફેર પર ૧૪ વિદ્યાર્થી પ્રતિનિધિઓની ચૂંટણી અંગેના ઓ. ૫૧–એ સુધારવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ઑર્ડિ. ૫૧–એ સુધારવો તથા તેને તાત્કાલિક અમલમાં મૂકવો.

(સદરહુ ઑર્ડિ. ૫૧–એ ની નકલ પરિશિષ્ટ "છ" તરીકે સામેલ છે.)

૬૭. વાર્ષિક કે સામાન્ય પદવીદાન સમારંભ માટેનાં આવેદનપત્રો માટે ફી નિયત કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે પદવીદાન સમારંભ માટેના અરજીપત્ર માટે રૂ. ૧/– ફી નિયત કરવી.

૬૮. યુવક મહોત્સવ અંગે સર્વગ્રાહી વિચારણા કરી પોતાનો સુચિંતિત હેવાલ રજૂ કરવા માટે એક્ઝિક્યુટિવ કાઉન્સિલે નિયુક્ત કરેલ સમિતિની તા. ૮-૭-૧૯૭૪ની અને તા. ૧૫-૭-૧૯૭૪ની સભાની ભલામણો અનુસાર ઑર્ડિ. ૫૭-અ અને બ સુધારવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ઑર્ડિ. ૫૭ની પેટાકલમ (અ) અને (બ) સુધારવી તથા તે મુજબ ઑર્ડિ. ૫૭ને તાત્કાલિક અમલમાં મૂકવો.

(સદરહુ ઑર્ડિ. ૫૭ની નકલ પરિશિષ્ટ "જ" તરીકે સામેલ છે.)

૬૯. યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનના કાયદાની કલમ ૨(ક) મુજબ કૉલેજો/સંસ્થાઓએ માન્યતા મેળવવાની બાબતમાં યુનિ. ગ્રાન્ટ્સ કમિશન તરફથી આવેલ તા. ૧૨-૭-૧૯૭૪ ના પત્રાંક એફ-૩૬-૩૪-૬૫ (સી.ડી.) (સી.પી.) પી.એસ. ૫૨ વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી અને સંલગ્ન કૉલેજો અને માન્ય સંસ્થાઓને સદરહુ પત્ર પરિપત્રિત કરવો.

૭૦. ગ્રંથાલય સમિતિની તા. ૧૮-૬-૧૯૭૪ની સભાની નીચેની ભલામણો પર વિચારણા કરવા બાબત :

ભલામણો

ઠરાવ નં. ૧૦ : "આથી ઠરાવવામાં આવે છે કે ફેડરેશન ઑફ પબ્લિશર્સ એન્ડ બુકસેલર્સ એસોસિયેશન ઈન ઈન્ડિયા એ ડૉલરનો વિનિમય દર રૂ. ૮-૦૦ને બદલે રૂ. ૮-૫૦ લેવા સૂચવેલ છે તેને મંજૂરી આપવા એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી."

ઠરાવ નં. ૧૨ : "આથી ઠરાવવામાં આવે છે કે ગ્રંથાલય સમિતિની તા. ૧૪-૧૨-૧૯૭૩ની સભામાં પુસ્તક વિક્રેતાઓ માટે મંજૂર કરેલી શરતો પ્રમાણે જ મે. શિવ પુસ્તકાલય, બરોડાને ૧૯૭૩-૭૪ના વર્ષ માટે પુસ્તક વિક્રેતા તરીકે નિયુક્ત કરવા."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની ઉપરની ભલામણો મંજૂર કરવી.

૭૧. વિજ્ઞાનવિદ્યા ભવનના ભૌતિકવિજ્ઞાનના સ્પેસ-સાયન્સમાં નિમાયેલા રીડર-ઇન-સ્પેસ-સાયન્સ ડૉ. વી. કે. ત્રિપાઠીના આ નિમણૂક સ્વીકારવા અશક્તિ દર્શાવતા તા. ૫-૭-૧૯૭૪ના પત્રની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી અને ભૌતિકવિજ્ઞાનના વિભાગમાં સ્પેસ સાયન્સના રીડરની જગ્યા માટે ફરીથી જાહેરખબર આપીને નવેસરથી અરજીઓ મંગાવવી.

૭૨. ગુજરાત કૉલેજ, અમદાવાદને જૂન ૧૯૭૩થી બી.એ. (પ્રિન્સિ.)માં મનોવિજ્ઞાન, સમાજશાસ્ત્ર, બી.એ. (સબો.)માં આંકડાશાસ્ત્રની પદ્ધતિઓ, બી.એસસી.(સ્પે.)માં

કીટાણુવિજ્ઞાન અને આંકડાશાસ્ત્ર તથા દ્વિતીય વર્ષ ડ્રામા સુધીનો અભ્યાસક્રમ શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૩થી તા. ૧૪-૬-૧૯૭૪ સુધીના ચાલુ જોડાણ તથા પ્રી-મેડિકલના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૩થી તા. ૧૪-૬-૧૯૭૫ સુધીના ચાલુ જોડાણ અંગે મૂકેલી શરતોના પરિપાલનના અહેવાલના સંદર્ભમાં જોડાણ આપવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ગુજરાત કૉલેજ, અમદાવાદને બી.એ. (પ્રિન્સિ.)માં મનોવિજ્ઞાન, સમાજશાસ્ત્ર, અને બી.એ. (સબો.)માં આંકડાશાસ્ત્રની પદ્ધતિઓ તથા બી.એસસી. (સ્પે.)માં કીટાણુ-વિજ્ઞાન અને આંકડાશાસ્ત્ર તથા દ્વિતીય વર્ષ ડ્રામા સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૩થી તા. ૧૪-૬-૧૯૭૪ સુધીનું ચાલુ જોડાણ તથા પ્રી-મેડિકલના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૩થી તા. ૧૪-૬-૧૯૭૫ સુધીનું ચાલુ જોડાણ આપવું.

વધુમાં ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજને સમાજશાસ્ત્રના પ્રાધ્યાપક અને કીટાણુવિજ્ઞાનના વિષયના પ્રાયોગિક કાર્ય માટે વધારાના અનુસ્નાતક પદવીધારી ડેમોન્સ્ટ્રેટરની તાકીદે નિમણૂક કરી તેની જાણ કરવા જણાવવું.

૭૩. ગુજરાત કૉલેજ, અમદાવાદને જૂન ૧૯૭૪થી બી.એ. (પ્રિન્સિ.)માં મનોવિજ્ઞાન, અને સમાજશાસ્ત્ર. બી.એ. (સબો.)માં આંકડાશાસ્ત્રની પદ્ધતિઓ, બી.એસસી. (સબો.)માં આંકડાશાસ્ત્ર અને દ્વિતીય વર્ષ સુધીના નાટ્યવિદ્યાના ડિપ્લોમા અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૪થી તા. ૧૪-૬-૧૯૭૬ સુધીના ચાલુ જોડાણ તથા બી.એસસી.(સ્પે.)માં કીટાણુવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૪થી તા. ૧૪-૬-૧૯૭૫ સુધીના ચાલુ જોડાણ તથા પત્રકારત્વના ડિપ્લોમાના અભ્યાસક્રમો માટ તા. ૧૫-૬-૧૯૭૪ થી તા. ૧૪-૬-૧૯૭૫ સુધીનું વધારાના જોડાણ માટે મૂકેલો શરતોના પરિપાલનના અહેવાલના સંદર્ભમાં જોડાણ આપવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ગુજરાત કૉલેજ, અમદાવાદને બી.એ. (પ્રિન્સિ.)માં મનોવિજ્ઞાન અને સમાજશાસ્ત્ર અને બી.એ. (સબો.)માં આંકડાશાસ્ત્રની પદ્ધતિઓ, બી.એસસી. (સ્પે.)માં કીટાણુ-વિજ્ઞાન અને આંકડાશાસ્ત્ર અને દ્વિતીય વર્ષ સુધીના નાટ્યવિદ્યાના ડિપ્લોમા અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૪થી તા. ૧૪-૬-૧૯૭૫ સુધીનું ચાલુ જોડાણ આપવું.

૭૪. શ્રી. આર. કે. પરીખ સાયન્સ કૉલેજ, પેટલાદને જૂન ૧૯૭૪થી બી.એસસી. (સ્પે.)માં ભૌતિકવિજ્ઞાન તથા બી.એસસી (જન.)માં ગણિતશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૪થી કાયમી જોડાણ માટે મૂકેલો શરતોના પરિપાલનના અહેવાલના સંદર્ભમાં જોડાણ આપવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. આર. કે. પરીખ સાયન્સ કૉલેજ, પેટલાદને બી.એસસી. (સ્પે.)માં ભૌતિકવિજ્ઞાન તથા બી.એસસી. (જન.)માં ગણિતશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૪થી કાયમી જોડાણ આપવું.

વધુમાં ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજને ગ્રન્થાલય અંગે પુસ્તકો અને સામયિકો માટે કરેલ ખર્ચની વિગતો મોકલવા, કૉલેજમાંથી છૂટા થયેલ શ્રી વાય. કે. જોશીની લેણી રકમ ચૂકવવા, પ્રોવિડંટ ફંડના ટ્રસ્ટની રચના કરી પ્રોવિડંટ ફંડની સઘળી રકમ (સંસ્થાના ફાળા સહિતની) ટ્રસ્ટને સોંપી દેવા તથા તા. ૧-૪-૧૯૭૨થી અમલી બને તે રીતે ગ્રેચ્યુઈટી ફંડ ઊભું કરીને તેની જાણ કરવા જણાવવું.

૭૫. વડનગર આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, વડનગરને જૂન ૧૯૭૪થી બી.એ. (પ્રિન્સિ.)માં અર્થશાસ્ત્ર, ગુજરાતી, બી.એ. (સબો.)માં મનોવિજ્ઞાન, હિન્દી, ઈતિહાસ તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૪ થી તા. ૧૪-૬-૧૯૭૫ સુધીના ચાલુ જોડાણ અંગે મૂકેલી શરતોના પરિપાલનના અહેવાલના સંદર્ભમાં જોડાણ આપવા અંગે વિચારણા કરવા બાબત :

આથી ઠરાવવામાં આવે છે કે વડનગર આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, વડનગરને બી.એ.(પ્રિન્સિ.) અર્થશાસ્ત્ર અને ગુજરાતી, તથા બી.એ.(સબો.)માં મનોવિજ્ઞાન, હિન્દી, ઇતિહાસ, સંસ્કૃત તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૪થી તા. ૧૪-૬-૧૯૭૫ સુધીનું ચાલુ જોડાણ આપવું.

વધુમાં ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજને તા. ૧-૪-૧૯૭૨થી અમલી બને તે રીતે ગ્રેચ્યુઇટી ફંડ ઊભું કરીને તેની જાણ કરવા જણાવવું.

૭૬. કૉલેજ ઑફ નર્સિંગ, અમદાવાદને જૂન ૧૯૭૪થી દ્વિતીય વર્ષ પોસ્ટ-બેઝિક બી.એસસી. નર્સિંગ)ના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૪થી તા. ૧૪-૬-૧૯૭૫ સુધીના ચાલુ જોડાણ અંગે મૂકેલી શરતોના પરિપાલનના અહેવાલના સંદર્ભમાં જોડાણ આપવા અંગે વિચારણા કરવા બાબત :

આથી ઠરાવવામાં આવે છે કે કૉલેજ ઑફ નર્સિંગ, અમદાવાદને દ્વિતીય વર્ષ (પોસ્ટ-બેઝિક) બી.એસસી. નર્સિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૪થી તા. ૧૪-૬-૧૯૭૫ સુધીનું ચાલુ જોડાણ આપવું.

વધુમાં ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજના બે બે વ્યાખ્યાતાઓની કાયમી ધોરણે નિમણૂક કરી છે તેની માહિતી મોકલવા, સીનિયર ક્લિનિકલ ઇન્સ્પેક્ટરની માહિતી મોકલવા તથા ગ્રંથાલય માટેના આવર્તક ખર્ચની વાંધરી મોકલવા જણાવવું.

૭૭. આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, ભાદરણને જૂન ૧૯૭૪થી બી.એસસી. (રસા)માં ગણિતશાસ્ત્ર તથા બી.એસસી. (જન.)માં વનસ્પતિવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૪ થી તા. ૧૪-૬-૧૯૭૭ સુધીના ચાલુ જોડાણ અંગે મૂકેલી શરતોના પરિપાલનના અહેવાલના સંદર્ભમાં જોડાણ આપવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, ભાદરણને બી.એસસી.(રસા.)માં ગણિતશાસ્ત્ર અને બી.એસસી (જન.)માં વનસ્પતિવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૪થી તા. ૧૪-૬-૧૯૭૭ સુધીનું ચાલુ જોડાણ આપવું.

વધુમાં ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજના ગણિતશાસ્ત્રના પ્રાધ્યાપકની તાકીદે નિમણૂક કરી તથા ગ્રંથાલય માટે કરેલ ખર્ચનો આંકડો મોકલી આપવા જણાવવું. ગણિતશાસ્ત્રનાં પુસ્તકો માટે રૂ. ૨,૦૦૦નો આવર્તક ખર્ચ કરવા, પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ ખર્ચ કરવા અંગે આવર્તક ખર્ચની બાંયધરી મોકલવા તથા ગ્રેચ્યુઇટી ફંડ કયારથી ઊભું કરેલું છે તેની માહિતી મોકલવા માટે જણાવવું.

૭૮. સી. એન આર્ટ્સ એન્ડ બી. ડી. કૉમર્સ કૉલેજ, કડીને જૂન ૧૯૭૪થી બી.એ.-(પ્રિન્સિ.) માં ગુજરાતી અને અર્થશાસ્ત્ર તથા બી.એ.(સબો.) માં મનોવિજ્ઞાન તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૪થી તા. ૧૪-૬-૧૯૭૯ સુધીના ચાલુ જોડાણ માટે મૂકેલી શરતોના પરિપાલનના અહેવાલના સંદર્ભમાં જોડાણ આપવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સી. એન. આર્ટ્સ એન્ડ બી. ડી. કૉમર્સ કૉલેજ, કડીને બી.એ.-(પ્રિન્સિ.)માં ગુજરાતી અને અર્થશાસ્ત્ર તથા બી.એ.(સબો.)માં મનોવિજ્ઞાન તથા બી કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૪થી તા. ૧૪-૬-૧૯૭૫ સુધીનું ચાલુ જોડાણ આપવું.

વધુમાં ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજને તેઓને ત્યાંના જે શિક્ષકો અનુસ્નાતક શિક્ષણકાર્ય કરે છે તેઓનો કાર્યભાર ઓ. ૧૨૦ની મર્યાદામાં રાખવા, ગ્રંથાલય માટેના ખર્ચમાં રૂ. ૩૩,૫૩૧-૬૬ પૈસાની ઊણપ જણાય છે તે તાકીદે દૂર કરવા, પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ કરવાના આવર્તક ખર્ચની બાંયધરી મોકલવા, પ્રૉવિડંટ ફંડના ટ્રસ્ટની રચના કરી, પ્રૉવિડંટ ફંડની રકમ (સંસ્થાના ફાળા સહિતની) ટ્રસ્ટને સોંપી તથા ગ્રેચ્યુઇટી ફંડ કયારથી ઊભું કર્યું છે તેની જાણ કરવા જણાવવું.

૭૯. શ્રી. કિશનદાસ કીકાણી આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, ધંધુકાને જૂન ૧૯૭૪થી બી.એ.(પ્રિન્સિ.)માં ગુજરાતી અને અર્થશાસ્ત્ર તથા બી.એ. (સબો.)માં ઇતિહાસ આંકડાશાસ્ત્ર અને સંસ્કૃત તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગ અને આંકડાશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૪થી તા. ૧૪-૬-૧૯૭૯ સુધીના ચાલુ જોડાણ તથા બી.એ. (સબો.)માં અંગ્રેજી, માનસશાસ્ત્ર અને ગણિત તથા પ્રથમ વર્ષ બી.કૉમ.માં એડવાન્સ ઇકોનોમિકસ અને બિઝનેસ મૅનેજમેન્ટના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૪થી તા. ૧૪-૬-૧૯૭૫ સુધીનું વધારાનું જોડાણ આપવા માટે મૂકેલી શરતોના પરિપાલનના અહેવાલના સંદર્ભમાં જોડાણ આપવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. કિશનદાસ કીકાણી આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, ધંધુકાને બી.એ.-(પ્રિન્સિ.)માં ગુજરાતી અને અર્થશાસ્ત્ર, તથા બી.એ. (સબો.)માં ઇતિહાસ, આંકડાશાસ્ત્ર અને સંસ્કૃત, તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગના અને આંકડાશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૪થી તા. ૧૪-૬-૧૯૭૯ સુધીનું ચાલુ જોડાણ આપવું.

વધુમાં ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજને તા. ૧-૪-૧૯૭૨થી અમલી બને તે રીતે ગ્રેચ્યુઈટી ફંડ ઊભું કરીને તેની જાણ કરવા માટે જણાવવું.

૮૦. શ્રી લાલશંકર ઉમિયાશંકર કૉલેજ ફૉર વિમેન, અમદાવાદને જૂન ૧૯૭૪થી બી.એ.(પ્રિન્સિ.)માં ગુજરાતી, હિન્દી, સમાજશાસ્ત્ર અને ભૂગોળ; તથા બી.એ.(સબ.)માં ઇતિહાસ, અંગ્રેજી, મનોવિજ્ઞાન, અર્થશાસ્ત્ર અને ભારતીય સંસ્કૃતિ; તથા બી.એડ.ના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૪ થી તા. ૧૪-૬-૧૯૭૭ સુધીનું ચાલુ જોડાણ તથા બી.એ.(પ્રિન્સિ.)માં ઇતિહાસ, અર્થશાસ્ત્ર, અંગ્રેજી અને ગૃહવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૪ થી તા. ૧૪-૬-૧૯૭૫ સુધીના વધારાના જોડાણ અંગે મૂકેલી શરતોના પરિપાલનના અહેવાલના સંદર્ભમાં જોડાણ આપવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. લાલશંકર ઉમિયાશંકર કૉલેજ ફૉર વિમેન, અમદાવાદને બી.એ.(પ્રિન્સિ.)માં ગુજરાતી, હિન્દી, સમાજશાસ્ત્ર અને ભૂગોળ તથા બી.એ.(સબ.)માં ઇતિહાસ, અંગ્રેજી, મનોવિજ્ઞાન, અર્થશાસ્ત્ર અને ભારતીય સંસ્કૃતિ તથા બી એડ.ના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૪થી તા. ૧૪-૬-૧૯૭૭ સુધીનું ચાલુ જોડાણ તથા બી.એ.(પ્રિન્સિ.)માં ઇતિહાસ, અર્થશાસ્ત્ર, અંગ્રેજી અને ગૃહવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૪થી તા ૧૪-૬-૧૯૭૫ સુધીનું વધારાનું જોડાણ આપવું.

વધુમાં ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજને ગૃહવિજ્ઞાનના પૂર્ણ સમયના પ્રાધ્યાપકની નિમણૂક કરી તથા અંગ્રેજી, અર્થશાસ્ત્ર, ઇતિહાસ અને ગૃહવિજ્ઞાનના પ્રત્યેક વિષય માટે રૂ. ૨,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરીને તેની જાણ કરવા જણાવવું.

૮૧. શ્રી રજની પારેખ આર્ટ્સ એન્ડ શ્રી કે. બી. કૉમર્સ કૉલેજ, ખંભાતને જૂન ૧૯૭૪થી બી.એ.(પ્રિન્સિ.)માં ગૃહવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૦-૬-૧૯૭૪થી તા. ૧૪-૬-૧૯૭૭ સુધીના ચાલુ જોડાણ અંગે મૂકેલી શરતોના પરિપાલનના અહેવાલના સંદર્ભમાં જોડાણ આપવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી રજની પારેખ આર્ટ્સ એન્ડ શ્રી કે. બી. કૉમર્સ કૉલેજ, ખંભાતને બી.એ.(પ્રિન્સિ.)માં ગૃહવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૪ થી તા. ૧૪-૬-૧૯૭૫ સુધીનું ચાલુ જોડાણ આપવું.

વધુમાં ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજને ફેમિલી હેલ્થ એન્ડ ચાઈલ્ડ ડેવલપમેન્ટના વ્યાખ્યાતા તરીકે નિમાયેલ શ્રીમતી ડી. એસ. શાહ અંગેની વિગતો મોકલવા, ગ્રંથાલયમાં પુસ્તકો અને સામયિકો માટે મૂકવામાં આવેલી શરતોમાં જણાવેલ ઊણપો દૂર કરવા, પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ કરવાના આવર્તક ખર્ચની બાંયધરી મોકલવા, છૂટા થયેલા આચાર્ય આર. એમ. શુકલ તથા પ્રા બી કે શાહની લેણી રકમ ચૂકવવા તથા પ્રોવિડંટ ફંડની રકમ તેના ટ્રસ્ટને સોંપવા તથા તા. ૧-૪-૧૯૭૨થી અમલી બને તે રીતે કરવા જણાવવું.

૮૨. સી. યુ. શાહ કૉમર્સ કૉલેજ, અમદાવાદને જૂન ૧૯૭૪થી બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગ અને આંકડાશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૪-૧૯૭૪થી તા. ૧૪-૬-૧૯૭૯ સુધીનું ચાલુ જોડાણ તથા પ્રથમ વર્ષ બી.કૉમ.માં

એડવાન્સ્ડ ઇકોનોમિક્સ અને બિઝનેસ મૅનેજમેન્ટના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૪થી તા. ૧૪-૬-૧૯૭૫ સુધીના વધારાના જોડાણ માટે મૂકેલી શરતોના પરિપાલનના અહેવાલના સંદર્ભમાં જોડાણ આપવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. સી. યુ. શાહ કૉમર્સ કૉલેજ, અમદાવાદને બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગ તથા આંકડાશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૪ થી તા. ૧૪-૬-૧૯૭૯ સુધીનું ચાલુ જોડાણ આપવું.

વધુમાં ઠરાવવામાં આવે છે કે કૉલેજના પ્રૉવિડંટ ફંડની રકમ તેના અલગ ખાતામાં જમા કરાવીને તથા તા. ૧-૪-૧૯૭૨થી અમલી બને તે રીતે ગ્રેચ્યુઈટી ફંડ ઊભું કરવા જણાવવું.

૮૩. તોલાણી કૉમર્સ કૉલેજ, આદિપુરને જૂન ૧૯૭૪થી પ્રથમ વર્ષ બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૪થી તા. ૧૪-૬-૧૯૭૬ સુધીનું ચાલુ જોડાણ તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૪થી તા. ૧૪-૬-૧૯૭૫ સુધીના વધારાના જોડાણ આપવા માટે મૂકેલી શરતોના પરિપાલનના સંદર્ભમાં જોડાણ આપવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે તોલાણી કૉમર્સ કૉલેજ, આદિપુરને પ્રથમ વર્ષ બી કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૪થી તા. ૧૪-૬-૧૯૭૬ સુધીનું ચાલુ જોડાણ તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૪ થી તા. ૧૪-૬-૧૯૭૫ સુધીનું વધારાનું જોડાણ આપવું.

વધુમાં ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજને તેઓને ત્યાં ગ્રંથપાલ તરીકે નિમાયેલ શ્રી. જયંત મહેતાની લાયકાત તથા તેઓને અપાનાર પગારધોરણની માહિતી મોકલવા જણાવવું.

૮૪. ચાલુ વર્ષે મે-જૂન ૧૯૭૪ની પરીક્ષાઓ માટે આંતરિક મૂલ્યાંકન સ્થગિત થયેલું હોવા છતાં ઇજનેરી વિદ્યાશાખામાં એલ. ડી. એન્જિનિયરિંગ કૉલેજમાં સેશનલ કસોટી પરીક્ષા લેવામાં આવી છે જ્યારે ધર્મસિંહ દેસાઈ ઇન્સ્ટિટ્યૂટ ઑફ ટેકનોલોજીમાં સેશનલ કસોટી પરીક્ષાઓ લેવાઈ નથી તેના સંદર્ભમાં એલ. ડી. એન્જિનિયરિંગ કૉલેજના વિદ્યાર્થીઓના ગુણ પરિણામ તૈયાર કરતી વખતે ગણતરીમાં લેવા કે કેમ તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ૧૯૭૩-૭૪ના વર્ષ દરમ્યાન ગુજરાત રાજ્યમાં લાંબા સમય સુધી પ્રવર્તેલી અશાંત પરિસ્થિતિના સંદર્ભમાં ઇજનેરી વિદ્યાશાખાની એલ ડી. એન્જિનિયરિંગ કૉલેજે સેશનલ કસોટી યોજી છે તે ગ્રાહ્ય રાખવી અને ધર્મસિંહ દેસાઈ ઇન્સ્ટિટ્યૂટ ઑફ ટેકનોલોજીએ સેશનલ કસોટી યોજી નથી તે ક્ષમ્ય ગણવી અને તે મુજબ જે તે વિદ્યાર્થીઓનાં પરિણામો જાહેર કરવાં.

૮૫. જે. ઍન્ડ જે. કૉલેજ ઑફ સાયન્સ, નડિયાદમાં સ્થાપવામાં આવેલા રસાયણ-વિજ્ઞાનના વિષયના અનુસ્નાતક કેન્દ્ર માટે તે કૉલેજના પ્રોફેસર શ્રી. સી. ડી. દેસાઈનો, પ્રોફેસર-ઇન-ચાર્જ તરીકે નિમણૂક કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ અનુસ્નાતક કેન્દ્રનાં પ્રોફેસર-ઇન-ચાર્જ તરીકે ડૉ. એચ. એમ. દેસાઈને બદલે પ્રો. સી. ડી. દેસાઈની નિમણૂક મંજૂર કરવી.

૮૬. એલ. ડી. એન્જિનિયરિંગ કૉલેજમાં વિદ્યાર્થી શ્રી. પી. એમ. ત્રિવેદીને ૮મા સેમેસ્ટર માટે અનધિકૃત રીતે દાખલ કરવામાં આવતાં અરજીપત્ર ભર્યું છે તે આ અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. પી. એમ. ત્રિવેદીનો સેમેસ્ટર ૮નો પ્રવેશ, સદરહુ કેસના વિશિષ્ટ સંજોગોમાં, અપવાદ તરીકે ગ્રાહ્ય ગણવો.

વધુમાં ઠરાવવામાં આવે છે કે એલ. ડી. એન્જિનિયરિંગ કૉલેજે સદરહુ બાબતમાં પૂરતી ચકાસણી કરીને જરૂરી તકેદારી નહીં રાખવા બદલ તેને ઠપકો આપવો.

૮૭. અમદાવાદ વિસ્તારમાં સ્થાપવામાં આવેલા એમ.કૉમ.નાં અનુસ્નાતક કેન્દ્રોમાં ચાલુ વર્ષે ઊભા થયેલા અસાધારણ સંજોગોને કારણે વિદ્યાર્થીઓની પ્રવેશ-સંખ્યા વધવાની શકયતા હોઈ અનુસ્નાતક કેન્દ્રો અંગે શી વ્યવસ્થા કરવી તે વિચારીને પોતાનો સુચિંતિત અહેવાલ આપવા માટે કુલપતિશ્રીએ નીમેલી સમિતિના અહેવાલ અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે એમ.કૉમ.નાં અનુસ્નાતક કેન્દ્રોમાં પાર્ટ ૧ માટે ૧૯૭૪-૭૫ના વર્ષમાં વર્ગ દીઠ ૧૧૫ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવા માટે વાણિજ્યનાં અનુસ્નાતક કેન્દ્રોને પરવાનગી આપવી, તથા તે ઉપરાંત વર્ગ દીઠ વધુ ૧૦ વિદ્યાર્થીઓને કુલપતિશ્રીની અગાઉથી મંજૂરી લઈને પ્રવેશ આપી શકશે એમ તે કેન્દ્રોને જણાવવું.

વધુમાં ઠરાવવામાં આવે છે કે ૧૯૭૪-૭૫ના વર્ષમાં એમ.કૉમ. પાર્ટ ૧ના વિદ્યાર્થીઓ પરીક્ષામાં ઉત્તીર્ણ થયા ન હોય તોપણ તેમને પાર્ટ ૨ માટે સત્રો ભરવાને પાત્ર ગણવામાં આવ્યા છે, તેના સંદર્ભમાં જરૂર જણાય તો કોઈ પણ અનુસ્નાતક કેન્દ્ર કે કેન્દ્રોમાં એક વધારાનો વર્ગ ખોલવા માટે પરવાનગી આપવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૮૮. એકિઝકયુટિવ કાઉન્સિલે તેની તા. ૧૮-૫-૧૯૭૪ની સભામાં નીચે પ્રમાણે ઠરાવ્યું હોઈ તે પર વિચારણા કરવા બાબત :

> "વધુમાં ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીનાં અનુસ્નાતક વિદ્યાભવનોના શિક્ષકોના મંડળની માન્યતા માટે પણ જરૂરી નિયમો ઘડવાનું રાખવું."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે એકિઝકયુટિવ કાઉન્સિલે તેની તા. ૧૮-૫-૧૯૭૪ની સભામાં બાબત નં. ૪૦ના ઠરાવથી નીમેલી સમિતિને જરૂરી નિયમો ઘડીને રજૂ કરવા માટે જણાવવું.

૯૯. આચાર્ય ય. પ્રા. શુકલ, શ્રી. મનીષી જની તથા શ્રી. મૂકેશ પટેલ હવે યુનિવર્સિટી કોર્ટના સભ્યપદેથી તેમ જ યુનિવર્સિટી કોર્ટના સભ્યપદની રૂએ અન્ય સમિતિમાં હોય તો તે સમિતિના સભ્યપદેથી ફારેગ થાય છે તેના સંદર્ભમાં નીચેની સમિતિઓ પરના તેમના સભ્યપદ અંગે વિચારણા કરવા બાબત :

ક્રમાંક	સમિતિનું નામ	કોણ સભ્ય છે
૧.	પરીક્ષાશુદ્ધિ સમિતિ	... આચાર્ય ય. પ્રા. શુકલ
૨.	કેટલીક કોલેજોએ ૧૫મી માર્ચ પછી વિદ્યાર્થીઓને પ્રવેશ આપવા અંગેની તપાસસમિતિ	... આચાર્ય ય. પ્રા. શુકલ તથા ... શ્રી. મનીષી જની
૩.	સ્ટેચ્યૂટ-ઑાડનન્સ ઘડવા અંગેની સમિતિ	... શ્રી. મનીષી જની
૪.	ત્રિવાર્ષિક તપાસસમિતિ	... ,, ,, ,,
૫.	યુવક મહોત્સવ સમિતિ	... આચાર્ય ય. પ્રા. શુકલ ... શ્રી. મનીષી જની ... શ્રી. મુકેશ પટેલ

આથી ઠરાવવામાં આવે છે કે નીચે જણાવેલી સમિતિઓ ઉપર યુનિવર્સિટીનાં સત્તામંડળોના સભ્યપદેથી ફારેગ થયેલા સભ્યોને બદલે તેમનાં નામ સામે જણાવેલ સભ્યને નીમવા :

ક્રમાંક	સમિતિનું નામ	ફારેગ થયેલ સભ્યનું નામ	નવા નિમાયેલ સભ્યનું નામ
૧.	પરીક્ષા શુદ્ધિ સમિતિ	આચાર્ય ય. પ્રા. શુકલ	ડૉ. એમ. એન. દેસાઈ
૨.	કેટલીક કોલેજોએ ૧૫મી માર્ચ પછી વિદ્યાર્થીઓને પ્રવેશ આપવા અંગેની તપાસસમિતિ	આચાર્ય ય. પ્રા. શુકલ શ્રી. મનીષી જની	ડૉ. એમ. એન. દેસાઈ, અને પ્રો. ડી. એન. પાઠક
૩.	સ્ટેચ્યૂટ-ઑાડિનન્સ ઘડવા અંગેની સમિતિ	શ્રી. મનીષી જની	આચાર્ય ધીરુભાઈ પી. ઠાકર
૪.	ત્રિવાર્ષિક તપાસ સમિતિ	શ્રી. મનીષી જની	પ્રો. ડી. એન. પાઠક
૫.	યુવક મહોત્સવ સમિતિ	આચાર્ય ય. પ્રા. શુકલ શ્રી. મનીષી જની શ્રી. મુકેશ પટેલ	ડૉ. જે. એન. પટેલ અને ડૉ. જે. એલ. ભટ્ટ

તે પછી પ્રમુખશ્રીની પરવાનગીથી નીચેની બાબતો હાથ ધરવામાં આવી :

૯૦. સરદાર વલ્લભભાઈ પટેલની જન્મશતાબ્દી ઊજવવા બાબત :

આથી ઠરાવવામાં આવે છે કે સરદાર વલ્લભભાઈ પટેલની જન્મશતાબ્દીની પ્રસંગોચિત ઊજવણી કરવાનું યુનિવર્સિટીએ રાખવું, અને તે માટે કાર્યક્રમની વિગતો તૈયાર કરવા માટે નીચે જણાવેલા સભ્યોની સમિતિ રચવી :

૧. કુલપતિશ્રી, અધ્યક્ષ
૨. શ્રી. બાબુભાઈ જશભાઈ પટેલ
૩. શ્રી. નવીનચંદ્ર બારોટ
૪. ડૉ. બિહારીલાલ કનૈયાલાલ શાહ
૫. પ્રો. ડી. એન. પાઠક
૬. શ્રી રામલાલભાઈ પરીખ
૭. પ્રો. પી. જી. માવળંકર.

૯૧. નાયબ કુલસચિવ શ્રી. એસ. પી. મેઢના નિવાસસ્થાને ટેલિફોનની સગવડ આપવા અંગે વિચારણા કરવા બાબત :

આથી ઠરાવવામાં આવે છે કે નાયબ કુલસચિવ શ્રી એસ. પી. મેઢને તેમના નિવાસસ્થાને નીચેની શરતોને આધીન ટેલિફોનની સગવડ આપવી :

(૧) આ ટેલિફોનની સગવડ માટે ટેલિફોનનું જે ભાડું (Rental) ટેલિફોન ખાતાને આપવાનું થાય તે યુનિવર્સિટીએ ચૂકવવું; અને

(૨) વિના ફીના કૉલ (Free Calls) ઉપરાંત વધારાના જે કૉલનું ખર્ચ થાય તે વ્યક્તિને શિરે રહેશે અને યુનિવર્સિટી કાર્યાલય તરફથી આપી શકાશે નહીં તેમ જણાવવું.

૯૨. ડૉ. વી. સી. શાહે તેમના તા. ૧૫-૭-૧૯૭૪ના પત્રમાં સૂચવેલા નીચેના પ્રસ્તાવ ઉપર વિચારણા કરવા બાબત :

"There should be no position of Demonstrator in University Bhavans and if there is any one on such a position his case may be considered, and if he is found qualified he should be promoted to a position of Lecturer."

આથી ઠરાવવામાં આવે છે કે ભૌતિકવિજ્ઞાનના વિષયના ડેમોન્સ્ટ્રેટરની જગ્યાને લેક્ચરરની જગ્યામાં ફેરવવા માટે જરૂરી મંજૂરી આપવા માટે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનને તથા રાજ્ય સરકારને વિનંતી કરવી.

૯૩. ટી.ડી.ના ૧૦ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવા માટે મંજૂરી આપવામાં આવેલી છે તે રદ્દ કરીને તેને બદલે બી.એડ.ના વધુ ૧૦ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવા માટે પરવાનગી આપવા માટેની આચાર્યશ્રીની વિનંતી પર વિચારણા કરવા બાબત :

આથી ઠરાવવામાં આવે છે કે શિક્ષક-વિદ્યાર્થીઓના ૧ : ૧૦ના પ્રમાણ અંગેનાં યુનિવાસટીનાં ધારાધોરણને આધીન સદરહુ વિનંતી મંજૂર કરવી.

૯૪. ધર્મસિંહ દેસાઈ ઇન્સ્ટિટ્યૂટ ઑફ ટેકનોલોજી, નડિયાદને પાંચમા વર્ષ બી.ઈ. (કેમ.) સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૪થી જોડાણ આપવાની અરજી પરની એકેડેમિક કાઉન્સિલની નીચેની ભલામણો પર વિચારણા કરવા બાબત :

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે ધર્મસિંહ દેસાઈ ઇન્સ્ટિટ્યૂટ ઑફ ટેકનોલોજી, નડિયાદ નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલી શરતોનું પાલન એકિઝકયુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૧૫-૮-૧૯૭૪ સુધીમાં કરે તો તેને પાંચમા વર્ષ બી.ઈ. (કેમ.) સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૪થી તા. ૧૪-૬-૧૯૭૬ સુધીનું ચાલુ જોડાણ આપવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. નીચે પ્રમાણે નિમણૂકો કરવામાં આવે :
   (૧) કેમિકલ એન્જિનિયરિંગના એક પ્રાધ્યાપક
   (૨) કેમિકલ એન્જિનિયરિંગના એક સહ-પ્રાધ્યાપક
   (૩) ઇલેકિટ્રકલ એન્જિનિયરિંગના એક વ્યાખ્યાતા
   (૪) સિવિલ એન્જિનિયરિંગના એક વ્યાખ્યાતા;
૨. એક રેફ્રિજરેટર વસાવવામાં આવે;
૩. પુસ્તકો તથા સામયિકો માટે પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;
૪. ગ્રંથાલય માટે અત્યાર સુધીમાં વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેતી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;
૫. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોનાં પગારધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા છૂટા થયેલા શિક્ષકોને વેતન, વળતર કે જે કાંઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે;
૬. પ્રોવિડંટ ફંડ અને સંચાલક મંડળના ફાળા અને ટ્રસ્ટની રચના સહિતનાં યુનિવર્સિટીનાં તમામ ધારાધોરણોનું પાલન કરવામાં આવે; અને
૭. શિક્ષકોનાં વાર્ષિક મૂળ પગારના ૨½ ટકાના દરે ગ્રેચ્યુઇટી ફંડ ઊભું કરવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણો મંજૂર કરવી, અને સદરહુ સંસ્થા તરફથી જોડાણ અંગેની શરતોના યથાર્થ પરિપાલનનો હેવાલ મળ્યેથી જોડાણ અંગેનું જાહેરનામું બહાર પાડવા કુલપતિશ્રીને સત્તા આપવી.

૯૫. એકિઝકયુટિવ કાઉન્સિલે તેની તા. ૧-૬-૧૯૬૨ની સભામાં બાબત ક્રમાંક ૪૨૫થી યુનિવર્સિટી વિજ્ઞાન વિદ્યાભવનના ગણિતશાસ્ત્રના પ્રાધ્યાપક ડૉ. પી. સી. વૈદ્યને ગુજરાત પબ્લિક સર્વિસ કમિશનના સભ્ય તરીકેની નિમણૂક સ્વીકારી શકે તે માટે તેમને તા. ૧૮-૬-૧૯૭૨ના રોજ છૂટા થવા પરવાનગી આપેલી અને વિજ્ઞાન વિદ્યાભવનમાં ગણિતશાસ્ત્રના પ્રાધ્યાપક તરીકેની જગ્યા પરથી તેઓ છૂટા થાય તે તારીખથી ત્રણ વર્ષ સુધી તે જગ્યા પરનો પદાધિકાર (suspended lien) ચાલુ રાખવાનું ઠરાવેલ તે મુદ્દત પૂરી થયા અંગેની નોંધ લેવા બાબત.

આથી ફરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી અને યુનિવર્સિટીમાં ગણિતશાસ્ત્રના પ્રાધ્યાપકની નિમણૂક માટે જાહેરખબર આપીને અરજીઓ મંગાવવી

૯૬. નીચેની કૉલેજોમાં તેમનાં નામ સામે જણાવેલ વિષયનાં અનુસ્નાતક કેન્દ્રોમાં તેમનાં નામ સામે જણાવેલ શિક્ષકોને જે તે વિષયના પ્રોફેસર-ઇન-ચાર્જ તરીકે નીમવાના તે તે કૉલેજોના આચાર્યશ્રીની વિનંતી પરત્વે વિચારણા કરવા બાબત :

ક્રમાંક	કૉલેજનું નામ	વિષય	મૂળ પ્રોફેસર-ઇન-ચાર્જનું નામ	નવા નીમવાના પ્રોફેસર-ઇન-ચાર્જનું નામ	ફેરફારનું કારણ
૧.	આર. આર. લાલન કૉલેજ, ભૂજ	ઇતિહાસ અને અર્થશાસ્ત્ર ગ્રુપ 'એ' અને 'સી'	શ્રી. જી. આર. ત્રિવેદી	પ્રો. આર. ડી. ભીંડે	બદલી થવાથી
૨.	એમ. એન. કૉલેજ, વીસનગર	ગણિતશાસ્ત્ર જૂથ 'એ' અને 'બી'	આચાર્ય પી. વી. પારેખ	પ્રો. એમ. એચ. પટેલ	આચાર્ય તરીકેની ફરજો વગેરે કાર્યના ભારણને કારણે

(૧) આથી ઠરાવવામાં આવે છે કે આર. આર. લાલન કૉલેજ, ભૂજના ઇતિહાસ અને અર્થશાસ્ત્રના અનુસ્નાતક કેન્દ્રના પ્રોફેસર-ઇન-ચાર્જ તરીકે શ્રી. જી. આર. ત્રિવેદીની જગ્યાએ પ્રો. આર. ડી. ભીંડેની નિમણૂક કરવી.

૧૦. ડિસેમ્બર ૨૯ થી ૩૧, ૧૯૭૪ તેમ જ જાન્યુઆરી ૧ થી ૪, ૧૯૭૫ના સમય દરમિયાન "ધ ઇન્ડિયન ઇકોનોમેટ્રિક સોસાયટી, ન્યૂ દિલ્હી" મુકામે અનુક્રમે Data Base of Indian Economy નો ત્રીજો પરિસંવાદ તેમ જ ૧૪મું વાર્ષિક અધિવેશન યોજે છે તેમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગે સદરહુ સોસાયટીના મંત્રીશ્રી તરફથી આવેલ પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સોસાયટીના આગામી પરિસંવાદ તથા અધિવેશનમાં આ યુનિવર્સિટીના કોઇ પ્રતિનિધિને મોકલવા નહીં.

૧૧. ધી કોમ્પ્યુટર સોસાયટી ઓફ ઇન્ડિયાનું ૧૦મું એન્યુઅલ કન્વેન્શન અમદાવાદમાં ફિઝિકલ રિચર્સ લેબોરેટરીના ઉપક્રમે યોજાનાર હોઈ તે અંગે રૂ. ૧૦,૦૦૦ની આર્થિક સહાય માટે શ્રી. એસ. આર. ઠાકોરના તા. ૧૦-૭-૧૯૭૪ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કન્વેન્શનના આયોજન માટે ફિઝિકલ રિસર્ચ લેબોરેટરીને આર્થિક સહાય આપવાની બાબતમાં જરૂરી નિર્ણય લેવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૧૨. નવેમ્બર ૨ થી ૪, ૧૯૭૪ના સમય દરમિયાન "Neurohumoral correlates of behaviour" પર મદ્રાસ મુકામે પરિસંવાદ યોજનાર છે, તેમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગે આવેલ પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પરિસંવાદમાં આ યુનિવર્સિટીના કોઇ પ્રતિનિધિને મોકલવા નહીં.

૧૩. ફેબ્રુઆરી ૨૦ થી ૨૨, ૧૯૭૫ના સમય દરમિયાન ધી ઇન્ડિયન ઇન્સ્ટિટયૂટ ઓફ એશિયન સ્ટડીઝ, મુંબઈ દ્વારા આયોજિત "International Scholars Conference on Asian Co-operation" ના મુંબઈ મુકામે યોજાનાર પ્રોજેકટમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગે વિચારણા કરવા બાબત.

[નોંધ.—રેલિગેટ ફી રૂ. ૫૦-૦૦ છે.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પરિષદના ઉપર જણાવેલા પ્રોજેકટમાં આ યુનિવર્સિટીના કોઇ પ્રતિનિધિને મોકલવા નહીં.

૧૪. ઓગસ્ટ ૧૬ થી ૧૮, ૧૯૭૪ના સમય દરમિયાન રાંચી (બિહાર) મુકામે મળનાર "All India Orthopaedic Conference" માં મ્યુનિસિપલ મેડિકલ કોલેજના પ્રાધ્યાપક ડો. કે. એમ. શાહને યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે મોકલ્યાના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીના સદરહુ કાર્યની નોંધ લેવી.

૧૫. ઑક્ટોબર ૭ થી ૧૦, ૧૯૭૪ના સમય દરમિયાન ઇન્સ્ટિટ્યૂટ ઑફ્ હિસ્ટોરિકલ સ્ટડીઝ અને ઑલ ઇન્ડિયા ઍસોસિયેશન ઑફ્ હિસ્ટોરિયનનું ૧૨મું વાર્ષિક અધિવેશન શિલોંગ (મેઘાલય રાજ્ય) મુકામે યોજાનાર છે તેમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ ઍસોસિયેશનના આગામી વાર્ષિક અધિવેશનમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે શ્રી. આર ઍલ. રાવલને મોકલવા.

૧૬. નવેમ્બર ૯ અને ૧૦, ૧૯૭૪ના સમય દરમિયાન યોજાનાર ગુજરાતીના અધ્યાપક સંઘના રપમા રજતજયંતી સંમેલન પ્રસંગે પ્રતીક આર્થિક સહાય આપવા અંગેના અધ્યાપક સંઘના મંત્રીશ્રી તરફથી આવેલ પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ગુજરાતીના અધ્યાપકસંઘના આગામી સંમેલનના આયોજન માટે, તે રજતજયંતિ સંમેલન હોઈ ખાસ કેસ તરીકે રૂ. ૨૫૦ ની પ્રતીક આર્થિક સહાય આપવી તથા તેમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિઓ તરીકે પ્રો. અનંતરાય રાવળ અને આચાર્ય ધીરુભાઈ ઠાકરને મોકલવા.

૧૭. નવેમ્બર ૧ અને ૨, ૧૯૭૪ના સમય દરમિયાન કલકત્તા મુકામે "Histamine" પર "Congress of the International Union of Physiological Science"ના ૨૬ મા અધિવેશનના ભાગરૂપે એક આંતરરાષ્ટ્રીય પરિસંવાદ યોજાનાર છે તેમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ ઍસોસિયેશનના આગામી અધિવેશનમાં અને તેના આંતરરાષ્ટ્રીય પરિસંવાદમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે ડૉ. આર. સી. શાહને મોકલવા.

૧૮. દિલ્હી મુકામે તા. ૨-૧-૧૯૭૫થી તા. ૮-૧-૧૯૭૫ના અરસામાં યોજાનાર ઇન્ડિયન સાયન્સ કૉંગ્રેસના અધિવેશનમાં ભાગ લેવા માટે વિજ્ઞાન વિદ્યાભવનના નીચેના શિક્ષકોને ભવનના પ્રતિનિધિઓ તરીકે મોકલવા અંગેના અધ્યક્ષશ્રીના તા. ૨૪-૭-૧૯૭૪ના પત્ર પર વિચારણા કરવા બાબત :

		વિભાગ
૧.	ડૉ. આર. કે. શાહ	કેમિસ્ટ્રી
૨.	પ્રો. પી. ડી. પાઠક	ફિઝિક્સ
	અથવા	
	ડૉ. કે. જી. જની	
૩.	પ્રો. વી. સી. શાહ	ઝૂલોજી
	અથવા	
	ડૉ. એ. બી. વ્યાસ	
૪.	ડૉ. હેમલતાબહેન પટેલ	બોટની
૫.	ડૉ. વાય. કે. શાહ	સ્ટેટિસ્ટિક્સ
	અથવા	
	ડૉ. એમ. સી. જયસ્વાલ	
૬.	પ્રા. ડી. એસ. બસન	મૅથેમેટિક્સ

આથી ઠરાવવામાં આવે છે કે ઇન્ડિયન સાયન્સ કૉંગ્રેસના આગામી અધિવેશનમાં વિજ્ઞાન વિદ્યાભવન તરફથી સદરહુ સભ્યોને તેના પ્રતિનિધિઓ તરીકે ભાગ લેવા માટે મોકલવા અંગેનો વિજ્ઞાન વિદ્યાભવનના અધ્યક્ષશ્રીનો પ્રસ્તાવ મંજૂર કરવો.

૧૯. ડિસેમ્બર ૨૮, ૧૯૭૪ થી જાન્યુ. ૫, ૧૯૭૫ના સમય દરમિયાન મુંબઈ મુકામે મળનાર વર્લ્ડ ઍજ્યુકેશન ફેલોશિપના ૧૭મા આંતરરાષ્ટ્રીય અધિવેશનમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગે વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—(૧) ડેલિગેટ ફી રૂ. ૧૫૦ છે, (૨) અધિવેશનનો વિષય "Innovations in Education for a fuller life" છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ આંતરરાષ્ટ્રીય અધિવેશનમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે આચાર્ય સી. કે. અકુવાલાને મોકલવા.

૨૦. રાષ્ટ્રીય સેવા યોજનાના સરકારી આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, ગાંધીનગરના અધ્યાપક-ઇન-ચાર્જની બદલી અંગેના આચાર્યશ્રીના તા. ૨૦-૭-૧૯૭૪ના પત્ર પર વિચારણા કરવા બાબત :

ક્રમાંક	કૉલેજનું નામ	અગાઉના અધ્યાપક-ઇન-ચાર્જનું નામ	બદલાયેલા-અધ્યાપક-ઇન-ચાર્જનું નામ
૧.	સરકારી આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, ગાંધીનગર	શ્રી. જે. પી. સોઢા	શ્રી. એચ. એસ. દવે

ફેરફારનું કારણ

શ્રી. જે. પી. સોઢાની ગુજરાત કૉલેજમાં બદલી થઈ હોવાથી.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજના એન. એસ. એસ. એકમના પ્રોફેસર-ઇન-ચાર્જ તરીકે શ્રી. જે. પી. સોઢાને બદલે શ્રી. એસ. એસ. દવેને નીમવા.

૨૧. પી. ટી. સાયન્સ કૉલેજ, મોડાસામાં ગણિતશાસ્ત્ર જૂથ "બી" વિષયના અનુસ્નાતક કેન્દ્રના પ્રોફેસર-ઇન-ચાર્જ પ્રા. એસ. એસ. દવે નિવૃત્ત થયા હોવાથી તેમને બદલે પ્રા. કે. કે. પટેલને નીમવા માટે સદરહુ કૉલેજના આચાર્યશ્રીની ભલામણ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજના ગણિતશાસ્ત્ર વિષય (જૂથ "બી")ના અનુસ્નાતક કેન્દ્રના પ્રોફેસર-ઇન-ચાર્જ તરીકે પ્રો. એસ. એસ. દવેને બદલે પ્રો. કે. કે. પટેલને નીમવા.

૨૨. નવગુજરાત કૉમર્સ કૉલેજ, અમદાવાદના આચાર્યશ્રી તથા એમ.કૉમ.ના અનુસ્નાતક કેન્દ્રના પ્રોફેસર-ઇન-ચાર્જ શ્રી. એમ. સી. શાહ ત્રણ માસ માટે તા. ૨૩-૭-૧૯૭૪ થી યુ.એસ.એ. જતા હોવાથી તેમની ગેરહાજરીમાં નવગુજરાત વાણિજ્ય મહાવિદ્યાલય,

અમદાવાદના આચાર્યશ્રી આર. કે. ત્રિવેદી એમ.કોમ.ના અનુસ્નાતક કેન્દ્રની દેખરેખ રાખનાર હોઈ તે સમય દરમિયાનમાં અનુસ્નાતક કેન્દ્રના પ્રોફેસર-ઇન-ચાર્જ તરીકે શ્રી. ત્રિવેદીની નિમણૂક અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ અનુસ્નાતક કેન્દ્રના પ્રોફેસર-ઇન-ચાર્જ તરીકે આચાર્ય એમ. સી. શાહની ગેરહાજરીમાં વચગાળાની વ્યવસ્થા તરીકે પ્રો. આર. એ. ત્રિવેદીને નીમવા.

૨૩. શ્રીમતી ચારુલતા એચ. બદામીના મહાનિબંધ તપાસવા માટે નીમવામાં આવેલા નીચેના રેફરીઓના અહેવાલના આધારે ઑર્ડિનન્સ ૩૨૧ અનુસાર વિચારણા કરવા બાબત :

(૧) ડૉ. ફ્રીનલે કારપેન્ટર, યુ.એસ.એ.	મહાનિબંધ સ્વીકારવા ભલામણ કરે છે.
(૨) ડૉ. એન. એલ. ડોસાહ, ચંદીગઢ	કેટલીક ક્ષતિઓ દર્શાવી મહાનિબંધ સુધારીને રજૂ કરવા ભલામણ કરે છે.
(૩) ડૉ. શીળ કે. મિત્રા, ન્યૂ દિલ્હી (ચોથા રેફરી)	મહાનિબંધ સંપૂર્ણ રીતે સુધારવા ભલામણ કરે છે.
(૪) ડૉ. એ. એન. દેસાઈ, અમદાવાદ (વિદ્યાર્થીના માર્ગદર્શક શિક્ષક)	ડૉ. ડોસાહના રિપોર્ટની નોંધ લે છે ત્યારે ડૉ મિત્રાના રિપોર્ટ સાથે અસંમત થાય છે.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રીમતી ચારુલતા એચ. બદામીને પોતાનો મહાનિબંધ યોગ્ય રીતે સુધારીને ફરીથી રજૂ કરવા માટે જણાવવું.

૨૪. આ યુનિવર્સિટીની જુદી જુદી પરીક્ષાઓ દરમ્યાન વિદ્યાર્થીઓએ અજમાવેલ ગેરવાજબી ઇલાજો અંગેના કેસો પર તેમ જ પ્રાશ્નિક-પરીક્ષકો, નિરીક્ષકો અને કાર્યાલયના સભ્યોના હસ્તક થયેલ ભૂલો અંગેના કેસો પર વિચારણા કરવા તા. ૩૧-૭-૧૯૭૪ અને તા. ૧૨-૮-૧૯૭૪ના રોજ મળેલ ૧૯૭૪ની પરીક્ષાશુદ્ધિ સમિતિની સાતમી તથા આઠમી સભાની ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે પરીક્ષા શુદ્ધિસમિતિની તા. ૩૧-૭-૧૯૭૪ અને તા. ૧૨-૮-૧૯૭૪ની સભાઓની ભલામણો મંજૂર કરવી.

(**નોંધ.**—સદરહુ સમિતિની ભલામણો સામેલ કરવામાં આવી નથી.)

૨૫. ફ્રેમિંગહામ યુનિયન હૉસ્પિટલ, ફ્રેમિંગહામ, યુ.એસ.એ.ના ડૉ. કિશોર એ. મહેતાએ તેમના તા. ૧૪-૬-૧૯૭૪ના પત્રથી તેમનાં પત્ની સ્વ. ડૉ. શ્રીમતી શોભના કે. મહેતાની સ્મૃતિમાં ગુજરાત યુનિવર્સિટી તરફથી વર્ષમાં બે વાર લેવામાં આવતી માર્ચ તથા ઑક્ટોબરની એમ.ડી. (એનેસ્થેશિયા)ની પરીક્ષામાં પ્રથમ પ્રયત્ને ઉત્તીર્ણ થનાર બે વિદ્યાર્થીઓને માર્ચ તથા ઑક્ટોબર માટે જુદા જુદા સુવર્ણમંડિત ચંદ્રકો એનાયત કરવા માટે પ્રદાન આપવાની વિનંતીના સંદર્ભમાં એકિઝક્યુટિવ કાઉન્સિલે તેની તા. ૨૯-૬-૧૯૭૪ની

સભામાં ક્રમાંક ૧૨૦થી સુવર્ણમંડિત ચંદ્રકને બદલે ઇનામ કે શિષ્યવૃત્તિ સ્થાપવા ડૉ. કિશોર એ. મહેતાને પુછાવવાનુ ઠરાવેલ તેના જવાબમાં ડૉ. મહેતા તેમના તા. ૧૬-૭-૧૯૭૪ના પત્રથી બે સુવર્ણમંડિત ચંદ્રકો માટે જ સદરહુ પ્રદાન આપવા ઇચ્છા દર્શાવે છે. તદુપરાંત સદરહુ પરીક્ષા માટે સુવર્ણચંદ્રક એનાયત કરવાની બાબતમાં યુનિવર્સિટીના નિયમ અનુસાર ફાઇનલ એમ.બી., બી.એસ.ની પરીક્ષાના કુલ ગુણાંક અને પ્રથમ પ્રયત્ન ધ્યાનમાં લેવામાં આવે છે તેને બદલે ડૉ. મહેતાએ એમ.ડી.(એનેસ્થેશિયા)ની પરીક્ષાના ચારે પરીક્ષકોની સમિતિને સૌથી વધુ લાયક વિદ્યાર્થીને સુવર્ણચંદ્રક એનાયત કરવાની પસંદગી કરવાનું કામ સુપરત કરવું તેવી વિનંતીના સંદર્ભમાં વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૨૬. ઑકટોબર ૧૯૭૩ તથા મે-જૂન ૧૯૭૩માં લેવાયેલ થર્ડ એમ.બી.,બી.એસ. પરીક્ષામાં બેઠેલા વિદ્યાર્થીઓ પૈકી મેડિસિન વિષયમાં સૌથી વધારે ગુણાંક મેળવનારને (૧) "ડૉ. હરિશ્ચન્દ્ર ખંઢેરિયા ચંદ્રક" અને (૨) "સ્વ. ડૉ. કુ. મિશ્રાબહેન માણેકલાલ શાહ ચંદ્રક" એનાયત કરવાના છે. ઑકટોબર ૧૯૭૩માં બેઠક નં. ૧૩૩ને મેડિસિન વિષયમાં ડિસ્ટિંકશન ગુણાંક મળ્યા છે, જ્યારે મે-જૂન ૧૯૭૪ના વિદ્યાર્થી નં. ૨૧ ને એકિઝકયુટિવ કાઉન્સિલના માર્ચ ૧૯૭૨ના બાબત નં. ૧૪૯ મુજબ આંતરિક મૂલ્યાંકન ગણતરીમાં ન લેવાના ઠરાવ અન્વયે ચંદ્રક આપવાનો થાય છે, પણ નં. ૨૧ ને આ વિષયમાં ડિસ્ટિંકશન ગુણાંક મળતા નથી. આ સંજોગોમાં આ ચંદ્રક કોને આપવો તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ૧૯૭૩-૭૪ના શૈક્ષણિક વર્ષ દરમિયાન ઊભી થયેલી વિશિષ્ટ પરિસ્થિતિના સંદર્ભમાં સદરહુ ચંદ્રકો નીચે મુજબ આપવા :

"ડૉ. હરિશ્ચન્દ્ર ખંઢેરિયા ચન્દ્રક" —ઑકટોબર ૧૯૭૩ના વિદ્યાર્થી નં. ૧૩૩, પટેલ રણછોડભાઈ કરશનદાસને

"સ્વ. ડૉ. કુ. મિશ્રાબહેન માણેકલાલ શાહ ચન્દ્રક" —મે ૧૯૭૪નાં વિદ્યાર્થિની નં. ૨૧, કુ. દોશી રીટા શાન્તિલાલને.

૨૭. થર્ડ બી.એસસી. પરીક્ષા રસાયણશાસ્ત્ર વિષય સાથે પસાર કરીને ફરીથી ફિઝિકસ વિષય માટે બે સત્રો અમદાવાદ સાયન્સ કૉલેજમાં રાખીને જૂન ૧૯૭૪માં થર્ડ બી.એસસી.ની પરીક્ષા આપનાર વિદ્યાર્થી નં. ૭૫ શ્રી. શાહ રોહિત નગીનભાઈના કૉલેજના પ્રવેશ અને તેમાં તેમના અનામત રાખેલા પરિણામ અંગે વિચારણા કરવા બાબત.

[**નોંધ.**—(૧) ફિઝિકસ વિષય રાખનારે અગાઉ ગૌણ વિષય ગણિતશાસ્ત્ર રાખેલ હોવો જોઈએ.

(૨) અમદાવાદ સાયન્સ કૉલેજના આચાર્યના તા. ૯-૭-૧૯૭૪ના પત્રથી જણાયું છે કે પ્રવેશની ધમાલના કારણે સરતચૂકથી થર્ડ બી.એસસી.ના વર્ગમાં પ્રવેશ આપવામાં આવ્યો હતો.]

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. શાહ રોહિત નગીનભાઈના કેસના વિશિષ્ટ સંજોગો જોતાં થર્ડ બી.એસસી.ના વર્ગમાં તેમને આપવામાં આવેલો પ્રવેશ અપવાદ તરીકે ગ્રાહ્ય રાખવો તથા તેમનું થર્ડ બી.એસસી.નું પરિણામ જાહેર કરવું.

વધુમાં ઠરાવવામાં આવે છે કે અમદાવાદ સાયન્સ કૉલેજના આચાર્યશ્રીને સદરહુ ભૂલ બદલ ઠપકો આપવો તથા ભવિષ્યમાં પૂરતી કાળજી રાખવા માટે તેમને જણાવવું.

૨૮. ફર્સ્ટ બી.કૉમ.ની પરીક્ષાના વિદ્યાર્થી શ્રી. સી. ડી. ગેલોટે કૉમર્શિયલ કોરસ-પોન્ડન્સ વિષયની પરીક્ષા પાસ કરી નથી. આ વિદ્યાર્થીએ ફર્સ્ટ બી.કૉમ. અને સેકન્ડ બી.કૉમ. પરીક્ષાનાં આવેદનપત્રો ભરતી વખતે ફર્સ્ટ બી.કૉમ.ની પરીક્ષાના આવેદનપત્રમાં સેકન્ડ બી.કૉમ. પરીક્ષાનું આવેદનપત્ર ભર્યું નથી તેમ જણાવવાથી સદરહુ વિદ્યાર્થીનું સેકન્ડ બી.કૉમ. પરીક્ષા, એપ્રિલ ૧૯૭૩નું પરિણામ જાહેર થતાં થર્ડ બી.કૉમ.ના વર્ગમાં પ્રવેશ મેળવી સત્રો માન્ય કરાવી જૂન ૧૯૭૪માં લેવાયેલ થર્ડ બી.કૉમ.ની પરીક્ષા સદરહુ વિદ્યાર્થીએ બેઠક નં. ૮૯૭થી આપેલ હોઈ તે અંગે વિદ્યાર્થીના ખુલાસા પર તથા તેમના અનામત રાખવામાં આવેલ પરિણામ અંગે વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—વિદ્યાર્થી તેના ખુલાસામાં તેમણે ફર્સ્ટ બી.કૉમ.નું ગુણપત્રક લીધું ન હતું અને પોતે પાસ છે તેમ માની સેકન્ડ બી.કૉમ.ના ગુણપત્રકના આધારે થર્ડ બી.કૉમ.ના વર્ગમાં પ્રવેશ મેળવેલો તેમ જણાવે છે.)

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. સી. ડી. ગેલોટને ફર્સ્ટ બી.કૉમ.ની પરીક્ષામાં કૉમર્શિયલ કોરસપોન્ડન્સના વિષયની બાકી રહેલી પરીક્ષામાં બેસવા માટે જણાવવું અને તેમાં તેઓ ઉત્તીર્ણ થાય ત્યારે તેમનું થર્ડ બી.કૉમ.નું પરિણામ જાહેર કરવું.

વધુમાં શ્રી. સી. ડી. ગેલોટનું સેકન્ડ બી કૉમ.નું પરિણામ અનામત રાખવાને બદલે જાહેર થયું તે બાબતમાં જે સભ્ય જવાબદાર હોય તેનો ખુલાસો મેળવીને તે બાબત પરીક્ષા શુદ્ધિ સમિતિ સમક્ષ રજૂ કરવી.

૨૯. (૧) એલએલ.એમ. પાર્ટ ૧ અને ૨, એમ.એ., એમ.એસસી., એમ.કૉમ. ભાગ-૨ ને લગતો ઑર્ડિનાન્સ ૧૨૯નો સંબંધકર્તા ભાગ નીચે મુજબ સુધારવા વિચારણા કરવા બાબત :

Ordinance 129 :

Name of the Examination	*How many times in a year*	*Date of commencement*	*Last date for application*	*Exam, fees*
1	2	3	4	5
				Rs.
LL.M. Part–I	Twice	First Monday in May and First Monday in November	1st March 30th September	100/–
LL.M. Part–II	,,	,,	,,	100/–

1	2	3	4	5
M.A. Part–II	Twice	Second Monday in March and Third Monday in October	30th January and 16th August	50/–
M.Sc. Part–II (Mathematics)	,,	,,	,,	50/–
M.Sc. Part–II (Other than Mathematics)	,,	,,	,,	75/–
M.Com. Part–II	,,	,,	,,	60/–

(૨) થર્ડ એલએલ.બી. મોનસૂન અને વિન્ટર સેમેસ્ટર પરીક્ષાઓ અંગે ઑર્ડિનાન્સ ૧૨૯માં નીચે જણાવ્યા મુજબ સુધારો કરવા અંગેના કાર્યાલયના સૂચન પર વિચારણા કરવા બાબત :

Third LL.B. Monsoon and Winter	Twice	Second Monday in April and October	25th February and 25th August	45/– 45/–

આથી ઠરાવવામાં આવે છે કે ઑર્ડિનન્સ ૧૨૯નો સંબંધકર્તા ભાગ ઉપર મુજબ વંચાય તે રીતે સુધારવો અને તે મુજબ સુધારેલા ઑર્ડિનન્સ ૧૨૯ને તાત્કાલિક અમલમાં મૂકવો.

૩૦. યુનિવર્સિટીના નીચેના કર્મચારીઓએ અંશતઃ મોંઘવારી ભથ્થું ભેળવેલ પગારધોરણ અગાઉ તા. ૧–૪–૧૯૭૧થી સ્વીકારેલ, પરંતુ હવે તે પગારધોરણ તા. ૧–૪–૧૯૭૧ને બદલે તેઓનાં નામો સામે જણાવેલ તારીખોથી સ્વીકારવા દેવા અંગેની તેમની વિનંતી પર વિચારણા કરવા બાબત :

ક્રમાંક	નામ	વિભાગ	હોદ્દો	પગાર સ્વીકારવાની તેઓએ સૂચવેલી તારીખ
૧.	શ્રી. એસ. એન. ઉત્તેકર	મનોવિજ્ઞાન ભવન	પટાવાળા	૧–૨–'૭૩
૨.	શ્રી. આત્મારામ મંગાજી ચાવડા	કાર્યાલય	,,	૧–૫–'૭૪
૩.	શ્રી. એચ. જી. રાવળ	ગ્રંથાલય	,,	૧–૪–'૭૩
૪.	શ્રી. એન. એસ. સોલંકી	,,	,,	૧–૪–'૭૩
૫.	શ્રી. પી. સી. ચૌહાણ	,,	,,	૧–૪–'૭૩
૬.	શ્રી. સી. જી. પટેલ	ભાષા ભવન	,,	૧–૧૧–'૭૩
૭.	શ્રી. ડી. એમ. ચાવડા	,,	,,	૨૮–૮–'૭૩
૮.	શ્રી. સી. પી. ચૌહાણ	,,	,,	૧–૧૧–'૭૩
૯.	શ્રી. જી. એફ. પટેલ	સમાજવિદ્યા ભવન	સ્ટેનોગ્રાફર	૧–૧–'૭૪

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીના બિનશૈક્ષણિક વર્ગના કર્મચારીઓના પગારમાં અંશતઃ મોંઘવારી ભથ્થું ભેળવવા અંગેનો નિર્ણય તા. ૧–૭-૧૯૬૭થી અમલમાં મૂકવાનું નક્કી કરેલું છે તે હકીકતના સંદર્ભમાં સદરહુ સભ્યોને તે લાભ તેમની પોતાની ઇચ્છા મુજબ તા. ૧—૭—૧૯૬૭ પછીના ગમે તે એક દિવસથી આપવાનું રાખવું.

૩૧. ગ્રંથાલય સમિતિની તા. ૧૮–૬–૧૯૭૪ની બેઠકની નીચેની ભલામણો પર વિચારણા કરવા બાબત :

"આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી તરફથી હ. કા. આર્ટ્સ કૉલેજમાં અગાઉ શરૂ કરવામાં આવેલ અભ્યાસકેન્દ્રને સરદાર પટેલ ઍન્ડ વિવેકાનંદ હાઈસ્કૂલમાં લઈ જતાં પુસ્તકોની ફેળવણી કરતાં ખૂટતાં જણાવેલાં નીચેનાં ૧૦ પુસ્તકો કે જેની કિંમત રૂ. ૧૬૨–૦૦ થાય છે તે કમી થયેલાં ગણી તેને માંડી વાળવાની એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે. વધુમાં મણિનગર વિસ્તારમાં વાચન-કેન્દ્ર માટેની મકાન વગેરેની સુવિધા પૂરી પાડીને વિદ્યાર્થીઓને સહાયભૂત થવામાં યુનિવર્સિટીને સહકાર આપવા બદલ સરદાર પટેલ અને વિવેકાનંદ હાઈસ્કૂલના આચાર્યશ્રી શંભુભાઈ પટેલ પ્રત્યે આ સભા આભારની લાગણી વ્યક્ત કરે છે.

ક્રમાંક	લેખક	ગ્રંથનામ	કિંમત રૂ. પૈ.
૧૩૮.	Gupta, J. B.	Course in Electrical Power	૧૭--૫૦
૧૫૮.	મહેતા વિરાટ કે. તથા અન્ય	આર્થિક અને વાણિજ્ય ભૂગોળ —એક પરિચય	૧૨–૦૦
૨૨૮.	પટેલ જી. જે. અને શુક્લ એન. પી.	ભારતનો સામાજિક ઇતિહાસ	૭–૦૦
૨૨૯.	પટેલ જી. જે. અને પટેલ એચ. એલ.	સમાજ એટલે શું ?	૬–૦૦
૩૦૦.	દણ્ડી, સંપાદક સી. એલ. શાસ્ત્રી તથા અન્ય	દશકુમાર ચરિતમ્	૪–૫૦
૩૪૪.	શાહ એમ. સી. તથા પરીખ એચ. સી. તથા અન્ય	વાણિજ્ય સંચાલન	૧૫–૦૦
૪૫૭.	Patel M. M. Tindwani M. J. & Ahuja D. S.	Report writing (T.Y. B.Com.)	૫–૦૦
૪૬૮.	શીંગાલા આર. એલ. તથા વ્યાસ એ. બી. તથા અન્ય	દ્વિનોંધી નામાપદ્ધતિ—ભાગ ૨	૨૪–૦૦
૫૧૩.	વેલવન ધીરુભાઈ	વાણિજ્ય પ્રવેશ	૧૧–૦૦
૬૯૪.	Paterson, J. F.	North America—a Geography of Canada and Europe.	૬૦–૦૦
			૧૬૨–૦૦"

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ ગ્રંથાલય સમિતિની ઉપરની ભલામણો મંજૂર કરવી.

૩૨. રાજ્ય સરકારના Educa'ion and Labour Dept. પત્રાંક USG. 1174/ 33813-Kh.થી નાણાખાતાના પરિપત્ર ક્રમાંક NNM/1073/933-Z, Dt. 14-3-74 ના કુલપતિશ્રીની મોટરકારના વપરાશ અંગેના નીચેના સૂચન ઉપર વિચારણા કરવા બાબત :

" The administrative departments of the Secretariat should also apply these instructions to Vice-Chancellors of Universities and Chief Executives of other Government Institutions. However if charges for private use of staff cars are being recovered in these cases at the date applicable to Government servants such charges should be continued to be recovered at that rate."

આથી ઠરાવવામાં આવે છે કે આ યુનિવર્સિટીમાં કુલપતિશ્રીનું પદ હાલ માનાર્હ પ્રકારનું છે તે હકીકતના સંદર્ભમાં સદરહુ બાબત અંગે આ યુનિવર્સિટીને હાલ વિશેષ કાંઈ કરવાપણું રહેતું નથી.

૩૩. એસ. કે. શાહ એન્ડ શ્રીકૃષ્ણ આ. એમ. આર્ટ્સ એન્ડ શ્રી. એચ. એસ. શાહ કોમર્સ કૉલેજ, મોડાસામાં હોમસાયન્સના વિષયના શિક્ષણ માટે લાયકાત ધરાવતા પ્રાધ્યાપક અપ્રાપ્ય હોવાથી કુ. નીતાબહેન એન. શાહને પ્રાધ્યાપક થવા માટે ખૂટતા એક વર્ષના વ્યાખ્યાતા તરીકેના શૈક્ષણિક અનુભવને કોન્ડોન કરવાની આચાર્યશ્રીની તા. ૧૭-૭-૧૯૭૪ની વિનંતી પર વિચારણા કરવા બાબત.

(નોંધ.—કુ નીતાબહેન એન. શાહ બી.એ.ની પદવી પ્રથમ વર્ગમાં તથા એમ.એ.ની પદવી બીજા વર્ગમાં ધરાવે છે તથા બે વર્ષનો વ્યાખ્યાતા તરીકેનો શૈક્ષણિક અનુભવ ધરાવે છે.)

આથી ઠરાવવામાં આવે છે કે કુ. નીતાબહેન એન. શાહનો એક વર્ષનો શૈક્ષણિક અનુભવ ખૂટે છે તે ક્ષમ્ય ગણીને તેમની પ્રાધ્યાપક તરીકેની નિમણૂક મંજૂર કરવી.

૩૪. યુનિવર્સિટી કોર્ટના સભ્યો સર્વશ્રી કનુભાઈ દેસાઈ, પી. સી. પટેલ તેમ જ હરુભાઈ મહેતા તરફથી આવેલ ૭ પ્રસ્તાવો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પ્રસ્તાવો અંગે સમગ્ર રીતે વિચારણા કરીને પોતાની સુચિંતિત ભલામણ રજૂ કરવા માટે નીચે જણાવેલા સભ્યોની સમિતિ રચવી :

૧. પ્રો. દેવવ્રત પાઠક
૨. ડૉ. ધીરુભાઈ ઠાકર
૩. આચાર્ય દર્શનસિંઘ શીખ
૪. પ્રો. મનુભાઈ પંચોલી
૫. ડૉ. જશવંતલાલ પટેલ.

૩૫. વિવેકાનંદ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત કોલેજ ઑફ એજ્યુકેશન, ઠરામલીના ૧૯૭૪થી ચાલુ જોડાણ અંગે એકિઝકયુટિવ કાઉન્સિલના તા. ૨૯-૬-૧૯૭૪ના ઠરાવની સામે સદરહુ ટ્રસ્ટે ગુજરાત યુનિવર્સિટી વિરુદ્ધ કરેલી રિટ અરજી (સ્પે.) સિ. એપ્લિ. ૮૭૧/૭૪ અંગે ઉભય પક્ષે ગુજરાત હાઈ કોર્ટમાં થયેલ સમજૂતીના નીચેના પાઠ પર વિચારણા

ઠરવા બાબત :

The parties hereto agree as under :

(1) That the Resolution of the Syndicate at Annexure 'M' dated 28th June 1974 be set aside;

(2) That a new Inquiry Committee be constituted by the respondent No. I University and the Committee be asked to examine, among others, the following :

(*a*) the complaints and alleged breach of University rules/irregularities;

(*b*) the present position in respect of the requirements of staff, building, library, hostels, play-ground, etc.

(*c*) such other relevant matters as the Committee may think fit and/or necessary to examine; and

(*d*) submit an overall report;

(3) Place the report of the Inquiry Committee before the appropriate authorities of the University for such decision as they deem proper after giving reasonable opportunity to the Petitioner.

If after consideration of the report of the Inquirty Committee, the authorities of the University decide that deficiencies could be removed and renewal be granted, the Petitioners will be given reasonable time for removal of deficiencies :

Provide that—

In the event of the Inquirty Committee's not recommending renewal of affiliation, the question of granting any further time will not arise.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે જરૂરી તપાસ કરીને પોતાનો અહેવાલ રજૂ કરવા માટે નીચે જણાવેલા સભ્યોની બનેલી સ્થાનિક તપાસસમિતિ રચવી :

૧. ડૉ. એમ. બી. બૂચ

૨. આચાર્ય આર. એસ. ત્રિવેદી.

૩૬. રાષ્ટ્રીય સેવા યોજનાના ૧૯૭૪-૭૫ના સુધારેલા અંદાજપત્રમાં દર્શાવ્યા મુજબ રૂ. ૩,૧૪,૩૦૦નો ખર્ચ તથા તે પૈકીના પ્રોજેક્ટના મથાળે રૂ. ૧,૨૫,૫૦૦ના ખર્ચની જોગવાઈ કરવામાં આવેલી છે. તેમાંથી પ્રોફેસર્સ-ઇન-ચાર્જને "આઉટ ઓફ પોકેટ" ખર્ચ માટે વધતી જોગવાઈ કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સંલગ્ન કૉલેજોમાં રાષ્ટ્રીય સેવા યોજનાના એકમોના પ્રોફેસર્સ-ઇન-ચાર્જને માસિક રૂ. ૭૫નું માનદ વેતન આપવું, અને તદનુસાર એન.એસ.એસ.ના અંદાજપત્રને પુનર્નિર્મિત કરવું.

૩૭. યુવક મહોત્સવ અંગે સુચિંતિત હેવાલ રજૂ કરવા નિયુક્ત થયેલ ઉપસમિતિની ભલામણથી તા. ૧૮-૭-૧૯૭૪ના રોજ મળેલ એક્ઝિક્યુટિવ કાઉન્સિલમાં ઑર્ડિ. ૫૭-એ અને ૫૭-બી મંજૂર કરવામાં આવ્યા છે તેમાં ઑ. ૫૭-એ ની નીચે જણાવેલ કલમ 1 (5) અને કલમ III અંગે પુનર્વિચારણા કરવા બાબત :

1(5) Six student members from amongst the student members of the Board for Students Welfare either to be elected or nominated in Rotation every year by the Vice-Chancellor if necessary (other than the representatives of the Zone).

III. The first meeting of the Committee shall be held by the first of August at which it will prepare its budget and programme for the year.

આથી ઠરાવવામાં આવે છે કે ઑર્ડિ. ૫૭-એ ની પેટાકલમ ૧(૫) અને પેટાકલમ (*iii*) નીચે મુજબ વંચાય તે રીતે સુધારીને ઑર્ડિ. ૫૭-એ ને તાત્કાલિક અમલમાં મૂકવો :

I(5) Six student members from amongst the student members of the Board for Students Welfare to be nominated every year by the Vice-Chancellor.

(III) The first meeting of the Committee will prepare the budget and programme for the ensuing year.

૩૮. ચોથી પંચવર્ષીય યોજના હેઠળ સંલગ્ન કૉલેજમાં કાર્ય કરતા શિક્ષકોને આપવાના રૂ. ૭૦૦-૪૦-૧,૧૦૦ના પગારધોરણ અંગે તૈયાર કરેલી યાદીમાંથી શ્રી જે. આર. શાહનું નામ (યાદીમાંના ક્રમાંક ૫૬) કમી કરવા અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.—૧. રૂ. ૭૦૦-૪૦-૧,૧૦૦ની યાદીમાં શ્રી. જે. આર. શાહનું નામ ક્રમાંક ૫૬ પર મૂકવામાં આવ્યું છે.

૨. શ્રી. જે. આર. શાહ તા. ૧૯-૬-૧૯૬૪થી અર્થશાસ્ત્રના વિષયમાં અનુસ્નાતક શિક્ષક તરીકે માન્યતા ધરાવતા હતા.

૩. શ્રી. જે. આર. શાહ તા. ૧૫મી જૂન ૧૯૬૪થી જૂન ૧૯૬૬ સુધી ગાર્ડા કૉલેજ, નવસારીમાં શિક્ષક તરીકે હતા.

૪. શ્રી. જે. આર. શાહ એચ. એ. કૉમર્સ કૉલેજ, અમદાવાદમાં તા. ૧૫મી જૂન ૧૯૬૬થી જોડાયા છે.

૫. કાર્યાલયે તૈયાર કરેલી કામચલાઉ યાદી પર શિક્ષકો-આચાર્યો ઇત્યાદિનાં સૂચનો-રજૂઆતો કરવા જણાવ્યું હતું; પરંતુ શ્રી. જે. આર. શાહ તરફથી કે તે કૉલેજ તરફથી કોઈ રજૂઆત થયેલી ન હતી.

૬. શ્રી. જે. આર. શાહ ૧૯૬૪થી ૧૯૬૬ સુધી ગાર્ડા કૉલેજ, નવસારીમાં હતા તેની જાણ કયારે પણ કરી નથી.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વિચારણા મોકૂફ રાખવી.

૩૯. જે દિવસોએ યુનિવર્સિટી કાર્યાલય જાહેર તહેવારના કારણે બંધ રહે છે તે દિવસોએ જો યુનિવર્સિટી ગ્રંથાલય આવશ્યક સેવાઓના કારણે ચાલુ રહે તો તે માટે યુનિવર્સિટી ગ્રંથાલયના કર્મચારીઓને તેવા તહેવારના દિવસોએ બમણાં ભથ્થાં સાથેનો પગાર આપવા અંગેની ગ્રંથાલયના કર્મચારીઓની તા. ૨૦-૭-૧૯૭૪ની સંયુક્ત અરજી ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત સ્ટાફ અંગેની સ્થાયી સમિતિની વિચારણા માટે મોકલવી અને તે અંગે આખરી નિર્ણય લેવાય તે દરમ્યાન વચગાળાની વ્યવસ્થા અંગે જરૂરી નિર્ણય લેવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૪૦. ડૉ. તારાબહેન પટેલ પરદેશ ગયાં હતાં તે દરમ્યાન 'વિદ્યા'ના સંપાદકમંડળ પર ડૉ. વી. પી. શાહને એક્ઝિક્યુટિવ કાઉન્સિલે તેની તા. ૧૩-૧૦-૧૯૭૩ની સભાના ઠરાવથી નીમ્યા હતા તે બાબતમાં ડૉ. તારાબહેન પટેલ હવે પાછાં આવેલાં હોઈ તે અંગે પુનર્વિચારણા માટે સમાજવિદ્યા ભવનના અધ્યક્ષશ્રીના તા. ૨૦મી જુલાઈ ૧૯૭૪ના પત્રથી આવેલા સૂચન પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સંપાદકમંડળ પર ડૉ. વી. પી. શાહને બદલે ડૉ. તારાબહેન પટેલની નિમણૂક કરવી.

૪૧. તા. ૧૮-૭-૧૯૭૪ના રોજ મળેલ પ્રકાશન વહીવટી સમિતિની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"આથી ઠરાવ કરી એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે યુનિવર્સિટી દ્વારા પ્રકાશિત થનાર પ્રકાશનોમાં મૂકવા માટે ચિત્રો, આકૃતિઓ, ફોટોગ્રાફ્સ અને નકશાઓ તૈયાર કરવા માટે સાથે દર્શાવેલ પરિશિષ્ટમાં જણાવ્યા પ્રમાણેના ભાવ મંજૂર કરવા.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની ઉપરની ભલામણ મંજૂર કરવી.

(મંજૂર કરવામાં આવેલા દરનું પત્રક **પરિશિષ્ટ "ક"** તરીકે સામેલ છે.)

૪૨. ગુજરાત યુનિવર્સિટી કોર્ટ પર નીચેના મતદાર વિભાગોમાંથી ખાલી પડેલ જગ્યાઓ માટે યોજવામાં આવનાર પેટાચૂંટણી માટે મતદાન મથકો અને મતદાન સ્થળો રાખવા અંગેના યુનિવર્સિટી કાર્યાલયના પ્રસ્તાવ અંગે વિચારણા કરવા બાબત :

૧. સંલગ્ન કૉલેજોના આચાર્યોનો મતદાર વિભાગ
૨. શિક્ષક મતદાર વિભાગ

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પેટાચૂંટણીઓ માટેનાં મતદાન મથકોની સૂચિત યાદી મંજૂર કરવી તથા તેમાં જરૂર મુજબ ફેરફાર કરવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

(મંજૂર કરવામાં આવેલાં મતદાન મથકોની યાદી **પરિશિષ્ટ "ખ"** તરીકે સામેલ છે.)

૪૩. શ્રી. ય. પ્રા. શુકલ હવે યુનિવર્સિટી કોર્ટના તેમ જ યુનિવર્સિટીની એકિઝકયુટિવ કાઉન્સિલના સભ્યપદેથી ફારેગ થયા છે તેના સંદર્ભમાં નીચેની સમિતિઓ પરના તેમના સભ્યપદ અંગે વિચારણા કરવા બાબત :

૧. ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૩૬ (૧-એ) (એ) અન્વયે ઇન્સ્પેકશન કમિટી અંગે સ્ટેટયૂટ ઘડવા માટેની સમિતિ.

૨. ભક્ત વલ્લભ ધોળા આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ માટેની સમિતિ

૩. રૂ. ૭૦૦-૪-૧,૧૦૦ના સીનિયર સ્કેલ અંગેની સમિતિ

૪. સંલગ્ન કોલેજો અને માન્ય સંસ્થાઓમાંથી શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષક વર્ગના કર્મચારીઓને છૂટા કરવાના પ્રશ્નો પરની સ્થાયી સમિતિ

૫. અધ્યાપકોની નિમણૂકની બાબતમાં યુનિવર્સિટી ધારાધોરણોની અવગણના કઈ કઈ કોલેજોએ કરી છે તે તપાસીને તેની બાબતમાં યોગ્ય પગલાં સૂચવવા માટેની સમિતિ

૬. જોડાણ અરજી પર સ્થાનિક તપાસસમિતિએ આપવાના અહેવાલ માટે નિયતપત્રક ઘડવા અંગેની સમિતિ

૭. સંલગ્ન કોલેજોમાં આચાર્યો અને શિક્ષકોની નિમણૂકો માટેની વરણી સમિતિ પર કુલપતિશ્રીના પ્રતિનિધિઓની નિયુક્ત કરવા બાબતમાં નિયમો ઘડવા અંગેની સમિતિ

૮. ૧૯૭૩ના ગુજરાત એકટ નં. ૬ની કલમ ૪૨(૩) અન્વયે મંડળને માન્યતા આપવા અંગેની બાબતના નિયમો ઘડવા અંગેની સમિતિ

૯. ગ્રંથાલય સમિતિ

(**નોંધ.**—નીચેની બે સમિતિઓ પણ શ્રી વાય. પી. શુકલ તેના એક સભ્ય તરીકે હતા, પરંતુ સમિતિઓનું કામ પૂરું થયું હોવાથી તેમને સ્થાને અન્ય સભ્યની નિમણૂક કરવાની રહેતી નથી :

૧. સંલગ્ન કોલેજો/માન્ય સંસ્થાઓને સ્વાયત્તતા આપવા બાબતમાં ધોરણો ઘડવા અંગેની સમિતિ

૨. કોલેજોના "need" અંગેની સમિતિ.)

આથી ઠરાવવામાં આવે છે કે નીચેની સમિતિઓ પર આચાર્ય ય. પ્રા. શુકલને બદલે નીચે મુજબ સભ્યોની નિમણૂક કરવી :

૧. ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૩૬(૧એ)(એ) અન્વયે ઇન્સ્પેકશન કમિટી અંગે સ્ટેચ્યૂટ ઘડવા માટેની સમિતિ : આચાર્ય ડી. ડી. દેસાઈ

૨. ભક્ત વલ્લભ ધોળા આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ માટેની સમિતિ : પ્રો. મનુભાઈ ડી. પંચોલી

૩. રૂ. ૭૦૦-૪૦-૧,૧૦૦ના સીનિયર સ્કેલ અંગેની સમિતિ : અન્ય કોઈને નીમવાની જરૂર રહેતી નથી.

૪. સંલગ્ન કૉલેજો અને માન્ય સંસ્થાઓમાંથી શિક્ષક વર્ગના તેમ જ બિનશિક્ષક વર્ગના કર્મચારીઓને છૂટા કરવાના પ્રશ્નો પરની સ્થાયી સમિતિ : પ્રો. ડી. એન. પાઠક

૫. અધ્યાપકોની નિમણૂકની બાબતમાં યુનિવર્સિટી ધારા-ધોરણોની અવગણના કઈ કઈ કૉલેજોએ કરી છે તે તપાસીને તેની બાબતમાં યોગ્ય પગલાં સૂચવવા માટેની સમિતિ : અન્ય કોઈને નીમવાની જરૂર રહેતી નથી.

૬. જોડાણઅરજી પર સ્થાનિક તપાસસમિતિએ આપવાના અહેવાલ માટે નિયતપત્રક ઘડવા અંગેની સમિતિ : ડૉ. એમ. એન. દેસાઈ

૭. સંલગ્ન કૉલેજોમાં આચાર્યો અને શિક્ષકોની નિમણૂકો માટેની વરણીસમિતિ પર કુલપતિશ્રીના પ્રતિનિધિઓની નિયુક્તિ કરવા બાબતમાં નિયમો ઘડવા અંગેની સમિતિ : ડૉ. એમ. એન. દેસાઈ

૮. ૧૯૭૩ના ગુજરાત ઍક્ટ નં. ૬ની કલમ ૪૨(૩) અન્વયે મંડળને માન્યતા આપવા અંગેની બાબતના નિયમો ઘડવા અંગેની સમિતિ : આચાર્ય ડી. ડી. દેસાઈ

૯. ગ્રંથાલય સમિતિ : આ બાબત અંગેની વિચારણા બાકી રહી હતી.

૧૦. સ્ટાફ અંગેની સ્થાયી સમિતિ : ડૉ. એમ. એન. દેસાઈ

૪૪. વિજ્ઞાન અને યંત્રવિદ્યાનો જ્ઞાનકોશ તૈયાર કરવાની બાબતમાં લેખકના લખાણકાર્યને સંપાદકમંડળની મંજૂરી મળ્યેથી, લેખકને અંદાજે ૫૦ ટકા જેટલા પુરસ્કારના પ્રથમ હપતાના હિસાબે (on account) ચુકવણી કરવા અંગે મંજૂરી કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કાર્ય માટેનો નિયત પુરસ્કાર, તે કાર્ય પૂરું થયેથી એક જ હપતામાં ચૂકવવાનું રાખવું.

૪૫. વિજ્ઞાન વિદ્યાભવનમાં રીડર-ઇન-કેમિસ્ટ્રી (ઑર્ગેનિક) ની જગ્યા માટે વરણી-સમિતિના સભ્ય તરીકે સર્વશ્રી એસ. રંગાસ્વામી તથા એસ. એમ. શેઠનાની નિમણૂક કરી હતી, પરંતુ ઉપરોક્ત બન્ને સભ્યોએ સભ્ય તરીકે કામ કરવાની અશક્તિ દર્શાવી હોવાથી તેમની જગ્યાએ બીજા સભ્યોની નિમણૂક કરવા અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.—સમિતિમાં હવે ફક્ત પ્રો. ગુરુબક્ષસીંગ રહે છે.)

આથી ઠરાવવામાં આવે છે કે વિજ્ઞાન વિદ્યાભવનમાં રીડર-ઇન-કેમિસ્ટ્રી (ઑર્ગેનિક)ની વરણી-સમિતિની જગ્યા પર નીચેના સભ્યોની ક્રમાનુવર્તી નિમણૂક કરવી :

૧. ડૉ. સુખ દેવ
૨. પ્રો. વી. વી. એસ. મૂર્તિ
૩. પ્રો. કામઠ
૪. પ્રો. આર. સી. મલહોત્રા.

૪૬. સમાજવિદ્યા ભવનના રાજ્યશાસ્ત્ર વિભાગ માટે એક સંશોધન મદદનીશની જગ્યા સ્થાપવા અંગે ભવનના અધ્યક્ષશ્રીના તા. ૨૬–૬–૧૯૭૪ના પ્રસ્તાવ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૪૭. સેંટ ઝેવિયર્સ કૉલેજ, અમદાવાદમાં ફ્રેન્ચ વિષયના શિક્ષણકાર્ય માટે યોગ્ય લાયકાત ધરાવતા શિક્ષક અપ્રાપ્ય હોવાથી શ્રીમતી રૂથ કેમિલસની નિમણૂક બે વર્ષ માટે એટલે કે ૧૯૭૪–૭૫ અને ૧૯૭૫–૭૬ના શૈક્ષણિક વર્ષ માટે ગ્રાહ્ય ગણવાની સદરહુ કૉલેજના આચાર્યશ્રીની વિનંતી પર વિચારણા કરવા બાબત.

(નોંધ.—એકિઝકયુટિવ કાઉન્સિલે તેની તા. ૯–૬–૧૯૭૩ની સભામાં શ્રીમતી રૂથ કેમિલસની ફ્રેન્ચ વિષયના ખંડ સમયના શિક્ષક તરીકેની નિમણૂક ૧૯૭૩–૭૪ના વર્ષ માટે ગ્રાહ્ય ગણી છે.**)**

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજમાં શ્રીમતી રૂથ કેમિલસની ફ્રેંચના ખંડ સમયના લેક્ચરર તરીકે કામ કરવા માટે ૧૯૭૪–૭૫ અને ૧૯૭૫–૭૬ના વર્ષ માટે પરવાનગી આપવી.

૪૮. આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, ખેડાની ૧૯૭૩–૭૪ના વર્ષની ઑર્ડિ. ૯૬ પ્રમાણે આવેલી માહિતી જોતાં અર્થશાસ્ત્ર, ગુજરાતી અને અંગ્રેજીના વિષયોમાં શિક્ષણકાર્યની વહેંચણી ઑર્ડ. ૧૨૦–એ સાથે સુસંગત નહોતી, તો તે અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.—૧. અર્થશાસ્ત્ર અને ગુજરાતીના વિષયમાં બે ખંડ સમયના વ્યાખ્યાતા નીમ્યા હતા તેમ જ અર્થશાસ્ત્રના એક શિક્ષકને ૧૬ વ્યાખ્યાનોનો કાર્યભાર આપ્યો હતો તથા અંગ્રેજીના વિષયમાં બે ખંડ સમયના વ્યાખ્યાતા અને બે ખંડ સમયના ટ્યૂટર નીમ્યા હતા.

૨. આચાર્યશ્રી જણાવે છે કે કાર્યભાર અંગે ખ્યાલ પ્રવેશ પછી આવવાથી આમ થવા પામ્યું છે, અને હવે પછી તેમ ન કરવા અંગે બાંયધરી આપી છે.**)**

આથી ઠરાવવામાં આવે છે કે ભવિષ્ય અંગે કૉલેજે આપેલી બાંયધરીના સંદર્ભમાં સદરહુ કૉલેજને તેની ઉપર જણાવેલ ભૂલની ગંભીરતા જોતાં સખત ઠપકો આપવો અને તેને જણાવવું કે આ પ્રકારની ભૂલ ફરીથી થવા પામે નહીં તેની તેણે કાળજી રાખવી જરૂરી રહેશે.

૪૯. તા. ૧૯–૮–૧૯૭૪ના રોજ મળેલી ફાઇનાન્સ સમિતિની સભાની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૧૯–૮–૧૯૭૪ની સભાની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિની તા. ૧૯–૮–૧૯૭૪ની સભાની કાર્યવાહીની નોંધની નકલ પરિશિષ્ટ "ગ" તરીકે સામેલ છે.)

૫૦. ૧૯૭૪–૭૫ના શૈક્ષણિક વર્ષમાં સંલગ્ન કૉલેજોમાં વિદ્યાર્થી પ્રવેશ અંગે નીચે મુજબનો ટ્રાન્ઝિટરી ઑર્ડિનન્સ મંજૂર કરીને તેને તાત્કાલિક અમલમાં મૂકવાની એકેડમિક

કાઉન્સિલની તા. ૩૦-૫-૧૯૭૪ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત

Transitory Ordinance :

Notwithstanding anything contained in Ordinance 120–B, during the academic year 1974-75—

(*i*) An affiliated college in the Faculty of Arts including Education and/or the Faculty of Commerce, such college not being exclusively a Teachers' Training College, may, on its submitting an application so as to reach the Registrar on or before 25th July 1974 be permitted by the Vice-Chancellor to admit such number of students as may not exceed 1800, provided it satisfies the Standing Committee appointed by the Executive Council in this behalf and the Vice-Chancellor in the matter of physical facilities, teaching staff, time-table, etc. in the College.

(*ii*) An affiliated college in the Faculty of Law may, with prior approval of the Vice-Chancellor, open such number of additional divisions as it may need to accommodate its own students on promotion from the 1st LL.B. Class to the 2nd LL.B. Class.

અને

૯૯. એકેડેમિક કાઉન્સિલની તા. ૨૧-૮-૧૯૭૪ની નીચેની ભલામણ અંગે વિચારણા કરવા બાબત :

"(૪) આથી ઠરાવવામાં આવે છે કે સુધારેલો ટ્રાન્ઝિટરી ઑર્ડિ. ૨ મંજૂર કરવા માટે તથા તેને ૧લી જુલાઈ ૧૯૭૪થી ફક્ત ચાલુ શૈક્ષણિક વર્ષ માટે અમલમાં મૂકવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી." (એકે. કાઉ. બાબત ક્રમાંક ૩૪).

બાબત નં. ૫૦ અને ૯૯(૪)ની વિચારણા સાથે કરવામાં આવી.

તે પછી ઠરાવવામાં આવ્યું કે ઉપર બાબત નં. ૯૯(૪)માં જણાવેલો ટ્રાન્ઝિટરી ઑર્ડિનન્સ ૨ મંજૂર કરવો.

૫૧. કૉમ્પ્યુટર સમિતિની તા. ૧૪-૮-૧૯૭૪ની સભાએ કરેલી ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૧૪-૮-૧૯૭૪ની સભાની ભલામણો નીચેના સુધારા સાથે મંજૂર કરવી :

કૉમ્પ્યુટર સેન્ટરના કર્મચારીઓને પરીક્ષાની ઋતુમાં પરીક્ષાના કામ માટે વધુ સમય રોકવામાં આવે તો તેમને નીચેના દરે ઓવરટાઈમ કામનું ભથ્થું આપવું :

1.	Peons	Rs. 1.25 per hour	Subject to a maximum of four hours a day
2.	Punch Operators, Typist-cum-clerk	Rs. 2.00 per hour	–do–
3.	Console Operators, Punch Room Supervisor	Rs. 2,25 per hour	–do–
4.	Junior Programmers	Rs. 2.50 per hour	–do–

૫૨. ગુજરાત યુનિવર્સિટી કોર્ટ પર ૧૧ વિદ્યાર્થી પ્રતિનિધિઓની ચૂંટણી સ્ટે. ૧૪–સી મુજબ ગુપ્ત મતદાનથી કરવાની હોઈ તેના માટેન મતદાનાં કેન્દ્રો નિયત કરવા બાબત.

તથા

સ્ટુડન્ટ વેલ્ફેર બોર્ડ પર વિદ્યાર્થીઓના ૧૪ પ્રતિનિધિઓ માટે ઓ. ૫૧–એ મુજબ ચૂંટણી ગુપ્ત મતદાનથી કરવાની હોઈ તેના માટેનાં મતદાન કેન્દ્રો નિયત કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ ચૂંટણી માટે અમદાવાદમાં મતદાન મથકો નીચે મુજબ રાખવા અને તેમાં જરૂર જણાય તો ફેરફાર કરવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી :

(1) *H. A. College of Commerce, Ahmedabad.*
Faculty of *Arts* including *Education* (Post-graduate)

(2) *Navgujarat Commerce College, Ahmedabad.*
Faculty of *Science* (Post-graduate)

(3) *H. K. Arts College, Ahmedabad.*
Faculty of *Commerce* (Post-graduate)

(4) *City Law College, Ahmedabad.*
Faculty of *Law* (Under-graduate and Post-graduate combined)

(5) *B. J. Medical College, Ahmedabad.*
(*i*) Faculty of *Medicine* (Under-graduate and Post-graduate combined)
(*ii*) Faculty of *Dentistry* (Under-graduate and Post-graduate combined)

(6) *L. D. Engineering College, Ahmedabad.*
(*i*) Faculty of *Technology* including *Engineering* (Under-graduate and Post-graduate combined)
(*ii*) Faculty of *Pharmacy* (Under-graduate and Post-graduate combined)

(7) *Gujarat College, Ahmedabad.*
Faculty of Arts including Education (Under-graduate)

(8) *S. V. Commerce College, Ahmedabad.*
Faculty of Commerce (Under-graduate)

(9) *Sahajanand College, Ahmedabad.*
Faculty of Science (Under-graduate)

(10) *M. G. Science Institute, Ahmedabad.*
(For Board of Students Welfare)

(11) *H. L. College of Commerce, Ahmedabad.*
(For Board of Students Welfare)

વધુમાં ઠરાવવામાં આવે છે કે અમદાવાદ શહેર બહારનાં મતદાન મથકોની સૂચિત યાદી મંજૂર કરવી.

(સદરહુ ચૂંટણીઓ માટે મંજૂર કરવામાં આવેલ મતદાન મથકોની યાદી **પરિશિષ્ટ "ઘ"** તરીકે સામેલ છે.)

૫૩. બોર્ડ ઑફ સ્ટુડન્ટ્સ વેલ્ફેર પર વિદ્યાર્થી પ્રતિનિધિઓની ચૂંટણી માટે ઉમેદવારી પત્ર ગુજરાતીમાં છે તેને અંગ્રેજીમાં આ સાથે રજૂ કર્યા પ્રમાણે મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ ઉમેદવારીપત્રના ફૉર્મનો મુસદ્દો મંજૂર કરવો.

(મંજૂર કરવામાં આવેલા ઉમેદવારીપત્રના ફૉર્મનો મુસદ્દો **પરિશિષ્ટ "ચ"** તરીકે સામેલ છે.)

૫૪. જૂન ૧૯૭૫થી ચાલુ-વધારાનું જોડાણ મેળવવા માટે જે સંલગ્ન કૉલેજો તરફથી ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૩૩(૧) અન્વયે જોડાણ અરજીઓ તા. ૩૧મી માર્ચ ૧૯૭૪ સુધીમાં આવી નથી તો તે પર સદરહુ કલમના પ્રોવિઝન સંદર્ભમાં વિચારણા કરવા કુલપતિશ્રીને ભલામણ કરી હોઈ વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજોને ચાલુ જોડાણ તથા વધારાના વિષયો માટેનું જોડાણ આપવાનું હોઈ જોડાણ માટેની અરજીઓ સ્વીકારવી તથા તે અંગે જરૂરી સ્થાનિક તપાસસમિતિઓ નીમવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજોને જોડાણ અંગેની પોતાની અરજીઓ ભવિષ્યમાં વેળાસર રજૂ કરવા માટે જણાવવું.

૫૫. બાંધકામ સમિતિની તા. ૧૬-૮-૧૯૭૪ની સભાની ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૧૬-૮-૧૯૭૪ની સભાની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિની તા. ૧૬-૮-૧૯૭૪ની સભાની કાર્યવાહીની નોંધની નકલ **પરિશિષ્ટ "છ"** તરીકે સામેલ છે.)

૫૬. નવજીવન આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, દાહોદને બી.એ.(પ્રિન્સિ.)માં અર્થશાસ્ત્ર, ગુજરાતી અને અંગ્રેજી; તથા બી.એ. (સબો.)માં સંસ્કૃત, ઇતિહાસ, મનોવિજ્ઞાન, હિન્દી અને આંકડાશાસ્ત્ર; તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૪થી તા. ૧૪-૬-૧૯૭૯ સુધીનું ચાલુ જોડાણ આપવા માટે મૂકેલી શરતોના પરિપાલનના સંદર્ભમાં વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે નવજીવન આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, દાહોદને બી.એ. (પ્રિન્સિ.)માં અર્થશાસ્ત્ર, ગુજરાતી અને અંગ્રેજી; તથા બી.એ. (સબો.)માં સંસ્કૃત, ઇતિહાસ, મનોવિજ્ઞાન, હિન્દી અને આંકડાશાસ્ત્ર; તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૪થી તા. ૧૪-૬-૧૯૭૯ સુધીનું ચાલુ જોડાણ આપવું.

૫૭. તોલાણી કૉલેજ ઑફ આર્ટ્સ ઍન્ડ સાયન્સ, આદિપુરને બી.એ.(પ્રિન્સિ.)માં ગુજરાતી, બી.એસસી. (રૂપે.)માં રસાયણવિજ્ઞાન તથા બી.એસસી. (જન.)માં ભૌતિક-વિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫–૬–૧૯૭૪થી તા. ૧૪–૬–૧૯૭૭ સુધીનું ચાલુ જોડાણ આપવા માટે મૂકેલી શરતોના પરિપાલનના સંદર્ભમાં વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે તોલાણી કૉલેજ ઑફ આર્ટ્સ ઍન્ડ સાયન્સ, આદિપુરને બી.એ. (પ્રિન્સિ. માં ગુજરાતી; બી.એસસી. (રૂપે.)માં રસાયણવિજ્ઞાન; તથા બી.એસસી. (જન.)માં ભૌતિક-વિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫–૬–૧૯૭૪થી તા. ૧૪–૬–૧૯૭૭ સુધીનું ચાલુ જોડાણ આપવું.

વધુમાં ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજને ગ્રંથાલયમાં પુસ્તકો અને સામયિકો માટે રૂ. ૩,૦૦૦/–નો આવર્તક ખર્ચ પ્રતિવર્ષ કરવા માટે તથા તા. ૧–૪–૧૯૭૨થી અમલમાં આવે તે રીતે ગ્રેચ્યુઇટી ફંડ ઊભું કરીને તેની જાણ કરવા માટે જણાવવું.

(નોંધ. — શ્રી. આર. કે. શાસ્ત્રીની લેણી રકમની બાબતમાં તે અંગે સ્થાયી કાનૂનવિષયક સમિતિની ભલામણ આવ્યેથી વિચારવાનું રહે છે.)

૫૮. જૂન ૧૯૭૫થી વિજ્ઞાન વિદ્યાશાખાના બધા જ વિષયોનું શિક્ષણકાર્ય વિદ્યાર્થીઓની નહિવત્ સંખ્યાના કારણે સદંતર બંધ કરવા માટે પરવાનગી આપવા અંગેના ગાંધીધામ કૉલેજિયેટ બોર્ડના સહમંત્રી અને તોલાણી કૉલેજ ઑફ આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, આદિપુરના આચાર્યશ્રી તરફથી તેમના તા. ૭–૮–૧૯૭૪ના પત્રથી કરવામાં આવેલી વિનંતીના સંદર્ભમાં ઍ. ૧૨૦–ઈ (iii) મુજબ તપાસસમિતિ નીમવા અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.—આચાર્યે જણાવ્યા મુજબ ૧૯૭૪–૭૫ના શૈક્ષણિક વર્ષમાં વિજ્ઞાન વિદ્યાશાખામાં કુલ વિદ્યાર્થી સંખ્યા ૩૮ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે જરૂરી તપાસ કરીને પોતાનો અહેવાલ રજૂ કરવા માટે નીચે જણાવેલા સભ્યોની સમિતિ રચવી :

૧. આચાર્ય કે. એન. શાહ
૨. ડૉ. વી. સી. શાહ
૩. ડૉ. એમ. એન. દેસાઈ.

૫૯. શ્રી. બી. પી. બ્રહ્મભટ્ટ આર્ટ્સ ઍન્ડ એમ. એસ. ગુરુ કૉમર્સ કૉલેજ, ઊંઝાને જૂન ૧૯૭૪થી બી.એ. (સબો.)માં અંગ્રેજીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫–૬–૧૯૭૪થી તા. ૧૪–૬–૧૯૭૫ સુધી વધારાનું જોડાણ આપવા માટે મૂકેલી શરતોના પરિપાલનના અહેવાલના સંદર્ભમાં જોડાણ આપવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. બી. પી. બ્રહ્મભટ્ટ આર્ટ્સ ઍન્ડ એમ. એચ. ગુરુ કૉમર્સ કૉલેજ, ઊંઝાને બી.એ. (સબો.)માં અંગ્રેજીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬–૧૯૭૪થી તા. ૧૪–૬–૧૯૭૫ સુધીનું વધારાનું જોડાણ આપવું.

વધુમાં ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજને તા. ૧-૪-૧૯૭૨થી અમલી બને તે રીતે ગ્રેચ્યુઇટી ફંડ ઊભું કરવા અંગેનો નિર્ણય તાકીદે લઈને તેની જાણ કરવા જણાવવું.

૬૦. ૧૯૭૩ના ગુજરાત ઍક્ટ નં. ૬થી મંજૂર કરવામાં આવેલ સ્ટે. ૮ (૧) (vii) મુજબ બોર્ડ ફૉર હૉસ્ટેલ્સ મૅનેજમેન્ટ પર સંલગ્ન કૉલેજોના આચાર્યો પૈકી બે આચાર્યોની નિમણૂક કરવા અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.—સદરહુ કલમ નીચે ટાંકી છે :

Two Principals of affiliated colleges having hostels to be nominated by the Executive Council.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બોર્ડ પર સ્ટે. ૮(૧)ની પેટાકલમ (૭) હેઠળ નીચે જણાવેલા સભ્યોની નિમણૂક કરવી :

૧. ડૉ. જે. જે. ત્રિવેદી
૨. આચાર્ય સી. એલ. શાસ્ત્રી.

૬૧. ઑક્ટોબર ૧૯૭૪માં લેવાનાર આ યુનિવર્સિટીની જુદી જુદી પરીક્ષાઓમાં પરીક્ષા સમિતિ કે એક્ઝિક્યુટિવ કાઉન્સિલના સભ્યો હોવા છતાં ગુજરાત યુનિવર્સિટી ઍક્ટ નં. ૬, ૧૯૭૩ શિડ્યુલ બે-૨૩(૩) અન્વયે પ્રાશ્નિક-પરીક્ષક તરીકે સૂચવાયા હોવાથી તેમને નીમવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સભ્યોને ઑક્ટોબર-નવેમ્બર ૧૯૭૪ની પરીક્ષાઓમાં પ્રાશ્નિક/પરીક્ષકો તરીકે, બાબત નં. ૨ હેઠળ જણાવેલ સમિતિની ભલામણો આવ્યેથી, નીમવા માટે કુલપતિશ્રીને સત્તા આપવા માટે આ સભાગૃહ સર્વાનુમતે સંમત છે.

૬૨. સંલગ્ન કૉલેજોમાંથી શિક્ષક તેમ જ બિનશિક્ષક વર્ગના કર્મચારીઓને છૂટા કરવાની બાબતમાં જરૂરી પગલાં લેવાની સત્તા સાથે એક્ઝિક્યુટિવ કાઉન્સિલે તેની તા. ૨૭-૪-૧૯૭૪ની સભામાં નીમેલી સમિતિની તા. ૨૫-૬-૧૯૭૪ની સભાની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"આ ફેરફાર અંગે આવતા પત્રક સાથે જે તે શિક્ષકની નિમણૂકનો પત્ર તથા તેના સ્વીકૃતિપત્રની નકલ મંગાવવાનું રાખવા ઘટતાં પગલાં લેવા આ સમિતિ ભલામણ કરે છે."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૬૩. કૉમ્પ્યુટર સોસાયટી ઑફ ઇન્ડિયાની વાર્ષિક સભ્યપદ ફી રૂ. ૨૦૦-૦૦થી વધારી રૂ. ૫૦૦-૦૦ કરવામાં આવી છે તેમ જ હવે પાંચને બદલે છ સભ્યો નિયુક્ત કરી શકાય છે તેવી માહિતી આપતા અમદાવાદ ચેપ્ટરના સેક્રેટરીના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સોસાયટીના સભ્યપદ માટે રૂ. ૫૦૦નું વાર્ષિક લવાજમ ભરીને તેનું સભ્યપદ આ યુનિવર્સિટીએ ચાલુ રાખવું.

૬૪. અનુસ્નાતક વિદ્યાભવનોને અંશત: સ્વાયત્ત બનાવવા અને અનુસ્નાતક અભ્યાસક્રમોને અદ્યતન રાખવા પ્રતિવર્ષ ૩૧મી માર્ચ સુધીમાં જે તે વિદ્યાભવનનો શિક્ષકગણ જે શિક્ષણકાર્યક્રમ તૈયાર કરી આપે તેને નવા વર્ષના જૂનથી અમલમાં મૂકવાનું રાખવા અંગે કાર્યાલયના સૂચન પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીના તમામ અભ્યાસક્રમો અને વિશેષે કરીને અનુસ્નાતકના અભ્યાસક્રમો અદ્યતન રાખવા જોઈએ અને તે માટે જરૂર પડયે વખતોવખત સુધારાવધારા કરવાનું સૂચન તમામ અભ્યાસસમિતિઓની વિચારણા માટે મોકલવું.

૬૫. યુનિવર્સિટી ધારાની કલમ ૩૩-એ (૧) (બી) (૧) અને (૨) અનુસાર સંલગ્ન કૉલેજોએ શિક્ષકોની નિમણૂક કરતી વખતે પ્રત્યેક કૉલેજોની જે તે વરણીસમિતિ પર યુનિવર્સિટીના પ્રતિનિધિ હોવા છતાં પણ યુનિવર્સિટીના પ્રતિનિધિ સિવાય નીચેની કૉલેજોએ શિક્ષકોની નિમણૂક કરી છે તો તે અંગે વિચારણા કરવા બાબત :

ક્રમાંક	કૉલેજનું નામ	શિક્ષકનું નામ	વિષય
૧.	દેસાઈ સી. એમ આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, વીરમગામ	જી. સી. પટેલ	અંગ્રેજીના પ્રાધ્યાપક
૨.	,, ,,	શ્રી. ટી. એન. ઠક્કર	અર્થશાસ્ત્રના પ્રાધ્યાપક
૩.	લુણાવાડા આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, લુણાવાડા	ડૉ. પી. એસ. દરજી	આચાર્યશ્રી
૪.	જે. બી. ઠક્કર કૉમર્સ કૉલેજ, ભૂજ	—	અર્થશાસ્ત્ર

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ નિમણૂકો માટેની જે તે વરણીસમિતિઓ પર આ યુનિવર્સિટીના પ્રતિનિધિઓ વિના કામ ચલાવ્યું છે તે આ વખતે ગ્રાહ્ય રાખવું, પરંતુ સદરહુ કૉલેજોને જણાવવું કે ભવિષ્યમાં આ બાબતમાં તેમણે જરૂરી કાળજી રાખવી આવશ્યક રહેશે.

૬૬. સિંગાપુર મુકામે Agricultural Development Council, I.N.C. આશ્રયે A workshop on the problems of field data collection in rural areas-માં ભાગ લેવા માટે સમાજવિદ્યા ભવનના રીડર ડૉ. વી. પી. શાહને તા. ૨૭ ઑક્ટોબર ૧૯૭૪થી ૨ નવેમ્બર ૧૯૭૪ની Leave of absence રજાઓ મંજૂર કરવા અંગેના તા. ૧૩–૮–૧૯૭૪ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કાર્યક્રમમાં ભાગ લેવા માટે ડૉ. વી. પી. શાહની જરૂરી રજાઓ મંજૂર કરવી.

૬૭. શેઠ એમ. પી. આર્ટ્સ એન્ડ તલોદ એન. એમ. કૉમર્સ કૉલેજ, તલોદમાં એકાઉન્ટન્સીના પ્રાધ્યાપક તરીકે નીમવામાં આવેલા શ્રી. એન. એમ. પટેલને પ્રાધ્યાપક થવા માટે જોઈતા શૈક્ષણિક અનુભવમાં ગણાયાતા તરીકેનો છ માસનો શૈક્ષણિક અનુભવ ખૂટે છે તે ક્ષમ્ય ગણવા અંગે કૉલેજના આચાર્યશ્રીની વિનંતી પર વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—શ્રી. એન. એમ. પટેલ બી.કોમ. અને એમ.કોમ.ની બેઉ પદવીઓ બીજા વર્ગમાં ધરાવે છે તથા ૪½ વર્ષનો વ્યાખ્યાતા તરીકેનો અનુભવ ધરાવે છે.)

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. એન. એમ. પટેલનો ખૂટતો છ માસનો શૈક્ષણિક અનુભવ ક્ષમ્ય ગણીને તેમને સદરહુ કૉલેજમાં એકાઉન્ટન્સીના પ્રાધ્યાપક તરીકે માન્ય રાખવા.

૬૮. સ્વામીનારાયણ આર્ટ્સ કૉલેજ, અમદાવાદમાંથી અંગ્રેજીના લેક્ચરર તરીકે કામ કરતા શ્રી. જી. આર. ભાવસારને છૂટા કરવા અંગેની ફરિયાદની બાબતમાં એકિઝકયુટિવ કાઉન્સિલે તેની તા. ૧૮-૫-૧૯૭૪ની સભામાં નીચેના ઠરાવને અનુલક્ષીને મેળવવામાં આવેલી ધારાકીય સલાહના સંદર્ભમાં આગળ વિચારણા કરવા બાબત :

"આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે ધારાકીય સલાહ લઈને તે મુજબ જરૂરી પગલાં લેવાનું રાખવું.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, સદરહુ લવાદ પંચ પર કૉલેજ સંચાલકમંડળના પ્રતિનિધિને નીમવા આ સભાગૃહના ઠરાવ અન્વયે યુનિવર્સિટી કાર્યાલય તરફથી જણાવવામાં આવેલું હોવા છતાં તેનો જવાબ આપવામાં આવ્યો નથી તે બાબતની ગંભીરતા તરફ સંચાલકનું ધ્યાન ખેંચવું."

(**નોંધ.**—૧. જ્યાં સુધી અદાલત તરફથી સદરહુ ઑર્ડ. ૧૨૦-ડી એકિઝકયુટિવ કાઉન્સિલની સત્તા કે અધિકાર બહારનો હોવાનો આદેશ ન હોય, ત્યારે કૉલેજના સંચાલકમંડળ ઑર્ડ. ૧૨૦-ડી(૧૬) અન્વયે પોતાના પ્રતિનિધિ નિયુક્ત નહિ કરવા મુક્ત નથી. વધુમાં ૧૫ દિવસમાં પોતાનો પ્રતિનિધિ નહિ નીમે તો બે સભ્યોનું લવાદીપંચ પોતાનું કામ ચલાવશે તેમ પણ કૉલેજ સંચાલકમંડળને જણાવવું જોઈએ તેવી ધારાકીય સલાહ મળેલી છે.

૨. અગાઉના તા. ૧૮-૨-૧૯૭૪ના પત્રથી વિશેષ કશું ઉમેરવાનું નથી એમ કૉલેજે તેના તા. ૩૦-૭-૧૯૭૪ના પત્રથી જણાવ્યું છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૬૯. યુનિવર્સિટી વિસ્તારમાં હાલ ચાલી રહેલાં જુદાં જુદાં મકાનોના ખર્ચ માટે અંદાજપત્રમાં જરૂરી સુધારા કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી કેમ્પસમાં યુનિવર્સિટીનાં મકાનોના ચાલુ બાંધકામના ખર્ચ માટે ૧૯૭૪-૭૫ના વર્ષમાં અંદાજપત્રમાં ખર્ચની જોગવાઈ વધારીને નીચે મુજબ મંજૂર કરવી :

		રૂ.
૧.	વિજ્ઞાન વિદ્યાભવન—ફિઝિક્સ, કેમિસ્ટ્રી, બોટેની, મૅથેમેટિક્સ	૧,૫૫,૦૦૦
૨.	મનોવિજ્ઞાન ભવન	૫૦,૦૦૦
૩.	રીડર્સ ક્વાર્ટર્સ	૧૮,૦૦૦
૪.	વિદ્યાર્થીઓનું છાત્રાલય (નવું)	૫,૫૦,૦૦૦
૫.	વિદ્યાર્થિનીઓનું છાત્રાલય (નવું)	૫,૫૦,૦૦૦

૬.	જિમ્નેશિયમ	૩,૫૦,૦૦૦
૭.	સર્વિસ સેન્ટર	૧,૦૦,૦૦૦
૮.	કૉમ્પ્યુટર સેન્ટર	૩,૫૦,૦૦૦
૯.	ટ્રસ્ટ ભવન	૫,૧૦,૦૦૦
૧૦.	ડ્રેનેજ યોજના	૧૦,૦૦૦

૭૦. તા. ૧૮-૬-૧૯૭૪ના રોજ તેમ જ તા. ૧૬-૮-૧૯૭૪ના રોજ મળેલ સ્થાયી સમિતિની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે—

(૧) સદરહુ સ્થાયી સમિતિની તા. ૧૮-૬-૧૯૭૪ની સભાની નીચેની ભલામણો અંગેની વિચારણા મોકૂફ રાખવી :

"(૨) આથી એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે કાર્યાલયમાં કાર્યાલય નિયામક, હેડક્લાર્ક તથા સીનિયર ક્લાર્ક વગેરેની મંજૂર કરેલી જગ્યાઓ અંગેની ફાળવણી આ સાથેના પત્રકમાં દર્શાવ્યા પ્રમાણે કરવી અને હવે પછી જુદા જુદા વિભાગોમાં દર્શાવ્યા પ્રમાણે બધી જ જુદી જુદી કક્ષાઓની જગ્યાઓ રહેશે તેની નોંધ લેવી."

"(૧૩) આથી એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે આરોગ્યકેન્દ્રના માનદ રેડિયોલોજિસ્ટ ડૉ. એમ. એમ પરીખને હાલ રૂ. ૧૦૦નું માનદ વેતન અપાય છે તેને બદલે માસિક રૂ. ૧૫૦નું માનદ વેતન આપવું."

ઉપર (૧)માં જણાવેલ બે ભલામણો સિવાયની સદરહુ સમિતિની બાકીની ભલામણો મંજૂર કરવી.

(૨) સદરહુ સ્થાયી સમિતિની તા. ૧૬-૮-૧૯૭૪ની સભાની ભલામણો મંજૂર કરવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી છાત્રાલયના ચીફ વૉર્ડનને સ્કૂટર ભથ્થું આપવા અંગેનો પ્રસ્તાવ સદરહુ સમિતિએ બાબત નં. ૫ ના ઠરાવ ૪(૨) હેઠળ નીમેલી સમિતિની વિચારણા માટે મોકલવો.

(સદરહુ સમિતિની તા. ૧૮-૬-૧૯૭૪ તથા તા. ૧૬-૮-૧૯૭૪ની સભાઓની કાર્યવાહીની નોંધોની નકલ **પરિશિષ્ટ "જ"** તરીકે સામેલ છે.)

૭૧. યુનિવર્સિટી પ્રેસના જુ. ક્લાર્ક શ્રી. બી. કે. પટેલને તેઓના રૂ. ૧૫૩-૫-૧૮૩-૧૦-૨૪૩ ઈ.બી. ૨૫-૪૦૮-૧૯-૪૬૫ના પગારધોરણમાં રૂ. ૨૪૩ પછીનો કાર્યક્ષમતા અંતરાય (Efficiency Bar) તા. ૧-૧૨-૧૯૭૩થી ઓળંગવા અંગેની મંજૂરી આપવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૭૨. યુનિવર્સિટી કાર્યાલયના અનુસ્નાતક વિભાગમાં જુ. ક્લાર્ક તરીકે કામ કરતા શ્રીમતી એ. વી. સોલંકીને તેમનું અશ્રુનિવાસ, ક્રિશ્ચિયન કોલોની, બહેરામપુરા, જમાલપુર, અમદાવાદ-૨૨નું રહેઠાણ મરામત કરાવવા અંગે સ્ટે. ૧૮૮ (૨) હેઠળ તેમના ખાતે નીકળતી લોન આપવા અંગેની તેઓની તા. ૧૯-૮-૧૯૭૪ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—તેઓના પ્રૉ. ફંડ ખાતેના તા. ૩૧—૩—૧૯૭૪ના રોજ રૂ. ૪,૬૬૧-૪૧ જમા છે અને તેમાંથી પ્રૉ. ફંડની લોન રૂ. ૯૨૦ તથા તે પર જે વ્યાજ થાય તે **૨૪મ** કાપવાની રહેશે.)

આથી ઠરાવવામાં આવે છે કે જુનિયર ક્લાર્ક શ્રીમતી એ. વી. સોલંકીને તેમના રહેઠાણની મરામત માટે સ્ટે. ૧૮૮(૨) હેઠળ તેમના પ્રૉવિડંટ ફંડ ખાતામાંથી યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ રૂ. ૪,૬૬૦ની બિલ્ડિંગ લોન મંજૂર કરવી.

૭૩. એકિઝકયુટિવ કાઉન્સિલે તેની તા. ૨૯-૬-૧૯૭૪ની સભામાં યુનિવર્સિટી મુદ્રણાલયમાં પ્રૂફરીડર તરીકે કામ કરતા શ્રી. કે. ડી. દેસાઈની નિવૃત્તિ વયમાં તબીબી તપાસના સંદર્ભમાં જરૂરી નિર્ણય લેવાની કુલપતિશ્રીને આપેલી સત્તાની રૂએ શ્રી. દેસાઈની નિવૃત્તિવયની મુદતમાં વધારો આપવાનું શક્ય બની શકયું નથી તેમ જણાવતા કુલપતિશ્રીના આદેશના સંદર્ભમાં શ્રી દેસાઈની તા. ૨-૮-૧૯૭૪ની પુનર્વિચારણા માટેની અરજી તથા તે પર મુદ્રણાલયની નોંધ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. કે. ડી. દેસાઈના કેસના વિશિષ્ટ સંજોગો જોતાં અપવાદ તરીકે તેમની સેવાઓ ચાલુ રાખવાની બાબત અંગે પુનર્વિચારણા કરવા અને તેમને ડૉ. જ્યોતીન્દ્ર ભટ્ટ અને ડૉ. જશવંતલાલ પટેલની પેનલ પાસે પોતાની તબીબી તપાસ માટે હાજર થવા જણાવવું અને સદરહુ પેનલનો રિપોર્ટ આવ્યેથી તે અંગે ઘટતો નિર્ણય લેવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

(**નોંધ.**—આ બાબતને ભવિષ્યમાં શિરસ્તારૂપ ગણવામાં આવશે નહીં.)

૭૪. એચ. કે. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ તરફથી સદરહુ કૉલેજની યુનિ. ધારાની કલમ ૩૮-બી (૧) અન્વયે સ્વાયત્તતા માટેની અરજી પર સ્થાનિક તપાસસમિતિ નીમવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે નીચે જણાવેલા સભ્યોની સ્થાનિક તપાસસમિતિ નીમવી :

૧. પ્રૉ. ડી. એન. પાઠક
૨. પ્રૉ. જી. સી. બેનરજી
૩. ડૉ. આલુ દસ્તૂર
૪. ડૉ. વી. એસ. વ્યાસ.

૭૫. આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, ડભોઈમાં ઇન-ઑર્ગેનિક કેમિસ્ટ્રી વિષયના અનુસ્નાતક કેન્દ્રમાં શ્રી. આર. સી. શાહની પ્રૉફેસર-ઇન-ચાર્જ તરીકે નિમણૂક કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ અનુસ્નાતક કેન્દ્રના પ્રોફેસર-ઇન-ચાર્જ તરીકે પ્રો. ડી. એમ. દેસાઈની જગ્યાએ ડૉ. આર. સી. શાહને નીમવા.

૭૬. શ્રી. આર. આર. લાલન કૉલેજ, ભૂજને જૂન ૧૯૭૪થી બી.એ.(પ્રિન્સિ.)માં હિન્દીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૪થી તા. ૧૪-૬-૧૯૭૭ સુધીનું ચાલુ જોડાણ તથા બી.એ. (પ્રિન્સિ.)માં મનોવિજ્ઞાન અને ઇતિહાસ; તથા બી.એ.(સબ્સે.)માં સમાજશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૪થી તા. ૧૪-૬-૧૯૭૫ સુધીના વધારાના જોડાણ માટેની મૂકેલી શરતોના પરિપાલનનો અહેવાલ હજુ સુધી આવ્યો ન હોઈ તે અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ. — શરતોનું પરિપાલન તા. ૧૫-૫-૧૯૭૪ સુધીમાં કરવું આવશ્યક હતું.)

આથી ઠરાવવામાં આવે છે કે જોડાણ માટની શરતોનું પરિપાલન કરીને તા. ૧૫-૫-૧૯૭૪ સુધીમાં પોતાનો અહેવાલ મોકલવો આવશ્યક હોવા છતાં સદરહુ કૉલેજે તેમ કર્યું નથી અને દરમિયાન ચાલુ વર્ષના શૈક્ષણિક કાર્યનો આરંભ તા. ૧-૭-૧૯૭૪થી થઈ ગયો છે તે હકીકતની ગંભીરતા તરફ સદરહુ કૉલેજના આચાર્યશ્રીનું તેમ જ રાજ્યના શિક્ષણ સંચાલકનું ધ્યાન ખેંચીને શરતોનું પરિપાલન ત્વરિત કરીને યુનિવર્સિટી કાર્યાલયને તેના જાણ કરવા માટે જણાવવું.

૭૭. સરકારી આર્ટ્સ-કોમર્સ કૉલેજ, ગાંધીનગરને જૂન ૧૯૭૪થી પ્રથમ વર્ષ બી.કૉમ.માં ઇકોનોમિક્સ ઑફ કોટનના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૪થી તા. ૧૪-૬-૧૯૭૫ સુધીનું ચાલુ જોડાણ તથા બી.કૉમ.માં ઇકોનોમિક્સ ઑફ કોટનના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૪થી તા. ૧૪-૬-૧૯૭૫ સુધીના વધારાના જોડાણ માટે મૂકેલી શરતોના પરિપાલનનો અહેવાલ હજુ સુધી આવ્યો ન હોઈ તે અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.—શરતોનું પાલન તા. ૩૦-૭-૧૯૭૪ સુધીમાં કરવું આવશ્યક હતું.)

આથી ઠરાવવામાં આવે છે કે જોડાણ માટેની શરતોનું પરિપાલન કરીને તા. ૩૦-૭-૧૯૭૪ સુધીમાં પોતાનો અહેવાલ મોકલવો આવશ્યક હોવા છતાં સદરહુ કૉલેજે તેમ કર્યું નથી તે હકીકતની ગંભીરતા તરફ સદરહુ કૉલેજના આચાર્યશ્રીનું તેમ જ રાજ્યના શિક્ષણ સંચાલકશ્રીનું ધ્યાન ખેંચીને શરતોનું પરિપાલન ત્વરિત કરીને યુનિવર્સિટી કાર્યાલયને તેની જાણ કરવા માટે જણાવવું.

૭૮. શેઠ એમ. એન. લૉ કૉલેજ, પાટણને જૂન ૧૯૭૪ થી દ્વિતીય એલએલ.બી.ના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૪ થી તા. ૧૪-૬-૧૯૭૬ સુધીનું ચાલુ જોડાણ આપવા માટે મૂકેલી શરતોના પરિપાલનના અહેવાલના સંદર્ભમાં જોડાણ આપવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શેઠ એમ. એન. લૉ કૉલેજ, પાટણને દ્વિતીય એલએલ.બી.ના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૪થી તા. ૧૪-૬-૧૯૭૬ સુધીનું ચાલુ જોડાણ આપવું.

વધુમાં ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજને શરતોના પરિપાલનના સંદર્ભમાં ખૂટતી માહિતી તાકીદે મોકલવા તથા તા. ૧-૪-૧૯૭૨થી અમલી બને તે રીતે ગ્રેચ્યુઇટી ફંડ ઊભું કરીને તેની જાણ કરવા માટે જણાવવું.

૭૯. શ્રીમતી ટી. એસ. આર. કૉમર્સ કૉલેજ, પાટણમાં એકાઉન્ટન્સી અને આંકડાશાસ્ત્રના વિષયના શૈક્ષણિક કાર્ય માટે લાયકાત ધરાવતા અનુક્રમે પ્રાધ્યાપક તેમ જ વ્યાખ્યાતા અપ્રાપ્ય હોવાથી, સદરહુ વિષયોનું શૈક્ષણિક કાર્ય મુલાકાતી શિક્ષકો દ્વારા ચાલુ વર્ષ પૂરતું ચલાવવાની પરવાનગી માગતા કૉલેજના આચાર્યશ્રીના તા. ૧૯-૭-૧૯૭૪ના પત્ર પર વિચારણા કરવા બાબત :

(નોંધ.—મુલાકાતી શિક્ષકોની વ્યવસ્થા નીચે પ્રમાણે છે :

ક્રમાંક	**શિક્ષકનું નામ**	**કયા વિષયમાં મુલાકાતી શિક્ષકની વ્યવસ્થા છે**
૧.	શ્રી ડી. એન. ભાવસાર	એકાઉન્ટન્સીના મુલાકાતી પ્રાધ્યાપક
૨.	શ્રી. માધુભાઈ પટેલ	આંકડાશાસ્ત્રના મુલાકાતી વ્યાખ્યાતા)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજે ચાલુ શૈક્ષણિક વર્ષ દરમિયાન એકાઉન્ટન્સી અને આંકડાશાસ્ત્રના મુલાકાતી શિક્ષકોની જે વ્યવસ્થા કરી છે તે ચાલુ વર્ષ પૂરતી માન્ય રાખવી અને જૂન ૧૯૭૫થી તે વિષયોમાં યોગ્ય લાયકાત ધરાવતા શિક્ષકોની નિમણૂક કરવા માટે અને તેમ કરવામાં આવે નહીં તો તે વિષયોમાં નવા વિદ્યાર્થીઓને દાખલ કરી શકાશે નહીં તેમ સદરહુ કૉલેજને જણાવવું.

૮૦. નીચે દાંકેલ ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૩૬-એ (૧) (બી) (૧) અને (૨)ના સંદર્ભમાં સંલગ્ન કૉલેજોમાં પોતાની જ કૉલેજના શિક્ષકોને નીચલી કક્ષામાંથી ઉપલી કક્ષામાં બઢતી માટે વરણી સમિતિનો આગ્રહ રાખવો કે કેમ અને તે પર યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા આવશ્યક છે કે કેમ તે અંગે વિચારણા કરવા બાબત :

(*b*) that for recruitment of the Principal and Members of the teaching staff of a college there is a Selection Committee of the college which shall include —

(1) in the case of recruitment of the Principal, a representative of the University nominated by the Vice-Chancellor, and

(2) in the case of recruitment of a member of the teaching staff of the college, a representative of the University nominated by the Vice-Chancellor and the Head of the Department, if any, concerned with the subject to be taught by such member.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત એકિઝકયુટિવ કાઉન્સિલે તેની તા. ૨૯-૬-૧૯૭૪ની સભામાં બાબત નં. ૬૬ હેઠળ નીમેલી સમિતિની વિચારણા માટે મોકલવી.

૮૧. શ્રી. મનીષી જાની અને શ્રી. મૂકેશ પટેલ યુનિવર્સિટી કોર્ટ પર ચૂંટાયેલા સભ્યો ૧૯૭૩નું શૈક્ષણિક વર્ષ પૂરું થયું હોવાથી ફારેગ થાય છે તો વિદ્યાર્થી પ્રતિનિધિઓનું (૧) રજતજયંતી મહોત્સવ સમિતિ, (૨) શિક્ષક સ્ટાફ પ્રવૃત્તિ કેન્દ્રની પેટાસમિતિ, (૩) સાંસ્કૃતિક કાર્યક્રમ અંગેની પેટાસમિતિ, અને (૪) વિદ્યાર્થી નિબંધ હરીફાઈની પેટા-સમિતિમાં સભ્યપદ ચાલુ રાખવાં કે કેમ તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૮૨. ગુજરાત યુનિવર્સિટી રિસર્ચ સ્કોલર્સ એસોસિયેશન તરફથી સંશોધન શિષ્ય-વૃત્તિઓની સંખ્યા તથા હાલના દરોમાં સુધારો કરવાના તથા અન્ય કેટલાક પ્રશ્નો અંગે બદલી વિચારણા કરવા અંગે આવેલ તા. ૫-૮-૧૯૭૪ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શિષ્યવૃત્તિની સંખ્યા અને દર વધારવા અંગે રાજ્ય સરકાર, ઇન્ડસ્ટ્રિયલ લા. બોર્ડ તથા યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનને વિનંતી કરવી.

૮૩. યુનિવર્સિટી દ્વારા લેવામાં આવતી જુદી જુદી પરીક્ષાઓ માટે કોલેજોનાં મકાનોના ઉપયોગ અંગેના પ્રશ્નો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે સમગ્ર રીતે વિચારણા કરીને પોતાનો સુચિંતિત અહેવાલ રજૂ કરવા માટે નીચે જણાવેલા સભ્યોની સમિતિ રચવી :

૧. ડૉ. ધીરુભાઈ ઠાકર
૨. આચાર્ય એમ. સી. શાહ
૩. પ્રો. દેવવ્રત પાઠક
૪. પ્રો. મનુભાઈ ડી. પંચોલી
૫. શ્રી. જે. એમ. મહેતા, પરીક્ષાનિયામકશ્રી.

૮૪. સંલગ્ન કોલેજો અને માન્ય સંસ્થાઓના બિન-શૈક્ષણિક કર્મચારીઓની સેવા-ઓના નિયમો ઇત્યાદિ ઘડવા અંગે એક્ઝિક્યુટિવ કાઉન્સિલે તેની તા. ૧૬-૧૧-૧૯૭૩ની સભામાં નીમેલી સમિતિની તા. ૨૨-૮-૧૯૭૪ના રોજ મળેલ સભાની ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સંલગ્ન કોલેજો અને માન્ય સંસ્થાઓના બિનશૈક્ષણિક વહીવટી કર્મચારીઓ માટે દરરોજ કામકાજનો કુલ સમય અર્ધા કલાકની રિસેસ બાદ કરતાં છ કલાક, અઠવાડિયાના છએ દિવસો, એટલે કે સપ્તાહના કુલ ૩૬ કલાકના હિસાબે (રવિવાર તથા અન્ય રજાઓના દિવસો બાદ કરતાં) માટે રહેશે તે સ્પષ્ટતા સાથે સદરહુ સમિતિની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિની તા. ૨૨-૮-૧૯૭૪ની સભાની કાર્યવાહીની નોંધની નકલ પરિશિષ્ટ "ઝ" તરીકે સામેલ છે.)

૮૫. ડિસેમ્બર ૧૯થી ૨૨, ૧૯૭૪ના સમય દરમિયાન ઇન્ડિયન એસોસિયેશન ઑફ પેથોલોજિસ્ટ એન્ડ માઇક્રોબાયોલોજિસ્ટનું રજતજયંતી અધિવેશન દિલ્હી મુકામે યોજાનાર છે તેમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ એસોસિયેશનના આગામી રજતજયંતી અધિવેશનમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે ડૉ. સી. વી. દીક્ષિતને મોકલવા.

૮૬. તા. ૧૩/૧૪/૧૫-૮-૧૯૭૪ના રોજ મળેલ યુનિ. કોર્ટની વાર્ષિક સભામાં થયેલ સૂચનો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સૂચનો પર વિચારણા કરીને પોતાની ભલામણો રજૂ કરવા માટે નીચે જણાવેલા સભ્યોની સમિતિ રચવી :

૧. પ્રો. ડી. એન. પાઠક
૨. આચાર્ય દર્શનસિંઘ શીખ
૩. ડૉ. મહેન્દ્રભાઈ દેસાઈ
૪. પ્રો. મનુભાઈ ડી. પંચોલી
૫. આચાર્ય એમ. સી. શાહ.

૮૭. "ઇન્ડિયન ફાર્માકોલોજિકલ સોસાયટી, અમદાવાદના ઉપક્રમે ડિસેમ્બર ૧૯૭૪માં મળનાર ૭ મી એન્યુઅલ કોન્ફરન્સ ઑફ ઇન્ડિયન ફાર્માકોલોજિકલ સોસાયટી માટે રૂ. ૫,૦૦૦ની આર્થિક સહાય આપવા માટે સંસ્થાના વ્યવસ્થાપક-મંત્રી પ્રો. એમ. એન. જિન્દાલે તેમના તા. ૧૩-૩-૧૯૭૪ તથા તા. ૮-૮-૧૯૭૪ના પત્રથી કરેલ વિનંતી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે એન્યુઅલ કોન્ફરન્સ ઑફ ઇન્ડિયન ફાર્માકોલોજિકલ સોસાયટીના આગામી અધિવેશનના આયોજનમાં આ યુનિવર્સિટીએ ઇન્ડિયન ફાર્માકોલોજિકલ સોસાયટી, અમદાવાદની સાથે સહપુરસ્કર્તા (કો-સ્પોન્સર) તરીકે જોડાવાનું સ્વીકારવું, પરંતુ તેને કશી આર્થિક સહાય આપી શકાશે નહીં તેમ સ્પષ્ટતા કરવી.

૮૮. તોલાણી આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, આદિપુરના અંગ્રેજીના પ્રાધ્યાપક શ્રી. એ. એસ. વાસવાણીને જૂના એ. ઇપ-એફ અનુસાર અનુસ્નાતક શિક્ષક તરીકે માન્યતાને પાત્ર થવા માટે ત્રણ માસનો અનુભવ ખૂટતો હોઈ તે ક્ષમ્ય ગણવા માટેના ગાંધીધામ કૉલેજિયેટ બોર્ડના મંત્રીશ્રીની વિનંતી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. એ. એસ. વાસવાણીના આચાર્ય માટેની નિમણૂક માટે ખૂટતો શૈક્ષણિક અનુભવ ક્ષમ્ય ગણીને તેમની આચાર્ય તરીકેની નિમણૂક માન્ય કરવી.

૮૯. ઇન્ડિયન એડમિનિસ્ટ્રેટિવ સર્વિસ માટેની પરીક્ષાઓ માટે વિદ્યાર્થીઓને તાલીમ આપવાનું કેન્દ્ર ગુજરાત યુનિવર્સિટીમાં સ્થાપવાની જાણ કરતા રાજ્ય સરકારના શિક્ષણ અને મજૂર ખાતાના તા. ૧૭ ઑગસ્ટ ૧૯૭૪ના સરકારી ઠરાવ ક્રમાંક આઈ.એ.-

એસ. ૧૦૭૪-૩૧૫૦૧–કે.એમ.ની નોંધ લેવા બાબત તથા સદરહુ કેન્દ્રના સંચાલન માટે ડાયરેક્ટરની નિમણૂક કરવા અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.—આ માટે રાજ્ય સરકાર ૧૦૦ ટકા સહાય આપવાની છે.)

આથી ઠરાવવામાં આવે છે કે રાજ્ય સરકારની સદરહુ યોજના સ્વીકારવી અને તે મુજબ ગુજરાત યુનિવર્સિટીમાં આઈ. એ. એસ. ઇત્યાદિ સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટેનું તાલીમ કેન્દ્ર શરૂ કરવું.

વધુમાં ઠરાવવામાં આવે છે કે સદરહુ તાલીમ કેન્દ્રના માનદ પ્રાધ્યાપક-ઇન-ચાર્જ તરીકે પ્રો. ડી. એન. પાઠક, જેઓ યુનિવર્સિટીના ઉપક્રમે ચાલતા આવા તાલીમ કેન્દ્રનું સંચાલનકાર્ય સંભાળે છે તેમને નીમવા.

વધુમાં ઠરાવવામાં આવે છે કે સદરહુ તાલીમ કેન્દ્રની વ્યવસ્થાપક સમિતિ પર નીચેના સભ્યોની નિમણૂક કરવી :

૧. પ્રો. કે. આર. ચન્દ્રશેખરન

૨. ડૉ. એમ. એન. દેસાઈ.

૬૦. સને ૧૯૭૧–૭૨ના વર્ષના ગ્રાન્ટના હિસાબો અંગે એકઝામિનર, લોકલ ફંડ એકાઉન્ટ્સ, ગુજરાત રાજ્ય, અમદાવાદ તરફથી આવેલ ઓડિટ નોંધના જવાબો અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ ઓડિટ નોંધ અંગેના કાર્યાલયે ઘડેલા જવાબો મંજૂર કરવા.

૬૧. ધર્મસિંહ દેસાઈ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજી, નડિયાદના આચાર્ય એચ. એમ. દેસાઈ ઇજનેરી વિદ્યાશાખા હેઠળ નિયત કરેલ લઘુતમ ધોરણો મુજબ જરૂરી લાયકાત ધરાવતા ન હોઈ તેને ક્ષમ્ય (કોન્ડોન) કરીને તેઓની નિમણૂક માન્ય કરવા અંગે સદરહુ ઇન્સ્ટિટ્યૂટના સત્તાવાળાઓની વિનંતી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ ઇન્સ્ટિટ્યૂટના આચાર્યપદ માટે ખૂટતી લાયકાત ક્ષમ્ય ગણીને ડૉ. એચ. એમ. દેસાઈની નિમણૂક માન્ય કરવી.

૬૨. એચ. એલ. કોલેજ ઓફ કોમર્સ, અમદાવાદમાં વાણિજ્યના વ્યાખ્યાતા તરીકે લાંબી સેવાઓ આપી રહેલા પ્રા. એસ. બી. વોરાને ફક્ત રૂપે પ્રાધ્યાપક તરીકે બઢતી આપેલ હોઈ સદરહુ નિમણૂક માન્ય કરવા અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.—૧. કોઈ ખાલી જગ્યા પર નિમણૂક કરવામાં આવી નથી.

૨. યુનિ.ના પ્રતિનિધિ વગર નિમણૂક કરવામાં આવી છે.)

આથી ઠરાવવામાં આવે છે કે પ્રાધ્યાપક તરીકે શ્રી. એસ. બી. વોરાની નિમણૂક માટેની વરણી-સમિતિ રચાઈ નથી તે બાબતને ક્ષમ્ય ગણીને શ્રી. એસ. બી. વોરાને વાણિજ્યના પ્રાધ્યાપક તરીકે માન્ય ગણવા.

૯૩. હરિૐ આશ્રમ, નડિયાદના ટ્રસ્ટીએ તેમના તા. ૭-૮-૧૯૭૪ના પત્રથી નીચે જણાવેલ સંશોધન એવોર્ડ માટે નિષ્ણાત સમિતિમાં ટ્રસ્ટના પ્રતિનિધિ તરીકે નીચે જણાવેલ સભ્યોને નીમવા માટે કરેલ વિનંતી અંગે વિચારણા કરવા બાબત:

ક્રમાંક	એવોર્ડનું નામ	સભ્યનું નામ
૧.	"હરિૐ આશ્રમ પ્રેરિત શ્રી. ગોકુલદાસ બામડોઈ, કુદરતી વિજ્ઞાન સંશોધન એવોર્ડ એન્ડાઉમેન્ટ	પ્રો. અજિતરામ કનકરાય માંકડ, એમ.એસસી. (બૉમ્બે), એમ.એસસી. (ઝૂલોજી)
૨.	"હરિૐ આશ્રમ પ્રેરિત શ્રી. જયકૃષ્ણ ઈન્દ્રજિત વિજ્ઞાન સંશોધન એવોર્ડ	ઉપર પ્રમાણે
૩.	"હરિૐ આશ્રમ પ્રેરિત શ્રી. કાંતિલાલ એમ. કાંટાવાળા સંશોધન એવોર્ડ	શ્રી. કાંતિલાલ એમ કાંટાવાળા, રિટાયર્ડ ચીફ એન્જિનિયર
૪.	"હરિૐ આશ્રમ પ્રેરિત એલેક્ટ્રિક સંશોધન એવોર્ડ	ડૉ. સુમન્ત એમ. શાહ, એમ.ડી.
૫.	હરિૐ આશ્રમ પ્રેરિત ગણિત પ્રતિભા શોધ	પ્રો. શ્રી. દિનેશચંદ્ર સોમેશ્વર સેવક

૧. આથી ઠરાવવામાં આવે છે કે "હરિૐ આશ્રમ પ્રેરિત શ્રી. ગોકુલદાસ બામડોઈ ભૌતિક-વિજ્ઞાન (Physical Sciences) સંશોધન એવોર્ડ એન્ડાઉમેન્ટ" અંગેની નિષ્ણાત સમિતિ પર સદરહુ ટ્રસ્ટના પ્રતિનિધિ તરીકે પ્રો. અજિતરામ કનકરાય માંકડની નિમણૂકને બાહ્ય રાખવા અંગેના પ્રસ્તાવ પરની વિચારણા હાલ મોકૂફ રાખવી.

૨. વધુમાં ઠરાવવામાં આવે છે કે ઉપર (૧)માં જણાવેલ સિવાયના અન્ય એવોર્ડો ઉપર જે તે નિષ્ણાત સમિતિઓ પર સદરહુ ટ્રસ્ટના ઉપર જણાવેલા પ્રતિનિધિઓની નિમણૂકો માન્ય રાખવી.

૯૪. હરિૐ આશ્રમ, નડિયાદના ટ્રસ્ટીએ તેમના તા. ૭-૮-૧૯૭૪ના પત્રથી "હરિૐ આશ્રમ પ્રેરિત શ્રી. ગોકુલદાસ બામડોઈ વિજ્ઞાન સંશોધન એવોર્ડ એન્ડાઉમેન્ટ" ને બદલે "હરિૐ આશ્રમ પ્રેરિત શ્રી. ગોકુલદાસ બામડોઈ કુદરતી વિજ્ઞાન સંશોધન એવોર્ડ એન્ડાઉમેન્ટ" નામ આપવા અંગે કરેલ વિનંતી અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ એવોર્ડ એન્ડાઉમેન્ટનું નામાભિધાન નીચે મુજબ રાખવું :

"હરિૐ આશ્રમ પ્રેરિત શ્રી. ગોકુલદાસ બામડોઈ ભૌતિકવિજ્ઞાન (Physical Science) સંશોધન એવોર્ડ એન્ડાઉમેન્ટ".

૯૫. જે વિદ્યાર્થીઓએ ૧૯૭૩-૭૪ના વર્ષ દરમ્યાન પ્રથમ એલએલ.બી. મોનસૂન અને વિન્ટર સેમેસ્ટર પરીક્ષા માટે જરૂરી સત્રો માન્ય કરાવ્યાં હોય અને બેમાંથી એક સેમેસ્ટર માટે આવેદનપત્ર નિયત સમયમાં ભર્યું ન હોય તો તેવા વિદ્યાર્થીઓને

યુનિવર્સિટીના પરિપત્ર નં. ૨૩ અને ટ્રાન્ઝિટરી ઑર્ડિનન્સ અન્વયે માન્ય કરાયેલ સત્રોને આધારે ખાસ અપવાદરૂપે સેકન્ડ એલએલ.બી.ના વર્ગમાં જોડાવાને પાત્ર ગણવા કે કેમ તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે એકિઝકયુટિવ કાઉન્સિલે તેની તા. ૨૯-૬-૧૯૭૪ની સભામાં બાબત નં. ૫૨ હેઠળ મંજૂર કરેલ ટ્રાન્ઝિટરી ઑર્ડિનન્સ એક્સ-૧ અન્વયે સદરહુ વિદ્યાર્થીઓને તથા તે પ્રકારના અન્ય પૂર્વસ્નાતક વિદ્યાર્થીઓને ઉપલા વર્ગમાં જોડાવાને માટે પાત્ર ગણવા.

૯૬. યુનિવર્સિટીની બાંધકામ સમિતિમાં એકિઝકયુટિવ કાઉન્સિલ તરફથી ઑર્ડિનન્સ ૩૩ હેઠળ ચાર સભ્યોની નિમણૂક કરવા અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.—હાલ નીચેના ચાર સભ્યો છે જેમની મુદત તા. ૧૩-૧૨-૧૯૭૪ના રોજ પૂરી થાય છે :

૧. શ્રી. નવનીતલાલ સી. શોધન
૨. શ્રી. ગિરીશચંદ્ર એસ. દેસાઈ
૩. આચાર્ય એમ. સી. શાહ
૪. પ્રો. ડી. એન. પાઠક).

આથી ઠરાવવામાં આવે છે કે ઑર્ડિ. ૩૩ હેઠળ બાંધકામ સમિતિ ઉપર નીચેની વ્યક્તિઓને તા. ૧૩-૧૨-૧૯૭૭ સુધીની મુદત માટે સભ્યો તરીકે નીમવા :

૧. શ્રી. નવનીતલાલ સી. શોધન
૨. આચાર્ય એમ. સી. શાહ
૩. ડૉ. આર. સી. સોનપાલ
૪. શ્રી. કિશોરચંદ્ર સંઘાણી.

૯૭. યુનિવર્સિટી કાર્યાલયના નીચેના કર્મચારીઓનાં નામ સામે બતાવેલ તારીખ અને પગારધોરણમાં રૂ. ૨૪૩-૦૦ પછીનો કાર્યક્ષમતા અંતરાય (એફિશિયન્સી બાર) ઓળંગવાની પરવાનગી આપવા અંગ વિચારણા કરવા બાબત.

ક્રમાંક	કર્મચારીનું નામ તથા હોદ્દો	પગારધોરણ	કઈ તારીખથી
૧.	શ્રીમતી એમ. જે. ધામી, જુનિયર કલાર્ક	રૂ. ૧૧૩-૫-૧૮૩-૧૦-૨૪૩ ઈ.બી. ૧૫-૪૪૮-૧૯-૪૬૫	તા. ૧-૧૧-૧૯૭૪
૨.	શ્રી. એન. એસ. પરમાર, ટાઇપિસ્ટ	,, ,, ,,	તા. ૧-૧૦-૧૯૭૪
૩.	,, એસ. ડી. ક્રિશ્ચિયન, ટાઇપિસ્ટ	,, ,, ,,	તા. ૧-૧૦-૧૯૭૪
૪.	,, ઈ. વાય. ક્રિશ્ચિયન, જુનિયર કલાર્ક	,, ,, ,,	તા. ૧-૧૧-૧૯૭૪
૫.	,, આર. જે. ઝાલા, જુનિયર કલાર્ક	,, ,, ,,	તા. ૧-૧૦-૧૯૭૪

ક્રમાંક	કર્મચારીનું નામ તથા હોદ્દો	પગારધોરણ	કઈ તારીખથી
૬. ,,	એ. એમ. શાહ, જુનિયર ક્લાર્ક	,, ,, ,,	તા. ૧–૧૧–૧૯૭૪
૭. ,,	એ. એસ. અગ્નિહોત્રી, જુનિયર ક્લાર્ક	,, ,, ,,	તા. ૧–૧૧–૧૯૭૪

જુનિયર ક્લાર્ક શ્રી. એ. એમ. શાહ સિવાયના અન્ય સભ્યોની કામગીરી અંગેના ખાનગી અહેવાલો સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યા.

તે પછી ઠરાવવામાં આવ્યું કે શ્રી. એ. એમ. શાહની કાર્યક્ષમતા અંતરાય ઓળંગવા અંગેની બાબત પરની વિચારણા મોકૂફ રાખવી અને તે સિવાયના અન્ય ૬ સભ્યોને તેમનાં નામ સામે જણાવેલ તારીખથી રૂ. ૧૫૩–૫–૧૮૩–૧૦–૨૪૩ ઈ.બી. ૧૫–૪૪૮–૧૯–૪૬૫ના પગારધોરણમાં રૂ. ૨૪૩ પછીનો કાર્યક્ષમતા અંતરાય ઓળંગવા માટે પરવાનગી આપવી.

૯૮. યુનિવર્સિટી ગ્રંથાલયના અને વિજ્ઞાન ભવનના નીચેના કર્મચારીઓને તેઓનાં નામ સામે બતાવેલ તારીખ અને પગારધોરણમાં રૂ. ૨૪૩ પછીનો કાર્યક્ષમતા અંતરાય (એફિશિયન્સી બાર) ઓળંગવાની પરવાનગી આપવા અંગે વિચારણા કરવા બાબત :

ક્રમાંક	કર્મચારીનું નામ	પગારધોરણ	કઈ તારીખથી
૧.	શ્રી. એ. એચ. પટેલ, ગ્રંથાલય, જુનિયર ક્લાર્ક	રૂ. ૧૫૩–૫–૧૮૩–૧૦–૨૪૩ ઈ.બી. ૧૫–૪૪૮–૧૯–૪૬૫	તા. ૧–૧૧–૧૯૭૪થી
૨.	શ્રી. એસ. આર. પરમાર, ટાઇપિસ્ટ	,, ,, ,,	તા. ૧–૭–૧૯૭૪થી

સદરહુ સભ્યોની કામગીરી અંગેના ખાનગી અહેવાલો સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યા.

તે પછી ઠરાવવામાં આવ્યું કે સદરહુ સભ્યોને તેમનાં નામ સામે જણાવેલ તારીખથી રૂ. ૧૫૩–૫–૧૮૩–૧૦–૨૪૩ ઈ.બી. ૧૫–૪૪૮–૧૯–૪૬૫ના પગારધોરણમાં રૂ. ૨૪૩ પછીનો કાર્યક્ષમતા અંતરાય ઓળંગવા માટે પરવાનગી આપવી.

૯૯. એકેડેમિક કાઉન્સિલની તા. ૨૧–૮–૧૯૭૪ની સભાની નીચેની ભલામણો પર વિચારણા કરવા બાબત :

૧. "આથી ઠરાવવામાં આવે છે કે ૧૯૭૪–૭૫ના વર્ષની પરીક્ષાઓ (ઑક્ટોબર–નવેમ્બર અને માર્ચ–એપ્રિલની પરીક્ષાઓ સહિત) તથા તે પછીની તમામ યુનિવર્સિટીની પરીક્ષાઓ યુનિવર્સિટીનાં નિયત ધારાધોરણો મુજબ લેવામાં આવશે, અને તેમાં આંતરિક ગુણાંકન, પ્રશ્નોના વિકલ્પો, ઇત્યાદિ અંગે કોઈ પણ પ્રકારની ખાસ રાહત આપવામાં આવશે નહિ એ સ્પષ્ટતા તમામ સંલગ્ન કૉલેજો, માન્ય સંસ્થાઓ અને યુનિવર્સિટીનાં વિદ્યાભવનોને પરિપત્ર દ્વારા કરવા એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી" (એકે. કાઉ. બાબત ક્રમાંક ૮).

૨. "આથી ઠરાવવામાં આવે છે કે ડૉ. છોટુભાઈ નાયકને તેમની વિદ્વત્તા માટે અખિલ ભારતીય ધોરણે સત્તાવાર રીતે સ્વીકૃત થયેલી છે તથા તેઓ નિવૃત્તિને આરે આવેલા છે તે હકીકતના ઉપલક્ષ્યમાં તેમની રીડરની જગ્યાને તદર્થ (ઍડહૉક) ધોરણે કામ-ચલાઉ સમય માટે પ્રોફેસરની જગ્યામાં ફેરવવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી." (એકે. કાઉ. બાબત ક્રમાંક ૨૮).

૩. "આથી ઠરાવવામાં આવે છે કે હાલનાં ધારાધોરણ મુજબ બી.એડ. કે એમ.એ., એમ.એસસી., એમ.કૉમ. જેવી સ્નાતકોત્તર પરીક્ષામાં બેસવા માટે વિદ્યાર્થીઓએ પહેલી પદવી લીધેલી હોવી આવશ્યક ગણવામાં આવે છે તેને બદલે પહેલી પદવીની પરીક્ષા તેમણે પાસ કરી હોય તો તે પર્યાપ્ત ગણવા અને તે માટે તે અંગેના સંબંધકર્તા ઑર્ડિ. એજ્યુ. ૧, ઑ. એમ.એ. ૧, ઑ. એમ એસસી. ૧, અને ઑ. એમ.કૉમ. ૧માં ઘટતો સુધારો કરીને તેને તાત્કાલિક અમલમાં મૂકવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી." (એકે. કાઉ. બાબત ક્રમાંક ૩૧).

૪. "આથી ઠરાવવામાં આવે છે કે સુધારેલો ટ્રાન્ઝિટરી ઑર્ડિ. ૨ મંજૂર કરવા માટે તથા તેને ૧લી જુલાઈ ૧૯૭૪થી ફક્ત ચાલુ શૈક્ષણિક વર્ષ માટે અમલમાં મૂકવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી." (એકે. કાઉ. બાબત ક્રમાંક ૩૪)

આથી ઠરાવવામાં આવે છે કે—

(૧) ઍકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ નં. (૧) મંજૂર કરવી.

(૨) ઍકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ નં. (૨) મંજૂર કરવી,

(૩) ઍકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ નં. (૩) મંજૂર કરવી નહીં.

(૪) સદરહુ બાબતની વિચારણા આગળ બાબત નં. ૫૦ સાથે કરવામાં આવેલી હોઈ તેની નોંધ તે ક્રમમાં દર્શાવવામાં આવી છે.

૧૦૦. યુનિવર્સિટી પ્રેસમાં જમીન સિવાય મકાન, મશીન, ટાઇપ અને ફર્નિચરમાં આશરે રૂ. ૮,૦૦,૦૦૦નું રોકાણ થયું છે. પ્રેસ એ ઔદ્યોગિક પ્રવૃત્તિ છે. એ કદાચ નફો ન કરે તોય એણે ખોટ તો કરવી જોઈએ નહિ. આ અંગે શું કરવું તેની રચનાત્મક વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે જરૂરી તપાસ કરીને પોતાનો સુચિંતિત અહેવાલ રજૂ કરવા માટે નીચે જણાવેલા સભ્યોની સમિતિ રચવી :

૧. શ્રી. જિતેન્દ્ર દેસાઈ
૨. શ્રી. બચુભાઈ રાવત
૩. શ્રી. પ્રફુલ્લભાઈ શાહ.

૧૦૧. યુનિવર્સિટીના વિજ્ઞાન વિદ્યાભવનમાં રીડર-ઇન-બૉટાનીની જગ્યા પર કામ કરતા ડૉ. એમ. એમ. લાલોરિયાની નિમણૂક ઇન્દોર યુનિવર્સિટીમાં "પ્રોફેસર ઑફ લાઇફ સાયન્સીઝ" તરીકે થઈ હોવાથી તેઓનું રાજીનામું તા. ૧૫-૯-૧૯૭૪થી સ્વીકારવા તથા નિયમ મુજબ ત્રણ માસની નોટિસમાંથી મુક્તિ આપવા તથા તેઓના માર્ગદર્શન નીચે

કામ કરતા વિદ્યાર્થીઓને સત્રો દરમ્યાન પ્રયોગશાળાની મદદ મળી રહે અને શકય હોય તો એક વર્ષનું lien આપવા અંગેની તેઓની તા. ૨૧–૮–૧૯૭૪ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે—

(૧) ડૉ. એમ. એમ. લાલોરિયાનું રાજીનામું મંજૂર કરીને તેમને તા. ૧૫–૯–૧૯૭૪થી છૂટા કરવા.

(૨) વનસ્પતિવિજ્ઞાનના રીડરની જગ્યા પર પોતાનો એક વર્ષ માટે પદાધિકાર (લિયન) રાખવા માટેની તેમની વિનંતી સ્વીકારી શકાય તેમ નથી, તેમ તેમને ખેદપૂર્વક જણાવવું.

૧૦૨. યુનિવર્સિટી ગ્રંથાલયમાં જુ. કલાર્ક તરીકે કામ કરતા શ્રી. ડી. પી. પટેલની તા. ૧૭–૧–૧૯૬૭થી તા. ૧૪–૧૦–૧૯૭૩ની સળંગ હંગામી સેવાઓ માટે રૂ. ૨૮૦ (બી) પ્રમાણે તેઓને પ્રૉ. ફંડનો લાભ આપવા માટેની તેઓની તા. ૧૬–૭–૧૯૭૪ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધ.—શ્રી. પટેલને તા. ૧૫–૧૦–૧૯૭૩થી કાયમ કરવામાં આવ્યા છે.)

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી ગ્રંથાલયના જુનિયર કલાર્ક શ્રી. ડી. પી. પટેલને તા. ૧૭–૧–૧૯૬૭થી પ્રોવિડન્ટ ફન્ડનો લાભ આપવો.

૧૦૩. આ યુનિવર્સિટીની જુદી જુદી પરીક્ષાઓ દરમિયાન વિદ્યાર્થીઓએ અજમાવેલ ગેરવાજબી ઇલાજો અંગેના કેસો પર તેમ જ પ્રાશ્નિક–પરીક્ષકો, નિરીક્ષકો અને કાર્યાલયના સભ્યોના હસ્તક થયેલ ભૂલો અંગેના કેસો પર વિચારણા કરવા તા. ૧૬–૮–૧૯૭૪ અને તા. ૨૨–૮–૧૯૭૪ના રોજ મળેલ ૧૯૭૪ની પરીક્ષા શુદ્ધસમિતિની નવમી અને દશમી સભાઓની ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે પરીક્ષા શુદ્ધિસમિતિની તા. ૧૬–૮–૧૯૭૪ અને તા. ૨૨–૮–૧૯૭૪ની સભાઓની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિની સભાઓની ભલામણો સામેલ કરવામાં આવી નથી.)

૧૦૪. શ્રીમતી ટી. એસ. આર. કૉમર્સ કૉલેજ, પાટણમાં ચાલુ વર્ષે માસ પ્રમોશનને કારણે વર્ગોની સંખ્યા વધવાની સાથે કાર્યબોજ વધવા પામ્યો હોવાથી, એકાઉન્ટન્સીના વિષયના શિક્ષણકાર્ય માટે જરૂરી શૈક્ષણિક લાયકાત ધરાવતા વ્યાખ્યાતા અપ્રાપ્ય હોવાથી તેમની કૉલેજમાં એકાઉન્ટન્સીના ટ્યૂટર તરીકે હાલમાં શૈક્ષણિક કાર્ય કરતા શ્રી. એમ. પી. પટેલને ચાલુ શૈક્ષણિક વર્ષ પૂરતા વાણિજ્ય—એકાઉન્ટન્સીના વ્યાખ્યાતા તરીકે કાર્ય કરવા દેવાની પરવાનગી આપવાની આચાર્યશ્રીની વિનંતી પર વિચારણા કરવા બાબત.

(નોંધ.—શ્રી. પટેલ બી.કૉમ. અને એમ.કૉમ.ની બેઉ પદવીઓ પાસ વર્ગમાં ધરાવે છે. અને વ્યાખ્યાતા થવા માટે ટ્યૂટર તરીકેનો બે વર્ષનો શૈક્ષણિક અનુભવ ખૂટે છે.)

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. એમ. પી. પટેલની એકાઉન્ટન્સીના વ્યાખ્યાતા તરીકેની નિમણૂક માન્ય રાખી શકાય તેમ નથી એમ સદરહુ કૉલેજને જણાવવું અને યોગ્ય લાયકાત ધરાવતા એકાઉન્ટન્સીના વ્યાખ્યાતાની નિમણૂક મોડામાં મોડી તા. ૧૫-૧૧-૧૯૭૪ સુધીમાં કરીને યુનિવર્સિટી કાર્યાલયને તેની જાણ કરવા જણાવવું.

૧૦૫. કુલપતિશ્રીએ મંજૂર કરેલાં નીચેનાં કાર્યોની નોંધ લેવા બાબત :

(૧) ઑક્ટોબર ૧૯૭૪માં લેવાનાર યુનિવર્સિટીની જુદી જુદી પરીક્ષાઓ શરૂ કરવા અંગેની તારીખો મંજૂર કર્યાના;

(૨) સેન્ટર ફૉર મૅનેજમેન્ટ ઍન્ડ પ્રોફેશનલ ટ્રેનિંગ હેઠળ નીચેના અભ્યાસક્રમો શરૂ કરવા માટે તથા તે માટે નીચે મુજબ ફી નિયત કર્યાના :

ક્રમાંક	અભ્યાસક્રમ	કેટલા સમયના	નક્કી કરેલી ફી
૧.	સ્ટેનોગ્રાફી ઍન્ડ સેક્રેટરિયલ પ્રૅક્ટિસીઝ	૬ માસ	રૂ. ૫૦
૨.	માર્કેટિંગ ઍન્ડ સેલ્સમેનશિપ	૪ માસ	રૂ. ૧૦૦ બેકારો માટે રૂ. ૧૫૦ નોકરિયાત માટે
૩.	અંગ્રેજી સુધારણા માટેનો અભ્યાસક્રમ	૬ માસ	રૂ. ૧૦૦
૪.	બૅંક રિક્રુટમેન્ટ ટેસ્ટ ટ્રેનિંગ પ્રોગ્રામ	૬ અઠવાડિયાં (૬૦ સેશન્સ)	રૂ. ૨૦
૫.	રિસર્ચ મેથોડોલોજી	સેન્ડવિચ કોર્સ	રૂ. ૫૦
૬.	એન. સી. ઈ. આર. ટી.ના સાયન્સ પ્લાન્ટ સર્વે પરીક્ષાનો અભ્યાસક્રમ	૨ માસ	રૂ. ૨૫

(૩) આઈ. એ. એસ. તાલીમવર્ગ ચલાવવા શ્રી બંસીધર ટ્રસ્ટ વતી શ્રી. રમણભાઈ મથુરભાઈ પટેલ તરફથી મળેલ રૂ. ૩૫,૦૦૦ના પ્રદાનનો સાભાર સ્વીકાર કર્યાના;

(૪) પ્રતિભાસંપન્ન વિદ્યાર્થીઓ માટે વાચન શિબિર યોજવા માટે શ્રી અરવિંદભાઈ નરોત્તમભાઈ તરફથી મળેલ રૂ. ૨૫,૦૦૦ના પ્રદાનનો સાભાર સ્વીકાર કર્યાના;

(૫) પ્રો. એચ. એલ. કાઝી ઇન્સ્ટિટ્યૂટ ઑફ રિસર્ચ ઍન્ડ ટ્રેનિંગ-ઇન-ઇંગ્લિશ ઍન્ડ ફૉરેન લેંગ્વેજીસના ઉપક્રમે રશિયન ભાષાના વર્ગો શરૂ કર્યાના;

(૬) એમ.એસસી. પાર્ટ ૨ રસાયણવિજ્ઞાનના વિષયમાં વિદ્યાર્થીઓની પ્રવેશસંખ્યા અંગે રસાયણવિજ્ઞાનનાં વિષયનાં અનુસ્નાતક કેન્દ્રોના પ્રોફેસર-ઇન-ચાર્જની તા. ૧૫-૭-૧૯૭૪ના

રોજ મળેલ સભાની નીચેની ભલામણો સ્વીકાર્યાના :

ભલામણો

૧. એમ.એસસી. પાર્ટ ૧ રસાયણવિજ્ઞાનના વિષયમાં અનુસ્નાતક કેન્દ્રના સ્થાનિક શિક્ષણની સંખ્યાના પ્રમાણમાં વિદ્યાર્થીઓના પ્રવેશ અંગેની જે સંખ્યા નક્કી કરવામાં આવી હતી તે સંખ્યા સુધી એમ. એસસી. પાર્ટ ૧ના વર્ગમાં જે તે અનુસ્નાતક કેન્દ્ર પ્રવેશ આપવાનું રાખવું.

૨. ફક્ત ચાલુ શૈક્ષણિક વર્ષ ૧૯૭૪–૭૫ દરમિયાન વર્ષ ૧૯૭૩–૭૪ની એમ.એસસી. પાર્ટ ૧ની પરીક્ષા માટે જે વિદ્યાર્થીઓએ પરીક્ષાનાં આવેદનપત્રો ભર્યાં હોય તેમનો એમ.એસસી. પાર્ટ ૨માં પ્રવેશ માટે સમાવેશ કરવો.

ઉપર ૧ અને ૨ના સંદર્ભમાં પાર્ટ ૧ અને પાર્ટ ૨માં નિયત સંખ્યા જે તે અનુસ્નાતક કેન્દ્રમાં નીચે મુજબની રહેશે :

ક્રમાંક	કેન્દ્રનું નામ	પાર્ટ ૧માં વિદ્યાર્થી ની પ્રવેશસંખ્યા	પાર્ટ ૨માં ફક્ત ૧૯૭૪--૭૫ માટે વિદ્યાર્થી ની પ્રવેશસંખ્યા
૧.	એમ. એન. કૉલેજ, વીસનગર	૨૬	૨૬
૨.	જે. એન્ડ જે. કૉલેજ ઑફ સાયન્સ, નડિયાદ	૪૫	૮૪
૩.	શ્રીમતી બી. સી. જે. કૉલેજ ઑફ સાયન્સ, અંભાત	૪૫	૭૪
૪.	આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, પિલવાઈ	૨૦	૨૮
૫.	પી. ટી. સાયન્સ કૉલેજ, મોડાસા	૩૦	૩૬
૬.	પી. બી. સાયન્સ કૉલેજ, કપડવંજ	૨૫	૪૦
૭.	ભવન્સ કૉલેજ, ડાકોર	૪૦	૫૪
૮.	આર. કે. પરીખ સાયન્સ કૉલેજ, પેટલાદ	૨૦	૩૪
૯.	આર્ટ્સ અને સાયન્સ કૉલેજ, ભાદરણ	૧૦	--
૧૦.	આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, ગોધરા	૪૦	૫૪
૧૧.	આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, ડભોઈ	—	૩૬

(**નોંધ.**—ક્રમાંક ૯ વાળી કૉલેજને પાર્ટ ૨ માટે પરવાનગી આપવામાં આવેલી નથી. ક્રમાંક ૧૧વાળી કૉલેજમાં સ્થાનિક શિક્ષકગણ નહીં હોવાથી પાર્ટ ૧નું અનુસ્નાતક શિક્ષણકાર્ય બંધ કરવામાં આવ્યું છે.)

૩. ઉપર ૨ માં દર્શાવ્યા પ્રમાણે જે તે અનુસ્નાતક કેન્દ્રમાં એમ.એસસી. પાર્ટ ૨ માં સંખ્યા ન થાય તો પાર્ટ ૨ માટે ચાલુ શૈક્ષણિક વર્ષ માટે નિયત કરેલી સંખ્યા પૂરી કરવા જે તે કેન્દ્રને અન્ય અનુસ્નાતક કેન્દ્રના વિદ્યાર્થીઓ લેવાની સ્વૈચ્છિક છૂટ રહેશે.

૪. ઉપરની નિયત સંખ્યા ઉપરાંત પાર્ટ ૨ માં વધુ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવાની જરૂરિયાત ઊભી થાય તો જે તે અનુસ્નાતક કેન્દ્ર નિર્ણીત સંખ્યા ઉપરાંત ૨૦ ટકા વધુ વિદ્યાર્થીઓ કુલપતિશ્રીની પૂર્વમંજૂરીથી લઈ શકશે. પરંતુ આવા વધારાના વિદ્યાર્થીઓનો સમાવેશ કરવા માટે જે તે અનુસ્નાતક કેન્દ્ર પાસે પૂરતી સુવિધાઓ હોવી આવશ્યક રહેશે.

૫. ઉપરના પેરા ૨થી ૪માં જણાવેલ જોગવાઈઓ ફક્ત ચાલુ શૈક્ષણિક વર્ષ ૧૯૭૪–૭૫ પૂરતી અમલમાં રહેશે.

(૭) યુનિવર્સિટીની તમામ વિદ્યાશાખાઓની પરીક્ષા માટેના પુરસ્કારના દરો અંગે વિચારણા કરીને પોતાનો અહેવાલ રજૂ કરવા એક્ઝિકયુટિવ કાઉન્સિલે તેની તા. ૧૬-૧૧-૧૯૭૩ની સભામાં ઠરાવ નં. ૩૫થી નીમેલી સમિતિના સભ્યો ડૉ. એમ. એન. દેસાઈ અને ડૉ. સી. એસ. શાહ પરદેશ ગયેલા તેથી તેમની જગ્યાએ શ્રી. એચ. એમ. દેસાઈ તથા શ્રી. એમ. બી. દેવાણીને નીમવામાં આવેલા; પરંતુ હવે ડૉ. શાહ અને ડૉ. દેસાઈ પરદેશથી પાછા આવી ગયેલા હોવાથી શ્રી. એચ. એમ. દેસાઈ અને શ્રી. એમ. બી. દેવાણીના બદલે તેઓને યથાવત્ સમિતિ ઉપર સભ્ય તરીકે ચાલુ રાખ્યાના;

(૮) ભાષા-સાહિત્ય ભવનના રીડર શ્રી. એ. એસ. નાગર તા. ૧૪–૭–૧૯૭૪ના રોજ પાટણ કૉલેજની વરણી સમિતિમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે ગયેલ ત્યારે તેમને તાત્કાલિક તે સ્થળે પહોંચવા માટે મહેસાણાથી પાટણ સુધી ટેકસી કરવી પડેલ, જેથી યુનિવર્સિટીને થયેલ વધારાનો રૂ. ૧૫–૫૬ પૈસાનો ખર્ચ મંજૂર કર્યાના;

(૯) યુનિવર્સિટીના ભાષા-સાહિત્ય ભવનના હિંદીના વ્યાખ્યાતા શ્રી. બી. એસ. પટેલને એચ. કે. આર્ટ્સ કૉલેજના પ્રથમ વર્ષ બી.એ.ના જર્મન ભાષાના વર્ગો લેવા અંગેની પરવાનગી આપ્યાના;

(૧૦) ૧૯૭૪–૭૫નું શૈક્ષણિક વર્ષ તા. ૧–૭–૧૯૭૪થી શરૂ થયેલું હોઈ સંલગ્ન કૉલેજો અને માન્ય સંસ્થાઓના શિક્ષકોને સેવાના નિયમોની કંડિકા ૨ (એ) અનુસાર વેકેશન પગાર આપવાનો પ્રશ્ન ઉપસ્થિત થાય ત્યારે તા. ૩૦–૬–૧૯૭૪ સુધીનો પગાર આપવા અંગેની કૉલેજોને/સંસ્થાઓને જાણ કર્યાના;

(૧૧) જૂન ૧૯૭૪થી ચાલુ/વધારાના જોડાણ માટે આવેલ અરજીઓ પૈકી (૧) સરકારી આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, ગાંધીનગર તથા (૨) શ્રી. સી. વી. શાહ લૉ કૉલેજ, ખંભાત–એમ બે કૉલેજોની બાબતમાં એક્ઝિકયુટિવ કાઉન્સિલે તેની તા. ૧૮–૭–૧૯૭૪ની સભામાં શરતોના પરિપાલનની મુદત તા. ૩૧–૭–૧૯૭૪ રાખેલી તે તા. ૧૦–૮–૧૯૭૪ સુધી લંબાવ્યાના;

(૧૨) વિવેકાનંદ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત કૉલેજ ઑફ એજ્યુકેશન, દરામલીના ૧૯૭૪થી ચાલુ જોડાણ અંગે એક્ઝિકયુટિવ કાઉન્સિલના તા. ૨૯–૬–૧૯૭૪ના ઠરાવ સામે સદરહુ ટ્રસ્ટે ગુજરાત યુનિ. વિરુદ્ધ કરેલી રિટ અરજી અંગે યુનિવર્સિટી તરફથી એડવોકેટ શ્રી. સુરેશભાઈ શેલતને નીમ્યા હતા તે તથા જરૂરી ખર્ચ અંગે મંજૂરી આપ્યાના;

(૧૩) યુનિ. ટ્રસ્ટ સૂરજબા મહિલા આર્ટ્સ કૉલેજ, નડિયાદમાં એસ.વાય.બી.એ.ના વર્ગમાં "હાર્ડ કેસ" તરીકે પ્રવેશ મેળવનાર વિદ્યાર્થિની શ્રી. દિલાકુમારી વિનયચંદ્ર ભટ્ટને ગૌણ વિષય આંકડાશાસ્ત્રને બદલે માનસશાસ્ત્ર રાખવા પરવાનગી આપ્યાના;

(૧૪) એકિઝકયુટિવ કાઉન્સિલની તા. ૨૯-૬-૧૯૭૪ની સભાની બાબત ક્રમાંક ૬૯માંની એકેડેમિક કાઉન્સિલની ભલામણમાં છેલ્લી લીટીમાં "એકેડેમિક કાઉન્સિલ"ને બદલે "એકિઝકયુટિવ કાઉન્સિલ" એમ છાપભૂલ સુધાર્યાના;

(૧૫) તોલાણી કૉલેજ ઑફ આર્ટ્સ ઍન્ડ સાયન્સ, આદિપુર તરફથી જૂન ૧૯૭૪થી બી.એ. (પ્રિન્સ.)માં ગુજરાતી તથા બી.એસસી. (સ્પે.)માં રસાયણવિજ્ઞાન અને બી.એસસી. (જન.)માં ભૌતિકવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણની અરજી પરની એકેડેમિક કાઉન્સિલની નીચેની ભલામણ મંજૂર કર્યાના;

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે તોલાણી આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, આદિપુર નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન એકિઝકયુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૧૫-૮-૧૯૭૪ સુધીમાં કરે તો તેને બી એ. (પ્રિન્સ.)માં ગુજરાતી, બી.એસસી. (સ્પે.)માં રસાયણવિજ્ઞાન તથા બી.એસસી. (જન.)માં ભૌતિકવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૪થી તા. ૧૪-૬-૧૯૭૭ સુધીનું ચાલુ જોડાણ આપવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. રસાયણવિજ્ઞાનના ખંડ સમયના ડેમોન્સ્ટ્રેટરની નિમણૂક કરવામાં આવે;

૨. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મેળવવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૩. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૪. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકોને વેતન, વળતર કે અન્ય જે કાંઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે;

૫. પ્રૉવિડંટ ફંડ અંગે સંચાલક મંડળના ફાળા અને ટ્રસ્ટની રચના સહિતનાં યુનિવર્સિટીનાં તમામ ધારાધોરણોનું પાલન કરવામાં આવે;

૬. શિક્ષકોના વાર્ષિક મૂળ પગારના ૨½ ટકાના દરે "ગ્રેચ્યુઇટી ફંડ" ઊભું કરવામાં આવે.

(૧૬) કૉલેજોમાં થતી વિદ્યાર્થીમંડળની ચૂંટણી પદ્ધતિની રૂપરેખાના નિયમ નં. ૧(અ) અને (બ)માં વિદ્યાર્થીની ૨૫ વર્ષની વયમર્યાદા અને એસ.એસ.સી. પરીક્ષા ઉત્તીર્ણ થયા પછી

૭ વર્ષની મર્યાદા નક્કી કરવામાં આવી છે તે રદ કરવા અંગે વિવેકાનંદ કૉમર્સ એન્ડ લૉ કૉલેજ, અમદાવાદના વિદ્યાર્થીઓએ હાઈકોર્ટમાં રિટ દાખલ કરી છે તે બાબતમાં શ્રી. ચન્દ્રવદન નાણાવટી અને શ્રી. સુરેશભાઈ શેલતને વકીલ તરીકે નીમ્યાના;

(૧૭) (અ) એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૩૦-૫-૧૯૭૪ની સભામાં કરેલી ભલામણ પરથી ચાલુ વર્ષે એમ.એ., એમ.એસસી. અને એમ.કૉમ. પાર્ટ ૧ની તથા એમ.એલ. ડબલ્યુ. પરીક્ષાઓમાંથી બેવડા મૂલ્યાંકનની પદ્ધતિ રદ કર્યાના, તથા

(બ) એમ.એ., એમ.એસસી., એમ.કૉમ. વગેરે અનુસ્નાતક પરીક્ષાઓમાંથી બેવડી મૂલ્યાંકન પદ્ધતિ રદ કરવા તથા પ્રત્યેક પ્રશ્નપત્ર બે વિભાગમાં કઢાવવા માટે એકેડેમિક કાઉન્સિલની ભલામણ પર વિચારણા કરવા બાબત. (એ. કા. ક્રમાંક ૧૯)

(૧૮) વિદ્યાર્થી રાહતનિધિ માટે નીચે જણાવેલ ટ્રસ્ટો તથા સદ્‌ગૃહસ્થો તરફથી મળેલ પ્રદાનોના કુલપતિશ્રીએ સાભાર સ્વીકાર કર્યાના :

ક્રમાંક	ટ્રસ્ટ કે ગૃહસ્થનું નામ	પ્રદાનની રકમ
		રૂ.
૧.	ધી માધુપુરા માર્કેટ, અમદાવાદ	૫૦૦
૨.	શ્રી મોતીલાલ શંકરલાલ ચેરિટી ટ્રસ્ટ, અમદાવાદ	૨,૫૦૦
૩.	શ્રી એમ. બી. પટેલ એન્ડ બ્રધર્સ સેવા કેન્દ્ર, ચિખોદરા	૧,૦૦૧
૪.	બંસીધર ટ્રસ્ટ, અમદાવાદ	૨,૫૦૦
૫.	શ્રી રમણભાઈ હાથીભાઈ પટેલ, નવસારી	૧૦૧
૬.	વિવેકાનંદ કૉલેજ ઑફ આર્ટ્સ, અમદાવાદ	૨,૫૦૦
૭.	શ્રી ચંદ્રકાંત બકુભાઈ, અમદાવાદ	૧.૦૦૦
૮.	શ્રી કસ્તૂરભાઈ લાલભાઈ ચેરિટી ટ્રસ્ટ, અમદાવાદ	૨,૦૦૦
૯.	શ્રી પુરુષોત્તમદાસ ગોરધનદાસ મહેતા ચેરિટેબલ ટ્રસ્ટ, અમદાવાદ	૫૦૦
૧૦,	પથિક ફાઉન્ડેશન, અમદાવાદ	૫૦૦
૧૧.	ડૉ. જયંત હરિભક્તિ, અમદાવાદ	૫૦૧
૧૨.	શ્રી અરવિંદ ચેરિટી ટ્રસ્ટ, અમદાવાદ	૧,૦૦૦
૧૩.	ધર્મવિજય એજન્સી ચેરિટેબલ ટ્રસ્ટ, મુંબઈ	૧૦૦૦

(૧૯) **(અ)** ડીસા નગરપંચાયત આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, ડીસામાં શ્રી આઈ. એમ. પ્રજાપતિને તેમનો ખૂટતો ૨૩ દિવસનો શૈક્ષણિક અનુભવ ક્ષમ્ય ગણીને એકિઝકયુટિવ કાઉન્સિલને તેની તા. ૧૮-૭-૧૯૭૪ની સભામાં એકાઉન્ટન્સીના પ્રાધ્યાપક તરીકે માન્ય રાખેલ છે. તેઓનો એકાઉન્ટન્સીના બદલે કૉમર્સના પ્રાધ્યાપક તરીકે માન્ય કરવાની સદરહુ કૉલેજના આચાર્યશ્રીની વિનંતી મંજૂર કર્યાના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત; તથા **(બ)** એકાઉન્ટન્સી વિષયના શિક્ષણકાર્ય માટે ગત વર્ષે શ્રી. ટી. ડી. મહેતાની મુલાકાતી પ્રાધ્યાપક તરીકે કરેલી નિમણૂકને ચાલુ વર્ષ પૂરતી મંજૂર કરવાની સદરહુ કૉલેજના આચાર્યશ્રીની વિનંતી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીનાં સદરહુ કાર્યોની નોંધ લેવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે ઉપર બાબત નં. ૧૭(બ)માં જણાવેલી ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ મંજૂર કરવી અને ઉપર બાબત નં. ૧૯(બ)માં જણાવેલ શ્રી. ટી. ડી. મહેતાની મુલાકાતી પ્રાધ્યાપક તરીકેની નિમણૂક ચાલુ વર્ષ પૂરતી માન્ય કરવી અને આચાર્યશ્રીને જણાવવું કે જૂન ૧૯૭૫થી યોગ્ય લાયકાત ધરાવતા એકાઉન્ટન્સીના પ્રાધ્યાપકની નિમણૂક કરવી આવશ્યક રહેશે અને જો તેમ કરવામાં આવશે નહીં તો તે વિષયમાં નવા વિદ્યાર્થીઓને દાખલ કરી શકાશે નહીં.

તે પછી પ્રમુખશ્રીની પરવાનગીથી નીચેની બાબતો સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવી :

૧૦૬. હાલ યુનિવર્સિટીનું હાઈ ટેન્શન વીજળીનું જોડાણ અમદાવાદ એજ્યુકેશન સોસાયટી મારફતે છે તેને બદલે અમદાવાદ ઇલેક્ટ્રિસિટી કંપની પાસેથી સીધું જોડાણ લેવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી કેમ્પસ પર યુનિવર્સિટીનાં મકાનો, રહેઠાણો વગેરે માટે વીજળીના જોડાણની અલગ વ્યવસ્થા કરવી અને તે માટે સબસ્ટેશનના ઓરડીના બાંધકામ તથા અન્ય સગવડો માટે રૂ. ૨,૦૦૦ સુધીનું ખર્ચ મંજૂર કરવું.

૧૦૭. વિજ્ઞાન વિદ્યાભવનના અધ્યક્ષની નિમણૂક કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી. દરમિયાન વિજ્ઞાન વિદ્યાભવનમાં વનસ્પતિવિજ્ઞાનના પ્રાધ્યાપક પ્રો. જે. જે. ચિનોયે સક્રિય સેવામાંથી નિવૃત્ત થયા પછી માનદ્ ધોરણે પોતે સેવાઓ આપવાનું ચાલુ રાખ્યું છે તે હકીકતના સંદર્ભમાં તેમને હાલ વિજ્ઞાન વિદ્યાભવનના અધ્યક્ષ તરીકે પણ ચાલુ રાખવા.

૧૦૮. ઇન્સ્ટિટ્યૂટ ઑફ ઇંગ્લિશ ઍન્ડ ફોરેઇન લેન્ગ્વેજીસમાં સ્પેનિશ ભાષાના વર્ગો શરૂ કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ઇન્સ્ટિટ્યૂટ ઑફ ઇંગ્લિશ ઍન્ડ ફોરેઇન લેંગ્વેજીસમાં સ્પેનિશ ભાષાના વર્ગો શરૂ કરવા અને તે અંગે જરૂરી વિગતો ઘડવા માટે તથા જરૂરી ખર્ચ મંજૂર કરવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

તે પછી યુનિવર્સિટી કોર્ટ પરના વિદ્યાર્થી પ્રતિનિધિઓની ચૂંટણીના સંદર્ભમાં વાર્ષિક પદવીદાન સમારંભ તથા યુનિવર્સિટી કોર્ટની સભા ઑક્ટોબર પછી કોઈ અનુકૂળ તારીખોએ યોજવાનું આવશ્યક બન્યું છે તે પ્રત્યે પ્રમુખશ્રીએ સભાગૃહનું ધ્યાન દોર્યું.

તે બાબતની સભાગૃહે નોંધ લીધી.

તે પછી સભાગૃહનું કામકાજ પૂરું થયું હતું.

નં. એકિઝ. કાઉન્સિલ/૨૭૮૫૧/૧૯૭૪
ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
અમદાવાદ—૩૮૦૦૦૯.
તા. ૧૦–૯–૧૯૭૪.

ફ. ચં. પરીખ
કુલસચિવ.

પરિશિષ્ટ "ક"
કામકાજ ક્રમાંક ૪૧

ચિત્રો, નકશા, આકૃતિ, ગ્રાફ વગેરે તૈયાર કરવા અંગેના દર

૧. મૅથેમેટિકલ ફિગર કે જેવી ભૂમિતિમાં લાઈન ડાયાગ્રામ તેમ જ બાયોલોજીમાં સાદી લાઈન ફિગર આવે તેના ભાવ ચિત્ર દીઠ રૂ. ૨–૦૦.

૨. ઉપરનામાં એ જ મહેનતવાળી આકૃતિ હોય તો તેના ચિત્ર દીઠ રૂ. ૩–૦૦.

૩. જો મૅથેમેટિકલ ગ્રાફ હોય તો તેમ જ વધુ કૉમ્પ્લિકેટેડ ચિત્ર હોય તો તેના ચિત્ર દીઠ ભાવ રૂ. ૬–૦૦થી ૭–૦૦.

૪. ઝૂલોજીમાં કોઈ પણ પ્રાણીચિત્ર વધારે મહેનત લેતું હોય તો તેના ચિત્ર દીઠ રૂ. ૭–૦૦.

૫. ઝૂલોજીમાં કોઈ પણ ચિત્ર પ્રાણીચિત્ર હોય તો તેના ચિત્ર દીઠ રૂ. ૫–૦૦.

૬. ઝૂલોજીમાં પ્રાણીનું ચિત્ર સાદું હોય અથવા લાઈન ડાયાગ્રામ જેવું હોય તો ચિત્ર દીઠ રૂ. ૪–૦૦.

૭. વિજ્ઞાનના પુસ્તકમાં પ્રેક્ટિકલ માટેનું ચિત્ર તેમ જ બાયોલોજીના પુસ્તકમાં પ્રેક્ટિકલ ચિત્રના ભાવ, ચિત્ર દીઠ રૂ. ૫–૦૦.

૮. વિજ્ઞાનના પુસ્તકમાં લાઈન ચિત્ર હોય તો તેના રૂ. ૩–૦૦.

૯. વિજ્ઞાનના પુસ્તકમાં આખી સિરીઝમાં મેન્યુફેક્ચરિંગનો બનાવતો ડાયાગ્રામ હોય તો તેના ચિત્ર દીઠ રૂ. ૧૦–૦૦થી ૧૨–૦૦.

૧૦. મૅથેમેટિકલ બાયોલોજી, ફિઝિક્સ, કેમિસ્ટ્રી વગેરે વિષયમાં એક જ પાના ઉપર એ.બી.સી. જેવી આકૃતિ આવતી હોય તો તેને જુદી જુદી એક એક આકૃતિ ગણી ઉપર મુજબના જે સેકશનમાં આવતી હોય તે પ્રમાણે કિંમત મૂકી પછી આખી પ્લેટ કે આખા પાનાની કિંમત આંકવી.

૧૧. બોટેનીના પુસ્તકમાં ફળની આકૃતિ હોય તો તેમાં એકસાથે તેના નંગ એકના રૂ. ૪–૦૦ તેમ જ એક કાળી ત્રણથી ચાર પાન સાથે હોય તેના રૂ. ૪–૦૦થી ૫–૦૦.

૧૨. કેવળ પાંદડાં દોરવાનાં હોય તો તેની એક પાંદડાની કિંમત (લાઈન ચિત્ર)નો ભાવ રૂ. ૧–૦૦.

૧૩. જો બાયોલોજીમાં કોઈ પણ સેકશન કાપી તેની ડિટેઈલ દોરવાની હોય તો તેની એક આકૃતિની કિંમત રૂ. ૧૦થી ૧૨–૦૦.

૧૪. ભૂગોળ-ઇતિહાસવિષયક નકશા માટે રૂ. ૧૦–૦૦ થી ૨૦–૦૦.

૧૫. ફોટોગ્રાફ્સ પોસ્ટકાર્ડ રૂ. ૮–૦૦.
ક્રેબિનેટ રૂ. ૧૦–૦૦.

પરિશિષ્ટ "ખ"
કામકાજ ક્રમાંક ૪૨

List of polling centres and polling places for the bye-election to the Court from the constituencies mentioned below

(1) Principals of affiliated colleges

(2) Teachers of the University (Post-graduate Departments, Recognised Institutions and Affiliated Colleges) excluding Deans of Faculties and Principals of Affiliated Colleges.

Polling Centre	*Polling Place*
1. Ahmedabad	Gujarat College, Ahmedabad
2. Adipur	Arts & Science College, Gandhidham, Adipur, Dist. Kutch.
3. Balasinor	Arts & Commerce College, Balasinor.
4. Bhadran	Arts & Science College, Bhadran.
5. Bhuj	R. R. Lalan College, Bhuj.
6. Bodeli	T. C. Kapadia Arts College, Bodeli
7. Borsad	Arts & Commerce College, Borsad.
8. Cambay	B. C. J. Science College, Cambay.
9. Chhota-Udepur	Arts & Science College, Chhota-Udepur.
10. Dabhoi	Arts & Science College, Dabhoi
11. Dakor	Bhavan's College, Dakor.
12. Deesa	Arts & Commerce College, Deesa
13. Dehgam	Arts & Commerce College, Dehgam.
14. Devgadh-Baria	Arts & Commerce College, Devgadh-Baria.
15. Dhandhuka	Arts & Commerce College, Dhandhuka.
16. Dholka	Arts & Commerce College, Dholka.
17. Dohad	Arts & Commerce College, Dohad.
18. Godhra	Arts & Science College, Godhra.
19. Gandhinagar	Arts & Commerce College, Gandhinagar.
20. Halol	Arts & Commerce College, Halol.

21.	Himatnagar	Arts & Commerce College, Himatnagar
22.	Idar	Arts & Commerce College, Idar
23.	Kadi (N.G.)	Arts & Commerce College, Kadi.
24.	Kaira	Arts & Commerce College, Kaira.
25.	Kalol	Arts & Science College, Kalol.
26.	Kapadwanj	Parekh Brothers Science College, Kapadwanj.
27.	Lunawada	Arts & Science College, Lunawada.
28.	Mahudha	Arts & Commerce College, Mahudha.
29.	Mandvi (Kutch)	Arts & Commerce College, Mandvi (Kutch).
30.	Mansa	Sheth L. H. Science College, Mansa.
31.	Mehsana	Arts & Commerce College, Mehsana.
32.	Miyagam-Karjan	Arts & Commerce College, Miyagam-Karjan.
33.	Modasa	Sir P. T. Science College, Modasa.
34.	Mundra (Kutch)	Education College, Mundra.
35.	Nadiad	J. & J. College, Nadiad.
36.	Palanpur	Arts & Science College, Palanpur.
37.	Patan	Arts & Science College, Patan
38.	Petlad	Arts & Commerce College, Petlad.
39.	Pilvai	Arts & Science College, Pilvai.
40.	Prantij	Arts & Commerce College, Prantij.
41.	Sankheda	Arts College, Sankheda.
42.	Savli (Dist. Baroda)	Arts & Commerce College, Savli.
43.	Siddhpur	S. J. Arts & Commerce College, Siddhpur.
44.	Talod	Arts & Commerce College, Talod.
45.	Unjha	Arts & Commerce College, Unjha.
46.	Vadnagar	Arts & Commerce College, Vadnagar.
47.	Viramgam	Arts & Commerce College, Viramgam.
48.	Visnagar	M. N. College, Visnagar.

પરિશિષ્ટ "ગ"
કામકાજ ક્રમાંક ૪૯

તા. ૧૯-૮-૧૯૭૪ની ફાઇનાન્સ સમિતિની સભાની એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણો

૧. આથી એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે સંલગ્ન કૉલેજોના જે કર્મચારીઓને પરીક્ષા, ચૂંટણી ઇત્યાદિ કામકાજ માટે યુનિવર્સિટીનાં કામકાજ માટે મુસાફરી કરવાની થાય ત્યારે તેમને યુનિવર્સિટી કર્મચારીઓને આપવામાં આવતા મુસાફરી ભાડા-ભથ્થાના નિયમ મુજબ મુસાફરી ભાડા-ભથ્થું આપવું.

૨. આથી એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે યુનિવર્સિટી માટે ૪૩૫૦૦ કિ.ગ્રા. પ્રિન્ટિંગ પેપર રૂ. ૨,૭૫૦ ટનની કિંમતે, અન્ય ખર્ચા જુદા ગણી, મે. સીરપુર પેપર મિલ્સ લિ., સીરપુર પાસેથી ખરીદવા.

પરિશિષ્ટ "ઘ"
કામકાજ ક્રમાંક ૫૨

List of polling centres and polling places for the election to the Court from the constituencies of Students Representatives and Board for Students Welfare :

Polling Centre	*Polling Place*
(1) Adipur	: Gandhidham Municipality (Adipur) (Kutch)
(2) Balasinor	: Balasinor Nagar Panchayat, Balasinor
(3) Bhadran	: Bhadran Municipality, Bhadran
(4) Bhuj	: Bhuj Nagar Palika, Bhuj
(5) Bodeli	: Bodeli Gram Panchayat, Bodeli
(6) Borsad	: Borsad Nagar Palika, Borsad
(7) Cambay	: Cambay Municipality, Cambay
(8) Chhota-Udepur	: Chhota-Udepur Nagar Panchayat, Chhota-Udepur
(9) Dabhoi	: Dabhoi Municipality, Dabhoi.
(10) Dakor	: Dakor Nagar Panchayat, Dakor.
(11) Deesa	: Deesa Nagar Panchayat, Deesa (B.K.)
(12) Dehgam	: Dehgam Municipality, Dehgam
(13) Devgadh-Baria	: Nagar Panchayat, Devgadh-Baria
(14) Dhandhuka	: Dhandhuka Nagar Panchayat, Dhandhuka
(15) Dholka	: Dholka Nagar Palika, Dholka
(16) Dohad	: Dohad Nagar Palika, Dohad
(17) Godhra	: Godhra Municipality, Godhra
(18) Gandhinagar	: Govt. Secondary School, Gandhinagar
(19) Halol	: Halol Municipality Halol, Dist. PMS.
(20) Himatnagar	: Nagar Panchayat, Himatnagar

(21) Idar : Nagar Panchayat, Idar

(22) Kadi : Kadi Nagar Palika, Kadi (N.G.)

(23) Kaira : Kaira Nagar Panchayat, Kaira

(24) Kalol (N.G.) : Kalol Municipality, Kalol (N.G.)

(25) Kapadwanj : Kapadwanj Municipality, Kapadwanj

(26) Lunawada : Lunawada Nagar Panchayat, Lunawada

(27) Mahudha : Mahudha Nagar Panchayat, Mahudha

(28) Mandvi (Kutch) : Mandvi Municipality, Mandvi (Kutch).

(29) Mansa : Mansa Nagar Panchayat, Mansa.

(30) Mehsana : Mahesana Municipality, Mehsana.

(31) Miyagam-Karjan : Karjan Gram Panchayat, Miyagam-Karjan.

(32) Modasa : Modasa Nagar Palika, Modasa.

(33) Mundra (Kutch) : Mundra Nagar Panchayat, Mundra (Kutch).

(34) Nadiad : Nadiad Municipality, Nadiad.

(35) Palanpur : Palanpur Municipality, Palanpur.

(36) Patan : Patan Municipality, Patan,

(37) Petlad : Petlad Nagar Palika, Petlad.

(38) Pilvai : Pilvai Gram Panchayat, Pilvai.

(39) Prantij : Prantij Municipality, Prantij.

(40) Sankheda : Sankheda Gram Panchayat, Sankheda.

(41) Savli (Dist. Baroda) : Savli Gram Panchayat, Savli.

(42) Sidhpur : Sidhpur Municipality, Sidhpur.

(43) Talod : Talod Gram Panchayat, Talod.

(44) Unjha : Unjha Nagar Palika, Unjha.

(45) Vadnagar : Nagar Panchayat, Vadnagar.

(46) Viramgam : Viramgam Municipality, Viramgam.

(47) Visnagar : Visnagar Nagar Palika, Visnagar.

પરિશિષ્ટ "ચ"

કામકાજ ક્રમાંક ૫૩

Nomination form for the election of Students' representative on the Board for Students Welfare, under Statute 6 of Schedule II of the Gujarat—Act No. 6 of 1973

(1) 1. (*a*) Name (in full) of the candidate beginning with surname (in block letters)

(*b*) Candidate's sex

(*c*) Age and birth date of the candidate (in figures and words),

Age (in year) *Birth date*

Figures–

Words–

2. Name of the college / Institution / University Department of the candidate.

3. Date and year of passing the S.S.C. or its equivalent examination passed by the candidate.

(2) 1. Name (in full of the proposer of the candidate, beginning with surname (in block letters)

2. Name of the College / Institution / University Department in which the proposer is enrolled during the current academic year.

3. Signature of the proposer.

(3) 1. Name (in full) of the Seconder of the candidate beginning with surname (in block letters)

2. Name of the College/ Institution/University Department in which the Seconder is enrolled during the current academic year.

3. Signature of the Seconder.

N.B.—The proposer and the Seconder of the candidate should have joined the same College / Institution / University Department as the candidate has joined and must be a member of the Students' Union.

Declaration by the candidate

1. I have read O. 51-A, framed by the University I have passed my S.S.C. or its equivalent examination in the.....(month) of 19 (year) and I have joined the above college / University Department / Institution and as such I have not completed seven years period of passing the said examination. I am studying in.....class.

2. I consent to my nomination.

Place :

Signature of the candidate

Date -9-1974

Certificate from the Principal / Head of the Institution / Director of the University Departments

I hereby certify that the above named candidate has joined my college / Institution / University Department on or before..... and that the candidate has passed the examination as mentioned in this nomination form.

I have personally verified the information mentioned in the nomination form and other details and they are found correct.

Date :

Seal of the College Institution / Uni. Department.

Signature of the Principal / Head of the Institution / Director of Uni. Department.

પરિશિષ્ટ "છ"
બાબત ક્રમાંક ૫૫

બાંધકામ સમિતિની એક સભા તા. ૧૬-૮-૧૯૭૪ ને શુક્રવારના રોજ કુલપતિ શ્રી ઈશ્વરભાઇ પટેલના પ્રમુખપદે બપોરના ૩-૦૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. તેમાં નીચેના સભ્યો હાજર હતા :

૧. શ્રી. ઈશ્વરભાઈ જે. પટેલ, કુલપતિ	હાજર
૨. શ્રી. નવનીતલાલ સા. શોધન	ગેરહાજર
૩. શ્રી. ગિરીશચંદ્ર એસ. દેસાઈ	ગેરહાજર
૪. શ્રી. એમ. સી. શાહ	ગેરહાજર
૫. પ્રો. ડી. એન. પાઠક	ગેરહાજર
૬. શ્રી. આર. જી. ભાટિયા	હાજર.

૧. બાંધકામ સમિતિની તા. ૧૫-૭-૧૯૭૪ની સભાની કાર્યવાહી મંજૂર કરવા બાબત.

બાંધકામ સમિતિની તા. ૧૫-૭ ૧૯૭૪ની સભાની કાર્યવાહી મંજૂર કરવામાં આવી અને તે પર પ્રમુખશ્રીએ સહી કરી

૨. યુનિવર્સિટી ટ્રસ્ટ ભવન તથા કૉમ્પ્યુટર સેન્ટરના બાંધકામના સ્થપતિ શ્રી હસમુખ સી. પટેલ તરફથી આવેલ પત્રાંક ૭૩૦૪-૭૪-૨૫૫, તા. ૧૮-૭-૧૯૭૪ના પત્ર પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મુલતવી રાખવી.

૩. યુનિવર્સિટી કૅમ્પસમાં બાંધવામાં આવનાર જિમ્નેશિયમના મકાન માટે સાઈટ નક્કી કરવા અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.—અગાઉ તા. ૨૫-૯-૧૯૭૨ની બાંધકામ સમિતિમાં આ સાઈટ એન. આર. એસ.ના મકાનની ઉત્તર બાજુએ નક્કી કરવામાં આવી હતી.)

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી કૅમ્પસમાં બાંધવામાં આવનાર જિમ્નેશિયમનાં મકાનની સાઈટ આરોગ્યકેન્દ્રના મકાનની પશ્ચિમે સિન્ડરટ્રેકના રસ્તા પર રાખવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૪. બોયઝ હૉસ્ટેલ બ્લૉક "સી", "ડી" અને "ઈ" માટે લેાખંડના ઝાંપા નંગ ૨ બનાવવા માટે કુલપતિશ્રીએ રૂ. ૧,૩૫૦નું ખર્ચ મંજૂર કર્યું તેની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે બોયઝ હૉસ્ટેલ "સી", "ડી" અને "ઈ" બ્લૉક માટે લેાખંડના ઝાંપા નંગ ૨ બનાવવા માટે રૂ. ૧,૩૫૦નું ખર્ચ મંજૂર કર્યાના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવી.

૫. સ્ટેટ બૅંક ઑફ ઇન્ડિયાના મકાન માટે સ્થપતિની નિમણૂક કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સ્ટેટ બૅંક ઑફ ઇન્ડિયાના મકાન માટે સ્થપતિ શ્રી હસમુખ સી. પટેલની નિમણૂક કરવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૬. "બી" ટાઇપનાં ૨૬ સ્ટાફ કવાર્ટર્સના મકાનના ધાબામાં સાઇડોમાં તથા વચ્ચેના ચોકના ધાબાની સાઇડોમાં (ફલશિંગ) વૉટરપ્રૂફિંગ કરવાનું હોવાથી ૮૦૦૦ ચો.ફૂટનું કામ વધવા પામે છે તે અંગે વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—"બી" ટાઇપ કવાર્ટર્સના ધાબામાં વૉટરપ્રૂફિંગ કરવા માટે રૂ. ૯૮ના ભાવે કુલ રૂ. ૩૪,૩૦૮નું ટેન્ડર મંજૂર કરેલ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે "બી" ટાઇપના ૨૬ સ્ટાફ કવાર્ટર્સમાં ચોકના ધાબાની સાઇડોમાં (ફલશિંગ) વૉટરપ્રૂફિંગ કરવાનું હોવાથી ૮,૦૦૦ ચો.ફૂટનું કામ વધવા પામે છે તેનો વધારાનો જથ્થો મંજૂર કરવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

પ્રમુખશ્રીની પરવાનગીથી નીચેની બાબતો રજૂ કરવામાં આવી :

૭. સિમેન્ટ અને સ્ટીલના ભાવ વધ્યા છે તેને અનુલક્ષીને યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન સમક્ષ વધુ ગ્રાન્ટ મેળવવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે યુનિવર્સિટીનાં બાંધકામો માટે ૨૫ ટકાની વધારાની ગ્રાન્ટ મંજૂર કરવા માટે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનને વિનંતી કરવી.

૮. યુનિવર્સિટી લાઇબ્રેરીમાં સામયિકો મૂકવા માટેના રાખેલા કોલામાં સાગી લાકડાનાં કબાટ બનાવવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી લાઇબ્રેરીમાં સાગી લાકડાનાં કબાટ તૈયાર કરવા માટે રૂ. ૯,૦૭૫નું ખર્ચ મંજૂર કરવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૯. યુનિવર્સિટીના બાંધકામ માટે સિમેન્ટ રોડ ટ્રાન્સપોર્ટ મારફતે મેળવવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે વિના વિલંબે સિમેન્ટ લાવી શકાય તેમ હોવાથી યુનિવર્સિટીનાં બાંધકામો માટેનો સિમેન્ટ મોટર-ટ્રક (રોડ ટ્રાન્સપોર્ટ) મારફતે લાવવો અને તે અંગે જે કાંઈ વધારાનો ખર્ચ થાય તે મંજૂર કરવા કુલપતિશ્રીને સત્તા આપી.

પી. ડી. મિશ્રી
કુલસચિવ વતી

પરિશિષ્ટ "જ"
કામકાજ ક્રમાંક ૭૦

સ્ટાફના વહીવટી પ્રશ્નો અંગેની સ્થાયી સમિતિની તા. ૧૮-૬-૧૯૭૪ના રોજ મળેલી સભાની ભલામણ

સ્ટાફના વહીવટી પ્રશ્નો ઉપર વિચારણા કરવા માટે એક્ઝિકયુટિવ કાઉન્સિલે નીમેલી સ્થાયી સમિતિની એક સભા તા. ૧૮-૬-૧૯૭૪ના રોજ બપોરે ૧૨-૩૦ વાગે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. સભાનું પ્રમુખસ્થાન શ્રી. ઈશ્વરભાઈ જે. પટેલે લીધું હતું :

૧.	શ્રી. ઈશ્વરભાઈ જે. પટેલ, કુલપતિશ્રી	હાજર
૨.	આચાર્યશ્રી વાય. પી. શુક્લ	હાજર
૩,	આચાર્યશ્રી દર્શનસિંગ શીખ	હાજર
૪.	પ્રો. ડી. એન. પાઠક	હાજર
૫.	શ્રી. એમ. ડી. પંચોલી	ગેરહાજર
૬.	શ્રી. કં. ચં. પરીખ, કુલસચિવશ્રી	હાજર

૧. તા. ૧૫-૯-૧૯૭૩ની સમિતિની સભાની નોંધ મંજૂર કરવા બાબત.

તા. ૧૫-૯-૧૯૭૩ની સમિતિની સભાની નોંધ મંજૂર કરવામાં આવી અને તે પર કુલપતિશ્રીએ સહી કરી.

૨. એક્ઝિકયુટિવ કાઉન્સિલે તેની તા. ૯-૬-૧૯૭૩ની સભામાં નીચેની બાબત આ સમિતિની વિચારણા માટે મોકલેલ હોઈ તે અંગે વિચારણા કરવા બાબત :

"ઠરાવવામાં આવ્યું કે કાર્યાલય નિયામકની ત્રણ જગ્યાઓની ફાળવણી અને તે પુરાયેથી અનુક્રમે ખાલી પડનાર હેડકલાર્ક અને તેની સમકક્ષ જગ્યાઓ તથા સીનિયર કલાર્ક અને તેની સમકક્ષ જગ્યાઓની ફાળવણી કરીને તે અંગે જરૂરી કાર્યવાહી કરવાની બાબતમાં પોતાની ભલામણ રજૂ કરવા માટે સ્ટાફ અંગેની સ્થાયી સમિતિને જણાવવું."

આથી એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે કાર્યાલયમાં કાર્યાલય નિયામક, હેડ કલાર્ક તથા સીનિયર કલાર્ક વગેરેની મંજૂર કરેલી જગ્યાઓ અંગેની ફાળવણી આ સાથેના પત્રમાં દર્શાવ્યા પ્રમાણે કરવી અને હવે પછી જુદા જુદા વિભાગોમાં દર્શાવ્યા પ્રમાણે બધી જ જુદી જુદી કક્ષાઓની જગ્યાઓ રહેશે તેની નોંધ લેવા.

૩. યુનિવર્સિટી કાર્યાલયના પરીક્ષા વિભાગને છેલ્લાં પાંચ વર્ષથી ઘણું કામ વધ્યું હોવાથી નીચેની જગ્યાઓ સ્થાપવા અંગે પરીક્ષા વિભાગના તા. ૧૩-૯-૧૯૭૩ના પ્રસ્તાવ ઉપર વિચારણા કરવા બાબત :

૧. મદદનીશ કુલસચિવ	...	એક જગ્યા
૨. ઑફિસ સુપરિન્ટેન્ડેન્ટ	...	બે જગ્યા
૩. ડે. કન્ટ્રોલર અથવા ડે. રજિસ્ટ્રાર (પરીક્ષા)	...	એક જગ્યા
૪. જુ. ક્લાર્ક્સ	...	અઢાર જગ્યા.

આથી ઠરાવવામાં આવે છે કે પરીક્ષા અંગેની પદ્ધતિમાં કેટલાક ફેરફારો હાલ વિચારણા હેઠળ હોવાથી તે અંગે આખરી નિર્ણય લેવાય ત્યાર બાદ આ બાબત વિચારવી.

૪. યુનિવર્સિટી કાર્યાલયમાં ભવનોમાં અને ગ્રંથાલયમાં છેલ્લાં પાંચ વર્ષથી સેવાઓ આપવા ચોથા વર્ગના કર્મચારીઓને ઉચ્ચક પગારને બદલે પગારધોરણમાં કાયમી ધોરણે મૂકવા અંગે ગુજરાત યુનિવર્સિટી કર્મચારી સંઘના તા. ૧૯-૧૧-૧૯૭૩ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી કાર્યાલયમાં ચોકીદાર, માળી, સફાઈ કામદાર વિ.ની જે જગ્યાઓ ખાલી હોય તે જગ્યાઓ પૂરવા સત્વરે પગલાં લેવાં.

૫. યુનિવર્સિટી કાર્યાલયમાં ડુપ્લિકેટિંગનું કામ ઘણું વધ્યું હોવાથી ડુપ્લિકેટિંગ મશીનમેનની વધુ એક જગ્યા ઊભી કરવા અંગે ડુપ્લિકેટિંગ મશીનમેનની તા. ૧૪-૧૧-૧૯૭૩ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

આથી એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે ડુપ્લિકેટિંગના વધેલા કામ માટે એક પટાવાળાની જગ્યા અપગ્રેડ કરી ડુપ્લિકેટિંગ મશીનમેનની જગ્યામાં ફેરવવી. પરંતુ ડુપ્લિકેટિંગનું વધારે કામ ન હોય ત્યારે પટાવાળાનું કામ તે કર્મચારીએ કરવાનું રાખવું.

૬. એન. એસ. એસ. વિભાગ માટે વધારાની મદદનીશ એડમિનિસ્ટ્રેટરની જગ્યા ઊભી કરવામાં આવી છે તે અંગે શ્રી. ડી. પી. ઈ.નાં નીચેનાં સૂચનો ઉપર વિચારણા કરવા બાબત :

(૧) હાલ પૂરતી મદદનીશ એડમિનિસ્ટ્રેટરની જગ્યા પૂરવાનું મુલતવી રાખવું.

(૨) હેડક્લાર્કની એક જગ્યા એન. એસ. એસ. વિભાગમાં ઊભી કરવામાં આવી છે તે કમી કરવી.

(૩) એન. એસ. એસ. વિભાગમાં એક ક્લાર્કની જગ્યા ઊભી કરવામાં આવી છે.

આથી ઠરાવવામાં આવે કે એન. એસ. એસ. યોજના અંગે કેટલાક ફેરફારો થઈ રહ્યા છે તે જોતાં તે અંગે નિર્ણય લેવાય ત્યાર બાદ આ બાબત વિચારવી.

૭. ટેલિફોન ઑપરેટરની અવેજીમાં કામ કરતા કર્મચારીઓને ભથ્થું આપવા અંગે નાયક શ્રી. પી. કે. કડિયાની તા. ૨૫-૬-૧૯૭૩ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ટેલિફોન ઑપરેટરની અવેજીમાં કામ કરતા કર્મચારીને હાલ અપાતા ભથ્થામાં કશો ફેરફાર કરવો નહીં, પરંતુ ઑપરેટરની સેવાઓ વધુ કાર્યક્ષમ બને તે માટે એક પટાવાળાને ખાસ તાલીમ આપવાનું રાખવું.

૮. કૉમ્પ્યુટર સમિતિએ કૉમ્પ્યુટર સેન્ટરનો સમય સવારના ૯-૦૦થી સાંજના ૫-૦૦ (એક કલાકની રિસેસ સહિત) રાખવા એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરી હતી અને તે પ્રમાણે કૉમ્પ્યુટર સેન્ટરનો ટાઇમ સવારના ૯-૦૦થી સાંજના ૫-૦૦ છે તેને બદલે યુનિવર્સિટી કાર્યાલયના સમય પ્રમાણે રાખવા અંગે ગુજરાત યુનિવર્સિટી કર્મચારી સંઘના તા. ૨૭-૭-૧૯૭૩ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે કૉમ્પ્યુટર સેન્ટરના મંજૂર કરવામાં આવેલ કામકાજના સમયમાં કોઈ ફેરફાર કરવાની જરૂરિયાત આ સમિતિને જણાતી નથી.

૯. યુનિવર્સિટી સ્ટાફ ક્વાર્ટર્સ એલોટમેન્ટ માટે સીનિયોરિટી નક્કી કરવા અંગે ભાષા-ભવનના લેકચરર ડૉ. કે. આર. ચન્દ્રના તા. ૨૨-૮-૧૯૭૩ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીના કર્મચારીઓ માટે બાંધવામાં આવેલાં રહેઠાણોની ફાળવણી પ્રત્યેક કેસના ગુણદોષ જોઈને આપવાની જરૂર હોઈ તે અંગે નિર્ણયો કરવાની જરૂર નથી. તે બાબતમાં નિર્ણય લેવાની સત્તા હાલ કુલપતિશ્રીને આપવામાં આવેલી છે તે પ્રથા ચાલુ રાખવી.

૧૦. યુનિવર્સિટી પ્રેસના જુનિયર કંપોઝીટરના હાલના પગારધોરણની પુનર્વિચારણા કરવા અંગે તા. ૨૯-૧૧-૧૯૭૩ની સંયુક્ત અરજી ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી કર્મચારીઓનાં પગારધોરણો તથા નોકરીની શરતો માટે પે કમિશન સમક્ષ કાર્યવાહી ચાલે છે તે જોતાં આ બાબત પર હાલને તબક્કે કંઈ વિચારણા યુનિવર્સિટીએ કરવાની જરૂર નથી.

૧૧. યુનિવર્સિટી કાર્યાલયમાં સ્ટેનોટાઇપિસ્ટ તરીકે કામ કરતા શ્રી. એલ. સી. પંચાલને ગુજરાતી શોર્ટહેન્ડ ભથ્થું આપવા અંગેની તેઓની તા. ૨૯-૧૧-૧૯૭૩ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સ્ટેનોટાઈપિસ્ટ શ્રી. એલ. સી. પંચાલને હાલ ગુજરાતી ટાઇપિંગ માટેનું માસિક રૂ. ૧૦નું ભથ્થું આપવામાં આવે છે તે પર્યાપ્ત છે અને તેમને ગુજરાતી સ્ટેનોગ્રાફીના કામ માટે જુદું ભથ્થું આપવાની જરૂર જણાતી નથી.

૧૨. યુનિવર્સિટીનાં મકાનોના ભાડાની વસૂલાત કરવા માટે એક જુનિયર કલાર્કની જગ્યા સ્થાપવા અંગે એસ્ટેટ સુપરિન્ટેન્ડેન્ટના તા. ૧૭-૧૨-૧૯૭૩ના પ્રસ્તાવ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા હાલ મુલતવી રાખવી.

૧૩. આરોગ્યકેન્દ્રમાં રેડિયોલોજિસ્ટ તરીકે કામ કરતા ડૉ. એમ. એમ. પરીખને હાલમાં અપાતા રૂ. ૧૦૦ના માનદ વેતનમાં વધારો કરવા અંગે તેઓના તા. ૧૫-૧૨-૧૯૭૩ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે આરોગ્યકેન્દ્રમાં માનદ રેડિયોલોજિસ્ટ ડૉ. એમ. એમ. પરીખને હાલ રૂ. ૧૦૦નું માનદ વેતન અપાય છે તેને બદલે માસિક રૂ. ૧૫૦નું માનદ વેતન આપવું.

૧૪. યુનિવર્સિટીની જોખમી જગ્યાઓ ઉપર કામ કરતા પ્રત્યેક કર્મચારી માટે રૂ. ૨૦,૦૦૦ના પર્સનલ એક્સિડંટ વીમાની પૉલિસી લેવા અંગે ગુજરાત યુનિવર્સિટી કર્મચારી સંઘના તા. ૧૩-૧૨-૧૯૭૩ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે નીચેના કર્મચારીઓના પર્સનલ એક્સિડેન્ટ અંગે નીચે મુજબની વીમાની પૉલિસી લેવી અને તે અંગેનું પ્રીમિયમ યુનિવર્સિટીએ ભરવું :

ક્રમાંક	જગ્યાનું નામ	વીમાની પૉલિસીની રકમ
૧.	ઇલેક્ટ્રિકલ એન્જિનિયર	... રૂ. ૨૦,૦૦૦
૨.	વાયરમેન	... રૂ. ૧૦,૦૦૦
૩.	વાયરમેનના હેલ્પર	... રૂ. ૧૦,૦૦૦
૪.	યુનિવર્સિટીના ડ્રાઇવરો	... રૂ. ૧૦,૦૦૦.

૧૫. મનોવિજ્ઞાન ભવનના નવા મકાન માટે એક વધુ પટાવાળાની તથા એક માળીની જગ્યા ઊભી કરવા અંગે ભવનના અધ્યક્ષશ્રીના તા. ૨૬-૧૨-૧૯૭૩ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે મનોવિજ્ઞાન વિદ્યાભવન માટે વધુ એક પટાવાળાની જગ્યા ઊભી કરવી. માળી અંગેની સેવાઓ યુનિવર્સિટીના સંયુક્ત પૂલમાંથી આપવાનું રાખવું

૧૬. મધ્યસ્થ યુવક કલ્યાણ સમિતિની સભાની તા. ૩૧-૭-૧૯૭૩ની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

યુવક કલ્યાણ વિભાગની કામગીરીનો પ્રકાર તથા વધતી કામગીરીને લક્ષમાં લઈ ચર્ચાવિચારણાને અંતે નક્કી કરવામાં આવ્યું કે સદરહુ યુવક કલ્યાણ વિભાગને સ્નાતક કક્ષાના કાર્યાલયના કામકાજના અનુભવી તેમ જ આ પ્રકારની પ્રવૃત્તિઓમાં અભિરુચિ ધરાવતા બે જુનિયર કલાર્ક (એક જુનિયર કલાર્ક અને એક કલાર્ક-ટાઈપિસ્ટ)ની નિમણૂક કરવાનું મંજૂર કરવા આ સભા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરે છે.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા હાલ મુલતવી રાખવી.

૧૭. સમાજવિદ્યા ભવનમાં મનોવિજ્ઞાન વિદ્યાભવન તેના નવા મકાનમાં ગયું હોવાથી તે નવી જગ્યાના સફાઈ કામ માટે એક વધુ સફાઈ કામદારની જગ્યા સ્થાપવા માટે અધ્યક્ષશ્રીના તા. ૪-૧-૧૯૭૪ના પ્રસ્તાવ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મુલતવી રાખવી.

૧૮. એકિઝકયુટિવ કાઉન્સિલે તેની તા. ૨૩-૨-૧૯૭૪ની સભામાં નીચેની બાબત આ સમિતિની વિચારણા માટે મોકલેલ હોઈ તે અંગે વિચારણા કરવા બાબત :

"ગુજરાત યુનિવર્સિટી સુપરવાઈઝરી સ્ટાફ એસોસિયેશનની તા. ૨૮-૯-૧૯૭૩ના રોજ મળેલ વાર્ષિક સામાન્ય સભાની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા હાલ મુલતવી રાખવી.

૧૯. યુનિવર્સિટી પ્રેસના કર્મચારીઓ કે જેઓની આવક માસિક રૂ. ૫૦૦ હોય તેવા કર્મચારીઓને ઈ.એસ.આઈ.એસ.ની સ્કીમ નીચે લાભ મળતો ન હોવાથી તેવા યુનિવર્સિટી પ્રેસના કર્મચારીઓને યુનિવર્સિટીની તબીબી યોજનાનો લાભ આપવા અંગે પ્રેસ-વ્યવસ્થાપકના પત્ર ક્રમાંક ૯૬૩, તા. ૨૧-૨-૧૯૭૪ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી પ્રેસના રૂ. ૫૦૦ કે તેથી વધુ પગાર મેળવતા જે કર્મચારીઓને રાજ્ય વીમા યોજનાનો લાભ મળતો ન હોય તેવા કર્મચારીઓને યુનિવર્સિટીની તબીબી સહાય યોજના નીચેના લાભો આપવા.

૨૦. મનોવિજ્ઞાન વિદ્યાભવનના નવા મકાન માટે એક ચોકીદારની જગ્યા સ્થાપવા અંગે અધ્યક્ષશ્રીના તા. ૨૮-૨-૧૯૭૪ના તથા તા. ૩-૪-૧૯૭૪ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે હાલના ચોકીદારોની સેવામાં સદરહુ મકાનનો પણ સમાવેશ કરવો.

૨૧. સમાજવિદ્યા ભવનના હિસાબી કામકાજ માટે એક કાયમી એકાઉન્ટ્સ ક્લાર્ક-કમ-ટાઇપિસ્ટની જગ્યા સ્થાપવા અંગે અધ્યક્ષશ્રીના તા. ૧૪-૩-૧૯૭૪ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે સદરહુ વિદ્યાભવનમાં એક જુનિયર ક્લાર્કની જગ્યા વધારવી.

૨૨. યુનિવર્સિટીની એન.એસ.એસ. યોજના હેઠળ હંગામી ધોરણે કામ કરતા ડ્રાઈવર શ્રી. બી. આર. ગોસાઈને ડ્રેસ આપવા અંગે તેઓની તા. ૨૮-૨-૧૯૭૪ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે એન.એસ.એસ.ના ડ્રાઈવરને યુનિવર્સિટીના નિયમ પ્રમાણે યુનિફોર્મ, છત્રી તથા ધોલાઈનું ખર્ચ આપવાનું રાખવું.

૨૩. યુનિવર્સિટીના બોટેની વિભાગ માટે (કેમિસ્ટ્રી, ઝૂલોજી, મેથ્સ., ફિઝિક્સ-બોટેની વર્કશોપ) માટે દિવસ દરમ્યાન એક હંગામી ચોકીદાર રાખવા અંગે એસ્ટેટ સુપરિન્ટેન્ડેન્ટના તા. ૭-૩-૧૯૭૪ના પ્રસ્તાવ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે હાલ ઉપર મુજબ હંગામી ધોરણે ચોકીદાર રાખવાની જરૂર નથી.

૨૪. શિક્ષકગણ અને બિનશિક્ષકગણના કર્મચારીઓને રહેઠાણો આપવા માટે સોનિયોરિટી અંગે યુનિવર્સિટીએ તૈયાર કરેલા નિયમો અંગે વિચારણા કરવા બાબત.

આ અંગેનો ઠરાવ બાબત લમાં કરવામાં આવ્યો હોવાથી તે જોવા વિનંતી છે.

૨૫. પ્રકાશન અધિકારી શ્રી. કે. ડી. પંડ્યાને સ્કૂટર ભથ્થું આપવા અંગે તેઓની તા. ૯-૪-૧૯૭૪ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા હાલ મુલતવી રાખવી.

૨૬. યુનિવર્સિટી પ્રેસના મદદનીશ પ્રેસ-મેનેજરની જગ્યાના પગારધોરણ અંગે પુનર્વિચારણા કરવા બાબત.

આથી એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે યુનિવર્સિટી પ્રેસના મદદનીશ પ્રેસ-મેનેજરનું પગારધોરણ કાર્યાલય નિયામકની સમકક્ષ એટલે કે રૂ. ૪૬૬-૨૦-૫૬૬-૨૨-૬૧૦ ઈ.બી. ૨૫-૬૬૦નું રાખવું.

૨૭. યુનિવર્સિટી લેડીઝ હોસ્ટેલ તરફની ડ્રેનેજ અવારનવાર ભરાઈ જતી હોવાથી તેની સફાઈ માટે દૈનિક ધોરણે બે સફાઈ કામદારો રાખવા અંગે એસ્ટેટ સુપરિન્ટેન્ડન્ટના તા. ૧૬-૪-૧૯૭૪ના પ્રસ્તાવ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા હાલ મુલતવી રાખવી.

૨૮. વિજ્ઞાન વિદ્યાભવનના પ્રાણીવિજ્ઞાન વિભાગ માટે એક સફાઈ કામદારની કાયમી જગ્યા ઊભી કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે વિજ્ઞાન વિદ્યાભવનના પ્રાણી-વિજ્ઞાન વિભાગ માટે રૂ. ૯૪-૩-૧૦૯-૪-૧૩૩-૫-૧૫૮-૬-૧૭૦ના પગારધોરણમાં એક સફાઈ કામદારની જગ્યા સ્થાપવી.

૨૯. એકિઝકયુટિવ કાઉન્સિલે તેની તા. ૨૭-૪-૧૯૭૪ની સભામાં નીચેની બાબત આ સમિતિની વિચારણા માટે મોકલી હોઈ તે અંગે વિચારણા કરવા બાબત.

" યુનિવર્સિટીમાં કેટલાક અધિકારીઓને અપાતું સ્કૂટર ઍલાવન્સ જે અત્યારે માસિક રૂ. ૭૫ લેખે આપવામાં આવે છે તે પેટ્રોલ તથા સ્કૂટર સ્પેરપાર્ટ્સ ઇત્યાદિમાં ભાવોમાં થયેલ વધારાના સંદર્ભમાં માસિક રૂ. ૧૫૦ લેખે આપવા અંગેની ડી.પી.ઈ. શ્રી. વી. પી. મહેતા તથા અન્ય અધિકારીવર્ગના કર્મચારીઓની તા. ૧૪-૨-૧૯૭૪ની સંયુક્ત અરજી ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મુલતવી રાખવી.

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

ભો. કે. શાહ
કુલસચિવ વતી.

ક્રમાંક	વિભાગનું નામ	તારીખ ૧૨-૫-'૭૩ના રોજ સીનિયર કલાર્કની જગ્યા	વધારાની ફાળવવાની જગ્યાઓ	સીનિયર કલાર્કની કુલ જગ્યાઓ	તારીખ ૧૨-૫-'૭૩ના રોજ હેડ-કલાર્કની જગ્યાઓ	વધારાની ફાળવવાની જગ્યાઓ	હેડકલાર્કની કુલ જગ્યાઓ	તારીખ ૧૨-૫-'૭૩ના રોજ કાર્યાલય નિયામકની જગ્યાઓ	વધારાની ફાળવવાની જગ્યાઓ	કાર્યાલય નિયામકની કુલ જગ્યાઓ
૧.	પરીક્ષા	૩	૨	૫	૩	૩	૬	૨	૧	૩
૨.	સિન્ડિકેટ	૨	—	૨	૧	૧	૨	૧	૧	૨
૩.	અનુસ્નાતક	૧	૧	૨	૧	૧	૨	૧	—	૧
૪.	સામાન્ય	૨	—	૨	૧	૧	૨	૧	—	૧
૫.	હિસાબ વિભાગ (ઑડિટ સાથે)	૨	૧*	૩	૩	૩*	૬	૨	૧+	૩
૬.	ભાષા-સાહિત્ય ભવન	—	૧	૧	—	—	—	—	—	—
૭.	મનોવિજ્ઞાન ભવન	—	૧	૧	—	—	—	—	—	—
૮.	સમાજવિદ્યા ભવન	—	૧	૧	—	—	—	—	—	—
૯.	વિજ્ઞાન વિદ્યાભવન	—	૧	૧	—	—	—	—	—	—
૧૦.	ગ્રંથાલય	૨	—	૨	૧	૧	૨	૨	—	૨
૧૧.	ડી.પી.ઈ.	—	૧	૧	—	—	—	—	—	—
		૧૨	૯	૨૧	૧૦	૧૦	૨૦	૯	૩	૧૨

*તા. ૧૨-૫-૧૯૭૩ પછીથી મંજૂર કરવામાં આવેલી જગ્યાનો આમાં સમાવેશ થતો નથી.

+હિસાબ વિભાગ : ૧ આસિ. કેશિયર ૧ હેડકલાર્ક ૧ ડે. એકાઉન્ટન્ટ
૨ આસિ. એકાઉન્ટન્ટ

	જુનિ. કલાર્કની સંખ્યા	રદ કરી	હવે જુનિ. કલાર્કની સંખ્યા
૧. પરીક્ષા વિભાગ	૨૮	૬	૨૨
૨. સિન્ડિકેટ વિભાગ	૯	૨	૭
૩. અનુસ્નાતક વિભાગ	૮	૨	૬
૪. સામાન્ય વિભાગ	૧૦	૧	૯
૫. હિસાબ વિભાગ (ઑડિટ સાથે)	૨૩	૫	૧૮
૬. ભાષા-સાહિત્ય ભવન	૧	૧	—
૭. મનોવિજ્ઞાન વિદ્યાભવન	૧	૧	—
૮. સમાજવિદ્યા ભવન	૨	૧	૧
૯. વિજ્ઞાન વિદ્યાભવન	૨	૧	૧
૧૦. ગ્રંથાલય	૮	૧	૭
૧૧. ડી. પી. ઈ.	૨	૧	૧
	૯૪	૨૨	૭૨

સ્ટાફના વહીવટી પ્રશ્નો અંગેની સ્થાયી સમિતિની તા. ૧૬-૮-૧૯૭૪ના રોજ મળેલી સભાની ભલામણો

સ્ટાફના વહીવટી પ્રશ્નો ઉપર વિચારણા કરવા માટે એક્ઝિકયુટિવ કાઉન્સિલે નીમેલી સ્થાયી સમિતિની એક સભા તા. ૧૬-૮-૧૯૭૪ના રોજ ૧૨-૩૦ વાગે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. સભામાં હાજરી નીચે મુજબ હતી. સભાનું પ્રમુખસ્થાન કુલપતિ શ્રી. ઈશ્વરભાઈ જે. પટેલે લીધું હતું.

૧.	શ્રી. ઈશ્વરભાઈ જે. પટેલ, કુલપતિ	હાજર
૨.	આચાર્ય દર્શનસીંઘ શીખ	હાજર
૩.	પ્રો. ડી. એન. પાઠક	હાજર
૪.	શ્રી. એમ. ડી. પંચોલી	ગેરહાજર
૫.	શ્રી. કં. ચં. પરીખ, કુલસચિવશ્રી	હાજર.

૧, તા. ૧૮-૬-૧૯૭૪ની સમિતિની સભાની નોંધ મંજૂર કરવા બાબત.

તા. ૧૮-૬-૧૯૭૪ની સમિતિની સભાની નોંધ મંજૂર કરવામાં આવી અને તે પર કુલપતિશ્રીએ સહી કરી.

૨. યુનિવર્સિટીનાં મકાનોના ભાડાની વસૂલાત કરવા માટે એક જુ. કલાર્કની જગ્યા સ્થાપવા અંગે એસ્ટેટ સુપરિન્ટેન્ડેન્ટના તા. ૧૭-૧૨-૧૯૭૩ના પ્રસ્તાવ ઉપર વિચારણા કરવા બાબત.

આથી એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે એસ્ટેટ વિભાગમાં વધેલા કામને પહોંચી વળવા માટે નવી જગ્યા ઊભી ન કરતાં પ્રકાશન વિભાગમાંથી એક જુનિયર કલાર્કની એસ્ટેટ વિભાગમાં કાયમી ધોરણે બદલી કરવી.

૩. મધ્યસ્થ યુવક કલ્યાણ સમિતિની સભાની તા. ૩૧-૭-૧૯૭૩ની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત:

> "યુવક કલ્યાણ વિભાગની કામગીરીનો પ્રકાર તથા વધતી કામગીરીને લક્ષમાં લઈ ચર્ચા-વિચારણાને અંતે નક્કી કરવામાં આવ્યું કે સદરહુ યુવક કલ્યાણ વિભાગને સ્નાતક કક્ષાના કાર્યાલયના કામકાજના અનુભવો તેમ જ આ પ્રકારની પ્રવૃત્તિઓમાં અભિરુચિ ધરાવતા બે જુનિયર કલાર્ક, એક જુનિયર કલાર્ક અને એક કલાર્ક-ટાઇપિસ્ટની નિમણૂક કરવાનું મંજૂર કરવા આ સભા એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરે છે.

આથી એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે યુવક કલ્યાણ વિભાગ માટે જુનિયર કલાર્કની એક કાયમી જગ્યા રૂ. ૧૫૩-૫-૧૮૩-૧૦-૨૪૩ ઈ.બી. ૧૫-૪૦૮-૧૯-૪૬૫ના પગારધોરણમાં ઊભી કરવી અને ટાઇપિંગ કામ જાણનારને પસંદગી આપવી.

૪. સમાજવિદ્યા ભવનમાંથી મનોવિજ્ઞાન વિદ્યાભવન તેના નવા મકાનમાં ગયું હોવાથી તે નવી જગ્યાના સફાઈ કામ માટે એક વધુ સફાઈ કામદારની જગ્યા સ્થાપવા માટે અધ્યક્ષશ્રીના તા. ૪-૧-૧૯૭૪ના પ્રસ્તાવ ઉપર વિચારણા કરવા બાબત.

સમાજવિદ્યા ભવનમાં હાલ એક સફાઈ કામદારની જગ્યા મંજૂર કરવામાં આવેલી છે, જેનાથી હાલના કાર્યભારને પહોંચી વળી શકાય તેમ છે તે જોતાં એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે સમાજવિદ્યા ભવનમાં પટાવાળાની એક વધુ કાયમી જગ્યા રૂ. ૯૪-૩-૧૦૯-૪-૧૩૩-૫-૧૫૮-૬-૧૩૦ના પગારધોરણમાં ઊભી કરવી.

૫. એકિઝકયુટિવ કાઉન્સિલે તેની તા. ૨૩-૨-૧૯૭૪ની સભામાં નીચેની બાબત આ સમિતિની વિચારણા માટે મોકલેલ હોઈ તે અંગે વિચારણા કરવા બાબત :

> "ગુજરાત યુનિવર્સિટી સુપરવાઈઝરી સ્ટાફ એસોસિયેશનની તા. ૨૮-૯-૧૯૭૩ના રોજ મળેલ વાર્ષિક સામાન્ય સભાની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત."

ગુજરાત યુનિવર્સિટી સુપરવાઈઝરી સ્ટાફ એસોસિયેશનની તા. ૨૮-૫-૧૯૭૩ની વાર્ષિક સભાની ભલામણો પરત્વે એકિઝકયુટિવ કાઉન્સિલને નીચે પ્રમાણે ભલામણ કરવામાં આવે છે:

૪(૧) ૧૯૭૩ના ગુજરાત એક્ટ નં. ૬થી સુધારાયેલા ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૪ની કંડિકા ૨૩ અન્વયે ગુજરાત યુનિવર્સિટી સુપરવાઈઝરી સ્ટાફ એસોસિયેશનને માન્ય કરવા માટે યુનિવર્સિટીને પુનઃ વિનંતી કરવી.

ગુજરાત યુનિવર્સિટી સુપરવાઈઝરી સ્ટાફ એસોસિયેશનને બંધારણની નકલ સાથે માન્યતા માટે અરજી કરવા જણાવવું.

૪(૨). ગુજરાત યુનિવર્સિટી સાથે સંલગ્ન કૉલેજોની સંખ્યા, વિદ્યાર્થીઓની સંખ્યા, પરીક્ષાઓની સંખ્યા અને ગુજરાત યુનિવર્સિટીની વિવિધ પ્રવૃત્તિઓનું ઝડપી વિતરણ જોતાં ગુજરાત યુનિવર્સિટીમાં સુપરવાઈઝરી સ્ટાફ અને અન્ય સ્ટાફનો રેશિયો મુંબઈ યુનિવર્સિટી કે જેમાંથી આ યુનિવર્સિટી જુદી પડી છે તેનો વિસ્તાર, કૉલેજોની સંખ્યા, વિદ્યાર્થીઓની સંખ્યા અને પરીક્ષાઓની સંખ્યાના સંદર્ભમાં ઓછો છે; તો આ વસ્તુઓને લક્ષમાં રાખીને ગુજરાત યુનિવર્સિટીની સુપરવાઈઝરી સ્ટાફની જગ્યાઓ વધારવા તેમ જ ગુજરાત યુનિવર્સિટીના સુપરવાઈઝરી સ્ટાફનું પગારધોરણ મુંબઈ યુનિવર્સિટીના તે જ કક્ષાના સ્ટાફના પગારધોરણને સમકક્ષ રાખવા યુનિવર્સિટીને વિનંતી કરવી.

આથી એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે સદરહુ માગણી અંગે તેઓના સુચિંતિત અહેવાલ આપવા માટે નીચેના સભ્યોની સમિતિ નીમવી :

૧. આચાર્ય એમ. એસ. પંડિત

૨. આચાર્ય દર્શનસીંગ શીખ

૩. પ્રો. એમ. ડી. પંચોલી.

૪(૩). વધતી જતી કૉલેજોની સંખ્યા, વિદ્યાર્થીઓની સંખ્યા, તેમજ કૉલેજોને લગતી વિવિધ માહિતી, પરીક્ષા, ચૂંટણી, હિસાબ, જોડાણ વગેરે વિવિધ માહિતીઓ માટે અવારનવાર સુપરવાઈઝરી સ્ટાફના સભ્યોએ એક યા અન્ય કારણે રૂબરૂમાં જવાનું થતું હોઈ ગુજરાત યુનિવર્સિટી સુપરવાઈઝરી સ્ટાફને માસિક રૂ. ૭૫નું સ્કૂટર ઍલાવન્સ આપવા યુનિવર્સિટીને વિનંતી કરવી

આથી ઠરાવવામાં આવે છે કે ગુજરાત યુનિવર્સિટી સુપરવાઈઝરી સ્ટાફને દરેકને માસિક રૂ. ૭૫નું સ્કૂટર ઍલાવન્સ આપવાની વિનંતી માન્ય રાખવાની આ સમિતિ અશક્તિ દર્શાવે છે.

૪(૪). પ્રગતિશીલ સંસ્થાઓમાં લીવ ફેર કન્સેશનની જોગવાઈ હોય છે તે મુજબની જોગવાઈ કરવા યુનિવર્સિટીને વિનંતી કરવી.

આથી ઠરાવવામાં આવે છે કે તેઓને દિલગીરી સાથે જણાવવું કે લીવ ફેર કન્સેશનની જોગવાઈ કરવાની તેઓની વિનંતી સ્વીકારવાનું બની શકે તેમ નથી.

૪(૫). યુનિવર્સિટીનાં ભવનો કે અનુસ્નાતક કેન્દ્રોમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓના કર્મચારીઓ કે તેમનાં સંતાનોને સત્ર ફી, પરીક્ષા ફી ભરવામાંથી મુક્તિ આપવા યુનિવર્સિટીને વિનંતી કરવી.

આથી ઠરાવવામાં આવે છે યુનિવર્સિટીનાં વિદ્યાભવનોમાં કે અનુસ્નાતક કેન્દ્રોમાં અભ્યાસ કરતા કર્મચારીઓ કે તેમનાં સંતાનોને સત્ર ફી કે પરીક્ષા ફી ભરવામાંથી મુક્તિ આપવા અંગેની વિનંતી માન્ય રાખવાની આ સમિતિ અશક્તિ દર્શાવે છે.

૪(૬). યુનિવર્સિટીના જે કર્મચારીઓની ૨૦ કે તેથી વધુ વર્ષની નોકરી થઈ હોય તેઓને પ્રોવિડંટ ફંડની રકમ તેઓના કૉન્ટ્રિબ્યુશન તથા યુનિવર્સિટીના સબસ્ક્રિપ્શન સાથેની બન્નેની રકમ ચૂકવી દેવા યુનિવર્સિટીને વિનંતી કરવી.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીના જે કર્મચારીઓની ૨૦ કે તેથી વધુ વર્ષની નોકરી થઈ હોય તેઓને પ્રોવિડંટ ફંડની રકમ તેઓના કૉન્ટ્રિબ્યુશન તથા યુનિવર્સિટીના સબસ્ક્રિપ્શન સાથેની બન્નેની રકમ ચૂકવી દેવાની વિનંતી માન્ય રાખવાની આ સમિતિ અશક્ત દર્શાવે છે.

૪(૭). ગુજરાત રાજ્યનાં કૉર્પોરેશનો જેવાં કે ગુજરાત મિનરલ ડેવલપમેન્ટ કૉર્પોરેશન લિ., ગુજરાત ઇન્ડસ્ટ્રિયલ ઇન્વેસ્ટમેન્ટ કૉર્પોરેશન લિ. અને ગુજરાત ઍગ્રો-ઈન્ડસ્ટ્રીઝ ઍલ્ડ ઍકસશન લિ.માં ફ્લેટ રેઈટથી ઘરભાડા ભથ્થું અપાય છે. રાજ્ય સરકારે તેના તા. ૩-૮-૧૯૭૨ના ઠરાવ ક્રમાંક વી.એમ.બી. ૧૧૭૧-૨૧૦૯થી ઘરભાડાના જે દરો મંજૂર કર્યા છે તે દરે ફ્લેટ રેઈટથી ઘરભાડા ભથ્થું આપવા અંગે યુનિવર્સિટીએ ૧૨½ ટકાના ફ્લેટ દરે ઘરભાડા ભથ્થું આપવા ઠરાવ્યું છે તો આ સભા સાભાર નોંધ લે છે. વધુમાં યુનિવર્સિટી સત્તામંડળોને ૧૫ ટકાના ફ્લેટ દરે ઘરભાડા ભથ્થું આપવા માટે પુનર્વિચારણા કરવા માટે વિનંતી કરે છે.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીના કર્મચારીઓને હાલ ૧૨½ ટકાના દરે ફ્લેટ રેઇટ પ્રમાણે ઘરભાડા ભથ્થું અપાય છે તેને બદલે ૧૫ ટકાના દરે "ફ્લેટ રેઇટ" પ્રમાણે ઘરભાડા ભથ્થું આપવાની વિનંતી માન્ય રાખવાની આ સમિતિ અશક્તિ દર્શાવે છે.

૬. પ્રકાશન અધિકારી શ્રી. કે. ડી. પંડયાને સ્કૂટર ભથ્થું આપવા અંગે તેઓની તા. ૯-૪-૧૯૭૪ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે પ્રકાશન અધિકારી શ્રી કે. ડી. પંડયાની તેમને સ્કૂટર ભથ્થું આપવા અંગેની વિનંતી આ સભાની બાબત ૫ ના ઠરાવ ૪(૨)થી નીમેલી સમિતિની વિચારણા માટે મોકલવી.

૭. યુનિવર્સિટી લેડીઝ હૉસ્ટેલ તરફથી ડ્રેનેજ અવારનવાર ભરાઈ જતી હોવાથી તેની સફાઈ માટે દૈનિક ધોરણે બે સફાઈ કામદારો રાખવા અંગે શ્રી એસ્ટેટ સુપરિન્ટેન્ડન્ટના તા. ૧૯-૪-૧૯૭૪ના પ્રસ્તાવ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આ યુનિવર્સિટીના જુદા વિભાગોના સફાઈ કામકાજ અંગેની જરૂરિયાત તપાસી દરખાસ્ત ફરીથી રજૂ કરવી.

૮. એકિઝકયુટિવ કાઉન્સિલે તેની તા. ૨૭-૪-૧૯૭૪ની સભામાં નીચેની બાબત આ સમિતિની વિચારણા માટે મોકલી હોઈ તે અંગે વિચારણા કરવા બાબત.

"યુનિવર્સિટીમાં કેટલાક અધિકારીઓને અપાતું સ્કૂટર ઍલાવન્સ જે અત્યારે માસિક રૂ. ૭૫ લેખે આપવામાં આવે છે તે પેટ્રોલ તથા સ્કૂટર પાર્ટ્સ ઇત્યાદિમાં ભાવોમાં થયેલ વધારાના સંદર્ભમાં માસિક રૂ. ૧૫૦ લેખે આપવા અંગેની ડી પી. ઈ. શ્રી વી. પી. મહેતા તથા અન્ય અધિકારીવર્ગના કર્મચારીઓની તા. ૧૪-૨-૧૯૭૪ની સંયુક્ત અરજી ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે કેટલાક અધિકારીઓને અપાતા માસિક સ્કૂટર ભથ્થાના દરમાં વધારો કરી આપવાની વિનંતી આ સભાની બાબત ૫ના ઠરાવ ૪(૨)થી નીમેલી સમિતિની વિચારણા માટે મોકલવી.

૯. વિજ્ઞાન વિદ્યાભવનના ભૌતિકવિજ્ઞાન વિભાગના પટાવાળા શ્રી. એસ. એ. ડાભી સ્પેઇસ સેન્ટરનું પણ કામ સવારના ૯થી ૧૨ કરે છે તો તેઓને ઓવરટાઇમ ભથ્થું આપવા અથવા એક હંગામી પટાવાળો દૈનિક રૂ. ૫થી રાખવા અંગે અધ્યક્ષશ્રીના તા. ૧-૬-૧૯૭૪ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે વિજ્ઞાન વિદ્યાભવનના સ્પેઇસ સેન્ટર વિભાગ માટે પટાવાળાની એક કાયમી જગા રૂ. ૯૪-૩-૧૦૯-૪-૧૩૩-૫-૧૫૮-૬-૧૭૦ના પગારધોરણમાં ઊભી કરવી.

૧૦. કુલપતિશ્રીના અંગત સચિવ શ્રી. બી. એમ. વૈશ્યે તેઓને ૬૦ વર્ષ પૂરાં થયાં હોવાથી યુનિવર્સિટીએ નિયત કરેલા ડૉકટર પાસે તબીબી તપાસ કરાવ્યા અંગેની ફી રૂ. ૫૦ આપી છે તે પરત કરવા અંગે તેઓની તા. ૬-૧૧-૧૯૭૩ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. બી. એમ. વૈશ્યને તેઓની તબીબી તપાસ કરાવ્યા અંગેની ફી પરત કરવા અંગેની વિનંતી માન્ય રાખવાની આ સમિતિ અશક્તિ દર્શાવે છે.

૧૧. યુનિવર્સિટીના હિસાબ વિભાગમાં વધેલા કામકાજ માટે વધુ [illegible]ત જુ. કલાર્કોની જગ્યાઓ સ્થાપવા અંગેની કાર્યાલયની તા. ૧૦-૬-૧૯૭૪ની નોંધ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા કરવા હાલ પૂરતી મુલતવી રાખવી.

૧૨. યુનિવર્સિટી હૉસ્ટેલના ભાઈઓના છાત્રાલય માટે એક વધારાના વૉર્ડન તથા એક વધારાના જુ. કલાર્કની જગ્યાઓ સ્થાપવા અંગે ચીફ વૉર્ડનના તા. ૨૬-૬-૧૯૭૪ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે યુનિવર્સિટી ભાઈઓનાં છાત્રાલયો માટે મદદનીશ વૉર્ડનની એક કાયમી જગ્યા રૂ. ૨૧૫-૧૦-૨૪૫ ઈ.બી. ૧૫-૩૮૦-૨૦-૫૦૦ના પગારધોરણમાં સ્થાપવી તથા તેમને રહેઠાણ માટે રેન્ટ-ફ્રી ક્વાર્ટર આપવું.

૧૩. કુલસચિવશ્રીના અંગત મદદનીશ-કમ-સ્ટેનોગ્રાફર શ્રી કે. જી. શાહ હાલના પગારધોરણમાં છેલ્લા પગથિયે પહોંચી ગયા હોવાથી તેઓનું પગારધોરણ સુધારવા અથવા રનિંગ ગ્રેડ આપવા અંગે તેઓની તા. ૧૫-૬-૧૯૭૪ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીના બિનશિક્ષકવર્ગનાં કર્મચારીઓના પગારધોરણ, સેવાની શરતો, ઇત્યાદિ બાબત ગુજરાત રાજ્ય સરકાર પે કમિશનની વિચારણા હેઠળ હોઈ શ્રી કે. જી. શાહની પગારધોરણ સુધારવાની વિનંતી પરની વિચારણા મોકૂફ રાખવી.

૧૪. યુનિવર્સિટીના એન્જિનિયર શ્રી. એસ. એમ. શાહને સ્કૂટર એલાવન્સ આપવા અંગે તેઓની તા. ૧૭-૭-૧૯૭૪ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી એન્જિનિયર શ્રી. એસ. એમ. શાહની તેમની સ્કૂટર એલાવન્સ આપવા અંગેની વિનંતી આ સભાની બાબત ૫ના ઠરાવ ૪(૨)થી નીમેલી સમિતિની વિચારણા માટે મોકલવી.

૧૫. ગુજરાત યુનિવર્સિટી કર્મચારી સંઘના પત્રાંક તા. ૪-૬-૧૯૭૪થી મોકલેલ નીચેના ઠરાવો ઉપર વિચારણા કરવા બાબત :

ઠરાવ ૩ : સંસ્થામાં કામ કરતા ચાલુ કર્મચારીઓનાં પુત્ર-પુત્રીઓને તે જ સંસ્થામાં નવી જગ્યાઓ પૂરતી વખતે અગ્ર પસંદગી આપવામાં આવે છે; દા.ત. બૅંકમાં, રેલવેમાં, વગેરેમાં. આ અંગે સંઘની કારોબારી સભામાં થયેલ ચર્ચાવિચારણાને લક્ષમાં લઈ સંઘ ઉપરની માગણી કરે છે અને યુનિવર્સિટીના કર્મચારીઓનાં પુત્ર-પુત્રીઓને નવી જગ્યાઓ પૂરતી વખતે પ્રથમ પસંદગી આપવા આ પ્રશ્ન પર સંપૂર્ણ સહાનુભૂતિપૂર્વક વિચારણા કરવા વિનંતી કરે છે.

આથી ઠરાવવામાં આવે છે કે નવી જગ્યાઓ પૂરતી વખતે આવી વિનંતી ઉપર ગુણવત્તાના ધોરણે વિચારવાનું રાખવું.

ઠરાવ ૪ : યુનિવર્સિટીના "ડી" ટાઇપના ક્વાર્ટર્સમાં રહેતા ચોથા વર્ગના કર્મચારીઓને હાલમાં જે ભાડુભથ્થું આપવું પડે છે તે તેમના પગારના પ્રમાણમાં ઘણું જ અસહ્ય છે. અમદાવાદ મ્યુનિસિપલ કૉર્પોરેશન પોતાના ચોથા વર્ગના કર્મચારીઓને રૂ. ૧-૦૦ ટોકન ભાડું લઈને પોતાનાં

ક્વાર્ટર્સ રહેવા આપે છે. તેના સંદર્ભમાં આપણા ચોથા વર્ગના કર્મચારીઓને પણ ટોકન ભાડું લઈ મકાનો રહેવા આપવા સંધે માગણી કરેલી જે સ્વીકારાઈ નથી તે અત્યંત દુઃખદ છે. આ પ્રશ્ન પર સંઘની ગત કારોબારી સભામાં ચર્ચાઓ થઈ હતી અને તે અંગે તેમના માટે મકાનોનું "કોસ્ટ રેન્ટ" રૂ. ૨૫–૦૦થી વધે નહિ તે રીતે "ઇકોનોમિક રેન્ટ" નક્કી કરી આપવા માગણી કરવાનું ઠરાવ્યું હતું. અને તેને અનુલક્ષીને માગણી કરવામાં આવે છે અને આશા રાખવામાં આવે છે કે આ કાળઝાળ મોંઘવારીમાં જૂજ પગાર મેળવતા કર્મચારીઓને રૂ. ૨૫-૦૦થી ભાડું વધે નહિ તે રીતે તેમનો Economic rent કરી આભારી કરશોજી.

આથી ઠરાવવામાં આવે છે કે કર્મચારીઓ પાસેથી ઘરભાડું આપવા અંગેના હાલ જે નિયમો અસ્તિત્વમાં છે તે બરાબર છે અને તેમાં ફેરફાર કરવાની જરૂર જણાતી નથી.

ઠરાવ ૬ : કાર્યાલયમાં કામ કરતા ઇલેક્ટ્રિશિયન શ્રી. ડી. એન. વ્યાસ પાસેથી સામાન્ય રીતે ગમે તે સમયે કામ લેવામાં આવે છે અને આ રીતે તેમના કામના વધારાના કામ માટે કોઈ મહેનતાણું આપવામાં આવતું નથી. તો અન્ય કર્મચારીઓ કે જેમની સેવાઓ ગમે ત્યારે લેવામાં આવે છે તેમને "રેન્ટફ્રી ક્વાર્ટર્સ" આપવામાં આવે છે. તો તે જ રીતે અને તે જ ધોરણે શ્રી. ડી. એન. વ્યાસને "રેન્ટ–ફ્રી ક્વાર્ટર્સ" આપવાની શ્રી. વ્યાસની માગણી વાજબી જણાય છે. તો આ અંગે સત્વરે યોગ્ય કરવા વિનંતી છે.

આથી એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે ઇલેક્ટ્રિકલ વાયરમેન શ્રી. ડી. એન. વ્યાસને તેમની ફરજોનો પ્રકાર જોતાં તેમને કેટલીક વાર દિવસે કે રાત્રે ગમે ત્યારે કામ કરવાની જરૂર પડે છે તે જોતાં રહેઠાણ માટે "રેન્ટ–ફ્રી" ક્વાર્ટર આપવું.

૧૬. કોમ્પ્યુટર સેન્ટરમાં કામ કરતાં કર્મચારીઓને પરીક્ષા ભથ્થું આપવામાં આવતું નથી; પરંતુ તેઓ નિયત સમય કરતાં વધુ રોકાય તો તે અંગે મહેનતાણું આપવા નિયમો કરવા અંગે કોમ્પ્યુટર સિસ્ટમ સુપરિન્ટેન્ડેન્ટના તા. ૧૬-૭-૧૯૭૪ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીના બિનશિક્ષકવર્ગના કર્મચારીઓનાં પગારધોરણો, સેવાની શરતો ઇત્યાદિ અંગે ગુજરાત સરકારે પે કમિશનની નિમણૂક કરી છે તે જોતાં આ બાબતમાં સદરહુ પે કમિશનના હેવાલની રાહ જોવી.

૧૭. પરીક્ષા વિભાગના વધેલા કામકાજ માટે વધારાનો સ્ટાફ આપવા અંગે પરીક્ષા નિયામકશ્રીના પ્રસ્તાવ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ માગણી આ સભાની બાબત ૫ના ઠરાવ ૪(૨)થી નીમેલી સમિતિની વિચારણા માટે મોકલવી.

૧૮. ગુજરાત યુનિવર્સિટી કોર્ટના સભ્ય શ્રી. શરદ પટેલના પત્રાંક ૧૧૪૯ તા. ૧૩-૮--૧૯૭૪થી રજૂઆત કર્યા પ્રમાણે યુનિવર્સિટીના મદદનીશ ગ્રંથપાલના પગારધોરણ મુજબ યુનિવર્સિટીના કાર્યાલય નિયામક, નાયબ હિસાબનીશ તથા તેની સમકક્ષ જગ્યાઓના કર્મચારીઓનાં પગારધોરણ તા. ૧–૪–૧૯૭૧થી સરખાં કરવા અંગે શ્રી. આર. બી. ભાવસાર તથા બીજાઓની તા. ૧૪–૮–૧૯૭૩ની સંયુક્ત અરજી ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદ્દરહુ બાબત અંગે રાજ્ય સરકારે નીમેલા પે કમિશનની ભલામણો આવે તેની રાહ જોવી.

૧૯. મનોવિજ્ઞાન વિદ્યાભવનના સાંજના વર્ગોના પાર્ટટાઇમ લેબોરેટરી આસિસ્ટન્ટને હાલ માસિક રૂ. ૧૦૦નું ઉચ્ચક વેતન આપવામાં આવે છે તેના બદલે માસિક રૂ. ૧૫૦નું ઉચ્ચક વેતન તેમની નિમણૂકની તા. ૨૨-૭-૧૯૭૪થી આપવા અંગે ભવનના અધ્યક્ષશ્રીના તા. ૫-૭-૧૯૭૪ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે હંગામી ધોરણે પાર્ટટાઇમ લેબોરેટરી આસિસ્ટન્ટની મંજૂર કરવામાં આવેલી જગ્યા માટે માસિક રૂ. ૧૦૦ને બદલે માસિક રૂ ૧૫૦નું ઉચ્ચક વેતન આપવાનું રાખવું.

૨૦. ગુજરાત યુનિવર્સિટી કર્મચારી સંઘના હોદ્દેદારોને અને વ્યવસ્થાપક સમિતિના સભ્યોને પ્રાસંગિક રજાઓ આપવા અંગે સંઘના તા. ૬-૮-૧૯૭૪ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે સંઘ કે ફેડરેશનની વાર્ષિક સભામાં હાજરી આપવા માટે વર્ષમાં એક એક વાર ગુજરાત યુનિવર્સિટી કર્મચારી સંઘના પ્રમુખ અને મંત્રીને ખાસ રજા (સ્પેશિયલ લીવ) તરીકે ગણીને રજા આપવી.

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

ભો. કે. શાહ
કુલસચિવ વતી

પરિશિષ્ટ "ઝ"
કામકાજ ક્રમાંક ૮૪

સંલગ્ન કૉલેજો/માન્ય સંસ્થાઓના બિનશૈક્ષણિક કર્મચારીઓની સેવાઓના નિયમો તેમજ અન્ય બાબતો અંગેની ભલામણ કરવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલે તેની તા. ૧૬-૧૧-૧૯૭૩ની સભામાં નિયુક્ત કરેલ સમિતિની સભા, ગુરુવાર તા. ૨૨-૮-૧૯૭૪ના રોજ ૨-૦૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી જેમાં નીચેના સભ્યો હાજર હતા:

૧. આચાર્ય ડી. એમ. શીખ	હાજર
૨. આચાર્ય એચ. એમ. દેસાઈ	હાજર
૩. પ્રા. એમ. ડી. પંચોલી	હાજર.

સભાનું પ્રમુખસ્થાન આચાર્ય ડી. એમ. શીખે સંભાળ્યું હતું.

ત્યાર બાદ લંબાણ ચર્ચાવિચારણાને અંતે આ સાથે જોડયા પ્રમાણેનો અહેવાલ આપવા નક્કી કરવામાં આવ્યું.

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

શ્રીકાંત વોરા
કુલસચિવ વતી.

તા. ૨૨-૮-૧૯૭૪ના રોજ મળેલ સમિતિએ કરેલી ભલામણો

૧. સંલગ્ન કૉલેજો અને માન્ય સંસ્થાઓના બિનશૈક્ષણિક વહીવટી કર્મચારીઓ માટે દરરોજ કામકાજનો કુલ સમય, અર્ધા કલાકની રિસેસ બાદ કરતાં, ૭ કલાક અઠવાડિયાના છએ દિવસો, એટલે કે સપ્તાહના કુલ છત્રીસ કલાકના હિસાબે (રવિવાર તથા અન્ય રજાઓના દિવસો બાદ કરતાં) રહેશે.

૨. એકાઉન્ટન્ટને સીનિયર કલાર્કનો સ્કેલ આપવામાં આવે;

૩. લાઇબ્રેરી કલાર્કની લાયકાત તથા પગારધોરણ જુનિયર કલાર્કની સમકક્ષ હોવાં જોઈએ.

૪. વિજ્ઞાનની કૉલેજમાં જ્યાં કેમિસ્ટ્રી મુખ્ય વિષય હોય ત્યાં જ તે જ વિભાગમાં સ્ટોર-કીપરની નિમણૂક કરવી અને તેને સીનિયર કલાર્કનો સ્કેલ આપવો. સ્ટોર-કીપર માટે નવી નિમણૂક કરવામાં આવે ત્યારે તે જગ્યા માટે બી.એસસી. કેમિસ્ટ્રી સાથે લઘુતમ લાયકાતનું ધોરણ રાખવું ઇચ્છનીય છે.

૫. પ્લાન્ટ કલેક્ટર તેમ જ ગૅસ મિકેનિકને પટાવાળાનો સ્કેલ વત્તા માસિક રૂ. ૧૦ (દસ રૂપિયા)નું વધારાનું ભથ્થું આપવું તેમ જ કેમિસ્ટ્રી વિભાગમાં કામ કરતા પટાવાળાને માસિક રૂ. ૧૦ (દસ)નું દૂધનું એલાવન્સ આપવું.

૬. બિનશૈક્ષણિક કર્મચારીઓ માટે ગ્રેચ્યુઇટીની યોજના તા. ૧-૭-૧૯૭૪થી અમલી બનાવવી અને યુનિવર્સિટીના બિનશૈક્ષણિક કર્મચારીઓ માટે તે અંગે કરેલા નિયમો અપનાવવા.

યુનિવર્સિટીએ તેના કર્મચારીઓ માટે ગ્રેચ્યુઇટી અંગે નીચે મુજબ નિયમો કર્યા છે:

Rules regarding Gratuity

The employees of the affiliated colleges and recognised institutions, both teaching

and non-teaching, be paid gratuity under the following rules :

1. No gratuity shall be payable to an employee dismissed from service for misconduct.
2. Gratuity shall be paid on the death, retirement, resignation or termination of service, at the rate of $\frac{1}{2}$ month's basic salary (excluding all allowances) for each completed year of service on completion of 7 years' service, at the rate of $\frac{3}{4}$ month's basic salary (excluding all allowances) for each completed year of service on completion of 12 years' service; the gratuity shall on completion of 15 years' service, be raised to one month's basic salary (excluding all allowances) for each completed years of service, the total amount of the gratuity shall be a maximum of 15 months' salary of Rs. 15,000/– whichever is less. Notwithstanding anything contained above, in the event of the death of employee, during the course of his employment, gratuity shall be paid at the rate of one month's basic salary or each completed year of service subject to a maximum of 15 months' salary or Rs. 15,000/–, whichever is less.
3. Salary for the purpose of gratuity under (2) above shall mean the average basic salary (excluding all allowances) drawn by the employee during the twelve months period of active service immediately preceding death, retirement, resignation or termination of service, as the case may be.
4. The college shall establish a fund known as gratuity fund for the purpose by contributing a suitable amount not exceeding 5% of the basic salary paid to its employee covered by the scheme from the recurring expenditure of the college during every accounting year. The fund shall be regulated by the management in its discretion as may be deemed fit by investing the amount of the fund in Government of other securities or by taking out a group gratuity insurance policy with the Life Insurance Corporation with a view to discharging the college liability in this behalf. In the event of a group gratuity insurance policy being taken out by the college notwithstanding anything stated above, the heir or heirs of an employee who dies during the course of his employment shall be paid gratuity at the rate of one month's basic salary (excluding all allowances) per year of service for the number of years be would have otherwise ordinary served had be continued to live till the date of his retirement, subject to a maximum of 15 months' salary or Rs. 15,000/–, whichever is less."

૭. સંલગ્ન કૉલેજો તથા માન્ય સંસ્થાઓમાં નીચે પ્રમાણે બિનશૈક્ષણિક કર્મચારીઓ અનિવાર્યપણે હોવા જોઈએ :

૧. બી.એડ. કૉલેજમાં કાર્યાલય માટે ઓછામાં ઓછા એક હેડકલાર્ક અને એક ટાઇપિસ્ટ-કમ-કલાર્ક.
૨. પાંચસોથી ઓછી સંખ્યા ધરાવતી કૉલેજોમાં કાર્યાલય માટે એક હેડકલાર્ક, એક કૅશિયર અને એક ટાઇપિસ્ટ-કમ-કલાર્ક.
૩. પાંચસોથી વધુ પણ એક હજારથી ઓછી સંખ્યા ધરાવતી કૉલેજમાં એક હેડકલાર્ક, એક કૅશિયર, એક ટાઇપિસ્ટ અને એક ક્લાર્ક.

૪. એક હજારથી વધુ સંખ્યા ધરાવતી કૉલેજોમાં દરેક વધુ પાંચસો વિદ્યાર્થીઓ દીઠ એક વધારાના ક્લાર્ક.

૫. પટાવાળાઓની નિયુક્તિ (બી.એડ. કૉલેજ સિવાય)

(૧) આચાર્ય—એક

(૨) કાર્યાલય—એક (પાંચસોથી વધુ વિદ્યાર્થી સંખ્યા ધરાવતી કૉલેજોમાં બે)

(૩) ઘંટ વગાડવા—એક (અન્ય કામગીરી સોંપી શકાય.)

(૪) પાણી—એક

(૫) ગ્રંથાલય—એક

(૬) રમતગમત—એક.

વધુમાં ભલામણ કરવામાં આવે છે કે પટાવાળાઓની ઉપર મુજબની નિયુક્તિ ઉપરાંત એક જમાદાર અથવા ચોકિયાત અને એક સફાઈ કામદાર હોવા જરૂરી છે.

ઉપરના સ્ટાફ ઉપરાંત વધારે સ્ટાફની જરૂરિયાત જણાય તો જે તે કૉલેજ વધારાનો સ્ટાફ નીમી શકે છે.

પાંચસોથી વધારે વિદ્યાર્થીની સંખ્યા ધરાવતી કૉલેજના ગ્રંથાલયમાં બે પટાવાળા હોવા જોઈએ.

બી.એડ. કૉલેજોમાં જરૂરી પટાવાળાઓનો સ્ટાફ રાખવો.

૬. વિજ્ઞાન વિભાગમાં અનુસ્નાતક વિભાગની પ્રયોગશાળા બાદ કરતાં સાઠ વિદ્યાર્થીઓની પ્રયોગશાળામાં એક લેબોરેટરી આસિસ્ટન્ટ હોવો જરૂરી છે.

એકી વખતે ૬૦થી વધારે સંખ્યા ધરાવતી હોય અને એક જ સમયે અભ્યાસક્રમનો પ્રયોગ આખો દિવસ ચાલતો હોય તેવી પ્રયોગશાળામાં વધારાનો એક લેબોરેટરી આસિસ્ટન્ટ રાખવો જોઈએ.

રસાયણશાસ્ત્રની પ્રયોગશાળામાં ઉપરની જરૂરિયાત ઉપરાંત વધારાના એક લેબોરેટરી આસિસ્ટન્ટની નિમણૂક કરવી.

પ્રયોગશાળા નાની હોવાને કારણે અથવા જ્યારે પ્રયોગનો સમય બે પાળીમાં જુદા જુદા સમયે વહેંચાયેલો હોય ત્યારે બીજી પાળી માટે એક વધારાના લેબોરેટરી આસિસ્ટન્ટની નિમણૂક કરવાની રહેશે. લેબોરેટરી સ્ટાફને ટેકનિકલ તેમ જ વૅકેશનલ સ્ટાફ ગણી શકાય નહિ.

દરેક પ્રયોગશાળા દીઠ બે પટાવાળાની નિમણૂક કરવી જરૂરી છે.

૭. બિનશૈક્ષણિક કર્મચારીઓને તબીબી સહાય તથા શૈક્ષણિક સહાય આપવામાં આ સમિતિ સંમતિ આપી શકતી નથી.

૮. બિનશૈક્ષણિક કર્મચારીઓને કૉલેજો અને માન્ય સંસ્થાઓમાં ઓવરટાઈમ આપવાનો સિદ્ધાંત સ્વીકારી શકાય તેમ નથી.

૯. કોઈ પણ જગ્યા કૉલેજમાં ખાલી પડે તો તે જગ્યા ગુણવત્તાને આધારે જ ભરવા સમિતિ ભલામણ કરે છે.

ગુજરાત યુનિવર્સિટી પ્રેસ, અમદાવાદ–૯

આનગી

ગુજરાત યુનિવર્સિટી

ગુજરાત યુનિવર્સિટીની એક્ઝિક્યુટિવ કાઉન્સિલની ઑક્ટોબર માસની સભા, શનિવાર, તા. ૫-૧૦-૧૯૭૪ના રોજ સવારના ૯-૦૦ વાગ્યે ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. પ્રમુખસ્થાન કુલપતિ શ્રી ઈશ્વરભાઈ જેઠાભાઈ પટેલે સંભાળ્યું હતું. સભામાં હાજરી નીચે પ્રમાણે હતી :

ક્રમાંક	સભ્યનું નામ	તા. ૫–૧૦–૧૯૭૪
૧.	શ્રી. ઈશ્વરભાઈ જેઠાભાઈ પટેલ, કુલપતિ	હાજર
૨.	શ્રી. શિક્ષણસંચાલક, ગુજરાત રાજ્ય	ગેરહાજર
૩.	આચાર્ય માધવપ્રસાદ એસ. પંડિત	હાજર
૪.	શ્રી. પ્રફુલ્લચન્દ્ર ચંદુલાલ શાહ	ગેરહાજર
૫.	ડૉ. જ્યોતીન્દ્ર લક્ષ્મીશંકર ભટ્ટ	હાજર
૬.	પ્રો. અનંતરાય મણિશંકર રાવળ	હાજર
૭.	ડૉ. વિનોદકાન્ત ચૂનીલાલ શાહ	હાજર
૮.	આચાર્ય દર્શનસિંઘ મુસ્તાકસિંઘ શીખ	હાજર
૯.	ડૉ. ધીરુભાઈ પ્રેમશંકર ઠાકર	હાજર
૧૦.	ડૉ. હર્ષદભાઈ મોતીભાઈ દેસાઈ	હાજર
૧૧.	ડૉ. મહેન્દ્ર નાનુભાઈ દેસાઈ	હાજર
૧૨.	શ્રી. મનુભાઈ દેવશંકર પંચોલી	હાજર
૧૩.	શ્રી. ગુલાબભાઈ રતનજી દેસાઈ	હાજર
૧૪.	ડૉ. જશવંતલાલ નાનાલાલ પટેલ	ગેરહાજર
૧૫.	પ્રો. દેવવ્રત નાનુભાઈ પાઠક	હાજર
૧૬.	ડૉ. બિહારીલાલ કનૈયાલાલ	હાજર
૧૭.	શ્રી. મણિભાઈ ગોરધનભાઈ બ્રહ્મભટ્ટ	હાજર
૧૮.	આચાર્ય મહેન્દ્રલાલ ચંદુલાલ શાહ	ગેરહાજર.

૧. તા. ૨૪-૮-૧૯૭૪ના રોજ મળેલ એકિઝકયુટિવ કાઉન્સિલની સભાની નોંધને મંજૂર કરવા બાબત.

તા. ૨૪-૮-૧૯૭૪ના રોજ મળેલ એકિઝકયુટિવ કાઉન્સિલની સભાની નોંધ નીચેના સુધારા સાથે મંજૂર કરવામાં આવી તથા તે પર કુલપતિશ્રીએ સહી કરી:

(૧) બાબત નં. ૩માં મજૂર કલ્યાણના લેકચરર શ્રી. બી. એસ. પાઠકના નામમાં છાપભૂલ સુધારીને શ્રી. બી. એચ. પાઠક વંચાય તેમ સુધારવું.

(૨) બાબત નં. ૩૪ની છાપભૂલ સુધારીને તે બાબત નીચે મુજબ વંચાય તે રીતે સુધારવી;

"યુનિવર્સિટી ડાર્ટના સભ્યો સર્વશ્રી કનુભાઈ શાહ, પી. સી પટેલ, અંબુભાઈ દેસાઈ તથા હરુભાઈ મહેતા તરફથી આવેલ પ્રસ્તાવો પર વિચારણા કરવા બાબત."

(૩) બાબત નં. ૮૬ પરના ઠરાવમાં પ્રો. મનુભાઈ ડી. પંચોલીને બદલે આચાર્ય એમ. એસ. પંડિતનું નામ મૂકવું અને આચાર્ય એમ. સી. શાહનું નામ રદ કરવું.

(૪) બાબત નં. ૯૪ પરના ઠરાવમાં '(Physical Science)' ને બદલે '(Physical Sciences)' એમ સુધારવું.

૨. યુનિવર્સિટી કાર્યાલયમાં નાયબ કુલસચિવ તરીકે કામ કરતા શ્રી. એસ. પી. મેઢને તા. ૨૩-૧૧-૧૯૭૪ના રોજ ૬૦ વર્ષ પૂરાં થતાં હોઈ તેમની નિવૃત્તિ વયમર્યાદામાં વધારો કરી આપવા અંગેની તેમની તા. ૧૮-૯-૧૯૭૪ની અરજી પર વિચારણા કરવા બાબત.

(નોંધ. — સિન્ડિકેટે તેની તા. ૪-૯-૧૯૬૫ની સભામાં નિવૃત્તિવય મર્યાદા અંગે નીચે મુજબ ઠરાવ્યું છે :

"આથી ઠરાવવામાં આવે છે કે યુનિ.ના વહીવટી અને શિક્ષકવર્ગના કર્મચારીઓની નિવૃત્તિવય મર્યાદા ૬૦ વર્ષની રાખવી, પણ આ વયમર્યાદા સિન્ડિકેટને યોગ્ય લાગે તે કેસોમાં જરૂરી તબીબી તપાસ કરાવીને પ્રત્યેક વર્ષે એક વર્ષ સુધી એમ ૬૫ વર્ષ સુધી લંબાવી શકાશે. કોઈ પણ કર્મચારીને ૬૫ વર્ષ પૂરાં કર્યા પછી તેને કોઈ પણ સંજોગોમાં યુનિ.ની સેવામાં રાખી શકાશે નહીં.")

આથી ઠરાવવામાં આવે છે કે ડૉ. નરેન્દ્રભાઈ દેસાઈ પાસે પોતાની તબીબી તપાસ કરાવવા માટે નાયબ કુલસચિવ શ્રી. એસ. પી. મેઢને જણાવવું અને તે અંગેનો તબીબી અહેવાલ આવ્યેથી જરૂરી નિર્ણય લેવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૩. યુનિવર્સિટી કાર્યાલયના જુ. કલાર્ક શ્રી. એ. એમ. શાહને રૂ. ૧૫૩-૫-૧૮૩-૧૦-૨૪૩ ઈ.બી. ૧૫-૪૪૮-૧૯-૪૬૫ના પગારધોરણમાં રૂ. ૨૪૩ પછીનો કાર્યક્ષમતા અંતરાય (Efficiency Bar) તા. ૧-૧૧-૧૯૭૪થી ઓળંગવાની પરવાનગી આપવા અંગે વિચારણા કરવા બાબત.

યુનિવર્સિટી કાર્યાલયના જુનિયર કલાર્ક શ્રી. એ. એમ. શાહની કામગીરી અંગેનો ખાનગી અહેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો.

તે પછી ઠરાવવામાં આવ્યું કે શ્રી. એ. એમ. શાહને રૂ. ૧૫૩–૫–૧૮૩–૧૦–૨૪૩ ઈ.બી. ૧૫–૪૪૮–૧૯–૪૬૫ના પગારધોરણમાં રૂ. ૨૪૩ પછીનો કાર્યક્ષમતા અંતરાય તા. ૧–૧૧–૧૯૭૪થી ઓળંગવા માટે પરવાનગી આપવી.

૪. વિજ્ઞાન વિદ્યાભવનમાં એનિમલ હાઉસ એટેન્ડન્ટ તરીકે કામ કરતા શ્રી. ગૌતમભાઈ સવજીભાઈનો એક વર્ષનો અજમાયશી સમય તા. ૧૯–૧૦–૧૯૭૪ના રોજ પૂરો થતો હોઈ તેમને તેમની જગ્યાએ તા. ૧૯–૧૦–૧૯૭૪થી કાયમ કરવા અંગે વિચારણા કરવા બાબત.

વિજ્ઞાન વિદ્યાભવનના એનિમલ હાઉસ એટેન્ડન્ટ શ્રી. ગૌતમભાઈ સવજીભાઈની કામગીરી અંગેનો ખાનગી અહેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો.

તે પછી ઠરાવવામાં આવ્યું કે શ્રી. ગૌતમભાઈ સવજીભાઈને તે જગ્યા પર તા. ૧૯–૧૦–૧૯૭૪થી કાયમ કરવા.

૫. યુનિવર્સિટી સમાજવિદ્યા ભવનમાં મજૂર કલ્યાણના લેકચરર શ્રી. બી. એચ. પાઠકનો બે વર્ષનો અજમાયશી સમય તા. ૬–૯–૧૯૭૪ના રોજ પૂરો થતી હોઇ તેમને તા. ૭–૯–૧૯૭૪થી કાયમ કરવા અંગે વિચારણા કરવા બાબત.

સદરહુ બાબત ચર્ચાવિચારણા માટે હાથ ધરવામાં આવી ત્યારે કાર્યાલયે સભાગૃહને જાણ કરી કે શ્રી. બી. એચ. પાઠક મજૂરકલ્યાણના લેકચરર તરીકે રાજીનામું આપી છૂટા થયા છે તેથી સદરહુ બાબત પરત્વે વિશેષ કરવાપણું રહ્યું નહીં.

૬. યુનિવર્સિટી ગ્રંથાલયમાં કામ કરતા નીચેના કર્મચારીઓનો તેમનાં નામ સામે બતાવેલ તારીખે એક વર્ષનો અજમાયશી સમય પૂરો થતો હોઈ તેમને કાયમ કરવા અંગે વિચારણા કરવા બાબત:

ક્રમાંક	કર્મચારીનું નામ	હોદ્દો	અજમાયશી સમય પૂરો થયાની તારીખ	કાયમ કરવાની તારીખ
૧.	શ્રી. કે. એ. શાહ	ટેકનિકલ આસિસ્ટન્ટ	૯–૧૦–૧૯૭૪	૧૦–૧૦–૧૯૭૪
૨.	શ્રીમતી હર્ષા ટી. નાન્દી	જુ. કલાર્ક	૧૪–૧૦–૧૯૭૪	૧૫–૧૦–૧૯૭૪
૩.	કુ. જ્યોતિ આર. દવે	,,	૧૭–૧૦–૧૯૭૪	૧૮–૧૦–૧૯૭૪
૪.	શ્રીમતી ઉષાબહેન એમ. જયસ્વાલ	,,	૧૪–૧૦–૧૯૭૪	૧૫–૧૦–૧૯૭૪
૫.	શ્રી. ડી. પી. પટેલ	,,	૧૪–૧૦–૧૯૭૪	૧૫–૧૦–૧૯૭૪
૬.	કુ. જ્યોતિકા પી. ભટ્ટ	,,	૧૬–૧૦–૧૯૭૪	૧૭–૧૦–૧૯૭૪
૭.	શ્રી. જનક શાહ	,,	૧૪–૧૦–૧૯૭૪	૧૫–૧૦–૧૯૭૪.

સદરહુ સભ્યોની કામગીરી અંગેના ખાનગી અહેવાલો સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યા.

તે પછી ઠરાવવામાં આવ્યું કે સદરહુ સભ્યોને તેમનાં નામ સામે જણાવેલ જગ્યાએ અને તારીખથી કાયમ કરવા.

૭. યુનિવર્સિટી ગ્રંથાલયના નીચેના બે કર્મચારીઓને તેઓનાં નામ સામે બતાવેલ પગારધોરણમાં જણાવેલ તારીખથી કાર્યક્ષમતા અંતરાય (Efficiency Bar) ઓળંગવા પરવાનગી આપવા અંગે વિચારણા કરવા બાબત :

ક્રમાંક	નામ તથા હોદ્દો	પગારધોરણ	કઈ તારીખથી ?	મૂળ પગાર
૧.	શ્રી. એમ. એસ. જોશી, હેડકલાર્ક	રૂ. ૩૧૩-૧૫-૩૪૩-૨૦-૪૪૩ ઈ.બી. ૨૨-૫૭૫	૧-૧૦-૧૯૭૪	૪૪૩-૦૦ પછીથી
૨.	શ્રી. ડી. પી. પટેલ, જુ. કલાર્ક	રૂ. ૧૫૩-૫-૧૮૩-૧૦-૨૪૩ ઈ.બી. ૧૫-૪૦૮-૧૯-૪૬૫	૧-૧-૧૯૭૫	૨૪૩-૦૦ પછીથી

સદરહુ સભ્યોની કામગીરી અંગેના બાનગી અહેવાલો સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યા.

તે પછી ઠરાવવામાં આવ્યું કે સદરહુ સભ્યોને તેમનાં નામ સામે જણાવેલ પગારધોરણમાં અને તારીખથી અનુક્રમે રૂ. ૪૪૩ અને રૂ. ૨૪૩ પછીનો કાર્યક્ષમતા અંતરાય ઓળંગવા માટે પરવાનગી આપવી.

૮. યુનિવર્સિટી કાર્યાલયના નીચેના કર્મચારીઓને તેઓનાં નામ સામે બતાવેલા પગારધોરણમાં જણાવેલ તારીખથી કાર્યક્ષમતા અંતરાય ઓળંગવા અંગેની પરવાનગી આપવા અંગે વિચારણા કરવા બાબત :

ક્રમાંક	નામ તથા હોદ્દો	પગારધોરણ	કઈ તારીખથી ?	મૂળ પગાર
૧.	શ્રી. એન. સી. ત્રવાડી, હેડકલાર્ક	રૂ. ૩૧૩-૧૫-૩૪૩-૨૦-૪૪૩ ઈ.બી. ૨૨-૫૭૫	૧-૧૦-૧૯૭૪	રૂ. ૪૪૩ પછીથી
૨.	શ્રી. પી. જે. ઠાકર	રૂ. ૧૫૩-૫-૧૮૩-૧૦-૨૪૩ ઈ.બી. ૧૫-૪૦૪-૧૯-૪૬૫	૧-૧૧-૧૯૭૪	રૂ. ૨૪૩ પછીથી

સદરહુ સભ્યોની કામગીરી અંગેના બાનગી અહેવાલો સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યા.

તે પછી ઠરાવવામાં આવ્યું કે સદરહુ સભ્યોને તેમનાં નામ સામે જણાવેલ પગારધોરણમાં અને તારીખથી અનુક્રમે રૂ. ૪૪૩ અને રૂ. ૨૪૩ પછીનો કાર્યક્ષમતા અંતરાય ઓળંગવા માટે પરવાનગી આપવી.

૯. યુનિવર્સિટી કાર્યાલયમાં પટાવાળા તરીકે કામ કરતા શ્રી. બી. એન. કડિયાને મકાન અંગે જમીન ખરીદવા અંગે સ્ટે. ૧૮૮ (૨) પ્રમાણે તેઓના ખાતે નીકળતી પ્રૉ. ફંડની રકમમાંથી લોન આપવા અંગેની તેઓની તા. ૧૬-૯-૧૯૭૪ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

(**નોંધ.** — તેઓના પ્રૉ. ફંડ ખાતે તા. ૩૧-૩-૧૯૭૪ના રોજ રૂ. ૩,૩૧૮-૯૨ જમા છે અને તેમની પ્રૉ. ફંડની લોન રૂ. ૫૦૦ તથા તે પર જે વ્યાજ થાય તે રકમ કાપવાની રહેશે.)

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી કાર્યાલયના પટાવાળા શ્રી. બી. એન. કડિયાને તેમના મકાન અંગે જમીન ખરીદવા માટે સ્ટે. ૧૮૮(૨) હેઠળ તેમના પ્રોવિડન્ટ ફન્ડ ખાતામાંથી યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ રૂ. ૩,૩૧૦ની બિલ્ડિંગ લોન મંજૂર કરવી.

૧૦. ભાષા-સાહિત્ય ભવનમાં રીડર ઇન પર્શિયનની જગ્યા એડહોક ધોરણે કામચલાઉ સમય માટે પ્રોફેસરની જગ્યામાં ફેરવી હોવાથી તે જગ્યા માટે વરણી સમિતિ પર ત્રણ સભ્યોની નિમણૂક કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ જગ્યા માટેની વરણીસમિતિ પર નીચેના સભ્યોની નિમણૂક કરવી :

૧. ડૉ. બી. એમ. ઘાઈ (મુંબઈ)
૨. પ્રો. એસ. એમ. મહેતા (જૂનાગઢ)
૩. પ્રો. એમ. એફ. લોખંડવાળા (ભરૂચ).

૧૧. ગુજરાત યુનિવર્સિટી સેન્ટ્રલ કન્ઝ્યુમર્સ કો.-ઑ. સ્ટોર્સ લિ.ના પેટાનિયમો-(બાયલૉઝ)ના નિયમ ૨૦ (અ) પ્રમાણે તેની વહીવટી સમિતિ પર ગુજરાત યુનિવર્સિટી તરફથી ચાર પ્રતિનિધિઓની નિમણૂક કરવા વિચારણા કરવા બાબત.

[નોંધ.—સંબંધકર્તા નિયમનો પાઠ નીચે મુજબ છે :

20–A (*a*) The Managing Committee shall consist of 13 members as follows :

(1) 4 members to be nominated by the University.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સ્ટોર્સની વહીવટી સમિતિ પર યુનિવર્સિટી તરફથી નીચેના ચાર પ્રતિનિધિઓની નિમણૂક કરવી :

૧. આચાર્ય દર્શનસિંઘ શીખ
૨. પ્રો. મનુભાઈ ડી. પંચોલી
૩. ડૉ. વી. સી. શાહ
૪. શ્રી. શરદભાઈ પટેલ.

૧૨. તા. ૨૬-૮-૧૯૭૪ના રોજ મળેલ ચિત્રકલા પરિભાષાની ઉપસમિતિમાં થયેલ નીચેના ઠરાવ પ્રમાણે દર્શાવેલ સભ્યોને સદરહુ સમિતિ પર કો-ઑપ્ટ કરવા અંગે વિચારણા કરવા બાબત :

ઠરાવ :

"તૈયાર થયેલા શબ્દો પૂરતા નથી તેમજ શિલ્પ-સ્થાપત્યનો ચિત્રકલા સાથેનો સંબંધ હોઈ તેવા વિષયના જાણકારોને આ સમિતિમાં કો-ઑપ્ટ કરવાની આ સભા એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરે છે :

૧. ડૉ. કે. એમ. સોમપુરા (એચ. કે. આર્ટ્સ કૉલેજ)
૨. શ્રી. કાલિદાસભાઈ શાહ (ધનાસુથારની પોળ)
૩. શ્રી. નટુભાઈ પરીખ (સી. એન. વિદ્યાવિહાર)."

આથી ઠરાવવામાં આવે છે કે ચિત્રકલા પરિભાષાની સમિતિ પર ઉપરના સભ્યોને કો-ઓપ્ટ કરવા માટે મંજૂરી આપવી.

૧૩. જાન્યુઆરી ૧૦ થી ૧૩, ૧૯૭૫ના સમય દરમિયાન નાગપુર મુકામે વિશ્વ હિંદી સંમેલન યોજાનાર છે તેમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગે સંમેલનના અધ્યક્ષશ્રી તરફથી આવેલા પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

(**નોંધ.** — યુનિવર્સિટીના હિન્દી વિભાગના અધ્યક્ષશ્રીને અધિવેશનમાં ભાગ લેવા માટે મોકલવાનું સૂચન કરેલ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સંમેલનમાં યુનિવર્સિટીના ભાષા-સાહિત્ય ભવન તરફથી કોઈ પ્રતિનિધિને મોકલવામાં આવે તે પર્યાપ્ત ગણવું અને યુનિવર્સિટી તરફથી અન્ય કોઈ પ્રતિનિધિને મોકલવા નહીં.

૧૪. ૪ નવેમ્બરથી ૭ નવેમ્બર ૧૯૭૪ના સમય દરમિયાન હૈદરાબાદ મુકામે Indian Association of Teachers Educatorsનું ૧૭મું વાર્ષિક અધિવેશન યોજાનાર છે તેમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગે વિચારણા કરવા બાબત.

(**નોંધ.** — અધિવેશનમાં મુખ્ય વિષય Changing Frontiers of Pedagogy છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ એસોસિયેશનના આગામી વાર્ષિક અધિવેશનમાં આ યુનિવર્સિટીના કોઈ પ્રતિનિધિને મોકલવા નહીં.

૧૫. ઑક્ટોબર ૧૯૭૪ના છેલ્લા સપ્તાહ દરમિયાન સુરત મુકામે યોજાનાર ગુજરાત સ્ટેટિસ્ટિકલ એસોસિયેશનના ત્રીજા વાર્ષિક અધિવેશનને સફળતા માટે પ્રતીક સહાય કરવા માટે સદરહુ એસોસિયેશનના પ્રમુખશ્રી તરફથી આવેલ પત્ર પર ભલામણ કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ એસોસિયેશનને દિલગીરીપૂર્વક જણાવવું કે પ્રતીક આર્થિક સહાય માટેની તેની વિનંતી મંજૂર કરી શકાય તેમ નથી.

૧૬. નવેંબર ૮ થી ૧૦, ૧૯૭૪ના સમય દરમિયાન ભાગલપુર મુકામે ધી નેશનલ એકેડેમી ઑફ સાયન્સીઝનું ૪૪મું વાર્ષિક સત્ર યોજાનાર છે તેમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગે એકેડેમીના સામાન્ય મંત્રીશ્રીના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ એકેડેમીના આગામી વાર્ષિક સત્રમાં આ યુનિવર્સિટીના કોઈ પ્રતિનિધિને મોકલવા નહીં.

૧૭. જાન્યુઆરી ૩થી ૭, ૧૯૭૫ના સમય દરમિયાન દિલ્હી મુકામે ઇન્ડિયન સાયન્સ કોંગ્રેસ એસોસિયેશનનું ૬૨મું અધિવેશન યોજાનાર છે તેમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ એસોસિયેશનના આગામી અધિવેશનમાં યુનિવર્સિટીના વિજ્ઞાન વિદ્યાભવનમાંથી ૬ પ્રતિનિધિઓને મોકલવામાં આવેલ છે તે પર્યાપ્ત ગણવું અને યુનિવર્સિટી તરફથી અન્ય કોઈ પ્રતિનિધિને મોકલવા નહીં.

૧૮. નવેંબર ૨થી ૪, ૧૯૭૪ના સમય દરમિયાન "Neurohumored Correlates of Behaviour" પર મદ્રાસ મુકામે પરિસંવાદ યોજનાર છે તેમાં પોતાને યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે મોકલવા અંગેની મ્યુનિસિપલ મેડિકલ કોલેજના અધ્યાપક ડો. એચ. જનાની સદરહુ કોલેજના ડીનશ્રી મારફતે આવેલ વિનંતી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પરિસંવાદમાં આ યુનિવર્સિટીના કોઇ પ્રતિનિધિને મોકલવા નહીં.

૧૯. ડિસેંબર ૨૨થી ૨૫, ૧૯૭૪ના સમય દરમિયાન ધી ઇન્ડિયન કોમર્સ એસોસિયેશનનું ૨૮મું અધિવેશન આંધ્ર યુનિવર્સિટી, વોલ્ટેર મુકામે યોજનાર છે તેમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ એસોસિયેશનના આગામી અધિવેશનમાં આ યુનિવર્સિટીના કોઇ પ્રતિનિધિને મોકલવા નહીં.

૨૦. જાન્યુઆરી ૧૯૭૫ના સમય દરમિયાન ઇન્ડિયન એકાઉન્ટિંગ એસોસિયેશનનું વાર્ષિક અધિવેશન તેમ જ એકાઉન્ટિંગ પર એક પરિસંવાદ મુંબઈ મુકામે યોજનાર છે તેમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ એસોસિયેશનના આગામી અધિવેશનમાં આ યુનિવર્સિટીના કોઇ પ્રતિનિધિને મોકલવા નહીં.

૨૧. જાન્યુઆરી ૧૪થી ૧૭, ૧૯૭૫ના સમય દરમિયાન The Indian Association of Dermatologists, Venerologists & Leprologistsનું ત્રિવેન્દ્રમ મુકામે વાર્ષિક અધિવેશન યોજે છે તેમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ એસોસિયેશનના આગામી અધિવેશનમાં આ યુનિવર્સિટીના કોઇ પ્રતિનિધિને મોકલવા નહીં.

૨૨. ચાલુ વર્ષ ૧૯૭૪-૭૫ના અંદાજપત્રમાં ફર્નિચર મરામત માટે રૂ. ૨,૫૦૦ની જોગવાઈ છે તે વધારીને રૂ. ૩,૫૦૦ની કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ચાલુ વર્ષ ૧૯૭૪-૭૫ના અંદાજપત્રમાં લાઇબ્રેરીના ફર્નિચર મરામત માટે રૂ. ૨,૫૦૦ના ખર્ચની જોગવાઇ છે તે વધારીને રૂ. ૩,૫૦૦ની કરવી.

૨૩. ચાલુ વર્ષ ૧૯૭૪-૭૫ના અંદાજપત્રમાં મનોવિજ્ઞાન ભવનના ફર્નિચર તથા સામગ્રી ખર્ચ ખાતે રૂ. ૨,૦૦૦ની જોગવાઈ છે તેમાં રૂ. ૧૦,૦૦૦ના ખર્ચની વધારાની જોગવાઈ કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ચાલુ વર્ષ ૧૯૭૪-૭૫ના અંદાજપત્રમાં મનોવિજ્ઞાન ભવનના ફર્નિચર તથા સામગ્રી ખર્ચ ખાતે રૂ. ૨,૦૦૦ની જોગવાઇ છે તે વધારી રૂ. ૧૦,૦૦૦ કરવી.

૨૪. ચાલુ વર્ષ ૧૯૭૪–૭૫ના અંદાજપત્રમાં યુનિવર્સિટી ગ્રંથાલય ફર્નિચર તથા સામગ્રી ખાતે રૂ. ૨૫,૦૦૦ સુધીના ખર્ચની જોગવાઈ છે તેમાં રૂ. ૭,૫૦૦ના ખર્ચની વધારાની જોગવાઈ કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે વર્ષ ૧૯૭૪–૭૫ના અંદાજપત્રમાં યુનિવર્સિટી ગ્રંથાલય ફર્નિચર તથા સામગ્રી ખર્ચ ખાતે રૂ. ૨૫,૦૦૦ સુધીના ખર્ચની જોગવાઈ છે તે વધારીને રૂ. ૩૨,૫૦૦ના ખર્ચની જોગવાઈ કરવી.

૨૫. રાષ્ટ્રીય યોજના હેઠળ કામ કરતા સહજાનંદ કૉલેજના અધ્યાપક-ઇન-ચાર્જ સામાજિક સંજોગોના લીધે પોતાની કામગીરી બજાવી શકે તેમ નથી તો તેમની જગ્યાએ નીચેના અધ્યાપક-ઇન-ચાર્જ નીમવા અંગે :

ક્રમાંક	કૉલેજનું નામ	નવા નિમાયેલ અધ્યાપક ઇન-ચાર્જનું નામ	અગાઉના અધ્યાપકની બદલીનું કારણ
૧.	સહજાનંદ કૉલેજ, અમદાવાદ	શ્રી. આર. એચ. ઠાકુર	શ્રી. આર. પી. શાહ કૌટુંબિક કારણોને લીધે કામગીરી બજાવી શકે તેમ નથી.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજના એન. એસ. એસ. એકમના અધ્યાપક-ઇન-ચાર્જ તરીકે શ્રી. આર. પી. શાહને બદલે શ્રી. આર. એસ. ઠાકુરને નીમવા.

૨૬. રાષ્ટ્રીય સેવા યોજનાના ચાલુ શૈક્ષણિક વર્ષથી નવા ફાળવવામાં આવેલ એકમો પૈકી નીચેની બે કૉલેજોના અધ્યાપક-ઇન-ચાર્જ તરીકે સામે દર્શાવેલ અધ્યાપકને નીમવા અંગે આચાર્યશ્રીના પત્ર ઉપર વિચારણા કરવા બાબત :

ક્રમાંક	કૉલેજનું નામ	અધ્યાપક-ઇન-ચાર્જનું નામ
૧.	આર્ટ્સ કૉલેજ, સંખેડા	શ્રી. ડી. એસ. નાયક, એમ.એ.
૨.	સૂરજબા મહિલા આર્ટ્સ કૉલેજ, નડિયાદ	શ્રી. આર. એમ. ત્રિવેદી, એમ.એ.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજોના એન. એસ. એસ. એકમના અધ્યાપક-ઇન-ચાર્જ તરીકે તેમના નામ સામે જણાવેલ અધ્યાપકોની નિમણૂક કરવી અને તેનો અમલ તા. ૧–૭–૧૯૭૪થી થયેલો ગણવો.

૨૭. શ્રીમતી બી. સી. જલુંધવાળા કૉલેજ ઑફ એજ્યુકેશન, ખંભાતના એમ.એડ. એજ્યુકેશન અનુસ્નાતક કેન્દ્રના પ્રોફેસર-ઇન-ચાર્જ તરીકે શ્રી. સી. કે. અકુવાલાની જગ્યાએ શ્રીમતી મધુબહેન એમ. શાહને નીમવા માટે તે કૉલેજના આચાર્યશ્રી તરફથી આવેલ પ્રસ્તાવ પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજના શિક્ષણશાસ્ત્રના અનુસ્નાતક કેન્દ્રના પ્રોફેસર-ઇન-ચાર્જ તરીકે આચાર્ય સી. કે. અકૂવાલાની જગ્યાએ શ્રીમતી મધુબહેન એમ. શાહને નીમવાં.

૨૮. કૉલેજ ઑફ એજ્યુકેશન, ડભોઈનું હાલનું નામ બદલીને "શ્રી મોતીલાલ નાથાભાઈ કૉન્ટ્રાક્ટર કૉલેજ ઑફ એજ્યુકેશન, ડભોઈ" રાખવા અંગે એક્ઝિક્યુટિવ કાઉન્સિલે તેની તા. ૧૮-૭-૧૯૭૪ની સભામાં પરવાનગી આપી હતી, પરંતુ તે કૉલેજના નામમાં હવે "શેઠશ્રી મોતીલાલ નાથાભાઈ કૉન્ટ્રાક્ટર કૉલેજ ઑફ એજ્યુકેશન, ડભોઈ" એમ સુધારો કરવા આચાર્યશ્રીની વિનંતી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી મોતીલાલ નાથાભાઈ કૉન્ટ્રાક્ટર કૉલેજ ઑફ એજ્યુકેશન, ડભોઈનું નામ બદલીને "શેઠ મોતીલાલ નાથાભાઈ કૉન્ટ્રાક્ટર કૉલેજ ઑફ એજ્યુકેશન, ડભોઈ" રાખવાનો સદરહુ પ્રસ્તાવ મંજૂર કરવો.

૨૯. નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઑફ ઑક્યુપેશનલ હેલ્થ, અમદાવાદ તરફથી જૂન ૧૯૭૫થી ડિપ્લોમા ઇન ઑક્યુપેશનલ હેલ્થ અને એમ. ડી. ઇન ઑક્યુપેશનલ હેલ્થના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ માન્યતા માટે આવેલ અરજી પર સ્થાનિક તપાસસમિતિ નીમવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે નીચે જણાવેલા સભ્યોની સ્થાનિક તપાસસમિતિ નીમવી :

૧. ડૉ. જ્યોતીન્દ્ર ભટ્ટ

૨. શ્રી. સુમન્ત મજમુદાર.

૩૦. પેટલાદ એજ્યુકેશન ટ્રસ્ટ, પેટલાદ સંચાલિત શ્રી આર. કે. પરીખ આર્ટ્સ એન્ડ શ્રી એમ. કે. પટેલ કામર્સ કૉલેજ, પેટલાદનું વિભાગીકરણ કરવા તથા શ્રી આર. કે. પરીખ આર્ટ્સ કૉલેજ, પેટલાદનું જૂન ૧૯૭૫થી શ્રી આર. કે. પરીખ સાયન્સ કૉલેજ, પેટલાદ સાથે સંયોજન કરવા માટેની આવેલ અરજી પર સ્થાનિક તપાસસમિત નીમવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે નીચે જણાવેલા સભ્યોની સ્થાનિક તપાસસમિતિ નીમવી :

૧. આચાર્ય એમ. સી. શાહ

૨. આચાર્ય દર્શનસિંઘ શીખ

૩. ડૉ. વી. સી. શાહ.

૩૧. ૧૯૭૪-૭૫ના વર્ષમાં ગુજરાત યુનિવર્સિટીની સંલગ્ન કૉમર્સ કૉલેજના વિદ્યાર્થીઓ માટે ગુજરાતી ભાષામાં બૅન્કિંગ અને બચતને લગતા વિષય પર યોજાનાર બૅન્ક ઑફ બરોડા ટ્રૉફી વકતૃત્વસ્પર્ધા માટે બે નિર્ણાયકો નિયુક્ત કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વકતૃત્વસ્પર્ધા માટે નીચે જણાવેલ વ્યક્તિઓ પૈકી બે જણની નિમણૂક ક્રમાનુવર્તી ધોરણે કરવી :

૧. ડૉ. બિહારીલાલ કનૈયાલાલ

૨. શ્રી. અમૂલખભાઈ પટેલ

૩. શ્રી. છોટુભાઈ પટેલ

૪. શ્રી. આઈ. યુ. હુકાવાળા.

૩૨. એકિઝકયુટિવ કાઉન્સિલની તા.૧૫-૧૨-૧૯૭૩ની સભામાં ગુજરાત યુનિવર્સિટીના સુધારેલા કાયદાના શિડયુલ-૨ ના સ્ટેચ્યૂટ ૫ પ્રમાણે બોર્ડ ઓફ એકસ્ટ્રા-મ્યુરલ સ્ટડીઝના સભ્ય તરીકે પ્રિ. ય. પ્રા. શુકલને નિયુક્ત કરેલ. તેઓશ્રીની ખાલી પડેલ જગ્યા પર એક નવા સભ્યની નિમણૂક કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બોર્ડ પર આચાર્ય ય. પ્રા. શુકલની જગ્યાએ તા. ૧૪-૧૨-૧૯૭૭ની મુદત સુધી પ્રો. દેવવ્રત પાઠકની નિમણૂક કરવી.

૩૩. યુનિવર્સિટીના શૈક્ષણિક તથા બિનશૈક્ષણિક કર્મચારીઓને તબીબી રાહત અંગેની સવલત આપવાનું એકિઝકયુટિવ કાઉન્સિલે મંજૂર કરી તે અંગેના નિયમો તેની તા. ૪-૭-૧૯૭૩ની સભામાં મંજૂર કરેલ તેના સંદર્ભમાં આ માટેના વધારાના ખર્ચ માટેની ગ્રાન્ટ મેળવવા અંગે રાજ્ય સરકારને તા. ૨૧-૫-૧૯૭૪ના પત્રથી વિનંતી કરવામાં આવેલ તેના પ્રત્યુત્તરમાં તેઓશ્રીએ તેમના તા. ૨૩-૮-૧૯૭૪ના પત્રમાં જણાવ્યા પ્રમાણે આ માટેની સરકારશ્રીની અગાઉથી મંજૂરી મેળવેલ ન હોવાથી તે અંગેનો વધારાનો ખર્ચ યુનિવર્સિટીએ ભોગવવાનો રહે છે તે બાબતની નોંધ લેવા અંગે.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે યોગ્ય રજૂઆત કરીને રાજ્ય સરકારને પુનર્વિચારણા કરવા માટે કુલપતિશ્રીએ વિનંતી કરી છે તેની નોંધ લેવી.

૩૪. નવેમ્બર તા. ૧ થી ૩, ૧૯૭૪ના સમય દરમ્યાન ગુજરાતી સાહિત્ય પરિષદનું આઠમું જ્ઞાનસત્ર બ્યારાનગર મુકામે યોજાનાર છે તે અંગે પરિષદને યથાશકય આર્થિક સહાય કરવા માટે પરિષદના સ્વાગત મંત્રીશ્રી તરફથી આવેલ તા. ૨૯-૮-૧૯૭૪ના પત્ર પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ જ્ઞાનસત્ર માટે આર્થિક સહાય આપવાનું બની શકે તેમ નથી એમ ગુજરાતી સાહિત્ય પરિષદને દિલગીરીપૂર્વક જણાવવું.

૩૫. વિજ્ઞાન વિદ્યાભવનમાં રસાયણવિજ્ઞાનના પ્રોફેસરની નિમણૂકના સંદર્ભમાં પ્રો. એમ. એન. દેસાઈએ કરેલી રિટ અરજી પાછી ખેંચી છે તેમ જણાવતા એડવોકેટ શ્રી. એસ. એન. શેલતના તા. ૨૫-૮-૧૯૭૪ના પત્રની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૩૬. તોલાણી કૉલેજ ઑફ આર્ટ્સ ઍન્ડ સાયન્સ, આદિપુરે જૂન ૧૯૭૫થી બી.એ. (મિન્સિ.)માં ઇતિહાસના વધારાના જોડાણ માટેની અરજી તથા તેની વિજ્ઞાન વિદ્યાશાખા બંધ કરવાની અરજી પાછી ખેંચી છે તેની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૩૭. યુનિવર્સિટીએ નિયત કરેલ કેટલાંક અરજીપત્રો (ફૉર્મ)ની વેચાણ કિંમત નિયત કરવા અંગે વિચારણા કરવા બાબત.

(1) Application form for teaching posts

(2) Application form for a Migration Certificate

(3) Application form for an Eligibility Certificate

(4) Application form for an Enrolment Certificate.

સદરહુ બાબતના સંદર્ભમાં અનુસ્નાતક વિદ્યાર્થીઓની નોંધણી તથા અનુસ્નાતક શિક્ષક/મદદનીશ અનુસ્નાતક શિક્ષકની માન્યતા માટેની અરજી માટેના ફૉર્મની કિંમત નક્કી કરવા વિચારણા કરવામાં આવી.

તે પછી ઠરાવવામાં આવ્યું કે નીચે જણાવેલાં ફૉર્મ માટે તેના નામ સામે જણાવેલ ફી નિયત કરવી :

(1) Application form for teaching posts	Rs. 2/—
(2) Application form for a Migration Certificate	Re. 1/—
(3) Application form for an Eligibility Certificate	Re. 1/—
(4) Application form for an Enrolment Certificate	Re. 1/—
(5) Application form for registration as a Post-graduate student	Re. 1/—
(6) Application form for recognition as a Post-graduate teacher or an Assistant post-graduate teacher.	Re. 1/—

૩૮. ગુજરાત રાજ્યના શિક્ષણ અને મજૂર ખાતા તરફથી આ યુનિવર્સિટીને સને ૧૯૭૩-૭૬ના ત્રિવાર્ષિક ગાળા માટેની બ્લૉક મેન્ટેનન્સ ગ્રાન્ટ નક્કી કરવાની બાકી હોઈ વચગાળાના સમય માટે વાર્ષિક રૂ. ૨૦,૦૦,૦૦૦ (વીસ લાખ)ની ગ્રાન્ટ ઍડહૉક ધોરણે આપવાનું મંજૂર કર્યા અંગેના તેઓશ્રીના તા. ૫-૯-૧૯૭૪ના પત્ર ક્રમાંક યુ.એસ.જી. ૧૧૭૪-ખ ની નોંધ લેવા બાબત.

શરત નં. ૧ :

No additional Block Maintenance Grant for over and above Adhoc provisional Block Grant should be paid.

(૧) આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

(૨) વધુમાં ઠરાવવામાં આવ્યું કે ઉપરની શરત નં. ૧ના સંદર્ભમાં રાજ્ય સરકાર સમક્ષ થઈ રજૂઆત કરી તે શરતની બાબતમાં જરૂરી સુધારો/સ્પષ્ટતા કરવા માટે રાજ્ય સરકારને કુલપતિશ્રીએ વિનંતી કરી છે તેની નોંધ લેવી.

૩૯. એક્ઝિકયુટિવ કાઉન્સિલની તા. ૧૬-૧૧-૧૯૭૩ની સભામાં સ્ટેચ્યૂટ-ઑર્ડિનન્સ ઘડવા અંગે નિયુક્ત કરેલી સમિતિએ ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૧૬ વર્ગ (૨) સામાન્ય સભ્યો (બી) (ii) હેઠળ આપેલો નીચેનો પ્રોવિઝો રદ કરવા કરેલી ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

"Provided that for the purpose of election of ordinary members a person entiteled to stand as a candidate or to vote in more than one constituency shall before such date as may be appointed by the Statutes, elect the constituency from which he desirous to stand as a candidate or to vote at the election and shall not be entitled to stand or vote in more than one constituency."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પ્રોવિઝો રદ કરવા માટે જરૂરી કાર્યવાહી કરવા માટે રાજ્ય સરકારને વિનંતી કરવી.

૪૦. રાજ્યસભા અથવા ધારાસભામાં ચૂંટાયેલ અથવા નોમિનેટ કરેલ શિક્ષકને તેમની શૈક્ષણિક જગ્યા પરથી રાજીનામું આપવાની અથવા લાંબી રજા પર જવાની જરૂર ન પડે અને તેમના સભ્યપદના સમય દરમિયાન શૈક્ષણિક કાર્યને વાંધો ન આવે તે માટે તેમને ઓછામાં ઓછા દિવસો શૈક્ષણિક કાર્ય માટે નક્કી કરવાની યુ.જી.સી.ની સલાહ યુનિવર્સિટી તથા તેની કૉલેજોના ધ્યાન પર લાવવાનું જણાવતા યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનના તા. ૧૦-૯-૧૯૭૪ના ડી.ઓ. પત્રાંક એફ. ૧-૧૧૩-૭૩ (સીડી) પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત ગુજરાત રાજ્યની યુનિવર્સિટીઓના વાઇસ-ચાન્સેલરોના બોર્ડની વિચારણા માટે મોકલવી.

૪૧. વિજ્ઞાન વિદ્યાભવનના સ્પેસ સેન્ટર માટે લેક્ચરર ઇન સ્પેસ સાયન્સીઝ એન્ડ ધેર એપ્લિકેશન્સની જગ્યા માટે તા. ૧૭-૮-૧૯૭૪ના રોજ મળેલી વરણીસમિતિની ભલામણ પર વિચારણા કરી સમિતિની ભલામણ મુજબ આ જગ્યા માટે ફરી જાહેરાત આપવા અંગેની એકેડેમિક કાઉન્સિલની તા. ૨૧-૮-૧૯૭૪ની સભાની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વરણીસમિતિની ભલામણ મંજૂર કરી તથા તે મુજબ વિજ્ઞાન વિદ્યાભવનના સ્પેસ સેન્ટર માટે સ્પેસ સાયન્સના લેક્ચરરની જગ્યા માટે ફરીથી જાહેરખબર આપીને નવેસરથી અરજીઓ મગાવવી.

૪૨. શ્રી. દેવેન્દ્રસિંહ સોલંકીના નીચેના પ્રસ્તાવો એક્ઝિકયુટિવ કાઉન્સિલે તેની તા. ૧૮-૫-૧૯૭૪ની સભામાં વિનયન વિદ્યાશાખાની વિચારણા માટે મોકલેલ તે બાબતમાં શિક્ષણ સહિતની વિનયન વિદ્યાશાખાએ તેની તા. ૭-૯-૧૯૭૪ની સભામાં સદરહુ પ્રસ્તાવો સાથે આ વિદ્યાશાખા સહમત નથી તેમ અભિપ્રાય આપવા ઠરાવેલ હોઈ તે પર વિચારણા કરવા બાબત.

પ્રસ્તાવો :

(૧) વ્યાયામ વિષય એસ.એસ.સી.ની માફક પ્રી-યુનિ.માં દાખલ કરવા અંગે પ્રી-યુનિ.માં ગુજરાતી અથવા હિન્દી, પરિશિયનમાંથી ગમે તે એક વિષય રાખવામાં આવે છે તેવી રીતે વ્યાયામનો વિષય પણ તેમાં ઉમેરવો. એટલે કે ગુજરાતી, હિંદી, પરિશિયન અને વ્યાયામ (ગમે તે એક) એવો ઠરાવ કરવા વિનંતી.

(૨) જુદી જુદી યુનિવર્સિટીમાં ચાલે છે તે પ્રમાણે ગુજરાત યુનિવર્સિટીમાં વેકેશન વર્ગ એમ.પી.ઈ.ના ચલાવવા અંગે દિવાળી–ઉનાળાના વેકેશનમાં કવોલિફાઈડ કોચ બહારથી બોલાવી વેકેશન વર્ગ ચલાવી વ્યાયામશિક્ષકોને માસ્ટર ડિગ્રી આપવામાં મદદ કરવી જોઈએ.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પ્રસ્તાવ અંગે વિનયન વિદ્યાશાખાનો અભિપ્રાય સ્વીકારવો.

૪૩. સમાજવિદ્યા ભવનના રાજ્યશાસ્ત્ર વિભાગ માટે એક સંશોધન મદદનીશની જગ્યા સ્થાપવા અંગે ભવનના અધ્યક્ષશ્રીના તા. ૨૬-૬-૧૯૭૪ના પ્રસ્તાવ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પ્રસ્તાવ હાલ મંજૂર કરવો નહીં.

૪૪. બાયકોબાયોલોજી વિષયની પ્રાયોગિક પરીક્ષાની બાબતમાં તે વિષયની અભ્યાસસમિતિની તા. ૧૪-૮-૧૯૭૪ની સભાએ કરેલી નીચેની ભલામણ અંગે વિચારણા કરવા બાબત :

"બાયકોબાયોલોજી વિષયની તૃતીય વર્ષ બી.એસસી.ની પ્રાયોગિક પરીક્ષા દરમ્યાન વિવિધ પેથોલોજિકલ નમૂના, વનસ્પતિરોગના નમૂના વગેરે બહારથી લાવવા માટે તથા અન્ય કાર્ય અંગે એક ટેકનિશિયનની જરૂર હોવાથી આ અંગે લેબોરેટરી ટેકનિશિયનની નિમણૂક માટે આ બોર્ડ ભલામણ કરે છે."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત વિજ્ઞાનની પરીક્ષાઓ માટેના દરેક અંગેની સમિતિની વિચારણા માટે મોકલવી.

૪૫. તબીબી વિદ્યાશાખાની તા. ૩-૭-૧૯૭૪ની સભાની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

"આથી ઠરાવવામાં આવે છે કે એમ.બી.,બી.એસ.ની બધી પરીક્ષાઓમાં વિદ્યાર્થીઓને જે નંબરો આપવામાં આવે છે તેમાં ડમી નંબરની પદ્ધતિ દાખલ કરવા ભલામણ કરવામાં આવે છે."

આથી ઠરાવવામાં આવે છે કે હાલના સંજોગોમાં ડમી નંબરની પદ્ધતિ વધુ વિસ્તારવાનું શક્ય નથી; તેથી સદરહુ ભલામણ સ્વીકારવી નહિ.

૪૬. તોલાણી કોમર્સ કોલેજ, આદિપુરની જૂન ૧૯૭૫થી જોડાણ કરવા માટેની શરતો પૈકી એક શરત લાયકાત ધરાવતા ગ્રંથપાલની નિમણૂક કરવાની હતી. લાયકાત ધરાવતા ગ્રંથપાલ નહીં મળતા હોવાથી ગ્રંથપાલની નિમણૂક અંગેની શરત એક વર્ષ માટે ક્ષમ્ય કરવા અંગે સદરહુ કોલેજના આચાર્યશ્રીએ કરેલ વિનંતી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજમાં ચાલુ વર્ષે કુ. વિલાઈટની ગ્રંથપાલ તરીકે ને નિમણૂક કરવામાં આવી છે તે ગ્રાહ્ય રાખવી અને જૂન ૧૯૭૫થી યોગ્ય લાયકાત ધરાવતા ગ્રંથપાલની નિમણૂક કરવા તેમને જણાવવું.

૪૭. તબીબી વિદ્યાશાખાની તા. ૩-૭-૧૯૭૪ની સભાની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

"આથી ભલામણ કરવામાં આવે છે કે નીચે જણાવેલી પ્રાયોગિક પરીક્ષાઓ માટે સ્ટાફની વ્યવસ્થા નીચે મુજબ રાખવી :

(1) For D.C.P. staff required		No. of days
1.	One expert Assistant	4
2.	One Laboratory Assistant	4
3.	Hamal	4
4.	Gas Plant Operator	3

(2) For M.D. Br. VIII Physiology : Same as previously sanctioned for M.Sc. (Medical) Physiology."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત પ્રાયોગિક પરીક્ષાના દરો માટેની સમિતિની વિચારણા માટે મોકલવી.

૪૮. હરિ ૐ આશ્રમ પ્રેરિત રામાનુજમ્ ગણિત પ્રતિભા શોધ યોજના માટે શાળા કક્ષાના વિદ્યાર્થીઓ માટેની સ્પર્ધાઓ યોજવા માટેની કામગીરી ગુજરાત ગણિત મંડળ જેવી સંસ્થાને સોંપવા અંગેના સૂચન અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ યોજના માટે ગુજરાત ગણિત મંડળનાં સહાય અને સહકાર મેળવીને જરૂરી સ્પર્ધાઓ યોજવા માટે વિજ્ઞાન વિદ્યાભવનના ગણિત વિભાગને જણાવવું.

૪૯. યુનિવર્સિટી ગ્રંથાલય હાલ પરીક્ષાના કારણે રાતના ૧૧-૦૦ વાગ્યા સુધી ખુલ્લું રહે છે તેના સંદર્ભમાં ગ્રંથાલયના કર્મચારીઓની આર્થિક લાભ માટેની તેમણે તા. ૨૬-૮-૧૯૭૪ના પત્રથી કરેલી વિનંતી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે—

(૧) યુનિવર્સિટીની પરીક્ષાઓની મોસમોમાં યુનિવર્સિટી ગ્રંથાલયનો સમય રવિવાર અને તહેવારોની રજાઓ સહિત બધા દિવસોએ રાબેતા મુજબ રાત્રે ૯-૦૦ સુધી રાખવો.

(૨) યુનિવર્સિટી પરીક્ષાઓની મોસમોમાં ગ્રંથાલયનો વાચનવિભાગ રાત્રે ૧૧-૦૦ સુધી ખુલ્લો રાખવો અને તે માટે જે કર્મચારીગણને જ્યારે રોકવામાં આવે ત્યારે તેમને નીચેના દરે ઓવરટાઇમ કામનું ભથ્થું આપવું :

૧.	પટાવાળા અને તેની સમકક્ષ જગ્યા ...	કલાકના રૂ. ૧-૨૫ વધુમાં વધુ દરરોજના ચાર કલાક
૨.	જુનિયર ક્લાર્ક અને તેની સમકક્ષ જગ્યા ...	કલાકના રૂ. ૨-૦૦ —ઉપર મુજબ—

૩. સીનિયર કલાર્ક અને ... કલાકના રૂ. ૨-૨૫ —ઉપર મુજબ —
તેની સમકક્ષ જગ્યા

૪. હેડ ક્લાર્ક અને તેની ... કલાકના રૂ. ૨-૫૦ —ઉપર મુજબ —
સમકક્ષ જગ્યા

(૩) તહેવારોની રજાના દિવસોએ ગ્રંથાલયના જે કર્મચારીગણને રોકવામાં આવે તેમને બદલાની રજા આપવી; પરંતુ પરીક્ષાની મોસમોમાં તહેવારની રજાના દિવસે જે કર્મચારીગણને રોકવામાં આવે તેમને બદલાની રજા કે નં. (૨)માં જણાવેલ દરે ઓવરટાઇમ કામનું ભથ્થું સ્વીકારવાનો વિકલ્પ તેમને આપવો.

૫૦. ૧૯૭૩ના ગુજરાત એક્ટ નંબર ૬ ના શિડયુલ ૨ માં જણાવેલા સ્ટેચ્યૂટ ૧૩ની પેટા-કલમ (૩) અને (૪) નીચે મુજબ સુધારવા અંગે એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૨૧-૮-૧૯૭૪ની સભામાં એક્ઝિકયુટિવ કાઉન્સિલ તથા યુનિવર્સિટી કોર્ટને કરેલી ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

(3) No member of the committee or of the Executive Council shall be appointed as an Examiner except by a resolution passed by the Executive Council.

(4) A member of the committee or the Executive Council who is appointed as an Examiner shall not be eligible to receive remuneration exceeding Rs. 500/- in any Examination season.

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ભલામણ મુજબ સદરહુ સ્ટેચ્યૂટની પેટાકલમ (૩) અને (૪) ઉપર મુજબ વંચાય તે રીતે સુધારીને સુધારેલો સ્ટે. ૧૩ મંજૂર કરવા માટે યુનિવર્સિટી કોર્ટને ભલામણ કરવી.

૫૧. યુનિવર્સિટીની ભલામણને અનુલક્ષીને જે સંલગ્ન કૉલેજો-માન્ય સંસ્થાઓએ તા. ૧-૪-૧૯૭૧થી બિનશૈક્ષણિક કર્મચારીઓનાં પગારધોરણો સુધારેલાં છે અને તે સમયે પાછલી નોકરી પર દરેક કર્મચારીને બે ઇજાફા (ઇન્ક્રીમેન્ટ) આપેલા છે તે સંસ્થાઓએ યુનિવર્સિટીએ તા. ૧-૪-૧૯૭૩થી અમલમાં મૂકેલ નવાં પગારધોરણોમાં બિનશૈક્ષણિક કર્મચારીઓને ઇજાફા આપવાના રહે છે કે કેમ તે અંગેના સર એલ. એ. શાહ લૉ કૉલેજના આચાર્ય શ્રી તરફથી આવેલા પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે જે કૉલેજો-સંસ્થાઓએ એક્ઝિકયુટિવ કાઉન્સિલે તેની તા. ૧૬-૩-૧૯૭૪ની સભામાં બાબત નં. ૩૭ ના ઠરાવથી કરવામાં આવેલી ભલામણ મુજબ તા. ૧-૪-૧૯૭૩ પહેલાં પોતાના કર્મચારીઓને પાછલી નોકરી પર જે ઇજાફા આપ્યા હોય તે ઇજાફા બાદ કરીને બાકીના ઇજાફા જો આપવાના થતા હોય તો તે તા. ૧-૪-૧૯૭૩થી આપવાના રહેશે એમ સ્પષ્ટતા કરવી.

૫૨. ઑ. ૧૨૯ના પ્રોવિઝોના પેરા નં. ૩માં "Or University Departments" શબ્દો ઉમેરવા અંગે વિચારણા કરવા બાબત.

સુધારેલો પ્રોવિઝો હવે નીચે મુજબ વંચાશે :

Proviso :

"It is further provided that the application for admission to the various examinations received after the prescribed date will be accepted with late fees as under :

If application is received within a period of 15 days from the date prescribed, the late fees Rs. 10/- be charged together with the examination fees.

Notwithstanding anything contained above, it shall be competent for the Registrar in his discretion to condone the delay on the part of an affiliated college or recognised institution or University Departments or a candidate in submitting the application form or forms for admission to any of the University examinations, if any, he is satisfied that there is sufficient reason to do so."

આથી ઠરાવવામાં આવે છે કે ઑર્ડિ. ૧૨૯નો પ્રોવિઝો ઉપર મુજબ વંચાય તે રીતે સુધારવો અને સુધારેલા ઑર્ડિ. ૧૨૯ને તાત્કાલિક અમલમાં મૂકવો.

૫૩. સ્વામિનારાયણ આર્ટ્સ કૉલેજ, અમદાવાદમાંથી અંગ્રેજીના લેકચરર તરીકે કામ કરતા શ્રી. જી. આર. ભાવસારને છૂટા કરવા અંગેની ફરિયાદની બાબતમાં એકિઝકયુટિવ કાઉન્સિલે તેની તા. ૧૮-૫-૧૯૭૪ની સભામાં કરેલા નીચેના ઠરાવને અનુલક્ષીને મેળવવામાં આવેલી ધારાકીય સલાહના સંદર્ભમાં આગળ વિચારણા કરવા બાબત :

"આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે ધારાકીય સલાહ લઈને તે મુજબ જરૂરી પગલાં લેવાનું રાખવું.

વધુમાં ઠરાવવામાં આવે છે કે સદરહુ લવાદ પંચ પર કૉલેજ સંચાલક મંડળના પ્રતિનિધિને નીમવા આ સભાગૃહના ઠરાવ અન્વયે યુનિવર્સિટી કાર્યાલય તરફથી જણાવવામાં આવેલું હોવા છતાં તેનો જવાબ આપવામાં આવ્યો નથી તે બાબતની ગંભીરતા તરફ સંચાલકનું ધ્યાન ખેચવું."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૫૪. સંલગ્ન કૉલેજોમાં કાર્ય કરતા શિક્ષકોને બઢતી આપતી વખતે સંબંધકર્તા શિક્ષક કર્મચારીને ઉપલા પગારધોરણમાં એક પગથિયું આગળ મૂકવા અંગેના ગુજરાત યુનિવર્સિટી વિસ્તાર અધ્યાપક મંડળ, અમદાવાદના મંત્રીશ્રીના આવેલા તા. ૧૬-૭-૭૪ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સંલગ્ન કૉલેજો અને માન્ય સંસ્થાઓના શૈક્ષણિક વર્ગના અને બિનશૈક્ષણિક વર્ગના કર્મચારીઓનાં પગારધોરણો અને સેવાઓની અન્ય શરતો અંગે જે પ્રશ્નો ઊભા થાય તે બાબતમાં જરૂરી વિચારણા કરીને પોતાની ભલામણો રજૂ કરવા માટે નીચે જણાવેલા સભ્યોની સ્થાયી સમિતિ નીમવી :

૧. આચાર્ય એમ. સી. શાહ
૨. આચાર્ય દર્શનસિંઘ શીખ
૩. ડૉ. એમ. એન. દેસાઈ
૪. પ્રો. મનુભાઈ પંચોલી
૫. શ્રી. મણિભાઈ બ્રહ્મભટ્ટ.

વધુમાં ઠરાવવામાં આવે છે કે એકિઝકયુટિવ કાઉન્સિલે તેની તા. ૧૬-૧૧-૧૯૭૩ની સભામાં નીમેલી સમિતિને સમેટી લેવી અને તેનું કામકાજ હવે પછી તા. ૬-૧૦-૧૯૭૪થી ઉપર જણાવેલી સ્થાયી સમિતિને સોંપવું.

૫૫. નવગુજરાત આર્ટ્સ કૉલેજ, અમદાવાદને જૂન ૧૯૭૫થી બી.એ.(પ્રિન્સિ.)માં હિન્દીના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાના જોડાણ માટેની સદરહુ કૉલેજના આચાર્યશ્રીની વિનંતી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ જોડાણઅરજી સ્વીકારવી અને તે માટે સ્થાનિક તપાસ-સમિતિ નીમવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૫૬. એમ. એન. કૉલેજ, વીસનગરને જૂન ૧૯૭૩થી બી.એ.(પ્રિન્સિ.)માં તત્ત્વજ્ઞાન; બી.એ.(સબો.)માં આંકડાપદ્ધતિ તથા બી.એસસી.(સ્પે.)માં પ્રાણીવિજ્ઞાન અને આંકડાશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૩થી તા. ૧૪-૬-૧૯૭૬ સુધીના ચાલુ જોડાણ માટેની શરતોના પરિપાલનના સંદર્ભમાં સદરહુ જોડાણ આપવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે એમ. એન. કૉલેજ, વીસનગરને બી.એ.(પ્રિન્સિ.)માં તત્ત્વજ્ઞાન, બી.એ.(સબો.)માં આંકડાપદ્ધતિ તથા બી.એસસી.(સ્પે.)માં પ્રાણીવિજ્ઞાન અને આંકડાશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૩થી તા. ૧૪-૬-૧૯૭૬ સુધીનું ચાલુ જોડાણ આપવું.

વધુમાં ઠરાવવામાં આવે છે કે આંકડાશાસ્ત્રના પ્રાધ્યાપકની તાકીદે નિમણૂક કરી યુનિવર્સિટીને તેની જાણ કરવા માટે તેને જણાવવું.

૫૭. શિક્ષકગણમાંથી છાત્રાલયના ગૃહપતિ તરીકે ફરજો બજાવવા કોઈ તૈયારી બતાવતું ન હોઈ બિનશૈક્ષણિક કર્મચારીઓમાંથી અને તેમાં પણ કોઈ તૈયાર ન હોય તો બહારની વ્યક્તિની ગૃહપતિ તરીકે નિમણૂક કરી શકાય કે કેમ તે અંગે માર્ગદર્શન માગતા પારેખ બ્રધર્સ સાયન્સ કૉલેજ, કપડવંજના આચાર્યશ્રીના તા. ૨૬-૮-૧૯૭૪ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ઉપરના સંજોગોમાં છાત્રાલયના ગૃહપતિ તરીકે સદરહુ કૉલેજના બિનશૈક્ષણિક કર્મચારીની કે અન્ય કોઈ વ્યક્તિની નિમણૂક કરવા માટે મંજૂરી આપવી.

૫૮. આચાર્ય એમ. સી. દેસાઈ સુવર્ણચંદ્રક ૧૯૭૨-૭૩ના વર્ષ માટે (સમાજ-વિજ્ઞાનના વિષયો માટે) એનાયત કરવા માટે આવેલ સંશોધનો તપાસીને અભિપ્રાય આપવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલે તેની તા. ૮-૯-૧૯૭૪ની સભામાં નીમેલ બે સભ્યોની બનેલી નિષ્ણાત સમિતિના સભ્યોના અભિપ્રાયમાં મતભેદ હોઈ તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે ડૉ. મધુભાઈ બૂચનો અભિપ્રાય મેળવવો અને તે અભિપ્રાય આવ્યેથી આ સભાગૃહ સમક્ષ રજૂ કરવો.

૫૯. ગુજરાત યુનિવર્સિટીની રજત જયંતી મહોત્સવની ઉજવણી અંગે ગુજરાતમાં હાલ પ્રવર્તમાન દુષ્કાળની પરિસ્થિતિને અનુલક્ષીને પુનર્વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ગુજરાત રાજ્યમાં ચાલુ વર્ષે પ્રવર્તતી દુષ્કાળની દારુણ પરિસ્થિતિમાં યુનિવર્સિટીના રજત જયંતી મહોત્સવમાં ઉત્સવનું તત્ત્વ રાખવું નહીં, પરંતુ યુનિવર્સિટીના સ્થાપનાદિને પ્રસંગોચિત સભાનું આયોજન રાખવું.

દાન મેળવવાની પ્રવૃત્તિ ધપાવ્યે રાખવી.

૬૦. બોર્ડ ઑફ યુનિ. ટીચિંગ એન્ડ રિસર્ચની તા. ૧૯-૬-૧૯૭૪ની સભાની નીચેની ભલામણ મંજૂર કરી તેને ઑર્ડિ. ૬૫-એફ (૧)માં નોંધ નં. ૬ તરીકે તથા ઑર્ડિ. ૬૫-એમ (૧)માં નોંધ નં. ૪ તરીકે ઉમેરીને તે મુજબ સુધારેલા ઑર્ડિ. ૬૫-એફ (૧) અને ઑર્ડિ. ૬૫ એમ (૧) મંજૂર કરવા તથા તેને તાત્કાલિક અમલમાં મૂકવા અંગેની એકેડેમિક કાઉન્સિલની તા. ૨૧-૮-૧૯૭૪ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત. (એ.કા. બાબત ક્રમાંક ૧૨)

"માન્ય અનુસ્નાતક શિક્ષક તરીકે તથા માન્ય અનુસ્નાતક શિક્ષકના મદદનીશ શિક્ષક તરીકેની માન્યતા આપવામાં અનુક્રમે સુધારેલા ઑર્ડિ. ૬૫-એફ (૧)ની નોંધ (૫) હેઠળ નોંધ (૬) તરીકે તથા ઑર્ડિ. ૬૫-એમ (૧)ની નોંધ (૩) હેઠળ નોંધ (૪) તરીકે નીચેનો ભાગ ઉમેરવા એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવી :

> In case of a Tutor-Demonstrator, who possesses the necessary qualification for being appointed as a Lecturer, the teaching experience gained by him in the said post, shall be considered for the recognition to a maximum period of two years only. The rest of the required teaching experience shall be as per rules in force from time to time."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બોર્ડની અને એકેડેમિક કાઉન્સિલની ભલામણ મુજબ ઑર્ડિ. ૬૫-એફ (૧)ની નોંધ (૫) પછી નોંધ (૬) તરીકે તથા ઑર્ડિ. ૬૫-એમ (૧)ની નોંધ (૩) પછી નોંધ (૪) તરીકે ઉપરની નોંધ ઉમેરવી તથા તે મુજબ સુધારેલા ઑર્ડિનન્સ મંજૂર કરવા તથા તેને તાત્કાલિક અમલમાં મૂકવા.

૬૧. બાંધકામ સમિતિની તા. ૧૬-૯-૧૯૭૪ની સભાની નોંધ મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૧૬-૯-૧૯૭૪ની સભાની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિની તા. ૧૬-૯-૧૯૭૪ની સભાની કાર્યવાહીની નોંધની નકલ **પરિશિષ્ટ "ક"** તરીકે સામેલ છે.)

૬૨. સ્થાયી કાનૂનવિષયક સમિતિની તા. ૬-૯-૧૯૭૪ના રોજ મળેલ સભાની ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૬-૯-૧૯૭૪ની સભાની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિની તા. ૬-૯-૧૯૭૪ની સભાની કાર્યવાહીની નોંધની નકલ **પરિશિષ્ટ "ખ"** તરીકે સામેલ છે.)

૬૩. તાજેતરમાં વિદ્યાર્થીઓ તરફથી વિદ્યાર્થી સંસદના સંલગ્ન કોલેજોની ચૂંટણી અંગેના અમુક નિયમો માટે વડી અદાલતમાં થયેલ રિટ અરજીના ચુકાદાના અનુસંધાનમાં બોર્ડ ફૉર સ્ટુડન્ટ્સ વેલ્ફેરના ઑર્ડિ. ૫૧-એ ની કલમ ૨ (ઈ) રદ્દ કરવા અને કૉલેજ ડની એક્સપ્લેનેશન નોટ્સમાં સુધારો કરવા માટે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સુધારેલો ઑર્ડિ. ૫૧-એ મંજૂર કરવો તથા તેને તાત્કાલિક અમલમાં મૂકવો.

(સુધારેલા ઑર્ડિ. ૫૧-એ ની નકલ **પરિશિષ્ટ "ગ"** તરીકે સામેલ છે.)

૬૪. યુનિવર્સિટીની સંશોધન શિષ્યવૃત્તિ સમિતિની તા. ૧૨-૯-૧૯૭૪ના રોજ મળેલી સભાની ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૧૨-૯-૧૯૭૪ની સભાની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિની તા. ૧૨-૯-૧૯૭૪ની સભાની કાર્યવાહીની નોંધની નકલ **પરિશિષ્ટ "ઘ"** તરીકે સામેલ છે.)

૬૫. યુવક મહોત્સવ અંગે સર્વગ્રાહી વિચારણા કરી પોતાનો સુચિંતિત અહેવાલ રજૂ કરવા માટે એક્ઝિક્યુટિવ કાઉન્સિલે નિયુક્ત કરેલ સમિતિની તા. ૧૫-૭-૧૯૭૪ની સભાની નીચેની ભલામણો પર વિચારણા કરવા બાબત :

ભલામણો

૧. તા. ૮-૭-૧૯૭૪ના રોજ મળેલ પહેલી બેઠકના કામકાજની નોંધમાંની બાબત નં. ૧, ૨, ૩, ૪, ૫, ૬ અને ૭ એક્ઝિક્યુટિવ કાઉન્સિલની મંજૂરી માટે મૂકવા ભલામણ કરવામાં આવી.

૨. આ પ્રમાણે સુધારેલ યુવક મહોત્સવ સમિતિના શિબિરો કરવા અંગેના ખર્ચના વિગતવાર પ્રસ્તાવ સાથેની ભલામણ નં. ૪, ૫, ૬(અ) તથા (બ) એક્ઝિક્યુટિવ કાઉન્સિલને મંજૂર કરવા ભલામણ કરવી.

૩. શિબિરો અંગેના ખર્ચ માટેની જોગવાઈની બાબત તથા અન્ય નીચે જણાવ્યા પ્રમાણેની ભલામણો એક્ઝિક્યુટિવ કાઉન્સિલને મંજૂર કરવા ભલામણ :

(ક) ૭ શિબિરોના અંદાજે રૂ. ૧,૩૦,૦૦૦નું ઉપરોક્ત ખર્ચ કરવા માટે પ્રત્યેક વિભાગે પોતાના વિભાગમાં આવેલ કૉલેજોની વિદ્યાર્થીસંખ્યા મુજબ કુલ ખર્ચના ૨૫ ટકા ફાળો ઉઘરાવવો અને બાકીના ૭૫ ટકા યુનિવર્સિટી આપે તેમ સૂચવ્યું.

(બ) યુનિવર્સિટી કક્ષાએ આંતર-વિભાગીય નિદર્શનનો કાર્યક્રમ ગોઠવાય તે અંગે રૂ. ૧૫,૦૦૦ના અંદાજ ખર્ચની જોગવાઈ કરવી.

(ગ) સમૂહનૃત્ય, સમૂહગાન અને એકાંકીમાં ભાગ લેવા માટે સંખ્યાની જે મર્યાદા નિશ્ચિત કરવામાં આવી હતી તે નવા પેટર્નમાંથી કાઢી નાંખવી.

(ઘ) મહોત્સવની જુદી જુદી બાબતોની સમયમર્યાદા અંગેના નિયમો હેન્ડબુક ઑફ યૂથ વેલ્ફેરમાં છે તે પ્રમાણે જ રાખવા અને યુનિવર્સિટી કક્ષાએ યુવક મહોત્સવની અંદર વધારેમાં વધારે ૬ એકાંકી, ૬ સમૂહનૃત્ય અને ૬ સમૂહગાન કરવાં.

(ચ) વ્યક્તિગત બાબતો જેવી કે શાસ્ત્રીય કંઠ્ય અને વાદ્ય સંગીત, ઉગવું કંઠ્ય સંગીત, એકપાત્રીય અભિનય વગેરે બાબતો આ શિબિર દરમ્યાન જ નીપજે એવી વ્યવસ્થા ગોઠવવી અને નિદર્શનમાં પણ તેમને જ તક આપવી.

(છ) યુવક મહોત્સવ ઉપરાંત વિભાગીય કક્ષાએ જે તે વિભાગો અન્ય પ્રવૃત્તિ જેવી કે પ્રવાસ, પર્યટન, શિબિરો વગેરે કરવા માટે પહેલાંની માફક ફાળો ઉઘરાવે અને તે પ્રવૃત્તિઓ અંગે ફાળો ઉઘરાવવાની મંજૂરી બોર્ડ ફૉર સ્ટુડન્ટ્સ વેલ્ફેર આપે અને સદરહુ બોર્ડ તેને યોગ્ય અનુદાન આપવાના નિયમો નક્કી કરે અને જોગવાઈ કરે. આવા પ્રકારના ફાળા અને અનુદાન માટે બોર્ડ ફૉર સ્ટુડન્ટ્સ વેલ્ફેરની પૂર્વમંજૂરી મેળવવી આવશ્યક રહેશે.

આથી ઠરાવવામાં આવે છે કે ગુજરાતમાં ચાલુ વર્ષે પ્રવર્તતી દુષ્કાળની દારુણ પરિસ્થિતિમાં યુવક મહોત્સવનો કાર્યક્રમ રદ કરવો.

વધુમાં ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની ભલામણો તેની પુનર્વિચારણા માટે પાછી મોકલવી.

૬૬. યુનિવર્સિટીની તમામ વિદ્યાશાખાઓની પ્રાયોગિક પરીક્ષાઓના પરીક્ષકો વગેરેના પુરસ્કારના હાલના દરો તથા યુનિવર્સિટીની પ્રાયોગિક પરીક્ષાઓમાં વપરાતાં કેમિકલ્સ તથા મટિરિયલ્સના હાલના દરો અંગે વિચારણા કરવા અંગે એકિઝકયુટિવ કાઉન્સિલે તેની તા. ૧૬-૧૧-૧૯૭૩ની સભામાં નીમેલી સમિતિની તા. ૨૯-૮-૧૯૭૪ની સભાની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૨૯-૮-૧૯૭૪ની સભાની ભલામણ નં. ૬ તેની પુનર્વિચારણા માટે પાછી મોકલવી અને તે સિવાયની અન્ય ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિની તા. ૨૯-૮-૧૯૭૪ની સભાની કાર્યવાહીની નોંધની નકલ પરિશિષ્ટ "ચ" તરીકે સામેલ છે.)

૬૭. આ યુનિવર્સિટીની જુદી જુદી પરીક્ષાઓ દરમિયાન વિદ્યાર્થીઓએ અજમાવેલ ગેરવાજબી ઇલાજો અંગેના કેસો પર તેમ જ પ્રાશ્નિક, પરીક્ષકો, નિરીક્ષકો અને કાર્યાલયના સભ્યોને હસ્તક થયેલ ભૂલો અંગેના કેસો પર વિચારણા કરવા તા. ૬-૯-૧૯૭૪ના રોજ મળેલ ૧૯૭૪ની પરીક્ષા શુદ્ધિસમિતિની અગિયારમી સભાની ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૬-૯-૧૯૭૪ના રોજ મળેલ સભાની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિની તા. ૬-૯-૧૯૭૪ની સભાની કાર્યવાહીની નોંધ સામેલ કરવામાં આવી નથી.)

૬૮. ઑકટોબર ૧૯૭૪માં લેવાનાર યુનિવર્સિટીની જુદી જુદી પરીક્ષાઓમાં મુખ્ય નિરીક્ષકોની નિમણૂક કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ઑકટોબર-નવેમ્બર ૧૯૭૪માં લેવાનાર યુનિવર્સિટીની જુદી જુદી પરીક્ષાઓ માટે મુખ્ય નિરીક્ષકોની પેનલ મંજૂર કરવી તથા તે મુજબ કુલપતિશ્રીએ કરેલી નિમણૂકોની નોંધ લેવી અને જરૂર મુજબ વધુ નિમણૂકો કરવા માટે તેઓશ્રીને સત્તા આપવી.

૬૯. એકેડેમિક કાઉન્સિલની તા. ૨૧-૮-૧૯૭૪ની સભાની ભલામણ અનુસાર ઑર્ડિ. કોમ. ૫-બી અન્વયે થર્ડ બી.કોમ. પરીક્ષામાં બેસનાર વિદ્યાર્થીઓને "એલિમેન્ટસ ઑફ સ્ટેટિસ્ટિકસ"ના વિષયમા મુક્તિ આપવા તથા ઑર્ડિ. કોમ. ૫-બી સુધારવા અંગે વિચારણા કરવા બાબત. (એ. કા. બાબત ક્રમાંક ૧૯)

આથી ઠરાવવામાં આવે છે કે ઑર્ડિ. કોમ. ૫-બી એકેડેમિક કાઉન્સિલની ભલામણ મુજબ સુધારવો તથા તેને તાત્કાલિક અમલમાં મૂકવો.

(સુધારેલા ઑર્ડિ. કોમ. ૫-બી.ની નકલ પરિશિષ્ટ "છ" તરીકે સામેલ છે.)

૭૦. સરદાર વલ્લભભાઈ પટેલ જન્મશતાબ્દીની ઉજવણી અંગે એકિઝકયુટિવ કાઉન્સિલે નીમેલી સમિતિની તા. ૨-૮-૧૯૭૪ની સભાએ કરેલી ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૧-૮-૧૯૭૪ની સભાની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિની તા. ૧-૮-૧૯૭૪ની સભાની કાર્યવાહીની નોંધની નકલ પરિશિષ્ટ "જ" તરીકે સામેલ છે.)

૭૧. ઇજનેરી વિદ્યાશાખાની તા. ૭-૮-૧૯૭૪ની સભાની ભલામણ મુજબ એમ.ઈ. (સિવિલ, મિકેનિકલ અને ઇલેક્ટ્રિકલ) એન્જિનિયરિંગને લગતો ઑર્ડિનન્સ ૦૩ સુધારી તેને તાત્કાલિક અમલમાં મૂકવા અંગે એકેડેમિક કાઉન્સિલની તા. ૨૧-૮-૧૯૭૪ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત. (એ. કા. બાબત ક્રમાંક ૧૭)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પરીક્ષાઓને લગતો ઑર્ડિ. ૦૩ એકેડેમિક કાઉન્સિલની ભલામણ મુજબ સુધારવો તથા તેને તાત્કાલિક અમલમાં મૂકવો.

(સુધારેલા ઑર્ડિ. ૦૩ની નકલ પરિશિષ્ટ "ઝ" તરીકે સામેલ છે.)

૭૨. સ્ટેચ્યૂટ ૨૦૨ નીચે મુજબ વંચાય તે રીતે સુધારવા અંગેની એકેડેમિક કાઉન્સિલની તા. ૨૧-૮-૧૯૭૪ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત. (એ. કા. બાબત ક્રમાંક ૨૭)

St. 202 :

The University Schools may comprise the following Departments :

(*i*) *University School of Social Sciences ;*

This School may provide for post-graduate instruction and guide research work in the following subjects :

(1) Economics

(2) Sociology

(3) Politics

(4) Labour Welfare and Social Work

(5) History

(6) Social Change.

(*ii*) *University School of Languages* :

This School may provide for post-graduate instruction and guide research work on the following subjects :

(1) Gujarati

(2) English

(3) Hindi

(4) Sanskrit
(5) Persian
(6) Prakrit, Pali, etc.
(7) Linguistics.

(*iii*) *University School of Psychology, Education and Philosophy :*

This School may provide for post-graduate instruction and guide research work on the following subjects :

(1) Psychology
(2) Education
(3) Philosophy.

(*iv*) *University School of Sciences :*

This School may provide for post-graduate instruction and guide research work on the following subjects :

(1) Botany and all its branches including Physiology, Embryology, Plant Biophysics and Biochemistry, Ecology, Genetics and Morphophysiology of lower plants.

(2) Chemistry (Pure and Applied) and all its branches including Inorganic Chemistry, Organic Chemistry, Physical Chemistry, Bio-chemistry, Chemical Technology including Chemical Engineering and Analytical Chemistry.

(3) Mathematics (Pure and Applied) and all their branches.

(4) Physics (Pure and Applied) and all its branches including Experimental and Theoretical Physics, Astrophysics, Biophysics and Space Sciences.

(5) Statistics and all its branches including Econometrics, Biometrics and Applied Statics.

(6) Zoology and all its branches including Cell Biology, Fishery Biology, Environmental Biology, Reproductive Physiology, Comparative and Functional Anatomy, Cytogenetics, Genetics, Molecular Biology and Life Sciences.

(7) Industrial Laboratory.

(*v*) *Computor Training Centre*

(*vi*) *University School of Polymer Chemistry :*

This School may provide instruction and guide research in Polymer Chemistry and allied subjects.

(*vii*) *Institute of Indian and foreign languages* :

The main activities of the Institute shall include the following :

(1) Course in English language and other foreign languages.

(2) Courses of Pre-service and In-service training for teachers of English and other foreign languages.

(3) Research and field work.

(4) Production of teaching materials.

(5) Extension services.

(*viii*) *University School of Business Management :*

The School will provide instruction and guide research in the following subjects :

(1) Business Management and all its branches

(2) Industrial Management and all its branches

(3) Centre for Management and Professional studies.

(*ix*) *University School of Library Science* :

Library Science.

Over and above the post-graduate teaching and research, all University Schools may also impart such instruction in diploma courses, certificate courses, etc. as may be instituted by the Court from time to time.

આથી ઠરાવવામાં આવે છે કે સ્ટે. ૨૦૨ આ સાથે જોડેલા પરિશિષ્ટ મુજબ સુધારવા માટે યુનિવર્સિટી કોર્ટને ભલામણ કરવી.

(સુધારેલા સ્ટે. ૨૦૨ની નકલ પરિશિષ્ટ "૬" તરીકે સામેલ છે.)

૭૩. ૧૯૭૪-૭૫ના શૈક્ષણિક વર્ષ દરમ્યાન નીચે જણાવેલ સંલગ્ન કૉલેજો, માન્ય સંસ્થાઓ અને યુનિવર્સિટીનાં વિદ્યાભવનો માટે ત્રિવાર્ષિક તપાસ કરી અહેવાલ આપવા માટે ત્રિવાર્ષિક તપાસસમિતિઓ નીમવા વિચારણા કરવા બાબત :

ક્રમાંક	કૉલેજ/સંસ્થા/ભવનનું નામ	વિદ્યાશાખા
૧.	સી. બી. પટેલ આર્ટ્સ કૉલેજ, નડિયાદ	વિનયન
૨.	એચ. કે. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ	,,
૩.	સરદાર વલ્લભભાઈ આર્ટ્સ કૉલેજ, અમદાવાદ	,,
૪.	સ્વામિનારાયણ આર્ટ્સ કૉલેજ, અમદાવાદ	,,
૫.	સિટી આર્ટ્સ કૉલેજ, અમદાવાદ	,,
૬.	શ્રી આર. કે. પરીખ આર્ટ્સ એન્ડ શ્રી એમ. કે. પટેલ કૉમર્સ કૉલેજ, પેટલાદ	,,
૭.	બી. ડી. કૉલેજ, અમદાવાદ	,,
૮.	શેઠ એમ. એન. સાયન્સ એન્ડ શ્રી અને શ્રીમતી પી. કે. કોટાવાળા આર્ટ્સ કૉલેજ, પાટણ	વિનયન અને વિજ્ઞાન
૯.	પ્રકાશ કૉલેજ ઑફ એજ્યુકેશન, અમદાવાદ	શિક્ષણ
૧૦.	સરદાર વલ્લભભાઈ કૉમર્સ કૉલેજ, અમદાવાદ	વાણિજ્ય
૧૧.	આઈ. વી. પટેલ કૉલેજ ઑફ કૉમર્સ, અમદાવાદ	,,
૧૨.	સિટી કૉમર્સ કૉલેજ, અમદાવાદ	,,
૧૩.	આર. પી. પરીખ સાયન્સ કૉલેજ, પેટલાદ	વિજ્ઞાન
૧૪.	સર પી. ટી. સાયન્સ કૉલેજ, મોડાસા	,,
૧૫.	શ્રીમતી બી. સી. જે. સાયન્સ કૉલેજ, ખંભાત	,,
૧૬.	બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદ	તબીબી
૧૭.	ગવર્નમેન્ટ ડેન્ટલ કૉલેજ, અમદાવાદ	દંતશાસ્ત્ર
૧૮.	ફિઝિકલ રિસર્ચ લેબોરેટરી, અમદાવાદ	વિજ્ઞાન
૧૯.	યુનિવર્સિટી સમાજવિદ્યા ભવન, અમદાવાદ	વિનયન
૨૦.	યુનિવર્સિટી ભાષા-સાહિત્ય ભવન	,,
૨૧.	યુનિવર્સિટી મનોવિજ્ઞાન, શિક્ષણશાસ્ત્ર અને તત્ત્વજ્ઞાન વિદ્યાભવન, અમદાવાદ	,,
૨૨.	યુનિવર્સિટી વિજ્ઞાન વિદ્યાભવન, અમદાવાદ	વિજ્ઞાન

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજો, સંસ્થાઓ અને ભવનો માટે ત્રિવાર્ષિક તપાસ-સમિતિઓ નીમવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૭૪. યુનિવર્સિટી ધારાની કલમ 33-એ (૧) (બી) (૧) અને (૨) અનુસાર સંલગ્ન કૉલેજોએ શિક્ષકોની નિમણૂક કરતી વખતે પ્રત્યેક કૉલેજોની જે તે વરણીસમિતિ પર યુનિવર્સિટીના પ્રતિનિધિ આવશ્યક હોવા છતાં યુનિવર્સિટી પ્રતિનિધિ સિવાય નીચેની કૉલેજોએ શિક્ષકોની નિમણૂક કરી છે તો તે અંગે વિચારણા કરવા બાબત:

ક્રમાંક	કૉલેજનું નામ	શિક્ષકનું નામ	વિષય
૧.	આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, ભાદરણ	શ્રી. સી. એમ. પટેલ	ગુજરાતીના પ્રાધ્યાપક
૨.	એસ. એલ યુ. કૉલેજ ફૉર વિમેન, અમદાવાદ	શ્રીમતી માનાબહેન એમ. પટેલ	શિક્ષણનાં વ્યાખ્યાતા
૩.	આર્ટ્સ કૉલેજ, મેાડાસા	શ્રી. એસ. એસ. દવે	ઇતિહાસના પ્રાધ્યાપક
૪.	વૈદ્યશ્રી એમ. એમ. પટેલ કૉલેજ ઑફ એજ્યુકેશન, અમદાવાદ	શ્રી. જે. એમ. પંડ્યા	શિક્ષણના ટચૂકર
૫.	શેઠ એસ. વી. આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, માંડવી	શ્રી. કે. બી. વ્યાસ	આચાર્ય
૬.	શ્રીમતી બી. સી. જે. એજ્યુકેશન કૉલેજ, ખંભાત	શ્રી. એન. કે. પટેલ	શિક્ષણના ટચૂકર
૭.	એસ. વી. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ	શ્રી. ડી. એચ. પટેલ	આંકડાશાસ્ત્રના વ્યાખ્યાતા
૮.	,, ,,	કુ. જી. આર. પટેલ	અંગ્રેજીનાં ટચૂકર
૯.	આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, પાટણ	શ્રી. ડી. એન. પટેલ	ઇતિહાસના ખંડ સમયના વ્યાખ્યાતા
૧૦.	બોરસદ એજ્યુકેશન કૉલેજ, બોરસદ	શ્રી. એન. એ. વોરા	શિક્ષણના વ્યાખ્યાતા.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજોએ પોતાની વરણીસમિતિઓ પર યુનિવર્સિટીના પ્રતિનિધિઓ નીમ્યા વિના તેમનાં નામ સામે જણાવેલ શિક્ષકોની કરેલી નિમણૂકો માન્ય રાખવી અને તેમને ઠપકો આપીને જણાવવું કે હવે પછી આવી ભૂલનું પુનરાવર્તન થશે તો તે ચલાવી લેવામાં આવશે નહીં.

૭૫. નવા અધ્યાપકોને માર્ગદર્શન મળે ને અભ્યાસક્રમ તથા અભ્યાસપદ્ધતિ અંગે સતત વિચારવિમર્શ થતો રહે તે હેતુથી યુનિવર્સિટી દ્વારા વર્ષમાં બે વાર પ્રત્યેક વિષયને લગતા અધ્યાપક શિબિરનું આયોજન કરવા અંગે આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, ધોળકાના અધ્યાપકો ડા. ભરતકુમાર ઠાકર અને પ્રો. બી. એમ. ચાવાલા તરફથી આવેલ તા. ૧૮-૯-૧૯૭૪ના સંયુક્ત પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે ચર્ચાવિચારણા કરીને પોતાનો સુચંતિત અહેવાલ રજૂ કરવા માટે નીચે જણાવેલા સભ્યોની સમિતિ નીમવી :

૧. વિદ્યાભવનોના ચાર અધ્યક્ષો

૨. આચાર્ય એસ. આર. ભટ્ટ

૩. આચાર્ય એચ. કે. ત્રિવેદી

૪. ડૉ. ધીરુભાઈ ઠાકર

૫. ડૉ. વી. સી. શાહ.

૭૬. બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગ એન્ડ રિસર્ચની તા. ૧૯-૬-૧૯૭૪ની સભાની હાલના માન્ય અનુસ્નાતક શિક્ષક અને માન્ય અનુસ્નાતક શિક્ષકના મદદનીશ શિક્ષક તરીકેની માન્યતા અંગેના અનુક્રમે ઑર્ડિ. ૬૫-એફ (૧) હેઠળ તથા ઑર્ડિ. ૬૫-એમ (૧) હેઠળ કરેલી જોગવાઈમાં "been accepted or published" શબ્દો ઉમેરી તે તે જોગવાઈઓ નીચે મુજબ વંચાય તે રીતે સુધારવાની ભલામણ પર વિચારણા કરી એકેડેમિક કાઉન્સિલની તા. ૨૧-૮-૧૯૭૪ની સભાએ કરેલી નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

આથી ઠરાવવામાં આવે છે કે ઑર્ડિ. ૬૫-એફ (૧) અને ઑર્ડિ. ૬૫-એમ (૧) હેઠળના પ્રોવિઝો નીચે મુજબ વંચાય તે રીતે સુધારવો તથા તે મુજબ સુધારેલા ઑર્ડિ. ૬૫-એફ (૧) અને ઑર્ડિ. ૬૫-એમ (૧)ને તાત્કાલિક અમલમાં મૂકવા માટે એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવી :

ઑર્ડિ. ૬૫-એફ (૧) હેઠળ કરેલી જોગવાઈ (માન્ય અનુસ્નાતક શિક્ષક માટે)

"Notwithstanding anything contained above, those teachers who have already been recognised as post-graduate teachers on or before 14th June, 1974 shall continue to be recognised as post-graduate teachers in their respective subjects or papers, as the case may be, up to 14th June, 1976 during which period such teachers shall be required as a condition for further renewal of their recognition to have to their credit published or accepted for publication at least three research papers or three articles of high quality or a monograph other than their Ph.D. work, in the subject, provided that their research papers, or articles or the monograph, as the case may be, are adjudged by a competent person to be of a sufficiently high quality."

ઑર્ડિ. ૬૫-એમ (૧) હેઠળની જોગવાઈ (મદદનીશ અનુસ્નાતક શિક્ષક માટે)

"(2) (*a*) Those teachers who have been recognised as Assistants to recognised post-graduate teachers on or before 14th June, 1974 shall continue to be recognised as Assistants to post-graduate teachers in their respective subjects or papers, as the case may be, up to 14th June 1976 during which period such teachers shall be required as a condition of renewal of their recognition, to have to their credit published or accepted for publication at least three research papers or three articles of high quality or a monograph other than their Ph.D. work in the subject, provided that their research paper, or articles or the monograph, as the case may be, are adjudged by a competent person to be of a sufficiently high quality."

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી, તથા તે મુજબ ઑર્ડિ. ૬૫-એફ (૧) અને ઑર્ડિ. ૬૫-એમ (૧) સુધારીને તેને તાત્કાલિક અમલમાં મૂકવાં.

૭૭. શ્રી આર. કે. પરીખ આર્ટ્સ એન્ડ એમ. કે. પટેલ કૉમર્સ કૉલેજ, પેટલાદને જૂન ૧૯૭૩થી બી.એ.(પ્રિન્સિ.)માં સમાજશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૩થી તા. ૧૪-૬-૧૯૭૪ સુધીનું વધારાનું જોડાણ આપવા માટે મૂકેલી શરતોના પરિપાલનના સંદર્ભમાં જોડાણ આપવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજને બી.એ.(પ્રિન્સિ.)માં સમાજશાસ્ત્રના અભ્યાસક્રમ શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૩થી તા. ૧૪-૬-૧૯૭૪ સુધીનું વધારાનું જોડાણ આપવું.

વધુમાં ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજ તરફથી યુનિવર્સિટીનાં ધારાધોરણ અનુસાર પ્રૉવિડન્ટ ફંડના નિયમોનું પાલન કરવા અંગેની માહિતી આવ્યેથી તે મુકામે ઘટતાં પગલાં લેવાં.

૭૮. મનોવિજ્ઞાન વિદ્યાભવન ખાતે ચાલુ વર્ષ ૧૯૭૪-૭૫માં મરામત-ફેરફારોના ખર્ચના મથાળે રૂ. ૫,૦૦૦ની વધુ જોગવાઈ કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ચાલુ વર્ષે ૧૯૭૪-૭૫ના અંદાજપત્રમાં મનોવિજ્ઞાન ભવનના મકાન-મરામત ફેરફારના ખર્ચના મથાળે વધુ રૂ. ૫,૦૦૦ના ખર્ચની જોગવાઈ મંજૂર કરવી.

૭૯. ગુજરાત રાજ્યના નાણા ખાતાના ઠરાવ નં. વી.એસ.બી ૧૧૭૩ (જે તા. ૯-૯-૧૯૭૪ થી રાજ્ય સરકારના કર્મચારીઓને તા. ૧-૫-૧૯૭૩થી મોંઘવારી ભથ્થાના દરમાં વધારો આપવાનું ઠરાવ્યું છે તેના સંદર્ભમાં (૧) યુનિવર્સિટીના કર્મચારીઓને (શૈક્ષણિક તેમ જ બિનશૈક્ષણિક) તથા (૨) સંલગ્ન કૉલેજો અને માન્ય સંસ્થાઓના કર્મચારીઓ(શૈક્ષણિક તેમ જ બિનશૈક્ષણિક)ના મોંઘવારી ભથ્થાના દરો સુધારવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે રાજ્ય સરકારે તેના કર્મચારીઓ માટે તા. ૧-૫-૧૯૭૪થી મોંઘવારી ભથ્થાના દરમાં, ભારત સરકારના વેતનધારા અધિનિયમનને આધીન, ઑર્ડિ. નં. ૮ સને ૧૯૭૪, તા. ૬-૭-૧૯૭૪માં જણાવ્યા મુજબ જે સુધારો કર્યો છે, તેને અનુલક્ષીને યુનિવર્સિટીના શૈક્ષણિક અને બિનશૈક્ષણિક કર્મચારીઓ અને સંલગ્ન કૉલેજો અને માન્ય સંસ્થાઓના શૈક્ષણિક અને બિનશૈક્ષણિક કર્મચારીઓના મોંઘવારી ભથ્થાના દર પણ તા. ૧-૫-૧૯૭૪થી સુધારવા.

(મંજૂર કરવામાં આવેલા સુધારેલા મોંઘવારી ભથ્થાના દરની યાદી આ સાથે પરિશિષ્ટ "ઠ" તરીકે સામેલ છે.)

૮૦. યુનિવર્સિટી કાર્યાલયના ડી.પી.ઈ. વિભાગમાં આસિ. ડિરેક્ટર ઑફ યૂથ વેલ્ફેર તરીકે કામ કરતા શ્રી. કે. એચ. દવેને તેઓના નિવાસસ્થાનમાં પ્રથમ માળનું બાંધકામ કરવા અંગે સ્ટે. ૧૮૮ (૨) હેઠળ તેમના પ્રૉવિડંટ ફંડ ખાતે નીકળતી રકમમાંથી લોન આપવા અંગેની તેઓની તા. ૨૭-૯-૧૯૭૪ની અરજી પર વિચારણા કરવા બાબત.

(**નોંધ.** — તેઓના પ્રૉવિડંટ ફંડ ખાતે તા. ૩૧-૩-૧૯૭૪ના રોજ રૂ. ૯,૧૨૪-૬૮ પૈ. જમા છે અને તેમાંથી પ્રૉવિડંટ ફંડની લોન રૂ. ૪,૫૦૦ તથા તે પર જે વ્યાજ થાય તે રકમ કાપવાની રહેશે.)

આથી ઠરાવવામાં આવે છે કે યુવક કલ્યાણ વિભાગના મદદનીશ સંચાલક શ્રી. કે. એચ. દવેને તેમના પ્રૉવિડન્ટ ફંડની નીકળતી રકમમાંથી રૂ. ૯,૦૦૦(નવ હજાર) ની લોન સ્ટે. ૧૮૮(૨) હેઠળ યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ મંજૂર કરવી.

૮૧. રાષ્ટ્રીય સેવા યોજના હેઠળ કામ કરતી આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, માણસાના અધ્યાપક-ઇન-ચાર્જ તરીકે શ્રી. એન. ડી. પટેલને નીમવા અંગે તે કૉલેજના આચાર્યશ્રીના તા. ૧૪-૯-૧૯૭૪ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

અધ્યાપક-ઇન-ચાર્જની વિગતો નીચે મુજબ છે :

કૉલેજનું નામ	અગાઉના અધ્યાપક-ઇન-ચાર્જનું નામ	નવા સૂચવેલ અધ્યાપક-ઇન-ચાર્જનું નામ	ફેરફારનું કારણ
આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, માણસા.	શ્રી. આર. કે. પટેલ	શ્રી. એન. ડી. પટેલ	અંગત કારણોસર

(આ નિમણૂક તા. ૧૪-૯-૧૯૭૪થી ગણવાની રહેશે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજમાં એન. એસ. એસ. એકમના અધ્યાપક-ઇન-ચાર્જ તરીકે શ્રી. આર. કે. પટેલની જગ્યાએ શ્રી. એન. ડી. પટેલની નિમણૂક કરવી.

૮૨. રશિયન તથા સ્પેનિશ ભાષાના વર્ગના નીચે જણાવેલ અંદાજપત્ર અંગે તથા તે શરૂ કરવા અંગે વિચારણા કરવા બાબત :

Income	*Rs.*	*Expenditure*	*Rs.*
		Spanish Language	
1. Tuition fees, at the rate of Rs. 50/– from 22 students for Spanish course.	1,100/–	**1. Visiting faculty**	
		(*i*) Honorarium, at the rate of Rs. 15/– per session for 80 sessions	1,200/–
		(*ii*) Contingency for home work, corrections, cyclostyling materials	660/–
		(*iii*) Use of language laboratory (8 sessions)	240/–
			2,100/–
		Russian language	
2. Tuition fees, at the rate of Rs. 50/– from 30 students for Russian course.	1,500	**1. Visiting faculty**	
		(*i*) Honorarium, at the rate of Rs. 15/– per session for 80 sessions	1,200/–
		(*ii*) Contingency for home work, corrections, cyclostyling materials	660/–
		(*iii*) Use of language laboratory (8 sessions)	240/–
			2,100/–
Total income	2,600/–		
Excess of expenditure over income	1,600/–		
Total ...	4,200/–	Total expenditure ...	4,200/–

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ અભ્યાસક્રમોના વર્ગોનું ચાલુ વર્ષનું અંદાજપત્ર નીચે મુજબ મંજૂર કરવું :

Income	*Rs.*	*Expenditure*	*Rs.*
		Spanish language	
Tuition fees @ Rs. 50/–	1,700	*Visiting Faculty*	
		(*i*) Honorarium	1,000
		(*ii*) Contingency for home work, corrections, cyclostyling materials	600
		(*iii*) Use of language laboratory (8 sessions)	240
		Total	1,840
		Russian language	
		Visiting Faculty	
		(*i*) Honorarium	1,000
		(*ii*) Contingency for home work, corrections, cyclostyling materials	600
		(*iii*) Use of language laboratory (8 sessions)	240
Total income	1,700	Total	1,840
Excess of expenditure over income	1,980		
Total	3,680	Total expenditure	3,680

૮૩. નવેમ્બર ૧૭ થી ૧૯, ૧૯૭૪ના સમય દરમિયાન પૂના મુકામે અખિલ ભારતીય દર્શન પરિષદનું ૧૯ મું વાર્ષિક અધિવેશન યોજાનાર છે તેમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પરિષદના આગામી અધિવેશનમાં આ યુનિવર્સિટીના કોઈ પ્રતિનિધિને મોકલવા નહીં.

૮૪. ઑક્ટોબર ૨૦થી ૨૯, ૧૯૭૪ના સમય દરમિયાન ગુજરાત સ્ટેટિસ્ટિકલ ઍસોસિયેશનનું ત્રીજું વાર્ષિક અધિવેશન સુરત મુકામે યોજાનાર છે તેમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ ઍસોસિયેશનના આગામી અધિવેશનમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે શ્રી. ગુલાબભાઈ રતનજી દેસાઈને મોકલવા.

૮૫. સને ૧૯૭૫-૭૬ના વર્ષનું ગુજરાત યુનિવર્સિટીનું અંદાજપત્ર તૈયાર કરવા માટે સમિતિની નિમણૂક કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ૧૯૭૫-૭૬ના વર્ષનું ગુજરાત યુનિવર્સિટીનું અંદાજપત્ર તૈયાર કરવા માટે નીચે જણાવેલા સભ્યોની સમિતિ નીમવી :

(૧) આચાર્ય એમ. સી. શાહ

(૨) ડૉ. બિહારીલાલ કનૈયાલાલ શાહ

(૩) ડૉ. એમ. એન. દેસાઈ.

૮૬. ગુજરાત યુનિવર્સિટી સાથે સંકળાયેલ તમામ કૉમર્સ કૉલેજોના વિદ્યાર્થીઓ માટે નવેંબર ૧૯૭૪માં યોજાનાર "બૅન્ક ઑફ બરોડા ટ્રોફી વકતૃત્વસ્પર્ધા" માટે બે નિર્ણાયકો નિયુક્ત કરવા ક્રમાનુવર્તી ત્રણ કે ચાર નામો સૂચવવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગેનો નિર્ણય બાબત નં. ૩૧ હેઠળ થઈ ગયેલો હોઇ વિશેષ કરવાપણું રહ્યું નહીં.

૮૭. વિજ્ઞાન વિદ્યાભવનના ભૌતિકવિજ્ઞાનના લેકચરર ડૉ. કે. જી. જની જેઓની બે વર્ષની અભ્યાસ-રજાની મુદત તા. ૨૦-૯-૧૯૭૪ના પૂરી થાય છે તેમાં ચાર માસનો વધારો કરી આપવા માટેની વિનંતી પર વિચારણા કરવા બાબત.

(નોંધ.—અવકાશ-સંશોધનના ક્ષેત્રમાં લેબોરેટરી પ્લાસ્માના જે ખાસ વિષયમાં પોતે કાર્ય કરી રહેલ છે તેના પ્રોજેક્ટ ડિરેકટર હાલ અમેરિકા ગયેલ હોઈ તેમની ગેરહાજરીમાં તે પ્રોજેક્ટની જવાબદારી શ્રી. જનીને સોંપવામાં આવેલી છે એમ ડૉ. જનીએ જણાવ્યું છે.)

આથી ઠરાવવામાં આવે છે કે વિજ્ઞાન વિદ્યાભવનના ભૌતિકવિજ્ઞાનના લેકચરર ડૉ. કે. જી. જનીની અભ્યાસ-રજાની મુદત, તે અંગે અગાઉ આપવામાં આવેલી શરતોએ, વધુ ચાર માસ માટે લંબાવવી.

૮૮. સી. એન. પટેલ ફરતી કૂઈવાલા આર્ટ્સ કૉલેજ ઍન્ડ ડભોઈ નગરપાલિકા સાયન્સ કૉલેજ, ડભોઈના આચાર્યશ્રીના તા. ૨૦-૯-૧૯૭૪ના પત્રાંક ૪૩૯ પરથી એમ જણાય છે કે ગ્રામવિસ્તાર કૉલેજ સંચાલક મંડળ, કપડવંજે સંલગ્ન કૉલેજો અને માન્ય સંસ્થાઓના બિનશૈક્ષણિક કર્મચારીઓના નવા પગારધોરણનો અમલ યુનિ.એ નક્કી કર્યા મુજબ તા. ૧-૪-૧૯૭૩ને બદલે તા. ૧-૪-૧૯૭૪થી કરવા માટે આદેશ આપેલ છે તો તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ગ્રામ્ય વિસ્તાર સંચાલક મંડળને ફરીથી જણાવવું કે યુનિવર્સિટીએ સંલગ્ન કૉલેજો અને માન્ય સંસ્થાઓના બિનશૈક્ષણિક વર્ગના કર્મચારીઓ માટેનાં સુધારેલાં પગાર-ધોરણોનો અમલ તા. ૧-૪-૧૯૭૩થી કરવાનું જણાવેલું છે તેનો અમલ તમામ સંલગ્ન કૉલેજો અને માન્ય સંસ્થાઓએ કરવો આવશ્યક છે અને તે અમલ થાય તે માટે કૉલેજ-સંચાલકોના મંડળે તેમાં તમામ અનુકૂળતા કરી આપવી જોઈએ એમ સહેજે અપેક્ષા રહે છે.

૮૯. ૧૯૭૪-૭૫ના વર્ષના ઑડિ. ૯ ૬ની માહિતી ૮૦ કૉલેજો તરફથી સમયમર્યાદા કરતાં મોડી આવી છે અને ૨૨ કૉલેજો તરફથી હજુ સુધી આવી નથી તો તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજોને ઠપકો આપવો તથા ઑડિ. ૯૬ હેઠળ માહિતી તા. ૩૧ ઑક્ટોબર સુધીમાં મોકલી આપવા માટે આદેશ આપવો.

૯૦. ચોથી પંચવર્ષીય યોજના હેઠળ સંલગ્ન કૉલેજોમાં કાર્ય કરતા શિક્ષકોને આપવાના ૩. ૭૦૦-૪૦-૧,૧૦૦ના પગારધોરણ અંગે તૈયાર કરેલી યાદીમાંથી શ્રી. જે. આર. શાહનું નામ (યાદીમાંના ક્રમાંક ૫૬) કમી કરવા અંગે વિચારણા કરવા બાબત.

[નોંધ.—(૧) ૩. ૭૦૦-૪૦-૧,૧૦૦ ની યાદીમાં શ્રી. જે. આર. શાહનું નામ ક્રમાંક ૫૬ પર મૂકવામાં આવ્યું છે.

(૨) શ્રી. જે. આર. શાહ તા. ૧૯-૬-૧૯૬૪થી અર્થશાસ્ત્રના વિષયમાં અનુ. શિક્ષક તરીકે માન્યતા ધરાવતા હતા.

(૩) શ્રી. જે. આર. શાહ તા. ૧૫મી જૂન ૧૯૬૪થી જૂન ૧૯૬૬સુધી ગાર્ડા કૉલેજ, નવસારીમાં શિક્ષક તરીકે હતા.

(૪) શ્રી. જે. આર. શાહ એચ. એ. કૉમર્સ કૉલેજ, અમદાવાદમાં ૧૧ જૂન ૧૯૬૬થી જોડાયા છે.

(૫) કાર્યાલયે તૈયાર કરેલી કામચલાઉ યાદી પર શિક્ષકો—આચાર્યો ઇત્યાદિનાં સૂચનો-રજૂઆતો કરવા જણાવ્યું હતું, પરંતુ શ્રી. જે. આર. શાહ તરફથી કે તે કૉલેજ તરફથી કોઈ રજૂઆત થયેલી ન હતી.

(૬) શ્રી. જે. આર. શાહ ૧૯૬૪થી ૧૯૬૬ સુધી ગાર્ડા કૉલેજ, નવસારીમાં હતા તેની જાણ કયારે પણ કરી નથી.]

આથી ઠરાવવામાં આવે છે કે **સદરહુ યાદીમાંથી** શ્રી. જે. આર. શાહનું નામ કમી કરીને શ્રી. શિક્ષણસંચાલકને તેની જાણ કરવી.

૯૧. પ્રતિવર્ષે (૧) ગુજરાત યુનિવર્સિટીની ટી.વાય. બી.એ.ની પરીક્ષામાં ગુજરાતીના વિષયમાં સૌથી વધુ ગુણાંક મેળવી પ્રથમ આવનાર વિદ્યાર્થીને "શ્રી. નરસિંહરાવ ભોળાનાથ દ્વિવેદિયા ગુજરાતી પારિતોષિક", (૨) ગુજરાત યુનિવર્સિટીની એમ.એ.ની પરીક્ષામાં મુખ્ય વિષય સંસ્કૃત લઈને સૌથી વધુ ગુણાંક મેળવી પ્રથમ આવનાર વિદ્યાર્થીને "શ્રી. નરસિંહરાવ ભોળાનાથ દ્વિવેદિયા સંસ્કૃત પારિતોષિક" તથા (૩) ગુજરાત યુનિવર્સિટીની એસ.વાય.બી.એ.નીં પરીક્ષામાં સંસ્કૃત વિષયમાં સૌથી વધુ ગુણાંક મેળવી પ્રથમ આવનાર વિદ્યાર્થીને "આનંદશંકર બાપુભાઈ ધ્રુવ સંસ્કૃત પારિતોષિક" એનાયત કરવા માટેનું રૂ. ૯,૦૦૦(અંકે રૂપિયા નવહજાર પૂરા)નું સંયુક્ત પ્રદાન શ્રી. વાલજીભાઈ ગોવિંદજી દેસાઈ અને અન્ય દાતાઓ તરફથી સ્વીકારવા માટે આવેલ તેમના તા. ૨૨-૯-૧૯૭૪ના પત્ર પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પ્રદાનનો સાભાર સ્વીકાર કરવો.

૯૨. એકિઝકયુટિવ કાઉન્સિલની તા. ૧૨-૮-૧૯૭૩ની સભામાં સ્વીકારવામાં આવેલ "શ્રી. છગનલાલ ગોપાળજી સોલંકી શાંકર સિદ્ધાંત શિષ્યવૃત્તિ" એનાયત કરવા માટે તથા "શ્રી. છગનલાલ ગોપાળજી સોલંકી શાંકર દર્શન વ્યાખ્યાનમાળા શ્રેણી" યોજવા માટેના નિયમો મંજૂર કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ શિષ્યવૃત્તિ તથા વ્યાખ્યાનમાળાની શ્રેણી અંગેના નિયમો મંજૂર કરવા.

(મંજૂર કરવામાં આવેલા નિયમોની નકલ **પરિશિષ્ટ "ડ"** તરીકે સામેલ છે.)

૯૩. એક્સ્ટર્નલ પરીક્ષાઓમાં બેસતા વિદ્યાર્થીઓની રજિસ્ટ્રેશન ફી પરત કરવા અંગેનો ઓ. ૧૭૪ ઈ કાર્યાલયે સૂચવ્યા મુજબ વંચાય તેમ સુધારવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સુધારેલો ઑર્ડિ. ૧૭૪-ઈ મંજૂર કરવો તથા તેને તાત્કાલિક અમલમાં મૂકવો.

(સુધારેલા ઑર્ડિ. ૧૭૪-ઈની નકલ **પરિશિષ્ટ "ણ"** તરીકે સામેલ છે.)

૯૪. તા. ૪-૧૦-૧૯૭૪ના રોજ મળેલ ફાઇનાન્સ સમિતિની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

સદરહુ બાબત ચર્ચાવિચારણા માટે હાથ ધરવામાં આવી ત્યારે સભાગૃહને જાણ કરવામાં આવી કે સદરહુ સમિતિની તા. ૪-૧૦-૧૯૭૪ની સભા ગણપૂર્તિ (કોરમ)ને અભાવે મળી શકી નહીં. તે પછી ઠરાવવામાં આવ્યું કે સદરહુ સમિતિની તા. ૪-૧૦-૧૯૭૪ની સભા ની કાર્યસૂચી અંગે ફાઇનાન્સ સમિતિ ની હવે પછી સભા મળે ત્યારે તેની ભલામણો પરથી એકિઝકયુટિવ કાઉન્સિલ વતી જરૂરી નિર્ણય લેવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૯૫. ગુજરાતી ભાષામાં કક્કાવારી વિસ્તૃત જ્ઞાનકોષ (એનસાઇક્લોપીડિયા) જેવો સંદર્ભગ્રંથ તૈયાર કરાવવા માટે હરિ ૐ આશ્રમ, નડિયાદના ટ્રસ્ટી તરફથી રૂ. ૧૦,૦૦,૦૦૦- (રૂપિયા દસ લાખ)નું પ્રદાન સ્વીકારવાની તા. ૨૦-૯-૧૯૭૪ના પત્રથી આવેલ દરખાસ્ત અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પ્રદાનનો સાભાર સ્વીકાર કરવો.

વધુમાં ઠરાવવામાં આવે છે કે સદરહુ જ્ઞાનકોષની યોજના કરવા માટે તથા તે યોજનાની વિગતો ઘડવા માટે તથા તે યોજનાનો અમલ કરવા માટે કુલપતિશ્રીના અધ્યક્ષપદે નીચે જણાવેલા સભ્યોની બનેલી સમિતિ નીમવી :

(૧) પ્રો. અનંતરાય મ. રાવળ
(૨) પ્રો. ડી. એન. પાઠક
(૩) ડૉ. ધીરુભાઈ પી. ઠાકર
(૪) ડૉ. વી. સી. શાહ
(૫) ડૉ. એમ. એન. દેસાઈ
(૬) ડૉ. અરુણ વૈદ્ય
(૭) ડૉ. આર. પી. સોનપાલ.

વધુમાં ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિ પર જરૂર મુજબ વધારાના સભ્યો નીમવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

વધુમાં ઠરાવવામાં આવ્યું કે, સદરહુ જ્ઞાનકોષના સંપાદકની નિમણૂક અંગે નીચે જણાવેલા સભ્યોની વરણીસમિતિ નીમવી :

(૧) કુલપતિશ્રી
(૨) પ્રો. ડી. એન. પાઠક
(૩) ડૉ. ધીરુભાઈ પી. ઠાકર.

૯૬. ગુજરાતી ભાષાના વિકાસ અંગે "હરિ ૐ આશ્રમ પ્રેરિત કવિ નાનાલાલ દલપતરામ ગુજરાતી પ્રતિભાશોધ પારિતોષિક યોજના" એન્ડાઉમેન્ટ અંગે હરિ ૐ આશ્રમ, નડિયાદ તરફથી રૂ. ૫૦,૦૦૦નું પ્રદાન સ્વીકારવા અંગે તેમના તા. ૨૨–૯–૧૯૭૪ના પત્રથી આવેલ દરખાસ્ત અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પ્રદાનનો સાભાર સ્વીકાર કરવો.

૯૭. વિજ્ઞાન વિદ્યાભવનમાં હાલમાં પરમેનન્ટ કન્ટિન્જન્ટ એડવાન્સ તરીકે રૂ. ૨,૫૦૦ (રૂપિયા બે હજાર પાંચસો) આપવામાં આવ્યા છે તેના બદલે અધ્યક્ષશ્રીના સાથેના પત્રમાં જણાવ્યા મુજબ તે રકમ વધારીને રૂ. ૪,૦૦૦(રૂપિયા ચાર હજાર)ની કરવા વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે વિજ્ઞાન વિદ્યાભવનમાં પરમેનન્ટ કન્ટિન્જન્ટ એડવાન્સ તરીકે હાલ રૂ. ૨,૫૦૦ની મર્યાદા ઠરાવવામાં આવી છે તેને બદલે તે વધારીને રૂ. ૪,૦૦૦(ચાર હજાર)ની કરવી,

૯૮. સંલગ્ન કૉલેજોમાં શિક્ષકોની નિમણૂકો-ફેરફાર અંગે નીચે મુજબની યાદીઓની નોંધ લેવા બાબત :

(૧) સંલગ્ન કૉલેજોના માન્ય થયેલા શિક્ષકોની યાદી

(૨) સંલગ્ન કૉલેજોમાં જે શિક્ષકોની નિમણૂક અમાન્ય કરવામાં આવી છે તેની યાદી.

(૩) આ અગાઉ માન્ય થયેલા શિક્ષકો જેઓ એક સંલગ્ન કૉલેજમાંથી બીજી કૉલેજમાં જોડાયા તેની યાદી

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ યાદીઓની નોંધ લેવી.

(માન્ય, અમાન્ય તેમ જ એક સંલગ્ન કૉલેજમાંથી બીજી કૉલેજમાં જોડાયા હોય તેવા શિક્ષકોની યાદી **પરિશિષ્ટ "ત"** તરીકે સામેલ છે.)

૯૯. યુનિવર્સિટીના નીચેના કર્મચારીઓને તેઓનાં નામ સામે જણાવેલ કામ માટે સ્ટે. ૧૮૮(૨) પ્રમાણેની પ્રૉવિડન્ટ ફંડની તેઓના ખાતે નીકળતી રકમમાંથી લોન આપવા અંગે વિચારણા કરવા બાબત :

ક્રમાંક	નામ તથા હોદ્દો	વિગત
૧.	શ્રી. જે. બી. શાહ, સ્ટોરકીપર, રસાયણવિજ્ઞાન વિભાગ, વિજ્ઞાન વિદ્યાભવન	જયમહલ સોસાયટીમાં ફ્લેટ ખરીદવા અંગે
૨.	શ્રી. એમ. એસ. નારોલા, પટાવાળા, મનોવિજ્ઞાન વિદ્યાભવન	મકાન-મરામત અંગે

નોંધ.—

(૧) શ્રી. જે. બી. શાહના ખાતે તા. ૩૧-૩-૧૯૭૪ સુધીમાં રૂ. ૪,૦૬૮-૭૧ પૈસા જમા છે. તેમાંથી તેઓના ખાતે પ્રૉવિડન્ટ ફંડની લોનના રૂ. ૪૮૦-૦૦ તથા તે પર જે વ્યાજ થાય તે રકમ કાપવાની રહેશે.

(૨) શ્રી. એમ. એસ. નારોલાના ખાતે તા. ૩૧-૩-૧૯૭૪ સુધી રૂ. ૨,૨૧૯-૦૦ જમા છે તેમાંથી તેઓના ખાતે પ્રૉવિડન્ટ ફંડની લોનના રૂ. ૭૯૦-૦૦ તથા તે પર જે વ્યાજ થાય તે રકમ કાપવાની રહેશે.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સભ્યોને સ્ટે. ૧૮૮(૨) હેઠળ મકાન બાંધવા માટે તેમના પ્રૉવિડન્ટ ફંડ ખાતામાંની યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ ઉપર પ્રમાણે તેમનાં નામ સામે જણાવેલ લોન મંજૂર કરવી.

૧૦૦. યુનિવર્સિટી કાર્યાલયમાં નાયક તરીકે કામ કરતા શ્રી. એન. એલ. વાઘેલાએ વલ્લભપુરમાં મકાન બાંધવા માટે સ્ટ. ૧૮૮(૨) પ્રમાણે તેમના ખાતે નીકળતી પ્રૉવિડન્ટ ફંડની રકમમાંથી લોન આપવા અંગેની તેઓની તા. ૩૦-૯-૧૯૭૪ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—તેઓના પ્રૉવિડન્ટ ફંડ ખાતેના તા. ૩૧-૩-૧૯૭૪ના રોજ રૂ. ૧,૫૧૫-૧૫ પૈસા જમા છે અને તેમાંથી તેઓએ પ્રૉવિડન્ટ ફંડની લોન રૂ. ૪૭૫-૦૦ તથા તે પર જે વ્યાજ થાય તે રકમ કાપવાની રહેશે.

શ્રી. એન. એલ. વાઘેલાની લોન મંજૂર થઈ હતી પણ તે સમયે તેઓનું ભંડોળ ઓછું હોવાથી આ લોન તેઓએ લીધી નથી.)

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી કાર્યાલયના નાયક શ્રી. એન. એલ. વાઘેલાને સ્ટે. ૧૮૮(૨) હેઠળ મકાન બાંધવા માટે તેમના પ્રૉવિડન્ટ ફંડ ખાતામાંથી યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ રૂ. ૩,૦૦૦ની લોન મંજૂર કરવી.

૧૦૧. ભાષા-સાહિત્ય ભવનના ગુજરાતીના પ્રાધ્યાપક એ. એમ. રાવલની લંબાવવામાં આવેલી એક વર્ષની નિવૃત્તિવયમર્યાદા તા. ૩૧-૧૨-૧૯૭૪ના રોજ પૂરી થતી હોઈ તેમાં વધારો કરી આપવા અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.—એકિઝકયુટિવ કાઉન્સિલે તેની તા. ૧૩-૧૦-૧૯૭૩ની સભામાં તેમની નિવૃત્તિ-વયમર્યાદામાં એક વર્ષનો વધારો કર્યો છે. તેઓ તા. ૧-૧-૧૯૭૫ના રોજ ૬૩ વર્ષ પૂરાં કરે છે.)

આથી ઠરાવવામાં આવે છે કે પ્રો. અનંતરાય એમ. રાવલને પોતાની તબીબી તપાસ કરાવવા માટે ડૉ. છોટુભાઈ એચ. નાયકનો સંપર્ક સાધવા જણાવવું, અને તેમની તબીબી તપાસ અંગેનો હેવાલ આવ્યેથી જરૂરી નિર્ણય લેવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે જે શિક્ષકો-કર્મચારીઓની ઉંમર નિવૃત્તિવય સુધી પહોંચતી હોય તેમણે નિવૃત્તિવય લંબાવવા માટેની અરજી ત્રણ માસ અગાઉ કરવાનું આવશ્યક ગણવું.

૧૦૨. ઓ. ૫૭-અ(૯) પ્રમાણે ગુજરાત યુનિવર્સિટી સાથે સંકળાયેલ કૉલેજોના છ યુવક કલ્યાણ વિભાગમાંથી ચાર વિભાગોમાંની કોઈ પણ કૉલેજના આચાર્ય આ વર્ષે અધ્યક્ષ તરીકે ચૂંટાવા કે ઊભા રહેવા તૈયાર નથી તો તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ચાલુ વર્ષે પ્રવર્તતી દુષ્કાળની દારુણ પરિસ્થિતિમાં યુવક મહોત્સવ યોજવા નહીં.

૧૦૩. ગુજરાત યુનિવર્સિટી બોર્ડ ઑફ એકસ્ટ્રામ્યુરલ સ્ટડીઝની તા. ૨૬-૭-૧૯૭૪ના રોજ મળેલ સભામાં વિદ્યાવિસ્તાર વ્યાખ્યાનમાળાની યોજના પર પુનર્વિચારણા કરી પોતાનો સુચિંતિત અહેવાલ રજૂ કરવા નિયુક્ત કરેલ સમિતિની તા. ૩૦-૮-૧૯૭૪ના રોજ મળેલ સભાએ કરેલ સૂચનો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની ભલામણની નોંધ લેવી.

૧૦૪. કૉમ્પ્યુટર સેન્ટર માટે એરકન્ડિશનિંગ કરવા માટે રૂ. ૮૦,૦૦૦ની આર્થિક સહાય માટે લખતાં યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનના તેમના તા. ૨૭-૬-૧૯૭૪ના પત્ર ક્રમાંક એફ. ૨૭-૧૪/૭૨ એસસી-૨ડી. ૪-એ થી જણાવે છે કે પાંચમી પંચવર્ષીય યોજનાની ફાળવણી (allocation) પર આ રકમ first charge થશે તે શરતે તેઓ આપવા સંમત છે તો તે અંગે જરૂરી સંમતિ મોકલી આપવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી, તથા તે અંગે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને સૂચવેલી શરત સ્વીકારી તે માટે જરૂરી સંમતિ મોકલી આપવી.

૧૦૫. જૂન, ૧૯૭૪થી હાલોલ ખાતે શરૂ કરાયેલ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજમાં અંગ્રેજીના ટયૂટર તરીકે નિમાયેલ શ્રી. એ. એન. શેખની નિમણૂક ગ્રાન્ટ (કોન્ડોન) કરવાની આચાર્યશ્રીની વિનંતી પર વિચારણા કરવા બાબત.

(નોંધ.—શ્રી. એ. એન. શેખ સ્નાતક અને અનુસ્નાતક બંને કક્ષાએ પાસ વર્ગ ધરાવતા હોઈ નિમણૂકને પાત્ર નથી.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કોલેજમાં અંગ્રેજીના ટયૂટર તરીકે શ્રી. એ. એન. શેખની નિમણૂક ફક્ત ચાલુ શૈક્ષણિક વર્ષ પૂરતી ગ્રાહ્ય ગણવી, અને સદરહુ કોલેજને જણાવવું કે જૂન ૧૯૭૫થી યોગ્ય લાયકાત ધરાવતા ટયૂટરની નિમણૂક કરવી આવશ્યક રહેશે.

૧૦૬. અમદાવાદ કોમર્સ કોલેજ અને અમદાવાદ આર્ટ્સ કોલેજના રાષ્ટ્રીય સેવા યોજના એકમના પ્રોફેસર-ઇન-ચાર્જ તરીકે કામ કરતા વ્યાયામ શિક્ષકો અનુક્રમે શ્રી. બી. પી. કઠવાડિયા અને શ્રી. જે. ડી. નાયકને એકિઝકયુટિવ કાઉન્સિલની તા. ૮-૯-૧૯૭૩ની સભાના ઠરાવ નં ૬૦ મુજબ તેઓની મુદત ૧૯૭૩-૭૪ના શૈક્ષણિક વર્ષ પૂરતી જ લંબાવવામાં આવી હતી, પરંતુ આ કોલેજના આચાર્યશ્રીઓએ ફરી વાર જે તે પ્રોફેસરે-ઇન-ચાર્જનાં નામ સૂચવ્યાં છે તે અંગે પુનર્વિચારણા કરવા વિનંતી કરી છે તેથી તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતમાં એકિઝકયુટિવ કાઉન્સિલે તેની તા. ૮-૯-૧૯૭૩ની સભામાં લીધેલા નિર્ણય પર પુનર્વિચારણા કરવી શકય નથી, એમ સદરહુ કોલેજોના આચાર્યોને જણાવીને તેમના એન. એસ. એસ. એકમોના અધ્યાપક-ઇન-ચાર્જ તરીકે કોઈ અધ્યાપકના નામની ભલામણ મોકલવા માટે જણાવવું.

૧૦૭. એમ.એ. પરીક્ષા માટેનું સુરતવાળા ગોસ્વામીનું શ્રી. વ્રજરત્નલાલજી મહારાજ સુવર્ણ જયંતી શુદ્ધાદ્વૈત વેદાન્ત પારિતોષિક એમ.એ.ના મે, ૧૯૭૪ના વિદ્યાર્થી નં. ૯૨ કુ. નયના પ્રાણલાલ મહેતાને એનાયત કરવું કે કેમ તે અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.—કુમારી નયના મહેતાએ તેમની એમ.એ. પરીક્ષા ૐ. ૧૩૮ હેઠળ કૃપાગુણ મેળવી પ્રથમ વર્ગમાં પસાર કરી છે. ૐ. ૧૪૩ મુજબ કૃપાગુણ મેળવનાર વ્યક્તિ કોઈ પણ પ્રદાન માટે લાયક ગણાય નહિ, પરંતુ આ પ્રદાન વધારાના વલ્લભ વેદાન્ત પેપર માટે નિયુક્ત થયેલું હોઈ, આ બહેનને તે આપવા અંગે વિચારણા કરવાની થાય છે.)

આથી ઠરાવવામાં આવે છે કે એમ.એ. સંસ્કૃતના અભ્યાસક્રમમાં વલ્લભ વેદાંતનો વધારાનો પશ્નપત્ર લઈને કુ. નયના પ્રાણલાલ મહેતા પ્રથમ વર્ગમાં ઉત્તીર્ણ થયેલાં હોઈ તેમના કેસમાં કૃપાગુણની જોગવાઈ ક્ષમ્ય ગણીને તેમને સદરહુ પારિતોષિક આપવું.

૧૦૮. ઓકટોબર ૨૦થી ૨૬, ૧૯૭૪ના સમય દરમિયાન ઇન્ટરનેશનલ કોંગ્રેસ ઓફ ફિઝિયોલોજિકલ સાયન્સનું ૨૬મું અધિવેશન, ન્યૂ દિલ્હી મુકામે યોજાનાર છે તેમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગે કોંગ્રેસના સામાન્ય મંત્રીશ્રીના તા. ૧-૯-૧૯૭૪ના પત્ર પર વિચારણા કરવા બાબત.

સદરહુ બાબત ચર્ચાવિચારણા માટે હાથ ધરવામાં આવી ત્યારે ડૉ. વી. સી. શાહે સભાગૃહને જણાવ્યું કે તેમને સદરહુ અધિવેશનમાં ભાગ લેવા માટે નિમંત્રણ મળેલું છે અને તે અંગેનું ખર્ચ સદરહુ કૉંગ્રેસ તરફથી મળનાર છે.

તે પછી ઠરાવવામાં આવ્યું કે ડૉ. વી. સી. શાહને સદરહુ કૉંગ્રેસના આગામી અધિવેશનમાં આ યુનિવર્સિટીનું પ્રતિનિધિત્વ આપવું અને તે માટે જરૂરી રજા ફરજ પરની રજા તરીકે ગણવી.

૧૦૯. યુનિવર્સિટી લાઇબ્રેરીના સામયિકો અંગેના મેસર્સ કં. કે. રોય પ્રા. લિ., કલકત્તા સામે તા. ૨૪-૨-૧૯૭૦ના રોજ દાખલ કરેલા દાવા અંગે વિચારણા કરવા બાબત.

સદરહુ બાબત અંગે નીચે મુજબ ઠરાવવામાં આવ્યું :

"Resolved that the Vice-Chancellor be authorised to nominate such person as he pleases to nominate to exercise the necessary power of attorney on behalf of the Gujarat University in the matter of the Civil Suit No. 24 of 1970 instituted in the City Civil Court at Alipur and the Registrar of the University be authorised to sign the power of attorney on behalf of the University."

૧૧૦. રાજ્ય સરકારે તેમના તા. ૧૧-૬-૧૯૭૪ના શિક્ષણ અને શ્રમ ખાતાના ઠરાવ ક્રમાંક આઈ. એ. એસ. ૧૦૭૪-૩૧૫૦-૧-બથી ઇન્ડિયન એડમિનિસ્ટ્રેટિવ જેવી સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે વિદ્યાર્થીઓને તાલીમ આપવાનું જે કેન્દ્ર આ યુનિવર્સિટીમાં સ્થાપ્યું છે તેની વહીવટી સમિતિ પર શિક્ષણ અને શ્રમ ખાતાના મંત્રીને આઈ.એ.એસ. ઑફિસર તરીકે નિયુક્ત કર્યાની તેમ જ પ્રવેશ માટે શેડ્યુલ્ડ કાસ્ટ માટે ૭ ટકા અને શેડ્યુલ્ડ ટ્રાઇબ્સ-નોમેડિક ટ્રાઇબ્સ માટે ૧૩ ટકા, જો તેઓ બીજા વર્ગના સ્નાતકો હોય તો જગ્યાઓ અનામત રાખવા અંગ અગાઉના આ અંગેના તા. ૧૭-૮-૧૯૭૪ના તે જ ક્રમાંકના ઠરાવમાં ઉમેરો કર્યાની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૧૧૧. યુનિવર્સિટી ઉત્તર વિભાગ સ્થાનિક રમત સમિતિની તા. ૧૫-૬-૧૯૭૪ના રોજ મળેલી સભાના ઠરાવો ઉપર વિચારણા કરવા બાબત :

1. Resolved that due to the drought and scarcity prevailing in Gujarat all the events which have not started yet including the Athletic meet be cancelled and the amount thus saved be used for the people of scarcity hit areas. It was further resolved that the copy of this resolution be sent to the President of other zones of Gujarat University with a request to follow suit in this noble cause.

2. Resolved that all the colleges should sent their contribution at the rate of 25 Paise per student to the host colleges and the remaining amount at the rate of 50 Paise per student be sent to the scarcity fund.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત બોર્ડ ઑફ સ્પોર્ટ્સને મોકલીને જરૂરી નિર્ણય લેવા માટે જણાવવું.

૧૧૩. છત્રપતિ શિવાજીના રાજ્યારોહણના ત્રીજા શતાબ્દી મહોત્સવ અંગે વ્યાખ્યાનો, શિબિરો વગેરે યોજવા અંગેની યુનિવર્સિટી અનુદાન આયોગના તારીખ વગરના પત્રાંક એફ. ૩–૬૮ (૪) (૭૪) એફ. આઈ. પી. ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતના સંદર્ભમાં મરાઠા ઇતિહાસ પર એક પરિસંવાદ યોજવાનું રાખવું અને તે માટે જરૂરી યોજના ઇતિહાસ વિભાગ પાસે તૈયાર કરાવીને મોકલવા માટે સમાજવિદ્યા ભવનના અધ્યક્ષશ્રીને જણાવવું.

૧૧૩. સેમેસ્ટર (સિ.,મિ., ઈલે.,આઈ.સી. અને ઈ.સી.)ની પરીક્ષા તા. ૨–૧૨–'૭૪થી શરૂ કરવાને બદલે તા. ૧૯–૧૨–૭૪થી શરૂ કરવાની વિદ્યાર્થીઓની માગણી અંગે વિચારણા કરવા અને આ સંદર્ભમાં એન્જિનિયરિંગ કૉલેજના આચાર્યશ્રીએ જો પરીક્ષા મોડી લેવાય તો બીજું સત્ર તા. ૨–૧૨–૧૯૭૪થી શરૂ કરી ૩૧મી માર્ચ સુધી રાખવાની કરેલ ભલામણ અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.—સેમેસ્ટર IX ના વિષયો P.D.D.C. V અને VIની સાથે સરખા હોવાથી આ પરીક્ષા પણ સેમેસ્ટર IX સાથે શરૂ કરવાની રહેશે.)

આથી ઠરાવવામાં આવે છે કે ચાલુ વર્ષની પરીક્ષાઓ દિવાળીની રજાઓ પછી કુલપતિશ્રી નિયત કરે તે તારીખથી શરૂ કરવાનું રાખવું અને બજનેરી કૉલેજોમાં ચાલુ વર્ષે બીજું સત્ર તા. ૨–૧૨–૧૯૭૪થી તા. ૩૧–૩–૧૯૭૫ સુધીનું રાખવું.

૧૧૪. આચાર્યશ્રી એસ. એસ. મહેતા આર્ટ્સ એન્ડ એમ. એમ. પટેલ કૉમર્સ કૉલેજ, હિંમતનગર (૨) આર. આર. લાલન કૉલેજ, ભૂજ (૩) તોલાણી કૉલેજ ઑફ આર્ટ્સ એન્ડ સાયન્સ, ગાંધીધામ-આદિપુર તથા (૪) તોલાણી કૉલેજ ઑફ કૉમર્સ, આદિપુરને પ્રથમ સત્રમાં લેવાતી આંતરિક કસોટી પરીક્ષા બીજા સત્રની શરૂઆતમાં લેવા માટે પરવાનગી આપ્યાના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીના સદરહુ કાર્યની નોંધ લેવી.

૧૧૫. કુલપતિશ્રીના નીચેના કાર્યની નોંધ લેવા બાબત :

ગુજરાત યુનિવર્સિટી અને નવજીવન આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, દાહોદના સંયુક્ત ઉપક્રમે નાતાલની રજાઓમાં દાહોદ ખાતે યોજનાર એક "વાચનશિબિર" ના ખર્ચ રૂ. ૪,૦૦૦માંથી ૫૦ ટકા ખર્ચ મુન્શી ચેરિટેબલ ટ્રસ્ટ તરફથી પ્રદાન કરેલ રૂ. ૫,૦૦૦૦ માંથી આઈ.એ.એસ.ના

વિદ્યાર્થીઓને સહાયભૂત થવા યોજેલ શિબિરમાં થયેલા ખર્ચ રૂ. ૨,૨૫૭-૫૪ બાદ કરતાં વધેલ રકમમાંથી કરવાનું મંજૂર કર્યાના.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીના સદરહુ કાર્યની નોંધ લેવી.

૧૧૬. તા.૨૭-૧૨-૧૯૭૪થી ૩૧-૧૨-૧૯૭૪ દરમ્યાન ભાભા એટમિક રિસર્ચ સેન્ટર, ટ્રોમ્બે-મુંબઈ ખાતે યોજાનાર બીજા "ન્યૂક્લિયર ફિઝિકસ અને સોલિડ સ્ટેટ સિમ્પોઝિયમ"માં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા જણાવ્યાના તા. ૨૩-૯-૧૯૭૪ના ભારત સરકારના પત્રાંક ૧૯ (૫) ૭૪ - જી ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ જ્ઞાનગોષ્ઠિમાં આ યુનિ.ના કોઈ પ્રતિનિધિને મોકલવા નહીં.

૧૧૭. યુનિવાર્સિટી ગ્રાન્ટ્સ કમિશન (કેટલીક યુનિવર્સિટીઓને ગ્રાન્ટને પાત્ર ગણવા અંગે) રૂલ્સ, ૧૯૭૪ અંગેનું જાહેરનામું દર્શાવતા ભારત સરકારના શિક્ષણ અને સમાજ કલ્યાણ મંત્રાલયના તા. ૯-૯-૧૯૭૪ના પત્રાંક એફ-૯-૨-૭૪-યુ-૨ ની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૧૧૮. ક્રેમિંગહામ યુનિયન હૉસ્પિટલ, ક્રેમિંગહામ, યુ.એસ.એ.ના ડૉ. કિશોર એ. મહેતાએ તેમના તા. ૧૪-૬-૧૯૭૪ના પત્રથી તેમનાં પત્ની સ્વ. ડૉ. શોભના કે. મહેતાની સ્મૃતિમાં ગુજરાત યુનિવર્સિટી તરફથી વર્ષમાં બે વાર લેવામાં આવતી માર્ચ તથા ઑક્ટોબરની એમ.ડી. (એનેસ્થેસિયા)ની પરીક્ષામાં પ્રથમ પ્રયત્ને ઉત્તીર્ણ થનાર બે વિદ્યાર્થીઓને માર્ચ તથા ઑક્ટોબર માટે જુદા જુદા સુવર્ણમંડિત ચંદ્રકો એનાયત કરવા માટે પ્રદાન આપવાની વિનંતીના સંદર્ભમાં એકિઝકયુટિવ કાઉન્સિલે તા. ૨૯-૬-૧૯૭૪ની સભામાં ઠરાવ ક્રમાંક ૧૨૦થી સુવર્ણમંડિત ચંદ્રકને બદલે ઇનામ કે શિષ્યવૃત્તિ સ્થાપવા ડૉ. કિશોર એ. મહેતાને પુછાવવાનું ઠરાવેલ તેના જવાબમાં ડૉ. મહેતા તેમના તા. ૧૬-૭-૧૯૭૪ના પત્રથી બે સુવર્ણમંડિત ચંદ્રકો માટે જ સદરહુ પ્રદાન આપવા ઇચ્છા ધરાવે છે. તદુપરાંત સદરહુ પરીક્ષા માટે સુવર્ણચંદ્રક એનાયત કરવાની બાબતમાં યુનિવર્સિટીના નિયમ અનુસાર ફાઇનલ એમ.બી., બી.એસ.ની પરીક્ષાના કુલ ગુણાંક અને પ્રથમ પ્રયત્નને ધ્યાનમાં લેવામાં આવે છે તેને બદલે ડૉ. મહેતાએ એમ.ડી. (એનેસ્થેસિયા)ની પરીક્ષાના ચારે પરીક્ષકોની સમિતિને સૌથી વધુ લાયક વિદ્યાર્થીને સુવર્ણચંદ્રક એનાયત કરવાની પસંદગી કરવાનું કામ સુપરત કરવું તેવી વિનંતીના સંદર્ભમાં વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પ્રદાનનો સાભાર સ્વીકાર કરવો તથા તે અંગેના નિયમો ઘડીને આ સભાગૃહ સમક્ષ રજૂ કરવા માટે યુનિવર્સિટી કાર્યાલયને જણાવવું.

૧૧૯. તા. ૨૧ મી ઑક્ટોબર ૧૯૭૪ના રોજ માયસોર યુનિવર્સિટીના મનોવિજ્ઞાન વિદ્યાભવનનો માયસોર સુકામે સુવર્ણજયંતી મહોત્સવ ઉજવાનાર છે તેમાં "સિલેકશન એન્ડ ટ્રેનિંગ ઇન ફન્ડામેન્ટલ એન્ડ એપ્લાઇડ ફિલ્ડસ ઑફ સાયકોલોજી" વિષય પર પાંચ દિવસનો એક પરિસંવાદ યોજાનાર છે તેમાં પ્રતિનિધિ તરીકે ડૉ. ભોપટકરને મોકલવા અંગે સમિતિના મંત્રીશ્રીના આવેલ તા. ૩૦-૯-૧૯૭૪ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સુવર્ણજયંતી મહોત્સવમાં આ યુનિવર્સિટીના કોઈ પ્રતિનિધિને મોકલવા નહીં.

૧૨૦. શ્રી. આર. કે. પરીખ આર્ટ્સ એન્ડ શ્રી. એમ. કે. પટેલ કોમર્સ કૉલેજ, પેટલાદને જૂન ૧૯૭૪થી બી.એ. (પ્રિન્સિ.)માં સમાજશાસ્ત્ર; બી.એ. (સબો.)માં મનોવિજ્ઞાન અને બી.કોમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ માટેની અરજી.

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. આર. કે. પરીખ આર્ટ્સ એન્ડ શ્રી. એમ. કે. પટેલ કોમર્સ કૉલેજ, પેટલાદની નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલી શરતોનું પાલન એકિઝકયુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૨૫–૧૦–૧૯૭૪ સુધીમાં કરે તો તેને બી.એ. (ગૌણ)માં માનસશાસ્ત્ર તથા બી.કોમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫–૬–૧૯૭૪થી તા. ૧૪–૬–૧૯૭૭ સુધીનું ચાલુ જોડાણ તથા બી.એ. (પ્રિન્સિ.)માં સમાજશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫–૬–૧૯૭૪થી તા. ૧૪–૬–૧૯૭૬ સુધીનું ચાલુ જોડાણ આપવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. નીચે જણાવ્યા પ્રમાણે નિમણૂકો કરવામાં આવે :

(૧) સમાજશાસ્ત્રના પૂર્ણ સમયના પ્રાધ્યાપક

(૨) મનોવિજ્ઞાનના વ્યાખ્યાતા

(૩) લાયકાત ધરાવતા ગ્રંથપાલ;

૨. ઑર્ડિ. ૧૨૦–એ૧ને અનુલક્ષીને જે તે વિષયમાં જરૂરી નિમણૂકો કરવામાં આવે;

૩. યુનિવર્સિટીનાં ધારાધોરણ અનુસાર એક વધારાના વર્ગખંડની વ્યવસ્થા કરવામાં આવે;

૪. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૫. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૬. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોનાં પગારધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકોને વેતન, વળતર કે જે કાંઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે;

૭. પ્રૉ. ફંડ અંગે સંચાલક મંડળના ફાળા અને ટ્રસ્ટની રચના સહિતનાં મુનિ.નાં તમામ ધારાધોરણોનું પાલન કરવામાં આવે;

૮. શિક્ષકોના વાર્ષિક મૂળ પગારના ૨½ (અઢી) ટકાના દરે ગ્રેચ્યુઇટી ફંડ ઊભું કરવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૧૨૧. એલ. ડી. કૉલેજ ઑફ એન્જિનિયરિંગ, અમદાવાદને સ્વાયત્તતા આપવા અંગેની અરજી પર એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૨૧–૮–૧૯૭૪ની સભામાં કરેલ નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"સદરહુ બાબત અંગે સ્થાનિક તપાસસમિતિનો હેવાલ તથા અન્ય સંબંધકર્તા કાગળો જોઈ તપાસીને નીચે મુજબ અભિપ્રાય આપવાનું ઠરાવવામાં આવ્યું :

૧. એલ. ડી. એન્જિનિયરિંગ કૉલેજ, અમદાવાદમાં શિક્ષણનાં ધોરણોના થયેલા વિકાસને અનુલક્ષીને સદરહુ કૉલેજને (૧) વિદ્યાર્થીઓના પ્રવેશ બાબતમાં, (૨) અભ્યાસક્રમો નિયત કરવાની બાબતમાં, (૩) શિક્ષણ, વિદ્યાવિતરણ અને તાલીમની બાબતમાં, તથા (૪) પરીક્ષાઓ લેવાની બાબતમાં નીચે જણાવ્યા મુજબની શરતોનું પરિપાલન તા. ૩૦મી એપ્રિલ ૧૯૭૫ સુધીમાં એકિઝકયુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે કરવામાં આવે તો તેને બી.ઈ. સિવિલ, મિકેનિકલ, ઇલેક્ટ્રિકલ અને કેમિકલ એન્જિનિયરિંગ, તથા બી.ઈ. ઇલેક્ટ્રોનિક્સ ઍન્ડ કૉમ્યુનિકેશન અને બી.ઈ. ઇન્સ્ટ્રુમેન્ટેશન ઍન્ડ કન્ટ્રોલ (સેન્ડવિચ પેટર્ન) વિષયોમાં પ્રવેશ, અભ્યાસક્રમ. શિક્ષણ અને પરીક્ષાની બાબતોમાં તા. ૧૫મી જૂન ૧૯૭૫થી તા. ૧૪મી જૂન ૧૯૭૮ સુધીના સમયગાળા માટે ગુજરાત યુનિવર્સિટીના ધારાની કલમ ૩૮–બી હેઠળ પ્રથમ વર્ષ (એફ.ઈ.)થી શરૂ કરીને એકેક વર્ષ આગળ વધે તે રીતે ઉત્તરોત્તર (progressively) જરૂરી સ્વાયત્તતા (autonomy) આપવામાં આવે તથા તે માટે જરૂરી ધારાધોરણો ઘડવા માટે તેને સત્તા આપવામાં આવે એમ એકિઝકયુટિવ કાઉન્સિલને રિપોર્ટ કરવો :

શરતો

૧. પ્રવેશપાત્રતા અંગે ઓછામાં ઓછાં જે ધારાધોરણો ગુજરાત યુનિવર્સિટીએ નિયત કરેલાં હોય તેનું યથાર્થ પરિપાલન કરવામાં આવે;

૨. પ્રવેશ અંગે સંલગ્ન કૉલેજોમાં કૉલેજવાર અને વર્ગવાર ઑ. ૧૨૦–બી માં વિદ્યાર્થીઓની સંખ્યા અંગે જે ગુરુતમ મર્યાદાઓ મૂકેલી છે તેના કરતાં વધુ વિદ્યાર્થીઓને દાખલ કરવામાં આવે નહિ;

૩. વિદ્યાર્થીઓની ટ્યૂશન ફીમાં યુનિવર્સિટીની પૂર્વમંજૂરી વિના કશો વધારો કરવામાં આવે નહીં;

૪. પ્રત્યેક શૈક્ષણિક વર્ષના અભ્યાસક્રમો સ્વાયત્ત કૉલેજની સ્થાયી સમિતિએ જે તે વિષયના નિષ્ણાતોના સલાહસૂચનો લઈને નિયત કરવા જોઈએ અને શૈક્ષણિક વર્ષના પ્રારંભ પહેલાં ઓછામાં ઓછા ત્રણ માસ અગાઉ પ્રસિદ્ધ કરવા જોઈએ, અને તે પછી તરત જ તેની ઓછામાં ઓછી ૨૫ નકલો યુનિવર્સિટી કાર્યાલયને મોકલી આપવી આવશ્યક રહેશે;

૫. પ્રસિદ્ધ કરેલા અભ્યાસક્રમમાં વર્ષની અધવચ્ચે સામાન્ય રીતે કશો ફેરફાર કરી શકશે નહીં. પરંતુ ખાસ સંજોગોમાં તેમ કરવાની જરૂર ઊભી થાય તો તેનાં કારણો લેખિત સ્વરૂપે નોંધીને યુનિવર્સિટી કાર્યાલયને તેની જાણ કરવી આવશ્યક રહેશે;

૬. અભ્યાસક્રમ નિયત કરતી વખતે જે તે કક્ષાએ શિક્ષણનાં ઉત્કૃષ્ટ ધોરણો લક્ષમાં રાખવાં આવશ્યક રહેશે;

૭. શિક્ષણની પ્રક્રિયામાં જ્યારે ફેરફાર કરવામાં આવે ત્યારે તે અંગે કૉલેજોના શિક્ષકોને તેમાં સાંકળવામાં આવે;

૮. નવા માળખા તરફ કૉલેજના શિક્ષકોનો અભિગમ કેળવવા માટે પરિસંવાદો યોજવા અને આ વિચારનો જે સંસ્થાઓમાં અમલ થયો હોય ત્યાંની મુલાકાત કૉલેજના શિક્ષકો લઈ શકે તેવી સગવડ તેઓને આપવામાં આવે;

૯. શિક્ષણનાં ઉત્કૃષ્ટ ધોરણો જાળવવા અને સુધારવા માટે સતત મથામણ કરવી કૉલેજ માટે આવશ્યક રહેશે, અને તે હેતુ માટે અધ્યાપકો તથા વિદ્યાર્થીઓને સહકાર માટે પ્રવૃત્ત કરશે;

૧૦. સંલગ્ન કૉલેજો માટે નિયત કરેલ ઓછામાં ઓછી લાયકાત અને વેતનનાં ધોરણો કરતાં કોઈ પણ સંજોગોમાં નીચાં નહીં એવાં ધોરણોનું પરિપાલન કરવાનું આવશ્યક રહેશે, અને તે બાબતમાં એક્ઝિક્યુટિવ કાઉન્સિલ કે તે માટે તેણે જે અધિકારીને સત્તા આપેલી હોય તે વખતોવખત જે સૂચનાઓ આપે તેનો અમલ કરવો આવશ્યક રહેશે;

૧૧. વર્ગખંડો અને તેના ક્ષેત્રફળની બાબતમાં તથા ગ્રંથાલય, વાચનખંડ, પ્રયોગશાળા/વર્કશૉપ, છાત્રાલય અને રમતગમતનાં સાધનસગવડની બાબતમાં સંલગ્ન કૉલેજો માટે નિયત થયેલાં ધોરણો કરતાં નીચાં નહીં એવાં ધોરણો કૉલેજે પાળવાં આવશ્યક રહેશે;

૧૨. ઉપર નં. ૧, ૨, ૩ અને ૪ અંગેની હાલ પ્રવર્તતી નીચેની ઊણપો/ક્ષતિઓ દૂર કરવામાં આવે :

(૧) ઇલેકટ્રોનિકસ ઍન્ડ કૉમ્યુનિકેશનના પ્રાધ્યાપકની નિમણૂક કરવામાં આવે;

(૨) ઇલેકટ્રોનિકસ ઍન્ડ કૉમ્યુનિકેશન વિષયને લગતા બે વ્યાખ્યાતાઓ નીમવામાં આવે;

(૩) ઇલેકટ્રોનિકસ ઍન્ડ કૉમ્યુનિકેશન માટેનાં પ્રયોગશાળાનાં તમામ જરૂરી સાધનો વસાવવામાં આવે;

તે પછી ઠરાવવામાં આવ્યું કે શ્રી. આર. જે. અરોરાને તા. ૧૭-૧૨-૧૯૭૪થી સદરહુ જગ્યા પર કાયમ કરવા.

૪. સમાજવિદ્યા ભવનના ઇતિહાસના રીડર ડૉ. આર. કે. ધારૈયાનો બે વર્ષનો અજમાયશી સમય તા. ૩૧-૧૨-૧૯૭૪ના રોજ પૂરો થતો હોઈ તેઓને તા. ૧-૧-૧૯૭૫થી કાયમ કરવા અંગે વિચારણા કરવા બાબત.

સમાજવિદ્યા ભવનના ઇતિહાસના રીડર ડૉ. આર. કે. ધારૈયાની કામગીરી અંગેનો ખાનગી અહેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો.

તે પછી ઠરાવવામાં આવ્યું કે ડૉ. આર. કે. ધારૈયાને તા. ૧-૧-૧૯૭૫થી સદરહુ જગ્યા પર કાયમ કરવા.

૫. યુનિવર્સિટી મુદ્રણાલયના જુ. કંપોઝીટર શ્રી. એમ. જે. આહુજાની નિવૃત્તિ-વયમાં વધુ એક વર્ષનો વધારો કરી આપવા અંગેની તેઓની તા. ૨-૧૦-૧૯૭૪ની અરજી પર વિચારણા કરવા બાબત.

[નોંધ.—૧. એક્ઝિક્યુટિવ કાઉન્સિલની તા. ૧૬-૧૧-૧૯૭૩ની સભામાં તેઓની સેવાની મુદ્દત એક વર્ષ માટે લંબાવવામાં આવી હતી.

૨. શ્રી. એમ. જે. આહુજાને તા. ૪-૧૨-૧૯૭૪ના રોજ ૬૨ વર્ષ પૂરાં થાય છે.]

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી મુદ્રણાલયના જુનિયર કંપોઝીટર શ્રી. એમ. જે. આહુજાને પોતાની તબીબી તપાસ માટે યુનિવર્સિટીના રેસિડેન્ટ મેડિકલ ઑફિસર ડૉ. સી. આર. ત્રિવેદીનો સંપર્ક સાધવા જણાવવું અને તે તપાસનો રિપોર્ટ આવ્યેથી જરૂરી નિર્ણય લેવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૬. યુનિવર્સિટી કાર્યાલયના એકેડેમિક વિભાગમાં જુ. કલાર્ક તરીકે કામ કરતા શ્રી. બી. કે. વાળંદને ગુજરાત હાઉસિંગ બોર્ડ તરફથી યુનિવર્સિટીની સંલગ્ન કૉલેજોના શૈક્ષણિક તથા બિનશૈક્ષણિક કર્મચારીઓ માટે તૈયાર થતા ફ્લેટોમાં તેઓએ તેઓના રહેઠાણ માટે નામ નોંધાવ્યું હોઈ સ્ટે. ૧૮૮(૨) પ્રમાણે તેઓના પ્રો.ફંડ ખાતામાંથી નીકળતી રકમમાંથી લોન આપવા અંગેની તેઓની તા. ૨૧–૧૦–૧૯૭૪ની અરજી પર વિચારણા કરવા બાબત.

(નોંધ.—તેઓના પ્રો. ફંડ ખાતે તા. ૩૧–૩–૧૯૭૪ના રોજ રૂ. ૫,૦૧૧–૫૬ પૈસા જમા છે અને તેમાંથી પ્રો. ફંડની લોનના રૂ. ૧,૪૦૫–૦૦ તથા તે પર ગણતરી થતાં જે વ્યાજ થાય તે રકમ કાપવાની રહેશે.)

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. બી. કે. વાળંદને સદરહુ કામ માટે સ્ટે. ૧૮૮(૨) હેઠળ તેમના પ્રોવિડંટ ફંડ ફાળામાંથી યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ રૂ. ૫,૦૦૦/– (રૂપિયા પાંચ હજાર)ની બિલ્ડિંગ લોન મંજૂર કરવી.

૭. મનોવિજ્ઞાન વિદ્યાભવનના પટાવાળા શ્રી. એમ. એસ. નારોલાને તેઓના પડી ગયેલા મકાનને ફરીથી બાંધવા માટે સ્ટે. ૧૮૮ (૨) હેઠળ તેમના પ્રોવિડંટ ફંડ ખાતે નીકળતી રકમમાંથી લોન આપવા અંગેની તેઓની તા. ૨૮-૯-૧૯૭૪ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધ.—તેઓના પ્રે. ફંડ ખાતે તા. ૩૧–૩–૧૯૭૪ના રોજ રૂ. ૨,૨૧૯–૦૩ જમા છે અને તેમાંથી પ્રો. ફંડની લોનની રૂ. ૭૯૦–૦૦ની રકમ તથા તે પર જે વ્યાજ થાય તે રકમ કાપવાની રહેશે.)

આથી ઠરાવવામાં આવે છે કે મનોવિજ્ઞાન વિદ્યાભવનના પટાવાળા શ્રી. એમ. એસ. નારોલાને મકાન બાંધવા માટે સ્ટે. ૧૮૮(૨) હેઠળ તેમના પ્રોવિડન્ટ ફંડ ફાળામાંથી યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ રૂ. ૨,૨૦૦/– (રૂપિયા બે હજાર અને બસો)ની બિલ્ડિંગ લોન મંજૂર કરવી.

૮. નવેંબર ૨૫ થી ૨૮, ૧૯૭૪ના સમય દરમિયાન અખિલ ભારતીય ધોરણે "Reforms in Higher Education" પર વારાણસી મુકામે એક પરિસંવાદ યોજનાર છે તેમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પરિસંવાદમાં આ યુનિવર્સિટીના કોઈ પ્રતિનિધિને મોકલવા નહીં.

૯. ડિસેંબર ૨૭ થી ૨૯, ૧૯૭૪ના સમય દરમિયાન "Indian Economics Association"નું ૫૭મું વાર્ષિક અધિવેશન વૉલ્ટર (વિશાખાપટનમ) મુકામે યોજનાર છે.

તેમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગે સદરહુ એસોસિયેશનના માનદ મંત્રીશ્રી તરફથી આવેલ પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ એસોસિયેશનના આગામી વાર્ષિક અધિવેશનમાં આ યુનિવર્સિટીના કોઈ પ્રતિનિધિને મોકલવા નહીં.

૧૦. ડિસેંબર ૨૮ થી ૩૦, ૧૯૭૪ના સમય દરમિયાન ભુવનેશ્વર મુકામે મળનાર "The Indian Academy of Applied Psychology" ના ૧૨મા વાર્ષિક અધિવેશનમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગે સદરહુ સંસ્થાના મંત્રીશ્રી તરફથી આવેલ પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ એકેડેમીના આગામી વાર્ષિક અધિવેશનમાં આ યુનિવર્સિટીના કોઈ પ્રતિનિધિને મોકલવા નહીં.

૧૧. ડિસેંબર ૩૧, ૧૯૭૪ થી ૨ જાન્યુઆરી ૧૯૭૫ના સમય દરમિયાન "Indian Society of Agriculture Statistics" નું ૨૮ મું વાર્ષિક અધિવેશન "હિસ્સાર" (હરયાણા) મુકામે યોજાનાર છે, તેમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગેના સદરહુ સંસ્થાના મંત્રીશ્રીના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સોસાયટીના આગામી વાર્ષિક અધિવેશનમાં આ યુનિવર્સિટીના કોઈ પ્રતિનિધિને મોકલવા નહીં.

૧૨. ફેબ્રુઆરી ૧૯૭૫ના પ્રથમ સપ્તાહ દરમિયાન બનારસ હિન્દુ યુનિવર્સિટી તરફથી "Multidisciplinary Seminar on Problems and Perspectives of Population in India" નામક એક પરિસંવાદ વારાણસી મુકામે યોજાનાર છે. તેમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પરિસંવાદમાં આ યુનિવર્સિટીના કોઈ પ્રતિનિધિને મોકલવા નહીં.

૧૩. ડિસેમ્બર ૨૭થી ૨૯, ૧૯૭૪ના સમય દરમિયાન "Anatomical Conference of India"નું ૨૩ મું વાર્ષિક અધિવેશન વારાણસી મુકામે યોજાનાર છે. તેમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગેના સોસાયટીના સામાન્ય મંત્રીશ્રીના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પરિષદના આગામી વાર્ષિક અધિવેશનમાં આ યુનિવર્સિટીના કોઈ પ્રતિનિધને મોકલવા નહીં.

૧૪. જાન્યુઆરી ૪ થી ૭, ૧૯૭૫ના સમય દરમિયાન "Indian Psychiatric Society" નું ૨૭ મું વાર્ષિક અધિવેશન ત્રિવેન્દ્રમ મુકામે યોજાનાર છે. તેમાં

યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગે સોસાયટીના માનદ્ સામાન્ય મંત્રીશ્રીના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સોસાયટીના આગામી વાર્ષિક અધિવેશનમાં આ યુનિવર્સિટીના કોઈ પ્રતિનિધિને મોકલવા નહીં.

૧૫. જાન્યુઆરી ૧૨ થી ૧૫, ૧૯૭૫ ના સમય દરમિયાન જોધપુર મુકામે યોજાનાર "Indian Association for Advancement of Medical Education" ના ૧૬ મા વાર્ષિક અધિવેશનમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગેના ગુજરાતના ચેપ્ટરના માનદ્ મંત્રીશ્રીના તા. ૭-૧૦-૧૯૭૪ ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ એસોસિયેશનના આગામી વાર્ષિક અધિવેશનમાં આ યુનિવર્સિટીના કોઈ પ્રતિનિધિને મોકલવા નહીં.

૧૬. યુનિવર્સિટીના આરોગ્ય કેન્દ્રમાં ખાલી પડેલી નીચેની જગ્યાઓ માટે વરણી સમિતિઓની રચના કરવા અંગે વિચારણા કરવા બાબત :

(૧) ચીફ મેડિકલ ઑફિસર

(૨) રેસિડેન્ટ મેડિકલ ઑફિસર

(૩) પાર્ટ-ટાઇમ લેડી ડૉક્ટર

(૪) માનાર્હ રેડિયોલોજિસ્ટ.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીના આરોગ્ય કેન્દ્રમાં ચીફ મેડિકલ ઑફિસર, પાર્ટ-ટાઈમ લેડી ડૉક્ટર અને માનાર્હ રેડિયોલોજિસ્ટની જગ્યાઓની ઉપયોગિતા અંગે હાલની આર્થિક પરિસ્થિતિના સંદર્ભમાં વિચારણા કરીને પોતાનો સુચિંતિત અહેવાલ રજૂ કરવા માટે નીચે જણાવેલ સભ્યોની સમિતિ નીમવી :

૧. ડૉ. જ્યોતીન્દ્ર ભટ્ટ
૨. ડૉ. જશવંતલાલ પટેલ
૩. ડૉ. જે. બી. હરિભક્તિ
૪. આચાર્ય એમ. સી. શાહ
૫. આચાર્ય દર્શનસિંઘ શીખ

વધુમાં ઠરાવવામાં આવે છે કે રેસિડેન્ટ મેડિકલ ઑફિસરની જગ્યા માટેની વરણીસમિતિ નીચે મુજબ નીમવી :

૧. ડૉ. જ્યોતીન્દ્ર ભટ્ટ
૨. ડૉ. જશવંતલાલ પટેલ
૩. ડૉ. આર. એમ. ચોકસી
૪. ડૉ. જે. બી. હરિભક્તિ.

૧૭. તા. ૨૯-૮-૧૯૭૪ના રોજ રીડર ઇન ઇકોનોમિક્સની જગ્યા માટે થયેલ વરણી સમિતિનો હેવાલ મંજૂર કરવા અને તે પ્રમાણે યુનિવર્સિટીના સમાજ વિદ્યાભવનમાં રીડર ઇન ઇકોનોમિક્સની એક જગ્યા માટે નીચેના ઉમેદવારો પૈકી એકની ક્રમાનુવર્તી નિમણૂક

કરવાની એકેડેમિક કાઉન્સિલની તા. ૧૪-૧૦-૧૯૭૪ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત (એકેડેમિક કાઉન્સિલ બા. ક્ર. ૫) :

(૧) શ્રી. વી. પી. ભારદ્વાજ
(૨) ડૉ. બી. એચ. ઘોળકિયા

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા હાલ મોકૂફ રાખવી.

૧૮. ઇલેક્ટ્રોનિક્સ એન્જિનિયરની બે જગ્યાઓ માટે તા. ૫-૯-૧૯૭૪ના રોજ મળેલી વરણી સમિતિની ભલામણ મંજૂર કરવા તથા તે મુજબ ઇલેક્ટ્રોનિક્સ એન્જિનિયરની બે જગ્યાઓ માટે નીચે જણાવેલા સભ્યોની નિમણૂક કરવાની એકેડેમિક કાઉન્સિલની તા. ૧૪-૧૦-૧૯૭૪ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત (એકેડેમિક કાઉન્સિલ બા. ક્ર. ૬) :

(૧) શ્રી. એસ. એન. દેસાઈ
(૨) શ્રી. આર. વી. મોદી.

આથી ઠરાવવામાં આવે છે કે ઇલેક્ટ્રોનિક્સ એન્જિનિયરની એક જ જગ્યા પૂરવાનું રાખવું અને તે જગ્યા પર સદરહુ વરણીસમિતિની તા. ૫-૯-૧૯૭૪ની સભાની ભલામણ મુજબ શ્રી. એસ. એન. દેસાઈને રૂ. ૪૦૦-૪૦-૮૦૦-૫૦-૯૫૦ ના પગારધોરણમાં મૂળ માસિક પગાર રૂ. ૪૦૦ થી બે વર્ષના અજમાયશી ધોરણે નીમવા.

વધુમાં સ્પષ્ટતા કરવામાં આવે છે કે સદરહુ જગ્યા માટે મોંઘવારી ભથ્થું મજ્‌ડ ધોરણે રહેશે.

૧૯. પ્રો. એમ. એફ. લોખંડવાળાએ પ્રોફેસર ઑફ પર્શિયનની વરણી સમિતિમાં સભ્ય તરીકે કામ કરવાની અશક્તિ દર્શાવી હોવાથી તેઓની જગ્યાએ બીજા સભ્યની નિમણૂક કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વરણીસમિતિ પર પ્રો. એમ. એફ. લોખંડવાળાની જગ્યાએ પ્રો. એ. એસ. કાદરીને નીમવા.

૨૦. ગુજરાતી વિષયની અભ્યાસસમિતિની તા. ૪-૧૦-૧૯૭૪ની સભામાં થયેલા નીચેના ઠરાવ અંગે વિચારણા કરવા બાબત :

"આથી ઠરાવવામાં આવ્યું કે પ્રી-યુનિ. વિનયનની પરીક્ષા માટે નિયત કરેલા કાવ્યસંચયની મુદ્દત ૧૯૭૫ની પરીક્ષા સાથે પૂરી થતી હોવાથી નવો કાવ્યસંગ્રહ તૈયાર કરવા નીચેના સભ્યોની સમિતિ નીમવા ભલામણ છે :

(૧) પ્રો. અ. મ. રાવળ
(૨) પ્રિ. ડી. પી. ઠાકર
(૩) પ્રિ. પી. એચ. ભટ્ટ
(૪) ડૉ. સી. એસ. ત્રિવેદી
(૫) ડૉ. આર. જે. જોશી
(૬) પ્રિ. બી. આર. પટેલ."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ અભ્યાસસમિતિની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૨૧. ગુજરાત યુનિવર્સિટી કર્મચારી સહકારી શરાફી મંડળી લિ.ના માનદ્ મંત્રીના તા. ૧-૧૦-૧૯૭૪ના પત્રથી જણાવ્યા પ્રમાણે ઓડિટ વિભાગના જુ. ક્લાર્ક શ્રી. આર. જે. પ્રજાપતિને સદ્દરહુ મંડળીના સને ૧૯૭૩-૭૪ના વર્ષ માટે માનદ્ હિસાબનીશ તરીકેની કામગીરી સંભાળવા માટે રૂ. ૬૦૦/-નું માનદ્ વેતન સ્વીકારવા અંગેની મંજૂરી આપવા અંગે વિચારણા કરવા બાબત :

આથી ઠરાવવામાં આવે છે કે જુનિયર ક્લાર્ક શ્રી. આર. જે. પ્રજાપતિને સદરહુ કામગીરી સ્વીકારવા તથા તે માટે વાર્ષિક રૂ. ૬૦૦-૦૦નો પુરસ્કાર, તેમના મૂળ માસિક પગારના ૩૦%ની મર્યાદાને આધીન, સ્વીકારવા મંજૂરી આપવી.

૨૨. રાજ્ય સરકારશ્રીએ અગાઉ શિક્ષણ અને શ્રમ ખાતાના તા. ૫-૯-૧૯૭૪ના ઠરાવ ક્રમાંક યુએસજી-૧૧૭૪-ખ થી આ યુનિવર્સિટીને Adhoc ધોરણે ૧૯૭૩-૭૬ના ત્રિવાર્ષિક ગાળા માટે બ્લોક મેઈન્ટેનન્સ ગ્રાન્ટ આપવાનું મંજૂર કર્યું હતું તેમાં વધારાની કોઈ બ્લોક મેઈન્ટેનન્સ ગ્રાન્ટ આપવામાં આવશે નહિ તેવી શરત હતી તે હવે આ યુનિવર્સિટીને લાગુ પાડવામાં આવશે નહિ તે અંગેના તેમના તા. ૧૧-૧૦-૧૯૭૪ના તે જ ક્રમાંકના ઠરાવની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ ઠરાવની સાભાર નોંધ લેવી.

૨૩. કોઢ પરની સંશોધન યોજના માટે મેસર્સ આશાભાઈ બાબરભાઈ પટેલ તરફથી આવેલ પ્રદાનની રકમ રૂ. ૧૦,૦૦૦ (દસ હજાર)ની સામે વિજ્ઞાન વિદ્યાભવનના પ્રાણીવિજ્ઞાન વિભાગના પ્રા. વી. સી. શાહ તરફથી સદરહુ સંશોધન યોજના માટે નીચે જણાવેલ વિગત પ્રમાણે કુલ અંદાજી ખર્ચ રૂ. ૨૨,૬૦૦ મંજૂર કરવા અંગે વિચારણા કરવા બાબત :

1. Staff :

	Rs.
(*a*) Research Fellows...2 at the rate of Rs. 250/- p. m. fixed.	6,000/-
(*b*) Surveyor...1 at the rate of Rs. 250/- p. m. fixed.	3,000/-
2. Chemicals and glassware	10,000/-
3. Contingency and Travel	3,600/-
Total Rs.	22,600/-

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સંશોધન યોજના માટે નીચેનો ખર્ચ મંજૂર કરવો :

1. Staff :		
(*a*) Sr. Research Fellow...One @ Rs. 350/-p.m. fixed		Rs. 4,200/-
(*b*) Jr. Research Fellow...One @ Rs. 250/- p.m. fixed		Rs. 3,000/-
2. Chemicals and Glassware		Rs. 10,000/-
3. Contingency and Travel		Rs. 3,600/-
	Total	Rs. 20,800/-

તે પછી બાબત નં. ૨૪ અને ૨૫ની વિચારણા સાથે કરવામાં આવી.

૨૪. શ્રી. સી. વી. શાહ લૉ કૉલેજ, ખંભાતને જૂન ૧૯૭૩થી તૃતીય વર્ષ એલએલ. બી. ના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૩થી તા. ૧૪-૬-૧૯૭૪ સુધીનું ચાલુ જોડાણ આપવા માટે મૂકેલી શરતોના પરિપાલનના સંદર્ભમાં જોડાણ આપવા અંગે વિચારણા કરવા બાબત.

અને

૨૫. શ્રી. સી. વી. શાહ લૉ કૉલેજ, ખંભાતને જૂન ૧૯૭૪થી તૃતીય વર્ષ એલએલ. બી. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૪થી તા. ૧૪-૬-૧૯૭૬ સુધીનું ચાલુ જોડાણ આપવા માટે મૂકેલી શરતોના પરિપાલનના સંદર્ભમાં જોડાણ આપવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. સી. વી. શાહ લૉ કૉલેજ, ખંભાતનું જોડાણ ૧૪મી જૂન ૧૯૭૩ના રોજ પૂરું થઈ ગયું છે તે પછી જોડાણ ચાલુ રાખવા માટેની શરતોનું યથાર્થ પરિપાલન થયું ન હોવાથી તે કૉલેજનું જોડાણ ચાલુ કરી આપવું નહીં.

વધુમાં, આ સંજોગોમાં વિદ્યાર્થીઓને અગવડ પડે નહીં તે માટે તેના ચાલુ વિદ્યાર્થીઓને પરીક્ષામાં બેસવા દેવા, પરંતુ ફર્સ્ટ એલએલ.બી.ના વર્ગમાં નવેમ્બર ૧૯૭૪થી નવા વિદ્યાર્થીઓને દાખલ કરવાની સદરહુ કૉલેજને મના કરવી.

૨૬. વિવેકાનંદ કૉલેજ ઑફ એજ્યુકેશન, અમદાવાદ તરફથી જૂન ૧૯૭૫થી બી.એડ.ના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ મેળવવા માટેની અરજી.

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે વિવેકાનંદ કૉલેજ ઑફ એજ્યુકેશન, અમદાવાદ નીચે જણાવેલ શરતોનું પાલન એક્ઝિકયુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૧૫-૫-૧૯૭૫ સુધીમાં કરે તો તેને બી.એડ.ના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૫થી તા. ૧૪-૬-૧૯૭૮ સુધીનું ચાલુ જોડાણ આપવા એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના

સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૨. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૩. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓને પગારધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકોને તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય જે કાંઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે;

૪. પ્રોવિડંટ ફંડ અંગે સંચાલક મંડળના ફાળા અને ટ્રસ્ટની રચના સહિતનાં યુનિવર્સિટીનાં તમામ ધારાધોરણોનું પાલન કરવામાં આવે; અને

૫. યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ શિક્ષકો તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓ માટે ગ્રેચ્યુઇટી ફંડ ઊભું કરવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૨૭. વૈદ્યશ્રી એમ. એમ. પટેલ કૉલેજ ઑફ એજ્યુકેશન, અમદાવાદ તરફથી જૂન ૧૯૭૫થી બી.એડ.ના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ માટેની અરજી.

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે વૈદ્યશ્રી એમ. એમ. પટેલ કૉલેજ ઑફ એજ્યુકેશન, અમદાવાદ નીચે જણાવેલ શરતોનું પાલન એકિઝકયુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૧૫–૫–૧૯૭૫ સુધીમાં કરે તો તેને બી.એડ.ના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫–૬–૧૯૭૫થી તા. ૧૪–૬–૧૯૭૮ સુધીનું ચાલુ જોડાણ આપવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. કૉલેજના મકાન ઉપર બીજો માળ બાંધવામાં આવે;

૨. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૩. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૪. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓને પગારધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકોને તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય જે કાંઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે;

૫. પ્રૉવિડંટ ફંડ અંગે સંચાલક મંડળના ફાળા અને ટ્રસ્ટની રચના સહિતનાં યુનિવર્સિટીનાં તમામ ધારાધોરણોનું પાલન કરવામાં આવે;

૬. યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ શિક્ષકો તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓ માટે ગ્રેચ્યુઇટી ફંડ ઊભું કરવામાં આવે.

વધુમાં ભલામણ કરવામાં આવે છે કે સદરહુ કૉલેજને ૮૦થી વધુ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવાની છૂટ આપવી નહીં."

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૨૮. શ્રી એમ. એન. શુકલ એજ્યુકેશન કૉલેજ, અમદાવાદ તરફથી જૂન ૧૯૭૫થી બી.એડ.ના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ માટેની અરજી.

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. એમ. એન. શુકલ એજ્યુકેશન કૉલેજ, અમદાવાદ નીચે જણાવેલ શરતોનું પાલન એક્ઝિક્યુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૧૫-૫-૧૯૭૫ સુધીમાં કરે તો તેને બી.એડ.ના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૫થી તા. ૧૪-૬-૧૯૭૮ સુધીનું ચાલુ જોડાણ આપવા એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૨. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦ નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૩. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓને પગાર-ધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકોને તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય જે કાંઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે;

૪. પ્રોવિડંટ ફંડ અંગે સંચાલક મંડળના ફાળા અને ટ્રસ્ટની રચના સહિતનાં યુનિવર્સિટીનાં તમામ ધારાધોરણોનું પાલન કરવામાં આવે;

૫. યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ શિક્ષકો તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓ માટે ગ્રેચ્યુઈટી ફંડ ઊભું કરવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૨૯. તોલાણી કૉમર્સ કૉલેજ, આદિપુર તરફથી જૂન ૧૯૭૫થી બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ માટેની અરજી.

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે તોલાણી કૉમર્સ કૉલેજ, આદિપુર નીચે જણાવેલ શરતોનું પાલન એક્ઝિક્યુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૧૫-૫-૧૯૭૫ સુધીમાં કરે તો તેને બી.કૉમ.માં

એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૫થી તા. ૧૪-૬-૧૯૭૬ સુધીનું ચાલુ જોડાણ આપવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧ નીચે જણાવેલ નિમણૂકો કરવામાં આવે :
(૧) વાણિજ્યના પ્રાધ્યાપક
(૨) એકાઉન્ટન્સીના પ્રાધ્યાપક
(૩) અર્થશાસ્ત્રના પ્રાધ્યાપક
(૪) વાણિજ્ય કાયદાના ખંડ સમયના વ્યાખ્યાતા
(૫) લાયકાત ધરાવતા ગ્રંથપાલ;

૨. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૩. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૪. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓને પગારધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકોને તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય જે કાંઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે;

૫. પ્રૉવિડંટ ફંડ અંગે સંચાલક મંડળના ફાળા અને ટ્રસ્ટની રચના સહિતનાં યુનિવર્સિટીનાં તમામ ધારાધોરણોનું પાલન કરવામાં આવે; અને

૬. યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ શિક્ષકો તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓ માટે ગ્રેચ્યુઇટી ફંડ ઊભું કરવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૩૦. કૉલેજ ઑફ નર્સિંગ, અમદાવાદ તરફથી જૂન ૧૯૭૫થી દ્વિતીય વર્ષ પોસ્ટ-બેઝિક બી.એસસી. (નર્સિંગ) સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ માટેની અરજી.

એકેડમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે કૉલેજ ઑફ નર્સિંગ, અમદાવાદ તરફથી નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન એકિઝકયુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૧૫-૫-૧૯૭૫ સુધીમાં કરે તો તેને દ્વિતીય વર્ષ (પોસ્ટ-બેઝિક) બી.એસસી.(નર્સિંગ)ના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૫થી તા. ૧૪-૬-૧૯૭૬ સુધીનું ચાલુ જોડાણ આપવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી ;

૧. કૉલેજનું પોતાનું સ્વતંત્ર મકાન વહેલી તકે તૈયાર કરવામાં આવે;

૨. શિક્ષકગણમાંના બે શિક્ષકો જે દિલ્હી ડેપ્યુટ કરવામાં આવ્યા છે તેમની અવેજીમાં શિક્ષણ-કાર્ય માટે વ્યવસ્થા કરવામાં આવે;

૩. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૪. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે; અને

૫. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓને પગાર-ધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે; તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકોને તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય જે કાંઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે એકૅડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૩૧. શ્રી બી. પી. બ્રહ્મભટ્ટ આર્ટ્સ એન્ડ એમ. એચ. ગુરુ કૉમર્સ કૉલેજ, ઊંઝા તરફથી જૂન ૧૯૭૫થી બી.એ.(પ્રિન્સિ.)માં ગુજરાતી, અર્થશાસ્ત્ર; બી.એ.(સબો.)માં મનોવિજ્ઞાન, રાજ્યશાસ્ત્ર અને અંગ્રેજી તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ તથા બી.એ.(પ્રિન્સિ.)માં અંગ્રેજીના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાના જોડાણ માટેની અરજી.

એકૅડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે શ્રી બી. પી. બ્રહ્મભટ્ટ આર્ટ્સ એન્ડ એમ. એચ ગુરુ કૉમર્સ કૉલેજ, ઊંઝા નીચે જણાવેલ શરતોનું પાલન એકિઝકયુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૧૫-૫-૧૯૭૫ સુધીમાં કરે તો તેને બી.એ.(પ્રિન્સિ.)માં ગુજરાતી, અર્થશાસ્ત્ર; બી.એ.(સબો.)માં મનોવિજ્ઞાન, રાજ્યશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૫થી તા. ૧૪-૬-૧૯૮૦ સુધીનું તથા બી.એ.(સબો.)માં અંગ્રેજી તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૫થી તા. ૧૪-૬-૧૯૭૮ સુધીનું ચાલુ જોડાણ તથા બી.એ.(પ્રિન્સિ.)માં અંગ્રેજીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૫થી તા. ૧૪-૬-૧૯૭૮ સુધીનું વધારાનું જોડાણ આપવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૨. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૩. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓને પગાર-ધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકોને તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય જે કાંઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે;

૪. પ્રોવિડંટ ફંડ અંગે સંચાલક મંડળના કાળા અને ટ્રસ્ટની રચના સહિતનાં યુનિવર્સિટીનાં તમામ ધારાધોરણોનું પાલન કરવામાં આવે; અને

૫. યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ શિક્ષકો તેમજ બિનશૈક્ષણિક કર્મચારીઓ માટે ગ્રેચ્યુઇટી ફંડ ઊભું કરવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૩૨. શ્રી બી. કે. પટેલ આર્ટ્સ એન્ડ શ્રીમતી એલ. એમ. પટેલ કૉમર્સ કૉલેજ, સાવલી તરફથી જૂન ૧૯૭૫ થી પ્રથમ વર્ષ બી.એ.માં ગુજરાતી, અર્થશાસ્ત્ર, મનોવિજ્ઞાન અને ઇતિહાસ તથા પ્રથમ વર્ષ બી.કોમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો માટે ચાલુ જોડાણ તથા બી.એ.(પ્રિન્સિ.)માં ગુજરાતી, અર્થશાસ્ત્ર, બી.એ.-(સબો.)માં મનોવિજ્ઞાન, ઇતિહાસ તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાના જોડાણ માટેની અરજી.

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે શ્રી બી. કે. પટેલ આર્ટ્સ એન્ડ શ્રીમતી એલ. એમ. પટેલ કૉમર્સ કૉલેજ, સાવલી નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન એકિઝકયુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૧૫-૫-૧૯૭૫ સુધીમાં કરે તો તેને પ્રથમ વર્ષ બી.એ.માં ગુજરાતી, અર્થશાસ્ત્ર, મનોવિજ્ઞાન, ઇતિહાસ અને પ્રથમ વર્ષ બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૫થી તા. ૧૪-૬-૧૯૭૭ સુધીનું ચાલુ જોડાણ તથા બી.એ.(પ્રિન્સિ.)માં ગુજરાતી, અર્થશાસ્ત્ર તથા બી.એ.(સબો.)માં મનોવિજ્ઞાન, ઇતિહાસ તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૫થી તા. ૧૪-૬-૧૯૭૭ સુધીનું વધારાનું જોડાણ આપવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી:

૧. નીચે જણાવેલ નિમણૂકો કરવામાં આવે:
   (૧) ગુજરાતીના પ્રાધ્યાપક
   (૨) અંગ્રેજીના ટ્યૂટર
   (૩) અર્થશાસ્ત્રના વ્યાખ્યાતા
   (૪) વાણિજ્યના પ્રાધ્યાપક
   (૫) એકાઉન્ટન્સીના પ્રાધ્યાપક
   (૬) વાણિજ્ય કાયદાના (ખંડ સમયના) વ્યાખ્યાતા;

૨. વધારાના વર્ગખંડો અને ટ્યુટોરિયલ ખંડની જોગવાઈ કરવામાં આવે;

૩. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૪. ગુજરાતી, અર્થશાસ્ત્ર તથા એકાઉન્ટન્સી એ પ્રત્યેક મુખ્ય વિષયને લગતાં રૂ. ૨,૦૦૦નાં પુસ્તકો તથા મનોવિજ્ઞાન અને ઇતિહાસ એ પ્રત્યેક ગૌણ વિષયનાં પુસ્તકો માટે રૂ. ૧,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;

૫. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૬. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓને પગારધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકોને તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય જે કાંઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે;

૭. પ્રોવિડંટ ફંડ અંગે સંચાલક મંડળના ફાળા અને ટ્રસ્ટની રચના સહિતનાં યુનિવર્સિટીનાં તમામ ધારાધોરણોનું પાલન કરવામાં આવે; અને

૮. યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ શિક્ષકો તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓ માટે ગ્રેચ્યુઇટી ફંડ ઊભું કરવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૩૩. ભવન્સ આર. એ. કૉલેજ ઑફ આર્ટ્સ એન્ડ કૉમર્સ, અમદાવાદ તરફથી જૂન ૧૯૭૫થી બી.એ.(ડ્રિન્સ.)માં અંગ્રેજી, સંસ્કૃત, અર્થશાસ્ત્ર, મનોવિજ્ઞાન, ગુજરાતી, સમાજશાસ્ત્ર અને ઇતિહાસ; બી.એ. (સબો.)માં આંકડાશાસ્ત્ર અને હિન્દી તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે કાયમી જોડાણ માટેની અરજી.

એકેડમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે ભવન્સ આર. એ. કૉલેજ ઑફ આર્ટ્સ એન્ડ કૉમર્સ, અમદાવાદ નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન એકિઝકયુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૧૫-૫-૧૯૭૫ સુધીમાં કરે તો તેને બી.એ.(ડ્રિન્સ.)માં અંગ્રેજી, સંસ્કૃત, અર્થશાસ્ત્ર, મનોવિજ્ઞાન, ગુજરાતી, સમાજશાસ્ત્ર, ઇતિહાસ તથા બી.એ.(સબો.)માં આંકડાશાસ્ત્ર અને હિંદી તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૫થી કાયમી જોડાણ આપવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. ઇતિહાસના વિષયના કાર્યભારને અનુલક્ષીને જરૂરી શિક્ષકની નિમણૂક કરવામાં આવે;

૨. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૩. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૪. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓને પગાર-ધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકોને તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય જે કાંઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે;

૫. પ્રોવિડંટ ફંડ અંગે સંચાલક મંડળના કાળા અને ટ્રસ્ટની રચના સહિતનાં યુનિવર્સિટીનાં તમામ ધારાધોરણોનું પાલન કરવામાં આવે; અને

૬. યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ શિક્ષકો તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓ માટે ગ્રેચ્યુઈટી ફંડ ઊભું કરવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૩૪. ભવન્સ શેઠ આર. એ. કૉલેજ ઑફ સાયન્સ, અમદાવાદ તરફથી જૂન ૧૯૭૫થી બી.એસસી.(સ્પે.)માં રસાયણવિજ્ઞાન અને ગણિતશાસ્ત્ર તથા બી.એસસી.-(જન.)માં વનસ્પતિવિજ્ઞાન અને ભૌતિકવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે કાયમી જોડાણ માટેની અરજી.

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે ભવન્સ શેઠ આર. એ. કૉલેજ ઑફ સાયન્સ, અમદાવાદ નીચે જણાવેલ શરતોનું પાલન એક્ઝિક્યુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૧૫-૫-૧૯૭૫ સુધીમાં કરે તો તેને બી.એસસી.(સ્પે.)માં રસાયણવિજ્ઞાન, ગણિતશાસ્ત્ર તથા બી.એસસી.(જન.)માં વનસ્પતિ-વિજ્ઞાન અને ભૌતિકવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૫થી કાયમી જોડાણ આપવા એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૨. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૩. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓને પગારધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકોને તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય જે કાંઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે;

૪. પ્રોવિડંટ ફંડ અંગે સંચાલક મંડળના કાળા અને ટ્રસ્ટની રચના સહિતનાં યુનિવર્સિટીનાં તમામ ધારાધોરણોનું પાલન કરવામાં આવે;

૫. યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ શિક્ષકો તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓ માટે ગ્રેચ્યુઈટી ફંડ ઊભું કરવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૩૫. એલ. એચ. સાયન્સ કૉલેજ, માણસા તરફથી જૂન ૧૯૭૫થી બી.એસસી.-(રૂપે.)માં રસાયણવિજ્ઞાન, ભૌતિકવિજ્ઞાન અને ગણિતશાસ્ત્ર તથા બી.એસસી.(જન.)-માં વનસ્પતિવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે કાયમી જોડાણ માટેની અરજી.

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે એલ. એચ. સાયન્સ કૉલેજ, માણસા નીચે જણાવેલ શરતોનું પાલન એકિઝકયુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૧૫-૫-૧૯૭૫ સુધીમાં કરે તો તેને બી.એસસી.(રૂપે.)માં રસાયણવિજ્ઞાન, ભૌતિકવિજ્ઞાન અને ગણિતશાસ્ત્ર તથા બી.એસસી.(જન.)માં વનસ્પતિવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૫થી કાયમી જોડાણ આપવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૨. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૩. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓને પગારધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે, તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકોને તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય જે કાંઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે;

૪. પ્રોવિડંટ ફંડ અંગે સંચાલક મંડળના ફાળા અને ટ્રસ્ટની રચના સહિતનાં યુનિવર્સિટીનાં તમામ ધારાધોરણોનું પાલન કરવામાં આવે; અને

૫. યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ શિક્ષકો તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓ માટે ગ્રેચ્યુઈટી ફંડ ઊભું કરવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૩૬. સાયન્સ કૉલેજ, કડીએ વિદ્યાર્થીઓની સંખ્યાના અભાવે બી.એસસી.(જન.)માં ગણિતશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૪-૬-૧૯૭૫થી ચાલુ જોડાણ માટે માંગણી કરી નથી તેની નોંધ લેવા બાબત.

(**નોંધ.**— આ કૉલેજની જૂન ૧૯૭૫થી ચાલુ જોડાણ માટે અરજી પર નિમાયેલ સ્થાનિક તપાસસમિતિએ આ વિષયનું ચાલુ જોડાણ નહિ માંગવાને કારણે કોઈ શિક્ષકની છટણી કરવાની થતી નથી તેમ તેમના અહેવાલમાં નોંધ્યું છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

બાબત નં. ૩૭ અને ૮૮ની વિચારણા સાથે કરવામાં આવી.

૩૭. સને ૧૯૭૩-૭૪ના વર્ષ માટે "આચાર્ય શ્રી. એમ. સી. દેસાઈ સુવર્ણચંદ્રક" સમાજવિજ્ઞાનના વિષયો માટે એનાયત કરવાની બાબતમાં નીચે જણાવેલ નિયમ પ્રમાણે સમિતિ રચવા વિચારણા કરવા બાબત :

RULE

"A Gold Medal in the name of 'Principal Shri M. C. Desai Gold Medal' of the value of about Rs. 200/- shall be awarded in any subject in Social Sciences viz. Economics, History, Politics, Sociology, Psychology, Philosophy and Education, etc., annually to a teacher who is working in any affiliated college of the University or a recognised Institution of the University or any post-graduate department of the Gujarat University and whose research work published during the two calendar years preceding the Convocation is adjudged to be of the highest merit by a special committee of experts who have made their mark in their respective fields of work. This committee shall be appointed by the Executive Council of the Gujarat University every year and the decision of the committee in the matter shall be final."

અને

૮૮. યુનિવર્સિટીની એકિઝકયુટિવ કાઉન્સિલની તા. ૧૫-૧૨-૧૯૭૩ની સભાના ઠરાવ અન્વયે (બાબત ક્રમાંક ૩૩ અને ૧૯૭૧-૭૨ના વર્ષ માટે આચાર્ય એમ. સી. દેસાઈ સુવર્ણચંદ્રક : સમાજવિજ્ઞાન વિદ્યાશાખા) એનાયત કરવાની બાબતમાં નીચે જણાવેલ નિયમ પ્રમાણે સમિતિ રચવા બાબત :

આ સુવર્ણચંદ્રક અંગેનો સંબંધકર્તા નિયમ નીચે મુજબ છે:

'A Gold Medal in the name of 'Principal Shri M. C. Desai Gold Medal' of the value of about Rs. 200/- shall be awarded in any subject in Social Sciences viz. Economics, History, Politics, Sociology, Psychology, Philosophy and Education etc. annually to a teacher who is working in any affiliated college of the University or a recognised Institution of the University or any Post-graduate department of the Gujarat University and whose research work published during the two calendar years preceding the Convocation is adjudged to be of the highest merit, by a special committee of

experts who have made their mark in their respective fields of work. This committee shall be appointed by the Syndicate of the Gujarat University every year and the decision of the committee in the matter shall be final."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિ નીમવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૩૮. સને ૧૯૭૩-૭૪ના વર્ષ માટે આચાર્ય ડો. કે. જી. નાયક સુવર્ણચંદ્રક વિનયન વિદ્યાશાખામાં એનાયત કરવાની બાબતમાં નીચે જણાવેલ નિયમ પ્રમાણે સમિતિ રચવા વિચારણા કરવા બાબત :

RULE

"A Gold Medal named 'Principal Dr. K. G. Naik Gold Medal' of the value of Rs. 190/- shall be awarded annually alternatively by turns in the Faculty of Science and the Faculty of Arts to a person amongst the teachers in affiliated colleges or recognised institutions or in departments of the Gujarat University whose research work published during the five years preceding the convocation at which the medal is to be awarded is adjudged to be of the highest merit by a special committee of experts who have made their marks in their respective fields of work, but not necessarily confined to the Gujarat University. The committee shall be appointed by the Syndicate of the Gujarat University every year, and its dicision shall be final."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિ નીમવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૩૯. તા. ૧૩, ૧૪, ૧૫-૬-૧૯૭૪ના રોજ મળેલ કોર્ટની વાર્ષિક સભામાં વાર્ષિક અહેવાલ પર થયેલાં સૂચનો અંગે એક્ઝિક્યુટિવ કાઉન્સિલે તેની તા. ૨૪-૮-૧૯૭૪ની સભામાં નીમેલ સમિતિના અહેવાલ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની ભલામણો નીચેના સુધારા સાથે મંજૂર કરવી :

સૂચન નં. ૩ અને ૬

પ્રત્યેક કૉલેજમાં રમતગમતની યોગ્ય વ્યવસ્થા નથી તે થવી ઘટે.

જેટલી કૉલેજોને પોતાનાં રમતગમતનાં મેદાનો ન હોય તે અંગે તપાસ થવી જોઈએ.

જે કૉલેજમાં આવી વ્યવસ્થા ન હોય ત્યાં આવી વ્યવસ્થા થવી જોઈએ તે બાબતમાં આ સમિતિ સહમત છે.

વધુમાં, અમદાવાદની કૉલેજોને જરૂર જણાય તો યુનિવર્સિટી તરફથી તેના ખુલ્લા મેદાનનો ઉપયોગ કરવા માટેની યોજનાનો લાભ લેવા સૂચવવામાં આવે છે.

સૂચન નં. ૩૮

કૉલેજોમાં વિદ્યાર્થીઓ પાસેથી લેવામાં આવતા દંડનો ઉપયોગ વિદ્યાર્થી કલ્યાણ ખર્ચ ખાતે વપરાય તે પ્રમાણે જોગવાઈ કરવી જોઈએ.

આ અંગે નિયમો કરવાનું શકય નથી, કારણ કે કૉલેજોની મર્યાદાનો વિષય છે.

સૂચન નં. ૪૧

ભવનોમાં અપાતું અનુસ્નાતક શિક્ષણ અર્થહીન છે. તેની તપાસ થવી જોઈએ. વર્ગો નિયમિત લેવાતા નથી અને વર્ગો ખાલી હોય છે.

આ બાબત અભિપ્રાયનો સવાલ છે.

સૂચન નં. ૪૬

યુનિવર્સિટીનાં ભવનોમાં નવા વિષયોનો ઉમેરો કરવો જોઈએ, જેમકે ભૂગોળ, કાયદો અને વાણિજ્ય.

પોલિમર, ફાર્માસ્યુટિકલ, બિઝનેસ એડમિનિસ્ટ્રેશન, ફોરેઈન લેંગ્વેજીસ, ટેક્સ્ટાઈલ કેમિસ્ટ્રી વગેરે માટે દાન મેળવી વ્યવસ્થા થઈ રહી છે તેની સંતોષકારક નોંધ લે છે.

સૂચન નં. ૪૮

ભવનોમાં સંશોધનકામમાં વધારો થવો જોઈએ.

જીરાનો પાક, જમીનની ક્ષારમુક્તિ, કોઢ, ચૂંટણીઓ, સહકારી ગૃહમંડળીઓની સ્થિતિ, સરદાર પટેલ, ઇત્યાદિ વિષયો પર ઉપયોગી સંશોધનો થયેલાં છે અને હજુ પણ તેમાં વધારો થવો જોઈએ, અને યુ. જી. સી. પાસેથી નવાં સંશોધનો માટે મદદ મેળવવી.

સૂચન નં. ૪૯

ભવનોમાં ચાલતા વિષયો અને કેન્દ્રોના વિષયોમાં પુસ્તકનું પ્રમાણ જળવાવું જોઈએ.

આ બાબતમાં સમિતિ સહમત છે અને આ સૂચન યુનિવર્સિટીની ગ્રંથાલય સમિતિને ઘટતી વ્યવસ્થા કરવાની ભલામણ સાથે મોકલવા ભલામણ કરે છે.

(સદરહુ સમિતિના અહેવાલની નકલ પરિશિષ્ટ "ક" તરીકે સામેલ છે.)

૪૦. યુનિવર્સિટી કોર્ટના કેટલાક સભ્યો (સર્વ શ્રી. કનુભાઈ શાહ, અંબુભાઈ દેસાઈ, પી. સી. પટેલ અને હરુભાઈ મહેતા) તરફથી આવેલા પ્રસ્તાવો ઉપર ચર્ચાવિચારણા

કરી અહેવાલ તૈયાર કરવા માટે એક્ઝિકયુટિવ કાઉન્સિલે તેની તા. ૨૪-૮-૧૯૭૪ની સભામાં નીમેલી સમિતિએ તૈયાર કરેલ અહેવાલ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે—

(૧) પ્રી-યુનિવર્સિટી કક્ષાએ વિદ્યાર્થીઓને નિઃશુલ્ક શિક્ષણ આપવાની વ્યવસ્થા અંગેનો સદરહુ પ્રસ્તાવ રાજ્ય સરકારની મર્યાદાનો હોઈ, સ્વીકારવાનું આ સભાગૃહને માટે શકય નથી.

(૨) છાત્રાલયનો ભોજનખર્ચ ઘટાડવા માટે યુનિવર્સિટીના છાત્રાલયમાં જાતે પીરસવા અંગેનો અને મર્યાદિત સામગ્રી અંગેનો જે પ્રયોગ કરવામાં આવ્યો છે તે પ્રયોગ છાત્રાલયો ધરાવતી સંલગ્ન કૉલેજોના ધ્યાન પર લાવવો.

૪૧. બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગ એન્ડ રિસર્ચની તા. ૪-૧૦-૧૯૭૪ના રોજ મળેલી સભાની ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બોર્ડની સભાની કાર્યવાહીની બાબત નં. ૩૫ અંગેની ભલામણ તે બોર્ડની પુનર્વિચારણા માટે મોકલવી અને તે સિવાયની અન્ય ભલામણો મંજૂર કરવી.

(સદરહુ બોર્ડની સભાની કાર્યવાહીની નોંધની નકલ **પરિશિષ્ટ "ખ"** તરીકે સામેલ છે.)

૪૨. તા. ૭-૧૦-૧૯૭૪ના રોજ મળેલ ફાઇનાન્સ સમિતિની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

સદરહુ સમિતિની ભલામણો ઉપર જરૂરી નિર્ણય લેવા માટે કુલપતિશ્રીને તા. ૫-૧૦-૧૯૭૪ની સભામાં જરૂરી સત્તા આપવામાં આવેલી હતી તે તરફ સભાગૃહનું ધ્યાન ખેંચવામાં આવ્યું અને સભાગૃહે તે બાબતની નોંધ લીધી.

૪૩. ગ્રંથાલય સમિતિની તા. ૨૯-૮-૧૯૭૪ની બેઠકની નીચેની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત :

"(૧) આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી વિજ્ઞાન વિદ્યાભવનના વનસ્પતિ વિભાગમાં આર્ટિસ્ટ તરીકે કામ કરતા શ્રી. એસ. બી. વાળંદ પાસેથી બગડી ગયેલાં નીચેનાં બે પુસ્તકોની કિંમત વસૂલ નહીં કરવાની અને તે પુસ્તકો માંડી વાળવાની એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. 'Golden book Encyclopedia of Natural Science' Vol. 15 Rs. 125/-for set of 16 vols.

૨. 'Plants' by Went, F. W., Rs. 33-75.

(૨) આથી ઠરાવવામાં આવે છે કે યુ.જી.સી. તરફથી પાંચમી પંચવર્ષીય યોજના દરમ્યાન એડિક મંજૂર થયેલા રૂપિયા ત્રણ લાખની રકમમાંથી મોટા ભાગની રકમ ગયા વર્ષનાં બાકી રહેલ બિલોમાંથી ખર્ચાઈ ગયેલ હોવાથી યુ.જી.સી. પાસે રૂપિયા બે લાખની વધુ ગ્રાન્ટ માંગવાનું ઠરાવવામાં આવે છે અને ચાલુ વર્ષે પુસ્તક ખરીદી ખાતે બજેટમાં રૂ. ૧,૦૦,૦૦૦ ફાળવવામાં આવ્યા છે તેને બદલે રૂ. ૨,૫૦,૦૦૦ ફાળવવા માટે એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી."

સદરહુ બાબતના સંદર્ભમાં સભાગૃહને જાણ કરવામાં આવી કે શ્રી. એસ. બી. વાળંદ જે મકાનમાં રહેતા હતા તે અકસ્માત પડી જવાથી પુસ્તકો બગડી ગયેલાં છે અને તે બગડી ગયેલાં પુસ્તકો પણ તેમણે ગ્રંથાલયમાં રજૂ કરેલાં છે.

તે પછી ઠરાવવામાં આવ્યું કે—

(૧) સદરહુ સમિતિની ઉપરની ભલામણ નં. (૧) મંજૂર કરવી

(૨) સદરહુ સમિતિની ઉપરની ભલામણ નં. (૨) મંજૂર કરવી.

૪૪. યુનિવર્સિટી બોર્ડ ઓફ સ્પોર્ટ્સની તા. ૨૩–૮–૧૯૭૪ ના રોજ મળેલી સભાની નીચેની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત :

"(૧) વધુમાં ઠરાવવામાં આવે છે કે આંતર-યુનિવર્સિટી હરીફાઈઓમાં ભાગ લેવા જતા હરીફો માટે યુનિફોર્મ, ક્રેસ્ટ, રમતમાં જરૂરી સાધનો, યુનિવર્સિટી ટીમના ફોટોગ્રાફ્સ, પ્રશિક્ષણ વગેરે માટે જરૂરી ખર્ચ કરવું. તેમ જ રાજ્ય કક્ષાની આંતર-યુનિવર્સિટી સ્પર્ધાઓ અને રાજ્ય કક્ષાની ખુલ્લા વિભાગની સ્પર્ધાઓમાં ભાગ લેવા તથા કમ્બાઈન્ડ યુનિવર્સિટી ટીમની પસંદગી માટે પસંદગી મુકાબલામાં ભાગ લેવા ખેલાડીઓને મોકલવા વગેરે માટે આંતર-યુનિવર્સિટી સ્પર્ધાઓ અંગે મજૂર થયેલા રૂ. ૩૦,૦૦૦ (ત્રીસ હજાર)ની રકમમાંથી જરૂરી ખર્ચ કરવાની સત્તા બોર્ડ ઑફ સ્પોર્ટ્સના અધ્યક્ષશ્રી અને મંત્રીશ્રીને આપવા તથા બંનેની સહીથી બિલોને મંજૂર થયેલાં ગણવા આ બોર્ડ એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરે છે.

(૨) આથી ઠરાવવામાં આવે છે કે ઉત્તર અને દક્ષિણ વિભાગમાં આવેલી કૉલેજો માટે મુસાફરી તથા જમવા અંગેના ખર્ચને લક્ષમાં લઈને આંતર-કૉલેજ રમતો માટે મંજૂર થયેલ રૂ. ૧૩,૦૦૦ (તેર હજાર)ની ગ્રાન્ટ વિભાગવાર નીચે પ્રમાણે વહેંચવા માટે આ બોર્ડ એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરે છે :

દક્ષિણ વિભાગ	...	રૂ. ૪,૮૫૦
અમદાવાદ વિભાગ	...	રૂ. ૩,૦૫૦
ઉત્તર વિભાગ	...	રૂ. ૫,૧૦૦

(૩) યુનિવર્સિટી બોર્ડ ઑફ સ્પોર્ટ્સના બંધારણ અંગેના તેમ જ સ્થાનિક રમત સમિતિ ઉપર વ્યાયામ શિક્ષકો તેમ જ વિદ્યાર્થી પ્રતિનિધિઓને સ્થાન આપવા તેના બંધારણ અંગેના સંબંધકર્તા ઑર્ડિનન્સ ૭, ૮, ૧૦, ૧૨, ૧૩ અને ૧૬ આ સાથે જોડેલ પરિશિષ્ટ પ્રમાણે સુધારવા અને તે મંજૂર કરવા એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે—

(૧) આંતર-યુનિવર્સિટી હરીફાઈઓમાં ભાગ લેવા માટે પસંદ કરવામાં આવેલા હરીફ વિદ્યાર્થીઓ માટે તેમને યુનિવર્સિટી તરફથી ગણવેશનો ઉપયોગ તે હરીફાઈઓ પૂરતો કરવા દેવાની જે પ્રથા હાલ અમલમાં છે તેમાં કશો ફેરફાર કરવો નહીં એ સ્પષ્ટતા સાથે સદરહુ બોર્ડની ઉપરની ભલામણ નં. (૧) મંજૂર કરવી.

(૨) સદરહુ બોર્ડની ઉપરની ભલામણ નં. (૨) મંજૂર કરવી.

(૩) સદરહુ બોર્ડની ઉપરની ભલામણ નં. (૩) મંજૂર કરવી.

(મંજૂર કરેલા ઑ.ડ. ૭, ૮, ૧૦, ૧૨, ૧૩ અને ૧૬ની નકલ **પરિશિષ્ટ "ગ"** તરીકે સામેલ છે.)

૪૫. કાયદાની વિદ્યાશાખાની તા. ૧૭-૧૦-૧૯૭૪ની સભાએ કરેલ નીચેના ઠરાવ ઉપર વિચારણા કરવા બાબત :

"બાર કાઉન્સિલ ઑફ ઇન્ડિયાના તા. ૧૯-૯-૧૯૭૪ના પત્રાંક બી.સી.આઈ. ૦૨૦૯૦૨-૧૯૭૪ તથા તેમાં તેના રેઝોલ્યુશન નં. ૫૪-૧૯૭૪ના સ્પષ્ટીકરણ અનુસાર જે વિદ્યાર્થીઓને પ્રથમ એલએલ.બી.ની પરીક્ષા પસાર કર્યા વગર ઉપરના દ્વિતીય એલએલ.બી.ના વર્ગમાં પ્રવેશ આપવામાં આવેલ છે, તેઓએ તેમનો ત્રણ વર્ષનો અભ્યાસક્રમ પૂરો કરતાં પહેલાં પ્રથમ એલએલ.બી.ની પરીક્ષામાં ઉત્તીર્ણ થવું આવશ્યક લેખ્યું હોઈ કાયદાની વિદ્યાશાખા આથી ઠરાવે છે કે વિદ્યાર્થીઓના લાભાર્થે યુનિવર્સિટીની નિયમિત ઑક્ટોબર અને એપ્રિલની પરીક્ષાઓ ઉપરાંત વધારાની અર્ધસત્રાંત પરીક્ષાઓ આ અંગે યોજવી અને અધિકૃત સત્તામંડળને આ અંગે વહેલી તકે નિર્ણય લઈ વિદ્યાર્થીઓને જાણ કરવા યોગ્ય પગલાં લેવા ભલામણ કરે છે."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વિદ્યાશાખાની ઉપરની ભલામણ મંજૂર કરવી તથા ૧૯૭૩-૭૪ના વર્ષમાં ગુજરાતમાં પ્રવર્તતી વિશિષ્ટ પરિસ્થિતિને કારણે જે વિદ્યાર્થીઓને પ્રથમ એલએલ.બી.ની એક અને/અથવા બે સેમેસ્ટરોની પરીક્ષામાં ઉત્તીર્ણ થયા વિના બીજી એલએલ.બી.માં દાખલ થવા માટે પાત્ર ગણવામાં આવેલા છે તેમને માટે આગામી ઉનાળાની રજાઓમાં પ્રથમ એલએલ.બી.ના બેઉ સેમેસ્ટરોની વધારાની પરીક્ષા યોજવાનું રાખવું અને સંબંધકર્તા કૉલેજો દ્વારા એ વિદ્યાર્થીઓને જણાવવું કે પ્રથમ એલએલ.બી.ના બન્ને સેમેસ્ટરોની પરીક્ષામાં ઉત્તીર્ણ નહીં થયેલા વિદ્યાર્થીઓને એલએલ.બીની પદવી માટે પાત્ર ગણી શકાશે નહીં.

૪૬. બીજી એમ.બી.,બી.એસ.ના પ્રથમ સત્રની કસોટી પરીક્ષા તથા ત્રીજી એમ.બી., બી.એસ.ના પ્રથમ સત્રની કસોટી પરીક્ષા (ઇન્ટર્નલ ટેસ્ટ) લઈ શકાઈ નથી તે સંજોગોમાં માર્ચ-એપ્રિલ ૧૯૭૫ની પરીક્ષા માટે ૧૯૭૩-૭૪ના બીજા સત્રમાં જે કસોટી

(ટેસ્ટ) લઈ શકાઈ નથી તે રદ ગણીને બાકીનાં બે સત્રોની કસોટી (ટેસ્ટ)ને આધારે આંતરિક મૂલ્યાંકન ગણવા માટેની એકેડેમિક કાઉન્સિલની તા. ૧૪-૧૦-૧૯૭૪ની સભાની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની સદરહુ ભલામણ મંજૂર કરવી.

૪૭. ઓર્ડિ. ૩૭૯-એ નીચે મુજબ વંચાય તે રીતે મંજૂર કરવાની તથા તેને તાત્કાલિક અમલમાં મૂકવાની એકેડેમિક કાઉન્સિલની તા. ૧૪-૧૦-૧૯૭૪ની સભાની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત (એ.કા. બા.ક. ૭) :

Ord. Diploma in Linguistics-2 (O. 379—A) :

" No candidate who has not passed the first year of the Diploma Course in Linguistics shall be eligible for admission directly to the second year of the Diploma Course in Linguistics, provided that a candidate having passed the M.A. Degree Examination with two papers in Linguistics in lieu of a subordinate subject will be held eligible for admission directly to the second year of the Diploma Course in Linguistics."

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની સદરહુ ભલામણ મંજૂર કરવી તથા તે મુજબ ઓર્ડ. ૩૭૯-એ ને સુધારીને તેને તાત્કાલિક અમલમાં મૂકવો.

૪૮. સદરહુ બાબતની વિચારણા બાબત નં. ૭૭ની સાથે કરવામાં આવેલી હોઈ તેની નોંધ તે ક્રમમાં દર્શાવવામાં આવેલી છે.

૪૯. જે વિદ્યાર્થીઓએ તેમની ડિગ્રી-ડિપ્લોમા પરીક્ષાઓ પસાર કરીને અને/અથવા તે અંગેની જરૂરિયાત પૂરી કરીને ડિગ્રી-ડિપ્લોમા મેળવવા માટે સ્ટે, ૧૭૫ હેઠળ આગામી નવેમ્બરમાં યોજનાર પદવી સમારંભમાં ડિગ્રી-ડિપ્લોમા મેળવવા અરજીઓ કરી છે તેમને તે એનાયત કરવા માટે ૧૯૭૩ના નવા ધારાની કલમ ૨૨ (૧૨) અન્વયે એક્ઝિક્યુટિવ કાઉન્સિલને કરેલી ભલામણ પર વિચારણા કરવા બાબત.

Sec. 22(*xii*) : To recommend to the Executive Council, the institution, conferment and grant of degrees, diplomas and certificates in the manner prescribed by Statutes.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે એકેડેમિક કાઉન્સિલની ભલામણ મંજૂર કરવી.

૫૦. વિજ્ઞાન વિદ્યાભવનના Space Science and their applications સેન્ટરમાં પ્રોફેસર તરીકે નિમાયેલ ડૉ. એસ. ડી. વર્મા આ સેન્ટરની કામગીરી અંગે પરદેશમાં ૧લી ઑગસ્ટ

૧૯૭૪થી સંકળાયેલ હોઈ તેઓને તે તારીખથી પગાર આપવા અંગેના ડૉ. વર્માના તા. ૧૩-૯-૧૯૭૪ના પત્ર પર વિચારણા કરવા બાબત.

[ડૉ. વર્મા અહીં તા. ૧૦-૯-૧૯૭૪ના રોજ જોડાયા છે. દરમ્યાન તા. ૨૬-૮-૧૯૭૪થી તા. ૬-૯-૧૯૭૪ સુધી તેમણે ડરહામ(યુ.કે.)માં ગ્રીષ્મશાળામાં સ્પેસ સાયન્સના વિભાગમાં પ્રતિનિધિ તરીકે ભાગ લીધો હોવાનું તેમણે જણાવ્યું છે.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૫૧. સંલગ્ન ટેકનિકલ કૉલેજોના ટેકનિકલ વર્ગના કર્મચારીઓનાં પગારધોરણ ઇત્યાદિ તપાસીને પોતાનો સુચિંતિત અહેવાલ રજૂ કરવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલે તેની તા. ૧૬-૧-૧૯૭૩ની સભાની નિયુક્ત કરેલી સમિતિની તા. ૧૭-૮-૧૯૭૪ની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"ચર્ચાવિચારણાને અંતે ઠરાવવામાં આવ્યું કે આ સંસ્થા ડિગ્રી ઇન કેમિકલ એન્જિનિયરિંગ કોર્સ માટે ગ્રાન્ટ ઇન એઇડમાં ન આવતી હોવાથી તથા એ.આઈ.સી.ટી.ઈ.ની માન્યતા ધરાવતી ન હોવાથી આ યુનિવર્સિટીનાં માન્ય પગારધોરણો કે જે અન્ય સંલગ્ન કૉલેજો માટે નક્કી કરેલાં છે તે અપનાવવા ભલામણ કરે છે."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત એકિઝકયુટિવ કાઉન્સિલે તેની તા. ૫-૧૦-૧૯૭૪ની સભામાં બાબત નં. ૫૪ હેઠળ નીમેલી સમિતિની વિચારણા માટે મોકલવી.

૫૨. એકેડેમિક કાઉન્સિલની તા. ૧૪-૧૦-૧૯૭૪ની સભાની ભલામણ અન્વયે વાણિજ્ય વિદ્યાશાખાની સંલગ્ન કૉલેજોમાં શિક્ષકોની નિમણૂકો અંગેના ઓછામાં ઓછાં લાયકાતનાં ધોરણોમાં નીચે મુજબની નોંધ ઉમેરવા અંગે વિચારણા કરવા બાબત (એ. કા. બા. ક્ર. ૧૯) :

6. Teachers who have both M.Com., and LL.M. Degrees can teach Mercantile Law in the Third Year B.Com. Class.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત વાણિજ્યની વિદ્યાશાખાની વિચારણા માટે મોકલવી.

૫૩. સ્ટેચ્યૂટ તથા ઑર્ડિનન્સ ઘડવા અંગે એકિઝકયુટિવ કાઉન્સિલે તેની તા. ૧૬-૧૧-૧૯૭૩ની સભામાં નિયુક્ત કરેલી સમિતિએ સ્ટે. ૨ રદ કરવા તથા સ્ટે. ૬ અને ૮ આ સાથેના પરિશિષ્ટમાં દર્શાવ્યા પ્રમાણે વંચાય તે રીતે સુધારવા કરેલી ભલામણ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે --

(૧) સ્ટે. ૨ રદ કરવા માટે યુનિવર્સિટી કોર્ટને ભલામણ કરવી.

(૨) સુધારેલો સ્ટે. ૬ મંજૂર કરવા માટે યુનિવર્સિટી કોર્ટને ભલામણ કરવી.

(૩) સુધારેલો સ્ટે. ૮ મંજૂર કરવા માટે યુનિવર્સિટી કોર્ટને ભલામણ કરવી.

(સુધારેલા સ્ટે. ૬ અને સ્ટે. ૮ની નકલ **પરિશિષ્ટ "ઘ"** તરીકે સામેલ છે.)

૫૪. યુનિવર્સિટી ધારાની કલમ ૩૬(૧) (૧–એ) (એ) અનુસાર સંલગ્ન કૉલેજો અને માન્ય અને સ્વીકૃત સંસ્થાઓ માટે તપાસસમિતિની રચના કરવાની બાબતમાં જરૂરી સ્ટેચ્યૂટ ઘડવા અંગે એકિઝકયુટિવ કાઉન્સિલે તેની તા. ૧૮–૭–૧૯૭૪ ની સભામાં નીમેલી સમિતિએ ઘડેલ સ્ટેચ્યૂટના મુસદ્દા પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે નીચેનો સ્ટે. ૨૧૧ મંજૂર કરવા માટે યુનિવર્સિટી કૉર્ટને ભલામણ કરવી :

St. 211 :

1. The panel for the appointment of Inspection Committee to inspect an affiliated college or a recognised or an approved institution, as the case may be, shall consist of the following members, namely:

(*i*) The Pro-Vice-Chancellor, if any;

(*ii*) Two members to be nominated by the Executive Council from amongst themselves;

(*iii*) Two members to be nominated by the Executive Council from amongst the members of the Academic Council;

(*iv*) Two members to be nominated by the Executive Council from amongst the members of the University Court;

(*v*) Two members to be appointed by the Executive Council from amongst the members of the University staff not below the rank of an Assistant Registrar;

2. The Executive Council shall, in its discretion, nominate not less than two members out of the panel mentioned in Sub-Clause I above, who will constitute a Committee to inspect any one or more of the affiliated colleges or recognised institutions or approved institutions, as the case may be.

3. The Vice-Chancellor may nominate an expert as an additional member, if it is in his opinion necessary to do so, on the Committee mentioned in Clause 2 above;

4. In absence of Pro-Vice-Chancellor, the Vice-Chancellor shall appoint the Chairman of the Inspection Committee referred to above in Clause 2.

5. The term of office of the members of the panel other than the Pro-Vice-Chancellor, if he is so nominated as a member of the Committee shall be three years :

Provided that a member shall cease to be a member of the panel on his ceasing to hold the office by virtue of which he is a member of the panel.

૫૫. સ્પેશિયલ સિ.એ. નં. ૧૫૭૧ ઑફ ૧૯૭૪, ગુજરાત હાઈ કોર્ટમાં દાખલ કરવામાં આવી છે તેના સંદર્ભમાં સ્ટે. ૧૪-સી તપાસીને ભલામણો રજૂ કરવા અંગે સમિતિ નીમવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે જરૂરી વિચારણા કરીને પોતાની ભલામણ રજૂ કરવા માટે નીચે જણાવેલા સભ્યોની સમિતિ રચવી :

૧. આચાર્ય એમ. એસ. પંડિત
૨. આચાર્ય એમ. સી. શાહ
૩. પ્રો. મનુભાઈ પંચોલી
૪. પ્રો. મહેન્દ્રભાઈ પટેલ
૫. આચાર્ય દર્શનસિંધ શીખ.

૫૬. એક્ઝિક્યુટિવ કાઉન્સિલે તેની તા. ૨૪-૮-૧૯૭૪ની સભામાં સંલગ્ન કૉલેજો/માન્ય સંસ્થાઓના બિનશૈક્ષણિક કર્મચારીઓ માટે મહેકમ ઇત્યાદિનું પ્રમાણ નિયત કરેલ છે પરંતુ માન્ય સંસ્થાઓની વિદ્યાર્થી સંખ્યાને અનુલક્ષીને તેના બિનશૈક્ષણિક વર્ગના કર્મચારીઓ માટે આ મહેકમ લાગુ પાડવું જોઈએ નહીં તેવી સ્પષ્ટતા કરવાનું સૂચના કરતા ભો. જે. અધ્યયન-સંશોધન વિદ્યાભવનના અધ્યક્ષશ્રીના સૂચન પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત સદરહુ સમિતિની પુનર્વિચારણા માટે મોકલવી.

૫૭. સંલગ્ન કૉલેજો અને માન્ય સંસ્થાઓના બિન-શૈક્ષણિક કર્મચારીઓ માટે યુનિવર્સિટીએ નિયત કરેલ પગારધોરણો, મોંઘવારી ભથ્થાંઓ, ઘરભાડા ભથ્થું, પ્રૉ. ફંડ, વચગાળાની રાહત, સેવાઓના નિયમો ઇત્યાદિનો એક માસમાં અમલ કરીને જાણ કરવા સદરહુ સંસ્થાઓને અગાઉના બધા પરિપત્રોનું નિદર્શન કરીને યુનિવર્સિટી કાર્યાલયના તા. ૨૧-૯-૧૯૭૪ના પરિપત્રાંક સિં.-૨-૬૧૭૩૨ થી જણાવવામાં આવ્યું હતું તેના અનુસંધાનમાં તા. ૨૧-૧૦-૧૯૭૪ સુધીમાં ઉપલબ્ધ થયેલી માહિતી જોતાં ૨૨ કૉલેજોએ અમલ કર્યો છે, ૪ કૉલેજોએ અંશત: અમલ કર્યો છે જ્યારે ૧૧૯ કૉલેજો / માન્ય સંસ્થાઓ તરફથી કોઈ જવાબ નથી તો તે પરત્વે વિચારણા કરવા બાબત.

(નોંધ.—નીચે જણાવેલ બાર કૉલેજોએ અમલ કરેલ છે :

૧. એચ. કે. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ
૨. એસ. વી. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ
૩. પ્રભુદાસ ઠક્કર કૉલેજ, અમદાવાદ
૪. એમ. પી. શાહ આર્ટ્સ ઍન્ડ એસ. એમ. કૉમર્સ કૉલેજ, તલોદ
૫. નવજીવન આર્ટ્સ-કૉમર્સ કૉલેજ, દાહોદ
૬. એસ. એસ. મહેતા આર્ટ્સ ઍન્ડ એમ. એમ. પટેલ કૉમર્સ કૉલેજ, હિંમતનગર
૭. શ્રી. સહજાનંદ આર્ટ્સ-કૉમર્સ કૉલેજ, અમદાવાદ
૮. આર્ટ્સ-કૉમર્સ કૉલેજ, હાલોલ
૯. કૉલેજ ઑફ એજ્યુકેશન, દરામલી
૧૦. એસ. એમ. પંચાલ સાયન્સ કૉલેજ, તલોદ
૧૧. નવજીવન સાયન્સ કૉલેજ, દાહોદ
૧૨. બોરસદ સાયન્સ-લૉ કૉલેજ, બોરસદ)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે સંબંધકર્તા કૉલેજોને ઘટતો પત્ર લખીને તેમની કૉલેજો/સંસ્થાઓના કર્મચારીઓ માટે યુનિવર્સિટીએ નિયત કરેલાં પગારધોરણો, મોંઘવારી ભથ્થાં, ઘરભથ્થાં, પ્રૉવિડન્ટ ફંડ, વચગાળાની રાહત અને સેવાઓની શરતોના અન્ય નિયમોનો ત્વરિત અમલ કરવા માટે ભારપૂર્વક જણાવવા કુલપતિશ્રીને વિનંતી કરવી.

૫૮. યુનિવર્સિટી ટ્રસ્ટ સૂરજબા મહિલા આર્ટ્સ કૉલેજ, નડિયાદના આચાર્ય શ્રી. આર. આર. મહેતાએ ટ્રાવેલ ગ્રાન્ટના નિયમ ૬ અનુસાર ટ્રેનિંગ સેન્ટર પર ઓછામાં ઓછા ૧૫ દિવસ રોકાવું જોઈએ તેના બદલે નવ દિવસ રોકાયા હોઈ તેમનો ૬ દિવસનો ખૂટતો સમય ક્ષમ્ય ગણવા અંગે વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—શ્રી. મહેતાનું સંશોધન અંગેનું કાર્ય સંસ્થાના વડા તરફથી સંપૂર્ણ સવલતો મળી રહેવાના કારણે વહેલું પત્યું હતું અને તેથી તેમને ત્યાં વધુ રોકાવું ઉચિત નહીં લાગવાથી રોકાયા નહોતા.)

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. આર. આર. મહેતા ટ્રેનિંગ સેન્ટર પર ૧૫ દિવસને બદલે ૯ દિવસ રોકાયા તે બાબત ગ્રાહ્ય રાખવી.

૫૯. સી. બી. પટેલ આર્ટ્સ કૉલેજ, નડિયાદ તરફથી જૂન ૧૯૭૫ થી બી.એ. (પ્રિન્સિ.)માં રાજ્યશાસ્ત્ર વિષયના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાના જોડાણ માટેની અરજી ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ 33 (૧) અન્વયે 31મી માર્ચ ૧૯૭૪ સુધીમાં આવી નથી, પરંતુ સદરહુ કલમ હેઠળની જોગવાઈ અન્વયે તેની વિચારણા કરવા માટે કુલપતિશ્રીએ ભલામણ કરી હોઈ તે પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે કુલપતિશ્રીની ભલામણ સ્વીકારવી અને તે અંગે પ્રો. દેવવ્રત એન. પાઠકની બનેલી એક-વ્યક્તિ તપાસસમિતિ નીમવી.

૬૦. યુનિવર્સિટી ભાષા-સાહિત્ય ભવન, અમદાવાદને યુનિવર્સિટી ધારાની કલમ 38-બી અન્વયે સ્વાયત્તતા આપવા અંગે અરજી કરવા મંજૂરી આપવા માટે સદરહુ વિદ્યાભવનના અધ્યક્ષશ્રીએ તેમના તા. ૧૬-૧૦-૧૯૭૪ના પત્રથી કરેલી વિનંતી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીના ભાષા-સાહિત્ય ભવનને ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ 38-બી હેઠળ સ્વાયત્તતા માટે અરજી કરવા માટે મંજૂરી આપવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીનાં અન્ય વિદ્યાભવનોને પણ આ પ્રકારની અરજી કરવાની ઇચ્છા હોય તો તે માટે જરૂરી મંજૂરી આપવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૬૧. આર્ટ્સ અને સાયન્સ કૉલેજ, ભાદરણમાં એમ.એસસી. પદવી એનાલિટિકલ કેમિસ્ટ્રી વિષયમાં અનુસ્નાતક કેન્દ્ર સ્થાપવા અંગે તે કૉલેજના આચાર્યશ્રી તરફથી આવેલા પ્રસ્તાવના સંદર્ભમાં સ્થાનિક તપાસસમિતિ નીમવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે નીચે જણાવેલ સભ્યોની બનેલી સ્થાનિક તપાસસમિતિ નીમવી :

૧. ડૉ. એમ. એન. દેસાઈ

૨. ડૉ. એચ. સી. શ્રીવાસ્તવ.

૬૨. સદરહુ બાબતની વિચારણા આ અગાઉ બાબત નં. ૯ હેઠળ થઈ ગયેલી હોઈ તે અંગે વિશેષ કરવાપણું રહ્યું નહીં.

૬૩. ડિસેંબર ૧૪ થી ૧૬, ૧૯૭૪ના સમય દરમિયાન "મણિપાલ" મુકામે યોજનાર "ઑલ-ઇન્ડિયા ઇનએન્ટેટિકલ ઍન્ડ ગાયનેકોલોજિકલ કૉંગ્રેસ"ના ૧૮મા અધિવેશનમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉંગ્રેસના આગામી અધિવેશનમાં આ યુનિવર્સિટીના કોઈ પ્રતિનધિને મોકલવા નહીં.

૬૪. યુનિવર્સિટી કાર્યાલયમાં કામ કરતા નીચેના કર્મચારીઓને રૂ. ૧૮૮ (૨) પ્રમાણેની લોન ચાપવા અંગે વિચારણા કરવા બાબત :

ક્રમાંક	કર્મચારીનું નામ	અગાઉ લીધેલ બિલ્ડિંગ લોનની બાકી રકમ	મળવા પાત્ર રકમ ૩૧-૩-૧૯૭૪ સુધી	કયા કારણસર
૧.	શ્રી. શરદ એમ. પટેલ, જુ. ક્લાર્ક, સામાન્ય વિભાગ	રૂ. ૨,૨૪૫ની રકમ બાકી છે.	રૂ. ૪,૯૮૦ જમા છે.	સોસાયટીના બાકી કામના
૨.	શ્રી. આર. એમ. શેઠ, સી. ટાઇપિસ્ટ, ટાઇપિંગ વિભાગ	રૂ. ૧,૯૭૩ની રકમ બાકી છે.	રૂ. ૯,૭૭૭-૯૦ જમા છે.	સોસાયટીએ ૧૫ ટકા પ્રમાણે માગેલ વધુ રકમ માટે
૩.	શ્રી. એચ. સી. દોશી, મદદનીશ હિસાબનીશ, હિસાબ વિભાગ	લીધી નથી.	રૂ. ૮,૯૪૬-૬૨	મકાન મરામત અંગે

[નોંધ.—(૧) શ્રી. શરદ એમ. પટેલ ખાતે તા. ૩૧-૩-૧૯૭૪ સુધી રૂ. ૪,૯૮૦ની રકમ જમા છે. તેમાંથી તેઓની બિલ્ડિંગ લોનના રૂ. ૨,૨૪૫ તથા પ્રોવિડંટ ફંડ લોનના રૂ. ૩૪૫ તથા તે પર જે વ્યાજ થાય તે રકમ કાપવાની રહેશે.

(૨) શ્રી આર. એમ. શેઠ ખાતે તા. ૩૧-૩-૧૯૭૪ના રોજ રૂ. ૯,૭૭૭-૯૦ જમા છે. તેમાંથી તેઓની બિલ્ડિંગ લોન ખાતે રૂ. ૧,૯૭૩ તથા પ્રૉવિડંટ ફંડ લોનના રૂ. ૩૫૦ તથા તે પર જે વ્યાજ થાય તે રકમ કાપવાની રહેશે

(૩) શ્રી એચ. સી. દોશીના ખાતે તા. ૩૧-૩-૧૯૭૪ના રોજ રૂ. ૮,૯૪૬ જમા છે અને તેમાંથી પ્રૉવિડંટ ફંડની લોનના રૂ. ૪૧૮ તથા તે પર જે વ્યાજ થાય તે રકમ કાપવાની રહેશે.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કર્મચારીઓને તેમનાં નામ સામે જણાવેલ મળવા પાત્ર રકમની લોન સ્ટે. ૧૮૮(૨) હેઠળ તેમના પ્રૉવિડન્ટ ફંડ ખાતામાંથી યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ ઘર-બાંધકામ માટે મંજૂર કરવી.

૬૫. યુનિવર્સિટીના વિજ્ઞાન વિદ્યાભવનમાં રીડર-ઇન-બોટાનીની જગ્યા પર કામ કરતા શ્રી. એમ. એમ. લાલોરિયા તા. ૨૫-૮-૧૯૭૪થી રાજીનામું આપી છૂટા થયા હોવાથી તેઓના ખાતે નીકળતી પ્રૉવિડંટ ફંડની રકમ પરત કરવા અંગે તેમની તા. ૨૪-૧૦-૧૯૭૪ની અરજી પર વિચારણા કરવા બાબત.

(નોંધ.—તેઓ વિજ્ઞાન વિદ્યાભવનમાં તા. ૨૧-૬-૧૯૭૧ના રોજ જોડાયા હતા અને તા. ૨૫-૮-૧૯૭૪ના રોજ રાજીનામું આપી છૂટા થયા હતા.)

આથી ઠરાવવામાં આવે છે કે ડૉ. એમ. એમ. લાલોરિયાને તેમના ખાતે નીકળતી પ્રૉવિડન્ટ ફંડની રકમ યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ પરત કરવી.

૬૬. યુનિવર્સિટી કોર્ટ પર થતી ચૂંટણી માટે નિમાતા કર્મચારીઓને તથા પટાવાળાઓને હાલમાં જે દરે પુરસ્કાર આપવામાં આવે છે તેમાં સુધારા કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીના ચૂંટણીના કામકાજ માટે મતદાન કેન્દ્રો પર નીમવામાં આવતા કર્મચારીગણ માટેના પુરસ્કારના દર સુધારીને નીચે મુજબ નિયત કરવા :

કારકુનવર્ગ (clerical staff) : દૈનિક રૂ. ૧૨-૦૦

પટાવાળા : દૈનિક રૂ. ૫-૦૦.

૬૭. વિજ્ઞાન વિદ્યાભવનના આંકડાશાસ્ત્રના પ્રા. ડૉ. સી. જી. ખત્રી તા. ૧-૭-૧૯૭૪થી તા. ૨૮-૭-૧૯૭૪ સુધી બિનપગારની રજા ઉપર હતા અને તા. ૨૯-૭-૧૯૭૪થી તા. ૧૨-૮-૧૯૭૪ સુધી ડ્યુટી લીવ પર હતા અને ત્યાર બાદ તા. ૧૩-૮-૧૯૭૪થી તા. ૨૨-૮-૧૯૭૪ સુધી હક્ક રજા ઉપર હતા. તેઓની પગારવધારાની તારીખ ૧-૮-૧૯૭૪ છે તેમાં તેઓની તા. ૧-૭-૧૯૭૪ થી તા. ૨૮-૭-૧૯૭૪ની બિનપગારી રજાના કારણે તેમના પગારવધારાની તારીખ કઈ ગણવી તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે વિજ્ઞાન વિદ્યાભવનના આંકડાશાસ્ત્રના પ્રાધ્યાપક ડૉ. સી. જી. ખત્રીના વાર્ષિક પગારવધારાની તારીખ તેમની બિનપગારી રજાના દિવસો જેટલી પાછી ઠેલવી એટલે કે

તા. ૧–૮–૧૯૭૪ને બદલે તેમના વાર્ષિક પગારવધારાની તારીખ ૨૯–૮–૧૯૭૪થી ગણવી અને આ નિયમ ભવિષ્યમાં પણ આ પ્રકારના તમામ કેસોને લાગુ પાડવો.

૬૮. યુનિવર્સિટી ગ્રંથાલયમાં જુ. ક્લાર્ક તરીકે કામ કરતાં શ્રીમતી હર્ષા ટી. નાન્દી તા. ૧૫–૧૦–૧૯૭૪ના રોજ રાજીનામું આપી છૂટાં થયાં હોવાથી તેઓના ખાતે નીકળતી પ્રૉવિડન્ટ ફંડની રકમ ચૂકવવા અંગેની તેઓની તા. ૩૦–૧૦–૧૯૭૪ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધ.—તેઓ તા. ૧૫–૧૦–૧૯૭૩થી યુનિવર્સિટી ગ્રંથાલયમાં જોડાયાં હતાં અને તા. ૧૫–૧૦–૧૯૭૪ના રોજ રાજીનામું આપી છૂટાં થયાં હતાં.)

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી ગ્રંથાલયના છૂટા થયેલા જુનિયર ક્લાર્ક શ્રીમતી હર્ષા ટી. નાન્દીને તેમના ખાતે નીકળતી પ્રૉવિડન્ટ ફંડની રકમ યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ પરત કરવી.

૬૯. તા. ૯–૧૧–૧૯૭૪ના રોજ મળેલી ફાઇનાન્સ સમિતિની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૯–૧૧–૧૯૭૪ની સભાની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિની તા. ૯–૧૧–૧૯૭૪ની સભાની કાર્યવાહીની નોંધની નકલ પરિશિષ્ટ "ચ" તરીકે સામેલ છે.)

૭૦. બાંધકામ સમિતિની તા. ૨૧–૧૦–૧૯૭૪ની સભાની ભલામણો પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૨૧–૧૦–૧૯૭૪ની સભાની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિની તા. ૨૧–૧૦–૧૯૭૪ની સભાની કાર્યવાહીની નોંધની નકલ પરિશિષ્ટ "છ" તરીકે સામેલ છે.)

૭૧. ડિસેંબર ૩૦ / ૩૧–૧૯૭૪ના સમય દરમિયાન ઇન્ડિયન ઍસોસિયેશન ફોર મૅનેજમેન્ટ ડેવલપમેન્ટનું છઠ્ઠું વાર્ષિક અધિવેશન નાસિક મુકામે યોજાનાર છે તેમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ ઍસોસિયેશનના આગામી અધિવેશનમાં આ યુનિવર્સિટીના કોઇ પ્રતિનિધિને મોકલવા નહીં.

૭૨. સમાજવિદ્યા ભવનના લેક્ચરર શ્રી. ઇ. જે. મશીહીને તેમના પુત્રની સારવાર માટે તા. ૧–૩–૧૯૭૪ થી તા. ૩૦–૪–૧૯૭૪ સુધી અમેરિકા જવું પડયું હોઇ વિદ્યાભવનનું શિક્ષણકાર્ય તા. ૧–૩–૧૯૭૪થી તા. ૧૭–૩–૧૯૭૪ સુધી બંધ હતું તેના સંદર્ભમાં તેમને તા. ૧૮–૩–૧૯૭૪થી તા. ૨૭–૩–૧૯૭૪ સુધીની આકસ્મિક રજા સાથે ખાસ કેસ તરીકે

તા. ૨૮-૩-૧૯૭૪થી તા. ૧૧-૪-૧૯૭૪ સુધીની હક્ક રજાઓ તથા તા. ૧૨-૪-૧૯૭૪ થી તા. ૧૯-૪-૧૯૭૪ સુધીની બિનપગારી રજાઓ જોડવાની મંજૂરી આપ્યાના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીના સદરહુ કાર્યની નોંધ લેવી.

૭૩. યુનિવર્સિટી કાર્યાલયમાં કામ કરતા જુ. કલાર્ક શ્રી. એમ. એમ. પટેલ તા. ૧૬-૧૦-૧૯૭૪ના રોજ રાજીનામું આપી છૂટા થયા હોવાથી (૧) તેઓના ખાતે નીકળતી પ્રોવિડંટ ફંડની રકમ તથા (૨) ગ્રેચ્યુઈટીની રકમ ચૂકવવા અંગેની તેઓની તા. ૩૦-૧૦-૧૯૭૪ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધ.—તેઓ તા. ૮-૫-૧૯૬૫ના રોજ યુનિવર્સિટી કાર્યાલયમાં જોડાયા હતા અને તા. ૧૬-૧૦-૧૯૭૪ના રોજ રાજીનામું આપી છૂટા થયા હતા.)

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી કાર્યાલયના છૂટા થયેલા જુનિયર કલાર્ક શ્રી. એમ. એમ. પટેલને તેમને ખાતે નીકળતી (૧) પ્રોવિડન્ટ ફંડની રકમ અને (૨) ગ્રેચ્યુઈટીની રકમ યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ ચૂકવી આપવી.

૭૪. યુનિવર્સિટીના સ્ટાફ ક્વાર્ટર્સમાં પંખા મૂકવા અંગે ગ્રાન્ટ મંજૂર કરી શકાય તેમ નથી તેમ જણાવતા રાજ્ય સરકારના સલાહકાર તરફથી આવેલા પત્ર નં. યુએસજી. ૧૧૭૪-૭૯૬૬૫-ખ, તા. ૫-૧૦-૧૯૭૪ના પત્ર અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૭૫. અમદાવાદ કોમર્સ કોલેજના આચાર્યશ્રી તરફથી આવેલ તા. ૨૬-૧૦-૧૯૭૪ના પત્રાંક ૧૪૩ મુજબ એન. એસ. એસ. અધ્યાપક-ઇન-ચાર્જ તરીકે વ્યાયામ શિક્ષક શ્રી. બી. પી. કઠવાડિયાને કાયમી નીમવા અંગેની ભલામણ ઉપર પુનર્વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કોલેજના એન. એસ. એસ. એકમના અધ્યાપક-ઈન-ચાર્જ તરીકે વ્યાયામશિક્ષક શ્રી. બી. પી. કઠવાડિયાને ૧૯૭૪-૭૫ના વર્ષ દરમ્યાન પણ અપવાદ તરીકે વધુ એક વર્ષ ચાલુ રાખવા અને સદરહુ કોલેજને જણાવવું કે આ છૂટછાટ હવે છેલ્લી વાર જ આપવામાં આવી છે અને જૂન ૧૯૭૫થી શ્રી. કઠવાડિયાની જગ્યાએ યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ કોઈ અધ્યાપકની ભલામણ તેઓ કરી શકે તેમ ન હોય તો એન. એસ. એસ.નું તેમની કોલેજનું એકમ બંધ કરવામાં આવશે.

૭૬. ગુજરાત યુનિવર્સિટીના સુધારેલા કાયદાના શેડયુલ ૨ ના સ્ટેચ્યૂટ નં. ૫ની પેટાકલમ (૪) હેઠળ બોર્ડ ઓફ એકસ્ટ્રામ્યુરલ સ્ટડીઝની એકેડેમિક કાઉન્સિલના સભ્ય આચાર્ય ય. પ્રા. શુકલની ખાલી પડેલ જગ્યા ઉપર અન્ય સભ્યની નિયુકિત કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બોર્ડ પર આચાર્ય ય. પ્રા. શુકલની ખાલી પડેલી જગ્યાએ પ્રો. અનંતરાય એમ. રાવળને નીમવા.

૭૭. યુનિવર્સિટી ધારાની કલમ ૩૩-એ (૧) (બી) (૧) અને (૨) અનુસાર સંલગ્ન કોલેજોએ શિક્ષકોની નિમણૂક કરતી વખતે પ્રત્યેક કૉલેજની જે તે વરણીસમિતિ પર યુનિવર્સિટીના પ્રતિનિધિ હોવા આવશ્યક હતા તે છતાં પણ યુનિવર્સિટીના પ્રતિનિધિ સિવાય કેટલીક કોલેજોમાં શિક્ષકોની નિમણૂક કરવામાં આવી છે તો તે અંગે વિચારણા કરવા બાબત.

અને

૪૮. જે. એન્ડ જે. કૉલેજ ઑફ સાયન્સ, નડિયાદમાં જીવવિજ્ઞાનના વ્યાખ્યાતા તરીકે કુ. પન્ના બહેન આર. પટેલને ટ્યૂટરમાંથી વ્યાખ્યાતા તરીકે બઢતી આપતાં યુનિવર્સિટી ધારાની કલમ ૩૩-એ (૧) (બી) (૨) અનુસાર વરણીસમિતિ પર યુનિવર્સિટીના પ્રતિનિધિ નીમવા આવશ્યક હતા તેમ છતાં પણ યુનિવર્સિટીના પ્રતિનિધિ સિવાય તેમની નિમણૂક કરી છે તો તે અંગે વિચારણા કરવા બાબત.

સદરહુ બાબત નં. ૭૭ ચર્ચાવિચારણા માટે હાથ ધરવામાં આવી ત્યારે તેની સાથે બાબત નં. ૪૮ની પણ વિચારણા કરવામાં આવી.

તે પછી ઠરાવવામાં આવ્યું કે સદરહુ કૉલેજોએ ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૩૩-એ અન્વયે વરણીસમિતિ પર યુનિવર્સિટીના પ્રતિનિધિને નીમ્યા સિવાય અધ્યાપકોની નિમણૂક કરી છે તે બદલ તેમને ઠપકો આપવો અને જણાવવું કે ભવિષ્યમાં તેઓ આ પ્રકારની ભૂલ કરશે તો તેમણે કરેલી નિમણૂકો માન્ય કરવામાં આવશે નહીં.

વધુમાં ઠરાવવામાં આવે છે કે સદરહુ નિમણૂકો ગ્રાહ્ય રાખવી.

૭૮. લૉ કૉલેજ, ગોધરાના આચાર્ય શ્રી. એમ. ડી. માણેક જેઓ યુનિવર્સિટીએ નિયત કરેલ નિવૃત્તિ વયમર્યાદા વટાવી ગયા તેઓએ ૧૯૭૪-૭૫ અને ૧૯૭૫-૭૬ નાં વર્ષો માટે નિવૃત્તિ વયમર્યાદામાંથી મુક્તિ આપવા અંગેના પંચમહાલ શિક્ષણ પ્રચારક મંડળ, ગોધરાના સહમંત્રીશ્રીના તા. ૨૬-૧૦-૧૯૭૪ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આચાર્ય એમ. ડી. માણેકની નિમણૂક ફક્ત ચાલુ વર્ષ પૂરતી ગ્રાહ્ય રાખવી.

૭૯. ખંભાત તાલુકા કેળવણી મંડળ, ખંભાત સંચાલિત કૉલેજમાં નીચેના શિક્ષકોને તેમનાં નામ સામે જણાવ્યા પ્રમાણેની લેણી રકમ સંસ્થાએ હજુ ચૂકવી ન હોઈ તે પરત્વે વિચારણા કરવા બાબત.

ક્રમાંક	શિક્ષકનું નામ	કૉલેજ	લેણી રકમનો પ્રકાર	કાર્યાલયની નોંધ
(૧)	શ્રી. બી. કે. શાહ	રજની પારેખ આર્ટ્સ એન્ડ કે. બી. કૉમર્સ કૉલેજ	પ્રો. ફંડ, ગ્રેચ્યુઇટી, યુ.જી.સી. પગાર-ધોરણનો તફાવત, તા. ૧-૪-૧૯૭૧થી તા. ૩૧-૫-૧૯૭૨ સુધીના પગારના તફાવતની રકમ	શ્રી. શાહે તેમના વકીલ મારફતે ટ્રસ્ટીઓને નોટિસ આપી છે.

ક્રમાંક	શિક્ષકનું નામ	કૉલેજ	લેણી રકમનો પ્રકાર	કાર્યાલયની નોંધ
(૨)	શ્રી. આર. એમ. શુકલ	રજની પારેખ આર્ટ્સ એન્ડ કે. બી. કૉમર્સ કૉલેજ	પ્રૉ. ફંડ, ગ્રેચ્યુઇટી	કૉલેજને પત્ર લખ્યો છે પણ જવાબ નથી.
(૩)	શ્રી. બી. જી. ચૌધરી	,,	પ્રૉ. ફંડ	,,
(૪)	શ્રી. જે. જે. ત્રિવેદી	શ્રીમતી બી. સી. જે. સાયન્સ કૉલેજ	પ્રૉ. ફંડ, ગ્રેચ્યુઇટી	,,
(૫)	શિક્ષકોની સામૂહિક અરજી	રજની પારેખ આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ	ઑગસ્ટ ૧૯૭૪નો પગાર ન ચૂકવાયા અંગે	કૉલેજને અનુમોદન માટે પત્ર લખ્યો છે, પરંતુ જવાબ નથી.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજોને જણાવવું કે તા. ૧૫મી ડિસેમ્બર ૧૯૭૪ સુધીમાં ઉપર જણાવેલ શિક્ષકોને તેમની લેણી નીકળતી રકમ ચૂકતે કરીને યુનિવર્સિટી કાર્યાલયને તેની જાણ કરવી.

૮૦. ઉત્તર વિભાગ સ્થાનિક રમતગમતની તા. ૧૫-૯-૧૯૭૪ ની સભામાં થયેલ નીચેના ઠરાવો એકિઝકયુટિવ કાઉન્સિલે તેની તા. ૫-૧૦-૧૯૭૪ ની સભામાં બોર્ડ ઑફ સ્પોર્ટ્સની વિચારણા માટે મોકલેલ તે અંગે તા. ૨૧-૧૦-૧૯૭૪ ની બોર્ડ ઑફ સ્પોર્ટ્સની સભાની નીચેની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત :

તા. ૧૫-૯-૧૯૭૪ની ઉત્તર વિભાગીય સ્થાનિક રમતગમત સમિતિની ભલામણો :

(*i*) Resolved that due to draught or scarcity prevailing in Gujarat all the events which have not started yet including the Athletic Meet be cancelled and the amount thus saved be used for the people of scarcity lit area. It was further resolved that the copy of this resolution be sent to the President of other zones of Gujarat University with a request to follow suit in this noble case.

(*ii*) Resolved that all the colleges should send their contribution at the rate of 25 paise per student to the host college and the remaining amount at the rate of 50 paise per student to the scarcity fund.

તા. ૨૧-૧૦-૧૯૭૪ની બોર્ડ ઑફ સ્પોર્ટ્સની ભલામણો :

(૧) આથી ઠરાવવામાં આવે છે કે ઉત્તર વિભાગ સ્થાનિક રમતસમિતિએ સદરહુ બંને ઠરાવો બોર્ડ ઑફ સ્પોર્ટ્સને ભલામણ રૂપે કરવા જોઈતા હતા અથવા તો પસાર કરતા પહેલાં યુનિવર્સિટી બોર્ડ ઑફ સ્પોર્ટ્સની અનુમતિ લેવી જરૂરી હતી તેમ આ સભા ચોક્કસપણે માને છે તેથી તે ઠરાવો કરવાની સત્તા બંધારણની રૂએ સ્થાનિક રમત સમિતિને મળતી નથી એમ એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

(૨) યુનિવર્સિટીના ઑ. ૨૦(૪) દ્વારા જે હેતુ માટે વિભાગીય રમત સમિતિઓને આ પૈસા ઉઘરાવવાની સત્તા આપેલ છે તે પૈસા અન્ય કોઈ હેતુ માટે વાપરી શકાય નહીં તેમ આ સભા માને છે.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બોર્ડની ઉપરની ભલામણો મંજૂર કરવી.

૮૧. યુનિવર્સિટીની ઉત્તર વિભાગ સ્થાનિક રમત સમિતિની તા. ૧૫-૯-૧૯૭૪ની સભામાં ઉત્તર વિભાગની આંતર-કોલેજ હરીફાઈઓ બંધ કરવા તેમ જ રમતના ફાળાના પૈસા દુષ્કાળ રાહતમાં આપવા અંગે કરેલ ઠરાવ ઉપર તા. ૨૧-૧૦-૧૯૭૪ ની બોર્ડ ઑફ સ્પોર્ટસની નીચેની ભલામણ મંજૂર કર્યાના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત :

"વધુમાં આ સભા ઉત્તર વિભાગ સ્થાનિક રમત સમિતિને ભલામણ કરે છે કે રમતો બંધ કરવા અંગેનો કરેલ ઠરાવ વિદ્યાર્થીઓનો આ બાબતનો રસ તથા રમત સ્પર્ધાઓનું શૈક્ષણિક મૂલ્ય જોતાં ફેરવિચારણા કરે અને બીજી ટર્મમાં રમતો સત્વરે શરૂ થાય તે માટે ઘટતું કરવું."

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીના સદરહુ કાર્યની નોંધ લેવી.

૮૨. યુનિવર્સિટી પ્રેસના જુનિયર કલાર્ક શ્રી. બી. કે. પટેલને તેમના રૂ. ૧૫૩-૫-૧૮૩-૧૦-૨૪૩ ઈ.બી. ૧૫-૪૦૮-૧૯-૪૬૫ ના પગારધોરણમાં રૂ. ૨૪૩ પછીનો કાર્યક્ષમતા અંતરાય (Efficiency Bar) તા. ૧-૧૨-૧૯૭૨ થી ઓળંગવા અંગેની મંજૂરી આપવા અંગે વિચારણા કરવા બાબત.

યુનિવર્સિટી પ્રેસના જુનિયર કલાર્ક શ્રી. બી. કે. પટેલની કામગીરી અંગેનો બાનગી અહેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો.

તે પછી ઠરાવવામાં આવ્યું કે શ્રી. બી. કે. પટેલને રૂ. ૧૫૩-૫-૧૮૩-૧૦-૨૪૩ ઈ.બી. ૧૫-૪૦૮-૧૯-૪૬૫ના પગારધોરણમાં રૂ. ૨૪૩/- પછીનો કાર્યક્ષમતા અંતરાય તા. ૧-૧૨-૧૯૭૨થી ઓળંગવા માટે મંજૂરી આપવી.

૮૩. શ્રી. સ્વામિનારાયણ આર્ટ્સ કોલેજ, અમદાવાદમાંથી અંગ્રેજીના લેક્ચરર તરીકે કામ કરતા શ્રી. જી. આર. ભાવસારને છૂટા કરવાની ફરિયાદની બાબતમાં પોતાની ફરિયાદ શ્રી. જી. આર. ભાવસારે પાછી ખેંચી લીધાનું અને હવે આ બાબતમાં યુનિવર્સિટીએ આગળ કોઈ તજવીજ કરવાની રહેતી નથી તેમ જણાવતા શ્રી. જી. આર. ભાવસારના તા. ૭-૧૦-૧૯૭૪ના પત્રની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૮૪. પ્રત્યેક કોલેજ તરફથી તા. ૩૧મી જુલાઈ સુધીમાં આવવી જોઈતી ઑર્ડિ. ૯૬ ની માહિતી પૈકી આ સાથેની યાદીમાં જણાવ્યા પ્રમાણેની કોલેજોમાં તેમના નામ સામે જણાવેલ ઊણપ-અધૂરી વિગતો જણાઈ છે તો તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કોલેજોને તેમની શિથિલતા માટે સખત ઠપકો આપવો અને તે માટે જરૂરી પત્ર લખવા માટે કુલપતિશ્રીને વિનંતી કરવી.

૮૫. યુનિવર્સિટી કાર્યાલયમાં નીચેના કર્મચારીઓને તેમનાં નામ સામે બતાવેલ તારીખે તથા પગારધોરણમાં કાર્યક્ષમતા અંતરાય (Efficiency Bar) ઓળંગવા દેવા માટે મંજૂરી આપવા અંગે વિચારણા કરવા બાબત :

ક્રમાંક	નામ તથા હોદ્દો	પગારધોરણ	મૂળ માસિક પગાર	કઈ તારીખથી ઓળંગવા
		રૂ.	રૂ.	
૧.	શ્રીમતી દેવિકા આર. ધ્રુવ, જુ. કલાર્ક	૧૫૩-૫-૧૮૩-૧૦-૨૪૩ ઈ.બી. ૧૫-૪૦૮-૧૯-૪૬૫	૨૪૩	૧-૧૨-૧૯૭૪થી
૨.	શ્રી. એન. જી. જોટંગિયા, જુ. કલાર્ક	-ઉપર મુજબ-	૨૪૩	,,
૩.	શ્રી. બી. એન. પટેલ, ટાઇપિસ્ટ	-ઉપર મુજબ-	૨૪૩	૧-૧૧-૧૯૭૪થી

સદરહુ સભ્યોની કામગીરી અંગેના બાનગી અહેવાલો સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યા.

તે પછી ઠરાવવામાં આવ્યું કે સદરહુ સભ્યોને તેમનાં નામ સામે જણાવેલ તારીખથી રૂ. ૧૫૩-૫-૧૮૩-૧૦-૨૪૩ ઈ.બી. ૧૫-૪૦૮-૧૯-૪૬૫ના પગારધોરણમાં રૂ. ૨૪૩ પછીનો કાર્યક્ષમતા અંતરાય ઓળંગવા માટે મંજૂરી આપવી.

૮૬. સ્ટાફ અંગેની સ્થાયી સમિતિની તા. ૧૮-૬-૧૯૭૪ની સભાની નીચેની ભલામણ અંગે વિચારણા કરવા બાબત :

"આથી એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે કાર્યાલયમાં કાર્યાલય નિયામક, હેડકલાર્ક તથા સીનિયર કલાર્ક વગેરેની મંજૂર કરેલી જગ્યાઓ અંગેની ફાળવણી આ સાથેના પત્રકમાં દર્શાવ્યા પ્રમાણે કરવી અને હવે પછી જુદા જુદા વિભાગોમાં દર્શાવ્યા પ્રમાણે બધી જ જુદી જુદી કક્ષાઓની જગ્યાઓ રહેશે તેની નોંધ લેવી."

(સદરહુ સ્થાયી સમિતિની ઉપરોક્ત ભલામણ એકિઝકયુટિવ કાઉન્સિલની તા. ૨૪-૮-'૭૪ની સભામાં બાબત ક્રમાંક ૭૦થી મુલતવી રહી હતી.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૮૭. ગુજરાતી ભાષામાં કક્કાવારી વિસ્તૃત જ્ઞાનકોશ ((એનસાઇકલોપીડિયા) જેવો સંદર્ભગ્રંથ તૈયાર કરવા માટે રચેલી સમિતિની તા. ૩૦-૧૦-૧૯૭૪ની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

"ચર્ચાવિચારણાને અંતે નીચે મુજબ ઠરાવ કરી એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવાનું ઠરાવવામાં આવ્યું :

"ઉપર જણાવેલ જ્ઞાનકોશના કામને વ્યવસ્થિત રીતે ચલાવવા માટે હરિ ૐ આશ્રમની દરખાસ્તમાં જણાવ્યા મુજબ પૂર્ણ સમયના એક સંપાદકની નિમણૂક કરવી જોઈએ. આ પ્રોજેક્ટનો પ્રકાર જોતાં કોઈ કાયમી વ્યવસ્થા કરવાને બદલે સંપાદક તરીકે કોઈ યોગ્ય વ્યક્તિની લોન પર નિમણૂક કરવી. આ સંદર્ભમાં સંપાદકની પસંદગી અંગેની

પેટાસમિતિની તા. ૫–૧૦–૧૯૭૪ની ભલામણ મંજૂર કરવા માટે એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે. વધુમાં સંપાદકને મદદ કરવા માટે હાલ પૂરતું વિનયન વિદ્યાના કામકાજ માટે અને વિજ્ઞાન વિદ્યાના કામકાજ માટે એક એક મદદનીશને હંગામી ધોરણે, કરકસરને નજરમાં રાખી, રોકવા માટે અને કામ ગતિ પકડે ત્યારે સમાજવિદ્યાના એક ત્રીજા મદદનીશને રોકવા માટે પણ એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી. આ કાર્યના વહીવટી કામ માટે એક જુનિયર કલાર્ક અને એક ટાઈપિસ્ટની પ્રકાશન વિભાગમાં નિમણૂક કરવી. વધુમાં આ કામની વહીવટી દેખભાળ તથા સંકલનનું કામ શ્રી. પ્રકાશન અધિકારીએ કરવાનું રાખવું."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૮૮. સદરહુ બાબતની વિચારણા આ અગાઉ બાબત નં. ૩૭ સાથે કરવામાં આવેલી હોઇ તેની નોંધ તે ક્રમમાં દર્શાવવામાં આવી છે.

૮૯. ડિસેમ્બર ૧૯૭૪ના છેલ્લા સપ્તાહ દરમિયાન "ઓલ ઇન્ડિયા ઇંગ્લિશ ટીચર્સ કૉન્ફરન્સ"નું રપ મું વાર્ષિક અધિવેશન પતિયાળા મુકામે યોજાનાર છે તેમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉન્ફરન્સના આગામી અધિવેશનમાં આ યુનિવર્સિટીના કોઇ પ્રતિનિધિને મોકલવા નહીં.

૯૦. સમાજવિદ્યા ભવનના પટાવાળા શ્રી. એન. ડી. વાઘેલાનો એક વર્ષનો અજમાયશી સમય તા. ૨–૧૨–૧૯૭૪ના રોજ પૂરો થતો હોઈ તેમને તા. ૩–૧૨–૧૯૭૪થી કાયમ કરવા અંગે વિચારણા કરવા બાબત.

સમાજવિદ્યા ભવનના પટાવાળા શ્રી. એન. ડી. વાઘેલાની કામગીરી અંગેનો ખાનગી અહેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો.

તે પછી ઠરાવવામાં આવ્યું કે શ્રી. એન. ડી. વાઘેલાને તેમની જગ્યાએ તા. ૩–૧૨–૧૯૭૪થી કાયમ કરવા.

૯૧. ગુજરાત યુનિવર્સિટીમાં કામ કરતા નીચેના કર્મચારીઓને તેઓનાં નામ સામે જણાવેલ કારણોસર સ્ટે. ૧૮૮ (૨) પ્રમાણેની તેઓના પ્રૉ. ફંડ ખાતામાંથી લોન આપવા અંગે વિચારણા કરવા બાબત :

ક્રમાંક	કર્મચારીનું નામ તથા વિભાગ	તા. ૩૧–૩–૧૯૭૪ સુધીની જમા રકમ	સ્ટે. ૧૮૮(૨) પ્રમાણે અગાઉ લોન લીધી છે ?	કયા કારણસર જોઈએ છે ?
૧.	શ્રી. બી. ડી. પટેલ, સીનિયર કલાર્ક, પરીક્ષા "બ" વિભાગ	૩. ૬,૪૪૨–૫૨	લીધી છે.	બીજા માળનું બાંધકામ કરવાનું હોવાથી

ક્રમાંક	કર્મચારીનું નામ તથા વિભાગ	તા. ૩૧-૩-૧૯૭૪ સુધીની જમા રકમ	સ્ટે. ૧૮૮(૨) પ્રમાણે અગાઉ લોન લીધી છે?	કયા કારણસર જોઈએ છે?
૨.	શ્રી. બી. આર. ચૌહાણ, જુ. ક્લાર્ક, પરીક્ષા "બ" વિભાગ	રૂ. ૪,૪૮૫-૫૮	લીધી છે.	મકાન મરામત અંગે
૩.	શ્રી. કે. આર. જોશી	રૂ. ૧૭,૦૭૫-૦૪	લીધી છે.	બિલ્ડિંગના બાંધકામમાં વધુ પૈસાની જરૂર હોવાથી.
૪.	શ્રી. બી. જે. પંડ્યા	રૂ. ૪,૦૪૭-૭૦	લીધી નથી.	મકાન મરામત અંગે.

(**નોંધ.**—૧. શ્રી. બી. ડી. પટેલના ખાતે તા. ૩૧-૩-૧૯૭૪ સુધી રૂ. ૬,૪૪૨-૫૨ જમા છે અને તેમાંથી તેઓની રૂ. ૨,૮૯૮-૦૦ બિલ્ડિંગ લોન બાકી છે તેમ જ તેઓના પ્રો. ફંડની રૂ. ૪૫૦ની લોન તથા તે પર જે વ્યાજ થાય તે રકમ કાપવાની રહેશે.

૨. શ્રી. બી. આર. ચૌહાણના ખાતે તા. ૩૧-૩-૧૯૭૪ સુધી રૂ. ૪,૪૮૫-૫૮ જમા છે અને તેમાંથી તેઓની રૂ. ૨,૬૯૩-૦૦ બિલ્ડિંગ લોન બાકી છે તેમ જ તેઓના પ્રો. ફંડની રૂ. ૨૪૦ તથા તે પર જે વ્યાજ થાય તે રકમ કાપવાની રહેશે.

૩. શ્રી. કે. આર. જોશીના ખાતે તા. ૩૧-૩-૧૯૭૪ સુધી રૂ. ૧૭,૦૭૪-૦૪ પ્રેસાની રકમ જમા છે અને તેમાંથી તેઓની રૂ. ૮,૯૯૭-૦૦ બિલ્ડિંગ લોન તથા તે પર જે વ્યાજ થાય તે રકમ કાપવાની રહેશે.

૪. શ્રી. બી. જે. પંડ્યા ખાતે તા. ૩૧-૩-૧૯૭૪ સુધી રૂ. ૪,૦૪૦-૭૦ પૈસાની રકમ જમા છે અને તેમાંથી તેઓની પ્રો. ફંડની રૂ, ૧,૧૦૦ તથા તે પર વ્યાજ થાય તે રકમ કાપવાની રહેશે,)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સભ્યોને તેમનાં નામ સામે જણાવેલ મળવા પાત્ર રકમની લોન સ્ટે. ૧૮૮(૨) હેઠળ તેમના પ્રોવિડન્ટ ફંડ ખાતામાંથી યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ મકાન બાંધકામ માટે મંજૂર કરવી.

૯૨. (૧) એક્ઝિક્યુટિવ કાઉન્સિલની તા. ૨૭-૪-૧૯૭૪ની સભામાં સંલગ્ન કૉલેજો અને માન્ય સંસ્થાઓમાંથી શિક્ષક વર્ગ અને બિનશિક્ષક વર્ગના કર્મચારીઓને છૂટા કરવાના પ્રશ્નો જોઈતપાસીને તે અંગે જરૂરી પગલાં લેવાની સત્તા સાથે એક સ્થાયી સમિતિની રચના કરેલી છે તથા (૨) તા. ૫-૧૦-૧૯૭૪ ની એક્ઝિક્યુટિવ કાઉન્સિલની સભામાં સંલગ્ન કૉલેજો અને માન્ય સંસ્થાઓના શિક્ષક વર્ગના અને બિનશિક્ષક વર્ગના કર્મચારીઓનાં પગારધોરણો અને સેવાઓની શરતો અંગે જે પ્રશ્નો ઊભા થાય તે બાબતમાં

જરૂરી વિચારણા કરીને પોતાની ભલામણો રજૂ કરવા માટે એક સ્થાયી સમિતિ નીમેલી છે તો આ બન્ને સમિતિઓના કાર્યક્ષેત્ર અંગે સ્પષ્ટતા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પ્રશ્નો એક્ઝિકયુટિવ કાઉન્સિલે તેની તા. ૫-૧૦-૧૯૭૪ની સભામાં બાબત નં. ૫૪ હેઠળ નીમેલી સમિતિની વિચારણા માટે રજૂ કરવાનું રાખવું અને તા. ૨૭-૪-૧૯૭૪ના રોજ મળેલી સભામાં બાબત નં. ૧૫(૪) હેઠળ નીમવામાં આવેલી સમિતિને રદ ગણવી.

૯૩. નોકરી કરતાં કરતાં અભ્યાસ કરી ખોટી હાજરી પુરાવ્યા બાબતની ફરિયાદ અંગેના કેસો પર વિચારણા કરી રિપોર્ટ કરવા અંગે તા. ૧૫-૧૨-૧૯૭૩ના રોજ મળેલ એક્ઝિકયુટિવ કાઉન્સિલની સભાએ નીમેલી સમિતિની તા. ૨૮-૧૦-૧૯૭૪ની સભાની ભલામણ પર વિચારણા કરવા તેમ જ આ સમિતિની તા. ૬-૧૧-૧૯૭૪ની નીચેની ભલામણ અન્વયે શ્રી. નવનીતલાલ ચુ. શાહના કેસ પર વિચારણા કરવા બાબત.

"આ સંજોગોમાં સમગ્ર પરિસ્થિતિને લક્ષમાં લઈ ઘટતો નિર્ણય કરવા આ સમિતિ એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરે છે."

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. નવનીતલાલ ચુ. શાહને આ યુનિવર્સિટીમાં એમ.એ.ના અભ્યાસક્રમમાં કે અન્ય કોઈ અભ્યાસક્રમમાં પ્રવેશ આપવા પર પ્રતિબંધ મૂકવો.

૯૪. તા. ૯-૬-૧૯૭૩ની એક્ઝિકયુટિવ કાઉન્સિલની સભામાં સંલગ્ન કોલેજો અને માન્ય સંસ્થાઓના બિનશિક્ષક કર્મચારીઓ માટેની ઓછામાં ઓછી લાયકાત અંગેનાં નિયત ધોરણોમાં (૧) હેડકલાર્ક, અને (૨) સીનિયર કલાર્કની લાયકાતમાં "નોન-ગ્રેજ્યુએટ" એ શબ્દ વાપર્યો છે તો સદરહુ લાયકાતની સ્પષ્ટતા અંગે શાહ સી. કે. મ્યુનિસિપલ કોમર્સ કૉલેજ, કલોલના આચાર્યશ્રી તરફથી આવેલ તા. ૨-૧૧-૧૯૭૪ના પત્ર પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ નિયમમાં 'નોન-ગ્રેજ્યુએટ' શબ્દપ્રયોગને બદલે 'એસ.એસ.સી. કે તેની સમકક્ષ પરીક્ષામાં ઉત્તીર્ણ' એ શબ્દપ્રયોગ મૂકવો, અને આ રીતે સુધારવામાં આવેલો નિયમ મૂળ નિયમની મંજૂરીની તારીખથી અમલમાં આવેલો ગણવો.

૯૫. કોમ્પ્યુટર સમિતિની તા. ૭-૧૧-૧૯૭૪ની સભાએ કરેલ ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની નીચેની ભલામણ મંજૂર કરવી :

"It is recommended to the Executive Council that for all outside jobs including educational ones, if the user requires urgent services of the machines and staff and if he is prepared to pay overtime charges for urgent services outside normal working hours, to the computer centre, such charges should be paid to the concerned member and be realised from the user. The Computer Systems Superintendent be authorised to sanction overtime work under this arrangement at the normal overtime rates payable for examination work, which were earlier approved by the Executive Council."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની નીચેની ભલામણ અંદાજપત્ર સમિતિની વિચારણા માટે મોકલવી :

"It is recommended that the budget proposals as revised in the light of discussions held in the previous meeting be approved."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની નીચેની ભલામણ મંજૂર કરવી :

"It is recommended that a trainee programmer after completion of his term of one year, if found suitable and if funds are available from State Government, may be appointed as technical assistant for six months in the first instance, at the fixed amount sanctioned by Government."

૬૬. (૧) ઉત્તર વિભાગ નં. ૨ ની યુવક કલ્યાણ સમિતિની તા. ૩-૧૦-૧૯૭૪ની સભાના વિદ્યાર્થી સંસદના વિસર્જન અને લવાજમ અંગેના નીચેના ઠરાવ ઉપર વિચારણા કરવા બાબત :

"ઉત્તર વિભાગ નં. ૨ના આચાર્યો, વિદ્યાર્થી મહામંત્રીની આ સભા ઠરાવે છે કે ગુજરાત યુનિવર્સિટી વિદ્યાર્થી સંસદ વિદ્યાર્થીઓના મહત્ત્વના પ્રશ્નોના ઉકેલમાં કોઈ પ્રયાસ કરતી હોય તેમ જણાતું નથી, એટલું જ નહિ વિદ્યાર્થી જગતમાં કટોકટીના સમયે યોગ્ય માર્ગદર્શન આપી શકી નથી તેવું જણાયું છે. આ સંજોગોમાં વિદ્યાર્થી સંસદની સંસ્થા ચાલુ રાખવાથી કોઈ ઉપયોગી હેતુ સરતો હોય તેમ જણાયું નથી. માટે આ સભા વિદ્યાર્થી સંસદનું વિસર્જન કરવા માટે ગુજરાત યુનિવર્સિટીને ભલામણ કરે છે. આ વિભાગના આચાર્યો અને વિદ્યાર્થીઓનું મંતવ્ય છે કે સંસદ અંગેનું લવાજમ હવે પછી ભરવા અંગે કોઈ જ આવશ્યકતા રહેતી નથી."

(૨) ઉપરોક્ત ઠરાવના સંદર્ભમાં એમ. એન. કોલેજ, વીસનગરના આચાર્યશ્રી તરફથી વિદ્યાર્થી સંસદનું લવાજમ આપવાની જરૂર નથી તેમ જણાવતો તા. ૧૯-૧૦-૧૯૭૪નો પત્રાંક યુ-૩૫-૧૯૭૪ આવેલ છે તે ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે સમગ્ર રીતે વિચારણા કરીને પોતાનો સુચિંતિત અહેવાલ રજૂ કરવા માટે નીચે જણાવેલા સભ્યોની સમિતિ નીમવી :

૧. ડૉ. ધીરુભાઈ ઠાકર
૨. આચાર્ય દર્શનસિંહ શીખ
૩. આચાર્ય પ્રેમશંકર ભટ્ટ
૪. આચાર્ય સી. એલ. શાસ્ત્રી
૫. આચાર્ય હરિહર શુક્લ
૬. આચાર્ય એસ. આર. મહેતા.

વધુમાં ઠરાવવામાં આવે છે કે ચાલુ વર્ષ દરમિયાન પોતાનું લવાજમ મોકલવું આવશ્યક છે એમ સંબંધકર્તા કૉલેજોને જણાવીને મોકલી આપવા માટે જણાવવું.

૯૭. યુનિવર્સિટી વિજ્ઞાન વિદ્યાભવનના ગણિતશાસ્ત્રના રીડર શ્રી. ડી. એસ.બસનને દિલ્હી યુનિવર્સિટીના મેથેમેટિકસના ડિપાર્ટમેન્ટની મુલાકાત લેવા માટે વેકેશન ગ્રાન્ટ મંજૂર કરેલી, પરંતુ નિયમ અનુસાર ઓછામાં ઓછા પંદર દિવસના રોકાણને બદલે તેઓ ફક્ત સાત દિવસ રોકાયેલા તેથી બાકીના રોકાણનો સમય ક્ષમ્ય ગણવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. ડી. એસ. બસને દિલ્હી યુનિવર્સિટીના મેથેમેટિકસ ડિપાર્ટમેન્ટની મુલાકાત ૧૫ દિવસને બદલે ૭ દિવસ માટે લીધેલી છે તે ગ્રાહ્ય રાખવી.

૯૮. યુનિવર્સિટી દ્વારા લેવાતી જુદી જુદી એકસ્ટર્નલ પરીક્ષાઓ માટેનાં પ્રોસ્પેકટસ-ની અને વિદ્યાર્થીઓ દ્વારા માગવામાં આવતા ડુપ્લિકેટ ડિગ્રી સર્ટિફિકેટ માટેની ફી અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે એકસ્ટર્નલ પરીક્ષાઓ માટેનાં પ્રોસ્પેકટસ, તેમાં છાપવામાં આવતાં ફોર્મ સહિત, માટેની ફી રૂ. ૧૦ રાખવી તેમ જ ડુપ્લિકેટ ડિગ્રી સર્ટિફિકેટ માટેની ફી રૂ. ૧૦ રાખવી તથા આ ઠરાવનો અમલ તા. ૧–૧૨–૧૯૭૪ થી કરવાનું રાખવું.

૯૯. કુલપતિશ્રીએ મંજૂર કરેલાં નીચેનાં કાર્યોની નોંધ લેવા બાબત :

(૧) કૉલેજોમાં કાર્ય કરતા શિક્ષકોને આપવાના રૂ. ૭૦૦–૪૦–૧,૧૦૦ના પગારધોરણ અંગે તૈયાર કરેલી યાદીમાંથી શ્રી. એચ. એમ. દેસાઈનું નામ (આ યાદીમાંના ક્રમાંક ૧૨૮) કમી કર્યાના;

(૨) એકિઝકયુટિવ કાઉન્સિલની તા. ૨૪–૮–૧૯૭૪ની સભાની નોંધની બાબત ક્રમાંક ૪૩(૬)માં 'ડૉ. એમ. એન. દેસાઈ'ને બદલે 'પ્રો. એમ. ડી. પંચોલી' વંચાય તે રીતે છાપભૂલ સુધાર્યાના;

(૩) મે, ૧૯૭૪માં લેવાયેલ ફાઇનલ એમ.બી.બી.એસ. પરીક્ષામાં ઉત્તીર્ણ થયેલ વિદ્યાર્થી શ્રી. નરેન્દ્ર પી. પટેલને કેન્યામાં આવેલ નૈરોબીની એચ. એચ. ધી આગાખાન પ્લટિનમ જ્યુબિલી હૉસ્પિટલમાં ફરજિયાત રોટેટિંગ હાઉસમેનશિપ (ઇન્ટર્નશિપ) કરવાની મંજૂરી આપ્યાના;

(૪) સંલગ્ન કૉલેજોના અંગ્રેજી વિભાગના વડાઓ માટેની એક પરિષદ ઑકટોબર ૧૯૭૪માં યોજવા અંગે શ્રી. ઠાકોરલાલ ચિમનલાલ મુનશા ટ્રસ્ટ તરફથી અગાઉ મળેલ રૂ. ૪,૦૦૦ના પ્રદાનની બચતમાંથી રૂ. ૨,૦૦૦ સુધીનો ખર્ચ મંજૂર કર્યાના;

(૫) ઑકટોબર ૧૯૭૪માં લેવાનાર એમ.ઈ. ૧ અને ૨ની પરીક્ષા તા. ૨–૧૧–૧૯૭૪ને બદલે તા. ૨–૧૨–૧૯૭૪ના રોજ શરૂ કરવાની મંજૂરી આપ્યાના;

(૬) દુષ્કાળની પરિસ્થિતિમાં એક નાના પ્રયાસ તરીકે ભાલ-નળકાંઠા પ્રાયોગિક સંઘ, ગુંદી તથા સદ્‌વિચાર પરિવાર, અમદાવાદને યુનિવર્સિટી કેમ્પસમાં લીલો ચારો ઉગાડવા માટે જમીન તથા પાણીની વ્યવસ્થા કરવા માટે મંજૂરી આપ્યાના.

(**નોંધ.**—પાણી માટે ખરેખર વપરાયેલ વીજળી બિલ લેવામાં આવશે.)

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીનાં ઉપરનાં કાર્યોની નોંધ લેવી.

તે પછી પ્રમુખશ્રીનો પરવાનગીથી નીચેની બાબતો સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવી :

૧૦૦. (૧) માર્ચ-એપ્રિલ ૧૯૭૫માં લેવાનાર યુનિવર્સિટીની જુદી જુદી પરીક્ષાઓનાં કેન્દ્રો અંગે ગયા વર્ષે જે ધોરણ નક્કી કરવામાં આવેલ તે મુજબ કેન્દ્રો રાખવાનું મંજૂર કર્યાના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત; તથા (૨) હાલોલ કેન્દ્રમાં પ્રથમ વાર જ કેન્દ્ર આપવાનું થાય છે. ત્યાં પ્રી-યુનિ. વિનયન અને વાણિજ્યની પરીક્ષાઓ ઉપરાંત ફર્સ્ટ બી.એ. અને ફર્સ્ટ બી.કોમ.ની પરીક્ષા માટે કેન્દ્ર આપવું કે કેમ તે અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.—હાલોલમાં એફ.વાય.બી.એ. અને એફ.વાય.બી.કૉમ.માં વિદ્યાર્થીઓની સંખ્યા ૧૧૭ + ૧૦૮ = ૨૨૫ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સને ૧૯૭૫ના પ્રથમ ૭ માસ દરમિયાન લેવાનાર યુનિવર્સિટીની પરીક્ષાઓ માટે ગયા વર્ષ મુજબ કેન્દ્રો ચાલુ રાખ્યાના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે નીચે જણાવેલાં કેન્દ્રોમાં પરીક્ષા માટે જરૂરી વ્યવસ્થા થઈ શકે તેમ હોય તો તેની ખાતરી કરીને તેમને પ્રી-યુનિવર્સિટીની પરીક્ષા માટે માન્ય કરવાં :

પ્રાંતિજ, સાવલી અને હાલોલ.

૧૦૧. સર એલ. એ. શાહ લૉ કૉલેજ, અમદાવાદ તરફથી ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૩૮ (બી) (૧) અન્વયે સ્વાયત્તતા મેળવવા માટે આવેલ અરજી પર સ્થાનિક તપાસસમિતિ નીમવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે નીચે જણાવેલા સભ્યોની સ્થાનિક તપાસ-સમિતિ નીમવી :

૧. માનનીય શ્રી. બી. જે. દીવાન
૨. શ્રી. ટી. કે. ટોપે
૩. પ્રો. એચ. સી. ધોળકિયા.

૧૦૨. સિટી લૉ કૉલેજ, અમદાવાદ તરફથી ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૩૮ (બી) (૧) અન્વયે સ્વાયત્તતા મેળવવા માટે આવેલ અરજી પર સ્થાનિક તપાસસમિતિ નીમવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે નીચે જણાવેલા સભ્યોની સ્થાનિક તપાસ-સમિતિ નીમવી :

૧. માનનીય શ્રી. બી. જે. દીવાન
૨. શ્રી. ટી. કે. ટોપે
૩. પ્રો. એચ. સી. ધોળકિયા.

૧૦૩. ન્યુ લૉ કૉલેજ, અમદાવાદ તરફથી ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૩૮ (બી) (૧) અન્વયે સ્વાયત્તતા આપવા માટે આવેલ અરજી પર સ્થાનિક તપાસસમિતિ નીમવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે નીચે જણાવેલા સભ્યોની સ્થાનિક તપાસ સમિતિ નીમવી :

૧. માનનીય શ્રી. બી. જે. દીવાન

૨. શ્રી. ટી. કે. ટાપે

૩. પ્રો. એચ. સી. ધોળકિયા.

૧૦૪. ગુજરાતી ભાષાના વિકાસ અંગે "હરિૐ આશ્રમ પ્રેરિત કવિ નાનાલાલ દલપતરામ ગુજરાતી પ્રતિભા શોધ પારિતોષિક યોજના" એન્ડાઉમેન્ટ અંગે યુનિવર્સિટીની એક્ઝિકયુટિવ કાઉન્સિલે તેની તા. ૫–૧૦–૧૯૭૪ના રોજ મળેલ સભામાં હરિૐ આશ્રમ તરફથી રૂ. ૫૦,૦૦૦ના પ્રદાનનો સાભાર સ્વીકાર કર્યો છે તેના સંદર્ભમાં હરિૐ આશ્રમ તરફથી મોકલી આપવામાં આવેલ શરતોનો મુસદ્દો મંજૂર કરવા અંગે વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—આ દાનની રકમને નેશનલાઈઝ્ડ બેંકમાં રોકવા જણાવ્યું છે તે નિયમો પ્રમાણે બરાબર જણાતું નથી.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પ્રદાનની શરતોનો મુસદ્દો મંજૂર કરવો અને પ્રદાનનાં નાણાં કોઈ પણ શિડ્યુલ કે સહકારી બેંકમાં ફિકસ્ડ ડિપોઝિટ તરીકે રોકવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

વધુમાં આ જ ઘોરણે વિજ્ઞાનપ્રતિભા શોધ માટેનો હરિૐ આશ્રમનો રૂ. ૫૦,૦૦૦/– ના દાનનો પ્રસ્તાવ સ્વીકારવો.

વધુમાં ઠરાવવામાં આવે છે કે આ પહેલાં હરિૐ આશ્રમ તરફથી જે પ્રદાનો આપવામાં આવ્યાં છે તેમાંથી રૂ. ૩,૧૨,૦૦૦ (રૂપિયા ત્રણ લાખ બાર હજાર)નો ઉપયોગ યુનિવર્સિટીનાં કામકાજ માટે કરવામાં આવેલો છે તે પર બેંકની એક વર્ષની ફિકસ્ડ ડિપોઝિટ પરના વ્યાજના ઘોરણે વ્યાજ આપવું અને ભવિષ્યમાં જો તે નાણાનો ઉપયોગ કરવામાં આવે તો તેને માટે પણ તે ઘોરણે વ્યાજ આપવાનું રાખવું અને તેને જે તે ફંડ ખાતે જમા લેવું.

(સદરહુ પ્રદાનની શરતોના મુસદ્દાની નકલ **પરિશિષ્ટ "જ"** તરીકે સામેલ છે.)

૧૦૫. સંલગ્ન કોલેજોના શિક્ષકોના ઘરભાડા અંગે રાજ્ય સરકારના તા.૧૧-૧૦-૧૯૭૪ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પત્રની નોંધ લેવી અને તે સંલગ્ન કોલેજો અને માન્ય સંસ્થાઓને પરિપત્રિત કરવો.

૧૦૬. લાઇબ્રેરીથી સિન્ડરટ્રેક અને આરોગ્ય ભવનથી સ્ટાફ ક્વાર્ટર્સ અંગેના રસ્તા માટે ૫૦ ટકાનો ખર્ચ મંજૂર કરવામાં આવ્યો છે તે ભાવવધારાને કારણે વધારાના ખર્ચના રૂ. ૧,૦૬,૮૫૬ અમદાવાદ મ્યુનિસિપલ કૉર્પોરેશનને આપવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કામ માટે રૂ. ૧,૦૬,૮૫૬નો વધારાનો ખર્ચ મંજૂર કરવો અને તે નાણાં અમદાવાદ મ્યુનિસિપલ કૉર્પોરેશનને ચૂકવવાં.

વધુમાં ઠરાવવામાં આવે છે કે આ બાબત અંગેના ખર્ચ માટે રાજ્ય સરકાર પાસે આર્થિક સહાયની માગણી કરવી.

૧૦૭. નડિયાદ ખાતે પૉલિમર સાયન્સનું ઇન્સ્ટિટ્યૂટ સ્થાપવા માટે રૂપિયા દસ લાખનું દાન આપવા અંગે શ્રી. ધર્મસિંહ ડી. દેસાઈના તા. ૪–૧૧–૧૯૭૪ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પ્રદાનનો સાભાર સ્વીકાર કરવો.

(તા. ૪–૧૧–૧૯૭૪ના સદરહુ પત્રની નકલ **પરિશિષ્ટ "ઝ"** તરીકે સામેલ છે.)

૧૦૮. ટેકસ્ટાઇલ કેમિસ્ટ્રીનું ઇન્સ્ટિટ્યૂટ સ્થાપવા માટે રૂપિયા ત્રીસ લાખનું દાન આપવા અંગે અમદાવાદ મિલઓનર્સ એસોસિયેશનના અધ્યક્ષના તા. ૧૧–૧૧–૧૯૭૪ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પ્રદાનનો સાભાર સ્વીકાર કરવો.

(તા. ૧૧–૧૧–૧૯૭૪ના સદરહુ પત્રની નકલ પરિશિષ્ટ "ઞ" તરીકે સામેલ છે.)

૧૦૯. એમ.એસ. (જનરલ સર્જરી)ની પરીક્ષામાં શ્રેષ્ઠ કામગીરી માટે સુવર્ણમંડિત ચન્દ્રક આપવા માટે શ્રીમતી એસ. જે. પરીખ તરફથી તેમના સુપુત્ર ડૉ. અમરીશ પરીખ દ્વારા રૂ. ૭,૫૦૦નું પ્રદાન આપવા અંગે મળેલ તા. ૮–૧૧–૧૯૭૪ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રીમતી એસ. જે. પરીખ તરફથી તેમના સુપુત્ર ડૉ. અમરીશ પરીખ દ્વારા મળેલ સદરહુ પ્રદાનનો સાભાર સ્વીકાર કરવો.

વધુમાં ઠરાવવામાં આવે છે કે ચાલુ વર્ષે પણ આ ચન્દ્રક આપવા માટે તેઓએ રૂ. ૩૫૦ની વધારાની રકમ પણ આપવાની ઇચ્છા મૌખિક રીતે કરેલી છે તેની નોંધ લઈને તે પ્રદાનનો સાભાર સ્વીકાર કરવો.

૧૧૦. શ્રી. જમિયતરામ કાશીરામ ટ્રસ્ટ, નડિયાદ તરફથી બી.એ.ની પરીક્ષામાં સંસ્કૃતના વિષયમાં સૌથી વધુ ગુણાંક મેળવનાર વિદ્યાર્થી માટે રૂ. ૩૦૧નું પારિતોષિક તથા એમ.એ.ની પરીક્ષામાં સંસ્કૃતના વિષયમાં સૌથી વધુ ગુણાંક મેળવનાર વિદ્યાર્થી માટે રૂ. ૪૦૧નું પારિતોષિક આપવા માટે રૂ. ૨૫,૧૦૦ના પ્રદાન અંગે તેમના વકીલ શ્રી. આર. એમ. સરૈયા તરફથી આવેલ તા. ૯–૧૧–૧૯૭૪ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પ્રદાનનો સાભાર સ્વીકાર કરવો.

૧૧૧. બી. એમ. ઇન્સ્ટિટ્યૂટ ઑફ મેન્ટલ હેલ્થ તરફથી તા. ૨૭થી ૨૯ ડિસેંબર, ૧૯૭૪ દરમિયાન "Developmental Approach in Occupational Therapy" એ વિષય પર ઑલ-ઇન્ડિયા કૉન્ફરન્સ યોજનાર છે તેમાં ગુજરાત યુનિવર્સિટીને સહ-પુરસ્કર્તા તરીકે સંયોજિત થવા અંગેના તેમના તા. ૭–૧૧–૧૯૭૪ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પરિસંવાદમાં બી. એમ. ઇન્સ્ટિટ્યૂટ સાથે સહપુરસ્કર્તા તરીકે આ યુનિવર્સિટીએ સંયોજિત થવું.

૧૧૨. યુનિવર્સિટીનું ઑડિટ કરતી પેઢી મેસર્સ લાખિયા દેસાઈની કં.ના ભાગીદારો શ્રી. લાખિયા અને શ્રી. દેસાઈ ભાગીદારીમાંથી છૂટા પડેલા હોઈ ઑડિટનું કામ કોને સોંપવું તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. લાખિયા આજ સુધી પેઢી વતી યુનિવર્સિટીનું ઑડિટ કામ સંભાળતા હોઈ કામથી પરિચિત છે એટલે યુનિવર્સિટીના ઑડિટર તરીકે મેસર્સ લાખિયા એન્ડ કં.ની નિમણૂક હાલના દરે કરવી.

તે પછી સભાગૃહનું કામકાજ પૂરું થયું હતું.

નં. એક્ઝિ. કાઉ./૪૨૩૩૮/૧૯૭૪
ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
અમદાવાદ–૩૮૦૦૦૯.
તા. ૫–૧૨–૧૯૭૪.

કુ. ચં. પરીખ
કુલસચિવ.

પરિશિષ્ટ "ક"
કામકાજ ક્રમાંક ૩૯

તા. ૧૩/૧૪/૧૫-૬-૧૯૭૪ના રોજ મળેલ કોર્ટની વાર્ષિક સભામાં વાર્ષિક અહેવાલ પર થયેલાં સૂચનો અંગે એક્ઝિક્યુટિવ કાઉન્સિલે તેની તા. ૨૪-૮-૧૯૭૪ની સભામાં નીમેલ સમિતિની એક સભા તા. ૧૬-૯-૧૯૭૪ના રોજ બપોરના ૩-૩૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી, જેમાં નીચે પ્રમાણે સભ્યોની હાજરી હતી :

૧. પ્રો. દેવવ્રત એન. પાઠક	હાજર
૨. ડૉ. એમ. એન. દેસાઈ	હાજર
૩. આચાર્ય દર્શનસીંગ એમ. શીખ	હાજર
૪. આચાર્ય એમ. એસ. પંડિત	ગેરહાજર.

સભાનું પ્રમુખસ્થાન પ્રો. દેવવ્રત એન. પાઠકે સંભાળ્યું હતું.

૧. પ્રશ્નોત્તરી માટે એક કલાકનો સમય ફાળવવામાં આવ્યો છે તેના બદલે પ્રશ્નોત્તરી માટેના સમયમાં વધારો કરવો જોઇએ જેથી કરીને પ્રશ્નોત્તરી માટે પૂરતો સમય મળી રહે.

લંબાણ ચર્ચાવિચારણાને અંતે ઠરાવવામાં આવે છે કે પ્રશ્નોત્તરીના સમયમાં કોઈ જ ફેરફાર કરવો નહીં, પરંતુ કોઈ પણ સભ્ય વધારેમાં વધારે ત્રણ પ્રશ્નો પૂછી શકે એમ આ સમિતિનું માનવું છે.

૨. વિદ્યાર્થીઓનું પ્રતિનિધિત્વ હોય તેવી ચકાસણી સમિતિ કૉલેજોનાં મકાનો માટે થવી ઘટે.

કૉલેજમાં જે સુવિધાઓ ન મળતી હોય તો તે બાબતે કૉલેજ યુનિયને કૉલેજનું ધ્યાન દોરવું. તેમ છતાં જો સુવિધાઓ યોગ્ય સમયમાં ન મળે તો તે અંગેની માહિતી યુનિવર્સિટી કાર્યાલયને કૉલેજના આચાર્યશ્રી મારફતે પહોંચાડવી. વધુમાં કુલપતિશ્રીએ બધી કૉલેજોના આચાર્યશ્રીઓને પત્ર લખી વિદ્યાર્થીઓને યોગ્ય સવલતો મળી રહે તે માટે વિનંતી કરવી.

૩. પ્રત્યેક કૉલેજમાં રમતગમતની યોગ્ય વ્યવસ્થા નથી તે થવી ઘટે.

અને

૬. જેટલી કૉલેજોને પોતાનાં રમતગમતનાં મેદાનો ન હોય તે અંગે તપાસ થવી જોઈએ.

જે કૉલેજમાં આવી વ્યવસ્થા ન હોય ત્યાં આવી વ્યવસ્થા થવી જોઈએ તે બાબતમાં આ સમિતિ સહમત છે.

૪. એક્ઝિક્યુટિવ કાઉન્સિલમાં વિદ્યાર્થી પ્રતિનિધિને સ્થાન મળવું જોઈએ.

આ માગણી સાથે આ સમિતિ સહમત થતી નથી.

૫. કૉલેજના સંચાલન મંડળમાં વિદ્યાર્થીને સ્થાન મળવું જોઈએ.

આ બાબત અંગે કૉર્ટમાં કાર્યવાહી ચાલુ હોઈ આ સમિતિ તે અંગે કોઈ અભિપ્રાય આપતી નથી.

૭. કૉર્ટની સભા પ્રતિવર્ષ ઓછામાં ઓછા ચાર વખત મળે તેવી વ્યવસ્થા થવી જોઈએ. તેમ જ તેમાં વિચારણામાં આવતી ન હોય તેવી બાબતો લેપ્સ થાય છે તેવી જોગવાઈ છે તેના પર પુનર્વિચારણા કરવી જોઈએ.

આ સાથે આ સમિતિ સહમત નથી.

૮. એક્ઝિકયુટિવ કાઉન્સિલ દર ૧૫ દિવસે મળે તેવી જોગવાઈ કરવી જોઈએ.

હાલની પ્રથા યોગ્ય છે.

૯. એક્ઝિકયુટિવ કાઉન્સિલ જ્યારે કોઈ સમિતિ પર સભ્યો નીમે ત્યારે તેવી સમિતિમાં અન્ય સભ્યોને (એક્ઝિકયુટિવ કાઉન્સિલ સિવાય) પણ પ્રતિનિધિત્વ આપવું જોઈએ.

જ્યાં શક્ય હોય ત્યાં એક્ઝિકયુટિવ કાઉન્સિલ સિવાયના સભ્યોને સમિતિ પર લેવામાં આવે છે.

૧૦. કૉર્ટ પર કુલાધિપતિશ્રી જે સભ્યોની નિમણૂક કરે છે તેમાં વિદ્યાર્થીઓનો પણ સમાવેશ કરવો જોઈએ.

કૉર્ટ પર ચૂંટણી દ્વારા વિદ્યાર્થીઓને સ્થાન મળે છે તે પૂરતું ગણાવું જોઈએ.

૧૧. જે સંલગ્ન કૉલેજોએ જે તે વિષયમાં જોડાણ મેળવ્યું હોય અને તેવા વિષયોનું શિક્ષણકાર્ય કરતા ન હોય તો તેનાં કારણો તપાસવાં જોઈએ.

આ અંગે માહિતી મંગાવવી.

૧૨. કૉલેજોનું સંચાલક "ટ્રસ્ટ"ને બદલે સોસાયટીઓ દ્વારા થવું જોઈએ.

આ બાબત "લીગલ કમિટી"ના અભિપ્રાય માટે મોકલવી એમ સમિતિનું મંતવ્ય છે.

૧૩. એક જ ટ્રસ્ટ હેઠળ ચાલતી સંયુક્ત કૉલેજોમાં સંયુક્ત સ્ટાફ હોવાથી વિદ્યાર્થીઓને શોષવું પડે છે.

બાબત અસ્પષ્ટ છે.

૧૪. "ન્યૂ ઓરિયેન્ટેડ કોર્સીસ" દાખલ કરવા જોઈએ.

આ બાબતમાં યુનિવર્સિટી જાગ્રત છે અને ઘટતી કાર્યવાહી કરી રહી છે.

૧૫. પ્રૉવિડંટ ફંડના નિયમોનું સંલગ્ન કૉલેજો પાલન કરે તે જોવાવું જોઈએ તેમ જ પ્રૉવિડંટ ફંડના નિયમોની માન્યતા મેળવી લેવા જણાવવું જોઈએ.

સમિતિ આ સૂચન સાથે સહમત છે અને જ્યાં પ્રૉવિડંટ ફંડ અંગેના નિયમોનું પાલન ન થતું હોય તેવી કૉલેજોને યુનિવર્સિટીએ તાકીદ કરવી.

૧૬. અન્ય રાજ્યોની ભાષાઓનું ખપપૂરતું શિક્ષણ મેળવવા માટે ટૂંકા ગાળાના અભ્યાસક્રમો ગોઠવવા જોઈએ.

આ સાથે સમિતિ સહમત છે. અભ્યાસક્રમો ચાલુ કરવા એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૧૭. પગારો નિયમિત થતા નથી તેમ જ પ્રૉવિડંટ ફંડ પણ લાંબા સમય સુધી પાછું આપવામાં આવતું નથી.

આ એક જોડાણની શરત છે અને તેનું ચોક્કસ પાલન થવું જોઈએ. તેનું યોગ્ય રીતે પાલન થાય તે માટે એક્ઝિક્યુટિવ કાઉન્સિલે ખાસ તકેદારી રાખવા માટે સમિતિ નીમવી જોઈએ, અને જ્યારે આવી કોઈ ફરિયાદ આવે ત્યારે બરોબર તપાસવી જોઈએ.

૧૮. પરીક્ષાની પદ્ધતિમાં ફેરફાર થવો જોઈએ. હાલની પરીક્ષાનું માળખું જોતાં માળખામાં રહેલા શિક્ષકોને ભણાવવાનો રસ નથી અને વિદ્યાર્થીને ભણવાનો રસ નથી. તો આવી પરીક્ષા-પદ્ધતિમાં ફેરફાર અંગે શિક્ષણશાસ્ત્રીઓએ ગંભીર રીતે વિચારવું જોઈએ.

આ બાબતમાં યુ.જી.સી. કક્ષાએ ઘણી વિચારણા થયેલ છે. અને પરીક્ષાની પદ્ધતિમાં ફેરફાર કરવા માટે એક સમિતિની નિમણૂક થયેલી છે, તે સમિતિને આ સૂચન મોકલવું.

૧૯. પદવીદાન સભારંભ રદ કરવો જોઈએ અને તેના બદલે વિદ્યાશાખા દીઠ સ્નાતકોને માર્ગદર્શન આપવું જોઈએ.

હાલની પ્રથાને ચાલુ રાખવી.

૨૦. શિક્ષણનું તેમ જ આરોગ્યનું ધોરણ દિવસે દિવસે કથળતું જાય છે તો તે માટે ઘટતાં પગલાં લેવાવાં જોઈએ.

આ સૂચન સાથે સમિતિ સહમત છે અને ઘટતાં પગલાં લેવાવાં જોઈએ.

૨૧. ફી ઘટાડવી જોઈએ.

હાલને તબક્કે ફી ઘટાડવી શક્ય નથી. પરંતુ ફીના માળખામાં યોગ્ય ફેરફાર જરૂરી છે કે કેમ તે તપાસવા માટે બધી વિદ્યાશાખાઓ માટે એક સમિતિ નીમવા અને આ બાબત અંગે સત્વરે કાર્યવાહી શરૂ કરવા એક્ઝિક્યુટિવ કાઉન્સિલને આ સમિતિ ભલામણ કરે છે.

૨૨. ડિગ્રી કક્ષાની પરીક્ષા બહારનાં કેન્દ્રો પર રાખવી નહીં.

શક્ય નથી.

૨૩. પરીક્ષા અંગે અન્ય કોઈ વિકલ્પ નથી ?

નં. ૧૮માં આ બાબત આવી જાય છે.

૨૪. વિદ્યાર્થીઓ પરીક્ષા આપ્યા વગર પરીક્ષાખંડ છોડી દે તો ફરીથી પરીક્ષા લેવી જોઈએ નહીં.

પરીક્ષા ફરીથી લેવી કે ન લેવી તે તે વખતની પરિસ્થિતિને લક્ષમાં રાખીને નિર્ણય લેવો જોઈએ, એમ આ સમિતિનો અભિપ્રાય છે.

૨૫. યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન તરફથી જે મદદ મળે છે તેમાં પૂરેપૂરો લાભ લેવાવો જોઈએ. કૉલેજો પણ તેનો લાભ લઈ શકે તે યોગ્ય વ્યવસ્થા થવી જોઈએ.

અને

૨૬. ગ્રાન્ટ અંગેની બાબતમાં રાજ્ય સરકાર તરફથી મળતી વિગતો વિગતે મૂકવી જોઈએ.

સૂચન નં. ૨૫ અને ૨૬ની વિચારણા સાથે કરવામાં આવી અને તે માટે નીચે પ્રમાણે ઠરાવ્યું છે કે આ સૂચન સાથે સમિતિ સંપૂર્ણ રીતે સહમત છે અને તે અંગે શ્રી. ડી. ઓ.નું ધ્યાન દોરવું.

૨૭. કૉલેજોએ તૈયાર કરેલા હિસાબોની ગુણવત્તા તપાસવી જોઈએ.

આ સૂચન સાથે સમિતિ સહમત નથી.

૨૮. કૉલેજોના ઑડિટેડ હિસાબોમાં રજૂ કરવા માટે કૉલેજોને જણાવી શકાય તે માટે ઑર્ડિનન્સ ઘડવો જોઈએ.

૨૯. પ્રમોશન આપતી વખતે "નેક્સ્ટ સ્ટેજ" પર મૂકીને એક ઇન્ક્રામેન્ટ આપવું જોઈએ.

આ બાબત અસ્પષ્ટ છે.

૩૦. વિદ્યાર્થી સંસદ માટે જે ભંડોળ એકત્રિત થાય છે તેના ફંડનો ઉપયોગ થતો નથી. ફંડનો યથાર્થ ઉપયોગ થાય તે જોવું જોઈએ.

ફંડનો યથાર્થ ઉપયોગ થાય તે માટે યુનિવર્સિટીએ કાર્યવાહી કરવી જોઈએ.

૩૧. બોર્ડ ઑફ હૉસ્ટેલ સ્ટુડન્ટ્સની રચના કરવી જોઈએ.

સમિતિ મહમત છે.

૩૨. બોડ ઑફ સ્પોર્ટ્સ એકસ્ટ્રામ્યુરલ અને એફ.યુ.આઈ.બી.માં વિદ્યાર્થીઓનું પ્રતિનિધિત્વ હોવું જોઈએ.

બોર્ડ ઑફ સ્પોર્ટ્સ એકસ્ટ્રામ્યુરલમાં વિદ્યાર્થીઓનું પ્રતિનિધિત્વ હોવું જોઈએ તે સાથે આ સમિતિ સહમત છે. એફ.યુ.આઈ.બી. માટે એવી ભલામણ આ સમિતિ કરતી નથી.

૩૩. વિદ્યાર્થી-પ્રવૃત્તિ-કેન્દ્ર સ્થાપવું જોઈએ,

આવું કેન્દ્ર સ્થાપવા માટે યુ. જી. સી.ની ગ્રાન્ટ મેળવવા ઘટતાં પગલાં લેવાં.

૩૪. સર્વે પ્રતિનિધિ સમિતિની નિમણૂક રચનાત્મક ધોરણે પ્રશ્નોના ઉકેલ માટે તથા સંઘર્ષના નિવારણ માટે કરવી જોઈએ.

સમિતિની નિમણૂક રચનાત્મક ધોરણે પ્રશ્નોના ઉકેલ માટે તથા સંઘર્ષના નિવારણ માટે જ કરવામાં આવે છે.

૩૫. રમતગમતો માટે "માસ્ટર પ્લાન" તૈયાર કરવો જોઈએ.

આ સૂચન સાથે સમિતિ સહમત છે અને શારીરિક વિભાગનું આ બાબતમાં ધ્યાન દોરવા સૂચન કરે છે.

૩૬. રમતગમતમાં વિદ્યાર્થીઓની પસંદગી માટે નિષ્ણાતોને બહારથી બોલાવવા જોઈએ.

હાલની નાણાકીય પરિસ્થિતિને કારણે આ શકય નથી.

૩૭. પર્વતારોહણ અને અન્ય શિબિરોમાં યોગ્ય સગવડ આપી વિદ્યાર્થીઓનો અસંતોષ દૂર કરવો જાઈએ.

પર્વતારોહણ અને અન્ય શિબિરોના સંચાલકનું આ બાબતમાં ધ્યાન દોરવું.

૩૮. કૉલેજોમાં વિદ્યાર્થીઓ પાસેથી લેવામાં આવતા દંડનો ઉપયોગ વિદ્યાર્થી કલ્યાણ ખર્ચ માતે વપરાય તે પ્રમાણે જોગવાઈ કરવી જોઈએ.

આ અંગે નિયમો કરી કૉલેજોને તેની જાણ કરવી.

૩૯. અમદાવાદમાં અનુસ્નાતક કેન્દ્રો ચલાવવા પરવાનગી આપવી જોઈએ.

અનુસ્તાતક કેન્દ્ર ચલાવવામાં થતા નાણાકીય ખર્ચને લક્ષમાં લેતાં આ કાર્ય યુનિવર્સિટીએ જ કરવું જોઈએ એવો આ સમિતિનો અભિપ્રાય છે.

૪૦. અનુસ્નાતક કેન્દ્રો અંગેનાં ધોરણોનો ચુસ્તપણે અમલ કરાવવો જોઈએ.

આ સાથે આ સમિતિ સહમત છે અને અનુસ્નાતક કેન્દ્રોની કાર્યક્ષમતાની વખતોવખત યુનિવર્સિટીએ ચકાસણી કરતા રહેવું જોઈએ.

૪૧. ભવનોમાં અપાતું અનુસ્નાતક શિક્ષણ અર્થહીન છે. તેની તપાસ થવી જોઈએ. વર્ગો નિયમિત લેવાતા નથી અને વર્ગો ખાલી હોય છે.

આ બાબતની તપાસ કુલપતિશ્રીએ કરાવવી જોઈએ.

૪૨. પ્રત્યેક શિક્ષકે ત્રણ સંશોધન પેપર રજૂ કરવાં જોઈએ.

આ બાબતનો નિયમ કરેલો જ છે.

૪૩. નિષ્ણાતોની અને તેને લગતા 'જર્નલ્સ'ની યાદી તૈયાર કરવી જોઈએ.

સંશોધનપત્રો આવે ત્યારે તે સંશોધનપત્રની ચકાસણી માટે બી. યુ. ટી.માં નિષ્ણાતો નક્કી કરવા માટે તે રજૂ કરવા.

૪૪. અનુસ્નાતક શિક્ષણમાં ઍકેડેમિક સ્ટાન્ડર્ડ જાળવવા પ્રયત્ન કરવા જોઈએ.

સમિતિ આ સાથે સહમત છે.

૪૫. અનુસ્નાતક શિક્ષણ થતું હોય તેવાં કેન્દ્રો પર જ્યાં ફિલ્ડવર્કની આવશ્યકતા હોય ત્યાં તેમ જ પ્રવાસ માટે આર્થિક સહાય 'સબસિડી' આપવી જોઈએ.

હાલની નાણાકીય પરિસ્થિતિ જોતાં આ શકય નથી.

૪૬. યુનિવર્સિટીનાં ભવનોમાં નવા વિષયોનો ઉમેરો કરવો જોઈએ, જેમ કે ભૂગોળ, કાયદો અને વાણિજ્ય.

નવા વિષયો ઉમેરવા શકય બને તે માટે યુ. જી. સી.માંથી યોગ્ય અનુદાન મેળવવા પ્રયત્ન કરવો.

૪૭. ભવનોનું શિક્ષણકામ ભવનોના શિક્ષકોએ જ ઉપાડી લેવું જોઈએ. બહારથી શિક્ષકોની મદદ લેવાવી ન જોઈએ.

સામાન્યત: ભવનના શિક્ષણનો ભાર ભવનોના શિક્ષકોએ ઉપાડવો જોઈએ. પણ જે તે વિષયમાં સંલગ્ન કૉલેજમાં નિષ્ણાત શિક્ષકો હોય તો તેઓની મદદ લેવી તે શિક્ષણના હિતમાં છે.

૪૮. ભવનોમાં સંશોધનકાર્યમાં વધારો થવો જોઈએ.

ભવનોમાં ઉપયોગી સંશોધનકામમાં વધારો થવો જોઈએ તે બાબત સાથે આ સમિતિ સહમત છે. આ બાબતમાં યોગ્ય કરવા માટે કુલપતિશ્રીને જણાવવું.

૪૯. ભવનોમાં ચાલતા વિષયો અને કેન્દ્રના વિષયોમાં પુસ્તકનું પ્રમાણ જળવાવું જોઈએ.

આ બાબતમાં સમિતિ સહમત છે અને આ સૂચન યુનિવર્સિટીની ગ્રંથાલય સમિતિને મોકલવા ભલામણ કરે છે.

આરોગ્ય

૫૦. આરોગ્ય કેન્દ્રો પર દવા તેમ જ ડૉકટર બન્નેનો લાભ મળવો જોઈએ.

હાલની નાણાકીય પરિસ્થિતિ જોતાં મફત દવા આપવી શકય નથી એમ આ સમિતિ માને છે. જો તે શકય હોય તો જે તે કૉલેજોને યોગ્ય વ્યવસ્થા કરવા જણાવવું.

૫૧. કૉલેજોનાં છાત્રાલયોમાં વિદ્યાર્થીઓને પૂરી સુવિધાઓ અપાય છે કે કેમ તે જોવાવું જોઈએ.

યુનિવર્સિટીની સંલગ્ન કૉલેજો તેમ જ યુનિવર્સિટીના પોતાના છાત્રાલયમાં મળતી સુવિધાઓ અંગે સુચિંતિત અહેવાલ તૈયાર કરવા માટે એક સમિતિની નિમણૂક કરવા એકિઝકયુટિવ કાઉન્સિલને આ સમિતિ ભલામણ કરે છે.

પરિશિષ્ટ "ખ"
કામકાજ ક્રમાંક ૪૧

ગુજરાત યુનિવર્સિટીની બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગ ઍન્ડ રિસર્ચની વર્ષ ૧૯૭૪ની ત્રીજી સભા ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયમાં ગુરુવાર, તા. ૪–૧૦–૧૯૭૪ના રોજ બપોરના ૩–૩૦ કલાકે કુલપતિ શ્રી ઈશ્વરભાઈ પટેલના અધ્યક્ષસ્થાને મળી હતી, જેમાં સભ્યોની હાજરી નીચે પ્રમાણે હતી :

ક્રમાંક	સભ્યનું નામ	તા. ૪–૧૦–૧૯૭૪
૧.	શ્રી. ઈશ્વરભાઈ જે. પટેલ, કુલપતિ	હાજર
૨.	પ્રો. એ. એમ. રાવળ	હાજર
૩.	પ્રો. એચ. સી. ભાયાણી	ગેરહાજર
૪.	પ્રો. એ. એસ. નાગર	હાજર
૫.	પ્રો. કે. આર. ચંદ્રશેખરન	હાજર
૬	પ્રો. ઈ. એ. સોલોમન	હાજર
૭.	ડૉ. સી. આર. નાયક	હાજર
૮.	ડૉ. આર. કે. ધારૈયા	હાજર
૯.	પ્રો. એમ. પી. ભટ્ટ	ગેરહાજર
૧૦.	ડૉ. તારાબહેન પટેલ	હાજર
૧૧.	પ્રો. ડી. એન. પાઠક	હાજર
૧૨.	ડૉ. પરેશ મજમુદાર	હાજર
૧૩.	ડૉ. જે. એ. યાજ્ઞિક	હાજર
૧૪.	ડૉ. સી. ટી. ભોપટકર	હાજર
૧૫.	ડૉ. કે. જી. દેસાઈ	હાજર
૧૬.	પ્રો. પી. ડી. પાઠક	હાજર
૧૭.	ડૉ. એમ. એન. દેસાઈ	ગેરહાજર
૧૮.	ડૉ. જે. જે ચિનોય	હાજર
૧૯.	ડૉ. વી. સો. શાહ	હાજર
૨૦.	ડૉ. સી. જી. ખત્રો	ગેરહાજર
૨૧.	ડૉ. એચ. એન. રાવલ	હાજર
૨૨.	ડૉ. સી. એસ. શાહ	હાજર
૨૩.	ડૉ. એ. પી. ગુપ્તા	હાજર
૨૪.	આચાર્યશ્રી એમ. એસ. પંડિત	હાજર
૨૫.	આચાર્યશ્રી એમ. સી. શાહ	ગેરહાજર

ક્રમાંક	સંસ્થાનું નામ	તા. ૪–૧૦–૧૯૭૪
૨૬.	ડૉ. એચ. જી. શાસ્ત્રી	હાજર
૨૭.	ડૉ. (મિસ) એસ. સી. પંડ્યા	હાજર
૨૮.	ડૉ. સુમંત મઝમુદાર	ગેરહાજર
૨૯.	ડૉ. દેવેન્દ્રલાલ	હાજર
૩૦.	ડૉ. વાય. કે. અલઘ	ગેરહાજર
૩૧.	ડૉ. પી. સી. મહેતા	ગેરહાજર
૩૨.	ડૉ. દલસુખભાઈ માલવણિયા	હાજર
૩૩.	ડૉ. એ. એમ. મલાવવાલા	હાજર
૩૪.	શ્રી. પ્રફુલ્લભાઈ અનુભાઈ	ગેરહાજર.

૧. બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગ ઍન્ડ રિસર્ચની તા. ૧૯–૬–૧૯૭૪ની સભાની કામકાજની નોંધને બહાલી આપવા બાબત.

બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગ ઍન્ડ રિસર્ચની તા. ૧૯–૬–૧૯૭૪ના રોજ મળેલી સભાની નોંધને મંજૂર કરવામાં આવી અને તે પર કુલપતિશ્રીએ સહી કરી.

૨. આ યુનવર્સિટી સાથે જોડાયેલ કૉલેજો/સંસ્થાઓમાં કામ કરતા શિક્ષકો તરફથી પીએચ.ડી.ની પદવીમાં માન્યતા મેળવવા માટે આવેલ અરજીઓ ઉપર વિચારણા કરવા બાબત.

આ યુનિવર્સિટી સાથે જોડાયેલ કૉલેજો/માન્ય સંસ્થાઓ/યુનિવર્સિટીનાં વિદ્યાભવનો તથા આ યુનિવર્સિટીના ઑર્ડિ. ૬૫-ડબલ્યુ અનુસાર સ્વીકૃત સંસ્થા (approved Institution) તરીકે માન્ય થયેલી સંસ્થામાં કાર્ય કરતા નીચેના શિક્ષકોને તેમનાં નામ સામે જણાવેલ વિષય અને પદવી માટે માર્ગદર્શક શિક્ષક તરીકેની માન્યતા આપવાના સંદર્ભમાં તેમના સંશોધનપત્રો, લેખો વગેરે જરૂરી ગુણવત્તા (recognised merits) ધરાવે છે કે કેમ તે અંગે અભિપ્રાય મેળવવા માટે તજ્ઞની નિમણૂક કરવા તથા તજ્ઞનો અભિપ્રાય મેળવવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી અને તે આવ્યેથી માર્ગદર્શક શિક્ષક તરીકેની તેમને માન્યતા આપવા અંગે યોગ્ય નિર્ણય લેવા માટે કુલપતિશ્રીને સત્તા આપવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

ક્રમાંક	શિક્ષકનું નામ	સંસ્થાનું નામ	વિષય
૧.	ડૉ. એચ. બી. નાયક	ગુજરાત કૉલેજ, અમદાવાદ–૬	રસાયણવિજ્ઞાન
૨.	ડૉ. આઈ. એમ. ભટ્ટ	યુનિવર્સિટી વિજ્ઞાન વિદ્યાભવન, અમદાવાદ	રસાયણવિજ્ઞાન
૩.	ડૉ. વી. એમ. સુક્કાવાલા	ભવન્સ આર. એ. કૉલેજ ઑફ સાયન્સ, અમદાવાદ	વનસ્પતિવિજ્ઞાન
૪.	ડૉ. એલ. કે. પટેલ	યુનિવર્સિટી વિજ્ઞાન વિદ્યાભવન, અમદાવાદ	ગણિતશાસ્ત્ર
૫.	ડૉ. એસ. સી. લાખોટિયા	યુનિવર્સિટી વિજ્ઞાન વિદ્યાભવન, અમદાવાદ	પ્રાણીવિજ્ઞાન

ક્રમાંક	શિક્ષકનું નામ	સંસ્થાનું નામ	વિષય
૬.	શ્રીમતી ઉષા એચ. આચાર્ય	યુનિવર્સિટી વિજ્ઞાન વિદ્યાભવન, અમદાવાદ	વનસ્પતિવિજ્ઞાન
૭.	ડૉ. ઉપેન્દ્ર આર. ભટ્ટ	એલ. ડી. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ	ગુજરાતી
૮.	ડૉ. ગોપાલ સી. ગરડે	સેન્ટ્રલ સૉલ્ટ એન્ડ મરિન કેમિકલ્સ રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ, ભાવનગર	રસાયણવિજ્ઞાન
૯.	શ્રી. અભિજિત સેન	ફિઝિકલ રિસર્ચ લેબોરેટરી, અમદાવાદ.	ભૌતિકવિજ્ઞાન

૩. વિવેકાનંદ કૉલેજ ઑફ એજ્યુકેશન એન્ડ લૉ, મહેસાણાના લેક્ચરર શ્રી. ગાંડાભાઈ નાથુભાઈ પટેલની તે કૉલેજમાં શિક્ષક તરીકેની નિમણૂક યુનિવર્સિટીમાં તા. ૯-૭-૧૯૭૪ના રોજ પશ્ચાદ્‌વર્તી માન્ય થઈ હોવાથી તેમને એમ.એડ. એજ્યુકેશનના વિષયમાં તે વખતે અમલમાં હતા તે જૂના ઑર્ડિ. ૬૫–એમ (૧)(૨) અનુસાર માન્ય અનુસ્નાતક શિક્ષકના મદદનીશ શિક્ષક તરીકેની માન્યતા આપવી કે કેમ તે અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.—શ્રી. પટેલે માન્યતા મેળવવા માટે તા. ૨૪–૭–૧૯૭૩ના રોજ અરજી કરી હતી તે વખતે તેઓ જૂના નિયમ મુજબ માન્યતા મેળવવાને પાત્ર હતા.)

વિવેકાનંદ કૉલેજ ઑફ એજ્યુકેશન એન્ડ લૉ, મહેસાણાના લેક્ચરર શ્રી. ગાંડાભાઈ એન. પટેલને એમ.એડ. શિક્ષણશાસ્ત્ર વિષયમાં તા. ૧૪–૬–૧૯૭૫ સુધી માન્ય અનુસ્નાતક શિક્ષકના મદદનીશ શિક્ષક તરીકે માન્યતા આપવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૪. જે. એન્ડ જે. કૉલેજ ઑફ સાયન્સ, નડિયાદના માઇક્રોબાયોલોજીના વિષયના વ્યાખ્યાતા શ્રી. વી. એ. શાહને માઇક્રોબાયોલોજીના વિષયમાં આવતા (૧) બાયોકેમિસ્ટ્રી અને (૨) ફર્મેન્ટેશન ઇન્ડસ્ટ્રીઝનાં બે પેપરો ઍડહૉક ધોરણે શીખવવાની પરવાનગી આપ્યાના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત તથા તેમની શૈક્ષણિક લાયકાત તથા અનુભવને આધારે માઇક્રોબાયોલોજી વિષયમાં માન્ય અનુસ્નાતક શિક્ષક તરીકેની માન્યતા આપવાના પ્રશ્ન અંગે વિચારણા કરવા બાબત.

શૈક્ષણિક લાયકાત	શૈક્ષણિક અનુભવ
બી.એસસી. કેમિસ્ટ્રી–ફિઝિકસ	લેક્ચરર—જૂન ૧૯૬૫થી અત્યાર સુધી
એમ.એસસી. બાયોકેમિસ્ટ્રી વિથ પેપર ઑફ ઇન્ડસ્ટ્રિયલ માઇક્રોબાયોલોજી	એસ.વાય. અને ટી.વાય. બી.એસસી.

જે. એન્ડ જે. કૉલેજ ઑફ સાયન્સ, નડિયાદના માઇક્રોબાયોલોજીના વ્યાખ્યાતા શ્રી. વી. એ. શાહને (૧) એમ.એસસી. પદવી માઇક્રોબાયોલોજી વિષયમાં આવતાં પેપરોમાંથી (૧) બાયોકેમિસ્ટ્રી અને (૨) ફર્મેન્ટેશન ઇન્ડસ્ટ્રીઝનાં બે પેપરો ઍડહૉક ધોરણે શીખવવાની પરવાનગી ચાલુ શૈક્ષણિક

વર્ષ પૂરતી આપ્યાના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવી; તથા (૨) શ્રી. વી. એ. શાહ નિયમાનુસાર માઇક્રોબાયોલોજી વિષયમાં અનુ. પદવી ધરાવતા નહીં હોવાથી તેમને એમ.એસસી. પદવી માઇક્રોબાયોલોજી વિષયમાં માન્ય અનુ. શિક્ષક તરીકેની માન્યતા આપવાની તેમની વિનંતી સ્વીકારવી નહીં એમ એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૫. શ્રીમતી એન. એચ. એલ. મ્યુ. મેડિકલ કૉલેજ, અમદાવાદના બાયોકેમિસ્ટ્રીના લેકચરર ડૉ. જે. જે. ત્રિવેદીની એમ.એસસી. પદવી કેમિસ્ટ્રી (બાયોકેમિસ્ટ્રી)ના વિષયમાં માન્ય અનુસ્નાતક શિક્ષક તરીકેની માન્યતા માટેની અરજી પર વિચારણા કરવા બાબત:

શૈક્ષણિક લાયકાત	શૈક્ષણિક અનુભવ
બી.એસસી. (બીજો વર્ગ)(૧૯૫૨) કેમિસ્ટ્રી-ફિઝિકસ	૧૯૬૦-૬૨, પ્રકાશ કૉલેજ, અમદાવાદ (૨ વર્ષ) ૧૯૬૨-૬૪, લૉ સોસાયટી કૉલેજીસ (૨ વર્ષ)
એમ.એસસી. (બીજો વર્ગ)(૧૯૫૪) કેમિસ્ટ્રી	૧૯૬૪-૬૬, કે. એમ. સ્કૂલમાં સંશોધન (૨ વર્ષ) ૧૯૬૬-૭૪, એન. એચ. એલ. મ્યુ. મેડિકલ કૉલેજ, અમદાવાદ (૮ વર્ષ)
પીએચ.ડી. (કેમિસ્ટ્રી)(૧૯૬૫)	મદદનીશ અનુ. શિક્ષક તરીકેનો ૩ વર્ષનો અનુભવ.

શ્રીમતી એન. એચ. એલ. મ્યુ. મેડિકલ કૉલેજ, અમદાવાદના બાયોકેમિસ્ટ્રી વિષયના વ્યાખ્યાતા ડૉ. જે. જે. ત્રિવેદી સુધારેલા ઑર્ડિ. ૬૫-એફ-૧-એ અનુસાર માન્ય અનુ. શિક્ષકના મદદનીશ શિક્ષક તરીકેનો જરૂરી પાંચ વર્ષનો શૈક્ષણિક અનુભવ ધરાવતા નહીં હોવાથી તેમને રસાયણવિજ્ઞાનના વિષયમાં માન્ય અનુ. શિક્ષક તરીકે માન્યતા આપવી નહીં એમ એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૬. બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદના બાયોકેમિસ્ટ્રી વિષયના મદદનીશ પ્રાધ્યાપક ડૉ. એન. બી. વસાવડાને એમ.એસસી. (મેડ.) નૉન-મેડિકલ વિષયમાં બાયોકેમિસ્ટ્રી, કિલનિકલ બાયોકેમિસ્ટ્રી તથા એમ.ડી. ફિઝિયોલોજી તથા એમ.ડી. અને એમ.એસ. જ્યાં ફિઝિયોલોજી અંગેનું શિક્ષણ આપવામાં આવતું હોય તેમાં માન્ય અનુસ્નાતકના મદદનીશ શિક્ષક તરીકેની માન્યતા માટેની તેમની અરજી પર વિચારણા કરવા બાબત:

શૈક્ષણિક લાયકાત	શૈક્ષણિક અનુભવ
બી.એસસી. (કેમિસ્ટ્રી-ફિઝિકસ) બીજો વર્ગ (૧૯૪૭)	બાયોકેમિસ્ટ— ૧૨-૧૦-૧૯૫૯થી ૯-૧૦-૧૯૬૮ વર્ષ ૯
પીએચ.ડી. (ઑર્ગેનિક કેમિસ્ટ્રી) ઑન એ પ્રોબ્લેમ ઑફ ન્યુટ્રિયેશન બાયોકેમિસ્ટ્રી	આસિ. પ્રોફેસર— ૧૦-૧૦-૧૯૬૮થી આજ સુધી ૫ વર્ષ, ૭ માસ

બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદના બાયોકેમિસ્ટ્રી વિષયના મદદનીશ પ્રાધ્યાપક ડૉ. એન. બી. વસાવડાને (૧) એમ.ડી. બ્રાન્ચ ૮ ફિઝિયોલોજીના વિષયમાં, તથા (૨) એમ.ડી. અને એમ.એસ. પદવીની જે જે શાખાઓમાં ફિઝિયોલોજી વિષયને લગતું શિક્ષણકાર્ય કરવામાં આવતું હોય તે તે વિષયોમાં માન્ય અનુ. શિક્ષકના મદદનીશ શિક્ષક તરીકે માન્યતા આપવાની તેમની વિનંતી સ્વીકારવી

નહીં; પરંતુ તેઓ પીએચ.ડી.ની પદવી ઑર્ગેનિક કેમિસ્ટ્રી વિષય સાથે ધરાવતા હોવાથી તેમને એમ.એસસી. પદવી ઑર્ગેનિક કેમિસ્ટ્રી વિષયમાં માન્ય અનુ. શિક્ષકના મદદનીશ શિક્ષક તરીકેની માન્યતા તા. ૧૪–૬–૧૯૭૫ સુધી આપવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૭. યુનિવર્સિટીનાં અનુસ્નાતક વિદ્યાભવનોમાં નીમવામાં આવતા પ્રોફેસર, રીડર અને વ્યાખ્યાતાઓને માન્ય અનુસ્નાતક શિક્ષક/માન્ય અનુ. શિક્ષકના મદદનીશ શિક્ષક તરીકેની માન્યતા આપોઆપ મળવી જોઈએ એવા સમાજવિદ્યા ભવનના પ્રો. એમ. પી. ભટ્ટના પ્રસ્તાવ અંગે વિચારણા કરવા બાબત.

યુનિવર્સિટીનાં અનુસ્નાતક વિદ્યાભવનોમાં નીમવામાં આવતા પ્રોફેસરો, રીડરો અને વ્યાખ્યાતાઓને માન્ય અનુ. શિક્ષક/માન્ય અનુ. શિક્ષકના મદદનીશ શિક્ષક તરીકેની માન્યતા આપોઆપ મળે તેવી જોગવાઈ કરવા અંગે વિચારણા કરી પોતાનો સુચિંતિત અહેવાલ આપવા માટે નીચેના સભ્યોની એક સમિતિ નીમવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

(૧) અધ્યક્ષ, સમાજવિદ્યા ભવન
(૨) અધ્યક્ષ, ભાષા-ભવન
(૩) અધ્યક્ષ, મનોવિજ્ઞાન, તત્ત્વજ્ઞાન અને શિક્ષણશાસ્ત્ર વિદ્યાભવન
(૪) અધ્યક્ષ, વિજ્ઞાન વિદ્યાભવન
(૫) ડૉ. એચ. જી. શાસ્ત્રી
(૬) ડૉ. દલસુખભાઈ માલવણિયા.

(*xii*) (*a*) Seven representatives including at least two women students from amongst members of the unions, University Departments, affiliated colleges and recognised or approved institutions situated within the limits of the city of Ahmedabad as

constituted under the Bombay Provincial Municipal Corporation Act, 1949;

(*b*) Seven representatives including at least two women students from amongst members of the Students' Unions of affiliated colleges and recognised or approved institutions situated outside the limits of the city of Ahmedabad.

(*xiii*) All student members of the Court;

(*xiv*) Director of Students' Welfare, ex-officio; Member-secretary.

2. The term of office of the members of the Board other than the ex-officio members shall be three years;

Provided that a member shall cease to be a member of the Board on his ceasing to the office by virtue of which he is a member of the Board.

Statute 8

Constitution of the Board of Hostels' Management.

(*i*) The Vice-Chancellor, ex-officio Chairman;

(*ii*) The Pro-Vice-Chancellor, if any, ex-officio;

(*iii*) The Chief Warden of the Hostels, ex-officio, Memcer-secretary;

(*iv*) Two principals of affiliated colleges, having hostels one from Ahmedabad and one from mofussil area to be nominated by the Executive Council;

(*v*) Two principals of affiliated colleges, having hostels, other than (*iv*) above to be nominated by the Executive Council;

(*vi*) The Medical Officer, if any, of the University and in the event of there being more than one Medical Officer in the University, the Medical Officer nominated by the Executive Council;

(*vii*) Two students representative of the University hostels (including one woman student).

(*viii*) Four student to be nominated by the Vice-Chancellor from amongst students residing in Hostels (two from local colleges and two from mofussil colleges).

પરિશિષ્ટ "ચ"

કામકાજ ક્રમાંક ૬૯

તા. ૯-૧૧-૧૯૭૪ની ફાઇનાન્સ સમિતની એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ

આથી એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે યુનિવર્સિટીની જૂની ઉત્તરવહીઓ અને અન્ય વેસ્ટ પેપરનો નિકાલ કરવા માટે ટેન્ડરમાં જણાવેલ શરતો મુજબ અને નીચેના ભાવે વેપારીને કામ સોંપવું :

Description of the goods	*Rate per kg. Rs. P.*	*Name of the Party*	*Remarks*
1. Old Answer-books.	2-91	Mulkh Raj	Highest rate
2. University old records	1-63	Neeraj and Company	,,
3. Bound books and loose extra forms and stiched pamphlets	1-71	Mulkh Raj	,,
4. Punching cards and monotype Spoolsreals	2-51	Mulkh Raj	,,
5. Sweepings	0-87	Neeraj and Company.	,,

પરિશિષ્ટ "છ"

કામકાજ ક્રમાંક ૭૦

બાંધકામસમિતિની એક સભા તા. ૨૧–૧૦–'૭૪ ને સોમવારના રોજ બપોરના ૩–૦૦ વાગ્યે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી, જેમાં હાજરી નીચે પ્રમાણે હતી :

૧.	કુલપતિશ્રી	હાજર
૨.	શ્રી. નવનીતલાલ સા. શેાધન	ગેરહાજર
૩.	શ્રી. ગિરીશચંદ્ર એસ. દેસાઈ	હાજર
૪.	શ્રી. ડી. એન. પાઠક	ગેરહાજર
૫.	શ્રી. એમ. સી. શાહ	ગેરહાજર
૬.	શ્રી. આર. જી. ભાટિયા	હાજર.

૧. બાંધકામસમિતિની તા. ૧૬–૯–૧૯૭૪ની સભાની કાર્યવાહી મંજૂર કરવા બાબત.

બાંધકામસમિતિની તા. ૧૬–૯–૧૯૭૪ની સભાની કાર્યવાહી મંજૂર કરવામાં આવી અને તેના પર કુલપતિશ્રીએ સહી કરી.

૨. યુનિવર્સિટી ટ્રસ્ટ ભવનના મકાનમાં ઇલેક્ટ્રિક વાયરિંગના કામ માટે આવેલાં ટેન્ડરેા પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી ટ્રસ્ટ ભવનના મકાનમાં ઇલેક્ટ્રિક વાયરિંગના કામ માટે આવેલાં કુલ ચાર ટેન્ડરેા પૈકી સમગ્ર રીતે વિચારણા કર્યા બાદ તથા જે ટેન્ડરરેાએ યુનિવર્સિટીનું કામ કરેલું છે તેઓના કામની ગુણવત્તા વગેરે ઉપર વિચારણા કર્યા બાદ ઠરાવવામાં આવ્યું કે આ કામ માટે આવેલા લેાએસ્ટ ટેન્ડરની મર્યાદામાં આવે તે પ્રમાણે મે. જોષી ઇલેક્ટ્રિક વર્ક્સનું રૂ. ૨૮,૨૬૧નું ટેન્ડર મંજૂર કરવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૩. યુનિવર્સિટીના કેામ્પ્યુટર સેન્ટરના મકાનમાં ઇલેકિટ્રક વાયરિંગના કામ માટે આવેલાં ટેન્ડરેા પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીના કેામ્પ્યુટર સેન્ટરના મકાનમાં ઇલેકિટ્રક વાયરિંગના કામ માટે આવેલાં કુલ ચાર ટેન્ડરેામાંથી સૌથી ઓછા ભાવ ટાંકનાર પેઢી મે. જોષી ઇલેક્ટ્રિક વર્ક્સનું રૂ. ૧૭,૫૪૮નું ટેન્ડર મંજૂર કરવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૪. યુનિવર્સિટી કેમ્પસમાં બાંધવામાં આવનાર બેંકના મકાન માટે સ્થપતિ તરફથી આવેલા પ્લાન તથા એસ્ટિમેટ અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી કેમ્પસમાં બાંધવામાં આવનાર બેંકના મકાન માટે સ્થપતિ તરફથી આવેલ પ્લાન તથા રૂ. ૩,૧૫,૦૦૦નેા અંદાજી ખર્ચ મંજૂર કરવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે આ મકાન ઉપર ભવિષ્યમાં બીજા બે માળ લઈ શકાય તેવી જોગવાઈ રાખવી.

૫. યુનિવર્સિટીના ઓપનએર થિયેટરના આગળના ભાગમાં વાયર ફેન્સિંગના કામમાં રૂ. ૫૨૨-૮૯ પૈસાનો વધારાનો ખર્ચ કુલપતિશ્રીએ મંજૂર કર્યો તેની નોંધ લેવા બાબત.

(**નોંધ.**—આ અંગે અગાઉ રૂ. ૭૬૧-૨૫ પૈસાનું ખર્ચ મંજૂર કરવામાં આવ્યું હતું. પછી તેમાં ફેન્સિંગની લાઈનમાં ફેરફાર થવાથી રૂ. ૫૨૨-૮૯નું ખર્ચ વધવા પામેલ છે આથી કુલ ખર્ચ રૂ. ૧,૨૮૪-૧૪ થાય છે.)

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીના ઓપનએર થિયેટરની આગળના ભાગમાં વાયર ફેન્સિંગના કામમાં રૂ. ૫૨૨-૮૯ પૈસાનો ખર્ચ મંજૂર કર્યાના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવી.

૬. સર્વિસ સેન્ટરના બાંધકામમાં વધારાના કામકાજ અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સર્વિસ સેન્ટરના બાંધકામમાં વધારાના કામકાજના દર અંગે ઘટતો નિર્ણય લેવાની કુલપતિશ્રીને સત્તા આપવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૭. કોમ્પ્યુટર સેન્ટરના મકાનમાં એરકંડિશન પ્લાન્ટ ઊભો કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે કોમ્પ્યુટર સેન્ટરના મકાનમાં એરકંડિશન પ્લાન્ટ ઊભો કરવા માટે રૂ. ૮૮,૦૦૦નું ખર્ચ મંજૂર કરવા માટે તથા સદરહુ કામ વોલ્ટાસને આપવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે આ માટે રૂ. ૮૮,૦૦૦ની બજેટમાં જોગવાઈ કરવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૮. વિજ્ઞાન વિદ્યાભવનનાં નીચે જણાવેલ જુદી જુદી શાખા માટેનાં મકાનોના સ્થપતિની નિમણૂક કરવા અંગે વિચારણા કરવા બાબત :

(૧) ફાર્માસ્યુટિકલ કેમિસ્ટ્રી
(૨) ટેક્સ્ટાઈલ કેમિસ્ટ્રી
(૩) સેન્ટ્રલ લેબોરેટરી
(૪) ઇન્ડસ્ટ્રિયલ એનાલિટિકલ કેમિસ્ટ્રી.

આથી ઠરાવવામાં આવે છે કે વિજ્ઞાન વિદ્યાશાખા માટે નીચેનાં મકાનોની સાઈટ નક્કી કરી તેનો સાઈટ પ્લાન તૈયાર કરવા માટેનું કામ સ્થપતિ શ્રી. હસમુખ સી. પટેલને સોંપવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

(૧) ફાર્માસ્યુટિકલ કેમિસ્ટ્રી
(૨) ટેક્સ્ટાઈલ કેમિસ્ટ્રી
(૩) સેન્ટ્રલ લેબોરેટરી
(૪) ઇન્ડસ્ટ્રિયલ એનાલિટિકલ કેમિસ્ટ્રી.

૯. કોમ્પ્યુટર સેન્ટર તથા ટ્રસ્ટ ભવનના બાંધકામની સમયમર્યાદા વધારી આપવા અંગે સ્થપતિશ્રીના તા. ૪-૧૦-૧૯૭૪ના આવેલ પત્ર પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ટ્રસ્ટ ભવનના મકાન-બાંધકામ માટેની સમયમર્યાદા તા. ૩૧-૫-૧૯૭૫ સુધી વધારી આપવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

પ્રમુખશ્રીની પરવાનગીથી નીચેની બાબતો રજૂ કરવામાં આવી :

૧૦. યુનિવર્સિટીના સર્વિસ સેન્ટરના મકાનમાં ઇલેકિટ્રક વાયરિંગના કામ માટે આવેલાં ટેન્ડરો પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સર્વિસ સેન્ટરના મકાનમાં ઇલેકિટ્રક વાયરિંગના કામ માટે આવેલાં બે ટેન્ડરોમાંથી સૌથી ઓછા ભાવ ટાંકનાર પેઢી મે. જોષી ઇલેકિટ્રક વર્કસનું રૂ. ૬,૩૫૪-૫૦ પૈ.નું ટેન્ડર સદરહુ ટેન્ડરની શરતો પ્રમાણે મંજૂર કરવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૧૧. યુનિવર્સિટીના સર્વિસ સેન્ટરના બાંધકામની સમયમર્યાદા વધારી આપવા અંગે સ્થપતિશ્રીના તા. ૧૭-૧૦-૧૯૭૪ના આવેલ પત્ર પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સર્વિસ સેન્ટરના બાંધકામની મુદત એક માસ વધારી આપવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૧૨. યુનિવર્સિટીની બૉય્ઝ હોસ્ટેલના મકાનમાં ઇલેકિટ્રક વાયરિંગના કામ માટે આવેલાં ટેન્ડરો પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે બૉય્ઝ હોસ્ટેલના મકાનમાં ઇલેકિટ્રક વાયરિંગના કામ માટે આવેલાં કુલ છ ટેન્ડરોમાંથી સૌથી ઓછા ભાવ ટાંકનાર પેઢી મે. જિતેન્દ્ર ઇલેકિટ્રક સ્ટોર્સનું રૂ. ૧૪,૩૪૫નું ટેન્ડર સદરહુ ટેન્ડરની શરતો મુજબ મંજૂર કરવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૧૩. યુનિવર્સિટીની લેડીઝ હોસ્ટેલના મકાનમાં ઇલેકિટ્રક વાયરિંગના કામ માટે આવેલાં ટેન્ડરો પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીની લેડીઝ હોસ્ટેલના મકાનમાં ઇલેકિટ્રક વાયરિંગના કામ માટે આવેલાં કુલ પાંચ ટેન્ડરોમાંથી સમગ્ર રીતે વિચારણા કર્યા બાદ તથા જે ટેન્ડરવાળાઓએ યુનિવર્સિટીમાં અગાઉ કામ કરેલું તેની ગુણવત્તા વગેરે અંગે વિચારણા કર્યા બાદ ઠરાવવામાં આવ્યું કે લોએસ્ટ ટેન્ડરની મર્યાદામાં આવે તે પ્રમાણે મે. જોષી ઇલેકિટ્રક વર્કસનું રૂ. ૧૪,૧૦૭નું ટેન્ડર મંજૂર કરવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૧૪. યુનિવર્સિટીના 'ડી' ટાઇપ સ્ટાફ કવાર્ટર્સના મકાનમાં ઇલેકિટ્રક વાયરિંગના કામ માટે આવેલાં ટેન્ડરો પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીના 'ડી' ટાઇપ સ્ટાફ કવાર્ટર્સમાં ઇલેકિટ્રક વાયરિંગના કામ માટે આવેલાં છ ટેન્ડરો પૈકી સૌથી ઓછા ભાવ ટાંકનાર પેઢી મે. જિતેન્દ્ર ઇલેકિટ્રક સ્ટોર્સનું રૂ. ૨૩,૧૯૫નું ટેન્ડર સદરહુ ટેન્ડરની શરતો મુજબ મંજૂર કરવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

પરિશિષ્ટ "જ"
ફામફાજ ક્રમાંક ૧૦૪

Copy

Hari Om Ashram
Nadiad, Date -9-1974

Resolution No. 199 dated 17-9-1974

Development of language in India is a dire need at present and Gujarati being the mother-tongue for Gujarat, the Board of Trustees of Hari Om Ashram Trust, Nadiad, Dist. Kaira, resolves that a sum of Rs. 50,000/- (Rupees fifty thousand) only to be handed over to Gujarat University, Ahmedabad to enable it to create a "Hari Om Ashram Prerit Kavi Nanalal Dalpatbhai Gujarati Pratibha Paritoshik Yojana" from the interest of this endowment, so that High Schools and College Students in Gujarat might evince a keener interest in this subject.

The Board of Trustees further resolves that the terms and conditions of this endowment shall be as under :

(1) The name of this endowment will be "HARI OM ASHRAM PRERIT KAVI NANALAL DALPATBHAI GUJARATI PRATIBHA SHODH PARITOSHIK YOJANA" Endowment.

(2) The amount of this endowment shall be invested in a Nationalized Bank in maximum long term fixed deposits so as to bear the than highest available rate of interest and the annual amount derived from the interest shall be entirely utilised for giving away the prizes, in cash, every year.

(3) Under the scheme, there shall be two competitions held every year, one at the primary level and the second at the final level. The primary level competitions will be held at six centres in Gujarat to be laid down by the Executive Council of the University. The first three winners at these centres will be awarded each prizes of Rs. 75/-, 50/- and 30/- respectively. The final competitions will be held at Ahmedabad where students who have secured first five ranks at the primary competitions will be eligible. The first three winners of the final competition will be paid each prize

of Rs. 700/-, 500/- and 250/- respectively. The candidates, who secures 70% and more marks at the final competitions will be awarded merit certificates.

(4) The competitions mentioned in para (3) will be at two stages, one for the college students and the other for the high school students. All the students studying at the colleges affiliated to the Universities in Gujarat State will be eligible for competition for the first and the students studying at the High Schools recognised by the State will be eligible for competition for the later.

(5) The competitions may be in the form of written or written and oral both. The syllabii for the competition will be approved by the University.

(6) The primary competitions will be held in August every year and the final competitions will be held on "Gandhi Jayanti" i.e. on 2nd October, every year.

(7) The prizes for the final competitions will be awarded at the University Convocation while the prizes for the primary competitions will be awarded at a function as may be decided by the Executive Council of the University.

(8) The college/school will send not more than five students for the primary competitions with a fee of Rs. 10/-per college/school. Students who want to compete at the primary examination directly may also be allowed to do so on payment of Rs. 10/—.

(9) The competitions will be organised by an Expert Committee appointed by the University, and one representative of the Hari Om Ashram, Nadiad shall be associated with his expert committee (His name would be informed later on) which would appoint supervisers and examiners and its decision as regards the results shall be final. The cost of conducting such competitions will be met out of the fees that may be received from the competitors.

(10) In case in any particular year no prizes are given the amount of interest accrued out of the endowment money would be credited and added to the endowment fund.

(11) The names and addresses of the prise winners as well as the annual audited report on the working of the endowment shall be communicated to HARI OM ASHRAM, NADIAD by the University every year, in due course, and the account of this endowment shall be kept separate from

the general accounts of University and publish a report of the award every year in its annual report.

(12) All administrative expenses that may have to be incurred in connection with the prizes and the expenditure for organising an appropriate function for giving away the prize shall be met by University from their own funds.

(11) The detailed rules and regulations governing the prizes shall be framed by the University and the endowment shall be administered by University.

(14) If there be no functioning of this scheme for three consecutive years or in case of non-existence of University at any time, the endowment together with accrued interest their upon will have to be returned to HARI OM ASHRAM, NADIAD by University.

(15) In case any difficulty arises in giving effect to the provisions of the above regulations, the Vice-Chancellor of University shall have the power to make any alteration, modification or cancellation of any provision contained in this regulation in consultation with, and approval of, the HARI OM ASHRAM, NADIAD.

(16) It is hoped that the colleges / schools where winners of the competitions are studying will afford every type of facility for furthering their studies for Gujarati and give freeships to them.

Nandlal B. Shah
Managing Trustee
Hari Om Ashram
Nadiad

P.S.—We take it for granted that University will give due publicity of this endowment to the press and will include while issuing a receipt of the amount when realised, the words "*for educational purposes.*" Full amount would be handed over to University within three months from the date of receipt of the acceptance letter about our resolution.

પરિશિષ્ટ " બ "
કામકાજ ક્રમાંક ૧૦૭

D. D. Desai
B.E.,M.A.,I.E.E.E.,M.A.S.M.E.
Member of Parliament
(Loksabha)

24, Sayed Abdulla Brelvi Rd.,
Fort, Bombay-400001.
November 4, 1974.

Ref : 01/

Dear Shri Ishwarbhai,

I most sincerely thank you for the contents in your D.O. letter No. VC/Dvlp/2899/1974, dated October 21, 1974. I confirm having agreed to give to the Gujarat University an amount of Rs. 10 lakhs (Rupees ten lakhs only) in terms of Government of India, Ministry of Finance, Notification-Income-tax No. 393/F. No. 203/8/73-ITA. II, dated June 27, 1973, to the effect that the Gujarat University has been approved by Council of Scientific and Industrial Research, the prescribed authority for the purposes of clause (ii) of sub-section (1) of Section 35 of the Income-tax Act, 1961. Since you have enclosed a copy of the Notification alongwith your above-referred letter, I believe it is valid. In case of doubt, you are requested to check, renew or obtain new one.

The cyclostyled information provided by you through Principal Dr. H. M. Desai was earlier gone through by me. I had expressed the view that the *Institute should provide job oriented " know-how " technology in ever expanding field of polymer Sciences with an intake of say 100 or more students. This is the only way for speedy industrialisation of the State and reducing unemployment. Gujarat is gifted with natural resources, which makes it most ideally suited for chemical and allied industries. Unfortunately, our facilities have yet to catch up.

As intimated to you personally, we will have to draw an Agreement with well defind terms. I am requesting Principal Dr. H. M. Desai to sit with you or University representatives and make out a draft for my study and approval.

With kind personal regards,

* located at Nadiad

Yours sincerely,
D. D. Desai

Shri Ishwarbhai J. Patel
Vice-Chancellor
Gujarat University
Ahmedabad-380009

પરિશિષ્ટ " ૨ "
કામકાજ ક્રમાંક ૧૦૮

THE AHMEDABAD MILLOWNERS' ASSOCIATION

Ranchhodlal Marg,
Navrangpura, Ahmedabad-380009.
Dated, the 11th November 1974.

The Vice-Chancellor,
Gujarat University,
Ahmedabad.

Sub.—Institute of Textile Chemistry.

Dear Sir,

I am to refer to the discussion the representatives of this Association had with you for cellection of donation for starting an Institute of Textile Chemistry by the Gujarat University by June 1975 and to inform you that our Association has passed a resolution and has decided to help the University in collecting the donation of Rs. 30 lakhs from the local member mills of the Association subject to the following conditions :

1. Initially, provision will be made for an annual intake of 25 students, which will increase to 40 to 50 in course of time.

2. The total estimated expenditure for starting this programme is Rs. 50 lakhs. Out of this University will make a provision of Rs. 20 lakhs. The balance of Rs. 30 lakhs may be contributed by the Ahmedabad Millowners' Association. The cheques will be drawn in the name of the Gujarat University.

3. The recurring liability for running this programme will also be borne by the University.

4. The University will offer a suitable degree to the students who have successfully passed the two-year course.

5. The Management of the proposed Institute of Textile Chemistry of the Gujarat University will be through a Managing Committee consisting of seven members as follows :

   1. The Vice-Chancellor of the Gujarat University ... Chairman
   2. 3 Members nominated by the Ahmedabad Millowners' Association, Ahmedabad.
   3. 3 Members nominated by the Executive Council of the Gujarat University.

6. The Gujarat University has obtained approval from the Council of Scientific and Industrial Research, the prescribed authority, for the purpose of Clause 2 of sub-section 1 of Section 35 of the Income-tax Act, 1961, copy of which has been sent by you to the Association. This means that donations to the Gujarat University for starting/supporting the proposed Institute will be considered for 100% exemption from Income-tax under Section quoted above.

7. The University would accept suggestion from the Ahmedabod Millowners' Association, for a suitable name of the Institute.

Yours faithfully,
Indravadan Pranlal
President.

ગુજરાત યુનિવર્સિટી પ્રેસ, અમદાવાદ-૩૮૦૦૦૯

ખાનગી

ગુજરાત યુનિવર્સિટી

ગુજરાત યુનિવર્સિટીની એક્ઝિક્યુટિવ કાઉન્સિલની ડિસેમ્બર માસની સભા, શનિવાર તા. ૭-૧૨-૧૯૭૪ના રોજ સવારના ૯-૦૦ વાગ્યે ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. પ્રમુખસ્થાન કુલપતિ શ્રી. ઈશ્વરભાઇ જેઠાભાઇ પટેલે સંભાળ્યું હતું. સભામાં હાજરી નીચે પ્રમાણે હતી :

ક્રમાંક	સભ્યનું નામ	તા. ૭-૧૨-૧૯૭૪
૧.	શ્રી. ઈશ્વરભાઇ જેઠાભાઇ પટેલ, કુલપતિ	હાજર
૨.	શ્રી. એસ. જે. મુનશા, શિક્ષણસંચાલક, ગુજરાત રાજ્ય	હાજર
૩.	આચાર્ય એમ. એસ. પંડિત	હાજર
૪.	શ્રી. પ્રફુલ્લચન્દ્ર ચંદુલાલ શાહ	હાજર
૫.	ડૉ. જ્યોતીન્દ્ર લક્ષ્મીશંકર ભટ્ટ	ગેરહાજર
૬.	પ્રો. અનંતરાય મણિશંકર રાવળ	હાજર
૭.	ડૉ. વિનોદકાન્ત ચૂનીલાલ શાહ	હાજર
૮.	આચાર્ય દર્શનસિંઘ મુસ્તાકસિંઘ શીખ	હાજર
૯.	આચાર્ય ડૉ. ધીરુભાઇ પ્રેમશંકર ઠાકર	હાજર
૧૦.	આચાર્ય ડૉ. હર્ષદભાઇ મોતીભાઇ દેસાઇ	હાજર
૧૧.	ડૉ. મહેન્દ્ર નાનુભાઇ દેસાઇ	હાજર
૧૨.	શ્રી. મનુભાઇ દેવશંકર પંચોલી	હાજર
૧૩.	શ્રી. ગુલાબભાઇ રતનજી દેસાઇ	હાજર
૧૪.	ડૉ. જશવંતલાલ નાનાલાલ પટેલ	હાજર
૧૫.	પ્રો. દેવવ્રત નાનુભાઇ પાઠક	હાજર
૧૬.	ડૉ. અંબાશંકર એસ. નાગર	હાજર
૧૭.	ડૉ. બિહારીલાલ કનૈયાલાલ શાહ	હાજર
૧૮.	શ્રી. મણિભાઇ ગોરધનભાઇ બ્રહ્મભટ્ટ	હાજર
૧૯.	આચાર્ય મહેન્દ્રલાલ ચંદુલાલ શાહ	હાજર

૧. તા. ૧૨-૧૧-૧૯૭૪ના રોજ મળેલ એક્ઝિક્યુટિવ કાઉન્સિલની નોંધને મંજૂર કરવા બાબત.

એક્ઝિક્યુટિવ કાઉન્સિલની તા. ૧૨-૧૧-૧૯૭૪ના રોજ મળેલ સભાની કાર્યવાહીની નોંધને મંજૂર કરવામાં આવી તથા તે પર કુલપતિશ્રીએ સહી કરી.

તે પછી સભાગૃહે તેના એક સભ્ય અને યુનિવર્સિટીના ભાષાભવનના ગુજરાતી વિભાગના વડા પ્રો. અનંતરાય એમ. રાવળને તેમના વિવેચનસંગ્રહ 'તારતમ્ય' માટે રાષ્ટ્રીય સાહિત્ય એકેડેમી તરફથી મળેલ પુરસ્કાર માટે આનંદની લાગણી વ્યક્ત કરીને અભિનંદન આપ્યાં. પ્રો. રાવળે તે માટે સભાગૃહનો આભાર માન્યો.

૨. ડિસેંબર ૨૮ થી ૩૦, ૧૯૭૪ના સમય દરમિયાન ઇન્ડિયન ફાર્માસ્યુટિકલ કૉંગ્રેસ એસોસિયેશનનું રજતજયંતી અધિવેશન મદ્રાસ મુકામે યોજનાર છે તો તેમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ એસોસિયેશનના આગામી રજતજયંતી અધિવેશનમાં આ યુનિવર્સિટીના કોઈ પ્રતિનિધિને મોકલવા નહીં.

૩. જાન્યુઆરી ૨ થી ૩, ૧૯૭૫ના સમય દરમિયાન ઇન્ડિયન સોસાયટી ફોર સર્જરી ઑફ ધી હેન્ડનું વાર્ષિક અધિવેશન કલકત્તા મુકામે યોજનાર છે તેમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સોસાયટીના આગામી વાર્ષિક અધિવેશનમાં આ યુનિવર્સિટીના કોઈ પ્રતિનિધિને મોકલવા નહીં.

૪. ગુજરાત યુનિવર્સિટી કેમ્પસ મંડળને ક્વાર્ટર્સમાંના રહીશોનાં બાળકો તથા યુવકોને રમતગમતનાં સાધનો વસાવવા માટે સહાય આપવા અંગે મંડળના પ્રમુખશ્રીના તા. ૯-૧૧-૧૯૭૪ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ગુજરાત યુનિવર્સિટી કેમ્પસ મંડળને કેમ્પસમાં રહેતા યુનિવર્સિટીના કર્મચારીઓનાં બાળકો તથા યુવકોને માટે રમતગમતનાં રૂ. ૫૦૦/- સુધીનાં સાધનો યુનિવર્સિટીના શારીરિક શિક્ષણ વિભાગ મારફતે ખરીદીને ભેટ આપવાં.

૫. શ્રીમતી સી. એચ. બક્ષાભીએ રજૂ કરેલ પીએચ.ડી. પદવી માટેનો મહાનિબંધ નિયમાનુસાર ત્રણ રેફરીઓને (ઇન્ટર્નલ ગાઇડ સહિત) તપાસવા માટે મોકલેલો જે પૈકી પરદેશના એકસ્ટર્નલ રેફરીએ તે સ્વીકારવા તથા બીજા એકસ્ટર્નલ રેફરી ડૉ. ડોસાજે (ચંદીગઢ) એ સુધારી ફરી રજૂ કરવા જણાવતાં એક્ઝિક્યુટિવ કાઉન્સિલના ઠરાવથી ચોથા રેફરી તરીકે નિમાયેલ ડૉ. મિત્ર(ન્યૂ દિલ્હી)ને તે મહાનિબંધ મોકલવામાં આવ્યો હતો. તેમણે પણ મહાનિબંધ સુધારી ફરી રજૂ કરવા જણાવતાં તે મુજબ રજૂ થયેલ મહાનિબંધ તપાસવા અંગેની વ્યવસ્થા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સુધારેલો મહાનિબંધ તપાસવા માટે એકસ્ટર્નલ રેફરી ડૉ. ડોસાજને મોકલવો.

૬. જાપાનની એતેમેન-ગાકુઇન યુનિવર્સિટી અને ભારતની ગુજરાત યુનિવર્સિટી વચ્ચે વિદ્યાર્થી વિનિમય કાર્યક્રમ ૧૯૭૫-૭૬ના વર્ષ સુધી ચાલુ રાખવા અનુમતિ આપતા ભારત સરકારના તા. ૨-૯-૧૯૭૪ના પત્રાંક એફ. ૩૮-૧-૭૩-૯-૩ ની નોંધ લેવા તેમ જ અગાઉની જેમ ચાલુ વર્ષે પણ આ યોજના અંગે જરૂરી ખર્ચ કરવા કુલપતિશ્રીને સત્તા આપવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કાર્યક્રમ અંગે ચાલુ વર્ષે રૂ. ૧૦,૦૦૦/- (રૂપિયા દશ હજાર) સુધીનો અંદાજી ખર્ચ મંજૂર કરવો તથા તે ખર્ચ કરવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે ચાલુ વર્ષે સદરહુ વિદ્યાર્થીઓ માટે જે કાર્યક્રમ ઘડવામાં આવેલો છે તે જોઈતપાસીને યોગ્ય સુધારાવધારા કરવા માટે નીચે જણાવેલા સભ્યોની સમિતિ રચવી :

૧. પ્રો. દેવવ્રત એન. પાઠક
૨. ડૉ. ચા. સી. શાહ
૩. ડૉ. એમ. એન. દેસાઈ
૪. શ્રી. મુકેશ પટેલ
૫. શ્રી. કુલસચિવ
૬. શ્રી. આનંદ માવળંકર.

૭. સને ૧૯૭૫ના વર્ષ દરમ્યાન યુનિવર્સિટી કાર્યાલય માટે રજાઓ નિયત કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સને ૧૯૭૫ના વર્ષ માટે યુનિવર્સિટી કાર્યાલય માટેની આ સાથે રજૂ કરેલી રજાઓની યાદી મંજૂર કરવી.

(મંજૂર કરવામાં આવેલી રજાઓની યાદીની નકલ **પરિશિષ્ટ "ક"** તરીકે સામેલ છે.)

૮. ઓર્ડિ. ૧૨૦-એ ના સંદર્ભમાં સંલગ્ન બી.એડ. કોલેજમાં કાર્ય કરતા શિક્ષકોના શૈક્ષણિક કાર્યભાર અને કાર્યસમય અંગ સ્પષ્ટતા કરવા બાબતમાં એસ. ટી. ટી. કૉલેજ, અમદાવાદના આચાર્યશ્રીના તા. ૨૮-૧૦-૧૯૭૪ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે જોઈ-તપાસીને પોતાનો સુચિંતિત અહેવાલ રજૂ કરવા માટે નીચે જણાવેલા સભ્યોની સમિતિ રચવી :

૧. ડૉ. ધીરુભાઈ ઠાકર
૨. ડૉ. કે. જી. દેસાઈ
૩. પ્રિ. ઘનશ્યામભાઈ પરીખ
૪. પ્રિ. આર. એસ. ત્રિવેદી (વલ્લભવિદ્યાનગર)
૫. ડૉ. એમ. બી. બૂચ (વડોદરા)
૬. ડૉ. ગુણવંત શાહ (સુરત)
૭. ડૉ. ગૌરીભાઈ ભટ્ટ (ભાવનગર).

૯. કૉલેજ ઑફ એજ્યુકેશન, દરામલીની જૂન ૧૯૭૪ ની જોડાણઅરજી ઉપર સદરહુ કૉલેજની કેટલીક ફરિયાદના સંદર્ભમાં એક્ઝિકયુટિવ કાઉન્સિલે જોડાણ ન આપવા કરેલ ઠરાવના સંદર્ભમાં સદરહુ કૉલેજના સંચાલક મંડળે નામદાર ગુજરાત હાઈ કોર્ટમાં કરેલ રિટ અરજી પર ઉભય પક્ષે સમજૂતી થયેલી તે સમજૂતીના આધારે એક્ઝિકયુટિવ કાઉન્સિલે નીમેલી સ્થાનિક તપાસસમિતિના અહેવાલ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત એકેડેમિક કાઉન્સિલની વિચારણા માટે મોકલવી.

૧૦. ચાલુ શૈક્ષણિક વર્ષ દરમિયાન કેટલાક વિદ્યાર્થીઓએ પ્રવેશપાત્રતાનું પાકું પ્રમાણપત્ર (ફાઇનલ એલિજિબિલિટી સર્ટિફિકેટ) કઢાવ્યું નહીં હોવાથી મજકૂર સર્ટિફિકેટ કઢાવી લેવાની મુદત લંબાવવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ચાલુ વર્ષે પ્રવેશપાત્રતાનું પાકું પ્રમાણપત્ર કઢાવવા માટેની મુદ્દત તા. ૩૧-૧-૧૯૭૫ સુધી લંબાવવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે જરૂર જણાય તેવા કેસોમાં માઈગ્રેશન સર્ટિફિકટ કે અન્ય કોઇ પ્રમાણપત્ર બીજી યુનિવર્સિટીઓ કે બોર્ડોમાંથી ત્વરિત મળે તે માટે ઉચ્ચ કક્ષાએ પત્રવ્યવહાર કરવા માટે કુલપતિશ્રીને વિનંતી કરવી.

૧૧. કોમ્પ્યુટર સોસાયટી ઑફ ઇન્ડિયાનું ૧૦મું વાર્ષિક અધિવેશન અમદાવાદમાં તા. ૧૬-૧૮ જાન્યુઆરી ૧૯૭૫ દરમ્યાન યોજનાર છે તેમાં યુનિવર્સિટી તરફથી પ્રતિનિધિ મોકલવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સોસાયટીના આગામી અધિવેશનમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિઓ તરીકે સર્વશ્રી આર. પી. સોની તથા એમ સી. જયસ્વાલને મોકલવા.

૧૨. સ્ટાફના વહીવટી પ્રશ્નો ઉપર વિચારણા કરવા માટે નીમેલી સ્થાયી સમિતિની તા. ૨૨-૧૧-૧૯૭૪ની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૨૨-૧૧-૧૯૭૪ની સભાની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિની તા. ૨૨-૧૧-૧૯૭૪ની સભાની કાર્યવાહીની નોંધની નકલ પરિશિષ્ટ "ખ" તરીકે સામેલ છે.)

૧૩. યુનિવર્સિટીના બિનશિક્ષકવર્ગના કર્મચારીઓ માટે ટ્રિબ્યુનલ ઑફ આર્બિટ્રેશનની જોગવાઈ કરવા અંગે ગુજરાત યુનિવર્સિટી કર્મચારી સંઘના તા. ૧૯-૧૧-૧૯૭૪ના પત્ર ક્રમાંક ૧૧૮૮ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત સ્થાયી કાનૂનવિષયક સમિતિની વિચારણા માટે મોકલવી.

૧૪. વિજ્ઞાનવિદ્યા ભવનમાં કામ કરતા નીચેના કર્મચારીઓનો અજમાયશી સમય તેઓનાં નામ સામે બતાવેલ તારીખે પૂરો થતો હોઈ તેઓનાં નામ સામે બતાવેલ તારીખથી તેઓને કાયમ કરવા અંગે વિચારણા કરવા બાબત :

ક્રમાંક	કર્મચારીનું નામ	હોદ્દો	અજમાયશી સમય પૂરો થયાની તારીખ	કાયમ કરવાની તારીખ
૧.	શ્રી. એ. વી. ગજ્જર	રીડર વિજ્ઞાનવિદ્યા ભવન	૧૨-૧-'૭૫	૧૩-૧-'૭૫થી
૨.	શ્રી. વી. એમ. શુકલ	ઇલેક્ટ્રિશિયન વિજ્ઞાનવિદ્યા ભવન	૬-૧-'૭૫	૭-૧-'૭૫થી
૩.	શ્રી. સી. કે. શાહ	ગાર્ડન સુપરવાઈઝર (યુનિ. કાર્યાલય)	૩૧-૧-'૭૫	૧-૨-'૭૫થી
૪.	શ્રી. રતા વરુ	હેડ સફાઈકામદાર (યુનિ. કાર્યાલય)	૭-૧-'૭૫	૮-૧-'૭૫થી

સદરહુ સભ્યોની ઢામગીરી અંગેના ખાનગી અહેવાલો સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યા.

તે પછી ઠરાવવામાં આવ્યું કે તમામ સભ્યોને તેમનાં નામ સામે જણાવેલ જગ્યા પર અને તારીખથી કાયમ કરવા.

૧૫. ગુજરાત યુનિવર્સિટી તરફથી અમદાવાદ ખાતે નાતાલની રજાઓમાં યોજાનાર "વાચન શિબિર"નું રૂ. ૩,૬૦૦ જેટલું અંદાજી ખર્ચ શ્રી. અરવિંદભાઈ નરોત્તમ તરફથી મળેલ રૂ. ૨૫,૦૦૦ના પ્રદાનમાંથી ફાળવીને મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વાચનશિબિર માટે રૂ. ૩,૬૦૦નો અંદાજી ખર્ચ મંજૂર કરવો અને તેનું ખર્ચ શ્રી, અરવિંદભાઈ નરોત્તમભાઈ તરફથી મળેલ રૂ. ૨૫,૦૦૦ના પ્રદાનમાંથી ફાળવવો.

૧૬. ગુજરાત યુનિવર્સિટીના ભાષા ભવનના સ્ટેનોગ્રાફર શ્રી. એન. એસ. ઠાકોરને રૂ. ૨૯૩-૧૨-૪૨૫ ઈ.બી. ૨૦-૫૨૫ના પગારધોરણમાં તા. ૧-૧૨-૧૯૭૪થી રૂ. ૪૨૫ પછીનો કાર્યક્ષમતા અંતરાય (Efficiency Bar) ઓળંગવા દેવાની પરવાનગી આપવા અંગે વિચારણા કરવા બાબત.

યુનિવર્સિટીના ભાષાભવનના સ્ટેનોગ્રાફર શ્રી. એન. એસ. ઠાકોરની કામગીરી અંગેનો ખાનગી અહેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો.

તે પછી ઠરાવવામાં આવ્યું કે શ્રી. એન. એસ. ઠાકોરને કાર્યક્ષમતા અંતરાય ઓળંગવા માટે મંજૂરી ન આપવા માટે શો-કોઝ નોટિસ આપીને જરૂરી કાર્યવાહી કરવી.

૧૭. જાન્યુઆરી ૨૪થી ૨૫, ૧૯૭૫ના સમય દરમિયાન ઍસોસિયેશન ઓફ ફિઝિશિયન્સ ઓફ ઇન્ડિયા તેમ જ અન્ય તબીબી ઍસોસિયેશનનું સંયુક્ત વાર્ષિક અધિવેશન બૅંગ્લોર મુકામે યોજાનાર છે તેમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગે વિચારણા કરવા બાબત.

[**નોંધ.**—પ્રતિનિધિ નીચે જણાવ્યા પ્રમાણેની લાયકાત ધરાવતો હોવો જોઈએ :

(*a*) A person who has obtained a post-graduate degree or diploma in medicine recognised by the Medical Council of India, provided that he is not engaged in general or dispensary practice.

(*b*) A person who is engaged in teaching or research in medicine or an allied subject provided that (1) he is in consulting practice only or (2) non-practising, for purposes of this clause, Pathology, Pharmacology, Physiology, Anatomy and Preventive Medicine shall be deemed to be subjects allied to medicine and provided further that for the purposes of this clause, a person who is engaged in teaching shall mean, a person who is a Professor, Assistant Professor, Lecturer or Reader in a recognised Medical College or in a University Department.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ ઍસોસિયેશનના આગામી વાર્ષિક અધિવેશનમાં આ યુનિવર્સિટીના કોઈ પ્રતિનિધિને મોકલવા નહીં.

૧૮. ડિસેમ્બર ૬૦-૬૧, ૧૯૭૪ના સમય દરમિયાન "ઑલ-ઇન્ડિયા કૉન્ફરન્સ ઑફ લિંગ્વિસ્ટિક્સનું પાંચમું અધિવેશન દિલ્હી મુકામે જવાહરલાલ નહેરુ યુનિવર્સિટી તેમ જ લિંગ્વિસ્ટિક્સ સોસાયટી ઑફ ઇન્ડિયાના ઉપક્રમે યોજનાર છે તેમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉન્ફરન્સના આગામી અધિવેશનમાં આ યુનિવર્સિટીના કોઈ પ્રતિનિધિને મોકલવા નહીં.

૧૯. સને ૧૯૭૩-૭૪ના વર્ષનો ૨૪મો વાર્ષિક અહેવાલ તૈયાર કરવા માટે સમિતિની નિમણૂક કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સને ૧૯૭૩ ૭૪નો વાર્ષિક અહેવાલ તૈયાર કરવા માટે નીચે જણાવેલા સભ્યોની સમિતિ રચવી :

૧. કુલપતિશ્રી
૨ પ્રો. એ. એમ. રાવળ
૩. ડૉ. ધીરુભાઈ ઠાકર
૪. આચાર્ય દર્શનસિંઘ શીખ
૫. પ્રો. દેવવ્રત એન. પાઠક.

૨૦. ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયના સીનિયર ક્લાર્ક શ્રી. એ. બી. દવે અને ટાઇપિસ્ટ શ્રી. આઈ. બી. સાડીવાલાને ૧૯૬૭ના વર્ષમાં બોટું પ્રોવિઝનલ પ્રમાણપત્ર બનાવવા માટે બે કાયમી પગારવધારા અટકાવવાનું એક્ઝિક્યુટિવ કાઉન્સિલે ઠરાવ્યું હતું; પરંતુ ત્યાર પછી એક પગારવધારાની કાયમી અસરમાંથી મુક્તિ આપવાનું એક્ઝિક્યુટિવ કાઉન્સિલે ઠરાવ્યું હતું. હવે યુનિવર્સિટીના રજતજયંતીના અવસરે ઉપરોક્ત બન્ને કર્મચારીઓને એક પગારવધારાની કાયમી અસર હાલ ચાલુ છે તેમાંથી મુક્તિ આપવા અંગે તેઓની તા. ૨-૧૧-૧૯૭૪ની સંયુક્ત અરજી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વિનંતી નામંજૂર કરવી.

૨૧. નેત્રહીન વિદ્યાર્થીઓને સત્ર-ફીમાંથી મુક્તિ આપવા અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.—હાલના નિયમોમાં આવી જોગવાઈ નથી. પરીક્ષા ફીમાંથી મુક્તિ આપવા અંગે જોગવાઈ કરવામાં આવેલી છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે રાજ્ય સરકાર તરફથી કોઈ રાહત મળતી હોય તો તે અંગેનાં ધારાધોરણો અંગેની માહિતી મંગાવીને આ સભાગૃહ સમક્ષ રજૂ કરવાનું રાખવું.

૨૨. અનિવાર્ય સંજોગોને કારણે પ્રથમ સત્રમાં લેવાતી પ્રથમ કસોટી પરીક્ષા, બીજા સત્રની શરૂઆતમાં લેવા માટે પરવાનગી માગતા આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, પ્રાંતિજના આચાર્યના તા. ૧૨-૧૧-૧૯૭૪ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજની ચાલુ વર્ષે આંતરિક ગુણાંકન માટેની પ્રથમ કસોટી બીજા સત્રની શરૂઆતમાં લેવા માટે વિનંતી મંજૂર રાખવી.

૨૩. તા. ૬-૧૨-૧૯૭૪ને શુક્રવારના રોજ મળેલી ફાઇનાન્સ સમિતિની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૬-૧૨-૧૯૭૪ની સભાની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિની તા. ૬-૧૨-૧૯૭૪ની સભાની કાર્યવાહીની નોંધની નકલ **પરિશિષ્ટ "ગ"** તરીકે સામેલ છે.)

૨૪. શ્રી. બી. કે. પટેલ આર્ટ્સ એન્ડ શ્રીમતી એલ. એમ. પટેલ કૉમર્સ કૉલેજ, સાવલીમાં અર્થશાસ્ત્રના ખંડ સમયના વ્યાખ્યાતા તરીકે નિમાયેલ શ્રી. કે. એમ. પરમારની નિમણૂક ચાલુ શૈક્ષણિક વર્ષ દરમિયાન ગ્રાહ્ય ગણવા માટે સદરહુ કૉલેજના આચાર્યની વિનંતી પર વિચારણા કરવા બાબત.

[**નોંધ.**—શ્રી. કે. એમ. પરમારે ગુજરાત વિદ્યાપીઠની પારંગત (એમ.એ.)ની પરીક્ષા ગ્રામ અર્થશાસ્ત્ર વિષય સાથે પ્રથમ વર્ગમાં પસાર કરી છે. અર્થશાસ્ત્રની અભ્યાસસમિતિના અધ્યક્ષશ્રીનું માર્ગદર્શન મેળવતાં તેઓએ જણાવેલું કે શ્રી. પરમાર સંલગ્ન કૉલેજમાં અર્થશાસ્ત્ર વિષયના શિક્ષણકાર્ય માટે પૂરતી ક્ષમતા ધરાવતા ન હોઈ તેમની નિમણૂક માન્ય રાખી શકાય નહિ.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજમાં શ્રી. કે. એમ. પરમારની અર્થશાસ્ત્રના ખંડ સમયના લેકચરર તરીકેની નિમણૂક ફક્ત ચાલુ વર્ષ પૂરતી ગ્રાહ્ય રાખવી અને સદરહુ કૉલેજને જણાવવું કે તા. ૧૫મી જૂન ૧૯૭૫થી યોગ્ય લાયકાત ધરાવતા અર્થશાસ્ત્રના લેકચરરની નિમણૂક કરવી આવશ્યક રહેશે.

૨૫ શિક્ષિત બેકારો માટે વ્યવસાયની તકો ઊભી કરવા માટે રાજ્ય સરકારે નીચેના ૬ વ્યવસાયલક્ષી અભ્યાસક્રમો શરૂ કરવા માટે તેમના તા. ૧૨-૧૧-૧૯૭૪ના શિક્ષણ અને શ્રમ વિભાગના ઠરાવ નં. ઇએમપી-૧૦૭૩-૭૭૧૩૨(૭૪)-એચથી મંજૂરી આપી તેની નોંધ લઈ તે અંગે જરૂરી પગલાં લેવા બાબત.

Name of the Course	*No. of trainees*	*Rate of stipend p. m.*	*Duration of training*	*Expdt. Rs. in lakhs*
1. Market & Salesmanship (Textile)	Engineering Graduate 19	400	5 months	0.36
2. Stenography & Secretarial practices	Agrila Graduates 12	250	5 months	0.15
3. Bank Recruitment Test Training Programme	Post-Graduate 60	200	5 months	0.60
4. Research Methodology	Graduate 35	150	5 months	0.26
5. Instrumentation	Graduate 75	150	2 months	0.23
6. Photography Art				
	Total ... 200			1.60

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની સાભાર નોંધ લેવી અને તે અભ્યાસક્રમો ચલાવવા માટે જરૂરી કાર્યવાહી તથા ખર્ચ કરવા કુલપતિશ્રીને સત્તા આપવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે ડ્રગ એનેલિસિસ (કેમિસ્ટ્રી) અને ડ્રગ એનેલિસિસ (માઈક્રોબાયોલોજી)ના વ્યવસાયલક્ષી અભ્યાસક્રમો શરૂ કરવા માટે રાજ્ય સરકાર તરફથી મળેલી નીચે મુજબની આર્થિક સહાયની સાભાર નોંધ લેવી તથા તે અભ્યાસક્રમો પણ ચાલુ કરવા માટે જરૂરી કાર્યવાહી અને ખર્ચ કરવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી :

Name of the Course	*No. of trainees per batch*	*Duration of training*	*Recurring Expdt. per batch*
Drug Analysis (Chemistry)	15	6 months	Rs. 10,860/- for staff Rs. 3,000/- Contin.
Drug Analysis (Microbiology)	15	6 months	Rs. 10,200/- for staff Rs. 3,000/- Contin.

૨૬. વિદ્યાર્થીઓને વાચનની સગવડ મળે તે માટે યુનિવર્સિટી ગ્રંથાલયનો સમય રાત્રે લંબાવ્યો હોઈ ત્યારથી ગ્રંથાલય માટે ગ્રંથાલયના કામનો પ્રકાર જોતાં પરીક્ષાની મોસમ ગણવી જોઈએ તે સંબંધે એકિઝકયુટિવ કાઉન્સિલના નીચેના ઠરાવના અમલની સ્પષ્ટતા માટે કાર્યાલયની નોંધ ઉપર વિચારણા કરવા બાબત :

"યુનિવર્સિટી પરીક્ષાઓની મોસમમાં ગ્રંથાલયનો વાચન વિભાગ રાત્રે ૧૧-૦૦ સુધી ખુલ્લો રાખવો અને તે માટે જે કર્મચારીને જ્યારે રોકવામાં આવે ત્યારે નીચેના દરે ઓવરટાઈમ કામનું ભથ્થું આપવું :

૧. પટાવાળા અને તેની સમકક્ષ	કલાકના રૂ. ૧-૨૫	વધુમાં વધુ દરરોજના ચાર કલાક
૨. જુ. કલાર્ક	,,	કલાકના રૂ. ૨-૦૦	,,
૩. સીનિયર કલાર્ક	,,	કલાકના રૂ. ૨-૨૫	,,
૪. હેડકલાર્ક	,,	કલાકના રૂ. ૨-૫૦	,,

આથી ઠરાવવામાં આવે છે કે એકિઝકયુટિવ કાઉન્સિલની તા. ૫-૧૦-૧૯૭૪ની સભાના ઉપરના ઠરાવનો અમલ તા. ૧-૯-૧૯૭૪થી કરવાનું રાખવું.

૨૭. રાજ્ય સરકારશ્રીએ તેમના તા. ૧૪-૮-૧૯૭૪ના પત્ર ક્રમાંક યુએસજી. ૧૦૭૭-૫૩૪૨૦-અથી "સેકન્ડ ઓલ-ઇન્ડિયા સેમિનાર ઓન એકાઉન્ટ્સ એન્ડ ઓડિટ ઓફ લોકલ બોડીઝ"ની કેટલીક ભલામણો યુનિવર્સિટીનાં મંતવ્યો માટે મોકલેલી તે અંગે જરૂરી વિચારણા કરીને પોતાનો સુચિંતિત અહેવાલ રજૂ કરવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલે તેની તા. ૫-૧૦-૧૯૭૪ની સભામાં નીમેલી સમિતિની તા. ૪-૧૨-૧૯૭૪ની સભાની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૪-૧૨-૧૯૭૪ની સભાની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિની તા. ૪-૧૨-૧૯૭૪નો સભાની કાર્યવાહીની નોંધની નકલ **પરિશિષ્ટ "બ"** તરીકે સામેલ છે.)

૨૮. યુનિવર્સિટી ગ્રંથાલયમાં સફાઈ કામદાર તરીકે કામ કરતા શ્રી. એ. એમ. મકવાણાને અંશતઃ મોંઘવારી ભથ્થા સાથેનું નવું પગારધોરણ તા. ૧–૪–૧૯૭૩ને બદલે તા. ૧–૧૧–૧૯૭૩થી સ્વીકારવા દેવા અંગેની તેઓની તા. ૫–૧૧–૧૯૭૪ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સફાઈ કામદાર શ્રી. એ. એમ. મકવાણાને અંશતઃ ભેળવેલ મોંઘવારી ભથ્થા સાથેનું પગારધોરણ તા. ૧–૪–૧૯૭૩ને બદલે તા. ૧–૧૧–૧૯૭૩થી સ્વીકારવા માટે મંજૂરી આપવી.

૨૯. ગુજરાત યુનિવર્સિટીમાં કામ કરતા નીચેના કર્મચારીઓને તેઓનાં નામ સામે જણાવેલ કારણોસર સ્ટે. ૧૮૮(૨) પ્રમાણેની તેઓનાં પ્રો. ફંડ ખાતાંમાંથી લોન આપવા અંગે વિચારણા કરવા બાબત.

ક્રમાંક	કર્મચારીનું નામ તથા વિભાગ	તા. ૩૧-૩-૧૯૭૪ સુધી જમા રકમ	સ્ટે. ૧૮૮(૨) પ્રમાણે અગાઉ લોન લીધી છે ?	કયા કારણસર જોઈએ છે ?
૧.	શ્રી. વી. વી. શાહ, ઑડિટ વિભાગ	રૂ. ૧૨,૪૨૬–૭૫	લીધી છે.	મકાન અંગેની લોન પરત કરવા
૨.	શ્રી. આર. પી. દવે, સામાન્ય વિભાગ	રૂ. ૪,૬૦૮–૪૪	—	સોસાયટીમાં મકાન બાંધવા અંગે
૩.	શ્રી. વી. એસ. પટેલ, પરીક્ષા વિભાગ	રૂ. ૩,૪૪૩–૭૫	—	મકાન મરામત અંગે
૪.	શ્રી. કે. આઈ. ભટ્ટ, સમાજવિદ્યા ભવન	રૂ. ૪,૧૦૬–૩૪	—	યુનિ. દ્વારા તૈયાર થતા ગુ. હા. બોર્ડના ફ્લેટ અંગે.

સદરહુ બાબત ચર્ચાવિચારણા માટે હાથ ધરવામાં આવી ત્યારે ઠરાવવામાં આવ્યું કે પોતાના મકાન બાંધકામ / સમારકામ અંગે ભૂતકાળમાં થયેલ ખર્ચ માટે લોન આપવા એ યુનિવર્સિટીના નીતિ-નિયમો સાથે સુસંગત નથી અને તેથી ભવિષ્યમાં એ પ્રકારની અરજીઓ વિચારણામાં લેવી નહીં.

તે પછી ઠરાવવામાં આવ્યું કે શ્રી. વી. વી. શાહે માંગેલ લોન મંજૂર કરવી નહીં.

વધુમાં ઠરાવવામાં આવ્યું કે શ્રી. આર. પી. દવે, શ્રી. વી. એસ. પટેલ અને શ્રી. કે. આઈ. ભટ્ટને ઉપર જણાવ્યા મુજબ તેમના મકાન બાંધકામ / મરામત અંગે તેમનાં નામ સામે જણાવેલ રકમની લોન સ્ટે. ૧૮૮(૨) હેઠળ તેમનાં પ્રોવિડન્ટ ફંડ ખાતાંમાંથી યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ મંજૂર કરવી.

૩૦. બ્લૉક ગ્રાન્ટ નક્કી કરવા અંગેની કેટલીક માર્ગદર્શક બાબતો અંગે કુલપતિશ્રીએ લખેલા પત્રના જવાબરૂપે આવેલ રાજ્ય સરકારશ્રીના તા. ૨૩–૧૧–૧૯૭૪ના પત્ર ક્રમાંક યુએસજી. ૧૧૭૩–૭૫૭૩૭–ખ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે રાજ્ય સરકાર સમક્ષ ઘટતી રજૂઆત કરવા માટે કુલપતિશ્રીને વિનંતી કરવી. વળી વણુભરાયેલી જગ્યાઓ માટે જગ્યા પુરાયે વધારાની ગ્રાન્ટ મંજૂર કરવાનું સ્વીકાર્યું તે બદલ રાજ્ય સરકારનો આભાર માનવો.

તે પછી સભાગૃહની સંમતિથી નીચેની બાબત રજૂ કરવામાં આવી :

૩૦-અ. માધ્યમિક કક્ષાએ ૧૨ વર્ષના શિક્ષણની નવી તરાહ દાખલ કરવા અંગે ગુજરાત રાજ્યમાં હાલ કાર્યવાહી ચાલી રહી છે તેના સંદર્ભમાં યુનિવર્સિટીની કૉલેજોને શૈક્ષણિક તેમ જ આર્થિક દૃષ્ટિએ ભારે અસર પહોંચે તેમ હોઈ તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતમાં યુનિવર્સિટીનાં મંતવ્યો સુગ્રથિત રીતે તૈયાર કરીને તે રાજ્ય સરકાર સમક્ષ રજૂ કરવા માટે નીચે જણાવેલા સભ્યોની સમિતિ રચવી :

૧. કુલપતિશ્રી
૨. આચાર્ય એમ. સી. શાહ
૩. આચાર્ય દર્શનસિંઘ શીખ
૪. ડૉ. ધીરુભાઈ ઠાકર
૫. ડૉ. એમ. એન. દેસાઈ
૬. પ્રો. મનુભાઈ પંચોલી
૭. શ્રી. મણિભાઈ બ્રહ્મભટ્ટ.

૩૧. યુનિવર્સિટી પ્રકાશનોને સંસ્થાઓ, વિદ્વાનો, સામયિકો, વર્તમાનપત્રો વગેરેને અવલોકનાર્થે મોકલવા સિન્ડિકેટની તા. ૧૦-૮-૧૯૬૯ની સભામાં કરેલ નીચેના ઠરાવ અંગે ફેરવિચારણા કરવા બાબત :

" આથી ઠરાવવામાં આવે છે કે હવે પછી પ્રસિદ્ધ થનાર યુનિવર્સિટીના પ્રત્યેક પ્રકાશનની વધુમાં વધુ ૨૦ નકલો સંબંધકર્તા વિદ્વાનો, સામયિકો તથા વર્તમાનપત્રોના અવલોકન માટે વિનામૂલ્યે મોકલી આપવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી."

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીનાં પ્રકાશનોની વધુમાં વધુ ૧૫ નકલો જે તે પ્રકાશનને માટે અનુરૂપ હોય તેવાં સામયિકોને અવલોકન માટે તથા પ્રકાશનને અનુરૂપ પસંદ કરેલી સંસ્થાઓને ભેટરૂપે મોકલવાનું રાખવું તથા આવાં સામયિકો અને સંસ્થાઓ પસંદ કરવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૩૨. આ યુનિવર્સિટીની જુદી જુદી પરીક્ષાઓ દરમિયાન વિદ્યાર્થીઓએ અજમાવેલ ગેરવાજબી ઇલાજો અંગેના કેસો ઉપર તેમજ પ્રાશ્નિકો, પરીક્ષકો, નિરીક્ષકો અને કાર્યાલયના સભ્યોને હસ્તક થયેલ ભૂલો અંગેના કેસો પર વિચારણા કરવા મળેલ સને ૧૯૭૪ની સભાની પરીક્ષાશુદ્ધિ સમિતિની તા. ૨૨-૧૧-૧૯૭૪ની તેરમી સભાની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૨૨-૧૧-૧૯૭૪ની સભાની ભલામણ નં. ૨ તેની પુનર્વિચારણા માટે મોકલવી અને તે સિવાયની બીજી ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિની તા. ૨૨-૧૧-૧૯૭૪ની સભાની કાર્યવાહીની નોંધ સામેલ કરવામાં આવી નથી.)

૩૩. સીનિયર અને જુનિયર સર્ટિફિકેટ કોર્સ ઇન ઇંગ્લિશની પરીક્ષાઓ માટે ભૂજને કેન્દ્ર તરીકે મંજૂરી આપવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પરીક્ષાઓ માટે ભૂજ ખાતે કેન્દ્ર રાખવું.

૩૪. ઓન્ટ્રસ યુટિલાઇઝેશન સમિતિની તા. ૨૦-૧૧-૧૯૭૪ના રોજ મળેલી સભાની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૨૦-૧૧-૧૯૭૪ની સભાની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિની તા. ૨૦-૧૧-૧૯૭૪ની સભાની કાર્યવાહીની નોંધની નકલ પરિશિષ્ટ "ચ" તરીકે સામેલ છે.)

૩૫. ડિસેમ્બર ૨૭થી ૨૯, ૧૯૭૪ના સમય દરમિયાન "ઇન્ડિયન સોસાયટી ઑફ લેબર ઇકોનોમિક્સ"નું ૧૮મું વાર્ષિક અધિવેશન આંધ્ર યુનિવર્સિટી, વૉલ્ટેર મુકામે યોજનાર છે તેમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સોસાયટીના આગામી અધિવેશનમાં આ યુનિવર્સિટીના કોઈ પ્રતિનિધિને મોકલવા નહીં.

૩૬. ગુજરાતી ભાષામાં "બૃહદ્ વ્યાકરણ" તૈયાર કરવા માટેની સમિતિની તા. ૩૦-૧૧-૧૯૭૪ની બીજી સભામાં કરેલી નીચેની ભલામણો પર વિચારણા કરવા બાબત :

"ચર્ચાવિચારણાને અંતે એકિઝકયુટિવ કાઉન્સિલને નીચે પ્રમાણે ભલામણ કરવામાં આવી :

(૧) 'બૃહદ્ વ્યાકરણ' એ વિશિષ્ટ પ્રકારનું કામ હોઈ તે કામ માટે લેખકોને નીચે પ્રમાણે પુરસ્કાર આપવાનું ધોરણ રાખવું :

(અ) પ્રથમ આવૃત્તિ માટે ડેમી કદના પ્રત્યેક છાપેલા પાના દીઠ રૂ. ૧૨ લેખે લેખકોને સરખે હિસ્સે પુરસ્કાર વહેંચવો;

(બ) બીજી તથા અનુગામી આવૃત્તિઓ માટેના લેખકોનો પુરસ્કાર પ્રથમ આવૃત્તિ સમયે આપેલા પુરસ્કારના ૫૦ ટકા જેટલો રાખવો અને તે રકમ તેમને સરખે હિસ્સે વહેંચવી;

(ક) બીજી તથા અનુગામી આવૃત્તિ માટે પુરસ્કારની ગણતરી ૧૦૦૦ નકલ પર કરવી.

(૨) સદરહુ પુસ્તકનો કોપીરાઈટનો હક્ક સંયુક્ત રીતે લેખકોનો રાખવો.

(૩) સદરહુ પુસ્તકની પ્રથમ આવૃત્તિમાં ૨૦૦૦ નકલ છપાવવી.

(૪) લેખકોએ સંયુક્ત રીતે તૈયાર કરીને સદરહુ હસ્તપ્રત ૩૧મી જુલાઇ ૧૯૭૫ સુધીમાં યુનિવર્સિટીને સોંપવી."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની ઉપરની ભલામણો મંજૂર કરવી.

૩૭. સ્થાયી કાનૂનવિષયક સમિતિની તા. ૪-૧૨-૧૯૭૪ના રોજ મળેલ સભાની ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૪-૧૨-૧૯૭૪ની સભાની ભલામણો મંજૂર કરવી.

(નોંધ. સદરહુ સમિતિએ એકેડેમિક કાઉન્સિલ પર અભ્યાસસમિતિઓના અધ્યક્ષોને નીમવાની બાબતમાં કરેલી ભલામણ મુજબ કુલપતિશ્રીએ લીધેલા નિર્ણયની સભાગૃહને જાણ કરવામાં આવતાં સભાગૃહે તેની નોંધ લીધી.)

(સદરહુ સમિતિની તા. ૪-૧૨-૧૯૭૪ની સભાની કાર્યવાહીની નોંધની નકલ **પરિશિષ્ટ "છ"** તરીકે સામેલ છે.)

૩૮. નવેંબર, ૧૯૭૪માં બી.ઈ. પના સેમેસ્ટર હની પરીક્ષામાં કન્સ્ટ્રકશન એન્ડ વર્ક મેનેજમેન્ટના પ્રશ્નપત્રના જવાબો આપ્યા વિના વિદ્યાર્થીઓ ઊઠી ગયા હોઈ તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વિદ્યાર્થીઓએ લેખિત દિલગીરી વ્યક્ત કરી હોઈ ખાસ કેસ તરીકે તેમને માટે કન્સ્ટ્રકશન એન્ડ વર્ક મેનેજમેન્ટના પ્રશ્નપત્રની પરીક્ષા આગામી માર્ચ-એપ્રિલ માસમાં ઇજનેરી વિદ્યાશાખાની વાર્ષિક પરીક્ષાઓ સાથે ફરીથી લેવાનું રાખવું અને આ માટે રૂ. ૧૦ની વધારાની પરીક્ષા-ફી લેવાનું રાખવું.

વધુમાં ઠરાવવામાં આવે છે કે આ પરીક્ષાને પરિણામ જાહેર કરવાના હેતુ માટે ઑકટોબર-નવેંબર ૧૯૭૪ની પરીક્ષાનો જ એક ભાગ ગણવો.

(નોંધ.—આ વિદ્યાર્થીઓના નવમા અને દસમા સેમેસ્ટરના ગુણાંક એકત્ર કરીને તેના પર વર્ગ આપવાનો રહેશે એમ સ્પષ્ટતા કરવામાં આવે છે.)

૩૯. જૂન ૧૯૭૫થી સત્ર ફી વધારવા અંગે મંજૂરી માગતા સેકન્ડરી ટીચર્સ ટ્રેનિંગ કૉલેજ, અમદાવાદના આચાર્યશ્રીના તા. ૩૦-૧૧-૧૯૭૪ના પત્ર પરત્વે વિચારણા કરવા બાબત.

[**નોંધ.**—(૧) ઑ. ૯૬ હેઠળની માહિતી મુજબ હાલમાં કૉલેજમાં રૂ. ૨૦૦ સત્ર ફી લેવાય છે તે વધારીને રૂ. ૨૫૦ લેવા માટે મંજૂરી માંગી છે.]

આથી ઠરાવવામાં આવે છે કે બી.એડ.ના અભ્યાસક્રમો માટે વિદ્યાર્થીઓની ટ્યૂશન ફીનો પ્રશ્ન સમગ્ર રીતે તપાસીને પોતાનો સુચિંતિત અહેવાલ રજૂ કરવા માટે નીચેના સભ્યોની સમિતિ રચવી :

૧. આચાર્ય દર્શનસિંઘ શીખ
૨. શ્રી. મણિભાઈ ભટ્ટભટ્ટ
૩. ડૉ. કે. જી. દેસાઈ
૪. આચાર્ય દાઉદભાઈ ઘાંચી
૫. આચાર્ય એન. યુ. ત્રિવેદી.

૪૦. સ્ટાફ અંગેની સ્થાયી સમિતિની તા. ૧૮-૬-૧૯૭૪ની સભાની નીચેની ભલામણો અંગે વિચારણા કરવા બાબત :

"આથી એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે કાર્યાલયમાં કાર્યાલય નિરીક્ષક, હેડક્લાર્ક તથા સીનિયર ક્લાર્ક વગેરેની મંજૂર કરેલી જગ્યાઓ અંગેની ફાળવણી આ સાથેના પત્રકમાં દર્શાવ્યા પ્રમાણે કરવા અને હવે પછી જુદા જુદા વિભાગોમાં દર્શાવ્યા પ્રમાણે બધી જ જુદી જુદી કક્ષાઓની જગ્યાઓ રહેશે તેની નોંધ લેવા."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૪૧. તા. ૨૯-૮-૧૯૭૪ના રોજ રીડર ઇન ઇકોનોમિક્સની જગ્યા માટે મળેલી વરણી-સમિતિનો હેવાલ મંજૂર કરવા અને તે પ્રમાણે યુનિવર્સિટીના સમાજવિદ્યા ભવનમાં રીડર ઇન ઇકોનોમિક્સની એક જગ્યા માટે નીચેના ઉમેદવારો પૈકી એકની ક્રમાનુવર્તી નિમણૂક કરવાનો એકેડેમિક કાઉન્સિલનો તા. ૧૪-૧૦-૧૯૭૪ની સભાની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

૧. શ્રી. વી. પી. ભારદ્વાજ
૨. ડૉ. બી. એચ. ધોળકિયા.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. વી. પી. ભારદ્વાજને અર્થશાસ્ત્રના રીડર તરીકે રૂ. ૭૦૦-૫૦-૧,૨૫૦ના પગારધોરણમાં મૂળ માસિક પગાર રૂ. ૭૫૦ થી બે વર્ષના અજમાયશી ધોરણે નીમવા.

૪૨. યુનિવર્સિટી કોર્ટે તેની તા. ૧૭/૨૦-૬-૧૯૭૩ની સભામાં પસાર કરેલો સ્ટ. ૯૭-એ જે કુલાધિપતિશ્રીના સચિવશ્રીએ તેમના તા. ૨૫-૭-૧૯૭૩ના પત્રાંક જી. એસ. ૧૧-૭૦૮૨-૭૩થી નીચેની નોંધ સાથે પરત કર્યો હતો તે પર વિચારણા કરી એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૭-૮-૧૯૭૩ની સભામાં કરેલી નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

કુલાધિપતિશ્રીના સચિવશ્રીના તા. ૨૫-૭-૧૯૭૩ના પત્રથી આવેલી નોંધ :

St. 97-A :

As there is no Ayurveda College affiliated to Gujarat University, the Academic Council and the Executive Council have recommended to delete the

Faculty of Ayurvedic Medicine. The Court has however resolved to continue the said faculty up to 31—12—75 which is not consistent with the Gujarat Ayurveda University Act, 1965 according to which no Ayurvedic institution within the State shall, save with the sanction of the Government and the University, be associated in any way with, or seek admission to, any of the privileges of any other University established by law.

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે સ્ટે. ૯૭-એ નીચે પ્રમાણે વંચાય તે રીતે સુધારવા એકિઝકયુટિવ કાઉન્સિલને અને યુનિવર્સિટી કોર્ટને ભલામણ કરવી :

St. 97—A :

In addition to the seven faculties specified in Section 23 of the Act, the University shall include the Faculty of Dental Surgery and Faculty of Pharmacy."

આથી ઠરાવવામાં આવે છે કે સ્ટે. ૯૭-એ એકેડેમિક કાઉન્સિલની ભલામણ મુજબ સુધારવા માટે યુનિવર્સિટી કોર્ટને ભલામણ કરવી.

૪૩. ગુજરાત યુનિવર્સિટી વિદ્યાર્થી સંસદ અંગે ઉત્તર વિભાગ નં. ૨ના આચાર્યો અને વિદ્યાર્થીઓની સભાના ઠરાવના સંદર્ભમાં એકિઝકયુટિવ કાઉન્સિલે નિયુક્ત કરેલ સમિતિની તા. ૬-૧૨-૧૯૭૪ના રોજ મળેલી સભાના હેવાલ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની ભલામણ સ્વીકારવી તથા તે મુજબ વિદ્યાર્થી સંસદનું વિસર્જન કરવું અને જે કોલેજોએ ચાલુ વર્ષનું વિદ્યાર્થી સંસદ માટેનું લવાજમ મોકલ્યું હોય તેમને તે પાછું મોકલી આપવું.

વધુમાં ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી કોર્ટ પર વિદ્યાર્થી સંસદના પ્રતિનિધિની એક જગ્યા સુધારેલા ગુજરાત યુનિવર્સિટી ધારા હેઠળ રાખવામાં આવેલી છે તે જગ્યાની ફાળવણી વિદ્યાર્થીઓને માટે કરવાનું રાખવું અને તે બાબત સ્થાયી કાનૂનવિષયક સમિતિની વિચારણા માટે મોકલવી.

૪૪. ૧૯૭૫ના માર્ચ-એપ્રિલ માસ દરમ્યાન લેવાનારી જુદી જુદી પરીક્ષાઓની વ્યવસ્થા અંગે કાર્યાલયે તૈયાર કરેલ કેટલાંક સૂચનો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સૂચનો મંજૂર કરવાં.

વધુમાં ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીની પરીક્ષાઓમાં અનુસ્નાતક કક્ષાએ ડમી નંબરોની પ્રથા દાખલ કરવાનો સિદ્ધાન્ત સ્વીકારવો.

૪૫. સંસ્કૃતની અભ્યાસસમિતિની તા. ૫–૧૦–૧૯૭૪ની સભાના નીચેના ઠરાવ ઉપર વિચારણા કરવા બાબત :

"આથી ઠરાવવામાં આવે છે કે ત્રીજા વર્ષ બી.એ.ની સંસ્કૃત વિષયની પરીક્ષાના પ્રશ્નપત્ર ૭—લિંગ્વિસ્ટિક્સના અભ્યાસક્રમ માટે એક ઓપ વર્ગ રાખવા એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ ઓપ વર્ગ માટેની યોજના તૈયાર કરીને યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનને મોકલીને તે માટે જરૂરી આર્થિક સહાય આપવા માટે નમ્ર વિનંતી કરવી.

૪૬. કુલપતિશ્રીએ મંજૂર કરેલાં નીચેનાં કાર્યોની નોંધ લેવા બાબત :

(૧) એલ. ડી. એન્જિનિયરિંગ કૉલેજે ૧૯૭૪ના વર્ષથી એન. એસ. એસ.નું અડધું એકમ સ્થાપવામાં આવેલું હતું તે બંધ કર્યું હોવાથી તે અડધું એકમ કુલપતિશ્રીએ અમદાવાદની સ્વામિનારાયણ આર્ટ્સ કૉલેજને આપી તેનું અડધું એકમ આખું કરી આપ્યાના;

(૨) યુનિવર્સિટીના એસ્ટેટ વિભાગ માટે માનાર્હ ધોરણે રિટાયર્ડ સુપરિન્ટેન્ડિંગ એન્જિનિયર શ્રી. આશાલાલ એમ. શાહ, બી. ઈ. (સિવિલ), એમ. આઈ. ઈ.ની સેવાઓ તેઓના તા. ૪-૧૦–૧૯૭૪ના પત્રના સંદર્ભમાં એક માસ માટે ઉપલબ્ધ કર્યાના;

(૩) સેન્ટર ફૉર મૅનેજમેન્ટ ઍન્ડ પ્રોફેશનલ ટ્રેનિંગમાં શરૂ થનારા મૅનેજમેન્ટના નીચેના પાંચ અભ્યાસક્રમોના બીજા બૅચમાં નીચે પ્રમાણે ફી લેવાનું ઠરાવવા અંગે મંજૂરી આપ્યાના :

૧. ઑફિસ મૅનેજમેન્ટ
૨. બૅંક મૅનેજમેન્ટ
૩. ફાઈનાન્શિયલ મૅનેજમેન્ટ
૪. એક્સપોર્ટ બિઝનેસ મૅનેજમેન્ટ
૫. મટિરિયલ્સ મૅનેજમેન્ટ;

ફીનું ધોરણ—

૧. રજિસ્ટ્રેશન ફી	... રૂ. ૧૫/-
૨. ટ્યૂશન ફી	... રૂ. ૧૦૦/-

આ ફી નોન-રિફન્ડેબલ રહેશે.

તેમજ સ્ટાઈપેન્ડ સાથેના નીચેના ૬ અભ્યાસક્રમો માટેની ફીનું ધોરણ રાખવા અંગે મંજૂરી આપ્યાના :

૧. માર્કેટિંગ ઍન્ડ સેલ્સમૅનશિપ ટેક્સ્ટાઈલ્સ
૨. સ્ટેનોગ્રાફી ઍન્ડ સેક્રેટરિયલ પ્રેક્ટિસ
૩. બૅંક રિક્રૂટમેન્ટ ટેસ્ટ ટ્રેનિંગ પ્રોગ્રામ
૪. રિસર્ચ મેથોડોલોજી
૫. ઇન્સ્ટ્રુમેન્ટેશન
૬ ફોટોગ્રાફિક આર્ટ્સ.

ફીનું ધોરણ—

૧. રજિસ્ટ્રેશન ફી ... રૂ. ૨૫

૨. ટ્યૂશન ફી—તાલીમના પ્રત્યેક મહિના માટે ... રૂ. ૫૦

૩. ફીની જે કુલ રકમ થાય તેમાંની અડધી ફી પ્રવેશ વખતે ભરવાની રહેશે.

૪. બાકીની અડધી રકમ સ્ટાઈપેન્ડમાંથી વસૂલ કરી લેવાનું રાખવું.

૫. ફીની રકમ "નોન-રિફન્ડેબલ" રહેશે.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીનાં સદરહુ કાર્યોની નોંધ લેવી.

તે પછી પ્રમુખશ્રીની પરવાનગીથી નીચેની બાબતો સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવી :

૪૭. ઇન્ડિયન ફાર્માકોલોજિકલ સોસાયટીના વાર્ષિક અધિવેશન અંગે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન તરફથી રૂ. ૩,૦૦૦ની આર્થિક સહાય મંજૂર કરવામાં આવી છે તેની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની સાભાર નોંધ લેવી.

૪૮. પેરામેડિકલ ક્લિનિક શરૂ કરવા અંગે એક્ઝિક્યુટિવ કાઉન્સિલ તરફથી નીમવામાં આવેલ સમિતિની તા. ૨૭-૧૧-૧૯૭૪ની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની ભલામણો મંજૂર કરવી તથા તે અંગે વધુ કાર્યવાહી કરવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

(સદરહુ સમિતિની તા. ૨૭-૧૧-૧૯૭૪ની સભાની કાર્યવાહીની નોંધની નકલ પરિશિષ્ટ "જ" તરીકે સામેલ છે.)

૪૯. બી. સી. જે. કોલેજ ઓફ સાયન્સ, ખંભાતમાં સ્થાપવામાં આવેલ એમ.એસસી. પદવી ઓર્ગેનિક કેમિસ્ટ્રી વિષયના અનુસ્નાતક કેન્દ્રના પ્રોફેસર-ઇન-ચાર્જ આચાર્યશ્રી જે. પી. ત્રિવેદી છૂટા થયા હોવાથી તેમની જગ્યાએ શ્રી. પી. બી. પટેલને પ્રોફેસર-ઇન-ચાર્જ તરીકે કામચલાઉ ધોરણે નિમણૂક કરવા વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે પ્રો. પી. બી પટેલને તા. ૧૪ જૂન ૧૯૭૫ સુધી સદરહુ કેન્દ્રના પ્રોફેસર-ઇન-ચાર્જ તરીકે નીમવા.

૫૦. યુનિવર્સિટીના મુસાફરી ભથ્થા ના બિલ અંગેનો નિયમ ૭ નીચે પ્રમાણે વંચાય તે પ્રમાણે સુધારો કરવા અંગે વિચારણા કરવા બાબત :

"(7) If a person travels by a public taxi when a rail route is available, he will be paid the actual taxi fare or the 1st class railway fare, whichever is less; provided that he furnishes a voucher for actual payment made by him together with the taxi number specifically quoted. If two or more persons have travelled by public taxi, the actual taxi fare or the first

class railway fare of all the members taken together whichever is less will be paid provided they furnish a voucher of actual payment made together with the taxi number that shall invariably be quoted."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ નિયમ ઉપર મુજબ વંચાય તે રીતે સુધારવો તથા તેને તાત્કાલિક અમલમાં મૂકવો.

૫૧. રાષ્ટ્રીય સેવા યોજનાની સલાહકાર સમિતિએ બજેટ અંગે વિચારણા કરવા નીમેલ પેટાસમિતિની તા. ૨૬-૧૧-૧૯૭૪ની સભામાં તૈયાર કરેલ અંદાજપત્ર પર વિચારણા કરવા બાબત તથા રૂ. ૨૪,૧૦૦ના વધારાના થનાર ખર્ચ અંગે કરેલ નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"કેન્દ્ર સરકાર તરફથી એન.એસ.એસ.ની ગ્રાન્ટમાં આવેલ કાપને લીધે એન.એસ.એસ.ના ખર્ચમાંથી થઈ શકે તેટલો કાપ કર્યા છતાં આ સાથે જણાવેલ અંદાજપત્ર પ્રમાણે રૂ. ૨૪,૧૦૦ની રકમનો વધુ ખર્ચ થાય છે. એટલે તે ખર્ચ યુનિવર્સિટીના ફંડમાંથી કરવાનો રહે એમ એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિએ રૂ. ૨૪,૧૦૦નો વધારાનો ખર્ચ મંજૂર કરવા માટે કરેલી ભલામણ સ્વીકારવી નહીં.

વધુમાં ઠરાવવામાં આવે છે કે ચાલુ વર્ષે એન.એસ.એસ.ના કાર્યક્રમ માટે મંજૂર થયેલ અંદાજપત્રને આધીન જુદા જુદા મથાળે અંદાજી ખર્ચમાં જરૂરી સુધારાવધારા કરવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૫૨. શ્રી. સી. વી. શાહ લૉ કૉલેજ, ખંભાતની જૂન ૧૯૭૩ની જોડાણઅરજી પર મૂકેલી શરતોના યથાર્થ પરિપાલનની બાબત એક્ઝિક્યુટિવ કાઉન્સિલની તા. ૧૨-૧૧-૧૯૭૪ની સભામાં મૂકવામાં આવતાં સદરહુ કૉલેજે શરતોનું યથાર્થ પરિપાલન કર્યું ન હોવાથી જોડાણ ચાલુ કરી આપવું નહીં તેમ ઠરાવેલ તેના સંદર્ભમાં આચાર્યશ્રીએ તેમના તા. ૩-૧૨-૧૯૭૪ના પત્રથી પુનર્વિચારણા કરી જોડાણ આપવા અંગેની કરેલી વિનંતી પર વિચારણા કરવા બાબત.

[નોંધ.—(૧) કાર્યકારી આચાર્યશ્રીને બદલે કાયમી ધોરણે આચાર્યપદ માટે નિમાયેલ શ્રી. બી. એસ. પાઠક આચાર્યપદ માટેની લાયકાત ધરાવતા નથી.

(૨) અન્ય શરતોનું પાલન થાય છે.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજને દ્વિતીય વર્ષ એલએલ.બી. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫ જૂન ૧૯૭૩થી તા. ૧૪-૬-૧૯૭૪ સુધીનું ચાલુ જોડાણ આપવું.

૫૩. શ્રી. સી. વી. શાહ લૉ કૉલેજ, ખંભાતની જૂન ૧૯૭૪ની જોડાણ-અરજી પર મૂકેલી શરતોના યથાર્થ પરિપાલનની બાબત એક્ઝિક્યુટિવ કાઉન્સિલની તા. ૧૨-૧૧-૧૯૭૪ની સભામાં મૂકવામાં આવતાં સદરહુ કૉલેજે શરતોનું યથાર્થ પરિપાલન કર્યું ન હોવાથી જોડાણ ચાલુ કરી આપવું નહીં તેમ ઠરાવેલ તેના સંદર્ભમાં

આચાર્યશ્રીએ તેમના તા. ૩-૧૨-૧૯૭૪ના પત્રથી પુનર્વિચારણા કરી જોડાણ આપવા અંગે કરેલી વિનંતી પર વિચારણા કરવા બાબત.

[**નોંધ.**—(૧) કાર્યકારી આચાર્યશ્રીને બદલે કાયમી ધોરણે આચાર્યપદ માટે નિમાયેલ શ્રી. બી. એસ. પાઠક આચાર્યપદ માટેની લાયકાત ધરાવતા નથી

(૨) અન્ય શરતોનું પાલન થાય છે.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજને દ્વિતીય વર્ષ એલએલ.બી. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫ જૂન ૧૯૭૪થી તા. ૧૪-૬-૧૯૭૬ સુધીનું ચાલુ જોડાણ આપવું.

વધુમાં ઠરાવવામાં આવે છે કે આચાર્ય તરીકે નિમાયેલ શ્રી બી. એસ. પાઠકની નિમણૂકને બાસ કેસ તરીકે તા. ૧૪ જૂન ૧૯૭૫ સુધીની મુદત માટે બાહ્ય ગણવી.

૫૪. ભવનોના હિસાબમાં થયેલી ગેરરીતિઓની તપાસ માટે એકિઝકયુટિવ કાઉન્સિલે નીમેલી સમિતિની તા. ૭-૧૨-૧૯૭૪ની સભાની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"ભાષા-ભવનના ક્લાર્ક શ્રી. કે. એલ. મહેતાના હસ્તકના હિસાબો અંગેના રિપોર્ટ પર વિચારણા કરવામાં આવી હતી. ત્યાર બાદ ઠરાવવામાં આવ્યું કે શ્રી. મહેતા પાસેથી નીકળતી રૂ. ૨૯,૧૦૭-૭૩ પૈસાની રકમ સામે શ્રી. મહેતાએ આજ સુધીમાં રૂ. ૨૨,૬૭૫ની રકમ યુનિવર્સિટીમાં જમા કરાવી છે અને તેમનું પ્રોવિડન્ટ ફંડ, ગ્રેચ્યુઇટી, પગારના એરિયર્સ અંગેનાં રૂ. ૬,૩૪૫ જેટલી રકમ યુનિવર્સિટીને ઉપલબ્ધ છે તે જોતાં તેઓએ આપવાની થતી પૂરેપૂરી રકમ લગભગ વસૂલ થઈ જાય છે. આ સંજોગોમાં શ્રી. મહેતાનું રાજીનામું સ્વીકારવું તથા તેમને આપવાનું થતું પ્રોવિડન્ટ ફંડ અને ગ્રેચ્યુઈટીની રકમો તેમની પહોંચ લઈ જમા કરી લેવું. પગારના એરિયર્સની રકમ રાજ્ય સરકાર પાસેથી મળ્યેથી જમા કરવી. વધુમાં શ્રી. મહેતાએ આપેલી સી.ટી.ડી. અંગેની પહોંચ હાલ યુનિવર્સિટીએ રાખી મૂકવી તથા તેઓએ આપેલાં જમીનખત હવે તેઓને પરત કરવાં તેમ ભલામણ છે."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની ઉપરની ભલામણ મંજૂર કરવી તથા તે મુજબ શ્રી. મહેતાનું રાજીનામું મંજૂર કરવું તથા યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ તેમના પ્રોવિડન્ટ ફંડ અને ગ્રેચ્યુઇટીનાં નાણાં ચૂકતે કરીને જમા લેવાં.

૫૫. યુનિવર્સિટીની રજતજયંતી સમિતિ તથા તેની ઉપસમિતિઓ અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ચાલુ વર્ષે પ્રવર્તતી દુષ્કાળની પરિસ્થિતિમાં યુનિવર્સિટીના રજત જયંતી કાર્યક્રમ સાદાઈથી ઊજવવાનું આ સભાગૃહે તેની તા. ૫-૧૦-૧૯૭૪ની સભામાં ઠરાવ્યું છે તેના સંદર્ભમાં સદરહુ સમિતિ તથા તેની પેટાસમિતિઓ હવે ચાલુ રાખવાની આવશ્યકતા રહેતી નથી.

૫૬. અમદાવાદ મિલ-ઓનર્સ એસોસિયેશનની આર્થિક સહાયથી શરૂ કરવામાં આવનાર ટેક્સ્ટાઈલ કેમિસ્ટ્રીના અભ્યાસક્રમ અંગેની શરતો પ્રમાણે ઇન્સ્ટિટ્યૂટ ઑફ ટેક્સ્ટાઈલ કેમિસ્ટ્રીના મૅનેજમેન્ટ બોર્ડ ઉપર યુનિવર્સિટીના ત્રણ પ્રતિનિધિઓ નીમવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ઇન્સ્ટિટ્યૂટ ઑફ ટેક્સ્ટાઈલ કેમિસ્ટ્રીના મૅનેજમેન્ટ બોર્ડ ઉપર યુનિવર્સિટીના પ્રતિનિધિઓ તરીકે નીચેના સભ્યોની નિમણૂક કરવી :

૧. ડૉ. પી. સી. મહેતા

૨. ડૉ. એમ. એન. દેસાઈ

૩. ડૉ. ગિરધારીલાલ કનૈયાલાલ.

૫૭. સરદાર વલ્લભભાઈ પટેલની જન્મશતાબ્દીની ઉજવણી દરમ્યાન યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ માટે વાચનકેન્દ્ર શરૂ કરવાની યોજના મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સરદાર વલ્લભભાઈ પટેલની જન્મશતાબ્દી ચાલુ વર્ષે ઊજવાય છે તેના સંદર્ભમાં એમના સ્મારકરૂપે વિદ્યાર્થીઓ માટે સરદાર વલ્લભભાઈ વાચનકેન્દ્ર સ્થાપવા માટેના પ્રસ્તાવનો સ્વીકાર કરવો અને તે માટે જરૂરી નાણાં ઊભાં કરવા કૉલેજો, વિદ્યાર્થીઓ અને હિતચિંતકોનો સંપર્ક કરવો.

તે પછી સભાગૃહનું કામકાજ પૂરું થયું હતું.

નં. એક્ઝિ. કાઉ./૦૩૫૦૭૬/૧૯૭૫
ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
અમદાવાદ-૩૮૦૦૦૯.
તા. ૨-૧-૧૯૭૫.

કં. ચં. પરીખ
કુલસચિવ.

પરિશિષ્ટ " ક "

કામકાજ ક્રમાંક ૭

ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયમાં સને ૧૯૭૫ના વર્ષમાં પાળવાની રજાઓની યાદી

૧. મકરસંક્રાંતિ	મંગળવાર	૧૪-૧-૧૯૭૫
૨. મહોરમ	શુક્રવાર	૨૪-૧-૧૯૭૫
૩. મહાશિવરાત્રિ	મંગળવાર	૧૧-૩-૧૯૭૫
૪. ઈદ-એ-મિલાદ	બુધવાર	૨૬-૩-૧૯૭૫
૫. ગૂડફ્રાઈડે અને હોળી (બીજો દિવસ)	શુક્રવાર	૨૮-૩-૧૯૭૫
૬. મહાવીર જયંતી	બુધવાર	૨૩-૪-૧૯૭૫
૭. સ્વાતંત્ર્ય દિન	શુક્રવાર	૧૫-૮-૧૯૭૫
૮. રક્ષાબંધન (નારિયેળી પૂર્ણિમા)	ગુરુવાર	૨૧-૮-૧૯૭૫
૯. પારસી નૂતન વર્ષ	ગુરુવાર	૨૮-૮-૧૯૭૫
૧૦. ગોકુળ-અષ્ટમી	શનિવાર	૩૦-૮-૧૯૭૫
૧૧. ગણેશચતુર્થી	સોમવાર	૮-૯-૧૯૭૫
૧૨. સંવત્સરી	મંગળવાર	૯-૯-૧૯૭૫
૧૩. મહાત્મા ગાંધી જન્મદિન	ગુરુવાર	૨-૧૦-૧૯૭૫
૧૪. રમજાન ઈદ (ઈદ-ઉલ-ફિત્ર)	મંગળવાર	૭-૧૦-૧૯૭૫
૧૫. દશેરા	મંગળવાર	૧૪-૧૦-૧૯૭૫
૧૬. સરદાર વલ્લભભાઈ પટેલ જન્મદિન	શુક્રવાર	૩૧-૧૦-૧૯૭૫
૧૭. દિવાળી	સોમવાર	૩-૧૧-૧૯૭૫
૧૮. દિવાળી (નૂતન વર્ષ દિન)	મંગળવાર	૪-૧૧-૧૯૭૫
૧૯. ભાઈબીજ	બુધવાર	૫-૧૧-૧૯૭૫
૨૦. નાતાલ	ગુરુવાર	૨૫-૧૨-૧૯૭૫

[**નોંધ.**—(૧) નીચેની રજાઓ રવિવારે આવતી હોવાથી તે રજાના દિવસો તરીકે જાહેર કરેલ નથી :

૧. પ્રજાસત્તાક દિન તા. ૨૬-૧-૧૯૭૫

૨. રામનવમી તા. ૨૦-૪-૧૯૭૫

૩. બકરી-ઈદ (ઈદ-ઉલ-અઝા) તા. ૧૪-૧૨-૧૯૭૫

(૨) વધુ બે દિવસની રજાઓ કુલપતિશ્રીની મંજૂરીથી જાહેર કરવામાં આવશે.]

પરિશિષ્ટ "ખ"

કામકાજ ક્રમાંક ૧૨

સ્ટાફના વહીવટી પ્રશ્નો ઉપર વિચારણા કરવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલે નીમેલી સ્થાયી સમિતિની એક સભા શુક્રવાર, તા. ૨૨-૧૧-૧૯૭૪ના રોજ ૧૨-૩૦ વાગે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. સભામાં હાજરી નીચે મુજબ હતી. સભાનું પ્રમુખસ્થાન કુલપતિ શ્રી ઈશ્વરભાઈ જે. પટેલે લીધું હતું :

૧. શ્રી. ઈશ્વરભાઈ જે. પટેલ, કુલપતિશ્રી	હાજર
૨. આચાર્ય દર્શનસીંગ શીખ	ગેરહાજર
૩. પ્રો. ડી. એન. પાઠક	હાજર
૪. શ્રી. એમ. ડી. પંચોલી	ગેરહાજર
૫. ડૉ. એમ. એન. દેસાઈ	હાજર
૬. શ્રી. કં. ચં. પરીખ, કુલસચિવશ્રી	હાજર

૧. તા. ૧૬-૮-૧૯૭૪ની સમિતિની સભાની નોંધ મંજૂર કરવા બાબત.

તા. ૧૬-૮-૧૯૭૪ની સભાની નોંધ મંજૂર કરવામાં આવી અને તે પર કુલપતિશ્રીએ સહી કરી.

૨. યુનિવર્સિટીના હિસાબ વિભાગમાં વધેલાં કામકાજ માટે વધુ સાત જુનિયર કલાર્કની જગ્યાઓ સ્થાપવા અંગે કાર્યાલયની તા. ૧૦-૬-૧૯૭૪ની નોંધ ઉપર વિચારણા કરવા બાબત.

આથી એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે યુનિવર્સિટીના હિસાબ વિભાગમાં અને પરીક્ષા વિભાગમાં વધેલાં કામકાજને લક્ષમાં લઈ ઉપરોક્ત પ્રત્યેક વિભાગમાં ચાર ચાર જુનિયર કલાર્કની કાયમી જગ્યાઓ રૂ. ૧૫૩-૫-૧૮૩-૧૦-૨૪૩ ઈ.બી. ૧૫-૪૦૮-૧૯-૪૬૫ના પગારધોરણમાં ઊભી કરવી.

૩. એકિઝકયુટિવ કાઉન્સિલે તેની તા. ૨૪-૮-૧૯૭૪ની સભામાં નીચેની બાબત આ સમિતિની વિચારણા માટે મોકલેલ હોઈ તે અંગે વિચારણા કરવા બાબત :

"જે દિવસોએ યુનિવર્સિટી કાર્યાલય જાહેર તહેવારના કારણે બંધ રહે તે દિવસોએ જો યુનિવર્સિટી ગ્રંથાલય આવશ્યક સેવાઓના કારણે ચાલુ રહે તો તે માટે યુનિવર્સિટી ગ્રંથાલયના કર્મચારીઓને તેવા તહેવારના દિવસોએ બધાં ભથ્થાં સાથેનો પગાર આપવા અંગેની ગ્રંથાલયના કર્મચારીઓની તા. ૨૦-૭-૧૯૭૪ની સંયુક્ત અરજી ઉપર વિચારણા કરવા બાબત."

આથી એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે યુનિવર્સિટી કાર્યાલય જાહેર તહેવારના કારણે બંધ રહે તે દિવસોએ જો યુનિવર્સિટી ગ્રંથાલય આવશ્યક સેવાઓને કારણે ચાલુ રાખવામાં આવે તો તે માટે યુનિવર્સિટી ગ્રંથાલયના જે કર્મચારીઓને ફરજ ઉપર બોલાવવામાં આવે તેમને તેવા તહેવારના દિવસોએ મોંઘવારી ભથ્થા સાથેનો પગાર આપવો.

(**નોંધ.**—તે દિવસો માટે મોંઘવારી ભથ્થા સિવાયનાં અન્ય કોઈ ભથ્થાં જેવાં કે સ્થાનિક વળતર ભથ્થું, મકાન ભાડા ભથ્થું આપી શકાશે નહીં.)

૪. યુનિવર્સિટી કાર્યાલયમાં ચાર ચોકીદારની હંગામી જગ્યાઓ દૈનિક રૂ. ૫-૦૦થી સ્થાપવા અંગે એસ્ટેટ સુપરિન્ટેન્ડન્ટના તા. ૧૬-૮-૧૯૭૪ના પ્રસ્તાવ ઉપર વિચારણા કરવા બાબત.

આથી એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે યુનિવર્સિટી કાર્યાલયમાં ચોકીદારની ચાર હંગામી જગ્યાઓ દૈનિક વેતનથી ઊભી કરવી.

૫. યુનિવર્સિટીના ચોથા વર્ગના કર્મચારીઓ જેઓ યુનિવર્સિટીના ક્વાર્ટર્સમાં રહે છે તેમના બેઝિક પગારના ૧૦ ટકા ભાડાના કપાય છે અને ઉપરાંત તેમને મળવાપાત્ર થતું ૧૫ ટકાનું ઘરભાડા ભથ્થું તેમને મળતું નથી. તેના બદલે બધું મળીને તેમને રૂ. ૨૫થી વધુ ભાડા તરીકે આપવા ન પડે તેવી કર્મચારીસંઘની બગાઉની વિનંતી ઉપર પુનર્વિચારણા કરવા અંગેના ગુજરાત યુનિવર્સિટી કર્મચારી સંઘના તા. ૨-૯-૧૯૭૪ના પત્ર ઉપર વિચારણા કરવા માટે.

(**નોંધ.**—કર્મચારીઓ પાસેથી ઘરભાડું આપવા અંગેના હાલ જે નિયમો અસ્તિત્વમાં છે તે બરાબર છે અને તેમાં ફેરફાર કરવાની જરૂર જણાતી નથી, તેવા સ્ટાફ અંગેની સ્થાયી સમિતિના ઠરાવને એક્ઝિક્યુટિવ કાઉન્સિલે તેની તા. ૨૪-૮-૧૯૭૪ની સભામાં માન્ય રાખ્યો છે.)

આથી એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે પટાવાળા, માળી, ચોકીદાર, ડ્રાઈવર, વાયરમેન વગેરે કક્ષાના ચોથા વર્ગના કર્મચારીઓ જેઓ યુનિવર્સિટી ક્વાર્ટર્સમાં રહે છે તેમનું ભાડું હાલનાં ધારાધોરણો મુજબ તેમના મૂળ પગારના ૧૦ ટકા લેખે લેવાનું ચાલુ રાખવું, પરંતુ તેમના ભાડાની રકમ વધુમાં વધુ માસિક રૂ. ૨૫ની રાખવી.

૬. ગુજરાત યુનિવર્સિટી પ્રેસ એમ્પ્લોયીઝ યુનિયન જણાવે છે કે પ્રેસના જુનિ. કમ્પોઝીટરનું રૂ. ૧૦૪-૫-૧૫૪ ઈ.બી. ૫-૧૭૯નું પગારધોરણ યુનિવર્સિટી કાર્યાલયના પમ્પ એટેન્ડન્ટના રૂ. ૧૦૪-૪-૧૧૬-૬-૧૬૪-૭-૧૭૮ના પગારધોરણના સમકક્ષનું હતું. સિન્ડિકેટે તેની તા. ૧૧-૩-૧૯૭૩ની સભામાં ક્રમાંક ૬૨થી રાજ્ય સરકારની મંજૂરી મેળવ્યા બાદ પમ્પ એટેન્ડન્ટની જગ્યાનું પગારધોરણ રૂ. ૧૦૪-૪-૧૧૬-૬-૧૬૪-૭-૨૦૬નું કર્યું પરંતુ પ્રેસના જુનિ કમ્પોઝીટરનું પગારધોરણ જે રૂ. ૧૦૪-૫-૧૫૪ ઈ.બી. ૫-૧૭૯નું હતું તે તા. ૧-૪-૧૯૭૧ના રોજ એનું એ જ રહ્યું તે વિસંગતતા તપાસીને તાકીદે દૂર કરવાના ગુજરાત યુનિવર્સિટી પ્રેસ એમ્પ્લોયીઝ યુનિયનના તા. ૭-૯-૧૯૭૪ના પત્ર પરત્વે વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—પ્રેસ સમિતિની ભલામણ ઉપરથી સિન્ડિકેટે તેની તા. ૧૧-૩-૧૯૭૩ની સભામાં ક્રમાંક ૭૫થી જુ. કંપોઝીટરની જગ્યાનું પગારધોરણ રૂ. ૧૦૪-૫-૧૫૪-ઈબી-૫-૧૭૯નું હતું તે સુધારીને

રૂ. ૧૪૧–૫–૧૭૫–૮–૨૧૫ ઈબી–૧૦–૨૪૫નું કર્યું છે અને આ નવા પગારધોરણને અમ તા. ૧–૧૨–૧૯૭૨થી કરવાનું મંજૂર કર્યું છે.

આથી એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે યુનિવર્સિટી પ્રેસના જુ. કંપોઝીટરની જગ્યાનું રૂ. ૧૦૪–૫–૧૫૪ ઈબી–૫–૧૭૯નું પગારધોરણ (unmerged) રૂ. ૧૦૪–૪–૧૧૬–૬–૧૬૪–૭–૨૦૬નું કરવાની બાબતમાં સૈદ્ધાંતિક સ્વીકાર કરવો અને આ સુધારેલા પગારધોરણનો અમલ રાજ્ય સરકારે નીમેલા વેતનપંચની ભલામણો સ્વીકારાયા બાદ કરવો.

૭. વિજ્ઞાન વિદ્યાભવનમાં સ્પેઈસ સાયન્સ સેન્ટર માટે નીચેની બિન–શિક્ષકગણની જગ્યા સ્થાપવા અંગે વિભાગના વડાના તા. ૨૪–૯–૧૯૭૪ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત :

૧. સ્ટેનો–ટાઈપિસ્ટ-કમ-ઑફિસ ક્લાર્ક
૨. સ્ટોરકીપર
૩. હેલ્પર
૪. બે પટાવાળા

(નોંધ.—અગાઉ એક ક્લાર્ક–ટાઇપિસ્ટ અને એક પટાવાળાની જગ્યા મંજૂર કરી છે.)

આથી એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે વિજ્ઞાન વિદ્યાભવનના સ્પેસ સાયન્સ સેન્ટર માટે પટાવાળાની એક હંગામી જગ્યા દૈનિક વેતનથી હાલ એક વર્ષ માટે એટલે કે તા. ૧–૧૨–૧૯૭૪થી તા. ૩૦–૧૧–૧૯૭૫ સુધીના સમય માટે ઊભી કરવી.

૮. યુનિવર્સિટીના પ્રત્યેક કર્મચારીઓને સામાન્યતઃ કરવાનું કામ નિયત કરવા જરૂરી નિયમો ઘડવા અને યોગ્ય કામની સપ્રમાણ વહેંચણી માટે યુનિવર્સિટીમાં બઢતીની શકયતા હાલ છે તેના કરતાં ૩૩ ટકા વધુ કરવા અંગે ફોર્ટના સભ્ય શ્રી. કનુભાઈ અંબાલાલ શાહના તા. ૪–૧૦–૧૯૭૪ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મુલતવી રાખવી.

૯. યુનિવર્સિટી કાર્યાલયનાં કામકાજ માટે બહારગામ ગયેલા મદદનીશ હિસાબનીશને રજાના દિવસે ઓવરટાઈમ ભથ્થું અથવા બદલાની રજા આપવા અંગે શ્રી. એચ. સી. દોશીની તા. ૧૬–૮–૧૯૭૪ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

આથી એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે કે જ્યારે યુનિવર્સિટીના કોઈ કર્મચારીને યુનિવર્સિટીનાં કામકાજ માટે રજાના દિવસે બહારગામ જવાનું/રહેવાનું થાય ત્યારે તેમને તે દિવસ માટે બદલાની રજા આપવી અને આ ઠરાવનો અમલ તા. ૧–૪–૧૯૭૪થી કરવો.

૧૬. મનોવિજ્ઞાન ભવનમાં પટાવાળા શ્રી. ગોપાલ બાલુ જાદવને બીજી વખત સાઇકલ ખરીદવા રૂ. ૫૦૦ની લોન આપવા અંગે તેઓની તા. ૪–૧૦–૧૯૭૪ની અરજી પર વિચારણા કરવા બાબત.

આથી એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે યુનિવર્સિટીના કર્મચારીને સાઇકલ ખરીદવા માટે વધુમાં વધુ રૂ. ૪૫૦ સુધીની લોન આપવી. આવી લોન માગણી થયે દર ૬ વર્ષ બાદ ફરીથી આપી શકાશે.

ત્યાર બાદ સમયના અભાવે સભા સમક્ષની બાબત ક્રમાંક ૧૧, ૧૨, ૧૩ અને ૧૪ મુલતવી રાખવામાં આવી.

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

ભો. કે. શાહ,
કુલસચિવ વતી.

પરિશિષ્ટ "ગ"
કામકાજ ક્રમાંક ૨૩

ફાઈનાન્સ સમિતિની એક સભા તા. ૬–૧૨–૧૯૭૪ના રોજ બપોરના ૨–૦૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી, જેમાં હાજરી નીચે મુજબ હતી :

૧. શ્રી. ઈશ્વરભાઈ જે. પટેલ	હાજર
૨. ડૉ. મહેન્દ્ર નાનુભાઈ દેસાઈ	હાજર
૩. ડૉ. બિહારીલાલ કનૈયાલાલ	હાજર
૪. શ્રી. પ્રફુલ્લચંદ્ર ચંદુલાલ શાહ	હાજર.

૧. ફાઈનાન્સ સમિતિની તા. ૯–૧૧–૧૯૭૪નો સભાની નોંધ મંજૂર કરવા બાબત.

ફાઈનાન્સ સમિતિની તા. ૯–૧૧–૧૯૭૪નો સભાની નોંધ મંજૂર કરવામાં આવી અને તે પર કુલપતિશ્રીએ સહી કરી.

૨. સર્વિસ સેન્ટરની દુકાનો ભાડે આપવા અંગેનાં મંગાવેલ ટેન્ડરોનો નિકાલ કરવા બાબત.

સર્વિસ સેન્ટરની દુકાનો માટે જે વેપારીઓનાં ટેન્ડરો આવેલાં તેઓને રૂબરૂ મળવા માટે બોલાવવામાં આવ્યા હતા અને હાજર રહેલા વેપારીઓ સાથે રૂબરૂ વાતચીત કર્યા બાદ સમગ્ર રીતે વિચારણા કરી એકિઝકયુટિવ કાઉન્સિલને નીચે પ્રમાણે ટેન્ડરની શરતોએ સર્વિસ સેન્ટરની દુકાનો ભાડે આપવાની ભલામણ કરવામાં આવે છે :

ક્રમાંક	દુકાનનું નામ	વેપારીનું નામ	માસિક ભાડાની રકમ રૂ. પૈ.	નોંધ
૧.	ફળવા–ખાંડવાની ઘંટી માટે	શ્રી. ચંદુજી ગાભાજી ડાકોર	૧૨૫–૦૦	૭ માસનું ભાડું અગાઉથી લેવું.
૨.	શાકભાજી માટે	શ્રી. કાનજીભાઈ ભુલાભાઈ	૧૨૫–૦૦	ત્રણ માસનું ભાડું અગાઉથી લેવું.
૩.	દૂધ–દહીં માટે	શ્રી. ગોપાળ એમ. અગ્રવાલ	૨૫૧–૦૦	ત્રણ માસનું ભાડું અગાઉથી લેવું.

૪. ધોબીકામ માટે	શ્રી. ગોરધનભાઈ જીવાભાઈ	૧૦૧-૦૦	ત્રણ માસનું ભાડું અગાઉથી લેવું.
૫. શ્રી. પ્રોવિઝન સ્ટોર માટે	શ્રી. જયંતીભાઈ ખુશાલભાઈ	૧૧૧-૦૦	૭ માસનું ભાડું અગાઉથી લેવું.
૬. પ્રોવિઝન સ્ટોર માટે	ગુજરાત યુનિવર્સિટી સેન્ટ્રલ કો-ઑ. સ્ટોર્સ	૧૦૧-૦૦	—

૩. ફાજલ રકમનું રોકાણ કરવા અંગે ઇન્ડિયન ઓવરસીસ બૅન્કના તા. ૧૮-૭-૧૯૭૪ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે યુનિવર્સિટીનાં ફાજલ નાણાનું જરૂર જણાય તે પ્રમાણે રૂ. ૫૦,૦૦૦ (રૂપિયા પચાસ હજાર) સુધીનું રોકાણ ડિપોઝિટ તરીકે ઇન્ડિયન ઓવરસીસ બૅન્કમાં કરવું.

૪. વિજ્ઞાન વિદ્યાભવનના આંકડાશાસ્ત્ર વિભાગ માટે કૅલ્કયુલેટર્સ મશીનો ખરીદવા અંગે વિચારણા કરવા બાબત.

આથી એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે વિજ્ઞાન વિદ્યાભવનના આંકડા-શાસ્ત્ર વિભાગ માટે ડી. સી. એમ. પ્રોડક્ટનાં નીચેનાં કૅલ્કયુલેટર મશીનો તે સારી જાતનાં હોવાથી કંપનીની શરતે ખરીદવાં :

૧. મોસ્કલ ૧૪૦૨ ૩. ૯,૦૫૬-૨૧ પૈસાની કિંમતે

૨. મોસ્કલ ૧૦૮૦-એસ જુદાં ગણી ખરીદવાં ૩. ૧૧,૯૯૩-૮૮ પૈસા બીજા ખર્ચ

વિજ્ઞાન વિદ્યાભવનના ભૌતિકવિજ્ઞાન વિભાગ માટે વૈજ્ઞાનિક સાધનો ખરીદવા માટે મંગાવેલ ટેન્ડરોનો નિકાલ કરવા બાબત.

આથી એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે ટેન્ડરમાં જણાવેલ શરતો મુજબ અને સાથેના પરિશિષ્ટ "અ" માં દર્શાવેલ ભાવે ભૌતિકવિજ્ઞાન વિભાગ માટે જરૂરી વૈજ્ઞાનિક સાધનો ખરીદવાં.

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

ભો. કે. શાહ
કુલસચિવ વતી.

परिशिष्ट 'अ'

Consolidated Statement of Instruments recommended purchase for Space and Physics Laboratory

	Quantity	*Price* Rs. P.	*Total* Rs. P.	*Remarks*
Item No. 1 & 2 : Electronics Calculators :				
(*a*) M/s. DCM Data Products, Bombay				
'Compute' 1004 Electronics Desk Calculator.	One	3,622.50	3,622.50	Lowest
(*b*) M/s. Labtronik, Ahmedabad.				
'Sharp' Compete Digital Calculating Machine.	One	8,000.00	8,000.00	,,
Item No. 3 : Electron Spin resonance Instrument for teaching Lab., complete.				
M/s. Scientific Equipment and Services, Roorkee.				
Model ESR-103	One	4,800.00	4,800.00	,,
Item No. 4 : Spot Galvanometer :				
M/s. The Oriental Science App. Workshops, Ambala Cantt.				
'OSAW' Cat. No. 30241	One	1,010.00	1,010.00	,,
Item No. 5 : Electromagnet field about 10000 gauss :				
M/s. Control Systems & Devices, Bombay.				
100 mm. Electromagnet with power supply.	One	14,000.00	14,000.00	,,
Item No. 7 : Digital VTVM UM1 :				
M/s. Amnisera Corpo., Bombay.				
'APLAB' type UM1.	Two	7,056.00	14,112.00	,,

	Quantity	*Price* Rs. P,	*Total* Rs. P.	*Remarks*
Item No. 8 : 30V/2 Amp. Stabilized Transistor Power Supply :				
(*a*) M/s. Systronics, Ahmedabad.				
'Systronics' Type 613	Four	1,430.00	5,720.00	Lowest
(*b*) M/s. Amnisera Corpo., Bombay.				
'APLAB' Type LVA 30/2	Two	1,617.00	3,234.00	,,
Item No. 9 : VTVM :				
M/s. Amnisera Corpo., Bombay.				
'APLAB' Type TFM1	One	980.00	980.00	,,
R. F. Probe.	One	215.00	215.00	,,
H. V. Probe.	One	196.00	196.00	,,
Item No. 10 : A. C. Milli Voltmeter (0–7 HMz) :				
(*a*) M/s. Labtronik, A'bad.				
'Systronics' Type 401	One	2,000.00	2,000.00	,,
(*b*) M/s. Amnisera Corpo., Bombay.				
'Philips' Type PP. 9001X	Two	2,950.00	5,900.00	Preferred
Item No. 11 : 2.5 KV. Mains Voltage Regulator :				
M/s. Amnisera Corpo., Bombay.				
'APLAB' Type AC10	One	3,528.00	3,528.00	Lowest
Item No. 12 : Variac Input Mains 230 V., Output 280 V / 5 Amps.				
M/s. Elecronic Instruments and Control, Bombay.				
'AE' Dimmerstat Input 230 V. Output 0–270 V., Current 4A.	One	305.00	305,00	,,
Item No. 14 : Battery Eliminator for BEL Vhf. manpack Transreceivers Type GH 650/750.				
M/s. Esspee Corpo., A'bad.				
'BEL' Type GH 650/750	Two	1,550.00	3,100.00	,,

	Quantity	*Price* Rs. P.	*Total* Rs. P.	*emar*
Item No. 15 : Double Pulse Generator, 0–1 Hz–1 MHz.				
M/s. Labtronik, A'bad.				
'Systronics' Type 1112	One	5,525.00	5,525.00	Lowest
Item No. 16 : Function Generator :				
M/s. Systronics, A'bad.				
'Systronics' Type 1012	One	2,800.00	2,800.00	Direct to Manufacturer
Item No. 17 : BEL 400 Transmitter Valves				
M/s. Bharat Electronics Ltd., Bangalore.				Manufacturer
(1) Air cooled Type BEL 400	Two	1,200.00	2,400.00	,,
(2) Sockets for BEL 400	Two	25.00	50.00	
Item No. 18 & 13 : Solid State Single Beam CRO & Dual Beam Tracer Attachment for a CRO.				
M/s. Amnisera Corpo., Bombay.				
'APLAB' Type DC10 with Dual Trace Attachment Type ES–15	One	8,526.00	8,526.00	Lowest
Item No. 20 : Multimeters 20,000 Ohms/Volts.				
M/s. Pravin & Co., A'bad.				
'BPL' Type UM 607/E or D	Six	450.00	2,700.00	,,
Item No. 23 : Philips CRO Model 3200X DC–15 MHz.				
M/s. Amnisera Corpo., Bombay.				
(*a*) 'Philips' Type PM3200X	One	1,000.00	1,000.00	,,
(*b*) 'Philips' Type 9326/90 Probe for the above.	One	375.00	375.00	,,
		Total Rs.	1,03,498.50	

Note.—Plus Taxes, Packing, Forwarding, Insurance, Cartage, etc.

પરિશિષ્ટ "ઘ"
કામકાજ ક્રમાંક ૨૭

રાજ્ય સરકારશ્રીએ તેમના તા. ૧૪-૮-૧૯૭૪ના પત્ર ક્રમાંક યુ.એસ.જી. ૧૦૭૭-૫૩૪૨૦(ખ)થી Second All-India Seminar on Accounts and Audit of Local Bodiesની કેટલીક ભલામણો યુનિવર્સિટીનાં મંતવ્યો માટે મોકલેલી તે અંગે જરૂરી વિચારણા કરીને પોતાનો સુચિંતિત અહેવાલ રજૂ કરવા માટે એક્ઝિકયુટિવ કાઉન્સિલે તેની તા. ૫-૧૦-૧૯૭૪ની સભામાં નીમેલી સમિતિની એક સભા બુધવાર, તા. ૪-૧૨-૧૯૭૪ના રોજ બપોરના ૩—૩૦ વાગ્યે મળી હતી, જેમાં સભ્યોની હાજરી નીચે પ્રમાણે હતી :

આચાર્ય એમ. સી. શાહ	હાજર
શ્રી. ગુલાબભાઈ આર. દેસાઈ	હાજર

આચાર્ય એમ. સી. શાહે પ્રમુખસ્થાન લીધું હતું.

Second All-India Seminar on the Accounts & Audit of Local Bodiesની ભલામણો જે રાજ્ય સરકારે તેમના પત્ર ક્રમાંક યુ:એસ.જી. ૧૦૭૭-૫૩૪૨૦—ખ તા. ૧૪-૮-૧૯૭૪થી અત્રે વિચારણા માટે મોકલી હતી તે પરત્વે ચર્ચાવિચારણા કરી એક્ઝિકયુટિવ કાઉન્સિલને નીચે પ્રમાણે ભલામણ કરવાનું ઠરાવવામાં આવ્યું :

Para 11 :

Countersigning of utilisation statements in respect of grants received by universities :

Utilisation certificates in respect of individual schemes furnished by the Registrar of the Universities can be verified and issued by the Local Fund Audit Department as and when received, where there is permanent unit of audit at the University. In other cases, this can be issued only after annual audit is completed.

Resolution :

The University accepts in principle the recommendation that the utilization certificates of individual schemes furnished by the Registrar of the Universities can be verified and issued by the local fund Audit department as and when

received where there is a permanent unit of audit at the University. But in case the Govt. auditors are unable to turn up in time due to unavoidable circumstances or when the University feels it necessary, the University may be allowed to obtain the utilization certificates from the Chartered Accountant in such cases.

Para 12 :

Preparation and issue of University audit reports.

In certain States single audit report is issued which include audit paras on the grant also. While in some States separate Audit Reports are issued. The duplication should be avoided and it is resolved that one single audit report may be issued by grouping audit objections in respect of Government Grant in Part II and General Fund in Part III (Part I being for showing outstanding previous audit objections).

Audit Reports are issued to the Registrar who is required to comply with the audit objections and report thereon. To expedite compliance and reply, the period of limitation say three months is necessary. State Government may be moved to make suitable provisions in the Act. Till such time, as amendments are issued, the Government may be moved to consider the desirability of laying one of the conditions viz. the disposal of audit reports, before the next grant is released.

Resolution :

The University has no objection in issue of one single audit report for grants and general audit. At the same time this system is likely to cause some delay in the disposal of such a consolidated audit report as there are different issues in these two reports which require separate disposal and delay in the disposal of one part of the report will unnecessarily cause delay in the disposal of the other part of the report. It is therefore considered advisable that the system in vogue of issuing separate Audit reports may please be continued for speedy disposal of these reports. At present the University is given four months time limit for the disposal of the Audit report. This system may please be continued. The condition regarding the disposal of audit reports before the next grant is released is a harsh one and will obstruct the smooth functioning of the University finances and will also put the University in a very embarassing position. Therefore no such condition be laid down.

Para 13 :

Preparation of Account Code in respect of Universities.

At present, there is no account code or Manual for maintenance of University accounts. It is recommended that the Account Code for each University is necessary. The University should therefore be asked to frame Account Code in consultation with the Examiner, L.F.A. and obtain approval of the Govt. To ensure financial discipline posting of Financial / Accounts officers may be made from the personnel of the Local Fund Accounts.

Resolution :

The University agrees in principle that there should be an Account code or Manual for maintenance of University accounts but feels that for the uniformity and rationalisation of accounts in all the universities in the State there should be only one common account code and keeping this view in mind the Universities may please be given the guide lines in the matter from the Examiner, Local Fund Accounts. The University does not agree with the suggestion of posting of Financial / Accounts officers from the personnel of the Local Fund Accounts to ensure Financial discipline.

Para 14 :

Audit of Universities.

The State Governments have entrusted the audit of Universities to the Examiner, L.F.A. In some of States all the Universities are not subjected to audit of Examiner, L.F.A. To have uniformity, states may be moved to entrust Agriculture and Ayurvedic to the Examiner. L.F.A. The desirability of making provision in the Act is also recommended.

Resolution :

The audit of the Gujarat University is being conducted by the Examiner, Local Fund Accounts and as such the question of making provision in the Act of this University does not arise.

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

ભો. કે. શાહ
કુલસચિવ વતી.

પરિશિષ્ટ "ચ"
કામકાજ ક્રમાંક ૩૪

ગુજરાત યુનિવર્સિટીની ઓન્ટ્સ યુટિલાઇઝેશન સમિતિની વર્ષ ૧૯૭૪-૭૫ની પ્રથમ સભા ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયમાં બુધવાર, તા. ૨૦–૧૧–૧૯૭૪ના રોજ બપોરના ૪–૧૫ વાગે કુલપતિ શ્રી. ઈશ્વરભાઇ જે. પટેલના અધ્યક્ષસ્થાને મળી હતી, જેમાં સભ્યોની હાજરી નીચે પ્રમાણે હતી :

૧. શ્રી. ઈશ્વરભાઈ જે. પટેલ, કુલપતિશ્રી	હાજર
૨. ડૉ. જયંત બી. હરિભક્તિ	ગેરહાજર
૩. આચાર્ય ડૉ. એલ. ડી. દવે	હાજર
૪. આચાર્ય ડૉ. ધીરુભાઈ ઠાકર	હાજર
૫. આચાર્ય બી. એમ. પીરઝાદા	ગેરહાજર
૬. આચાર્ય દર્શનસીંગ શીખ	હાજર
૭. ડૉ. એમ. એન. દેસાઇ	હાજર.

૧. ઓન્ટ્સ યુટિલાઇઝેશન સમિતિની તા. ૧૭–૧૧–૧૯૭૩ના રોજ મળેલી સભાની નોંધ મંજૂર કરવા બાબત.

ઓન્ટ્સ યુટિલાઇઝેશન સમિતિની તા ૧૭–૧૧–૧૯૭૩ના રોજ મળેલી સભાના કામકાજની નોંધને મંજૂર રાખવામાં આવી અને તે ઉપર કુલપતિશ્રીએ સહી કરી.

૨. યુનિવર્સિટીની વર્ષ ૧૯૭૪–૭૫ની સંશોધન ગ્રાન્ટ મેળવવા માટે યુનિવર્સિટી સાથે સંલગ્ન કૉલેજો તથા માન્ય સંસ્થાઓ તથા યુનિવર્સિટીનાં વિદ્યાભવનોના શિક્ષકો તરફથી આવેલ અરજીઓ પર વિચારણા કરવા બાબત.

યુનિવર્સિટી સાથે સંલગ્ન કૉલેજોના, માન્ય સંસ્થાઓના તથા યુનિવર્સિટીનાં વિદ્યાભવનોના શિક્ષકો તરફથી વર્ષ ૧૯૭૪-૭૫માં સંશોધન ગ્રાન્ટ માટે આવેલ અરજીઓ અંગે નીચે પ્રમાણે પગલાં લેવા એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

(અ) નીચેના શિક્ષકો તરફથી તેમનાં નામ સામે જણાવેલ વિષય પર સંશોધન ગ્રાન્ટ માટે આવેલી અરજીઓ તથા અંદાજી ખર્ચની વિગતો વગેરે પર અભિપ્રાય મેળવવા જે તે વિષયના તજ્જ્ઞની નિમણૂક કરવા તથા અભિપ્રાય આવ્યેથી જરૂરી આર્થિક સહાય આપવા

અંગે યોગ્ય નિર્ણય લેવા કુલપતિશ્રીને સત્તા આપવી :

ક્રમાંક	શિક્ષકનું નામ	સંશોધનનો મુદ્દો	આર્થિક સહાયની માગણી રૂપિયા
૧.	શ્રી. વહોરા જી. એ., વ્યાખ્યાતા, ગવર્નમેન્ટ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, ગાંધીનગર	Study of some aspects of Muslim Monuments of Gujarat	૧,૦૦૦
૨.	ડૉ. બી. એ. દેસાઈ, પ્રોફેસર, એમ. જી. સાયન્સ ઇન્સ્ટિટ્યૂટ, અમદાવાદ-૯	Complexometric methods of analysis for determination of ions like Thorium, Copper, Nickel, Iron, etc.	૧,૦૦૦
૩.	શ્રી. જે. ડી. જોશી, ટ્યૂટર, સાયન્સ કોલેજ, પેટલાદ	Study in some organometalic complexes	૧,૫૦૦
૪.	ડૉ. સી. કે. શાહ, યુનિ. વિજ્ઞાન વિદ્યાભવન, અમદાવાદ-૯	Histochemical studies on the effect of some growth regulators on NA proteins and enzyme matabolism	૧,૫૦૦
૫.	ડૉ. બી. એસ. વૈદ્ય, યુનિ. વિજ્ઞાન વિદ્યાભવન. અમદાવાદ-૯	Algae and soil prosperity	૬,૫૦૦
૬.	શ્રી. બી. એન. મહેતા, લેક્ચરર, ગવર્નમેન્ટ આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, ગાંધીનગર	An inquiry into the problem of sick mills in India	૧,૫૯૦ (પ્રથમ આઉટ-લાઈન મંગાવવી)
૭.	ડૉ. એમ. એમ. દેસાઈ, શેઠ કે. એમ. સ્કૂલ ઑફ પોસ્ટ-ગ્રેજ્યુએટ મેડિસિન એન્ડ રિસર્ચ, એલિસબ્રિજ, અમદાવાદ-૬	Study of vascular response in compound of fracture of diaphysis in rabbits	૨,૦૦૦
૮.	ડૉ. એલ. ડી. દવે, ભવન્સ આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, ડાકોર	Study of Metal-Chelates (Study of preparation reactions and structure of new metal-chelates)	૨,૦૦૦

(બ) નીચેના શિક્ષકો તરફથી તેમનાં નામ સામે જણાવેલ વિષય પર સંશોધન માટે આર્થિક સહાય માટેની માગણી મંજૂર કરવી નહીં :

ક્રમાંક	શિક્ષકનું નામ	વિષય	રકમની માગણી રૂપિયા
૧.	ડૉ. બી. જે. ઝવેરી, આચાર્ય, આર. આર. લાલન કૉલેજ, ભૂજ	Education Psychology/Sociology Groupism in collegiate Teachers	૨,૯૦૦
૨.	શ્રી. એ. વાય. ત્રિપાઠી, પ્રોફેસર, આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, મિયાંગામ-કરજણ	Critical Editing of Vastu geeta—An unpublished work of Vastu	૩,૨૦૦
૩.	શ્રી. એસ. આર. રાવલ, લેક્ચરર, કૉમર્સ એન્ડ આર્ટ્સ કૉલેજ, દહેગામ	A comparative study of adjustment of normal college students and adivasi college students in respect to Age, Sex, Level of education, Socio-economics status	૫૦૦
૪.	શ્રી. વાય. એચ. ભટ્ટ, લેક્ચરર, સિટી આર્ટ્સ કૉલેજ, અમદાવાદ	Development of response frequency tables to the Kent Rosanoff free association Test (Gujarati Verson)	૩,૦૦૦
૫.	શ્રી. વી. વી. ભટ્ટ, સીનિયર લેક્ચરર, ગુજરાત કૉલેજ, અમદાવાદ	Physics-Electrical and Optical properties of thin metallic films and determination of their size effect parameter	૫,૦૦૦
૬.	શ્રી. કે. જી. પુરાણી, જુ. લેક્ચરર, સેંટ ઝેવિયર્સ કૉલેજ, અમદાવાદ-૯	Residue analysis in soil BHC	૧,૦૦૦
૭.	શ્રી. બી. એમ. પારેખ, લેક્ચરર, સાયન્સ કૉલેજ, પેટલાદ	Corrosion and Inhibition of Aluminium	૨,૦૦૦
૮.	શ્રી. ડી. વી. બ્રહ્મભટ્ટ, પ્રોફેસર, સાયન્સ કૉલેજ, પેટલાદ	Studies in Local anaesthetic	૨,૦૦૦

ક્રમાંક	શિક્ષકનું નામ	વિષય	રકમની માગણી રૂપિયા
૯.	ડૉ. જે. ડી. તલાટી, આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, પિલવાઈ	Corrosion of copper bearing aluminium inhibition of corrosion of B. 26 S. aluminium in acid alkaline media	૩,૦૦૦
૧૦.	શ્રી. આર. આર. દેસાઈ, લેક્ચરર, સાયન્સ કૉલેજ, કડી	Chemistry–Complex compounds of such transition metal Ion and its properties	૧,૨૦૦
૧૧.	શ્રી. એસ. એમ. લાલીવાલા, લેક્ચરર, સેંટ ઝેવિયર્સ કૉલેજ, અમદાવાદ	Structure and function of Arachnid organ system	૩,૦૦૦
૧૨.	શ્રી. જે. જી. ક્રિશ્ચિયન, ટ્યૂટર, સેંટ ઝેવિયર્સ કૉલેજ, અમદાવાદ	Histochemical studies during the different stages of the Aquatic plant of NALSAROVAR	૪,૦૦૦
૧૩.	શ્રી. બી. આર. પટેલ, ડેમોન્સ્ટ્રેટર, એમ. જી. સાયન્સ ઇન્સ્ટિટ્યૂટ, અમદાવાદ-૯	Physiology	૧,૦૦૦
૧૪.	શ્રી. એ. વી. વ્યાસ, એમ. જી. સાયન્સ ઇન્સ્ટિટ્યૂટ, અમદાવાદ	Plant Physiology (Water stress) to study the effect of substituted thionreans areas and substan ituted acetic acids on plant growth under water stress	૧,૦૦૦
૧૫.	શ્રી. ડી. એમ. માસ્તર સીનિયર લેક્ચરર, સી. બી. પટેલ આર્ટ્સ કૉલેજ, નડિયાદ	સરદાર વલ્લભભાઈ પટેલ,— વ્યક્તિત્વ અને વિચારદોહન	૩,૬૦૦

૩. યુનિવર્સિટી વિજ્ઞાન વિદ્યાભવનના પ્રાણીશાસ્ત્રના શિક્ષક ડૉ. એ. બી. વ્યાસને Effect of Presticides such as D. D. T. B. H. L. Endrine, Aldrine, Klofos, etc. on Litter, soil organism and Litter decomposition પર સંશોધન કરવા માટે રૂ. ૮,૦૦૦ની સંશોધન ગ્રાન્ટ મંજૂર કર્યાના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

યુનિવર્સિટી વિજ્ઞાન વિદ્યાભવનના પ્રાણીશાસ્ત્ર વિભાગના શિક્ષક ડૉ. એ. બી. વ્યાસને ઉપર જણાવેલ વિષય પર સંશોધન ગ્રાન્ટ મંજૂર કર્યાના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૪. એમ. જી. સાયન્સ ઇન્સ્ટિટ્યૂટ, અમદાવાદના રસાયણવિજ્ઞાનના પ્રોફેસર શ્રી. બી. એમ. દેસાઈને New analytical Reagents એ વિષય પર સંશોધન કરવા માટે વર્ષ ૧૯૭૦-૭૧માં રૂ. ૧,૦૦૦ની સંશોધન ગ્રાન્ટ આપવામાં આવેલી તેના સંદર્ભમાં તેમણે સંશોધનકાર્ય પૂરું કરી તેની મુદ્રિત પ્રત (રિપ્રિન્ટ) મોકલ્યાની નોંધ લેવા બાબત.

'Vidya', Vol. 15, Jan. 1972 and Z. Anal. Chem. 258, 127–128 (1972).

એમ. જી. સાયન્સ ઇન્સ્ટિટ્યૂટ અમદાવાદના શિક્ષક ડૉ. બી. એમ. દેસાઈને વર્ષ ૧૯૭૦-૭૧માં સંશોધનકાર્ય કરવા માટે આપેલ ગ્રાન્ટના સંદર્ભમાં મજકૂર સંશોધનકાર્યને લગતી મુદ્રિત પ્રત 'Vidya', Vol. 15, Jan. 1972 & Z. Anal. Chem. 258, 127–128 (1972) મોકલ્યાની નોંધ લેવા એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૫. બી. સી. જે. કૉલેજ ઑફ એજ્યુકેશન, ખંભાતના શિક્ષણશાસ્ત્રનાં વ્યાખ્યાતા ડૉ. મધુબહેન એમ. શાહને વર્ષ ૧૯૭૦-૭૧ના વર્ષમાં રૂ. ૪૮૦ની સંશોધન ગ્રાન્ટ A study of the relation between pupils intellegence and their achievements in Science in Secondary Schools of Cambay વિષય પર સંશોધન અર્થે આપવામાં આવેલી તેના સંદર્ભમાં તેમનું કાર્ય પૂરું થયેથી તે S.I.T.U. Council of Educational Research, Madrasમાં છપાયેલ મુદ્રિત પ્રત (રિપ્રિન્ટ) મોકલાવ્યાની નોંધ લેવા બાબત.

બી. સી. જે. કૉલેજ ઑફ એજ્યુકેશન, ખંભાતના શિક્ષણશાસ્ત્રનાં વ્યાખ્યાતા ડૉ. મધુબહેન એમ. શાહને વર્ષ ૧૯૭૦-૭૧માં સંશોધનકાર્ય કરવા માટે આપેલ ગ્રાન્ટના સંદર્ભમાં મજકૂર સંશોધનકાર્યને લગતી મુદ્રિત પ્રત (S.I.T.U. Council of Educational Research) મોકલ્યાની નોંધ લેવા એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૬. યુનિવર્સિટી વિજ્ઞાન વિદ્યાભવનના પ્રાણીશાસ્ત્ર વિભાગના શિક્ષક ડૉ. યુ. એમ. રાવળને વર્ષ ૧૯૭૩-૭૪માં Vertebrate Lens Biochemistry with reference to cataract formation પર સંશોધન માટે રૂ. ૭,૬૦૦ની સંશોધન ગ્રાન્ટ મંજૂર કરવામાં આવેલી; પરંતુ તેઓ પરદેશમાં ફેબ્રુઆરી ૧૯૭૫ સુધી રોકાવાના હોવાથી તેમને આપવામાં આવેલી સંશોધન ગ્રાન્ટનો સમય માર્ચ ૧૯૭૫થી ગણવા તેમના તા. ૨૨-૪-૧૯૭૪ના પત્રથી કરેલી વિનંતી અંગે વિચારણા કરવા બાબત.

યુનિવર્સિટીના વિજ્ઞાન વિદ્યાભવનના પ્રાણીશાસ્ત્ર વિભાગના શિક્ષક ડૉ. યુ. એમ. રાવળને વર્ષ ૧૯૭૩-૭૪ દરમ્યાન ઉપર જણાવેલ વિષય પરત્વે સંશોધન માટે ગ્રાન્ટ મંજૂર કરવામાં આવેલી તે વર્ષ ૧૯૭૫-૭૬થી ગણવાની તેમની વિનંતી મંજૂર રાખવા એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

શ. પૂ. મેઢ
નાયબ કુલસચિવ

પરિશિષ્ટ "છ"
કામકાજ ક્રમાંક ૩૭

ગુજરાત યુનિવર્સિટીની એક્ઝિક્યુટિવ કાઉન્સિલે નિયુક્ત કરેલી સ્થાયી કાનૂનવિષયક સમિતિની એક સભા તા. ૪-૧૨-૧૯૭૪ના રોજ યુનિવર્સિટી કાર્યાલયમાં કુલપતિશ્રીના પ્રમુખસ્થાને મળી હતી, જેમાં હાજરી નીચે પ્રમાણે હતી :

૧. શ્રી. ઈશ્વરભાઈ પટેલ, કુલપતિશ્રી	હાજર
૨. આચાર્ય એમ. એસ. પંડિત	હાજર
૩. શ્રી. આઈ. એમ. નાણાવટી	ગેરહાજર
૪. શ્રી. મનુભાઈ પંચોલી	ગેરહાજર
૫. આચાર્ય એન. એસ. પંડ્યા	ગેરહાજર
૬. શ્રી. ચંદ્રકાન્ત ટી. દરૂ	હાજર
૭. આચાર્ય વી. આર. રણદીવે	ગેરહાજર.

૧. તોલાણી આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, આદિપુરના પ્રા. આર. કે. શાસ્ત્રીના કેસ બાબતમાં કૉલેજના પ્રતિનિધિની રજૂઆત સાંભળીને તે કેસમાં ઘટતો અભિપ્રાય આપવા બાબત.

(નોંધ.—ગઈ સભામાં ફરાવવામાં આવ્યું હતું કે આ કેસમાં પ્રા. મનુભાઈ પંચોલી જોઈ-તપાસી લે પછી તે અંગે વિચારણા કરવાનું રાખવું.)

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવામાં આવી હતી.

૨. સ્થાયી કાનૂનવિષયક સમિતિની તા. ૧૮-૫-૧૯૭૪ની ભલામણ જે એક્ઝિક્યુટિવ કાઉન્સિલની તા. ૧૮-૫-૧૯૭૪ની સભામાં મંજૂર કરવામાં આવી તે અનુસાર સર પી. ટી. સાયન્સ કૉલેજ, મોડાસામાંથી છૂટા કરવામાં આવેલા ભૌતિકશાસ્ત્રના ડેમોન્સ્ટ્રેટર શ્રી. ગોવિંદભાઈ પટેલને ખંડ સમયના ડેમોન્સ્ટ્રેટરની નિમણૂકમાંથી મુક્ત કરી શકાય નહિ તેમ કૉલેજને જણાવતાં, શ્રી. મથુરાદાસ એલ. ગાંધી હાયર એજ્યુકેશન સોસાયટી, મોડાસાના માનદ મંત્રીશ્રી તરફથી આવેલ તા. ૧૪-૮-૧૯૭૪ના પત્રથી શ્રી. ગોવિંદભાઈ પટેલને નોકરીનું સાતત્ય જળવાય તે રીતે નોકરીમાં લેવા માટે દબાણ નહિ કરવા વિનંતી કરી છે તો તે પર વિચારણા કરવા બાબત.

(નોંધ.—શ્રી. ગોવિંદભાઈ પટેલને ખંડ સમયના ડેમોન્સ્ટ્રેટર તરીકે તા. ૨૯-૭-૧૯૭૪થી નોકરીમાં પાછા લીધા છે, પરંતુ નોકરીનું સાતત્ય જળવાય તે રીતે લીધા નથી.)

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવામાં આવી હતી.

૩. ગુજરાત યુનિવર્સિટી ઍક્ટ પર ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૧૬(૧)(એ)(૯) તથા સ્ટે. ૧૦(એ) અનુસાર સંલગ્ન કૉલેજોના આચાર્યોના ૩૧ આચાર્યો પૈકી વિજ્ઞાન વિદ્યાશાખાના આચાર્યો માટે સ્ટે. ૧૦(એ) તળે ફાળવેલ કુલ આઠ જગ્યા પૈકી એક તરીકે જે. એન્ડ જે. કૉલેજના આચાર્ય શ્રી. હર્ષદભાઈ દેસાઈ ચૂંટાયા હતા, પરંતુ તા. ૨૪-૬-૧૯૭૪ના રોજ તેમણે ઇજનેરી વિદ્યાશાખાની ધર્મસિંહ દેસાઈ ઇન્સ્ટિટ્યૂટ, નડિયાદના આચાર્ય શ્રી. બી. એસ. પટેલ જેઓ તા. ૧૨-૬-૧૯૭૪ સુધી આ કૉલેજના આચાર્યપદે હોવાથી સ્ટે. ૧૦(એ) અન્વયે ઇજનેરી વિદ્યાશાખાના આચાર્યો માટે ફાળવેલી યુનિવર્સિટી ઍક્ટ પરની એક જગ્યા પર ચૂંટાયા હતા તેથી ચાલુ રહ્યા હતા. તેમની જગ્યાએ આચાર્યપદનો હોદ્દા સંભાળેલ હોઈ હવે ઇજનેરી વિદ્યાશાખાની કૉલેજના આચાર્યપદે આવેલા હોવાના કારણે ડૉ. હર્ષદભાઈ દેસાઈ યુનિવર્સિટી ઍક્ટના સભ્યપદે ચાલુ રહી શકે કે કેમ તે બાબત પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે—

(૧) ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૧૬(૧) વર્ગ ૨(એ)(૯) તથા સ્ટે. ૧૦(એ) અનુસાર સંલગ્ન કૉલેજોના આચાર્યોના ૩૫ આચાર્યો પૈકી વિજ્ઞાન વિદ્યાશાખામાંના યુનિવર્સિટી ઍક્ટ પર ચૂંટાયેલા આચાર્ય એચ. એમ. દેસાઈની ઇજનેરી વિદ્યાશાખાની કૉલેજ ધર્મસિંહ દેસાઈ ઇન્સ્ટિટ્યૂટ ઑફ ટેકનોલોજી, નડિયાદના આચાર્યપદે નિમણૂક થઈ છે તથા તેમના આચાર્યપદનું સાતત્ય અતૂટ રહેલું હોવાથી, ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૧૬(૨) અનુસાર યુનિવર્સિટી ઍક્ટના સભ્યપદે ચાલુ જ રહે છે, તેમ આ સમિતિનો અભિપ્રાય છે.

(૨) વધુમાં ઇજનેરી વિદ્યાશાખાની ધર્મસિંહ દેસાઈ ઇન્સ્ટિટ્યૂટ ઑફ ટેકનોલોજી, નડિયાદના આચાર્યપદે ડૉ. એચ. એમ. દેસાઈની નિમણૂક થઈ હોવાથી તે વિદ્યાશાખાની એકમાત્ર જગ્યા સ્ટે. ૧૦(એ)માં મુકરર કરેલી હોઈ તેઓ ઇજનેરી વિદ્યાશાખાની કૉલેજના આચાર્યની જગ્યા પર રહેશે, અને સ્ટે. ૧૦(એ)માં વિજ્ઞાન વિદ્યાશાખાની કૉલેજના આચાર્યોની જગ્યાઓ પૈકી એક જગ્યા યુનિવર્સિટી ઍક્ટ પર ખાલી પડેલી ગણાય તેમ આ સમિતિનો અભિપ્રાય છે.

૪. ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૨૧(૧)(૬) મુજબ એકેડેમિક કાઉન્સિલ પર જુદી જુદી અભ્યાસસમિતિઓના અધ્યક્ષો પૈકી અઢાર અધ્યક્ષોથી વધુ નહીં તે રીતે તથા સ્ટે. ૯૧-એ અનુસાર અભ્યાસસમિતિઓના અધ્યક્ષોને યોગ્ય પ્રતિનિધિત્વ (fair representation) મળે તથા વારાફરતી (rotation) કુલપતિશ્રી અઢાર અધ્યક્ષોને નીમે તેવો ઉલ્લેખ છે, તેના સંદર્ભમાં કેટલા અને કયા અધ્યક્ષોને કુલપતિશ્રીએ નીમવા તે અંગે માર્ગદર્શન આપવા બાબત.

યુનિવર્સિટી ધારાની કલમ ૨૧(૧)(૬) તથા સ્ટે. ૯૧-એનો પાઠ નીચે પ્રમાણે છે :

Section 21(1) :

(*vi*) Not more than eighteen Chairmen of Boards of Studies nominated by the Vice-Chancellor by rotation, in the manner specified in the Statutes.

St. 91--A :

For the purpose of nominating not more than eighteen Chairmen of Boards of Studies on the Academic Council as required under Section 21(1)(*vi*), the Vice-Chancellor shall nominate eighteen Chairmen of Boards of Studies by rotation so as to give fair representation to all Chairmen of Boards of Studies during their term of office.

આથી ઠરાવવામાં આવે છે કે ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૨૧(૧)(૬) અનુસાર જુદી જુદી અભ્યાસસમિતિઓના અઢારથી વધુ નહીં તેટલા અધ્યક્ષોને કુલપતિશ્રી ઍકેડેમિક કાઉન્સિલ ઉપર નિયુક્ત કરે તેવી જોગવાઈ છે તેના સંદર્ભમાં ઘડવામાં આવેલ સ્ટે. ૯૧-એમાં જુદી જુદી અભ્યાસસમિતિઓના અધ્યક્ષોને વાજબી પ્રતિનિધિત્વ મળે તે રીતે અઢાર અધ્યક્ષોને કુલપતિશ્રી ઍકેડેમિક કાઉન્સિલ ઉપર નિયુક્ત કરે તેવી જોગવાઈ કરવામાં આવેલી છે તે જોતાં, અગાઉ ગયે વર્ષે નિયુક્ત થયેલ એવા અભ્યાસસમિતિઓના અઢાર અધ્યક્ષોના સભ્યપદની મુદત પૂરી થાય છે તેના ઉપલક્ષમાં વારા પ્રમાણે અભ્યાસસમિતિઓના અઢાર અધ્યક્ષોને ઍકેડેમિક કાઉન્સિલના સભ્ય તરીકે નીમવા જોઈએ. તેમ કરતાં ઍકેડેમિક કાઉન્સિલ ઉપર જે અધ્યક્ષો અન્યથા (હોદ્દાગત કે ચૂંટાયેલ) સભ્યપદ ધરાવતા હોય અને નવા (બીજા) વારા પ્રમાણે તેવા સભ્યોની મુદત કુલપતિશ્રીનિયુક્ત સભ્યોની મુદત કરતાં વહેલી પૂરી થતી ન હોય તો તેવા અધ્યક્ષોને આ અઢારમાં સમાવિષ્ટ ન કરતાં બીજા સભ્યોને નીમવા જોઈએ, અને તેમ કરતાં ગયે વરસે કુલપતિશ્રીએ નિયુક્ત કરેલ કોઈ અધ્યક્ષ કે અધ્યક્ષોને પુનર્નિયુક્ત કરવાની જરૂર પડે તો તેમ પણ કરવું જોઈએ એમ આ સમિતિનો અભિપ્રાય છે.

આ રીતે પુનર્નિયુક્ત કરતાં પહેલાં અભ્યાસસમિતિઓના જે અધ્યક્ષો આગલે વર્ષે નિયુક્ત ન થયેલા હોય તે તમામ આ વર્ષે નિયુક્ત થવા જોઈએ એ શરતનું પરિપાલન કરવું આવશ્યક છે.

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

શ. પૂ. મેઢ
કુલસચિવ વતી.

પરિશિષ્ટ "ભ"
કામકાજ ક્રમાંક ૪૮

SETTING UP OF A POLYTECHNOLOGICAL CLINIC IN GUJARAT STATE

The Vice-Chancellor, Gujarat University, convened a meeting on 26th Nov. 1974 to discuss the establishment of a Polytechnological Clinic with CSIR's assistance for the benefit of the industries in the Gujarat State. The following attended the meeting :

1. The Vice-Chancellor, Gujarat University
2. The President, Ahmedabad Millowners' Association
3. Dr. Biharilal Kanaiyalal
4. Shri Hashmukhbhai Shah
5. Dr. P. C. Mehta
6. Dr. M. N. Desai.

At the commencement the Committee noted with appreciation that H.E. the Governor in his AIR broadcast on 9th November, 1974 has, on behalf of the State Government, stated that "That the Council of Scientific and Industrial Research, New Delhi, has agreed to set up, in co-operation with the Gujarat University and the local industries, a Polytechnological Unit in Ahmedabad, the Council will have financial as well as functional partnership in the proposed unit, the establishment of which will help the textile, diamond and the steel-based industries as well as Silk-art Units." This provided great encouragement to the Committee.

The following are the major industries in the State :

1. Cotton and Rayon Textiles
2. Dyes
3. Pharmaceuticals and Fine Chemicals
4. Electro-Chemical Industries.

5. Foundry and Engineering
6. Petrochemicals
7. Vegetable Oils; extraction, refining and hydrogenation
8. Salt and Marine Chemicals
9. Minerals
10. Diamond cutting and polishing
11. Dairy and Dairy Products
12. Sugar
13. Ceramics.

Many of these industries, for example Nos. 2, 3, 4, 5, 7 and 10 are in the small and medium scale sector.

The possibility exists of establishing, or substantially expanding, the following industries in the State :

1. Cultivation of medicinal plants
2. Insecticides and Pesticides
3. Fabrication of plastic goods
4. Auxiliaries for textile, food, pharmaceutical and other industries
5. Lubricating oils
6. Chemically modified derivatives of guar gum and other plant gums
7. Electronics.

In the establishment of the Clinic, it would be desirable to start with a small nucleus catering primarily to the needs of selected industries in the State. From the experience so gained, the Clinic can be gradually expanded to cater to the needs of more industries. With these considerations, it was agreed that the Clinic should initially cater to the requirements of the engineering-based industries and chemistry-based industries. For the textile industries, ATIRA and the Regional Centre of SASMIRA at Surat are adequate to meet the industries' needs. Likewise the Clinic must take maximum advantage of other laboratories of the CSIR in the State, viz. The Central Salt and Marine Chemicals Research Institute, Bhavnagar; The Extension Centres of the National Metallurgical Laboratory; The Central Building Research Station, The Central Public Health Engineering Research Institute and the Central Glass and Ceramic Research Institute (to be set up shortly).

It is proposed that the Clinic will start with the following technical specialists :

1. Foundry and Mechanical Engineering
2. Chemist
3. Chemical Engineer
4. Electronics Engineer.

The Clinic will be housed in the premises of the Gujarat University. Necessary al and administrative support will be provided. The estimated expenditure is as fs :

	Per month
1. [illegible]	
2. Two [illegible]ial specialists—Rs. 1,500/-	Rs. 6,000/—
3. One Peo[illegible]lerks, Stenographers, Typists	Rs. 1,500/—
4. Miscella[illegible]	Rs. 250/—
5. R[illegible]ice expenditure	Rs. 500/—
6. Travel expenses.	Rs. 500/—
	Rs. 1,500/—
Total per month	Rs. 10.250/—

i.e. Approximately Rs. 1,23,000/— per year.

Of this estimated expenditure, CSIR is expected to contribute a grant of ,000/— per year. The balance of Rs. 73,000/— per year will have to be met tributions from the Gujarat State Government and the local industry. The hancellor, Gujarat University will enquire about the quantum of grant that expected from the State Government. For contribution from industry, the t Chamber of Commerce and Industry (Gujarat Vepari Mahamandal), will try t commitments of an annual contribution of Rs. 1,000/- per year for a Five- eriod from 25 to 50 units in the industries which are expected to be catered Clinic.

P. C. Mehta

ગુજરાત યુનિવર્સિટી પ્રેસ, અમદાવાદ-૩૮૦૦૦૯